ઘરકુટુંબીઓને શિક્ષણ લેવા યોગ્ય, મહાન પુરૂષોના

જીવનચરિત્રોથી ભરપૂર ગ્રંથ.

ચરિત્ર ચંદ્રિકા.

ભાગ ૧ લો.

રચી પ્રગટ કર્ત્તા,

કેશવજી વિશ્વનાથ ત્રિવેદી.

ધોળ—કાઠિઆવાડ.

"જનની જણતો ભક્તજન, કાં દાતા કાં શૂર;
નહિ તો રે'જે વાંઝિણી, રખે ગમાવે નૂર."

અમદાવાદ

"વિજય પ્રવર્ત્તક" પ્રેસમાં છાપ્યું.

સંવત ૧૯૫૧.—સને ૧૮૯૫.

કીંમત રૂ. ૨–૮–૦.

અર્પણપત્રિકા.

શ્રીકચ્છાધિપતિ મહારાજાધિરાજ મિરઝાંમહારાવ
શ્રીખેંગારજી સવાઇબહાદુર જી. સી. આઇ. ઈ.

૭૦ ૭૦ ૭૦

મહારાજા—મહારાવશ્રી,

આપ મહારાજા વિદ્યાવિલાસી, વિદ્યોત્તેજક, સ્વધર્મ શ્રદ્ધાળુ અને નીતિ નિપુણ છો. પ્રજાના ઉત્કર્ષ અર્થે વિદ્યાદિ સાધનો પ્રફુલ્લિત કરવા સદા ઉત્કંઠિત છો, ગુજરાતી સાહિત્યની વૃદ્ધિ અને વિદ્વાનોનો ઉત્કર્ષ ઇચ્છો છો, દેશોન્નતિના કાર્યમાં આપની સ્વાભાવિક ઉદારતા સર્વત્ર પ્રસિદ્ધ છે. જેની સત્કીર્તિનો સુવાસ ભારતવર્ષમાં પ્રસરી રહ્યો છે. આપ ધર્મનીતિ સહવર્તમાન પ્રજાનું પ્રતિપાલન કરો છો. એ આપના શુભગુણોથી આકર્ષાઈ જનસમૂહને સુબોધકારક "ચરિત્ર ચંદ્રિકા" ગ્રંથ જેમાં ચંદ્રવંશી યદુકુળ મણિ શ્રી કૃષ્ણ ભગવાન આદિ દેવાંશી મહાન્ પુરૂષોનાં ચરિત્રો છે, તે આપને પ્રેમ અને માન પૂર્વક અર્પણ કરી આનંદ પામું છું.

અષાડી પૂર્ણિમા, સંવત ૧૯૫૧. } આપમહારાજાશ્રીનાસદ્ગુણોનોપ્રસંશક, આજ્ઞાંકિત.

કેશવજી વિશ્વનાથ ત્રિવેદી.

પ્રસ્તાવના.

પ્રાચીનકાળમાં ભારતવર્ષ પુણ્ય ભૂમિ-દેવભૂમિ ગણાતો હતો. જેમાં અસંખ્ય મહાપુરૂષો થઇ ગયા છે, જેણે તત્વજ્ઞાન, ન્યાય, નીતિ, જ્યોતિષ, વ્યાકરણ, સંગીત, નૃત્ય, શિલ્પ, વિમાન, ઉડવાની કળા, અસ્ત્ર શસ્ત્રવિદ્યા, યુદ્ધકળા, યંત્રકળા, મંત્રતંત્ર અને યોગવિદ્યા વગેરે વિવિધ વિદ્યા, કળાકૌશલ્યતા અને સત્ય ધર્મ પ્રગટ કરીને આખી દુનિઆને આભારી બનાવી છે એવું અર્વાચીન સત્ય શોધકોએ સિદ્ધ કરેલું છે. એ આર્ય મહાજનોએ પોતાની એવી તો અલૌકિક શક્તિ દર્શાવેલી છે કે જેની કીર્ત્તિનાં કીર્ણો આજે પૃથ્વીમાં ચોપાસ પ્રસરી રહ્યાં છે. એજ આર્યોના પુત્રો આજે કાળના વિચિત્ર ફેરફારથી પોતાના પ્રાચીન પૂર્વજોની વિદ્યા, ધર્મ નીતિ, કળાકૌશલ્યતા આર્યાભિમાન આદિથી વિમુખ થયા છે, અને પૂર્વજોની મહત્તાને ભૂલી ગયા છે. તેમના હૃદયમાં પ્રાચીન અર્વાચીન મહાપુરૂષોની મહત્તાની ઉંડી છાપ પાડવાને ઉપયોગી થઇ પડે એવા અનેક મહાપુરૂષોના જીવન ચરિત્રો બહાર પાડવાની હાલ ઘણી જરૂર છે. મનુષ્ય માત્રને પોતાનું જીવન સુધારવાનો સર્વોત્તમ ઉપાય મહાન્ પુરૂષોનાં જીવન ચરિત્રો છે. જીવન ચરિત્રો વાંચવાથી મન ઘણુંજ સુધરે છે, મોટાઇનો દેવભાવ પ્રકાશે છે, હૃદય રસમય અને વિમળ થાય છે, અજ્ઞજન સુજ્ઞ બને છે, દુષ્ટજન પોતાની દુષ્ટતા તજે છે. વિદ્યા, ધર્મ, નીતિ, ભક્તિ, મુક્તિ વગેરે મેળવવાનું અને અડચણો દૂર કરવાનું શીખવે છે. એ રીતે સ્થિતિ સુધારવાનો ઉપાય સૂઝી ઉન્નતિના સાધનરૂપ થઇ પડે છે; કેમકે ઉત્તમ દૃષ્ટાંતએ મનુષ્યને ઉત્તમ થવાને જાગ્રત કરે છે. આવા કારણથી સુધરેલા દેશોમાં જન્મ ચરિત્રો વાંચવા ઉપર બહુજ પ્રીતિ હોય છે, પરંતુ હાલ ગુજરાતી ભાષામાં જીવન ચરિત્રોનાં જોઇએ તેવાં પુસ્તકો બહાર પડતાં નથી. તેથી પ્રજા તેનો લાભ લેવા બેનશીબ રહે છે. આવા કારણથી દરેક વર્ગનાં સ્ત્રીપુરૂષ અને. બાળકોને સુશિક્ષણ લેવાને ઉપયોગી થઈ પડે, એવા વિવિધ સદ્ગુણો ધરાવનારા મહાપુરૂષોનાં જીવનચરિત્રોનું પુસ્તક તૈયાર કરવાની મારી ઘણા વખતથી જીજ્ઞાસા હતી, તે હાલ ઘણા યત્ને પાર પાડવા ફતેહમંદ થયો છું.

આ પુસ્તકમાં દરેક ધર્મના પ્રાચીન અર્વાચીન પ્રસિદ્ધ મહાપુરૂષોનાં ઉત્તમ શિક્ષણ લાયક રસિક ટુંક ચરિત્રો દાખલ કર્યાં છે. તે દરેક ધર્મના મનુષ્યોને પોતાના કુટુંબમાં શિક્ષણ લેવાને ઉપયોગી થઇ પડે તેમ કરવા બનતો પ્રયાસ કર્યો છે. મહાપુરૂષોનાં ચરિત્રો વાંચવાથી આપણા પૂર્વજોના તર્કજ્ઞાન, શ-

ક્તિ, અમરયશ, દેશ, દેશીરાજ્ય, પરાક્રમ, વીરતા, દેશી ધર્મ, દેશી રીતભાત, વિવિધ વિદ્યા, નીતિ, કળાકૌશલ્યતા આદિ વિષે આપણને શુભાભિમાન ઉત્પન્ન થાય છે. વળી આ પુસ્તકમાં ધર્મ પ્રવર્તક ધર્માચાર્યોનાં વૃત્તાંતો અને તેમના ધર્મના સિદ્ધાંતો આપ્યા છે. તેથી દરેક ધર્મવાળાને પોતાના અને પરાયા ધર્માચાર્યોનાં વૃત્તાંતો તથા સિદ્ધાંતો જાણીને પરસ્પરના ધર્મનો મુકાબલો કરી સારાસાર ગ્રહણ કરવાનું બની આવે તેમ કર્યું છે. આ વિષે શોધ કરતાં જે હકીકત મળી આવી છે તેજ નિષ્પક્ષપાતે દાખલ કરેલી છે. દુનિઆમાં કોઇ સર્વજ્ઞ નથી, મનુષ્ય માત્ર ભૂલ ભરેલું છે, એ મુજબ આ પુસ્તકમાં કોઇ પણ પ્રકારનો દોષ જણાય તો એ તરફ દૃષ્ટિ નહિ કરતાં હંસરૂપે અસારને તજી સાર ગ્રહણ કરવા લક્ષ આપશો એવી મારી વિજ્ઞપ્તી છે.

આ પુસ્તકનું કદ પ્રથમ જણાવ્યા કરતાં પાછળથી ચરિત્રો વિશેષ વિસ્તારવાથી અને સિદ્ધાંતો વગેરે આપ્યાથી ઘણું મોટું થયું છે. તેમ કરતાં મહેનત અને ખરચનો વધારો થયો છે છતાં સુજ્ઞ ગ્રાહકોને મૂળ કીંમતેજ ઘણો લાભ આપ્યો છે. આ પુસ્તક તૈયાર કરતાં સંસ્કૃત, મરેઠી, હિંદી અને ગુજરાતી ગ્રંથોની મદદ લેવી પડી છે. તેનાથી કંઇક પ્રજાને લાભ થશે તો શ્રમ કરેલો સફળ થયો સમજીશ.

આ પુસ્તક દરેક કુટુંબનાં સ્ત્રીપુરૂષો અને બાળકો વાંચી સાંભળી ઉપયોગી જ્ઞાન ગ્રહણ કરે અને પોતાનું જીવન ચરિત્ર સુધારી મહત્તાને પ્રાપ્ત કરે એવી મારી પ્રભુ પ્રત્યે નમ્ર પ્રાર્થના છે.

સંવત ૧૯૫૧.—
શુદ આષાઢી બીજ.

કર્તા.

કેશવજી વિશ્વનાથ ત્રિવેદી.

અનુક્રમણિકા.

વિષય. **પૃષ્ઠ.**

આ પુસ્તક વિષે અભિપ્રાય.

શાર્દૂલ વિક્રીડિત છંદ.

મોટા જેહ થયાજનો જગતમાં, એ અંતરે આણવા;
પામ્યા નાશ નથી સદા સુજન તે, છે જીવતા જાણવા;
જાગીરોજ પ્રભાતમાં સમરિયે, તો સદ્‌ગુણો પામિએ;
સારાં કામ કરી કર્યો સ્વરગમાં, વાસો રૂડા નામિએ.

ક૦ દ૦ ડા૦

ઉપજાતિ છંદ.

આ ચંદ્રિકા ચારૂ ચરિત્ર કેરી, વાંચો વિવેકે સુજનો ભલેરી;
મહાન પુર્વે પુરૂષો થયા છે, તેના ગુણો શ્રેષ્ટજ વર્ણવ્યા છે. ૧
પરાક્રમો જે નર દેહ ધારી, પવીત્ર કીધાં અતિષે અધારી;
તે વાંચવાં પ્રેમ વિશેષ આણી, સુબુદ્ધિ દાતા સુખકારી જાણી. ૨
સુનીતિથી છે ભરપૂર ગ્રંથ, પવિત્ર તેને પળજોજી પંથ;

કુટુંબમાં પાઠ કદી કરાય, વૃદ્ધિ સદાચાર તણી જણાય. ૩
કુસંપનો થાય સદૈવ નાશ, સુસંપનો થાય અતી પ્રકાશ;
પ્રભુપદે પૂરણ પ્રીત વાધે, આલોક સાથે પરલોક સાધે. ૪
જે **વિશ્વનાથાત્મજ** બુદ્ધિ ધામ, જેનું વદે **કેશવજી** સુનામ;
સ્વદેશ પ્રેમી સુગૂણી ઘણેરા, કર્ત્તા **સતીમંડળ ગ્રંથ** કેરા. ૫
જાતે **શ્રિમાળી** શુભ વિપ્રજેય, જે પ્રીતથી **ધોળ** વિષે વસેય;
પ્રયાસથી સંગ્રહ શુભ કીધો, અમૂલ્ય તો લાભ અલભ્ય દીધો. ૬
આભાર ભારી ગણી એજ લેવો, તેને ઘટે આશ્રય આજ દેવો;
જરૂર વાંચો સહુ બાઇભાઇ, છે શાંતિદાતા વળી સૌખ્યદાઇ. ૭
ઉમંગ જેથી ઉરમાં વધેય, સુગ્રંથ બીજા બહુ તે રચેય;
છોટુ કહે છોકરવાદ છોડો, વાંચી પ્રભુમાં નિજ ચિત્ત જોડો. ૮

છોટાલાલ દલપતરામ ડાહ્યાભાઇ કવિ.

વાંચો !

સતીમંડળની જાહેર ખબર અને તે ગ્રંથ વિષે મળેલાં સર્ટિફિકેટો.

चरित्र चंद्रिका.

ભાગ ૧ લો.

ધર્મ, નીતિ અને મર્યાદા સ્થાપક.

શ્રી રામચંદ્ર.

આ સૂર્યવંશી રઘુકુળદીપક મર્યાદા પુરૂષનાં અદ્‌ભૂત પરાક્રમથી કોણ અજાણ્યું છે? જેનું એકજ બાણ—રામબાણ, રાજ્ય તો રામનુંજ—રામરાજ્ય, જેઓ એક વચનમાં, નીતિમાં અને એક પત્નીવ્રતમાં પ્રસિદ્ધ છે. જેના ચરણ રજસ્પર્ષથી ઘણાઓનો ઉદ્ધાર થયો છે, જેનું નામ સ્મરણ મુક્તિદાયક ગણાય છે, જેના નામનો મંત્રપ્રયોગ રોગ નિવાર્ણાર્થે અને કાર્યસિદ્ધિ માટે કરવામાં આવે છે. એવા સાક્ષાત્ વિષ્ણુરૂપ લીલાવતારી રામે વાલ્મીકિ મુનિ વગેરે મહાત્માઓના ભવિષ્યકથન પ્રમાણે રાવણાદિ પાપી પુરષોને સંહારવા અને સાધુજનોને સુખી કરવા તથા ધર્મ, નીતિની સ્થાપનાર્થે અયોધ્યામાં દશરથ મહારાજાને ત્યાં પુત્રરૂપે જન્મ લીધો. એનો જન્મ ત્રેતાયુગમાં થયો હતો. એની માતાનું નામ કૌશલ્યા. તેને પોતાનું ચતર્ભૂજ સ્વરૂપ દેખાડયું હતું. પછી માયાનું આવરણ નાંખી બાળરૂપે થયા હતા. એ રીતે તેનો જન્મ અયોનિ સંભવ છે. એ માતાના હાથ નીચે બાલ્યકાળમાં ઉછર્યા હતા. વશિષ્ઠ ગુરૂ પાસે વેદ, ઉપવેદ, ધર્મશાસ્ત્ર, ન્યાય, નીતિ, તત્વજ્ઞાન, ધનુર્વિદ્યા વગેરે વિદ્યાનું અધ્યયન કર્યું હતું. એની આકૃતિ ભવ્યહતી, હાથ હાથીની સૂંઢ જેવા અને આજાનુ બાહુ હતા. મુખ ચંદ્રસરિખું સ્વચ્છ તેજસ્વી, નેત્ર મોટાં ને લાલ હતાં, અંગકાન્તિ ગૌરવર્ણમાં કૃષ્ણવર્ણની છટા હતી. તેમનું ચિત્ત લોકોના હિતમાં અને માતાપિતાની સેવામાં લાગેલું હતું. તેઓ ધીર, વીર, નમ્ર, ન્યાય, નીતિજ્ઞ, અને ઉત્તમ વિચારોથી ભરપૂર હતા. જેઓ સીતા સિવાય બીજી સ્ત્રીઓને માતા સમાન ગણતા હતા. તેના શરીરમાં અલૌકિક સામર્થ્ય હતું. તેઓ વાલ્મીકિના ભવિષ્યકથન બહાર કદી પણ ચાલ્યા નથી. એ સાંમાન્ય પુરૂષ પ્રમાણે દીસતા, પરંતુ મર્યાદા અવતાર પુરૂષ હતા. ભાષણ કરવામાં અતિ પ્રૌઢ હતા. ધર્મનાં નિત્ય નિમિત કર્મ, ધ્યાન અને જપ કરવામાં ઘણું કષ્ટ ભોગવતા હતા. શૈવી દીક્ષા—આનંદરૂપ પરમાત્માના ઉપાસનાની દીક્ષા, તેણે અગસ્ત્ય ઋષિ પાસે લીધી હતી. હાથી, ઘોડા, રથ

વગેરે વાહનોપર બેસવાની કળામાં કુશળ હતા. વગેરે સદ્દગુણોથી તેઓ નિર્મળ ચંદ્રની પેઠે રાજા દશરથ અને પ્રજાને અતિ પ્યારા થઇ પડ્યા હતા.

રામ, લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન એ ચાર દશરથ પુત્રોમાં રામ સર્વથી મોટા અને સર્વ ગુણસંપન્ન હતા. શુક્લપક્ષના ચંદ્રની પેઠે તેઓ પ્રતિદિન ગુણ, શૌર્ય, ઔદાર્ય, અને રૂપમાં અધિક ખીલવા લાગ્યા હતા. સર્વ ભાઇઓમાં પરસ્પર ઘણો સ્નેહ હતો. રામ લક્ષ્મણ એક બીજાને પ્રાણસમાન ચાહતા હતા. રામ કદીપણ લક્ષ્મણ વિના રહેતા નહિ, સુખે નિંદ્રા કરતા નહિ કે, મિષ્ટાન જમતા નહિ. રામ ઘોડેસ્વાર થઇ શિકારે પધારતા, તો લક્ષ્મણ ધનુષ્ય ધારણ કરી ઘોડાની લગામ પકડી આગળ થતા. એવો બન્ને વચ્ચે ગાઢ સ્નેહ હતો. ખરેખર કહીએ તો તેઓ એકજ રૂપ હતા. ફકત દેખવામાં દેહ જુદા હતા. ભરત, શત્રુઘ્ન પણ મોટા ભાઇ રામની આજ્ઞાને આધિન રહેતા. મમતા અને માયા રાખતા. કદીપણ રામથી વિમુખ રહેતા નહિ. તેમ રામ પણ પોતાના લઘુ બાંધવો પ્રત્યે પોતાનો ધર્મ બજાવવો ચૂકતા નહિ. ભાઇઓમાં આવો સ્નેહ અને ધર્મ શાથી? વશિષ્ઠ જેવા મહાત્મા ગુરૂના હાથ નીચે રહી બધા ભાઇઓએ ઉત્તમ કેળવણી લીધી હતી. મહાત્મા અને વિદ્વાન પુરૂષોની સોબતમાં રહ્યા હતા. ઘણું જોયું અને જાણ્યું હતું. એવી ઉત્તમ કેળવણી અને એવી ઉત્તમ સત્સંગતિનોજ એ પ્રતાપ હતો. સતશાસ્ત્ર અને સતપુરૂષની સંગતિ એ કલ્પવૃક્ષરૂપ છે. સત્સંગતિ એ મનુષ્યની બુદ્ધિનું જડપણું હરી લે છે, વાણીમાં સત્યતાને સિંચે છે, માન ને મોટાઇ આપે છે, સર્વ પાપ દૂર કરે છે, ચિત્તને પ્રસન્ન કરે છે, અને સઘળી દિશાઓમાં કીર્ત્તિનો ફેલાવો કરે છે. એટલુંજ નહિ પણ એ સંસાર સાગર તરવાને વાણરૂપ થાય છે. અહો! સત્શાસ્ત્ર અને સતસંગતિનો કેટલો બધો પ્રભાવ!! આવી સોબતમાં ઉછરેલા, સર્વગુણ સંપન્ન અને એકરૂપ કેમ ન થાય? થાયજ.

હત્ ભાગ્ય! આ દેશનાં કે સાંપ્રતકાળે એજ આર્યવંશના કેટલા રાજ્યપુત્રો સતશાસ્ત્ર અને સત્સંગતિથી વિમુખ થઇ, સતવિદ્યાના વેરી થયા છે, તેઓને ભાઇઓમાં ભાવ નથી, સત્પુરૂષોની સોબત નથી, સ્વધર્મમાં આસ્તા નથી, નીતિ, ન્યાય, અને પ્રજાપર પ્રેમ નથી, લૂચ્ચા, લબાડ, કપટી, ચાડીઆ, નિંદાખોર, દુર્વ્યસની, દગાખોર, ખુશામતીઆ, પાપી અને હાજીઆઓની કચેરી જમાવી નકામી વાતોના ગપોડામાં અને લાડી, વાડી ને ગાડીમાં ગુલતાન રહે છે. હાજીઆ અને ખુશામતખોરની વાતોપર દોરવાઇ જઇ, પ્રજાને પીડે છે. અવિદ્વાન, બહુબોલા, તોછડા અનભ્ર, અવિવેકી, લાંચીઆ, અને હલકા પેટના સહાયક અધિકારી નિરંતર મંત્ર વિદ્યાનમાં હોવાથી પરિણામ ઘણુંજ માઠું આવેલું છે. એ સર્વેના સમજવામાં છે. આના

અજ્ઞાન, પ્રજાપીડક રાજપુત્રો નહિ, પણ રાજકુતરા સમજવા. આવાજ રાજપુત્રોથી આ દેશની પડતી થએલી છે. આવા દુષ્ટ રાજાઓને પોતાના ક્ષત્રિય અંકુરનો જરા પણ ગર્વ નથી. ધિક્ છે આવા રાજાને! આવા રાજાઓએ રામ જેવા ધર્માત્મા રાજાઓનાં ચરિત્રો વાંચી, તેમના વર્ત્તનનું અનુકરણ કરવું જોઇએ છીએ.

રામ પૂર્ણ જ્ઞાની અને તેજસ્વી હતા, જેમાં ઇશ્વરી તેજ વ્યાપક હોય છે, તે ગમેતો બાળક હોય, તોપણ શું થયું! "પુત્રનાં લક્ષણ પારણામાં વર્ત્તાય." રામના અદ્દભૂત પરાક્રમો બાળપણથીજ પ્રકાશિ નીકળ્યાં હતાં. તેના બાળવયના બળથી સર્વ ચકિત થતા હતા. સર્વ ઋષિ, મુનિઓ અને રાજાઓમાં તેની પ્રસંશા થવા લાગી હતી. મહાત્માઓએ આત્મિકજ્ઞાનથી તેને ઇશ્વરાવતાર જાણી લીધા હતા. તેમની અગાધ શક્તિ અને કળાની પૂર્ણ ખાત્રી કરી લીધી હતી. સર્વ પ્રજા તેમની તેજસ્વી મુખમુદ્રા જોઇ હર્ષિત થતી હતી. દુષ્ટજનો દેખી દબાઇ જતા હતા અને સજ્જનો જોઇ પ્રફુલ્લિત થતા હતા. પિતા દશરથ, માતા કૌશલ્યા અને સકળ પ્રજાને પ્રાણ સમાન પ્યારા થઇ પડ્યા હતા. તેમના જન્મથી આખી અયોધ્યાનગરી સ્વર્ગ તુલ્ય દિશતી હતી. જ્યાં સાક્ષાત્ ઇશ્વરીનેજ પ્રકાશમાન હોય, ત્યાં શાની ન્યૂનતા રહે! જ્યારે પૃથ્વીપર ધર્મનો નાશ થાય છે, દુષ્ટો સજ્જનોને દુઃખ દે છે, પ્રજા દુઃખથી બહુ પીડાય છે, ચારે તરફ ત્રાહે! ત્રાહે! થઇ રહે છે ત્યારે શાક્ષાત્ કરૂણાજનક મંગળમય પ્રભુ દુષ્ટોને સંહારવા, સુજ્ઞોને સુખી કરવા અને ધર્મનું સ્થાપન કરવા અવતાર ધારણ કરે છે. એવાં અનેક શાસ્ત્રોનાં પ્રમાણ મળી આવે છે. ગીતામાં શ્રી ભગવાને કહ્યું છે કે;—"મનુષ્ય પ્રાણીના કલ્યાણના હેતુનેજ અર્થે અગત્યને સમયે હું જન્મ ધારણ કરૂં છું." એ સત્ય છે. શ્રી પ્રભુ તે સમયે પોતાનું કેવળ શુદ્ધ ચૈતન્ય બીજા અમૂક મનુષ્યના જીવાત્માની સાથે ઐક્ય કરે છે અને તેથીજ ઘણા અવતારને સમયે બીજા જીવાત્માની પેઠે મનુષ્ય ચરિત્ર કર્યા છતાં શુદ્ધ ચૈતન્યના પ્રભાવથી સત્ય ધર્મનું સ્થાપન કરેલું છે, રામાવતાર પૂર્ણ કહેવાય છે; કેમકે તેમાં શુદ્ધ ચૈતન્યની ઉત્તમ પ્રબળતા જણાવીને સાધુજન—ધર્મિજનોની રક્ષા કરી, દુષ્ટ અધર્મિનો સંહાર કર્યો અને સત્ય ધર્મનું સ્થાપન કરેલું છે. આ અવતારોની ગુપ્તતા અતિ પ્રાચીન અદ્દભૂત યોગ વિદ્યામાં રહેલી છે. તે યથાર્થ રીતે જેને ગુપ્ત જ્ઞાનની સત્યતા જણાઇ છે, તેજ જાણી શકે છે. રામ અને મહાયોગેશ્વરો ઉપર મહા વિષ્ણુ અથવા શુદ્ધ ચૈતન્યનાં પ્રતિબિંબ પડવાથી અવતાર ગણાયેલા છે. એવું નિષ્પક્ષપાત સત્યશોધક વિદ્વાન પુરૂષોને યથાર્થ પરીક્ષા કર્યાથી જણાશે. વિશ્વામિત્ર, વશિષ્ઠાદિ ઋષિ, મુનિઓએ યોગ વિદ્યાના બળથી જાણી લીધું હતું કે, રામ સાક્ષાત્ ઇશ્વ-

રાવતાર છે. તેઓની અદ્ભુત શક્તિની તેમને ખાત્રી હતી. તેથીજ વિશ્વામિત્ર ઋષિએ રામ પંદર વર્ષની નાની વયના હતા છતાં મારીચ, સુબાહુ વગેરે રાક્ષસોને મારી યજ્ઞનું સંપૂર્ણ રક્ષણ કરે એવા શક્તિવાન છે. એવું જોઇને, રાજા દશરથ પાસે આવી સભાસમક્ષ માગણી કરી કે;—"હું દિક્ષા લઇને જે જે યજ્ઞ કરવા માંડુંછું, તે યજ્ઞ સમાપ્ત થવા આવે છે, તે સમયમાં મારીચ અને સુબાહુ નામના રાક્ષસો રૂધિર અને પરૂ વગેરે અપવિત્ર પદાર્થોની વૃષ્ટિ કરી, મારા યજ્ઞનીવેદીને દુષિત કરે છે. તેથી મારે નિરૂત્સાહ થઇને; તે પ્રદેશમાંથી નીકળીજવું પડે છે. હું મારા શાપથીજ તેઓને બાળી ભસ્મ કરવા સમર્થ છું, પરંતુ યજ્ઞના પ્રસંગમાં કોઇને શાપ દેવાય નહિ. એવી શાસ્ત્ર મર્યાદા છે. તેથી નિરૂપાય છું. માટે એ કામ વાસ્તે આપના મોટા કુંવર રામને મારા હાથમાં સોંપો. રામ પોતાના તેજના અને મારા અનુગ્રહના પ્રભાવથી સઘળા રાક્ષસોને મારવા સમર્થ થશે. હું ખાત્રીથી કહુંછું કે એ રાક્ષસો રામને કદીપણ પહોંચી શકશે નહિ. જેમ હું રામના પ્રભાવને જાણુંછું, તેમ વશિષ્ઠ પણ જાણે છે."

આ સાંભળી દશરથ રાજા બોલ્યા;—"કમળ જેવા નેત્રવાળા મારા પુત્ર રામની ઉમર હજુ પંદર વર્ષની પણ પૂરી થઈ નથી. હું રામનો વિયોગ થાય તો જરા વાર પણ જીવી શકું નહિ. વળી રામ બાળક છે. તે યુદ્ધ વિદ્યામાં શું જાણે? રાક્ષસો કપટથી યુદ્ધ કરનારા છે. પુલસ્ત્ય મુનિના પુત્ર વિશ્રવાનો દીકરો રાવણ નામનો રાક્ષસ બ્રહ્માના વરદાનથી મત્ત થઇને ત્રૈલોક્યને દુઃખ દે છે. એ મહા બળવાન છે. કુબેરજીનો સાવકો ભાઈ છે અને જગતમાં પ્રખ્યાત છે. એ રાવણના રક્ષણ તળે એ રાક્ષસો રહેલા છે. રાવણ યજ્ઞનો ભંગ કરવાને વાસ્તે મારીચ અને સુબાહુ વગેરે રાક્ષસોને મોકલે છે. મેં સાંભળ્યું છે કે, રાવણની સામે જેઓ લડે છે, તેઓનું સામર્થ્યજ નષ્ટ થઈ જાય છે." વગેરે વચનો કહી રામને તેઓ સાથે મોકલવાની ના પાડી; પરંતુ વશિષ્ઠાદિ ઋષિઓએ સમજાવ્યાથી રાજાએ રામને વિશ્વામિત્ર સાથે મોકલ્યા. સાથે લક્ષ્મણ પણ ગયા. વિશ્વામિત્રે તેમને ભૂખ, તરસ ન લાગે, લાંબો પંથ કરતાં પરિશ્રમ ન પડે, શરીરના વર્ણમાં કશો ફેરફાર થાય નહિ, પરાક્રમ, બુદ્ધિ, શક્તિ, વગેરે સર્વથી અધિક થાય, સૂર્ય જેવા તેજસ્વી જણાય, અને રાક્ષસો, પીશાચ વગેરે કોઈ પણ દુષ્ટ પરાભવ કરી શકે નહિ. એવી અદ્ભૂત ચમત્કારવાળી બળા, અતિબળા નામની વિદ્યાનો મંત્રોપદેશ આપ્યો. પછી તેઓ વન જોતા અને તેથી વાકેફ થતા ચાલ્યા. રામ વિશ્વામિત્રની સેવા કર્યા પછી સૂતા. રાજકુમાર છતાં વિશ્વામિત્રના મારે લાડ અને પ્રેમ ભરેલાં વચનોથી ખુંચે તેવી તૃણ શય્યાપર પણ આનંદથી સારી નિદ્રા

લેતા. તેઓ હમેશાં નિત્યકર્મ કરી વિશ્વામિત્રના ચરણમાં પ્રણામ કરતા. રસ્તામાં જે જે પ્રદેશો અને આશ્રમો આવતા, તેનું વૃત્તાંત વિશ્વામિત્ર વિસ્તારથી કહી બતાવતા. મલદ તથા કુરૂષ નામે મોટા સમૃદ્ધિવાળા દેશને મારીચની મા તાટીકાએ ઉજડ કર્યા હતા. તે પ્રદેશમાં એ પાપી રાક્ષસી મળી. તેને વિશ્વામિત્રે મારવાની ભલામણ કરી. રામ બોલ્યા કે;—આપની ગમે તેવી આજ્ઞા હોય, તોપણ તે માથે ચડાવી લેવાની મારા પિતાએ મને મજબૂત ભલામણ કરેલી છે. તેમજ વળી ગૌબ્રાહ્મણ અને દેશનું હિત કરવું, એ રાજકુમારોનો મુખ્ય ધર્મ છે. તેથી હું તાટિકાને મારવા તૈયાર છું. એમ કહી ધનુષ્યનો ટંકાર કર્યો. તેથી સઘળી દિશાઓ ગાજી રહી. પશુ, પક્ષીઓ ત્રાસ પામી દોડાદોડ કરવા લાગ્યાં ધનુષ્યના ધ્વનીથી ગભરાયેલી તાટિકા ક્રોધથી રામ સામે દોડી આવી. જેને જોવાથી કાયર પુરૂષોનું કાળજું ફાટી પડે. એ માયાના બળવાળી રાક્ષસી જોરપર આવી લડવા લાગી. રામે એક બાણ માર્યું કે, ચીસ પાડી પ્રાણ રહિત થઈ પડી. રામનું વીરપણું જોઈ વિશ્વામિત્ર અને દેવો ઘણા પ્રસન્ન થયા. આ સ્થળે વિશ્વામિત્રે રામને કેટલાંક શસ્ત્રઅસ્ત્રોની અપૂર્વ વિદ્યા શિખવી. ત્યાંથી તેઓ સિદ્ધાશ્રમમાં આવ્યા. યજ્ઞનો આરંભ કર્યો. સુબાહુ વગેરે રાક્ષસો મારી યજ્ઞ નિર્વિઘ્ને પૂર્ણ કર્યો.

વિશ્વામિત્ર યજ્ઞ પૂરો કરી રામ લક્ષ્મણને સાથે લઈ મિથિલાપૂરી જવા નીકળ્યા. મિથિલાપૂરીમાં જનક રાજા યજ્ઞ સાથે સીતાનો સ્વયંવર કરતા હતા. ત્યાં ઘણા રાજા. રાણાઓ, રાજકુમારો, ઋષિ, મુનિઓ વગેરે આવ્યા હતા. જનક રાજાએ "પણ" લીધું હતું કે, આ પ્રખ્યાત શિવ ધનુષ્યમાં જે દોરી ચડાવે. તેને સીતાજી પરણાવવાં. આ ઉત્સવ જોવાને તથા પોતાનું પરાક્રમ બતાવી સીતા જેવી સુંદરી પરણવાને આખી પૃથ્વીનું રાજ્યમંડળ મળ્યું હતું. એ અપાર બળવાળા પ્રખ્યાત ધનુષ્યમાં દોરી ચડાવવાને દેવતાઓ કે રાક્ષસો કોઈ પણ સમર્થ નહોતા, તો મનુષ્યનું તો શું ગજું! હજારો રાજાઓ અને રાજકુમારો ઉત્સાહથી ત્યાં આવ્યા હતા, પણ એ ધનુષ્યમાં દોરી ચડાવી નહિ શકવાથી, નિરાશ થતા ચાલ્યા જતા હતા. વિશ્વામિત્ર રામને તેડી જનકપૂર આવતા હતા. ત્યાં રસ્તામાં રામચરણ રજપ્રતાપથી અહલ્યાનો ઉદ્ધાર થયો. ત્યાંથી જનકપૂર આવ્યા. જનક રાજાએ તેમનું ઘણું આતિથ્ય કર્યું. રામની સુશોભિત મધુર મૂર્ત્તિ જોઈ જનક વગેરે લોકોને હર્ષનાં અશ્રુ આવ્યાં. જનકના પૂછવાથી વિશ્વામિત્રે તેમની ઓળખાણ આપી. તેથી જનક હર્ષ પામ્યો.

સ્વયંવરનો ઠાઠ અદ્દભૂત હતો. મંડપમાં સભાચિકાર ભરાઈ બેઠી હતી. એક બાજુ મોટા કદનું ઘણા બળવાળું, ઘણા માણસોથી ઉપાડી શકે એવું સદાશિવનું પિનાક નામનું ધનુષ્ય વીર લોકોની પરીક્ષા કરવા માટે લાવી મૂ-

કર્યું હતું. જનક મંત્રીએ સભામાં જાહેર કર્યું કે; વીરપુરૂષો! જે કોઈ વીર આ ધનુષ્યમાં દોરી ચડાવશે, તેને સીતાકુંવરી પરણશે. આ સાંભળી રાવણ વગેરે હજારો અનુક્રમે ઉઠયા, પણ જેમ કામી પુરૂષોના વચનથી સતીનું મન ચળાયમાન થાય નહિ, તેમ કોઇથી એ ધનુષ્ય ચલાયમાન થયું નહિ. તેથી જેમ વૈરાગ્ય વિના સન્યાસીઓ ઉપહાસને પાત્ર થાય, તેમ સર્વ વીરો ઉપહાસને પાત્ર થઈ, નિસ્તેજ થઈ ગયા. વીર લોકોની આ સ્થિતિ જોઈ જનક રાજા ક્રોધથી બોલ્યો,—"ધનુષ્યમાં દોરી ચડાવવી, તો રહી પણ તેને ભૂમિ ઉપરથી ઉપાડી લેવું એ પણ કોઇથી બની શક્યું નહિ. માટે હું ધારૂં છું કે પૃથ્વી નિર્વીર્ય થઈ ગઈ છે. મારી કુંવરી કુંવારીજ રહેવાની છે, કોઇને વીરની પદ્વી દેવાની દૈવની ઇચ્છાજ નથી. હવે સૌ આશા છોડી દઈ, પોતપોતાને ઘેર જાઓ." જનકનાં આવાં હૃદયવેધક તિરસ્કારનાં વચનો લક્ષ્મણને છાતીમાં બાણ જેવાં લાગ્યાં. તેમનાં નેત્રો લાલચોળ થઈ ગયાં. એ રામને પ્રણામ કરી બોલ્યા કે;—"જે સભામાં રઘુવંશીઓ માંહેનો કોઈ પણ હોય, તે સભામાં એમ કેમ બને? જ્યાં રામ બેઠા હોય, ત્યાં જનક આવું બોલે કે? આ શિવ ધનુષ કોણ માત્ર છે? એને તો ચોમાસામાં થતા બિલાડીના ટોપની પેઠે ઉઠાવી, સભાને રઘુવંશીના બળની ખાત્રી કરાવું." વગેરે વીર વચનો કહ્યાં. રામ વિશ્વામિત્રને પ્રણામ કરી તેમની આજ્ઞા લઇ સભામાં ઉભા થયા. પંદર વર્ષની નાની વયના રૂપસુંદર સુકુમાર બાળકને ઉભા થયેલા જોઈ, રાજારાણાઓ આશ્ચર્ય પામી ડરવા લાગ્યા. સૂર્યોદયથી જેમ કમળો પ્રફુલિત થાય, તેમ સજ્જનોનાં નેત્રો પ્રફુલ્લિત થયાં. જેમ નક્ષત્રો નિસ્તેજ થાય, તેમ ક્ષત્રિઓ નિસ્તેજ થયા. તેમની આશા નષ્ટ થઈ ગઈ. અભિમાનીઓ ગુમ થઈ ગયા. દેવ અને મુનીઓ આનંદ પામવા લાગ્યા. રામે ધનુષ તરફ ચાલવા માંડયું. કેટલાંક સ્ત્રી પુરૂષો ચિંતા કરવા લાગ્યા કે, આ શ્યામ સુંદર સુકોમળ બાળક ધનુષ કેમ ઉઠાવી શકશે! રામે ધનુષ પાસે જઈ, જેમ ગરૂડ સર્પને ઉપાડે, તેમ તેને ઉંપાડી લીધું. ચાલાકીથી દોરી ચડાવી, જોરથી ખેંચ્યું કે, ધનુષના બે કકડા થઈ પૃથ્વીપર પડ્યા. આ જોઈ સર્વે ચકિત થઈ ગયા. દેવતાઓએ પુષ્પ વૃષ્ટિ કરી, જયજયકારનો ધ્વની કર્યો. સ્ત્રીઓ મંગળ ગીતો ગાવા લાગી. વાજિંત્રોના ઘોરથી અને તોપોની ગર્જનાથી દિશાઓ ગાજી રહિ. સીતાજીએ પ્રેમથી રામના કંઠમાં જયમાળા પહેરાવી. સૌ રામના પરાક્રમનાં વખાણ કરવા લાગ્યાં. આ શુભ સમાચાર અયોધ્યા જતાં દશરથ વગેરે આવ્યા. રામ સાથે સીતાને ધામ ધૂમથી પરણાવ્યાં.

રામ સીતાને વરી અયોધ્યા તરફ ચાલ્યા. રસ્તામાં પૃથ્વીને એકવીશવાર નિઃક્ષત્રિય—વીર વિનાની કરનાર મહાત્મા પરશુરામ મળ્યા. એને જોઈ

દશરથ ભય પામ્યા. પરશુરામે રામને બાણો માર્યાં પણ તેને વાગ્યાં નહિ. તેથી પરશુરામ રામાવતાર થયો જાણી, તેને ભેટયા. રામે તેનું તેજ હરી લીધું. સર્વ અયોધ્યામાં આવ્યા. રામે વશિષ્ઠ પાસે ધનુર્વિદ્યાનો વિશેષ અભ્યાસ કર્યો. રામપિતાની આજ્ઞા પ્રમાણે રાજ્યનાં સઘળાં કામો કરવા લાગ્યા. કામ કરવાની તેની પદ્ધતિ અને સદાચરણ જોઇ, સર્વ પ્રજા અને મંત્રિમંડળ ઘણા પ્રસન્ન થયા. પ્રજાની રામપર પ્રીતિ દિવસે દિવસે વધવા લાગી. તેની કીર્ત્તિનાં કિર્ણો પૃથ્વીમાં પ્રસરી રહ્યાં. રામ સીતાને પરસ્પર પ્રેમ અત્યંત હતો. તેઓ પરસ્પરના અભિપ્રાય પ્રમાણે ચાલતાં. રામે એક પત્નીવ્રત પાળ્યું હતું. તેથી તેની કીર્ત્તિમાં વિશેષ વધારો થયો હતો. એક પત્નિવ્રતનો મહિમા મોટો છે. એક પત્નીવ્રતરૂપ ચિંતામણી વિના જપ, તપ, ધ્યાન, દાન, શ્રવણ, મનન, સ્વાધ્યાય, ઇશ્વરભક્તિ વગેરે કોઇ કલ્યાણ કરી શકતું નથી. વેદ, શાસ્ત્ર, પુરાણ, ઇતિહાસાદિકમાં એક પત્નીવ્રતને વખાણેલું છે. એ વ્રતની ઉપાસનાનું ફળ પણ સર્વ લોકોના અનુભવની બહાર નથી. એ વ્રતનું સેવન કરવામાં મનુષ્ય જેટલું આળસ્ય રાખે છે, તેનું પરિણામ માઠું આવે છે. એ કોઇનું અજાણ્યું નથી, એક પત્નીવ્રતરૂપ કલ્પવૃક્ષની ઉપેક્ષાથી કેટલાક રાજા રાજ્યભ્રષ્ટ થયા છે, કેટલાક પ્રતાપ વગરના થયા છે, કેટલાક લક્ષ્મી વિનાના થયા છે, તથા કેટલાક રાંક અને પામર લોકો પણ હસવા લાયક દશાને પામ્યા છે. એક પત્નીવ્રત એ સર્વોત્તમ સુખનું સાધન છે, વિજયનું મૂળ છે, ઉન્નતિનું કારણ છે અને પવિત્ર યશરૂપ અમૃતને આપનારૂં છે, એ મહાવ્રતને અખંડ રાખવાથી નળરાજા અપ્રતિમ આપત્તિને ઓળંગી જઇ, સ્વ રાજ્યને પામ્યો હતો. એ વ્રત અખંડ રાખવાને સદાશિવે સતીના દેહ ત્યાગ પછી બાર વર્ષ તીર્થાટન કર્યું હતું. એ વ્રતનું સંરક્ષણ કરવાથી મહારાજા પુરૂરવા ઉર્વશી અંતર્ધ્યાન થયા પછી વિહ્વળ થયા હતા. તેમજ મહારાજા ચિંતામણી, ઋતુધ્વજ વગેરે એ મહાવ્રતમાં પ્રીતિને લીધેજ સંસાર સુખનો ત્યાગ કરી ચાલી નીકળ્યા હતા. સૃષ્ટિના આરંભથી તે આજ સુધી પૂર્ણ રીતે ઇતિહાસો સાંભળીશું, તો એમજ સિદ્ધ થશે કે, જે જે મહાત્માઓ ગણાઈ ગયા છે, જે જે પુણ્યશ્લોકોની પંક્તિમાં ગણાઇ ગયા છે, જે જે વીર અને ધીરની ગણનામાં ગણાઈ ગયા છે અને જેઓ રાજા, મહારાજાઓ ગણાઈ ગયા છે. તેઓને તે તે સ્થિતિએ પહોંચાડનારૂં એક પત્નીવ્રતજ છે. એ વિના અખૂટ ખજાનાઓ આબાદ છતાં, પ્રવિણ પ્રધાનોની પ્રબળતા છતાં અને શૌર્ય શક્તિ નિઃસીમ છતાં, મોટા રાજાઓ પાયમાલ થઈ ગયા છે, રાજાઓ રાંક થઈ ગયા છે, અને દેશ ઉજડ થઈ ગયા છે. તેનું મૂળ તપાસતાંજ જણાશે કે, એ એક પત્નીવ્રતની ખામીને લીધેજ છે. પરસ્ત્રી સાથે ચાલવું એ એક અપવિત્રતાનું

ધર છે, કાંતિનું પ્રલયરૂપ છે, અપયશને ઉત્પન્ન કરનારૂં છે, રોગને વધારનારૂં અને આયુષ્યને તોડનારૂં છે તથા પરમકૃપાળુ પ્રભુની અવકૃપાને પાત્ર કરે એવું નેષ્ઠ છે. સર્વમાં શ્રેષ્ઠ તો એક પત્નીવ્રતજ છે. એ શ્રી રામ જેવા પરમ પુરૂષે વર્ત્તી બતાવી આપ્યું છે.

રામે પરણ્યા પછી બાર વર્ષ સંસાર સુખ સારી રીતે ભોગવ્યું. તેઓ હમેશાં શાન્ત રહેતા, કોમળતાથી બોલતા, કોઈ સ્વજન કાંઈ કઠોર વચનો કહે, તોપણ તેને કડવું વચન કહેતા નહિ. એક પણ ઉપકાર કરે તેનાપર પ્રસન્ન રહેતા. કોઇએ સેંકડો અપકાર કર્યા હોય, તોપણ તે ધીરતા રાખી મનમાં લાવતા નહિ. રાજ્યકાર્ય અને શસ્ત્રનો અભ્યાસ કરતાં અવકાશ મળે, ત્યારે વિદ્વાન અને સુશીળ લોકોની સાથેજ વાતચીત કરતા હતા. પાસે આવનારને પ્રથમ બોલાવી વિવેકથી આવકાર આપતા, મહા પરાક્રમી છતાં, પણ પરાક્રમનો ગર્વ રાખતા નહિ. કદી પણ જૂઠું બોલતા નહિ. વૃદ્ધ અને બ્રાહ્મણોને બહુ સન્માન આપતા હતા. ક્ષત્રિ ધર્મ ઉપર બહુ પ્રીતિ રાખતા, નિષેધ કર્મોથી દૂર રહેતા. દુઃખી લોકોપર બહુ દયા રાખતા, જીતેંદ્રિય રહેતા. ધર્મ વિરૂદ્ધ વાતોમાં રૂચિ રાખતા નહિ. યુક્તિ પૂર્વક ભાષણ કરી પોતાની વાતને સિદ્ધ કરતા. મનુષ્યની પરીક્ષા કરવામાં નિપુણ હતા. સ્મરણ તથા સમયને નહિ ચૂકતા. આળસ્ય નહિ કરતાં. રાજકિય કાર્યોમાં યોગ્ય સહાયકારોનેજ નીમતા. ક્રોધ તથા પ્રેમને કદી પણ વિરૂપ થવા દેતા નહિ. ન્યાય કરવામાં ઘણાજ કુશળ હતા. પ્રજા કોઈ પ્રકારે કચવાય નહિ, એવી રીતે તે પાસેથી ધન લેવામાં ચાતુર્ય વાપરતા હતા. આવકના ચોથા ભાગ કરતાં અને ઘણી અગત્ય પડે, તો અરધા ભાગ કરતાં કદી પણ વધારે ખરચ કરતા નહિ. સઘળી ચાલતી ભાષાઓ શીખ્યા હતા. ધર્મ, અર્થને હરકત ન આવે એવી રીતે સુખ ભોગવતા હતા. કહ્યા વિના તેનો અભિપ્રાય કોઇપણ જાણી શકતુંજ નહિ. ચોસઠ કળાઓમાં પ્રવિણ હતા. હાથી, ઘોડા વગેરે વાહનોને કેળવવામાં કુશળ હતા. ધર્મ, યશ, ધન, સુખ અને સજ્જનોની પ્રીતિ સંપાદન કરતા હતા. સેનાના વ્યૂહો ગોઠવવામાં ચતુર હતા. કોઇથી પણ જીતી શકાય નહિ, એવા બાણુવાળી અને વીર પુરૂષ હતા. પરાયા ગુણોમાં દોષનો આરોપ કરતા નહિ. પરાઈ સંપત્તિનો દ્વૈષ કરતા નહિ. રૂપમાં કામ દેવ જેવા, બુદ્ધિમાં બૃહસ્પતિ જેવા અને પરાક્રમમાં ઇંદ્રથી પણ અધિક હતા. વગેરે ગુણો રામમાં શ્રેષ્ઠ હતા. એથી "રામ રાજા" થાય તો બહુ સારૂં. એવી પ્રજાને ઉત્કંઠા ઉત્પન્ન થઈ અને રાજા દશરથને પણ તેવીજ ઇચ્છા થઈ. તેથી રાજા દશરથે એક મહા સભા બોલાવી જાહેર કર્યું કે;—

"મારા પૂર્વજોએ આ રાજ્યની પ્રજાને, પુત્ર સમાન ગણીને પાળી છે

અને મેં પણ મારા પૂર્વજોના નિયમોને અનુસરી યથાશક્તિ પ્રજાને પાળવામાં અને સઘળા લોકોનું હિત કરવામાં આ શરીરને જીર્ણ કરી નાંખ્યું છે. એ સઘળું આપના જાણવામાં છે. હું હવે રાજ્ય સંબંધી પ્રજાના મોટા બોજા ઘણા વખતથી ઉપાડીને થાકી ગયો છું.—તેથી રામચંદ્રજીને યૌવરાજ આપી, આ જીર્ણ થયેલા શરીરને વિશ્રાંતિ આપવા ઇચ્છુંછું." રાજાનાં આવાં વચનો સાંભળી સભાજનો હર્ષનાદ પૂર્વક બોલ્યાકે,—મહારાજ! આપ અને આપના સઘળા પૂર્વજોથી પણ રામ અધિક ગુણવાન છે. રામ આજ દિવસ સુધી કોઈ પણ યુદ્ધમાં વિજય મેળવ્યા વગર પાછા આવ્યાજ નથી. બહારગામથી અયોદ્ધામાં પધારતાં જેમ પિતા પુત્રોને કુશળ પૂછે છે, તેમ રામ અમોને કુશળ પૂછે છે. કોઈ પણ દુર્વ્યસન રામમાં જોવામાં આવ્યું નથી. પુરૂષો તો શું પણ વૃદ્ધ અને જુવાન સ્ત્રીઓ પણ રામના યૌરાજ્યને વાસ્તે દેવતાઓની માનતાઓ કરે છે. રામ સત્યવાદી, જીતેંદ્રિય, નીતિ અને ન્યાય પ્રમાણે વર્તનારા, સર્વદા વિદ્વાનોનીજ સોબત રાખનારા છે. વગેરે અનેક ગુણોને લીધે, અમો રામને યુવરાજની પદ્વી મળેલી જોવાને ઇચ્છીએ છીએ." અહો! આવા રાજાને પ્રજા કેમ ન ચાહે?

રામને આવતી કાલે યૌવરાજ મળશે. એ વાત આખા શહેરમાં પ્રસરી ગઈ. પ્રજા હર્ષ પામવા લાગી. અભિષેકની તૈયારી ધામધૂમથી થવા લાગી. રાજાએ રામને બોલાવી જણાવ્યું કે;—પુત્ર! "તમે મારા જ્યેષ્ઠ પુત્રો છો અને સર્વ ગુણ સંપન્ન છો. સઘળી પ્રજા તમારા સદ્‌ગુણોને લીધે, તમારાપર બહુ પ્રેમ રાખે છે. માટે હું તમને આવતી કાલે યુવરાજ્યની પદવી આપીશ. પુત્ર! તમો સ્વાભાવિક રીતે ગુણવાન હોવાથી, તમોને કાંઈ શિખામણ કે ભલામણ દેવાની જરૂર નથી; તોપણ સ્નેહની ખાતરજ તમને ભલામણ કરૂંછું કે, જેટલી નીતિ રાખો છો. તેથી પણ વધારે નીતિ રાખીને સર્વદા જિતેંદ્રિય રહેજો. જુગાર, સ્ત્રીઓનો પ્રસંગ, મૃગયા, મદ્યપાન, ગાળો દેવાની ટેવ, માર મારવાની ટેવ, તથા ધર્મની ખરાબી કરવાની ટેવ એ સર્વથા છોડી દેજો. સઘળી પ્રજાને રાજી રાખજો. જે રાજાને પ્રજા ઉપર પ્રીતિ હોય તથા પ્રજાની જે રાજા ઉપર પ્રીતિ હોય. તે રાજા નિર્વિઘ્ને લાંબી મુદત સુધી રાજ્ય કરી શકે છે." વગેરે ધર્મ નીતિનાં વચનો દશરથ રાજાએ કહ્યાં, પણ રામને વિશેષ કહેવું પડે એવા નહોતા. તેઓ પ્રજાનું ઉત્તમ પ્રકારે રક્ષણ અને પાલણ કરે એવા અને પોતાના સદાચરણથી તેમને સદાચારી રાખવા પ્રયત્ન કરે એવા હતા. ગૌબ્રાહ્મણની પ્રતિપાલના કરવા ખંતિલા રહેતા. પ્રજાના આચારની વ્યવસ્થા રાખતા. તેઓનું મન દુભાવતા નહિ. પ્રજાની આંતરડી કકળે કે રાજા પડે એવું તેઓ સમજતા હતા. **યથા રાજા તથા પ્રજા** જેવો રાજા

તેવીજ પ્રજા થાય છે; કેમકે પ્રજાનો ઘણો આધાર રાજાપર રહેલો છે. જો રાજા નીતિવાન હોય, તો પ્રજા પણ પોતાની મેળેજ નીતિવાળી થઈ જાય છે. રાજાને અનીતિ એજ મોટા છિદ્રરૂપ છે, નિરંતર ભય ઉપજાવે છે, શત્રુઓને વધારે છે, અને બળનો ક્ષય કરનાર છે. જે રાજા નીતિને છોડીદઈ, પોતાની ઇચ્છા પ્રમાણે વર્ત્તે છે, તે પરિણામે દુ:ખી થાય છે અને તેવા સ્વતંત્ર રાજાની સેવા કરવી, તે તરવારની ધારને પોતાની જીભથી ચાટવા જેવું છે. નીતિ માર્ગે ચાલનારા રાજાની સેવા સુખે કરી શકાય છે અને અનીતિવાન રાજાની સેવા દુ:ખે કરી બની શકે છે. જે રાજા નીતિને માર્ગે ચાલતો હોય અને બળવાન હોય, તેને લક્ષ્મી ચારે તરફથી આવી મળે છે. જે રીતે સઘળો દેશ પ્રેરણા ન કર્યા છતાં, રાજાનું હિત કરનાર થાય, તેવી રાજાએ પોતાના હિત સારૂ નીતિ ધારણ કરવી જોઇએ. જે રાજા નિરંતર અનીતિ કરે છે અને પ્રજા કચવાવે છે, તેના દેશનાં મનુષ્યો બીજા દેશાંતરમાં જઈ વસે છે, તેનું સૈન્ય પણ વિખરાઇ જાય છે અને કારભારી વગેરે રાજકીય મંડળ પણ તેથી જુદાઈ રાખવા લાગે છે. મતલબ કે તેવી જાતનો રાજા થોડા વખતમાં રાજ્યથી ભ્રષ્ટ થાય છે. જે રાજા પોતાની પ્રજાનું સંપૂર્ણ રીતે લાલન પાલન અને પોષણ કરે છે, તેને સર્વ પ્રકારની સિદ્ધિ પ્રાપ્ત થાય છે. સર્વ સિદ્ધિઓ રાજા ને પ્રજા રંજન કરવામાંજ રહી છે. પ્રાચીન વિદ્વાનોનો એવો મત છે કે, પૃથ્વી છે તે કામદુઘા ગાય છે. માટે તેની પાસેથી જો પોતાનું મન વાંછિતદૂધ મેળવવું હોય, તો પ્રથમથી પ્રજારૂપ વાછડાંને તૃપ્ત કરવાં જોઇએ. પ્રજાના દુ:ખથી દુ:ખ પામવું. પ્રજાના સુખોથી સુખ પામવું અને રાત દિવસ પ્રજાનુંજ પ્રિય અને હિત થાય, તેવું વિચારવું એજ રાજાઓનું કૃત્ય છે. વગેરે રીતે જોતાં રામની રાજનીતિ સર્વોત્તમ ગણાયેલી છે.

રામને રાજાએ નીતિએ ચાલવાની શિખામણ આપી, તે સાંભળી પિતાને પ્રણામ કરી એ પોતાના દરબારમાં આવ્યા. માતા કૌશલ્યા રેશમી વસ્ત્રો પહેરી મૌન ધરી રામનું કાર્ય નિર્વિઘ્ન થવા માટે દેવમંદિરમાં પૂજન કરતાં હતાં. સીતા પાસે બેઠાં હતાં. સુમિત્રા તથા લક્ષ્મણ પણ વધામણી સાંભળી પ્રથમથીજ આવ્યા હતાં. રામે દેવમંદિરમાંજ કૌશલ્યાને પ્રણામ કરી અભિષેક વિષે વાત કરી બતાવી. પાસે બેઠેલા પોતાના પ્રિય બાંધવ લક્ષ્મણ સામે જોઇ કહ્યું કે;—"હું મારે વાસ્તે નહિ પણ તમારે વાસ્તેજ જીવિત તથા રાજ્યને ઇચ્છુંછું. માટે તમો મારી સાથે રાજ્યનાં શુભ ફળોને ભોગવજો. તમો મારા બહારના પ્રાણરૂપ છો." વગેરે હિતનાં વચનો કહ્યાં. ધન્ય છે આવા જેષ્ઠ બંધુને! બંધુઓ તો આવાજ જોઇએ. આ શુભ સમાચારથી રાજ

વર્ગ, અંતઃપુરની સ્ત્રીઓ તથા પ્રજા સર્વ આનંદ પામ્યા. કૈકેયી અપરમાતા છતાં પણ હર્ષઘેલી થઇ ગઇ. એ શુભ સમાચાર તેણે મંથરાંથી જાણ્યા. મંથરાં દાસીને એ આનંદની વધામણીમાં પોતાના પગનું સોનાનું હીરા જડીત નેપૂર આપી દીધું. મંથરાં દાસી તેને અનર્થરૂપે સમજાવવા માડી; ત્યારે તે તેને ઇષ્ટાર્થરૂપ સમજી બોલી કે;—"મંથરાં દાસી! આ તો તેં મને અમૃત જેવી પ્રિય વાત કહી. તેથી તું કહે તેવી આથી પણ વધારે બક્ષીસ આપું. હું રામ અને ભરતમાં કોઇ જાતનો અંતર ગણુતી નથી. રામના અભિષેકની વાત સાંભળી હું બહુ રાજી થાઉંછું. રામ સર્વ ગુણ સંપન્ન છે. ભાઇઓનું, સેવકોનું, અને પ્રજાનું પિતાની પેઠે પાલન કરે એવા છે. વળી તે મહારાજાના જ્યેષ્ઠ કુંવર છે. તેથી યૌવરાજ્યને તો એજ લાયક છે. મંથરા! રામના અભિષેકની વાત સાંભળી તને શા માટે બળતરા ઉઠી છે? આ તો એક જાતનો અભ્યુદય પ્રાપ્ત થયો છે. ભવિષ્યમાં તેથી ભલું થવાનું છે. રામ ભાઇઓને પોતાના જેવા ગણે છે. રામને જે રાજ્ય મળશે, તે ભરતનુંજ છે. અને ભરતથી રામ મારે વધારે માન્ય છે, વગેરે વચનો કહ્યાં, પરંતુ માણસનું મન ચંચળ છે. તે નીચ લોકોની નિરંતર સોબત અને શિખામણથી બગડ્યા વગર રહેતું નથી. મંથરા દાસી એ દુષ્ટ સ્વભાવની હતી. તેની ઉલટી શિખામણના વારંવારના ઘસારાથી કૈકેયીની બુદ્ધિ બગડી. તેણે દશરથ રાજાને શત્રુ સામે લડતાં પોતાનાં બુદ્ધિબળના પરાક્રમ અને તપોબળથી સંરક્ષણ કર્યું હતું. તે વખતે રાજાએ પ્રત્યુપકારમાં બે વચનો માગી લેવા કહ્યું હતું. પણ કૈકેએ શુભ સમયે માગવું બાકી રાખેલું હતું. તેણે એ હિતકર વરદાનનો મંથરાંના કહેવાથી અવળો ઉપયોગ કર્યો. તેણે રામને ચૌદ વર્ષ વનવાસ અને બીજું ભરતને રાજ્યાભિષેક કરવાનું માગ્યું. આ વચનો રાજા પાસે કબૂલ કરાવવાનો કૈકેયીએ હઠાગ્રહ લીધો.

આ સાંભળી રાજા એકદમ મૂર્છિત થઈ ગયા. સંજ્ઞા આવતાં બહુ કલ્પાંત કરવા લાગ્યા; "રામ!" એટલું બોલી નિઃસાસો મૂકી કપાઈ ગયેલી કેળની પેઠે પડી ગયા. અને ઉઠી બોલ્યા;—કૈકેયી! "આ અનર્થની વાત તને કોણે શિખવી? તું આ બોલતાં કેમ લજ્જાતી નથી? તારો આવો નીચ સ્વભાવ આજેજ જોવામાં આવ્યો. તારે જો ભરત અને જગતનું પ્રિય કરવું હોય, તો આ નીચ માગણી છોડી દે. ભરત ધર્માત્મા છે. તેથી રામ સિવાય એ કદી પણ રાજ્ય કરશે નહિ. હાય! હાય! જેમ બાળક કાળોતરા નાગની સાથે રમતાં ચેતે નહિ, તેમ હું તારાથી ચેત્યો નહિ. રામે આજ સુધી અધ્યયન, બ્રહ્મચર્ય, ગુરૂસેવા વગેરે કાર્યો કરવામાં કષ્ટજ વેઠયાં છે. હવે ભોગનાકાળમાં પણ કષ્ટ નાંખવું એ શી રીતે બને? મારાં વચનો તરત કબૂલ

કરી લેવાની રામની ટેવ છે. તેથી હું કહીશ કે તરત વનવાસ જશે. અહો ! આ કેવો વિપરીત બનાવ ! અતિક્રુર અને સ્વાર્થમાંજ તત્પર કૈકેયી ! તને ધિક્કાર છે. આવી દુષ્ટ વાત કરતાં તારા બત્રીશ દાંત કેમ પડી નથી જતા ! તું અગ્નિમાં બળીમર, ઝેર પી, અથવા જીવતાંજ ધરતીમાં સમાઈ જા, તોપણ હું તારૂં એ કહ્યું માનવાનો નથી. હું હવે તને જીવતી જોવા રાજી નથી. કૈકેયી ! હવે એ દુરાગ્રહ છોડી દે." વગેરે તિક્ષણ વચનો કહ્યાં. પણ કૈકેયી એક ટળી બીજી થઈ નહિ. રાજાને આખી રાત દુઃખમાં ગઈ. સવાર થતાં અભિષેકની સઘળી ધામધૂમ મચી રહી હતી. મંત્રીઓ, સેનાપતિ વગેરે સકળ રાજ્યમંડળ અને પ્રજાજનો સભામાં રાજાની વાટ જોતા બેઠા હતા, પરંતુ અંતઃપુરમાં રાજાની શી વલે છે ? એ કોઈના જાણવામાં નહોતું. નિત્યના નિયમ પ્રમાણે સુમંત્ર અંતઃપુરમાં ગયો. રાજાને સભામાં પધારવાની સ્તુતિ કરી. આ સાંભળી રાજા વધારે શોકાતુર થયા. તેથી કશું બોલી શક્યા નહિ, પણ તેને કૈકેયીએ રામને બોલાવી લાવવાનું કહ્યું. સુમંત્ર રાજાની આજ્ઞા વિના અટકી રહ્યો. રાજા શોકસાગરમાં ડુબી ગયા હતા, મુખ ઉપરથી નૂર જતું રહ્યું હતું. તે ગભરાયેલે મુખે બોલ્યા;—"સુમંત્ર ! રામને જોવાની મારી ઇચ્છા છે, માટે તેડી લાવો." રાજાની આ આજ્ઞા પ્રિય પરિણામવાળી હશે, એ સમજી સુમંત્રે રામને ખબર આપ્યા. રામ સુમંત્ર સાથે ચાલી નીકળ્યા. સીતા શુભ મંગળનું સ્મરણ કરતાં દ્વાર સુધી વળાવવા આવ્યાં. રામ બહાર આવી લક્ષ્મણને મળ્યા. તેને સાથે લઈ પિતા પાસે આવવા રથમાં બેઠા. લક્ષ્મણ ચમર લઈ પછવાડે ઉભા. રથની આજુબાજુ આયુધ બંધ ઘોડેસ્વારો, પ્યાદલો, ચાલવા લાગ્યા. વીર પુરૂષો સિંહનાદ કરવા લાગ્યા. વાજાંઓનો નાદ શરૂ થયો, ભાટ ચારણો સ્તુતિ કરવા લાગ્યા. અગાસીઓ ઉપર ઉભેલી શહેરની સ્ત્રીઓ પુષ્પવૃષ્ટિ કરવા લાગી. લોકો ચર્ચા કરવા લાગ્યા કે "રામનું રાજ્ય થવાથી કોઈ પણ દુઃખી રહેશે નહિ. આપણી સઘળી ઇચ્છા પરિપૂર્ણ થશે." રાજ્યમાર્ગને રસ્તે થઈ જતાં, લોકોના આશિર્વાદોને સાંભળતાં, રામ લોકોપર દયા દેખાડતા, અને દેવસ્થાનોને પ્રણામ કરતા. પિતાના દરબારમાં આવ્યા. ત્યાં કૈકેયી સાથે બેઠેલા પિતાને શોકાતુર અને લેવાઈ ગયેલા મુખે જોયા; પરંતુ નહિ ગભરાતાં પગે લાગ્યા. રાજા રામને જોઈ ગભરાઈ ગયા. નેત્રમાંથી આંસુઓના ઓધ પડવા લાગ્યા. "રામ" એ શબ્દ સિવાય વધારે બોલી શક્યા નહિ કે, તેના સામું જોઈ શક્યા નહિ. શોક સંતાપથી નિર્બળ થયેલા અને ઉંડા નિસાસા મૂકતા પિતાને જોઈ, રામે કૈકેયીને પૂછ્યું કે;—"પિતાજી શા માટે શોકમાં છે ? હું અજ્ઞાનતાથી કાંઈ ભૂલમાં તો નથી આવ્યો ? રાજા મારાપર કંઈ રીસે હોય, તો જણાવો. હું તેમને ઇષ્ટ દેવ સમાન ગણું છું. હું તેમને

નારાજ કરીને કે તેમનું વચન ભંગ કરીને જીવવા પણ ઇચ્છતો નથી. જન્મ આપનાર પિતા પ્રત્યક્ષ દેવ છે. તેમનાથી પ્રતિકૂળ શા માટે વર્તવું જોઇએ.?"

એ સાંભળી કૈકેયી બોલી—"રાજા રીસાયા નથી, તમો તેને અત્યંત પ્યારા છો, એને તમને કંઈ કહેવું છે પણ કહેતા નથી. રાજાએ પ્રસન્નતાથી મને વચન આપ્યાં છે. તેથી હવે પામરની પેઠે પસ્તાય છે. સત્ય સઘળા ધર્મનું મૂળ છે. તેને રાજા તમારે વાસ્તે ન છોડે એમ થવું જોઇએ. રાજા કદી બોલશે નહિ." રામે કહ્યું તમો ખુશીથી કહો. હું પિતાની ઇચ્છા પ્રમાણે કરવા તૈયાર છું. એકવાર બોલી હું તેથી વિરૂદ્ધ બોલીશજ નહિ. આપરથી કૈકેયીએ જણાવ્યું કે ભરતને રાજ્યાભિષેક કરવાનું અને બીજું તમારે આજેજ દંડકારણ્યમાં ચૌદ વર્ષ રહેવા જવાનું માગ્યું છે." દુષ્ટ કૈકેયીનાં આ વચન બીજાને તો મરણ તુલ્ય લાગે. પણ તેથી રામને તો જરા પણ શોક કે ગભરાટ થયો નહિ. પણ રાજાને એથી અપાર પરિતાપ થયો. રામે જણાવ્યું કે હું તમારા કહેવાથી પણ ભરતને સઘળું આપી દઉં, તો પિતાના કહેવાથી આપી દઉં એમાં શું નવાઈ? હું પિતાની આજ્ઞા શા માટે ન માનું? હું કોઈ પણ પ્રકારની લાલચમાં લપટાઈ અયોધ્યામાં રોકાવાનો નથી. પિતાનું વચન પાળવું એજ મોટામાં મોટો ધર્મ છે. પિતાને રાજી રાખવા હું મારા પ્રાણનો પણ ત્યાગ કરૂં. તમારા કહેવાથી પણ હું વનવાસ જાઉં. તમારી પણ મારાપર માલેકી છે. હું મારી માની રજા લઉં અને સીતાને સમજાવું. એટલી મુદત માગું છું. ભરત પ્રજાનું પાલન કરે તથા રાજાની સંભાળ રાખી સેવા કરે, એ તમારે કરવું. રામનાં આવાં વચનથી રાજા ઉંચે સ્વરે રૂદન કરતો, મુર્છિત થઈ પડ્યો. રામ પ્રણામ કરી અંતઃપુરમાંથી નીકળ્યા. તેમની મુખમુદ્રા રાજ્ય ભંગથી જરા પણ ભ્રષ્ટ થઈ નહોતી. રાજ્ય મળવાનું હતું, તે સમયે જેવી મુખની શોભા હતી, તેવીજ આ વખતે પણ હતી. તેઓ જરા પણ દુઃખ ન લગાડતાં, મધુર વચનોથી સર્વ લોકોને માન આપતા, માતા કૌશલ્યા પાસે આવ્યા. માતા આ વાત સાંભળી કુંવાડાથી કપાએલી કેળની પેઠે ધરતીપર ઢળી પડ્યાં. અપાર રૂદન કરવા લાગ્યાં. રામે તેને કહ્યું કે;—જે માણસ ધર્મથી વિરૂદ્ધ રીતે અર્થ કે કામનું સંપાદન કરે, તે વિદ્વાનોના ધિક્કારને પાત્ર થાય છે. પિતા ક્રોધથી પ્રીતિથી કે કામીપણાથી જે કાંઈ આજ્ઞા કરે, તે પુત્રે પાળવીજ જોઇએ. હું રાજ્યને વાસ્તે યશનો ત્યાગ કરવા ઇચ્છતો નથી. અલ્પાયુમાં યશનો ત્યાગ કરી, તુચ્છ રાજ્યની લાલચ હું રાખતો નથી. તમો શોક તથા રોષને છોડી દઈ મનમાંથી અપમાન કહાડી નાંખો. મનમાં ધીરજ રાખો. હું જટા તથા મૃગચર્મ ધારણ કરી વનમાં જઈશ. તેમાં કૈકેયીનો કશો દોષ નથી. દૈવે ધાર્યું હોય છે, તેજ

થાય છે. દૈવના કર્તવ્ય સિવાય બીજું કશું કારણ નથી. સુખ, દુઃખ, ભય, ક્રોધ, લોભ કે હાની જે કાંઈ થાય છે. તે સઘળું દૈવથીજ થાય છે. બ્રહ્માદિક પણ દૈવની ગતિ આગળ નિર્બળ છે. ઘણા યત્નોથી કરવા માંડેલું કામ અટકી પડે અને જેમાં ઓચિંતુ કાંઈ બીજું ઉત્પન્ન થાય; એ દૈવનુંજ કર્તવ્ય સમજવું. જે કળશો મારા અભિષેકને વાસ્તે તીર્થોના જળથી ભરવામાં આવ્યા છે. તેજ કળશોથી હું તપસ્વીપણાની દીક્ષા લઇશ. વગેરે વચનોથી માતાને સમજાવી તેમની આજ્ઞા લઈ સીતા પાસે આવ્યા.

રામે સીતાને કહ્યું કે;—પ્રિયે! હું વનમાં જાઉં છું. ભરતભાઈ રાજ્ય કરશે. તારે મારી માની માન્યપૂર્વ સેવા કરવી. મારા ભાઈ ભરત, શત્રુઘ્નને તારા પોતાના ભાઇઓ છે એમ જાણવું. આ સાંભળી સીતા બોલ્યાં—પ્રાણનાથ! આપ આ શું કહો છો? મા, બાપ, ભાઈ, પુત્ર અને બીજાં સંબંધીઓ પોતપોતાના ભાગ્યને ભોગવે છે, પણ સ્ત્રી તો પતિના ભાગ્યનેજ ભોગવે છે. સ્ત્રી તો પતિના સુખ, દુઃખની ભાગિયેણ છે. માટે તમારી સાથે મને પણ વનવાસનો હુકમ થયો સમજવો. તમો આજ વનવાસમાં જવાના છો, તો મારે તમારી અગાઉ જઈ માર્ગમાંથી કાંટા ખશેડી નાંખવા જોઇએ. પતિ ગમે ત્યાં હોય, તોપણ સ્ત્રીએ તેના ચરણના ઓળામાં રહેવું જોઇએ. માબાપ; પુત્ર, પોતાનું શરીર કે સખીઓ કોઈ પણ આ લોક કે પરલોકમાં સ્ત્રીના શરણરૂપ નથી. સ્ત્રીનું શરણ તો એક પતિજ છે. હું ત્રૈલોક્યના ઐશ્વર્યને પણ નહિ ગણકારતાં, કેવળ તમારૂંજ ચિંતન કરી તમારી સેવા કરીશ. મને છોડી જશો તો હું મારો પ્રાણ ત્યાગ કરીશ. એક તમારા વિયોગ વિના મારાથી બધું સહન થશે. ઓ રામ! મને સાથે રાખો. એમ કહી પગે પડી, રૂદન કરતાં રામને ગળે વળગી પડયાં. એ રીતે સીતાનો દૃઢ નિશ્ચય જોઈ, રામે તેને સાથે આવવા હા પાડી. એ પછી લક્ષ્મણ મળ્યા. તેનો પણ એજ નિશ્ચય અને આગ્રહ જોઇ તેને પણ સાથે આવવા હા પાડી. પછી ત્રણે પિતાનાં દર્શન કરવા ત્યાંથી નીકળ્યાં. રામનાં દર્શન કરવાને આખી નગરીની પ્રજા તલપી રહી હતી. તમામ પ્રજા ઉદાસ થઈ ગઈ હતી. આવા વિપરીત બનાવથી શોકે ઘેરાએલી પ્રજા જેમ જળ વિના માછલી તરફડે, તેમ સઘળી પ્રજા પીડાઇ રૂદન કરતી તરફડવા લાગી. ઘરબાર, ગરાશ, અને માલ મિલ્કત છોડી દઇ, કુટુંબ સાથે લક્ષ્મણની પેઠે રામ સાથે વનમાં જવાને તૈયાર થઈ. રામને વખાણવા અને કૈકેયીને ધિક્કારવા લાગી. પ્રજાના પ્યાર ભરેલાં વચનો સાંભળતાં છતાં, પણ રામના મનમાં કશો વિકાર થયો નહિ. સર્વ લોકોને ખિન્ન થયેલાં જોતાં છતાં, પણ પોતે હસતા હોય એવા દેખતા પિતાના દરબારમાં આવ્યા. પિતાને પ્રણામ કરી રજા માગી.

રાજાએ વનવાસ નહિ જવાને ઘણું વિનવ્યું, પણ તેણે ચૌદ વર્ષ પૂરાં થયે આવીશ, એવું જણાવ્યું. પિતા પુત્ર વચ્ચેના ભાષણથી કૈકેયી સિવાય સઘળાનાં હૃદય પીગળી ગયાં. રાજા રામને આલિંગન કરતાં બેભાન થઇ પડ્યા. સઘળી રાણીઓ અને સુમંત્ર મૂર્છિત થયાં. દરબારમાં સઘળે હાહાકાર થઇ રહ્યો. શુદ્ધિમાં આવતાં સઘળી રાણીઓ મહા રૂદન કરવા લાગી. કૈકેયીએ રામ, લક્ષ્મણ અને સીતાને વલ્કલ પહેરવાને આપ્યાં. આ ત્રાસદાયક દેખાવ જોઇ આંસુથી ઘેરાએલા વશિષ્ઠ મુનિ બોલ્યા કે, કૈકેયી! કુળને અભડાવનારી! રામને વલ્કલ આપે છે, પણ સીતાને શા માટે આપે છે? સીતા જો રામ સાથે વનમાં જશે, તો સઘળા લોકો, શત્રુઘ્ન અને ભરત પણ રામની સેવા કરવાનેજ જશે. પછી ઉજડ ગામમાં એરંડાની પેઠે તું એકલી આ અયોધ્યામાં માહલજે. જ્યાં રામ રાજા નહિ હોય, તે દેશ પણ જંગલ થઇ જશે અને જ્યાં રામ નિવાસ કરશે, તે જંગલ પણ દેશ થઇ જશે. તારો ભરત કદી પણ આ રાજ્યને સ્વીકારશે નહિ અને તારી પાસે પણ પુત્રના જેવા ધર્મથી રહેશે નહિ. તેં તો પુત્રનું ભલું કરવા જતાં, ભૂંડું કર્યું છે. રામને ન અનુસરે એવું તારા સિવાય કોઇ પૃથ્વીમાં નથી. રામ અહીંથી જશે કે તે વખતેજ સર્વ પ્રાણી તેની સાથેજ જતાં, તારા જોવામાં આવશે. વગેરે કઠણ વચનો કહ્યાં; પણ કૈકેયે પોતાનો નિશ્ચય ફેરવ્યો નહિ. તેથી સૌ તેને ધિક્કારવા લાગ્યાં.

રામ, લક્ષ્મણ ધનુષ ધારણ કરી સીતા સાથે રથમાં બેઠા. પ્રજા કે કોઈ પાછળ ન આવે, માટે રથના ઘોડા દોડાવી મૂક્યા; તોપણ પ્રજા પાછળ દોડી. તેથી રામ, લક્ષ્મણ રથમાંથી ઉતરી પ્રજા સાથે પગે પાળા ચાલવા લાગ્યા. સુમંત્રે સાંજ પડતાં રામની આજ્ઞાથી તમસા નદીને કાંઠે ઉતારો કર્યો. રામ લક્ષ્મણે સંધ્યાવદન કર્યું. રાત્રે રામે પ્રજા સાથે પ્રસંગાનુસાર વાતચીત કરી. સૌ નિદ્રાવશ થયાં. પરોઢીઉં થતાં રામ પ્રજાને નિદ્રાવશ મૂકી ખબર ન પડે તેમ ચાલી નીકળ્યા, કેમકે પ્રજાનો રામ સાથે જવાનો નિશ્ચય હતો. સવારે પ્રજાએ ઉઠી જોયું તો રામ, લક્ષ્મણ કે કોઈ ન મળે. તેથી તેઓ ઘણા નિરાશ થયા અને શોકથી રૂદન કરવા લાગ્યાં. અંતે ઉપાય નહિ ચાલવાથી ઉદાશ થતાં અયોધ્યામાં આવ્યાં. રામ કોશલ દેશમાં થઈ ગુહ રાજાની રાજધાનીમાં આવ્યા. ત્યાં સુમંત્રને સમજાવી રથ સાથે અયોધ્યે વિદાય કર્યો. રામ હોડીમાં બેસી ગંગાપાર ઉતર્યા. આગળ લક્ષ્મણ, વચમાં સીતા અને પાછળ રામ એ રીતે વનમાં ચાલવા માંડયું. ચાલતાં એક તળાવ નજરે પડયું. તેને તીરે હંસ, બતક, બગલા, વગેરે પક્ષીઓ ચારો કરતાં હતાં. ત્યાં તૃણ શય્યાપર રાતવાસો કર્યો. પ્રાતઃકાળે સ્નાન, સં-

ધ્યા અને નિત્ય કર્મ કરી ગંગા યમુના નદીના સંગમ આગળ પ્રયાગમાં ભારદ્વાજ ઋષિને આશ્રમે આવ્યા. ભારદ્વાજે તેનો ઘણો સત્કાર કર્યો. ત્યાંથી તેઓ સપાટ પ્રદેશવાળા, રમણિય વૃક્ષોથી ઘેરાએલા ચિત્રકૂટ પર્વતમાં આવ્યા. ત્યાં પર્ણકુટી બાંધી નિવાસ કર્યો. અહિં સર્વ પ્રકારની સગવડ જોઇ, રામ સીતા અને લક્ષ્મણ આનંદ પામ્યાં.

સુમંત્ર ઉદાસ થતો અયોધ્યામાં આવ્યો. દશરથને પ્રણામ કરી રામનો નીતિયુક્ત સંદેશો કહ્યો. એ સાંભળી રાજા મૂર્છિત થયો. શુદ્ધિમાં આવતાં સનેપાત થયો. મધ્યરાત્રે દેહ છોડયો. એ સમયે સુમિત્રા અને કૌશલ્યા પાસે હતાં. તેઓ પણ આ બનાવથી બેભાન થઇ પડ્યાં. સવારે શુદ્ધિમાં આવતાં રડાપીટ થઇ પડી. ભરત, શત્રુઘ્ન મોસાળમાં હતા, તેમને દોડતા સ્વાર મૂકી તેડાવ્યા. તેઓએ આવી જોયું તો આખી નગરી શુન્યકાર દીઠી. મંદિરમાં મહારાજ કે રામને ન દીઠા. દરબારનું દિવ્ય તેજ હરાઈ ગયેલું જણાયું. તેથી ભરત, શત્રુઘ્ન સંકલ્પ વીકલ્પ કરતા અને ભય પામતા કૈકેયીને દ્વાર આવ્યા. કૈકેયીએ રામને વનવાસ તેથી રાજાનો સ્વર્ગવાસ થયો અને તમને રાજ્યાભિષેક એ સઘળી વાત જણાવી. ભરતને માતાના આ શબ્દો બાણ જેવા લાગ્યા, તેથી પછડાઇ પૃથ્વીપર પડ્યા. રૂદન કરતાં ક્રોધ, શોકયુક્ત થઈ બોલ્યા કે;—ઓ દૈવ! આ એકાએક શું થઇ ગયું? અરે! મારાથી પિતાનું મરણ સમયે મુખ જોવાયું નહિ. અરે! તેં આ ઘોર કર્મ શું કર્યું? રામ તને માતા પ્રમાણે ગણતા, કોઇ દિવસ અપમાન કરતા નહિ. કુળની રીતે છે કે જે મોટો હોય તેજ ગાદીએ બેસે. રાજ્ય તો રામનુંજ છે. હું તો તેનો દાસ થઇ રહીશ. વગેરે કહી રામ પ્રત્યે પોતાનો ભક્તિભાવ દેખાડયો. શત્રુઘ્ન મંથરાને મારવા દોડયો. ઘણાં કઠણ વચનો કૈકેયીને કહ્યાં. એટલામાં વશિષ્ઠ ગુરૂએ આવી શાંત કર્યા. રાજાની ઉત્તર ક્રિયા કરાવી શોક ઉતાર્યો. ભરતને ગાદીએ બેસવાનું કહેતાં, તેણે જણાવ્યું કે એ રાજ્ય તો મોટા ભાઇ રામનું છે. હું તેને તેડી લાવવા વનમાં જઇશ. ભરતે વનમાં રામ પાસે જવાની તૈયારી કરી. સાથે શત્રુઘ્ન, કૌશલ્યા, સુમિત્રા, કૈકેયી, વશિષ્ઠ મુનિ, સુમંત્ર અને કેટલીક પ્રજા સર્વે રામ ચિત્રકૂટમાં હતા ત્યાં આવ્યા. રામ વૈભવથી રહિત થઇ, તપસ્વી વેશે બેઠેલા હતા. એ જોઈ સઘળાએ ઉંચા સ્વરે રૂદન કરવા માંડયું. ભરત દીનતાથી રામના ચરણમાં પડ્યા. રામ તેને ઉઠાડી ભેટ્યા. પિતાના કુશળ સમાચાર પૂછતાં ભરતે તેના સ્વર્ગવાસના ખબર આપ્યા. એથી રામ ઘણા શોકાતુર થયા. થોડીવારે સૌ શાન્ત થઇ બેઠા. ભરતે રામને અયોધ્યામાં પધારવાની વિનંતી કરી, એ વખતે રામે કહ્યું કે;—"પુરૂષ પોતાની ઇચ્છાથી કંઇપણ પ્રવૃત્તિ કરવા સ્વતંત્ર નથી. દૈવ જેમ કરે છે, તેમજ થાય

છે, મારા વનવાસમાં પિતાનો કે તમારી માતાનો કશો દોષ નથી. ભરત ! શોકને છોડી દઇ સ્વસ્થ થાઓ અને પિતાની આજ્ઞા પ્રમાણે અયોધ્યામાં જઇ રાજ્ય કરો. હું પણ પિતાની આજ્ઞા પ્રમાણે ચાલીશ. આ સાંભળી ભરતે રામના ચરણમાં શીશ મૂકી ઘણી ઘણી પ્રકારે પ્રાર્થના કરી. જાબાલી પંડિતે અને વશિષ્ઠ ગુરૂએ પણ સમજાવ્યા, પણ તેણે તો પિતાની આજ્ઞા પાળવાનોજ દૃઢ નિશ્ચય જણાવ્યો. છેવટ એટલું કબૂલ કર્યું કે, ચૌદ વર્ષ પૂરાં થશે કે હું તરત આવી રાજ્ય કરીશ. પછી ભરત નિરાશ થઇ સર્વ કુટુંબ અને પ્રજા સાથે અયોધ્યામાં આવ્યા. રામની પાવડીઓનો અભિષેક કર્યો. નગરમાં તેની આણ ફેરવી. શત્રુઘ્ન તથા પ્રધાનોને રાજ્ય સારી રીતે ચલાવવાની ભલામણ કરી. ભરતે જટા તથા વલ્કલ વસ્ત્ર ધારણ કર્યાં. યોગી વેશે રામને ચૌદ વર્ષ પૂરાં થયાની વાટ જોતાં નગર બહાર નંદી ગ્રામમાં રહ્યા.

અયોધ્યાથી ચિત્રકૂટપર રામ પાસે વારંવાર અપાર મનુષ્યો આવવાજવા લાગ્યાં. તેથી ઋષિઓને ઉપદ્રવ થાય એવા હેતુથી રામ ચિત્રકૂટ છોડી દક્ષિણ દિશા તરફ અત્રિ ઋષિને આશ્રમે આવ્યા. અહિં ઋષિ તથા અનસૂયાજીએ ઘણો સત્કાર કર્યો. સીતાજીને શરીરે ચોળવા એક સુગંધી પદાર્થ અને ઉત્તમ વસ્ત્રો આપ્યાં. અહિંથી તેઓ દંડકારણ્યમાં આવ્યા. ત્યાં વિરાધ નામે રાક્ષસ સીતાને ઉપાડી નાઠો. તેને રામે ઘણો માર માર્યો, પણ મરતો નહોતો. તેને જીવતાં જમીનમાં દાટયો, એટલે મરણ પામતાંજ એ ખાડમાંથી એક સ્વરૂપવાન પુરૂષ આકાશમાં જતો બોલ્યો કે; "હું ગંધર્વ છું. મને શાપ થયો હતો. પણ આજ તમારે હાથે મરણ પામવાથી હું પાછો સ્વર્ગમાં જાઉં છું. તમારો સર્વ સ્થળે જય થાઓ." આ પ્રમાણે બોલી ચાલ્યો ગયો. રામ ત્યાંથી શરભંગ ઋષિને આશ્રમે આવ્યા. આ ઋષિ રામનાં દર્શન કરી સ્વર્ગમાં ગયા. ત્યાંથી તેઓ સુતીક્ષ્ણ ઋષિને આશ્રમે આવ્યા. અહિં કેટલાક ઋષિઓએ આવી રામને સ્તુતિ કરી જણાવ્યું કે, રાક્ષસો અમને બહુ ઉપદ્રવ કરે છે. તેણે ઘણા ઋષિઓને મારી નાંખ્યા છે. એના હાડકાંનો આ મોટો ગંજ પડયો છે. એ જોઇ રામે એ પાપીઓને મારી નાંખી ઋષિઓને સુખી કરવાની પ્રતિજ્ઞા લીધી. આ આશ્રમમાં સીતાજીએ રામને શસ્ત્ર ધારણ કરવાના ધર્મ, અધર્મ વિષે પ્રશ્ન કર્યો. તેનો રામે ઉત્તર આપ્યો કે;— "બ્રાહ્મણના સંરક્ષણાર્થે ક્ષત્રિઓએ શસ્ત્ર ધારણ કરવાં એ અધર્મ નથી. અમે શસ્ત્ર ન ધરીએ તો બ્રાહ્મણ પોતાનું સંરક્ષણ કરવામાં સમર્થ નથી એમ ન સમજશો. તેઓ શાપથી રાક્ષસોને બાળી ભસ્મ કરવાને સમર્થ છે, પરંતુ સંપાદન કરેલું સુકૃતનું ફળ તેઓ આવી રીતે વ્યર્થ વ્યય કરતા નથી. માટે તેઓનું મારે સંરક્ષણ કરવું જોઇએ." રામ ત્યાંથી ચાલી પંપા સરોવર પાસે આ

વ્યા. અહિં તેઓ મધુર ગાયનનો ધ્વની સાંભળી આશ્ચર્ય થયા. આ સરોવરમાં એક બગલો ધ્યાનસ્થ થઈ ઉભો હતો, તેને જોઈ રામે લક્ષ્મણને કહ્યું કે;—

पश्यलक्ष्मणपंपायांबकोपरमधार्मिकः ।
शनैःशनैःपदंधत्तेमत्स्याहिंसनशंक्या ॥
पथिकानैवजानान्तिजानान्तिसहवासिनः ।
अनेनधूतवृत्तेनमत्कुलंनिष्कुलीकृतम् ॥

ભાવાર્થ—"લક્ષ્મણ તું જો ? પંપાસરોવરમાં પેલો બગલો મહાધર્મવાળો જણાય છે. રખેને માછલાં મરે! એવી શંકાથી તે ધીમે ધીમે ડગલાં ભરે છે. આ સાંભળી સરોવરમાંથી એક માછલો બોલ્યો કે, બાપ્રિાના ગુણની તમો વટેમાર્ગુ શું જાણો ? એના ગુણ તો જેઓને તેનો સહવાસ હોય તેજ જાણે; કારણ કે એજ ધર્મધ્વજે મારા કુળનો સત્યાનાશ વાળ્યો છે." આપરથી એ સમજવાનું છે કે જ્યાં સુધી કોઇ મનુષ્યના ગુણો આપણા જાણવામાં ન હોય, ત્યાં સુધી તો ઉપરની સાધુતા ભાળી મોહીત થવા જેવું થાય છે, પણ જ્યારે દીર્ઘ પરિચયથી ખરૂં સ્વરૂપ જાણવામાં આવે છે, ત્યારે આપણને પ્રથમ બાંધેલા અભિપ્રાયમાં રૂપાંતર કરવું પડે છે. અહિંથી તેઓ વિંધ્યાચળ પર્વતમાં અગસ્ત્યમુનિને આશ્રમે આવ્યા. ઋષિએ તેમને કેટલાંક શસ્ત્ર અસ્ત્રો આપી સત્કાર કર્યો. રામે ઋષિ પાસે શૈવી દીક્ષા લીધી. ત્યાંથી તેઓ પંચવટી (નાશક આગળ) માં આવ્યા. અહિં તેઓ પર્ણકૂટી બાંધી રહ્યા. ત્યાં તેઓ શરદઋતુની સૌંદર્યતા જોઈ, આનંદથી દિવસો નિર્ગમન કરવા લાગ્યા. એક વખતે રાવણની બેન સૂર્પનખા સુંદર રૂપ ધારણ કરી ફરતી ફરતી ત્યાં આવી. એ રામનું તેજસ્વી મુખ જોઇ મોહિત થઇ. તેણે રામને પોતાની સાથે લગ્ન કરવાનું કહ્યું, પણ રામે પોતાને સીતા સ્ત્રી છે તેજ છે. બીજીની મારે જરૂર નથી. એ સાંભળી રાક્ષસી ક્રોધ કરી સીતાને ખાઇજવા દોડી. રામે લક્ષ્મણને ઇસારો કર્યો કે, તેણે તેના નાક, કાન કાપી લીધા. સૂર્પનખા ચીસ પાડી વનમાં નાશી ગઈ. તેણે જઈ પોતાના ભાઈ ખર, દુષણને સઘળી વાત કરી. એ બંને ભાઇઓ રાક્ષસોનું ઘણું સૈન્ય લઈ આવ્યા. તેને રામ લક્ષ્મણે સપાટામાં મારી નાંખ્યા. એક પણ રાક્ષસ જીવત પામ્યો નહિ. તેથી સૂર્પનખા નાશીને લંકામાં આવી. તેણે ખર, દુષણના મરણની વાત કરી બતાવી. રાવણ એથી ઘણો ગુસ્સે થયો. તેણે રામ લક્ષ્મણને મારી નાંખવાની હિંમત ધરી, પણ બીજા રાક્ષસોએ જણાવ્યું કે એ બંને ભાઇઓ જીતાય એવા નથી. તેની સ્ત્રી ઘણી સ્વરૂપવાન છે. તેનું હરણ કરવાથી, એ બંને અરણ્યમાં અકળાઈ મરણ પામશે. રાવણે મારીચની

સલાહ લીધી. તેણે કહ્યું કે, એ વાત છોડી દો. એ મહા પરાક્રમી પુરૂષ છે. સૂતેલા સિંહને જગાડવામાં હાની છે. વગેરે હિત વચનો કહેવાથી રાવણે એ વાત પડતી મૂકી, પણ સૂર્પનખાએ રાવણને ઘણાં મેણાં માર્યાં અને સીતાના સ્વરૂપનાં ઘણાં વખાણ કર્યાં. તેથી રાવણે મારીચને સાથે આવી, સુવર્ણ મૃગ થઈ સીતાને લોભાવવાનું કહ્યું. મારીચ પ્રતાપી રામના સામર્થ્યને જાણતો હતો. તેથી તેણે બેધડકપણે રાવણને કહ્યું કે;—" લંકેશ્વર! હમેશાં મધુર વચનો બોલનારા પુરૂષો જોઇએ તેટલા મળે છે, પણ પરિણામમાં હિત કરે એવાં કડવાં વચનો બોલનારા દુલર્ભ છે અને તેવાં વચનોનું ગ્રહણ કરનાર પણ દુલર્ભ છે. મારૂં કહેવું હમણાં તો તમને અપ્રિય લાગશે, પણ પરિણામમાં હિતકારી છે. સઘળા રાક્ષસોનું કલ્યાણ થાય તો ઠીક. રખેને રામના ક્રોધથી જગતમાં રાક્ષસોનું બીજ પણ ન રહે! રખેને તારા પ્રાણ લેવાને વાસ્તેજ સીતાનો જન્મ થયો હોય! તારા જેવો નીચ સ્વભાવનો અને દુષ્ટ વિચારનો રાજા પોતાનો, સજ્જનોનો અને દેશનો પણ વિનાશ કરે છે. રામ અવિદ્વાન, અજિતેંદ્રિય કે તીક્ષણ સ્વભાવનો નથી, કે પિતાએ તેને કહાડી મૂકેલો પણ નથી, પણ એ પોતેજ પિતાની પ્રતિજ્ઞા પાળવા માટે દંડકારણ્યમાં આવેલા છે. રામના પ્રભાવથી તથા પોતાના પાતિવ્રત્યથી સીતાનું રક્ષણ અખંડ થયા કરે છે. તેનું હરણ કરવાની ઇચ્છા તને કેમ ઉત્પન્ન થઈ? તારે રામ રૂપી પ્રબળ અગ્નિમાં સહસા પ્રવેશ કરવો યોગ્ય નથી. રામ રૂપી કાળના મોઢામાં પડવાની તને ઉત્કંઠા કેમ થઈ છે? રામ પોતે ધર્માત્મા છે. તેની સ્ત્રી પતિવ્રતા છે. રામનું તેજ અપ્રમેય છે. સીતાને રામના ધનુષ્યનો આશ્રય છે. તેનુ હરણ કરવાનો વ્યર્થ ઉદ્યોગ તારે નહિ કરવો જોઇએ. તું રામની નજરે પડ્યો કે તે વખતેજ તારા જીવિતનો છેડો છે. તું તારા જીવિત, સુખ, તથા રાજ્યને બચાવવાને વાસ્તે વિભીષણાદિ ધર્માત્મા મંત્રીઓની સાથે વિચાર કર. ગુણ દોષના બળાબળનો નિર્ણય કર. તારા તથા રામના બળને ખરી રીતે જાણી લે. પછી પોતાના હિતનો નિશ્ચય કરી, તારે એ કામમાં પ્રવૃત્તિ કરવી જોઇએ. હું તો તને કહું છું કે રામની સામે વિરોધ કરવાથી તારૂં કોઈ પ્રકારે હિત થવાનું નથી. મને યાદ છે કે હું આગળ સુબાહુઆદિ હજારો રાક્ષસોની સાથે વિશ્વામિત્રના યજ્ઞનો ભંગ કરવા ગયો હતો. એ વખતે મારા પ્રાણ લેવાની તેણે ઉપેક્ષાજ કરી હશે. તેથી હું જીવતો રહ્યો. મારા સુબાહુ વગેરે સઘળા સહાયકારોને તો તેણે તેજ વખતે મારી નાંખ્યા હતા. આ તારી મોટી સમૃદ્ધિવાળી લંકા નગરી સીતાને વાસ્તે ગ્રાસમાત્ર થઈ જશે. હાય! હાય! પાપીના આશ્રયમાં રહેનારા લોકો પાપ નહિ કરતા છતાં અને પવિત્ર રહેતા છતાં, પણ પરાયા દોષથી ખરાબ થઈ

જાય છે. પરસ્ત્રીના સ્પર્શ જેવું બીજું કોઈ પણ મોટું પાપ નથી. જો અભ્યુદય, માન, રાજ્ય, જીવિત, સ્ત્રીઓ અને મિત્ર વર્ગને લાંબા કાળ સુધી ભોગવવા ઇચ્છિતો હોય, તો રામનું વિપ્રીય કરવાનો ઉદ્યોગ છોડી દે. તું પોતાની સ્ત્રીઓમાંજ સંતોષ રાખ. તારા અંતઃપુરમાં હજારો સ્ત્રીઓ જેવી જોઇએ તેવી છે. માટે સીતાને લાવવાનો દુરાગ્રહ છોડી દે. હું તો રામથી એવો બીઉં છું કે જેઓના આરંભમાં 'ર' આવે છે. એવા શબ્દો પણ મને ત્રાસ આપે છે. જ્યાં રામ ન હોય, ત્યાં પણ હું રામને દેખું છું અને સ્વપ્નમાં પણ રામને જોઈ વિવ્હળ થઈ જાઉં છું. હવે જોઇએ તો ક્ષમા કર. અને જોઇએ તો રામની સાથે વિગ્રહ કર. જીવતો રહેવાને ઇચ્છિતો હો, તો મારી પાસે તારે રામની વાત પણ કરવી નહિ. રાજા અવળે માર્ગે ચડે, ત્યારે તેને મંત્રીઓએ જરૂર કેદ કરવો જોઇએ. તું કેદ થવાને લાયક છતાં મંત્રીઓ તને કેમ કેદ કરતા નથી ! એ તેઓનોજ અપરાધ છે. હું મારા મરણનો શોક કરતો નથી, પણ એ કૃત્યથી તારો, તારા કુટુંબનો અને તારા સઘળા સૈન્યનો નાશ થશે, તેનો શોક કરૂં છું. રાજ્ય દંડથી મરવા કરતાં શત્રુના હાથથી મરવું સારૂં છે. તેથી મને તો રામના હાથથી મરવામાં લાભ છે. રામનું દર્શન થતાંજ મને મુવોજ સમજજે અને સીતાનું હરણ થતાંજ તારા સહિત તારા પરિવારને મુવોજ સમજજે." વગેરે મારીચે ઘણો ઉપદેશ આપ્યો, પણ મરવા પડેલો માણુસ જેમ ઔષધોનો સ્વીકાર કરતો નથી; તેમ મારીચનાં યોગ્ય વચનોનો રાવણે સ્વીકાર કર્યો નહિ. તેથી મારીચ ઘણો નિરાશ થયો. નહિ ચાલતાં શોકાતુર થતો રાવણની સાથે દંડકારણ્યમાં ગયો.

રાવણ સંન્યાસી થયો. મારીચ સુવર્ણ મૃગ થયો. એ સુવર્ણ મૃગ સીતાની દૃષ્ટિએ પડયો. એ મેળવવા સીતાએ રામને આગ્રહ કર્યો. રામને તો સઘળી લીલા કરવી હતી, તેથી મૃગ પાછળ ગયા અને તેને માર્યો. મરતાં એ મારીચ રાક્ષસે કપટથી રામના જેવા સાદે **"હાય લક્ષ્મણ"** એવો પોકાર કર્યો. આપરથી સીતાએ આગ્રહથી લક્ષ્મણને પણ પાછળ મોકલ્યા. એ રીતે એ બંને ભાઇઓની ગેહેરહાજરીનો લાભ લઈ રાવણ કપટ કરી સીતાને ઉપાડી ગયો. રામ લક્ષ્મણ મૃગ મારી આવ્યા, તો સીતાને આશ્રમમાં ન દીઠાં. એ પરથી તેણે ધાર્યું કે સીતાને કોઈ રાક્ષસ ઉપાડી ગયો હશે. એવું ધારી રામ વનમાં સ્ત્રીઓના સંગીઓની આવી દશા થાય છે. એમ લોકોને જણાવવા સારૂ દીનની પેઠે વનમાં ફર્યા. **ઇશ્વરાવતાર શ્રીરામચંદ્ર સીતાના શોધાર્થે અરણ્યમાં ફરતા હતા. તે ભક્તના ઉદ્ધારણાર્થે તથા જેટલી સૃષ્ટિ રૂપે કરી પંચ ભૂતાત્મ પ્રકૃતિ છે, તેજ પ્રકૃતિ સીતા છે, તથા હું તે ભૂગોળાદિક અનંત ગોળરૂપી સીતામય સૃષ્ટિ રૂપ પ્રકૃતિને; અંતર્યામિત્વે કરી એક આકર્ષણ શક્તિએ આકર્ષણ કરી ધરનારો**

પુરૂષ તથા સમષ્ટિરૂપ ઇશ્વર છું. તે અમો ઉભયતાએ એક રૂપ છતાં, અવતાર શરીરો જગત કાર્યાર્થ, ઇચ્છિા માત્રે કરી ધારણ કર્યા છે. એ ભાવના પ્રગટ દેખાડવા સારૂ રામચંદ્ર સીતાનો શોક કરતા ફરતા હતા. તે વખતે પાર્વતીજીએ પ્રગટ થઇ, રામની પરીક્ષા કરી હતી. તેમાં તેઓ પૂર્ણ જ્ઞાની છે તથા રામને મોહ નથી. એવું સર્વના બોધમાં ઉતારી આપ્યું અને શ્રી રામ જગદુદ્ધારાર્થ સીતાના શોધ નિમિત લોકોને દેખાડી ફરે છે, પણ શ્રીરામે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, અને મત્સર એવા શત્રુત્વ ભાવ એટલે રિપુ ભાવને છોડી એ સર્વને મિત્ર કર્યા છે. એ પણ લોકોને દેખાડયું. તથા અમાનિત્વ તથા અદંભિત્વ ઇત્યાદિ જ્ઞાનીઓના લક્ષણો શ્રીરામમાં પૂર્ણ છતાં, બાહ્યાત્કારે, કિંચિતકાલ, અજ્ઞાનીઓના, માનિત્વાદિક લક્ષણોનું અવલંબન કરી, રામ લોકોમાં ફરે છે અને તે ફરવામાં લોકોને સુમાર્ગ દેખાડે છે. એવા પ્રકારનો રામનો મહિમા જગતમાં પાર્વતીજીએ બાહ્યાત્કારે અજ્ઞાનપણાનો વેષ લઇ પ્રગટ કર્યો છે. રામ ફરતા ફરતા જ્યાં જટાયુ મરણની અણીપર પડયો હતો ત્યાં આવ્યા. એ જટાયુએ રાવણ પાસેથી સીતાને મૂકાવવા યુદ્ધ કર્યું હતું. તેમાં તે ઘણો જખમી થયો હતો. જ્યારે તેને રામનો મેળાપ થયો, ત્યારે તેણે સીતાને રાવણ હરી ગયો એવા ખબર આપ્યા. સઘળી વાત કરી "રામ" એટલા શબ્દો બોલી મરણ પામ્યો. રામે તેનો પ્રેમથી અગ્નિ સંસ્કાર કર્યો. ત્યાંથી દક્ષિણ દિશામાં ચાલ્યા. રસ્તામાં કબંધ નામના રાક્ષસનો તથા શબરી નામની ભક્ત સ્ત્રીનો ઉદ્ધાર કર્યો. રાવણના મોકલેલા કેટલાક રાક્ષસોને માર્યા, ત્યાંથી ઋષિમૂખ પર્વતપર આવ્યા. અહિં હનુમાનજી પ્રેમથી મળ્યા. સુગ્રીવ જે કિષ્કીંધાનો રાજા તેને તેના ભાઇ વાળીએ મારી કહાડી મૂક્યો હતો. તે તથા તેના પ્રધાનો નળ, નીળ અને જાંબુવાન વગેરે સૌ તેને મળ્યા. તેઓ રામના ભક્ત થઇ રહ્યા. સીતાજીએ પોતાનાં વસ્ત્રો તથા અલંકાર નિશાની દાખલ નીચે ફેંકી દીધેલાં હતાં. તે રામને આપ્યાં અને સીતાનો શોધ કરી લાવવાનું તેઓએ માથે લીધું. રામે એક બાણથી સાત તાડ વીંધી નાંખ્યા તથા એક બાણથી વાળીને માર્યો અને સુગ્રીવને કિષ્કિંધાનું રાજ્ય પાછું અપાવ્યું, એ રીતે રામે તેને પોતાના અદ્ભુત પરાક્રમનો પ્રતાપ દેખાડયો.

રામે ઋષિ મૂખ પર્વતપર ચોમાસું ગાળ્યું. પછી હનુમાન, અંગદ, નીલ, નળ, જાંબુવાન વગેરે યોદ્ધાઓ સીતાના શોધ માટે નીકળ્યા. તેઓ સમુદ્ર કિનારે આવ્યા. ત્યાં જટાયુનો ભાઇ સંપાતિક ગિરીની ગુફામાં રહેતો હતો, તે મળ્યો. તેણે સીતા લંકાના અશોકવનમાં બેઠી રૂદન કરે છે. એવા ખબર આપ્યા. એ સંદેશાથી હનુમાન હિંમતથી સમુદ્ર ઓળંગી લંકામાં ગયા

અને સીતાને મળ્યા. હનુમાને લંકા સળગાવી કેટલીક ઉથલપાથલ કરી રાવણનું અપમાન કર્યું. લંકાની તેઓએ કેટલીક બાતમી મેળવી લીધી અને સીતાનો સંદેશો લઈ, જ્યાં જાંબુવાન, અંગદ, નળ, નીલ, વગેરે સમુદ્ર કિનારે હતા, ત્યાં સમુદ્ર ઓળંગી આવ્યા. સીતાના શોધથી સર્વ આનંદ થતા રામ પાસે આવ્યા. હનુમાને લંકાની હકીકત અને સીતાનો સંદેશો કહ્યો. આ સર્વ વર્તમાન જાણી રામની આજ્ઞાથી સુગ્રીવે સૈન્ય એકઠું કર્યું. રામ, લક્ષ્મણ, સુગ્રીવ એ ત્રણે હનુમાન, અંગદ, નળ, નીલ, જાંબુવાન વગેરે યોદ્ધાના હાથ નીચે અસંખ્ય સૈન્ય લઈ સમુદ્ર કિનારે આવ્યા. સમુદ્રપર લંકા સુધી પાજ બાંધી. સર્વ સૈન્યને પેલેપાર ઉતાર્યું. લંકામાં સુવેળાચળ પર્વતની તળેટીમાં પડાવ નાંખ્યો. વિભીષણે રાવણને ઘણું સમજાવ્યો કે સીતા પાછી સોંપ, પણ તેણે તેનું માન્યું નહિ. ઉલટો તેનો તિરસ્કાર કર્યો. વિભીષણ ધર્માત્મા અને નીતિવાન હતો. તે પોતાના પાપી ભાઈના આ કૃત્યથી નારાજ થયો. તેથી તે રામને શરણે આવી નમ્યો. રામે તેનો પ્રેમપૂર્વક સત્કાર કર્યો. રામે અંગદને રાવણ સાથે પ્રથમ "વિષ્ટિ" કરવાને મોકલ્યો, પણ રાવણે માન્યું નહિ. તેથી રામના સૈન્યે લંકા નગરીપર ધસારો કર્યો. રાવણના રાક્ષસો પણ સામે જોસથી લડવા લાગ્યા. સામ સામેના યોદ્ધાઓ એક બીજાપર તૂટી પડયા. રામના સૈન્યે ઘણા રાક્ષસોને ચીરી નાંખ્યા, એ જોઈ રાવણ રથારૂઢ થઈ અસંખ્ય સૈન્ય સાથે રણસંગ્રામમાં આવ્યો. રામ, રાવણ વચ્ચે ભયંકર યુદ્ધ થયું. બાણોનો વરસાદ વરસવા લાગ્યો. રાવણે પોતાના બળચાતુર્યથી લક્ષ્મણ વગેરે ઘણા સૈન્યને મૂર્છિત પમાડયા. લક્ષ્મણ મૂર્છિત થયાથી રામ સોહદરસમાં ભીંજાઈ રહી રણસંગ્રામ ભૂમિમાં શોકાતુર થઈ બોલ્યા કેઃ—

देशेदेशेकलत्राणिमित्राणिचपुरेपुरे ।
तंदेशंनैवपश्यामियत्रभ्रातासहोदरः ॥

સ્ત્રીયો જોઈયે તો જે જે દેશમાં જઈએ, ત્યાં ત્યાં મળી શકે, મિત્રો જોઈએ તો જે જે નગરમાં જઈએ, ત્યાં ત્યાં મળી શકે, પણ તે દેશ હું ક્યાંય દેખતો નથી કે, જ્યાં સહોદર ભાઈ મળી શકે. અહો ! રામનો નાના ભાઈ લક્ષ્મણ પ્રત્યે કેવો પ્રેમ ? ખરેખાત આ જગતમાં સહોદર ભાઈના સ્નેહની બરોબર બીજો સ્નેહ વિધાતાએ રચેલજ નથી. અનેક પ્રકારના સ્નેહીઓના સ્નેહો શું સહોદર ભાઈના સ્નેહના હજારમા અંશની પણ બરોબરી કરી શકે છે ? કદી નહિ. જેઓ પોતાના ભાઈઓ ઉપર સ્નેહથી ભીંજાયેલા છે. તેઓજ ધન્ય પુરૂષોમાં પણ ધન્ય છે. બંધુઓના આશ્રયથી અનેક પ્રકારની આપત્તિઓ પણ સહેજમાં ઓળંગી જવાય છે. બંધુઓના આશ્રયથી

લક્ષ્મી અને ચિંતામણી પણ દુર્લભ નથી. બંધુઓના અપ્રતિમ પ્રેમને કોની ઉપમા આપીયે ! કેમકે જે પ્રેમનો એક કણ પણ પવિત્ર પત્નિમાં કે સન્મિત્રોમાં પણ નથી. જેઓ સહોદરપણાના સ્નેહને સાધારણ કારણને લીધે ભૂલી જઇને એક બીજામાં દ્વેષ કરવા મંડી પડે છે. તેને **'નર'** નહિ, પણ **'વાનર'** કહેવા જોઇએ. રામનો લઘુ બાંધવ લક્ષ્મણ પ્રત્યે સ્નેહ અપાર હતો. એથી તેણે આ વખતે જે શોક બતાવ્યો છે, તે યોગ્યજ હતો. પછી રામે લક્ષ્મણની તરત મૂર્છા ઉતારી. હનુમાને રાવણના યોદ્ધાઓપર વજ્ર મુષ્ટિ ચલાવી ઘણાને મરણ પથારીએ સૂવાર્યા. નળે બ્રહ્મદત્ત મંત્રથી કોટિ નળ કર્યા. રાવણે બ્રાહ્મશસ્ત્ર મૂક્યું. રામે તેને અટકાવી એક બાણથી રાવણનાં છત્ર છેદ્યાં અને તેનો મૂગટ પાડ્યો. આ અપમાનથી રાવણ રણમાંથી નાશી ગયો. કુંભકરણને અઘોર નિંદ્રામાંથી જાગૃત કરી યુદ્ધમાં લડવા મોકલ્યો. તેને રામે એક બાણ મારી રણમાં રોળ્યો. લક્ષ્મણે રાવણના પુત્ર અતિકાયને માર્યો. ઇંદ્રજિતે રામના સૈન્યનો પરાજય કર્યો. તથા કૃત્રિમ સીતાનો શીરછેદ કર્યો, પણ રામ એનાથી છેતરાય એવા નહોતા. ઇંદ્રજિતે અક્ષય રથ પ્રાપ્ત કરવા હવન આદર્યો. તે હવનને લક્ષ્મણે ભ્રષ્ટ કર્યો. એથી ઇંદ્રજિત નિરાશ થતો, ચાતુર્યથી લડવા લાગ્યો, પણ તેને લક્ષ્મણે માર્યો. ઇંદ્રજિત જેવા પુત્રના મરણથી આખી લંકામાં હાહાકાર થઇ રહ્યો. રાણીઓ રડાપીટ કરવા લાગી. આખી નગરી શોકાતુર થઇ, રાવણના આ કર્મને ધિક્કારવા લાગી. અને રાવણ પણ પુત્ર મરણથી રૂદન કરવા લાગ્યો. આટલું થયા છતાં પણ તે હારી હેઠો બેસે એવો નહોતો. એ ઘણો માથાનો ફરેલો હતો. તેથી એણે રાક્ષસીમાયા આદરી, રામ લક્ષ્મણને રાવણના મામા અહિરાવણ, મહિરાવણ પાતાળમાં ઉપાડી ગયા, ત્યાં હનુમાનવીર હીંમતથી જઇ પહોંચ્યા. તેણે રામ, લક્ષ્મણને સહાય કરી, અહિરાવણને માર્યો. રામે મહિરાવણને માર્યો. રામ, લક્ષ્મણ તેના ઉપાડ્યા જાય એવા નહોતા, પણ તેણે ત્યાં જઇ પોતાનો પ્રતાપ બતાવવાજ એમ થવા દીધું હતું. પાતાળમાં એ બંને રાક્ષસોને મારી એ ત્રણે લંકામાં આવ્યા. આવી રાવણના ઘણા સૈન્યનો નાશ કર્યો. તેથી રાવણ ક્રોધાંત થઇ રણમાં આવ્યો. રામ ઇંદ્રના રથમાં બિરાજતા હતા. તેનો સાર્થિ માતુલી હતો.

રામ રાવણ વચ્ચે જબરૂં યુદ્ધ મચ્યું. દેવતાઓ વિમાનમાં બેસી જોયા કરતા હતા. જેવો રાવણ રામ સામે આવ્યો કે, રામ ભ્રગુટી ચડાવી બોલ્યા કે;—" હે નીચ રાક્ષસ ! તું ઘણો દુષ્ટ છે. તું કુતરાની પેઠે લાજ મૂકીને મારી ગેરહાજરીમાં સીતાને હરી લાવ્યો છું, તો કાળ જેમ દુષ્ટ કર્મ કરનારને ફળ આપે છે; તેમ હું મારા અમોઘ પરાક્રમથી તને કર્મનું ફળ આપુછું, તારા પુત્રો અને ભાઇઓનો નાશ થયો, તોપણ તને સમજણ પડી

નહિ. હે દુષ્ટ! નીચ! જોઇ લે મારા બાણુને ? એમ તેનો તિરસ્કાર કરતાંજ કે, એક વજ્ર જેવા બાણુથી તેનું હૃદય વીંધી નાખ્યું. એથી રાવણુ મુખમાંથી લોહી નાંખતો, પુણ્યવાન જેમ પુણ્ય ખૂટી જતાં સ્વર્ગમાંથી પૃથ્વીપર પડે, તેમ એ પોતાના રથમાંથી ભૂમિપર પડયો. તેનું શીશ ધૂળમાં રગદોળાયું. લોકોમાં હાહાકાર થઇ રહ્યો. મંદોદરી હજારો રાક્ષસીઓ સાથે રોતી ને કકળતી લંકામાંથી રણભૂમિમાં આવી. હજારો રાક્ષસીઓ પોતાના પતિ અને સગાસંબંધીઓ રણમાં પડ્યા હતા, તેમને માટે મહા કલ્પાંત કરતી હતી. સર્વે રાવણુના અવિચારપણાને વખોડતી પોતાના સંબંધીઓના શબને બાથમાં લઇ ઉંચા સ્વરથી મહા રૂદન કરવા લાગી. મંદોદરી વિલાપ કરતી હતી કે;—હે નાથ! હે જગતને રોવરાવનાર રાવણુ! હાય! હાય! અમે ખરાબ થઇ, તમે કામદેવને વશ થઇને સીતાના તેજનો પ્રભાવ જાણ્યો નહિ કે, જેણે તમને આ દશા આપી. લંકાને અને અમને વિધવા કરી. તમે તમારૂં શરીર ગૃધ્ર પક્ષીઓને ભક્ષ્યરૂપે આપ્યું અને આત્માને નરકમાં નાખ્યો. વગેરે રીતે તેણે ઘણો કલ્પાંત કર્યો. રામે તેને આત્મજ્ઞાનનો ઉપદેશ કરી શાંત પાડી. વિભીષણે રામની સંમતિ લઇ પોતાના સંબંધીઓનું શાસ્ત્ર રીતિએ પાર લૌકિક કાર્ય કર્યું. સીતાજી આસોપાલવની વાડીમાં શીશમના ઝાડ નીચે રહિને પોતાના વિરહના વ્યાધીથી દુબળાં થઇ ગયાં હતાં. તેમને વિભીષણુ સૈન્ય સાથે ધામધૂમથી પાલખીમાં બેસારી રામ પાસે તેડી લાવ્યો. સીતાજી હર્ષથી સજળનેત્રે રામને પગે પડયાં. સતી સાક્ષાત્ શક્તિસ્વરૂપ હતાં. રામ પણુ જાણુતા હતા કે સીતા ખરેખાત શુદ્ધ સતી છે, પણુ તેણે લોકાપવાદથી ડરી તેને ગ્રહણુ કરવા ના પાડી. એથી સીતાએ અગ્નિ પ્રવેશ કર્યો. તેમાં તેને જરા પણુ આંચ આવી નહિ. તેથી તેમજ દેવતાઓએ આકાશ વાણીથી સાક્ષી આપી કે સીતા શુદ્ધ સતી છે. એવી રીતે લોકો સમક્ષ રામે સીતાની પરીક્ષા કરી, પોતાને અત્યંત પ્યારી જે રાંક ભાર્યા સીતા જેનું મુખાર્વિંદ પોતાના દર્શનના આનંદથી પ્રફુલ્લિત થયું હતું. તેને રામ દયાથી પ્રેમ સહિત ભેટી. આનંદ પામ્યા.

એ રીતે લંકાનો દુષ્ટ રાજા રાવણુ તથા તેના કુટુંબી રાક્ષસો સજ્જનોને તથા પ્રજાને પીડા કરતા હતા, તેને નીતિએ વર્ત્તવા રામે અંગદ સાથે પ્રથમ કહાવ્યું, પણુ તેણે માન્યું નહિ. તેથી એ સર્વ રાક્ષસ કુળનો રામે નાશ કર્યો. પ્રજાને દુઃખમાંથી મોકળી કરી. રાવણુનો બંધુ જે વિભીષણુ નીતિમાન હતો. તેને લંકાની ગાદીએ બેસાડી સર્વ પ્રજાને સુખી કરી. લંકામાં સર્વ પ્રકારની સમૃદ્ધિ હતી અને વિભીષણુ આગ્રહ કરીને તે આપતો હતો, છતાં પણુ રામે તેમાંથી કાંઇજ લીધું નહિ. તથા કોઇને પણુ તેમાંથી લેવા

દીધું નહિ. એવી રામની નીતિ હતી. તેથી તેની જગતમાં સર્વકાળ સ્તુતિ થતી હતી, અને હજુ પણ તેના ગુણનું ગાન સદાકાળ થયા કરે છે. આ પરથી સમજવાનું છે કે સુજ્ઞ મહારાજાઓએ પ્રજાને પીડા કરનાર રાજાઓને પ્રથમ ઉપદેશ આપવો કે, આજથી તમો નીતિએ ચાલશો, તો તમારો થયેલો અપરાધ માફ છે. એ રીતે કહેતાં છતાં જો ન માને તોજ યુદ્ધ કરવું. યુદ્ધ કર્યા પછી શરણે આવી નીતિએ ચાલવાનું કબૂલ કરે, તો તેઓને પ્રજાની પેઠે સુખી કરી રાખવા, અને દેશપર તેજ દેશ માંહેલો પ્રજા પ્યારો બીજો નીતિમાન રાજા સ્થાપન કરી આપવો; પણ એ દેશમાંથી પોતે કાંઈ બીજો અભિલાષ રાખવો નહિ. એથી એ દેશની સર્વે પ્રજા સુખી થાય છે. અને એ દેશ પણ કદી દારિદ્ર સ્થિતિમાં આવતો નથી. એવું કરનારા રાજાની સદાકાળ સ્તુતિ થાય છે.

રામે લંકાની પ્રજા સુખી થાય, એવી રાજ્ય વ્યવસ્થા કરી. વનવાસની અવધી પૂરી થવા આવવાથી, લક્ષ્મણ, સુગ્રીવ, સીતા, હનુમાન વગેરે સૌ પુષ્પક વિમાનમાં બેસી અયોધ્યા તરફ ચાલ્યાં. માર્ગમાં લોકપાળો પુષ્પવૃષ્ટિ કરી વધાવી લેતા હતા. બ્રાહ્મણો આનંદથી રામ ચરિત્રનું ગાન કરતા હતા. અરણ્યમાં પોતે જે જે આશ્રમોમાં રહ્યા હતા, અડચણો પડી હતી, તે તે સ્થળો રામ સીતાને બતાવતા હતા. વિમાન નીચે ઉતારી કેટલાક ઋષિઓની ભેટ લેતા લેતા, ચૌદમું વર્ષ પૂરૂં થવાને દિવસે ભરદ્વાજ ઋષિને આશ્રમે આવ્યા. તેમણે રામનો ઘણો સત્કાર કર્યો. અયોધ્યાની વ્યવસ્થાના ખબર આપ્યા. ભરત યોગી વેશે નંદિગ્રામમાં રહી તમારી રાહ જોયા કરે છે. મુદતસર દર્શન નહિ આપો, તો એ અગ્નિમાં પ્રવેશ કરશે. એ સર્વે સમાચાર સાંભળી ભરતને ખબર આપવા, હનુમાનને અગાઉથી વિદાય કર્યા. હનુમાને સર્વ વર્તમાન ભરતને જઇ કહ્યા. એથી ભરતને અપાર આનંદ થયો. અહો! આજ મારા નાથ પધારે છે. જીવતા માણસને સૌ વર્ષે પણ આનંદની પ્રાપ્તી થાય છે, એ કહેવું ખોટું નથી. આ વધામણીમાં તેણે હનુમાનને ઘણી બક્ષીશ આપી. શત્રુઘ્નને મોકલી સઘળાં દેવાલયોમાં મહાપૂજા ભરાવી, શહેરને શણગારવાની સૂચના કરી, રસ્તાઓપર સુગંધી જળો છંટાવ્યાં. ધ્વજા પતાકાઓ ખડી કરાવી, લોકોએ ઘેર ઘેર તોરણો બાંધ્યા, સ્ત્રીઓ શણગાર સજી મંગળ ગીતો ગાવા લાગી, આખા શહેરમાં વાજીંત્રોના નાદો થવા લાગ્યા. બાળ, જુવાન અને વૃદ્ધ પુરૂષો હાથમાં સોનેરી ધ્વજા પતાકાઓ લઇ, રામનાં દર્શન માટે સામૈયામાં જવા તૈયાર થયાં. સામૈયાની ધામધૂમથી તૈયારી થઇ રહી. વાજતે ગાજતે સકળ મંત્રીઓ સેના સાથે શહેર બહાર નીકળ્યા. કૌશલ્યાને અગ્રેસર કરી માતાઓની પાલખીઓ નીકળી, મૃદંગો, ભેરીઓ અને શંખોના માંગલિક ના-

રો થવા લાગ્યા. ભરતે રામની પાદુકાઓને શીરપર ધરી, મંત્રીઓ સાથે પ-ગેપાળા ચાલવા લાગ્યા, ગાયન અને વાજીંત્રોના મધુર રાગો આનંદમાં વધારો કરતા હતા. યોદ્ધાઓએ સોનાનાં બખતરો પહેર્યાં હતાં. સોનાના સાજ અને સાંકળાંવાળા હાથી, ઘોડાઓ જાણે આજ રામ પધારવાથી આનંદ પામતા હોય, તેમ થનથનાટ કરતા હતા. ચિત્રવિચિત્ર ધ્વજવાળા સુવર્ણ રથો, રાજાને યોગ્ય છત્ર—ચામરાદિક અને નાના મોટા બીજા પણ કેટલાક પદાર્થો લઇને ગયેલા માણસો રામનું વિમાન જોઇને હર્ષ ગર્જના કરવા લાગ્યા. વાજાંઓમાં હર્ષના મધુર રાગો થવા લાગ્યા. રામ વિમાનમાંથી નીચે ઉતર્યા. એટલે જેનું હૃદય અને નેત્ર પ્રેમથી પલળી ગયાં હતાં, એવા ભરતજી રામના ચરણમાં પડ્યા અને સજળ નેત્રે પાદુકા તેમના ચરણમાં ધરાવીને બોલ્યા કે;—મારી પાસે થાપણ રૂપે રહેલું આપનું સઘળું રાજ્ય સંભાળો. આજ મારો જન્મ અને મનોરથ સફળ થયો. આપના પ્રતાપી બળને લીધે સૈન્ય અને ખજાના વગેરે દશગણા કરી રાખ્યા છે. એ સઘળું સંભાળી લ્યો.

રામ, સીતા અને લક્ષ્મણે ભરતને પ્રેમથી ઉભા કરી આલિંગન કર્યું. બ્રાહ્મણ વગેરે બીજા યોગ્ય પુરૂષોને પગે લાગ્યા. પ્રજાએ રામને પ્રણામ કર્યા. ઘણે વર્ષે આવેલા પોતાના સ્વામીને જોઈ ઉત્તરીય વસ્ત્રોને હલાવતી અને મૃદંગો વગાડતી ઉત્તર કોશલ દેશની પ્રજા આનંદથી નાચવા લાગી. ભરતે પાદુકા ઉપાડી, વિભીષણ અને સુગ્રીવે ચમર લીધાં. હનુમાને ધોળું છત્ર લીધું. શત્રુઘ્ને ધનુષ અને ભાથાં ઉપાડ્યાં, સીતાજીએ તીર્થનાં જળથી ભરેલું કમંડલ ઉપાડ્યું, અંગદે તલવાર અને જાંબુવાને ઢાલ લીધી. બંદીજનો સ્તુતિ કરવા લાગ્યા, રામ ગ્રહોની સાથે ઉદય પામેલા ચંદ્રમાની પેઠે શોભતા ઉત્સવની ધામધૂમવાળી અયોધ્યા નગરીમાં પધાર્યા. માતાઓ, ગુરૂ, મિત્ર અને પોતાથી નાનાઓ વગેરેનો રામે યોગ્ય સત્કાર કર્યો. પછી વશિષ્ઠે રામની જટા ઉતરાવી તીર્થોદકથી સ્નાન કરાવ્યું. વિધિ સહિત રાજ્યાભિષેક કર્યો. પછી રામ પોતાની સ્વધર્મમાં પ્રીતીવાળી પ્રજાનું સંરક્ષણ કરવા લાગ્યા. થોડા વખતમાં સીતાજીને સીમન્ત આવ્યું તે શાસ્ત્ર વિધિએ કર્યું. રામે લોક ચર્ચા જાણવાને વિશ્વાસુ અનુચરો રાખ્યા હતા અને પોતે પણ પ્રસંગે વેશ બદલી રાત્રે ગુપ્તપણે નગર ચર્ચા જાણવાને નીકળતા હતા. એક વખતે એક મંદમતી પાપી ધોબીએ પોતાની સ્ત્રીપર પતિવ્રત ભંગ કર્યાનો આરોપ મૂકી, તેને પીયર કહાડી મૂકી હતી. એ સ્ત્રીને તેનો પિતા પાછો મૂકવા આવ્યો. ત્યારે ધોબીએ કહ્યું કે;—સીતાને રાવણ હરી ગયો, તેને રામે પાછી લાવી રાખી, તેમ હું શું કરવાનો છું? એમ કહી સ્ત્રીને કહાડી મૂકી. આવા મેણાના મારથી રામને ઘણું માઠું લાગ્યું. પોતે જાણતા હતા કે સીતા સતીછે, પણ લોક

મર્યાદા તૂટે નહિ. એવા વિચારથી લક્ષ્મણને બોલાવી સઘળી વાત કરી કહ્યું કે;—હું જાણુંછું કે સીતા સતી છે; તોપણ લોકાપવાદ આવ્યો. માટે તમો સીતાને ગંગાપાર વનમાં મૂકી આવો. સીતાને ઋષિઓનું પૂજન કરી વસ્ત્રો આપવાની કાલે ઇચ્છા થઇછે. માટે એ બહાને તેને તેડી જઈ મૂકી આવો. લક્ષ્મણે તેમ ન કરવાને ઘણા કાલાવાલા કરી કહ્યું કે—"સીતા મારે માતા તુલ્ય છે. તેને વનમાં એકલાં મૂકી મારાથી કેમ અવાય !" વગેરે ઘણું કહ્યું, પણ રામે માન્યું નહિ. ત્યારે લક્ષ્મણે લાચારીથી સીતાને તેડી જઇ ગંગા કિનારે બેસાર્યાં. અને રામની સઘળી વાત કરી બતાવી. લક્ષ્મણ સીતાને ધીરજ આપી દીલગીર થતા, અયોધ્યે આવ્યા. સીતાએ ઉંચે સ્વરે રૂદન કરવા માંડ્યું. વાલ્મિકી ઋષિ ગંગામાં સ્નાન કરવાને આવ્યા હતા. તેઓ રૂદનનો શબ્દ સાંભળી સીતાજી પાસે આવ્યા અને ધીરજ આપી પોતાને આશ્રમે તેડી ગયા. ઋષિપત્નીએ તેનો ઘણો સત્કાર કર્યો. કેટલેક વખતે સીતાજીને લવ, કુશ એ નામના મહા તેજસ્વી અને પરાક્રમી પુત્રો અવતર્યા. ઋષિએ તેમને ઉછેરી મોટા કરી સર્વ વિદ્યામાં કુશળ કર્યા. રામે સીતાજીનો ત્યાગ કર્યો, પણ તેઓ એથી ઘણા ઉદાસ રહેવા લાગ્યા. તેમનું ચિત્ત અશાન્ત રહેતું હતું. એ વગેરે કારણથી ઋષિઓની ભલામણ પ્રમાણે તેમણે અશ્વમેધ યજ્ઞનો આરંભ કર્યો. યજ્ઞનો ઘોડો દેશમાં ફરતો અને દિગ્વિજય કરતો છેવટે વાલ્મિક ઋષિને આશ્રમે આવ્યો. સુકોમળ બાળક લવ, કુશે એ ઘોડાને બાંધ્યો. એથી ઘોડાના સંરક્ષણાર્થે જે સૈન્ય શત્રુઘ્ન, હનુમાન વગેરે યોદ્ધાની સરદારી નીચે હતું. તેણે યુદ્ધ કર્યું. તેમાં એ સર્વને લવ, કુશે હરાવી મૂર્ચ્છા પમાડ્યા. આ સમાચાર અયોધ્યે પહોંચ્યા. ત્યાંથી રામ અસંખ્ય સૈન્ય લઈ આવ્યા. પિતા, પુત્રો વચ્ચે યુદ્ધની તૈયારી થઈ, આ બંનેમાં કોઈ કોઇને ઓળખતું નહોતું. પણ દૈવ ઇચ્છાથી રામના હૃદયમાં વાત્સલ્ય પ્રેમ ઉત્પન્ન થયો. એ પરથી રામે તેમને કેટલાક પશ્નો પૂછ્યા. ત્યાં વાલ્મિક ઋષિ પણ આવ્યા. તેમણે રામ ને સીતા અને પુત્રોનો મેળાપ કરાવ્યો. રામ પોતાને આવા સુપુત્રો છે એ જોઈ તથા સીતાને મળી ઘણો આનંદ પામ્યા. પછી રામ સીતા તથા પુત્રોને ધામધૂમથી અયોધ્યામાં તેડી ગયા. યજ્ઞ પૂર્ણ કર્યો. રામે દશ અશ્વમેધ યજ્ઞ અને પૌંડરીકાદિક અનેક યજ્ઞો કર્યા.

રામનાં નિત્ય કૃત્ય—પ્રતિ દીવસ અરૂણોદય પૂર્વે બંદિજનો મંગળ ગાયન ગાઈ તેમને જાગૃત કરતા. જાગૃત થયા કે ઉઠી બહિર્દિશા ગમન, હસ્ત, પાદ, મુખ, એ સર્વે પ્રક્ષાલન કરી સ્નાન કરતા. પછી સંધ્યોપાસન, અગ્નિહોત્ર કર્મ કરી વશિષ્ટ ગુરૂ અને બ્રાહ્મણોનું પૂજન કરતા. મધ્યાનકાળે પુનઃસંધ્યા, બ્રહ્મ યજ્ઞ, તર્પણ કરી અતિથિ જમાડી ભોજન કરતા અને પછી સ-

ભામાં આવતા. સભામાં આવવાની વેળા—લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન, અને કેટલાક માંડલિક રાજાઓ સામે આવી ઉભા રહેતા. રામ આવે કે તે સમાગમે સૌ રાજ સભામાં આવતા અને રામ સિંહાસનપર બેઠા પછી પોત પોતાની યોગ્યતા પ્રમાણે નિત્ય નિયમિત સ્થળે બેસતા. પ્રથમ રાજ્ય કાર્ય અને પ્રજા કાર્ય કરતા. એ પૂર્ણ કર્યા પછી ઇતિહાસિક વાતો સાંભળતા. દેશોની હકીકતથી વાકેફ થતા. સાયંકાળ થતાં, સંધ્યોપાસનાદિક કૃત્ય કરી, અંત:પુરમાં પ્રવેશ કરતા.

રામની સત્તા—રામની સત્તા આખા ભરતખંડપર પૂર્ણ હતી. તેમજ તેની બહારના દેશો લંકા, ભરતખંડની આજુબાજુના મુલકો, બેટો વગેરે ઘણા દેશોપર હતી. જ્યારે રામને રાજ્યાભિષેક થયો, ત્યારે ત્રણસો મંડલિક રાજાઓ આવ્યા હતા. એ વખતે રામની પૂર્ણ સત્તા ચારે તરફ પ્રસરી રહી હતી. તેમણે રાજ્ય ઉત્તમપણે ચલાવ્યું. પ્રત્યેક દિવસે લક્ષ્મણ સભા મધ્યે આવી, જાહેર કરતા કે આજ રાજદ્વારમાં કોઈ વાદી પ્રતિવાદી નથી. એના રાજ્યમાં નવ પ્રધાનો હતા—માર્કંડેય, મૌદગૂલ્ય, વામદેવ, કાશ્યપ, જાબાલિ, વશિષ્ટ, ગૌત્તમ, અને નારદ, એ નવ ધર્મ શાસ્ત્રવેત્તા મંત્રીઓ હતા.

રામનીતિ—રામના રાજ્યમાં ન્યાય તથા નીતિ ઉત્તમ પ્રકારનાં હતાં. એની સર્વ પ્રજા નીતિમાન હતી. અનીતિમાન કોઇ નહોતું. તેથી અપરાધો ઉત્પન્ન થતા નહિ. તે વખતે ફૂલોને બંધન, સોકઠાંને માર, છત્રને દંડ એ વિના બંધન, માર કે દંડ એની કોઇને ખબર નહોતી. સર્વને ધર્મ ઉપર પ્રીતિ હતી. લોકોનું આયુષ્ય ઘણા કાળ સુધી ટકી રહેતું. વૃક્ષમાં જોઇએ તેવાં ફળ, ફૂલો થતાં. વરસાદ લોકોની ઇચ્છા પ્રમાણે વરસતો, પવન સુખદાયી વાતો, મનનાં દુ:ખો, રોગ, જરા, ગ્લાનિ, શરીરનાં દુ:ખો, શોક, ભય, કે થાક કોઇને થતાં નહિ. ઇચ્છા વિના કોઇને મૃત્યુ પણ આવતું નહિ. સઘળી પ્રજામાં સંતોષ ફેલાઇ રહ્યો હતો. સઘળે આનંદ મંગળ હતું. પોતે ગૃહસ્થાશ્રમનો ધર્મ લોકોને શિખવવા સારૂ પાળતા હતા, મહાત્મા અને આચાર્યોની સંમતિ લઇ, ઉત્તમ યજ્ઞો કરીને સર્વ દેવ અને પ્રકાશમય પોતાના સ્વરૂપનુંજ પોતે યજન કર્યું હતું. સર્વ પ્રજા રામને પિતા સમાન માનતી હતી. ત્રેતાયુગ છતાં પણ સત્યુગના જેવો સમય પ્રવર્ત્તતો હતો. રાજ્ય એવી નીતિથી ચલાવ્યું કે કોઇનું અકાળ મૃત્યુ થતું નહિ, સ્ત્રીઓને વૈધવ્ય પ્રાપ્ત થતું નહિ. ચોર અગ્નિ, સર્પ, ઇત્યાદિની ભીતિ કોઇને નહોતી. તેણે પ્રજાને વિદ્યા હુન્નરમાં વધારી હતી. રાજ્યખર્ચ નીકળે ને 'તેજુરી' જરાતરહે એટલોજ જુજ વેરો—કર પ્રજાને ખુશી કરીને લેતા. પોતાના રાજ્યકુળને પણ તેવુંજ માન આપી સંતોષ્યું હતું. તેણે પ્રજા પ્રેમ બાળપણથીજ મેળવ્યો હતો, તે મા-

દીપતિ થતાં પૂર્ણરૂપે પ્રકાશિ નીકળ્યો હતો. પ્રજા પણ પૂર્ણ રાજ્યભક્ત હતી અને સાક્ષાત્ ઈશ્વરરૂપ ગણી પૂજતી હતી અને અદ્યાપિ પર્યંત એજ રીતે પૂજ્ય, માન્ય અને મુક્તિદાયક ગણે છે. તેના નામનું સ્મરણ અને ભજન કરે છે. એજ તેના ઇશ્વરાવતારનું અવર્ણ્ય ચિન્હ અને દિગંત્ ઉદાર કીર્ત્તિ છે.

રામના રાજ્યમાં પ્રાણી માત્ર સુખી હતું. તેના નીતિમાન રાજ્યમાં કોઇને અકાળ મૃત્યુ થતું નહિ, પરંતુ એક પ્રસંગે એક બ્રાહ્મણનો પુત્ર અકાળ મરણ પામ્યો. તેથી તે બ્રાહ્મણ ગુસ્સે થઇ રામ પાસે પુત્રના શબને લઇ આવ્યો અને બોલ્યો કે, આ મારા પુત્રને સજીવન કરો, નહિતો હું પ્રાણ ત્યાગ કરીશ. આ જોઈ રામ વિચારમાં પડ્યા કે શું મારા રાજ્યમાં કાંઇ અધર્મ થયો! આ પરથી વિદ્વાનોની સભા મેળવી તેનું કારણ પૂછ્યું. તેમાં એવું માલમ પડ્યું કે કોઇ દુષ્ટ શુદ્ર ગુપ્તપણે તપશ્ચર્યા કરતો હોવો જોઇએ. આ પરથી રામે કુબેરનું પુષ્પકવિમાન મંગાવ્યું. તેમાં બેસી પોતાના રાજ્યની ચોકસી કરવા અંત્રિક્ષ માર્ગે નીકળ્યા. બધે ફ્રરીને છેલ્લી વારે તપસ્વીઓનાં વનમાં આવ્યા. અહિં તપાસ કરતાં, એક ગુફામાં કોઈ માછી તપ કરતાં જોયો. રામે તેને કહ્યું કે;—તને તપનો અધિકાર નથી. માટે દેહ કષ્ટ કરવું મૂકી તારે ધંધે લાગ. માછીએ માન્યું નહિ. તેથી રામે તેનો વધ કર્યો. તેથી એ બ્રાહ્મણ પુત્ર તરત સજીવન થયો. એક વખતે ફ્રરિયાદીને ઉભવાની દેવડીએ લક્ષ્મણ નિત્યનિયમ પ્રમાણે આવ્યા, તો કોઇ મનુષ્ય તો ફ્રરિયાદી ન દીઠું, પણ એક શ્વાન ઉંચું અને રાંકડુ મુખ કરી ઉભેલો જોયો. આ વાત લક્ષ્મણે રામને કહી. તે પરથી એ શ્વાનને કચેરીમાં લાવ્યા. તેમાં તપાસ કરતાં એવું માલમ પડ્યું કે, તેને એક સન્યાસીએ ત્રણ દંડ વગર કારણે મારેલા. તેનો તપાસ કરાવી બંનેનો ન્યાય કર્યો. તેમજ એક વખતે બે પક્ષીઓ લડતાં જોયાં તેનો પણ ન્યાય કર્યો હતો. એ રીતે રામે નીતિ, ન્યાયથી રાજ્ય કર્યું. પ્રજાને મર્યાદાવાળી કરી. કુશને ગાદીએ બેસાડ્યો. ભાઇઓને જુદાં જુદાં રાજ્યો સોંપ્યાં.

એ રીતે રામે રાજ્યની વ્યવસ્થા કરી અખંડિત બ્રહ્મચર્ય પાળ્યું અને અગ્નિહોત્ર હોમ્યું. પછી દંડકારણ્યના કાંટાઓથી વિંધાએલું પોતાનું ચરણારવિંદ ભક્ત જનોના હૃદયમાં રાખી સ્વધામમાં પધાર્યા. જેમણે તેમનો સ્પર્શ કર્યો હતો, દર્શન કર્યાં હતાં, જેઓ સાથે બેઠા હતા, અને જેઓ તેમની પાછળ ચાલ્યાં હતાં. તે કોશલદેશનાં સઘળાં મનુષ્યો જે સ્થાનને યોગીયો પામે છે, તે સ્થાનકને પામ્યાં હતાં. રામે દેવતાઓની પ્રાર્થનાપરથી લીલાવતાર ધર્યો હતો. તેમના પ્રભાવની બરોબર અથવા અધિક કોઇનો પ્રભાવ નથી. તેમણે અસ્ત્રોના સમૂહથી રાક્ષસોને માર્યા, સમુદ્રમાં પાજ બાંધી એ

કાંઇ મોટી વાત નથી. શત્રુઓને મારવામાં વાંદરા—જંગલીઓએ સહાયતા આપી, એ પણ તેમની લીલાજ હતી. તેમના નિર્મળ યશને ઋષિ, મુનિઓ, રાજાઓ અને સકળ પ્રજાજનો અદ્યાપિ પર્યંત ગાય છે. 'પ્રાચીનકાળના મહાશયો, મહર્ષિઓ અને પૂજ્યપાદ પુરૂષોએ, જીવિતનો ઉપયોગ વ્યવસાય—કાર્યમાં કે પ્રપંચ વૃત્તિમાં "પરમ" માન્યો નથી, પણ તેઓએ પરકાર્ય, લોકહિત અને પરલોકના સુખમાં જીવિતનો હેતુ "પરમ" માન્યો છે અને તેને અનુસરવા વ્યવહારમાં સદ્વર્તને વર્ત્તવા નિયમો બાંધ્યા છે. સૌથી મોટો ભાર રાજાપર મૂક્યો છે. રાજાએ મનુષ્ય જીવિતનો આધાર ભૂત છે, ને પ્રજાનું શ્રેય કે અશ્રેય એ સર્વે રાજાપર આધાર રાખે છે.

રામે પણ આવાજ વિચારથી સતી સીતાનો ત્યાગ કર્યો હતો કે રખેને મારા વર્ત્તનનું અનુકરણ પ્રજા કરતાં શિખે. રાજા જો ધર્મવિદ્ અને નીતિમાન હશે, તો પ્રજા પણ તેનું અનુકરણ કરી તેવી થશે. રાજાજો વ્યસની અને દુરાચારી હશે, તો પ્રજાપણ યથેચ્છ તેવીજ થશે. રાજા નીતિનો પોષકને પ્રવર્ત્તક છે અને હોવો જોઇએજ. તે જો શુદ્ધ નીતિ પાળનારો નહિ હોય, તો પ્રજા હિતને ભારે હાની પહોંચશે. આવા સુદૃઢ વિચારને અનુસરનારા રાજાઓએ પ્રજાનો વ્યવહાર સરળ, સ્વચ્છ અને સુઘડ થાય, તેવી રીતે વર્ત્તવું જોઇએ. રાજા જે પ્રમાણે વર્ત્તતો હોય, તે પ્રમાણે પ્રજા વર્ત્તે એવો પ્રકાર છે. રાજ્યશાસન કરતાં જીવિતનું વર્ત્તન એ વિશેશ બોધક છે. માટે રાજાએ, મંત્રિ મંડળે, સામંતવર્ગે, અને કુમારોએ એવા વર્તને વર્ત્તવાનું પ્રાચીન મહર્ષિઓ કહી ગયા છે, તે એવા કારણથી કે સામ્પ્રત અને ભવિષ્યની પ્રજા આડે માર્ગે વહે નહિ. રાજાએ પ્રજાના સુખ, દુઃખના પર્વત ભાર સાથેજ જન્મેલો છે. તેમજ સર્વ મહાત્માઓએ રાજાને પ્રજાના સુખ, દુઃખનો અગ્રેસર ગણ્યો છે અને તેજ પ્રમાણે પ્રાચીન આર્ય પ્રજાએ પણ માન્યો છે. જો રાજા એ પ્રમાણે નથી વર્ત્તતો તો તે અધોગતિને પામે છે. રામની નીતિ સર્વોત્તમ હતી. તે પોતાનો પ્રજા પ્રત્યેનો ધર્મ સમજતા હતા. અને એ પ્રમાણે વર્ત્તતા હતા. એણે પ્રજાનો વ્યવહાર સરળ, સ્વચ્છ અને સુઘડ કર્યો હતો. એથી રાજ તો રામનુંજ—રામરાજ પ્રજાને સુખકર પ્રસિદ્ધ થઇ ગયું છે. એ રીતે રામ નીતિશાસ્ત્રને રક્ષી, મર્યાદા પુરૂષ ગણાયા છે. અહો! રામતે રામજ!! ધન્ય શ્રીરામ!!!

દેવર્ષિ નારદ.

આ કોણ? એ યશસ્વી જગત્ પ્રસિદ્ધ દેવર્ષિને—સ્વાયંભુ મન્વંતરમાં

બ્રહ્માએ દશમાનસ પુત્રોને પ્રજોત્પત્તિ કરવા પ્રજાપતિ નિર્માણ કર્યા હતા, તેમાં એ હતા. એ પ્રથમ પદ્મ કલ્પમાં અને પછી વરાહ કલ્પમાં હતા. પ્રજોત્પત્તિ કરવાનું કામ તેણે માથે લેવાની ના પાડી સ્ત્રી ગ્રહણ કરી નહોતી. બાળ બ્રહ્મચારી રૂપે વિરક્ત રહ્યા હતા અને પરમાત્માના ધ્યાન અને કીર્તનમાંજ નિમગ્ન રહ્યા હતા. પ્રથમ તેઓ મનુના દરબારમાં ઉછર્યા હતા. વિદ્યાભ્યાસ બ્રહ્માના વંશજોના આશ્રયવડે કર્યો હતો. ત્યાં સુધી તેઓ પ્રસિદ્ધિમાં આવ્યા નહોતા. આગળ જતાં તેઓ પોતાની પ્રબળ બુદ્ધિના બળવડે યોગીરાજ અને મહા વિદ્વાનરૂપે પ્રકાશિ નીકળ્યા હતા. દેવર્ષિઓમાં એ મુખ્ય ગણાતા હતા. એ ધાર્મિષ્ટ, ઉત્સાહી, પરદુઃખભંજન, બુદ્ધિવાન, નીતિજ્ઞ, હસમુખા, ચાલાક, પરાક્રમી, ભવિષ્યવક્તા, ગમતી, ઉત્તમવક્તા તત્વજ્ઞ, અને મહા મસ્કરા હતા. પ્રસંગે મનના તુરંગથી ગમત ખાતર કે શુભ હેતુને માટે પ્રપંચ રચી લડાવી મારતા. પછી પોકળ ઉઘાડું પાડી રમુજ મેળવતા અને રમુજ બીજાને આપતા હતા. સર્વને તેમની ગમત પ્રિય હતી. ધારે ત્યારે ત્રૈલોક્યમાં આવાગમન કરી શકતા હતા. ઇશ્વરધ્યાન અને ગાયનના આનંદમાં સદૈવ મગ્ન રહેતા હતા. દેવો તથા ઋષિ મુનિઓ અને લોકપાળોને પરસ્પર સંદેશા પહોંચાડવામાં વિચિક્ષણ હતા. એ કળા તો એમનીજ હતી. નારદ કળા દ્રષ્ટાંત રૂપે પ્રસિદ્ધ છે. આજે પણ જે માણસ બેજણ વચ્ચે લડાઈ કરાવે અને પરસ્પરની વાતો પહોંચાડે તેને "નારદકળા" વાંળો કહે છે. અગર કહે છે કે, આતો નારદજી છે. નારદજી સામા માણસને હાસ્ય ઉપજાવવામાં ઘણાજ પંકાયા છે. અંગકાન્તિ તેમની ખુલતા બદામી રંગને વર્ણે હતી. શીરપર પિંગળી જબરી જટા હતી. કોઈ તો કહે છે કે, તેમની ચોટલી ઉભીજ રહેતી હતી. એનો આશ્રમ પ્રથમ યમુના તટપર એક મઠમાં હતો. પછીથી ત્રૈલોક્યમાં ફરતા હતા. ગાયનકળા—સંગીત શાસ્ત્રમાં તેઓ ઘણા પ્રવિણ હતા. ગાન, તાનથી તેમણે સર્વને છક કરી નાંખ્યા હતા. તેમજ એવા તો સમર્થ વક્તા હતા કે, તેના ઉપદેશની અસર મનુષ્યોના હૃદયમાં સચોટ થતી હતી. એ ઉપદેશ ગાન, તાન સાથે આપતા હતા. ગાન, તાન સાથેના ઉપદેશની અસર મનુષ્યોને તાત્કાળીક થાય છે, સાંભળવાને મનુષ્યોનું લક્ષ ખેંચાય છે અને ધારેલો શુભ હેતુ પાર પડે છે. નારદજીને પણ એ નિયમ પસંદ હતો. તેઓ સર્વદા ઇશ્વર, ધર્મ, નીતિ એ સંબંધી ઉપદેશ મધ્ય બજાર અને શેરીએ શેરીએ ગાયનમાં ગાતા ગાતા ફરતા હતા. લાખો મનુષ્યો તેમનું જ્ઞાન સાંભળવાને ચાહતાં હતાં. કેટલીક વખતે રાત્રે પણ મનુષ્યોને સ્વપ્નમાં જ્ઞાન આપતા ફરતા હતા. ઉત્તમ જ્ઞાન અને શ્રેષ્ઠ વક્તૃત્વ શક્તિથી તેઓ ઋષિ, મુનિઓમાં પણ પ્રેમ પૂર્વક આદરમાનને

પામ્યા હતા. સદા સંસારથી વિરક્ત રહેતા હતા. તેમનું વચન દેવ, દાનવો અને માનવી ઘણા આદરની સાથે માનતા હતા. સકળ દેવ સભા અને રાજ્ય સભામાં ઉત્તમ માનને પામ્યા હતા. તેમનું આવાગમન વાગતી વીણા સાથે ગાન કરતા અકસ્માત થતું હતું. તેમને ઇશ્વર કીર્તન ઘણું પ્રિય હતું. શ્રી વિષ્ણુ ભગવાનને તેઓ અત્યંત પ્રિય હતા. તેમની ખાનગી સલાહને પાત્ર ઠર્યા હતા. એટલુંજ નહિ પણ તેઓ શ્રી વિષ્ણુનું મનજ ગણાતા હતા.

નારદજીએ ઘણાઓને વિદ્યાજ્ઞાન આપ્યું હતું. એમના ૬૦ હજાર બ્રાહ્મણો શિષ્ય હતા. તેમણે नारदपंचरात्री જેવો ઇશ્વિરજ્ઞાન સંબંધી ઘણોજ ઉત્તમ ગ્રંથ બનાવ્યો છે. તેની જુની પ્રત હાલ મળતી નથી, પણ જે હાલ છે, તેમાં પાછળથી થોડો ઘણો ફેરફાર થયો હોય એવું કહેવાય છે.તેમજ તેણે ધર્મશાસ્ત્ર (સ્મૃતિ), તીર્થ સ્થળ ઉપર, ગાયન ઉપર વગેરે ગ્રંથો કર્યા છે. એના નામનું એક પુરાણ પણ છે. રામની સભામાં ધર્મશાસ્ત્રીઓ હતા, તેમાં નારદ પણ હતા. કુબેર, વગેરેની સભામાં પણ એ વસ્તા. ઇંદ્રાદિ લોકપાળોની સભાનું વર્ણન તેમણે યુદ્ધિષ્ઠિર પાસે કર્યું હતું. તેમજ યુદ્ધિષ્ઠિરને નીતિ સંભળાવી હતી. તેથી "નારદ નીતિ" પ્રસિદ્ધ ગણાય છે. તેઓ સમજાવવામાં ઘણાજ હુશિઆર હતા. લક્ષ્મીજીને વિષ્ણુ સાથે પરણાવનાર તેઓજ હતા. વિષ્ણુની આજ્ઞા પ્રમાણે ઇંદ્રિને સમજાવી ઉર્વશી પુરૂરવા રાજાને સોંપાવી હતી. જાલંધર દૈત્ય જે પોતાની સતી સ્ત્રી વૃંદાના સતીત્વથી મહા ક્રુર અને ઉન્મત્ત થઈ ગયો હતો અને દેવ, મનુષ્યોને ઘણું દુઃખ આપતો હતો. એ દૈત્યને મરાવનાર પણ તેઓજ હતા. કૃષ્ણ મથુરામાં વશુદેવને ત્યાં અવતરશે એવી જે આકાશ વાણી થઈ છે તે સત્ય છે. એવું કહેનાર પણ તેઓજ હતા. તેથી કંસ જેટલાં બાળકો અવતરે તેને મારી નાંખીને પૃથ્વીમાં વધારે પાપ કર્મ કરવા લાગ્યો હતો. તેથી તરત કૃષ્ણે અવતરી તેમને માર્યો, ને સર્વનાં દુઃખ દૂર કર્યાં હતાં. એ કરાવનાર પણ નારદજીજ હતા. વાસવદત્તાનો પુત્ર વિદ્યાધરનો અધિપતિ થશે એવી ભવિષ્ય વાણી નારદજીએ કહી હતી. તેમજ સાવિત્રીના સતીત્વની અને સત્યવાનના ટુંકા આયુષ્યની ભવિષ્ય વાણી પણ તેમણેજ કહી હતી.

ચિત્ર ગુપ્તને પુત્રનો શોક ટાળનાર અને તેમને સંસારમાંથી વિરક્ત કરી ઇશ્વિરના પદને પામનો ઉપદેશ કરનાર પણ તેઓજ હતા. તેમણે તેને ઉપદેશ આપ્યો હતો, તેની ટુંક મતલબ એવી છે કે;—" આ સંસારમાં કોઈ કોઇનું નથી. કોણ તારી સ્ત્રી અને કોણ તારો પુત્ર છે? સઘળું વ્યવહાર દૃષ્ટિએ સત્ય લાગે છે. તું કોણ છે? અને ક્યાંથી આવ્યો છે? એ તત્વનો તું તારા અંતરમાં વિવેકથી વિચાર કરીને એ અને સત્ય સ્વરૂપને ઓ-

ળખવા પ્રયત્ન કર. તું તન, ધન, જન, યૌવન અને મારાં તારાંનો ગર્વ મૂકી દે. પલવારમાં વિકરાળ કાળ સર્વને હરણ કરે છે. માટે તું આ સર્વ માયા મય જગતને અળગું કરીને સત્ય સ્વરૂપને ઓળખી તરત બ્રહ્મપદમાં પ્રવેશ કર વગેરે બોધ કરેલો હતો. તેથી એ સંસારમાંથી વિરક્ત થઈ સત્ય સ્વરૂપને ઓળખી મુક્તિને પામ્યો હતો. તેમજ ધ્રુવ, ઋતુધ્વજ વગેરેનાં તેણે કાર્યો કર્યાં છે. જે માયીક જગતને તજી ઇશ્વરમાં દઢતર્ પ્રીતિ રાખે છે. સ્થિર ચિત્તથીજ નિરંતર તેનું ધ્યાન કરે છે, તેને ઇશ્વરનું દર્શન સહજ થાય છે. પરંતુ એ પ્રમાણે થવાનો પ્રથમ રસ્તો બતાવનારની ઘણી જરૂર છે. એ સત્ય રસ્તો સદ્દગુરૂથીજ પ્રાપ્ત થાય છે. સદ્દસંગતિનો પ્રભાવજ અલૌકિક છે. સાધુ સંગતિનો મહિમા અપાર છે. મહાત્માઓના સંગથી ઉત્તમ પદવી પ્રાપ્ત થાય છે, સારાં કર્મ કરાય છે અને સારાં કર્મનું ફળ આ દેહ અને પુનર્જન્મે સારૂંજ મળે છે, એ નિઃસંદેહ છે. એ નારદજીનોજ પ્રત્યક્ષ દાખલો છે. એક વખતે તેઓ ફરતા ફરતા દેવદત્ત વીણા વગાડતા અને ગામમાં હરિકીર્તન કરતા ઇશ્વિર પ્રિય સેવક મહર્ષિ વ્યાસ દેવનો આશ્રમ સરસ્વતિ કિનારે હતો, ત્યાં આવ્યા. સત્યવતી સુત વ્યાસ દેવ પૂજિત નારદમુનિને માન આપવા ઉભા થયા. તેમને આસન ઉપર બેસાડી પૂજન વગેરેથી સત્કાર કર્યો. દેવર્ષિનારદ બ્રહ્મર્ષિ વ્યાસને અપ્રસન્ન ચિત્ત જોઇને બોલ્યા કે;—"બ્રહ્મર્ષિ વ્યાસ! આપનું શરીર, મન અપ્રસન્ન કેમ છે? આપે મહાવિસ્તારવાળું અને બહુ જ્ઞાનગર્ભ મહાભારત રચ્યું છે, છતાં આપને અપ્રસન્ન રહેવાનું શું કારણ છે? મહર્ષે! નિત્ય પરબ્રહ્મને જાણ્યા છતાં કેમ આપના અંતરમાં શોકાનલ પ્રદીપ્ત છે? મને એવું માલમ પડે છે કે આપ એથી કાંઈ વિશેષ સંતોષ પામ્યા નથી. આ સાંભળી વ્યાસે કહ્યું કે, આપે જે કહ્યું તે સત્ય છે. મારા અંતરમાં કંઈ ગૂઢતમ દુઃખ થાય છે. પરમેશ! તમો નિરાકાર રૂપ રહિત છો, પણ મેં ધ્યાનમાં તમારા રૂપનું વર્ણન કર્યું છે. જગત્ ગુરૂ! મેં તમારૂં અવતારાદિ રૂપથી વર્ણન કરીને તથા તીર્થ યાત્રાદિ દ્વારા તમારા સર્વ વ્યાપિત્વનો નાશ કર્યો છે. એ વિકાર જનિત મારા દોષને ક્ષમા કરો. એવું કહેતાંજ વ્યાસના નેત્રમાંથી અશ્રુધારા પડવા લાગી. તેથી નારદે કહ્યું કે; આપના વિશેષ દુઃખનું કારણ એ નથી. આપનું મન સર્વદા અશાન્ત રહે છે. એ જોઇને મને જણાય છે કે, આપે વિવિધ જ્ઞાનથી ભરપૂર મહાભારતમાં હરિગુણ કીર્તન કર્યું નથી. તેથી આપનું ચિત્ત અશાન્ત રહે છે. જેના ગુણકીર્ત્તનથી પૃથ્વી પવિત્ર થાય છે. ભક્તો નિરંતર જેનું નામ શ્રવણ અને ગાન કરે છે. જેના ચરણારવિંદની પૂજા કરતાં કરતાં તલ્લીન થવાય છે. તેના યશનું વર્ણન એ ગ્રંથમાં આપે કર્યું નથી. માટે આ ચાર શ્લોક ઉપરથી ભગવત્‌લીલાની કાંઈ કથા બનાવો."

પછી તેમના મનને શાન્ત પમાડવા પોતાને પ્રભુ કૃપાથી પૂર્વજન્મનું જ્ઞાન હતું. તેનું વર્ણન કરી બતાવ્યું કે;—

પૂર્વે હું એક મુનિનો દાસી પુત્ર હતો. વર્ષાકાલે ચાતુર્માસમાં યોગીઓએ આશ્રમમાં દર વર્ષે આવતા હતા. એક વખતે ચાતુર્માસમાં સનકાદિક ઋષિઓ આવ્યા. તેની સેવામાં મને રાખ્યો. હું તેમની સેવામાં તત્પર રહેવા લાગ્યો. મને થોડું બોલનાર, ઇંદ્રિયજીત, અચપલ, બાળક જોઇને તથા સેવા ચાકરીથી સંતુષ્ટ જોઇને મારા ઉપર એ મહાત્માઓ કૃપા દેખાડવા લાગ્યા. તેમનું ખાધેલું એઠું ખાવાથી મારૂં ચિત્ત પવિત્ર થયું. મારૂં ચિત્ત પવિત્ર થવાથી મને ધર્મ ઉપર રૂચિ ઉત્પન્ન થઈ. ત્યારથી મને હરિગુણ કીર્તન સાંભળવામાં પ્રતિદિન પ્રીતિ ઉત્પન્ન થતી ગઈ. પ્રેમમય પરમેશ્વરમાં મારી દ્દઢતર મતિ થઈ ગઈ. ઋષિ મુનિઓ નિરંતર જેનું નિર્મળ યશ કીર્ત્તન કરતા હતા. તે સાંભળી મારા ચિત્તમાં ભક્તિનો ઉદય થયો. દીનવત્સલ મહર્ષિઓએ મને ધર્મમાં પ્રીતિવાન, શુદ્ધ ચિત્તનો, જીતેંદ્રિય અને દાસાનુંદાસ બાળક જોઇને કૃપાથી મને સાક્ષાત ઇશ્વર પ્રેરીત ગુહ્યતમ ઇશ્વર જ્ઞાનનો મંત્રોપદેશ આપ્યો. મંત્રોપદેશ કરી મને દેશમાં ફરવા જવાની આજ્ઞા કરી. હું મારી માતાને એકનો એક પુત્ર હતો. તેથી તેમનો મારાપર ગાઢ સ્નેહ હતો. હું નિત્ય મહાત્માઓની આજ્ઞા પ્રમાણે જપ, તપ અને હરિચરણનું ધ્યાન કરતો હતો. એના પ્રતાપથી મને જ્ઞાન થયું. તેથી મને વનમાં તપ કરવા જવાની ઇચ્છા ઉત્પન્ન થઇ, પણ મારી મા મને ક્ષણ પણ વિલો મૂકતી નહિ. તેથી હું મારી મા સાથે દેશાટણ કરવા નીકળ્યો. દેશાટણ કરતાં રસ્તામાં મારી માને સર્પે ડંસ કર્યો. તેથી એ મરણ પામી. મને એ તરફની જે અડચણ હતી તે એથી દૂર થઇ. તેથી હું પ્રસન્ન ચિત્તે પાંચ વર્ષની વયે ઘોર વનમાં પરમેશ્વરના સ્વરૂપનું ધ્યાન કરતો ઉત્તર તરફ ચાલી નીકળ્યો. અનેક સમૃદ્ધિવાળા દેશ, રમણિય મોટી મોટી હવેલીઓથી સુશોભિત નગરો, વન, ઉપવન, જોતો જોતો એક ગાઢ વનમાં તળાવ હતું તે પાસે આવ્યો. હું તદન થાકી ગયો હતો. ઇંદ્રિયો શીથિલ થઇ ગઇ હતી અને ભૂખ તરસ ઘણી લાગી હતી. તેથી થાક દૂર કરવાને તળાવમાં સ્નાન કર્યું. થોડું પાણી પીને ક્ષણવાર તેને કિનારે બેઠો. તેથી થાક દૂર થયો. પછી એ વનમાં એક પીપળા નીચે બેઠો. મેં જેવી રીતે સાંભળ્યું હતું, તેવી રીતે પરમાત્માનું સ્થિર ચિત્તે ધ્યાન કર્યું. ધ્યાન કરતાં મારૂં ચિત્ત ભવસાગરમાં ડુબીને વિહ્વળ થયું. હૃદય ભરાઈ આવી નેત્રમાંથી અશ્રુ પડવા લાગ્યાં. એવામાં મને પરમાત્માનું ક્ષણવાર દર્શન થયું. તેથી હું પ્રેમાવેશમાં આવી તેમાં મુગ્ધ થયો. શરીરમાં આનંદ થયો, મારૂં ચિત્ત તેમાં લાગી રહ્યું. ક્ષણવારમાં તેઓ અદૃશ્ય થયા. ઇશ્વ-

રનો મનોહર રૂપનું દર્શન પામીને હું એકદમ ઉભો થયો અને ફરી દર્શન કરવાને આતુર રહ્યો, પણ ફરી દર્શન પામ્યો નહિ. તેથી હું ઘણોજ અતૃપ્ત રહ્યો. એટલામાં આકાશવાણી થઈ કે;—હે વત્સ! આ જન્મમાં હવે તું મને જોઇશ નહિ. કારણ ઇંદ્રિયાસક્ત યોગીઓ મને જોઈ શકતા નથી. મેં તને એકવાર મારૂં રૂપ દેખાડયું છે, તે કેવળ તારી પ્રીતિની વૃદ્ધિને માટેજ. સાધુ માણસો ધીમે ધીમે મારા ઉપર પ્રેમાતુર થઇને સકળ કામના ત્યાગ કરે છે, તેમ તું હજુ મહાત્માઓની સેવા કરીને મારા ઉપર દ્દઢ ભક્તિ સ્થાપન કર. આ દેહ છોડીને મારા લોકમાં આવીશ, ત્યારે તું ધારીશ ત્યારે મારૂં દર્શન પામીશ અને તને પૂર્વ જન્મનું જ્ઞાન પણ રહેશે. તું સંતુષ્ઠ ચિત્ત રહી શુભ સમયની વાટ જો. વળી એક વીણા આપી જે વગાડી પરમાત્મા પ્રભુના ભજનમાં લીન રહેવા લાગ્યો અને વિચાર કરતો કે મારૂં આ તન ક્યારે છુટે કે ફરી દર્શન પામું. આવું ચિંતવન કરતો દેશમાં ફરવા લાગ્યો. ફરતાં ફરતાં શિબિ દેશના રાજાની રાજધાનીમાં આવ્યો. તેની રાણી કૈકેયીએ ઘણો સત્કાર કર્યો. ત્યાં મને પર્વત ઋષિનો મેળાપ થયો. અમે બંને ત્યાં ઘણાં વર્ષ રહ્યા. અમે બંને વચ્ચે એવો ઠરાવ થયો હતો; કે પરસ્પરના મનમાં જે વાત ઉત્પન્ન થાય, તે પરસ્પરને જણાવવી. પર્વત ઋષિએ રાજાની પુત્રી દમયંતીને પોતા વેરે આપવાની માગણી કરી, પણ રાજાએ જણાવ્યું કે મારી પુત્રીતો જે એકેવાર પરણ્યો ન હોય તેને આપવી છે. પછી મેં એ કન્યાની માગણી કરવાની મનમાં ધારણા કરેલી તે પર્વત ઋષિને જણાવેલું નહિ. એ પરથી મને પર્વત ઋષિએ શાપ આપ્યો. તેથી વીરૂપ મુખે થયો. મેં પણ પર્વત ઋષિને શાપ આપ્યો કે તમારૂં પણ દેવલોકમાં આવાગમન ન થાઓ. આવો શાપ પામી એ ઋષિ પૃથ્વી પ્રદક્ષિણા કરવાને ચાલી નીકળ્યા. હું વિકૃત મુખે ત્યાંજ રહી ઇશ્વિરનું ધ્યાન કરતો રહ્યો. દમયંતીએ પોતાના કારણથી મને વિરૂપ થયાના સમાચાર પોતાના પિતા પાસેથી જાણ્યા. તેથી એ નિત્ય મારી સેવા કરવા લાગી. આ વાતને ઘણો કાળ ગયો. ત્યાં પર્વત ઋષિ ફરી મારી પાસે આવ્યા. પરસ્પરનો શાપ ટાળ્યો. હું મૂળ સ્વરૂપને પામ્યો. પછી રાજાએ દપયંતીને મારી સાથે પરણાવી હતી. તે પછી હું સ્થિર ચિત્તે નિરંતર ઇશ્વિરના પ્રત્યે પ્રેમ રાખી તેનું ધ્યાન ધરતો હતો. તેની ભક્તિ કરતાં કરતાં મેં દેહનો ત્યાગ કર્યો. ત્યાર પછી ભક્તવત્સલ દયામયી પ્રભુની કૃપાથી હું બ્રહ્માનો માનસ પુત્ર થઈ કૃતાર્થ થયો છું. ત્યારથી હું સ્ત્રી નહિ પરણતાં, આ દેવદત્ત સુમધુર સ્વર ભુષિત વીણા વગાડી સુમધુર સ્વરે ઇશ્વરના ગુણનું ગાન અને ધર્મનીતિનો ઉપદેશ કરતો પૃથ્વીમાં ફર્યા કરૂં છું. હવે હું જ્યારે વીણાની સાથે ઇશ્વરના ગુણનું ગાન કરે

હ્યું કે, સત્વર પ્રભુ મારા હૃદયમાં દર્શન આપે છે. મને પ્રભુની દયાથી પૂર્વ-જન્મનું ગ્નાન રહ્યું છે. હું ધારૂં છું ત્યાં જઈ શકું છું. વગેરે વર્ણન કરી બતાવ્યું. આ સાંભળી વ્યાસ પ્રસન્ન થયા. અને હરિની લીલાનું વર્ણન ભાગવત્ દ્વારાએ કરી શાન્ત થયા. અહો! મહાત્માઓનાં સંગનો કેવો પ્રતાપ! અને ઇશ્વરમાં નિરંતર ચિત્ત સ્થિર કરી ધ્યાન ધરવાથી કેટલો બધો લાભ થાય છે! એ આ દેવર્ષિ નારદનું ચરિત્ર વાંચવાથી જણાઈ રહે છે. ધન્ય છે નારદને! કે પોતે આત્મ બળથી ઉચ્ચ પદવી મેળવી. પ્રજોત્પત્તિનું કાર્ય કરવાની ખટપટમાં નહિ પડતાં પરમાર્થ કાર્યો અને ઇશ્વર ભક્તીમાંજ પ્રેમ રાખી પોતાનું સાર્થક કરી અખંડ કીર્તિ રાખી ગયા છે.

પૃથ્વી એકવીશવાર નક્ષત્રિ કરનાર.

મહાત્મા પરશૂરામ.

મહર્ષિ ભૃગુ ઋષિના વંશમાં પ્રખ્યાત્ ઋચીક ઋષિ થયા. તેના પુત્ર જમદગ્નિ એ સપ્ત ઋષિમાં એક પ્રસિદ્ધ ઋષિ થઇ ગયા છે. તેને ત્યાં જગત્ પ્રસિદ્ધ વિષ્ણુના છઠ્ઠાવતાર પરશુરામ ત્રેતાયુગને પ્રારંભે જન્મ્યા. એ મહાત્મા ચોવીશ અવતારમાં ઓગણીશમાં અવતાર ગણાય છે. વસુ, પરશુ વગેરે ચાર ભાઇઓ હતા. તેમાં પરશુરામ સર્વથી શ્રેષ્ઠ હતા. એ મહા તેજસ્વિ, વિદ્વાન, નીતિજ્ઞ, ન્યાય, તત્વજ્ઞ, પરાક્રમી, ઉત્સાહી, હિંમતવાન, બળવાન, તામસી, અને ક્ષત્રિત્વ ગુણમાં શ્રેષ્ઠ હતા. એના આયુધનું નામ ફરસી એ રામબાણની પેઠે તાત્કાળીક હતી. શિવ તેમના ગુરૂ હતા. સર્વ વિદ્યા તેમની પાસેથી સંપાદન કરી હતી. એ કૈલાસમાં વિદ્યાભ્યાસ માટે ઘણો વખત રહ્યા હતા. બાળપણમાં રેણુકા માતાના હાથ નીચે ઉછરી શિક્ષણ લીધું હતું. ઉત્તમ માતાના બાળકો ઉત્તમ થાય એ આ પરથી સિદ્ધ થાય છે. ભીષ્મ દ્રોણાચાર્યે એમની પાસેથી ધનુર્વિદ્યા વગેરેનું શિક્ષણ લીધું હતું. તેથી એ તેમના ગુરૂ થતા હતા. ઉત્તમ ગુરૂના હાથ નીચે શિક્ષણ પામેલા શિષ્યો ઉત્તમ થાય એમાં શું નવાઈ? પરશુરામના શિષ્યો પણ શ્રેષ્ઠ નીકળ્યા હતા. એ તેમના ઉત્તમ શિક્ષણ બળનો પ્રતાપ હતો. ત્રેતાયુગને પ્રારંભે ક્ષત્રિવર્ગ, રાજકુળો, અને રાજ્યો—બ્રાહ્મણ, વિદ્વાનોને લેખતા નહિ. ઋષિ મુનિઓને ત્રાસ આપતા હતા. દેશમાં અધર્મ ઘણો વધી ગયો હતો, પ્રજા પીડાતી હતી. આ જોઇ જમદગ્નિ મહર્ષિના મનમાં ઘણો ખેદ થતો હતો. તેમના નાશાર્થે વિષ્ણુએ પોતાનું તેજ તેનામાં મૂક્યું હતું. તેથી પરશુરામ અંશાવતાર કહેવાય છે અને રામ, કૃષ્ણ

એ વિષ્ણુના સાક્ષાત્ અવતાર ગણાય છે. શિવે પરશુરામને પોતાનું ત્ર્યંબક નામનું ધનુષ આપી કહ્યું હતું કે, જ્યારે એ ધનુષ ભાંગશે, ત્યારે તારૂં તેજ જશે અને રામાવતાર થશે. એ ભવિષ્ય વાણી ત્રેતાયુગને અંતે ખરી પડી હતી. પરશુરામ વિશ્વામિત્રની બેનના પૌત્ર થતા હતા.

પરશુરામનો આશ્રમ ગંગા કિનારે હતો. એ સમે ભારત ભૂમિમાં સૂર્યવંશી સહસ્ત્રાર્જુન ચક્રવર્તિ રાજા હતો. તેની રાજધાની અનૂપ દેશમાં માહિષ્મતી નગરીમાં હતી. સતી રેણુકાની બેન એ સાથે પરણાવી હતી. સહસ્ત્રાર્જુન અને તેના પુત્રો ઉન્મત્ત, જુલમી, અને પ્રજાપીડક હતા. એક વખતે સહસ્ત્રાર્જુન સૈન્ય સાથે મૃગયા રમવાને નીકળ્યો હતો. સાથે રેણુકાની બેન પણ હતી. તેઓ ફરતાં ફરતાં મહર્ષિ જમદગ્નિના આશ્રમ પાસે આવ્યા. રેણુકા પોતાની બેનને ઘણાં વર્ષ થયાં મળ્યાં નહોતાં. તેથી બંને બેનો મળી આનંદ પામી. મહર્ષિએ રાજાનો ઘણી પ્રકારે સત્કાર કર્યો. ઇંદ્રની આપેલી કામધેનુથી મેળવેલા પદાર્થવડે સર્વને ભોજન કરાવી પ્રસન્ન કર્યા. આ જોઈ રાજા આશ્ચર્ય પામ્યો અને વિચારવા લાગ્યો કે ઋષિને સમૃદ્ધિમાં આ નાનીશી ઝુંપડી છે. સિવાય કંઇ જોવામાં આવતું નથી, તોપણ તેણે આખા સૈન્યને ભોજનથી સંતોષ્યું એ શું ! આનું કંઈ કારણ હોવું જોઇએ. તજવીજ કરતાં ઋષિ પાસે કામધેનુ ગાય માલમ પડી. એ લેવાની રાજાએ હઠ લીધી. ઋષિએ કહ્યું કે, પારકી વસ્તુ મારાથી કેમ અપાય ? તું બીજું કંઇ માગ, પણ રાજાએ આગ્રહ કરી એજ માગી, ત્યારે તેણે એ આપવાની સાફ ના પાડી, પણ સહસ્ત્રાર્જુન તેને બળાત્કારથી લઇ ગયો. આ વખતે પરશુરામ યાત્રાર્થે ગયા હતા. તેઓ ફરી આશ્રમમાં આવ્યા, તો પિતાને ખેદ પામતા દીઠા. મહર્ષિએ સર્વ વર્તમાન કહ્યા. આ સાંભળી પરશુરામને અંગેઅંગ ક્રોધ વ્યાપી ગયો. લાગલાજ પોતાની ફરસી લઇ ઉભા થયા. સહસ્ત્રાર્જુનની માહિષ્મતી નગરીમાં આવ્યા. રાજાને કહ્યું કે;—સત્વર મારા પિતાની ગાય પાછી આપ. નહિતો યુદ્ધ કરવા તૈયાર થા. રાજા ક્રોધ કરી યુદ્ધ કરવા આવ્યો. પરસ્પર ભયંકર યુદ્ધ થયું, તેમાં પરશુરામે ઝપાટામાં તેના નવસો પુત્રોને મારી નાંખ્યા. સૈન્યનો ઘાણ કાઢી નાંખ્યો, તેના સો પુત્રોતો ભય પામી નાશી ગયા. સહસ્ત્રાર્જુનના હજાર હાથ કાપીને તેને ઠાર માર્યો. નગરીની વ્યવસ્થા કરી પોતાના પિતા પાસે કામધેનુ લઈ આશ્રમમાં આવ્યા. પછી એ પિતાની આજ્ઞાથી ચક્રવર્તિ રાજાની હત્યાનો દોષ નિવારણ કરવા તીર્થ યાત્રા કરવા ગયા.

એક સમે રેણુકાજી પતિની આજ્ઞાથી ગંગામાં જળ ભરવાને ગયાં હતાં. ત્યાં ગંગામાં ગંધર્વનો રાજા ચિત્રકેતુ ગંધર્વ પોતાની સ્ત્રીઓ સાથે જળ ક્રીડા

કરતો હતો. ઈશ્વર ઇચ્છાથી સતી તેને જોવા થોડીવાર ઉભાં રહ્યાં. તેથી આશ્રમમાં આવતાં વાર થઈ. ઋષિએ પોતાના જ્ઞાન બળથી જોયું. તો સતીનું મન પરપુરૂષનું સુંદર સ્વરૂપ જોવામાં લાગેલું છે એવું દીઠું. આ જોઇ તેમને ક્રોધ ચડયો. સતી આશ્રમમાં આવ્યાં કે ઋષિએ પોતાની પાસે ત્રણ પુત્રો હતા, તેમને કહ્યું કે, આ તમારી માતાને સત્વર મારી નાંખો. આ સાંભળી તેમણે થરથર કંપતાં કહ્યું કે;—પિતાજી ! માતાને મારતાં અમારો હાથ કેમ ઉપડે ? આ અઘોર કર્મ કરતાં અમારી છાતી ચાલતી નથી. આપરથી મહર્ષિએ પરશુરામ જે ગંગા કિનારે તપ કરતા હતા. તેમને બોલાવી કહ્યું કે, આ તારા ભાઇઓ અને તારી માતાને મારી નાંખ. પરશુરામ મહા જ્ઞાની અને વિચારશિળ હતા. તેમણે વિચાર્યું કે જો એ સર્વને મારીશ નહિ, તો પિતા શાપ દેશે અને મારીશ તો એનામાં સંજીવન કરવાની શક્તિ છે. માટે પિતાની આજ્ઞા માનવી એ સર્વોત્તમ છે. એમ વિચારી પિતાની આજ્ઞા પ્રમાણે કરી દી કર જોડી ઉભા રહ્યા. આ જોઈ ઋષિ ઘણા પ્રસન્ન થયા. તેમને ધન્યવાદ આપ્યો. પોતાને આવો આજ્ઞા પાળક પવિત્ર મનનો પુત્ર છે. એ જોઈ તેમને વરદાન માગવા જણાવ્યું. પરશુરામે માતા તથા ભાઇઓને મેં માર્યા છે એમ તેઓ ન જાણે એવી રીતે સંજીવન કરવાનું માગ્યું. એપરથી તેમણે પોતાના યોગ બળથી તેમને સંજીવન કર્યા. પછી પરશુરામે માતાના સરણમાં શીશ નમાવી ક્ષમા માગી. માતા રેણુકાએ કહ્યું;—પુત્ર ! એમાં તારો કશો અપરાધ નથી. દૈવે જે ધાર્યું હોય છે તેજ થાય છે. એમાં કોઇનું ડહાપણ ચાલતું નથી. પુત્ર ! તેં તારા પિતાની આજ્ઞા માની એ ઘણું સારૂં કર્યું. માતપિતાની આજ્ઞા માનવી એ સુપુત્રનો ધર્મ છે. મારે તારા જેવો આજ્ઞાપાળક પુત્ર છે. એ જોઈ હું ઘણી ખુશી થાઉં છું અને મારાં ધન્ય ભાગ્ય સમજું છું. જે પુત્રો માબાપની આજ્ઞા માનતા નથી કે તેમની સેવા કરતા નથી એ કુપુત્ર ગણાઈ પાપ ફળને ભોગવે છે. માબાપની આજ્ઞા માનવી અને તેમની સેવા કરવી એ સુપુત્રનો ધર્મ છે. વગેરે વચનો કહ્યાં. પછી પરશુરામ માતાની આજ્ઞા લઈ એ હત્યાનો દોષ નિવારણ કરવા ભાઇઓને લઈ તીર્થયાત્રા કરવા ગયા. પરશુરામની ગેરહાજરીનો લાભ લઈ સહસ્રાર્જુનના સો પુત્રો જે ભયથી નાશી ગયા હતા. તે પોતાના પિતાનું વેર લેવા જમદગ્નિ ઋષિના આશ્રમમાં આવ્યા. આ વખતે મહર્ષિ હોમ કરતા હતા. તેમને મારી નાંખી નાશી ગયા. સતી રેણુકા પતિના મરણ શોકથી વિલાપ કરવા લાગી. વિલાપ કરતાં શોકથી તેણે પોતાની છાતી એકવીશ વાર કુટી પરશુરામને યાદ કર્યા. યાદ કરતાંજ પરશુરામે પોતાના યોગ બળના જ્ઞાનથી જાણી લીધું. જાણતાંજ કે ક્રોધ ચડ્યો. ક્ષત્રિઓને નિર્મૂળ કરવા મનપર લીધું.

દુષ્ટોના જુલમથી પ્રજાને મોકળી કરી સુખી કરવા ધાર્યું. એ કોપથી તેણે એજ વખતે પ્રતિજ્ઞા કરી કે;—"મારી માતાએ ક્ષત્રિઓના ત્રાસથી એકવીશવાર છાતી કુટી. માટે હું એકવીશવાર બધા ક્ષત્રિઓને મારી નાંખી, મારા પિતાનું વેર લઇશ અને ઋચિકાદિ પિતરોને તેના રક્તથી તર્પણ કરી તૃપ્ત કરીશ." એવી પ્રતિજ્ઞા લઇ તાત્કાળ આશ્રમમાં આવ્યા. માતાના શોકને શાન્ત કરવા પ્રથમ પોતાના પિતાને સંજીવન કર્યા. પછી લાગલાજ દુષ્ટોને સંહારવા તૈયાર થયા. પોતાના જેવા યોદ્ધાઓનું સૈન્ય ઉભું કર્યું. ધર્મપક્ષ, પ્રજાપક્ષ અને મુખ્યત્વે વિદ્વાન પંડિતોને પક્ષમાં લીધા. હજારો જુલમીઓને કેદ કર્યા. સ્થળે સ્થળે યુદ્ધ મચાવી મૂક્યું. પ્રજાપીડકોને સત્તાથી નિર્મૂળ કર્યા. આવું મહત્ પરોપકારી કાર્ય જોઇ પ્રજા પણ ઘણીખરી એ સાથે મળી લડવા લાગી અને જુલમી રાજ્ય ઉછેદવાને સહાયક થઇ. પોતાની ફરસીવડે ઘણાકના ઘાણ કાઢી નાંખ્યા. ઉન્મત્ત, જુલમી, પ્રજાપીડક ક્ષત્રિઓને ઠેર કર્યા. સહસ્રાર્જુનની માહિષ્મતી નગરીમાં આવી તેના સો પુત્રોને ઠાર કર્યા. એકવીશવાર જુદા જુદા રાજ્યોપર જુદી જુદી વખતે ચડાઇ કરી, યુદ્ધ ઘમસાણ મચાવી ઉદ્ધત બનેલા ક્ષત્રિઓને ઠાર કર્યા. તેના જુલમથી પ્રજાને મોકળી કરી. જે ક્ષત્રિઓ ભયથી નાશી આવી રેણુકા માતાને શરણે જઇ નમ્યા હતા. અને જીવિતદાન માગ્યું હતું તેને તથા બ્રહ્મનિષ્ઠજનક વિદેહીને તથા દશરથ જે અપુત્ર હતા. તેને માતા રેણુકાજીની સ્તુતિથી બચાવ્યા હતા. સિવાય સર્વને ઠાર કર્યા. તેના રક્તથી પાંચ ડોહ ભર્યા. એ ડોહ **रामहृद** એવા નામથી પ્રસિદ્ધ થયેલા છે. પછી એ રક્તથી ઋચીકાદિ પિતરોને તર્પણદ્વારા તૃપ્ત કર્યા. એ ઘણા ન્યાયી હતા. પોતે મેળવેલી રાજ સત્તા પોતે નહિ ભોગવતાં જે રાજા નમી ગયા હતા. તેવા રાજ્ય યોગ્ય જણાતા ક્ષત્રિઓમાંના હકદારોને રાજ્ય પાછાં સોંપી દીધાં હતાં. બાકીની ભૂમિ કશ્યપ ઋષિને દાનમાં આપી દીધી. પછી પોતે સ્વસ્થ થઇ તપ કરવા ચાલી નીકળ્યા. તોપણ અમુક સ્થળે કોઇ ઉન્મત્ત ક્ષત્રિ જણાતો, કે લાગલાજ ત્યાં જઇ તેને મારી નાંખતા ને રાજ્યની વ્યવસ્થા કરી યોગ્ય પુરૂષને તેપર નીમતા. કેટલેકકાળે મહાત્મા કશ્યપ ઋષિએ તેમને કહ્યું કે;—મને દાન કરેલી ભૂમિમાં તમારે આવાગમન કરવું યોગ્ય નથી. તેમજ આ ભૂમિમાં તમારે રહેવું પણ ઉચિત નથી. એપરથી પરશુરામ ભારત ભૂમિ બહાર સમુદ્રતીરે કેટલીક જમીન મેળવી ત્યાં રહ્યા. એ દેશનું નામ તેણે શર્પારક દેશ એવું પાડયું. એ શર્પારક દેશ હાલ કોકણ નામથી પ્રસિદ્ધ છે. એ સમુદ્રતીરે આવેલો છે.

એ રીતે પરશુરામ એકવીશવાર પૃથ્વી નક્ષત્રી કરી શાંત થઇ એક વખતે મિથિલાપુરીમાં આવ્યા. બ્રહ્મનિષ્ઠ જનક સિંહાસનપરથી ઉઠી તેની સા-

મે ગયા, તેડી લાવી સિંહાસનપર બેસાડ્યા. વિધિ પૂર્વક પૂજન કરી દંડવત્ પ્રણામ કર્યા. ભોજનનો સમય થતાં પોતાનાં ભાથાં, ફરસી, ત્ર્યંબક નામનું ઘણા વજનનું મહાદેવનું આપેલું ધનુષ, એ સર્વે ચોકમાં મૂકી ભોજન કરવા ગયા. એવામાં સીતાએ રમતાં રમતાં આવી એ ધનુષનો ઘોડો કરી રમવા માંડ્યું. પરશુરામ અને જનક ભોજન કરી બહાર આવ્યા. તો સાત વર્ષની બાળક સીતાને ધનુષનો ઘોડો કરી રમતી જોઇ આશ્ચર્ય પામ્યા. આ જોઈ પરશુરામે જનકને કહ્યું કે;—"આ કન્યા કોઈ અદ્ભૂત લાગે છે. ખરે ! એ લક્ષ્મીનો અવતાર દિશે છે. આ ધનુષ ઘણા માણસોથી ઉપડી શકે એટલા વજનનું છે. એ તેણે સહેજમાં ઉંચક્યું. માટે તેને તેના જેવોજ બળીઓ વર શોધી પરણાવવી." માટે પ્રતિજ્ઞા કરો કે;—એ ધનુષ જે ચડાવી શકે એવો પુરૂષ સ્વયંવરમાંથી મળી આવે તેને એ પુત્રી પરણાવવી. જનકે એના કહેવા પ્રમાણે પ્રતિજ્ઞા કરી. આ મહાત્માના વચનોપરથી ઘણું શિક્ષણ લેવાનું છે. અર્વાચીનકાળમાં કેટલાંક માબાપો પોતાનાં બાળકોને સરખાં ગુણ સ્વભાવના કે જોડ કજોડનો વિચાર કર્યા વગર ગમે તેવા સાથે પરણાવે છે. "લાકડે માંકડું" વળગાડી દઈ તેમનો આખો ભવ બાળે છે. તેમ ન કરવું જોઇએ. આ મહાત્માના ઉપદેશ પ્રમાણે પુત્ર, પુત્રી યોગ્ય વયે આવે ત્યારે તેમના ગુણ, સ્વભાવને મળતા ગુણ, સ્વભાવવાળાં સાથે પરણાવવાં જોઇએ. એથી તેમનો સંસાર સર્વ પ્રકારે સુખદાયી થાય છે. જનકે પરશુરામની આજ્ઞા પ્રમાણેજ સીતા યોગ્ય વયે આવતાં સ્વયંવર કરી રામ સાથે પરણાવ્યાં. રામે સ્વયંવરમાં ધનુષ ચડાવી ભાંગી નાંખ્યું. આ બનાવ ત્રેતાયુગને અંતે બન્યો. શિવ ધનુષ ભંગ થયાના ખબર પરશુરામે પોતાની જ્ઞાનદૃષ્ટિથી જાણ્યું. તેવાજ તેનો ગર્વ ઉતારવાને તૈયાર થયા. તેવામાં નારદજીએ આવી ઉશ્કેરી રામ સામે યુદ્ધ કરવા મોકલ્યા. રામ સીતાને પરણી અયોધ્યે જતા હતા. ત્યાં પરશુરામે આવી હાક મારી કે—શિવધનુષ ભાંગનાર ક્યાં છે ? આ સાંભળી સૌ થરથર કંપવા લાગ્યા, પણ રામ નિર્ભય રહ્યા. તેણે કેટલાંક વિનય વચનો પરશુરામને કહ્યાં, પણ તેણે નહિ માનતાં રામને બાણો મારવા માંડ્યાં, પણ એકે બાણ રામને લાગ્યું નહિ. તે પરથી પરશુરામે જાણી લીધું કે વિષ્ણુએ રામાવતાર ધર્યો. એવું જોઈ સ્નેહથી બંને ભેટ્યા. પરશુરામે ભારતભૂમિનું અગ્રેસરપણું રામને સોંપ્યું. એ રીતે પરશુરામનું તેજ રામે હરણ કર્યું. પરશુરામની આજ્ઞાથી રામે તેના મૃત્યુ માર્ગમાં એક બાણ માર્યું. તેથી પરશુરામ અમર થયા. આ રાજર્ષિ બ્રાહ્મણ કુળમાં મહાન પરાક્રમી ગૌબ્રાહ્મણ પ્રતિપાળ, પ્રજા રક્ષક થયા. તે રામને નમન કરી તપશ્ચર્યા કરવા ગયા. એ વિજયી નર પોતાના આત્મીક સ્વયંબળવડે પ્રજામાં

"શ્રી ભગવાન્" એવા મોટા ઉપપદને પામ્યા છે. એ અર્વાચીન બ્રાહ્મણ બુદ્ધિના મનુષ્યોએ લક્ષમાં લેવા જેવું છે. એ મહત્ રાજર્ષિ તપ કરતા હતા. તેને કાશીરાજ્ય કન્યા અંબા હસ્તિનાપુર તેડી લાવી. તેણે ભીષ્મને એ સાથે પરણવા સમજાવ્યા, પણ ભીષ્મે માન્યું નહિ. તેથી ગુરૂ શિષ્ય વચ્ચે જબરૂં યુદ્ધ થયું હતું. તેમાં એ મહર્ષિ હાર્યા હતા. એ પરથી જણાય છે કે એ વખતે તેનો પ્રથમ જે શૌર્યનો જુસ્સો હતો તે શાંત થયો હતો. એ પછી તેણે નિરંતર તપજ કર્યા કર્યું હતું. એ ચિરંજીવી છે. તે હજુ મન્દ્રાચળ ઉપર તપ કરે છે. એવું અનેક ગ્રંથોમાં કહેલું છે. ધન્ય પરશુરામ ! ! તમારા જેવા વિજયીર પુરૂષ ફરી આ દેશનો ઉદ્ધાર કરવા પ્રગટ થાઓ ! ! !

સનક, સનંદન, સનાતન, સનત્કુમાર.

એ કોણ ? એ આપણા આદિકુળ બ્રહ્માના માનસ પુત્રો. બ્રહ્માએ તેમને સૃષ્ટિ ઉત્પન્ન કરવાને સર્જ્યા હતા. એ ચારે ભાઇઓ સર્વ પ્રકારે એકરૂપ હતા. બ્રહ્માએ તેમને વરદાન માગવાનું કહેતાં. તેમણે સંસાર ઉપર અનુરાગ બતાવી એવું માગ્યું કે;—"અમને માયા ફંદ ગળે વળગાડો નહિ. પાંચ વર્ષનાં બાળકોને કામ, ક્રોધાદિક વિકારો પ્રગટ થયા હોતા નથી. એવી પાંચ વર્ષના જેવી અમારી નિર્વિકારી સ્થિતિ કરો. અમે બ્રહ્મચર્ય પાળી નીરંતર બ્રહ્મનુંજ ધ્યાન કરીશું. બ્રહ્માએ તેમના માગવા પ્રમાણે આપ્યું. આ દેવર્ષિ બ્રહ્મચર્ય પાળનાર બ્રહ્મનિષ્ઠ અવતારી પુરૂષો કહેવાય છે. ચોવીશ અવતારમાં એનો અગિઆરમો અવતાર ગણાય છે. એ ચારે મહાત્માઓ બ્રહ્મા જેવા પરમપવિત્ર પિતા પાસે યોગ્ય કેળવણી પામ્યા હતા. તેઓ શાન્ત, શીળ, દયાળુ, પરોપકારી, તત્વજ્ઞ, બુદ્ધિવાન, ઉત્સાહી, બ્રહ્મનિષ્ઠ, નિર્વિકારી, અને સમર્થ વિદ્વાન મહાત્મા હતા. તેમની માતાનું નામ સાવિત્રી દેવી હતું. જે સાક્ષાત્ આદ્યશક્તિરૂપ હતાં. એવી પવિત્ર માતાને ખોળે ઉછરી તેઓ ઉત્કૃષ્ટપણાને પામ્યા હતા. તેમની બેનનું નામ સરસ્વતિ. જે આર્યોની વિદ્યાદેવી કહેવાય છે. તેમને શિક્ષણ સનકાદિક ભાઇઓએ આપ્યું હતું. એમના ઉત્તમ શિક્ષણ બળના પ્રતાપથીજ સરસ્વતિ અનેક વિદ્યાના શોધો કરવામાં સમર્થ થયાં હતાં. આ ચારે ભાઇઓ પૂર્ણ બ્રહ્મનિષ્ઠ હતા. ક્ષણ પણ બ્રહ્માકાર વૃત્તિ વિના રહેતા નહિ. તેઓ તત્વજ્ઞાન વગેરે વિદ્યામાં એટલા તો પારંગત થયા હતા, કે એ સમયના સર્વ આર્ય ઋષિ, મુનિઓને એ વિદ્યામાં છક કરી નાંખ્યા હતા. પુષ્કળ દેશોમાં ઉપદેશ કારણો તેમણે દેશાટન કર્યું હતું. ત્યાં પોતાની પ્રવિણતા અને બુદ્ધિ બળવડે પ્રખ્યાતિને પામ્યા હતા. દેશોમાં સ્થળે સ્થળે સભાઓ મેળવી અ-

ધ્યાત્મિક જ્ઞાનના વિષયમાં પોતાના અભિપ્રાયો જાહેર કર્યા હતા. તેઓ ઉત્તમ વક્તા હતા. તેઓ જે ઉપદેશ આપતા હતા. તે સાંભળનારના હૃદયમાં સચોટ થઈ જતો હતો. તેથી તેના ઉપદેશની અસર દેશમાં ઘણી થઈ ગઈ હતી.

વિષ્ણુ ભગવાનને તેઓ અસંત પ્રિય હતા. તેમના દરબારમાં તેમનું ઘણું માન હતું. વિષ્ણુએ તેમને પ્રજાને નીતિ, ધર્મજ્ઞાનનો ઉપદેશ આપવાનું કામ સોંપેલું હતું. તેઓ રાજવર્ગ અને પ્રજા વર્ગમાં એક ઉત્તમ ઉપદેશક તરીકે પૂજાતા હતા. એમની એ વખતે એટલી બધી સત્તા હતી, કે એ જે માગે તે મળે એવું હતું, પણ તેમણે એવું ઉત્તમ કામ કરતાં કશાની ઈચ્છા કરી નહોતી. તેઓ કદી પણ ધનની ઈચ્છાથી રાજદ્વાર કે ધનવાનને ત્યાં જતા નહિ, કે કંઈ આપે તે લેતા નહિ. એવા તેઓ નિર્લોભી ઉપદેશક હતા. નહિ કે અર્વાચીન આચાર્યોની પેઠે ધનના લાલચુ ને એશઆરામી હતા. તેમને વિષ્ણુની કૃપાથી જે કંઈ મળતું, તેમાંજ કરકસરથી સાદાઈ રીતે નિર્વાહ કરતા હતા. તેમને જર, જમી કે જોરૂ કશાપર પ્રીતિ નહોતી. સ્ત્રી નહિ પરણતાં બાળ બ્રહ્મચારીજ રહ્યા હતા. પ્રજાનું શી રીતે તારણ થાય ? એજ તેઓ નિરંતર ચિંતવન કરતા હતા અને એજ કાર્યો કરવા પૃથ્વીમાં ફરતા હતા. આ મહાત્મા સત્વગુણી દૈવી પ્રકૃતિના હતા. તેમનું મન કદી પણ માયાને વશ થયું નહોતું. જે કાંઈ કહેતા તે બેધડક નિડરતાથી કહેતા. કોઈની પણ પક્ષપાત રાખી સંકોચાતા નહિ. વિષ્ણુએ તેમને પાછળથી રાજ્ય કાર્ય પણ સોંપેલાં હતાં. તેમાં પણ તેઓ ઉત્તમ નીકળ્યા હતા. એક પ્રસંગે તેઓ ઉપદેશ આપતા અને સ્ત્રીઓનો પતિવ્રતા ધર્મ જોતા જોતા સુભદ્રાના સતીત્વની ખ્યાતિ સાંભળી તેમને દ્વાર આવ્યા હતા. એ વખતે સુભદ્રાના સતીત્વથી પ્રસન્ન થઈ તેમને તત્વજ્ઞાનનો ઉપદેશ આપ્યો હતો. એના ઉપદેશથી ઘણાઓનું તારણ થયું હતું. એ પોતાના આત્મ બળવડે બ્રાહ્મણ વર્ગમાં એ વાતો મહાન થઈ ગયા છે, કે જેની કીર્ત્તિનાં કિર્ણો પૃથ્વીમાં અદ્યાપિ પર્યંત પ્રસરી રહ્યાં છે. તેઓ પોતાના પ્રબળ પ્રતાપથી આર્ય પ્રજામાં સનકાદિ "ભગવાન" એવા પૂજ્ય પદને પામી અક્ષય કીર્ત્તિ રાખી ગયા છે.

માનવ કુળના આદિ પુરૂષ.

મનુ.

એ કોણ? એ આપણા આર્યકુળના મુખ્ય અને પ્રારંભ વખતના વિજયી પુરૂષ હતા. આ જગત્ અંધકાર પ્રલય રૂપ હતું. એ અંધકારનો જ્ઞાનમય પરમાત્માએ સ્વઇચ્છાથી પોતાનું તેજ પ્રગટ કરી નાશ કર્યો. પછી જળ

ઉત્પન્ન કર્યું. તેમાં બીજ રોપ્યું. તેનું અંડ થયું. એ અંડ ફાડી તેમાંથી પરમાત્મા બ્રહ્મદેવ રૂપે પ્રગટ થયા. અંડનાં એ ફાડચાનાં પૃથ્વી ને સ્વર્ગ નિર્માણ કર્યાં. એની વચ્ચમાં આકાશ રાખ્યું. જળને માટે સ્થળ નક્કી કર્યું. પછી પોતાના તેજરૂપ આત્માતત્વ તથા તેમાંથી અહંકાર, મન. સત્વ, રજ, તમ ત્રણ ગુણ, શબ્દ, સ્પર્શ, રસ, રૂપ, ગંધ. એ વિષયની પાંચ જ્ઞાનેંદ્રિય, ને કર્મેંદ્રિય તથા પંચ મહાભૂત પેદા કર્યાં. પછી દક્ષિણ અંગ થકી પુરૂષ અને વામ અંગ થકી સ્ત્રીરૂપ નિર્માણ કર્યાં. તેનાથી વિરાટ પુત્ર પેદા કર્યો. તેણે મનુને ઉત્પન્ન કર્યો. સૃષ્ટિની વૃદ્ધિ કરનારા અને મનુષ્યને ધર્મ શીખવનારા દરેક કલ્પમાં ચૌદ મનુ ઉત્પન્ન થાય છે. દરેક મનુની વચ્ચમાંનો જે સમય તે મન્વંતર કહેવાય છે. આ કલ્પમાં સ્વયંભૂ, સ્વારોચિષ, ઉત્તમ, તામસ, રૈવત અને ચાક્ષુષ: એ છ મનુ થઈ ગયા છે. પ્રત્યેક મનુ ચક્રવર્તી અથવા સાર્વભૌમ હતા. એમ વસ્તીની ઉત્પત્તિ છ વખત થઈ અને છ વખત નાશ પામી. હાલના મનુનું નામ વૈવસ્વત-સૂર્ય અથવા બીજે રૈવત અથવા સત્યવ્રત પણ કહે છે. તેની સ્ત્રીનું નામ શ્રદ્ધા. સત્યવ્રત રાજ ગાદી છોડીને મહા પ્રલય જોવાની ઇચ્છાથી દશ હજાર વર્ષ થયાં તપ કરતા હતા. એક સમે નદીએ તર્પણ કરતા હતા. ત્યાં નારાયણે મચ્છરૂપ ધારણ કરી કહ્યું કે;—"આજથી સાતમે દિવસે મોટો જળ પ્રલય થશે. તેથી આખું જગત્ નાશ થશે. એ મહાપ્રલયનું ચરિત્ર તું જોજે. એ વેળા તું મને જે જ્ઞાન પૂછશે તે હું તને સમજાવીશ. જેથી તારી મુક્તિ થશે. એ સાત દિવસમાં તું અગાઉથી જગતની ઉત્પત્તિની થોડી થોડી વસ્તુઓ સાથે રાખજે." એવાં વચન કહ્યાં. મનુએ એક મોટું વહાણ તૈયાર કર્યું. તેમાં જગતની વસ્તુઓનો સંગ્રહ એકઠો કર્યો. સપ્ત ઋષિ અને પોતાના કુટુંબને સાથે લીધાં. જળ પ્રલયનાં પાણી સઘળે ફરી વળ્યાં. નારાયણે મચ્છરૂપ ધારણ કરી જળ પ્રલયની લીલા દેખાડી. જ્ઞાનનો ઉપદેશ કર્યો. એ મહા પ્રલયના નાશથી ઉગરવામાં મનુ, તેનું કુટુંબ, સપ્તઋષિ, વેદ, ઉદ્ભિજ તથા સકળ પ્રાણીઓનાં બીજ એ હતાં. એ વહાણ જળ ઓસર્યા પછી સુમેરૂ પર્વત ઉપર થોભ્યું. એ સુમેરૂ પર્વત વિષે એવું અનુમાન શોધક પુરૂષોએ કરેલું છે કે એ પ્રદેશ તે તાતારદેશમાં હિંદુકુશ પર્વત ભણીનો પ્રદેશ હશે. ને એજ ભૂમિ આર્યજનનું મૂળ વતન હશે. ત્યાંથી બધા દેશોમાં પ્રસરેલા હશે.

આ ચાલતા મન્વંતરમાં સાતમા મનુ વૈવસ્વત છે. તેનાથી વસ્તી ઉતરેલી છે. તેથી એ વસ્તી મનુના નામ ઉપરથી માનવ કહેવાય છે. મનુએ પોતાનું સુમેરૂ પર્વતના પ્રદેશનું રાજ્ય પોતાના નૃગ, શર્યાતિ, દિષ્ટ, ધૃષ્ટ, કરૂષક, નરિષ્યંત, પૃષધ્ર, નભગ, એ નવ પુત્રોને વહેંચી આપ્યું. ઇક્ષ્વાકુ જે મો-

ટા હતા તેણે ભારત વર્ષમાં અયોધ્યામાં સૂર્યવંશી ગાદી સ્થાપન કરી. અને એની બેન ઇલાને ચંદ્રના પુત્ર બુધ સાથે પરણાવી હતી. તેનાથી પુરૂરવા પુત્ર થયો. તેણે ચંદ્રવંશની ગાદી પ્રયાગમાં સ્થાપન કરી હતી. આર્યોના આદિ પુરૂષ વૈવસ્વત–સત્યવ્રત મનુ ચક્રવર્તી રાજા હતા. એની પાસે કશ્યપ, અત્રિ, વશિષ્ઠ, વિશ્વામિત્ર, ગૌતમ, ભરદ્વાજ, અને જમદગ્નિ એ સપ્તર્ષિ હતા. સૃષ્ટિની વૃદ્ધિ થતી ગઈ. સૌને પોતપોતાનાં કર્મ સોંપી દીધાં. એ સર્વને ધર્મોપદેશ આપવાનું કાર્ય સપ્તર્ષિઓ કરતા હતા. ઇશ્વિરી તેજ જે સર્વ વ્યાપક છે. તેની સાથે સર્વનો સંબંધ છે. જીવાત્મા પોતાનાં રૂડાં ભુંડાં કર્મ પ્રમાણે રૂડી ભુંડી ગતિને પામે છે. તે કર્મ પ્રમાણે અનેક યોનિમાં જન્મ લે છે, દંડ પીડા ભોગવી નિર્દોષ થાય છે, ને પછી કાયિક, વાચિક, માનસિક કર્મને વશ રાખી પરમાત્માને વિષે જ્ઞાન પામી તેમાં મળી જાય છે. સદ્કર્મ, અને સદ્વિચારોથી ઉત્તરોત્તર ઉંચી સ્થિતિને પ્રાપ્ત થાય છે. સકામ કર્મથી સ્વર્ગ મળે છે અને નિષ્કામ કર્મથી મોક્ષ મળે છે. સત્યકર્મ અને સત્યજ્ઞાન એ વેદાધ્યયન અને વેદાર્થ વિચારથી પ્રાપ્ત થાય છે. એવું મનુષ્યો સમજી વર્તવા પ્રયત્ન કરતા હતા. ઇંદ્રિ, વરૂણ, અને અગ્નિનાં સ્તવનો કરતા હતા. યજ્ઞ કરી દેવતાઓને પ્રસન્ન કરી કૃપા મેળવતા હતા. ઉત્તમ પુરૂષો તપશ્ચર્યા કરી પરમાત્માને પામવા પ્રયત્ન કરતા હતા. એ યુગમાં કોઇને અધર્મથી લાભ થતો નહિ. સૌ સત્ય બોલતા અને સત્ય આચરતા. પ્રથમ જાતિ ભેદ નહોતો. પાછળથી બ્રાહ્મણ, ક્ષત્રિ, વૈસ્ય, અને શુદ્ર એમ ગુણ કર્મ ઉપરથી જાતિ મનાઈ હતી; તોપણ ભોજન અને લગ્ન વ્યવહાર હતો. અર્વાચીનકાળના જેવો એ વખતે પ્રતિબંધ નહોતો. એ યુગમાં મનુષ્યો દીર્ઘાયુષી હતાં. સૌ સંપસંપીને આનંદમાં રહેતાં હતાં. બ્રાહ્મણોની મહત્તા વિશેષ હતી. ધર્મનીતિ અને વિદ્યાનું જ્ઞાન આપનાર એજ હતા. તેથી આર્ય પ્રજા ધર્મનીતિ, વિદ્યા, કળા અને શોધક બુદ્ધિમાં શ્રેષ્ઠ થઈ હતી. સૌ પ્રજા પોતાની બુદ્ધિ કર્મને અનુસાર સોંપેલો ધંધો કરતી હતી. આર્યાવર્ત સર્વ પ્રકારની રીધિ, સિદ્ધિ અને સમૃદ્ધિમાં ભરપૂર હતો. આખી પૃથ્વીમાં એ શ્રેષ્ઠ પંક્તિએ પહોંચેલો હતો. મહર્ષિઓએ તત્વજ્ઞાન, ધનુર્વિદ્યા, ખગોળ, ભૂતળ, ભુસ્તર, પદાર્થ વિજ્ઞાન, રસાયણ જ્ઞાન, કૃષિકર્મ, વૈદ્યક, વિમાન, અગ્નિરથ–આગગાડી સંજીવની વિદ્યા, પરકાયા પ્રવેશ, ગાયન, નૃત્ય, વચન સિદ્ધિ અને શસ્ત્રઅસ્ત્ર વગેરેની વિદ્યાના શોધો કર્યા હતા.

મહાત્મા મનુ મહારાજની રાજસત્તા પૃથ્વીપર ચોતરફ પ્રસરી રહી હતી. તેનો શક ધ્વજ એ વખતે સર્વત્ર ઉડતો હતો. સર્વ પ્રજા તેનાથી સંતુષ્ઠ હતી. લેશ પણ કોઈ પ્રજાને દુઃખ જેવું નહોતું. પ્રજાની સ્થિતિ વિદ્યા, સુ-

દૃગુણ, ને સમૃદ્ધિવડે વધડાઇને સુશોભિત થઈ હતી. તેમના જાનમાલનું સદા રક્ષણ થતું હતું. પ્રજા રાજ્યસત્તાને આધિન રહી સ્વતંત્રતાનો લહાવો લેતી હતી. તેથી સર્વ પ્રકારે સુધરેલી હતી. ધર્મનીતિનું જ્ઞાન અને વિદ્યાજ્ઞાન આર્યોમાં સારી પેઠે પ્રસર્યું હતું. તેથી તેમની હાલત સારી હતી. અર્વાચીનકાળમાં આ બે પ્રકારના જ્ઞાનની ઘણી અછત છે. થોડું ઘણું જ્ઞાન છે એમ કહીએ, તોપણ તેમાં ઘણી ખામી છે. આપણી સ્થિતિ સુધારવાને એ બે વાત ઉપર પૂર્ણ લક્ષ લગાડવાની જરૂર છે. ધર્મનીતિ અને વિદ્યાજ્ઞાન એ બે ઉપર મનુષ્યો બીજાં પ્રાણીઓના સંબંધમાં પોતાની સ્થિતિ કેટલી ઉંચી છે, તે જાણે છે. પોતાના પેદા કરનારને ઓળખે છે. ક્લેસથી દૂર રહી સંપસંપીને રહે છે. દુર્ગુણ, સદ્‌ગુણ અને પાપ, પુણ્ય શું છે? તે સમજે છે. અનેક વસ્તુઓનો ઉપયોગ કરી જાણી, જીવતાં સંસાર સુખ ભોગવી, મરણ પછી મોક્ષની આશાના સુખમાં નિરત રહે છે. પ્રજાની આવી પ્રકારની ઉત્તમ સ્થિતિ થવાનો મુખ્ય આધાર રાજા અને ધર્મ ગુરૂઓપર રહેલો છે. તેમાં પણ પ્રથમ આધાર રાજાપર છે. રાજા જો પ્રજાને ગુરૂઓ વિદ્વાન, સર્વગુણસંપન્ન અને લાયક શોધી આપી, ધર્મનીતિ અને વિદ્યાજ્ઞાન આપવા રાખે, તોજ પ્રજા ઉત્તમ જ્ઞાનનો લાભ લઈ શકે છે. ધર્મનીતિ અને વિદ્યાથી પ્રજાનાં અંતઃકરણ નિર્મળ થયે તેઓ સમાધાનમાં રહે છે. સારા સારા ઉદ્યોગો કરી સમૃદ્ધિ એકઠી કરે છે. તેથી પરિણામે રાજાનેજ લાભ થાય છે. પ્રજાની ચડતીપરજ રાજાની ચડતીનો આધાર છે. પ્રજાની ગરીબી સ્થિતિથી રાજાની પણ ગરીબી સ્થિતિ થાય છે એ કોનું અજાણ્યું છે?

હત્ ભાગ્ય! આ દેશનાં કે અર્વાચીન કાળમાં કેટલાક શૌર્ય પરાક્રમહિન ક્ષત્રિય રાજાઓ પોતાનું કર્તવ્ય કર્મ નહિ સમજતાં, પોતે પરાક્રમથી ભૂમિ મેળવી શકતા નથી, ત્યારે માબાપે દાનમાં દીધેલી ભૂમિપર દૃષ્ટિ કરે છે. સ્વધર્મપર પ્રીતિ નથી. એશ આરામ અને વૈભવ ભોગવવામાં મિથ્યા લલુતા રાખે છે. નાચ, તમાસા અને પરદારા સેવનમાં પ્રીતિ રાખે છે. પ્રજાને પીડી રાજ્ય ભંડાર ભરવામાંજ મોહ લાગેલો છે. ગૌબ્રાહ્મણ પ્રતિપાળપણું તજવા માંડ્યું છે. ગજા વિનાની રાંકડી ગરીબ પ્રજાને વધારે પીડીને પણ કર ઉઘરાવવા અને મિથ્યા મોજ માણી બીજા રાજાઓ પાસે પોતાનું અહંપદ બતાવવું, એવું કઠોર હૃદય રાજપુરૂષોનું થઈ ગયું છે. પ્રજાના જાનમાલનું યોગ્ય સંરક્ષણ થતું નથી. વિદ્વાન પ્રજાજનને આશ્રય આપતા નથી. સારા સારા વિદ્વાનોને પાસે સલાહકાર નહિ રાખતાં, ઉતાવળીઆ, તોછડા, અહંપદી, બહુ બોલા, અધુરા જ્ઞાનના, ટુંક વિચારના, અજ્ઞાન, હાજીઆ, ચાડીઆ અને પ્રજા અપ્રિય એવા સલાહકારોની સલાહ પ્રમાણે દોરાઈ જઈ

પ્રજાને રંજાડે છે. આવા રાજા પ્રજા પ્રિય કેમ થાય? આવા રાજા અમર કીર્તિ કેમ રાખી શકે? અને આવા રાજા પોતે પરાધિન કેમ ન થાય? જે રાજા પ્રજાનું હિત કરવામાં સદા કાળજી રાખતા નથી, જૂલમ કરે છે, પોતાના વર્ગની પક્ષ કરે છે, પ્રજાના લાયકને ઉંચી પદવી આપતા નથી, ખોટા ઇનસાફ કરે છે, સારાસારની પરીક્ષા કરતા નથી, અન્યાયે વર્ત્તે છે, બાપ દાદાના બોલને પાળતા નથી. તે રાજાની પ્રજા દુઃખ જૂલમથી મોકળી થવાને વિવેકસર કેમ સામી ન થાય? દુઃખ જૂલમ દૂર કરી સુખી થવાને તેમની કુદરતી લાગણી કેમ ન ઉશ્કેરાય? અગર નિરાશ બની પરરાજ્યના આશ્રયે જઈ કેમ ન રહે? અને આવા રાજા પરિણામે દુઃખી કેમ ન થાય? થાયજ.

વાંચનાર? રાજાએ તો પ્રજાનું સર્વ પ્રકારે હિત કરવું જોઇએ, તેમનું ઉત્તમ પ્રકારે રક્ષણ અને પાલણ કરવું જોઇએ, તેમનામાં ધર્મનીતિ અને વિદ્યા જ્ઞાનનો વધારો થાય તેમ કરવું જોઇએ, પ્રજાના કલ્યાણ માટે ઉત્તમ ઉપદેશકો રાખવા જોઇએ, રાજાએ પોતાના સદાચરણનો દાખલો આપી, પ્રજાને સદાચરણી કરવી જોઇએ. કેમકે "રાજા તેવી પ્રજા" થાય છે. અરે! પણ એ બધું અસ્ત થઈ ગયું છે. પોતે પણ ધર્મનીતિ અને વિદ્યા જ્ઞાનના વેરી થયા છે. રાજ્યનીતિ જાણતા નથી અને જાણે છે તે વર્ત્તતા નથી. તેથી પોતાનું અને પ્રજાનું બંનેનું બગડે છે. પોતે એવીજ અજ્ઞાનતાથી પરદેશી રાજાઓના પુતળા જેવા થયા છે. તેમના નચાવ્યા નાચે છે. તેમની તાબેદારી ઉઠાવે છે. તેથી પેટના બળ્યા પ્રજાને પીડે છે. "કુંભાર રીસે બળે ત્યારે ગધેડીના કાન તાણે" એવું કરે છે. આમાં કોનો વાંક? રાજાઓનોજ. તેઓ પોતાનું કર્ત્તવ્ય કર્મ ભૂલી ગયા છે. તેથી તેમણે આ લોક અને પરલોક બગાડ્યા જેવું હાથે કરીને કર્યું છે અને કરે છે. અરે! તેઓ એટલા મંદબુદ્ધિના છે, કે સુધરેલા દેશના રાજાની સુધરેલી સુરાજનીતિનું અવલોકન કરી, પોતાનું પણ સુધારવા ચાહતા નથી. રાજ્ય નીતિથી વિમુખ થયા. એ શું થોડા ખેદની વાત! હશે પ્રજા નશીબ!!

આર્ય! સ્મરણ કર. ધર્મેજય, પરધર્મે વિનાશ. સત્યનો આદર એજ રાજ્યોત્કર્ષ. એ નીતિને ધોરણેજ મનુ મહારાજાએ પ્રજામાં ઉત્તમ તત્વજ્ઞાન. ઉત્તમ સંસાર વ્યવહાર નીતિ—મહાત્મતા, ઔદાર્ય, ત્યાગ, તપ, ધૈર્ય પરાક્રમ, ઉદ્યોગ, વગેરેની વૃદ્ધિ કરવામાંજ લક્ષ રાખ્યું હતું. પ્રજાના કલ્યાણમાંજ પોતાનું કલ્યાણ માન્યું હતું. પારલૌકિ ઉદ્દેશનેજ સાત્વિક બુદ્ધિએ નિષ્કામ કર્મ કરીને પરમ માન્યો હતો. આ સંસારી અર્થ કામનાં તુચ્છ ફળ આપનારી, તેની તેમણે ઇચ્છા કરી નહોતી. તેઓ અર્વાચીન કહેવાતા રાજાઓની પેઠે પ્રજા

પીડી ભંડાર ભરવામાં, કે મિથ્યા એશઆરામ અને વૈભવમાં મોહ પામ્યા નહોતા. મારી પ્રજા શી રીતે સુખી થાય ? મરણ પછી તેઓ પરમપદને શી રીતે પામે ? એનોજ વિચાર પોતાના સલાહકારોની સંમતિ લઇ કરતા હતા. રાજા વિનાની ગરીબ પ્રજાપર કશો કર નહોતો. જે પ્રજા કર આપવાને શક્તિવાન જણાતી, તેની પાસેથી છડે ભાગે ભોગવટો લેતા. અને લઇને પ્રજાના સંરક્ષણમાંજ યોગ્યપણે વાપરતા હતા. રાજ્ય અને પ્રજાના કાર્યમાંથી પરવાર્યા પછી નિવૃત્તિ વખતે મંત્રીઓ અને વિદ્વાન મંડળને એકઠું કરી પ્રજાને માટે સુખકર કાયદાના ગ્રંથ બાંધવામાં અને પ્રજાને સમજાવવામાં લક્ષ લગાડતા હતા. વગેરે તેમના સુખકર રાજ્યથી તેઓ પ્રજાને એટલા તો પ્રિય થઇ પડ્યા હતા, કે પ્રજાએ પ્રેમના ઉમળકામાં તેમને "ભગવાન" એવું માન ભરેલું ઉપપદ આપેલું છે. જે હજુ "મનુ ભગવાન" એવે નામે અવિચળ રહ્યા છે. એ શું થોડા મહત્વની વાત છે !!

આજે કેટલાક મહારાજાઓ પ્રજા પાસેથી મેળવેલા લાખો રૂપિઆ ઉપરી સરકારને રાજી કરવામાં, આજુબાજુનાઓને વૃથા બક્ષીસો આપવામાં કાંકરાની પેઠે ઉડાવી નાંખે છે. ખુશામત કરે છે, લાગવગ મેળવે છે. વગેરે અનેક તજવીજો કરીને જી. સી. આઇ. ઈ. અને કે. સી. આઇ. ઈ. વગેરે લુખા ઇલકાબો મેળવે છે. જેમાં પોતાનું કે પ્રજાનું ભાગ્યેજ કલ્યાણ થાય છે. એવા ચાંદને પ્રજા ભાગ્યેજ જાણતી હશે, કે એવા ચાંદવાળા રાજા તરફ પ્રીતિની નજરથી જોતી હશે. કદી કોઇ જાણતું હશે, તો તેમના મરણ પછી એવા લુખા માનપદને, કે એવા માનવાળા રાજાને ભાગ્યેજ કોઈ સંભાળતું હશે. ખરૂં માન તો પ્રજાને અનેક પ્રકારે રંજન કરી પ્રજા પ્રિય થવામાંજ જે મળે છે, તેજ અવિચળ રહે છે. તેનેજ પાછલી પ્રજા અહોનિશ યાદ કરે છે. એ શું આર્ય રાજાઓ જાણતા નથી ? શું હજારો વર્ષ પહેલાં થઈ ગયેલા રામ, કૃષ્ણ, યુદ્ધિષ્ઠિર, કર્ણ, હરિશ્ચંદ્ર, ભૃર્તહરી, વિક્રમ, ભોજ વગેરે તેમના પૂર્વજોને અર્વાચીનકાળ પણ પ્રજા યાદ કરે છે એ જોતા નથી ? એમને પ્રજાએ આપેલા ઇલકાબ તરફ નજર કરો ? એવા ઇલકાબ તેમને કેવા પ્રકારના વર્તનથી મળ્યા હતા ? એ તેમનાં ચરિત્રો પ્રાચીન ગ્રંથોમાંથી યથાર્થ વાંચો ? પ્રજા દુઃખી થાય ને કરોડો રૂપિઆના કાંકરા કરી નાંખે અને જે ઇલકાબ મળે. તે શું પ્રાચીન મહા રાજાઓએ પ્રજા રંજન કરી મેળવેલી પદવીની તુલ્ય થઈ શકશે ? કદી નહિ. આર્ય રાજન ! તમો એકવાર તમારા પૂર્વજોને પગલે ચાલો. પછી જોઈ લ્યો તેનો રંગ ! ચાખો તેનાં સુખ ! ! વિજય વાર્તા ! ! !

વાંચનાર ! મનુ ભગવાન આદ્ય સ્મૃતિકાર હતા. તેણે રચેલી સ્મૃતિને

મનુ સ્મૃતિ—માનવધર્મ શાસ્ત્ર કહે છે. એ તેમનો કાયદો એવો તો સર્વ કાર્યને અનુકુળ છે, કે હાલના મહાન વિદ્વાનો તેની મહત્તા જોઇ આશ્ચર્ય પામે છે. હાલના રાજ્ય કાયદાઓ રચીને ઘડી ઘડીએ ફેરવવા પડે છે, પણ આ મનુ ભગવાનનો કાયદો એવો તો સિદ્ધ છે, કે તે અદ્યાપિ પર્યંત ફેરવવો પડયો નથી. હજુ પણ આર્ય રાજા, પ્રજા તેમની આજ્ઞાને માનની નજરે જુએ છે. એ શું થોડા આનંદની વાત છે! તેમની આજ્ઞાઓ ઘણીજ ઉત્તમ નીતિથી ભરેલી છે. એ ઘણીજ વિચાર પૂર્વક ઘડેલીઓ છે. તેમાં ચાર વર્ણ, ચાર આશ્રમ, રંક, રાય, શ્રીમંત, સર્વના ધર્મ, કર્મ, ક્રિયા. વ્યવહાર, નીતિ, સમજ, ન્યાય અને વર્તણુકની આજ્ઞા. અનીતિ, અન્યાય, વગેરેની શિક્ષા. રાજ્ય વ્યવહાર, રાજ્યનીતિ, રાજ્ય વ્યવસ્થા, ધર્મ વ્યવસ્થા, યુદ્ધ નિયમ, સંસાર સ્થિતિ, રીતભાત, કળા, વિદ્યા, ગૃહસ્થાશ્રમના ધર્મ, વગેરે મનુષ્ય જન્મે ત્યાંરથી તે મરણ કાળ સુધી વર્તવાની એ ગ્રંથમાં આજ્ઞા કરેલી છે. એવી તેમની આજ્ઞાથીજ ધર્મ નીતિનું મહત્વ ટકી રહેલું હતું. તેમણે—સ્ત્રી લક્ષ્મીરૂપ અને દૈવત રૂપ કહી છે. એના આશીર્વાદથી આનંદ થાય છે. એને દુઃખ દેવાથી કલેશ થાય છે અને લક્ષ્મીનો નાશ થાય છે. સ્ત્રીએ પતિ સિવાય બીજા પુરૂષનું ચિંતવન કરવું એ વ્યભિચાર છે. પતિના ધર્મ કૃત્યની એ અર્દ્ધાઅર્દ્ધ ભાગિની થઈ સ્વર્ગ, મોક્ષાદિને પામે છે. પરણેલી સ્ત્રીને ગૃહિણી—ગૃહની રાણી કહી છે. આર્ય લોકોને વ્યભિચારનો બહુ અનાદર કર્યો છે. તજેલી સ્ત્રીને તેનો પતિ ભરણ પોષણ ન કરે, તો એ રાજાના દંડને પાત્ર થાય છે. સ્ત્રીએ સર્વ પ્રકારે પોતાના પતિની આજ્ઞાને આધિન રહી તેમને આનંદ આપવો કહ્યો છે. પતિને માઠું લાગે એવું કાંઈ પણ આચરણ કરવાનું કહ્યું નથી. પરાક્રમરૂપવીર્ય અને શીળરૂપ રજસ્ત્રી પુરૂષ બંનેને સાચવવાની આજ્ઞા કરી છે. વ્યભિચારિણી સ્ત્રીને રાજાએ બજાર વચ્ચે શ્વાન પાસે ચુંથાવવી એવું સ્પષ્ટ મનુનું વચન છે. વગેરે આજ્ઞાઓ દર્શાવી છે. એ સર્વેને મનન કરવા યોગ્ય છે. તેમણે સમુદ્રમાં લાકડું તરતું જોઈ નૌકા યંત્રનો શોધ કરેલો કહેવાયછે. ઈત્યાદિ પ્રજા પ્રિય કાર્યો કર્યા છે. જગતને અજિત અને સર્વ ભ્રાંતિ સમાન જાણી સંસારથી વૈરાગ્ય પામ્યા. પુત્રોને સઘળો રાજ્ય કારભાર સોંપી પ્રજાને પાળવાની ભલામણ કરી વિરક્ત થયા. ઘણાં વર્ષે વનમાં તપ કરી પરમપદને પામ્યા. એ રીતે એ મહાત્મા પોતાનું કર્તવ્ય કર્મ બજાવી અમર કીર્ત્તિ રાખી ગયા છે. ધન્ય મનુ મહારાજ! રાજા તો તમારા જેવાજ જોઇએ!!!

દુષ્ટોને મારી ધર્મ, નીતિ સ્થાપક.

પ્રભુરૂપ–શ્રીકૃષ્ણ.

આ કોણ? એ સાક્ષાત્ વિષ્ણુનો આઠમો અવતાર. જેનું ધ્યાન યોગી મુનિઓ નિરંતર કર્યા કરે છે, જેનું પૂજન, સ્મરણ અને ધ્યાન મોક્ષદાયક ગણાય છે, જેનું ચરિત્ર શ્રવણ કરવા આર્ય જનો સદા અભિલાષી રહે છે, જેનાં અદ્‌ભૂત પરાક્રમો, જેની અલૌકિક શક્તિ જગ્ જાહેર છે. એવા સાક્ષાત્ પ્રભુરૂપ ગણાયેલા લીલાવતારી કૃષ્ણે કંસ, શિશુપાળાદિક દુષ્ટ જનોનો સંહાર કરી, ભૂભાર ઉતારવા તથા સાધુ જનોને સુખી કરી ધર્મ, નીતિની સ્થાપના કરવા અને પોતાની અદ્‌ભૂત લીલા દેખાડવાને દ્વાપરયુગમાં યદુવંશી દેવકી વસુદેવને પોતાનું વિષ્ણુરૂપ તેજોમયી સુંદર ચતુર્ભુજ સ્વરૂપ દેખાડયું અને કહ્યું કે;—"તમોએ ત્રણ જન્મ સુધી તપ કર્યું છે. માટે હું તમારે ત્યાં જન્મ લઉં છું. તમે ગોકુળમાં નંદને ઘેર જસોદા પાસે મને મૂકી આવજો. ત્યાં થોડો કાળ બાળ લીલા કરી, અહીં આવી કંસ વગેરેને મારી ભૂભાર ઉતારીશ." એટલું કહી વિષ્ણુએ અંતરધ્યાન થઈ બાળક રૂપ ધર્યું. દેવકીએ જાણ્યું કે મને બાળક અવતર્યો. દેવકી વસુદેવે વિષ્ણુના ચતુર્ભુજ સ્વરૂપની વાત સ્વપ્નવત જાણી. એ રીતે કૃષ્ણનો અયોનિ સંભવ જન્મ થયો. દેવકીએ બાળકને ધવરાવવા માંડયો. કાળાગ્રહનાં કમાડ એકદમ ઉઘડી ગયાં. વસુદેવની બેડી તૂટી ગઇ. ચોકીદારો નિંદ્રાવશ થઇ ગયા. વસુદેવ કૃષ્ણને છાબમાં સુવાડી ગોકુળમાં જસોદા પાસે લઈ ચાલ્યા. માર્ગમાં કાંટા ન વાગે માટે શેશનાગ પગથી રૂપ પડયો, વરસાદ પડતો હતો માટે માથે પોતાની ફેણે છાંયા કરી. જમનાજી પાસે આવતાં, તેણે કૃષ્ણને સ્પર્શ કરવા પોતાનું પાણી ઉંચું વધાર્યું. એ જોઈ વસુદેવને આગળ ચાલવાની હિંમત રહી નહિ. એટલે બાળરૂપ કૃષ્ણે પોતાનો પગ લંબાવી જમનાજીને સ્પર્શ કર્યો, કે યમુનાજીએ તરત માર્ગ આપ્યો. વસુદેવ નંદને ઘેર ગયા; કે તરત તેના ઘરનાં બારણાં ઉઘડી ગયાં. નંદ, જસોદાને નિંદ્રાનું ધારણ આવેલું હતું. વસુદેવે પોતાના બાળકને જસોદા પાસે સુવાડી, તેની પાસે સૂતેલી પુત્રીને ઉપાડી ચાલવા માંડયું. ચાલી મથુરાંના કાળાગ્રહમાં આવ્યા. બારણાં હતાં તેમ બંધ થઈ ગયાં. પગે બેડી જડાઈ ગઈ. યોગમાયારૂપ કન્યાએ ચીસ પાડી જોસથી રોવા માંડયું. એ સાંભળી ચોકીદારો ચમકી ઉઠયા. તરત જઈ કંસને જાણ કરી. કંસે ઉતાવળાં આવી દેવકીના હાથમાંની કન્યા છીનવી લઇ પથ્થરપર પછાડવા તૈયાર થયો, કે તરત છટકી ઉડી ગઈ. ત્રિશૂળ, ખડ્ગ અને અષ્ટ ભૂજા ધરી દેવીરૂપે દર્શન આપી કહ્યું કે;—"મૂઢ મતે! મને માર-

વાનું મિથ્યા પાપ શાને માટે લેવા તૈયાર થયો હતો ? તારો વેરી તો ગોકુળમાં પેદા થઈ ચૂક્યો છે." એમ કહી યોગમાયા અંતરધ્યાન થઇ ગઈ. કંસ આ વાત સાંભળી વિસ્મય થયો, લજ્જા પામી પશ્ચાતાપ કર્યો, દેવકી વસુદેવને કાળાગ્રહથી મુક્ત કર્યા. એ આકાશ વાણીની વાત સાંભળી ચિંતાતુર રહેવા લાગ્યો. તેણે રાજ્ય સભા બોલાવી સર્વને જણાવ્યું કે;—"મારો વેરી ગોકુળમાં ઉત્પન્ન થઈ ચૂક્યો છે. માટે એની શોધ કરો. જ્યાં જ્યાં નવાં બાળકો પેદા થયેલાં દેખો, ત્યાં ત્યાં જઈ તેમને મારી નાંખો. એમ કરતાં જો મારો શત્રુ બચે, તો બ્રાહ્મણ, વૈષ્ણવ, ગૌ અને ધર્મનો નાશ કરો. એમ કરવાથી નિશ્ચે એ તેમની વહારે ધાઇ છતો થશે." એવી આજ્ઞા કરી કે રાક્ષસો ચારે તરફ જુલમ કરવા લાગ્યા. બાળકોનો જ્યાં, ત્યાં નાશ આદર્યો, બ્રાહ્મણોને પીડવા લાગ્યાં, દેવકી, વસુદેવને ફરી કાળાગ્રહમાં નાંખ્યાં. જાદવોને દુઃખ દેવા માંડયું, તેથી કેટલાક કાયર થઇ વિદેશમાં નાશી જઇ રહ્યા. જરાસંધ, નરકાસુર, પુંડરીક, શિશુપાળ, દંતવક્ર વગેરે પાપી રાજાઓએ પ્રજા પીડવા માંડી. ગૌ, બ્રાહ્મણ, સાધુ જનો અને ધર્મનો નાશ કરવા માંડયો. વર્ણાશ્રમનો ધર્મ, વેદાધ્યયન, વેદોક્ત ધર્મની ક્રિયાઓ બંધ કરી. તેથી સર્વ પ્રજા કંપિત થઈ કકળવા લાગી. "જે રાજાની પ્રજા દુઃખથી કકળે તે રાજાનો સત્વર નાશ થાય છે." એવું મહાત્મા પુરૂષોનું વચન છે. એ પ્રમાણે કંસે પોતાનો નાશ પોતાને હાથ કરવાનું આદર્યું.

ગોકુળમાં નંદ ઘેર બાળક અવતર્યો. તેથી આખી નગરીમાં આનંદ ઓચ્છવ થઇ રહ્યો. શિવ પણ યોગી વેષે બાળ મુકુંદને નિહાળવા આવ્યા. વસુદેવની બીજી રાણી રોહિણી જે ગોકુળમાં પોતાના મિત્ર નંદને ઘેર હતી. તેને પણ પુત્ર જન્મ્યો હતો. તેનું નામ પાડવાને વસુદેવે ગર્ગ ઋષિને મોકલ્યા. ગર્ગ ઋષિએ રોહિણી પુત્રનું નામ બળરામ અને દેવકી પુત્ર જે જસોદાને ત્યાં હતા તેને વિષ્ણુરૂપ જાણી કૃષ્ણ એવું નામ પાડયું. કૃષ્ણની આકૃતિ મધ્યમ પ્રકારની હતી, નેત્ર કમળ સરખાં, નાસિકા સરળ, અંગ કાન્તિ શ્યામ વર્ણે હતી. તેમને પીળાં વસ્ત્ર પહેરવાપર પ્રીતિ હતી. અધ્યાત્મ જ્ઞાનમાં પારાંગત હતા. તેમનું શસ્ત્રઅસ્ત્ર મિથ્યા કદી થતું નહિ. સ્નાન, સંધ્યાદિક નિત્ય કર્મ કરવાની દિક્ષા તેણે ઉપમન્યુ ઋષિ પાસેથી લીધી હતી. એ દિક્ષા પ્રમાણે નિત્ય કર્મ અને ઉપાસનાદિ વેળાસર કરવામાં તત્પર રહેતા. એ શ્યામ સુંદર, કમળ નયન, રમણિય અવતાર મૂર્ત્તિ. સાક્ષાત્ વિષ્ણુએ જગદુદ્ધારાર્થે અવતાર દેહ ધારણ કર્યો છે, એવું વ્યાસ, વશિષ્ઠ, નારદ, સનકાદિક ઋષિ મુનિઓએ જાણી લીધું હતું. ઇશ્વર મનુષ્ય પ્રાણીના કલ્યાણાર્થે અગત્યને સમયે પોતાનું કેવળ શુદ્ધ ચૈતન્ય બીજા અમુક મનુષ્યના જીવાત્માની સાથે ઐક્ય

કરે છે. એ બીજા જીવાત્માની પેઠે મનુષ્ય ચરિત્ર કર્યા, છતાં શુદ્ધ ચૈતન્યના પ્રતાપથી સત્ય ધર્મનું સ્થાપન કરે છે. ધર્મિ પુરૂષોની રક્ષા કરી અધર્મિઓનો નાશ કરે છે. એ અવતારોની ગુપ્તતા અતિ પ્રાચીન અદ્ભૂત યોગ વિદ્યામાં રહેલી છે. તે યથાર્થ રીતે જેને ગુપ્ત જ્ઞાનની સત્યતા જણાઈ હોય છે, તેજ જાણી શકે છે. એ વિષે નિષ્પક્ષપાતિ સત્ય શોધક વિદ્વાન પુરૂષોને પરીક્ષા કર્યાથી યથાર્થ જણાશે. કૃષ્ણ પૂર્ણ સોળ કળા અવતારી પુરૂષ હતા. તેણે પોતાની યોગ્ય માયાથી જન્મથી માંડીને અગિયારમે વર્ષે કંસને માર્યો, ત્યાં સુધી બાળ ચરિત્રો કર્યા છે.

બાળ લીલા—કંસ પોતાનો શત્રુ પેદા થયો જાણી નિરાંતે જરા પણ બેસતો નહિ. દેશમાં અધર્મ પ્રવર્ત્તાવી મૂક્યો. કૃષ્ણને શોધી મારવાના અનેક ઉપાયો લીધા. મારી પુતનાને ગોકુળમાં મોકલી. એ ગોવાલણનું રૂપ ધરી જસોદા પાસે આવી. કૃષ્ણને તેણે મારવાનો વિચાર કરેલો, એ કૃષ્ણનું અકળ સ્વરૂપ જોઈ તેને રમાડવા લાગી. કાલુંઘેલું બોલી, છળકપટ કરી તેને પોતાનાં ઝેર ચોપડેલાં સ્તને ધવરાવવા લાગી. કૃષ્ણ મહા દિવ્ય સ્વરૂપે હતા. તેણે એનું કપટ જાણી લઇ એનાં સ્તન એવાં તો ચૂસ્યાં કે તેથી દૂધની સાથે મારીપુતનાના પ્રાણ પણ ખેંચાવા લાગ્યા. તેના ડોળા ઉંચા ચડી ગયા. એ બાળક સાથે આકાશમાં ઉડી, પણ તે થોડી વારે શબરૂપે થઈ પૃથ્વીપર પડી. પુતનાના વધથી કંસે જાણ્યું કે મારો વેરી તેજ છે. માટે એ હમણાં નહિ મરે તો પછી મારવાની શી આશા ? એમ વિચાર કરી તેણે એને મારવા ઉપરા ઉપર મારાઓ મોકલવા માંડ્યા. એક રાક્ષસ બ્રાહ્મણ સ્વરૂપે નંદ ઘેર આવ્યો. આવી કહ્યું કે મારે બાળકનાં દર્શન કરવાં છે. જસોદાએ કહ્યું કે એ સુતો છે, તો હું યમુનાજીથી જળ ભરી આવું, પછી બતાવીશ. એટલું કહી જસોદાજી જળ ભરવા ગયાં. બ્રાહ્મણે એ લાગ સાંધી પારણા પાસે જઇ બાળકને મારવાનું કર્યું, પણ એ બાળક કોઇનો માર્યો જાય એવો નહોતો. બાળકે તો એ બ્રાહ્મણરૂપ રાક્ષસની જીભ મરડી નાંખી તેના મોંમાં દહીં ભર્યું. ગોરસડાં ભાગી નાખ્યાં. એટલામાં જસોદા આવ્યાં. તેણે બ્રાહ્મણને પૂછ્યું કે, તેં આ શું કર્યું ? બ્રાહ્મણે આંગળીએ બાળકને બતાવ્યો, પણ જસોદાએ જાણ્યું કે આ કાર્ય બાળકથી ન બને. એ તો બ્રાહ્મણનાંજ કૃત્ય છે. આ ગોરસડાં એણેજ ફોડ્યાં છે. એમ જાણી તેણે એ બ્રાહ્મણને ધમકાવી કાઢી મૂક્યો. પછી કાગાસુર આવ્યો. આવતાંજ પારણા તરફ ગયો. એટલે બાળકે તેની ડોક મરડી ફેંકી દીધો, કે એ કંસની સામે આવી પડ્યો. પછી શકટાસુરે આવી નંદને આંગણે દહીં, દૂધનાં ગાડાં છૂટ્યાં હતાં. તેમાંના એકમાં પ્રવેશ કર્યો. બાળકે તેને એક લાત એવા જોસથી મારી કે તે શબરૂપે

કંસ આગળ આવી પડયો. જસોદા કૃષ્ણને લઇ પોતાનાં આંગણામાં બેઠાં હતાં. ત્યાં તૃણાવર્ત્ત આવ્યો, તેણે એ બાળક સાથે જસોદાને પણ લઇ ઉડી જવા ધાર્યું. કૃષ્ણે એ જાણી લઈ ભારે થયા. એટલે જસોદા એથી અળગાં થયાં. તેટલામાં મોટી આંધી આવી. ઝાડ અને ઝુંપડાં ઉડવા લાગ્યાં. જસોદા બાળકને ઘરમાં તેડી જવા લાગ્યાં, પણ એ એટલા તો ભારે થયા કે જસોદાથી ઉપડી શક્યા નહિ. તેટલામાં એ પાપી તેમને ઉપાડી ગયો, પણ બાળકે તેનું ગળું દાબી નાંખ્યું કે એ પાપી આંગણામાં શબરૂપે પડયો. એક દિવસે જસોદા બાળકને ખોળામાં લઈ ઉમળકાથી ચૂંબન કરતાં હતાં. તેવામાં કૃષ્ણે હાસ્ય કર્યું. જસોદા તેના મુખમાં ત્રણ ભૂવન જોઇ વિસ્મય થયાં. કૃષ્ણપર ગોકુળનાં સર્વ સ્ત્રી પુરૂષોનો ભાવ વધતો ગયો. તેઓ તોફાન કરે, ગોરસડાં ફોડે, તોપણ સૌ પ્રેમ ભાવથી તેને તેડી રમાડે. એક વખતે કૃષ્ણે માયા રચી. ગોકુળમાં ઘેર ઘેર કૃષ્ણરૂપ થઇ ગોરસડાં ફોડી, દહીં, માખણ જે સ્ત્રીઓને લોભની વસ્તુઓ તેજ ખાવા લાગ્યા. તેથી સ્ત્રીઓ કંટાળી તેમને તેડી જસોદા પાસે રાવ ખાવા આવી, જસોદાએ કહ્યું કે, મારો કૃષ્ણ તો આ પારણામાં રમે, એવી વાત કરે છે, ત્યાં બીજી આવી, ત્રીજી, ચોથી એમ સેંકડો સ્ત્રીઓ સેંકડો કૃષ્ણને લાવી ઉભી રહી. શેરીઓમાં પણ જાણે કૃષ્ણ ભાંખોડીઆભર ફરે છે એવું દીઠું. આ બધું કૃષ્ણની માયાનો પ્રભાવ હતો. એ માત્ર તેમણે તેમનો ભાવ હતો તેવીજ માયા દેખાડી આપી. કૃષ્ણનું પ્રભુત્વ જોઈ સ્ત્રી પુરૂષોનો તેમનાપર પ્રેમ અધિક વધ્યો.

એક દિવસે કૃષ્ણે ઘરમાં દહીં, દૂધનાં મટુંકા ફોડી સર્વ ઢોળી નાંખ્યું. પોતાના જેવડા મિત્રોને તેડી લાવી એ ખવરાવ્યું. તેથી જસોદા ચીડાઇ ગયાં. તેમને દામણાથી ઉખળે બાંધ્યા. તેથી કૃષ્ણ ગરીબડા જેવા થઇ ગયા. ગોકુળની સ્ત્રીઓએ મળી કહ્યું કે, અમને બાંધો પણ કૃષ્ણને છોડી મૂકો, પણ જસોદાએ માન્યું નહિ. તેથી કૃષ્ણ ઉખળાને ઘસડતા ઘસડતા જ્યાં કુબેર ભંડારીના બે પુત્રો નળકુબેર અને મણિગ્રીવ નારદના શાપથી આમલીના વૃક્ષરૂપ થયા હતા. એ બે વૃક્ષ આગળ આવ્યા. તેમાં ઉખળું એવું તો જોરથી ભરાવી ખેંચ્યું, કે એ વૃક્ષ સમૂળાં ઉખડી ગયાં. તેમાંથી બે દિવ્ય પુરૂષ નીકળ્યા. તેઓ કૃષ્ણની સ્તુતિ કરી ચાલતા થયા. ગોકુળમાં નિત્ય ઉત્પાત થવા લાગ્યો. તેથી નંદ સર્વે ગોવાળ સાથે વૃંદાવનમાં આવી રહ્યા. પાંચ વર્ષની વયે કૃષ્ણ ગોવાળીઆઓ સાથે વાછડાં ચારવા લાગ્યા. ત્યાં કંસનો મોકલેલો વત્સાસુર વાછડારૂપ થઇ મારવા આવ્યો, પણ કૃષ્ણે તેના પાછલા પગ પગડી એવો તો પછાડયો કે તે તત્કાળ મરણ પામ્યો. પછી બકાસુર પોતાની ચાંચ પસારી આવી બેઠો. કૃષ્ણે તેના પેટમાં બેસી એવી તો જ્વાળા લગાડી કે,

અસુરે તેને પાછા કાઢયા. પછી કૃષ્ણે તેની બે ચાંચ પકડી ચીરી નાંખ્યો. અગાસુર મોઢું વકાસી પડયો હતો તેને ગુફા જાણી ગોવાળીઆઓ અંદર બેઠા. કૃષ્ણ પણ માંહે આવ્યા હશે, એવું સમજી તેણે શ્વાસ ખેંચ્યો, કે સર્વે પેટમાં ગયા, પણ કૃષ્ણે પોતાનું શરીર એવડું તો વધાર્યું કે એ અસુરના પ્રાણ જતા રહ્યા.

એક દિવસે સર્વે ગોવાળીઆ વાછડાં રેઢાં મૂકી ખાવા બેઠા. એ સાથે કૃષ્ણે પણ ખાધું. એપરથી દેવોને શંકા થઇ કે કૃષ્ણ પરમાત્મા થઇને આહીર સાથે ખાય છે! ત્યારે યજ્ઞાદિકમાં પવિત્રતાઇ શા માટે જોઇએ? એવો તેમને સંદેહ થયો. તેથી તેમણે વાછડાં હાંકી જઇને પર્વતની ખીણમાં સંતાડયાં. ભોજન કર્યા પછી જોયું તો વાંછડાં ન મળે, તેથી ગોવાળીઆઓ ગભરાયા કે વાછડાં ઘેર નહિ જાય તો માબાપો વઢશે. એ વાત કૃષ્ણે જાણી માયાથી તેવાજ રંગનાં વાછડાંઓ બનાવ્યાં. તેથી ગોવાળીઆઓ હર્ષ પામતા ઘેર આવ્યા. એક વખતે ગોવાળીઆઓને દેવોનાં રૂપો આપી દેવતાની સભા બનાવી હતી. એ જોઇ બ્રહ્માએ કૃષ્ણની અલૌકિક માયાની સ્તુતિ કરી. ધેનુ રાક્ષસ આવ્યો હતો. તેની સાથે રમતાં બળરામે માર્યો. એક વખતે ગાયો ચરતી ચરતી ક્યાંક જતી રહી. ગોવાળીઆઓ તેની શોધમાં કૃષ્ણથી જુદા પડી ગયા. ગોવાળો ગાયો શોધતા તરસ્યા થયા. તેમણે યમુનાનું પાણી પીધું, તેના ઝેરથી તેઓ અકળાવા લાગ્યા. કેટલાક અચેત થઈ પડયા. એટલામાં કૃષ્ણે આવી તેમના સામે અમૃત દૃષ્ટિથી જોયું, કે તેઓ આનંદથી ઉભા થયા. એક વખતે નારદના સમજાવવાથી કંસે નંદને કદમનું ફૂલ મોકલાવવા કહાવ્યું. એ વૃક્ષ યમુનાના ઉંડા પાણીનાં ધ્રોમાં જ્યાં કાળી નાગ રહેતો હતો, ત્યાં હતું. તેથી નંદ શોકાતુર થયા, પણ કૃષ્ણે કહ્યું કે ફિકર ન કરો હમણાં હું લઈ આવીશ. એમ કહી ગોવાળીઆઓ સાથે દડીએ રમવા લાગ્યા. રમતાં રમતાં એ દડી કાળીનાગવાળા ધ્રોમાં પડી ગઇ. તેથી ગોવાળીઆએ પોતાની દડી લાવી આપવા તકરાર કરી. કૃષ્ણે તરતજ કદમ ઉપર ચડી યમુનાજીમાં ભૂસકો માર્યો અને જ્યાં કાળીનાગ સૂતો હતો, ત્યાં જઇ પહોંચ્યા. નાગણો તેમનું દિવ્ય સ્વરૂપ જોઈ મોહિત થઈ ગઇ. અને બોલી કે;—ઓ સુકુમાર! બાળક! તું અહીંથી સત્વર નાશી જા. અમારો નાથ કાળીનાગ ઉઠશે તો તમને બાળી નાંખશે. કૃષ્ણે તેમનું બોલવું નહિ ગણકારતાં, નાગને તેની પૂંછડી પકડી જાગૃત કર્યો. નાગે તેને ફુંફાડો મારી સુડ ભેરવી. કૃષ્ણે પોતાનું શરીર વધાર્યું. તેથી નાગ આઘો ખસી ગયો. કૃષ્ણ તેની ફેંણ પગ તળે દાબી નાક વીંધી દોરો પોરવી મોરલી વગાડતા ઉભા રહ્યા. નાગ મોંમાંથી લોહી ઓકવા લાગ્યો અને મરણ તુલ્ય થયો. ભાન થતાં નાગ નાગણીઓએ કૃષ્ણની

સ્તુતિ કરી. કૃષ્ણે તેમને રણદ્વીપમાં જઈ રહેવાનું કહ્યું, પણ નાગે ગરૂડનો ભય બતાવ્યો, ત્યારે કૃષ્ણે ગરૂડને ભલામણ કરી કે તેમને ત્યાં દુઃખ ન દેવું, તેથી નાગ ત્યાં જવા કબૂલ થયો. તેણે કૃષ્ણને ત્રણ ફૂલ તથા બે રત્નો આપ્યાં તે લઈ તેઓ પાછા ઉપર આવ્યા. ત્યારથી યમુનાનું વિષજળ અમૃતરૂપ થયું.

કંસે ધુંધક રાક્ષસને મોકલ્યો. તેણે વૃંદાવનમાં રાત્રે દવ લગાડ્યો. તેથી ચોમેર જ્વાળા પ્રગટી રહી. પશુ, પક્ષીઓ બળવા લાગ્યાં. એ જોઈ સૌ ગભરાઇ ગયાં. આ જોઇ કૃષ્ણે સર્વેની આંખ મીંચાવી દઇને સઘળો અગ્નિ મુખમાં લઇ લીધો અને એ રાક્ષસને માર્યો. પ્રબંધ રાક્ષસ ગોવાળીઆને રૂપે આવી સૌ સાથે રમવા લાગ્યો. તેને ઉડણ પીપળીની રમતમાં બળરામ પાસે મરાવ્યો. ગોવાળ પ્રબંધની લોથ જોવામાં રોકાયા. તેમાં ગાયો બરૂના ખેતરમાં ક્યાંક પેસી ગઈ. ગોવાળો તેને શોધી શોધીને થાકી ગયા. એટલે કૃષ્ણે કદમના વૃક્ષપર ચડી મોરલી બજાવી. આ મોરલીના મધુર નાદથી ગોકુળની સ્ત્રીઓ કામ મૂકીને ઘેલી જેવી બનીને સાંભળવા લાગી. ગાયો કૃષ્ણ સમીપ આવીને ઉભી રહી. વનમાં પશુ, પક્ષીઓ ઝબકી ઉઠ્યાં અને પોતાના માળામાંથી નીકળી સાંભળવા લાગ્યાં. મોર તો કદમના વૃક્ષપર ચડી ડોક ફેરવી એક ચિત્તે સાંભળવા લાગ્યા. એ રીતે તેણે મોરલીના મધુર નાદમાં સર્વેને મોહિત કર્યાં હતાં. સ્ત્રીઓ પાણી ભરવા જાય તેનાં બેડાં ફોડે, મહિયારીઓ પાસે દાણ માગે. વાંસળી વગાડી સર્વેને વિહ્વળ કરે, એમ અનેક ચરિત્રો પોતાની માયાથી કરવા લાગ્યા.

એક દિવસે ગોકુળની સ્ત્રીઓ વ્રત કરતી હતી, તેઓ યમુનામાં સ્નાન કરવા ગઈ હતી, વસ્ત્ર કિનારે મૂકી પાણીમાં નગ્ન સ્નાન કરવા લાગી. વસ્ત્ર રહિત પાણીમાં સ્નાન કરવું એ શાસ્ત્ર અને મર્યાદા વિરૂદ્ધ છે. તેથી કૃષ્ણે તેમને શિક્ષા કરવા પોતાની યોગ માયા પ્રગટી, તેમનાં વસ્ત્રો વૃક્ષપર લટકાવી દીધાં. સ્ત્રીઓને જ્ઞાન થતાં જોયું તો વૃક્ષપર વસ્ત્ર લટકે છે અને માથે કૃષ્ણ બેઠા છે. એવું જોઈ સ્ત્રીઓ લજ્જા પામી મનમાં પશ્ચાતાપ કરવા લાગી, કે હવેથી આવું કૃત્ય કદી કરીશું નહિ. આવો પસ્તાવો થતાંજ વસ્ત્રો હતાં ત્યાં નીચે પડેલાં જોઈ રાજી થતી કૃષ્ણના ગુણ ગાતી ચાલી નીકળી. એ કૃષ્ણનાપર પ્રેમાતુર થઈ મનમાં તેનુંજ ચિંતવન કરવા લાગી, કે એ સાક્ષાત્ પ્રભુરૂપ છે. એક વખતે ઋષિ પત્નીઓનો ભાવ જોવા તેમની પાસેથી ગોવાળો મોકલી ભોજન મંગાવ્યું હતું, પણ તેમણે જેટલું રાંધેલું હતું તેટલું બધું મોકલી આપ્યું. કેટલીક તો કૃષ્ણને દેવાને તથા દર્શને આવી. એ જોઇ ઋષિઓ ગુસ્સે થયા, પણ કૃષ્ણે તેમના મનનું સમાધાન કર્યું. ત્યારે એ શાન્ત

થયા અને કૃષ્ણની અલૌકિક માયા જાણી તેમની સ્તુતિ કરી. ઘણા કાળથી ગોવાળો ઇંદ્રની પૂજા કરતા હતા, તેમને કૃષ્ણે ગોવર્ધન પર્વતની પૂજા કરવાનું કહ્યું. તેથી ઇંદ્રે ગુસ્સે થઇ મૂશળધાર મેઘ વરસાવ્યો. એથી સૌ દુઃખી થવા લાગ્યાં. એવું જોઈ કૃષ્ણે ગોવર્ધન પર્વતને પોતાની ટચલી આંગળીપર છત્રની પેઠે તાળી રાખ્યો અને નીચે સર્વને રાખી રક્ષણ કર્યું. એ જોઈ ઇંદ્રે ગર્વ મૂકી દઈ કૃષ્ણની સ્તુતિ કરી. નંદ એક સમયે પ્રાતઃકાળે યમુનામાં સ્નાન કરી તેના જળમાં ઉભા જપ કરતા હતા. વરૂણના દૂતો તેમને પોતાના સ્વામી પાસે પકડી તેડી ગયા. કૃષ્ણે વરૂણને દર્શન આપી નંદને બતાવ્યું, કે સર્વ દેવો મારી આવી રીતે સ્તુતિ કરે છે. વરૂણે ભેટ આપી તે લઇ બંને પોતાને સ્થળે આવ્યા. કૃષ્ણ રાધાદિક સ્ત્રીઓને નાના પ્રકારના બાહ્ય વિલાસથી વશ કરીને અંતરધ્યાન થઇ ગયા. તેથી સર્વ તેમના વિયોગ દુઃખથી વિહ્વળ થઈ, ત્યારે કૃષ્ણે ફરી પ્રગટ થઈ દર્શન આપ્યું. આઠ વર્ષની બાળ વયે જસોદા પાસે બેઠાં બેઠાં છ માસની રાત્રિ દિવસ કરી, મહા રાસક્રિડામાં સર્વ સ્ત્રીઓની પાસે એક એક કૃષ્ણ ઉભા છે, એવી પોતાની યોગમાયા પ્રગટી સર્વને શૃંગારનું પૂર્ણ સુખ આપ્યું અને સર્વને એવો ચમત્કાર બતાવી તારી હતી.

હંસપુરનો સુદર્શન વિદ્યાધર ધન, સૌંદર્યના મદને લીધે અંગિરા ઋષિના શાપથી અજગર થઇ પડ્યો હતો. તેણે નંદનો અરધો પગ ગળ્યો હતો. કૃષ્ણે તેને પોતાનો ડાબો પગ અટકાડ્યો, કે એ નંદનો પગ મૂકી પૂર્વ સ્વરૂપને પામ્યો હતો. મથુરાંથી વૃષભાસુરે મોટા બળદને રૂપે આવી કૃષ્ણને શીંગડું માર્યું. તેને કૃષ્ણે પકડી હઠાવી યુદ્ધ કરી મારી નાંખ્યો. રાધાના કહેવાથી તેણે ગોવર્ધન પર્વતની પાસે બે તીર્થ કુંડ ખોદાવ્યા. એ કુંડ આજે રાધાકૃષ્ણના નામથી પ્રસિદ્ધ છે. કેશી તથા વ્યોભાસુર મારવાને મથુરાંથી આવ્યા. એ ઘોડા તથા ગોવાળરૂપ રાક્ષસોએ ગોકુળમાં ઘણાં તોફાન કર્યાં; પણ કૃષ્ણે તેમને મારી નાંખ્યા. એથી કંસ ઘણો શોકાતુર થયો અને કલ્પાંત કરવા લાગ્યો. એણે પ્રધાનોના કહેવાથી ધનુર્યાગનો આરંભ કર્યો. અક્રુર ને ગોકુળમાંથી કૃષ્ણ, બળરામને એ યજ્ઞ જોવા બોલાવી લાવવા મોકલ્યા. અક્રુરજી ગોકુળમાં આવ્યા. કૃષ્ણ કાકાને મળી આનંદ પામ્યા. અને અક્રુરજી પણ કૃષ્ણના દર્શન કરી ખુશી થયા. અક્રુરજીએ જાણી લીધું કે કૃષ્ણ સાક્ષાત્ વિષ્ણુ અવતાર છે. એ જાણી તેણે કંસનો સંદેશો કહ્યો- એ સાંભળી કૃષ્ણ ઘણા રાજી થયા. ગોકુળનાં સ્ત્રી પુરૂષો આ સમાચાર જાણી ઘણાં રૂદન કરવા લાગ્યાં. તેઓ કૃષ્ણ વિના ઘડી પણ દૂર રહેવા ઇચ્છતાં નહોતા, એવો તેમનો પ્રેમ હતો. એમને શોકાતુર જોઇ કૃષ્ણે ઘણો ઉપદેશ આપી શાન્ત ક-

ર્યાં. પછી કૃષ્ણ અક્રુરજીના કહેવા પ્રમાણે નંદાદિક ગોવાળો સાથે મથુરાં આવ્યા. અક્રુરજીએ પોતાને ત્યાં પરોણા તરીકે રહેવા ઘણું કહ્યું, પણ તેમણે કહ્યું કે;—મેં હજી કંસને માર્યો નથી અને માતા પિતાને કેદથી મુક્ત કર્યાં નથી, ત્યાં સુધી તમારે ત્યાં મારે પરોણા તરીકે થઇ જમવું એ અયોગ્ય છે. અમે કંસને ઘેર આવ્યા છીએ. હજુ તેને મળ્યા નથી. તેની આજ્ઞા વિના પરોણા તરીકે તમારે ત્યાં જમું તો કંસ મામો દુભાય. માટે હું તમારે ત્યાં પછી એકવાર જમવા આવીશ. હાલ તમો જઇ મામા કંસને મારા આવ્યાના સમાચાર આપો. અને કાળાગૃહ તરફ જઇને મારા માબાપને પણ ઇશારે ખબર આપજો. એમ કહી અક્રુરજીને વિદાય કર્યાં. કૃષ્ણ બળરામે નંદાદિ ગોવાળો સાથે એક વાડીમાં ઉતારો કર્યો. અક્રુરજીએ કંસને કૃષ્ણ આવ્યાના ખબર આપ્યા. એ ખબરથી કંસ ચિંતાતુર થયો, જ્યાં ત્યાં કૃષ્ણનેજ દેખવા લાગ્યો, હોંસકોસ ઉડી ગયા; તોપણ પાપી હોય છે તે નિરાંત કરી બેસતો નથી, તેમણે તો કૃષ્ણને મારવાનોજ ઉપાય આદર્યો હતો.

કૃષ્ણ બળરામે સવારમાં નંદની રજા લઈ મથુરાં નગરીમાં પ્રવેશ કર્યો. વાટમાં કંસનો ધોબી મળ્યો તેણે વસ્ત્ર ન આપ્યાં. એટલે કૃષ્ણે તેની ગળચી દાબી વસ્ત્ર પરાણે લીધાં અને ગોવાળોને પહેરવા આપ્યાં. સામો દરજી મળ્યો તેણે તો કૃષ્ણની પૂજા કરી અને ધોબીનાં વસ્ત્ર ગોપને પહેરવા જેવાં બરાબર કરી આપ્યાં. કંસની દાસી કુબ્જા સામી મળી તેણે કૃષ્ણની ચંદનથી પૂજા કરી. તેથી કૃષ્ણે પોતાના પગનો અંગુઠો તેના પગપર મૂકી, હાથની બે આંગળીએ તેની દાઢી પકડી ઉચકી કે એ કુબડી મટીને દિવ્ય દેહે થઈ ગઇ. કૃષ્ણ મથુરાનગરીમાં પધાર્યા સાંભળી સકળ પ્રજા પ્રેમાતુર થઇ ને કૃષ્ણનાં દર્શન કરવાને દોડી. સ્ત્રી પુરૂષો કંસનો ભય રાખ્યા વિના કૃષ્ણને પુષ્પથી વધાવી લેવા લાગ્યાં. કૃષ્ણ આગળ વાંસુળી વગાડતા હતા. પાછળ ગોવાળીઆઓ નાચતા, કુદતા, ગાતા ને બજાવતા ચાલતા હતા. આ સાંભળીને તો પ્રજા કામ ધામ મૂકીને પણ પાછળ આવવા લાગી. કૃષ્ણની કૃપાથી અપંગો ચાલવા લાગ્યા, બધીરો સાંભળવા લાગ્યા. મુંગાઓને વાચા આપી, આંધળાઓને દેખતા કર્યાં. બાળકોને હીંડવાનું બળ આપ્યું. વૃદ્ધો યુવાન જેવા થયા. રોગીઓ નિરોગી થયા. અજ્ઞાનીઓ જ્ઞાની થયા. અને વંધ્યાઓને ગર્ભ રહ્યા. એ રીતે રોગ, દોષ, અજ્ઞાન, શોક, ભય, ચિન્તા, આળસ, અને અન્યાય એ વગેરે દુર્ગુણો શ્રીકૃષ્ણના મથુરામાં પધારવાથી નાશ પામ્યા. વિવેક, ધર્મ, કરૂણા ભક્તિ, પ્રીતિ, આચાર, જપ, તપ, સત્ય, ક્ષમા, અને ઉદ્યમ એ વગેરે સદ્દગુણોનો વધારો થયો. કંસે ચબુતરા ઉપર ઘણે ઉંચે ત્રણ તાડ લાંબું અને તેવુંજ ભારી લોઢાનું ધનુષ મૂકાવ્યું હતું. દશ હજાર

શરવીરો તેનું રક્ષણ કરતા હતા. એ ધનુષ કંસ પ્રજા પાસે પૂજાવનોં હતો. એ જોવાને કૃષ્ણ ત્યાં ગયા. રખેવાળોએ તેને અટકાવવા પ્રયત્ન કર્યો, પણ એ સઘળાને ખસેડી ત્યાં ગયા અને ધનુષના બે કટકા કર્યા. એ કકડાઓથી રખેવાળોને મારી નાંખ્યા. એ રીતે ધનુષ ભાગી અધર્મનો નાશ કર્યો.

આ સમાચાર સાંભળી કંસ ઘણો દીલગીર થયો. તેમને અનેક ખરાબ સ્વપ્ન આવવા લાગ્યાં. તેથી નિઃશ્વાસ મૂકતો અફસોસ કરવા લાગ્યો. શલ, દુશલ, ચાણૂર, મુષ્ટિક અને કૂટ એ પાંચ વિકાળ મલ્લ સાથે કૃષ્ણને મલ્લ-યુદ્ધ કરાવી મારવાનો વિચાર કર્યો. મથુરામાં ચોકી રખાવી કે રખે કૃષ્ણ ગોકુળ નાશી જાય. એક સાંકડા રસ્તામાંથી આવવાનું હતું. ત્યાં ક્રુર અને તોફાની છકેલો કુવલયાપીડ હાથીને ઉભો રાખ્યો. હાથીને દારૂ પાઇ વધારે છકાવેલો હતો. તેથી આજુબાજુ તોફાન કરતો ઘુમતો હતો. કૃષ્ણને તેડી લાવવા સેવકો મોકલ્યા. આ કૃત્યથી પ્રજા કંસને વધારે ધિક્કારતી હતી. કેટ-લાંક તો મલ્લયુદ્ધ જોવાને મલ્લ અખાડે જઈ ઉભા રહ્યાં હતાં. કૃષ્ણ બળ-રામ નંદની રજા લઈ ગોવાળો સાથે રાજદ્વાર તરફ ચાલ્યા. રસ્તામાં પેલો છકેલો હાથી ઉભો હતો. તેને જોઇ ગોવાળો ચમક્યા. એટલે કૃષ્ણે આગળ જઈ કુંતારને કહ્યું કે, તારો હાથી દૂર ખસેડ પણ તેણે માન્યું નહિ. લોકો હાથીના તોફાનથી હોહા કરી રહ્યાં હતાં. તેના હોહાથી આખી નગરી ગાજી રહી હતી. કુંતારે હાથીને દૂર ન કર્યો. તેથી કૃષ્ણે ગેડી લઇ હાથીનું પૂંછડું પકડી પોતાના પ્રબળ બળવડે તેને ચક્રાકાર ફેરવ્યો. ફેરવતાં ફેરવતાં ઘણે દૂર લઈ ગયા. લોકો આ બાળ નંદપુત્રોને જોઈ ત્રાહે! ત્રાહે! કરતાં હતાં. કૃષ્ણે હાથીને પગમાં જોસથી ગેડી મારી કે તે વધારે ખીજાઓ, તેણે કૃષ્ણપર ચોટ કરી, પણ તેઓ ચૂકાવી દઇ તેના પગ વચ્ચે થઈ બીજી તરફની-કળી ગયા. ફરી ગેડી મારી દૂર જઈ પડી ગયા જેવો ડોળ કરી આડા થઈ પડયા. એટલે કુંતારે તેનાપર હાથી મારી મૂકયો. હાથીએ તેનાપર દ-તૂશળ ભરાવ્યાં, પણ કૃષ્ણ સૂક્ષ્મ શરીર કરી બાજુએ જઈ ઉભા. હાથી પો-તાનાં દંતૂશળ પૃથ્વીમાં પેશી ગયાં હતાં, તે કાઢવાને પ્રયત્ન કરતો હતો. ત્યાં કૃષ્ણે જઈ જોસથી પગની લાત તેના કુંભસ્થળપર મારી, તેની ડોક મરડી મારી નાખ્યો. કુંતારનું પણ શીશ ઉડાવી દીધું. કૃષ્ણે હાથીનાં દંતૂશળ કાઢી લઈ ખભે લીધાં અને ગોવાળો નાચવા કૂદવા લાગ્યા. કૃષ્ણે વાંસળી વગાડવા માંડી, એ રીતે નાચતા, કૂદતા, તાળીઓ પાડતા, ગાતા બજાવતા સૌ મલ્લ અખાડે આવ્યા-કંસ ઉંચે મેડે ચડી જોવા બેઠો હતો, કુવલયાપીડ મરાણાથી ચિત્તમાં ચમક લાગી હતી. અનેક સંકલ્પ વિકલ્પ કરતો હતો. કૃષ્ણ ત્યાંથી નાશી ન જાય તેનો બંદોબસ્ત કર્યો. પોતાની આસપાસ પોતાના આઠ ભાઇઓ અને બીજા

રક્ષકોને ખુલ્લી તરવારોએ ચોકી કરવા ઉભા રાખ્યા. કંસની સ્ત્રીઓ મલ્લ યુદ્ધ જોવાને મહેલની બારીઓમાં બેઠી હતી. કંસની આજ્ઞાથી પ્રધાને કૃષ્ણ બળરામને જણાવ્યું કે;—"તમો કંસને નમીને દર્શન કરો અને આ મલ્લો સાથે મલ્લયુદ્ધ કરો." લોકો કંસની આવી આજ્ઞાથી તેને ધિક્કારવા લાગ્યાં આ અગિઆર વર્ષના સકુમાર બાળકને ક્રુર મલ્લો સાથે યુદ્ધમાં ઉભા રાખે છે. માટે નિશ્ચે આ પાપીનો કાળ નજીક આવ્યો છે. નહિ તો તેને આવું સુઝે નહિ. એવી પરસ્પર વાતો કરવા લાગ્યાં. કૃષ્ણ બળરામ મલ્લ જોડે યુદ્ધ કરવા તૈયાર થયા. આ જોઇને સૌ સ્તબ્ધ થઈ ગયાં. કૃષ્ણ બળરામ યુદ્ધ કરવા લાગ્યા. તેણે ચાણૂર, મુષ્ટીક નામના મલ્લોને માર્યા. એ જોઇ ત્રણ મલ્લો ખડગ લઇ કૃષ્ણ બળરામ જોડે યુદ્ધ કરવા આવ્યા. તેમાં કૃષ્ણે શલ, તોશલ, ને ડાબા પગની લાતે માર્યા. બળરામે કૂટને ડાબા હાથની મુક્કીથી માર્યો. એ જોઈ કંસે ક્રોધ કરી પોતાના શૂરવીર મલ્લોને કહ્યું કે;—એ છોકરાઓને મંડપ બહાર લઈ જઈ મારી નાંખો તથા સર્વે ગોવાળ, વસુદેવ, દેવકી અને ઉગ્રસેનને પણ મારી નાંખો. આવાં વચન સાંભળી કૃષ્ણે પોતાનું સ્વરૂપ વિક્રાળ કર્યું, તેથી કંસની આંખ મીંચાઈ ગઇ, તેનો મુગટ પડી ગયો, કૃષ્ણે તરતજ કૂદકો મારી તેના કેશ પકડી લીધા અને સિંહાસનપરથી ઢાળી પાડ્યો. તેનાપર ત્રિભૂનના ભાર જેટલો ભાર કરી તેની છાતીપર ચડી બેઠા, કે તરત કંસના પ્રાણ ઉડી ગયા. એ રીતે કૃષ્ણે અગિઆર વર્ષની વયે કંસ મામાને માર્યો. તેથી સર્વે સ્થળે જયજયકાર થયો. ઉગ્રસેન, દેવકી, વસુદેવને કાળા ગૃહમાંથી મુક્ત કર્યાં. એ સર્વેને કૃષ્ણ પગે પડ્યા. ઉગ્રસેન જે કંસનો પિતા તેને ફરી રાજ્યાસનપર બેસાડ્યા. નંદને આનંદ આપી ગોકુળ વિદાય કર્યા અને પોતે પોતાના પિતા વસુદેવને મંદિર રહ્યા.

કૃષ્ણના માતા પિતાએ જાણ્યું કે આ મારા પુત્ર સાક્ષાત્ બ્રહ્મરૂપ છે. તેણે પોતાના પ્રબળ બળથી કંસને માર્યો. એ કાંઈ બાળકનું બળ ન હોય. એવા સાક્ષાત્ ઈશ્વરરૂપના અમે માબાપ કેમ થઈ શકીએ! અમારાથી તેનાપર પુત્રભાવ કેમ બનાવાય! કૃષ્ણે તેનો આવો વિચાર જાણી લઇ વસુદેવ, દેવકીપર માયાનું આવરણ કર્યું, કે તેમનામાં પુત્રભાવના પ્રગટી આવી. તેઓ પોતાના પુત્રોને જોઇ મનમાં સંતાપ કરવા લાગ્યાં, કે પુત્રો પરઘેર પરાધિન રહ્યા, અગિઆર વર્ષ ગૌ ચરાવી દુ:ખી થયા. આપણા ઘરમાં પૂરૂં અન્ન પણ રહ્યું નથી, કે તેમને સારૂં સારૂં ભોજન કરાવી જમાડીએ એવો માબાપનો શોચ કૃષ્ણે જાણી લઇ બોલ્યા કે;—અરે! અમે તમારા ચોર છીએ કે આજ સુધી અમે તમારી ચાકરી કરી નથી. અમે તો નંદ, જસોદાનેજ માબાપ જાણ્યાં હતાં. તમે કાળા ગૃહમાં અપાર દુ:ખી થયાં.

અમારા બળને ધિક્કાર છે કે અમે તમને તરત છોડાવ્યાં નહિ ! આ સંસારમાં પુત્રને માબાપ સમાન બીજું કોઇ વહાલું સગું નથી. પુત્રને માતા એ દેવીરૂપ છે. પિતા ભગવાન રૂપ છે. માબાપના પગમાં સર્વે તીર્થ રહ્યાં છે. માબાપને છોડીને જે તીર્થ કરવા જાય, દાન, પુણ્ય કરે એ સર્વે વૃથા છે. એતો રાખમાં હોમ કરવા જેવું છે. માબાપની સો વર્ષ સેવા કરીએ અને તેમને સોનાભાર તોળી દાન કરીએ, તોપણ માબાપે જે શીનકાળમાં એક રાત્રિ પુત્રની સેવા કરી હોય છે તેની બરોબર થતું નથી. એવી અપાર ઉપકારવાળી માબાપની સેવા છે. જેણે માબાપને દુઃખ આપ્યું, તે પુત્ર દૈત્ય સમાન સમજવો. એ કૃતઘ્ની પુત્ર ઉપર ઇશ્વરની અવકૃપા થાય છે. તે દરિદ્રી થઇ પરઘેર રહી દુઃખી થઇ પેટ ભરે છે. જેણે માબાપની સેવા કરી નથી તે નીચની વેડ કરે છે. જે માબાપનો તિરસ્કાર કરે તે પશુનો અવતાર પામે છે અને તેના શરીરમાં કીડા પડી કાગડાઓ ચાંચનો પ્રહાર કરે છે. જે પુત્ર પોતાની સ્ત્રીને વશ થઇને માબાપને વૃદ્ધાવસ્થામાં પરહરે છે. તે ધનનો લોભી કુતરાનો અવતાર પામે છે. જે પોતાના શરીરના પોષણનેજ ઇચ્છી બેન ભાણેજને તજી દે તે ડુક્કરનો અવતાર પામે છે. જે સાસરામાં રહીને પેટ ભરે, નીચ મિત્રોની સોબત કરી તેમનું કહ્યું માને, યોગિને ક્રુર વચન કહે, તેની કેડમાંથી રોગ જતો નથી. ગુરૂને શિષ્યે, મોટા ભાઇને નાનાભાઇએ વિષ્ણુરૂપ માનવા લાયક છે. દાસને પોતાનો ધણી પૂજનીક છે. સ્ત્રીને પોતાનો પતિ ઇશ્વરરૂપ છે. જેને જે માનવા લાયક છે, તેને તે દેવ જેવાં સમજવાં. જે મનુષ્ય સેવવા યોગ્ય છે, તેની સેવા કરતાં નથી, તો તે આ ભવજળમાં બુડયો સમજવો. અમે આજ સુધી તમારી સેવા કરી નથી. અમે વૃંદાવનમાં રમતા ફર્યા અને તમારા પગમાં બેડી રહી, એ અમારો અપરાધ તમે ક્ષમા કરશો. અમો તો તમારા પુત્રરૂપ કડવાં ફળ છીએ. ફરી ઘરસુત્ર મંડાયે તમને આગળ ઘણાં સુખ આપીશું. અમે તમને મોટા થઇ સુખ આપીએ ત્યારેજ અમે રામકૃષ્ણ તમારા ખરા પુત્ર સમજશો. વગેરે મધુર વચનો કહી માબાપને આનંદ આપ્યો.

કૃષ્ણ બળરામને વસુદેવે જનોઇ દીધું. પછી ઉજ્જન પાસેના વનમાં વસતા સંદીપન ઋષિને ત્યાં વિદ્યાભ્યાસ કરવા મોકલ્યા. તેઓએ ગુરૂની સેવા કરી થોડા દિવસમાં વેદ, ઉપવેદ, ન્યાય, તત્ત્વજ્ઞાન, ધનુર્વિદ્યા અને નીતિશાસ્ત્ર વગેરેનો અભ્યાસ કરી લીધો. ગુરૂને ગુરૂ દક્ષિણામાં તેનો પુત્ર જે સમુદ્રમાં ડૂબી ગયો હતો, તેને પાછો લાવવા પાંચ જન્ય દૈત્યને માર્યો હતો. તેનું શંખ રૂપ તન પોતે લીધું હતું. એ વગાડી તેણે યમને દર્શન આપી ત્યાંથી ગુરૂ પુત્રને લઇ આવ્યા હતા. ઓધવને મોકલી ગોકુળમાં સ્ત્રી પુરૂષોની પ્રેમ ભ-

ક્તિ કેવી છે એ દેખાડી, તેના જ્ઞાનનો ગર્વ મૂકાવ્યો હતો, અક્રુરને હસ્તિનાપૂર મોકલી પોતાની ફૈઇના પુત્રો પાંડવોની સ્થિતિ કેવી છે, તે હકીકત મેળવી હતી. પાંડવો કૌરવોથી ઘણું દુઃખ પામે છે, એ જાણી તેણે સંકલ્પ કર્યો કે મોટું યુદ્ધ કરાવી દુર્યોધનાદિ દુષ્ટ રાજાઓનો સંહાર કરી ભૂભાર ઉતારવો. મગધનો રાજા જરાસંધ ઘણો જોરાવર અને દુષ્ટ હતો. એ કંસનો સસરો થતો હતો. કંસ જમાઈ મરાણાથી એ ઘણો ગુસ્સે થયો હતો, તેણે હજાર મણની એક ગદા મથુરામાં પડે એવી રીતે ફેંકી, પણ કૃષ્ણે સામી ગદા ફેંકી તેથી એ ગદા મથુરા બહાર પડી. જરાસંધ ત્રેવીશ અક્ષોણી સૈન્ય લઈ લડવા આવ્યો. મથુરાને ઘેરી લીધું. કૃષ્ણ બળરામ ઉગ્રેસનની રજા લઈ એ સામે યુદ્ધ કરવા ગયા. કૃષ્ણે પોતાના પ્રબળ પરાક્રમથી શત્રુ સૈન્યનો સંહાર કર્યો. બળરામ જરાસંધને ગળામાં હળ ભેરવી મારી નાંખના હતા, પણ કૃષ્ણે જણાવ્યું કે હજુ તેના મૃત્યુને વાર છે માટે છોડી મૂકો. જરાસંધ લજ્જિત થઈ સ્વદેશ ગયો અને ફરી યુદ્ધ કરવા આવ્યો, પણ હારી નાશી ગયો. એમ સતરવાર યુદ્ધ કરવા આવ્યો ને સતર હારી નાશી જવું પડયું. તેથી લજ્જિત થઇને વનમાં તપ કરવા ચાલી નીકળ્યો. નારદે જઈ સમજાવી ફરી યુદ્ધ કરવા માટે મોકલ્યો. જરાસંધના તરફથી કાળયવન યુદ્ધ કરવા આવ્યો. યુદ્ધમાં નકામાં ઘણાં પ્રાણીઓનો સંહાર થાય, માટે એ મુખ્યનેજ મારવાની કૃષ્ણે યુક્તિ રચી. પોતે સમુદ્ર પાસેથી બાર યોજન જમીન મેળવી, એ બેટમાં વિશ્વકર્મા પાસે સર્વ યદુવંશીઓ સમાઈ રહે, એવી ઉત્કૃષ્ટ દ્વારિકાં નગરી રચાવી. યોગ માયાને આજ્ઞા કરી એક રાત્રિમાં સર્વ સંપત્તિ સહિત સર્વને ત્યાં દાખલ કરાવ્યાં. યાદવોએ સવારે ઉઠી જોયું, તો ચારે પાસ સમુદ્ર દીઠો. એ જોઈ પ્રથમ તો ગભરાટ ઉઠયો, પણ પછી જાણ્યું કે એ સર્વ કૃષ્ણની ઈચ્છાથી થયું હશે, એમ જાણી તેઓ કૃષ્ણનાં વખાણ કરવા લાગ્યા. કાળયવન ત્યાં યુદ્ધ કરવા આવ્યો. એ સામે કૃષ્ણ એકલા યુદ્ધ કરવા ગયા. કાળયવન પણ પોતાના પરાક્રમના ગર્વમાં સૈન્યને મના કરી પોતે રથમાંથી નીચે ઉતરી સામે યુદ્ધ કરવા ઉભો. બંને વચ્ચે ભયંકર યુદ્ધ થયું. કૃષ્ણે યુક્તિથી નાશવાનો ડોળ કર્યો, તેની પાછળ કાળયવન પણ દોડયો. કૃષ્ણ ગંધમાદન પર્વતની ગુફામાં જ્યાં મુચકુન્દ સૂતા હતા; ત્યાં આવી પોતાનું પીતાંબર ધીમેથી તેનાપર ઓઢાડી છૂપાઈ ગયા. કાળયવન ત્યાં આવ્યો. તેણે જાણ્યું કે આ મારો વેરી કૃષ્ણ સૂતો છે માટે તેને જગાડી મારૂં. એમ વિચારી તેને લાત મારી, તો મુચકુન્દના આંખના ક્રોધાગ્નિમાં બળી ભસ્મ થયો. કૃષ્ણે જઈ કાળયવનના સૈન્યમાં લૂટ ચલાવી. એ વખતે જરાસંધ અઢારમી વખતે યુદ્ધ કરવા આવ્યો. કૃષ્ણ યુદ્ધકળા વાપરી નાશવાનો ડોળ કરી એક પર્વતપર

ચડી ગયા. જરાસંઘે પર્વતને આગ લગાડી જાણ્યું કે કૃષ્ણ બળી ગયા હશે. એવું સમજી એ જતો રહ્યો.

કૃષ્ણ ત્યાંથી દ્વારિકામાં આવ્યાં. વૈદર્ભ દેશની રૂક્મિણિનું હરણ કર્યું. રૂક્મિણિને હરિ લાવતાં, રૂક્મ, શિશુપાલ, અને જરાસંઘ સાથે યુદ્ધ કરવું પડયું. તેમાં એ સઘળાને તેણે હરાવ્યા. સત્રાજિતનો મણિ ખોળવા જતાં, તેણે જાંબુવાન સાથે યુદ્ધ કરી, તેને રામ સ્વરૂપે દર્શન આપ્યું. જાંબુવાન સાક્ષાત્ વિષ્ણુનું દર્શન પામી આનંદ થયો. તેણે આગ્રહથી પોતાની કન્યા જાંબુવતીને એ સાથે પરણાવી. સત્રાજિતને કૃષ્ણે મણિ લાવી આપ્યો. તેના ઉપકારના બદલામાં પોતાની પુત્રી સત્યભામાને એ સાથે પરણાવી. પ્રાગ જ્યોતિષ્ટપુરનો નરકાસુર ઘણો અધર્મિ હતો. એ આજુબાજુના રાજા, પ્રજાપર જુલમ કરતો હતો. ઘણા રાજાઓની કન્યાઓને બળજોરીથી પકડી લાવી પોતાના નગરમાં પૂરી હતી. એ નરકાસુર તથા તેના મંત્રીને કૃષ્ણે મારી તેના પુત્ર ભગદંતને સિંહાસન ઉપર બેસાડયો. રાજાઓની સોળ હજાર એકસો કન્યાઓને છોડાવી મુક્ત કરી. એ સાથે પોતે લગ્ન કર્યું. એ પ્રસંગે સત્યભામાને કલ્પવૃક્ષની ઇચ્છા થઇ. તેથી તેણે ઇંદ્રની ઇચ્છા વિરૂદ્ધ તેના નંદન બાગમાંથી એ વૃક્ષ સત્યભામાને લાવી આપ્યું. બાણાસુર મહા બળીઓ હતો. તેની સાથે યુદ્ધ કરી તેના હજાર હાથમાંથી ચાર હાથ રાખી બાકીના કાપી નાંખ્યા. એ રીતે એનો ગર્વ ઉતાર્યો. નૃગ રાજા શાપથી અંધારા કૂવામાં પડયો હતો. તેને ચરણ અટકાડી દિવ્ય દેહે કર્યો. બળરામને ગોકુળમાં રાસ રમવા મોકલ્યા. પુંડ્રરિક—મિથ્યા વાસુદેવનું નામ ધારણ કરી જુલમ કરતો હતો. પ્રજા એના રાજ્યમાં દુઃખી હતી. અધર્મ ઘણો વધી ગયો હતો, એને પણ મારી પ્રજાને સુખી કરી, નીતિ ધર્મનો વધારો કર્યો. દ્રૌપદીના સ્વયંવરમાં પાંડવોને પ્રથમ ગુપ્ત રીતે અને પછી પ્રગટ સહાય કરી તેમને જય અપાવ્યો હતો. અર્જુન તીર્થ યાત્રા કરી દ્વારિકામાં આવ્યા. ત્યારે કૃષ્ણે વિચાર્યું કે સુભદ્રા સર્વ રીતે અર્જુનને યોગ્ય છે. એવો વિચાર કરી, બીજા પોતાના મતથી વિરૂદ્ધ પડે, માટે અર્જુન પાસે સુભદ્રાનું હરણ કરાવ્યું. એ જોઇ બળરામ એની પાછળ ગયા, પણ કૃષ્ણે સમજાવી પાછા વાળ્યા અને અર્જુન સાથે સુભદ્રાનો વિવાહ કર્યો, કૃષ્ણ ઇંદ્રપ્રસ્થ ગયા હતા. ત્યારે તેઓ અર્જુનના સારથિ થઇ ખાંડવ વનમાં ગયા હતા. પાંડવોને રાજ્યસુયજ્ઞ કરવાની ઇચ્છા થઇ. તેનો કૃષ્ણ સાથે મળી પ્રારંભ કર્યો. મગધ દેશનો જરાસંઘ જબરો રાજા હતો. તેનું જોર તોડવાનો કૃષ્ણે પ્રથમ વિચાર કર્યો. ભીમને લઇ પોતે એ સામે લડાઇ કરી. ભીમે એ સાથે છવીશ દિવસ યુદ્ધ કર્યું. અંતે તેને ભીમને હાથે મરાવી નાંખ્યો. મગધની ગાદી જરાસંઘના

પુત્ર સહદેવને આપી. વીશ હજાર આઠસો રાજાઓ એને ત્યાં કેદ હતા, એ સર્વેને મુક્ત કર્યા. એ સર્વે રાજાઓને ભેટ લઇને રાજ્યસુયયજ્ઞમાં આવવાની આજ્ઞા કરી, ઇંદ્રપ્રસ્થ આવ્યા.

રાજ્યસુયયજ્ઞની ધામધૂમ ચાલી રહી, બ્રાહ્મણોનું એઠું કાઢવાનું કામ કૃષ્ણે પોતાને હાથે રાખ્યું હતું. એક બ્રાહ્મણના પ્રેતને કૃષ્ણે પોતાના બ્રહ્મચર્યવ્રતથી સંજીવન કર્યું હતું. હવે શિશુપાળનું નિકંદન કાઢવાનો વિચાર રાખ્યો હતો. એ ઘણો મદાંધ હતો, કૃષ્ણને હાથે ઘણીવાર હાર પામ્યો હતો. એ કૃષ્ણનું શ્રેષ્ટપણું જોઇ શકતો નહોતો. એ પોતાને સર્વથી શ્રેષ્ઠ ગણતો હતો. રાજ્યસુયયજ્ઞ સમાપ્ત થયા પછી સર્વ રાજાઓને વિદાયગીરી આપતી વખતે રાજાના રાજા કૃષ્ણને સર્વથી શ્રેષ્ઠ ગણી ધર્મે—યુધિષ્ઠિરે તેમની પ્રથમ પૂજા કરી, એ શિશુપાળ સાંખી શક્યો નહિ. તે કૃષ્ણને અદેખાઇથી ગાળો દેવા લાગ્યો, કૃષ્ણે નવાણું ગાળ સાંખી સોમી ગાળ જ્યારે આપી, ત્યારે તેણે શિશુપાળનું શીર સુદર્શન ચક્રથી ઉડાવી દીધું. એથી સર્વ સ્થળે જયજયકાર થયો. એ રીતે શિશુપાળને મારી કૃષ્ણ દ્વારિકામાં આવ્યા. આવી શૈલ્ય સાથે યુદ્ધ કરી તેને માર્યો. દન્તવક્રને કૌમદકી ગદાથી અને વિદૂરથને સુદર્શનથી મારી નાંખ્યા. સુદામો જે પોતાની સાથે સંદીપન ઋષિને ત્યાં શિક્ષણ લેવામાં હતો. એ ગુરૂ બંધુ પાછળથી દરિદ્રી સ્થિતિમાં આવ્યો હતો. તેથી એ એક વખતે પોતાની સ્ત્રીના આગ્રહથી કૃષ્ણ પાસે આવ્યો. કૃષ્ણ પોતાના ગુરૂ બંધુને જોઇ રાજી થયા, અનેક પ્રકારે પ્રેમ સહિત સત્કાર કર્યો, તેનું દારિદ્ર ટાળી સુખી કર્યો. પછી કૃષ્ણે પાંડવોની પીડા ટાળવાનો વિચાર કર્યો. દુર્યોધનાદિ કૌરવો પાંડવોને ઘણું દુઃખ દેતા હતા. સતી દ્રૌપદીનાં વસ્ત્રો દુઃશાસને ભર સભામાં ખેંચવાનો પ્રયત્ન કર્યો હતો. એ વખતે પણ કૃષ્ણે ગુપ્તપણે રહી સતીને વસ્ત્રો પૂરાં પાડી લાજ રાખી હતી.

કૃષ્ણે કૌરવોને અનેકવાર સમજાવ્યા કે તમો પાંડવોને રાજ્યનો થોડો પણ ભાગ આપો, તમો પાંડવોપર દ્વેષ રાખો નહિ, પણ તેણે માન્યું નહિ. જેનો નાશ થવાનો હોય, તે કોઇ સત્પુરૂષોની શિખામણ માનતા નથી, ત્યારે તેનો સત્વર નાશ થાય છે. કૌરવોનો જુલમ ઘણો ઘણો હતો. તેઓ પૃથ્વીપર માત્ર બોજારૂપ હતા. તેના દુઃખ જુલમથી પ્રજા પોકાર વધી ગયો હતો. એ ઇશ્વિર કેમ સહન કરી શકે ! તેણે કૃષ્ણ કે કોઇની શિખામણ માની નહિં. ત્યારે અંતે યુદ્ધ કરવાનો ઠરાવ થયો. પાંડવ, કૌરવ બંને કૃષ્ણના સગા હતા, પણ અંતે "ધર્મે જય અને પાપે ક્ષય" ઇશ્વર પરોક્ષ રીતે સત્યનેજ ત્રાજવે બેસે છે, સત્યનોજ પક્ષ ખેંચે છે. કૃષ્ણે અધર્મિઓનો નાશ કરવાને ધાર્યું હતું. પાંડવ, કૌરવ યુદ્ધની તૈયારી કરવા લાગ્યા. અર્જુન અને દુર્યોધન બંને કૃષ્ણની સહાયતા માગવા

આવ્યા. કૃષ્ણે પોતે યુદ્ધ કરવા ઉભા રહેવાની ના પાડી, પણ પોતાનું સૈન્ય મોકલવાની હા પાડી. દુર્યોધને સૈન્ય માગ્યું. તેપરથી કૃતવર્મા જાદવને એક અક્ષૌહિણી સૈન્ય સાથે મોકલ્યો. અર્જુને કૃષ્ણને કહ્યું કે, તમે યુદ્ધ ન કરશો, પણ તમો અમારી સાથે રહેશો. તેપરથી કૃષ્ણે તે સાથે રહેવાની ખુશી બતાવી. ફરી યુદ્ધિષ્ઠિરે કૃષ્ણ સાથે દુર્યોધનને કહાવ્યું, કે યુદ્ધ ન કરતાં થોડું પણ રાજ્ય આપો, પણ તેણે ચોખ્ખી ના પાડી. એથી કૃષ્ણને ક્રોધ ચડયો. તેઓ નિરાશ થઇ યુદ્ધિષ્ઠિર પાસે આવ્યા. યુદ્ધની તૈયારી થઇ. અર્જુને રાજ્યને માટે કુળનો નાશ થાય એવા ભયથી મૂર્છા ખાધી હતી. તે વખતે કૃષ્ણે તેને આગળ કૌરવોનો નાશ થવાનોજ છે એ સઘળું પોતાની માયાથી દશ્ય સ્થુળરૂપે દેખાડયું. એટલે—"જે શુદ્ધ ચૈતન્ય પોતે કલ્પનામાં સર્વજ્ઞ છે આ સૃષ્ટિમાં આગળ જે બનવાનું છે. એ સઘળું સ્થુળરૂપે કૃષ્ણની માયાવી કલ્પનાથી દેખાઇ આવ્યું. તેમાં કાર્ય કરતા પણ પોતે જણાયા. એ સઘળું પ્રથમ જે સૂક્ષ્મ રીતે ઉત્પન્ન થયેલું હતું, તે જણાઈ આવ્યું. ભિષ્મ, દ્રોણ, અને કર્ણ વગેરે જીવતા હતા. તે છતાં શુદ્ધચૈતન્યનો આભાસજ આગળ નાશ થવાનો છે એ સઘળું ભવિષ્ય જણાઇ આવ્યું હતું."

આ સિવાય પણ કૃષ્ણે અર્જુનને ઉપદેશ આપ્યો કે;—"આ દેહનો સ્વામી જીવાત્મા એક શરીરનો ત્યાગ કરી, બીજામાં પ્રવેશ કરે છે. ત્યારે તે પોતાની સાથે જેમ વાયુ પુષ્પનો સુગંધ લઇ જાય છે, તેમ મન અને બીજી ઇંદ્રિયોને પોતાની સાથે લઇ જાય છે. મનુષ્ય પ્રાણીના કર્મનું બંધન કરનાર માત્ર પ્રકૃતિ છે. સઘળાં કર્મો પ્રકૃતિથી થાય છે. કર્મનો આધાર જ્ઞાનવાળી સ્થિતિપર રહેલો છે. સઘળાં કર્મો ઉપાધિને યોગે થઇ શકે છે અને તેનાજ યોગે સુખ દુઃખ પ્રાપ્ત થાય છે. ઉપાધિજ મનુષ્યને પુનર્જન્મ કરાવનારી છે. કૈવલ્ય મોક્ષને પામવાનું સાધન માત્ર એક કેવળ શુદ્ધ ચૈતન્યની ઉપાસના અને તેનીજ એકાગ્રહતા કરી તેમાં લીન થવાથી થાય છે." ઇત્યાદિ બોધ ગીતામાં કહેલો છે, એ બુદ્ધિ માન પુરૂષોએ મનન કરવા યોગ્ય છે. ગીતાનો અભ્યાસ કરી તેનો નિશ્ચય જીવાત્મા સાથે કર્યાથી અદ્ભૂત લાભ થાય છે. અર્જુનને કૃષ્ણના સત્ય સિદ્ધાંતનો નિશ્ચય થયો. ત્યારે એ યુદ્ધ કરવા લાગ્યા. શત્રુદળનો સંહાર કર્યો. યુદ્ધમાં કૃષ્ણને શસ્ત્ર ધરવાનો નિયમ હતો, તોપણ જ્યારે અર્જુન ભીષ્મના બાણથી મૂર્છિત થઇ પડ્યા હતા. ત્યારે કૃષ્ણે સુદર્શન ચક્ર હાથમાં લઇને સર્વને થરથરાવ્યા હતા. આ યુદ્ધમાં કૃષ્ણે પાંડવોને યુક્તિઓ બતાવી, દુર્યોધનાદિ કૌરવોનો નાશ કરાવ્યો અને પાંડવોને જય અપાવ્યો. યુદ્ધ પૂરૂં થયા પછી યુદ્ધિષ્ઠિરને ધામધૂમથી પોતે શંખ વગાડી હસ્તિનાપુરના સિંહાસનપર બેસાડ્યા. એ રીતે પાંડવોને નિર્વિઘ્ન રાજ્ય કરવાનું

સોંપી પોતે દ્વારિકામાં આવ્યા. દ્વારિકામાં રહી ઓધવાદિને તત્વજ્ઞાન સંભળાવ્યું હતું. એક સમયે ઉગ્રસેન અને વસુદેવ વિના સર્વ યાદવોને લઇને કૃષ્ણ પ્રભાસની યાત્રા કરવા ગયા. અહિં યાદવો સમુદ્ર કિનારે મદિરા પીને મસ્ત થયા. એ કેફની ધુનમાં પરસ્પરનાં વખાણ કરવા લાગ્યા, તેમાં કજીઓ ઉઠયો, પરસ્પર શસ્ત્ર ખેંચાણાં, તેમાં સર્વ મરણ પામ્યા. આ સઘળું કૃષ્ણની ઇચ્છાથીજ થયું હતું. તેમની ઇચ્છાથીજ યાદવોને દુર્વાસા મુનિનો શાપ થયો હતો. આ સર્વ જાદવો કપાઇ મુઆ એ વખતે કૃષ્ણ બળરામ દૂર જઈ બેઠા હતા. એ રીતે સર્વનો અગાઉથી નાશ કરી પોતે તથા બળરામે વૈકુંઠ જવાનો વિચાર કર્યો. બળરામે લંગોટી વાળી સમુદ્ર કિનારે દેહ તજી દઈ વૈકુંઠ વાસ કર્યો. પછી કૃષ્ણે જવાની ઇચ્છાથી ચતુર્ભુજ સ્વરૂપ ધારણ કર્યું. પીપળાને થડે જમણો પગ ડાબા પગના ધુંટણપર મૂકી એક ધ્યાનથી બેઠા હતા, ત્યાં તેમની ઇચ્છાથીજ બળી વાંદરાનો અવતાર જરા નામનો કોળી નિમિત કારણે ધનુષ લઈ આવ્યો, તેણે કૃષ્ણ પરમાત્માના ચળકતા પગને હરણની આંખ જાણી બાણ માર્યું. પછી પાસે આવી કૃષ્ણને જોઇને પસ્તાવો કરવા લાગ્યો. કૃષ્ણે તેને દિલાસો આપ્યો કે એ મારી ઇચ્છાથીજ થયું છે, તારે માટે વિમાન આવે છે. એમ કહેતાંજ વિમાન આવ્યું કે તે વિમાનથાં બેસી વૈકુંઠ ગયો. એવામાં કૃષ્ણનો સાર્થિ દારૂક આવ્યો. તેને કૃષ્ણે કહ્યું કે;—મારા સ્વધામ ગયાની અને યદુવંશીઓના મરણની વાત તું દ્વારિકામાં કરજે, અને કહેજે કે હવે દ્વારિકા સમુદ્રમાં ડૂબી જશે. માટે તમો સર્વ સ્ત્રી બાળકો અને ધન માલ લઇ અર્જુન સાથે હસ્તિનાપુર જજો. વળી અર્જુનને કહેજે કે મારા જવાનો શોચ નહિ કરતાં ગીતામાં જે જ્ઞાન કહ્યું છે, તે સત્ય જાણી મારા ચરણમાં ચિત્ત રાખજે. દારૂક! મારા ભજન, સ્મરણથી તું મુક્તિ પામશે. એટલું કહેતાં સર્વ દેવતાઓ વિમાનમાં બેસી કૃષ્ણને તેડવા આવ્યા પણ કૃષ્ણ આંખો મીંચી ધ્યાન ધરી વિજળીની પેઠે ચમકાર કરી પોતાના મૂળ સ્વરૂપમાં ભળી ગયા. એ રીતે કૃષ્ણે અનેક દુષ્ટ અધર્મિઓનો સંહાર કરી ભૂભાર ઉતાર્યો. કાળને અનુકુળ ધર્મ, નીતિ, ન્યાય, અને વિવેકની સ્થાપના કરી સ્વધામમાં ગયા. એ મોટા પરોપકારી ને નિર્લોભી હતા. એ રાજ્ય વંશી છતાં ગોવાળીઆની સ્થિતિમાં ઉછર્યા હતા. એ ચંદ્રવંશી યયાતી રાજાના પુત્ર યદુતેના વંશના હતા. એનું રાજ્ય આખી પૃથ્વીના સર્વ દેશોમાં પ્રસરણ પામ્યું હતું. દ્વારિકા તેની રાજ્યધાની હતી. એના મણિનું નામ કૌસ્તુભ, એના સાર્થિનું નામ દારૂક, એ આકાશમાં રાક્ષસો સાથે યુદ્ધ કરતી વખતે ગુરુડપર બેસતા હતા. એના ખડ્ગનું નામ નન્દક, શંખનું નામ પાંચ જન્ય, એના મુખ્ય શસ્ત્રનું નામ સુદર્શન હતું. એવી ગદાનું નામ કૌમોદકી હતું. એઓ શૃંગારમાં

વિલાસી હતા. રણમાં એની બરોબરી કરી શકે એવું કોઇ નહોતું. તેમની મુખ મુદ્રા અવલોકન કરનારાઓના મનમાં જુદા જુદા ભાવ પ્રગટ થતા હતા, વગેરે કૃષ્ણે પોતાની અલૌકિક માયા દેખાડીને પોતાનું પ્રભુત્વ દર્શાવી આપ્યું છે. ધન્ય શ્રીકૃષ્ણ ! ! !

ધનુર્વિદ્યામાં પ્રવિણ, પરદુઃખ ભંજન.

અગસ્ત્ય ઋષિ.

આ મહા પ્રતાપી પરદુઃખ ભંજન મુનિવર પોતાના પ્રબળ પરાક્રમથી આર્યાવર્તમાં એક તેજસ્વી તારારૂપે ગણાઇ ગયા છે. જગતમાં સર્વદા ગુણનોજ આદર થાય છે, ગુણુજ પૂજાય છે અને ગુણથીજ સર્વદા કુળ મર્યાદા રહેલી છે, મોતી છીપમાં પાકે છે, તેથી મોતીનો કાંઇ અનાદર થતો નથી. કમળ કીચડમાં ઉત્પન્ન થાય છે, પણ તેનાં પદ્મ પુષ્પનો ઘણો આદર થાય છે; તેમ અગસ્ત્ય મુનિવરનો જન્મ કુંભમાં થયો, પણ ગુણે કરીને મહા આદરને પાત્ર ઠર્યા હતા. "બાપ જેવા બેટા" થાય, પણ અધિક તો ઇશ્વર કૃપાથી થવાય છે. તેમ અગસ્ત્ય અધિક પ્રતાપી થયા હતા. તેના પિતા મિત્રાવરૂણ મહા તપસ્વી અને સિદ્ધિવાન હતા. નિત્ય તપ, જપ, બ્રહ્મધ્યાન, અનુષ્ટાન અને ક્રિયા કર્મમાં કુશળ હતા. તેમનો આશ્રમ સમુદ્રકિનારે હતો. સમુદ્ર કોઇ દિવસ મુનિનાં વસ્ત્ર, કોઇ દિવસ આસન, કોઈ દિવસ કમંડળુ અને કોઇ દિવસ પાત્ર એમ તાણી જવા લાગ્યો. તેથી મુનિ અકળાયા, ઘણો ક્રોધ ચડયો, ક્રોધથી તેમણે સમુદ્રના જળનું પાન કરી જાય એવો પરાક્રમી પુત્ર પેદા કરવાનો વિચાર કર્યો. મૃતિકાનો એક અદ્ભુત કુંભ બનાવ્યો. તેમાં પોતાનું તેજ—શુક્ર મૂક્યું. કુંભને ઘણી સંભાળથી એકાંત સ્થળે રાખ્યો. પુરા માસ થતાં કુંભ ભાગી તેમાંથી એક તેજસ્વી અદ્ભૂત આકૃતિનો યજ્ઞોપવિત અને કટીસૂત્ર સહિત પુત્ર નીકળ્યો. મુનિએ એનું નામ અગસ્ત્ય પાડયું. એનો જન્મ કુંભમાં થયો. માટે એને કુંભજ પણ કહે છે. એનો જન્મ વૈદિકકાળ વૈવસ્વત મન્વંતરમાં થયો હતો. એ પિતાની આજ્ઞાથી વિદ્યાભ્યાસ માટે કાશી ક્ષેત્રમાં ગયા હતા. અહિં તેમણે અનેક પ્રકારની વિદ્યા સંપાદન કરી હતી. સંસારથી વિરક્ત રહેવાનો તેમનો વિચાર હતો, પણ પિતાએ વંશ રક્ષા કરવાની આજ્ઞા કરી તેથી તેણે વિવાહ કરવાનો સંકલ્પ કર્યો. પોતાને યોગ્યરૂપ, ગુણ સંપન્ન કન્યા રત્ન મેળવવા માટે શોધ કરવા લાગ્યા. સ્થિર ચિત્તે નેત્રો મીંચીને જગતનાં જેટલાં સૌંદર્ય હતાં તેનો તપાસ કરી વળ્યા, પણ પોતાને યોગ્ય કોઇ સુંદરી જણાઈ નહિ. મહાત્માના હૃદયમાં એકલું રૂપસાગર ઉછળ્યા

રહ્યું, તે વેળાએ વિદર્ભ દેશનો રાજા પુત્રની ઇચ્છાથી તપશ્ચર્યા કરતો હતો. તેની સ્ત્રીના ગર્ભમાં એ તેજસ્વી મહાત્માએ પોતાના પ્રબળ તપોબળથી પોતાના હૃદયમાં ઉછળી રહેલું રૂપસાગર નિર્માણ કર્યું. તેથી પુરા માસ થતાં રાજાને ત્યાં પુત્રને બદલે પુત્રી ઉત્પન્ન થઇ. રાજા પોતાની ઇચ્છા વિરૂદ્ધ પ્રાપ્તી થવાથી આશ્ચર્ય પામ્યો. પુત્રની મુદ્રા લોપાઇ પુત્રી પેદા થઇ. તેથી રાજાએ તેનું નામ લોપામુદ્રા પાડયું. લોપામુદ્રા યોગ્ય વયે આવતાં રાજાએ તેનો સ્વયંવર કરવા ધાર્યો હતો, પરંતુ તેટલામાં અગસ્ત્ય મુનિએ આવી તેની માગણી કરી. આ તપસ્વીની માગણીથી રાજા વિચારમાં પડયો. લોપામુદ્રાએ પોતાના પિતાને વિચારમાં ગરકાવ થયેલા જોઈ કહ્યું કે, પિતાજી ! શા માટે વિચાર કરો છો ? એમાં વિચાર કરવાનું કશું કારણ નથી. હું ઋષિને પતિ કરી કૃતાર્થ થઇશ. તેથી હું મારાં ધન્ય ભાગ્ય સમજું છું. ઋષિને પતિ કરી હું મારી જીંદગીનું સાર્થક કરી શકીશ. માટે મને ખુશીથી એ સાથે પરણાવો. રાજા પોતાની પુત્રીનો વિચાર જોઈ તેને મુનિ અગસ્ત્ય સાથે પરણાવી. મુનિ પોતાની પત્નીને સાથે લઇ કાશી ક્ષેત્રમાં આવ્યા. ત્યાં આવી ગૃહસ્થાશ્રમ આદર્યો.

આ મુનિવર મહા તેજસ્વી, પરાક્રમી, તત્ત્વવેત્તા, શરીરે ઠીંગણા, મહા પરોપકારી, બુદ્ધિવાન, વિદ્વાન, હિંમતવાન, હુશિઆર અને શોધક હતા. એ ધનુર્વિદ્યામાં મહા સમર્થ હતા, ધનુષ બાણ સાથે રાખીનેજ ફરતા હતા. રાજાઓ ધર્મ નિંદક, પ્રજાપીડક, અધર્મિ, અને ક્રુર થતા, ત્યારે આ મુનિવર શસ્ત્ર ધારણ કરીને પાપ કર્મ કરનારાઓને હણતા હતા. એવા અધર્મિઓ અને તેમના સંગીઓ સાથે યુદ્ધ કરી તેમનો સંહાર કરતા હતા, યુદ્ધ કર્મ તેમનું નિત્યને માટે નહોતું, પણ ધર્મ સંરક્ષણાર્થે તથા પ્રજા સુખાર્થે વખતે વખતે ક્ષાત્ર કર્મ કરતા હતા. જ્યારે જૂલમગાર લૂટારાઓનો ભય વધતો, ત્યારે તેઓ શસ્ત્ર ધારણ કરી તેમનું મૂળ શોધીને સત્વર નાશ કરતા અને પ્રજાની પીડા ટાળતા. અગસ્ત્યની અમીર ટોળીનું નામ સાંભળીને જૂલમગારો અને લૂટારાઓ ત્રાસ પામતા હતા. તેમણે પોતાના તપોબળ અને પરાક્રમથી હજારો જૂલમગારો અને લૂટારાઓને માર્યા હતા. એમના ભયથી ત્રાસ પામી ઘણાઓએ એ ધંધો તજી દીધો હતો. સ્ત્રી ઉપર જૂલમ ગુજારનાર ઉપર પણ તેમનો ત્રાસ હતો. એ સમર્થ વિદ્વાન હતા. એની પાસેથી દ્રોણાચાર્ય તથા દ્રુપદ રાજા ધનુર્વિદ્યાનો વ્યુહ રચના શીખ્યા હતા. ભૂમિના ઘણા દેશોમાં તેમણે મુસાફરી કરી હતી. હોડીની રચના શોધી કાઢી તેણે સમુદ્ર શોધ કરી હતી. તેમણે નૌકાશાસ્ત્ર બનાવેલું કહેવાય છે, પણ અર્વાચીન એ માલમ પડતું નથી. નિઃસ્વાર્થપણે ઘણા દેશોમાં ફરી તેમણે ધર્મોપદેશનું કાર્ય બજાવ્યું હતું. અનેક ઉત્તમ કાર્યોથી તેઓ દેવ, દાનવો, ઋષિ, મુનિઓ, રાજા

અને પ્રજામાં મોટાં માન પાનને પામ્યા હતા. પ્રજા તેમને પૂજ્ય ગણુતી હતી. એ મહાત્માને લોપામુદ્રાના ગર્ભથી દ્રઢસ્ય અને દ્રઢસ્યુ એ બે પુત્રો થયા એ મહા તેજસ્વી હતા. ત્રીજો અગ્નિ વેસ્ય પણ ઘણોજ પરાક્રમી હતો. દ્રઢસ્યુ બાળપણમાં ઇન્ધન એકત્ર કરતો હતો. તેથી એ ઇધ્મવાહ નામથી પણ અતિ પ્રસિદ્ધ થયો છે. એની વંશ વૃદ્ધિ કરનારા દશ પુત્રો થયા છે. તેનાથી એનો વંશ ઘણો વિસ્તારને પામ્યો છે. એનાં ત્રણ પ્રવર ગણાય છે. લંબાણ થવાના ભયથી તેની વિશેષ હકીકત આ જગ્યોએ દર્શાવી નથી.

આ તપસ્વી મુનિવરને ત્યાં વિન્ધ્યગિરી વશિષ્ઠ સાથે વેર કરીને આવ્યો હતો. દાસ થઇને તેમના કહેવા પ્રમાણે વર્ત્તતો હતો. એ ગિરીએ સૂર્યનો માર્ગ બંધ કરવાનો વિચાર કર્યો હતો. તેથી પ્રાણી માત્રના વિઘ્ન નિવારણાર્થે દેવોની પ્રાર્થનાથી અગસ્ત્ય ઋષિ ગિરી પાસે ગયા હતા. ગિરી ઋષિનાં દર્શન પામી દંડવત પ્રણામ કરવા સૂતો, ત્યારે અગસ્ત્યે તેમને સૂતાજ રહેવાની આજ્ઞા કરી અને કહ્યું કે મારી આજ્ઞા થાય ત્યારેજ ઉઠજે. કદી ઉઠીશ તો હું તને શાપ આપીને બાળી ભસ્મ કરીશ. એ રીતે વિન્ધ્યગિરીનો ગર્વ તોડયો. તેમને ઉઠવાની આજ્ઞા થઈ નહોતી વાયદાપર વાયદા કર્યા હતા. તેથી "અગસ્ત્યના વાયદા" એવું લોકોમાં કહેવાય છે. આતાપી, વાતાપી અને ઇલ્વિણ એ ત્રણ દુષ્ટ અસુરો કપટી હતા. વનમાં રહી તેમણે કપટથી ઘણા વટેમાર્ગુઓ અને મુનિઓને મારી નાંખ્યા હતા. તેમનું સર્વસ્વ લૂટી લીધું હતું. તેથી ઘણો ત્રાસ વર્ત્તી રહ્યો હતો. આતાપી ફળરૂપે અને વાતાપી જળરૂપે થતો અને ઇલ્વિણ દાતારૂપે આશ્રમ બાંધી માર્ગમાં રહેતો. વટેમાર્ગુઓને સત્કાર કરી આશ્રમમાં તેડી લાવતો, નવાઈ સરખાં ફળ ખવરાવી, જળપાન કરાવતો હતો. એ ફળ, જળ, રૂપે અસુરો પેટમાં પેસી અંદરથી પેટ ફાડી બહાર નીકળતા અને વટેમાર્ગુ મરણ પામતા. તેમનું સર્વસ્વ પછી હરણ કરી લેતા હતા. આવા તેમના જૂલમથી પ્રજા કંટાળી ગઈ હતી. મુનિઓ ખેદ કરતા હતા. તેથી ઘણા મુનિઓ મળી અગસ્ત્ય ઋષિ પાસે ગયા. તેમણે કપટીઓના કપટ વૃત્તાંતથી વાકેફ કર્યા અને જણાવ્યું કે, એ દુષ્ટોને શિવના વરદાનથી શાપ લાગતો નથી. માટે હવે શું કરવું? મુનિ તેમનાં આ વચન સાંભળી તરતજ એ દુષ્ટને આશ્રમે આવ્યા. એ અસુરે નમન કરી વિવેક બતાવ્યો અને બોલ્યા કે;—મહારાજ! આજ તો અહીંજ અમારા પરોણા તરીકે રહો. આ ફળ પ્રાશન કરી જળનું પાન કરો અને અમને પાવન કરો. મુનિ બોલ્યા—હું તમને પાવન કરવાજ આજે આવ્યો છું. જે અસુરો જળ, ફળ રૂપે થયા હતા. તે મુનિને આપ્યાં. મુનિ તેનું પ્રાશન કરી ગયા, પેટે હાથ ફેરવ્યો. તેથી એ અસુરો પેટમાં બળવા લાગ્યા. વખત થઈ જતાં અસુરો મુનિનું પેટ ફાડી બહાર નીકળ્યા નહિ. ત્યારે

ઇલ્વણે હાક મારી કે મુનિના ઉદરમાંથી અસુરો બોલ્યા કે અમને જઠરાગ્નિમાં બાળીને પચાવ્યાં છે, તને પણ મારી નાંખશે. એ સાંભળી ઇલ્વણ અસુર શસ્ત્ર લઇ નાઠો. મુનિ પણ ધનુષ લઇ તેની પાછળ ગયા. અગસ્ત્યનો ચોર જાણી ત્રિભૂવનમાં કોઇએ તેને સંઘર્યો નહિ. તેથી અસુર નિરાશ થઇ જળરૂપે થઈ સાગરમાં બેઠો. સાગરને એ ચોર કાઢી આપવાનું મુનિએ જણાવ્યું, પણ તેણે કાઢી આપ્યો નહિ. તેથી કળસોદ્ભવ ક્રોધાયમાન થયા. પોતાના તપોબળથી સાગરના જળનું શોષણ કર્યું. એ રીતે તેનો ગર્વ ઉતાર્યો. સાગર સૂકાઈ જવાથી જળચરો તરફડવા લાગ્યાં. તેથી દેવોએ મળી કુંભજ—અગસ્ત્ય ઋષિની પ્રાર્થના કરી. મુનિએ દેવોની પ્રાર્થનાથી સાગર હતો તેવો કરી દીધો. ત્યારથી સાગર ખારો થયો કહેવાય છે. અગસ્ત્યે જળ ફળ ખાઈ પેટપર હાથ ફેરવી અસુરોને જઠરાગ્નિથી પચાવ્યા હતા. તેપરથી આજે પણ ઘણે ઠેકાણે ભોજન કર્યા પછી અગસ્ત્ય ઋષિનું નામ લઈ પેટપર હાથ ફેરવે છે. તે એવા હેતુથી કે અગસ્ત્ય પ્રતાપથી ખાધેલો ખોરાક જઠરાગ્નિ બરાબર પાચન કરી દે. અગસ્ત્ય ઋષિનો આશ્રમ એકજ જગ્યોપર નહોતો. સુતીક્ષ્ણ મુનિએ રામને વનવાસમાં જે પ્રકારનો માર્ગ દેખાડયો હતો, તે જોતાં તેનો આશ્રમ દંડકારણ્યમાં હોવો જોઇએ. દંડકારણ્ય ગોદાવરીના ઉત્તર કિનારાપર છે. મહાભારતમાં જણાવ્યું છે કે તેનો આશ્રમ ગયા પાસે હતો. દંડકારણ્ય નામ પડવાનું કારણ એવું જણાવ્યું છે કે, દંડક નામનો વિદર્ભ દેશનો રાજા હતો. તેણે પાપ કર્મ કરવાથી ભૃગુઋષિએ તેને તથા તેની ભૂમિ અને તેમાં વસનારા સર્વને શાપથી બાળીને ભસ્મ કર્યાં હતાં. તેમાં જે વન થયું, તે દંડકારણ્ય નામથી પ્રસિદ્ધ થયું છે. પછી કેટલેક કાળે અગસ્ત્ય મુનિએ સ્વર્ગથી અમૃત લાવી દંડકની ભૂમિપર છાંટયું. તેથી એ વન નવપલ્લવ થઈ રહ્યું હતું. તે પછી અગસ્ત્ય પોતાની પત્ની અને પુત્રો સહિત ત્યાં જઇને આશ્રમ બાંધી રહ્યાં હતાં. દ્રાવિડાદિ તરફના લોકોએ એની પાસેથી નાના પ્રકારની વિદ્યા સંપાદન કરી હતી. આ સમર્થ મુનિવર નહુષ રાજાની છાવણી લઇને ફરતા હતા. એક વખતે એ મહારાજા દેવતાઈ વાહન શિબિકા ઉપર બેસીને જતો હતો. તેનો પગ એકાએક મહર્ષિના શરીર પર લાગ્યો. એ અપરાધથી અગસ્ત્યે નહુષ રાજાને શાપ આપી સર્પ રૂપ કરી દીધો હતો. રામ વનવાસ જતી વખતે સીતા અને લક્ષ્મણ સહિત એ મહર્ષિને આશ્રમે આવ્યા હતા. મુનિએ તેમનો ઘણી પ્રકારે સત્કાર કર્યો હતો. અખંડ ચાપ, અક્ષયભાથા, શસ્ત્રઅસ્ત્ર, અને એકપ્રચંડ તીક્ષ્ણ બાણ આપ્યું હતું. બાણ આપતી વખતે તેમણે જણાવ્યું હતું કે રાવણ સાથે યુદ્ધ થાય, ત્યારે આ બાણ છેવટ મૂકજો. કે તેથી તમારો જય થશે. રામે ઋષિનું માન રાખી એ

સર્વે ગ્રહણ કર્યું હતું. રામને નિવાસ કરવાને તેમણે પંચવટીની પવિત્ર ભૂમિ બતાવી હતી. તેમજ રામને શૈવી દિક્ષા પણ તેણેજ આપી હતી. આ મુનિવર નિરંતર બ્રહ્મ ધ્યાનમાં રહેતા હતા. તપશ્ચર્યા તેમણે મહાકષ્ટ વેઠીને કરી હતી. તેથી દેવો પણ એનાપર પૂર્ણ સંતુષ્ટ હતા. એ વિષે ઋગ્વેદના એક મંત્રમાં અગસ્ત્યે પોતાની પત્ની પ્રત્યે કહ્યું છે કે;—"જુઓ! તમે અને હું બંને તપશ્રમ દ્વારા થાકી ગયા છીએ. તે વ્યર્થ થનાર નથી. કારણ કે દેવતાઓ આપણી તપશ્ચર્યાથી ખુશી થયા છે. તેઓ આપણી રક્ષા કરે છે. આપણે તપઃપ્રભાવથી સઘળી વસ્તુમાં વ્યાપી રહેલા છીએ. અપરિચિન ભોગ પ્રાપ્તીને માટે આ જગતમાં આપણે જય મેળવ્યો છે. કારણ કે સારી રીતે સંમિલિત તમે અને મેં સંગ્રામમાં જય કર્યો છે." ઇત્યાદિ. એ મહર્ષિ આકાશમાં દક્ષિણ તરફ નક્ષત્ર રૂપે અખંડ રહ્યા છે. એ નક્ષત્રને અગસ્ત્યનો તારો કહે છે. વગેરે પોતાના આત્મબળના પરાક્રમથી એ જગતમાં અખંડ કીર્ત્તિ રાખી ગયા છે. ધન્ય અગસ્ત્ય જેવા પરદુઃખભંજન મહાત્માને! કે જેઓએ નિઃસ્વાર્થે પરોપકારી કાર્યો કરવામાં અને પોતાના જીવતરનું સાર્થક કરવામાં નિરંતર ચિત્તને લગાડયું હતું. ભલે તેમણે ભૂમિપર અવતાર લીધો!! જન્મતો આવા પુરૂષોનોજ લેખે ગણાય છે. વિજય વાર્તા.!!!

મહાન્ પ્રજાપતિ—કશ્યપ ઋષિ.

આ મુનિરાજ બ્રહ્માના માનસપુત્ર મરીચી ઋષિના પુત્ર, એ પ્રજાપતિ હતા. એને અરિષ્ટ નેમી પણ કહે છે. એની માતાનું નામ કલા. એ કર્દમ મુનિની પુત્રી અને કપિલ દેવની બેન થાય. કશ્યપ મુનિરાજ પીગળેલા સુવર્ણ સરખા મહા તેજસ્વી હતા. એની જટા અગ્નિ જવાળા જેવી પીંગળી હતી. અગ્નિની પેઠે એની પાસે કોઇથી પણ જઈ શકાય નહિ, એવા મહા પ્રતાપી જણાતા હતા. સર્વ ઋષિ મુનિઓમાં એની શ્રેષ્ઠતા વશેષ હતી. મહારાજા દક્ષ પ્રજાપતિની અદિતિ, દિતિ, દનુ, દનાયુ, કાલા, કપિલા, ક્રોધા, પ્રાધા, ઇલા, વિનતા, સિંહિકા, મુનિ અને કદ્રૂ એ તેર કન્યા પ્રજાવૃદ્ધિ માટે પરણ્યા હતા. આ સિવાય તેને બીજી પણ સ્ત્રીઓ હતી. સૌથી મોટી અદિતિ હતી, એ ઋષિને ઘણી પ્રિય હતી. અદિતિથી બાર આદિત્ય અને પછી ઇંદ્ર વગેરે દેવતાઓ થયા. દિતિ નામની સ્ત્રીથી મયદાનવ વગેરે દૈત્યો થયા. કશ્યપની સ્રષ્ટિમાં દેવ, દૈત્ય, મનુષ્ય ઇત્યાદી પ્રાણીઓ ઉત્પન્ન થયાં છે. આ મંત્રદ્રષ્ટા ઋષિના કુળમાં મુખ્ય પોતે, તેના અવત્સા-

ર અને અસિત ઋષિ મળી ત્રણ થયા. અવત્સાર ઋષિના નિધ્રુવ અને રૈભ. રેભના રૈભ્ય. શાંડિલ્યના શાંડિલ્ય ઋષિ થયા. અવત્સારની સ્ત્રીનું નામ માલમ નથી, પણ અસિત ઋષિની એકપર્ણા નામે સ્ત્રી હતી. નિત્ય ઋષિ અને દેવલ એ શાંડિલ્ય વંશમાં થયા. એ વંશ પ્રખ્યાત થયો છે. કશ્યપ ઋષિના મુખ્યત્વે કરીને નિધ્રુવ રેભ, અને શાંડિલ્ય એ ત્રણ વંશ મોટા છે. એમની પ્રવર વ્યવસ્થા નિધ્રુવ કુળનાં—કશ્યપ, અવત્સાર. નૈધ્રુવ એ ત્રણ પ્રવર છે. રેભ કુળનાં—કશ્યપ, અવત્સાર, રૈભ્ય એ ત્રણ પ્રવર છે. શાંડિલ્ય કુળનાં—કશ્યપ, અવત્સાર. શાંડિલ્ય એ ત્રણ પ્રવર છે. શાંડિલ્ય વંશ ઘણો ચાલ્યો છે. એ કુળનાં કશ્યપ, અવત્સાર, અસિત, એ ત્રણ પ્રવર તથા કશ્યપ, અવત્સાર, દેવલ એ ત્રણ પ્રવર અને કશ્યપ, અસિત દેવલ એ ત્રણ પ્રવર એ રીતે તેનાં ત્રણ પ્રકારનાં ત્રણ પ્રવર છે. વળી એમાં વાસિષ્ઠ વંશ પણ ઘણો ચાલ્યો છે. તેનાં—કશ્યપ, અવત્સાર અને વાસિષ્ઠ એ ત્રણ પ્રવર છે. એ પ્રમાણે એ કુળની પ્રવર વ્યવસ્થા છે.

આ મહા મુનિરાજ સપ્તર્ષિમાં મુખ્ય ગણાયા છે. એનો વંશ વિશેષ વિસ્તાર પામેલો છે. ઇંદ્રને મદદ કરવા માટે બળીરાજાને છળવા વિષ્ણુ ભગવાને વામનરૂપે કશ્યપ ઋષિની પત્ની અદિતિને પેટે અવતાર ધારણ કર્યો હતો. સમુદ્ર મથન જ્યારે થયું અને વિષ્ણુએ મોહિની સ્વરૂપ ધરી દૈત્યોને મારી નાખી દેવતાઓને અમૃત પાન કરાવ્યું હતું. ત્યારે દિતિએ કશ્યપ ઋષિના ઘણા કાલાવાલા કર્યા તે ઉપરથી મુનિરાજ કશ્યપે તેને કહ્યું હતું કે, તું હજાર વર્ષ શુદ્ધ રહીને તપ કરીશ, તો તને ઇંદ્રાદિક દેવોથી વિશેષ બળીઓ પુત્ર થશે. તે દેવોને મારી તારા મરી ગયેલા પુત્રોનું વેર લેશે, એવું તેણે વચન કહ્યું હતું. આ સુર અસુરના મૂળ પુરૂષ મુનિરાજ કશ્યપનો આશ્રમ મેરૂ પર્વતના શિખરપર હતો. ત્યાં એક વખતે પ્રલ્હાદના મોકલવાથી મયદાનવ તથા સૂર્યપ્રભે આવી મુનિરાજને પ્રણામ કર્યા. ઋષિ પોતાના પુત્રોને ઘણા કાળે આવેલા જોઈ આનંદ થયા. તેને પાસે બેસારી કહ્યું કે;—પુત્ર મયદાનવ ! તું સઘળી વિદ્યા ભણ્યો છે. સત્ય માર્ગથી ચળ્યો નથી. સદા ધર્મ માર્ગે ચાલે છે. માટે તું પ્રસંસા પાત્ર છે. આ સૂર્યપ્રભ પણ પૂરો પુણ્યવાન છે. તેને વિદ્યાધરનું ચક્રવર્તી પદ મળવાનું છે એ ઘટીત છે. માટે તમો સદા ધર્મને માર્ગે ચાલજો. અધર્માચરણ કદી કરશો નહિ. તમો જો ધર્માચરણ કરશો, તો હમેશાં સુખ અને ઉત્તમ સંપત્તિ મેળવશો. અને તેમ વર્તશો તો પ્રથમ જેમ તમારો દેવતાઓથી પરાજ્ય થયો હતો, તેમ થશે નહિ. ધર્મેજય અને અધર્મે હાની થાય છે. એ લક્ષમાં રાખશો.' અસુરોએ જ્યારે ધર્મનો ત્યાગ કર્યો હતો, ત્યારેજ તેઓ ઇંદ્રાદિને આધિન થયા હતા

અને અસુરોને દેવોએ માર્યા હતા. એ સર્વ હાલ વીર મનુષ્યો થઇને અવતર્યા છે. તારો નાનો ભાઈ સુમંડીક હતો તે હાલ આ સૂર્યપ્રભના નામથી અવતર્યો છે. ત્રિશિરા નામનો અસુર સિદ્ધાર્થ નામનો તેનો કાર્યભારી અવતર્યો છે. વગેરે અસુરોના અવતારનું વર્ણન મયદાનવ પાસે કરી બતાવ્યું. એવામાં મધ્યાહ્નનો સમય થયો. એટલે અદિદિ જે સર્વમાં મુખ્ય છે. એવી દક્ષની કન્યાઓ, જે કસ્યપમુનિની સ્ત્રીઓ હતી. તે પોતાના પતિની આજ્ઞા પ્રમાણે આહ્નિક કર્મ કરીને પતિ પાસે આવી. મય વગેરે દાનવોએ ઉભા થઇને પ્રણામ કર્યા. અદિતિ વગેરેએ તેમને આશીર્વાદ આપ્યો. સર્વ મળીને બેઠાં હતાં, ત્યાં મુનિવર કસ્યપનાં દર્શન કરવાને માટે પોતાના લોકપાળો સાથે લઇને ઇંદ્ર પણ આવ્યો. ઇંદ્રે પિતાશ્રી મુનિરાજ તથા સર્વ સ્ત્રીમંડળને ચરણમાં પડી પ્રણામ કર્યા. મયદાનવ વગેરેએ ઇંદ્રને પ્રણામ કર્યા. સર્વ શાન્ત થઇને બેસી ગયા; પછી ઇંદ્ર, સૂર્યપ્રભ જેને વિદ્યાધરોનું ચક્રવર્તી રાજ્ય મળવાનું હતું, તેનાપર રોષે ભરાઇને મયદાનવને માઠું લાગે એવું બોલ્યો. તે સાંભળી મયદાનવ બોલ્યો કે;—"દેવરાજ! ઇંદ્રની પદવી શિવજીએ તમારે માટે અને વિદ્યાધરનું રાજ્ય સૂર્યપ્રભને માટે નિર્માણ કર્યું છે." આ સાંભળી ઇંદ્ર ક્રોધ કરી હસ્યો. ગર્વથી શ્રુતશર્માનો પક્ષ ખેંચી ઉડાવવાની વાત કરી. એપરથી મયદાનવે કટાક્ષ વચનો કહ્યાં. આ સાંભળી ઇંદ્ર ગુસ્સે થયો. મયદાનવપર વજ્ર ઉગામી ઉભો થયો. કસ્યપ મુનિએ તેમનો આવો અવિવેક જોઈ ક્રોધથી હોકારો કર્યો. દિતિ વગેરેનાં મુખ પણ લાલચોળ થઈ ગયાં. સર્વ ઇંદ્રને ધિક્કાર આપવા લાગ્યાં.

મુનિરાજ કસ્યપ અને અદિતિ વગેરે સામે થયેલાં જોઇ ઈંદ્રિ મનમાં ડરી ગયો કે રખેને તેઓ શાપ આપે. તેથી ઇંદ્રે પોતાનું વજ્ર મ્યાન કર્યું. મુનિરાજને પ્રણામ કરી આસનપર બેઠો. કેટલીક રીતે તેમને પ્રસન્ન કરીને હાથ જોડી પ્રણામ કરતો વિનતી કરવા લાગ્યો કે;—"મહારાજ! મુનિરાજ! મેં શ્રુતશર્માને વિદ્યાધરનું ચક્રવર્તી રાજ્ય આપ્યું છે. તે રાજ્ય છીનવી લેવાને સર્વ પ્રકારે સહાય કરવાને આ મયદાનવ તૈયાર થયો છે. માટે મારે શું કરવું?" આ સાંભળી કસ્યપ બોલ્યા;—ઇંદ્રિ તને જેમ શ્રુતશર્મા પ્રિય છે, તેમજ શિવને સૂર્યપ્રભ પ્યારો છે. માટે શિવનો પ્રેમ કંઇ નિષ્ફળ જાય નહિ. વળી આ કાર્યમાં મદદ કરવાની શંકરે મયદાનવને ભલામણ કરી છે. માટે તું મય દાનવને શા માટે ઠપકો આપે છે? તેના કહેવા પ્રમાણે તેનો આમાં કશો અપરાધ જણાતો નથી. એ વડીલો તરફ નમ્રતાથી વર્તે છે. તું જો તેને કાંઈ પણ દુઃખ આપીશ, તો અમે તારા ઉપર ક્રોધ કરી તને બાળીને ભસ્મ કરી મૂકીશું, તું અનીતિ કદી કરીશ નહિ.

મને નીતિવાળોજ પ્રિય છે. તું આના પરાક્રમને શું જાણતો નથી? તારૂં આની આગળ કંઈ ચાલવાનું નથી" આ સાંભળી ઇંદ્ર શરમાઈ ગયો. મનમાં ભય પામ્યો અને તેથી નમ્ર થઇ ગયો. પછી કસ્યપ બોલ્યા કે;—"ઇંદ્ર! તારો શ્રુતશર્મા, સૂર્યપ્રભ આગળ કશા લેખામાં નથી. સૂર્યપ્રભ કાન્તિવાળો અને દિવ્ય લક્ષણો છે. એ સર્વ પ્રકારે વિદ્યાધરના ચક્રવર્તી રાજ્યને યોગ્ય છે. મુનિનાં આવાં વચનો સાંભળી પાસે બેઠેલા દેવોએ, લોકપાળોએ તથા સ્ત્રીમંડળે તેમના મતને ટેકો આપ્યો. વળી ઇંદ્રના દેખતાંજ મુનિરાજે મયદાનવના ગુણ જોઈ વરદાન આપ્યું કે;—"પુત્ર! તારા ઉપર ઇંદ્રે વજ્ર ઉગામ્યું, તો પણ તું કંઇ બોલ્યો નહિ. નમ્ર થઇને બેસી રહ્યો. માટે તારૂં શરીર વજ્રનું થશે. તને જરા મૃત્યુ આવશે નહિ, તેમ શસ્ત્રથી તારૂં શરીર વીંધાશે નહિ. આ સૂર્યપ્રભ પણ તારા જેવો પરાક્રમી થશે. કોઈ પણ શત્રુ પરાજય કરી શકશે નહિ. તને જ્યારે આપત્તિ આવે, ત્યારે તમે શરદ ઋતુના ચંદ્ર સરખા તેજસ્વી મારા પુત્ર સુવાસ કુમારનું સ્મરણ કરશો. એટલે એ આવી તમને સહાય કરશે." આવી રીતેજ લોકપાળોઓએ, ઋષિ મંડળે તથા પાસે બેઠેલી અદિતિ, દિતિ વગેરે સ્ત્રીમંડળે પણ વરદાન આપ્યાં. પછી અદિતિએ કહ્યું કે;—"ઇંદ્ર! તું અવિનય કરમાં. મયદાનવને સમજાવ. હાલજ તેં વિનયનું ફળ જોયું. એને વિનયથી કેવાં વરદાન મળ્યાં!" એ સાંભળી ઇંદ્ર મયદાનવનો હાથ પકડી તેને પ્રેમથી મળ્યો, મુનિરાજ વગેરેને પ્રણામ કરી સૌ સૌને સ્થાનકે ગયા.

મુનિરાજને નીતિજ વહાલીજ હતી. જે ધર્મ નીતિએજ ચાલે તેજ તેને પ્યારો હતો. અવિવેકી તેને અળખામણો લાગતો. અધર્મિનો પક્ષ કરતા નહિ. ગમે તો પોતાનો પુત્ર હોય તોપણ શું થયું? આ મુનિરાજની પૂર્ણ કૃપાથીજ નરવાહનદત્ત રાજા ચક્રવર્તી રાજાની શ્રેષ્ઠ પદવીને પામ્યો હતો. એટલુંજ નહિ પણ એ મહા નિર્વિકારી, રાગ દ્વેષ રહિત અને પ્રજા પાળક થયો હતો. એ સઘળો એ મુનિરાજનોજ પ્રતાપ હતો. જેવાએ પ્રજાપતિ તરીકે પ્રજા વૃદ્ધિના કાર્યમાં શ્રેષ્ઠ હતા. તેવાજ પોતાની પ્રજાને સર્વ રીતે ઉત્કૃષ્ટ બનાવવમાં પણ શ્રેષ્ઠ હતા. તેમની પ્રજા પણ મહાપરાક્રમી અને શ્રેષ્ઠ હતી. તેઓનો પ્રતાપ ચારે તરફ પ્રસરી રહ્યો હતો. તેમની સ્ત્રીઓ પણ મહાજ્ઞાની અને ઉત્કૃષ્ટ બુદ્ધિની હતી. ઉત્કૃષ્ટ માબાપના પુત્રો ઉત્કૃષ્ટનીવડે એમાં શું નવાઈ! આ મુનિ નિરંતર ધર્મોપદેશનું કાર્ય બજાવતા અને પૃથ્વીની પ્રજાને સત્ય ધર્મે ચલાવવા પ્રયત્ન કરતા હતા. તેથી "કસ્યપ ભગવાન" એવા મહત પદને પામી ગયા છે. એ શ્રેષ્ઠવક્તા હતા. કોઇનો પણ પક્ષપાત કરતા નહિ. તેમજ એ નિર્લોભી અને નિડર હતા. સત્ય કહેવામાં કોઇની

પરવા રાખતા નહિ. તેણે સ્મૃતિ ગ્રંથ રચેલ છે. સર્વ દેવ, દાનવો અને મનુષ્યો તેની આજ્ઞા માનતા. શિવ જેમ કૈલાસપર રહેતા, તેમ આ યોગીરૂપે મેરૂપર્વતના શિખરપર બ્રહ્મ—પરમાત્માના ધ્યાનમાં મગ્ન રહેતા હતા. વગેરે કાર્યો કરી એ મહાત્મા પોતાના આત્મબળથી શ્રેષ્ઠપણાને પામી અમર કીર્ત્તિ રાખી ગયા છે.

તત્વદર્શી—વસિષ્ઠ.

આ પરમ સત્યવક્તા બ્રહ્મર્ષિ સ્વાયંભુવ મન્વંતરમાં બ્રહ્મદેવના દશ માનસપુત્રોમાંના એક. વસિષ્ઠ બ્રહ્મદેવના પ્રાણ વાયુ થકી ઉત્પન્ન થયા હતા. કર્દમ પ્રજાપતિને નવ કન્યા હતી, તેમાં આઠમી અરૂંધતી વેરે પરણ્યા હતા. બીજી ઉર્જા નામની સ્ત્રી હતી. તેને ચિત્રકેતુ ઈત્યાદિ ૭ પુત્રો હતા અને અરૂંધતીને હવીંદ્ર, સુકૃત, મૂર્તિ, આપ, જ્યોતિ, અય, અનિસ્મય એ સાત પુત્રો હતા. આ મન્વંતરમાં ઉત્પન્ન થએલા દશ માનસપુત્રો મહાદેવના શાપથી નાશ પામ્યા હતા. તેથી બ્રહ્મદેવે ફરી વૈવસ્વત મન્વતરમાં દશ માનસપુત્રો ઉત્પન્ન કર્યા હતા. વસિષ્ઠ અગ્નિના મધ્ય ભાગમાંથી ઉત્પન્ન થયા હતા. અક્ષમાલા નામની તેને સ્ત્રી હતી. આ ચાલુ મન્વંતરમાં એ સૂર્યવંશી ઈક્ષ્વાકુ કુળના કુળ ગુરૂ હતા. એ વંશના ત્રીજા રાજા નિમિને વસિષ્ઠે ઉપાધ્યાય થઇને ઘણા યજ્ઞ કરાવ્યા હતા. એક વખતે તેણે હજાર વર્ષના યજ્ઞનો આરંભ કર્યો. વસિષ્ઠને ઉપાધ્યાય થવાને આમંત્રણ કર્યું; પણ ઇંદ્ર પાંચસેં વર્ષનો યજ્ઞ કરતો હતો, તેનું આમંત્રણ પ્રથમથી કબૂલ કર્યું હતું. તેથી કહ્યું કે હું ત્યાંથી યજ્ઞ કરાવી આવું તે પછી તું યજ્ઞનો આરંભ કરજે, એવું કહી વસિષ્ઠ યજ્ઞ કરાવવા ઇંદ્રને ત્યાં ગયા, ઇંદ્રનો યજ્ઞ પૂરો કરી આવી જોયું, તો નિમિ રાજાએ ગૌતમને ઉપાધ્યાય કરી યજ્ઞનો આરંભ કર્યો હતો. આ જોઈ પોતાને અપમાન કર્યું સમજી, ક્રોધથી નિમિ રાજાને શાપ આપ્યો કે, "તારો દેહ નાશ પામો." આપરથી નિમિરાજાએ પણ શાપ આપ્યો કે "ગુરૂનો દેહ પણ નાશ પામો." એવી રીતે બંનેના દેહ પડી ગયા. બ્રહ્માએ વસિષ્ઠજીની આવી અવસ્થા જોઈ કહ્યું કે;—"તું મિત્રાવરૂણને ત્યાં ફરી જન્મ લે. ત્યાં તારૂં નામ વસિષ્ઠજ પડશે. તને પૂર્વના એ જન્મનું પણ સ્મરણ રહેશે." આ પરથી વસિષ્ઠે મિત્રાવરૂણના તેજમાં પ્રવેશ કર્યો. તેને ત્યાં પુત્ર રૂપે જન્મ્યા. તેની માતાનું નામ કુંભ હતું. તેનું વસિષ્ઠ નામ પડ્યું. એ ફરી ઈક્ષ્વાકુળમાં ઉત્પન્ન થયેલા વિકુક્ષિ એટલે શશાદ રાજાના કુળ ગુરૂ થયા અને નારદજીની બેન અરૂંધતી વેરે પરણ્યા હતા. તેને જ્ઞાન કેળવણી આપી મહાસતી, પુ-

વિદ્વાન, અને જ્ઞાની બનાવી હતી. એ બંને કેવળ ધર્મ સ્વરૂપ હતાં. અરૂન્ધતીને શક્તિ આદિ સો પુત્રો થયા. અરૂન્ધતીએ વેદપર ભાષ્ય કર્યું છે. વસિષ્ઠે આશ્રમ ધર્મ ચલાવવા માંડ્યો હતો. એ સદા યોગી વેષે રહેતા હતા. એને દાઢી લાંબી હતી. માથાના કેશ કેશરી રંગના પાઘડીની પેઠે વિટલાયલા રહેતા હતા. તેમનો આશ્રમ પ્રથમ હિમાલયના એક શિખરપર હતો. એ પરથી એ શિખર હજુ પણ વસિષ્ઠના નામપરથી ઓળખાય છે.

વસિષ્ઠે વિષ્ણુ ક્ષેત્રમાં કૌશિક ઋષિ પાસે શિક્ષણ લીધું હતું. એ વેદ વેદાન્તમાં પારંગત હતા. તેમજ ધનુર્વિદ્યામાં કુશળ, વિદ્વાન, તત્વજ્ઞ, તપસ્વિ, ઉત્સાહી, હિંમતવાન, કર્મકાંડી, સત્યવક્તા, શાન્ત, ધીર, જિતેંદ્રિય, ક્ષમાવાન, ત્રિકાળદર્શી, અને ઉત્તમવક્તા હતા. એની પાસે ભિષ્મપિતામહે વેદાધ્યયન કર્યું હતું. નંદિ નામની કામધેનુનું તેને ઉત્તમ બળ હતું. એ વડે એ અતિથિઓનો તેમની ઇચ્છા પ્રમાણે સત્કાર કરતા હતા. એથી તેમને કોઈ પ્રકારની અડચણ પડતી નહિ. એક વખતે એના આશ્રમમાં ગાંધિ રાજાનો પુત્ર વિશ્વામિત્ર તેમના દર્શનાર્થે આવ્યો. વસિષ્ઠ ઋષિએ તેમનો ઘણી પ્રકારે સત્કાર કર્યો. સૈન્ય સહિત સર્વને દિવ્ય અન્નનું ભાવતું ભોજન કરાવ્યું, પાક સામગ્રી કર્યા વગર એકદમ આટલા બધા મનુષ્યોને તેણે શી રીતે ભોજન કરાવ્યું! એની વિશ્વામિત્ર તજવીજ કરવા લાગ્યો. તપાસતાં નંદિની કામધેનુનો પ્રતાપ જણાયો. વિશ્વામિત્રે એ ધેનુ માગી, પણ વસિષ્ઠે એ આપવા ના પાડી, ત્યારે તેણે બળાત્કારે નંદિનીને લેવાનું કર્યું. એ પરથી નંદિનીએ ક્રોધ કરી પોતાના અંગમાંથી અનેક મ્લેચ્છોને ઉત્પન્ન કર્યા, તેણે વિશ્વામિત્રના સઘળા સૈન્યનો નાશ કર્યો, નંદિનીને લાવી ઋષિ પાસે હાજર કરી. આ વખતે નંદિનીના અંગમાંથી અનેક જાતના મ્લેચ્છો ઉત્પન્ન થયા હતા. (જુઓ વિશ્વામિત્રનું ચરિત્ર.) ફરી વિશ્વામિત્ર પોતાના સો પુત્રો અને સૈન્ય સહિત વસિષ્ઠ સામે યુદ્ધ કરવા આવ્યો; ત્યારે પણ નંદિનીના પ્રતાપથી તેણે તેના નવાણુ પુત્રોનો નાશ કરી પરાજય કર્યો. તેથી વિશ્વામિત્રે નિશ્ચય કર્યો કે "બ્રહ્મત્વબળ આગળ ક્ષત્રિયત્વ બળ તુચ્છ છે." એમ બ્રહ્મત્વ બળને વખાણવા અને ક્ષત્રિયત્વ બળને ધિક્કારવા લાગ્યો. પછી હિમાલયપર જઈ તેણે એક હજાર વર્ષ તપ કર્યું, કેટલાંક શસ્ત્ર, અસ્ત્ર વગેરે અનેક વિદ્યા સંપાદન કરી, વસિષ્ઠના આશ્રમમાં આવ્યો. વસિષ્ઠ તેનો વિચાર જાણી લઈ પોતાનું બ્રહ્મદંડ લઈ સામે આવી ઉભા. વિશ્વામિત્રે જે શસ્ત્ર ફેંક્યાં, તે વસિષ્ઠે પોતાનું મોટું રૂપ ધારણ કરી ગ્રાસ કર્યો. એ જોઈ વિશ્વામિત્રને બ્રહ્મત્વ મેળવવાની અધિક ઉત્કંઠા ઉત્પન્ન થઈ આવી; ત્યારથીજ એ વસિષ્ઠ ઉપર દ્વેષ રાખવા લાગ્યા હતા. વિશ્વામિત્ર પોતાનું રાજ્ય પુત્ર, પુરોહિત વગેરેને સોંપી વનમાં તપશ્ચર્યા કરવા ચાલી નીકળ્યા. અનેક પ્રકારે

કષ્ટો સહન કરી સાઠ હજાર વર્ષ તપ કર્યું. તેથી બ્રહ્માદિ દેવોએ આવી તેને બ્રહ્મર્ષિ પદ આપ્યું, પણ કહ્યું કે તમે વસિષ્ઠ વગેરે બ્રહ્મર્ષિઓ પોતાના વર્ગમાં મેળવે એવો પ્રયત્ન કરો. પછી તેમણે વસિષ્ઠ પોતાને બ્રહ્મર્ષિ કહે એવો પ્રયત્ન આદર્યો હતો, પણ સત્યવકતા બ્રહ્મર્ષિ વસિષ્ઠ તેમના રાજસિ ગુણો જોઈ કેમ બ્રહ્મર્ષિ કહે? એતો તેમને 'રાજર્ષિ' જ કહેતા હતા. તેથી વિશ્વામિત્ર અધિક દ્વેષ રાખી સ્પર્દ્ધા કરવા લાગ્યા.

સત્યવ્રત—ત્રિશંકુ જે ઇક્ષ્વાકુ વંશનો રાજા હતો. એ વસિષ્ઠ ઋષિનો યજમાન હતો. તેણે વસિષ્ઠને કહ્યું કે;—"હું સ્વર્ગમાં જાઉં એવો ઉપાય બતાવો." વસિષ્ઠે કહ્યું કે, તારે માટે એવો ઉપાય નથી. એપરથી એ વસિષ્ઠના પુત્રો પાસે ગયો. તેણે કહ્યું કે:—તને ગુરૂના વચન ઉપર વિશ્વાસ નથી. માટે તું મ્લેચ્છ થજે, એવો શાપ આપ્યો હતો. વિશ્વામિત્રે એ મ્લેચ્છ થયેલા રાજા ત્રિશંકુને વસિષ્ઠના મતથી ઉલટું કરવાને પ્રયત્ન કર્યો. એ રાજાને તેણે યજ્ઞ કરાવ્યો. તેમાં વસિષ્ઠ આવ્યા નહિ, ત્યારે વિશ્વામિત્ર ઉપાધ્યાય થયા. તેથી મ્લેચ્છ યજમાન અને ક્ષત્રિય ઉપાધ્યાય એવો તાલ જોઈ દેવો પણ હવિર્ભાગ લેવા આવ્યા નહિ. તેથી વિશ્વામિત્રે ગુસ્સે થઈ પોતાના તપોબળથી ત્રિશંકુને સ્વર્ગમાં મોકલ્યો, પણ દેવોએ વસિષ્ઠનું માન્ય રાખી, એને મ્લેચ્છ કહી નીચે ઢોળી પાડ્યો. વળી વિશ્વામિત્રે પોતાને વસિષ્ઠ બ્રહ્મર્ષિ કહે એવો ઉપાય આદર્યો. વસિષ્ઠ ઇક્ષ્વાકુ કુળના ગુરૂ હતા. એ અયોધ્યાની રાજ્ય સભામાં બેસતા હતા. એ સાથે બીજા પણ ઋષિઓ એ સભામાં બેસતા હતા. તેથી એ સભા સાક્ષાત્ બ્રહ્મ સભા જેવીજ દિશતી હતી. ત્યાં વિશ્વામિત્ર શસ્ત્ર ધારણ કરી આવ્યા. સકળ સભાએ ઉભા થઇ તેને માન્ય આપી બેસાડ્યા, પણ વસિષ્ઠે બેઠાં બેઠાંજ આવો "રાજર્ષિ!" એવી રીતે આવકાર આપ્યો. સકળ સભા સાંભળતાં પોતાને રાજર્ષિ કહ્યા. એપરથી વિશ્વામિત્રને ક્રોધ ચડયો, પણ એ વખતે કાંઇ બોલ્યા નહિ. પછી મનમાં એ રોજથી અધિક દ્વેષ રાખ્યો. વસિષ્ઠ જે બોલે તે વિશ્વામિત્ર મિથ્યા કરવાને અનિવાર પ્રયત્ન કરવા લાગ્યા. એક વખતે સૂર્યવંશી ત્રિશંકુના પુત્ર હરિશ્ચંદ્રે રાજ્યસૂયયજ્ઞ કર્યો, તેમાં અત્યંત પૂજિત થયેલા વસિષ્ઠ દેવ સભામાં આવ્યા; ત્યાં વિશ્વામિત્ર બેઠા હતા. તેણે વસિષ્ઠને પૂછ્યું કે;—મહર્ષિ! આ મહતી પૂજા આપને કયાંથી પ્રાપ્ત થઇ? વસિષ્ઠે કહ્યું કે:—મહા પ્રતાપવાન હરિશ્ચંદ્ર મારો યજમાન છે. તે જેવો સત્યવાદી, દાતા, ધર્મશીલ, તથા પ્રજા રંજન કરવામાં તત્પર એવો બીજો કોઈ રાજા થયો નથી અને થવાનો પણ નથી. તેને ત્યાં આ મહતી પૂજા પ્રાપ્ત થઈ છે. વિશ્વામિત્રે આવી રીતનાં તેનાં વખાણ સાંભળી એ રાજાને અસત્યવાદી, અદાતા અને મહાખલ કરવાની પ્રતિજ્ઞા લીધી. અનેક યુકિત પ્રયુકિતથી તેને છળવાનો પ્રપંચ

આદર્યો, પણ એ સત્યવાદી રાજા જરા પણ પોતાના સત્યથી ચળ્યો નહિ. વળી જ્યારે હરિશ્ચંદ્રને વરૂણને બળીદાન આપવાનો વસિષ્ઠે યજ્ઞ કરાવ્યો, ત્યારે પણ વિશ્વામિત્રે વસિષ્ઠ પાસે બ્રહ્મર્ષિ કહેવરાવવાને યુક્તિ કરી હતી, પણ વસિષ્ઠે ગુણ વગર બ્રહ્મર્ષિ એવું કહ્યું નહોતું.

વસિષ્ઠ ઋષિ એક વખતે વનમાં ફળ, ફૂલ લેવાને ગયા હતા. એ વખતે તેના આશ્રમમાં પૃથુ આદિ આઠ વસુઓ સ્ત્રીઓ સહિત રમતા રમતા આવ્યા. વસિષ્ઠ ઋષિની નંદીની નામની કામધેનુને જોઇ, 'ઘો' નામના વસુની સ્ત્રીએ પતિને પૃછ્યું છે કે, આ ઉત્તમ ધેનુ કોની છે? 'ઘો' એ કહ્યું કે;—હે સુંદરી! એ ધેનુ મહાત્મા વસિષ્ઠ ઋષિની છે. જે કોઈ સ્ત્રીપુરૂષ એનું દૂધ પીએ, તેનું આયુષ દશહજાર વર્ષનું થાય છે. અને સર્વદા જુવાનજ રહે છે. એપરથી સ્ત્રીએ મૃત્યુ લોકમાં પોતાની સખી હતી, તેને માટે એ ધેનુ લઈ જવાનું કહ્યું. એપરથી વસુઓએ જિતેંદ્રિય વસિષ્ઠ મુનિને નહિ ગણકારતાં, નંદિનીનું હરણ કર્યું. વસિષ્ઠે આવી જોયું તો નંદિની દીઠી નહિ. તેણે ધ્યાન લગાવી જ્ઞાનદૃષ્ટિથી જોયું તો વસુઓએ તે હરણ કરેલી જણાઈ. તેપરથી વસુઓ મૃત્યુલોકમાં જન્મ લે એવો ઋષિએ શાપ આપ્યો. તેથી વસુઓએ આવી નંદિની પાછી આપી, શાપ મુક્ત કરવાને કરગરી પ્રાર્થના કરી. ઋષિએ દયા કરી સાત વસુઓ એક એક વર્ષને અંતરે શાપથી મુક્ત થશે, પણ 'ઘો' જે નંદિની હરણ કરવામાં મુખ્ય હતો, એ લાંબો કાળ મૃત્યુ લોકમાં રહેશે એવી શિક્ષા કરી હતી. સુર્યવંશી સુધુમ્ન રાજા શિવના શાપિત વનમાં જવાથી, ઇલા નામે સ્ત્રીરૂપ થઇ ફરતો હતો. તેણે કુળ ગુરૂ વસિષ્ઠનું સ્મરણ કર્યું. તેથી વસિષ્ઠે પોતાના યજમાન સુધુમ્ન રાજાની આવી દશા જોઈ, દયાથી ઘેરાઈ જગતના કલ્યાણ કરવાવાળા સદાશિવને પ્રસન્ન કર્યા. શિવના અનુગ્રહથી વરદાન મેળવી વસિષ્ઠે એ ધર્માત્મા રાજાને સ્ત્રીપણાથી મુક્ત કર્યો. સુદાસ રાજાપર આસપાસના દશ રાજાઓ રાવિ નદી ઓળંગી ચડી આવ્યા હતા; ત્યારે વસિષ્ઠે પોતાના યજમાન સુદાસને સહાય કરી, ને એ આવેલા રાજાઓને હરાવી નસાડી મૂકયા હતા. સુદાસ રાજા દિગ્વિજય કરવાને ગયો હતો, ત્યારે પણ વસિષ્ઠે સહાય કરી હતી. એ માટે ઋગ્વેદ સંહિતામાં કહેલું છે કે;—"હે વસિષ્ઠ! તમારી પ્રાર્થનાથી ઇંદ્રે સુદાસની દશ રાજાઓ સાથેની લડાઇમાં રક્ષા કરી છે." આ પરથી સિદ્ધ થાય છે કે વસિષ્ઠ ઋષિનું રાજા, પ્રજા અને દેવો આગળ ઘણું ચલણ હતું. તેમજ વસિષ્ઠ ઋષિ પોતાને આશ્રયે આવેલાઓને ઘણી સહાય કરતા હતા. જેવા એ બ્રહ્મત્વ બળમાં શ્રેષ્ઠ હતા, તેવાજ એ ક્ષાત્ર કર્મમાં પણ કુશળ હતા. સોદાસના પુત્ર સૌદાસ—વીર્યસહ—કલ્માષપાદ રાજાને ત્યાં વસિષ્ઠ ઋષિ યજ્ઞ નિમિત્તે ઘણો કાળ રહ્યા હતા. એ રાજાએ વનમાં બે રાક્ષસો

રહેતા હતા, તેમાંના એકને માર્યો હતો અને એક નાશી ગયો હતો. એ નાશી ગયેલાએ સૌદાસનો નાશ કરવા ધાર્યું હતું. તેથી જ્યારે વસિષ્ઠ ઋષિ નદી કિનારે સ્નાન સંધ્યા કરવા ગયા હતા. એ વખતનો લાગ જોઈ કપટથી એ રાક્ષસ વસિષ્ઠ ઋષિના વેષે રાજદ્વારમાં આવ્યો, સૌદાસને ભોજન તરત તૈયાર રાખવાનું જણાવ્યું, એ વખતે ભોજનમાં ગુપ્તપણે મનુષ્ય માંસ નાંખી ચાલ્યો ગયો. વસિષ્ઠ ઋષિ સ્નાન, સંધ્યા કરી આવ્યા અને ભોજન કરવા બેઠા. ત્યાં એ મહા ચકોર ઋષિએ નર માંસ દીઠું, એપરથી ઋષિને કોપ ચડ્યો; તેણે સૌદાસને રાક્ષસ રૂપે થવાનો શાપ આપ્યો. રાજાએ પોતે નિષ્પાપ છે એવી પ્રાર્થના કરી ત્યારે ઋષિએ તેને નિરંપરાધી જોઇ તું અમુક મુદતે શાપથી મુક્ત થશે એવું કહ્યું હતું.

વસિષ્ઠ ઋષિ પોતાને બ્રહ્મર્ષિ કહી બ્રાહ્મણ વર્ગમાં ગણે એવી ઇચ્છાથી ફરી વિશ્વામિત્ર રાજ્ય સભામાં આવ્યા, પણ વસિષ્ઠ સત્યવક્તા હતા. એ કદી કોઇના તેજમાં અંજાઇ જઇ દબાઇને ખોટું રૂડું મનાવે એવા નહોતા. એ તો જેવું જોતા તેવું બેધડકપણે કહે તેવા હતા. એ વખતે પણ વસિષ્ઠે તો વિશ્વામિત્રને આવો "રાજર્ષિ!" એવી રીતેજ આવકાર આપ્યો. આપરથી વિશ્વામિત્રને એવું લાગ્યું કે:—બ્રહ્માદિ દેવો મને બ્રહ્મર્ષિ કહે છે, પણ આ વસિષ્ઠ મને માત્ર દ્વેષથીજ કહેતા નથી. એમ વિચારી તેને સંતાપવાને સૌદાસ રાજા જે રાક્ષસ થયો હતો, તેને સમજાવી વસિષ્ઠના એક પુત્રનો ભક્ષ કરાવ્યો. એમ અનુક્રમે વસિષ્ઠના શક્તિ આદિ સો પુત્રોનો ભક્ષ કરાવ્યો, પણ મહાત્મા વસિષ્ઠ એથી ડરી જઈ કદી અસત્ય બોલ્યા નહિ. તેણે તો એટલું થયા છતાં, પણ "રાજર્ષિ" કહીનેજ બોલાવ્યા. બ્રહ્મર્ષિ વસિષ્ઠ જાણતા હતા, કે એ કાર્ય વિશ્વામિત્રનું છે, તોપણ એ પરમજ્ઞાની સત્વગુણીને કાંઇ માઠું લાગ્યું નહોતું. એ સમજતા હતા કે મારા પુત્રોનું એ નિમિત્તેજ મૃત્યુ થવાનું હતું, તે કેમ મટે! એમાં કોનો દોષ ગણવો! તેના સો પુત્રો મરાણા પછી વિશ્વામિત્રે ધાર્યું, કે હવે મને એ બ્રહ્મર્ષિ કહેશેજ. એવું ધારી ફરી અયોધ્યાની રાજ્ય સભામાં આવ્યા, પણ વસિષ્ઠે તો રાજર્ષિજ કહ્યા. તેથી વિશ્વામિત્રને અત્યંત ક્રોધ ચડ્યો, તેણે તો વસિષ્ઠને હવે મારી નાંખવાનોજ વિચાર કર્યો. એક વખતે રાત્રે વિશ્વામિત્ર ગુપચૂપ વસિષ્ઠના આશ્રમમાં ગયા. જઇ એને નિંદ્રાવશ થવાની વાટ જોતા પર્ણકુટી પાછળ છૂપાઇ ઉભા રહ્યા. એ વખતે ચંદ્રમા પૂર્ણ પ્રકાશિ રહ્યો હતો. પતિ પત્નિ વાત કરતાં હતાં. તેમાં તપ સંબંધી અરૂંધતીએ પોતાના પતિ વસિષ્ઠને પૂછ્યું. તેના જવાબમાં વિશ્વામિત્રના તપને તેણે વખાણ્યું તથા એ તપસ્વિઓમાં અધિક છે વગેરે વસિષ્ઠે વખાણ કર્યાં. આ સર્વ છૂપાઈ ઉભેલા વિશ્વામિત્રે સાંભળ્યું. આવી રીતે પોતાનાં નિષ્પક્ષપાતપણે પરોક્ષ વસિષ્ઠ વખાણે કરે છે, એ

જોઈ વિશ્વામિત્ર પોતાના કૃત્યનો અત્યંત પસ્તાવો કરવા લાગ્યા કે;—"અરે! હું કેવો પાપી છું! જે મારી પરોક્ષ પ્રશંસા કરે છે, તેનો હું નાશ કરવાને ઇચ્છું છું! મને ધિક્કાર છે! હું બ્રહ્મહત્યાના વજ્ર પાપમાંથી કેમ મુક્ત થઈ શકત! હું નરક કુંડમાં પડત, મારૂં સંચેલું તપ ધન નાશ પામત, હું પરાણે બ્રહ્મર્ષિ કહેવરાવવાનો વૃથા પ્રયત્ન કરૂં છું, એ મારૂં મિથ્યાભિમાનજ છે. મેં તેના સો પુત્રોનો ભક્ષ કરાવ્યો, તોપણ એ મારી પ્રશંસા કરે છે. ધન્ય છે એ સત્વગુણી બ્રહ્મર્ષિને! ખરા બ્રહ્મર્ષિ તો એજ છે." વગેરે શોચના કરી પોતાનાં હથિયાર એકદમ ફેંકી દીધાં અને દોડી જઈ વસિષ્ઠ ઋષિના ચરણમાં પડ્યા. વસિષ્ઠ એમને જોઈ આશ્ચર્ય પામી બોલ્યા:—બ્રહ્મર્ષિ વિશ્વામિત્ર! તમો આ વખતે ક્યાંથી? વસિષ્ઠના મુખમાંથી "બ્રહ્મર્ષિ" એવો શબ્દ સાંભળી વિશ્વામિત્ર પોતાની જે ઇચ્છા હતી. તે પુરી થવાથી આનંદ પામ્યા. હર્ષભેર વસિષ્ઠને પૂછ્યું કે;—મહર્ષિ! હું આટલો વખત રાજર્ષિ હતો અને હવે બ્રહ્મર્ષિ કેમ? વસિષ્ઠે કહ્યું કે;—તમો આજે બ્રહ્મર્ષિપણાને યોગ્ય થયા છો. સત્વગુણ, સત્યશીલ, નિરાભિમાનત્વ, વગેરે બ્રાહ્મણના ગુણોનો તમારામાં આ વખતે પ્રવેશ થઇને શસ્ત્ર ધારણ કરવાં, ક્રોધ, રાજસિસ્વભાવ વગેરેનો તમારામાંથી સમૂળો ત્યાગ થયો છે, માટે બ્રહ્મર્ષિ. તમો જ્યાં સુધી રજોગુણને અનુસરતા હતા, ત્યાં સુધી હું તમને બ્રહ્મર્ષિ કેમજ કહી શકું? હવે તમારી આવી નિર્મળ સ્થિતિ હોવાથી તમે બ્રહ્મર્ષિજ છો. આ સાંભળી વિશ્વામિત્ર હર્ષ પામતા પોતાને આશ્રમે ગયા. આ પછી બંને વચ્ચે ગાઢ સ્નેહ થયો હતો. કેટલોક કાળ વિત્યા પછી એક વખતે વસિષ્ઠ ઋષિ વિશ્વામિત્ર ઋષિને આશ્રમે ગયા હતા. વિશ્વામિત્રે તેમનો ઘણો પ્રકારે સત્કાર કરી, પોતાના "એક હજાર વર્ષના તપનું ફળ" અર્પણ કર્યું. પછી એક વખતે વિશ્વામિત્ર વસિષ્ઠજીને આશ્રમે આવ્યા. વસિષ્ઠજીએ તેમનો ઘણો પ્રકારે સત્કાર કર્યો. જતી વખતે તેમને પોતાની "એક ઘડીના સત્સંગનું ફળ" અર્પણ કર્યું. તેથી વિશ્વામિત્ર વિચાર કરવા લાગ્યો કે;—શું વસિષ્ઠજી મારા એક હજાર વર્ષના તપ ફળની બરોબર, પોતાની એક ઘડીના સત્સંગના ફળને ગણે છે! એ મારી મશ્કરી કરે છે કે શું? આવી તેમની કલ્પના વસિષ્ઠજીએ જાણી લઈ કહ્યું કે;—વિશ્વામિત્રજી! શું તમને આશ્ચર્ય થાય છે? એમ હોય તો ચાલો આપણે કોઈ મહાત્મા પાસે ન્યાય કરાવીએ. એમ કહી બંને સત્યલોકમાં શેષજી પાસે ગયા. શેષજીએ વિશ્વામિત્રને પોતાનું એક હજાર વર્ષનું તપફળ પૃથ્વીને અર્પણ કરી તેને એક વેંત ઉંચી કરવાનું જણાવ્યું. વિશ્વામિત્રજીએ તેમ કર્યું, પણ કાંઈ વળ્યું નહિ. પછી વસિષ્ઠજીને પોતાની એક ઘડીના સત્સંગનું ફળ અર્પણ કરી એક વેંત પૃથ્વી ઉંચી કરવાનું કહેતાં, તેણે તેમ કર્યું કે પૃથ્વી ધનનન!!! ધમ! ધમ! કરતી કે ઉંચી

અર્થ: સારાંશ કે, શિવજીના સમજાવવાથી વિશ્વામિત્ર સમજી ગયા. અહો! સત્સંગનો કેવો પ્રભાવ છે? ખરે! સત્સંગજ મોક્ષનું મુખ્યદ્વાર છે. એ પછી વિશ્વામિત્રજી વસિષ્ઠને નમન કરી પોતાને આશ્રમે ગયા.

વસિષ્ઠ ઇક્ષ્વાકુ વંશના રાજા દશરથના પણ પુરોહિત હતા. એટલુંજ નહિ, પણ એ એક મોટા પ્રધાન જેવા હતા. રાજ્યકારભાર તેમની સલાહ પ્રમાણે ચાલતો હતો. દશરથને પુત્ર નહોતો, તેથી વસિષ્ટે તેને પુત્રેષ્ટિ યજ્ઞ કરાવ્યો. તેથી રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન એ ચાર પુત્રો થયા. વસિષ્ઠે રામને વેદ, વેદાંગ, ધનુર્વિદ્યા, ધર્મશાસ્ત્ર, ન્યાય, નીતિ અને સકળ કળા વગેરે ચૌદ વિદ્યાનું શિક્ષણ આપ્યું હતું. તેમજ તેમણે રામને અધ્યાત્મિક જ્ઞાન તથા યોગ સમજાવ્યો હતો. એનો ગ્રંથ આજે યોગ વાસિષ્ઠ અથવા મહા રામાયણ નામથી પ્રસિદ્ધ છે. રામરાજા વિજયી, સ્વપરાક્રમી, કષ્ટ સહન કરવામાં સમર્થ અને એક પત્નિવ્રતમાં શ્રેષ્ઠ નીકળ્યા હતા તથા સીતાજીને પોતાની યોગ્યતા શીખવી હતી. એ સર્વે વસિષ્ઠ ઋષિના શિક્ષણ બળનોજ પ્રતાપ હતો. વસિષ્ઠ ઋષિએ સ્મૃતિ ગ્રંથ રચેલો છે, તેને "વસિષ્ઠ સ્મૃતિ" કહે છે તથા તેણે સંહિતા રચેલી છે તેને "વસિષ્ઠ સંહિતા" કહે છે, એ એકવીશઅધ્યાયની છે. એમાં વેદનું અવસ્ય ભણવાપણું અને તેનાં પ્રમાણો ઉત્તમરીતે દર્શાવેલાં છે. તેમજ તેમાં જણાવેલું છે કે;—"વિવેકી એ દ્રવ્ય સંચય કરવા કરતાં, તપ સંચય કરવો વખાણવા લાયક છે. બ્રાહ્મણ જેમ જેમ પ્રતિગ્રહ ગ્રહણ કરતો નથી, તેમ તેમ સંતોષથી તેનું બ્રહ્મતેજ વૃદ્ધિ પામેછે. જીર્ણાવસ્થા થાય છે, ત્યારે કેશ, દાંત, ચક્ષુ અને શ્રોત્રાદિ ઇંદ્રિયો જીર્ણ થાય છે, પણ એક તૃષ્ણા જુવાન થાય છે. તૃષ્ણા એ દુઃખ પેદા કરનારી અને ઘણા અધર્મવાળી છે. માટે તેનો ત્યાગ કરવો. સંતોષરૂપી અમૃતમાં તૃપ્ત થયેલાને જે સુખ છે, તે સુખ અસંતોષથી નથી. સ્ત્રી પુરૂષ સર્વથી શાંતિ, મનમાં દુઃખનો અભાવ, સાચું બોલે, મનમાં વૈરાગ્ય અને તત્વજ્ઞાન જાણવાની ઇચ્છા કરે તે સુખી થાય છે. એ પાંચ શાંતિદાયક છે." ઇત્યાદિ ઉપદેશ છે. વસિષ્ઠજીએ રામ પ્રત્યે કહ્યું છે કે;—"મનને જીતવાથી મન અને વૃત્તિ એ બંને શૂન્ય થાય છે. એટલે તે યોગી મુંગા જેવા રહે છે. સારાંશ કે;—સ્ફુર્ણાનો પ્રતિબંધ કરવાથી માત્ર એકજ સાક્ષીરૂપ આત્મા રહે છે. એનું નામજ 'તુરીયાવસ્થા સંયમાભાસ' એવું એ વિદ્યાના જ્ઞાતાઓએ કહેલું છે. તેથી એને વિષે સર્વ **પ્રાણોસોહં** અને **કુંડળી** એ સઘળું એક રૂપ થઇ ૐકારરૂપ આત્મામાં સંમીલન થઈ જાય છે. એ દેખાવ આપણો સોહંરૂપી આત્મા ભૃગુટી ચક્રમાં વ્યાપી જવાથી દર્શાવા માંડે છે." તેમજ વસિષ્ઠજીએ રામચંદ્રજીને સઘળા બ્રહ્માંડમાં વસેલા ઘણાં પ્રાણીઓના જન્માંતરનું યથાસ્થિતિ વર્ણન કરી બતાવીને જણાવેલું

છે કે;—"આ ગુપ્તભાસમાં અંતઃકરણના સઘળા ભાવો જ્યારે આત્માની જ્ઞાન દૃષ્ટિથી ચૈતન્યતાને પ્રાપ્ત થાય છે, ત્યારે સઘળાં કર્મો સ્ફુરી આવે છે, આ ભાસને માયાનો ભાસ કહ્યો છે. તેથી ગુપ્તભાસના જ્ઞાતાઓ યોગેશ્વર એવા ભાસ ઉપર લક્ષ આપતા નથી, કેમકે એમાં લક્ષ આપવાથી અનેક જન્માંતરોનાં અનેક જાતનાં કર્મો અખંડ દર્શાયા કરે છે. તેથી સત્ય નિવૃત્તિના આનંદમાં વિક્ષેપ પડે છે. માટે યોગેશ્વરો નિરંતર અખંડ સ્વરૂપના નિર્વિકલ્પ શાંત સમાધિના પૂર્ણ સુખમાં રહે છે. એ પ્રમાણે વર્ત્તવાથી માયાભાસની ઉપાધિ તે મહા પુરૂષોને વિક્ષેપ કરી શકતી નથી. તે છતાં ગુપ્ત વિદ્યાના જ્ઞાતાઓ કેટલેક પ્રસંગે પોતાની દિવ્ય દૃષ્ટિથી આત્મરૂપ થઇ, અદ્વૈતભાવે સર્વે દૃશ્ય અને અદૃશ્ય બાહ્યાંતર કૃતિને જુએ છે. તે પ્રસંગે પોતાના વિના બીજા કોઇ પદાર્થ પૃથક્ દૃશ્યમાન હોતો નથી, પણ પોતેજ અસંગ દેખાય છે." ઇત્યાદિ.

મહાત્મા વસિષ્ઠ પોતાના સો પુત્રો નાશ પામ્યા પછી એક વખતે પોતાનો વંશવેલો છિન્ન થશે, એવું જોઈ શોકથી એક નદીમાં પોતાનું શરીર બાંધી બુડી મરવા પડયા, પણ નદીએ તેને પાશમુક્ત કરી બહાર કાઢયા. તેથી એ નદીનું નામ ત્યારથી વિપાશા પડેલું છે. બીજીવાર હૈમવતી નદીમાં પડયા, પણ એ નદીએ સો પ્રવાહરૂપે થઇ, તેને બૂડાડ્યા નહિ. તેથી એ નદી ત્યારથી શતદ્રુ નામથી પ્રસિદ્ધ થઇ છે. કોઈ પ્રકારે મરણ આવ્યું નહિ. તેથી ઉદાસ થઇ આશ્રમ છોડી ચાલ્યા. ત્યાં શક્તિની સ્ત્રી અદૃસ્યંતી ગર્ભવંતી હતી, તેના પેટમાંથી વેદધ્વની નીકળ્યો. તેથી ઋષિ વંશવેલો છિન્ન થશે નહિ, એવું જોઇ આનંદ પામી આશ્રમમાં પાછા આવ્યા. અદૃસ્યંતીને પુત્રનો પ્રસવ થયો. તે પુત્ર પરાશર નામથી પ્રસિદ્ધ થયા છે. વસિષ્ઠકુળમાં પોતાના સુદ્ધાંત મંત્રદ્રષ્ટે સાત ઋષિ થયા છે. તેનાં નામ—મુખ્ય પોતે, શકિત, પરાશર, ઇંદ્રપ્રમતિ, ભરદ્વસુ, મૈત્રાવરૂણ, અને કુંડિન એ સાત છે. એના કુળની વંશમાલિકા ચાર છે. તેનાં નામ—વશિષ્ઠ, કુંડિન, ઉપમન્યુ અને પરાશર એ ચાર છે. પરાસર કુલોત્પન્ન જે ગૌર પરાશરાદિક છ ભેદનાં ઋષિ છે. તેનાં—વસિષ્ઠ, શાકત્ય, પારાશર્ય એ ત્રણ પ્રવર છે. ઇત્યાદિ. વંશવિવેચન વિશેષ કરવાની જરૂર નથી. વસિષ્ઠ ઋષિ પ્રથમાવસ્થામાં વ્યવહારમાં નિપુણ હતા. તેમજ વ્યવહારિક લાજ મર્યાદાના વિષયોનાં વિવેચન કરવામાં અને આર્યો ઉદ્યોગી બને એવું સમજાવવામાં ઘણોજ પ્રયત્ન કરતા હતા. પાછળથી ધર્મ વૈરાગ્યથી પત્નિ સહવર્ત્તમાન હિમાલય પર્વત ઉપર જઇ નિરંતર તપસ્વિરૂપે અવસ્થા ગાળી હતી. આપણે કોણ? અને આ જગત શું? એ તથા ઇશ્વિર સંબંધી જ્ઞાન, દૈહિક અને માનસિક ધર્મોની ભિન્ન ભિન્ન સમજણ જે પૂર્વે સનક, સનકાદિક મહાત્મા-

ઓની હતી. એ પોતે પ્રકાશિત કરીને આર્યોને જ્ઞાન માર્ગે દોર્યા હતા. જેનો લાભ અર્વાચીનકાળ પણ આપણે લઇએ છીએ. યોગધર્મના વસિષ્ઠજી આચાર્ય હતા. એ ધર્મપ્રલય પછી મહાત્માઓએ ચલાવ્યો હતો. તેથી એને ઋષિપ્રણિત ધર્મ પણ કહે છે. આ ધર્મ વેદોક્ત ગણાય છે. એ ધર્મ પર્મહંસ, સન્યાસીઓ વગેરેમાં ધમધોકારે ચાલતો હતો. એની અંદર વેદોક્ત ધર્મની યજ્ઞાદિની સર્વ ક્રિયાઓ હતી, પણ જીવહિંસા વર્જિત હતી. ગાયત્રી, સૂર્ય, દેવી, ગણપતિ, વિષ્ણુ વગેરેને માનતા હતા, પરંતુ સિદ્ધાંત એવો હતો, કે સર્વત્ર વ્યાપક એક નિરાકાર, નિરંજન, જ્યોતિસ્વરૂપ એક ઇશ્વર છે. તે આપણા પોતાના સ્વયં—આત્મારૂપે વ્યાપક છે. આત્મજ્ઞાનને પ્રાપ્ત કરવા સારૂ યોગવશિષ્ઠ અથવા મહા રામાયણનું અધ્યયન કરતા હતા. સર્વ જગતને ભ્રાંતિરૂપ કલ્પિત ગણી અચિંત્ય સ્થિતિમાં નિર્વિકાર સ્વભાવે રહેતા હતા. આ ધર્મ વેદના જ્ઞાન કાન્ડ અને વેદાન્ત શાસ્ત્રના વલણ ઉપરથી રચાયેલો હતો. આ ધર્મમાં ગોરખ, મછંદર, જાલંધર, નવ નાથ, ચોર્યાશી સિદ્ધ, જૈનના નવ યોગેશ્વર વગેરે યોગીઓ તેમજ ગોપીચંદ, ભરથરી, વિક્રમ વગેરે મહારાજાઓ એના નિયમપર ચાલી ગયા છે. આ યોગધર્મ ચાર્વાક, બૌદ્ધ, જૈન વગેરે જગતના આસ્તિક નાસ્તિક સર્વ ધર્મોમાં અનેક ક્રિયા કર્મને સિદ્ધાંન્તોના રૂપમાં વ્યાપી રહ્યો છે. સર્વે ધર્મોમાં યોગ ક્રિયાનું મૂળ ક્યાંથી આવ્યું ? એ સત્યશોધક વિદ્વાનો તપાસ કરશે તો જણાશે, કે એ યોગ ક્રિયાનું મૂળ આ યૌગધર્મમાંથીજ નીકળેલું છે. નાસ્તિકોએ પણ એ યોગધર્મને ગ્રહણ કર્યો હતો અને પ્રજામાં પોતાનો મનાવી, તેમાંથી મોક્ષજ્ઞાન પ્રાપ્ત કરાવવા સારૂ એ નિયમો પળાવવા લાગ્યા હતા. એ રીતે નાસ્તિકોએ તેમજ પરદેશના બીજા ધર્મોએ પણ અંદરખાનેથી આ ધર્મને માન આપ્યું છે. એવી એ યોગ ધર્મની ખૂબી છે. અર્વાચીન પણ આ ધર્મપર્મહંસ, સન્યાસી, ખાખી, સંજોગી, નાથ, જોગીઓ, વિદ્વાનો અને પંડિતો વગેરે લોકો પાળે છે. તેમજ મુસલમાન ધર્મના ફકીરો, જૈનના સાધુઓ, બૌદ્ધના જતીઓ વગેરે ધર્મોવાળાઓ પાળે છે. આ સઘળો પ્રતાપ યોગધર્મ પ્રકાશિત કરનાર મહાત્મા વસિષ્ઠઋષિનોજ છે. ધન્ય છે તેમને ! વસિષ્ઠજીએ પોતાની નંદિની નામની ધેનુ દિલીપ રાજાને આપી હતી. આ મહાત્મા આઠમા વ્યાસ પણ કહેવાય છે. ઉત્કૃષ્ટ ગુણોથી છેવટ સપ્તઋષિના મંડળમાં પણ તેમની નિમણુક થયેલી હતી. તેમને વૃદ્ધાવસ્થામાં આંખોનું દરદ થયું હતું, તોપણ નહિ કંટાળતા પોતાના પ્રયત્નમાં મંડ્યા રહેતા હતા. રાજા, પ્રજા પરસ્પર પ્રેમથી વર્ત્તે, એક બીજાના હક સચવાય, ન્યાય, નીતિનો અને ધર્મનો ભંગ ન થાય એ માટે સદા ઉપદેશ આપવા તત્પર રહેતા. જો કોઈ રાજા પ્રજાપર જૂલમ કરતો, અન્યાય ગુજારતો, તો એ

પ્રજા પ્રક્ષ ખેંચી રાજાને સમજાવી ન્યાય અપાવતા. ન માને તે સામે થઈ તેમને હેરાન કરતા. એટલુંજ નહિ પણ એ જૂલમી રાજ્યને તોડવામાં સામેલ થતા. એના ઉપદેશની અસર સાંભળનારના હૃદયમાં સચોટ થતી હતી. વિગેરે ઉત્તમ ગુણો અને કૃત્યોથી એ રાજા અને પ્રજામાં પૂજ્યમાનને યોગ્ય થઈ ગયા છે. જેથી તેને અદ્યાપિ પર્યંત પ્રજા પ્રેમના ઉભળકાથી યાદ કર્યા કરે છે. ધન્ય મહાત્મા વશિષ્ટને ! તમારા જેવા મહાત્માઓ ફરી પ્રગટ થઈ આ દેશને દિપાવો ! ! ! વિજયરંગ !

વેદવિદ્યાનિધિ દેવાચાર્ય.

શ્રીબૃહસ્પતિ.

આ પરમ પૂજ્ય દેવગુરૂ ચાલુ વૈવસ્વત મન્વંતરમાં જે બ્રહ્મપુત્ર અંગિરા ઋષિ તેના આઠ પુત્રમાંના જેષ્ઠ પુત્ર. અગ્નિવંશના સંબંધને લીધે તેને ત્રીજી પદવીના અગ્નિ ગણેલા છે; કારણ અંગિરા ઋષિએ વરૂણ યજ્ઞ નિમિત્તે કરીને અગ્નિને પોતાના પુત્ર માનેલા છે. બૃહસ્પતિને સ્વાયંભૂવ મન્વંતરમાં પણ પિતા અંગિરા અને માતા શ્રદ્ધા હતી. ઉતથ્ય, સંપર્ત એ બે ભાઈ અને સિનીવાલી, કુહૂ, રાકા, તથા અનુમતિ એ ચાર બેનો હતી. આ ચાલુ વૈવસ્વત મન્વંતરમાં પણ એજ પિતા અંગિરા ઋષિને ત્યાં જન્મ્યા હતા. આ વખતે તેમની માતા સુરૂપા હતી. બૃહસ્પતિ, ઉતથ્ય, પયસ્ય, શાંતિ, ઘોર, વિરૂપ, સંપર્ત, અને સુધન્વા એ આઠ ભાઈઓ હતા. તેમાં સૌથી જેષ્ઠ બૃહસ્પતિ હતા. બૃહસ્પતિ એ ઇંદ્રાદિ દેવોના ગુરૂ હતા. આ દેવર્ષિ વેદ વિદ્યાનિધિ અને અસ્ત્રશસ્ત્રાદિ સર્વે વિદ્યામાં એક્કા હતા. એ મહાતેજસ્વી, સ્વરૂપે મહા સુંદર મહાપ્રતાપી, પ્રબળ બુદ્ધિના, ઉત્સાહી, ખંતી, ઉત્તમ વક્તા, વાચાળ, આનંદી, ધર્મ, વ્યવહાર અને નીતિમાં કુશળ હતા. દેવાચાર્ય શ્રીબૃહસ્પતિને શુભા અને તારા નામની બે મહાસતી સ્ત્રીઓ હતી. શુભા નામની સ્ત્રીથી તેને ભાનુમતિ, રાગા, સિનીવાલી, અર્ચિષ્મતિ, હવિષ્મતિ, મહિષમતિ અને મહામતિ એ સાત કન્યાઓ હતી. તથા તારા નામની પતિવ્રતા સ્ત્રીથી શંયુ, નિશ્ચવન, વિશ્વજિત, વિશ્વભુક્, વડવાગ્નિ, સ્વિષ્ટકૃત, કચ એ સાત પુત્ર અને સ્વાહા નામની એક પુત્રી હતી.

દેવાચાર્ય શ્રીબૃહસ્પતિ ચોથા વ્યાસ ગણાય છે. વાસુદેવ, સ્તુતિદેવ, પ્રાર્થનાદેવ તથા અગ્નિદેવના એ રૂપાંતર છે એવું વેદમાં જણાવેલું છે. આ મહાત્માએ સ્મૃતિ ગ્રંથ રચેલ છે. તેને "બૃહસ્પતિ સ્મૃતિ" કહે છે. આ દેવગુરૂ શ્રીબૃહસ્પતિ ને સુક્રાચાર્ય વચ્ચે સ્પર્દ્ધા ચાલતી હતી. દેવ દાનવો વ-

ચ્ચે બારંવાર વિરોધ થતો, ત્યારે દેવાચાર્ય પોતાના શિષ્ય વર્ગને કેટલીંક પ્રકારે સહાય કરી દાનવોનો પરાજય કરતા. તેમની સ્ત્રી તારાને સોમ–ચંદ્રે હરણ કરેલી ઈત્યાદિ વૃત્તાંત પુરાણમાં છે તે યોગ્ય નથી; કેમકે દેવલોકોમાં એવી અનીતિની વાત બને એ અસંભવિત છે. શિષ્ય વર્ગને ગુરૂ પરમપૂજ્ય છે. તેમજ ગુરૂ પત્ની માતા તુલ્ય અને પૂજ્ય છે. વળી ગુરૂ બૃહસ્પતિ જેમ સર્વ પ્રકારે સમર્થ હતા. તેમ તેમની પત્ની તારા પણ પરમ સતી સ્ત્રી હતી. સોમ—ચંદ્ર, દેવ થઇને માતા તુલ્ય ગણાએલી ગુરૂ પત્ની સાથે આડો વહેવાર બાંધવા ઇચ્છા ધરાવે, એ અસંભવિત છે. જે દેવો મનુષ્યોને નીતિની લાગણીનો માર્ગ સરળ કરી આપનાર છે, તે કદી પણ નીતિ વિરૂદ્ધ વર્ત્તેજ નહિ. આ વિષે શોધક વિદ્વાનો એ અનેક શાસ્ત્રો અવલોકી નિર્ણય કર્યો છે. કે, એ વાત તદન જૂઠી ને કલ્પિત છે. (જુ. ભાર. પ્રા. ઈ. કો.) પુરાણો શ્રુતિ સ્મૃતિ આધારે વ્યાસોએ રચેલ છે. એ પુરાણ કર્ત્તા વ્યાસ કદી પણ વૈદીકધર્માનુસારી લોકોને અનીતિનો દાખલો આપવા, બૃહસ્પતિ માટે નિંદારૂપ અપશબ્દો શ્રુતી સ્મૃતિ વિરૂદ્ધ લખે નહિ, પણ પાછળથી બૌદ્ધાદિક નાસ્તિક લોકોએ સમર્થ દેવગુરૂને દુષણ આપી નિંદા કરવાને તથા પુરાણ કર્ત્તા વ્યાસની શક્તિ મનુષ્યોમાં હલકી પાડવાના હેતુએ નવ નવા લેખ રચી ઘુંસાડી દીધા છે. દેવી. ભા. આદિક પુરાણોમાં જણાવેલું છે કે;—"બૃહસ્પતિએ ચંદ્રને ઘેર આવી તારાને માગી ત્યારે ચંદ્રે કહ્યું કે;—તું સરીખા દરિદ્રી બ્રાહ્મણને આવી સુંદર સ્ત્રી કેમ જોઇએ ?" બૃહસ્પતિને દરિદ્રી ઈત્યાદિ શબ્દો ચંદ્ર, દેવ થઇને શ્રુતિ સ્મૃતિ વિરૂદ્ધ બોલે નહિ. યજુર્વેદની તૈત્તિરીય શાખાની શ્રુતિમાં બ્રહ્મદેવ, બૃહસ્પતિ, ઇંદ્ર, ચંદ્ર ઈત્યાદિને આનંદી વગેરે શત ગુણી કહી અધિક વર્ણવેલા છે. ચંદ્ર—સોમ અષ્ટ વસુમાંના એક અસલથી દેવમાં શત ગુણોથી વર્ણવેલા છે. તે એવા ગુણવાન થઇને ગુરૂ બૃહસ્પતિ માટે હલકા શબ્દો ઉચ્ચારે એ અસંભવિત છે. શ્રુતિ સ્મૃતિમાં બૃહસ્પતિને અધિક ગુણોથી વર્ણવ્યા છે, તેમાં કંઈ દુષણ જેવું જણાવેલું નથી. એજ શ્રુતિ સ્મૃતિ ઉપરથી પુરાણો વ્યાસે કર્યાં છે, તે ઉલટું કેમ લખે ? કદી નહિ.

સોમ શબ્દનો અર્થ શિવ પણ થાય છે. અને તારા એવું પાર્વતીનું પણ નામ છે. તેને હરણ કર્યાનું લખેલું છે, એટલે શિવ પાર્વતી સાથે પરણ્યા. તારાને બુધ પુત્ર થયો. એટલે ગણપતિને બુધ પણ કહે છે. ચંદ્રને પુર્વ જન્મમાં તારા નામે સ્ત્રી હતી. એ દક્ષની સતાવીશ કન્યા પરણ્યો હતો, તેમાં તારા અને રોહિણી અતિ રૂપવાન સ્ત્રીઓ હતી. એને સંતતિ નહોતી. માત્ર રોહિણીથી અત્યંત સ્વરૂપવાન બુધ નામે પુત્ર થયો હતો. તે કારણથી બુધને રૌહિણેય કહેલ છે. એવું ગ્રંથોમાંથી માલમ પડે છે. આ સર્વ વાતપરથી સિદ્ધ

થાય છે કે પરધર્મિઓએ બૃહસ્પતિ અને તેની સ્ત્રી માટે દુષણ રૂપ કલ્પના કરી, નિંદા કરવાને માટે શ્રુતિ સ્મૃતિ વિરૂદ્ધ કુતર્કો ગોઠવીને પાછળથી પુરાણોમાં ઘુસાડી દીધેલ છે; બૃહસ્પતિ જેવા સમર્થ વિદ્વાન કોઈ નહોતા તેમજ એ મહા-સ્વરૂપવાન પણ હતા. તેમની અંગકાન્તિ ચળકાટ માર્યા કરતી હતી. એમની પાસે ઘણા શિષ્યો વિદ્યાભ્યાસ કરવાને રહેતા હતા. શુકદેવજી પણ એમના શિષ્ય હતા. તેમણે ગુરૂ પાસે રહી વિધિપૂર્વક બ્રહ્મચર્યનાં વ્રતો કર્યાં હતાં. તેમની પાસે એ રહસ્ય અને વેદો તથા સઘળાં ધર્મશાસ્ત્રો ભણ્યા હતા. બૃ-હસ્પતિએ ચાર્વાક નામના કોઇ માણસે ચલાવેલા મતને ફરી પ્રવર્ત્તાવ્યો હતો એવું કહેવાય છે. તેમજ તેણે ચાર્વાક મતના ગ્રંથો કર્યા હતા. તેમને ચાર્વાક જેવા નાસ્તિક મતના ગ્રંથો પ્રગટ કરવાનું તથા તેના મતનો ઉપદેશ કરવાનું કારણ એ હતું કે;—પૂર્વે દેવતાઈ વખતમાં દેવ અને અસુરો વચ્ચે દ્વેષ વ-ધ્યો હતો. અસુરો કૈલાસવાસી શિવને માનતા હતા અને શિવના રચેલા તંત્ર ગ્રંથો પ્રમાણે ચાલતા હતા. એક સમે ચીનવાસી અસુરો ત્રિવિષ્ટપ (ટિ-બેટ) માં આવ્યા. કૈલાસ પર્વતપર ચડી શિવની પૂજા અને આરાધના ઘણો કાળ કરી, તેથી શિવે પ્રસન્ન થઈ વરદાન માગવા જણાવ્યું. એપરથી અસુરો બોલ્યા કે;—દેવલોકોના શિલ્પી વિશ્વકર્માએ દેવોને વિમાનો ઘડી આપ્યાં છે. તેમાં દેવો બેસી ત્રિલોકીમાં ફરે છે અને અસુરોનો પરાજ્ય કરે છે. અમે સૌ અસુરો આપના ભક્ત છીએ. માટે અમને સોનાનું, રૂપાનું અને લોઢાનું એવાં ત્રણ પુર કુટુંબ સાથે વસીએ એવાં આકાશગામી રચાવી આપો. એ ત્રણ પુર તમારા વિના બીજા કોઈથી ભેદી શકાય નહિ, એવું વરદાન આપો. અમે એમાં કુટુંબ સાથે વસી ત્રિલોકીમાં ફરીશું અને અમારા શત્રુઓનો પરાજ્ય કરીશું.

શિવે તેમનું કહેવું માન્ય રાખ્યું. અસુરોના શિલ્પી મયાસુર પાસે ત્રણ પુરો રચાવી આપ્યાં. અસુરો તેમાં વસી ત્રિભુવનમાં ફરવા લાગ્યા. ત્રિવિષ્ટ-પમાં રહેતા દેવ લોકોને મારી, લુટી દેવદ્રવ્ય ત્રણપુરમાં ભરી ચીનમાં નાશી ગયા. એમ વારંવાર કરવા લાગ્યા. તેમને ત્રણપુર મળવાથી ઘણો મદ ચડી ગયો હતો, મદથી અધર્મો કરવા લાગ્યાં, દ્રવ્યથી છકી જઈ મદ્ય, માંસ ખાઇ વિના કારણે અનેક જીવહિંસા કરવા લાગ્યા. વેદ અને તંત્ર માર્ગ તજી મર-જીમાં આવે તેમ વર્ત્તવા લાગ્યા. દેવોને ઘણી પ્રકારે અડચણ કરવા લાગ્યા ચારે તરફ જૂલમ વધી ગયો. શિવનાં વરદાનથી તેનાં ત્રણ પૂર બીજાથી ભેદાય તેમ નહોતાં. તેથી વિષ્ણુ, ઈંદ્રાદિ સર્વ દેવોએ મળી વિચાર કર્યો કે;— શિવજી સર્વ વિદ્યાના પ્રગટ કર્ત્તા છે, પણ ભોળાદેવ છે. અસુરોને ત્રણપુર આપ્યાથી જૂલમ કરે છે, છકી જઇ વૃથા જીવહિંસા ઘણી કરે છે, તેથી ઘણી દયા પત્પન્ન થાય છે. માટે એના મનમાં દયા ઉત્પન્ન કરવી. તેમનો

જુલમ તોડવાને તથા તેનો નાશ કરાવવાને એ વેદ બાહ્ય થઇને ઇશ્વરભક્તિ છોડે એમ કરવું, કે એ જોઈ શિવ તેનાપર કોપી તેનો નાશ કરે એવી યુક્તિ કરવી. એવો વિચાર કરી દેવગુરૂ બૃહસ્પતિ એ એક કપટ શાસ્ત્ર રચ્યું. તેમાં જીવ દયા અને નિરીશ્વર વાદના કુતર્કો લખ્યા. પછી અસુરોને ઠગવાને વિષ્ણુ તથા બૃહસ્પતિ અને બીજા ઋષિએ ચાર્વાક યતિનો વેશ લીધો. ચીનમાં જઈ ચાર્વાક શાસ્ત્ર પ્રમાણે અસુરોને ધર્મોપદેશ આપવા લાગ્યા કે;—"અહો ! તમો શું આત્માને જાણતા નથી ? દેહ એજ પ્રત્યક્ષ આત્મા છે. દેહ અન્નબ્રહ્મથી નીપજેલો છે. માટે દેહ બ્રહ્મ છે. માટે દયાળુ પુરૂષોએ કોઇના દેહને હણવો નહિ. જે દેહરૂપ આત્માને હણે છે તેને આ જન્મમાં દુઃખ પ્રાપ્ત થાય છે. વેદમાં જે પુત્રાત્માવાદ છે, તે દેહાત્માવાદથી ભિન્ન નથી. દેહ છે તે અન્નમયકોશ છે, તેનેજ વેદમાં બ્રહ્મ કહે છે. દેહરૂપ આત્માને વિધિ કરીને પણ હણવો નહિ. વેદ અને તંત્રમાં જે વિધિઓ હિંસાવાળી છે, તે નિર્દય અને ખળ પુરૂષોએ કહી છે. અરેરે ! એ દુષ્ટ પુરૂષો કેવા છે કે જેઓ હિંસા કરવાથી પુણ્ય માને છે ! હિંસા કરવાથી જો પુણ્ય થતું હોય, તો ઝેરથી અમૃત થાય. દીવાથી દીવો થાય છે, પણ અંધારાથી થતો નથી. દયાથી ધર્મ થાય છે, પણ હિંસાથી થતો નથી. હિંસાથી કેવળ પાપ થાય છે. જે લોકો પ્રત્યક્ષ દેહરૂપી આત્માને હણી અપ્રત્યક્ષ દેવપિતૃનું યજન કરે છે, તે લોકો ગંગાનો પ્રવાહ છોડી સૂકા સરોવરને ચાટે છે. શ્રાદ્ધ કરવાં નહિ, જે દેહ મુવો તે ફરી થતો નથી. કેવળ બ્રાહ્મણને મારવાથીજ બ્રહ્મહત્યા થાય છે, એમ નથી પણ સર્વ દેહને હણવાથી બ્રહ્મહત્યા થાય છે. એ રીતે એક ચાર્વાક યતિનો ઉપદેશ સુણીને એક અસુરે એક કૂતરાનું સૂકું કંકાલ (હાડપિંજર)પડયું હતું. તે લઇને એ ચાર્વાક યતિના માથાપર ફેંકીને બોલ્યો કે આ તારૂં બ્રહ્મ. એ જોઇ યતિએ ગુસ્સે થઈ ઉત્તર આપ્યો કે અરે ખળ અસુર ! આ મરેલા કૂતરાના અપવિત્ર કંકાલને તેં કેમ સ્પર્શ કર્યો ? એ સાંભળી અસુર બોલ્યો કે;—તું દેહને બ્રહ્મ માને છે, ત્યારે કંકાલમાં અપવિત્રતા ક્યાંથી આવી ? પછી એ ચાર્વાક યતિએ કહ્યું કે;—મરેલા દેહમાં બ્રહ્મ નથી. એ સચેત ન હોય, ત્યારે એમાં બ્રહ્મતા છે. એ સાંભળી અસુરે કૂતરાના બચ્ચાંનું મુખ એ યતિને મુખે અડાડયું. એટલે યતિ કોપીને બોલ્યો કે;—અરે દુષ્ટ ! આ અપવિત્ર કૂતરાનું મુખ મારે મુખે કેમ અડાડયું ? અસુર બોલ્યો કે;—તારા મતમાં જીવતું શરીર બ્રહ્મ છે ત્યારે એમાં અપવિત્રતા ક્યાંથી આવી ? એ સાંભળી ચાર્વાક યતિ ચૂપ થઈ ગયો.

પછી બીજો ચાર્વાક યતિ બોલ્યો;—શરીરમાં જે પ્રાણવાયુ ચાલે છે તે પ્રાણમયકોશ છે તે બ્રહ્મ છે. શરીર તો સ્થૂળ છે; તે તો અપવિત્ર છે માટે

શરીર બ્રહ્મ નથી. એ સાંભળી અસુરે ચાર્વાકયતિના મુખમાં ફુંક મારી. તેથી ચાર્વાકયતિએ કહ્યું કે;—અરે યવન! મારા મુખમાં તારો અપવિત્ર શ્વાસ કેમ મૂકે છે? અસુર બોલ્યો કે;—તારા મતમાં પ્રાણવાયુ બ્રહ્મ છે; ત્યારે તેમાં અપવિત્રતા ક્યાંથી આવી? પછી એ ચાર્વાક યતિ ચૂપ થઈ ગયો. ત્રીજો ચાર્વાક યતિ બોલ્યો કે;—પ્રાણમય કોશ બ્રહ્મ નથી એથી બ્રહ્મ આગળ છે. નાકે ચાલનારો ધમણના જેવો પ્રાણવાયુ તો અપવિત્ર છે દેહમાં જે મનો મયકોશ છે તે પવિત્ર છે. એ સાંભળી અસુર બોલ્યો;—હે યતિ! તું જ્યારે ઉંઘીશ, ત્યારે અમે તને મુઓ જાણી બાળી મૂકીશું; કેમકે ઊંઘમાં મન લય પામે છે, એવું સાંભળી ચાર્વાક યતિ ચૂપ રહ્યો, પછી ચોથો ચાર્વાક યતિ બોલ્યો કે;—બુદ્ધિમય કોશ છે તે બ્રહ્મ છે પછી અસુરે કહ્યું કે, બુદ્ધિ પણ ઊંઘમાં લય પામે છે. તેથી એ પણ ચૂપ રહ્યો. પછી પાંચમો ચાર્વાક યતિ બોલ્યો કે;—દેહમાં આનંદમય કોશ છે તે બ્રહ્મ છે. ઉંઘમાં પણ આનંદ છે; કેમકે હું આજ આનંદમાં સૂતો હતો, એવું જાગીને કહે છે. પછી અસુરે એ સ્વીકાર્યું." એ રીતે ઉપર લખેલા પાંચ ચાર્વાકના પાંચમત એમના ગ્રંથમાં છે. વળી એ યતિઓએ ચાર્વાક મતનાં તત્વો જણાવ્યાં છે કે;—"પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ એ ચાર તત્વો છે. જગતકર્ત્તા ઈશ્વર નથી. શરીરમાં જીવ નથી. શરીરમાં જે ચેતના તે ચાર તત્વના મિશ્રણથી થઈ છે. એકલા પ્રત્યક્ષ પ્રમાણથીજ પ્રમેય વસ્તુનું જ્ઞાન થાય છે. ઈત્યાદિ નાસ્તિકતાનો ઉપદેશ આપ્યો. એ ઉપદેશ સાંભળીને સર્વ અસુરો નાસ્તિક થઈ ગયા. જગતકર્ત્તા પ્રભુની ભક્તિ છોડી દીધી. યતિઓના કુતર્કો સાંભળીને વેદોક્ત ધર્મના વિચારો અસુરોના મનમાંથી નીકળી ગયા. જીવપર દયાળુ થયા, પણ પરમેશ્વરને માનવાનું તજી દીધું. એ પ્રમાણે નાસ્તિક થઈ ગયા. પછી બૃહસ્પતિ વગેરે જે દેવો ચાર્વાક યતિના વેશે હતા, તે ધારેલું કાર્ય સાધીને પાછા પોતાને સ્થાનકે ગયા, પરંતુ તેમની પરંપરા ચીન દેશમાં રહી, અશુરોએ શિવ ધર્મ છોડી દીધો, સૌ નાસ્તિક થઈ ગયા. તેથી શિવે ક્રોધ કરી અસુરોને મારી ઠેર કર્યા. તેમનાં ત્રણપુરનો નાશ કર્યો. જે અસુરોએ શિવ ધર્મ કબૂલ કર્યો તેમને જીવતા મૂક્યા. શિવે ત્રણપુરનો નાશ કર્યો, તેપરથી શિવજી "ત્રિપુર હર" કહેવાય છે. શિવધર્મ વેદાનુસારી છે. તેમના મુખ્ય સિદ્ધાંત;—"જગતનો કર્ત્તા એક ઈશ્વર છે, તે પોતાના જ્ઞાન, ઈચ્છા, અને ક્રિયા એ ત્રણ શક્તિવડે જગત્ સર્જે છે. પોતાની સૃષ્ટિના જીવોના શુભાશુભ કર્મ તપાસીને તેમને સુખ દુ:ખ આપે છે." ઈત્યાદી શૈવમતને અનુસરી ગૌતમ અને કણાદ મુનિએ તર્ક શાસ્ત્ર રચ્યાં છે. શૈવમતાનુસારી અનેક તાર્કિક પંડિતો થયા છે. તેમણે પોતાના ગ્રંથોમાં નાસ્તિક મતનાં ખંડન કર્યાં છે. ચાર્વાક મત પછી

કેટલેક કાળે બૌદ્ધ મત થયો. તેનાં પણ ખંડન શૈવમતના પંડિતોએ કર્યા છે. બૃહસ્પતિ દેવોમાં માન્ય, અને પૂજ્ય ગણાયા છે. તેમની શ્રેષ્ટતા ઘણી હતી. મોટા મોટા રાજાઓ તેમને આધિન હતા. પ્રજાહિતાર્થે પણ તેમણે ઘણું ઘણું કરેલું છે. એ પોતાની મહત્તાથી સપ્તર્ષિ જેવા મહત્ મંડળમાં નિમાયા હતા. એ શ્રેષ્ઠતાઇથી આર્યાવર્તમાં એક તારા રૂપ ગણાઇ ગયા છે. જેની અખંડ નિશાની તરીકે આકાશમાં આજ પણ બૃહસ્પતિના નામનો તારો પ્રસિદ્ધ છે. નિરંતર યાદ આવવા તેમના નામપરથી સાતવારમાંના એક વારનું નામ બૃહસ્પતવાર અથવા ગુરૂવારના નામથી પ્રસિદ્ધ છે. એ રીતે એ જગતમાં પોતાના આત્મબળથી અખંડ કીર્ત્તિ રૂપે વ્યાપી રહ્યા છે. ધન્ય શ્રીબૃહસ્પતિ ! ! !

સાંખ્ય યોગ પ્રણેતા.

કપિલ મુનિ.

આ તત્વજ્ઞ કોણ? એ મહાત્મા કર્દમ ઋષિ જે પ્રજાપતિ હતા, તેના પુત્ર. એ કપિલ મુનિ વિષ્ણુના ચોવીસ અવતારમાં પાંચમા અવતાર ગણાય છે. એની માતાનું નામ દેવહૂતિ. જે સ્વાયંભુવ મનુનાં પુત્રી હતાં. કપિલ દેવનો જન્મ પુષ્કર પાસે થયો હતો. આ મહા મુનિ સિદ્ધ નામથી દેવોની ગણનામાં ગણાયા છે. એ મહા તેજસ્વી હતા. એનો અવતાર પરહિતને કારણે થયો હતો. મનુષ્યતારક સાંખ્યયોગ પ્રગટ કરી તેમણે અવનિમાં અનેક અધર્મોનો ઉદ્ધાર કર્યો. એ જરા પણ ભોગવિલાસમાં પડયા નહોતા. સંસારમાં મન લગાડયું નહોતું. મંગળમય ભગવત્ સ્વરૂપ એ મુનિએ પોતાની માતુશ્રી દેવ-હૂતિને મુક્તિ પમાડવા પુત્રપ્રેમથી યોગેશ્વર જ્યાં ભક્તિથી સિદ્ધિને પામે એવા સરસ્વતિ ક્ષેત્રમાં બ્રહ્મવિદ્યાનો ઉપદેશ આપ્યો. તેથી માતા દેવહૂતિ મુક્તિને પામ્યાં. ત્યાં કપિલદેવજીનો આશ્રમ છે. ત્યાંથી તેઓ ઉત્તરમાં ગંગાકિનારે ગયા. ત્યાં જઇને તેમણે મનુષ્યોનો ઉદ્ધાર કરવામાં ઘણો પ્રયત્ન કર્યો હતો. ગંગાસાગરમાં આવતાં સમુદ્રે તેની પૂજા કરી બેસવાને આસન આપ્યું હતું. અહીં બેસી તેમણે યોગાભ્યાસ કર્યો હતો. એવા હેતુ કે કળીયુગવાસી લોકો મારૂં દર્શન કરે, તો તેઓ પાપથી મુક્ત થાય. અદ્યાપિ પણ ગંગાસાગરમાં કલકત્તાની પાસે એ મુનિનો આશ્રમ છે. એની જાત્રા કરવાને હજારો લોકો જાય છે. સગર રાજાએ ૯૯ યજ્ઞો નિર્વિઘ્ને કર્યા હતા. છેલ્લા અશ્વમેધ યજ્ઞની વખતે ઇંદ્રે યજ્ઞના અશ્વને પાતાળમાં જ્યાં કપિલ દેવ સમાધીમાં બેઠા હતા, તેની પાછળ બાંધી મૂકયો. એ અશ્વની રખેવાળી સગરના ૬૦ હજાર પુત્રો

કરતા હતા. તેઓ અશ્વને શોધી શોધીને થાકી ગયા, પણ કશો પતો લાગ્યો નહિ. અંતે તેઓ નિરાશ થઇને સગર પાસે આવ્યા. સગરે તેમને પાતાળમાં મોકલ્યા. પાતાળમાં જતાં અશ્વને કપિલ દેવની પાછળ બાંધેલો દીઠો. તેવાજ તેઓ જોસમાં આવ્યા. આ અશ્વને લાવનાર એ બેઠેલો મુનિજ હશે. એવું સમજી બધા સાથે બૂમ પાડી ઉઠયા કે એ અશ્વ અમારો છે તેને છોડો ? તેમજ તેમને ચોર જાણી મારવા લાગ્યા. તેથી કપિલદેવની સમાધી ઉતરી ગઇ. તેઓએ આંખ ઉઘાડી તેમની સામે જોયું કે આંખની ક્રોધાગ્નિમાં સર્વે બળીને ભસ્મ થઇ ગયા. પાછળ એક પણ ખબર આપનાર રહ્યો નહિ. ઘણો કાળ વિતી ગયો, પણ કોઈ અશ્વની સંભાળ લઈ આવ્યું નહિ એ શું કહેવાય ? એવો વિચાર કરી સગરે અંશુમાનને મોકલ્યો. તેણે કપિલ મુનિની સ્તુતિ કરી અશ્વને મેળવ્યો. કપિલદેવે જણાવ્યું કે, આ તારા કાકા બળી ભસ્મ થયેલા છે, તે ગંગાના સ્પર્શથી મુક્તિને પામશે. એ સાંભળી મુનિની રજા મેળવી એ ચાલતો થયો.

કપિલદેવ પૃથ્વીપર ઘણે સ્થળે ફર્યા હતા. સાંખ્ય જ્ઞાનનો બોધ આપતા હતા. ઘણી સભાઓમાં તેમણે પોતાના વિચાર જણાવી વાદવિવાદ ચલાવ્યો હતો. એમનો બોધ એવો છે કે;—બ્રહ્મવિદ્યા એ આત્મનિષ્ઠ યોગી પુરૂષના શ્રેયનું કારણ છે. તેનાથીજ સુખદુઃખની નિવૃત્તિ થાય છે. ચિત્તજ જીવનું બંધન અને મુક્તિનું કારણ છે. ચિત્તજ વિષયમાં આસક્ત થયાથી જીવનું બંધન થાય છે. અને બ્રહ્મમાં સંલગ્ન થયાથી મુક્તિ મળે છે. શરીરમાંના આકાશ, અગ્નિ, જળ, વાયુ, અને પૃથ્વ્યાદિ તત્ત્વોના સ્વરૂપોને જાણીને પ્રાણ, અપાનની ગતિ રૂંધન કરવાથી અસંગ ચૈતન્યરૂપ આત્મા પોતાની સ્વયંવ—પ્રકાશવાન જ્યોતિથી ભાસ્યમાન થાય છે. ત્યારે આ દેહરૂપ સર્વ ઇંદ્રિયોનો વ્યવહાર મિથ્યા છે એમ લાગે છે. સાંખ્ય જ્ઞાનમાં ચોવીસ તત્ત્વના તત્ત્વ જ્ઞાનથી મોક્ષ માન્યો છે. જ્ઞાનરૂપી આત્મા—પુરૂષ ચૈતન્ય છે. એ કેવળ અકર્ત્તા છે. સાક્ષિરૂપજ છે. સૃષ્ટિ કાર્યં,. સુખ, દુઃખાદિરૂપ બનાવનાર તો ત્રણ ગુણવાળી પ્રકૃતિ છે. પ્રકૃતિ જડ છે. અને ભોક્તારૂપ આત્મા–પુરૂષ એ ચૈતન્ય છે. બંને સાથે રહે છે. પ્રકૃતિ રૂપાંતર પામે છે, તેમ પુરૂષ રૂપાંતર પામતો નથી. પ્રકૃતિ પુરૂષના સંબંધથીજ સ્વતઃ ગતિને પામે છે. પુરૂષ પ્રકૃતિનાં કર્માદિ પોતાનાં માની મોહે કરીને જીવરૂપે બંધાએલો રહી દુઃખી થાય છે. શુભાશુભ કર્ત્તવ્ય કરતો રહેવાથી જન્મ જન્માંતરને પ્રાપ્ત થતો જાય છે. આ જન્મ મરણરૂપી રોગને દૂર કરવા સારૂ સૂક્ષ્મ (લિંગ) દેહનો સંબંધ છોડે તોજ મુક્તિ મળે છે. અનેક પ્રકારનાં સુખ દુઃખ પ્રકૃતિના ધર્મ છે, એમ સમજાય અને પોતે અકર્ત્તા છે. એમ આત્મા–પુરૂષને જણાય ત્યારેજ મોક્ષ

મળે છે. આત્મા સંબંધીના સંપૂર્ણ જ્ઞાનથી પ્રકૃતિનો ક્ષય થાય છે. એટલે પ્રકૃતિ બંધન તૂટી ગયે શુદ્ધ ચૈતન્ય જણાય છે, ત્યારે મોક્ષ થાય છે.

વગેરે તેમનો બોધ જ્ઞાનમદ છે. એ સુજ્ઞજનોએ જાણવા પ્રયત્ન કરવો જોઇએ. આ મહાત્મા મુનિએ તપોબળથી નિરહંકાર અર્થાત્ દેહાદિમાં અહંબુદ્ધિ શૂન્ય અખંડ ભક્તિદ્વારા બ્રહ્મ સ્વરૂપને પામી ગયા છે.

ન્યાય, તર્ક પ્રણેતા.

ગૌતમ.

આ સમર્થ બ્રહ્મર્ષિ હતા. બ્રહ્મમાનસપુત્ર અંગિર ઋષિના પૌત્ર થાય. તેમનો જન્મ ત્રેતાયુગના આરંભમાં પ્રસિદ્ધ ઋષિ દીર્ઘતમાને ત્યાં હિમાલય પ્રદેશમાં થયો હતો. વેદાદિ શાસ્ત્રોનું તેમણે બાળવયમાંજ અધ્યયન કર્યું હતું. એ મહા તેજસ્વી, મહા વિદ્વાન, તત્વજ્ઞ, તપનિધાન, તીવ્રબુદ્ધિના, ઉત્સાહી, ખંતી, શોધક, અને સિદ્ધિવાન હતા. ન્યાય, તર્ક, રસાયણ, પદાર્થ પૃથક્કરણ અને તત્વાદિની શોધો તેમણે કરેલી છે. લાંબો કાળ તપશ્ચર્યા કરી તેમણે તપ સમૃદ્ધિ મેળવી હતી. એ પોતાની પ્રબળ શક્તિથી આગળ વધી સર્વમાં માન પામી સપ્તર્ષિના પંચમાં તેમની નિમણુક થઇ હતી. એ ઋષિ મુનિઓમાં શ્રેષ્ઠ ગણાતા હતા. અહલ્યા નામે મહા તેજસ્વી અને રૂપસુંદર સ્ત્રી હતી. તેને ઇંદ્રાદિ દેવો વરવાને ઇચ્છતા હતા, પણ બ્રહ્માએ તેમને સ્વયંવરથી પપરણાવવા ઇચ્છા કરી, સ્વયંવર રચ્યો તેમાં અહલ્યા ગૌતમને પરણી. ત્યારથી ઇંદ્ર દ્વેષ રાખતો હતો. અહલ્યા મહા સતી હતી. આ દંપતીના ગાઢ સ્નેહ હતો. ગૌતમને આ સાધ્વી સ્ત્રીએ ધર્મોપદેશ, ધર્મનીતિનાં કૃત્યો અને શોધોમાં ઘણી સહાયતા આપી હતી. એક વખતે ગૌતમની ગેરહાજરીનો લાભ લઈ ઇંદ્ર દ્વેષ બુદ્ધિથી ગૌતમને વેષે કપટથી છળના કરવાને આવ્યો. સતીને પોતાના પ્રપંચ પાસમાં સપડાવવા લાગ્યો, તેટલામાં ઋષિ આવ્યા. તેમણે ઇંદ્રને ઓળખી કાઢી શાપ આપ્યો. તેથી ઇંદ્રના શરીરમાં સહસ્ત્ર છિદ્ર પડયાં, નપુંસક થયો. કામથી પીડાઈ દુઃખી થયો. સતી ઇંદ્રના પ્રપંચને પારખી શકી નહિ. તેથી તેને પણ ઋષિએ ક્રોધથી શાપ આપી શલ્યારૂપ કરી. આવી રીતે અણઘટતી આપદા આવી પડી, પત્નિ વિયોગ થયો. વિયોગ દુઃખથી ઉદાસ બની હિમાલય પ્રત્યે ગયા. પ્યારી પત્નિનો ઉદ્ધાર થતાં સુધી નિરંતર તપશ્ચર્યાજ કર્યા કરી. જ્યારે રામ પ્રતાપથી અહલ્યાનો ઉદ્ધાર થયો, ત્યારે તેમને મળી આનંદ પામ્યા હતા.

ગૌતમનો પ્રથમ આશ્રમ પ્રયાગ પાસે હતો. પછી મિથિલાના અર-

ણ્યમાં અને અહલ્યાને તજ્યા, પછી હિમાલયમાં હવે. પત્નિને પામ્યા પછી વરૂણ કાનનમાં આવ્યા, ત્યાં આશ્રમ બાંધી રહ્યા હતા. ત્યારથી એ આશ્રમ ગૌતમાશ્રમ નામથી પ્રસિદ્ધ થયેલ છે. ત્યાં તેણે લાંબો કાળ તપશ્ચર્યા કરી હતી. એ આશ્રમ આજે ગૌતમ તીર્થ ગણાય છે. તેને કનાયન અને નિબાળી નામે બે મુખ્ય શિષ્ય હતા. આ સિવાય બીજા પણ ઘણા શિષ્યો એ પાસે વિદ્યાભ્યાસ કરતા હતા. એનું શિક્ષણ ઘણું વખણાતું હતું. એને સંતાનમાં પ્રથમ શતાનંદ નામે મહા તેજસ્વી પુત્ર થયો. જે મહા વિદ્વાન બની જનકપુરના વિદેહ વંશીયજનકનો પુરોહિત થયો હતો. એ પુરાણીના નામથી પણ પ્રસિદ્ધ છે. એના પછી અંજની નામે પુત્રી થઈ, જેને અગિઆરમા રૂદ્રરૂપ મહાવીર હનુમાન અવતર્યા હતા. બીજો પુત્ર ચિરકારી નામનો હતો. જે આગળ જતાં ઋષિ મંડળમાં પ્રસિદ્ધ થયેલ છે. પ્રત્યેક મન્વંતરના દ્વાપરયુગમાં પુરાણોના વક્તા વ્યાસો થયેલા છે. આજ સુધી અઠ્ઠાવીશ વ્યાસ થયા, તેમાં ગૌતમ ઋષિ ૨૦ વીસમા વ્યાસ ગણાય છે. એણે સ્મૃતિ પણ રચેલી છે. તેને "ગૌતમ સ્મૃતિ" કહે છે. તેમજ ન્યાય શાસ્ત્રાદિ ગ્રંથો પણ તેમણે કરેલા છે. ન્યાય શાસ્ત્રને ન્યાય દર્શન અથવા ગૌતમ દર્શન પણ કહે છે. ન્યાય વિદ્યા સર્વ વિદ્યાનો પ્રદીપ સ્વરૂપ છે. સઘળાં કર્મનો ઉપાય અને નિખિલ ધર્મનો આશ્રય છે.

ન્યાય દર્શનના પાંચ અધ્યાય છે. પ્રત્યેક અધ્યાયમાં બે આન્હિક છે. પ્રત્યેક આન્હિકમાં ઘણાં પ્રકરણ છે. ન્યાય દર્શનના મતમાં જીવાત્મા તિરિક્ત એક પરમેશ્વર છે. તેને ભોગ સાધનનું શરીર, સુખ, દુઃખ અને દ્વેષાદિક કર્મજ નથી. કેવળ નિત્યજ્ઞાન, ઇચ્છાદિ ગુણો છે. એ અસાધારણ શક્તિવાળો, અને સમસ્ત જગતનો કર્ત્તા છે. એના વિષયનાં પ્રમાણ વેદાદિ શાસ્ત્ર અને અનુમાનાદિ છે. ન્યાય શાસ્ત્રનો સર્વ શાસ્ત્રોમાં ઉપયોગ છે. સુરાચાર્ય બૃહસ્પતિએ કહ્યું છે કે;—"જે માણસ તર્ક શાસ્ત્રનુંસારે તાત્પર્યાર્થની શોધ કરે છે, તે મનુષ્ય શાસ્ત્રનો મર્મ જાણીને ધર્મ નિર્ણયમાં સમર્થ થાય છે." ગૌતમ ન્યાયમાં યુક્તિ પ્રધાન છે. યુક્તિના ચિંતવનથી પુરૂષની તીવ્ર બુદ્ધિ થાય છે. બુદ્ધિ તીવ્ર થવાથી મનન કરવાને સમર્થ થવાય છે. મનન કર્યાથી સત્ય સિદ્ધાંત થઇ શકે છે અને સત્ય સિદ્ધાંતના યોગે આત્મા પરમાત્માનું સત્ય જ્ઞાન થઈ કેવળ મોક્ષની પ્રાપ્તી થાય છે. વિદ્વાન પંડિતોની સભામાં વાદવિવાદ કરવાની રીત સંપૂર્ણ વર્ણવેલી છે તથા તર્ક શાસ્ત્રનો સમાવેશ પણ ન્યાય શાસ્ત્રમાં થઇ જાય છે. પૃથ્વી જે પદાર્થના પરમાણુ મિશ્ર થવાથી બનેલી છે, તે પ્રત્યેક પરમાણુ નિત્ય અને સ્થાઇ છે. તેનો નાશ થઇ શકતો નથી. જેનો નાશ ન થઈ શકે તે તત્વ કહેવાય છે. માટે પરમાણુની તત્વમાં ગણના કરી છે, પરંતુ પરમાણુથી ઉત્પન્ન થયેલો પદાર્થ નિત્ય નથી માટે એ નાશવંત છે.

એ રીતે તત્વાદિની વ્યવસ્થા ન્યાય શાસ્ત્રમાં કરેલી છે. એમાં રસાયણ વિદ્યાનું પણ યથાર્થ વર્ણન કરેલું છે. સિવાય બીજા અનેક પ્રકારના જ્ઞાન સંપાદન કરવાના વિષયો પણ તેમાં છે. માટે એ પ્રથમ કાળનું ઇશ્વર પ્રેરક જ્ઞાન કહેવાય છે.

મોક્ષ પામવા માટે તત્વજ્ઞાન થવું જોઇએ. તત્વજ્ઞાનથી દુ:ખ, જન્મ, પ્રવૃત્તિ, દોષ અને મિથ્યા જ્ઞાન એ સર્વનો ઉત્તરોત્તર નાશ થતાં મોક્ષ મળે છે. તત્વજ્ઞાન કેમ થાય? એ વિષે ન્યાય શાસ્ત્રમાં કહ્યું છે કે;—"પ્રમાણ, પ્રમેય, સંશય, પ્રયોજન, દષ્ટાંત, સિદ્ધાંત, અવયવ, તર્ક, નિર્ણય, વાદ, જલ્પ, વિતંડા, હેત્વાભાસ, છલ, જાતિ, નિગ્રહસ્થાન, એટલાં તત્વ જાણવાથી મોક્ષ પ્રાપ્તિ થાય છે." એ સોળ બાબતોનો તેમાં વિસ્તારથી વિચાર ચલાવેલો છે. એ તત્વજ્ઞાન થવા માટે ઉત્તમ સાધન રૂપ છે. ન્યાયનો અભ્યાસ દ્રાવિડ, તૈલંગ, ઉત્તરમાં નંદીઆ અને કાશી એ સ્થળોમાં અદ્યાપિ પણ સારો ચાલે છે. ન્યાયથી તત્વજ્ઞાન થાય છે, ત્યારે મિથ્યા જ્ઞાનનો નાશ થાય છે, મિથ્યા જ્ઞાન નાશ થયે, દોષ મટે છે, દોષ મટયે પ્રવૃત્તિ અટકે છે, પ્રવૃત્તિ અટકયે જન્મ ટળે છે, જન્મ ટળ્યે દુ:ખની સર્વથા નિવૃત્તિ થાય છે. દુ:ખની નિવૃત્તિ થાય છે, તેનેજ મોક્ષ કહે છે. ન્યાય મતમાં બૌદ્ધ, જૈનાદિએ માનેલા મોક્ષ સ્વરૂપનું ખંડન કરેલું છે અને પોતે માનેલા મોક્ષનું પ્રતિપાદન કરેલું છે. ન્યાય મતમાં જગતનો કર્ત્તા પરમેશ્વર તથા તેના વચનરૂપ વેદ એ બંનેને અનુમાન તથા શબ્દ પ્રમાણથી સ્વીકારેલાં છે. ગૌતમનો ન્યાય સૃષ્ટિના પદાર્થોનું પૃથક્કરણ કરી, તેમની ઉત્પત્તિ, સ્થિતિ વિષે નિર્ણય કરી મોક્ષ સાધવો જોઇએ એવો છે.

ગૌતમે ન્યાયમાં જીવ ને આત્મા વિષે કહ્યું છે કે;—"જીવને આત્મા એકજ છે. અજ્ઞાનતાએ કરીને આત્મા જીવરૂપે થઇ ગયો છે. જીવ જ્ઞાન થયે ભક્તિ કરવાથી શુદ્ધ થઇ ઇશ્વરમાં લિન્ન થાય છે. આત્મા પ્રકૃતિ રહિત અને સ્વતંત્ર છે. તેનો ગુણ સારાસાર વિચાર કરવાનો છે. એ મૂળ તત્વથી ધર્મ મનાયો છે. ધર્મને માનવાવાળી જીજ્ઞાંસા આપણી અંદર રહેલી છે. એ આપણો પવિત્ર સ્વતંત્ર ગુણ છે. ઇશ્વર વિષે કહ્યું છે કે;—"કર્ત્તા જે ઇશ્વર તે અનાદિને સ્વતંત્ર છે. તેણે કારણરૂપે તત્વોને સજી આ કર્મરૂપી જગત રચ્યું છે. તે સ્ફુર્ણારૂપી સંકેતથી જીવો પાસે કર્મ કરાવે છે. કર્ત્તાની કૃપાથી જ્ઞાન પ્રાપ્ત થાય છે. અને જ્ઞાન થયે મોક્ષ પ્રાપ્ત થાય છે. તેના બક્ષેલા જ્ઞાનની શ્રદ્ધાએ જે આશા રાખીએ તે ફલીભૂત થાય છે. કર્ત્તા દ્રશ્ય અદ્રશ્ય ફળનો દાતા છે. કર્ત્તા વિના બીજું કાંઇ શ્રેષ્ઠ નથી. મોક્ષપદમાં કાયા અને જગત મિથ્યા દર્શાય છે. માત્ર જ્ઞાન સ્વરૂપ આત્મા કાયમ છે. એ ચૈતન્ય

સ્વરૂપ છે. ચૈતન્યને દેખાવ નિરાકાર દર્શાય છે." ગૌતમનું ન્યાય શાસ્ત્ર સર્વ માન્ય છે. ગદાધરી, જાંગદેશી, અનુમાનચિંતામણી આદિ ગ્રંથોમાં ન્યાયના એક ખંડ ઉપરજ સૂક્ષ્મ વિચાર ચલાવેલો છે. ન્યાય સૂત્ર ઉપર વાત્સાયનનું ભાષ્ય છે, તેના બીજા ગ્રંથો પણ ઘણા છે.

આ મહાત્માના તપ પ્રભાવથી ગોદાવરી ગૌતમી ગંગા કહેવાય છે. એ મહા તીર્થ છે. કારતક માસમાં સિંહના બૃહસ્પતિ આવે છે, ત્યારે ત્યાં સ્નાન કરવા લાખો માણસોની જાત્રા ભરાય છે, એવો તેનો મહિમા છે. આ બ્રહ્મર્ષિએ નિમિ રાજાને એક હજાર વર્ષનો યજ્ઞ કરાવ્યો હતો. વગેરે તેણે ઘણા યજ્ઞો કરાવેલા છે. ગૌતમાશ્રમમાં અહલ્યાહ્રદ નામનું તીર્થ છે. ગૌતમાશ્રમ પાસે આજે ભીનમાળ નામનું નગર છે. એ પ્રાચીન શ્રીમાળનગરના નામથી પ્રસિદ્ધ હતું. એ લક્ષ્મીજીએ વિશ્વકર્મા પાસે રચાવ્યું હતું. પવિત્ર તીર્થ ક્ષેત્રોમાં વસતા પીશતાળીશ હજાર ઋષિ મુનિઓને તેડાવી તેમાં વસાવ્યા હતા. સર્વ બ્રાહ્મણોની સંમતિથી ગૌતમ ઋષિનેશ્રેષ્ઠ ગણી લક્ષ્મીકાન્ત વિષ્ણુ ભગવાને તેમને અર્ઘ પ્રદાન કર્યું હતું. શ્રીનગરમાં વસતા બ્રાહ્મણોની જીવિકા માટે વાણીઆ અને શોનીને ઉત્પન્ન કર્યા હતા. આજે જેટલા શ્રીમાળી બ્રાહ્મણ, શ્રીમાળી શોની અને શ્રીમાળી વાણીઆ કહેવાય છે. એ સઘળા શ્રીમાળનગરના મુળવતની છે અને તેમની ઇષ્ટદેવી મહાલક્ષ્મી છે. શ્રીમાળનગરમાં વસતા સઘળાને ગૌતમે સાત દુકાળ ઉતરાવ્યા હતા. પાછળથી ગૌતમને બ્રાહ્મણો વચ્ચે અંટશ પડવાથી તેણે જૈન ધર્મ પ્રવર્ત્તાવ્યો હતો એવું કહેવાય છે. તેમજ ગૌતમ બૌદ્ધ નામનો છેલ્લો અવતાર ગણાય છે. પણ તે ગૌતમ આજ કે બીજે એ વિષે શંકા છે.

અંગિરા વંશમાં કેવળાંગિરસ, ગૌતમાંગિરસ, અને ભરદ્વાજાંગિરસ એવી મુખ્ય ત્રણ વંશમાલિકા છે. ગૌતમાંગિરસ વંશમાલિકાના દશ ભેદ છે. તે આ પ્રમાણે—આયાસ્ય, શારદ્વત, કૌમંડ, દીર્ઘ તમસ, કરેણુપાલિ, વામદેવ, ઔશનસ, રાહૂગણ, સેમરાજક, બૃહદુક્થ, એ દશ છે. દીર્ઘ તમસકુલોત્પન્ન પ્રવર વ્યવસ્થા—આંગિરસ, ઔતથ્ય, કાક્ષિવત, ગૌતમ, દીર્ઘ તમસ, એ પાંચ પ્રવર કીંવા આંગિરસ, ઔતથ્ય, દીર્ઘ તમસ એવાં ત્રણ પ્રવર પણ ગણાય છે. આ ઋષિનો વંશ વિસ્તાર પણ સારો ચાલેલો છે. આ બ્રહ્મર્ષિએ પ્રજાપક્ષે રહી તેમના કલ્યાણર્થે ઘણું કર્યું છે. તેમની રાજા પ્રજામાં પૂર્ણ સત્તા હતી. વગેરે મહદ્ કૃત્યોથી તેમને આર્ય પ્રજા અદ્યાપિ પર્યંત અંતઃકરણના ખરા ઉમળકાથી યાદ કરે છે. એ રીતે એ પોતાના આત્મબળના પરાક્રમથી જગતમાં અખંડ કીર્ત્તિ રાખી ગયેલા છે. ધન્ય મહાત્મા ગૌતમ!!!

ધનુરવેદ પ્રસારક, બ્રહ્મર્ષિ.

વિશ્વામિત્ર.

આ પ્રતાપી પુરૂષ ચંદ્રવંશી પુરૂરવા કુળના ગાધિરાજાના પુત્ર થાય. એ કાન્યકુબ્જ દેશમાં રાજ્ય કરતો હતો. એ મહા તેજસ્વી, પરાક્રમી, ધાર્મિક, ઉત્સાહી, અતિવીર્ય, ન્યાયી, ધનુરવિદ્યામાં કુશળ, વિદ્વાન, પ્રજા પાળક, કાર્યપરત્વે ખંતિલો, તામસી અને હિંમતવાન હતો. તેણે ૠચિક ૠષિ પાસે સર્વ વિદ્યાનું શિક્ષણ મેળવ્યું હતું. એણે પ્રજાને પુત્રની પેઠે પાળી હતી. અલ્પકાળમાં રાજ્ય વિસ્તાર ઘણો વધાર્યો હતો. ઘણા રાજાઓ એના તાબામાં રાજ્ય કરતા હતા, દ્રવ્ય ભંડાર ભરપૂર હતો, સૈન્ય વ્યવસ્થા ઉત્તમ પ્રકારે રાખી હતી. રાજ્યસભામાં ઉત્તમ વિદ્વાનો સલાહકાર હતા, મંત્રિમંડળ વિદ્વાન, નમ્ર, અને દીર્ઘ દૃષ્ટિવાળું હતું. ઇત્યાદિથી એની કીર્તિ ચારે તરફ પ્રસરી રહી હતી. એક વખતે એ પ્રખ્યાત રાજા સ્વસૈન્ય સહિત મૃગયા રમવાને નીકળેલો. ત્યાંથી ફરતાં ફરતાં વસિષ્ઠ ૠષિનાં દર્શને તેમના આશ્રમમાં આવ્યો. અને વસિષ્ઠ ૠષિને વંદન કરી ચરણારવિંદમાં પડયો. ૠષિએ તેનો ઘણી પ્રકારે સત્કાર કર્યો. નંદિની કામધેનુના પ્રતાપથી ૠષિએ સૈન્ય સહિ સર્વેને ઇચ્છાભોજન કરાવ્યું. તેથી વિશ્વામિત્ર ઘણો આનંદ પામ્યો. આ ૠષિને સ્મૃદ્ધિમાં માત્ર નાનીશી ઝુંપડી છે, તેમાંથી તેણે આવી ઉત્તમ પ્રકારની સામગ્રી તૈયાર કરી ઝપાટામાં ભોજન આટલા માણસોને કરાવ્યું એ જોઇ આશ્ચર્ય પામ્યો. તેનું કારણ તપાસતાં તેને ૠષિ પાસે નંદિની નામની કામધેનુ માલમ પડી. એ બદલ લાખો ગાયો આપવાનું તેણે ૠષિને જણાવ્યું. ત્યારે ૠષિએ કહ્યું કે;—“એ કામધેનુ લેવાનું તારે શું કામ છે? તું રાજા છો, તારી પાસે પુષ્કળ દ્રવ્ય છે. તારે તેની કશી જરૂર નથી. અમે તો અરણ્યવાસી છીએ, દ્રવ્ય રાખતા નથી, તેને એ ઉપયોગી છે. વિશ્વામિત્રે કહ્યું કે એ મને આપો. નહિ આપો તો હું બળાત્કારે લઇશ. આ સાંભળી વસિષ્ઠ બોલ્યા કે;—“રાજન! તારે બળાત્કારથી લેવી હોય તો ભલે લે, પણ હું મારી ઇચ્છાથી તને કદી પણ આપીશ નહિ. પરાઈ ચીજને બળાત્કારે લેવી એ રાજાનો ધર્મ નથી. જો તું લઇશ તો સર્વ વિપરિત થશે.” રાજાએ માન્યું નહિ. તેણે તો પોતાના સેવકોને નંદિનીને લઇ લેવાની આજ્ઞા કરી. સેવકોએ જઇ નંદિને જોરથી બાંધી લીધી. આ જોઇ નંદિની થરથર કંપતી ને આંસુ ઝેરતી બોલી;—“મુનિરાજ! મારો શા માટે ત્યાગ કરોછો? આ લોકો મને બાંધીને ખેંચે છે!!” વસિષ્ઠે કહ્યું કે;—“હે નંદિની! હું તારો મારી ઇચ્છાથી ત્યાગ કરતો નથી. આ રાજા જેને મેં પરોણાગત કરી, એ તને બળાત્કારે લઈ જાય છે. હું કદી

તને ત્યાગ કરીશજ નહિ." મુનિનાં આવાં વચન સાંભળતાંજ કામધેનુ નંદિનીએ ક્રોધથી ક્રુર અને મહા દારૂણ્ય હંભા !! એવો શબ્દ કર્યો. શબ્દ થતાંજ ઉભો રહેજે ? એવો શબ્દ કરતા હથિયારબંધ, કવચ સહિત અસંખ્ય પુરૂષો પ્રગટ થયા. વિશ્વામિત્રના સર્વ સૈન્યનો તેઓ સંહાર કરી કામધેનુને છોડાવી ઋષિ પાસે લાવ્યા. તેથી વિશ્વામિત્ર મહા દુઃખ પામી ખિન્ન થતો સ્વનગરીમાં આવ્યો. ફરી પોતાના સો પુત્રોને સૈન્ય સાથે મોકલ્યા. તેમાં પણ વિશ્વામિત્રના નવાણુ પુત્રો વસિષ્ઠના પ્રતાપથી નાશ પામ્યા. આપરથી રાજા ઘણો શોકાતુર થયો. તેણે નિશ્ચય કર્યો કે ભલે મોટો ચક્રવર્તી રાજા હોય, પણ તેનું રાજ્યબળ—ક્ષત્રિયબળ એ બ્રાહ્મણના બ્રહ્મતેજના પરાક્રમ આગળ તુચ્છ છે. એ રીતે એ બ્રહ્મબળને વખાણવા અને ક્ષત્રિયબળને ધિક્કારવા લાગ્યો. આ વાત તેના હૃદયમાં ઘર કરી ગઇ હતી. રાત્રિ દિવસ બ્રહ્મત્વજ ઝંખ્યા કરતો હતો. અરે ! બ્રાહ્મણ એ કેવું પરમ દૈવત છે ! અહો ! બ્રહ્મત્વનો પ્રતાપ કેટલો બધો છે ! એ મને ક્યારે પ્રાપ્ત થશે ! એ રીતે સ્વપ્નમાં પણ ઝંખ્યા કરતો હતો.

વિશ્વામિત્ર સાથે યુદ્ધ થતાં નંદિનીના અંગમાંથી પૂછડા તરફથી પલ્હવ નામના મ્લેચ્છ, યોનિ તરફથી યવન, શીંગડા તરફથી શબર, શક, પૌંડ્ર, કિરાત, સિંહલ, બર્બર, ખસ, ચિબુક, પુલિંદ, ચીન અને કેરલ વગેરે ઘણી જાતના પુરૂષો ઉત્પન્ન થયેલા હતા. એ સૈન્યથી વિશ્વામિત્રની હાર થઇ હતી. આ હાર થયા પછી વિશ્વામિત્ર વસિષ્ઠ સાથે વેર રાખતો હતો. તેથી તેણે હિમાલય પર્વતપર જઈ અઘોર તપ આરંભ્યું. ત્યાં તેણે અનેક શસ્ત્ર અસ્ત્રની વિદ્યા સંપાદન કરી. પછી વસિષ્ઠને આશ્રમે આવ્યો. વસિષ્ઠ તેમનો વિચાર જાણી ગયા. એ પોતાનું બ્રહ્મદંડ હાથમાં લઇ વિશ્વામિત્ર સામે જઇ ઉભા. વિશ્વામિત્રે જે જે શસ્ત્ર અસ્ત્ર વસિષ્ઠપર ફેંક્યાં, તે ઋષિએ મોટું રૂપ ધારણ કરી સર્વનો ગ્રાસ કર્યો. તે રોજથી વિશ્વામિત્રને બ્રહ્મત્વ મેળવવાની અધિક ઇચ્છા ઉત્પન્ન થઇ. તેણે નિશ્ચય કર્યો કે મહા તપ કરીને પણ બ્રાહ્મણ્યપદ સંપાદન કરવું. એવો વિચાર કરી તરતજ રાજ્ય પુત્ર પુરોહિત વગેરેને સોંપી તથા રાજ્ય ઘણી કાળજી સાથે પોતાના નિયમ પ્રમાણે સારી રીતે ચલાવવાનો બંદોબસ્ત કરી વનમાં ગયો. વનમાં જઇ અનેક પ્રકારનાં વ્રતો કરવા માંડ્યાં. કોઇ સમે નિરાહાર, કોઇ સમયે માત્ર જળ કે વાયુનો ભક્ષ કરી રહેવા માંડયું. તેમજ બીજી ઘણી ઘણી કઠિણ પ્રતિજ્ઞાઓથી તપ કરવા લાગ્યો. આવી રીતે તપ કરતાં એક હજાર વર્ષે ઇંદ્રે તેનું તપ ભંગ કરવાને મેનકા નામે અપ્સરાને મોકલી. રાજા એમાં મોહિત થયો. એ સાથે દશ વર્ષ વ્યવહાર ચલાવ્યો, તેનાથી શકુન્તલા ઉત્પન્ન થઇ. પછી ફરી તેણે ત્રણ હજાર વર્ષ તપ-

શ્ર્યા કરી, ત્યારે ફરી ઈંદ્રે રંભા નામની અપ્સરાને મોકલી, પણ આ વખતે રાજા જરાપણ મોહ પામ્યો નહિ. રંભાએ અનેક યુક્તિઓ કરી, છળ કરવા માંડયો; ત્યારે વિશ્વામિત્રે તેને શાપ આપ્યો કે, તું દશ હજાર વર્ષ શલ્યા થઈ રહેજે. એ રીતે તેણે યુક્તિ પ્રયુક્તિથી પોતાની ટેક સાચવી રાખી. અનેક પ્રકારથી મહા ઉગ્રતપ કરતાં સાઠ હજાર વર્ષ વીતિ ગયાં છતાં, એ બ્રહ્મત્વાભિલાષી રાજ્ય વીરપુરૂષ તપથી પાછો હઠયો નહિ! એવા તેના ઉગ્રતપ પ્રભાવથી આખું બ્રહ્માંડ વિકળ થવા માંડ્યું; ત્યારે છેવટે સિદ્ધિ આપવાને બ્રહ્મદેવ તથા ઇંદ્રાદિ દેવોએ વિશ્વામિત્રની પાસે આવીને કહ્યું કે;—"મહા તપસ્વિ વિશ્વામિત્ર! તમને ધન્ય છે! તમારા જેવું તપ કરનાર ત્રૈલોક્યમાં પણ કોઈ નથી. તમારાથી અમે બહુ પ્રસન્ન થયા છીએ. તમારે ઇચ્છા હોય તે માગો?" આ સાંભળી વિશ્વામિત્રે કહ્યું કે;—"જો તમે સર્વ પ્રસન્ન થયા હો, તો મારી બ્રહ્મત્વ પ્રાપ્ત કરવાની ઇચ્છા છે તે પૂર્ણ કરો." દેવોએ તે પ્રમાણે પ્રાપ્ત થશે. એવું કહીને કહ્યું કે;—અમે તો તમને બ્રહ્મર્ષિજ કહીએ છીએ. કે તમે તપ પ્રભાવથી બ્રહ્મત્વને યોગ્ય થઈ ચુકયા છો, પણ વસિષ્ઠાદિ મહાન બ્રહ્મર્ષિઓ તમને પોતાના વર્ગમાં ગણે એવો પ્રયત્ન કરો. આવાં વચન કહી એ સર્વ અંતર્ધાન થઈ ગયા. પછી વિશ્વામિત્રે તપ સમાપ્ત કરીને ગૃહસ્થાશ્રમ આદર્યો અને વસિષ્ઠ પોતાને બ્રહ્મર્ષિ કહે એવો પ્રયત્ન કરવા માંડયો.

વસિષ્ઠ ઋષિ ઇક્ષ્વાકુ વંશના રાજાઓ પાસે પુરોહિત હતા. અયોધ્યા પુરીની રાજ્ય સભામાં એ બેસતા હતા, બીજા પણ ઘણા મહર્ષિઓ નિરંતર તેમની જોડે રાજસભામાં હાજર રહેતા હતા. તેથી એ રાજ્યસભા સાક્ષાત્ બ્રહ્મસભા સમાનજ દિશતી હતી, ત્યાં વિશ્વામિત્રજી પોતાને વસિષ્ઠ પાસે બ્રાહ્મણ મનાવવાને આયુધો ધારણ કરી આવ્યા. તેમને જોઈ સકળ સભાજનો ઉભા થયા. મોટા આવકાર સાથે આસનપર બેસાડ્યા. વસિષ્ઠ ઋષિ જે પરમ સત્યવક્તા હતા. તે જેવું જોતા તેવુંજ કહેતા હતા. એ વિશ્વામિત્ર આવતાં ઉભા થયા નહિ. માત્ર બેઠાં બેઠાંજ "આવો રાજર્ષિ" એવી રીતે મર્મભેદક વાણીથી સકળ સભા સાંભળે તેમ આવકાર આપ્યો. આ સાંભળી વિશ્વામિત્ર એ વખતે તો કાંઈ બોલ્યા નહિ, પણ એ દિવસથી તેના મનમાં વેર ઉત્પન્ન થયું. તે રોજથી એ સાથે સ્પર્દ્ધા કરવા લાગ્યા. ત્રિશંકુ નામના રાજાએ એક વખતે વસિષ્ઠ ઋષિને પ્રાર્થના કરી કે;—"હું દેવલોકમાં રહું એવો ઉપાય દેખાડો." વસિષ્ઠ ઋષિએ કહ્યું કે, એવો ઉપાય તારે માટે કોઇ નથી. પછી એ વસિષ્ઠના પુત્રો પાસે ગયો, ત્યારે એણે શાપ આપ્યો કે, તને ગુરૂ વચન ઉપર વિશ્વાસ નથી. માટે તું મ્લેચ્છ થજે. આ પછી એ વિશ્વામિત્ર પાસે ગયો. વિશ્વામિત્ર જ્યારે અરણ્યમાં પોતાની સ્ત્રીને મૂકીને તપ

કરવા ગયા હતા. એ વખતે તેની સ્ત્રી દુકાળમાં અન્ન ન મળવાથી દુઃખી હતી. ત્યારે ત્રિશંકુએ તેનો પ્રાણ બચાવ્યો હતો. એ ઉપકારના બદલામાં અને વસિષ્ઠે તેને જે ના પાડી હતી, તે પોતાને કરવું એમ ધારી; તેને કહ્યું કે, તું મ્લેચ્છ તો નહિ મટે, પણ તને મારા તપોબળથી દેવલોકમાં મોકલી આપીશ. પછી વિશ્વામિત્રના કહેવા પ્રમાણે ત્રિશંકુએ યજ્ઞનો આરંભ કર્યો. તેમાં વસિષ્ઠને બોલાવ્યા, પણ એ આવ્યા નહિ; ત્યારે ત્રિશંકુ રાજાએ વિશ્વામિત્રને બોલાવ્યા. વિશ્વામિત્રે બ્રાહ્મણોને આમંત્રણ કર્યું, પણ મ્લેચ્છ યજમાન અને ક્ષત્રિય ઉપાધ્યાય એવું વસિષ્ઠે કહેવાથી કોઇ બ્રાહ્મણો આવ્યા નહિ. તેથી વિશ્વામિત્રે વસિષ્ઠ પુત્રોને શાપ આપ્યો. છેવટે બ્રાહ્મણો આવ્યા, યજ્ઞ કર્યો, પણ દેવો હવિર્ભાગ લેવાને આવ્યા નહિ. એપરથી વિશ્વામિત્રે કોપાયમાન થઇ ત્રિશંકુ રાજાને કહ્યું કે મારા પુણ્ય પ્રતાપથી તું સ્વર્ગમાં જા. એ રીતે ત્રિશંકુને સ્વર્ગમાં મોકલ્યો, પણ ઇંદ્રાદિ દેવોએ ક્રોધથી કહ્યું કે, તું ગુરૂ શાપથી દગ્ધ થયો છું. માટે તને સ્વર્ગમાં આવવાનો અધિકાર નથી. એમ કહી તેને પાછો નીચે ઢોળી પાડયો. ત્રિશંકુ નીચે પડવા લાગ્યો. એ જોઈ વિશ્વાત્રે "તિષ્ઠ ! તિષ્ઠ !" એવા શબ્દો બોલી, તેને પોતાના તપોબળથી પૃથ્વીપર પડતાં અધરજ અટકાવ્યો. તેથી એ આકાશ અને પૃથ્વી વચ્ચે રહ્યો. ત્યાં વિશ્વામિત્રે પોતાના તપોબળથી નવું સ્વર્ગ અને પદાર્થો નિર્માણ કરવાની પ્રતિજ્ઞા કરી. એ જોઇ ઇંદ્રે તેને સમજાવી અટકાવ્યો. ત્રિશંકુને દિવ્ય દેહે કર્યો. ત્યારથી આકાશમાં એ દક્ષિણ તરફ નક્ષત્ર રૂપે રહ્યો. એના ત્રણ તારા આકાશમાં દક્ષિણ તરફ છે. તેને ત્રિશંકુના તારા આજે પણ કહે છે. એ રીતે એ પ્રસિદ્ધ થયો છે.

વિશ્વામિત્ર જે જે કરે તેને વસિષ્ઠ અમાન્ય કરી બ્રહ્મર્ષિ કહે નહિ. તેથી એ વસિષ્ઠનો એટલો તો દ્વેષ કરવા લાગ્યા કે, વસિષ્ઠ જે બોલે તે વિશ્વામિત્ર મિથ્યા કરવાને અનિવાર યત્ન કરે. સૂર્યવંશી ત્રિશંકુ રાજાના પુત્ર હરિશ્ચંદ્રે રાજ્યસૂયયજ્ઞ કરીને સર્વને તૃપ્ત કર્યા. તેનાથી અત્યંત પૂજિત થયેલા, મહા વિદ્વાન તત્ત્વવેત્તા બ્રહ્મર્ષિ વસિષ્ઠદેવ રાજ્ય સભામાં ગયા. ત્યાં વિશ્વામિત્ર મળ્યા. તેમણે—વસિષ્ઠ ઋષિને પૂછ્યું કે;—"મહર્ષિ ! આ મહતી પૂજા આપને ક્યાંથી પ્રાપ્ત થઈ? વસિષ્ઠે કહ્યું કે, પ્રતાપવાન હરિશ્ચંદ્ર મારો યજમાન છે તેણે રાજસૂયયજ્ઞ કર્યો. તેનાથી પૂજા પ્રાપ્ત થઈ છે."

हरिश्चंद्रसमोराजा, नभूतोनभविष्यति ।

હરિશ્ચંદ્ર જેવો સત્યવાદી, દાતા, ધર્મશીલ, તથા પ્રજારંજન કરવામાં તત્પર એવો બીજો કોઈ નૃપ થયો નથી અને થવાનો પણ નથી. આ વચનો સાંભળી વિશ્વામિત્ર જે સ્વભાવથીજ ક્રોધી હતા, તેણે અતિ કોપથી "પણ"

લીધું કે;—"એ હરિશ્ચંદ્રને હું અસત્યવાદી, અદાતા, અને મહાખલ કરૂં નહિ તો મારૂં સંચિત પૂણ્ નાશ પામે." એવું પણ લઈ હરિશ્ચંદ્રની પાછળ પડ્યા. અનેક યુક્તિ પ્રયુક્તિથી તેને સદ્‌ગુણથી ચળાવવા પ્રયત્ન આદર્યો. અનિવાર છળ કરી, અપાર દુઃખો આપ્યાં, પણ એ પોતાના સત્યથી ચળ્યો નહિ. છેવટ દેવોએ તેને પૂર્વાવસ્થા પ્રાપ્ત કરાવી, પરમ પદને પામે એવું કરી આપ્યું. હરિશ્ચંદ્ર રાજાએ જ્યારે વરૂણને બળીદાન આપવાને યજ્ઞ કર્યો હતો; ત્યારે શુનઃશેપને તેના પિતા પાસેથી વેચાતો લાવ્યા હતા. વસિષ્ઠની અનુમતિથી વિશ્વામિત્રને હૌત્રકર્મ કરવાને ઋત્વિજ સ્થાને યજ્ઞની પૂર્વ દિશાએ યોજવાથી વિશ્વામિત્ર ઘણો હર્ષ પામ્યા હતા.

જ્યારે શુનઃશેપને યજ્ઞની વેદી પાસે લાવ્યા. ત્યારે એ હૌત્રકર્મ કરનાર વિશ્વામિત્રનો પુત્ર એવું બ્રહ્માસ્થાને બેઠેલા વસિષ્ઠ બોલ્યા. તેપરથી વિશ્વામિત્રે સવાલ કર્યો કે જ્યારે એ મારો પુત્ર એવું વસિષ્ઠ કહે છે, ત્યારે હું બ્રાહ્મણ થયો. આવી યુક્તિ વિશ્વામિત્રે કરી, પણ તેમાં એ ફાવ્યા નહિ. વિશ્વામિત્રે શુનઃશેપને મુક્ત કરી પોતાનો દત્તપુત્ર કર્યો. તેનું નામ દેવરાત પાડ્યું. પછી પોતાના પચાશ મોટા પુત્રોને કહ્યું કે, તમારે એને મોટા ભાઈ પ્રમાણે ગણવો, પણ તેમણે માન્યું નહિ. તેથી વિશ્વામિત્રએ પચાશ પુત્રોને શાપ આપ્યો કે, તમારા વંશજો મ્લેચ્છ કહેવાશે. પછી જે પચાસ નાના પુત્રોએ આજ્ઞા માન્ય રાખી, તેને ઋષીએ પ્રસન્ન થઇ કહ્યું કે, તમારા વંશજો મોટાઇને પામશે. આ પ્રમાણે પુત્રો માટે કર્યું. પછી પોતાને બ્રહ્મર્ષિ કહેવરાવવાની જે મુખ્ય ઉત્કંઠા હતી. તે માટે ફરી અયોધ્યાની રાજ્યસભામાં આવ્યા. એ વખતે પણ વસિષ્ઠ ઋષિએ બેઠાં બેઠાંજ "આવો રાજર્ષિ !" એવી રીતે આવકાર આપ્યો. તેપરથી તેને એવું લાગ્યું કે, બ્રહ્માદિ દેવો મને બ્રહ્મર્ષિ કહે છે, પણ આ વસિષ્ઠ મને બ્રહ્મર્ષિ શા માટે કહેતા નથી ! નિશ્ચે એ મારો દ્વેષ કરે છે, માટે હું તેને વધારે સંતાપું. એવી કલ્પના કરી હરિશ્ચંદ્રથી એકવીશમો રાજા જે કલ્માષપાદ અયોધ્યામાં રાજા હતો, તે શાપથી રાક્ષસ થયો હતો. તેની પાસે વસિષ્ઠના એક પુત્રનો ભક્ષ કરાવ્યો. બીજે દિવસે વિશ્વામિત્ર સભામાં આવ્યા, તોપણ વસિષ્ઠે પ્રથમની પેઠેજ "આવો રાજર્ષિ !" એમ કહી આવકાર આપ્યો. તેથી વિશ્વામિત્ર વધારે ગુસ્સે થયા. તેણે વસિષ્ઠના શક્તિ આદિ સો પુત્રોનો અનુક્રમે ભક્ષ કરાવ્યો. આ કાર્ય વિશ્વામિત્રનું છે, એમ વસિષ્ઠ જાણતા હતા; તોપણ એ પરમ જ્ઞાની સત્વગુણી બ્રહ્મર્ષિને કાંઇ માઠું લાગ્યું નહિ. એ સમજતા હતા કે મારા પુત્રોનું એનિમિત્તેજ મૃત્યુ થવાનું હશે તે કેમ મટે ! એમાં કોનો દોષ ગણવો ! ભવિષ્યમાં જે થવાનું હોય છે, તે મિથ્યા થતું નથી. આ પ્રમાણે કર્યા પછી વિશ્વામિત્ર ધારતા હતા કે હવે વસિષ્ઠ હારીને મને બ્રહ્મર્ષિ કહેશે.

તેથી ફરી રાજ્યસભામાં ગયા, પણ સત્યવક્તા વસિષ્ઠ મુનિએ તો તેને રાજર્ષિજ કહીને બોલાવ્યા. તેથી વિશ્વામિત્રને અત્યંત ક્રોધ ચઢયો. તેણે હવે વસિષ્ઠને મારી નાંખવાનો વિચાર કર્યો. એક દિવસે રાત્રે ચુપચૂપ વસિષ્ઠ ઋષિના આશ્રમમાં ગયા. અને એમની પર્ણકુટી પાછળ છૂપાઈ રહ્યા. આકાશમાં ચંદ્ર પૂર્ણપણે પ્રકાશિ રહ્યો હતો, આકાશ વાદળા વિનાનું નિર્મળ હતું. તેથી પ્રકાશ એક સરખો પ્રસરી રહ્યો હતો. અરૂંધતી વસિષ્ઠ સાથે વાત કરતાં હતાં કે;—"પ્રાણનાથ ! જુઓને ! આજે રાત્રિ કેવી શોભિ રહી છે ! ચંદ્રનો પ્રકાશ કેવો નિર્મળ દિસે છે ! ત્યારે શું આવા નિર્મળ અને પૂર્ણ તપવાળા કોઈ પણ મહર્ષિ હશે ? કે જેમનું પવિત્ર દીર્ઘ તપ આવું પ્રકાશિ રહ્યું હોય !" પોતાની પત્નીનાં આવાં વચન સાંભળી, બ્રહ્મર્ષિ વસિષ્ઠે કહ્યું કે;—'અહો ! આવું પૂર્ણિમાના ચંદ્ર સમાન નિર્મળ તપ તો બીજા કોનું હોય ? એવા ઉગ્ર તપસ્વિ તો આપણામાં એક માત્ર વિશ્વામિત્રજ છે. એના જેવા આ કાળમાં કોઈ તપસ્વિ નથી."

આ પવિત્ર મનનાં દંપતિની પરસ્પરની વાત વિશ્વામિત્રે સાંભળી. તેથી અત્યંત પસ્તાવો કરવા લાગ્યા કે, "અરે ! હું કેવો પાપી છું ! જેઓ મારી નિષ્પક્ષપાતપણે પરોક્ષ પ્રશંસા કરે છે. તેનો હું નાશ કરવા ઇચ્છું છું. માટે મને ધિક્કાર છે ! હું બ્રહ્મહત્યાના વજ્ર સમાન પાપમાંથી કેમ કરી છૂટત ! મારી સંચેલી તપ સમૃદ્ધિ સઘળી નાશ પામત. અરે ! મેં ક્રોધથી આ પ્રતાપી બ્રહ્મર્ષિનો નાશ કર્યો હોત, તો પછી મારી કેવી દશા થાત ! હું ઘોર નરક કુંડમાં પડત. અહો ! હું પરાણે બ્રહ્મર્ષિ કહેવરાવવાને વૃથા પ્રયત્ન કરૂં છું, એ માત્ર મારૂં મિથ્યાભિમાનજ છે. ખરા બ્રહ્મર્ષિ તો વસિષ્ઠજ છે, કે મેં તેના સો પુત્રોનો રાક્ષસ પાસે નાશ કરાવ્યો; તોપણ એ મારી પરોક્ષ પ્રશંસા કરે છે. ધન્ય છે એ સત્વગુણી બ્રહ્મર્ષિને !" એ પ્રમાણે મનમાં ઘણો શોચ કરી હથિયાર તરતજ ત્યાં ફેંકી દઈ, દોડી વસિષ્ઠ ઋષિના ચરણમાં પડયા. એ જોઈ વસિષ્ઠ આશ્ચર્ય પામી બોલ્યા કે;—"બ્રહ્મર્ષિ વિશ્વામિત્ર ! આ વખતે તમે ક્યાં થી?" એ રીતે વસિષ્ઠના મુખમાં "બ્રહ્મર્ષિ" એવો શબ્દ સાંભળી વિશ્વામિત્ર જે પોતાને મુખ્ય ઇચ્છા હતી, તે પૂરી થવાથી ગદ્ ગદ્ કંઠે થઈ આનંદ પામ્યા. પોતાનો ઘણા કાળનો પ્રયાસ સફળ થયો, તેથી બોલ્યા કે;—"મહારાજ ! હું આ વખતે આપના દર્શનાર્થે આવ્યો છું. હું આટલા રોજ રાજર્ષિ હતો અને હવે હું બ્રહ્મર્ષિ કેમ કહેવાયો ? એ કૃપા કરી કહેશો ?" બ્રહ્મર્ષિ વસિષ્ઠે કહ્યું કે;—"તમો આજે બ્રહ્મર્ષિપણાને યોગ્ય થયા છો. માટે બ્રહ્મર્ષિ. સત્વગુણ, સત્યશીલ, નિરભિમાનત્વ, વગેરે બ્રાહ્મણના ગુણોનો આ વખતે તમારામાં પ્રવેશ થઇને શસ્ત્ર, ધારણ કરવાં, ક્રોધ, રાજસિ સ્વભાવ વગેરેનો

સમૂળો ત્યાગ થયો છે, માટે બ્રહ્મર્ષિ. તમે મહા પવિત્ર અને તપઃપ્રભાવથી સાક્ષાત્ બ્રહ્મદેવ સમાન છો, પણ જ્યાં સુધી રજો ગુણને અનુસરતા હતા, ત્યાં સુધી હું તમને બ્રહ્મર્ષિ કેમજ કહી શકું? પણ હવે તમારી આવી નિર્મળ સ્થિતિ હોવાથી તમે બ્રહ્મર્ષિજ છો." આ સાંભળી વિશ્વામિત્ર હર્ષ પામતા પોતાને આશ્રમે ગયા. આ દિવસ પછી બંને વચ્ચે ગાઢ સ્નેહ થયો હતો. અહો! બ્રહ્મર્ષિ પદ કેવડું મોટું છે? એની અલૌકિક શક્તિ કેટલી બધી છે? અને એ પ્રાપ્ત કરતાં કેટલો બધો પ્રયાસ કરવો પડે છે. એ આપરથી સિદ્ધ થાય છે. એ પછી મહા તપોબળી વિશ્વામિત્રે સિદ્ધાશ્રમમાં ઘણા યજ્ઞો કર્યા છે. રાક્ષસોનું જોર ઘણું વધી ગયું હતું. તેમનો મદ ઉતારવાને તેમણે મનપર લીધું.

રાક્ષસો યજ્ઞ વખતે અડચણ કરવા લાગ્યા હતા. રાક્ષસોનો રાજા રાવણ એ સર્વેનો સર્વોપરી હતો. તે બીજાને આગળ વધવા દેતો નહિ, વિશ્વામિત્રને અડચણ પડવાથી અયોધ્યાના રાજા દશરથ પાસે આવી માગણી કરી કે;—"હું દિક્ષા લઇને જે યજ્ઞ કરૂં છું, તે યજ્ઞ સમાપ્ત થવા આવે છે, તે સમયમાં રાવણના મોકલેલા મારીચ અને સુબાહુ રાક્ષસો રૂધિર અને પરૂની વૃષ્ટિ કરી યજ્ઞની વેદી દુષિત કરે છે. હું મારા શાપથીજ તેઓને બાળીને ભસ્મ કરવા સમર્થ છું, પરંતુ યજ્ઞના પ્રસંગમાં કોઇને શાપ દેવાય નહિ, એવી શાસ્ત્ર મર્યાદા હોવાથી નિરૂપાય છું. માટે હું માગી લઉં છું કે એ કામ વાસ્તે આપના મોટા કુંવર રામને મારી સાથે મોકલો. રામ જો કે હજુ બાર વર્ષના છે, તોપણ એ પોતાના તેજ અને મારા અનુગ્રહના પ્રતાપથી એ તથા બીજા પણ સર્વ રાક્ષસોને મારવા સમર્થ થશે. રામના પ્રભાવને હું તથા વસિષ્ઠ સારી પેઠે જાણીએ છીએ વગેરે કહ્યું." રાજાએ પ્રથમ તો ના પાડી, પણ વસિષ્ઠના સમજાવ્યાથી રામને એ સાથે મોકલ્યા. વિશ્વામિત્રે રામ પાસે તાટિકાનો વધ કરાવ્યો. બીજે દિવસે રામને કેટલાંક શસ્ત્ર અસ્ત્ર આપ્યાં અને એ મંત્રો શીખવ્યા. એક મંત્ર એવો હતો કે જેથી ઇચ્છેલાં અસ્ત્ર શસ્ત્ર સમક્ષ થાય, ને કામ કરી આપે. બીજો મંત્ર એવો હતો કે ભૂખ, તરસ, થાક લાગે નહિ અને ઉંઘ પણ આવે નહિ એ શીખવ્યાં. ત્યાંથી સિદ્ધાશ્રમમાં આવી યજ્ઞ આરંભ્યો. રાક્ષસોનો રામ પાસે નાશ કરાવ્યો. યજ્ઞ પૂરો કરી રામ, લક્ષ્મણને તેડી જનકપૂર તરફ ચાલ્યા. રસ્તામાં અહલ્યાનો ઉદ્ધાર કરાવ્યો. ત્યાંથી જનકપર આવી રામ પાસે શિવધનુષ ભંગાવી સીતા પરણાવ્યાં. વિશ્વામિત્રને ગાલ્લવ નામે પુત્ર હતો અને ગાલ્લવ નામે એક શિષ્ય પણ હતો. એ શિષ્યે ઋષિની સો વર્ષ સુધી નિરંતર એક ચિત્તે સેવા કરી હતી. ઋષિએ તેનાપર કૃપાવાન થઈ ઉત્તમ વિદ્યાઓ ભણાવી હતી. સેવા કરતાં ઘણો

કાળ જતાં, ઋષિએ તેને પોતાને ઘેર જવાની આજ્ઞા કરી; ત્યારે શિષ્યે ગુરૂને ગુરૂદક્ષિણા માગવાનો વારંવાર ઘણો આગ્રહ કર્યો, ત્યારે એ મહાત્માએ કહ્યું કે, તેં મારી ઘણી સેવા કરી છે, એજ મારે દક્ષિણા છે, તું ખુશીથી ઘેર જા. શિષ્યે નહિ માનતાં આગ્રહજ કર્યો, ત્યારે તેણે આઠસો શ્યામકર્ણી (શરીરે ધોળા અને કર્ણ કાળા.) અશ્વ માગ્યા. આવો અશ્વ એક પણ મળવો મુશ્કેલ, ત્યાં આઠસો ક્યાંથી લાવવા! એ વિચારમાં શિષ્ય પડયો, પણ એ હિંમત હાર્યો નહિ. તેણે ગુરૂને દક્ષિણા માગ્યા પ્રમાણે દીધા પછીજ જવાનો નિશ્ચય કરી તપર્યા આદરી, ઘણાં વર્ષ તપ કરતાં વિષ્ણુ ભગવાને કૃપા કરી ગરૂડજીને મોકલ્યા. તેણે એ તપસ્વિ શિષ્યને પોતાની કાંધે બેસાડી આખા દેશમાં ફેરવ્યો. ફરતાં ફરતાં છસો શ્યામકર્ણી અશ્વ અને એક માધવી નામની યયાતી રાજાની કન્યા પ્રાપ્ત થઇ, એ ગુરૂને અર્પણ કરી. ગુરૂએ કહ્યું કે, મને તારી ગુરૂદક્ષિણા પૂર્ણ મળી ચુકી. હવે તું આ કન્યા પાછી લઇને ઘેર જા. શિષ્યે એ કન્યા પાછી યયાતિ રાજાને સોંપી ઘેર ગયો.

વિશ્વામિત્ર ઋષિને હવે વસિષ્ઠપર કાંઈ પણ દ્વેષ રહ્યો છે કે નહિ, એ પરીક્ષા લેવાને તેને આશ્રમે 'યમ—ધર્મ' વસિષ્ઠનો વેષ લઇ આવ્યા. તેણે આવી અન્નની યાચના કરી. ઋષિ અન્ન સિદ્ધ કરવા ગયા અને લાવી આવ્યા, તો વસિષ્ઠ વેષ ધારી યમ મળ્યા નહિ. તેથી એ અન્ન હાથમાંજ લઇને સો વર્ષ સુધી તપશ્ચર્યા કરતા ત્યાંજ ઉભા રહ્યા હતા. જ્યારે વસિષ્ઠ વેષધારી યમે આવી અન્ન પ્રાશન કરી બ્રહ્મર્ષિ કહ્યા, ત્યારેજ એ નીચે બેઠા હતા. એપરથી નિશ્ચય થયો હતો, કે તેને હવે દ્વેષ જેવું જરા પણ નથી. એક પ્રસંગે વસિષ્ઠ ઋષિ વિશ્વામિત્રને આશ્રમે આવ્યા. વિશ્વામિત્રે તેનો ઘણી પ્રકારે સત્કાર કર્યો. જતી વખતે દક્ષિણામાં વિશ્વામિત્રે પોતાના એક હજાર વર્ષના તપનું ફળ સંકલ્પ કરી અર્પણ કર્યું. પછી વસિષ્ઠ પોતાને આશ્રમે ગયા. ઘણો કાળ ગયા પછી એક વખતે વિશ્વામિત્ર વસિષ્ઠ ઋષિને આશ્રમે તેમના દર્શનાર્થે આવ્યા. ત્યારે વસિષ્ઠ ઋષિએ તેમનો ઘણી પ્રકારે સત્કાર કર્યો. પછી તેણે સંકલ્પ કરી પોતાની એક ઘડીના સત્સંગનું ફળ અર્પણ કર્યું. આ જોઇ વિશ્વામિત્રના મનમાં વિચાર આવ્યો કે;—શું વસિષ્ઠે એક હજાર વર્ષના તપની બરોબર પોતાની એક ઘડીના સત્સંગને ગણ્યો? શું એ મારી મશ્કરી કરે છે? વસિષ્ઠજી વિશ્વામિત્રના મનનો ભાવ જાણી ગયા. તેણે વિશ્વામિત્રજીને કહ્યું કે;—"શું તમે આશ્ચર્ય પામો છો? તમે શું સત્સંગના પ્રભાવથી અજાણ્યા છો? એમ હોય તો ચાલો આપણે કોઇ મહાત્મા પાસે ન્યાય કરાવીએ." એટલું કહી બંને સત્યલોકમાં અનુક્રમે બ્રહ્મા, વિષ્ણુ, અને શિવ પાસે ગયા. એ વખતે તેઓને વાત કરવા જેટલો પ્રસંગ નહોતો. તેથી શેષજી પાસે

ગયા; શેષજીએ ઘણી પ્રકારે સત્કાર કરી કહ્યું કે;—જે ઇચ્છા હોય તે જણાવો. તેપરથી બંને ઋષિઓએ પોતાની વાત નિવેદન કરી કે;—"એક હજાર વર્ષના તપનું ફળ વધારે કે એક ઘડીના સત્સંગનું ફળ વધારે, એ અમને બતાવો." આ સાંભળી શેષજીએ કહ્યું કે;—"વિશ્વામિત્રજી ! મને પૃથ્વીનો ભાર ઘણો છે. તેને લીધે મારૂં ચિત્ત સ્થિર નથી. માટે મારા માથાપરનો બોજો થોડીવાર ઉપાડી લો, તો હું નિરાંતે તમારો ન્યાય કરૂં !" વિશ્વામિત્રે કહ્યું કે;—મહારાજ ! અમારી એટલી શક્તિ નથી ! ત્યારે શેષજીએ કહ્યું કે; જો તમે માથાપર ન ઉઠાવો, તો તમારા એક હજાર વર્ષના તપ પ્રભાવથી માત્ર એક વેંતજ પૃથ્વી ઉંચી કરો, તોપણ બસ. એપરથી વિશ્વામિત્રે પોતાના એક હજાર વર્ષના તપનું ફળ અર્પણ કર્યું. એથી પૃથ્વી જરા પણ ઉંચી થઈ નહિ; ત્યારે શેષજીએ વસિષ્ઠજીને કહ્યું કે—તમો તમારા એક ઘડીના સત્સંગનું ફળ પૃથ્વીને અર્પણ કરી, તેને એક વેંત ઉંચી કરો. એપરથી વસિષ્ઠજીએ તેમ કર્યું, કે પૃથ્વી ધનન ! ! ! ધમ ! ધમ ! કરતી કે એક વેંત ઉંચી થઇ ગઈ. તેથી શેષજી બહુ રાજી થયા. પછી વિશ્વામિત્રજીએ ઉત્તર આપવાનું કહ્યું, ત્યારે શેષજી એ હસીને કહ્યું કે;—તમારો ન્યાય તો આપ મેળેજ થઇ ચૂક્યો છે. આપરથી વિશ્વામિત્રજી સમજી ગયા. પોતાની સમક્ષ જોઇએ તેવો ઉત્તર મળ્યો. તેથી આનંદ પામતા બંને પોતપોતાને આશ્રમે ગયા. અહો ! સત્સંગનો કેટલો બધો પ્રભાવ ! એ આપરથી સ્પષ્ટ દર્શાઈ આવે છે. વિશ્વામિત્રજીના કુળમાં પોતે સુદ્ધાં તેર મંત્ર દ્રષ્ટે ઋષિ થયા છે. તેનાં નામ;—વિશ્વામિત્ર પોતે, દેવરાત—શુનઃશેપ, મધુચ્છંદ, અઘમર્ષણ, અષ્ટક, લોહિત—રોહિત, ભૂતકીલ, માંબુદ્ધિ, દેવશ્રવા, દેવરત, ધનંજય, શિશિર, શાલંકાયન, એ તેર થયા છે. આ સિવાય પણ તેને ઘણા પુત્રો થયા છે. એનાં ત્રણ પ્રવર ગણાય છે. બ્રહ્મર્ષિ વિશ્વામિત્રની રાજા પ્રજામાં પૂર્ણ સત્તા હતી. એ ખરા પ્રજાપક્ષી—લીબરલ જેવા હતા. લાખો મનુષ્યોને તેણે પોતાના પક્ષમાં લીધા હતા. જે રાજ્યમાં અંધેર ચાલતું, પ્રજાને દાદ મળતી નહિ, અધિકારીઓ જુલમી થતા, તેની સામે એ પ્રજાપક્ષે થતા. ભાષણોદ્વારાએ ટીકા કરી તુટી પડતા. એવા એ પ્રજાહક સંપાદન કરવામાં અને રક્ષવામાં એક્કા હતા. રાજાઓને સલાહ આપવામાં એ એક મોટા પ્રધાન જેવા હતા. વસિષ્ઠ જેવા મહત્ અને વિચિક્ષણ પ્રધાનોથી જેને દાદ અપાવી શકાતી નહિ, તેને વિશ્વામિત્ર હિંમતભેર પડખે થઈ ન્યાય અપાવતા. એકદી અસત્યનો પક્ષ ખેંચતા નહિ. ખોટા પ્રપંચને પારખવામાં હુશિઆર હતા. ધર્મ યુદ્ધમાં પણ એ ઘણીવાર સામેલ થતા અને રાજાઓ પાસેથી કુમક મેળવતા હતા. તેમણે ધનુર્વેદ પ્રથમ ક્ષત્રિયોને શીખવ્યો હતો. તેનો રચેલો ધનુર્વિદ્યાનો સંપૂર્ણ ગ્રંથ હાલ

હાથ લાગતો નથી, પરંતુ આજુબાજુથી ફાટાં તૂટાં પાનાં આધુનિક શોધકોને હાથ લાગેલાં છે. એ ઉપરથી એ વિદ્યા પ્રાચીનકાળમાં કેવી ઉત્તમ દશામાં હતી એ સિદ્ધ થઈ શકે છે. એના રચેલા ધનુર્વેદમાં ચાર પ્રકારનાં આયુદ્ધ કહેલાં છે. ૧ મુક્ત, ૨ અમુક્ત, ૩ મુક્તામુક્ત, અને ૪ યંત્ર મુક્ત. એ પ્રમાણે છે. "મુક્ત એટલે ચક્રાકારનું આયુદ્ધ જે હાથથી ફેરવી શકાય છે. એ લોઢાનું ગોળ પૈડા જેવું તીક્ષ્ણ ધારવાળું ચક્ર હાથેથી અગર એક લાકડીનો કટકો ગોળ ચક્રના મધ્ય ભાગે ઘાલી તે જોરથી ફેરવી છોડી દીધાથી ઘણા દુષ્ટ અને ઘાતકી મનુષ્યનાં શિર અને અંગ છેદાઈ જાય છે. એ મુક્ત આયુદ્ધને અસ્ત્રપણ કહે છે. અસ્ત્ર એટલે બાણ, દારૂથી યુક્તિવડે ભરીને એકાએક શત્રુ ઉપર છોડવાથી વાયુના ઘપણથી અગ્નિ પ્રદીપ્ત થઈ શત્રુનો નાશ થતો. વળી વિદ્યુતના નાના પ્રકારના પ્રયોગથી જે અગ્નિ પ્રદીપ્ત થતો, તે અગ્ન્યાસ્ત્ર કહેવાતાં. વાતાવરણના નાના પ્રકારના નિયમોથી વંટોળા, વાવાઝોડા વગેરે યુક્તિથી ઉત્પન્ન કરી પૃથ્વી ઉપરના પથરા અને સર્પ વગેરે જંતુઓ ઉડાવી તે યુદ્ધ સમયે રણમાં શત્રુ ઉપર નાખી અને અંધકાર કરી દુષ્ટ ઘાતકી જનની અવ્યવસ્થા કરતા. એવી યુક્તિના આયુદ્ધને અસ્ત્ર કહેતા. અમુક્ત—તરવાર, કટાર, વગેરે જે ખડ્ગ હાથમાં ઝાલી મરાઇ શકે તે. મુક્તામુક્ત—બરછી, ભાલા વગેરે હાથમાં ઝાલી ઘા કરી પાછા કહાડી લેવાય તે, યંત્ર મુક્ત—પડઘ્નિ એટલે તોપ, જેમાં શર, ગોળા, વગેરે ઘાલી ભરાઈ શકે તે સર્વે યંત્ર મુક્ત કહેવાય છે. એ સઘળાં આયુધ ધરવાનો બ્રાહ્મણ, ક્ષત્રિ બંનેને અધિકાર છે. સૈન્ય કીંવા દળ એના ચાર વર્ગ કહ્યા છે. ૧ પદાતિ—પાયદળ, ૨ રથારૂઢ એટલે ગાડી ઉપર બેસી લડનાર, ૩ ગજારૂઢ, હાથી ઉપર બેસી લડનાર. રથ અને હાથીનો સંગ્રામ સમયે ઉપયોગ એટલો કરતા કે તેની ઓથે અથવા આડ કરી શત્રુનાં બાણ, ગોળી પોતાને નહિ લાગતાં પોતે મારી શકે. ૪ અશ્વારૂઢ—ઘોડેસ્વાર એના સઘળા પ્રકાર ધનુર્વેદના પ્રથમ પાદમાં કહ્યા છે. આચાર્ય—સરદાર એનાં લક્ષણ તથા શસ્ત્ર ધારણ કરવાની રીત દ્વીતીય પદમાં જણાવી છે. મંત્રસિદ્ધિ અને દેવની સિદ્ધિના પ્રકાર એટલે યુદ્ધના સમયે તત્વ પ્રયોગથી મંત્રની ધ્વનિ કર્યાથી તેના અધિષ્ઠાતા દેવતા પ્રસન્ન થવાનો સઘળાએ નિશ્ચય રાખી યુદ્ધ કરવું. એ તૃતીયપાદનો મુખ્ય ભાવાર્થ છે. જે ઇશ્વર પ્રાર્થના કરવાના મંત્રની ધ્વનીનો જય થયો હોય તે સમયે તેનો પ્રયોગ વારંવાર કરવો. એ ચતુર્થ પાદનો સત્ય ભાવાર્થ સમજવો." ઇત્યાદિ વિસ્તારથી ધનુર્વેદમાં જણાવેલું છે. આ વિદ્યામાં તેઓ ઘણાજ પ્રસિદ્ધ થયેલા છે. રાજાઓ પ્રધાનો વિના એની એકાંતમાં સલાહ લેતા. તેમાં પ્રધાનો જરા પણ આડે આવી શકતા નહિ, કે રાજાને એની વિરૂદ્ધ કાંઈ ઉંધું સમજાવી શકતા

નહિ. તેમ કોઈની એવી શક્તિ નહોતી, કે તેને રાજાઓ સાથે એકાંત કરતાં અટકાવી શકે. જો કોઈ ઉંધું સમજાવે તો તેના ભોગજ મળે; કેમકે એનું કામ અર્વાચીન કાળના છાપા–વર્તમાન પત્રોના જેવું હતું. તેનું ભોપાળું ખુલ્લું કરી ઉડાવી દેતાં વારજ ન લગાડતા. એ દેશની પ્રજાની દાઝ હૈયે ધરી તેમને સુખી કરવાને તન, મનથી પ્રયત્ન કરતા અને જે કામ હાથ ધરતા, તે ગમે તે થાય પણ પાર પડયે મૂકતા. એવા ધીર અને ખંતિલા હતા. વગેરે મહતગુણોથી એ પ્રજા પક્ષી બ્રહ્મર્ષિ સપ્ત ઋષિના રાજ્ય પંચમાં નિમાયા હતા. એ ચાલુ મન્વંતરમાં સપ્તર્ષિમાં ગણાય છે. તે સર્વોત્તમ ગુણોથીજ એ મહાન પંક્તિએ પહોંચ્યા હતા. જ્યારે એ પ્રજા પ્રક્ષ ખેંચતા ત્યારે એને રાજ્ય પક્ષમાં ખેંચી લેવાને અનેક લાલચોના મોહમાં નાંખવાને પ્રયત્ન થતા, પણ એ બ્રહ્મર્ષિ એને ધિક્કારી કાઢતા. તેમને એવી ક્ષણિક લાલચોની કશી પરવા નહોતી. તે તો પોતાનો જે ધર્મ છે તેજ બજાવવાને ઇચ્છિતા હતા. રાજ્ય જેવી સમૃદ્ધિ અને વૈભવ છોડીને માત્ર જીંદગીનું સાર્થક જે બ્રહ્મ પદની પ્રાપ્તી, તે મેળવવામાં અને એ મેળવી પ્રજાને સુખી કરવાને માટેજ જેણે દેહ અર્પણ કર્યો હતો. તે બીજી નકામી લોભની લાલચોમાં કેમ લપટાય? કદી નહિ. તેમને ક્ષણિક વસ્તુઓ તુચ્છ હતી. તપ અને મનુષ્યનું કલ્યાણ કરવું એજ તેને પ્રિય હતું. મનુષ્યના કલ્યાણ માટે તત્વજ્ઞાન અને ધર્મ નીતિનો પણ ઠેર ઠેર ઉપદેશ આપતા હતા વગેરે લોકોપયોગી કાર્યોથી એ રાજા પ્રજાને અત્યંત પ્યારા થઈ પડ્યા હતા. એટલુંજ નહિ પણ અદ્યાપિ પર્યંત આર્યાવર્તની પ્રજા તેમને પ્રેમના ઉમળકાથી યાદ કર્યા કરે છે. એ તેની થોડી મહત્વત્તા ન સમજવી!! એ રીતે એ પોતાના આત્મબળના પરાક્રમથી આર્યાવર્તમાં અમર કીર્ત્તિ રાખી ગયા છે. ધન્ય મહાત્મા વિશ્વામિત્ર!!!

ખગોળ અને ગણીતવેત્તા.

પરાશર.

આ સમર્થ શોધક ઋષિ વસિષ્ઠ ઋષિના પૌત્ર અને શક્તિ ઋષિના પુત્ર થાય, એનો જન્મ દ્વાપરયુગમાં થયો છે, એના પિતાને રાક્ષસે ભક્ષ કરી મારી નાંખ્યા, એ વખતે પરાશર એની માતા અદૃશ્યંતિ—ઇલાના ગર્ભમાં હતા. ઇલાએ મનુની પુત્રી થાય. એ પવિત્ર મનની સાધ્વી માતાના હાથ નીચે બાળ વયમાં ઉછરી મોટા થયા હતા. અને પિતા મહ વસિષ્ઠ જેવા ઋષીશ્વરના હાથ નીચે વેદ, ઉપવેદ, વગેરે શાસ્ત્રોનું શિક્ષણ લઈ, મહાસમર્થ

વિદ્વાન, ખંતી, ઉત્સાહી, શોધક, નીતિજ્ઞ, ધાર્મિક અને સતત્ ઉદ્યોગી થયા હતા. આ બાળ વયમાં એક વખતે રમત ગમત કરતાં કંઈ તોફાન કરતા હશે, એ જોઈ વસિષ્ઠ ઋષિએ તેમને હાક મારી તેથી પરાશરની આંખોમાં અશ્રુ આવ્યાં. આ વખતે તેને કોઇએ જણાવેલું કે, આ તારા પિતામહ છે. તારા પિતાને તો રાક્ષસોએ ભક્ષ કરી મારી નાંખ્યો છે. એ સાંભળી પરાશર અનિવાર દુઃખ પામ્યા હતા. એ મોટા થતાં તપ પ્રભાવથી મહાતેજસ્વી અને પરાક્રમી થયા હતા. ત્યારે તેણે રાક્ષસ સત્ર નામનો યજ્ઞ આરંભી હજારો રાક્ષસોને માર્યા. એ જોઇ પુલસ્ત્ય ઋષિએ આવી રાક્ષસ સત્ર યજ્ઞ સમાપ્ત કરવાની પ્રાર્થના કરી, પણ તેણે માન્યુ નહિ. તેથી એ ઋષિ વસિષ્ઠ પાસે આવી સત્ર સમાપ્ત કરવા પૌત્રને આજ્ઞા કરવાની પ્રાર્થના કરવા લાગ્યા. તેથી વસિષ્ઠ પૌત્ર પરાશર ઋષિ પાસે ગયા. તેનો કોપ શાંત કરી સત્ર યજ્ઞસમાપ્ત કરાવ્યો. એ રીતે એ મહાત્મા પરાશરે અનેક રાક્ષસોને મારી પિતાનું વેર લીધું.

આ ઋષિ બ્રહ્મચર્યાવસ્થામાં શ્રીશૈલ પર્વતપર રહેતા હતા. એ વખતે એની પાસે પંદર હજાર શિષ્યો હતા. તેણે એક સ્મૃતિ ગ્રંથ કરેલો છે. તે હાલ "પરાશર સ્મૃતિ" નામથી પ્રસિદ્ધ છે. એ મહર્ષિ જ્યોતિષ, ગણીત બીજ ગણીત અને નૌકાશાસ્ત્રમાં ઘણા પ્રવીણ અને શોધક હતા. સ્વાયંભૂ મનુના પ્રથમ કાળના ઇતિહાસથી એ જાણીતા હતા. તેમના ગ્રંથો આજે હોત તો પ્રથમ કાળના રાજાઓની વંશાવળી અને કાળ ગણના થોડા પ્રયાસે કરી શકત. તેમણે ખગોળ સંબંધી કેટલાક શોધ કરેલા કહેવાય છે. એ અહર્નિશ સૂર્ય, ચંદ્ર, તારા, ગ્રહો વિગેરેના ઉદય, અસ્ત, ચલન અને તેની ગતિ ઇત્યાદિનું અવલોકન કરતા અને તે ઉપરથી કાળ નિર્માણ કરતા હતા, એવું કહેવાય છે. જ્યોતિષમાં મહા સમર્થ હોવાથી એ જ્યોતિષી પણ કહેવાણા છે, પરંતુ તેમની સંપાદન કરેલી વિદ્યાના સંગ્રહરૂપ ગ્રંથો, આર્યાવર્તપર ક્રુર અને ઘાતકી પરદેશીઓના સમુદ્રના મોજાની પેઠે ઉપરાઉપર હુમલા આવવાથી ઘણોખરો નાશ થયો છે; એ ઘણા શોચની વાત છે. અર્વાચીન પ્રતાપી ઇંગ્રેજ સરકારના ન્યાયી અમલમાં વિદ્યાને આશ્રય મળતો જવાથી પ્રાચીન વિદ્યાના ગ્રંથોનો કેટલોક શોધ થતો જાય છે, એ ઘણા હર્ષની વાત છે.

આ શોધક અને ખંતીલા ઋષિએ નૌકાશાસ્ત્રના જ્ઞાન બળવડે સમુદ્રમાં સફર કરી ભરતખંડને લગતા બેચાર બેટો પ્રથમ શોધી કાઢેલા કહેવાય છે. જેવા એ શોધક હતા, તેવાજ મહાનવક્તા પણ હતા. જાહેર ઉપદેશ આપવાને મેદાનમાં ઉભા રહેતા અને જતા આવતાઓને એવી ઉત્તમ છટાથી ઉપદેશ આપતા કે તેની અસર સાંભળનારના હૃદયમાં સચોટ થતી હતી. એ ઉપદેશ આપવામાં કદી પણ મતભેદની વાત કરતા નહિ, પણ જે સત્ય હોય

તેજ નિડરપણે જાહેરમાં મૂકતા. તેથી તેમના મતપર લોકો માન્યની નજરથી જોતા હતા. અમૂક વયની વિધવા બાળકીઓને ફરી પરણવાની ઇચ્છા થાય, તો તેમણે પરણવું જોઇએ એવો તેમનો અભિપ્રાય જોવામાં આવે છે. તેમજ સ્મૃતિગ્રંથમાં "સ્ત્રી રત્ન દુષ્કુલાદપિ': ઇત્યાદિ વાક્યો પ્રગટ થયેલ છે. તેને અનુસારજ વળી તેનો એવો અભિપ્રાય છે કે;—"સ્ત્રી **વેલી** એવી છે કે એ ગમે તેવા નીચ ખાડામાંથી ઉત્પન્ન થયેલી હોય, પરંતુ તેને જેવું યોગ્ય વૃક્ષ મળે છે; તે પ્રમાણે વધીને સમર્થ તથા યોગ્ય થાય છે. માત્ર તે સારા બાંધાની અને સુસ્વરૂપા જોઇએ." એ મહાત્મા આજ કાલના બહુ બોલા સુધારકોની પેઠે પોતાનો અભિપ્રાય આપી બેસી રહે તેવા નહોતા, પણ તે જેવું બોલ્યા હતા, તેવુંજ પ્રત્યક્ષ કરી બતાવવા તેઓ એક માછી (ખારવા) જેવી જાતિની પુત્રી મત્સ્યગંધા સાથે સંબંધમાં જોડાયા હતા અને તેનાથી દૈવી પ્રતાપે કૃષ્ણ દ્વૈપાયન નામે વ્યાસ જેવા પરમ પવિત્ર, તેજસ્વી, અને સમર્થ જ્ઞાની પુત્રનો જન્મ થયો હતો. જેણે આગળ જતાં કેટલાંક શાસ્ત્રો અને મહાભારતાદિક ઇતિહાસિક ગ્રંથો રચી જગત્ પ્રસિદ્ધ થયેલા છે.

પરાશર ઋસિ વસિષ્ઠ કુળમાં મંત્ર દ્રષ્ટા ઋષિ થયેલા છે. એના વંશમાં વસિષ્ઠ, મિત્રાવરૂણ, અને કુંડિન એ ત્રણ પ્રવરના ગૌર પરાશર, નીલ પરાશર, શ્વેત પરાશર, કૃષ્ણ પરાશર, શ્યામ પરાશર, અને ધૂમ્ર પરાશર એવા છ ભેદ છે. પરાશર ઋષિ પોતાની વિદ્વતા અને તપ પ્રભાવથી રાજા પ્રજા અને ઋષિ મુનિમાં મોટા માનને પામી અમર નામના રાખી ગયા છે. એ સઘળો તેમના આત્મબળનોજ પ્રતાપ હતો. અહો! સતત્ ઉદ્યોગનું ફળ કેવું ઉત્તમ પ્રાપ્ત થાય છે! એ આ મહાત્માના ચરિત્રપરથી માલમ પડે છે.

મહાન્ તત્વવેત્તા, યોગીશ્વર.

યાજ્ઞવલ્કય ઋષિ.

આ શ્રેષ્ઠ બ્રહ્મનિષ્ઠ ઋષિ વસિષ્ઠ કુલોત્પન્ન યાજ્ઞવલ્ક ઋષિના પુત્ર. તેપરથી એનું નામ યાજ્ઞવલ્કય પડયું. આ ઋષિ મહા વિદ્વાન, મહા પ્રતાપી, શ્રેષ્ઠ બ્રહ્મનિષ્ઠ અને આચાર સંપન્ન હતા. સ્વયંભૂ નામના વ્યાસ પાસે ચાર વેદનું અધ્યયન કરનારા ચાર શિષ્યો હતા. તેમાં સમગ્ર યજુર્વેદ ભણેલા જે વૈશંપાયન ઋષિ તે યાજ્ઞવલ્કયના મામા થતા હતા. વૈશંપાયને યજુર્વેદની ૮૬ શાખા કરી હતી. તે પ્રત્યેક શાખાનું અધ્યયન એકેકા ઋષિને કરાવ્યું હતું. તેમાં યાજ્ઞવલ્કય ઋષિ પણ હતા. જે શાખાનું તેણે અધ્યયન કર્યું હતું, તેનું નામ તૈત્તિરીય શાખા પડેલું છે. એ શાખા સમગ્ર યજુર્વેદની પ્રતિમારૂપ છે.

તૈત્તિરી શાખા પડવાનું કારણ એવું છે કે;—એક સમે કોઈ ઉત્સવના કારણથી મહાન્ મહાન્ ઋષિઓ એકત્ર જમવાને અમુક સ્થળે અમુક વખતે ભેળા થયા હતા. તેમાં એવો નિયમ ઠરાવ્યો હતો કે જે અમુક વેળાએ હાજર ન થાય, તેને બ્રહ્મહત્યાનું પાપ લાગે. આ વાતના સંદેશા સર્વને અગાઉથી પહોંચાડ્યા હતા. ઠરાવેલી વખતે સર્વ ઋષિ આવીને જમી ગયા, પણ વૈશંપાયન ઋષિ આવી શક્યા નહિ. તેથી તેને એ નિયમ ઉલ્લંઘન કર્યાથી બ્રહ્મહત્યા લાગી હતી. તેની નિવૃત્તિ કરવાને વૈશંપાયને પોતાના શિષ્યોને આજ્ઞા કરી. તેપરથી સર્વ શિષ્યો તેમ કરવા લાગ્યા. એ વખતે યાજ્ઞવલ્કયે ગુરૂ વૈશંપાયનને કહ્યું કે;—એ પાપની નિવૃત્તિ કરવાને બીજા બાળ શિષ્યો અસમર્થ છે. હું એકલો તેની નિવૃત્તિ કરીશ; કારણ હું એ સર્વથી વયે મોટો અને સુદૃઢ છું. યાજ્ઞવલ્કયનું આ ભાષણ જો કે દયાને યુક્ત હતું, પણ બીજા બ્રાહ્મણોનું અપમાન કરવાવાળું હતું. તેથી વૈશંપાયનને ક્રોધ ચઢ્યો. લાગલાજ તેણે યાજ્ઞવલ્કયને શીખવેલી વિદ્યા પાછી દેવાની આજ્ઞા કરી. એ સાંભળી યાજ્ઞવલ્કયે ભયભિત થઈ પ્રાર્થના કરી કે, આ મારો અપરાધ ક્ષમા કરો. હું ફરી હવે એવું બોલીશ નહિ. એ સાંભળી વૈશંપાયને કહ્યું કે;—જો હું આજ તારો અપરાધ ક્ષમા કરૂં, તો મને સર્વ બ્રાહ્મણો પક્ષપાતી ગણે, કારણ હું તારો મામો છું. માટે તું વિશેષ કાંઈ નહિ બોલતાં મારી આજ્ઞા પ્રમાણે કરી ચાલતો થા, નહિ તો શાપ આપી ભસ્મ કરીશ. એવાં છેવટનાં વચનો સાંભળી યાજ્ઞવલ્કય શોક પામ્યા, બ્રાહ્મણોને અપમાન કરનારૂં આ ભાષણ કરવાથી પશ્ચાત્તાપ કર્યો, પરંતુ શું કામનું! અંતે નિરૂપાય થઈ વિદ્યા પાછી આપી દીધી. અર્થાત્ વિસ્મૃતિ પામ્યાં. એ વિસ્મૃતિ પામેલી વિદ્યા બીજા ઋષિઓ શીખ્યા તે તૈત્તિરીય શાખા નામથી પ્રસિદ્ધ થઈ છે. (આ વિષે એમ પણ જણાવેલું છે કે યાજ્ઞવલ્કયે શિખેલી વિદ્યા ઓકી કાઢી તે બીજા ઋષિઓ તિત્તર રૂપ બની ખાઈ ગયા. તેથી એ તૈત્તિરીય શાખા કહેવાઈ છે.) આ પછી યાજ્ઞવલ્કય ઋષિએ વિચાર કર્યો કે, વૈશંપાયન ઋષિ સરખા ગુરૂ હવે મને પૃથ્વીમાં મળવા દુર્લભ છે. હવે મારે બીજો ગુરૂ પૃથ્વીમાં કરવો નહિ, એવું મનમાં લાવી સૂર્યની આરાધના કરવાને તપનો આરંભ કર્યો. તપને અંતે સૂર્ય પ્રસન્ન થયા. તેમને ગુરૂ કરી શુકલયજુ પૃથ્વીપર લાવ્યા. તેમની પાસેથી જે વેદની શાખા પ્રાપ્ત થઈ, તે વાજસની શાખા એવા નામથી સાંપ્રતકાળમાં પ્રસિદ્ધ થઈ છે.

યાજ્ઞવલ્કયે સૂર્ય પાસેથી વેદ સંપાદન કર્યાં, પછી બ્રહ્મવિદ્યા સંપાદન કરી હતી. એ વિદ્યામાં એ મહા પારાંગત થયા હતા. એ પછી તેઓ કાત્યાયની અને મૈત્રેયી એ બે સ્ત્રીઓને પરણ્યા હતા. ગૃહસ્થાશ્રમ આ-

દરીં પોતાના આશ્રમમાં આનંદથી રહ્યા હતા. એની પાસે ઘણા શિષ્યો અધ્યયન કરતા હતા. તેનું અધ્યયન વિલક્ષણ હસ્ત સ્વર યુક્ત જોઈ ઋષિઓને તે અપ્રિય થયું. તેથી શિષ્યો વૈશંપાયન પાસે ગયા હતા. વેદાધ્યન કરાવવામાં તેમની બહુ પ્રતિષ્ઠા થઈ નથી, પણ બ્રહ્મ વિદ્યામાં તેમની ઘણી કીર્ત્તિ પ્રસરી હતી. તે વિશેષે કરીને વિદેહ વંશીય દેવરાત જનકના પુત્ર બૃહદ્રથ નામના જનક જે દૈવરાતિ નામથી પ્રસિદ્ધ થયેલા છે. તેમના આ ઋષિ પુરોહિત હતા. દૈવરાતિ જનક મુમુક્ષુ હતા. એ પૂર્ણ બ્રહ્મનિષ્ઠને ઓળખી તેને શરણે જવાની ઇચ્છા રાખતા હતા. તેથી તેણે યજ્ઞ નિમિત્તે અનેક ઋષિઓને બોલાવ્યા હતા હતા. તેમાં યાજ્ઞવલ્કય પણ હતા. એ વખતે આવેલા ઋષિઓમાં—આશ્વલ ઋષિ, જરત્કારૂ પુત્ર આર્તભાગ ઋષિ, ભુજ્યુ ઋષિ જેને લાહ્યાયનિ ઋષિ પણ કહે છે. ચાક્રાયણ સંજ્ઞક ઉષસ્ત ઋષિ, કૌષીતક સંજ્ઞક કહોડ ઋષિ, આરૂણિ સંજ્ઞક ઉદ્દાલક ઋષિ, વાચક, વાચક્રવી સંજ્ઞક મહા બ્રહ્મનિષ્ઠ ગાર્ગી નામે એક પરમ હંસિની સ્ત્રી, આ સિવાય વિદગ્ધાખ્ય સંજ્ઞકશાકલ્ય ઋષિ ઇત્યાદિ અનેક ઋષિઓ આવ્યા હતા. દૈવરાતિ જનકે સુવર્ણના શીંગડા અને કાન ઇત્યાદિક યુક્ત ગાય તૈયાર કરીને સર્વમાં શ્રેષ્ઠ જે બ્રહ્મનિષ્ઠ હોય તેમને એ લેવાને જણાવ્યું. સર્વ ઋષિઓ બ્રહ્મવિદ્યા સંપન્ન હતા. તેઓ પોતપોતાને શ્રેષ્ઠ બ્રહ્મનિષ્ઠ ગણતા હતા. તેથી પ્રત્યેકે ગાય લેવાનું મનમાં ધાર્યું હતું, પણ બીજાનું અપમાન થાય, એવાં હેતુથી એ ગાય લેવાની કોઈની હિંમત ચાલી નહિ. એ જોઈ યાજ્ઞવલ્કયની આજ્ઞાથી તેના શિષ્ય પ્રોક્તે જણાવ્યું કે;—અરે! આ ગાય તો શ્રેષ્ઠ બ્રહ્મનિષ્ઠ બ્રાહ્મણ યાજ્ઞવલ્કયને યોગ્ય છે. માટે એ તેને ત્યાં લઈ જાઓ. એ રીતે તેણે ગાય લીધી. તેથી સભામાં મોટી ગડબડ થઇ. યાજ્ઞવલ્કયે પ્રત્યેક ઋષિ સાથે નિરનિરાળા વાદ ચલાવી સર્વનો પરાજ્ય કર્યો. ત્યારથી એ સર્વ ઋષિ મંડળમાં શ્રેષ્ઠ બ્રહ્મનિષ્ઠ ગણાવા લાગ્યા હતા. વિદગ્ધાખ્ય સંજ્ઞકશાકલ્ય ઋષિ જેણે ઋગ્વેદની શાકલ્ય શાખા પ્રવર્ત્તાવી હતી. તેણે યાજ્ઞવલ્કયની અતિશય નિંદા કરી હતી. તેથી એ દેહપાત થયા હતા. સર્વ ઋષિ મંડળ પોતપોતાને આશ્રમે ગયા પછી જનકે યાજ્ઞવલ્કય પાસેથી બ્રહ્મવિદ્યા સંપાદન કરી હતી.

યાજ્ઞવલકયે અથર્વ વેદનો અભ્યાસ અથર્વા ઋષિ પાસે કર્યો હતો. તેણે પોતાની સ્ત્રી મૈત્રેયીને બ્રહ્મવિદ્યાનું શિક્ષણ આપી ઉત્કૃષ્ટ બ્રહ્મનિષ્ઠ કરી હતી. તેમજ મૈત્રેયીએ ઇશ્વર સંબંધી જે જે પ્રશ્નો પૂછ્યા હતા, તેના તેણે જોઇએ તેવા ઉત્તર આપી તેના મનનું સમાધાન કર્યું હતું, એ ઘણા મનન કરવા યોગ્ય છે. આ ઋષિને ચંદ્રકાંત, મહામેઘ, અને વિજય એ ત્રણ પુત્રો હતા. એ અને તેના ચૌદ હજાર શિષ્યો મહાદેવના શાપથી રાક્ષસ યોનિને પ્રાપ્ત

થયા હતા. એ ત્રણે પુત્રો અનુક્રમે ખર, દૂષણ, અને ત્રિશિરા નામનાં રાક્ષસો થયેલા. યાજ્ઞવલ્કયે કરેલા નિયમો સર્વ વાજસની શાખાવાળા પાળે છે. આ ઋષિ તત્વજ્ઞાનીઓમાં અગ્રેસર ગણાતા હતા. જનક પણ ગુરૂપ્રસાદથી મહાતત્વવેત્તા થયો હતો. એક પ્રસંગે રાજાર્ષિ જનકે યોગી યાજ્ઞવલ્ક્યને પ્રશ્ન કર્યો કે;—"મહારાજ! ગુરૂદેવ! આપે ઘણી વખતે કહેલું છે કે વૈરાગ્ય વગર પ્રાણીને મુક્તિ નથી, તો એ વૈરાગ્ય કોને કહેતા હશો?" રાજાર્ષિ જનકના આ પ્રશ્નથી રાજગુરૂ યાજ્ઞવલ્કયે વિચાર કર્યો કે આને કેવી રીતે સમજાવવો? કોઈ અજ્ઞાન હોય તેને વર્ણન કરી બતાવીએ કે આવી સ્થિતિ થાય, ત્યારે વૈરાગ્ય કહેવાય; પણ આ એથી અજાણ નથી. એ વિરક્તની સ્થિતિ કેવી હોય, તે જાણે છે અને હું પણ જાણું છું. અમે બંને તત્વવેત્તા કહેવાઇએ છીએ, છતાં માત્ર વિરક્તની પેઠે વર્તતા નથી. હું પણ વ્યવહાર અને વિષયોમાં લુબ્ધ છું. તેમ એ પણ ફસેલો છે. માટે તેને પ્રત્યક્ષ પ્રમાણથી સમજાવવો જોઇએ. એવો નિશ્ચય કરી રાજર્ષિ જનકને કહ્યું કે;—"રાજન! આજે સમજાવવાનો સમય નથી, હું આવતી કાલે વૈરાગ્યનું સ્વરૂપ યથાર્થ બતાવી આપીશ." એમ કહી એ પોતાને આશ્રમે ગયા, આશ્રમે જઇ પોતાની કાત્યાયની અને મૈત્રેયી એ બે સ્ત્રીઓને સર્વ ધન પોતાની પ્રજા સંરક્ષણાર્થે વહેંચી આપવા માંડયું. આ જોઈ મૈત્રેયી જે પતિ પ્રેમથી પૂર્ણ અને પતિવ્રત્ય પાળનાર સતી સ્ત્રી હતી. તેણે કહ્યું કે;—"પ્રાણનાથ! મારે એ દ્રવ્ય જોઇતું નથી. ચાહે તો એ દ્રવ્યપર પૂરો મૂકોની? હું તો જ્યાં આપ જશો, ત્યાં આપના ચરણની સેવા કરવામાંજ હાજર રહીશ. મારે તો ધન, માલમતા અને આખું જીવતર તમેજ છો. આ લોક અને પરલોક તથા પરમેશ્વર એ સૌ પણ તમેજ છો." ઋષીશ્વર એ સાંભળી બોલ્યા કે;—"પ્રિયે! હું તો સંન્યાસ ધારણ કરીશ. માટે સંન્યાસીની સાથે સ્ત્રી કેમ રખાય?" વગેરે ઘણું કહ્યું, પણ તેણે માન્યું નહિ અને દ્રવ્ય પણ લીધું નહિ. તેથી સર્વ દ્રવ્ય કાત્યાયનીને આપી દીધું. મૈત્રેયી સદ્દગુણ સંપન્ન હતી. તેને એક રાત્રિમાં ઋષિએ તત્વોપદેશ કરી, જ્ઞાન આપી યોગ ધારણ કરાવ્યો. પ્રાતઃકાળ થતાંજ ઋષીશ્વર યાજ્ઞવલ્કય સર્વ વસ્ત્ર વગેરે ઉપાધિ તજી દઇ લંગોટ મારી બહાર નીકળ્યા. તરતજ બંને રાજદ્વારે આવ્યા વેશ નિત્ય કરતાં સૌએ નિરાળો દીઠો, પણ કાંતિ કાંઈ છાની રહે નહિ. તે રાજાના ગુરૂ છે એમ ઓળખી રાજદરબારમાં જતાં કોઇએ અટકાવ્યા નહિ. રાજર્ષિજનક સભામાં બેઠેલો હતો. ત્યાં ઋષિ"ૐતત્સત્પરમાત્મનેनमः" એમ બોલી વિલક્ષણ સ્વરૂપે ઉભા રહ્યા! આ જોઇ સકળ સભાજનો અતિશય આશ્ચર્ય પામ્યા. રાજા ઋષિનો આવો ડોળ નિરખી દિગ્મૂઢ જેવો બની ગયો. તેણે પૂછ્યું કે;—"અહો!

ઋષિરાજ ! આ શું !!" યોગીશ્વર યાજ્ઞવલ્કયે કહ્યું કે;—"એજ તારા કાલના પ્રશ્નનો જવાબ; વૈરાગ્યનું સ્વરૂપ!!" જનક તરત સિંહાસનપરથી નીચે ઉતરી દંડવત્ પ્રણામ કરી ઋષિના ચરણારવિંદમાં પડયો, હાથ જોડી કહ્યું કે;—"મહારાજ! હવે ઘણું થયું. હવે તો હદ વળી રહી. હું વૈરાગ્યનું ખરૂં સ્વરૂપ સમજ્યો. માટે હવે આપ કૃપા કરી આ યોગી વેશનો શીઘ્ર ત્યાગ કરો." આ સાંભળી ઋષિ સર્વ સભા સાંભળતાં જેમ ઉપદેશ આપતા હોય, તેમ મોટે સ્વરે બોલ્યા કે;—"રાજન! શું મળમૂત્રનો ત્યાગ કરી પુરૂષ ફરીને કદી પણ તેની તરફ પાછું વાળી જોવા ઇચ્છે છે? હાથીના દંતુશળ મોંમાંથી બહાર નીકળેલા ફરી પાછા બેસે છે? સતી માયીકલ્યજી સહગમનની ઇચ્છા કરી નિકળેલી પાછી ફરે છે? નહિજ. હવે તો સંન્યસ્ત ધારણ કર્યું તે કર્યુંજ. હું તો મારા મનને ઉલટો કૃતાર્થ માનું છું. અને હર્ષ પામું છું કે આવો અમૂલ્ય અવસર ઇશ્વરે મને અનાયાસે પ્રાપ્ત કરાવ્યો! કારણ કે આ અસાર અને વિષયનો ભરેલો સંસાર, કે જેમાંના વિષયો ભોગવતાં કોઇ પણ કાળે તૃપ્તિ થતી નથી. તેમાંથી પ્રભુએ મને એકાએક છૂટો કર્યો. માટે હે જનક રાજન! આ ભવની જાળમાંથી પરાણે છૂટેલો હું ફરી તેમાં ફસાવાને કદી ઇચ્છતોજ નથી. હવે તો મને યોગ, યોગને યોગજ અત્યંત પ્રિય અને કલ્યાણકારક છે. જાણ્યા (જ્ઞાન થયા) પછી સંસાર રગડામાં પડ્યા રહેવું, એ જ્ઞાતા પુરૂષોનું લક્ષણ નથી." ઇત્યાદિ ઘણીક રીતે યોગ પ્રશંસા કરી યાજ્ઞવલ્કય યોગેશ્વર તરત ત્યાંથી ચાલતા થયા. એજ યાજ્ઞવલ્કય ઋષિ પ્રથમ જે જનકના પુરોહિત હતા અને ઋષીશ્વર કહેવાતા હતા. તે હવે યોગીઓમાં શ્રેષ્ઠ થવાથી યોગીશ્વરના નામથી પ્રસિદ્ધ થયા છે. યોગીશ્વર યાજ્ઞવલ્કય અને જનક વચ્ચે જે વાતચીત થયેલી છે, તે શતપથ બ્રાહ્મણમાં જણાવેલી છે.

યોગીશ્વર યાજ્ઞવલ્કય મોટા ઉપદેશક હતા. તેણે પ્રજા હિતાર્થે ઘણું કરેલું છે. તેણે જે ધર્મ વિષયનો ઉપદેશ આપ્યો હતો, તે યાજ્ઞવલ્કય સ્મૃતિ નામથી પ્રસિદ્ધ છે. તેમાં છ પ્રકારના ધર્મ દર્શાવ્યા છે. વર્ણ ધર્મ, આશ્રમ ધર્મ, વર્ણાશ્રમ ધર્મ, ગુણ ધર્મ, નિમિત્ત ધર્મ, અને સાધારણ ધર્મ. યાજ્ઞવલ્કય સ્મૃતિ ત્રણ ભાગમાં વિભક્ત છે. આચારાધ્યાય, વ્યવહારાધ્યાય, અને પ્રાયશ્ચિત્તાધ્યાય. આ ઋષીશ્વર મહાન્ વક્તા હતા. એ પોતાના પરાક્રમથી રાજા પ્રજાને ઉપયોગી અનેક સુકૃત્યો કરી ગયા છે. તેથી કરી સર્વમાં પૂજ્યમાનને પામી આર્યાવર્તમાં અખંડ કીર્ત્તિ રાખી ગયા છે.

અમૃતસંજીવિની વિદ્યામાં પ્રવિણ.

દૈત્યગુરૂ—શુક્રાચાર્ય.

આ પ્રસિદ્ધ મહર્ષિ વારૂણિ ભૃગુના પુત્ર. એની માતાનું નામ પુલોમા એ પુલોમા થકી ચ્યવન, વજ્રશીર્ષ, શુચિ, ઔર્વ, શુક્ર, વરેણ્ય અથવા વિભુ અને સવન એ સાત પુત્રો થયા. તેમાં શુક્ર પાંચમાપુત્ર હતા. એ મહા વિદ્વાન, મોટા જોદ્ધા, હિંમતવાન, મંત્ર શાસ્ત્રી, કવિ, ધનુર્વિદ્યા, રાજનીતિ અને વ્યવહાર નીતિમાં નિપુણ હતા. એની પાસે સંજીવિની વિદ્યા હતી. વ્યવહાર પ્રપંચમાં પ્રવિણ હોવાથી દાનવોને એ ઘણા ઉપયોગી થઇ પડ્યા હતા. દેવ દાનવોના યુદ્ધમાં દાનવોને પોતાની કુશળતાથી કેટલીક વખતે જય અપાવતા. એને લીધે દેવોને પણ દૈત્ય સાથે પ્રપંચમાં કુશળ થવાની આવશ્યકતા પડી હતી. પોતાના શિષ્ય વર્ગે ભવિષ્યમાં કેવા પ્રકારે વર્તન રાખવું. એ હેતુથી તેણે નીતિશાસ્ત્ર રચ્યું હતું. તેને "શુક્રનીતિ" કહે છે. એ ગ્રંથ એક લાખ શ્લોકનો હતો, પણ કાળાંતરે આ મૂળ ગ્રંથનો કેટલોક લોપ થયેલો છે. તેમાંથી તારવી કાઢેલા અઢીસો શ્લોકનો ગ્રંથ રહ્યો છે. એ દૈત્યાચાર્યે પોતાના શિષ્ય વર્ગને સામ, દામ, ભેદ, દંડ, એ ચાર તથા સંધિ, વિગ્રહ, યાન, આસન, સંશ્રય અને દ્વૈધીભાવ આ છ નીતિ ગુણની સમજણ પાડી હતી. છતાં પણ એ દૈત્યો મૂર્ખ રહ્યા હતા અને પોતાનો બચાવ કરી શક્યા નહોતા. આપરથી સિદ્ધ થાય છે કે હલકા લોકોને ઉપદેશ દેવાનો પ્રયત્ન કરવો એ વૃથા જાય છે. એતો કેવળ ભેંસ આગળ ભાગવત્ જેવું થઇ પડે છે. નહિતો એ દૈત્યોને શુક્રાચાર્ય જેવા મહાન્ ગુરૂ મળ્યા હતા. તેમણે તેમનું છનીતિના ગુણથી રક્ષણ કર્યું હતું, છતાં પણ એ દુરમતિ, પાપાચારી દૈત્યકુળનો નાશ થયો હતો. એમનો બચાવ કરવાને આ સમર્થ મહર્ષિએ ઘણું ઘણું કરેલું છે. દેવ દાનવોના યુદ્ધમાં એ પોતાના શિષ્ય વર્ગને જય અપાવવા અગ્રેસરપણે થઇ ઘુમતા, પ્રપંચ રચી યુક્તિઓ બતાવતા અને પોતાની ચમત્કારિક સંજીવિની વિદ્યાના બળવડે જે દૈત્યો યુદ્ધમાં મરતા તેમને સંજીવન કરતા હતા. દૈત્યો દેવો સામે થતા, યુદ્ધ કરતા, વખતે જય મેળવતા અને મદોન્મત્તપણે થઇ ચારે તરફ નુકસાન કરતા ઘુમતા, એ સઘળો આ દૈત્યાચાર્યનોજ પ્રતાપ હતો અને તેથીજ એ જોરપર આવી ગયા હતા. આ દૈત્યાચાર્ય અને દેવાચાર્ય બૃહસ્પતિ વચ્ચે સ્પર્દ્ધા ચાલતી હતી. બૃહસ્પતિ દેવોનો પક્ષ ખેંચીને જે કરતા, તેને તોડી પાડવાને આ સમર્થ દૈત્યાચાર્ય પ્રયત્ન કરવા ચૂકતા નહિ. દેવોનું બળ ઓછું કરી, દૈત્યોનું જોર વંધારવાને આ ઘણું મથતા હતા. એવાજ કારણથી તેણે એક વખતે મેઘને આકર્ષી રાખી

દશરથ રાજાના રાજ્યમાં બાર વર્ષ સુધી વરસાદ વરસવા દીધો નહોતો; કેમકે અન્નજળ વગર બ્રાહ્મણ, ગાય આદિ દુઃખી થાય અને યજ્ઞ બંધ પડે તો દેવોનું બળ ઓછું થાય. એ ઉપરથી આ દૈત્યાચાર્ય સામે ઈંદ્ર યુદ્ધ આરંભ્યું હતું, સહાયતા માટે દશરથને તેડાવ્યો હતો. એ યુદ્ધમાં શુક્રાચાર્યને હારી જવું પડયું હતું. પછી મેઘવૃષ્ટિ થઈ હતી.

શુક્રાચાર્ય પ્રથમ પુરંદર ઇંદ્રની જયંતી નામની કન્યા સાથે પરણ્યા હતા. તેનાથી તેને દેવયાની નામે કન્યા થઇ હતી. પછી શતપર્વા સાથે પરણ્યા હતા. તેનાથી તેને ત્વષ્ટાધર, અત્રિ, રૌદ્ર, અને કર્મી એ ચાર પુત્રો થયા હતા. આ ભૃગુ પુત્ર શુક્ર, ભાર્ગવ નામથી પણ પ્રસિદ્ધ છે. ઇંદ્રાસન માટે દૈત્યાએ દેવો સાથે ઘણીવાર યુદ્ધ કર્યું હતું. તેમાં આ મહર્ષિ પોતાની સંજીવિની વિદ્યાથી મરણ પામતા દૈત્યોને પાછા સંજીવન કરી જોરપર લાવતા. એ વિદ્યા બૃહસ્પતિ પાસે નહોતી. તેથી ઇંદ્ર ચિંતાગ્રસ્ત રહેતો હતો. તેથી ઇંદ્રના કહેવાથી બૃહસ્પતિ પુત્ર કચ શુક્રાચાર્ય પાસે એ સંજીવિની વિદ્યા સંપાદન કરવાને ગયો. જઈ કચે કહ્યું કે;—"આ શિષ્યને સંજીવની વિદ્યા ભણવાની ઘણી ઇચ્છા છે, તો આપ કૃપા કરી ભણાવો." વગેરે નમ્રતાથી પ્રાર્થના કરી. શુક્રે તેને નિર્દોષ મનનો તથા નમ્ર જોઈ વિચાર્યું કે એને એ વિદ્યા શીખવવાથી બૃહસ્પતિ પુત્ર મારો શિષ્ય કહેવાશે. માટે ભલે એ ભણે એમ વિચારીને પોતાને ત્યાં ભણવા રહેવાની હા પાડી. શુક્ર તેને વિદ્યા ભણાવવા લાગ્યા, પણ સંજીવની વિદ્યા ભણાવતા નહિ. કચ ગુરૂના ઘરનું કામ કરતો, દેવયાની બાળક હતી તેને રમાડતો અને ગુરૂ શીખવે તે ભણતો હતો. દેવયાની નિત્ય સહવાસથી કચ ઉપર ઘણી પ્રીતિ રાખતી હતી. એક વખતે કચ ગુરૂ આજ્ઞાથી વનમાં ધેનુ ચરાવવા ગયો હતો. દૈત્યોએ જાણ્યું કે આ બૃહસ્પતિ પુત્ર છે, તે સંજીવની વિદ્યા શીખી જશે, તો આપણને ઘણું નુકસાન થશે. માટે તેને મારી નાંખવો. એવો વિચાર કરી એ વનમાં હતો ત્યાં મારી નાંખ્યો. સાંજ પડતાં ધેનુ ઘેર એકલી આવી. કચ આવ્યો નહિ. એ જોઈ દેવયાનીએ રડવા માંડયું: શુક્રે જ્ઞાન દૃષ્ટિથી જોયું તો કચને દૈત્યોએ મારી નાંખેલો જણાયો. શુક્રની પણ આ શિષ્યપર પૂર્ણ પ્રીતિ થઈ હતી. તેથી તેણે પ્રેમ લાવી હાક મારી કે, કચ આવી દાખલ થયો. ફરી દૈત્યોએ મારી નાંખ્યો, તે વખતે પણ સંજીવન કર્યો. છેવટે દૈત્યોએ તેને મારી નાંખી બાળી ભસ્મ કર્યો. એ ભસ્મ દારૂમાં મેળવી, શુક્ર દારૂ કદી ન પીતા તેને પણ યુક્તિ કરી પાઈ દીધો. સાંજ પડી પણ કચ વનમાંથી આવ્યો નહિ. દેવયાની રૂદન કરવા લાગી, પિતાને કચને બોલાવવાની પ્રાર્થના કરી. શુક્રે હાક મારી કે કચ તેના પેટમાંથી બોલ્યો. એ જોઈ શુક્રે વિચાર્યું કે તેને સંજી-

વન કરીશ, તો એ મારૂં પેટ ચીરી બહાર આવશે. તેથી હું મરણ પામીશ. દેવયાનીના આગ્રહથી તેણે કચને કહ્યું કે, તું બ્રાહ્મણ છે માટે તને બહાર કાઢીશ, પણ તું પછી કૃતઘ્ની થઇશ નહિ. કચે હા પાડી. શુક્રે તેને સંજીવની વિદ્યા શીખવી. કચ પેટ ચીરી બહાર આવ્યો, શુક્ર મરણ પામ્યા તેને કચે સંજીવન કર્યા.

કેટલાક કાળ વિત્યા પછી કચગુરૂની રજા લઇ જવા તૈયાર થયો. દેવયાનીની પ્રીતિ તેનાપર અત્યંત થઇ હતી. તેથી તેણે કહ્યુંકે, મારાથી તને સંજીવની વિદ્યા પ્રાપ્તિ થઈ છે. માટે તું મારી સાથે લગ્ન કર. કચે કહ્યુંકે તું મારા ગુરૂની પુત્રી છે તે મારી બેન થાય. વળી જેનાથી તું ઉત્પન્ન થઇછે તેના પેટમાંથી હું પણ ફરી ઉત્પન્ન થયોછું. માટે તારી સાથે લગ્ન ન થાય. એ સાંભળી દેવયાનીએ શાપ આપી તેની સંપાદન કરેલી વિદ્યા નિષ્ફળ કરી. એ જોઇ કચે પણ શાપ આપ્યો કે, તેં મારી વિદ્યા વિના અપરાધે નિષ્ફળ કરી; માટે તને કોઈ ઋષિપુત્ર પરણશે નહિ. એ પછી કચ પિતા ગૃહે આવ્યો હતો. શુક્રે દેવયાનીને યયાતિ રાજા સાથે પરણાવી હતી. વૃષપર્વા નામે દૈત્ય રાજાની પુત્રી શર્મિષ્ઠાએ દેવયાનીનો અપરાધ કર્યો હતો. તેથી દૈત્યાચાર્યે રાજાનો તિરસ્કાર કર્યો. શાપ આપી બાળી ભસ્મ કરવાની ધમકી આપી. તેથી એ રાજાએ ભય પામી દેવયાની કહે તેમ કરવાનું કબુલ કર્યું હતું. દેવયાનીએ શર્મિષ્ઠાને પોતાની દાસી તરીકે રહેવાનું માગ્યું. દૈત્ય રાજાએ તેમ કર્યું. માત્ર દેવયાનીના કહેવાથી કુવારા ગ્રહે ઉતારવાને યયાતિરાજા સાથે પરણાવી, પણ એ સાથે સંબંધ કરવો નહિ એવો કરાર હતો. યયાતિરાજા પાછળથી સંબંધમાં જોડાયો હતો. તેથી શુક્રાચાર્યે યયાતિને વૃદ્ધ બનાવી દીધો હતો. પછી જ્યારે તેણે ફરી હવે સંબંધ કરીશ નહિ, એવી કબુલાત આપી હતી ત્યારે તેને યુવાન કરી દીધો હતો. એવા શુક્રાચાર્ય સમર્થ પુરૂષ હતા. તેણે બળીરાજાને પણ નવાણુ યજ્ઞ કરાવ્યા હતા. સોમો યજ્ઞ નર્મદા કિનારે આરંભ્યો હતો. એ જોઈ ઇંદ્રને ઇંદ્રાસન જવાનો ભય લાગ્યો હતો. અદિતિએ પોતાના પુત્રનું રાજ્ય ન જવા દેવા તપશ્ચર્યા કરવા માંડી હતી. એના તપથી પ્રસન્ન થઇ વિષ્ણુએ તેને પેટે વામન રૂપે જન્મ લીધો હતો. એ વામન બ્રાહ્મણ રૂપે બળિરાજાને યાચવા ગયા. બળિએ ઇચ્છિત માગવાનું કહેતાં વામને પોતાનાં ત્રણ ડગલાં પૃથ્વી માગી. એ વખતે શુક્રાચાર્યે બળિને કહ્યુંકે;—"વિષ્ણુ તને છળવાને આવ્યા છે. માટે તું એમ કહેકે, પૃથ્વીમાં તો દેવ, બ્રાહ્મણ આદિ પાંચ જણાનો ભાગ છે. માટે એ વિના જે જોઇએ તે મારાથી આપી શકાશે." ત્યારે બળિએ કહ્યુંકે, પ્રભુ જેવા યાચક! એ શી વાત! મારૂ ધન્ય ભાગ્ય! તેણે મને આપ્યુંછે ને તે લેશે!' શુક્રે ઘણું સમજાવ્યું પણ તેણે પોતાની ટેકજ

રાખી. સ્ત્રી સાથે બેસી વામન બ્રાહ્મણની પૂજા કરી હાથમાં સંકલ્પ કરવાને પાણી રેડવા માંડયું, તે વેળાએ શુક્રાચાર્યે યજમાનની દાઝ જાણી સૂક્ષ્મરૂપે થઇ ઝારીના નાળવામાં ભરાયા, તેથી પાણી પડયું નહિ. બળી ઝંખવાઈ ગયો, પણ એટલામાં વામને દર્ભની સળી તેમાં ખોસી એટલે શુક્રાચાર્ય આંખે કાણા થયા. તેની વેદનાથી તરત બહાર નીકળ્યા કે પાણી પડયું. વામને બે ડગલામાં આખી પૃથ્વી લઇલીધી. ત્રીજું પગલું મૂકી તેને પાતાળમાં ચાંપ્યો એ વખતથી શુક્રાચાર્ય આંખે કાણા થયા હતા. ઈત્યાદિ કાર્યો તેણે પોતાના શિષ્ય દૈત્ય, દાનવો માટે કર્યાં હતાં. એ પોતાના આત્મબળના પરાક્રમથી આર્યાવર્તના એક તારા રૂપ ગણાઈ ગયા છે. એના નામનો "શુક્રનો તારો" જે આજે પૃથ્વીમાં પ્રસિદ્ધ છે, તેમજ નિત્ય યાદ આવવા, સાત વારમાંનો એકવાર "શુક્રવાર" તેના નામથી પ્રસિદ્ધ છે. એ રીતે એ પૃથ્વીમાં અખંડ નામના રાખી ગયા છે.

સત્સંગથી દુરમતિ મહત્તા પામ્યો.

રત્નાકર.

આ પ્રસિદ્ધ પુરૂષના જન્મ વિષે શોધ કરતાં વિચિત્ર હકીકતો મળી આવી છે. એક તો એ કે—પૂર્વે મિત્રાવરૂણે પોતાના તપ પ્રભાવથી કુંભમાં રેત મૂકી અગસ્ત્ય અને વસિષ્ટ એ બે પુત્રોને ઉત્પન્ન કર્યા, ત્યારે જે શેષ રેત કુશમાં પડેલું, તેમાંથી એક પુત્ર જન્મેલો. તેને કિરાતની—ભીલડી ઉપાડી ગયેલી તે આ. બીજી વાત એવી છે કે,—આ એક બ્રાહ્મણનો પુત્ર, તેને માતપિતા અરણ્યમાં મૂકી તપ કરવા ગયેલા. તે ભીલડીને હાથ આવેલો. ત્રીજી વાત—આ ચ્યવન મુનિનો પુત્ર હતો. આ વાત ઘણી અસંભવિત લાગે છે; કેમકે ચ્યવન ઋષિ જેવા વિદ્વાન પુત્રનું પાપાચરણ જોઈ રહે અને તેનું પાપ કર્મથી મેળવેલું ખાય એવા નહોતા. માટે એ વાત માનવા જેવી નથી. ચોથી વાત—એવી છે કે,—એ ભીલનો પુત્ર હતો. આ બધી વાત ઉપરથી એવું સાબિત થાય છે કે, એ મૂળે બ્રહ્મબીજ તો ખરો. આ બ્રાહ્મણને ત્યાં જન્મ્યા પછી ભીલડીને હાથ આવેલો હશે. પછી એ નીચ લોકોની સંગમાં ઉછરી, નીચરૂપ બની નીચ કર્મ કરતાં શીખ્યો હશે, અને ભીલને ત્યાં રહેવાથી ભીલ કહેવાયો હશે, આ સંભવિત લાગે છે. ભીલે તેનું નામ રત્નાકર પાડયું હતું. એ મોટો થતાં ભીલ લૂટારાએ ધનુર્વિદ્યામાં તેને નિપુણ કરી લૂટ ચોરી કરવા શીખવી હતી. જાત ભાત નહિ જોતાં તેને એક ભીલડી સાથે પરણાવ્યો હતો. તેથી એ પરિવાર વાળો થયો હતો. નીચ સોબતે રહેવાથી એ પોતાનું

અસલ સ્વરૂપ ભૂલી ગયો હતો. માર્ગમાં એક વૃક્ષપર ચડી ચારે તરફ દૃષ્ટિ કરતો અને કોઇ દૂરથી માલમ પડે કે નીચે ઉતરી બાજ પક્ષીની પેઠે તેનાપર તૂટી પડતો અને મારી નાંખી તેનું સર્વસ્વ લૂટી લેતો. એવાં તેનાં ઘાતકી કૃત્યથી ચારે તરફ ત્રાહે ! ત્રાહે ! થઈ રહ્યું હતું. અસંખ્ય મનુષ્યોને તેણે ઘાતકીપણે મારી નાંખ્યાં હતાં. એવાં પાપી કૃત્યથી મેળવેલા દ્રવ્યવડે કુટુંબનું પોષણ કરતો હતો. એના પાપનો પાર રહ્યો નહોતો.

ઇશ્વર ઇચ્છા બળવત્તર છે, કોઇ કાળે પૂર્વના પૂણ્યનો ઉદય થાય છે. ઇશ્વરની અકળીત કળાની કોઇને ખબર પડતી નથી. તેણે ધાર્યું હોય છે, તેજ થાય છે. નારદ મુનિ એક પ્રસંગે ઇશ્વિર ઇચ્છાથી હરિગુણ ગાતા ગાતા ગોલોક ધામમાં ગયા. ત્યાં જુવે છે તો નારાયણે શ્રીરામ, લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન, અને શ્રીરામની ડાબી બાજુએ સીતાજી છે. એવી રીતે નાના પ્રકારનાં સ્વરૂપ ધારણ કરીને વિચિત્ર વૈકુંઠપુરીને શોભાવી મૂકી હતી. નારદ મુનિ નારાયણની આ રચના જોઈ આશ્ચર્ય પામ્યા. તરત ત્યાંથી વિદાય થઈ મહાદેવજીને ત્યાં આવ્યા. આવી નારાયણની આવી લીલા કરવાનું કારણ પૂછ્યું. ત્રિલોચને જણાવ્યું કે;—"સાઠ હજાર વર્ષ પછી નારાયણ આ પૃથ્વીમાં જે લીલા કરવાના છે. તેનો આ અપૂર્વ બનાવ હાલ ગોલોક ધામમાં દેખાડે છે. તેઓ દશરથ ઘેર જન્મ લેશે. રામ રાક્ષસોનો વધ કરશે. પિતાનું સત્ય પાળવા વનમાં જશે. અનેક દુષ્ટોને સંહારી સત્ય ધર્મનું સ્થાપન કરશે. ઇત્યાદિ. મહાદેવજી નારાયણનું વૃત્તાંત કહીને બોલ્યા કે;—"જે મનુષ્ય રામ નામનો મહા મંત્ર નિરંતર જપશે, તે મહા પાપથી મુક્ત થશે. એ મહા મંત્રથી સંસાર સાગર વગર હરકતે પાર ઉતરી શકાય છે." આ મહા મંત્રનો મહિમા સાંભળીને નારદ મુનિ બોલ્યા કે;—"આ સંસારમાં એવો મહા પાપી કોણ છે ?" મહાદેવજીએ કહ્યું કે;—મધ્યપથમાં એક રત્નાકર નામનો મોટો લૂટારો છે. તે દુરાત્મા લોકોના દેહનો સંહાર કરીને સઘળું છીનવી લે છે. એના જેવો કોઈ મહા પાપી નથી. આ સાંભળી નારદજી મહાદેવને નમન કરી વિદાય થયા. કેટલેક કાળે નારદજીને એજ મધ્યપથ તરફ જવાનો પ્રસંગ મળ્યો. સાથે પોતાની વિણા હતી. ચાલતાં ચાલતાં મધ્યપથમાં એક વૃક્ષ નજીક આવ્યા. રત્નાકર તેમને આવતા જોઈ ઝડપથી વૃક્ષપરથી નીચે ઉતર્યો. લોઢાની મુદ્દગર હાથમાં લઈ નારદ પાસે આવ્યો. મારવાની તૈયારી કરી. આ મહાત્માની આશ્ચર્યકારક દૈવીશક્તિના પ્રભાવથી મુદ્દગર હાથમાંજ રહી ગયું. નારદજીએ રત્નાકરને પૂછ્યું કે;—"તું કોણ છે ? રત્નાકરે જવાબ આપ્યો, તું મને ઓળખતો નથી ? હું હમણાં તને મારી નાંખી, તારૂં સર્વસ્વ લૂટી લઇશ. મોટા પુરૂષો પોતાની મહત્તા કદી મૂકતા નથી, તે તો અપકાર કરનારના પર, પણ ઉપકાર કરે છે. એ

મહા પુરૂષોનો મહદ્ ગુણ છે. નારદજીને તેનું પાપાચરણ જોઈ દયા ઉત્પન્ન થઈ, તેનો અનુગ્રહ કરવાના હેતુએ બોલ્યા કે;—"તેં કેટલાં પાપ કર્યા છે? તારાં પાપની સીમા કેટલી છે, એ તું જાણે છે? એમ કહી તેના અસંખ્ય પાપનું વર્ણન કરી બતાવ્યું. પછી કહ્યું કે;—તું આટલાં બધાં પાપ શા માટે કરે છે? અરે! તું જેને સારૂં આવું ઘોર કર્મ કરે છે, તે સ્ત્રીપુત્રાદિ તારા પાપનાં ભાગિદાર છે કે નહિ?

રત્નાકર હસીને બોલ્યો કે;—મારાં વૃદ્ધ માબાપ છે, સ્ત્રી, પુત્રાદિ છે. હું લુટારાનો ધંધો કરી જે કાંઇ પ્રાપ્ત કરૂંછું, તે સર્વે સાથે મળી ખાઇએ છીએ. તો એ મારાં પાપનાં ભાગીઆં અવસ્ય થશેજ, પછી મહર્ષિ નારદજીએ કહ્યુંકે;—તું તારે ઘેર જઇને પૂછી આવ કે તેઓ પાપમાં ભાગીઆં છે કે નહિ? ત્યાં સૂધી હું અહિં ઉભો રહીશ. મહર્ષિના દર્શન પ્રતાપથી રત્નાકરને તેમનું બોલવું સત્ય લાગ્યું, પરંતુ સંકલ્પ થયો કે રખેને એ નાશી જવાને માટે મને અહીંથી ઘેર મોકલતો હશે, ને એજ કારણે મને અવળું સમજાવતો હશે. એવો તર્ક કરી મહર્ષિ પાસે પ્રતિજ્ઞા લેવરાવી ઘેર ગયો. નારદજી વૃક્ષ પાસે ઉભા રહ્યા. રત્નાકરે ઘેર જઈ પ્રથમ વૃદ્ધ પિતાને પૂછ્યું કે;—"તમે મારા પાપમાંથી ભાગ લેશો કે નહિ? ત્યારે વૃદ્ધે કહ્યું;—મૂર્ખ પુત્ર! તું કેવી વાત કરેછે? તને આ વાત કોણે કહી? પુત્રનાં કરેલાં પાપ કદી પિતાને સ્પર્શ કરે નહિ. તું જ્યારે બાળક હતો, ત્યારે મેં કેટલાંક દુઃખ ભોગવીને તારૂં પોષણ કર્યુંછે, હું હાલ વૃદ્ધ થયોછું, સંસારમાં મેં ઘણાં પાપ કર્મ કરીને તારૂં પાલન કર્યું છે. એ સર્વ પાપમાં શું તું ભાગીઓ થયો છું? કોઈ વખતે પિતા પુત્ર થાયછે અને પુત્ર પિતા થાય છે. હું હમણાં વૃદ્ધ થવાથી તારા પુત્ર જેવો થયોછું. મારૂં પાલન કરવું એ હાલ તારી ફરજ છે. તને કોણે પાપકર્મ કરી પેદા કરવાનું કહ્યું છે? હું શા માટે તારા પાપમાં ભાગીઓ થાઉં?" રત્નાકર પિતાનાં વચન સાંભળી શરમાઈ ગયો. નીચું ઘાલી માતા પાસે ગયો. તે પાસે પાપમાં ભાગીદાર થવાનું જણાવ્યું. ત્યારે માતાએ કહ્યુંકે;—"મેં તને દશ મહિનાં ગર્ભમાં ધારણ કર્યોછે. માતાના એક દિવસનું ઋણપણ કોઇ ફેડી શકે તેમ નથી. મૂર્ખ પુત્ર! હું વૃદ્ધ થઈ છું, હાલ મારૂં પાલન કરવું એ તારી ફરજ છે. હું શા માટે પાપમાં ભાગીદાર થાઉં? રત્નાકર માતાનાં આ વચનથી વધારે શરમાઇ નીચું ઘાલી, પોતાની સ્ત્રી પાસે આવ્યો. તેને પણ પૂછ્યું; ત્યારે તેણે જવાબ આપ્યો કે;—"તમે મને ગ્રહણ કરી છે, મારૂં ભરણ પોષણ અને રક્ષણ તમે કરશો એ હું જાણુંછું. હું તમારા પાપનો ભાગ શા માટે લઉં? તમને લુટવાનું ને ઘાતકી કામ કરવાનું કોણે કહ્યું છે?" એ પછી પુત્રાદિને પણ પૂછ્યું, પણ કોઈ પા-

પમાં ભાગીદાર થયું નહિ. તેથી નિરાશ થતો, પાપથી ભય પામતો અને દીલગીર મૂખે રૂદન કરતો મુનિવર નારદજી પાસે આવ્યો. આવી મુનિના ચરણમાં પડી, સર્વ વાત કરી બતાવી રૂદન કરવા લાગ્યો. પાપથી પસ્તાવો કરી કહેવા લાગ્યો કે;—હું આપને શરણે આવ્યો છું. મને પાપથી મુક્ત કરી કૃતાર્થ કરો. વગેરે વ્યાકુળ ચિત્તે પ્રાર્થના કરી ગભરાવા લાગ્યો.

મહર્ષિએ રત્નાકરને પાપથી મુક્ત થવાને વ્યાકુળ જોઈ, સરોવરમાં સ્નાન કરવાને મોકલ્યો. રત્નાકર સરોવરમાં જઇ જુએ છે, તો પોતાની પાપી નજરે સરોવરનું સઘળું પાણી એકદમ સૂકાઈ ગયેલું જોયું! તેથી પાછો આવી મહર્ષિને સઘળી વાત કરી બતાવી. આપરથી નારદજીએ જાણ્યું કે, રત્નાકરનું પાપ પૂર્ણ થયું છે. એ જોઇ તેનાપર કરૂણા ઉત્પન્ન થઈ. તેનું કલ્યાણ કરવાને અંતઃકરણમાં નિશ્ચય કર્યો. પછી કેટલોક ઉપદેશ આપી ઘટ્ટ ઝાડીમાં લઇ જઇ બેસાડયો. શીરપર પોતાના કમંડલુમાંથી પાણી છાંટયું. પછી રામ નામના મહા મંત્રનો ઉપદેશ આપ્યો, પણ એ જડ બુદ્ધિના રત્નાકરને તેનો ઉચ્ચાર કરતાં પણ આવડયો નહિ. તેથી નારદજીએ તેને ઉલટો મંત્ર—"મરામરા" નો જપ કરવાનું બતાવ્યું. માથે ઝાડનાં પાતરાં ઢાંકી અંતરધ્યાન થઇ ગયા. મહર્ષિ ગયા પછી મહા પાપી દુરાત્મા રત્નાકર નિરંતર ધ્યાન પૂર્વક રામનામનો જપ કરવા લાગ્યો. જપ કરતાં એક સહસ્ત્ર વર્ષ વિતી ગયાં. ભક્તિમાં એટલો તો તલ્લિન થયો કે માથે ઉધેંઓએ મોટો માટીનો રાફડો કર્યો હતો. ઉધેંઓ તેના આખા શરીરનું માંસ ખાઇ ગઇ હતી. માત્ર હાડપીંજર રહ્યાં હતાં. એ હાડકાં ભેદીને રામનામનો ઉચ્ચાર નીકળતો હતો, આવી સ્થિતિ વખતે બ્રહ્મા અને નારદજી એ રાફડા પાસે આવ્યા. જોયું તો માંહેથી રામનામનો શબ્દ નીકળતો હતો. પછી એ રાફડાને ઉખેડવાનો વિચાર કરી, ઇંદ્રને આજ્ઞા કરી. તેથી તેણે લાગલાગટ સાત દિવસ સુધી વરસાદ વરસાવ્યો. તેથી એ રાફડો ધોવાઇને મુનિવરનું હાડપીંજર નીકળ્યું. બ્રહ્માએ તેના શીરપર હાથ મૂકી, શુદ્ધિમાં લાવી ઉભો કર્યો. એ બ્રહ્મા અને નારદજીના ચરણમાં પડી બોલ્યો કે;—"આપેજ મને કેવળ રામનામ આપી પાપથી મુક્ત કર્યો છે." વગેરે વચનો કહી સ્તુતિ કરી. બ્રહ્માએ વલ્મીક—રાફડામાંથી એ નીકળ્યો, માટે તેનું નામ તે રોજથી વાલ્મીકિ પાડયું. એ રીતે એ ત્યારથી વાલ્મીક નામથી પ્રસિદ્ધ થઇ ઋષિ પંક્તિમાં ગણાવા લાગ્યા અને મહાત્મા પદને પામ્યા છે. અહો! મહાત્માની કેવી દયા! અને ઈશ્વર—રામ સ્મરણનો કેટલો બધો પ્રતાપ!!

ભવિષ્યવેત્તા અને સંસ્કૃત ભાષાના આદિ કવિ.

વાલ્મીકિ.

રત્નાકર—વાલ્મીકિ પાપરૂપી વ્યાધિથી મુક્ત થઈ, બ્રહ્મર્ષિપણાને પામ્યા. પછી નારદજીને પૂછ્યું કે, હવે મારે શું કરવું? નારદજીએ કહ્યું કે તમે શતકોટી રામાયણ રચો. તમે રામ નામ જપીને ઉદ્ધાર પામ્યા છો. માટે એ લોકાભિરામ સુપવિત્ર રામ ચરિતનું સારી રીતે વર્ણન કરો. મુનિવર નારદની આવી આજ્ઞા સાંભળી હાથ જોડી બોલ્યા કે;—"રામાયણ હું કેમ રચીશ? અને તેના છંદો કેવી રીતે કરીશ? કારણ કે તેનું મુદલ મને જ્ઞાન નથી." આપરથી નારદજીએ કહ્યું કે;—"તમારી જીભપર સરસ્વતિનો આવિર્ભાવ થશે અને તમારે મુખેથી રામનો જન્મ અને તેના કામોનું વર્ણન પુરાણરૂપથી શ્લોક–છંદમાં ફુવારાની પેઠે નીકળશે." એવાં વચન કહી નારદજી અંતરધ્યાન થયા. મુનિવર વાલ્મીક તમસા નદીને કિનારે આશ્રમ બાંધી રહ્યા. એની પાસે અધ્યયન કરવાને અનેક શિષ્ય હતા. તેમાં ભરદ્વાજ ઋષિ મુખ્ય હતા. વાલ્મીક નિત્ય નિયમ પ્રમાણે એક વખતે નદીપર સ્નાન કરવાને ગયા હતા. ત્યાં તમસા નદીના કિનારાપરના ગાઢ જંગલમાં એક વૃક્ષપર ક્રૌંચ અને ક્રૌંચી નામનાં પક્ષીઓ એકત્ર વિહાર કરતાં હતાં, ત્યાં અકસ્માત એક દુષ્ટ પારધીએ આવીને, તે સંભોગમાં રત થયેલા ક્રૌંચને મારી નાંખ્યો. તેથી એ જમીનપર પડયો. ક્રૌંચકી પોતાના પતિની આવી સ્થિતિ જોઇને દુઃખિત સ્વરથી કલ્પાંત સાથ રૂદન કરવા લાગી અને એ દુષ્ટ અધાર્મિ પારધીને તિરસ્કાર આપવા લાગી. આ કામ ઘણુંજ અધર્મનું થયું તેથી તથા ક્રૌંચીના અપાર શોકથી વાલ્મીક ઋષિ વ્યાકુળ થઇને તે વિષે ઉંડા વિચારમાં ઉતરી ગયા. અંતરના ઉંડા શોકથી એકાએક તેના મુખમાંથી એક શ્લોક નીકળી આવ્યો;—

> मानिषादप्रतिष्ठांत्वमगमःशाश्वतीःसमाः ॥
> यत्क्रौंचमिथुनादेकमवधीःकाममोहितं ॥

આ અનુષ્ટુપ્ છંદ બંધ વાણી મુખમાંથી અકસ્માત્ પ્રથમ નીકળી આવી. તેથી વાલ્મીક ઋષિ આશ્ચર્ય પામી સ્નાન કરી નદી બહાર આવ્યા. એટલામાં અકસ્માત બ્રહ્માએ પ્રગટ થઈ કહ્યું કેઃ—"તું આશ્ચર્ય ન પામ. એ વાણી મારી ઇચ્છાથી નીકળી છે. તમારા મુખમાંથી જે વાક્ય નીકળ્યું છે, તેજ શ્લોક રૂપથી લોકોમાં ગણાશે. તમે હવે આનંદથી આવા છંદ બંધમાં સુપવિત્ર રામ ચરિત્રનું વર્ણન કરો. તમો જેવું વર્ણન કરશો, તેવુંજ ભવિષ્યમાં થશે. તેમાંથી એક અક્ષર પણ મિથ્યા થનાર નથી." અહો! પ્રભુની કેવી કૃપા! જેનાપર પ્રભુની દયા થાય છે, તેનાં ભાગ્યોદય થતાં વાર

લાગતી નથી. તે ચાહે તે કરવાને શક્તિવાન થાય છે. "મનુષ્ય યત્ન ઈશ્વર કૃપા." જો મનુષ્ય યત્ન કર્યા કરે છે, તો નિશ્ચે પ્રભુની કૃપા થયા વગરની રહેતી નથી એ સિદ્ધ થાય છે. વાલ્મીકે અપાર દુઃખ વેઠી કેટલાંક વર્ષ નિરંતર રામ નામ મંત્રનો જપ કર્યો, તો પાપથી મુક્ત થઈ, તેમની સર્વ કૃપાને પાત્ર થયો. તેના મુખમાંથી નીકળતી વાણી શ્લોક રૂપ ગણાઈ, તે જે એક વખતે ભ્રષ્ટરૂપ હતો, તે આજે પ્રભુ ભક્તિથી મહા કવીશ્વર અને વિદ્વાન થયો. ધન્ય પ્રભુ !

બ્રહ્મા વાલ્મિક ઋષિને ભલામણ આપી અંતરધ્યાન થઈ ગયા. વાલ્મિકિ જે પરમેશ્વર (રામ) નામથી પાવન થયા હતા. એના સંબંધી તેણે શતકોટી કાવ્ય રચ્યું. તથા તેનો સારાંશ ગાયત્રી મંત્ર વર્ણવીને ચોવીસ સહસ્ત્ર કાવ્ય રચેલ છે. એ રીતે તેણે રામાવતાર વિષે સાઠ હજાર વર્ષ અગાઉથી ભવિષ્ય કહેલું છે. પછી સાઠ હજાર વર્ષે રામચંદ્રજી જન્મ્યા. તે વાલ્મિકિ ઋષિના ભવિષ્ય કથન બહાર જરા પણ વર્ત્તેલ નથી. આ ઋષિ મોટા ગ્રંથ કર્ત્તા થયેલા છે. એ સંસ્કૃત ભાષાના આદિ કવિ ગણાય છે. એનો રચેલો ગ્રંથ વાલ્મિકિ રામાયણ અદ્યાપિ સુપ્રસિદ્ધ છે. એ ભારત ભૂમિના આર્યોના શ્રવણને પવિત્ર કરેછે. જે કાવ્યના સુબોધથી પાછળ લક્ષાવધી મનુષ્ય સુબુદ્ધિ તથા સુનીતિ શીખ્યા છે. અદ્યાપિ પણ એ ગ્રંથનો લાભ લેવામાં આવેછે. આ કવિ જેવા સંસ્કૃત ભાષામાં નવ રસમય વર્ણન કરવામાં બીજા થોડાજ કવિ થયેલા હશે. તેણે ધર્મ સંબંધી પણ ઉત્તમ યોગ્યતા સંપાદન ન કરી હતી. આ મહર્ષિની પવિત્રતા રામચંદ્રજી પણ જાણતા હતા. જ્યારે રામ વનવાસ નીકળ્યા, ત્યારે ચિત્રકોટપર વાલ્મિકિને આશ્રમે આવી ઘણા દિવસ રહ્યા હતા. વળી જ્યારે ધોબીના વચનથી રામે સીતાને વનમાં મોકલ્યાં હતાં, ત્યારે આ ઋષિએ પોતાના ગંગા કિનારાપરના આશ્રમે સીતાને તેડી લાવી, સત્કાર કરી રાખ્યાં હતાં. સીતા તેમને આશ્રમે રહેવાથી રામચંદ્રજીને પણ નિરાંત વળી હતી. એવી તેની પ્રવિત્રતા પ્રસિદ્ધ થઇ હતી. આ ઋષિએ લવ, કુશને વેદ અને ધનુર્વિદ્યા વગેરે શાસ્ત્ર ભણાવી હુશિઆર કર્યા હતા. આ મહાત્મા પોતાના પ્રથમ વખતના જુલમીપણાની અને પાછળ શ્રેષ્ઠત્વની સરખામણી કરતા, ત્યારે ઘણા શોક હર્ષ પામતા હતા. સતી સીતાની પાસે પોતાની સર્વ અવસ્થાની વાત કરતા. અને કહેતા કે, મનુષ્ય સમજે અને સારે માર્ગે વળે, તોતે નહિ જેવી સ્થિતિમાંથી મહા સમર્થ અને સ્વપરાક્રમી થઈ શકે છે. એ તેમનું કહેવું સત્ય છે. એતો તેના પોતાનાજ વર્ત્તનપરથી સિદ્ધ થાયછે. રામચંદ્રજીનો વાલ્મિકિ ઋષિપર પૂર્ણભાવ હતો. તેથી તેમણે તેમની કેટલીકવાર સલાહ લઇ પ્રજા હિતનાં કાર્યો કરેલાં છે. એ ઋષિ પોતાની લાયકીથી ઋષિમંડળ, રાજમંડળ અને પ્રજામંડળમાં મોટા માનને પામ્યા હતા. એ વખતે સારાનરસાની પ-

રીક્ષા. હતી. ગુણુજ સર્વત્ર પૂજ્ય ગણાતો હતો. તેથીજ વાલ્મિકિ નીચ પાયરીએથી મહર્ષિ જેવી મહત્ પદવીને પામી અમર કીર્ત્તિ રાખી ગયા છે.

યોગીશ્વર—શુકદેવજી

આ પરમ જ્ઞાની યોગીશ્વર કૃષ્ણ દ્વૈપાયન વ્યાસના પુત્ર થાય. એ પૂર્વ જન્મમાં પોપટ હતા. શિવે પાર્વતીને પરમ જ્ઞાન સમજાવ્યું, તે વખતે પોપટે સાંભળ્યું હતું, એ શિવજીને જાણ થતાં તેને પકડવાનું કર્યું, પણ એ ભય પામી તત્કાળ નાશી ગયો. પરમ જ્ઞાનના બળથી પોતાનું ખોળીઉં પાડી નાંખી વ્યાસની સ્ત્રીના ઉદરમાં પ્રવેશ કર્યો. શિવ પણ ત્યાંજ બાર વર્ષ રહ્યા હતા. પછી વિષ્ણુએ આવી શિવના મનનું સમાધાન કર્યું. ત્યાં સુધી શુકદેવજી ભય પામી માતાના ઉદરમાં રહ્યા હતા. એને વિષ્ણુએ માતાના ઉદરમાંથી બહાર નીકળવાને ઘણું સમજાવ્યું. પણ શુકદેવજીએ ગર્ભમાં રોઇને કહ્યું કે;—પ્રભુ ! તમારી માયા છે તે સંકેલી લીઓ તો હું જગતમાં જન્મ લઉં. તેપરથી ભગવાને કહ્યું કે, તમોને મારી માયા નહિ લાગે, તમે સંસાર ઉપર અનુરાગી રહેશો. એવું સાંભળી શુકદેવજીએ ગર્ભમાંથી બહાર જન્મ લીધો. જન્મતાંજ નાળસહિત વનમાં નાશી ગયા. એ જન્મ્યા ત્યારે તેને ગંગાજીએ નવરાવ્યા હતા. અને તેની ઉપર આકાશમાંથી પુષ્પની વૃષ્ટિ થઈ હતી, અને દંડ, સુંદર કાળીયારે મૃગચર્મ, અને દિવ્ય કમંડલુ મળ્યાં હતાં. જ્યારે તેઓ વનમાં નાશી ગયા હતા, ત્યારે તેની પાછળ વ્યાસ દોડ્યા હતા અને તેને ઘેર આવવાને ઘણું સમજાવ્યા, પણ તેઓ આવ્યા નહિ. એ ઋષિઓના મંડળમાં જતા હતા, ત્યાં તેમને ભગવત્ ગુણ ગાતા નારદજી મળ્યા. તેમને શુકદેવજીએ કહ્યું કે, મહારાજ ! મારી મુક્તિ થાય એવો કાંઈ ઉપાય બતાવો. નારદે કહ્યું કે, તે તો તમારા પિતાના જાણુવામાં છે. પછી એ પિતાની પાસે આવ્યા. એ મહા તેજસ્વી, જ્ઞાની, સાત્વિક ગુણના, લોકપ્રિય, સત્યવક્તા, અને તત્વજ્ઞ હતા. જનોઈ લીધા પછી તેમણે દેવ ગુરૂ બૃહસ્પતિ પાસે જઈ વેદ અને ધર્મશાસ્ત્રાદિનું શિક્ષણ લીધું હતું. વ્યાસે તેમને પરણવાનો ઘણો આગ્રહ કર્યો. શુકદેવજી પિતાનાં આ વચન સાંભળી બોલ્યા કે;—આ તમે શું બોલો છો ? વ્યવહારની વાત નહિ કરતાં મને પરમાર્થનો ઉપદેશ કરો. પિતા ! મનુષ્ય લોકમાં જેના ભેળું દુ:ખ ન હોય, એવું કયું સુખ છે ? તે કહો. જે સુખમાં સાથે દુ:ખ રહ્યું હોય તે સુખજ નથી. જો હું સ્ત્રી પરણું તો પછી તેને વશ્ય થઇ જવાય. જે માણસ પરતંત્ર અને વિશેષે કરીને સ્ત્રીને વશ હોય તેને શું સુખ છે ? લોઢાં અને લાકડાં આદિથી બંધાએલો માણસ કદી પણ છુટી શકે, પણ સ્ત્રી, પુત્રોથી બં-

ધાએલો માણસ કદી પણ છુટે નહિ. આ દેહ વિષ્ટા અને મૂત્રથી ભરેલો છે. સ્ત્રીઓનો દેહ પણ તેવોજ છે, તો એવા દેહમાં સમજુ માણસ પ્રીતિ રાખવાની ઇચ્છા શી કરે ? હું હવે પછી ગર્ભવાસને ઇચ્છિતો નથી. આત્મ સુખ કે જે અદ્ભૂત છે, તેને છોડીને હું વિષ્ટા જેવા સુખને કેમ ઇચ્છુ ? જે પુરૂષ આત્મા રામ હોય તે ફરીવાર વિષય લંપટ થાયજ નહિ. હું સંસાર રૂપી સર્પથી બીનેલો છું, તેને હવે તત્વજ્ઞાન આપીને રક્ષા કરો. જેમ સૂર્યને રાત દિવસ નક્ષત્રોના ચક્રમાં ફરવું પડે છે, તેમ આ મહા ભયંકર સંસારરૂપી ચક્રમાં જીવને ફરવું પડે છે. કોઇ સ્થળમાં વિસામો મળતો નથી. પિતાજી ! આ સંસારમાં પોતાનું સ્વરૂપ વિચારવાથી વધારે બીજું કયું સુખ છે? મૂઢ લોકો સંસારમાં સુખ માને છે, તે તો જેવું કીડાઓ વિષ્ટામાં સુખ માને છે તેવું છે. વેદ અને શાસ્ત્રોનો અભ્યાસ કર્યા છતાં પણ પુરૂષો કુતરા, ઘોડા અને સુવરની પેઠે સંસારમાં આસક્ત રહેછે, તેઓથી વધારે બીજો કોઈ મૂર્ખ નથી. મહા દુર્લભ મનુષ્યનો જન્મ પામીને વેદશાસ્ત્રનો અભ્યાસ કર્યા છતાં જો સંસારમાં બંધાય, તો પછી મુક્તિનો અધિકારી કયો માણસ છે ? સ્ત્રી, પુત્ર અને ઘરમાં આસક્ત છતાં પણ જે પંડિત કહેવાય છે એ કાંઈ મોટું આશ્ચર્ય નથી, પણ જે મનુષ્ય સંસારમાં માયાના ત્રણ ગુણથી બંધાય નહિ, તેજ માણસને વિદ્વાન, બુદ્ધિવાન અને શાસ્ત્રનો પાર પામેલો સમજવો. આ સંસારમાં જેથી દઢ બંધન થાય, એવા વૃથા ભણવાથી શું વળે ? જે સંસારના બંધનથી છોડાવે તેજ ભણવું જોઇએ. પુરૂષને ગ્રહણ કરી રાખેછે તેથી ગૃહ કહેવાય છે, તો એવા કાળાગૃહમાં સુખ ક્યાં છે ? હે પિતા ! હું એથીજ ભય પામું છું. જે મૂર્ખ મંદબુદ્ધિવાળા અને દુર્ભાગ્ય હોયછે, તે મનુષ્યનો જન્મ પામીને પાછા બંધનમાં પ્રવેશ કરવા ઇચ્છે છે.

વ્યાસજી પુત્રનાં આવાં વૈરાગ્યનાં વચનો સાંભળી બોલ્યા કે;—ગૃહ—ઘર કે જે જડ છે તે કાંઈ પુરૂષને બાંધતું નથી. બંધનનું બીજું કારણ નથી. કેવળ આસક્તિજ બંધનનું કારણ છે. જે માણસ ઘરમાં રહ્યા છતાં પણ આસક્તિથી છૂટેલો હોય તે મુક્ત થાય છે. ન્યાય માર્ગથી ધન મેળવનાર, અનુક્રમે વિધિ સહિત વેદોક્ત કર્મ કરનાર, સત્યવક્તા અને પવિત્ર હોય તો ગૃહસ્થ પણ મુક્તિ પામે છે. ધર્મમાં રહેલા ગૃહસ્થો શ્રદ્ધાપૂર્વક અન્નદાનથી અને મધુર વાણીથી બીજાઓને ઉપકાર કરે છે. ગૃહસ્થાશ્રમ કરતાં અધિક કોઈ ધર્મ દીઠો નથી અને સાંભળ્યો નથી. ઉત્તમ જ્ઞાનવાળા વસિષ્ઠાદિક આચાર્યો પણ ગૃહસ્થાશ્રમમાં રહ્યા હતા. પુત્ર ! જે પુરૂષ વેદોક્ત કર્મ કરતો હોય તેને કયો પુરૂષાર્થ અસાધ્ય છે ? સ્વર્ગ, મોક્ષ અને ઉત્તમ કુળમાં જન્મ એમાંનું જે જે કાંઈ ઇચ્છે તે તેને મળે છે. ધર્મ વેત્તાઓ

કહે છે કે;—'એક આશ્રમમાંથી બીજા આશ્રમમાં જવું જોઇએ.' માટે આલસ્ય મૂકી અગ્નિહોત્ર લઇને તમે કર્મ કરો. દેવ, પિતૃ, અને મનુષ્યોને વિધિપૂર્વક તૃપ્ત કરીને પુત્રને ગૃહસ્થાશ્રમમાં જોડી પછી તમે ઘર છોડી વનમાં જઈ વાનપ્રસ્થ આશ્રમ લેજો. અને પછી સંન્યાસ લેજો. પુત્ર! મન અને પાંચ ઇંદ્રિયો કે જેઓ મોહ પમાડનાર છે, તેઓ સ્ત્રી વગરના પુરૂષને દુષ્ટ પરિણામ આપે છે. માટે ઇંદ્રિયોને જીતી લેવા સારૂ સ્ત્રી પરણવી એવું શાસ્ત્રમાં કહ્યું છે. શુકદેવજી પિતાનાં આવાં વચન સાંભળી બોલ્યા કે;—પિતા! સ્ત્રીનો સંબંધ સર્વદા દુ:ખદાયી છે. મૃગને બાંધવાની જાળ સરખો અને સર્વ પ્રાણીઓને નિરંતર બંધન રૂપ છે, તે હું કરીશ નહિ. ધનની ચિંતાથી આતુર થયેલાઓને કોઈ સ્થળમાં સુખ દેખાતું નથી. નિર્ધન અને તૃષ્ણાવાળા લોકોને સ્વજનો પણ પીડા કરે છે. તૃષ્ણા વગરનો ભિક્ષુક જેવો સુખી હોય તેવો ઇંદ્ર પણ સુખી નથી. ત્રૈલોક્યનું રાજ્ય છતાં પણ ઇંદ્ર જ્યારે સુખી નથી, ત્યારે આ સંસારમાં બીજો તો કોણ સુખી હોય? કોઈ તપસ્વીને તપ કરતો જોઇ મનમાં સંતાપ ધરીને ઇંદ્ર તેને ઘણા પ્રકારનાં વિઘ્ન કરે છે. ધનવાન્ પુરૂષ પણ તૃષ્ણાને લીધે કદીપણ સુખે સૂતો નથી, ત્યારે નિર્ધન માણસ તો કેમજ સુખ પામે! હે પિતા! તમે જાણતાં છતાં પણ હું કે જે તમારા વીર્યથી ઉત્પન્ન થયેલો પુત્ર છું. તેને સર્વદા દુ:ખદાયી મહા ભયંકર સંસારમાં જોડવા કેમ ઇચ્છો છો? જન્મમાં દુ:ખ છે, જરામાં દુ:ખ છે, મરણમાં દુ:ખ છે અને વળી પાછું વિષ્ટા અને મૂત્રમય ગર્ભમાં રહેવામાં પણ દુ:ખ છે. તૃષ્ણા તથા લોભમાં ઘણું દુ:ખ છે અને માગવામાં તો મરણ કરતાં પણ વધારે દુ:ખ છે. પારકી આશા રાખવી એ પરમ દુ:ખ છે. વેદ અને શાસ્ત્રોનો અભ્યાસ કરી પંડિતોને ધનવાનને ઘેર જઇને સર્વથા તેઓની સ્તુતિ કરવી પડે છે. એક પેટને વાસ્તે શામાટે ચિંતા કરવી? કેમકે એક પેટ તો પત્ર, કંદમૂળ અને ફળાદિકથી તથા સંતોષ રાખીએ તો ગમે તે ઉપાયથી પણ ભરાય છે. પિતાજી! સ્ત્રી, દીકરા અને પૌત્ર આદિ મોટું કુટુંબ હોય તો તેઓના પોષણ વાસ્તે ભારે દુ:ખ વેઠવું પડે છે. સુખ કયે ઠેકાણે છે? માટે મને યોગ શાસ્ત્ર અને સુખદાયી જ્ઞાન શાસ્ત્રનો ઉપદેશ કરો, કર્મકાંડમાં મને કદી પણ રૂચિ થવાની નથી. અવિદ્યાથી ઉત્પન્ન થયેલાં પ્રારબ્ધ, સંચિત અને ક્રિયમાણ એ ત્રણે પ્રકારનાં કર્મ જેથી ક્ષય પામે એવો ઉપાય બતાવો. અહો! આ માયાનું બળ પંડિતોથી પણ છોડી શકાતું નથી. મને વ્યાસ શું થાય! અને વ્યાસને હું શું થાઊ! આ ભ્રમ કેવો? પાંચ ભૂતોથી રચાયેલા દેહમાં 'આ પિતા છે અને આ પુત્ર છે.' એવી વાસના થાયછે એ આશ્ચર્ય છે! આ માયા મહા અજ્ઞાન અને મોહ કરનારી છે. માટે જે રીતે હું ગર્ભવાસના

ભયથી છૂટી જાઉં એવી રીતનો બોધ આપો. આ કર્મભૂમીમાં મનુષ્યનો અવતાર દુર્લભ છે અને તેમાં પણ ઉત્તમ કુળમાં જન્મતો મહા દુર્લભ છે. મેં વૃદ્ધોનો આશ્રય કર્યો છે તોપણ સંસારની જાળમાં હું સપડાયો છું. એવી મારી ભ્રાંતિ જતી નથી. માટે મારી ભ્રાંતિ મટે એવો ઉપાય બતાવો. આ પછી વ્યાસે તેમને ભાગવત્ ભણાવ્યું. એ ભણીને તેઓ વ્યાસજીના સુંદર આશ્રમમાં રહ્યા, પણ તેમનું મન સંન્યાસ લેવામાં લાગેલું હતું. તેથી શાંતિ મળતી નહોતી. પોતે એકાંતમાં બેસી રહેતા હતા. ઘણું જમતા નહિ, તેમ ઉપવાસ પણ કરતા નહિ. વ્યાસ શુકદેવજીને ચિંતાથી ઘેરાએલા જોઈ બોલ્યા કેઃ—પુત્ર! શા માટે વ્યગ્ર છો? કરજથી ઘેરાએલા નિર્ધન માણસની પેઠે તમે નિરંતર શા માટે ધ્યાન ધરી રહોછો? તમને શી ચિંતા છે? યથેષ્ટ રીતે સુખ ભોગવો અને મનમાંથી શોક છોડી દીઓ. શાસ્ત્રોક્ત જ્ઞાનનો વિચાર કરો અને અપરોક્ષ જ્ઞાનમાં બુદ્ધિ રાખો. પુત્ર! મારાં વચનથી તમારા મનમાં શાંતિ થતી ન હોય, તો તમે જનકરાજાએ પાળેલી મિથિલા નગરીમાં જાઓ. સત્યના સમુદ્ર રૂપ અને ધર્માત્મા જનક રાજા કે જે 'વિદેહ' કહેવાય છે તે તમારા સંદેહનો નાશ કરશે. બ્રહ્મજ્ઞાનનો વિચાર કરનારાએ પવિત્ર જનક રાજા સત્યવક્તા, અતિશાંત, યોગી, પવિત્ર અને સર્વદા યોગીઓપર પ્રેમ રાખનારા છે. એ પાસે જઈ સંદેહની નિવૃત્તિ કરો અને વર્ણ તથા આશ્રમોના ધર્મનું તત્વ પૂછો. એ જીવનમુક્ત રાજા તમને સર્વ ઉપાય બતાવશે.

આ પછી પિતા પુત્ર વચ્ચે જનકના જીવન્મુક્તપણા વિષે વાદ વિવાદ થયો. અંતે એ જીવન્મુક્ત જનકરાજાને જોવાની અને સંદેહ મટાડવાની ઇચ્છાથી પિતાની રજા લઇ શુકદેવજી મિથિલા તરફ ચાલ્યા. રસ્તામાં અનેક ઋષિ, મુનિઓનાં દર્શન કરતા જનકપુરમાં આવ્યા. આ વખતે બહુલાશ્વ નામનો જનકરાજા હતો. મહા તેજસ્વી શુકદેવજી રાજદ્વારમાં પહોચ્યા. ત્યાં દ્વારપાળે અંદર જતાં અટકાવ્યા. આ મહાત્મા મોક્ષનું ચિંતન કરતા તેજ દ્વારમાં કાષ્ટની પેઠે ઉભા રહ્યા. છાંયા અને તડકામાં સમ દૃષ્ટિવાળાએ ધ્યાન ધરીને ઠુંઠ જેવા અચળ થઇને ઉભા. ત્યાં રાજાનો મંત્રી હાથ જોડી આવ્યો. તેણે તેને બીજી દોઢીમાં પ્રવેશ કરાવ્યો. ત્યાં દિવ્ય, મનોહર, ઘણા પુષ્પથી ભરપૂર અને દિવ્ય વૃક્ષોવાળું વન દેખાડયું. પછી એક સુશોભિત ભૂવનમાં લાવ્યા. આદર સત્કાર કર્યા. ત્યાં કેટલીક સ્ત્રીઓ જે ગાન, તાન, અને કામ શાસ્ત્રમાં નિપુણ હતી તેઓ આવી. તેમને શુકદેવજીની સેવા કરવાની આજ્ઞા કરી મંત્રિ એ ઘરમાંથી નીકળી ગયો. અને શુકદેવજી ત્યાંજ ઉભા રહ્યા. એ સ્ત્રીઓએ વિધિ સહિત પરમ ભક્તિથી તેમની પૂજા કરી અને દેશ

કાળમાં થતાં અનેક પ્રકારનાં અન્નથી રાજી કર્યા. પછી કામદેવથી મોહ પામેલી અંત:પુરમાં રહેનારી સ્ત્રીઓએ અંત:પુરનું એક રમણિય વન તેમને દેખાડ્યું. શુકદેવજી જુવાન, રૂપાળા; મધુર અને કોમળ બોલનારા તથા બીજા કામદેવના જેવા મનોહર હતા. તેમને જોઈ સઘળી સ્ત્રીઓ મોહ પામી. એ મુનિને અજિત્તેંદ્રિય જાણી સઘળી સ્ત્રીઓ સેવા કરવા લાગી, પણ શુદ્ધ અંત:કરણવાળા શુકદેવજીએ તેઓમાં પોતાની માતાના ભાવની કલ્પના કરી આત્મારામ અને ક્રોધને જીતનાર મહાત્મા એથી રાજી પણ થયા નહિ અને ક્રોધપણ પામ્યા નહિ. એમ અનેક રીતે મોહમાં નાંખવાને ઉપાયો કર્યા, પણ જિતેંદ્રિય મહાત્મા કેમ ડગે?

આ પછી ગુરૂ પુત્ર શુકદેવજીને આવ્યા સાંભળી જનક રાજા પવિત્રપણાથી પોતાના ગોરને અગ્રણી કરીને મંત્રીઓ સાથે તેમની પાસે આવ્યા. સારી રીતે પૂજા કરી, ઉત્તમ આસન આપી અને દૂધ નિવેદન કરી, પછી રાજાએ તેમને કુશળ પૂછ્યા. રાજાએ કરેલી પૂજાનો વિધિ સહિત સ્વીકાર કરીને પોતાના કુશળ કહ્યા. પરસ્પર કુશળ પૂછ્યા પછી શુકદેવજીને રાજાએ શાંત ચિત્તે વિવેકથી પધારવાનું કારણ પૂછ્યું. એ પરથી શુકદેવજીએ કહ્યું કે;—મહારાજ! મારા પિતા વ્યાસે મને સ્ત્રી પરણી ગૃહસ્થાશ્રમ ભોગવવાનું કહ્યું, પણ મેં સ્ત્રી પરણવામાં બંધન માનીને પિતાનું વચન માન્યું નથી. મારા મનમાં સંદેહ પડેલો જાણી મને કહ્યું કે તમો લોક પ્રખ્યાત્ મારો યજમાન જનક વિદેહ રાજા જીવન્મુક્ત છે અને નિષ્કંટક રાજ્યનું પાલણ કરે છે. રાજ્ય કરતાં છતાં પણ માયાના પાસથી બંધાતો નથી. એ તમારા મનના સંદેહનું નિવારણ કરશે. એ રાજાની વાત સાંભળીને તરત મારી પાસે આવજો. એ રીતે મારા પિતાની આજ્ઞાથી હું તમારી પાસે આવ્યો છું. મને મોક્ષની ઈચ્છા છે. માટે મારે શું કરવું? એનો જે ઉપાય હોય તે બતાવો. આ સાંભળી જનક રાજન બોલ્યા કે;—મોક્ષ માર્ગમાં રૂચિ રાખનારે જનોઈ લીધા પછી વેદનો અભ્યાસ કરવાને ગુરૂને ઘેર રહેવું. વેદ અને વેદાંત ભણી ગુરૂને સંતોષવા. પછી સ્ત્રીં પરણીને ગૃહસ્થાશ્રમમાં રહેવું. ન્યાય માર્ગે આવેલા ધનથી આજીવિકા ચલાવવી. સંતોષ રાખવો, આશા રાખવી નહિ, નિર્દોષ રહેવું, અગ્નિહોત્ર આદિ કર્મ કર્યા કરવાં, સત્ય બોલવું અને પવિત્ર રહેવું. પુત્ર, પૌત્ર થયા પછી વાનપ્રસ્થ આશ્રમમાં રહેવું. એ આશ્રમમાં તપથી છ ઇંદ્રિયોને જીતી લઇ, પોતાની સ્ત્રીને પુત્રો પાસે રાખીને શુદ્ધ વૈરાગ્ય થયો હોય તો શાસ્ત્ર વિધિ પ્રમાણે સર્વ અગ્નિઓનું પોતામાં આરોપણ કરી ધર્મ જાણનારાએ શાંતપણાથી સંન્યાસ આશ્રમમાં રહેવું. "વૈરાગ્યવાળાનેજ સંન્યાસ લેવાનો અધિકાર છે. વૈરાગ્ય ન હોય તો

કદી અધિકાર નથી." એવું વેદનું વચન છે. વેદમાં અડતાળીશ સંસ્કાર કહ્યા છે. તેમાં ચાળીશ ગૃહસ્થને વાસ્તે છે અને શમ, દમાદિક આઠ મુમુક્ષુને વાસ્તે છે. એમ મહાત્મા પુરૂષો કહે છે. એક આશ્રમમાંથી અનુક્રમે બીજા આશ્રમમાં જવું એવી શિષ્ટ લોકોની આજ્ઞા છે. આ સાંભળી શુકદેવજીએ પૂછયું કે, હૃદયમાં વૈરાગ્ય ઉત્પન્ન થયેલ હોય અને પરોક્ષ તથા અપરોક્ષ જ્ઞાન પ્રાપ્ત થયાં હોય, તોપણ નિયમ પ્રમાણે આશ્રમોમાંજ રહેવું જોઇએ કે પરબારૂં વનમાંજ રહેવું હોય તોપણ તે થઈ શકે ?

આ પ્રશ્નનો ઉત્તર જનક આપતાં બોલ્યા કે:—ઇંદ્રિયો એવી પ્રબળ છે કે હાથમાં રહેતી નથી. જે પુરૂષ કાચો હોય, તેને એ ઇંદ્રિયો અનેક વિકાર ઉત્પન્ન કરી દે છે. વિકાર ઉત્પન્ન થતા ન હોય તો સંન્યાસી થયા પછી ભોજનની, સુખની, શય્યાની, અને પુત્રની ઇચ્છા કેમ કરે? વાસનાઓનું અત્યંત પ્રબળ જાળ કેમે શાંત થતું નથી. માટે તેને શાંત કરવા વાસ્તે આશ્રમોનો અનુક્રમ રાખવો જોઇએ. ઉંચે સૂતો હોય તો તે નીચે પડે, પણ જે નીચે સૂતો હોય તે પડે નહિ. સંન્યાસ લીધા પછી જો ઇંદ્રિયોની પ્રબળતાને લીધે ભ્રષ્ટ થાય, તો પછી પાછો માર્ગે ચડેજ નહિ. જેમ કીડી મૂળથી શાખાપર ચડે છે અને એ પ્રમાણે ધીરે ધીરે ચડતી જાય છે તો તેને સુખે ફળની પ્રાપ્તી થાય છે, તેમ અનુક્રમે આશ્રમમાં ચડીએ તો અનાયાસે ફળ મળે છે. પક્ષી વિઘ્નોની શંકા છોડી દઇને તરત ઉંચે જાયછે તો થાકી જાયછે અને કીડી વીસામો લેતાં લેતાં ચડે છે તો સુખે પહોંચે છે. મન એવું અત્યંત પ્રબળ છે કે કાચા પોચાથી જીતી શકાતું નથી. માટે ક્રમે ક્રમે આશ્રમોમાં ચડીને તેને જીતવું ગૃહસ્થાશ્રમમાં રહ્યો હોય, તેણે પણ શાંતિ, સદ્વિચાર અને ધીરજ રાખીને રાજી થવું નહિ, તપવું નહિ, અને લાભ અલાભમાં સમાન રહેવું. જે પુરૂષ શાસ્ત્રોક્ત કર્મ કરતો હોય, જેથી ચિંતા થઈ પડે તે છોડી દેતા હોય અને આત્મ લાભથી સંતુષ્ટ રહેતો હોય તે મુક્ત થાય છે, એમાં સંશય નથી. જુઓ, હું રાજ કરતાં છતાં પણ જીવન્મુક્ત રહીને મારી ઇચ્છા પ્રમાણે કરૂંછું, પણ મને કાંઈ થતું નથી. અનેક ભોગ ભોગવતાં અને અનેક કાર્યો કરતાં છતાં પણ રાગ દ્વેષથી રહિત હોવાને લીધે, હું જેમ જીવન્મુક્ત છું અને દેહ પડી ગયા પછી વિદેહ મુક્ત થઇશ. તેમ તેમ તમે પણ સદાચાર પાળતાં જીવન્મુક્ત રહીને અંતે વિદેહ મુક્ત થજો. આ જડ જગત્ કે જે દશ્ય કહેવાય છે. તેથી આત્માનું સ્વરૂપ કે જે અદશ્ય છે તે કેમ બંધાય? પાંચ ભૂત અને તેઓના શબ્દાદિક ગુણો દશ્ય છે. અને આત્મા તો માત્ર અનુભવથી જણાય છે, કદી પણ પ્રત્યક્ષ થતો નથી; તો એ નીર્વિકાર અને નિર્લેપ આત્મા શી રીતે બંધાય? મનજ મોટાં મોટાં સુખ

દુઃખનું કારણ છે. માટે મન નિર્મળ થાય તો સઘળું નિર્મળ થઈ જાય છે. સઘળાં તીર્થોમાં ભટકી ભટકીને વારંવાર નહાતો હોય, તોપણ જ્યાં સુધી મન નિર્મળ ન થયું હોય, ત્યાં સુધી સઘળું વ્યર્થ છે. દેહ, જીવાત્મા કે ઇંદ્રિયો મનુષ્યોને બંધ મોક્ષનું કારણ નથી, પણ મનજ બંધ મોક્ષનું કારણ છે. આત્મા કે જે સર્વદા શુદ્ધ અને મુક્ત છે, તે કદીપણ બંધાતો નથી. બંધ અને મોક્ષ મનમાંજ રહે છે; માટે મનશાંત થાયતો જીવનમુક્ત થવાય છે. શત્રુ, મિત્ર, અને ઉદાસીનતા એ સઘળા ભેદ મનમાં રહ્યા છે. દ્વૈત દૃષ્ટિ તજી દઇને એકત્વ ભાવના થાય, તો પછી ભેદ કેમજ થાય ? જીવ અને બ્રહ્મ એકજ છે. માટે આપણે બ્રહ્મજ છીએ. એમાં કાંઈ પણ સંશય નથી. અજ્ઞાન અવસ્થામાંજ જીવ અને બ્રહ્મની ભેદ બુદ્ધિ પ્રવર્ત્તે છે. ભેદ બુદ્ધિનું કારણ અવિદ્યાજ છે તે અવિદ્યા બ્રહ્મ વિદ્યાથી મટે છે. સમજુ મનુષ્યોએ સર્વદા વિદ્યા અને અવિદ્યાને સમજવી જોઇએ. તડકા વિના છાયાનું સુખ સમજાતું નથી, તેમ અવિદ્યા વિના વિદ્યા સમજાતી નથી. અવિદ્યાનો નાશ કરીને પછી વિદ્યા પણ શાંત થઇ જાય છે. પછી માત્ર અદ્વૈતજ રહે છે. ગુણો ગુણોનાં કામ કરે છે, પંચ ભૂતો પંચ ભૂતોનાં કામ કરે છે અને ઇંદ્રિયો ઇંદ્રિયોનાં કામ કરે છે, તેમાં આત્માને કયો દોષ લાગે છે? જો કે આમ છે તો પણ સર્વના રક્ષણને વાસ્તે સઘળી રીતે વેદમાં મર્યાદા બાંધી છે. મર્યાદા ન હોય તો જેમ બૌધ લોકોનો ધર્મ નાશ પામ્યો છે. તેમ સર્વનો ધર્મ નાશ પામે. ધર્મ નાશ પામે તો વર્ણાશ્રમનો આચાર પણ નાશ પામે. માટે વેદમાં કહેલા માર્ગે ચાલવું સર્વ પ્રકારે ઉત્તમ છે. મારા મતમાં તમારા પિતાએ જે કહ્યુ છે તેજ સત્ય છે. તમે પિતાનો સંગ તજી દઇ વનમાં જવાને ઇચ્છો છો, તો વનમાં પણ મૃગોની સાથે તમને બહુજ સંબંધ થશે. પંચમાભૂત સર્વ ઠેકાણે છે તો તમે નિસ્સંગ શી રીતે થઈ શકશો ? અહારને વાસ્તે તમને સર્વદા ચિંતા રહેશે, તો તમે ક્યારે નિશ્ચિંત થશો ? તમે વનમાં બીજી ચિંતા કરશો કે નહિ કરો; પરંતુ ત્યાં પણ દંડ અને મૃગચર્મની ચિંતા તો રહેશેજ. એ ચિંતા તમને જેમ રહેશે, તેમ મને રાજ્યની ચિંતા રહે છે. તમારા મનમાં ઘણા ઘણા વિકલ્પ છે. તેથી દુઃખી થઇને તમે દૂર દેશોમાં આવ્યા છો. મારા મનમાં તો વિકલ્પ કે સંદેહ કાંઇ નથી. હું તો સર્વદા સુખથી નિંદ્રા કરૂંછું અને સુખથી જમું છું. હું કદી બંધાયોજ નથી એમ સમજીને સર્વદા સુખી છું. તમે તો હું બંધાયો છું.' એવી શંકાથી સર્વદા દુઃખીજ છો. માટે એ શંકા છોડી દઇ આત્મ સ્વરૂપને નિર્લેપ સમજીને સુખી થઓ. 'આ દેહ મારો છે' એમ સમજવું એ બંધ છે અને 'મારો નથી' એમ સમજવું એ મોક્ષ છે. જેમ દેહ મારો નથી, તેમ ધન, ઘર

કે રાજ્ય પણ મારાં નથી એવો મને નિશ્ચય છે.

જનકનાં આ વગેરે વચનો સાંભળી શુકદેવજી રાજી થયા અને તેમની આજ્ઞા લઇને તરત વેદ વ્યાસના ઉત્તમ આશ્રમમાં આવ્યા. પુત્રને આવેલા જોઇ વ્યાસ રાજી થયા. વેદાધ્યયનથી સંપન્ન અને સર્વ શાસ્ત્રોમાં નિપુણ શુકદેવજી જનક રાજાની સ્થિતિ જોઇ, પરમ સુખ પામીને પિતાના રમણિય આશ્રમમાં તેમની પાસેજ રહ્યા. શુકદેવજી યોગ માર્ગમાં રહ્યા હતા, તોપણ પિતાની આજ્ઞાથી એ બર્હિપદ નામના જનકની માનસ કન્યા 'પીવરી' અથવા વીરિણી સાથે પરણ્યા હતા. તેનાથી તેને કૃષ્ણ, ગૌરપ્રભ, શંભુ, ભૂરિશ્રુત, અને જય એ પાંચ પુત્રો અને કૃત્વી અથવા કીર્તિમતી નામની એક કન્યા થઈ હતી. એ કન્યાને સોમવંશીય પૂરૂકુલોત્પન્ન પાર અથવા વિભ્રાજ, રાજાના પુત્ર નીમ અથવા 'અણુહ' રાજાને આપી હતી. તેને 'બ્રહ્મદત્ત' નામે શ્રીમાન અને પ્રતાપી પુત્ર થયો હતો. એ બ્રહ્મદત્ત રાજા પણ બ્રહ્મવેત્તા હતો. શુકદેવજીએ પરીક્ષિત રાજાને તેના અંતકાળ ઉપર સઘળા ઋષિ, મુનિઓની સમક્ષ સાત દિવસ શ્રીમદ્ ભાગવતનો ગુહ્યાર્થ સમજાવ્યો હતો. તેથી એ રાજાનો મોક્ષ થયો હતો.

આ પછી શુકદેવજીએ કેટલોક કાળ તપશ્ચર્યા કરી હતી. યોગીંદ્ર રૂપે ધર્મોપદેશ આપતા ફરતા હતા. છેવટ વિદેહી જેવા બની ગયા હતા. એક વખતે જ્યારે ધર્મ રાજાએ રાજસૂયયજ્ઞ કર્યો, ત્યારે ઘણા બ્રાહ્મણો આવ્યા હતા. નિત્ય બ્રાહ્મણ ભોજન ચાલતું હતું. એક વખતે ધર્મ રાજાએ કૃષ્ણને કહ્યું કે, "મને શ્રેષ્ઠ બ્રહ્મનિષ્ઠ હોય તે દેખાડો. તે વખતે શ્રીકૃષ્ણે બ્રહ્મનિષ્ઠ જે શુક યોગીંદ્ર દૂર પાત્રો ચાટતા બેઠા હતા, તે દેખાડ્યા અને કૃષ્ણ તથા ધર્મ રાજાએ ત્યાં જઈ તેમનો હાથ પકડી લાવ્યા. તેમની પૂજા વગેરેથી ઘણો સત્કાર કર્યો હતો. એ પછી શુક યોગીંદ્ર કૈલાસ પર્વતના રમણિય શિખરપર જઇ ધ્યાન ધરી બેઠા હતા. સર્વ સંગથી છૂટેલા એ મહા તેજસ્વી યોગીંદ્ર મોટી અણિમાદિક સિદ્ધિઓ પામીને પર્વતના શિખરપરથી ઉડી ગયા હતા અને આકાશમાં સૂર્યની પેઠે શોભવા લાગ્યા હતા. શુકદેવજી ઉડ્યા. તે વખતે પર્વતના શિખરના બે વિભાગ થઇ ગયા અને મોટા ઉત્પાત થયા હતા. એ યોગીંદ્ર તેજથી દીપતા વાયુની પેઠે અંતરિક્ષમાં રહ્યા હતા. એ વખતે વિરહથી દબાએલા વેદવ્યાસ જ્યાં શુક યોગીંદ્ર રહ્યા હતા. તે પર્વતના શિખરપર આવ્યા અને શોકથી, હે પુત્ર! હે પુત્ર! એમ ચીસો પાડી હતી. તેથી સમષ્ટિ બ્રહ્માંડમાં વ્યાપી રહેલા સાક્ષિભૂત શુક યોગીંદ્રે પિતાને જ્ઞાન ભરેલો ઉત્તર આપ્યો હતો. એ ઉત્તર રૂપ સામો શબ્દ હમણાં સુધી એ પર્વતના શિખરમાં સ્પષ્ટ સંભળાતો હતો. એ રીતે દેવોમાં ઉત્તમ શુક-

દેવજી આત્મબળના પ્રયાસથી મુક્તિને પામી ગયા છે. ધન્ય શુક યોગીંદ્ર!!!

વ્યાકરણ શાસ્ત્રના કર્ત્તા.

પાણિનિ.

આ પ્રસિદ્ધ વ્યાકરણાચાર્યે વિશ્વામિત્રના કુળમાં અજ નામના ઋષિ થયા, એ ઋષિના કુળમાં એ ઉત્પન્ન થયા હતા. આ શાલાતુરણુ (લાહોર) માં રહેતા હતા. એની માતું નામ દાક્ષી હતું. એ ઉપવર્ષ ગુરૂને ત્યાં વિદ્યાભ્યાસ કરવાને રહેતા હતા. વરરૂચિ—કાત્યાયન, અને વ્યાડી ઇત્યાદિ એના ગુરૂ બંધુ હતા. આ પાણિનિ અતિશય મંદ બુદ્ધિના હતા. એક પ્રસંગે સભામાં તેનો એક બ્રહ્મચાર્યે પરાજય કર્યો હતો. તેથી એ અતિશય ખિન્ન થયો. એ જોઈ તેના ગુરૂની સ્ત્રીએ તેને વનમાં તપ કરવા જવાને જણાવ્યું. તેથી એ ખિન્ન હ્રદયે વિદ્યાની ઇચ્છાથી હિમાલયના અરણ્યમાં તપશ્ચર્યા કરવા ગયા. ત્યાં તીવ્ર તપ કરી શંકરને પ્રસન્ન કર્યા. તેથી શિવે તેને સર્વ વિદ્યાના મુખરૂપ વ્યાકરણના નિયમપર સૂત્ર ભણાવ્યું તેથી એ સમર્થ વિદ્વાન થયા. ત્યાંથી આવી તેણે વિદ્વાનોની સભા મેળવી, શાસ્ત્રમાં સાત દિવસ સુધી વાદયુદ્ધ ચલાવ્યો હતો આઠમે દિવસે તેણે સર્વને જીત્યા; ત્યારે અંત્રિક્ષમાં ઉભેલા શિવે હુકાર કર્યો. તેથી ઐંદ્રવ્યાકરણ જગતમાંથી નષ્ટ થઈ ગયું. શિવકૃપાથી સંપાદન થયેલા મૂળ સૂત્ર ઉપર તેણે—૧ અષ્ટાધ્યાયી સૂત્રપાઠ, ૨ ગણુપાઠ, ૩ ધાતુપાઠ, ૪ લીંગાનુશાસન, અને ૫ શિક્ષા. એ વ્યાકરણશાસ્ત્રના પાંચ ગ્રંથો રચ્યા છે તથા કાવ્યમાં—૧ જામ્બૂવતીજય. એ નામનો ગ્રંથ પણ કરેલો છે. એ સર્વ ગ્રંથો રચી તેણે ગુરૂ પાસે મૂક્યા હતા. એ જોઇ ગુરૂએ પ્રશન્ન થઇ, તેમનો ઘણી પ્રકારે સત્કાર કર્યો હતો. એ ગ્રંથો ગુરૂએજ પછી પ્રસિદ્ધિમાં મૂક્યા હતા. અહો! પ્રભુ કૃપાની બલિહારી છે! પ્રભુ ચાહે તો રંકને રાય અને રાયને રંક કરવા સમર્થ છે. જડમતિનાને મહામતિવાન કરવાને શક્તિવાન છે. જે પાણિનિ એક વખતે જડ મતિનો હતો, તે આજે વ્યાકરણ જેવા કઠિન વિષયનો ગ્રંથકરતા થયો! કહો કે ઇશ્વરદયાથી શું ન થાય? કહ્યું છે કે;—

પ્રભૂ તણી કરૂણા કહો, શું ન કરે તત્કાળ;
મૂરખને પંડિત વળી, ગરીબને ભૂપાળ.

આ વ્યાકરણાચાર્યે જે શિક્ષા ગ્રંથ કર્યો છે, તે ઘણો ઉત્તમ અને વેદની ઘ્રાણેન્દ્રિ સ્વરૂપ છે. એ શિક્ષા સર્વ વેદ સામાન્ય છે. એમાં વર્ણ સ્વરાદિના ઉચ્ચારણનો પ્રકાશ સારી રીતે કરેલો છે. વર્ણ અકારાદિશ્વર ત્રણ જાતના

છે. જેવા કે ઉદાત્ત, અનુદાત્ત, સ્વરિત. ઉચ્ચૈઃસ્વરને ઉદાત્ત, નિચા સ્વરને અનુદાત્ત અને બંનેના વચલા સમાહાર સ્વરને સ્વરિત કહે છે. વ્યાકરણ ઈંદ્ર, ચંદ્ર, કાલાપ અને સંગ્રહ આદિ ઘણાં છે, પણ વેદ પરત્વે તો પાણિનિ ની-અષ્ટાધ્યાયી વપરાય છે. એ અષ્ટાધ્યાયી રચાઈ હશે, તે પ્રસંગે પાષાણાદિ મૂર્ત્તિ હાલમાં આપણે દેખીએ છીએ, તેવીજ પૂજાતિ હશે એવું જણાય છે. મુનિસત્તમપાણિનિએ વૈદિક શાસ્ત્રોને બે ભાગમાં વિભક્ત કર્યા છે. "दृष्ट" અને "प्रोक्त" સામ—વેદાદિશાસ્ત્રોને સાક્ષાત્ ઇશ્વર—પ્રણીત અને પ્રાચીન સમજતા હતા, તેને દૃષ્ટ કહેલ છે. બ્રાહ્મણ કલ્પ સુત્રાદિ જે સઘળાં શાસ્ત્ર તેવી રીતે નહિ માની તેને પ્રોક્ત કહીને વર્ણવેલ છે, આ મહર્ષિ પ્રથમ કાળમાં કેદ થયેલા હતા એવું એક ઠેકાણે જણાવેલું છે. પાણિનિના ગ્રંથની ભટ્ટોજી દીક્ષતે ટીકા કરી છે, એ ટીકાનું નામ સિદ્ધાંતકૌમુદી છે. એ સિદ્ધાંતકૌમુદી ઉપર કલકત્તાની સંસ્કૃત વિદ્યાલયના વ્યાકરણ શાસ્ત્રના પ્રોફેશર તારાનાથ તર્કવાચસ્પતિએ જે સરલા નામની વ્યાખ્યા લખેલી છે. તેના પૂર્વાર્ધ માંહેની પ્રસ્તાવનામાં લખેલું છે કે, પાણિનિ વ્યાકરણ ઉપર પ્રથમ મહાભાષ્ય લખનાર જે પતંજલિ એ ભર્તૃહરિનાં પહેલાં અને ચંદ્રગુપ્તની પછી થયેલ છે. (પતંજલિ ચરિત્ર જુઓ.)

પાણિનિએ જે વ્યાકરણના ગ્રંથો પ્રગટ કર્યા હતા. એપર વ્યાખ્યા લખવાને ઉપવર્ષ ગુરૂએ પોતાના શિષ્ય કાત્યાયન તથા વ્યાડીને આજ્ઞા કરી હતી. એ આજ્ઞાથી કાત્યાયને તેપર વાર્તિક લખેલી છે અને વ્યાડીને સંગ્રહ નામની વ્યાખ્યા લખી છે. પાણિનિના મૂળ સુત્ર, કાત્યાયનના વાર્તિક અને વ્યાડીના સંગ્રહ નામની વ્યાખ્યાને પકડીને તે ઉપર પતંજલિએ ભાષ્ય લખેલું છે. પાણિનિ અષ્ટાધ્યાયીના કાળ નિર્ણય વિષે પેલું પ્રમાણ એકે, યાજ્ઞવલ્કય સ્મૃતિ ઉપર મિતાક્ષરા નામની જે વ્યાખ્યા છે, તેમાં વિજ્ઞાનેશ્વર યોગી લખે છે કે, "पायादाचंद्रतारंजगदीश्मखलिविक्रमादित्यदेवः" એ ઉપરથી વિજ્ઞાનેશ્વર યોગી વિક્રમાદિત્યના વખતમાં હતા. વિજ્ઞાનેશ્વરે વ્યવહારાધ્યાયમાં એની વ્યાખ્યા લખતાં અષ્ટાધ્યાયીમાંથી પ્રમાણો લીધેલાં છે. તેપરથી સિદ્ધ થાય છે કે પાણિનિ આના પહેલાં હતો. બીજું પ્રમાણ પાણિનિ વ્યાકરણ ઉપરનો મહાભાષ્યકાર જે પતંજલિ તેના ભાષ્ય આધારે ભતૃહરિએ કારીકા લખી છે. તેપરથી પતંજલિ ભર્તૃહરિના પહેલાં તથા તેના પહેલાં પાણિનિ એવું સિદ્ધ થાય છે, ત્રીજું પ્રમાણ પાણિનિ સુત્ર ઉપરના વાર્તિકકાર જે કાત્યાયન એ નંદરાજાનો સચીવ હતો. એજ નંદને ચાણાક્યે મારી ચંદ્રગુપ્તને રાજ્ય આપ્યું. એનાં પ્રમાણો શ્રીમદ્ ભાગવત, વિષ્ણુ પુરાણાદિ ગ્રંથોમાંથી મળે છે. એનો કાળ સ્કંદ પુરાણમાં ભવિષ્ય સુજબ છે;—

ततोऽपिद्विसहस्त्रेषुदशाधिकशतत्रये ॥
भविष्यंनंदराज्यंचचाणक्योयान्हनिष्यति. ॥

સારાંશ કાત્યાયન નંદરાજાનો સચીવ અને પાણિનિનો ગુરૂ બંધુ હતો; ત્યારે જે નંદરાજાનો કાળ લખેલો છે, તે વખત કાત્યાયન અને પાણિનિ હોવાથી કાત્યાયન મુજબ પાણિનિ ઈ. સ. પૂ. ૧૫૦૦ વર્ષપર થઇ ગયો છે, એમ કહે છે. એટલે તેને ૩૪૦૦ ચોત્રીસો ઉપર વર્ષ થયાં છે એવું સિદ્ધ થાય છે. આ આચાર્યનાકાળ વિષે પાશ્ચાત્ય શોધકો જે અનુમાન કરે છે, તે બરાબર નથી. તેમણે આ પ્રમાણોનું અવલોકન કરવું જરૂરનું છે. ઈત્યાદિ.

યોગશાસ્ત્ર પ્રણેતા.

પતંજલિ.

એ મહર્ષિ અંગિરા પુત્ર. એ ઇલાવૃતમાં રહેતા હતા. ગોનર્દ દેશમાં એચ નામની નદીને કાંઠે તપ કરતા કોઇ બ્રાહ્મણની અંજળીથી એનું પતન થયું હતું. તેપરથી તેનું નામ પતંજલિ પડયું હતું. એ ઋષિ શોધક બુદ્ધિના, વિદ્વાન, તત્વજ્ઞ, અને ઉત્સાહી હતા. એની સ્ત્રીનું નામ લોલુપા હતું. એ સુમેરૂ પર્વતની ઉત્તરે વડની ગુફામાં સંતાઈ બેઠી હતી, એ કોઇ ખાનદાન કુળની દુઃખની મારેલી ભાગી છૂટેલી બાળા હતી. ઋષિ તેમને યોગ્ય જોઇ, તે સાથે વાતચિત કરી પરણ્યા હતા. એ ઘણીજ ચંચળ બુદ્ધિની હતી. ઋષિ તેને જેજે શિખવતા, તેતે એ તરત મૂખ પાઠ કરી લેતી હતી. એ ગાયન તથા વાદ્યમાં ઘણીજ પ્રવિણ થઇ હતી. તેના વડે એ પતિને પ્રસંગે પ્રસંગે રંજન કરતી હતી. પતિને રંજન કરવા અને ઇશ્વિર સ્તવન સિવાય એ કદી પણ બીજાની પાસે ગાતી નહોતી. જ્યારે ઇશ્વર ભજન કરવા ઋષિ સમાજ મળતો, ત્યારે પતિ પત્નિ ગાતાં હતાં. આ વૃદ્ધ યોગી હતા. આ મહાત્માએ વિક્ષેપરૂપી અંતઃકરણનો જે મળ તેના નાશ સારૂ યોગ સૂત્ર કર્યાં છે. એ યોગશાસ્ત્રને "પાતાંજળ" કહે છે. તેમ તેને સેશ્વર સાંખ્ય પણ કહે છે. સાંખ્ય તથા યોગ એ બે એકએકથી સંકલાયલા છે. એ ઉપરથી બે ન્યાય, બે સાંખ્ય ને પૂર્વ ઉત્તર એ બે મીમાંસા એમ ષડ્દર્શન ગણાય છે. કપિલે જે તત્વ વિચાર કર્યો છે; તેને પતંજલિએ સ્વીકાર્યો છે. પુરૂષની મુક્તિ માટે ખરો માર્ગ કીયો છે? તેનીજ તેમણે શોધ કરી છે. તેણે પોતાની પૂર્વના કે પોતાના સમયના જેજે આચાર્યો થઈ ગયેલા, તેમના વિચારોનો સંગ્રહ કરીને યોગાનુશાસન નામનો ગ્રંથ કરેલો છે. આ મહાત્માએ સાંખ્ય મતમાં કહેલાં પચીશ તત્વ માન્ય રાખ્યાં છે, પણ પુરૂષ જે નિરંતર પ્રકૃતિમાં બંધાઈ ગયો

છે, તેને શુદ્ધ માર્ગ પ્રાપ્ત થઈ મોક્ષ થાય એ સંભવતું નથી; એમ માનીને પુરૂષને મોક્ષ બુદ્ધિ આપનાર પરમ જ્ઞાનવાન્, નિત્ય, શુદ્ધ, એવા એક ઈશ્વર-ની જરૂર પતંજલિએ સ્વીકારી છે. તેથી તેણે ઈશ્વર સહિત છવીશ તત્વ માન્યાં છે. કપિલે જે વિચાર બાહ્ય સૃષ્ટિની રચના વિષે ચલાવ્યો છે, તેનેજ પતંજલિયે વિસ્તારીને અંતર સૃષ્ટિની શોધમાં કામે લગાડયો છે. મોક્ષ ઈશ્વર કૃપાથી થાય છે અને એ મેળવવાને માટે પુરૂષને યોગ કરવાની જરૂર છે. યોગશાસ્ત્રનાં ચાર પાદ છે. પ્રથમ પાદમાં—ચિત્તવૃત્તિનો નિરોધ કરી સમાધિ પર્યંતનો વિચાર બતાવી તેનાં સાધન કહ્યાં છે, તેને સિદ્ધપાદ કહે છે. બીજા પાદમાં—વિક્ષેપ ચિત્તવૃત્તિને સ્થિર કરવા માટે ક્રિયા યોગાદિ બહિરંગ—સમાધિના આઠ સાધનરૂપી અંગ કહ્યાં છે, તેને ક્રિયાપાદ કહે છે. ત્રીજા પાદમાં—ધારણા, ધ્યાન, સમાધિ એ અંતરંગ સાધન—યોગિની વિભૂતિ કહી છે, તેને વિભૂતિપાદ કહે છે. અને ચોથા પાદમાં—સિદ્ધિ આદિ સહિત પરમ મોક્ષનો નિષ્કર્ષ–યોગનું ફળ જે મોક્ષ તેને કહેલ છે, તેને ફળપાદ કહે છે. એ સિવાય યોગશાસ્ત્રના મુખ્ય બે હેતુ છે. એક તો કોઈ પણ સૃષ્ટિ જન્ય શુભ કાર્ય કરવા સારૂ તથા યોગકળાના આસનની દૃઢતા કરવા સારૂ અરણ્યાદિક નિવૃત્તિ સ્થાનમાં જવાની અગત્ય તથા બીજો હેતુ એ છે જે અતિ દુર્ઘટ વ્યાધિ જે ઔષધાદિક ઉપચારથી અસાધ્ય હોય, તેના નિવારણ સારૂ શરીરના કેટલાએક અવયવોનો યોગ વિદ્યાના આસનાદિક પ્રયોગથી ઘટીત ઉપયોગ કરવો. તેથી રોગ સારા થાય છે. યોગ વિદ્યાના ગ્રંથમાં આસન ઘણાં પ્રકારનાં કહ્યાં છે અને તેનાં અતિ ઉપયોગી લક્ષણ પણ દર્શાવેલાં છે.

આ સિવાય આ મહાત્મા પુરૂષે શરીરના રોગરૂપી મળ કાઢવા સારૂ ચિકિત્સા નામે વૈદ્યકનો ગ્રંથ પણ કર્યો છે. અને અશુદ્ધ શબ્દના ઉચ્ચારણ-રૂપી જે વાણીનો મળ તેના નાશ સારૂ પાણિનિય વ્યાકરણ ઉપર મહાભાષ્ય કરેલું છે. એ સર્વ કાર્યમાં તેની સ્ત્રી મોટી સહાયક હતી. લખવા, વાંચવામાં મોટી મદદગાર હતી. એવા મહાપુરૂષો પોતાને પસંદ પડતી સ્ત્રી શોધીને કરે અને પછી એક પત્નીવ્રતવડે સુખના દિવસો ભોગવે, વ્યવહાર અને મહાન્ અધ્યાત્મિક સુખનો આનંદ મેળવે એમાં શું આશ્ચર્ય? યોગાનુશાસન ઉપર ભોજરાજનું નાનું સરખું વિવરણ છે. વ્યાસનું ભાષ્ય છે અને તે ભાષ્યની વાચસ્પતિમિશ્રેટીકા કરેલી છે. ભર્તૃહરિએ પોતાના વાક્યપદીય ગ્રંથમાં લખેલું છે કે;—“ કાળેકરીને લોકો આળસુ થવાથી પાણિનિ, કાત્યાયનાદિક-ના ગ્રંથોનો અનાદર તથા લોપ થયેલો જોઇ પતંજલિએ સૂત્ર તથા વાર્તિક એની વ્યાખ્યાનો જેમાં સમાવેશ છે, એવો સંગ્રહ ગ્રંથ તદુક્ત સંપૂર્ણ ન્યાયા બતાવનાર એવું તેના ઉપર મહાભાષ્ય નિર્માણ કર્યું. તથાપિ લોકોની અસ-

નતાથી તથા આળસથી પાણિનિવ્યાકરણ અંધારામાં પડ્યું હતું. એ દક્ષિણ તરફના લોકોમાં કેવળ પુસ્તકરૂપથી માત્ર પ્રસિદ્ધ રહેલું હતું. તે પર્વત માંહેલા એક પ્રદેશમાં રાવણ નામના વિદ્વાને લખી મૂક્યાથી રહેલું હતું, નહિ તો એ રહેત નહિ. એજ આગળ જતાં ચંદ્રાચાર્ય વસુરાસયા પંડિતને પ્રાપ્ત થયું. તેમને (ભર્તૃહરિને) તેમજ અન્ય કેટલાક શિષ્યોને ભણાવ્યા. તે પછી મેં ગુરૂઆજ્ઞાથી કારીકા કરી. એ કારીકા ગ્રંથ વાક્યપદીય નામથી રાજ તથા પુંજરાજ આ બંને પંડિતોએ વ્યાખ્યાદ્વારા સારાંશ પ્રગટ કર્યો." (સરલા પ્રબંધ).

આ ભાષ્યકાર પતંજલિ ક્યારે થયા? એ વિષે ઉપરની વાતપરથી વિચાર કરતાં જણાય છે કે;—પ્રથમ એના ભાષ્ય આધારે ભર્તૃહરિએ કારીકા લખ્યા. માટે પતંજલિ ભર્તૃહરિના પહેલાં થયા છે એવું સિદ્ધ થાય છે. પતંજલિએ પોતાના ભાષ્યમાં એક ઠેકાણે "સભારાજ મનુષ્ય પૂર્વા" એવું વચન લખ્યું છે. તે ઉપર ચંદ્રગુપ્ત સભા એવી વ્યાખ્યા આપી છે. માટે ચંદ્રગુપ્તની પાછળ એ થયેલા છે. તેમજ પતંજલિ કૃષ્ણ દ્વૈપાયન વ્યાસના પણ પહેલાં થઇ ગયેલા છે, એવું વ્યાસે ઉત્તર મીમાસાસૂત્રમાં એના યોગસૂત્રનું એક ઠેકાણે ખંડન કરેલું દેખાય છે કે એને થઈ ગયાને આશરે ૨૫૦૦ પચીસો ઉપર વર્ષ થઈ ગયાં છે. આ મહાત્માના યોગનો અનુભવ મુમુક્ષુજનો, યોગીઓ આદિ લે છે. યોગવિદ્યામાં મુખ્ય ગ્રંથ—યોગસૂત્ર, રાજયોગ, હટ્ટપ્રદીપિકા, અષ્ટાંગયોગ, આચારપદ્ધતિ, ખેચરી વિદ્યા, ગોરક્ષશતક, યોગ તત્વ, યોગ તારાવલી, યોગ પ્રવેશવિધિ, પાતાંજલ યોગસૂત્ર, ભાષ્ય અને યોગશિક્ષા ઇત્યાદિ મળી ૪૦ ઉપર ગ્રંથો છે. એ સઘળા મુમુક્ષુ જનોને ઘણા મનન કરવા યોગ્ય છે. આજકાલ મોક્ષ માટે આત્મજ્ઞાન, યોગ આદિ સાધનો સંપાદન કરવા ઉપર લોકોની રૂચિ પ્રતિદિન વધતી જાય છે એ ઘણા હર્ષની વાત છે. ઇશ્વર! સકળ પ્રજા જનને સદ્બુદ્ધિ પ્રેર? અને સત્યધર્મ ગૃહણ કરવાને યત્નવાન કર એવી પ્રાર્થના છે.

સૂર્યવંશી રાજાઓના મૂળ પુરૂષ.

ઇક્ષ્વાકુ.

આ અતિ પ્રખ્યાત ચક્રવર્તિ મહારાજા સત્ય યુગને આરંભે થયા. એ સૂર્ય પુત્ર વૈવસ્વત મનુના પુત્ર. વૈવસ્વત મનુને ઇક્ષ્વાકુ, નૃગ, શર્યાતિ, દિષ્ટ, ધૃષ્ટ, કરૂષક; નરિષ્યંત, પૃષધ્ર, નાભાગ અને કવિ એ દશ પુત્રો હતા, તેમાં ઇક્ષ્વાકુ સર્વથી જ્યેષ્ટ પુત્ર હતા. મનુએ સુમેરૂ પર્વતના પ્રદેશનું અને તેની આજુબાજુના દેશનું રાજ્ય પોતાના નવ પુત્રોને વહેંચી આપ્યું હતું. ઇક્ષ્વાકુ

જે સર્વથી મોટા પુત્ર હતા, તેને ભારત ભૂમિનું રાજ્ય સોંપ્યું હતું. તેણે અયોધ્યામાં પોતાની સૂર્યવંશની પ્રથમ ગાદિ સ્થાપન કરી હતી. એ મહાન પ્રતાપી અને ચક્રવર્તિ રાજા હતા. એ સૂર્યવંશી રાજાઓના મૂળ પુરૂષ થઇ ગયા છે, એનું કુળ સૂર્યવંશના નામથી અતિ પ્રસિદ્ધ છે. એમના કુળ ગુરૂ વસિષ્ઠ હતા, એમની પાસેથી તેણે અધ્યાત્મ વિદ્યા સંપાદન કરી પરમપદને પ્રાપ્તી કરી હતી. એને સો પુત્રો હતા, તેમાં વિકુક્ષિ, નિમિ, દંડક, અને દશાશ્વ એ ચાર પુત્રો અત્યંત પ્રમુખ હતા. મહારાજાએ પોતાના સર્વ પુત્રોને ચારે દિશામાં રાજ્યો આપીને પોતે તેમની મધ્યે રહ્યા હતા. તથાપિ વિકુક્ષિ જે શશાદ નામથી પ્રસિદ્ધ થયેલ છે, એ જ્યેષ્ટ પુત્ર યૌવરાજ્ય હતો; તે પાસે રહેતો હતો. ઇક્ષ્વાકુ મહારાજાને ઇલા નામની બેન હતી, તે ચંદ્ર પુત્ર બુધ સાથે વરાવી હતી. તેનાથી પુરૂરવા પુત્ર થયો, તેણે પ્રયાગમાં ચંદ્રવંશની પ્રથમ ગાદી સ્થાપન કરી હતી. એ રીતે સૂર્ય, ચંદ્રવંશની ગાદી આ મહારાજાના સમયમાં સ્થાપન થઈ હતી, સૂર્ય, ચંદ્રવંશ વિશેશ વિસ્તાર પામેલો છે.

ઇક્ષ્વાકુ મહારાજા પ્રજાનું કલ્યાણ કરનારા, સદાચારી, શૂરવીર, તત્વજ્ઞ, ધાર્મિક અને વિદ્વાન હતા. એના વખતમાં આર્યાવર્તમાં ઠામ ઠામ વેદ, તત્વ શાસ્ત્ર, અને પદાર્થ શાસ્ત્રની ચર્ચા ચાલતી હતી. એ મહારાજા પ્રજાને પુત્રની પેઠે પાળનારા અને તેમનામાં ધર્મનીતિની વૃદ્ધિ કરનારા હતા. તેમણે અનેક સુકૃત્યો કરી પ્રજા પ્રેમ અધિક સંપાદન કર્યો હતો. ઘણાં વર્ષ તપશ્ચર્યા કરી ઇશ્વિર પ્રસાદ અને સિદ્ધિઓ સંપાદન કરી હતી. એના વખતમાં લોકો ઇશ્વર, ઇંદ્ર, વરૂણ, વાયુ, અને અગ્નિનાં સ્તવન ભણતા હતા, યજ્ઞ કર્મ વડે દેવોને પ્રસન્ન કરી તેમની કૃપા સંપાદન કરવા ઇચ્છિતા હતા, અને ઉત્તમ પુરૂષો તપશ્ચર્યા કરતા હતા. એ યુગમાં કોઈ અધર્મ કરતા નહિ, સત્ય બોલતા અને સત્ય આચારતા હતા, જાતિભેદ નહોતો, સર્વ સાથે ભોજન અને લગ્ન વ્યવહાર હતો, લોકો દીર્ઘાયુષ્યી હતા. સૌ પોતપોતાને સમગ્રરૂપે સંપીલા અને આનંદમાં રહેતા હતા. એના વખતમાં ભારતભૂમિની આર્ય પ્રજા પૃથ્વીની સર્વ પ્રજા કરતાં શ્રેષ્ઠ અને અલૌકિક કામની કરનારી થઈ પડી હતી. તન, મન, અને ધન શક્તિ સંપૂર્ણ સંપાદન કરી હતી. તેમનું સૈન્ય એવું તો કૌવતવાળું હતું, કે જેના લડવૈયાઓ મહાઅસ્ત્રશસ્ત્ર વિદ્યાના જ્ઞાતા હતા. તેથી તેમની આગળ કોઇપણ પ્રજાનું ચાલતું નહોતું. એની પ્રજામાં મનશક્તિવાળા બ્રાહ્મણો એવા તો જ્ઞાની હતા, કે જેમણે રાજા, પ્રજામાં ધર્મ, નીતિ, વ્યવહારિક અને આત્મિક જ્ઞાનથી પોતે ઇશ્વિરરૂપ બનાવ્યા હતા. ધનશક્તિ વિષે જોતાં આખા ભરતખંડમાં સોના, રૂપાનાં વાસણકુસણ વપરાતાં હતાં. તેમ મોતીની ઝુલવાળા હાથીઓ રાજ્ય દરબારમાં અખંડ ઝુ-

લ્યા કરતા હતા. આવા પ્રકારના સામર્થ્યના બળેકરીને સર્વ સૃષ્ટિની પ્રજા ભરતખંડને દેવભૂમિ કહેતા હતા. તેમ આ ભૂમિમાં ઉત્પન્ન થયેલી સર્વ પ્રજા દેવલોક મનાઈ હતી. સારાંશ કે—તન, મન, અને ધનશક્તિનો એટલો બધો સંગ્રહ થયેલો હતો, કે જેની સામે થવાને આખી પૃથ્વીપરનો કોઈ રાજા હિંમત કરી શકતો નહોતો. આખી પૃથ્વીના રાજાઓ ભારતભૂમિના મહારાજા ઇક્ષ્વાકુને ખંડણી આપતા હતા. ઇક્ષ્વાકુ મહારાજાએ વસિષ્ઠ ગુરૂને ઉપાધ્યાય કરી ઘણા યજ્ઞો કર્યા હતા. તેથી એ રાજા દેવ સમાન ગણાતા હતા. એ મહા ન્યાયી અને નીતિવાળા હતા. એવું તેમના અનેક સુકૃત્યોથી જણાઇ આવે છે. આ મહારાજાનો દેવ, બ્રાહ્મણો અને ઋષિ, મુનિઓ પ્રત્યે ઘણો પૂજ્યભાવ હતો. તેથી તેઓ વખતોવખત તેમના દર્શનાર્થે હિમાલય પ્રત્યે જતા હતા. એક વખતે હિમાલયમાં ઋષિ, મુનિઓના દર્શનાર્થે પોતાના મંત્રીઓ સાથે ગયા હતા. ફરતાં ફરતાં એક તપસ્વીને આશ્રમે આવ્યા, આ મહાન્ તપસ્વી ગણાતો હતો. એના તપ પ્રભાવથી બ્રહ્મા અને ઇંદ્ર આદિ દેવોએ પ્રસન્ન થઇને તેને વરદાન માગવાનું કહ્યું હતું, પણ તેણે વરદાન માગ્યું નહોતું. તેથી ઇંદ્રે તેના તપમાં વિઘ્ન નાંખવાને દેવાંગનાઓ મોકલી, પણ એ તપસ્વી એનાથી જરાપણ મોહિ ચળાયમાન થયો નહોતો. તેથી દેવાંગનાઓ નિરાશ બની ઇંદ્ર પાસે પાછી ગઈ હતી. પછી ઇંદ્રે એ પાસે મૃત્યુને મોકલ્યું, તે પણ તેના તપના તેજથી અંજાઈ જઇ કંઇ કરી શકેલ નહિ. છેવટ ઇંદ્ર પોતે આવી તેને સ્વર્ગમાં ઉપાડી ગયો, ત્યાં પણ એ સ્વર્ગની અનુપમ કુદરતી શોભામાં લપટાયો નહિ, ત્યાં નિરંતર એક ધ્યાનથી જપ, જપને જપજ કર્યા કરતો હતો. તેપરથી દેવોએ તેને પુનઃ મૃત્યુલોકમાં ઉતારી મૂક્યો; તોપણ એ તપસ્વીએ વરદાન માગી પોતાની ટેક તજી નહોતી. આ સર્વ હકીકત મહારાજા ઇક્ષ્વાકુના સાંભળવામાં આવી હતી. તેથી એ તેમની પાસે આવી બોલ્યા કે—"તપસ્વી ! તમો દેવતાની પાસેથી વરદાન ન લેતા હો તો મારી પાસેથી એક વરદાન માગી લો." એ સાંભળી તપસ્વી રાજાનું હાસ્ય કરીને બોલ્યો—"રાજા ! દેવતાની પાસેથી પણ હું વરદાન લેતો નથી, તેને વરદાન આપવાની તારી શક્તિ છે ખરી ?" આ સાંભળી રાજા બોલ્યો કે;—"જો હું તમને વરદાન આપવા શક્તિમાન નથી, પરંતુ જો તમો વરદાન આપવા શક્તિમાન હો તો, મને વરદાન આપો." આ સાંભળી તપસ્વીએ તેને ઇચ્છામાં આવે તે માગી લેવાનું કહ્યું. એ સાંભળી રાજા વિચારમાં પડયો કે,—"હું આપું અને આ તપસ્વી બ્રાહ્મણ ગ્રહણ કરે એ વાત તો ઘટીત ગણાય, પરંતુ એ બ્રાહ્મણ મને (રાજાને) આપે અને હું લઉં, આ વાત અયોગ્ય ગણાય." એવી રીતે રાજા

મનમાં વિચારવા લાગ્યો, તેથી વર માગતાં વાર લાગી, ત્યાં બે બ્રાહ્મણો વાદ કરતા કરતા ત્યાં આવ્યા, એ રાજાને જોઇ તેની આગળ પોતાના વાદનો ન્યાય કરાવવા માટે તે બેમાંથી એક બ્રાહ્મણ પ્રથમ બોલ્યો કે;—"આ માણસે મને દક્ષિણા સહિત ગાય આપી છે, હું તે ગાય તેને પાછી આપું છું, પણ એ મારા હાથમાંથી શા માટે લેતો નથી ?" ત્યારે બીજો બ્રાહ્મણ બોલ્યો—"મહારાજ ! મેં કોઈ દિવસ પ્રતિગ્રહ કર્યો નથી—દાન લીધું નથી, તેમ મેં તેની પાસેથી ગાયની માગણી પણ કરી નથી, ત્યારે આ માણસ મને બળાત્કારે શા માટે ગાય પાછી આપે છે ?" રાજા બંનેનું સાંભળી લઈ બોલ્યા કે;—"વાદિનું કહેવું સત્ય નથી. શા માટે ગાયનું દાન લીધા પછી એ દાન બળાત્કારે પાછું લેવાનું કહે છે ? દીધેલું દાન પાછું નજ લેવાય." એમ રાજા બોલતો હતો, એવામાં વચમાં વખત મેળવીને ઇંદ્ર બોલ્યો—"રાજા ! જો તું આવી રીતે ન્યાય કરવો જાણે છે, તો આ તપસ્વી પાસેથી વરદાન માગી લે, કેમકે તેણે તારા કહેવાથી તને વર માગવા માટે કહ્યું છે, તો તું શા માટે એ પાસેથી માગી લેતો નથી ?" રાજા આનો ઉત્તર આપવાને અશક્ત થયો. તેથી તેણે તપસ્વી બ્રાહ્મણને કહ્યું કે;—"પવિત્ર પુરૂષ ! મને તમારા તપનું અર્દ્ધ ફળ આપો, તે વર હું માગુંછું !" તે તપસ્વી બ્રહ્મર્ષિએ કહ્યું કે;—"ઠીક છે, મારા તપનું અર્દ્ધફળ તમો લો." એમ કહી પોતાના તપનું અર્દ્ધફળ આપ્યું. એટલે તે રાજા અને તપસ્વી બ્રાહ્મણ બંને સ્વર્ગમાં ગયા અને ત્યાંથી શિવલોકમાં—મોક્ષપુરમાં ગયા. એ રીતે ઇક્ષ્વાકુ અખંડ નામ રાખી પરમપદને પામ્યા પછી તેનો વિકુક્ષિ નામનો પુત્ર રાજ્ય ગાદિપર બેઠો. ઇક્ષ્વાકુ મહારાજા પછી ૫૮ મી પેહેડીએ શ્રી રામચંદ્ર થયા કહેવાય છે, એ રીતે જોતાં એ મહારાજા અતિ પ્રાચીનકાળમાં થઇ ગયેલા છે એવું સિદ્ધ થાય છે.

ગણિત અને ખગોળવેત્તા.

ભાસ્કરાચાર્ય.

આ મહાન્ શોધક પુરૂષ નામાંકિત જ્યોતિષી હતા. એની જન્મભૂમી નિજામ રાજ્યમાં સૈહ્યાદ્રિ પર્વત પાસેના બેદર ગાંમમાં હતી. એના પિતાનું નામ મહેશ્વરભટ્ટ હતું એ ત્રણે વેદ ભણ્યા હતા. શ્રોત, સ્માર્ત કર્મમાં નિપુણ અને જ્યોતિષ વિદ્યાના પ્રોફેસર હતા. તેમણે પોતાના પુત્રનાં ઉત્તમ લક્ષણ જોઈ તેનું નામ ભાસ્કરાચાર્ય પાડયું હતું, ભાસ્કરાચાર્યે બાલ્યાવસ્થામાં પિતા પાસે ગણિત, મુહૂર્ત ગ્રંથ, સિદ્ધાંત ગ્રંથ, વેદ અને બીજાં શાસ્ત્રોનો

અભ્યાસ કર્યો હતો, એ મહા વિદ્વાન, બુદ્ધિવાન, તેજસ્વી, શોધક, ઉત્સાહી, હિંમતવાન, ધાર્મિક અને ઉદ્યોગી હતા. એ સર્વ વિદ્યામાં એટલા તો પ્રવિણ થયા હતા કે તેમનામાં શાસ્ત્રો ઉપર ગ્રંથ લખવાની મહા શક્તિ ઉત્પન્ન થઈ હતી. તેમણે ૩૬ વર્ષની ઉમરે એટલે શાકે ૧૦૭૨ માં **સિદ્ધાંત શિરોમણી** નામનો મહાન્ ગ્રંથ રચી બહાર પાડયો હતો. એ ગ્રંથ બે ભાગમાં છે, એક ગોળાધ્યાય અને બીજો ગણિતાધ્યાય. એને એક પણ પુત્ર નહોતો. માત્ર લીલાવતી નામની એક પુત્રી હતી, તેને પણ કાંઈ સંતાન નહોતું. તેથી તેણીનું નામ સદાકાળ રહેવા માટે તેને એક ગ્રંથ સમર્પણ કરવો એવો તેણે નિશ્ચય કર્યો. હિંદુશાસ્ત્રમાં બાર પુત્રમાં પુત્રી પણ પુત્રને ઠેકાણે માનેલી છે અને તેને બાપનું ધન મળવું જોઇએ એ યોગ્ય છે. અહિંયાં સદાય રહેવાનું બાપનું ધન તો ગ્રંથજ છે. ભાસ્કરાચાર્યે ઈ. સ. ૧૧૫૨ માં જે ગણિતનો ગ્રંથ કર્યો, તે તેણીને અર્પણ કરીને એ પુત્રીના નામ ઉપરથી તેનું નામ **લીલાવતી** પાડયું. આ ગણિતનો ગ્રંથ ઘણોજ ઉત્તમ છે. બંગાલામાં એ લીલાવતી ગ્રંથ પ્રથમજ છપાયો હતો. **બીજ ગણિત** નામે તેણે એક બીજો ગ્રંથ રચી બહાર પાડયો છે. લીલાવતી અને બીજ ગણિત એ ગ્રંથ સિદ્ધાંત શિરોમણીના ઉપોદ્ઘાતરૂપ છે; બ્રહ્મ ગુપ્તે બ્રહ્મ સિદ્ધાંત કરીને ગ્રંથ રચ્યો છે, તેના ૧૨ અને ૧૮ મા અધ્યાયમાંનો વિષય લીધો છે. ડા. ટેલર સાહેબ પાસે એક હાથનો લખેલો ગ્રંથ છે, તેમાં લીલાવતીમાં જે નિયમ કહેલા છે તેની સિદ્ધતા આપી છે. એ સિદ્ધતાને ઉદાહરણ કહે છે; એ ગ્રંથ પણ ઘણું કરીને ભાસ્કરાચાર્યેજ રચેલો હોય એવું લાગે છે. ધનેશ્વર દૈવજ્ઞ નામના એક પંડિતે લીલાવતી ઉપર ટીકા કરી છે, તેને **લીલાવતી ભૂષણ** કહે છે. ગંગાધર પંડિતે પણ લીલાવતી ઉપર ટીકા કરી છે, તેને **અમૃત સાગર** કહે છે. આ પંડિત જંબુસરનો રહીશ હતો, એ જ્યોતિષમાં કુશળ હતો. રંગનાથ, સૂર્યદશ અને પંડિત એ ત્રણેએ લીલાવતી ઉપર ટીકા કરેલી છે.

ભાસ્કરાચાર્યના **સૂર્યસિદ્ધાંત** નામના ગણિતના મોટા ગ્રંથપર રંગનાથે ગુઢાર્થ પ્રકાશિકા નામની ટીકા કરેલી છે. તિથિ તત્વ, અને જ્યોતિષતત્વ એવા બે ગ્રંથ ભાસ્કરાચાર્યે કરેલા છે, તેમાં એક ફળ ગ્રંથ અને બીજો સિદ્ધાંત ગ્રંથ છે. જ્યોતિષ વિદ્યા પ્રાચીનકાળથીજ ચાલી આવે છે. તેમાં સૂર્ય, ચંદ્ર ગ્રહણ અમુક વખતે થશે એવું જણાવેલું છે છતાં તેમાંનાં ગણિત બરાબર મળતાં નહિ, તેમાં થોડી પળનો ફેર પડી જતો; કેમકે પ્રાચીન ગ્રંથોને ફરી બરાબર તપાસી શકે એવો કોઇ વિદ્વાન નહોતો. જ્યારે ભાસ્કરાચાર્ય થયા ત્યારે તેણે પોતાના અખંડ ઉદ્યોગ અને અપૂર્વ ઉત્સાહથી બધા ગ્રંથોનું સારી રીતે અવલોકન કરી, તેમને તપાસ્યા. જેટલું તેમાં અધિક કે ન્યૂન

કરવા જેવું જણાયું, તેટલું તેણે નવીન ગણિત કરીને નિયમ બાંધ્યા: એ નિયમો બાંધ્યાને આજે આઠસો વર્ષ થઈ જવા આવ્યાં. આ મહાન્ પુરૂષ પછી એવો શોધક વિદ્વાન પુરૂષ તપાસ કરી બરાબર ફેરફાર કરી શકે એવો થયો નથી. આ મહાન્ શોધક પુરૂષે ગ્રહો તથા નક્ષત્રોનો વેધ કરેલો હતો. તે વખતે દુર્બીન આદિ કંઇપણ સાધન નહોતું; માત્ર વાંસની ભૂંગળી વડે વેધ કર્યો હતો. આવી વાંસની નળીકા વડે તેણે ગ્રહો વગેરેનો શોધ કર્યો એ શું થોડા આશ્ચર્યની વાત છે! ! તેણે એજ સાધનવડે ગ્રહની ઉંચાઈ, લંબાઈ, આકાર, પરિમાણ, અને પૃથ્વીનું સ્વરૂપ ઈત્યાદિ સર્વ વાતો પોતાના બુદ્ધિબળના પરાક્રમથી શોધી કાઢેલ છે. ગણિત, પૃથ્વીનો આકાર અને ગ્રહણ વગેરે વિષે જે તેણે સિદ્ધાંત લખેલા છે, તે અર્વાચીન કાળના સુધરેલા ઇંગ્રેજ લોકોના સિદ્ધાંતો સાથે કેટલીક વાતે બરોબર મળતા આવે છે, એપરથી તેની શ્રેષ્ઠ બુદ્ધિની ખાત્રી થઇ શકે છે.

ભાસ્કરાચાર્યનો એવો સિદ્ધાંત છે કે;—પૃથ્વી ગોળાકાર અને નિરાધાર છે તથા એ સૂર્યની પાછળ ફરે છે. ગ્રહણ જે થાય છે તે પૃથ્વી અને ચંદ્રની છાયાથીજ થાય છે. વળી એ સમર્થ શોધક પુરૂષે એવું શોધેલું છે કે, પૃથ્વીને લોહ ચુંબકની પેઠે આકર્ષણ શક્તિ છે; તેનાવડે પૃથ્વી સર્વ પદાર્થોને પોતાની પાસે ખેંચી રાખીને પડવા દેતી નથી. એજ કારણથી કોઈ પદાર્થ ઉંચે ફેંકીએ, તે પાછો પૃથ્વી ઉપર આવી પડે છે. તેના એજ સિદ્ધાંત ઉપર બૌદ્ધ અને જૈન મતના કોઈ પંડિતે એવી રીતે કહ્યું કે, પૃથ્વી આકાશમાં નિરાધાર છે, માટે એ સદા અવકાશમાં પડતી જાય છે. તેને ભાસ્કરાચાર્યે જવાબ આપી સિદ્ધ કરી બતાવ્યું કે, પૃથ્વીને સઘળે ઠેકાણેથી સરખું તેના કરતાં મોટા પદાર્થોનું આકર્ષણ છે, તેથી પૃથ્વી ક્યાંયી પડતી નથી. જો પૃથ્વી અવકાશમાં પડતી જતી હોત, તો પૃથ્વીપરથી એક બાણ છોડીએ તે પાછું પૃથ્વીપર આવવુંજ ન જોઇએ; કેમકે પૃથ્વી અને બાણ એ બંનેનો સ્વભાવ તમારા કહેવા પ્રમાણે પડતો છે; વળી એમ પણ ન કહી શકાય કે પૃથ્વી ધીમે ધીમે નીચે જાય છે અને બાણ વધારે જલદીથી ઉતરે છે; કેમકે મોટા અને ભારે પદાર્થ જલદી પડે છે, પૃથ્વી સૌથી વધારે ભારે છે માટે તે બાણ કરતાં જલદી નીચે જવી જોઇએ, પણ તેમ થતું નથી. બાણ પૃથ્વી ઉપરજ આવે છે અને પૃથ્વી અવકાશમાં પડતી નથી. ઇત્યાદિ પ્રશ્નોત્તર ચલાવી ભાસ્કરાચાર્યે બૌદ્ધ અને જૈન પંડિતોનો મત ખોટો છે એવું સિદ્ધ કરી આપ્યું હતું. તેમણે પૃથ્વીના ગોળ પરીધના ૩૬૦ અંશમાની નિરક્ષ દેશ (શુન્ય અક્ષાંશનો દેશ.) લંકા માનેલ છે. લંકાની પૂર્વ પશ્ચિમ દિશામાં ક્રમથી ૯૦ અંશ ઉપર યમકોટી નગર તથા રોતકપતન કલ્પી ત્યાંથી

૧૮૦ અંશ ઉપર સિદ્ધપુર માનેલ છે. તેમજ મેરૂ (ઉત્તર ધ્રુવ) અને વડવાનલ કીંવા અગસ્તી (દક્ષિણ ધ્રુવ) લંકાથી સરખા ૯૦ અંશ ઉપર ઉત્તર તથા દક્ષિણ દિશામાં ક્રમથી છે એવું તેણે કલ્પેલ છે.

લંકામાં ઉંભાં રહેતાં ઉત્તર અને દક્ષિણ ધ્રુવ આ બંને તરફ (દષ્ટી મર્યાદાવૃત્તમાં) એક વખતે દર્શન થાય છે, માટે લંકા પૃથ્વીના મધ્ય ભાગે એટલે સમવૃત્ત ઉપર છે. લંકાની ઉત્તરમાં તથા દક્ષિણમાં ક્રમથી ૨૩ાા અંશ ઉપર કર્કવૃત્ત અને મકરવૃત્ત જેને અયનવૃત્ત કહે છે. તેની બંને બાજુએ સ્પર્શી સમવૃત્તને છેદી આગળ જવાવાળું જે વૃત્ત તેને ક્રાન્તિવૃત્ત નામ દીધેલું છે. સમવૃત્તમાં ક્રાન્તિવૃત્ત બંને ઠેકાણે છેદે છે, તેનું સંપાત નામ છે અને તે એક બીજાથી ૧૮૦ અંશ ઉપર છે. લંકાથી ઉત્તર અને દક્ષિણ ધ્રુવ સુધી સીધિ ગયેલી જે પેહેલી રેષા તેનું નામ યામ્યોત્તર રેષા અગર વૃત્ત, એજ પ્રથમ યામ્યોત્તર ઉપર ઉજ્યની શહેર છે અને તે ભૂપરિધિના ૧૬ મા ભાગ ઉપર છે. માટે લંકા અને ઉજ્યની વચ્ચે અંતર ૧૬૫૮ કોશનો ભૂગોળનો પરિધ સમજવો. પરિધ ૪૯૬૭ યોજન એટલે ૧૯૮૬૮ કોશ છે અને વ્યાસ આશરે ૬૩૨૫ કોશ છે. ભૂગોળના ચતુર્થાંશ ઉપર લોક અરસપરસ ત્રાંસા અને અર્ધ ઉપરના નીચે માથું ને ઉપર પગ એમ જળની છાયા મુજબ ભાસે છે, પરંતુ જેને તેને પોતાનાં પગલાં નીચે પૃથ્વી અને મસ્તક ઉપર આકાશ એમજ અનુભવ થાય છે અને આ સર્વ પૃથ્વીના આકર્ષણ શક્તિથી પડી જતાં નથી, એવા પ્રકારનો તેનો મત છે. પૃથ્વી સપાટ નથી પણ ગોળ છે, છતાં સપાટ ભાસવાનું કારણ, પૃથ્વી નિરાધાર છે, લંકા પૃથ્વીના મધ્ય ભાગમાં છે, સૂર્ય, ચંદ્ર ગ્રહણ ભૂછાયાથી થાય છે, તેમજ પૃથ્વીના ભાગોમાં મહાદ્વીપો સમુદ્રો, ખંડ વગેરે વિષે સિદ્ધાંતો તેણે પોતાના સિદ્ધાંત શિરોમણી નામના ગ્રંથમાં દર્શાવેલા છે. એ નામાંકિત સિદ્ધાંતિ ભાસ્કરાચાર્ય વિષે હાલ એક નાનું પુસ્તક થયેલું છે. તે રા. જનાર્દન બાળાજી મોડકે રચેલું છે, તેમાં તેણે એનું સવિસ્તર વર્ણન કરેલું છે તે વાંચવા લાયક છે. ફક્ત તેમાં લંકા ૧૬ અક્ષાંશ ઉપર છે અને સિંહલદ્વીપ માંહેલા કાંડી શહેર એજ લંકા છે એવું કહેલું છે તે બરાબર નથી. શોધોને માટે ભાસ્કરાચાર્યના ગ્રંથો પ્રત્યક્ષ પુરાવો છે. આ શોધક પુરૂષે જે જે શોધો કરેલી છે તે તે તેણે પૂર્ણ ઉત્સાહ અને સતત્ ઉદ્યોગથી કરેલી છે. તે અડચણોથી જરા પણ નાહિંમત થતા નહિ. પૂર્ણ ખંતથી અડચણો દૂર કરી પોતાનો ધારેલો હેતુ પાર પાડતા, કેમકે તેના મનમાં આશા અને ઉત્સાહ અખંડ રહેલાં હતાં. જે પોતાના મનમાં આશા અને ઉત્સા રાખી ઉદ્યોગ કર્યા કરે છે તે પોતાનાં ધારેલાં કાર્યમાં ફતેહ મેળવે છે. ઉદ્યોગી પુરૂષોએ ઉ-

ત્સાહથી કામ કરવાની ટેવ પાડવી, તેમ કરનારની ધારણા પાર પડે છે, મનની વૃત્તી સુખદ થાય છે. ભાસ્કરાચાર્યે આવાજ પ્રકારના ઉદ્યોગથી શોધો કરેલી છે. પોતાની પાસે યંત્રાદિ કાંઇ પણ સાધનો નહિ છતાં પણ તેણે જે જે શોધો કરેલી છે, તે વિષે તેણે પોતાના ગ્રંથોમાં સર્વ વાતો જણાવેલી છે. તે અનેક સાધનવાળા ઇંગ્રેજ શોધકોના મત સાથે મળતી આવે છે. એપરથી તેની પ્રબળ બુદ્ધિ અને અલૌકિક કલ્પના શક્તિ પ્રત્યક્ષ જણાઈ આવે છે, તેને વિષે એવું કહેવાય છે કે, સૂર્ય નારાયણે જૈન વગેરે નિરૈશ્વર વાદિ, નાસ્તિક મત પંથનું ખંડન કરવા સારૂ, નિંબાર્કરૂપે અવતાર ધારણ કર્યો હતો. એનો ચોથો સંપ્રદાય નિંબાર્ક અથવા નિમાવત નામે વૈષ્ણવ મત છે, તેની પ્રવૃત્તિ થવા લાગી, એ સમર્થ વિદ્વાને વેદાંત ઉપર નિંબાર્ક નામે એક ભાષ્ય રચેલું છે. તેમણે સુશોભિત દેવાલયો બાંધી તેમાં રાધા કૃષ્ણની મૂર્તિનું સ્થાપન કરી તેની ઉપાસના અને ભક્તિ કરવાનો બીજા આચાર્યોની પેઠે મનોરંજક સંપ્રદાય ચલાવ્યો. એવા ભદ્ર પુરૂષોના દીર્ઘ પ્રયત્નથી મૂળ આર્ય ધર્મનું બીજ આર્યાવર્તમાં રહ્યું. એના મતના પુરૂષો ગોપીચંદનનું ઉભું તિલક કરી તેમાં મધ્યે કાળો ગોળ ચાંલ્લો કરે છે. એ મહાપુરૂષે પાંસઠ વર્ષની ઉમરે બેદરમાં સ્વર્ગ વાસ કર્યો. એ ખગોળ અને ગણિત વગેરેના શોધ તથા સત્ય ધર્મનો સંપ્રદાય ચલાવી જગતમાં અમર નામના રાખી ગયા છે.

આયુર્વેદ પ્રવર્ત્તક.

ધન્વંતરિ.

આ મહાત્મા આયુર્વેદના આચાર્ય અને સુશ્રુતાદિ મુનિના ઉપાધ્યાય હતા. એના પિતાનું નામ સુદેવ. ધન્વંતરિને દિવોદાસ અથવા એ પિતાના નામપરથી સૌદેવ પણ કહેતા હતા. એ યયાતિ રાજાની માધ્વી નામની કન્યા સાથે પરણ્યા હતા. એ મહા શોધક, હિંમતવાન, બુદ્ધિવાન, વિદ્વાન, દયાળુ અને ધર્માત્મા હતા. એ સ્વર્ગના વૈદ્ય હતા. એમણે પ્રથમ વૈદ્ય વિદ્યાનો પ્રકાશ કર્યો. ઇંદ્ર કૃપાથી તેમણે ભાગેરથી ગંગા કિનારે વારાણશી—કાશીપુરી નિર્માણ કરી ત્યાં રહ્યા હતા. તેઓ ઘણા કાળથી ત્યાં રાજ્ય ચલાવતા હતા. એમણે પ્રાણી માત્ર ઉપર દયાળુપણે રાજ્ય ચલાવ્યું. તેમજ વૈદક વગેરે પ્રકારના શોધથી મનુષ્યોને સુખી કર્યા હતા. તેથી એ પરદુઃખ ભંજન મહાત્મા પુરૂષ ગણાતા હતા. એને હૈહય કુલોત્પન્ન રાજાએ અતિશય ત્રાસ આપ્યો હતો. તેથી તેઓ ભારદ્વાજ મુનિને આશ્રમે ગયા અને

એ હૈહયાંસ રાજાને જીતી લે એવો પુત્ર થાય એવી તેમને પ્રાર્થના કરી. તેપરથી એ ઋષિએ તેમને પુત્રકામેષ્ટિ યજ્ઞ કરાવ્યો. તેના પ્રતાપથી તેને પ્રતર્દન નામનો પુત્ર થયો. એ પુત્રે પોતાના પિતાના વેરીને જીત્યો હતો. તે પછી ધન્વંતરી મહા સુખપણે રહ્યા હતા. કેટલોક કાળ ગયા પછી પુત્રને વારાણસીમાં રાખી, મહા અરણ્યમાં જઈ રહ્યા હતા. ત્યાં ઘણાં વર્ષ તપશ્ચર્યા કરી હતી. તેઓ યથાર્થવાદી હતા. તેથી આપ્ત પુરૂષ કહેવાતા હતા. તેમનામાં લોભાદિક કુટિલ કારણોનો અભાવ હતો. તેણે કરી એ મહાત્માએ પોતાનું આપ્તપણું સાચવી રાખેલું હતું. એ ઉત્તમ ગુણોનો તેમણે વૈદ્યક જેવા ઉત્તમ ગ્રંથો ગુંથવામાં ઉપયોગ કર્યો હતો. હાલના વૈદોની પેઠે તેઓ પૈસાની લાલચમાં લપટાઈ કામ કરનારા નહોતા. તેઓ જે કરતા તે નિઃસ્વાર્થપણે પરના કલ્યાણાર્થેજ કરતા હતા. તેમણે રોગિ મનુષ્યોનાં દુઃખ ટાળવાને હજારો ઔષધીઓ ખાઈ, વાપરીને શોધી કાઢી હતી. તેમના ખરા ગુણદોષ ઉપર રોગ મટાડવા માટે ઉપાય બાંધ્યા હતા. આ કાર્ય કાંઈ જેવું તેવું નહોતું, ઔષધો જેવા કઠિન શોધોમાં એ જરા પણ કંટાળતા નહોતા. ઔષધીઓ શોધવાને તેઓ મોટાં મોટાં જંગલોમાં ફરતા, સંકટો વેઠતા હતા. સમુદ્ર શોધન કરીને પણ તેમણે રોગ નિવારક મોટી મોટી ચમત્કારિક ઔષધીઓ શોધી કાઢી હતી. તેઓ પાસે સુશ્રુતાદિક શિષ્યો હતા. તેમણે એક પ્રસંગે ધન્વંતરિ ઋષિ મંડળમાં બેઠા હતા, ત્યાં આવી વિનય પૂર્વક પ્રાર્થના કરી કે;—મહારાજ! આ ભૂમંડળમાં મનુષ્યો શરીરથી, મનથી, બહારનાં કારણોથી અને સ્વાભાવિક વ્યાધિઓથી અનેક પ્રકારની પીડા ભોગવે છે. એ મનુષ્યોને દુઃખથી કળકળતાં જોઈને અમારા મનમાં મહા દુઃખ ઉત્પન્ન થાય છે. માટે સુખની ઇચ્છાવાળાં તે મનુષ્યોના રોગની શાન્તિ કરવા અમને આપના મુખથી આયુર્વેદ સંભળાવો, જેમાં આ લોક અને પરલોકનું હિત રહેલું છે. એવી તેમની પ્રાર્થનાથી ધન્વંતરિએ કહ્યું કે;—તમે ભલે આવ્યા, હું તમને મારા પુત્ર જેવા ગણી ખુશીથી આયુર્વેદ ભણાવીશ. એ પછી તેમણે તેમને આયુર્વેદ પૂર્ણ પ્રીતિથી ભણાવ્યો હતો. આયુર્વેદ અથર્વ વેદનું ઉપાંગ છે, તેને બ્રહ્માએ પ્રજાની ઉત્પત્તિ પહેલાં પ્રજાના હિતને માટે એક લક્ષ શ્લોક અને હજાર અધ્યાય રૂપે પ્રગટ કરેલો છે. તે પછી કાળે કરીને અલ્પ બુદ્ધિ અને અલ્પાયુષવાળાં મનુષ્યોને જોઈ અનુગ્રહ દષ્ટિથી આયુર્વેદના આઠ વિભાગ કરેલા છે. આયુર્વેદના વિષયનું યથાર્થ વર્ણન ચરક અને સુશ્રુત નામે જે અગત્યના મુખ્ય ગ્રંથો છે, તેમાં કરેલું છે. તેની પ્રથમ પ્રવાર્ત્તિ ધન્વંતરિ ઋષિએ કરેલી છે. એ મહાન્ ગ્રંથોમાં નાના પ્રકારની વનસ્પતિ આદિકનાં પૃથક્ પૃથક્ ગુણ અને તેના ઉપયોગનું વર્ણન કરેલું છે

અને રોગાદિકની પરીક્ષા કરી, યોગ્ય ઉપચારની રીત દર્શાવેલી છે. તે સિવાય સર્પ ડંશ વગેરે ઝેરી પ્રાણીઓના વિષના ઉતાર અને શસ્ત્રવડે શરીરના અવયવોની યોગ્ય પરીક્ષા કરી છેદનાદિક કરવાની રીત, શરીરનાં જૂદા જૂદા ભાગ છેદન કરવાના શસ્ત્રની ભિન્ન ભિન્ન પ્રકારની બનાવટ અને પૃથક્ પૃથક્ ઘટીત ઉપયોગ વગેરેનું વર્ણન કરેલું છે. ઇત્યાદિ વૈદ્યોની સઘળી ઇતિકર્ત્તવ્યતા દર્શાવેલી છે.

આ મહાત્માએ વૈદક અંગોની તપાસ સુશ્રુત, ચરક, વાક્ભટ્ટ જેવા શિષ્યો પાસે કરાવી હતી. આયુર્વેદને અધરો જાણી તેના અભિપ્રાયને અનુસરી આત્રેયાદિ મહાત્માઓએ જે ગ્રંથો બનાવેલા છે, તેમાં ચરક, સુશ્રુત અને વાક્ભટ્ટ એ ત્રણને "વૃદ્ધત્રયી" તથા ભાવ પ્રકાશ, માધવ નિદાન, અને શાર્ઙ્ગધર એ ત્રણ "લઘુત્રયી" એ નામથી ઓળખાય છે. ધન્વંતરિ જેવા વૈદક વિષયના મહાન્ શોધક કોઇ પણ થયા નથી. એની શોધેલી ઔષધો રોગોપર તાત્કાળિક અસર કરતા ગણાયેલી છે. તેથી આજે પણ કહેવાય છે કે, આતો **"ધંતર વૈદની બુટ્ટી"** છે. એમણે મનુષ્યના સુખ માટે ઘણોજ પ્રયત્ન કર્યો હતો, એમના પરદુઃખ ભંજનપણાથી રાજા, પ્રજા તેમનાપર પૂર્ણ ભક્તિભાવ દર્શાવતાં હતાં. એ પોતાના મહાન્ સુકૃત્યોથી "ભગવાન" એવા મહાન્ પદને પામ્યા હતા. એ ચોવીશ અવતારમાં ૨૧ મા અવતાર ગણાય છે. એ અવતાર વૈદક જ્ઞાન અથવા દિવ્ય ઔષધી નિર્માણ કરવા સારૂ થયો હતો. એમની પ્રવર્ત્તાવેલી વૈદક વિદ્યા આ દેશમાંથી આરબ વિદ્વાનો શીખ્યા હતા અને અરબસ્તાનમાંના આરબો પાસેથી યુરોપ ખંડના લોકો લાંબે કાળે શીખ્યા છે. એવું ઇતિહાસિક ગ્રંથોથી પુરવાર થાય છે. અર્વાચીનકાળમાં આપણે માનવજાત જે વૈદકનો લાભ લઇએ છીએ એ સઘળો આ મહાત્મા પુરૂષના મહાન્ પ્રયત્નનોજ પ્રતાપ છે. ધન્ય ધન્વંતરિ !!!

વિદેહવંશના મૂળ પુરૂષ.

નિમિરાજા.

આ સૂર્યવંશીય ધર્માત્મા રાજા હતો. એ સત્યયુગમાં વૈજયંતી નામની નગરીમાં રાજ્ય કરતો હતો. સૂર્યવંશના મૂળ પુરૂષ ઇક્ષ્વાકુ રાજાને સો પુત્રો હતા, તેમાં આ રાજા બીજો પુત્ર હતો. તેમણે પિતાની પદ્ધતિએજ ઉત્તમ પ્રકારે રાજ્ય ચલાવી શ્રેષ્ઠતાએ આણ્યું હતું. વૈજયંતી નગરી ગૌતમાશ્રમની સમીપમાં હતી. નિમિરાજા મહાપરાક્રમી, વિદ્વાન, તત્વજ્ઞ, દયાળુ, ધાર્મિક, ઉદાર, અને તેજસ્વી હતો. કહેવત છે કે;—"જેવા ગુણનો માણસ હોય,

તેને તેવા ગુણના સહેજ મળી આવે છે, ત્યારે તેને પૂર્ણ સંતોષ થાય છે." એ રીતે આ મહારાજાએ પોતાના ઉત્તમ ગુણોને મળતાજ પ્રધાનો શોધી રાખ્યા હતા. એ પ્રધાનોએ પોતાના બહુ શ્રુતપણાનો, ગાંભીર્ય ગુણનો અને વિદ્વતાનો રૂડો ઉપયોગ કરી ધાર્મિકભાવે અને પ્રમાણિકપણાથી રાજા પ્રજાને અતુલ્ય લાભો કરી આપ્યા હતા. રાજ્યની સીમા વધારી હતી, દેશની સ્મૃદ્ધિમાં વૃદ્ધિ થઇ હતી. પ્રજા શી રીતે સુખી થાય? તેનું સદોદિત સ્મરણ કર્યા કરતા હતા. અને પ્રસંગ આવતાં ધારેલી ધારણા પાર પાડવાને ચૂકતા નહિ. દેશમાં સ્થળે સ્થળે વિદ્યાલયો સ્થાપી હતી, પ્રજામાં ધર્મ, નીતિની વૃદ્ધિ કરવા સુજ્ઞ ઉપદેશકો રાખી, સારી વ્યવસ્થા કરી હતી. રાજા, પ્રજા પરસ્પર એક બીજાનો ધર્મ જાણી વર્તતા હતા, એમની રાજ્યસભામાં સલાહકાર તરીકે વસિષ્ઠ જેવા ઉત્તમ વિદ્વાન બ્રાહ્મણો હતા. એ વિદ્વાનોને રાજ્ય તરફનો પૂરતો આશ્રય હતો. તેથી એમના વખતમાં વિદ્યાવૃદ્ધિ વિશેષ થઈ હતી, રાજ્ય સભા દેવસભા જેવી દિપતી હતી. વિદ્વાન મંડળની સલાહ પ્રમાણે રાજ્યકારભાર ચાલતો હોવાથી પ્રજા સર્વત્ર સુખી અને સ્મૃદ્ધિવાળી થઈ હતી. ઉપજનો જુજ ભાગ કર તરીકે લેવામાં આવતો, તે પણ ઘણોખરો પ્રજાની આબાદિ માટે ખર્ચ કરવામાં આવતો હતો. પ્રજાના સુખ તરફ પ્રથમ લક્ષ આપવામાં આવતું, કેમકે પ્રજાની આબાદિપરજ રાજ્યની આબાદિનો સઘળો આધાર રહેલો છે, એ સુજ્ઞરાજા સર્વ જાણતો હતો અને જાણી તે પ્રમાણે વર્ત્તતો હતો. વિદ્વાનો, વેપારીઓ, હુન્નરીઓ ઈત્યાદિ દેશની સ્મૃદ્ધિનો વધારો કરવાને પ્રયત્ન કર્યા કરતા અને રાજા તેમને ઉત્તેજન આપી ઉત્કંઠિત કરતો હતો. રાજ્યધાની અને તેની નીચેનાં શહેરો ભવ્ય દેવળો અને નકશીદાર બાંધણીની સુશોભિત ઇમારતોથી ઈંદ્રપુરી અનુસાર શોભતાં હતાં. નિમિ મહારાજા એ વસિષ્ઠ ગુરૂની સહાયતાથી અનેક યજ્ઞો કર્યા હતા. તેથી તેમની લાયકી, ગુણ અને ઉદારતા દેખાઈ આવી હતી, તેમની કીર્ત્તિનાં કિર્ણો આખા દેશમાં પ્રસરી રહ્યાં હતાં. દેશના બીજા મહારાજાઓ અને વિદ્વાન ઋષિ મુનિઓમાં તે અધિક માન પાનને પામ્યો હતો. સુકૃત્યનું ફળ સદા સારૂંજ મળે છે અને દુષ્કૃત્યનું ફળ સદા નરસુંજ મળે છે, એ સ્વાભાવિકજ છે. પૂજ્ય અને માન્ય પુરૂષોને સદા પૂજ્ય અને માન્ય ભાવથી રાખવા જોઇએ. ગુરૂએ રાજા પ્રજામાં એક પૂજ્ય અને માન્ય છે તેમનું કોઇ પ્રકારે અપમાન ન કરવું જોઇએ એવી શાસ્ત્ર મર્યાદા છે. કોઈ રીતે સાહસ કરી એ મર્યાદા ભંગ થાય છે, તો એ મનુષ્ય વખતે મહા વિપત્તિમાં આવી પડે છે, નિમિરાજાએ એક હજાર વર્ષના મહા યજ્ઞનો આરંભ કરવા વિચાર કર્યો. એ માટે વસિષ્ઠ ગુરૂ પાસે જઈ, સર્વ વિગત કહી બતાવી, આ સાંભળી ગુરૂ વસિષ્ઠે કહ્યું કે;—

"આ તારો વિચાર ઘણો ઉત્તમ છે, પરંતુ ઇંદ્ર પાંચસે વર્ષનો યજ્ઞ કરે છે, તેનું આમંત્રણ મને પ્રથમથી મળેલું છે અને તે હું કબૂલ કરી ચૂક્યો છું માટે તું મારા આવતાં સુધી ખમ અને ત્યાં સુધી સર્વ સામગ્રી તૈયાર કરી રાખ. હું ત્યાંથી આવી તને યજ્ઞ કરાવીશ. એ પછી વસિષ્ઠ ઋષિ ઇંદ્રના યજ્ઞમાં ગયા. નિમિરાજા જીવિતને અશાશ્વત જાણી ધીરજ રાખી શક્યો નહિ. ગુરૂની આજ્ઞા વિના કોઇ શુભ કાર્ય થઈ શકતું નથી, એ વિચારને વિસારી મૂક્યો. તરતજ ગૌતમ ઋષિને ઉપાધ્યાય કરી બીજા ઋષિઓને બોલાવી યજ્ઞારંભ કર્યો. કેટલોક કાળ વિત્યા પછી વસિષ્ઠ ઇંદ્રનો યજ્ઞ પુરો કરી આવ્યા. આવી જુએ છે તો પોતાના યજમાને આજ્ઞા ભંગ કરી ગૌતમને ઉપાધ્યાય કરી યજ્ઞનો આરંભ કરેલો છે. આવા અપમાનથી વસિષ્ઠને કોપ ચઢયો, તેણે શાપ આપ્યો કે, "તારો દેહ નાશ પામો." તેથી નિમિરાજા ઝંખવાઈ ગયો, પણ જરા ધીરજ રાખી પોતાની ઐશ્વર્યતાથી બોલ્યો કે;—"ગુરૂનો પણ દેહ પડી જાઓ." એ રીતે બંનેના દેહ પડી ગયા. યજ્ઞમાં ભંગ થયો, સર્વ ઠેકાણે હાહાકાર થઈ રહ્યો. નિમિ પોતાના સાહસથી ધારેલો શુભ લાભ મેળવી શક્યો નહિ. ગુરૂ અપમાનથી ઇચ્છિા નિષ્ફળ ગઈ. આ વખતે બ્રહ્મદેવ પ્રગટ થયા. તેમણે વસિષ્ઠને ફરી મિત્રાવરૂણને ત્યાં ઉત્પન્ન થવાની આજ્ઞા કરી; કેમકે એવા મહા પુરૂષોની જગતમાં ઘણી જરૂર હતી. નિમિ રાજાને પણ બ્રહ્મદેવે ઉત્પન્ન થવાનું કહ્યું, પણ તેમણે પ્રાર્થના કરી કે;—"મને ફરી દેહ ધરવાનું ન કહો, કેમકે તેથી સંસારમાં સુખ દુઃખ ભોગવવાં પડે છે. એ કરતાં **વિદેહ** સ્થિતિ ઉત્તમ છે તે આપો." બ્રહ્મદેવે તેમનું કહેવું માન્ય કર્યું. પ્રાણી માત્રના નેત્રમાં તેમની સ્થાપના કરી. ઋત્વિજે નિમિના દેહનું સંરક્ષણ કરી યજ્ઞ સમાપ્ત કર્યો. રાજ્યનો અધિકાર ચલાવવા માટે તેના દેહનું મથન કર્યું તેથી જે પુત્ર ઉત્પન્ન થયા, તે મિથિ એ નામથી પ્રસિદ્ધ થયા અને તેમની રાજ્યધાની વૈજયંતી એ **મિથિલા** નામથી પ્રસિદ્ધ થઈ. મિથિ રાજા માતાના સંબંધથી કેવળ જન્મ્યા. તેથી એ જનક અથવા વિદેહ કહેવાયા. ત્યારથી એના વંશના સર્વ **જનક** અથવા વિદેહ વંશજ કહેવાય છે. એ કુળ સૂર્ય વંશથી ભિન્ન થઈ, ગૌતમ કુળ તેના ઉપાધ્યાય થયા. મિથિલાપુરના રાજાઓ વિદેહી કહેવાય છે. વિદેહી—સંસારમાં રહ્યા છતાં પોતાના વેદાંત જ્ઞાને કરીને મુક્ત રહેવાવાળા. વિદેહી—જનક રાજાઓ પૂર્ણ તત્વ જ્ઞાનીઓ થતા આવ્યા છે. તેમના રાજ્યમાં વિદ્વાનોને ઘણોજ આશ્રય મળતો હતો. ઘણી વખતે ત્યાં મહા સભાઓ ભરાતી હતી અને કેટલાક મુમુક્ષુ જનો તેમની પાસે ઉપદેશ લેવાને જતા હતા. એ સઘળો નિમિ જેવા મહા સમર્થ રાજાનોજ પ્રતાપ કહીએ, તોપણ કંઇ

ખોટું નથી. એ મહારાજાએ અનેક સુકૃત્યોથી પોતાની અમર કીર્ત્તિ રાખી છે, તે અદ્યાપિ પર્યંત પ્રકાશિ રહી છે. ધન્ય છે નિમિ જેવા સમર્થ રાજાને! ભલે તેમને ઇશ્વરે રાજા તરીકે પ્રજાનો પ્રતિનીધિ કરી મોકલ્યો હતો!! રાજાઓ તો તેમના જેવાજ જોઇએ!!!

નાસ્તિક ધર્મ પ્રવર્ત્તક.

ચાર્વાક.

આ દેહાત્મ વાદી નાસ્તિક સાંખ્ય અને બૌદ્ધ મતની પૂર્વે કલિયુગ બેસતાં યુદ્ધિષ્ઠિર શકમાં થયો. છ નાસ્તિકો થયા, તેમાં આ પહેલો હોવાથી નાસ્તિક શિરોમણી કહેવાય છે. એ મતની મૂળ ઉત્પત્તિ દૈત્યોની બુદ્ધિને મોહ પમાડવા બૃહસ્પતિએ કરી. એમ કરવાનું કારણ એ હતું કે દેવો વિરૂદ્ધ દૈત્યો થતા, તેમને ધર્મથી ભ્રષ્ટ કરી શિવ પાસે સંહાર કરાવવાનું હતું બીજી તેમની મતલબ નહોતી. (જુઓ બૃહસ્પતિ ચરિત્ર.) એ ઉપદેશને સત્ય માની વિરોચન દૈત્યે સિદ્ધાંતો કર્યા. તેણે જે મત શિખવ્યો હતો, તે મતનો અનુયાયી એટલે તે મત ઉપાડનાર ચાર્વાક થયો. એ યુદ્ધિષ્ઠિર શક ૬૬૧ ના પ્રભવ નામે સંવત્સરમાં વૈશાક શુદ ૧૫ રવીવારે જન્મ્યો હતો. એના પિતાનું નામ ઈંદુકાંત, તેની માતાનું નામ સૂગ્વિણી હતું. એ અવંતી દેશમાં ક્ષિપ્રા અને ચંબલા નદીના સંગમપર શંખોદ્ધાર ક્ષેત્રમાં રહેતા હતાં. અતિ પ્રાચીનકાળથી ચાલતો આવેલો વેદ ધર્મ, તેની સામા થવા નાસ્તિક ગ્રંથો રચ્યા અને નાસ્તિક કુતર્કો પ્રસિદ્ધ કરવા લાગ્યો. આ મતની પૂર્વે સર્વ વેદ માર્ગે ચાલતા હતા, વેદ વિરૂદ્ધ કોઇએ પણ કુતર્કો કર્યા નહોતા. પ્રથમ કુતર્ક પ્રસિદ્ધ કરનાર આજ હતો. એ વેદ, કર્મ, જ્ઞાન, અને પુનર્જન્મને માનતો નહોતો. એ કહેતો કે;—વેદ ધૂર્ત, ઠગી અને રાક્ષસોએ કર્યા છે. તે માંહેલાં કર્મ પણ તેવાંજ છે. વેદોક્ત અગ્નિહોત્ર, યજ્ઞ યાગ, ઇત્યાદિ કર્મ, દ્રવ્ય હરણ અને કષ્ટ સાધ્ય છે. એ બુદ્ધિ અને પરાક્રમ હીન લોકોની જીવિકા માટેજ ઉભાં કર્યાં છે. યજ્ઞમાં પશુને માર્યાથી પશુ સ્વર્ગમાં જતો હોય, તો યજમાન પોતાના બાપનેજ કેમ મારતો નથી કે તે તરત સ્વર્ગમાં જાય. શ્રાદ્ધમાં પિંડદાન કર્યાથી જો પિતૃ સંતોષ પામતા હોય તો પ્રવાસે જનારે ભાથું શામાટે સાથે રાખવું જોઇએ! છોકરાં ઘેર શ્રાદ્ધ કરી પિંડ મૂકશે એટલે તેને પહોંચશે. અહીં અન્ન વગેરે દાન કર્યાથી સ્વર્ગમાં પિતૃઓને મળે છે, તો ઘરની નીચલી ભોંયે કરેલ દાન ઉપલી ભોંયવાળાને કેમ ન પહોંચે? અને તેવું કેમ થતું નથી? માટે શ્રાદ્ધ, દાન ક-

રવાં વૃથા છે. દેહથી જુદો આત્મા પરલોકમાં જાય છે, તો ફરી બંધુ વગેરેના સ્નેહને માટે કેમ આવી મળતો નથી ? માટે પરલોક નથી, દેહથી જુદો આત્મા નથી, કે એ પરલોકમાં જતો નથી. દેહ એજ આત્મા છે. ઇત્યાદિ વાતો તેણે દેશમાં ઘણી ચર્ચી હતી. તેનો એવો સિદ્ધાંત છે કે;—જગત્ અનાદિ છે, સ્વભાવિક રીતે ઉત્પન્ન થયેલ છે, જન્મ્યા પછી જગતમાં રહેવાના. માટે છે, છે ને છે, અને મુઆ પછી આવવાના નથી માટે નથી, નથી, ને નથી. પૃથ્વી, જળ, વાયુ, અને અગ્નિ એ ચાર ભૂતોનાં તત્વો મળવાથી આ દેહ અને આખી સૃષ્ટિ ઉત્પન્ન થઈ છે. એ તત્વો પોતાના સ્વભાવથીજ સૃષ્ટિ કાર્ય કરે છે. કાથો, ચૂનો અને પાનનો અમુક પ્રકારે યોગ થતાં, જેમ લાલ રંગ પેદા થાય છે, તથા જેમ એ પદાર્થોના ઘર્ષણથી વિજળી ઉત્પન્ન થાય છે. તેમ દેહમાં જે જીવરૂપ ચૈતન્ય શક્તિ છે એ ચાર ભૂત તત્વના મિશ્રિત પણાથી ઉત્પન્ન થયેલ છે. જીવ કે ચૈતન્ય એવું જડ તત્વોથી જુદું કાંઈ પણ નથી. આ જગતનો કર્ત્તા ઇશ્વર, દેવ, પ્રજાપતિ, આદિ કાંઈજ નથી. પ્રત્યક્ષ જણાતો નથી. દેહ નાશ પામ્યા પછી આવનારજ નથી, માટે પુનર્જન્મ જેવું પણ કાંઈજ છે નહિ.

દેહની ઉત્પત્તિમાં કર્મની અપેક્ષા નથી; કારણ કે કર્મ છે એ બાબત પ્રત્યક્ષ પ્રમાણ નથી. કેવળ અનુમાન સાધ્ય છે, પણ અનુમાન એતો મિથ્યા છે. એક રોગી બીજો નિરોગી, એક દરિદ્રી, બીજો ધનવાન એ આદિ સર્વ જગતની સ્વાભાવિક ઉત્પત્તિનું વિચિત્રપણું છે. એતો સ્વાભાવિક રીતેજ તેવાં ઉત્પન્ન થાય છે. જેમ અગ્નિ સહજ ગરમ, પાણી, વાયુ સહજ શીતળ છે એ પ્રમાણે આ દેહમાં 'હું' 'મારો' એવો જે પ્રયોગ થાય છે. તેપરથી 'હું' 'મારો' કહેનારો કોઇ પણ જુદો હશે એવું લાગે છે, પણ તેમ નથી. કર્મ કરવાં, વર્ણભેદ પાળવો, ઈત્યાદિ નકામું છે. દેહ એજ આત્મા છે. એમ કહી પોતાનો પક્ષ શ્રુતિ સિદ્ધ છે, એવું જણાવવાને "अन्नमब्रह्मेतीव्याजात्" એવા વિરોચન દૈત્યના અવિચારથી થયેલા સિદ્ધાંતોનાં પ્રમાણ આપતો. માટે દેહને સુખી રાખવો. આ જગતમાં રહીએ ત્યાં સુધી ખાઈ, પી, સ્ત્રીઓ ભોગવી આનંદમાં રહેવું, એજ પરમ સુખ છે, એજ સ્વર્ગ છે. આ સિવાય બીજું કોઇ સ્વર્ગ નથી. મહા કષ્ટ ભોગવી દુઃખી થવું એજ નર્ક છે. માટે જીવીએ ત્યાં સુધી સુખે રહેવું, કરજ કરીને પણ મિષ્ટાન જમવાં; કેમકે કરજ નહિ અપાય તોપણ પુનર્જન્મ નથી એટલે કશી ચિંતા નથી. પરલોક પ્રાપ્તીની આશાથી જે કોઈ હાલ ઘણું કષ્ટ સહન કરે છે, તે કાંટાની વેદના મુજબ નર્ક દુઃખજ અનુભવે છે. લોક પ્રિય રાજા એજ ઇશ્વર, તેમની આજ્ઞા પાળવી એજ ધર્મ છે અને મરણ એજ મોક્ષ છે; કેમકે પછીથી

આ જંગતમાં પાછું આવવાનું નથી. શરીર પીંજરાનાં ચાર ભૂતોનાં તત્વો પોતપોતાની જાતિમાં ભળી જાય છે, અને જીવ ચૈતન્ય એ એના તત્વોના સ્વરૂપમાં ભળી રહે છે. આ જગતમાં પ્રત્યક્ષ વસ્તુજ સાચી જાણવી અને અ પ્રત્યક્ષ ખોટી જાણવી. માટે પ્રત્યક્ષ એજ મોટું પ્રમાણ છે. આ સિદ્ધાંતોને ખોટા પાડવા માટે અનુમાનાદિ પ્રમાણથી કોઈ મથે, તો તે ચાર્વાકને માન્ય નથી. કેવળ પ્રત્યક્ષ પ્રમાણજ માન્ય છે. એ મતમાં અર્થ તથા કામ એ બે પુરૂષાર્થ ગણેલા છે. અર્થ—દ્રવ્યાદિ પદાર્થનું હરણ કરવું. કામ—સ્ત્રીસંભોગ વગેરે સુખ પ્રાપ્ત કરી લેવું. ઈત્યાદિ વાતો તેણે દેશમાં પ્રસિદ્ધ પાડી હતી. એ મતવાળાને ચાર્વાક, લોકાયતિક, અને નાસ્તિક પણ કહે છે. એમાં ચાર મત પડેલા છે. (૧) દેહનેજ આત્મા કહેવાવાળા. (૨) ઇંદ્રિયોનેજ આત્મા કહેવાવાળા. (૩) પ્રાણ—વાયુનેજ આત્મા કહેવાવાળા. (૪) મનનેજ આત્મા કહેવાવાળા. તેમના આવા મતથી એ વખતે સ્ત્રી પુરૂષો સ્વતંત્રપણાથી મરજીમાં આવે તેમ વર્તિ કુકર્મો કરવા લાગ્યાં હતાં, માંસાહાર, ચોરી, ખુન, વ્યભિચાર, પ્રપંચ, કાવત્રાં ઇત્યાદિ અનાચાર, અન્યાય, અને અજ્ઞાનનું આવર્ણ આવી પડયું હતું. લોકો દુઃખી થવા લાગ્યાં હતાં. આવો તેમનો પશુવૃત્તિરૂપ ધર્મ દેશમાં શુદ્ર જેવા અજ્ઞાનીઓએ પણ ગ્રહણ કર્યો નહિ, પણ સ્વર્ગ, મોક્ષ અને પુનર્જન્મની ભાવનામાં ઉછરેલી લોકોની બુદ્ધિને આ ધર્મે ધક્કો લગાડ્યો અને ઉલટી ભડકાવી. ઇત્યાદિ ઈત્યાદિ. વર્ત્તણુકથી એ ધર્મે ટુંક મુદતમાંજ પોતાનો નાશ પોતેજ કર્યો. ચાર્વાક વિષે જૈન ગ્રંથ તથા સર્વ દર્શન સંગ્રહમાં લખ્યું છે કે;—ચાર્વાક યુદ્ધિષ્ઠિર શક ૭૨૭ ના શ્રીમુખ સંવત્સરના દક્ષિણાયનમાં ભાદરવા સુદ ૧૨ સોમવારે મરણ પામ્યો. એ રીતે જોતાં તેને થઇ ગયાં ને આશરે ૪૩૪૫ વર્ષ થવા આવ્યાં એવું આપરથી જણાઈ આવે છે.

બુદ્ધદેવ.

સિદ્ધાર્થ—બુદ્ધ એ સૂર્યવંશનો ક્ષત્રિય રાજા હતો. એના પિતાનું નામ શુદ્ધોદન હતું. કપિલવસ્તુ નગરી જેને હાલ નગરખાસ કહે છે એ તેની રાજધાની હતું. એ નગર નેપાળની દક્ષિણમાં ગોરક્ષપુર પાસે હતું. શુદ્ધોદન ઇક્ષ્વાકુથી ઉતરેલા શાક્ય કુળનો હતો. ઇક્ષ્વાકુ વંશનો એક મનુષ્ય પિતાના શાપથી ગૌતમ વંશના કપિલ મુનિના આશ્રમમાં શાક ઝાડમાં છુપાઇ રહ્યો હતો. તેનાથી એ કુળ શાક્ય અથવા ગૌતમ એ નામથી પ્રસિદ્ધ થયું હતું. ઇક્ષ્વાકુ વંશમાં દશરથ રાજા થયા, તેના પુત્ર રામ, રામનો લવ, લવનો પદ્મ,

પદ્મનો ઋતુપર્ણ, ઋતુપર્ણનો વસ્ત્રપાણી, વસ્ત્રપાણીનો શુદ્ધોદન અને શુદ્ધોદનનો સિદ્ધાર્થ—બુદ્ધ થયો. શુદ્ધોદન રાજા ધર્માત્મા હતો. એના રાજ્યમાં ધન, ધાન્ય, સુખ, શાંતિ, પ્રેમ અને પુણ્ય સર્વત્ર વ્યાપી રહ્યાં હતાં. પ્રજાના કલ્યાણમાં અહોનિશ ગુંથાએલો રહેતો હતો, ધનવાન અને ગરીબ, જ્ઞાની અને મૂર્ખ, સર્વ એના રાજ્યમાં પરમ સુખથી કાળ ગાળતા હતા. કપિલવસ્તુ પાસે કલિ નામના રાજ્યની રાજ્યધાની દેવદહ હતી, ત્યાંના રાજા અંજન રાજાની મહામાયા અને ગૌતમી એ બે પુત્રી સાથે શુદ્ધોદન પરણ્યો હતો. બંને સ્ત્રીઓ મહા રૂપ, ગુણવાળી અને પતિવ્રતા હતી. રાજાની મોટી ઉમર થતાં સુધી બંને રાણીઓને સંતાન નહોતું. તેથી રાજા રાણી ઉદાસ રહેતાં હતાં. તેટલામાં મહામાયાને ૪૫ વર્ષની ઉમરે પુત્રનો જન્મ થયો. રાજા રાણીની આશા સિદ્ધ થઈ, તેપરથી એ પુત્રનું નામ સિદ્ધાર્થ પાડયું હતું. આ પુત્રના જન્મથી આખા રાજ્યમાં આનંદ વર્તિ રહ્યો હતો.

ભવિષ્ય—શુદ્ધોદનનો પરમ શુભેચ્છક કાલદેવલ નામે ઋષિ હતો. તે રાજાને ત્યાં પુત્રનો જન્મ સાંભળીને આવ્યો. આ પુત્રને જોઈ તેણે ભવિષ્ય વચનો કહ્યાં કે;—"આ બાળક અતિ આશ્ચર્યકારક છે, એ નિશ્ચે બુદ્ધ થશે." રાજાએ બ્રાહ્મણોની સભા મેળવી આ પુત્રના શુભાશુભ વિષે પૂછતાં એ વિદ્વાન બ્રાહ્મણોએ કહ્યું કે;—"જેના શરીરપર આવાં લક્ષણ હોય તે જો ગૃહસ્થાશ્રમી થશે તો ચક્રવર્તિ રાજા થશે અને સંન્યાસી થશે તો એ બુદ્ધ એટલે બુદ્ધિવાન થશે." બીજા એક બ્રાહ્મણે જણાવ્યું કે;—"એ નિશ્ચે બુદ્ધ થશે અને પૃથ્વીમાંથી પાપ અને અજ્ઞાનપણું દૂર કરશે. જરાજીર્ણવૃદ્ધ, રોગથી પીડાએલો મનુષ્ય, મરેલો માણસ, અને ભિક્ષુક—સંન્યાસી આ ચાર ચિન્હો જોઈને એ સંસાર ત્યાગ કરશે." આ પ્રમાણે શુદ્ધોદન સાંભળી ચિંતાતુર થયો, અને એ ચાર વાનાં તેની દૃષ્ટિએ ન પડે તેનો બંદોબસ્ત રાખવા લાગ્યો. સિદ્ધાર્થ સાત દિવસનો થયો ત્યારે તેની માતા મહામાયા સુવાવડ રોગથી મરણ પામી. ગૌતમી જે તેની ઓરમાન મા અને બીજી તરફથી માસી થતી હતી તેણે સિદ્ધાર્થને પુત્રની પેઠે પાળી મોટો કર્યો. એ જેમ જેમ વયે વધવા લાગ્યો, તેમ તેમ તેની દિવ્ય કાંતિ ખીલી નીકળી. શરીર પુષ્ટ થવા લાગ્યું. ઉમર લાયક થતા શુદ્ધોદને તેને જનોઈ દીધું. પછી ગુરૂને ત્યાં ભણવા મોકલ્યો. એ તીવ્ર બુદ્ધિ અને પ્રબળ વિચાર શક્તિથી થોડાં વર્ષમાં વેદ, વેદાંગાદિ અનેક ગ્રંથો ભણી ઘેર આવ્યો. એ જ્ઞાન વધવા સાથે ગંભીર થતો ગયો. નિર્જન વનમાં વસવાનું અને કુદરતની શોભા નિહાળવાનું એને વધારે પ્રિય હતું. વખતે વખતે મહા વિચારમાં મગ્ન થતો, તેમને રાજ્ય વૈભવ વહાલા નહોતા, પ્રતિદિન ધ્યાનપર પ્રીતિ થવા લાગી હતી. તેથી શુદ્ધોદને તેને સં-

સારમાં પ્રીતિ લગાડવા તેના મામા દંડપાણીની પુત્રી ગોપા સાથે સ્વયંવરથી પરણાવ્યો. એ સ્વયંવરમાં તેણે પોતાની હુશિઆરી અને શૂરવીરતા બતાવી હતી. આ વખતે તેની ઉમર ૨૦ વીશ વરસની થઈ હતી. ગોપા સ્વરૂપે સુંદર, વિદ્યા અને શુભ ગુણોથી સંપન્ન હતી. એ પતિવ્રતાના ધર્મ પ્રમાણે વર્તતી હતી. સિદ્ધાર્થ પોતાને આવું સ્ત્રી રત્ન મળવાથી ભાગ્યશાળી સમજતો હતો. એ તેને જીવનમાં મોટી સહાયક થઇ પડી હતી. બંનેનાં હૃદય પ્રેમ રૂપી હીરની ગાંઠથી એકરૂપ થયાં હતાં, સિદ્ધાર્થ ગોપાને મેળવ્યા પછી કંઇક ઓછો ઉદાસ રહેતો હતો. તેથી શુદ્ધોદન રાજી થતો હતો. સિદ્ધાર્થે થોડા દિવસ સુખમાં ગાળ્યા. પછી દિવસે દિવસે તેને વૈરાગ્ય વધતો ચાલ્યો હતો. સ્ત્રીને પરણાવી બંધનકારક એક સાંકળ નાખી હતી; તોપણ તેટલાથી સરે એવું ન ધારી શુદ્ધોદને બીજી એવી એવી અનેક સાંકળોથી સાંકળી રાખી સંસારમાં રહે એવી તજવીજ કરવા માંડી. સિદ્ધાર્થ માટે એક સુશોભિત અને રમણિય મહેલ બંધાવ્યો, તેમાં વૈભવ વિલાસ ભોગવવાની અનેક પ્રકારની સામગ્રી ગોઠવી, નાચ, તમાસા અને ગાયનકળામાં કુશળ એવી રૂપ સુંદર મનમોહક વારાંગનાઓ રાખી હતી. એવી રીતે સિદ્ધાર્થને સંસારમાં લુબ્ધ કરવાને અનેક ઉપાયો આદર્યા. તેથી તેનું મન કાંઇક રંજન જણાતું હતું. તેટલામાં એક વખતે એ રંગમહેલમાં સૂતો હતો, પ્રાતઃકાળ થતાં બન્દિ જનીઓ પ્રભાતિયાં ગાવા લાગી, તેમાં એવું ગાયું કે;—"આ જગત્ જરા, વ્યાધિ, અને દુઃખથી ભરપુર છે, આ જગત્માં જરા, મૃત્યુ વારંવાર થયા કરે છે, માનવ જીવન વિજળીના ચમકાર જેવું ચપળ છે, જેમ હરણ પારધીની જાળમાં ફસી પડે, તેમ મનુષ્ય આ જગત્માં સંસારના અનેક પ્રકારના વ્યવહાર સુખના મોહપાસમાં ફસાઈ પડેલ છે. પ્રથમ શરીર સુંદર અને કોમળ હોય છે, પણ જરા, વ્યાધિ અને દુઃખથી હીન થાય છે, ત્યારે જેમ મૃગ સુકી નદી તજીને જતો રહે છે, તેમ મનુષ્ય દેહનો ત્યાગ કરે છે. પાસે ધન, ધાન્યાદિ હોય છે, તો ઘણું પ્રિય થવા આવે છે, પણ એ સઘળું જતું રહે છે, ત્યારે સગાંવહાલાં સર્વ તજી દે છે. વૃક્ષપર વિજળી પડવાથી જેવી વૃક્ષની સ્થિતિ થાય છે, તેવીજ જરા જીર્ણ મનુષ્યની સ્થિતિ થાય છે. જરા નરનારીને સોસી લે છે, વીર્ય, પરાક્રમ અને વેગ નાશ પામે છે, સુરૂપને વિરૂપ કરે છે, તેજ અને સુખનું હરણ કરે છે, વ્યાધિના દુઃખમાં બળે છે. માટે તેના દુઃખથી છુટવાનો ઉપાય કરો. જેમ નદીના પ્રવાહમાં પડેલાં પાંદડાં, ફળ આદિ જુદાં જુદાં પડી જાય છે, તેમ આ ભવસાગરમાં પડેલા કુટુંબીઓમાંથી સર્વે જુદાં જુદાં પડી જાય છે. કોઇની સાથે કોઇનો ફરી મેળાપ થતો નથી, કોઈ પાછું આવતું નથી. મૃત્યુ સર્વને તાણી જાય છે. માટે સદ્ વિચા-

રનું સ્મરણ કરો. આ અવસર કર્તવ્ય કરવાનો છે."

વૈરાગ્ય—સિદ્ધાર્થ આ વખતે કાંઇક ઉંઘતો અને કાંઈ જાગૃત હતો, સંગીતનો અપૂર્વ ભાવ સમજી ગયો, સમજતાંજ વૈરાગ્યની મનમાં સ્ફુર્ણાઓ ઉડવા લાગી, પૂર્વની વાત યાદ આવી, તેથી તેના અંતરમાં ઉદાસિનતાએ વાસો કર્યો, નેત્રમાંથી જળધારા પડવા લાગી, કઈ ઘડીએ વનમાં જઇ સંન્યાસ ગ્રહણ કરૂં, એવી કલ્પનાઓએ ઘેરી લીધો. સુખમૂદ્રાપર આંખ પડી આવી, પોતાને સંસારની જાળમાં ફસેલો સમજવા લાગ્યો. તેથી નિરંતરની શાંતિ મેળવવા આતુર થયો. આજુબાજુ સર્વ સુનકાર દિસવા લાગ્યું. ગોપા પ્રાણાધિક પતિની આવી સ્થિતિ જોઇને તેને સમજાવવા લાગી, પણ એ સર્વ પ્રયત્ન નિષ્ફળ ગયો. સિદ્ધાર્થે કહ્યું કે;—"હું મનુષ્યનું દુઃખ જોઇ હવે સંસાર સુખમાં રહેવા ઇચ્છતો નથી, આ અનિત્ય સુખ ભોગવવાની મારી ઇચ્છા નથી, હું વનવાસ કરીશ, કંદ, મૂળ, ફળ, ફુલ ખાઇ, પાણી પી રહીશ. ભૂમિપર શય્યા કરીશ અને નિરંતરની શાંતિ મેળવવાનો ઉપાય શોધીશ." આદિ વાક્યો બોલી રોવા લાગ્યો. ગોપાએ અશ્રુજળ લુછી નાંખી સસરા શુધ્ધોદનને તેડાવ્યા. શુધ્ધોદન પુત્રને અનેક રીતે સમજાવવા લાગ્યો પણ તેમાં કશું વળ્યું નહિ. એક દિવસે સિદ્ધાર્થ પોતાના માણસો સાથે પ્રમોદવનમાં ફરવા જવા નીકળ્યો. રસ્તામાં એક વૃદ્ધ માણસ શરીરે જીર્ણ થયેલો, લોહી માંસ સુકાઈ જઈ માત્ર હાડ ચામડીવાળો, હાથમાં લાકડી ઝાલી ચાલતો અને બંધુજનોએ તજી દીધેલો મળ્યો. એ જોઇ તેણે વિચાર્યું કે અંતે સર્વની આવી દશા થાય છે! અહો! શું થોડા ખેદની વાત છે? એમ કહી પાછો વળી બીજે દરવાજેથી વિલાસભવનમાં જવા નીકળ્યો, તો શરીરમાંથી લોહી, પરૂ વહે છે, માંડ શ્વાસ લે છે. પોતાના મળમૂત્રમાં પડેલો છે. એવી અનેક વ્યાધીથી ભરેલો મનુષ્ય માર્ગમાં પડેલો જોયો તેથી વિચાર કરતો અને દીલગીર થતો પાછો વળી ત્રીજે દરવાજેથી બાગમાં જવા નીકળ્યો. એ દરવાજે પણ એક મનુષ્ય મરણ પામેલો હતો, તેને સ્મશાનમાં લઇ જતા હતા, પાછળ તેનાં સગાં વહાલાં મહા કલ્પાંત સાથ વિલાપ કરતાં જતાં હતાં. એ જોઈ બોલવા લાગ્યો કે, "જરા, વ્યાધિ અને મૃત્યુ એ મનુષ્યનાં નિત્યનાં સોબતી છે! અહો! ધિક્ છે આ અનિત્ય જીવનને ?" એમ કહી મુક્તિ મેળવવાનો ઉપાય શોધવાનો વિચાર કરી, ચોથે દરવાજેથી પ્રમોદકાનનમાં જવાને નિકળ્યો તો રસ્તામાં એક ભગવાં વસ્ત્ર પહેરેલાં, હાથમાં કમંડળ અને ભિક્ષાપાત્ર લીધેલું તથા વિનયી અને નમ્ર લાગતો એવો સન્યાસી મળ્યો. એ જોઇ સાર્થિને પૂછતાં તેણે જણાવ્યું કે;—"આ મનુષ્ય સંસારની સર્વ વાસના ત્યાગી સન્યાસી થયો છે, એ સર્વેને પોતાના જેવાજ જુએ છે,

તેણે રાગ દ્વેષનો ત્યાગ કર્યો છે, એ ભિક્ષાન્નથીજ જીવન ચલાવે છે આદિ સાંભળી સિદ્ધાર્થે કહ્યું કે, એ તો મારા પ્રાણની અભિલાષા પ્રમાણેજ છે. પંડિતો સન્યાસની પ્રશંસા કરે છે. આ સન્યાસથી પોતાનું અને પરનું હિત થાય છે તથા મુક્તિ મળે છે." એ પ્રમાણે કહીને લાગલોજ ઘેર ન જતાં નિર્જ્જન ઉદ્યાનભવનમાં ગયો અને જીવનનું કર્ત્તવ્ય વિચારવા લાગ્યો. સંસારમાં સર્વ અનિત્ય છે એવું સમજી વૈરાગ્ય ઉત્પન્ન થયો. તરત સંન્યાસી થઇને લોકોને સન્માર્ગે વાળવાનો નિશ્ચય કર્યો.

સિદ્ધાર્થના હૃદયમાં આવો વિચાર ચાલી રહ્યો હતો, એવામાં સમાચાર મળ્યા કે, ગોપાએ એક ઉત્તમ પુત્રને જન્મ આપ્યો છે. સિદ્ધાર્થ આ સાંભળી બોલ્યો કે;—"આ બીજું એક બંધન આવી પડયું છે!" સિદ્ધાર્થનાં આ વચન લોકો તરફથી શુદ્ધોદને સાંભળી કહ્યું કે; "હું આ મારા પૌત્રનું નામ રાહુલ પાડીશ." સિદ્ધાર્થે વિચાર્યું કે હજુ એક બંધન કાપવાને જ્યાં હું વલખાં મારૂંછું, ત્યાં બીજું આવી પડયું. હવે જો વધારે વખત સંસારમાં રહ્યો, તો કોણ જાણે કેટલાંએ બંધન આવી પડશે. માટે અહીંથી તરત જતું રહેવું ઉત્તમ છે. એમ કલ્પના કરી રાજ્યભવનમાં આવ્યો. તે દિવસે પુત્રજન્મથી શહેરમાં આનંદ ઉત્સવ થઈ રહ્યો હતો, કુમારીઓ સુમધુર સ્વરથી મંગળ ગીતો ગાતી હતી કે; જેને આવો પુત્ર છે તે પિતાને ધન્ય છે. આ સાંભળી સિદ્ધાર્થનું મન જરા પ્રસન્ન થયું હતું, પણ એ દુઃખદાયક વિકાર સમજી મનને દાબી રાખી, ચિંતામાં ડૂબી ગયો અને પોતાનો નિશ્ચય જણાવવાને આતુર થયો. પિતાના મહેલમાં જઇ પોતાને વનમાં જવા દેવાની રજા માગી. એ સાંભળી શુધ્ધોદન અશ્રુ પાડતો બોલ્યો—"તું સંસાર ત્યાગવાનો વિચાર ન કર, તને જે કહે તે અહીંજ સગવડ કરી આપું, હું વૃદ્ધ છું અને તું મારે એકનો એક પુત્ર છે તું માગે તે આપવા તૈયાર છું." આદિ અનેક વચનો કહ્યાં. એ સાંભળી સિદ્ધાર્થે કહ્યું કે;—"હું માગુ તે તમે આપવા તૈયાર હોતો હું ચાર વરદાન માગુંછું, તે મને આપશો, તો હું ઘરમાં રહીશ. નહિતો મને સંસારમાં કોઈ રાખી શકશે નહિ. તે ચાર એકે (૧) જરા મને ઘેરે નહિ, (૨) મારૂં યૌવનચિરસ્થાયી રહે, (૩) સર્વદા તનદુરસ્ત રહી મને વ્યાધિ કદી પણ સ્પર્શ કરે નહિ, (૪) મારી હયાતી કાયમ રહે મૃત્યુ આવે નહિ." એ રીતે આપશો તોજ હું રહીશ. શુધ્ધોદને કહ્યું કે, એ આપવાની મારી શક્તિ નથી. ઘણા કલ્પ સુધી ઋષિ મુનિઓ તપશ્ચર્યા કરે છે, તોપણ એ તેનાથી છુટતા નથી. ઇત્યાદિ ઘણી રીતે સમજાવ્યો, પણ સિદ્ધાર્થનો નિશ્ચય ફર્યો નહિ. શુધ્ધોદને તે રાત્રે મહેલમાં વારાંગનાઓ મોકલી ગાન, તાનથી તેનું મન રંજન કરવાને ઉપાયો કર્યા, આસપાસ ચોકી પહેરા મૂકી

દીધા, સઘળે દિવાઓ કરી પ્રકાશ કરી મૂકયો. આ પ્રમાણે સઘળી વ્યવસ્થા કરી હતી, પણ જ્યારે વારાંગનાઓ ગાઈ ગાઇને નિદ્રાવશ થઈ, ત્યારે સિદ્ધાર્થ કેટલોક ખેદ કરતો ઉઠી ઉભો થયો, છેલ્લીવારે પુત્રને નિરખી જવાના વિચારથી ગુપચૂપ ગોપાના ઓરડામાં આવ્યો, પુત્રને નિરખી તેડવાનો વિચાર કર્યો, પણ એ ગોપાના પડખામાં સૂતો હતો, તે લેતા રખેને એ જાગી જશે તો મારા જવામાં વિઘ્ન પડશે, એમ વિચારી પાછો વળી મહેલથી નીચે ઉતર્યો. એક છંદક ઉભો હતો તેને સમજાવી સારો ઘોડો મંગાવ્યો, તેપર સ્વાર થઈ ગુપચૂપ શહેર બહાર નીકળ્યો. છેલ્લીવારે નગરને નીરખી વનનો રસ્તો લીધો. ઘોડો જોરથી દોડાવી મૂકયો. અનેક વિઘ્નો ઓળંગી શાક્ય રાજ્ય છોડી વૈશાલીમાં અને ત્યાંથી મલ્લરાજ્યમાં આવ્યો. એમ ચાલતાં ૪૫ ગાઉ ઉપરના એક વનમાં આવી પહોંચ્યો. ત્યાં નદી કિનારે પોતાનાં વસ્ત્ર ઉતારી એક વાઘરીને આપી દીધાં. તેનાં મેલાં અને ફાટેલાં વસ્ત્ર પહેરી લીધાં. તલવારથી માથાના કેશ કાપી નાંખ્યા, અલંકાર અને અશ્વ છંદકને આપી સમજાવી કપિલ વસ્તુ તરફ રવાને કર્યો.

કપિલવસ્તુમાં સિદ્ધાર્થના જવાથી શોધાશોધ થઇ રહી હતી, શોક, સંતાપ અને રૂદનથી આખી નગરી વ્યાપ્ત થઈ હતી. ત્યાં છંદક મહા રૂદન કરતો આવ્યો, તેણે સર્વ સમાચાર આપ્યા. રાજા રાણીઓએ મહા વિલાપ કર્યો. ગોપા ત્યારથી એક ધોળું વસ્ત્ર પહેરી એક વખત ભોજન કરી બ્રહ્મચર્ય વ્રત પાળવા લાગી. તેથી દિવસે દિવસે તેનું શરીરસાવ સૂકાઈ જવા લાગ્યું હતું.

સન્યાસ—આ તરફ સિદ્ધાર્થ સંસાર ત્યાગીને મારતીનાઅનુપ્રિય વનમાં સાત દિવસ રહ્યો. પછી ત્યાંથી ચાલી દક્ષિણ તરફ માર્ગમાં શાકી, પદ્મા, અને મહર્ષિ રૈવતના આશ્રમમાં આવ્યો. ત્યાં તેમનો ઋષિઓએ ઘણો સત્કાર કર્યો. ત્યાં થોડા રોજ રહી વૈશાલી નગર જે બનારસથી ૧૪ મૈલપર અને પટનાથી ઉત્તરમાં છે ત્યાં અરાડકાલામ નામે એક મહા પંડિત સંન્યાસીના આશ્રમમાં આવ્યો. આ વેદાનુંસારી સાંખ્ય દર્શનના સંન્યાસી પાસે ત્રણસો શિષ્યો વિદ્યાભ્યાસ 'કરતા હતા. તેની પાસે સિદ્ધાર્થે સંન્યાસ લીધો અને તેમનો શિષ્ય થઈ રહ્યો. ત્યાં ઘણો વખત રહી તેમની પાસેથી દર્શન શાસ્ત્ર અને ધ્યાનાદિ શીખ્યો. ત્યાંથી બનારસથી પૂર્વમાં ૧૨ મૈલપર રાજગૃહ જે મગધ રાજ્યની રાજધાની હતું. ત્યાં આવ્યો. ત્યાંનો રાજા બિંબસાર તેને આવી મળ્યો અને કહ્યું કે, તમો સંન્યાસ ત્યાગ કરી અહીં રહો તો તમને મારૂં અરધું રાજ્ય આપું. પણ સિદ્ધાર્થે કહ્યું કે;—" રાજન ! વાસના વિષના જેવી દોષની ખાણ છે, એ ઘણા કલેશનું કારણ છે, એ વાસના ત્યાગવાને માટે મેં રાજ્યાસનનો ત્યાગ કર્યો છે અને સંન્યાસ લીધો છે, એ અસાર વાસનામાં

બંધાઇને મનુષ્ય મહા દુઃખ પામે છે. મેં પરમ શુભકર જ્ઞાન મેળવવા માટે આ જીવન અર્પણ કર્યું છે. " ઇત્યાદિ વાત કરી બિંબસાર તેની રજા લઈ ઘેર ગયો. સિદ્ધાર્થ ત્યાંથી ફરતો ફરતો એક પર્વતની ગુફામાં રૂદ્રકરામ પુત્ર નામે ઋષિ રહેતો હતો ત્યાં આવ્યો, આ ઋષિ પાસે ૭૦૦ શિષ્યો શાસ્ત્ર- નો અભ્યાસ કરતા હતા. સિદ્ધાર્થ તેનો શિષ્ય થઇ રહ્યો. ત્યાં તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરી સંપૂર્ણ યોગસાધના શિખ્યો. એ રીતે એ અરાડ અને રૂદ્ર- કની પાસેથી હિંદુ શાસ્ત્ર તથા યોગ સાધના શિખ્યો હતો. સાત પ્રકારનાં ધ્યાન કરવાની પરિપૂર્ણતા મેળવી હતી. પણ કેવળ શાસ્ત્રપાઠદ્વારા જ્ઞાન મેળ વીને, જે વાસનાની વેદના છે, તે પાપની ઇચ્છાનું મૂળ ઉખેડી શકાતું નથી. તે ઉખેડી નાંખવાના વિચારથી શરીર, મનને કષ્ટ આપીને સર્વ ઇંદ્રિયો પાપ- કાર્ય કરવાને અસમર્થ થાય એવી કઠોર તપશ્ચર્યા કરીને શરીર, મનનો ક્ષય કરવા ધાર્યો. આવો વિચાર કરી ત્યાંથી ચાલ્યો. ફરતાં ફરતાં ચાર્વાક મ- તના નાસ્તિકો પાસેથી નાસ્તિકતાના વિચાર મળ્યા. કેટલેક સ્થળે થઈ ઉરૂ- બિલ્વ જે ગયાની પાસે છે અને રાજગૃહથી ૨૦ મૈલ દક્ષિણે છે ત્યાં આવ્યો. ત્યાં નૈરંજના નદી કિનારે મનને સ્થિર કરે એવું વન હતું, તે વનભૂમિ પુણ્ય, શાંતિ અને પવિત્રતાનું સ્થાન લાગ્યું. ત્યાં તપશ્ચર્યા કરવાનો વિચાર કર્યો. કોંડાન્ય અને બીજા ચાર બ્રાહ્મણ પુત્રો જે કપિલ વસ્તુના રહીશ હતા અને પ્રથમજ સંન્યાસી થયા હતા, તે આ વખતે આવી એ પાસે રહ્યા. સિદ્ધાર્થ ઇચ્છિત પ્રાપ્તી કરવાને દુષ્કર તપ કરવા લાગ્યો, જે જે ઉપા- યો કરવા જોઇએ તે તે પ્રમાણે કરીને ૭ વર્ષ સુધી તપ કર્યું. દુષ્કર તપથી તેના શરીરમાંથી લોહી, માંસ સૂકાઈ ગયું, માત્ર શરીર હાડકાંનો માળો રહ્યો. આંખો ઉંડી ઉતરી ગઈ, શરીર સાવ દુર્બળ થવાથી અશક્ત થઈ ગયું, પણ ઇચ્છા પૂરી થઈ નહિ. તેથી શરીર નિગ્રહ અને શારિરક વૈરાગ્યની અસારતા જાણી. પ્રથમ તેના સમજવામાં હતું કે, ભગવાં વસ્ત્ર પહેરી સંન્યાસી થઈ, શરીરને કષ્ટ આપ્યાથીજ જ્ઞાનચક્ષુ ઉજવલ થશે, પણ હવે સમજ્યો કે ધર્મ સાધવાને માટે તો શરીરની રક્ષા કરવી જોઇએ એ- વો સંકલ્પ કરી નિયમિતપણે ખાવાપીવા લાગ્યો. તેથી શરીરમાં શક્તિ આવી. ૭ વર્ષ તપ કરતાં એક ભગવું વસ્ત્ર હતું, તે ફાટી જવાથી કોઇ સ્ત્રી મરી ગઈ હશે, તેનું લૂગડું સ્મશાનમાં પડયું હતું, તે ઉપાડી સ્વચ્છ કરી પહેર્યું. એની પાસે જે પાંચ શિષ્યો હતા, તેઓ સમજતા હતા કે શ- રીરને કષ્ટ આપ્યાથી અધ્યાત્મિક જય મળે છે. તે હવે સિદ્ધાર્થને શરીરની પુષ્ટી માટે ખાતો અને લજ્જા નિવારણ માટે વસ્ત્ર પહેરતો જોઈ, તેનાપર તેમનો જે ભક્તિભાવ હતો તે જતો રહ્યો. સિદ્ધાર્થે ધર્મનો માર્ગ મૂકી

દીધો સમજી એ પાંચે શિષ્યો તેને તજીને કાશી પાસેના ઋષિપતનમાં જ-
તા રહ્યા. તેથી સિદ્ધાર્થ સહાય વિનાનો એકલો રહ્યો. તેના મનમાં અનેક
સંકલ્પ વિકલ્પ થવા લાગ્યા. મનોાર્થ સિદ્ધ કરવાનો ઉપાય નિષ્ફળ ગયાથી
હવે શું કરવું એ વિચારવા લાગ્યો. રાજ્ય, માબાપ, સ્ત્રી, પુત્ર આદિનું સુખ
સાંભરી આવ્યું. ઘેર જવાનો વિચાર કરવા લાગ્યો, મન ડોલવા લાગ્યું.
વળી વિચાર કર્યો કે ઘેર જઇને શું કરીશ? મનમાં જે લાગણી છે, તેથી
ઘેર ગયે પણ સુખ મળશે નહિ. એવા એવા તરંગથી સિદ્ધાર્થનો પ્રાણ દુ:ખી
થવા લાગ્યો. દુ:ખ થવાનું કારણ ગુરૂની બતાવેલી શાસ્ત્ર મર્યાદા મૂકી દઇ,
ચાર્વાકાદિ નાસ્તિક ભ્રાંતિશાસ્ત્ર પ્રમાણે આત્મબળથી મુક્તિનો માર્ગ શોધવા
ઇચ્છયો હતો. ઇશ્વિરની કરૂણાથી વાસના નિર્મૂળ થઈ મૂક્તિ મળે છે, એ
પર તેણે વિશ્વાસ રાખ્યો નહોતો. સદ્દમાર્ગની સહાયતા વિના ઇચ્છીત
ક્યાંથી મળે? અને લાંબી મુદતના પ્રયાસ વગર ફળ ક્યાંથી પ્રાપ્ત થાય?

સિદ્ધાર્થ પ્રથમ પ્રયાસમાં નિષ્ફળ થયો, હવે શું કરવું એ વિચારવા
લાગ્યો. એક તરફ અતિ શરીર નિગ્રહ અને બીજી તરફ વિલાસ સંભોગ,
એ બંનેને ઠીક ન સમજી, મધ્યમ માર્ગ પકડવો ઠીક લાગ્યો. વૃક્ષ નીચે
બેસીશરીર સ્વસ્થ રાખી ધ્યાન કર્યાથી મનોરથ સિદ્ધ થશે એવો નિશ્ચય
કર્યો. ઉરૂબિલ પાસેના વનમાં એક મોટા વડવૃક્ષ નીચે દુર્વા મેળવી યોગા-
સન તૈયાર કર્યું. તેપર પદ્માસન વાળી બેઠો. "દુર્લભ પરમજ્ઞાનની પ્રાપ્તિ ન
થાય ત્યાં સુધી આ આસનથી ઉઠવું નહિ." એવી પ્રતિજ્ઞા કરી. ઘણા પ્રય-
ત્ને આત્મલાભ થાય છે, પણ તેમાં જરા ભ્રમિત થવાય છે તો ઘણા કા-
ળનું સંચેલું તપધન નાશ પામે છે. જેમ જેમ આત્મલાભ માટે પ્રયત્ન
થાય છે, તેમ તેમ અનેક મનોભાવના ઉત્પન્ન થઇ, એ લાભ ભંગ કરવા
ને મથે છે. જ્યાં સુધી પાપનું મૂળ ઉખેડયું હોતું નથી, ત્યાં સુધી મનુષ્ય
નિશ્ચિંત થઇ શકતું નથી. સિદ્ધાર્થ દૃઢ આસન કરી ધ્યાનમાં બેઠો, પણ તેના
મનમાં અનેક મનોભાવનાઓ ઉત્પન્ન થવા લાગી. તેમાં સત્યાસત્ય, નિત્યા-
નિત્યનો વિચાર કરતાં, સંસારમાં માત્ર એક સત્ય અને નિત્યવસ્તુ છે, બીજી
સર્વ અસાર છે. એવું જોઈ એક નિત્યવસ્તુના ધ્યાનમાં મગ્ન થયો. તેથી
અંતે તેને પરમજ્ઞાનની પ્રાપ્તિ થઈ. સર્વ દુ:ખથી નિર્વાણ પામ્યો. તે જે
વડવૃક્ષ નીચે બેસી જ્ઞાનને પામ્યો હતો, તે વડને બોધીસત્વ કહે છે. તેની
એક શાખા ઈ. સ. પૂ. ૩૦૦ વર્ષપર સિંહલદ્વીપના અનુરોધપુરમાં લઈ જઈ
રોપી છે. તે આજ સુધી છે અને તે પૃથ્વીમાં સર્વથી જુનું વૃક્ષ ગણાયછે.

ધર્મોપદેશ—સિધાર્થે સાંખ્ય દર્શનના સંન્યાસીઓ પાસેથી દર્શન
શાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, અને વેદાદિ શાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો. એ વેદાનુસાર

જ્ઞાન મેળવી તેને ચાર્વાકાદિ મતના નાસ્તિકો પાસેથી નાસ્તિકતાના વિચાર મળ્યા હતા. એ બેહુ પક્ષમાં પોતાની બુદ્ધિ ભેળવીને બુધ્ધે નાસ્તિકશાસ્ત્ર રચ્યું. સાંખ્ય મતના સંન્યાસીઓ પાસે સંન્યાસ દિક્ષા લીધી હતી, પણ તેમના કહ્યા પ્રમાણે બુદ્ધ વર્ત્યો નહિ. હવે તેણે પોતાની બુદ્ધિથી ઉત્પન્ન કરેલા ધર્મનો પ્રચાર કરવા વિચાર કર્યો, પણ લોકો એ મારો મત ગ્રહણ કરશે કે નહિ, એ વિચારમાં પડયો. કેમકે પ્રાયશ્ચિત, બલિદાન ક્રિયા—(યાજ્ઞયાગ), મંત્રતંત્ર, દેવ-દેવી અને બ્રાહ્મણપર વિશ્વાસ એ આદિ વેદોક્ત ધર્મનો પ્રાણ છે. આત્મ સંયમ અને જીવપર દયા એ નવા ધર્મનો પ્રાણ છે. આ નવો મત લોકો ગ્રહણ કરશે કે નહિ એ વિચારથી વ્યાકુળ થયો, પણ છેવટ તેણે નિશ્ચય કર્યો કે હું આ નવો ધર્મ સર્વને ગ્રહણ કરાવીશ. પછી વિક્રમ સંવતની પૂર્વે ૫૦૦ પાંચસો વર્ષપર તેણે મગધ દેશમાં જઇને પોતાનું નવું જ્ઞાન પ્રગટ કર્યું, અને વેદાનુસારી સાંખ્ય દર્શનસામા તેણે શીંગડાં ભરાવ્યાં. સાંખ્ય દર્શનના સંન્યાસીયોના આચારથી બુધ્ધે પોતાના ધર્મના યતિઓનો આચાર કાંઇક ભિન્ન ઠરાવ્યો. પ્રથમ પોતાની પાસે જે પાંચ શિષ્યો હતા, તે તેને તજીને જતા રહ્યા હતા, તેનેજ પ્રથમ ઉપદેશ કરી મેળવી લેવાનો વિચાર કર્યો. તેથી મૃગદાવ જે બનારસથી ૩ મૈલ ઉત્તરે છે, ત્યાં જવા નીકળ્યો. રસ્તામાં ગયા પાસે એક આજીવિક નામે બ્રાહ્મણ મળ્યો. તે બુદ્ધની શાંત મૂર્ત્તિ જોઈ બોલ્યો કે;—"એવો કયો ધર્મ છે કે જેને મેળવી, તમે પરમ શાંતિ મેળવી છે?" બુધ્ધે કહ્યું. કે;—"અજ્ઞાનતા, પાપ અને તૃષ્ણા ત્યાગ કરવાથી મારી આવી અવસ્થા થઈ છે." બ્રાહ્મણ—"તમે ક્યાં અને શા હેતુથી જાઓછો!" બુધ્ધે કહ્યું—"જેઓ ઘોર અંધકારમાં ઘેરાએલા છે, તેઓની પાસે પ્રકાશ કરવા, જગતમાં અમૃતનો દરવાજો ઉઘાડવા અને સંસારમાં ધર્મ રાજ્યનું સ્થાપન કરવા જાઉંછું." આ સાંભળીને બ્રાહ્મણે ક્રોધથી તેનો તિરસ્કાર કર્યો અને કહ્યુ કે; ચાલ્યો જા, આ તારો માર્ગ અને આ મારો માર્ગ એમ કહી ચાલતો થયો. બુદ્ધ એથી ખેદ ન પામતાં યોગ બળથી ગંગા નદી ઉતરી મૃગદાવમાં આવ્યો. આવી પાંચ શિષ્યોને કહ્યું કે;—"ભિક્ષુકગણ! એક તરફ સંસારી લોકોનાં ઉપભોગ્ય ઈંદ્રિય સુખ છે, બીજી તરફ ફળહીન દુઃખકર બ્રહ્મચર્ય છે; આ બંનેનો ધર્માર્થીઓએ ત્યાગ કરવાં. મેં એક વચલો માર્ગ શોધ્યો છે, તે માર્ગને ગ્રહણ કર્યાથી આંખ ઉઘડશે, દિવ્ય જ્ઞાન થશે, શાંતિ મળશે અને મનુષ્ય નિર્વાણ પામશે. સત્દ્રષ્ટિ, સત્સંકલ્પ, સદ્‌વાક્ય, સદ્‌વ્યવહાર, સદુપાયથી પેટ ભરવું, સદ્‌ઉદ્યોગ, અને સત્સ્મૃતિ ઉત્તમ સમાધિ છે. આ આઠ મારા શોધેલા માર્ગ છે. દુઃખ દુઃખનું કારણ છે, દુઃખનિરોધ દુઃખ રોકવાનો માર્ગ છે; મારા પ્રચારિત આચાર સત્ય છે. જન્મ થયાથીજ નાના પ્રકારનાં દુઃખ મળે છે. જરા, વ્યા-

ધિ અને મૃત્યુજ દુ:ખ છે. ટુંકામાં અપ્રીતિ ઉત્પન્ન કરનારાં પંચ સ્કંધ દુ:ખ છે. જીવન–તૃષ્ણા અને ઇંદ્રિય તૃષ્ણા એ દુ:ખનું કારણ છે. આ તૃષ્ણાનો નાશ કર્યાથીજ દુ:ખ મટે છે. ઉપર લખેલા આઠ માર્ગ દુ:ખને રોકવાના માર્ગ છે. પ્રાચીન શાસ્ત્ર અથવા ગુરૂઉપદેશથી મેં આ મહા સત્ય મેળવ્યાં નથી. મેં નવું જ્ઞાન, નવી આંખ, નવી વિદ્યા, નવી બુદ્ધિ, અને પ્રકાશથી આ સત્યનું દર્શન કર્યું છે, મેળવ્યું છે, અને સત્ય જાણીને ધારણ કર્યું છે. સહજ જ્ઞાન અને વિચાર શક્તિના પ્રભાવથી આ સત્ય મેળવીને દુ:ખના હાથથી હમેશને માટે મુક્ત થયો છું." બુદ્ધનો આ ઉપદેશ સર્વથી પહેલો હતો. (જુ. લલિત વિસ્તર પાનું ૫૪૧) બુદ્ધે આ ઉપદેશ અનેક યુક્તિ પ્રયુક્તિથી સમજાવી એક પછી એક આ પાંચેને પોતાના શિષ્ય કર્યા. અને ત્યાં ત્રણ માસ રહ્યો. હવે પૂર ઉત્સાહીથી ઉપદેશ આપવા લાગ્યો. એક દિવસે યશ નામે એક માણસ સંસારના દુ:ખથી વૈરાગ્ય પામી વનમાં નાશી જતો હતો, તેને ઉપદેશ આપી પોતાનો શિષ્ય કર્યો. હવે તેણે શુદ્ર જેવા લોકોને સમજાવી પોનાના મતમાં લેવા માંડ્યા, એ સંન્યાસીઓ કરતાં ગૃહસ્થ તરફ વધારે વલણ રાખતો હતો. એક પછી એક એમ તેણે ૬૦ માણસોને ઉપદેશ આપી, દેવદેવીને માનતા મૂકાવી પોતાના મતના સંન્યાસી કર્યા. એ ૬૦ શિષ્યોને વેદોક્ત ધર્મનો નાશ કરવાને જુદે જુદે ઠેકાણે મોકલ્યા. ઉરૂબિલ્વના કાપાશીઙનમાં આવી ૩૦ ત્રીશ વ્યભિચારીઓને શિષ્ય કર્યા. એ સર્વને ભિક્ષા પાત્ર હાથમાં આપી ધર્મ પ્રચાર કરવાને મોકલ્યા. આ વનમાં એક કાસ્યપ અને તેના બે ભાઇઓ રહેતા હતા. એ ત્રણે દાર્શનિક પંડિત અગ્નિના ઉપાસક હતા. તેની પાસે બુદ્ધ કેટલોક વખત રહ્યો. કાસ્યપ અને બુદ્ધ વચ્ચે સ્નેહ થયો. કાસ્યપ પાસે કેટલાક શિષ્યો શિખતા હતા. બુદ્ધે એ સર્વને સમજાવી મેળવી લીધા. તેમનો ધર્મ તજાવી પોતે દિક્ષા આપી સંન્યાસી કર્યા. કાસ્યપ ધર્મ, વિદ્યા, અને ચરિત્ર બળથી દેશમાં પ્રસિદ્ધ હતો, તેમણે પ્રાચીન ધર્મ તજી બુદ્ધનો ધર્મ ગ્રહણ કર્યો સાંભળી દેશમાં હોહા થઈ રહ્યો. કાસ્યપ શિષ્ય થવાથી બુદ્ધના બીજા શિષ્યોમાં પણ ઘણો ઉત્સાહ વધ્યો. બુદ્ધ પોતાના નવા શિષ્યો સાથે ગયા પાસે ગંધહસ્તી પર્વત ઉપર થોડો વખત રહી, મગધ રાજ્યની રાજ્યધાની રાજ્ય ગૃહમાં આવ્યો. તેમના આવ્યાના ખબર સાંભળી બિંબસાર રાજા મળવા આવ્યો. લોકોનાં ટોળેટોળાં પણ તેમને જોવાને આવ્યાં. પ્રાચીન વેદોક્ત ધર્મ ઠીક નથી, આ મારો નવો ધર્મ ઉત્તમ છે અને તેથીજ આકાસ્યપે એ ગ્રહણ કર્યો છે. જે સાંભળી કાસ્યનો દાખલો લઈ, લોકો નવા ધર્મપર મોહ પામે એવી યુક્તિ બુદ્ધે રચી. બુદ્ધે પોતાના ધર્મનાં વખાણ અને વેદોક્ત ધર્મની નિંદા એ કાસ્યપને મુખેજ કહેવરાવવાનો વિચાર કર્યો. સર્વે લોકો સમક્ષ

કાશ્યપને ઉભો કરી બુદ્ધે તેને પૂછ્યું કે;—"તમે શામાટે અગ્નિની ઉપાસના છોડી છે?" કાશ્યપે કહ્યું;—"લોકો રૂપ, રસ, ગંધ, સ્પર્શ, શબ્દ, અને ઇંદ્રિયોની સેવામાં સુખ સમજે છે; બીજાં કેટલાંક માણસો બહારનો વૈરાગ્ય અને બળિદાનમાં સુખ સમજે છે. આચાર ફળ રહિત હોવાથી મેં વેદોક્ત ધર્મનો ત્યાગ કર્યો છે અને આ નવો ધર્મ ગ્રહણ કર્યો છે." ઇત્યાદિ બોલી રહ્યા પછી બુદ્ધે ચાર મહા સત્યની વ્યાખ્યા કરી બતાવી ઉપદેશ કર્યો. એ સાંભળી મગધરાજ બિંબસાર પણ તેનો ધર્મ મત ગ્રહણ કરીને સર્વ પ્રકારે તેને મદદ આપવા લાગ્યો. એ રીતે રાજ્ય મદદ મળવાથી બુદ્ધે હવે ચારે તરફ પોતાનો જેસ બતાવવાનો વિચાર કર્યો. એક તરફ કાશ્યપ અને બીજી તરફ બિંબસાર જે બંને પ્રસિદ્ધ હતા, તેણે ધર્મ ગ્રહણ કર્યો સાંભળી લોકોમાં વધારે ગડબડાટ થવા લાગ્યો. પ્રસિદ્ધ મનુષ્યની અસર લોકો ઉપર તાત્કાળિક થાય છે, તેનું દેખી બીજા પણ મોહ પાસમાં ફસાય છે, લોકો સારા સારનો વિચાર ન કરતાં ગાડરીયા પ્રવાહની પેઠે દેખાદેખી કરી, છતી આંખે આંધળા બની ઉંડા કુવામાં પડે છે. એ મૂર્ખ અજ્ઞાન લોકોનો સ્વભાવજ હોય છે. જુનું તે ગમે તેવું સારૂં હોય, પણ તેની ખરી ખૂબી ન સમજતાં તેને નઠારૂં ગણી કાઢે છે અને નવું તે ગમે તેવું નઠારૂં અને પોલવાળું હોય, તોપણ તે નવાના મોહમાં પડી પતંગીઆની પેઠે ઝીંપલાવવા માંડે છે, આવીજ રીતિથી દુનિઆમાં હજારો ધર્મ, મત, પંથો થયેલા છે. ધર્મમાં પડ્યા પછી તેમાં ગમે તેવું નઠારૂં હોય, તોપણ તે મમતથી પકડી રાખે છે, તેમાંનું સર્વ સારૂં બતાવવાને પ્રયત્ન કરે છે. "નકટે નાત વધારી" તેની પેઠે પોતાના જેવા બીજાને પણ કરવા ચાહે છે. તેમાં મિથ્યાભિમાનીઓ પાપ પુણ્યનો કશો વિચાર કરતા નથી. બુદ્ધે આ બે પ્રસિદ્ધ પુરૂષોને પોતાના ધર્મમાં લીધા તેનું જોઈ બીજા લોકો પણ પતંગીઆ થઇ પડવા લાગ્યા. તેથી બુદ્ધને લોકોની અજ્ઞાનતાનો જેમ લાભ મળતો ગયો, તેમ એ પોતાને ફાવતું કરવાને વધારે ઉમંગી થવા લાગ્યો. શિષ્યો પણ પોતાની નાત વધવાથી વધારે ઉત્સાહી થયા અને લોકોને ઉપદેશ આપી, બીજાનો દાખલો બતાવી પોતાના મતમાં લેવા લાગ્યા. બુદ્ધ અને તેના શિષ્યો જે ઉપદેશ આપતા, તે સઘળો સત્ય માની લોકો એને ગ્રહણ કરવા લાગ્યા, કેમકે એ વખતે પાંડવ કૌરવની લડાઈથી ઘણા અગ્રેસર રાજાઓ અને વિદ્વાન આચાર્યોનો નાશ થયો હતો. તેથી દેશમાં અંધાધુમી હતી, કોઇ ભાવ પૂછે એવું નહોતું. જે હતા તે નહિ જેવા હતા. કોઈ સામે થયા નહિ. તેથી બુદ્ધને ફાવતું થયું. બાકી નવા ધર્મથી શિષ્યોને નિર્વાણપદ મળવું ન મળવું એ તો થાય તે ખરૂં. હવે બુધ્ધે રાજગૃહ નજીક વેણુ વનમાં વાસ કર્યો. આ વનમાં એ

ઘણી વખતે ચોમાસુ ગાળવા આવતો હતો. આ વખતે બે માસ રહ્યો. તેમાં બે બ્રાહ્મણ પુત્રને દિક્ષા આપી સંન્યાસી કર્યા. તેમાં ઉપતીશ્ય હતો તેનું સારિ પુત્ર અનેક કાલિતે હતો તેનું મૌદગલ્યાયન નામ ધારણ કર્યું. એ બંને બુદ્ધિવાન્ તેજસ્વી અને ઉત્સાહી હતા, તેમને સંઘના ઉપરી ઠરાવ્યા. તેથી પ્રથમ થયેલા શિષ્યો પોતાને અપમાન થયું સમજી ગુરૂ ઉપર ગુસ્સે થયા. સંઘમાં દ્વેષ વધ્યો, ખટપટ થવા લાગી. તેથી બુદ્ધે સર્વેને એકઠા કરી કહ્યું કે;—"પાપથી દૂર રહેવું, પુણ્યોપાર્જન કરવું, અને આત્માની શુદ્ધિ કરવી એ ભિક્ષુકોનો ધર્મ છે, તમે શા માટે અદેખાઇથી બળીને ધર્મને વિસારી મૂકો છો?" બુદ્ધનો એ ઉપદેશ વૃથા ગયો. અર્ધદગ્ધ નિર્વાણ પામવા ભેગા થયા હતા, પડ્યા પછી નિર્વાણ તો દીઠું નહિ, પણ તેમને માન મરતબો મેળવવાની અધિક ઇચ્છા ઉત્પન્ન થઈ. તેથી અદેખાઇ વધી અને ગુરૂને પણ અપમાન આપવા લાગ્યા. એ પણ એક ધર્મના ઢોંગની ખુબી! જેના સંસારી વિકારો સમાઇ ગયા હોય, તેજ ખરા સંન્યાસી અને તેજ ખરા ઉપદેશકો ગણાય. પોતામાં કાંઇ સત્વ ન હોય, તે બીજાને શું આપી શકે? બુદ્ધે પોતાના સર્વ શિષ્યોને ઘણી રીતે સમજાવી અંતે શાંત તો કર્યા, પણ હવે નિયમો બાંધવાની જરૂર પડી. જે સભામાં એ નિયમો કરવામાં આવ્યા. તેનું નામ "શ્રાવક સન્નિપાત" રાખ્યું. અને જે નિયમ બંધાયા તેનું નામ "પ્રતિ મોક્ષ" છે. સારિપુત્ર અને મૌદ્ગલ્યાયન એ બે શિષ્ય થયા પછી ઘણા માસ સુધી કોઈ શિષ્ય થયું નહિ. સાધારણ લોકોમાંથી ધીરે ધીરે ઉત્સાહ ઓછો થવા લાગ્યો હતો. બુદ્ધનો ઉપદેશ વારંવાર સાંભળવાથી, તેનું નવિનપણું જતું રહ્યું હતું, લોકોને નવિનજ પ્રિય હોય છે, એ નહિ મળવાથી લોકો ઉત્સાહહીન થયા, શ્રદ્ધા હતી તે જતી રહી, તેથી સામા થવા લાગ્યા. જેઓ ચાલતો ધર્મ નાશ કરવાને, પ્રાચીન ચાલતી રૂઢી તોડવાને, અને બ્રાહ્મણ ચાંડાળમાં એકતા કરવાનો પ્રયત્ન કરતા હતા, જેઓ ભિક્ષુકોનાં નિર્મળ સુખ બતાવીને ગૃહસ્થાશ્રમીઓને ઘર ત્યાગ કરાવવાને પ્રયત્ન કરતા હતા, જેઓ માબાપના એકના એક પુત્રને સમજાવી સંન્યાસી કરતા હતા. તેની સામા રાજ ગૃહના લોકો થયા. બુદ્ધ અને તેના શિષ્યોને અનેક પ્રકારે અપમાન આપવા લાગ્યા. એ રીતે લોકોની પ્રીતિ કે અપ્રીતિ છતાં પણ બુદ્ધ નવા ધર્મનો ઉપદેશ આપવાને દેશમાં ફરવા લાગ્યો હતો. બુદ્ધના ઉપદેશની વાત દેશોમાં ફેલાઈ ગઇ હતી. એ ખબર કપિલ વસ્તુમાં થવાથી શુદ્ધોદન પુત્રને મળવા આતુર થયો હતો.

બુદ્ધ પણ હવે પિતાનું દર્શ કરવાને ઇચ્છિતો હતો. તેથી એ કપિલ વસ્તુ તરફ જવા નીકળ્યો, માર્ગમાં ઉપાલી નામના રાજાના હજામને બુદ્ધે

પોતાની દિક્ષા આપી સંન્યાસી કર્યાં અને પછી કપિલવસ્તુ આવ્યો. નગર બહાર વડવન નીચે સંઘના નિયમ પ્રમાણે બુદ્ધ અને સર્વ શિષ્યોએ ઉતારો કર્યો. ખબર થતાં રાજા મળવા આવ્યો, પણ બુદ્ધે પિતાને તથા તેના કાકાને નમસ્કાર ન કર્યા. તેથી એ બંનેને ઘણો અસંતોષ થયો. લોકો પણ સિદ્ધાર્થ બુદ્ધને સંન્યાસી વેષે જોઇને ઘણાં દીલગીર થયાં. બુદ્ધ બીજે દિવસે હાથમાં ભિક્ષા પાત્ર લઇને નગરમાં ઘેર ઘેર ભિક્ષા માગવાને નીકળ્યો, તેને જોવાને લોકોનાં ટોળેટોળાં મળ્યાં, રાજપુત્રને ભિખારીને વેષે ભિક્ષા માગતો જોઇને નગરવાસીઓ રૂદન કરવા લાગ્યાં.

ગોપા જે બુદ્ધની પ્રાણપ્રિયા સ્ત્રી હતી, તેને ખબર થતાં એ ગોખપર ચડી જોવા આવી, તો પ્રાણાધિક પતિને શરીરે, પગે, મસ્તકે ઉઘાડો અને એક વસ્ત્ર પહેરી ભિક્ષા માગતો જોઇ મહા વિલાપ કરતી ધરતીપર મૂર્છા ખાઇ પડી ગઇ. શુદ્ધોદન પણ પોતાના પુત્રને આવે વેષે માટીનું પાત્ર હાથમાં લઇ ભિખ માગતો જોઇ રૂદન કરવા લાગ્યો. રાજકુટુંબમાં શોક ફેલાઇ ગયો. એટલામાં બુદ્ધ રાજમાર્ગે નજીક આવી ઉભો. શુદ્ધોદને કહ્યું કે;—"પુત્ર! તું રાજકુમાર થઇને ભિક્ષા ન માગ?" ઇત્યાદિ વચનો કહ્યાં. એટલે બુદ્ધે કહ્યું કે;—"આપ અને આપનું કુટુંબજ રાજવંશ છો, હું પુરાતન બુદ્ધ ગણના વંશથી અવતર્યો છું, તેઓ ભિક્ષા માગીને ગુજરાન કરતા હતા, પરંતુ પિતાજી! જે કોઇ અમૂલ્ય ગુપ્ત ધન મેળવે, તો તે અમૂલ્ય રત્ન પિતાનેજ ભેટ આપવું એ કર્તવ્ય છે." એ પછી સર્વ સમક્ષ રાજમાર્ગમાં ઉભો રહી બોલ્યોકે;—"પિતાજી! જાગૃત થાઓ, વખત લગાડો નહિ, પવિત્ર જીવન મેળવવાને યત્ન કરો. જે માણસ ધર્મ પાલન કરે છે, તે આ લોક અને પરલોકમાં નિર્મળ સુખ ભોગવે છે. હવે તમે પાપને અનુસરશો નહિ. જે સન્માર્ગે ચાલે છે, તેને બંને લોકમાં પરમ શાંતિ મળે છે." આ સાંભળી રાજા કાંઇ ન બોલ્યો. પ્રથમ બુદ્ધનું ભિક્ષા પાત્ર લઇ, તેને રાજમંદિરમાં લઇ ગયો. ત્યાં રાજ કુટુંબ એકઠું થયું, સૌએ તેને ઘણું સમજાવ્યો. આ સર્વેમાં બુદ્ધ પોતાની પ્રિય પત્નિને જોવા લાગ્યો, પણ તેને દીઠી નહિ. ત્યારે તેણે વિચાર્યું કે જો તેનો પ્રેમ હશે તો એ મારી પાસે આવશે, પણ પછી પોતેજ એ પાસે ગયો. ગોપા મહા વિલાપ કરતી તેના ચરણમાં પડી, તે કેમે કરી ઉઠેજ નહિ. શુદ્ધોદને કહ્યું કે;—"તું જ્યારનો ગયો છું ત્યારની આ તારી સાધ્વી સ્ત્રી એક સફેદ વસ્ત્ર પહેરી બ્રહ્મચર્ય વ્રત પાળે છે અને મહા કષ્ટ વેઠે છે, તેનું શરીર તેથી ગળી ગયું છે." ઇત્યાદિ વાત કરી બતાવી. પછી બુદ્ધે પોતાની પ્રાણપ્રિયાને અનંત સુખથી સુખી કરવાને ઉપદેશ આપી શાંત કરી. ગોપા સમજુ અને

જ્ઞાની હતી. તેથી પતિના બોલવાપર ભાવ બતાવ્યો. તેમજ રાજ કટુંબ પણ એ બોધ સાંભળી તેમના નવા ધર્મપર ભાવ બતાવવા લાગ્યાં. બીજે દિવસે ગૌતમી પુત્ર નંદનો વિવાહ અને રાજ્યાભિષેક હતો. તેની ધામધૂમ મચી રહી હતી. બુદ્ધ એ નંદને ઉપદેશ આપી સંન્યાસી કર્યો. તથા પોતાનો પુત્ર રાહુલ જે એ વખતે સાત વર્ષનો હતો, તેનો પણ રાજ્યશાહી પોશાક ઉતારી પીળું વસ્ત્ર પહેરાવી આદિ ક્રિયાથી દિક્ષા આપી પોતાની સાથે સંઘમાં મેળવી લીધો. આ જોઈ આખા નગરમાં અને રાજ કુટુંબમાં મહા શોક ફેલાઈ રહ્યો સઘળે હાહાકાર થવા લાગ્યો. શુદ્ધોદન પોતાનો વંશવેલો નાશ પામતાં શોક સાગરમાં ડુબી ગયા, રૂદન કરતાં બે શુદ્ધ થઈ પડ્યા, શરીરનું ભાન પણ જતું રહ્યું. શુદ્ધિમાં આવતાં બુદ્ધને જઈ કહ્યું કે;—"હવે મારે તો જે થવાનું હતું તે થયું, પણ હવે કોઈ પણ માતા પિતાની રજા વગર કોઇ પણ છોકરાને સંઘમાં દાખલ કરીશ નહિ." બુદ્ધે પિતાની આજ્ઞા માની સંઘમાં તેનો એક નિયમ દાખલ કર્યો. બુદ્ધ ત્યાં ઘણા દિવસ રહ્યો. શાક્યવંશીઓના મનમાં નવા ધર્મનું સત્ય ઠસાવી, ફરી મગધ રાજ્યધાની રાજગૃહમાં આવ્યો. રાજગૃહ તરફ આવતાં માર્ગમાં આનંદ, દેવદત્ત, અને અનિરૂદ્ધ વગેરેને દિક્ષા આપી સંન્યાસીઓ કર્યા, તથા પોતાના સસરાના વંશના કેટલાકને દિક્ષા આપી શિષ્ય કર્યા હતા. રાજગૃહના વેણુવનમાં રહ્યા. કૌશલરાજ્યની રાજ્યધાની શ્રાવસ્તિના રહીશ એક ધનાઢ્ય સુદત્ત નામના વણિકને બૌદ્ધ ધર્મ ગ્રહણ કરાવ્યો. એ ગ્રહસ્થે પોતાના પૈસાથી બુદ્ધને ઘણી મદદ કરી, ભિક્ષુકોના ભોજન માટે પૈસા ખર્ચતા હતા, દાન ધર્મ ઘણું કરી પ્રસિદ્ધ થયો હતો. બુદ્ધ માટે શ્રાવસ્તિમાંના જેતવનમાં ઘણા પૈસા ખર્ચ કરી વિહાર બંધાવી આપ્યું. એક વખતે બુદ્ધ ચોમાસું ગાળવાને શ્રાવસ્તિ જતો હતો, ત્યાં બધા શિષ્યો અગાઉથી જઈ પોતપોતાની જગ્યા કરી બેઠા. બુદ્ધ અને બીજા અગ્રેસરો આવ્યા, તેમને ઉતરવાને જગ્યો પણ મળી નહિ. તેથી બુદ્ધે આજુબાજુ ફરીને તથા વૃક્ષ નીચે બેસીને રાત કાઢી. એવી રીતે બુદ્ધનું માન ભંગ કર્યું. શિષ્યોએ પ્રથમજ બુદ્ધના ઉતારાની સોઇ કરવી જોઇએ, તે કોઇએ કરી નહિ. એ જોઇ બુદ્ધે સવાર થતાં વિચાર કર્યો કે, "મારી હયાતીમાંજ સંન્યાસીઓ પરસ્પર શ્રદ્ધા રાખતા નથી, તો મારા મૃત્યુ પછી શું થશે?" પછી સર્વને બોલાવ્યા. જે દોષીત હતા તેનો તિરસ્કાર કરી કહ્યું કે;—"મારા ધર્મમાં ઉમરે જેઓ મોટા છે, તેઓ સર્વ કરતાં મોટા છે અને તેઓજ સર્વ કરતાં વધારે સન્માનને યોગ્ય છે." આ શ્રાવસ્તિના જેતવનના વિહારમાં બુદ્ધે ત્રિપટકના મૂળ સૂત્રની વ્યાખ્યા કરી અને રાહુલને વીશ વર્ષની ઉમર થતાં ભિક્ષુક પદમાં લીધો. ત્યારથી

રાહુલં સૂત્ર વ્યાખ્યાન થયું. અહીં અનુકુળ પ્રસંગ જાણી બુદ્ધે ધર્મનો ગૂઢ મર્મ શિષ્યો પાસે પ્રકાશ કર્યો હતો. પછી કોશલપતિ શ્રાવસ્તિનો રાજા પણ બૌદ્ધ ધર્મી થયો અને તે બૌદ્ધ ધર્મનો પ્રસાર કરવા પ્રયત્ન કરવા લાગ્યો હતો. સુદત્ત વાણિઓ બૌદ્ધ ધર્મની ઉત્પત્તિમાં પૈસો વાપરતો હતો તથા ગરીબોને દાન આપતો હતો. તેથી તેનું નામ અનાથપિંડ પડ્યું હતું, એ દાનધર્મ કરતાં સાવખાલી થઈ ગયો હતો, તોપણ તેણે એ ધર્મપર એવોને એવોજ ભાવ રાખ્યો હતો. આ વખતે એક ઉગ્રસેન નામના હાથ ચાલાકી કરનાર જાદુગરને ઉપદેશ આપી સંન્યાસી કર્યો અને સંઘમાં લીધો હતો. ત્યાંથી વૈશાલીના મહારાજાના બગીચામાં આવી રહ્યા. રોહિણી નદીના પાણી માટે શાક્ય અને કલિરાજ્ય વચ્ચે વાંધો ઉઠી ઝગડો થવાનો હતો, પણ બુદ્ધે તેમને ઉપદેશ આપી વાંધો પતાવ્યો અને એ કાપાકાપીમાં મનુષ્યોની હિંસા થતી અટકાવી.

આ વખતે પિતા શુદ્ધોદન મરણ તુલ્ય માંદગીમાં છે, એ સાંભળી બુદ્ધ કપિલવસ્તુ આવી, શિષ્યો સાથે પિતાની પથારીને વીંટી બેઠો. શુદ્ધોદન શુદ્ધિમાં આવતાં બુદ્ધને જોઇ જરા આનંદ થયો. આ વખતે તેને બોલવાની શક્તિ નહોતી, બીજે દિવસે એ ૯૭ વર્ષની ઉમરે મરણ પામ્યો. કપિલવસ્તુ નગરી શોક સાગરમાં ડુબી ગઇ, બુધ્ધે પિતાના દેહને સ્મશાનમાં લઇ જઈ અગ્નિ સંસ્કાર કર્યો. સૌ રૂદન કરતાં હતાં, તેમને બુધ્ધે બોધ કરી શાંત કર્યાં. રાજકુમારો એક પછી એક સંન્યાસી થયા હતા, તેથી શુદ્ધોદનના મરણ પછી શાક્યકુળ નાશ પામ્યું. રાજ કુટુંબની સ્ત્રીઓ છતે ધણીએ વિધવા થઈ હતી, તે બહુ દુઃખદાયક સ્થિતિમાં આવી પડી હતી, તે સર્વેએ બુદ્ધ પાસે આવી સંન્યાસિનીઓ થવાની માગણી કરી. આપરથી બુદ્ધ વિચારમાં પડ્યો; કેમકે હજુ કોઇ પણ સ્ત્રીઓને સંન્યાસિનીની દિક્ષા આપવાનો ધારો નહોતો. તેથી ઘણો વિચાર કરી છેવટ આનંદ શિષ્યની સલાહથી એ સર્વેને દિક્ષા આપી સંન્યાસિની કરી અને ગોપાને એ સર્વેની પ્રમુખ બનાવી. સ્ત્રીપુરૂષોને એક સરખો અધિકાર આપ્યો. તેના કેટલાક નિયમો બાંધ્યા. રાજ્ય કુટુંબની આવી સ્થિતિ જોઈ પ્રજા દુઃખ પામી રૂદન કરવા લાગી હતી. પછી બુદ્ધ ત્યાંથી અલાહાબાદની દક્ષિણમાં યમુના પાસે કોશમના પર્વત ઉપર ગયો. ત્યાં એકલો ગુફામાં જઇ ધ્યાનમાં મગ્ન થયો. એ પછી ફરી ધર્મ પ્રચારનો વિચાર કરી રાજ ગૃહમાં આવ્યો. ત્યાં બિંબસારની પટરાણી ક્ષેમા સંસાર ત્યાગ કરી સંન્યાસિની થઈ સંઘમાં આવી રહી. તેથી એ રાજ્યમાં ગડબડ ઉઠી હતી.

આનંદ શિષ્ય જે બુદ્ધને પ્રિય હતો અને તે ઘણો હુશિઆર ગણાતો

હતો, એ પોતાની પ્યારી સ્ત્રીને મૂકીને સંન્યાસી થયો હતો. હવે તેનું મન ચંચળ થયું, તેને સ્ત્રી પુત્રનું સુખ યાદ આવ્યું. તેથી સંન્યાસ ત્યાગીને ઘેર જઈ ગૃહસ્થાશ્રમ ભોગવવાને તૈયાર થયો. એ બુદ્ધના જાણવામાં આવતાં, તેણે તેને કેટલોક બોધ આપી સમજાવી અટકાવી રાખ્યો. પછી આનંદે પોતાની સ્ત્રીને સંન્યાસિની કરી સંઘમાં દાખલ કરી. બુદ્ધ પુનર્જન્મને માનતો હતો અને પુનર્જન્મમાં કોણે શું શું કર્યું, એનાં દૃષ્ટાંત આપી ઉપદેશ કરતો હતો. પછી બુદ્ધ જેતવનમાં વર્ષાકાળ ગાળવાને સર્વ શિષ્યો સાથે આવ્યો. એ વખતે તીર્થંકર નામના બ્રાહ્મણો સાથે વાદવિવાદ થયો હતો, એ બ્રાહ્મણોએ તેમને અપમાન કરવાને ઘણા ઉપાયો કર્યા હતા. બીજે વર્ષે ચોમાસુ ગાળવાને કપિલવસ્તુના સંસુમાર પર્વત ઉપર આવ્યો, ત્યાં નકુલ અને મદ્દગાલિ નામના બે શિષ્યોનાં માબાપ દિક્ષા લઈ સંન્યાસી થયાં. ત્યાંથી શરદઋતુમાં કૌશંબી પર્વત ઉપર આવ્યો. ત્યાં બુદ્ધના નવમે વર્ષે સંઘમાં મોટો કુસંપ પેઠો. તેથી ઘણો વિવાદ ચાલ્યો. મુદ્દગાલિ બુદ્ધની સરળતા ઉપર વિશ્વાસ રાખતો નહોતો. તેણે બીજા શિષ્યોને સમજાવી વિવાદ આદર્યો, બુદ્ધે સંઘમાં પ્રેમ વધારવા અને શાંતિ કરવા ઘણા ઉપાય કર્યા, પણ સર્વ વૃથા ગયા. તેથી બુદ્ધ દુઃખિત થયો અને એ સર્વેથી જુદો પડી એકલો પારિલેયક વનમાં જઇ રહ્યો. પછી તેણે એકલાંજ ફરવાનો નિશ્ચય કર્યો હતો, પણ શિષ્યો ત્યાં આવ્યા. બુદ્ધ શિષ્યોના સ્નેહમાં લુબ્ધ હતો. તેથી તેણે તેમના કહેવા પ્રમાણે કર્યું. એ પછી તે શ્રાવસ્તિમાં ચોમાસુ ગાળી, રાજગૃહમાં આવ્યો, ત્યાં ભરદ્વાજ નામના ખેડુત બ્રાહ્મણને દિક્ષા આપી સંન્યાસી કર્યો. બુદ્ધ ૨૯ ઓગણત્રીશ વર્ષની ઉમરે સંન્યાસી થયો હતો, તેને આજે કેટલાંક વર્ષ થતાં આ વખતે તેની ઉમર ઘણી થઇ હતી, તોપણ ઉમંગમાં તેવોને તેવોજ હતો. તે પછી કૌશલ દેશના સાતિયવિજય નગર થઈ દક્ષિણમાં મન્તલદેશમાં ધર્મોપદેશ કરવાને ગયો. ત્યાંથી બનારસ, વૈશાલી થઈ શ્રાવસ્તિ આવ્યો. ત્યાં બુદ્ધે પુત્રની પાસે મહા રાહુલના સૂત્રની વ્યાખ્યા કરી, રાહુલને ઉપદેશ આપ્યો કે:—“ વિશ્વાસ બળથી તું ગૃહ ત્યાગીને આવ્યો છે, હવે પંચેંદ્રિયના વિષય, જે જોવામાં સુંદર છે અને મનને પ્રીતિદાયક છે તેનો ત્યાગ કરીને તું દુઃખનો છેડો લાવ. સાધુ બંધુઓની સાથે સર્વદા રહેજે, જુદા બિછાનામાં સૂજે, અને જુદા આસનપર બેસજે, અશાંતિ ઉત્પન્ન થાય તેની તજવીજ રાખજે, ખાવા પીવામાં સર્વદા મિતાહાર રહેજે, પીળાં વસ્ત્ર, ખાવાનું, રોગીઓનો ખોરાક, બિછાનું અને આસન માટે વાસના મનમાં રાખીશ નહિ. ફરીથી સંસારમાં પ્રવેશ કરીશ નહિ. સાવચેતિથી સંન્યાસ નિયમનું પાલન કરજે અને પંચેંદ્રિયને વશ કરજે. સર્વદા શ્રમશીલ રહેજે, જીવનની અસારતા સમજીને ઇંદ્રિય સુખનાં

સર્વ કારણને દૂર કરજે, મનને સ્થિર અને શાંત કરીને ચિંતાશીલ રહેજે." ઇત્યાદિ વૈરાગ્યનો બોધ કર્યો હતો. પછી કપિલવસ્તુમાં ચોમાસું ગાળવાને જઇ, તેના કાકા અમૃતોદનનો પુત્ર મહાનામ એ ગાદીપર હતો, તેને ઉપદેશ કરી સંન્યાસી કર્યો. તેથી શાક્યવંશનો છેડો આવ્યો. અલાબી નામે એક સ્થળમાં આવી રહેતાં એક માણસે કહ્યું કે, તું મારા પ્રશ્નોના જવાબ આપ નહિ તો તને મારી નાંખીશ. એમ કહી પ્રશ્નો પૂછ્યા કે;—"આ પૃથ્વીમાં મનુષ્યનું સર્વથી શ્રેષ્ઠ ધન શું છે? શુ કર્યાથી મનુષ્યને સુખ મળે છે? સર્વ કરતાં સ્વાદવાળી વસ્તુ કયી છે? કયા મનુષ્યનું જીવન શ્રેષ્ઠ છે? કેવી રીતે જન્મ ક્લેશને દૂર કરૂં? કેવી રીતે જીવન સમુદ્ર પાર થાઉં? કેવી રીતે દુઃખથી અતીત થાઉં? કેવા ઉપાયથી પવિત્ર અને શુદ્ધ થાઉં? કેવી રીતે જ્ઞાન, ધન, યશ, અને બંધુ મળે? શું કર્યાથી પરકાલમાં દુઃખના હાથથી છૂટાય?" એ સાંભળી બુદ્ધે ઉત્તર આપ્યા કે;—"વિશ્વાસજ મનુષ્યનું સર્વથી શ્રેષ્ઠ ધન છે. ઉત્તમ રીતે ધર્મ પાળવાથીજ સુખ ઉત્પન્ન થાય છે, સત્યજ સર્વ વસ્તુના કરતાં પ્રીતિ કરે છે. ખરા જ્ઞાની મનુષ્યનું જીવનજ સર્વ કરતાં શ્રેષ્ઠ જીવન છે. વિશ્વાસ બળાથીજ જન્મ ક્લેશ નાશ પામે છે, યત્ન કર્યાથી દુઃખ દૂર કરી શકાય છે, પરમ જ્ઞાન મેળવ્યાથી પ્રાણુ પવિત્રતા મેળવે છે, જે શ્રદ્ધા ભક્તિથી ધર્મપર વિશ્વાસ રાખે છે અને ધર્મની વાત સાંભળે છે તે પરમ જ્ઞાન મેળવે છે, જે કર્તવ્ય કાર્ય કરે છે, અને જે પરિશ્રમી છે તે ધન મેળવે છે, સત્યને અનુસરી ચાલ્યાથી યશ લાભ થાય છે, પ્રેમથી બંધુ મળે છે. જે ગૃહસ્થ સત્ય, આત્મ સંયમ, દઢતા, ઉપકાર અને ક્ષમા મેળવે છે તે પરકાળે કંઈ પણ દુઃખ ભોગવતો નથી." એ રીતે એ માણસ બુદ્ધનો ઉપદેશ સાંભળી ખુશી થયો અને દિક્ષા લઇ સંન્યાસી થયો તથા ઉપદેશ આપતો ફરવા લાગ્યો.

બુદ્ધ મગધ દેશમાં ધર્મોપદેશ કરતો ફરતો હતો, ત્યાં માર્ગમાં એક હરણુ વાઘરીની જાળમાં ફસાએલું હતું. તે વાઘરીને ઉપદેશ આપી, મૃગ મૂકાવી તેના સર્વ કુટુંબને દિક્ષા આપી સંન્યાસી કર્યાં. આ વખતે બુદ્ધની ઉમર ૫૫ પંચાવન વર્ષની હતી. ઘણા પરિશ્રમથી તેનુંશરીર દુર્બળ થઈ ગયું હતું. ભિક્ષા માગવા જઇ શકતો નહોતો, શિષ્યો માગી લાવી ખવરાવતા હતા. ચાલિયની ગામ પાસેના જંગલમાં એક અંગુપાલ નામે લૂટારો રહેતો હતો, તેનો જૂલમ ઘણો હતો, તેને ઉપદેશ આપી, એ ધંધાથી મૂકાવી સંન્યાસી કર્યો. શ્રાવસ્તિ નગરની એક વિશાખા નામે સ્ત્રીએ પોતાનું સર્વસ્વ અર્પણ કરી અયોધ્યા નગરમાં પૂર્વારામ નામનું એક વિહાર બંધાવી આપ્યું. ત્યાંથી બુદ્ધ કૌશાંબીમાં આવ્યો. ત્યાં દેવદત્તનું લોકોએ ઘણું અપમાન કર્યું હતું. તે-

થી એ રાજગૃહમાં આવ્યો. ત્યાંના રાજા બિંબસારના પુત્ર અજાતશત્રુએ તેને એક વાસભવન બનાવી આપ્યું. પછી બુદ્ધ ત્યાં આવ્યો. દેવદત્તે તેને કહ્યું કે:—"મને એક જુદો ભિક્ષુકદળ સ્થાપી આપો અને તેને પાળવાના કઠણ નિયમો બાંધો." બુદ્ધે એમ કરવાની ના પાડી. તેથી દેવદત્તે તેનાથી જુદો પડી સ્વતંત્ર સંન્યાસાશ્રમ સ્થાપવાનો વિચાર કર્યો. આ વખતે બુદ્ધની ઉમર ૭૨ વર્ષની થઇ હતી. બિંબસારને તેના પુત્ર અજાતશત્રુએ દેવદત્તના કહેવાથી મારી નાંખ્યો, કેમકે એ બુદ્ધનો પરમ ભક્ત હતો અને તેની મદદથી બુદ્ધને કોઈ અડચણ કરી શકતું નહોતું. હવે બુદ્ધને એની પૂરી મદદ ગઇ. રાજગૃહમાં અંધેર ચાલવા માંડયું. સંઘમાં મુખ્ય થવાની દેવદત્તની ઇચ્છા હતી, તેથી તેણે બુદ્ધને મારી નાંખવાનો ત્રણવાર ઉપાય કર્યો હતો, પણ તેમાં તે ફાવ્યો નહોતો. પછી દેવદત્તે સંઘને પાળવાના કેટલાક કઠણ નિયમો બુદ્ધ પાસે જઇને જાહેર કર્યા અને કહ્યું કે, એ પળાવો, પણ બુદ્ધે કહ્યું કે:—જેની ખુશી હોય તે પાળે. સર્વને માટે એક જાતના અઘરા નિયમ બાંધવાથી નિર્વાણ ઇચ્છિનારાને બંધનકારક થાય. નિર્વાણ માર્ગ બતાવવો એજ મારો હેતુ છે. પછી દેવદત્તે અજાતશત્રુની મદદથી એક જુદો આશ્રમ બાંધ્યો, પણ એ થોડો કાળ જીવી મરણ પામ્યો. બુદ્ધની હયાતી છતાંજ અજાતશત્રુએ રાજ્ય લોભથી ગૌત્તમ-બુદ્ધના મરણ અગાઉ એક વર્ષ બુદ્ધનું સંબંધી મોટું વિહારક્ષેત્ર શ્રાવસ્તિ જીતી લીધું અને પછી બુદ્ધના પિતાની રાજ્યધાની કપિલવસ્તુનો નાશ કર્યો.

બુદ્ધ પોતાની ૭૯ વર્ષની ઉમરે રાજગૃહ આવી શરદ ઋતુમાં ગૃધ્રકૂટ પર્વતની ગુફામાં રહ્યો. આ વખતે તેણે આનંદ શિષ્યને કહી સર્વ સ્થળેથી શિષ્યોને એકઠા કરી, સમાજના ભલાના ઉપાય માટે વ્યાખ્યાન કર્યું હતું. પછી નાલન્દામાં બૌદ્ધ ધર્મ શિખવાનું મોટું વિદ્યાલય હતું. ત્યાંના પાવારિક નામનાં ચ્યુત વનમાં બુદ્ધ આવ્યો, ત્યાં સારિપુત્ર મળ્યો. પછી આનંદને કહી મહાવનના કૂટાગાર વિહારમાં ભિક્ષુક મંડળને એકઠું કરી, ધર્મનો ફેલાવો શી રીતે કરવો અને નિર્વાણ કેવી રીતે વર્તવાથી મળશે એનો ઉપદેશ આપ્યો હતો. પછી બુદ્ધે સર્વ સમાજ સમક્ષ કાસ્યપને પોતાના મરણ પછી અધ્યક્ષ તરીકે ઉપદેશ આપવાનું કહી પોતાના વસ્ત્ર કાસ્યપને આપ્યાં અને કાસ્યપનાં પોતે લીધાં; એ રીતે બુદ્ધના મરણ પછી કાસ્યપ બુદ્ધ તરીકે ઉપદેશ આપવાને ઠર્યો. બુદ્ધ ત્યાંથી પાવા ગામમાં આવ્યો ત્યાં ચંડ નામે કંસારે ભોજનનું સર્વને આમંત્રણ કર્યું હતું. કંસારે ભોજનમાં બીજા પદાર્થોની સાથે સૂવરનું સૂકું માંસ ખાવા તૈયાર કરી રાખ્યું હતું. બુદ્ધનો નિયમ હતો કે, જે આપે તેજ ખાવું, પરંતુ સંન્યાસી જાણીને તેને કોઈ માંસ આ-

પતું નહિ. આ વખતે ચંડને માઠું લાગે એવા હેતુથી બુદ્ધે તેને કહ્યું કે;—"તું માંસ મને આપજે, મારા સિવાય કોઇને આપીશ નહિ." બુદ્ધે કદી માંસાહાર કર્યો નહોતો, આ વખતે માંસ ખાવાથી બદહજમી થઇ. તેથી શરીર બગડયું, ચાલવાની શક્તિ રહી નહિ; તોપણ કુશી નગરના મલ્લ રાજાઓના શીલ વનમાં ગયો, ત્યાં આનંદ શિષ્ય જે તેનો અતિ પ્રિય શિષ્ય હતો. તેને કહ્યું કે;—"સ્ત્રીઓની તરફ મોં ફેરવીને જોશો નહિ, જો કદી નજરે પડે તો તેઓની સામે વાત કરશો નહિ, જો તેઓ વાત કહે તો સચેતન્યથી તેઓની વાતનો જવાબ આપજો." આ જોતાં બુદ્ધનો સ્ત્રીઓ પ્રત્યે હિનભાવ પૂર્ણ રીતે ઓછો થયો નહોતો, એવું આ બોધથી જણાય છે. બુદ્ધે પોતાના મૃત દેહની વ્યવસ્થા કરવા માટે અહીં કેટલીક સુચના કરી હતી. છેવટ કહ્યું હતું કે;—ભિક્ષુક ગણ! માનવદેહ અને શક્તિ ક્ષણભંગુર છે. આ વાક્ય પ્રાણમાં દૃઢ રૂપે અંકિત કરીને કલ્યાણને માટે યત્નશીલ થાઓ." આટલી વાત કરી તરત તેની જીભ બંધ થઇ ગઇ, ચેતના જતી રહી અને નાશવંત દેહનો ત્યાગ કરી ૮૦ વર્ષની ઉમરે તેનો અમર આત્મા નિર્વાણ પામ્યો. આ જોઇ ભિક્ષુકો મહા રૂદન કરવા લાગ્યા. મૃત્યુ પછી સાતમે દિવસે તેના દેહને કપડામાં લપેટીને ઉપર સાફ કરેલું ધોળું રૂ વીંટાળ્યું. પછી એ શબને તેલમાં બોળી સુગંધી કાષ્ટની ચિતામાં બાળી ભસ્મ કર્યું. એની રાખ સુગંધી પુષ્પમાં રાખીને શિષ્યો નાચતા કુદતાં લઇ ગયા. પછી એ રાખ, હાડકાં શિષ્યોએ જુદે જુદે સ્થળે લઇ જઇ દાટયાં, તેનાપર ચૈત્ય બનાવ્યાં. એ ચૈત્યને તેઓ ભક્તિ ભાવથી પૂજવા અને માનવા લાગ્યા. બૌદ્ધ ધર્મના યતિઓ ભિક્ષુક, સૌગત, શાક્ય, શુદ્ધોદત, ગત અને શૂન્યવાદી એવા નામથી ઓળખાય છે. એના યતિઓ માથું મુંડાવે છે, હાથમાં કમંડળુ ધારણ કરે છે, પીળાં રંગેલાં લુગડાં પગની ઘુંટી સુધી પહેરે છે. હાથમાં કે બગલમાં ચમરની એક સાવરણી રાખે છે. શૌચ ક્રિયા કરે છે, ભિક્ષા માગતાં પાત્રમાં માંસાદિ જે આવે તે સર્વ શુદ્ધ માની ભક્ષણ કરે છે. જીવ દયા માટે ચાલતાં પણ સાવરણીવડે વાળતા જાય છે. બ્રહ્મચર્યાદિક સ્વધર્મ ક્રિયામાં દૃઢ રહે છે, ધર્મ, બુદ્ધ, અને સંઘ એ ત્રણને રત્ન કહે છે. તેઓ પોતાના ધર્મમાં આવી પડેલાં વિઘ્નો નાશ કરનારી તારાદેવીને માને છે, બુદ્ધનેજ દેવ કરી માને છે, દેવાલયો ગોળાકાર બાંધે છે, તેમાં બુદ્ધની મૂર્ત્તિ પધરાવીને પૂજે છે. તેમના યતિઓના રહેવાના ઘરને વિહાર કહે છે. એ ધર્મના ગૃહસ્થો યતિઓને વંદના કરે છે. બુદ્ધનાં સર્વજ્ઞ, સુગત અને ગત એવાં નામ છે. એ પ્રત્યક્ષ અને અનુમાન એ બે પ્રમાણને માને છે.

બૌદ્ધ ધર્મનાં તત્ત્વ—બુદ્ધે પોતાના શાસ્ત્રમાં ચાર તત્ત્વ નિર્માણ કર્યાં

છે. દુઃખ, સમુદય, માર્ગ, અને નિરોધ એ ચાર છે. (૧) દુઃખ તત્વના—વિજ્ઞાન, વેદના, સંજ્ઞા, સંસ્કાર અને રૂપ એ પાંચ સ્કંધ ઠરાવ્યા છે. રૂપ, રસાદિ વિજ્ઞાનને વિજ્ઞાન સ્કંધ કહે છે. પૂર્વ કર્મના ફળથી સુખ, દુઃખનો જે અનુભવ થાય છે તેને વેદના કહે છે. નામ, જાતિ આદિને સંજ્ઞા કહે છે. પાપ થકી થયેલા પરિણામને સંસ્કાર કહે છે. પરમાણુઓનો સમુહ થઇને જે દૃષ્ટિગોચર થાય છે તેને રૂપ કહે છે, આ પાંચે સ્કંધ ક્ષણિક છે. (૨) સમુદય તત્વ એ દુઃખ તત્વનું કારણ છે. જેથી રાગ દ્વેષ મોહાદિકનો સમૂહ ઉદય પામે છે. આ "હું" અને આ "મારૂં" એ સંબંધથી પ્રાણીઓમાં પ્રીતિ ઉદય થાય છે અને આ "પર" અને આ "પારકું" એ સંબંધથી દ્વેષ ઉદય થાય છે. એ રીતે તૃષ્ણાથી પ્રાણીઓમાં રાગદ્વેષાદિકનો સમુહ જેથી ઉત્પન્ન થાય છે તેને સમુદય તત્વ કહે છે. દુઃખ તત્વ અને સમુદય તત્વથી સંસારમાં પ્રવૃત્તિ થાય છે. એના વિરોધી (વૈરાગ્યહેતુક) માર્ગ અને નિરોધ તત્વ છે. (૩) માર્ગતત્વ—અહીંના સર્વ પદાર્થ ક્ષણિક છે, કોઈ આત્મીય નથી, એવી જે વાસના તેને માર્ગતત્વ કહે છે. ઘણા થોડા સમયનું ક્ષણ નામ છે. ક્ષણમાં થઇને નાશ પામે તેને ક્ષણિક કહે છે. સર્વ પદાર્થ ક્ષણિક કહ્યા છે, તેમાં આત્મા પણ આવી ગયો. બૌદ્ધ મતમાં આત્માને ક્ષણિક અને પુદ્‌ગલ માને છે. જે વસ્તુ એક તરફથી પોષણ પામે અને બીજી તરફથી ગળે તેને પુદ્‌ગલ કહે છે. વેદ મતવાળા તથા જૈન મતવાળા આત્માને ક્ષણિક અને પુદ્‌ગલ માનતા નથી, પણ આત્માને નિત્ય કહે છે. જે વસ્તુ ઉપજે નહિ, વિણશે નહિ અને એમાંથી કાંઈ ખરે નહિ તેને નિત્ય કહે છે. બૌદ્ધ મતવાળા કહે છે કે, દીવાની જ્યોતિની પેઠે સર્વ પદાર્થ એક તરફથી જોડાય છે અને બીજી તરફથી વિણશે છે. જે ક્ષણમાં પરમાણુઓનો સમુહ મળેલો રહે છે, તે ક્ષણમાં પદાર્થ દેખવામાં આવે છે. વિણસ્યા પછી દેખાતા નથી. આ માર્ગતત્વ આગલા નિરોધ તત્વનું કારણ છે; કેમકે સર્વે ક્ષણિક છે એવું જ્ઞાન થતાં વૈરાગ્ય ઉપજીને ચિત્તનો નિરોધ થઇ શકે છે. (૪) નિરોધ તત્વ—સર્વે પદાર્થ ક્ષણિક છે, એવી વાસનાને રૂંધવા એને નિરોધ કહે છે. નિરોધનું નામજ મોક્ષ છે.

બૌદ્ધ મતના ચાર ભેદ છે.—વૈભાષિક, સૌત્રાંતિક, યોગાચાર અને માધ્યમિક એ ચાર છે. (૧) વૈભાષિક મતમાં—ચતુઃક્ષણિક વસ્તુ છે એટલે વસ્તુઓ ચાર ક્ષણમાં ઉપજીને વણશે છે. જાતિ, સ્થિતિ, જરા અને વિનાશ એ ચાર ક્ષણ છે. પૂર્વ ક્ષણમાં જાતિ જણે છે એટલે ઉપજાવે છે. બીજા ક્ષણમાં સ્થિતિ આપે છે એટલે રાખે છે. ત્રીજા ક્ષણમાં જરા જર્જર કરી નાંખે છે. એટલે પરમાણુંને પૃથક પાડે છે. ચોથા ક્ષણમાં વિનાશ વિણસાડે છે એટલે અદર્શ કરી નાંખે છે. સર્વે પદાર્થના જેવીજ આત્માની પણ દશા

થાય છે. માટે એને પુદ્‌ગળ કહે છે. (૨) સૌત્રાંતિકના મતમાં—વિજ્ઞાનાદિક પાંચ સ્કંધજ છે, આત્મા નથી. એ પાંચ સ્કંધજ પરલોકમાં જાય છે. સર્વે પદાર્થ ક્ષણિક છે. ચાલતો પ્રવાહ ઉછિન્ન થાય તેને મોક્ષ કહે છે. (૩) યોગાચારના મતમાં—આ વિશ્વ વિજ્ઞાનરૂપ છે, એથી બાહ્ય કાંઇ નથી. કાળું, ધોળું એ જે વિભાગ દેખાય છે, તે વાસનાથી દેખાય છે. સર્વે વાસનાઓનું આધાર ભૂત ધર વિજ્ઞાન છે. વિશુદ્ધ વિજ્ઞાન થાય એજ મોક્ષ છે. (૪) માધ્યમિક—એ મતમાં આ સર્વે જગત્ શૂન્ય છે, એટલે કાંઇ વસ્તુ નથી, પ્રમાણ, પ્રમેયનોજ વિભાગ છે, તે સ્વપ્ન જેવો છે. સર્વ શૂન્ય છે, એવી દૃષ્ટિએ જોવું, એવીજ ભાવના કરવી એ મોક્ષ છે. બુદ્ધ પછી એના ધર્મમાં કાશ્યપ, વિપશ્યી, શિખી, વિશ્વભૂ, કકુછંદ, કાંચન, શાક્યસિંહ, એ સાત બૌદ્ધ થયા છે. એ ધર્મ આ દેશમાં ઘણા વર્ષ ચાલ્યો હતો. સિદ્ધાર્થ-બુદ્ધને થયાને આજે આશરે ૨૪૦૦ વર્ષ થવા આવ્યાં છે. એ ધર્મ આ દેશમાંથી નાશ પામી, હાલ ચીન, જાપાન, ટિબેટ, બ્રહ્મદેશ, તાતાર, સિંહલદ્વીપ વગેરે દેશોમાં ચાલે છે. એ ધર્મને માનનારા આશરે ૩૫ પાંત્રીશ કરોડ લોકો પૃથ્વીમાં વસે છે એવું કહેવામાં આવે છે. પણ કાળે કરીને એ ધર્મપર એ દેશના લોકોની પ્રીતિ ઓછી થવા લાગી છે. એવું હાલ કેટલીક રીતે જણાઇ આવ્યું છે.

બૌદ્ધધર્મ ઉત્થાપી, વેદના કર્મકાંડ સ્થાપક.

કુમારિલભટ્ટાચાર્ય.

ભરતખંડમાં બૌદ્ધ ધર્મ બહુ પ્રસાર પામ્યો હતો. એ લોકો પોતાના ધર્મની સ્તુતિ અને વેદ ધર્મની નિંદા કરતા હતા. બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રૈવર્ણિક સંમત વર્ણાશ્રમ, વેદ, યજ્ઞ અને બ્રાહ્મણોની અદેખાઇ કરતા હતા. ઇત્યાદિ કારણોથી વેદ ધર્મને હાની પહોંચી હતી. એ વખતે દેવતાઓની પ્રાર્થનાથી કરૂણાનિધિ મંગળમય પ્રભુ સદાશિવે કાર્તિક સ્વામીને આજ્ઞા કરી કે;—"હે સૌમ્ય! જગતના ઉદ્ધારને સારૂ વિષ્ણુ અને શેષ કે જે મારા ગૂઢ હેતુને જાણે છે. તેમણે મારી આજ્ઞાથીજ સંકર્ષણ અને પતંજલિ એનામથી ઉપાસના અને યોગકાંડના ગ્રંથો કર્યા છે. જ્ઞાનકાંડનો ઉદ્ધાર હું કરીશ, એ મેં દેવોને જણાવેલું છે, એ તમે જાણો છો. કર્મકાંડનો તમે ઉદ્ધાર કરો. જે સુગતો—બૌદ્ધો આદિ વેદ ધર્મને અડચણ કરતા હોય, તેમને જીતીને વેદધર્મની મર્યાદા સ્થાપન કરો. બ્રહ્મા મંડન મિશ્ર નામે અને ઇંદ્ર સુધન્વા રાજા નામે અવતરીને તમને મદદ કરશે." ઇત્યાદિ આજ્ઞા કાર્તિક સ્વામીએ માન્ય કરી, બહાર પ્રાંતમાં મહાનદી કિનારે જયમંગળ

ગામમાં યુદ્ધિષ્ટર શક. ૨૧૧૦માં ધાતા નામના સંવત્સરમાં વૈશાક સુદ ૧૫ રવિવારે સર્વોત્તમ બ્રાહ્મણ કુળમાં જન્મ લીધો. એના પિતાનું નામ યજ્ઞેશ્વર ભટ્ટ હતું. એ મહા વિદ્વાન અને પવિત્ર હતો. એ જાતે તૈત્તિરીય શાખાનો યજુર્વેદી તૈલંગણ બ્રાહ્મણ હતો. તેમણે પોતાના પુત્રનું નામ કુમારિલ ભટ્ટ પાડયું. કુમારિલભટ્ટની માતા ચંદ્રગુણા મહા પતિવ્રતા સ્ત્રી હતી. કુમારિલભટ્ટ મહાતીવ્ર બુદ્ધિના, તેજસ્વી અને મહા ચંચળ હતા. તેમણે ટુંક મુદતમાં ગુરૂ ગૃહે વેદ, વેદનાં અંગો, આદિ ગ્રંથોનો અવિછિન્ન અભ્યાસ કર્યો. વેદના કર્મકાંડ ઉપર જૈમિનીય સૂત્ર છે, જેને પૂર્વ મિમાંસા કહે છે. એ ઉપર શાબર મૂનિએ શાબર ભાષ્ય રચેલું છે. એ પર તેમણે વાર્તિક ગ્રંથ કર્યો. (જે ન્યૂન હોય તે પૂર્ણ કરવું અને અયોગ્ય હોય તે દેખાડવું એવા ગ્રંથને વાર્તિક કહે છે.) કુમારિલભટ્ટને ભટ્ટપાદ પણ કહે છે. ભટ્ટપાદની સર્વોત્તમ વિદ્વતા જોઈ, ભરતખંડના ઘણા ભાગમાંથી વિદ્યાર્થીઓ તેને ત્યાં ભણવાને આવતા હતા. વિશ્વરૂપ, પ્રભાકર, મુરારિમિશ્ર, અને પાર્થસારથિમિશ્ર એ ચાર શિષ્યો મુખ્ય અને ગ્રંથકર્ત્તા થયા છે. એ સિવાય એના હજારો શિષ્ય હતા.

બૌદ્ધ ધર્મે વેદ ધર્મને હાની કરી હતી, એ લોકોના મત પ્રભાવથી લોકોમાં કુબુદ્ધિ ઉત્પન્ન થઈ હતી. એક સમયે ભટ્ટપાદ પોતાના શિષ્યો સહિત ગંગા કિનારે સંધ્યાકર્મ કરતા હતા. એ વખતે યાત્રિક બ્રાહ્મણોએ આવી કહ્યું કે;—"બૌદ્ધોના કુતર્કો હવે પૃથ્વીપર રહેશે નહિ" ઇત્યાદિ વાકયો સાંભળીને ભટ્ટપાદે કહ્યું કે, હું જીવતો છતાં જ્યારે વેદ ધર્મ જાય, ત્યારે મારા અવતારનું કાંઇજ ફળ નહિ. એ પ્રમાણે બોલ્યા પછીજ ભટ્ટપાદે બૌદ્ધ મત ખંડનના ગ્રંથો રચવા ધાર્યા, પણ પ્રથમ એમનો શો મત છે અને વેદ ધર્મ ઉત્થાપવાને તેઓ કેવા કેવા કુતર્કો કરે છે, એ જાણવાનો વિચાર કર્યો. જૈન મતના આચાર્ય શ્રીનીકેતન પાસે વિદ્યાર્થી થઇને તેમનો મત સમજી લીધો પછી ચંપાનગરીમાં આવ્યા, ત્યાં બૌદ્ધાચાર્ય પોતાના શિષ્યોને વેદ ધર્મ ઉત્થાપવાના તર્ક ગ્રંથ શિખવતો હતો. એ શિષ્યોના ટોળામાં ભટ્ટપાદ પણ જઇને તેના કુતર્કો સાંભળતો હતો. અને ત્યાંના રાજાના બાગ પાસે એક ધર્મશાળા હતી તેમાં રહેતો હતો. એક વખતે એ બાગમાં માળી તુળશીપત્ર ચૂંટતો હતો, એ ભટ્ટપાદના જોવામાં આવ્યો. માળી ભટ્ટપાદને જોઇ ઘણું બીનો કે આ કોઇ બૌધ છે. તે જો રાજાને જઇને કહેશે, તો મારૂં સર્વસ્વ લૂટી લેશે. ત્યાંનો રાજા સુધન્વા બૌદ્ધ મતનો હતો. બૌદ્ધ ધર્મમાં તુળશી ચૂંટવાનો દોષ છે. પછી એ માળી અનેક સંકલ્પ વિકલ્પ કરતો ભટ્ટપાદ પાસે આવી આજીજી કરવા લાગ્યો કે, તમે રાજાને તુળશીપત્ર ચૂંટવાની વાત કરશો નહિ. એ સાંભળી ભટ્ટપાદે કહ્યું કે, હું એ વાત રાજાને નહિ કહું, પણ તું

તુળશી કોના સારૂ ચૂંટે છે? એ મને જણાવ. એ માળીએ રાજાની રાણીનું નામ આપ્યું. રાણી વેદધર્મી હતી, તે નિત્ય વિષ્ણુ પૂજા કરવા તુળશી મંગાવતી હતી. પછી ભટ્ટપાદે એ માળી સાથે રાણીને પત્રમાં લખી જણાવ્યું કે;—"હું ભટ્ટાચાર્ય તારા નગરની ચર્ચા જોવાને આવ્યોછું અને બૌદ્ધમત ખંડન કરવા તેનાં કુતર્કો સાંભળુંછું." આ સાંભળી રાણી રાજી થઇ હતી અને ભટ્ટપાદને મળવાને ઘણી આતુર હતી. એક સમે ભટ્ટપાદ રાજ માર્ગને રસ્તેથી ચાલ્યા જતા હતા, રાણી મેહેલના ગોખે બેઠી અફસોસમાં એક શ્લોકનો પૂર્વાર્દ્ધ બોલતી હતી કે;—

किंकरोमिक्वगच्छामिकोवेदानुद्धरिष्यति ॥

અર્થ—શું કરૂં, અને ક્યાં જાઉં! હવે વેદનો કોણ ઉદ્ધાર કરશે! આ શ્લોકાર્દ્ધ સાંભળીને ભટ્ટાચાર્યે ચાલ્યા જતાં ઉત્તરાર્દ્ધ કહ્યો કે;—

माविषादवरारोहभट्टाचार्योस्मिभूतले. ॥

અર્થ—મોટા આસને બેઠેલી તું મનમાં ખેદ પામીશ નહિ. હું ભટ્ટાચાર્ય પૃથ્વી ઉપર છું, પછી રાણીએ દાસી મોકલીને ભટ્ટાચાર્યને પોતાને મહેલ બોલાવી કહ્યું કે;—"રાજા મને બૌદ્ધ મતમાં નાંખવા પાંડે છે. માટે ઉતાવળથી તેમને જીતવા." ભટ્ટાચાર્યે કહ્યું કે;—"હું જે બૌદ્ધ મત ખંડન તને સંભળાવું, તે તું પ્રસંગ પડતાં રાજાને સંભળાવજે. રાજા જો વિચાર કરશે તો તેની બુદ્ધિ વેદ ધર્મ ભણી થશે." રાણી પંડિત હતી, ભટ્ટપાદે જે ખંડન વચનો કહ્યાં, તે તેણે ધારણ કરી લીધાં. સુધન્વા રાજા એ ઇંદ્રનો અવતાર હતો, અને વેદનો ઉદ્ધાર કરવામાં મદદ કરવા અવતર્યો હતો. બૌદ્ધધર્મ એ વેદધર્મ વિરૂદ્ધ છે એમ જાણતો હતો, છતાં ઉપરથી બૌધ ધર્મ પાળતો હતો અને બૌદ્ધ ધર્મના આચાર્યોને પાસે બોલાવી રાખ્યા હતા. એ માત્ર કુમારિલભટ્ટ આવી પહોંચતા સુધીજ હતું. એ ભટ્ટપાદની વાટ જોતો હતો. એ અવધી આવી પહોંચ્યો હતો. રાણીએ રાજા પાસે બૌદ્ધ ધર્મના ખંડન વાક્યો બહુવાર કહ્યાં હતાં. તેથી રાજાનું વલણ વેદધર્મ તરફ થોડું થવા લાગ્યું હતું.

ભટ્ટપાદ એ બૌદ્ધ ધર્મ ખંડ કરવાની તૈયારી હજુ કરતો. સર્વ તૈયારી કરી આજુબાજુ દિગ્વિજય કરતાં છેવટ મહાસભા બોલાવવાની હતી અને એ વખતે સર્વ બૌદ્ધાચાર્યોને સુધન્વા રાજાની સમક્ષ જીતવાનો વિચાર હતો. પ્રથમ જાહેર રીતે બહાર ન પડતાં સર્વ તૈયારી કરવા લાગ્યો. બૌદ્ધાચાર્ય પાસે શિષ્ય થઈ વેદ ધર્મનાં ખંડનો સાંભળતો હતો. એક વખતે જ્યારે બૌદ્ધાચાર્યે વેદ નિંદાના શબ્દો કહ્યા, એ સાંભળી ભટ્ટાચાર્યનું હૈઉં ભરાઇ આવ્યું, આંખોમાંથી આંસુની ધારા ચાલી નીકળી. એ જોઈ બૌદ્ધાચાર્યના મનમાં

શંકા થઈ કે, આ કોઇ બુદ્ધિમાન બ્રાહ્મણ છે. એ આપણા મતનું ખંડન કરશે. એવો શિષ્યો સાથે વિચાર કરી ભટ્ટપાદને ઉંચી હવેલી ઉપરથી નીચે ફેંકી દીધો. આ વખતે નીચે પડતાં ભટ્ટાચાર્યે કહ્યું કે:—"વેદ સત્ય હશે, તો મને વાગશે નહિ." ભટ્ટાચાર્યને તેથી શરીરે બીજી કાંઇ પણ હાનિ થઇ નહિ, પણ "વેદ સત્ય હશે!" એવો સંદેહ વાચક શબ્દ મૂકયો. તેથી માત્ર તેની એક આંખ કાંણી થઇ હતી. બૌદ્ધધર્માચાર્યનું આવું નીચ કૃત્ય જોઈ ભટ્ટાચાર્યે વિચાર કર્યો કે બૌદ્ધો કહે છે કે, જીવ હિંસા કરવી નહિ, ત્યારે શું તેઓ બ્રાહ્મણને જીવ નહિ ગણતા હોય? આ પાખંડી લોકો સ્વાર્થને કારણે ધર્મને એક બાજુએ મૂકી દે છે. એ લોકો પાખંડ કરીનેજ સંસારમાં સર્વને ડુબાડવા ઇચ્છે છે. માટે એ પાખંડીઓનો સત્વર નાશ કરવો એજ ઉત્તમ છે. આ વખતે કુમારિલભટ્ટના અંતઃકરણમાં વેદધર્મના સત્યને પ્રકાશ કરવાનો અત્યંત જુસ્સો ઉત્પન્ન થયો. આખા ભરતખંડમાં ફરી ફરીને બૌદ્ધાદિ પાખંડી ધર્મોનું પોકળ ઉઘાડું પાડી વેદ ધર્મનું સત્ય બતાવવા લાગ્યા. બૌદ્ધ ધર્મ ખંડનના ૭ ગ્રંથો કર્યા. બૌદ્ધાદિ પાખંડીઓ પોતાના ધર્મનુ ખંડન થતું જોઈ હબકી ગયા. અંતે સત્યનોજ જય છે, એ પ્રમાણે ભટ્ટપાદનો મત લોકો ગ્રહણ કરવા લાગ્યા. રાણીએ સુધન્વા રાજાને વેદ ધર્મનું સત્ય બતાવી નરમ કર્યો હતો. રાજાએ એક વખતે રાણીને કહ્યું કે; મારા ગુરૂ બૌદ્ધો અને તારા ગુરૂનો ધર્મ સંબંધી વિવાદ કરાવવો, તેમાં જો બૌદ્ધો હારે તો મારે વેદ ધર્મી થવું, માટે તારા ગુરૂ જ્યાં હોય ત્યાંથી બોલાવ. ભટ્ટપાદ આ વખતે દેશમાં બૌદ્ધોઆદિ પાખંડી મતોનું ખંડન કરી, વેદના કર્મકાંડનું સ્થાપન કરતા હતા. રાણીએ તેમને માણસો મોકલી ચંપા નગરીમાં બોલાવ્યા. રાજા સામો તેને તેડવા ગયો. માન સહિત તેડી લાવી ઘણો સત્કાર કર્યો. બૌદ્ધાચાર્યોને એકઠા કર્યા અને વિદ્વાન બ્રાહ્મણોને પણ બોલાવ્યા. સર્વે મતવાદીઓની મોટી સભા ભરાણી. ભટ્ટપાદ સભામાં આવ્યા. આ વખતે રાજાએ તેનું વિધિથી પૂજન કર્યું અને સુવર્ણના સિંહાસનપર બેસાર્યા. એક બાજુ બ્રાહ્મણો અને એક બાજુ સર્વ બૌદ્ધાચાર્યો બેઠા. રાજા પણ પોતાની યોગ્ય બેઠકે બેઠો. તેવામાં સભા સમક્ષ એક વૃક્ષ હતું, તેપરથી એક કોયલે "ટહુકો" કર્યો. એ સામી ભટ્ટપાદની દૃષ્ટિ ગઈ કે તાત્કાળ એપર દ્વી અર્થી શ્લોક રાજા સામું જોઈ બોલ્યા કે;—

મલિનૈશ્ચેન્નસંગસ્તેનીચૈઃકાકકુલૈઃપિક ॥
શ્રુતિદૂષકનિર્હાદૈઃશ્લાઘનીયસ્તદાભવેઃ ॥

અર્થ—હે કોયલ! મલિન, નીચ, શ્રુતિ દૂષક કાગડાના કુળ સાથે જો તારે સંગ ન હોય, તો તું વખાણને પાત્ર ગણાય.—બીજો અર્થ—હે

રાજન! શ્રુતિદૂષક એટલે વેદનિંદક અને મલીન નીચ સાથે જો તારે સંગ ન હોય તો તું વખાણવા યોગ્ય છે. આ માર્મિક વાણી સાંભળી સુગતો—બૌદ્ધો ઘણા ગુસ્સે થયા અને વેદનું ખંડન કરવાનાં તર્ક વાક્યો બોલ્યા. પછી બૌદ્ધો અને ભટ્ટપાદ પરસ્પરના ધર્મ મતનાં ખંડન મંડન કરવા લાગ્યા. ભટ્ટપાદે યુક્તિરૂપિ કુંવાડાથી બૌદ્ધમતરૂપિ વૃક્ષને છેદવા માંડયું. અંતે બૌદ્ધોના તર્ક ભટ્ટપાદના તર્કથી નિર્બળ થઇ ગયા. પ્રાચીન ઇશ્વિર પ્રેરીત વેદમાં કહેલો ધર્મ સત્ય છે, એવું સુધન્વા રાજાના મનમાં ઠસ્યું. બૌદ્ધો વાદવિવાદમાં હારી મૌન થઈ ગયા. આ વખતે ભટ્ટપાદે રાજાને બહુ બોધ કર્યો, ત્યારે તેણે કહ્યું કે;—"મતનાં ખંડન મંડનનું કામ વિદ્યાના બળવડે થાય છે. જે વધારે વિદ્વાન હોય, તે જીતે છે એમાં વિશેષ કાંઈ નથી, પણ જે પર્વતપર ચડીને નીચે પડતાં, જે ન મરે, તેનો મત સાચો અને મરી જાય તેનો મત ખોટો એમ હું સમજીશ. એ સાંભળી બૌદ્ધો એક બીજા સામું જોવા લાગ્યા, પણ કુમારિલ ભટ્ટાચાર્ય તરત ત્યાંથી ઉઠયા. વેદનું સ્મરણ કરતાં સર્વ સભા સમક્ષ પાસેના એક ઉંચા પર્વતપર ચડ્યા અને વેદનું સ્મરણ કરી નીચે પડતું મેલ્યું, તે જેમ રૂનો દડો સહિસલામત નીચે આવી પડે, તેમ ભટ્ટપાદ નીચે આવી ઉભા રહ્યા. તેમાં ભટ્ટપાદને કશી પણ અડચણ આવી નહિ. આ જોઇ ચક્રવર્તિ સુધન્વા રાજાને વૈદિક ધર્મ ઉપર ઘણી શ્રદ્ધા થઈ અને તેને માનવા લાગ્યો. પછી બોલ્યો કે;—"આ દુષ્ટ બૌધધર્મના સમાગમથી હું મલીન થયો, એ માટે મને હવે ઘણો પસ્તાવો થાય છે." એ સાંભળી બૌદ્ધો બોલ્યા કે;—"આવી રીતે કરવાથીજ કંઈ ધર્મનો નિર્ણય થયો ગણાય નહિ; કારણ કે મણિ, મંત્ર, અને ઔષધિ પ્રયોગથી દેહનું રક્ષણ થઈ શકે છે." આ સાંભળી રાજાએ પ્રતિજ્ઞા કરી કે, "હું એક પ્રશ્ન કરૂંછું, તેમાં જો તમે ખોટા પડશો, તો તમને પાણાની ઘાણીમાં પીલીને મારી નાંખીશ." એ પ્રમાણે પ્રતિજ્ઞા કરી એક બંધ કરેલો ઘડો સભામાં મંગાવ્યો. સર્વ બ્રાહ્મણો તથા બૌદ્ધોને કહ્યું કે, એમાં શું છે તે કહો? બૌદ્ધો અને બ્રાહ્મણોએ કહ્યું કે, એનો કાલે નિર્ણય કરીને જવાબ આપીશું. એમ કહી સૌ પોતપોતાને સ્થળે ગયા.

બીજે દિવસે સભામાં સૌ આવી બેઠા. પ્રથમ બૌદ્ધોએ કહ્યું કે;—"આ ઘડામાં સર્પ છે," બ્રાહ્મણોએ કહ્યું કે;—"આ ઘડામાં શેષશાઈ ભગવાન વિષ્ણુ છે." બ્રાહ્મણોનું આ વચન સાંભળી રાજા સૂકેલ કમળના ફૂલની પેઠે ઝાંખો પડી ગયો; કેમકે એ જાણતો હતો કે આ ઘડામાં સર્પજ છે, એ પોતે નજરે જોઇ નાંખ્યો હતો. એટલામાં આકાશ વાણી થઇ કે;—"હે રાજા! સંદેહ દૂર કર, એ ઘડામાં બ્રાહ્મણોએ જે કહેલ છે, તેજ છે.

માટે સંશય ન રાખતાં ઘડો ઉઘાડીને જો અને તારી પ્રતિજ્ઞા સત્ય કર." એ પછી રાજાએ ઘડો ઉઘાડી જોયું, તો માંહે શેષશાઇની મૂર્ત્તિ ખરેખર જોવામાં આવી. પછી રાજાએ બૌદ્ધોનો નાશ કરાવી, પોતાની પ્રતિજ્ઞા પાળી હતી.

ભટ્ટપાદે વૈદિક ધર્મનો બોધ કરીને આખા દેશમાં તેનો પ્રસાર કર્યો. તેથી કર્મકાંડ માર્ગની પ્રવૃત્તિ ચાલુ થઇ. બૌદ્ધ, જૈનાદિઓએ હિંસાની બીકથી જે યજ્ઞો બંધ પાડેલા હતા, તે બાબત શ્રુતિયુક્ત પ્રમાણોથી ભટ્ટપાદે સિદ્ધતા કરી આપી તથા બૌધ જૈનોના મનમાં ભૂલ છે, એવું તેને દેખાડી આપ્યું. બૌદ્ધના મતમાં બુદ્ધિજ આત્મા છે. એવું જે જે બૌધાચાર્યોએ પ્રકાશિત કરી ચલાવેલું હતું, એ સર્વ તેમનું પાખંડ જોઈ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈસ્ય અને શુદ્ર સર્વે તેમને પાખંડી મત છે એવું બોલવા લાગ્યાં. બૌદ્ધોના હાર્યાના સમાચાર સાંભળી દેશમાંથી બ્રાહ્મણો ત્યાં આવવા લાગ્યા. દેશમાં ફરી યજ્ઞાદિક કર્મ ચાલતાં થયાં. બ્રાહ્મણો બૌદ્ધોનાં જે જે નિંદ્ય કૃત્યો હતાં, એ સર્વ ચક્રવર્તિ સુધન્વા રાજા પાસે બતાવવા લાગ્યા. બૌદ્ધો લોકોને કહેતા કે;—

क्षणिकाःसर्वसंस्काराःनात्मास्थायि ।

तस्मार्तभिक्षुपुदारानाक्रमत्सुनेर्षितव्यम् ॥

અર્થ—સર્વ પદાર્થ ક્ષણિક છે, એટલે નાશવંત છે. આત્મા પણ સ્થિર નથી. માટે યતિયો પરદારાનું આક્રમણ કરે તો ઇર્ષા કરવી નહિ.

ઇત્યાદિ બૌદ્ધોના પ્રપંચો સાંભળી રાજા વિચારવા લાગ્યો કે; બૌદ્ધોએ કુતર્કો સંભળાવીને મારૂં મન ફેરવ્યું હતું, તો જે બિચારા અવિદ્વાન છે, તેમનું મન ફેરવે એમાં શું નવાઇ? માટે એ શ્રુતિદૂષકનો તો વધજ કરવો એ યોગ્ય છે. આ વખતે બૌદ્ધોનો કેટલોક નાશ થયો હતો, કેટલાક વેદધર્મી થયા હતા અને કેટલાક બીકના માર્યા ભરતખંડ મૂકી ચીન, ટિબેટ, બ્રહ્મદેશ, સિંહલદ્વીપ આદિ દેશોમાં ભાગી ગયા હતા. એ રીતે બૌદ્ધ ધર્મનો નાશ કરાવી કુમારિલ ભટ્ટાચાર્યે વેદનાં કર્મ કાંડનો ઉદ્ધાર કર્યો. એ વખતે જ્ઞાનકાંડનો ઉદ્ધાર કરવાને ચંદ્રશેખર સદાશિવે શ્રીશંકરાચાર્ય નામે અવતાર લીધો હતો. તેઓ પોતાનું કાર્ય કરતા દેશમાં ફરતા હતા. ભટ્ટપાદે અગ્નિમાં પ્રવેશ કર્યો છે, એવું સાંભળી તેઓ પ્રયાગમાં ત્રિવેણી કિનારે જ્યાં ભટ્ટપાદે અગ્નિમાં પ્રવેશ કર્યો હતો ત્યાં આવ્યા. ભટ્ટપાદ તેમનાં દર્શન કરી કૃતાર્થ થયા. પછી કેટલીક વાતચિત કરી કહ્યું કે;—"મેં વેદપર શંકા કરી હતી, ઇશ્વરને ન માનતાં વેદનેજ સ્વતઃપ્રમાણથી સિદ્ધ કર્યો અને ગુરૂદ્રોહ (બૌદ્ધો પાસે તેમનાં શાસ્ત્ર શીખ તેમનોજ નાશ કરાવ્યો.) ના પાપ પરિહાર માટે બળિ મરૂંછું." શંકરાચાર્યે કહ્યું કે;—"તમે જે કર્યું છે તે યોગ્યજ કર્યું છે, તેથી કશું પાપ થયું નથી. હું તમને મારા કમંડળુના જળની અંજળી છાંટી બચાવું." ભટ્ટ-

પાદે કહ્યું કે, હું આપના દર્શન અને સ્મરણ માત્રથીજ જીવવાને સમર્થછું, પરંતુ તેમ કરવાની મારી ઇચ્છા નથી. આપ સર્વજ્ઞ છો, તેથી સર્વ જાણો છો. (મતલબ કે હું જે કાર્ય માટે અવતર્યો હતો, તે પૂર્ણ થયું છે હવે મારે રહેવાની શી જરૂર છે!) આપ સાક્ષાત્ શંકર છો. આપે અદ્વૈત માર્ગનું સ્થાપન કરવા અવતાર લીધો છે. માટે મને તારક મંત્રનો બોધ કરી કૃતાર્થ કરો. પછી શંકરાચાર્યે તેમને મહામંત્રનો ઉપદેશ કર્યો. તેથી ભટ્ટપાદ ૬૩ વર્ષની ઉમરે મોક્ષ પામ્યા. આ વખતે શ્રીશંકરાચાર્યની ઉમર ૧૫ વર્ષની હતી. બ્રાહ્મણોના કહેવાથી સુધન્વા રાજાએ દેશમાંથી બૌદ્ધ ધર્મના ગ્રંથો એકઠા કરી પાણીમાં ડુબાવી દીધા. અમરકોષાદિ જે ગ્રંથોમાં બૌદ્ધ ધર્મની વાત નહોતી તેને રાખ્યા હતા. પણ હજુ કોઈ ઠેકાણે જૈન ભંડારોમાંથી બૌદ્ધ તર્કના ગ્રંથો મળી આવે છે, ઇત્યાદિ રીતે કુમારિલભટ્ટે બૌદ્ધમતને ઉત્થાપી વેદના કર્મકાંડની સ્થાપના કરી જગતમાં અખંડ કીર્ત્તિ રાખી ગયા છે.

અદ્વૈતમતપ્રવર્ત્તાવી, પુનઃવેદધર્મસ્થાપક.

શ્રીમાન્ શંકરાચાર્ય.

આ સર્વજ્ઞ મહાત્મા શિવનો અવતાર ગણાય છે. એ અવતાર અદ્વૈત સિદ્ધાંતને પ્રવર્ત્તાવી પુનઃ વેદ ધર્મને સ્થાપન કરવા માટે થયો. કળિયુગમાં લોકો મંદ બુદ્ધિના થશે, વેદ ધર્મને બરાબર સમજશે નહિ, મરજીમાં આવે તેમ વર્ત્તશે, એવું એવું ભવિષ્ય ભાખી વ્યાસમુનિએ દ્વાપરયુગને અંતે અગાઉથી વેદ ધર્મનું સંરક્ષણ કરવાને માટે બ્રહ્મસૂત્ર અથવા વેદાંતશાસ્ત્રના ચાર અધ્યાયનાં સૂત્ર કર્યાં હતાં. એ સૂત્રને "વ્યાસ બ્રહ્મસૂત્ર" પણ કહે છે. એ સિવાય તેને જે જે સહેલા ઉપાય કરવા ઘટતા હતા તે કર્યા હતા. ઇત્યાદિ ઉપાયો કરીને તેઓ અદર્શ થયા હતા. તે પછી કલિયુગનો ફેલાવો જોસથી ચાલ્યો. એ ફેલાવો થયાને આશરે બે અઢી હજાર વર્ષ થવા આવ્યાં, તેટલામાં વેદ ધર્મમાં મોટો ગોટાળો પેઠો, લોકો અજ્ઞાન થઈ ગયા, મરજીમાં આવે તેવા કલ્પિત મત, પંથો કાઢી વર્ત્તવા લાગ્યા, શ્રૌત કર્મ કરનારા અને વેદ પ્રમાણે ચાલનારા બ્રાહ્મણોમાં તાંત્રિક એટલે દેવી પંથ ભારે જોરથી ફેલાયો હતો. તેમણે દુરાચરણથી વેદ ધર્મની મૂળ રીતિ તજી દીધી હતી, એ લોકો ઉપરથી બતાવવાને શ્રૌત ક્રિયા કરતા અને છૂપી રીતે તાંત્રિક ઉપાસના કરતા હતા. એ કરનારાં ઘણાં કુળો વધી પડયાં હતાં, તેમને અગ્નિપુરાણમાં અસુર-દૈત્ય કહ્યા છે. તેમને વેદ ધર્મથી ભ્રષ્ટ કરી નાશ કરવા માટે બૌદ્ધ (વિષ્ણુનો નવમો) અવતાર થયો હતો. તેમણે સાધારણ લોકોને

બૌદ્ધ તંત્રોનો ઉપદેશ કર્યો હતો. એ લોકોને પુરાણમાં "સૌગત" કહેલા છે. એ લોકોને બૌદ્ધ તંત્રો નીતિયુક્ત, સુબોધદાયક અને પરમાર્થના કાર્યમાં સહેલો લાગવાથી હજારો લોકોએ એ ધર્મનો સ્વીકાર કર્યો હતો. પાછળથી એજ મતના ચાલનારાઓમાં જુદા જુદા મત જેવા કે આર્હત્, જૈન, શાક્ય, ચાર્વાક, કાપાલિક, અને ક્ષપણક આદિ કેટલાક પંથો વધી પડ્યા હતા. એથી વેદોક્ત ક્રિયા ડુબાવા લાગી હતી. બૌદ્ધ મતની સ્થાપના કરવાની મૂળથીજ ભગવતની મરજી નહોતી. માટે એ સઘળાઓના પંથોનો નાશ કરીને વેદ ધર્મના "કર્મકાંડ" ની સ્થાપના કરવા માટે દેવતાઓની પ્રાર્થનાથી શિવે પ્રથમ કાર્તિક સ્વામીને પૃથ્વી ઉપર અવતાર લેવાની આજ્ઞા કરી હતી. કાર્તિક સ્વામીની પહેલાં શિવની આજ્ઞાથી સંકર્ષણ અને પતંજલિ નામના બે પુરૂષોના અવતાર થયા હતા. તેમણે "ઉપાસના કાંડ" અને "યોગકાંડ" ની સ્થાપના કરી હતી. પછી કાર્તિક સ્વામીનો અવતાર કુમારિલભટ્ટ નામે થયો. તેમણે જૈમિની સૂત્રો ઉપર ભાષ્ય કરીને કર્મકાંડનો ઉદ્ધાર કર્યો. તે વખતમાં ઇંદ્ર સુધન્વા નામે રાજા અને બ્રહ્મા મંડનમિશ્ર નામે કુમારિલભટ્ટની મદદે શિવની આજ્ઞાથી પૃથ્વીપર અવતર્યા હતા. એ વખતે બૌદ્ધ ધર્મ ઘણો પ્રસરેલો હતો, સુધન્વા રાજા જો કે બૌદ્ધ ધર્મ જે વેદ ધર્મ વિરૂદ્ધ છે એવું જાણતા હતા, પરંતુ ઉપરથી કુમારિલભટ્ટના આવી પહોંચતાં સુધી એ લોકોની માફક વર્તતા હતા તથા પોતાની પાસે મુખ્ય મુખ્ય બૌદ્ધ આચાર્યોને બોલાવી રાખ્યા હતા. ત્યાં કેટલેક દિવસે કુમારિલભટ્ટ દિગ્વિજય કરતા કરતા સુધન્વા રાજાની સભામાં આવ્યા. ત્યાં ઘણાક દિવસ સુધી બૌદ્ધ જૈન લોકો સાથે વાદ વિવાદ ચાલ્યો, પછી છેવટે બંને પક્ષવાળાએ પોતપોતાના ધર્મના બળવડે રાજાને પ્રત્યક્ષ મોટા આશ્ચર્યકારક ચમત્કારો બતાવ્યા. અંતે કુમારિલભટ્ટનો મત વાજબી છે, એવી આકાશ વાણી થઇ. તોપણ કેટલાક ખોટા તકરારી બૌદ્ધ, જૈન લોકો વેદની નિંદા કરવાનું છોડતા નહોતા, તે વખતે સુધન્વા રાજાએ ભય બતાવી તેમ કરવાની મના કરી હતી. એ રીતે કુમારિલભટ્ટનું કામ ત્યાં સુધી પૂરૂં થયું હતું. આ મહાન્ પુરૂષે બૌદ્ધ, જૈન આદિ ધર્મનો વિનાશ કર્યાથી વેદ ધર્મનો પ્રસાર વિના અડચણે થવા લાગ્યો હતો; તોપણ અંદર ખાને કેટલાક પંથો રહ્યા હતા. તેઓ જુદા જુદા દેવ, દેવી આદિને માનતા હતા અને અનાચાર કરતા હતા. તેમજ હજુ દ્વૈતવાદીઓ પણ ઘણા હતા. એ સર્વેને જીતી વેદના જ્ઞાનકાંડ પ્રમાણે એક અદ્વૈત સિદ્ધાંતનો પ્રસાર કરી સંપૂર્ણ પૃથ્વીનો ઉદ્ધાર કરવા માટે શિવે શ્રી શંકરાચાર્યના રૂપમાં અવતાર લીધો.

શ્રીશંકરાચાર્યમાટેભવિષ્યકથન—કળિયુગમાં વેદ ધર્મની સ્થાપના કરવા

માટે શિવના અંશનો એક અવતાર થશે એવી કથા ભવિષ્યોત્તર પુરાણમાં શિવરહસ્ય નામના એક અધ્યાયમાં છે. તેમાં પાર્વતીજીના પૂછવાથી સદાશિવે જણાવેલું છે કે;—દેવી! "કળિયુગમાં લોકો જ્યારે પાપી કર્મો કરશે, વેદમાં કહેલા ધર્મનો તિરસ્કાર કરશે, તથા વેદોક્ત ધર્મમાંથી ભ્રષ્ટ થઇને અધર્મમાં પ્રવિણ થશે, ત્યારે કળિરૂપી સમુદ્રમાં ડૂબતા દુઃખી લોકોને જોઇને હું કેરલ દેશમાં એક તપસ્વિ બ્રાહ્મણને ત્યાં તેના તપના ફળ બદલ પુત્ર ઉત્પન્ન કરીશ અને તેજ મારો અંશ છે એમ જાણવું. એ શંકર નામે પ્રખ્યાત અને બ્રાહ્મણોમાં ઉત્તમ થશે, એ સર્વ શાસ્ત્રોમાં ઉત્તમ અને સર્વજ્ઞ થશે. એ વખતે જૈન અને બૌદ્ધાદિ મત પંથના લોકો જુદા વિચારમાં ડુબીને વેદનાં ખરા બોધનાં વચનો લોકોને ઉલટી રીતે સમજાવશે તથા તેઓ પ્રત્યક્ષ વાદના ઝગડામાં કુશળ થઇને લોકોને કંટક પ્રમાણે દુઃખ દેશે. એ રીતે એ લોકો પોતાનાં તર્ક શાસ્ત્રરૂપિ હથિયાર વડે અદ્વૈત મતનું ઉચ્છેદન કરી નાંખીને કર્મ એજ પરમ કલ્યાણકારક છે, એ સિવાય ફળદાતા ઇશ્વર કરીને કોઇ છેજ નહિ, એવા મતનું તેઓ પ્રતિપાદન કરશે. ત્યાર પછી લોકોમાં જુદી જુદી કુળની ભયંકર રીતો ચાલુ થશે. એ સર્વેને શંકરાચાર્ય પોતાની મહાબુદ્ધિએ કરીને વાદરૂપિ મદોન્મત્ત હાથીઓને હઠાવશે અને જાદુગરોને જીતીને જય મેળવશે. વળી કેટલાક ધિક્કારવા લાયક મતવાળાઓને ઝડપથી જીતી લેશે. મારી આપેલી વિદ્યા વડે લોકોમાં પુનમના ચંદ્રની પેઠે શોભશે. અદ્વૈત મતનું ઉચ્છેદન કરનાર પાપ બુદ્ધિવાળાને જડમૂળથી ઉખેડી નાંખશે અને કેટલાકને ઉત્તમ બુદ્ધિ આપી પોતાના મતમાં આણશે. વ્યાસ સૂત્ર ઉપર ભાષ્ય કરશે, જે વ્યાસ સૂત્રનો અર્થ દ્વૈત મતમાં લાવે છે એવા મિશ્ર લોકોને યથાર્થ રીતે બતાવીને તેના મતનું ખંડન કરશે. પછી વિશ્વેશ્વર મહાદેવનું ભજન કરવા કાશીક્ષેત્રમાં રહેશે." ઇત્યાદિ ઇત્યાદિ.

જન્મકથન—આ ભવિષ્ય કથન પ્રમાણેજ થવાનો પ્રસંગ આવ્યો. કેરલ દેશમાંપૂર્ણા નદીને કિનારે વૃષાદ્રિ પર્વત ઉપર કરૂણા સાગર મંગળમય મહેશ્વર સ્વયંભુ લિંગરૂપે પ્રગટ થયા હતા. તેમની પ્રેરણાથી કેરેલ દેશના રાજશેખર નામે રાજાએ ત્યાં દેવાલય બંધાવ્યું હતું અને એની પાસેનું કાલટી–શશલી નામે ગામ બ્રાહ્મણોને ઇશ્વર પ્રિત્યર્થ અર્પણ કર્યું હતું. એ કાલટી ગામમાં પરમ પવિત્ર શિવગુરૂ નામે બ્રાહ્મણ રહેતો હતો. એ મહા વિદ્વાન અને જ્ઞાનસંપન્ન હતો, તેમણે ભટ્ટપાદ, પ્રભાકર, કણાદ, ગૌતમ, કપિલ અને પતંજલિ આદિના મતોનો અભ્યાસ કર્યો હતો. તેથી તેમનામાં ખંડન, મંડન કરવાની ચપળતા અને પ્રબળ બુદ્ધિ હતી. એને સતી નામે પરમ પવિત્ર પતિવ્રતા સ્ત્રી હતી. તેથી એ દંપતિ અધિક શોભતાં હતાં. તેમણે ઘણા યજ્ઞો કર્યા હતા, અને

સ્વધર્મને ઉત્તમ પ્રકારે પાળતાં હતાં. એમ કરતાં તેમને ઘણાં વર્ષ વીતિ ગયાં, ઉમર પણ ઘણી થઇ હતી, પણ પુત્ર સુખની પ્રાપ્તી થઇ નહોતી. તેથી એ દંપતિને સંતાપ થવા લાગ્યો, પુત્ર વિના જીવન નિર્થક છે, જન્મારો વૃથા છે, અને પુત્રોથીજ આ લોક સિદ્ધ થાય છે એવું શ્રુતિમાં કહેલું છે. ઇત્યાદિ આ લોચના કરવા લાગ્યાં. પછી વંશવૃદ્ધિ માટે તેઓ વૃષક્ષેત્રમાં સ્વયંભુ સદાશિવનું પૂજન અને આરાધન કરવા ગયાં. ત્યાં જઇ પૂજન અને આરાધના કરતાં કેટલાંક વર્ષ વીતિ ગયાં. તેમના તપથી સદાશિવે પ્રસન્ન થઇ નિંદ્રા વખતે બ્રાહ્મણરૂપે કહ્યું કે;—"શિવ ગુરૂ! હું તારા તપથી પ્રસન્ન છું, તારી ઇચ્છા હોય તે માગ?" ત્યારે શિવગુરૂએ કહ્યું કે;—"મને સંતતિ નથી તે આપો." શંકરે કહ્યું કે;—"તમારે ઘણાં વર્ષ જીવે એવો અસર્વજ્ઞ પુત્ર જોઇએ છીએ કે, થોડાં વર્ષ જીવે એવો સર્વજ્ઞ પુત્ર જોઇએ છીએ?" શિવગુરૂએ બહુ ગુણવાળો સર્વજ્ઞ પુત્ર માગ્યો. શિવે તેવો પુત્ર થશે, એવું કહી ઘેર જવાની આજ્ઞા કરી. નિંદ્રામાંથી ઉઠી શિવગુરૂએ સ્વપ્નમાં બનેલી વાત પોતાની સતી નામની સ્ત્રીને કહી બતાવી, શિવનું સ્મરણ કરતાં બંને ઘેર આવ્યાં. સતીએ ભોજન તૈયાર કર્યું, તેમાં તે દિવસે શિવના તેજનો પ્રવેશ થયો, આનંદમાં શિવગુરૂએ ભોજન કર્યું અને શેષાન્નનું સતીએ ભોજન કર્યું. શિવના તેજ વડે સતીને ગર્ભ રહ્યો. દિવસે દિવસે ગર્ભ વૃદ્ધિ પામવા લાગ્યો; પૂર્ણ માસ થતાં યુધિષ્ટિર શક ૨૧૫૮ ના રક્તાક્ષરી સંવત્સરનાં ઉત્તરાયણમાં માઘ વદ ૧૪ સોમવારની મધ્ય રાત્રિએ શુભ લગ્નમાં શિવગુરૂની પત્નિ સતીને પુત્રનો પ્રસવ થયો. તે વખતે શિવગુરૂએ ઘણી પ્રકારનાં દાનો કર્યાં. કુટુંબમાં આનંદ ઉત્સવ થઇ રહ્યો. સ્ત્રીઓ ધવળ મંગળ ગાવા લાગી, દેવસ્થાનોમાં દિપમાળા પૂરાવી, અને ગ્રામજનો શિવગુરૂના પુત્રને નિરખી તેનાં અત્યંત વખાણ કરવા લાગ્યાં.

શિવગુરૂને ત્યાં શ્રીશંકરનો અવતાર થયો, તેજ દિવસથી પરસ્પર દ્વેશ રાખનારાં પ્રાણીઓ પોતાનું જાતિય વૈરતજી સંપસંપી રહેવા લાગ્યાં, ફળવાળાં વૃક્ષોમાં ફળો પોતાની મેળે પાકી નીચે પડવા લાગ્યાં, મેઘ ગર્જના સાથે વરસવા લાગ્યો, પર્વતની તળેટીઓમાંથી નિર્મળ નિરનાં ઝરણો વહેવા લાગ્યાં, દ્વૈત વાદીઓના હાથમાંથી પુસ્તકો અકસ્માત પડી જવા લાગ્યાં, દિશાઓ નિર્મળ થઇ ગઇ, મંદમંદ સુગંધી પવન વાવા લાગ્યો, દેવોએ આકાશમાંથી પુષ્પ વૃષ્ટી કરી, **ભવિષ્ય**—શિવગુરૂએ પંડિતો પાસે પુત્રનાં શુભા શુભ વિષે પૂછતાં તેમણે જણાવ્યું કે;—"આ પુત્ર સર્વજ્ઞ થશે, સ્વતંત્ર શાસ્ત્રોને રચશે, મોટા મોટા પંડિતોને જીતશે, અને પોતાની કીર્ત્તિ પૃથ્વી રહેતાં સુધી સ્થાપન કરશે." શિવગુરૂએ આ પુત્ર શંકર કૃપાથી પ્રા-

મ થયો, માટે તેનું નામ શંકર પાડ્યું.

સામુદ્રિક લક્ષણ:—શ્રીશંકરના મસ્તક ઉપર ચંદ્રનું ચિન્હ હતું, કપાળમાં નેત્રનું અને ખભાઓ ઉપર ત્રિશળનું ચિન્હ હતું, શંકરનો રંગ શુદ્ધ સ્ફટિકના જેવો ઉજળો હતો, છાતીમાં નાગ, ચરણમાં ચામર, કપાળમાં બીજનો ચંદ્ર, હાથમાં ચક્ર, ગદા, ધનુષ્ય, ડમરૂ, માથા ઉપર ત્રિશળ આદિ રેખાઓથી શંકરનું સ્વરૂપ લોકોને અધિક મોહ પમાડતું હતું.

બાળ ચરિત્ર—શ્રી શંકર સર્વજ્ઞ છતાં બાળકના જેવું આચરણ કરીને બાળભાવ બતાવી રમવા લાગ્યા, મધુર વચનોથી કાલું કાલું બોલી અને સહજ ચાલવાની ગતિથી બાળ લીલા કરી સર્વને આનંદ આપવા લાગ્યા. પ્રથમ વર્ષમાં અક્ષર જ્ઞાન મેળવી દેશ ભાષા શિખ્યા, બીજે વર્ષે અક્ષર વાંચવા લાગ્યા, ત્રીજે વર્ષે કાવ્ય, પુરાણ અને કોષાદિનું જ્ઞાન સંપાદન કર્યું. પોતાની મેળેજ તેના અર્થ જાણવા લાગ્યા. બુદ્ધિ એવી તો તેજ હતી કે એક વખત ગુરૂ મુખે સાંભળતાંજ શિખી જતા. તેમની એવી બુદ્ધિ જોઇ સર્વે આશ્ચર્ય થતા હતા. ત્રીજે વર્ષે તેને ચૌલ સંસ્કાર કર્યો. તે પછી તેના પિતા શિવગુરૂ મરણ પામ્યા. પાંચમે વર્ષે તેમની માતાએ જનોઇ દીધું.

બ્રહ્મચર્ય—શ્રી શંકર જનોઈ દીધા પછી ગુરૂ બાદરાયણ વ્યાસમુનિને ત્યાં વિદ્યાભ્યાસ કરવા ગયા. ત્યાં શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરૂક્ત, છંદ અને જ્યોતિષ એ છ અંગ સહિત વેદનું અધ્યયન કર્યું. ગુરૂને ત્યાં બીજા જે જે વિદ્યાર્થિઓ હતા, તે સર્વમાં આ શ્રેષ્ઠ બુદ્ધિના અને હુશિયાર હતા. નાની વયમાં તેમનું આવું અદ્ભૂત જ્ઞાન જોઈ ગુરૂપણ ઘણા આશ્ચર્ય પામતા હતા. ગુરૂની તેમનાપર અત્યંત પ્રીતિ હતી. આ બાળ શંકરે તર્કશાસ્ત્ર, સાંખ્ય યોગનું જ્ઞાન અને ભટ્ટપાદે કરેલા વાર્ત્તિકના તત્વનું જ્ઞાન પણ મેળવી લીધું. કોઇ કોઇ પ્રસંગે ગુરૂની આજ્ઞા લઈ બીજા મિત્રો સાથે ભિક્ષા માગવા જતા હતા. એક સમે એક ગરીબ બ્રાહ્મણને ઘેર ભિક્ષા લેવા આવ્યા. ઘરમાંથી બ્રાહ્મણની સ્ત્રીએ કહ્યું કે;–મહારાજ! હું ભાગ્યહીન છું, તેથી આપનો સત્કાર કરી શકતી નથી. નિર્ધન છીએ તેથી મારા ઘરમાં આપને આપ જેવું કાંઈ નથી. એમ કહી નેત્રમાં આંસુ લાવી પોતાના જન્મને ધિક્કાર આપવા લાગી. પછી ઘરમાં જઈ એક આમળું લાવી આપ્યું. તેથી શંકર તેના અંતઃકરણનો ભાવ જોઇ પ્રસન્ન થયા. તેનું દારિદ્ર ટાળવાને લક્ષ્મીજીનું ધ્યાન કર્યું. લક્ષ્મીજીએ પ્રત્યક્ષ આવી શંકરના કહેવા પ્રમાણે એ બ્રાહ્મણનું ઘર સોનાના આમળાથી ભરી દઈ અદર્શ થયાં. આ આશ્ચર્ય કારક બનાવથી શંકરની અદ્ભૂત શક્તિના આખા ગામમાં સર્વ સ્થળે વખાણ થવા લાગ્યાં.

શ્રી શંકર સાત વર્ષ સુધી ગુરૂને ત્યાં અભ્યાસ કરી ઘેર આવ્યા,

ઘેર આવી વિદ્યાર્થિઓને ભણાવવા અને માતાની સેવા કરવા લાગ્યા. માતા પુત્રનું સુંદર શરીર, મધુર વચન અને ઉત્તમ બુદ્ધિ જોઇ આનંદ પામતાં હતાં. એક દિવસે માતા અંબિકા નદીએ નાવા ગયાં હતાં, ઉનાળાના મસ તાપને લીધે પગ બળવા લાગ્યાથી આવતાં વાર થઈ. એ જાણી શંકરે સામે જઇ માતાનું સાંત્વન કર્યું. ફરી આવી અડચણ ન આવે, એવા હેતુથી નદીની સ્તુતિ કરી પોતાના ઘર પાસે વહેતી કરી. આ જોઇ લોકો આશ્ચર્ય પામી શંકરને કોઈ દૈવી પુરૂષ જાણવા લાગ્યા. શંકરની કીર્તિ આખા દેશમાં પ્રસરી ગઇ, જ્યાં ત્યાંથી લોકો તેમની પાસે આવવા લાગ્યાં. કેરલ દેશના રાજાએ તેમને પોતાને ત્યાં તેડી લાવવાને પ્રધાનને મોકલ્યો. પ્રધાને રાજ તરફથી ભેટ સામગ્રી ધરી રાજગૃહે પધારવાની પ્રાર્થના કરી. શંકરે એ ભેટ સામગ્રી પાછી લઇ જવાને કહ્યું અને જણાવ્યું કે:—"અમારે બ્રહ્મચારીને ભિક્ષા એજ ભોજન છે, મૃગચર્મ પહેરવું, ત્રિકાળ સ્નાન સંધ્યાદિક કૃષ્ટ સાધ્યકર્મ એજ અમને પૂર્ણ સુખદાયી છે. એ શાસ્ત્ર યુકત કર્મ તજીને આ હાથી, ઘોડા, અને સોના મોહોર આદિને અમે શું કરીએ? એ અમારાં કામનાં નથી માટે પાછાં લઇ જાઓ." પ્રધાન આચાર્યની આજ્ઞાથી પાછો લઇ ગયો. સર્વવર્તમાન રાજાને જણાવ્યા. તેથી રાજા જાતે મળવાને આવ્યો. આવી સવિનયથી પ્રાર્થના કરી દશ હજાર સોના મોહોર પાસે મૂકી ચરણમાં પડયો અને પોતાનાં રચેલાં ત્રણ નાટકો તેમની રજા લઇ વાંચી સંભળાવ્યાં. શંકર તેમની ઉત્તમ બુદ્ધિ જોઈ પ્રસન્ન થયા. સોના મોહોર નહિ લેતાં જણાવ્યું કે તારી ઇચ્છા હોય તો એ દ્રવ્યથી દેવાલય બંધાવ અને તારે ઇચ્છા હોયતે માગી લે. આપરથી રાજાએ પોતાને સંતાન નહોતું તે માગ્યું. શંકરે તારા જેવો પરાક્રમી પુત્ર થશે એવું જણાવ્યું. રાજા પ્રસન્ન થઇ શંકરની આજ્ઞાથી ઘેર ગયો. શ્રી સદાશિવે વેદનો ઉધ્ધાર કરવા પૃથવીપર અવતાર લીધો છે, એવું જાણી અગસત્ય મુનિ, ગૌતમ, ઉપમન્યુ, દધીચી, ત્રિતલ આદિ ઋષિ મુનિઓ શંકરને મળવા આવ્યા. શંકર તથા તેમની માતા સતીએ તેમનો સત્કાર કર્યો. પછી શંકર તથા મુનિઓ વચ્ચે મોક્ષ સંબંધી કેટલીક ચરચા ચાલી. માતા સતીએ અગસત્ય મુનિને પોતાના પુત્રનું ભવિષ્ય પૂછ્યું. તેપરથી તેણે જણાવ્યું કે:—"આ તમારો પુત્ર સાક્ષાત શંકરનો અવતાર છે, પૂર્વે તમારા પતિએ તપ કરી શંકરને પ્રસન્ન કર્યા હતા. તેથી શંકરે પ્રસન્ન થઈ ઇચ્છા પ્રમાણે માગવાનું કહેતાં. તમારા પતિએ સર્વજ્ઞ પુત્ર માગ્યો હતો. તેથી સદાશિવ પોતે અવતર્યા છે. આ પુત્રનું આયુષ્ય સોળ સંવત્સરનું છે, પણ કેટલાક કારણથી બીજાં સોળ સંવત્સર આ પૃથવીપર રહેશે. એ રીતે ૩૨ વર્ષનું આયુષ્ય છે." એ પછી શંકરની આજ્ઞા લઈ સર્વ મુનિઓ પોતાને આશ્રમે

ગયા.' સતી પુત્રનું અલ્પ આયુષ્ય છે, એવું સાંભળી શોકાતુર થયાં. આ જોઈ શંકરે માતાને ઉપદેશ આપ્યો કે:—"માજી! આ સંસાર ક્ષણ ભંગુર છે, પક્ષીઓ જેમ સાંજ પડતાં વૃક્ષપર એકઠાં થાય છે અને પછી સવાર થયે ત્યાંથી ઉડી જુદાં જુદાં વિખરાઈ જાય છે તેવો આ સંસાર છે. વખત આવતાં સૌ જુદાં જુદાં પડી જશે. કોઈ સાથે આવેલ નથી અને કોઇ સાથે જવાનાં નથી, કોઇ પાંચે, કોઇ પંદરે, કોઇ પચીશે અને કોઈ પચાશે એમ સૌ જેવાં આવ્યાં છે, તેવાં જવાનાં છે. આ સંસારમાં કોણ પુત્ર, કોણ માતા અને કોણ બાપ છે. કોણ જાણે કેટલાએ જન્મ ધર્યા હશે. માટે વૃથા શોક ન કરો. હું હજુ સંસારના બંધનમાંથી છૂટવાને સંન્યસ્ત લેવાનો છું.

સંન્યાસ—આ વાત સાંભળીને તો માતાને અપાર શોક થયો. તેથી તેમણે કહ્યું;–પુત્ર! તું એ વિચાર છોડી દે, ગૃહીસ્થાશ્રમી, પુત્ર વાળો થા, યજ્ઞો કરી દેવોનું પૂજન કર. પછી સંન્યસ્ત લેજે. તું મારે એકજ પુત્રજ છે, તું સર્વજ્ઞ થઈ મને એકલી મૂકી જઇશ! હું મરી જઇશ ત્યારે મારી ઉત્તરક્રિયા કોણ કરશે? તું હજી મને મૂકીને જવાને યોગ્ય નથી. ઈત્યાદિ વચનો કહ્યાં. એ સાંભળી શંકરે માતાના મનનું સમાધાન કરવા ધાર્યું. માતાની રજા લઇ નદીએ સ્નાન કરવા ગયા. ઉંડા પાણીમાં જતાં મગરે પગ પકડયો. શંકરે માતાને બૂમ પાડી, એ સાંભળી માતા આવી રૂદન કરવા લાગ્યાં. શંકરે કહ્યું કે; માજી! મગરે મારો પગ પકડયો છે, જો તમે સંન્યસ્ત લેવાની આજ્ઞા આપો તો વખતે એ મૂકે. એકનો એક પૂત્ર, તે આવી દશામાં આવ્યો જોઈ માતાને કેવો શોક થયો હશે! તે વર્ણવી શકવો મુસ્કેલ છે. માતાએ પુત્ર જીવશે તો તેનું મૂખ દર્શન તો થશે. (શંકર જેવા સર્વજ્ઞને મગર પકડે એ અસંભવિત છે, પણ એમ સમજાવ્યું લાગે છે કે, મને સંસાર રૂપી નદીમાં અજ્ઞાન રૂપી મગરે પકડયો છે, માટે આજ્ઞા આપો તો સંન્યાસ્ત લઉં. એવા ભાવથી સમજાવી આજ્ઞા મેળવી હશે એવું દિશે છે.) એમ વિચારી હા પાડી. શંકર સંન્યસ્ત લેવાને સંકલ્પ કરી નદી બહાર નીકળ્યા. પછી સંન્યસ્ત લેવાની તૈયારી કરી માતાને કહ્યું કે; તમારા મનમાં એમ આવતું હોય કે વૃદ્ધાવસ્થામાં મારી ચાકરી કોણ કરશે અને જોઇતી ચીજ કોણ લાવી આપશે? તો તેની કાંઈ ચિંતા કરશો નહિ. ઘરમાં જોઇએ તે છે, મંદવાડમાં સગાં વાહાલાં ચાકરી કરશે, જોઇએ તે લાવી આપશે અને દેહ પડયે તેઓ અગ્નિ સંસ્કારાદિ ક્રિયા કરશે. આ સાંભળી માતાએ કહ્યું કે;–મારો દેહ પડયે તો તારે હાથે અગ્નિસંસ્કાર થવો જોઇએ. પુત્રને હાથે અગ્નિસંસ્કાર ન થાય તો પછી બંનેને જન્મ ધર્યાનું ફળ શું? અગ્નિસંસ્કાર તો પુત્રને હાથેજ થવો જોઇએ એવાં શાસ્ત્રનાં વચન છે. કદી

તારા મનમાં એમ આવે કે સંન્યાસીને એમ કરવાનો અધિકાર નથી; તો તું સર્વજ્ઞ છે અને અગસ્ત્ય મુનિના કહેવા પ્રમાણે તું સાક્ષાત શંકરનો અવતાર છે. માટે તને કશો બાધ લાગવાનો નથી. ઇત્યાદિ રીતે માતાનાં વચન સાંભળી તેમનો આગ્રહ જોઈ શંકરે કહ્યું કે;—માજી ! મને દુઃખની વખતે અને અંતકાળ વખતે જ્યારે યાદ કરશો, ત્યારે આવી ઉભો રહીશ અને અગ્નિસંસ્કારાદિ ક્રિયાઓ મારે હાથે કરીશ. તમે કદી મનમાં એમ ન લાવશો કે પુત્ર મને વૃદ્ધાવસ્થામાં મુકીને સંન્યાસી થયો. જો એવી કલ્પના કરશો તો મને અત્યંત દુઃખ થશે. હું જ્યાં હોઇશ ત્યાં રહીને પણ તમારી પાસે હોઉં તે કરતાં અધિક ફળ કરી આપીશ. ઇત્યાદિ વચનો કહી સગાં વાહાલાંઓને ભલામણ આપી. ઘર પાસે શ્રી કૃષ્ણની મૂર્ત્તિ હતી તે પાસેની નદીના ઘસારાથી સ્થાનક ભ્રષ્ટ થઈ હતી, તેને ફરી સ્થાપન કરી તેની પૂજાનો બંદોબસ્ત કર્યો. પછી શંકર માતાની રજા લઈ વનો, પર્વતો અને નદીઓ ઓળંગતા અને દ્વૈત વાદીઓને જીતી અદ્વૈત મતનું સ્થાપન કરતા ગોવિંદનાથના આશ્રમમાં આવ્યા.

ગોવિંદનાથ ગુફામાં રહેતા હતા. એ ગુફાને માત્ર એક વેંત જેવડું બારણું હતું. તેમાંથી પૂજા વખતે પગ બહાર કહાડતા, ત્યારે તેની શિષ્યો પૂજા કરતા. આ વખતે ગુરૂ ગોવિંદનાથ સમાધિમાં હતા. તેથી શંકરાચાર્યે તેમની ત્રણવાર પ્રદક્ષિણા કરી નમન કર્યું. ગુરૂએ સમાધિમાંથી ચિત્તને ખસેડી પૂછ્યું કે, તું કોણ છે ? શંકરે કહ્યું કે;—સ્વામી ! હું પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, તેનો ગુણ અને ઇંદ્રિયો એ સર્વેમાં કોઇ નથી, પણ એ સર્વેથી રહિત જે કેવળ પરમ શિવરૂપ તે હું છું. આપરથી ગુરૂએ જાણી લીધું કે આ સાક્ષાત્ શિવરૂપ છે. તેને ઉપદેશ આપવાની જરૂર નથી પણ પરંપરાની રીતિસર વેદના મહાવાક્યનો બોધ કરી પરમહંસની દિક્ષા આપી. પછી શંકર ગુરૂ પાસે તેમની સેવા કરતા રહેવા લાગ્યા. એક વખતે નદીમાં પુર ઘણું આવ્યું, નદી કિનારાનાં વૃક્ષો અને આજુ બાજુ વસતા લોકો તણાવા લાગ્યાં, એ જોઈ શંકરે પોતાનું કમંડળું મંત્રાવાહન કરી, તેમાં પુરને સમાઈ જવાની આજ્ઞા કરી. પુર તેમાં સમાવી દઈ, સર્વને દુઃખથી મુક્ત કર્યા. આવા તેમના ચમત્કારથી સર્વેએ તેમની સ્તુતિ કરી. પછી તેઓ ગુરૂ ગોવિંદનાથની આજ્ઞાથી કાશીક્ષેત્રમાં આવ્યા. વિશ્વેશ્વરનું પૂજન કરી, વેદધર્મની સ્થાપના કરવા માટે નિરંતર પ્રયત્ન કરવા લાગ્યા. એક વખતે ચોલ દેશમાં કાવેરી નદી કિનારે રહેતો એક બ્રાહ્મણનો વેદજ્ઞ પુત્ર મહા પુરૂષોના દર્શન માટે ફરતો ફરતો શંકરાચાર્યનાં દર્શને આવી ચરણમાં પડયો. આચાર્યે તેમના મસ્તકપર હાથ મૂકી પૂછતાં તેણે કહ્યું કે;—"હું સંસાર સા-

ગરમાં ડુબું છું, આપ સર્વજ્ઞ છો, તેથી હું વિશેષ જણાવતો નથી, માટે મારા ગુણ દોષ સામું ન જોતાં મને સંસાર સાગરમાંથી તારીને મારો ઉદ્ધાર કરો." એવી તેની પ્રાર્થનાથી શંકરે તેમને સંન્યસ્તની દિક્ષા આપી તેનું નામ સનંદન પાડ્યું અને તે આચાર્યનો મુખ્ય શિષ્ય થઇને રહ્યો.

સાક્ષાત્ શિવનો બોધ—આચાર્ય નિત્ય નિયમ પ્રમાણે એક વખતે ગંગાકિનારે બપોરે આન્હિક કર્મ કરવાને જતા હતા. માર્ગમાં એક ચંડાલ ચાર ભયંકર કુતરા સાથે મળ્યો, તેને તેમણે કહ્યું કે, અરે! ચાંડાલ દુર ખસ? આ સાંભળી ચાંડાલે કહ્યું કે:—"તું ચાંડાલ કોને કહે છે! બ્રહ્મ એકછે, અદ્વૈતીયછે અસંગ, સત્ય અનંત, નિરવદ્ય, જ્ઞાનરૂપ, અને અખંડ છે. આત્મા પણ અદ્વૈતીય છે. એવું વેદજ્ઞપુરૂષ કહે છે. તું વેદાંતમાં કુશલ છતાં આવી ભેદ બુદ્ધિ કેમ રાખે છે? તું મારા દેહને દૂરજવાનું કહે છે કે આત્માને? જો દેહને કહેતો હોય તો તે અન્નમય છે. તે શું તારા દેહ જેવો નથી? જો આત્માને કહેતો હોય, તો તે તારા કરતાં શું જુદો છે? જેમ સૂર્યનું પ્રતિબિંબ મદિરા અને ગંગાજળમાં પડે છે છતાં સૂર્ય જુદો નથી. તેમજ સર્વ મનુષ્યના દેહ જુદા છતાં આત્મા તો એકજ છે. હવે જો તું કદિ દેહને લૌકિક રૂઢીથી આ ચાંડાલ અને આ બ્રાહ્મણ છે, એમધારી દૂરજવા કહેતો હોય, તો તારાજેવા જ્ઞાનીએ લોક રૂઢીને પકડી રહેવું ઠીક નથી. તારા જેવા તત્વજ્ઞાનીને પરમેશ્વરની માયાવી ઇંદ્રજાલમાં મોહ પામેલો જોઇને આશ્ચર્ય પામું છું." આ સાંભળી શંકરાચાર્યની ભેદ બુદ્ધિ જતી રહી. તેમને ચાંડાલ નહિપણ મહાપુરૂષ જાણી લીધા. એ રીતે તેમની ભેદ બુદ્ધિ જતી રહેવાથી ચાંડલે પોતાનું પ્રત્યક્ષ શંકર રૂપ ધારણ કર્યું. શંકરાચાર્યે સાક્ષત્ શિવને જોઇ પ્રણામ કર્યા અને કહ્યું કે:—"જીવ દ્દષ્ટિથી હું આપનો અંશ છું અને આત્મ દ્દષ્ટિથી જોતાં આપ તેજ હું છું. તે પછી શિવે પ્રસન્ન થઇ કહ્યું કે:—વ્યાસે સર્વ વેદના સારરૂપ સૂત્રો કર્યાં છે, તે કલિદોષથી કુત્સીતમતવાળાઓએ મરજીમાં આવે તેવાં ભાષ્યો કર્યાં છે. માટે તેનાપર ખરેખરૂં ભાષ્યકર. તારૂં ભાષ્ય ઇંદ્રાદિ દેવો પણ માન્ય કરશે અને તે અખંડ કીર્ત્તિરૂપે રહેશે. ભેદવાદી ભાસ્કર, શાક્ત મતવાદી અભિનવ ગુપ્ત, ભેદવાદી નીલકંઠ, શૈવમતવાદી પ્રભાકર અને ગુરૂમતવાદી મંડન મિશ્ર આદિને જીતીને અદ્વૈત મતનું સ્થાપનકર. તેના રક્ષણ સારૂ સ્થળે સ્થળે તારા શિષ્યોને રાખ અને પછી મારા ધામમાં આવજે." એટલું કહી અંતર્ધ્યાન થયા; પછી આચાર્યે આન્હિક કર્મ કર્યું. શિષ્યો સાથે ફરતા હિમાલય પર્વતના બદ્રિકાશ્રમમાં આવ્યા. આ વખતે તેમની ઉમર બાર વર્ષની હતી. બદ્રિકાશ્રમમાં રહી નીચે પ્રમાણે ગ્રંથો કર્યા;—બ્રહ્મસૂત્ર, દશ ઉપનિષદ, ભારતમાંની ભગવતગીતા,

ભારતમાંના સનત્સુજાતિય, અને નૃહસિંહતાપની એ સર્વ ગ્રંથોનાં બ્રહ્મવિદ્યા પ્રતિપાદક ભાષ્યો કર્યાં. વેદાંત પ્રતિપાદક ઉપદેશ સહસ્ત્રી આદિ અસંખ્ય ગ્રંથો બનાવ્યા, શિષ્યોને એ સર્વે ભાષ્યો શિખવ્યાં. એક વખતે સનંદન ગંગાને સામે કિનારે હતો. તેની પરીક્ષા જોવાને આચાર્યે બોલાવ્યો. સનંદનપર ગુરૂની પૂર્ણ કૃપા હતી, તેથી સનંદન ધારતો હતો કે ગંગામાં ગમે તેટલું પાણી છે, પણ મને કશી અડચણ આવશે નહિ. એવા પૂર્ણ વિશ્વાસથી તેણે ડૂબી ગયાના ભય વિના પાણીમાં પગ મૂકી ચાલવા માંડ્યું. એટલે ગુરૂ કૃપાથી તેના પગ નીચે કમળ ઉત્પન્ન થયાં. ઉંડા પાણીમાં પણ કશી અડચણ આવી નહિ. ગંગામાં તેના પગ નીચે કમળ ઉત્પન્ન થયાં, ત્યારથી શંકરાચાર્યે તેનું નામ પદ્મપાદ પાડ્યું. આચાર્ય એક વખતે શિષ્યોને બ્રહ્મવિદ્યાનો બોધ આપતા હતા. તે વખતે પાશુપત મતાભિમાનીઓ પાસે બેઠા હતા. તેઓ વિવાદ કરવા લાગ્યા કે;—"કાર્ય, કારણ, યોગ, વિધિ અને દુઃખાત એવા મોક્ષને સાધન ભૂત પાંચ પદાર્થોને પશુ પતિ ઇશ્વરે ઉત્પન્ન કર્યા છે. કાર્ય—મહતત્વાદિ, કારણ—મૂળ ભૂત પ્રકૃતિ છે. યોગ—સમાધિ છે, વિધિ—ત્રિકાળસ્નાનાદિક છે, દુઃખત–મોક્ષ છે. એમાં મૂળ ભૂત પ્રકૃતિ એજ જગતનું ઉપાદાન કારણ છે અને પશુપતિ ઇશ્વિર તે નિમિત્ત કારણ છે. ઘડાનું કુંભાર એ નિમિત્ત કારણ છે, તેનું પણ સદ્દષ્ટિ કરવું છે. માટે તમારૂં બ્રહ્મ એ જગતનું ઉપાદાન કારણ છે, એ કહેવું અસંભવિત છે; કારણ કે અવયવ યુક્ત જડ અને અશુદ્ધાદિ લક્ષણોથી યુક્ત જગત્ છે. એવા જગત્નું ઉપાદાન કારણ બ્રહ્મ કેમ સંભવે ? જેમાં ઉત્પન્ન થાય છે તેનો ગુણ–ધર્મ તેનામાં રહેવો જોઇએ પણ બ્રહ્મનો જે ધર્મ તે જગત્માં દેખાતો નથી. માટે બ્રહ્મ એ જગત્નું ઉપાદાન કારણ છે એ કેમ માની શકાય?" આચાર્યે કહ્યું કે;—"તમે જે બ્રહ્મથી ભિન્નનિમિત્તને ઉપાદાન કારણનો સ્વીકાર કરોછો તે યોગ્ય નથી. બ્રહ્મવિના બીજાને નિમિત્ત કારણત્વ કે ઉપાદાન કારણત્વ માનીયે તો ઉપનિષદ્માં જેના જ્ઞાનથી અશ્રુતશ્રુત થાય છે અને અવિજ્ઞાન વિજ્ઞાન થાયછે ઇત્યાદિ જણાવેલું છે તેને બાધ આવે છે. નિમિત્ત કારણના જ્ઞાનથી કાર્યનું જ્ઞાન થતું નથી. માટે આ ઠેકાણે ઉપાદાન કારણનેજ ગ્રહણ કરવું જોઇએ. તેને ઠેકાણે જો પ્રકૃતિનું ગ્રહણ કરીએ, તો બ્રહ્મ એક છે અને અદ્વૈતીય છે. એ શ્રુતિ વચનને બાધ લાગે છે." જગતની ઉત્પત્તિની પૂર્વે બ્રહ્મ વિના કોઇપણ પદાર્થો નહોતા એવું પ્રતિપાદન કરેલું છે. તેથી પ્રકૃતિને ઉપાદાન કારણ ન માનતાં બ્રહ્મનેજ માનવો જોઇએ. કાર્યમાં ઉપાદાન કારણનો કાંઇપણ અંશ હોવો જોઇએ એવો જે તમારો મત છે તે બરાબર નથી; કેમકે છાણમાંથી વિંછી આદિ

ઉત્પન્ન થાય છે, પણ તેમાં છાણનો જરાપણ અંશ જોવામાં આવતો નથી. કાર્ય અને ઉપાદાન કારણ એ બેનું સાદૃશ્યપણું પણ આથી સંભવતું નથી. દેહાદિકથી થનારાં કાર્ય અનિત્ય છે. માટે બ્રહ્મ એજ મુખ્ય માનવો જોઇએ." ઇત્યાદિ ઘણી પ્રકારે પાશુપત મતનું ખંડન કર્યું. તેથી તેમણે પોતાનો મત મૂકીને આચાર્યનો મત ગ્રહણ કર્યો.

વ્યાસનો મેળાપ—આચાર્ય એક વખતે ગંગા કિનારે શિષ્યોને વ્યાસ સૂત્રનું ભાષ્ય ભણાવતા હતા. ત્યાં એક વૃદ્ધ બ્રાહ્મણ આવ્યો. તેણે પૂછ્યું કે, તમે શું ભણાવો છો? આચાર્યના બોલ્યા પહેલાં એક શિષ્યે કહ્યું કે, આ અમારા ગુરૂ છે તેમણે સર્વ ઉપનિષદ્ અને વ્યાસસૂત્ર ઉપર અદ્વૈતવાળું ભાષ્ય કર્યું છે, તે અમને શિખવે છે. એ સાંભળી વૃદ્ધ બ્રાહ્મણે કહ્યું કે,—"તમે વ્યાસસૂત્રના ભાષ્યકાર હો તો, વ્યાસસૂત્રના ત્રીજા અધ્યાયમાં પ્રથમ સૂત્ર છે, તેનું વ્યાખ્યાન કરી બતાવો. એપરથી આચાર્યે નિરભિમાનથી તેના કહેલા સૂત્રનો ભાવાર્થ કહ્યો કે;—" મરણ વખતે ભુત સૂક્ષ્મ દેહ બીજથી યુક્ત જીવ એક દેહ મૂકીને બીજા દેહમાં જાય છે, ત્યારે પંચીકૃત પંચભૂતના સૂક્ષ્મ ભાગથી યુક્ત થઇને જાય છે." તાણ્ડિત શ્રુતિમાં જૈમિનીએ ગૌતમને એજ પ્રમાણે જણાવેલું છે. આ ખુલાસો સાંભળી બ્રાહ્મણે પરીક્ષા લેવા, તેના કરેલા ખુલાસાનું ખંડન થાય એવા કેટલાક પ્રશ્નો પૂછ્યા, પણ આચાર્યે તેને તોડી પાડવા શ્રુતિઓનાં પ્રમાણ આપી પોતાના મતનું મંડન કર્યું. એ રીતે પરસ્પર ઘણી પ્રકારે ખંડન મંડન આઠ દિવસ સુધી ચાલ્યા કર્યું. છેવટ શંકરાચાર્ય જીત્યા. (સાંખ્ય, બૌદ્ધ, જૈન, કણાદ આદિના મતોનાં વિસ્તારથી ખંડન જોવાં હોય તો વ્યાસસૂત્રપર શંકર શારીરક ભાષ્ય નામના ગ્રંથમાં જોવાં. એ અદ્વૈત સિદ્ધાંત માટે અને બીજા મતો શી રીતે ખોટા છે. એ સર્વે તેમાં વાંચવા લાયક છે.) આચાર્યે પોતાનો મત સિદ્ધ કર્યો, તે જોઈ વ્યાસે પ્રસન્ન થઈ દર્શન આપ્યું. આચાર્યે પાસે જઈ નમન કર્યું. વ્યાસે આચાર્યના કરેલા બ્રહ્મ સૂત્રપર અદ્વૈત સિદ્ધાંત પ્રતિપાદક શારીરક ભાષ્યને સંમતિ આપી કહ્યું કે;—"તમે સર્વજ્ઞ છો, તમે અમારી પદવીને પામેલાજ છો. તમારા અખંડિત પાંડિત્યથી મને ઘણો સંતોષ થયો છે. તમારાથી હું ઘણો રાજી થાઉં છું. તમોએ મારા સૂત્રપર ભાષ્ય કર્યું છે, એવું શ્રી શંકરના દૂત સંભાકરણથી મેં જાણ્યું હતું. એ ભાષ્ય કેવું થયું છે, તે જોવાને આવ્યો છું." આચાર્યે તેમને ભાષ્ય જોવાને આપ્યું, તે જોઇને તેમણે અભિપ્રાય આપ્યો કે;—"મારા સૂત્રપર પૂર્વે ઘણા વિદ્વાનોએ ભાષ્ય કર્યાં છે અને હજુ પણ કરશે, પણ તમોએ તેનો જે ગુઢ અર્થ પ્રકાશ કર્યો છે, એવું તેઓ કદી કરી શક્યા નથી અને હવે પછી પણ તમારા જેવું કરશે કે

નહિ તેની શંકા છે. હવે તમે ઉપનિષદ્ ઉપર વ્યાખ્યાન કરો અને અદ્વૈતવાદીઓને જીતો.” આ સાંભળી આચાર્યે પોતાનાં કરેલાં ઉપનિષદોનાં ભાષ્યો બતાવ્યાં. તે ભાષ્યો શિષ્યોને શિખવ્યાં છે અને દ્વૈતવાદીઓને જીત્યા છે. હવે વિશેષ કરવાનું નથી આદિ કહી બતાવી જણાવ્યું કે, હવે આપ એક મૂહૂર્ત્ત (બે ઘડી) રોકાઓ. મારૂં આયુષ્ય પૂરૂં થવાથી આ દેહ મણિકર્ણિકામાં મૂકી કૈલાશમાં જવાનો છું, એ સાંભળી વ્યાસે દેહ મૂકી દેવાની ના પાડી જણાવ્યું કે, હજુ તમારે કેટલાક વિદ્વાનોને જીતવા છે, જો કે તમે તેવા ગ્રંથો કર્યા છે, પણ જાતે જીતવાની જરૂર છે. માટે હું તમને બીજાં સોળ વર્ષનું આયુષ્ય આપુંછું. એમ કહી અંતર્ધ્યાન થઈ ગયા.

આ પછી આચાર્યે ભટ્ટપાદને મળવાનો વિચાર કર્યો. પ્રથમ પ્રયાગમાં આવ્યા. ત્રિવેણીની સ્તુતિ કરી તેમાં સ્નાન કર્યું. તેટલામાં સમાચાર મળ્યા કે ભટ્ટપાદ તુષાગ્નિ—ધાન્યનાં છોડાં સળગાવીને તેમાં બળી મરે છે. આ સાંભળી આચાર્ય ત્યાં ગયા. શિષ્યોએ ભટ્ટપાદની પૂજા કરી. આચાર્યે પોતાનુ ભાષ્ય બતાવ્યું, એ જોઇ ભટ્ટપાદ ખુશી થયા અને જણાવ્યું કે; મેં ઇશ્વરને નહિ માનતાં વેદનેજ સ્વતઃપ્રમાણથી સિદ્ધ કર્યો છે. તથા ગુરૂદ્રોહ (સુગતો પાસે તેમનાં શાસ્ત્ર શીખી તેમનોજ નાશ કરાવ્યો છે.) એ પાપથી મુક્ત થવાને બળી મરૂંછું. આચાર્યે જણાવ્યું કે તમે જે કર્યું છે તે યોગ્યજ કર્યું છે, તેથી કંઇ પાપ થયું નથી. હું તમને મારા કમંડળનું જળ છાંટી બચાવું. એ સાંભળી ભટ્ટ પાદે જીવવાની ઇચ્છા બતાવી નહિ તથા જણાવ્યું કે તમે મને જીતવાને આવ્યા છો, એ મેં જાણ્યું છે, પણ મારો શિષ્ય મંડન મિશ્ર જે મારા કરતાં અધિક નિપુણ છે, તેને જઇ જીતો એટલે સર્વને જીત્યા સમજશો. આપ સાક્ષાત્ શંકર છો, તો મને તારક મંત્રનો ઉપદેશ કરી કૃતાર્થ કરો. પછી શંકરાચાર્યે કાર્તિક સ્વામીનો અવતાર જે ભટ્ટપાદ તેને તારક મંત્રનો બોધ કર્યો. તેથી એ મુક્તિને પામી પરમ ધામમાં ગયા. આચાર્ય મંડન મિશ્રને મળવા આકાશ માર્ગે માહિષ્મતી નગરી અથવા ચોળી માહેશ્વરમાં આવ્યા. તે રોજ મંડનને ઘેર શ્રાદ્ધ હતું. તેથી કોઇ ભિક્ષુક અંદર ન આવે, માટે ઘરનાં દ્વાર મજબૂત બંધ કર્યાં હતાં. એ જોઈ આચાર્યે પોતાની યોગ શક્તિથી અંદર પ્રવેશ કર્યો. શ્રાદ્ધભોજન માટે વ્યાસ અને જૈમિની આવ્યા હતા, તેમણે આચાર્યનો ઘણો સત્કાર કર્યો. મંડન પંડિતે આ કોઇ સંન્યાસી છે એમ જાણ્યું હતું, શ્રાદ્ધ વખતે ક્રોધ કરવો ન જોઇએ, એવી શાસ્ત્રી મર્યાદા છે. છતાં તેમને શ્રાદ્ધ વખતે આવેલા જોઈ તેમણે ક્રોધથી વ્યાસ અને જૈમિની સમક્ષ વિવાદ આદર્યો.—

શંકરાચાર્ય”અને મંડન મિશ્રનો સંવાદ—“મંડન મિશ્રે કહ્યું કે; અરે!

મુંડિયા ઘરનાં દ્વાર બંધ હતાં અને આ શ્રાદ્ધ સમયે તું ક્યાંથી આવ્યો? શંકર—તું વિદ્વાનોનો શિરોમણી છે છતાં આવી રીતે કેમ બોલે છે? હું પ્રશ્ન કરતો નથી ને તું બોલે છે, તો તું મને કહેતો નથી પણ બીજા કોઇને કહેતો હઇશ. મંડન—તેં શું મદિરા પીધો છે? શંકર—સૂત્રામણિયજ્ઞમાં તમે એમજ કરો છો. અમે એમ સમજીએ છીએ કે એ ઠેકાણે દૂધ પીવું એમ કહ્યું છે. મંડન—ઓ માંસ ભક્ષક! તું મસ્ત થયો છે. શંકર—સંન્યાસીને મધુ માંસ રહિત ભિક્ષા કરવી કહી છે. તેથી અમે કદી ખાતા નથી, પણ સોમયાગાદિકમાંતું ખાય છે. મંડન—ગધેડાથી પણ ન ઉપડે એવી તું કંથા ઉચકે છે, ત્યારે તને ચોટલી જનોઇ શું ભાર કરતાં હતાં? શંકર—તારો બાપ ગધેડે પણ કંથા ઉચકાય નહિ, પણ ચોટલી ને જનોઈ રાખ્યાથી શ્રુતિને ભાર લાગે છે. મંડન—સ્ત્રીનું પાલણપોષણ કરવાની શક્તિ રહી નહિ, ત્યારે તેં મુંડાવ્યું. ત્યારે આવડાં પુસ્તકો અને શિષ્યોનો ભાર કેમ વેઠી શકે છે? જાણી તારી બ્રહ્મનિષ્ટતા! શંકર—ગુરૂની સેવા કરવામાં આળસને લીધે તું સ્ત્રી સેવનમાં નિષ્ટા રાખી કર્મ નિષ્ટપણું કરે છે, એ જાણી તારી કર્મ નિષ્ટતા? મંડન—સ્ત્રીના ગર્ભમાં રહી, સ્ત્રીએ પાળી પોષી મોટો કર્યો, તેનીજ તું નિંદા કરે છે? તેથી તારૂં કૃતઘ્નીપણું જણાઈ આવે છે! શંકર—અરે મૂર્ખ! જે સ્ત્રીઓનું તેં સ્તનપાન કર્યું, જે સ્ત્રીની યોનીથી તું જન્મ્યો, તે જાતિ સાથે મૂર્ખ તું રમણ કરે છે? મંડન—અગ્નિહોત્રાદિક કરવાં તેં મૂકી દીધાં છે, તેથી તને શ્રુતિ પ્રમાણે ઇંદ્રની હત્યાનું પાપ લાગે છે. શંકર—તું શ્રુતિ પ્રમાણે પરમ પદને જાણતો નથી. તેથી આત્મ હત્યાને પામે છે, તેનો તું પ્રથમ વિચાર કર. મંડન—તું દ્વારપાળને સૂચવ્યા વિના ચોરની પેઠે કેમ આવ્યો? શંકર—તું ભિક્ષુકનો ભાગ ભિક્ષુકને ન આપતાં ચોરની પેઠે કેમ ખાઇશ? મંડન—कर्मकालेनसंभाष्योअहं—શ્રાદ્ધકર્મ કરતી વખત હું નહિ બોલું. શંકર—સંસ્કૃત બોલવામાં યતિ ભંગ કરનારા તારૂં જ્ઞાન જણાઈ ચૂક્યું? મંડન—હું યતિભંગમાં પ્રવર્તેલો છું. એટલે યતિ—સંન્યાસીના ભંગમાં મને કશો દોષ નથી. શંકર—યતિભંગનો સમાસ આ ઠેકાણે પષ્ટીના સમાસનો અર્થ ન કરવો પણ પંચમીના સમાસનો અર્થ 'યતિથી ભંગ પામેલો છું.' એવો કરવો. મંડન—તે બ્રહ્મ ક્યાં? આ સંન્યાસ ક્યાં? અને આ કલિકાળ ક્યાં? આ તો સ્વાદિષ્ટ ભોજન કરવાની ઇચ્છાથી તેં આ વેષ ધારણ કર્યો છે એમ સમજાય છે. શંકર—ક્યાં સ્વર્ગ! અને ક્યાં દુરાચાર? ક્યાં અગ્નિહોત્ર? અને ક્યાં કલિકાળ? કેવળ તેં કામની—મૈથુનની કામનાથી કર્મ કરવા આ વેષ ધારણ કર્યો લાગે છે." એ રીતે મંડન પંડિતનું બોલવામાં ઉદ્ધતપણું જોઇ વ્યાસ તથા જૈમિનીએ તેને ચેતવ્યો કે, "જેણે અ-

દ્વૈતપણાનું સ્થાપન કરેલું છે, એવા યતિને તું ન કહેવાનું કહે છે એ ઘટીત નથી.” ઇત્યાદિ કહ્યું. તેથી મંડને શાંત થઈ આચાર્યનું વિધિથી પૂજન કર્યું, ક્ષમા માગી, ભિક્ષા કરવા ઉઠવાનું કહ્યું. શંકર—“મંડન! હું વાદરૂપી ભિક્ષાની ઇચ્છાથી આવ્યો છું. તેથી તારે તેની ભિક્ષા આપવી. આપણા બંનેમાં જે હારે તે તેનો શિષ્ય થઇ રહે. આ સિવાય બીજી ભિક્ષાની મારે વધારે ઇચ્છા નથી.” પછી વાદ વિવાદ કરવાનું કબૂલ કરી ભિક્ષા કરવા ઉઠ્યા. પછી વ્યાસ, જૈમિની, શંકરાચાર્ય અને મંડન સર્વ સાથે બેઠા. મંડન પંડિત ઘણા દિવસથી વિવાદ કરવાને ઇચ્છિતો હતો, વિવાદમાં તે કોઇને ગણતો નહિ, આ જોગ તેને મળ્યો તેથી રાજી થયો. એ ઇશ્વરને ન માનનારો પૂર્વમિમાંસક હતો, તેથી તેને નિરીશ્વરવાદી કહેતા હતા. વિવાદ કરવાનો દિવસ નક્કી કર્યો. શંકરાચાર્ય વિવાદ કરવાને તૈયાર થઈ બેઠા. મંડન મિશ્ર પણ પોતાની સ્ત્રી સરસ્વતીને સાથે લઇને આવ્યો. પ્રથમ બંનેએ પ્રતિજ્ઞા કરી. શંકરાચાર્ય—“બ્રહ્મ સત્ય છે. તે હું સિદ્ધ કરી આપીશ. જો હું હારીશ તો ભગવાં વસ્ત્ર તજી ધોળાં વસ્ત્ર પહેરી ગૃહી થઇશ. હાર જીતનો નિર્ણય સરસ્વતી કરશે.” પછી મંડન પંડિત—“વેદનો કર્મકાંડ એજ સત્ય છે એ હું સિદ્ધ કરી આપીશ. જો હું હારીશ તો ગૃહીપણું તજીને ભગવાં વસ્ત્ર પહેરી સંન્યાસી થઇશ. હારજીતની સાક્ષી સરસ્વતી છે.” સરસ્વતીએ સાક્ષી રહેવાની વાત કબૂલ કરી. પછી સરસ્વતીએ બંનેના ગળામાં ફુલની માળા પહેરાવી કહ્યું કે, જેના ગળામાં આ ફુલની માળા કરમાશે, તેની હાર થઇ હું સમજીશ. પછી વિવાદ શરૂ થયો. અંતરિક્ષ દેવો વિમાનમાં બેસી જોવા ઉભા રહ્યા. મંડન—“જીવ અને ઇશ્વરનું એકપણું છે, એવો જે તમારો મત છે, તેને માટે કાંઇપણ પ્રમાણ નથી. જે ઉપનિષદ્‌નાં પ્રમાણ આપો છો, તેમાં કર્મ સફળતા નથી. તેથી તમારો મત મારે માન્ય નથી.” પછી એ સાંભળી શંકરાચાર્યે તેમને શ્રુતિઓનાં ઘણાં પ્રમાણો આપીને મંડન પંડિતના મતનું ખંડન અને પોતાના મતનું મંડન કર્યું. એ વિવાદ કેટલાક દિવસ સુધી ચાલ્યા કર્યો. તેમાં બ્રહ્મ સત્ય એ સિદ્ધ કરી આપી આચાર્યે અદ્વૈતનું સ્થાપન કર્યું. મંડન પંડિતના ગળામાંની ફુલની માળા કરમાઈ ગઈ. એ જોઈ સરસ્વતીએ આચાર્યનો જય થયો દર્શાવ્યો. આ વિવાદમાં સરસ્વતીને પણ સાક્ષી રહેતાં સુધીનો દુર્વાસા મુનિનો શાપ હતો, તે મુક્ત થયો. તેથી એ બ્રહ્મલોકમાં જવાને તૈયાર થયાં, પણ આચાર્યે તેને અટકાવી પ્રાર્થના કરી કહ્યું કે, હું તમને કહું ત્યારે જજો. સરસ્વતી તેમનું વચન માની રહ્યાં. મંડન પંડિતના મતનું અનેક પ્રમાણો આપી ખંડન કર્યું, તો પણ તેના મનમાં એમ આવ્યું કે, સર્વ ભૂત ભવિષ્યને જાણનારા જૈમિની-

નાં કરેલાં પદોનું ખંડન કેમ થઈ શકે? એવા તેમના સંશયથી શંકરાચાર્યે કહ્યું કે, જૈમિનાં વચનોનું ખંડન થયું નથી, તેમણે જરાએ ભૂલ કરી નથી, પણ આપણેજ પૂર્ણ જ્ઞાન વિના તેમના અભિપ્રાયને બરાબર સમજી શક્યા નથી. એમ કહી જૈમિનીના સૂત્રાર્થને બરાબર સમજાવ્યો પણ તેમનો સંશય ગયો નહિ. એપરથી જૈમિનીનું સ્મરણ કરતાં તેમણે આવી જણાવ્યું કે;—"આચાર્યે જે અર્થ કર્યો છે તેજ ખરો છે. તેનો તારે સ્વીકાર કરવો. આ સાક્ષાત્ શિવનો અવતાર છે. શિવપુરાણમાં ચાર યુગમાં ચાર મોટા જ્ઞાનીઓ થવાનું ભવિષ્ય જણાવ્યું છે. તેમાં પ્રથમ કૃતયુગમાં કપિલ, ત્રેતાયુગમાં દત્તાત્રેય, દ્વાપરમાં વેદ વ્યાસ અને કલિયુગમાં શ્રી શંકરાચાર્ય છે. માટે તારે તે મતને પ્રમાણ ગણી સંસાર સાગર તરવો એ ઘટીત છે." એ પ્રમાણે કહ્યાથી મંડન પંડિત શાન્ત થયા. શંકરાચાર્ય પાસે માફી માગી અને સર્વ ત્યાગ કરી શરણે આવી આજ્ઞા પ્રમાણે કરવાને તૈયાર થયા. પછી શંકરે તેનાપર કૃપા કરી સરસ્વતી સામું જોયું. સરસ્વતીએ તેમનો આશય જાણી લીધો. તેપરથી સરસ્વતીએ જણાવ્યું કે, "પત્ની એ પણ આત્માની અર્ધભાગિની છે એવું શ્રુતિમાં કહ્યું છે, માટે મને જીતો ત્યારે ખરા." એ પરથી આચાર્યે સરસ્વતી સાથે સત્તર દિવસ સુધી વિવાદ ચલાવ્યો, તેમાં સરસ્વતી હાર્યા. સરસ્વતીએ શંકરને જીતવા કઠિન જાણ્યા. આચાર્ય બાળવયમાં સંન્યાસી થયા છે. માટે તેઓ કામ શાસ્ત્ર જાણતા નહિ હોય, એવા વિચારથી તેમને કામ કળાના પ્રશ્નો પૂછ્યા, પણ શંકર સર્વજ્ઞ હતા, તેમનાથી કાંઈ અજાણ્યું નહોતું, તે ધારે તે કરવા શક્તિમાન હતા, પણ મર્યાદાને આધિન હતા. પ્રશ્નોના ઉત્તર ન આપે તો અસર્વજ્ઞપણું જણાય અને ઉત્તર આપે તો યતિ ધર્મને બાધ આવે. જાહેર રીતે ઉત્તર આપી શકાય તેવું નહોતું, તેથી અજાણ્યા હોય તેવી રીતે સરસ્વતી પાસે એક માસની મુદત માગી, તે સરસ્વતીએ આપી.

આચાર્ય પોતાની કાર્ય સિદ્ધિ માટે તૈયાર થયા. અમરક રાજા મૃગયાના પરિશ્રમથી મૂર્છિત થઇ મરણ પામ્યો હતો, એવું આચાર્યે યોગ બળથી જાણી લીધું, તેના મૃત દેહમાં યોગ બળથી પ્રવેશ કરી, તેમની રાણીઓના હાવ ભાવનો અનુભવ લેવા ધાર્યો. પદ્મપાદે તેમ કરવામાં શંકા કરી, ત્યારે આચાર્યે જણાવ્યું કે, "આસક્તિ રહિત પુરૂષને કોઇ જાતનો દોષ લાગતો નથી, જેને હુંપણું મૂળમાંજ હોતું નથી, તેને કોઈ કાર્ય અડચણ કરી શકતું નથી. તત્વવેત્તા કોઈ કાર્યથી લેપાતા નથી. હું આ શરીરથી કામ શાસ્ત્રનો અનુભવ લેવા ધારૂં, તોપણ મને અડચણ નથી, પણ પરંપરાના સંપ્રદાયને બાધ ન આવે જાણીને બીજા શરીરમાં પ્રવેશ કરી અનુભવ લે-

વા થાયાં છે." ઇત્યાદિ દાખલા, દૃષ્ટાંતો અને શાસ્ત્ર પ્રમાણોથી તેમની શંકા દૂર કરી. આચાર્ય તરતજ આકાશ માર્ગે એક વનમાં તળાવ હતું ત્યાં આવી ઉતર્યા. ત્યાં એક ગુફા હતી, ત્યાં પોતાના દેહને શિષ્યોના સંરક્ષણ તળે મૂકી અમરક રાજાના દેહમાં પ્રવેશ કર્યો. અમરક રાજા તરતજ આળસ મરડી બેઠો થયો. તેથી રાણીઓ અને પ્રધાનો આદિ સર્વ આનંદ પામ્યા. રાજા સંજીવન થયો જાણી પુરોહિતોયે તેમનાપર શાંતિક્રિયા કરી. ઇંદ્ર જેમ સ્વર્ગનું પાલન કરે, તેમ રાજા પ્રજાનું ઉત્તમ રીતે પાલન કરવા લાગ્યો. દેશમાં જળ, ફળ અને સમૃદ્ધિ અધિક થવા લાગ્યાં. રાજાનું તેજ પ્રથમ કરતાં કોઈ અલૌકિક જણાતું હતું, તેમજ દિવ્ય ગુણોવાળો જણાતો હતો. ઇત્યાદિથી આ કળિકાળ પણ ત્રેતાયુગ જેવો લાગતો હતો. આ પરથી પ્રધાને એવો વિચાર કર્યો કે; આ કોઈ પૂર્ણ ઐશ્વર્યવાન યોગીરાજે રાજાના શરીરમાં કેમ જાણે પ્રવેશ કર્યો નહોય! માટે એ ફરી પોતાના દેહમાં ન જાય તેનો ઉપાય કરવો. એમ વિચારી નોકરોને આજ્ઞા કરી કે જ્યાં તમે કોઇ મૃતદેહ પડેલો દેખો, તેને તેજ સ્થળે બાળી મૂકજો. એવી પ્રધાનની આજ્ઞાથી વનમાં ચારે તરફ નોકરો ફરવા લાગ્યા હતા. આચાર્ય રાજાના દેહમાં પ્રવેશ કરી વાત્સાયન કામશાસ્ત્ર પ્રમાણે કામકળાનો અનુભવ મેળવ્યો. વાત્સાયન સૂત્ર આધારે પોતાના અનુભવથી કામશાસ્ત્રસંબંધી નવિન વિષયોથી ભરપૂર એક ગ્રંથ બનાવ્યો. એક માસની મુદત પુરી થવા આવી હતી. તેથી શિષ્યોને ચિંતા થવા લાગી. પદ્મપાદે સર્વ શિષ્યોને ધારજ આપી, આચાર્યના દેહને સંભાળી રાખવા ભલામણ કરી, પોતે કેટલાક શિષ્યને સાથે લઈ શોધતા શોધતા ગાયક વેશે અમરકરાજાની નગરીમાં આવ્યા. તજવીજથી અંતઃપુરમાં રાજા હતો ત્યાં પ્રવેશ કર્યો: જઇ "માર્મિક" ગાયન કર્યું. રાજા સમજી ગયો. ગાયકોને સાનમાં સમજાવી રજા આપી. પોતે રાજાના શરીરમાંથી નીકળીને જે ગુફામાં શિષ્યોનાં રક્ષણ નીચે દેહ હતો ત્યાં આવ્યા. જુએ છે તો પોતાનો દેહ પ્રધાનની આજ્ઞાથી અગ્નિસંસ્કાર થતો જણાયો. તરત તેમાં પ્રવેશ કર્યો કે, દેહમાં સંજ્ઞા આવી, નૃસિંહ ભગવાનનું સ્મરણ કરતાં તેણે અગ્નિ શાન્ત કર્યો. ગુફામાંથી શિષ્યો સાથે બહાર નીકળી મંડનમિશ્રને ઘેર આવ્યા. સરસ્વતીએ વંદન કરી કહ્યું કે; "હે બ્રહ્મન્! તમે સર્વ વિદ્યાના, સર્વ ભૂતપ્રાણીઓના ઇશ્વર અને બ્રાહ્મણોના પણ અધિપતિ શાક્ષાત્ શિવ છો, મને કામકળામાં જીતવાની એક માસની મુદત માગી હતી, એ કેવળ મનુષ્ય ધર્મને અનુસરીને તમે કર્યું છે. તમે સર્વજ્ઞ છો, સર્વજ્ઞને સર્વ સહેલ છે, હવે હું જાઉંછું." એ સાંભળી સંકરાચાર્યે સ્તુતિ કરી ઋષ્યશ્રંગનામે સ્થાનમાં શારદા નામથી રહેવાનું કહ્યું. સરસ્વતીએ તેમ કરવા હા પાડી બ્રહ્માના પરમ

ધામમાં ગયાં. મંડન મિશ્રને આચાર્યે સંન્યસ્તની દિક્ષા દીધી. तत्त्व मसि મહા વાક્યનો ઉપદેશ આપ્યો. તેમજ ગુરૂ મહિમાને સારી રીતે સમજાવ્યો, મંડનમિશ્ર સુરેશ્વર એ નામથી આચાર્યના મુખ્ય શિષ્યોમાં ગણાવા લાગ્યા.

આચાર્ય દુષ્ટ પાખંડ મતોનું ખંડન કરતા, ભક્ત લોકોને સદ્બોધ દેતા અને અદ્વૈત માર્ગનું સ્થાપન કરતા અનેક દેશોમાં ફરતા ફરતા દક્ષિણના મહારાષ્ટ્રાદિ દેશોમાં પોતાનો મત તથા ગ્રંથોનો પ્રચાર કરતા શ્રીશૈલ નામના પર્વત ઉપર પધાર્યા, ત્યાં તેમણે પાતાળ ગંગામાં સ્નાન કર્યું, મલ્લિકાર્જુન નામે શિવલિંગની પૂજા કરી. ત્યાં શ્રેષ્ઠ શિષ્યોને શારીરક ભાષ્ય ભણાવ્યાં. અહીં પાશુપત, વીરવૈષ્ણવ, શૈવ, અને માહેશ્વર મતવાળાને સુરેશ્વરાદિ શિષ્યોએ જીત્યા. તેમાં કેટલાક આચાર્યના શિષ્ય થઈ રહ્યા. શ્રીશૈલ પર્વતપર એક વખતે એક કાપાલિક કપટ વેશથી આચાર્યનો નાશ કરવાની ઇચ્છાથી આવ્યો. એ ભૈરવ ભક્ત કાપાલિક પોતાના ઇષ્ટની સિદ્ધિનો લાગ જોઈ બોલ્યો કે;—"હે મહાત્મા! સર્વજ્ઞતા, સુશીલતા, દયાળુતાદિક આપના સકલ શુભ ગુણો સાંભળીને આપનાં દર્શનાર્થે આવ્યો છું. આપે પરોપકાર માટેજ દેહ ધર્યો છે, આપની સદ્કીર્તિ સર્વ સ્થળે ગવાય છે, આપ અદ્વિતીય બ્રહ્મને પ્રતિપાદન કરનારા ઉત્તમ યતીંદ્ર છો. આપની પાસે આવનાર મનુષ્યો પોતાના મનોર્થો સફળ કરી જાય છે. મેં આ દેહે સ્વર્ગે જવા માટે સો વર્ષ તપ કરીને ભૈરવનાથને પ્રસન્ન કર્યા છે. તેમણે મને કહ્યું છે કે;—તું કોઈ સર્વજ્ઞ પુરૂષનું અગર રાજાનું મસ્તક અગ્નિમાં હોમીશ, તો સદેહે સ્વર્ગમાં જઈશ. તેથી હું ચારે તરફ ફરૂં છું પણ મને કોઈ તેવો મળ્યો નથી, તેથી નિરાશ થઈ આપની પાસે આવ્યો છું. આ દેહ ક્ષણભંગુર છે, મસ્તક આપવાથી આપની અપાર કીર્ત્તિ વધશે અને મારૂં કામ થશે. મસ્તકની માગણી કરતાં મારી જીભ ઉપડતી નથી, કેમકે જીવિતકોને વહાલું ન હોય? આપ તો કેવળ બ્રહ્મ સ્વરૂપ છો, આપને શરીરની આસક્તિ નથી, આપે પરોપકાર માટેજ દેહ ધર્યો છે, આપ કૃપા કરો તો મારૂં કામ થાય. દયાળુ પુરૂષો તો પોતાનું શરીર કેવળ પરમાર્થેજ ધારણ કરે છે, આપને ધન, પુત્ર, મિથ્યા લોક તૃષ્ણા કશું નથી. પરોપકાર વિના આપને બીજું કોઈ કર્ત્તવ્ય પણ નથી. દધીચી ઋષિએ ઇંદ્રને પોતાનાં હાડકાં કાઢી આપ્યાં હતાં, જીમુતવાહને નાગ રક્ષણ માટે ગરૂડને પોતાનો પ્રાણ આપ્યો હતો. તેથી તેમની અમર કીર્ત્તિ રહી ગઈ છે. મારી માગણી અયોગ્ય છે, તેથી હું બીહુંછું, પણ આપ જેવા પરોપકારી પુરૂષો મારા જેવા માગણને ન આપે એ સંભવ નથી." ઇત્યાદિ સાંભળી આચાર્ય બોલ્યા કે;—"હું ખુશીથી મારૂં મસ્તક આપીશ. માટે મારા શિષ્યો કે કોઈ ન જાણે તેમ તારે

એકાંતે આવવું, નહિ તો તારૂં કામ થવું કઠિન થશે." કાપાલિક રાજી થતો પોતાને સ્થળે ગયો. શિષ્યો સ્નાન સંધ્યાદિક કરવાને ગયા, ત્યારે આચાર્યે દેહ મૂકી દેવાની ઇચ્છાથી જીવનો પરમાત્મા સાથે નિયોગ કર્યો. નિર્વિકલ્પ સમાધિમાં સિદ્ધાસન વાળી બેઠા. એટલામાં કાપાલિક આવ્યો, તેણે ત્રિશૂળ ઉગામી મારવાની તૈયારી કરી. યોગ બળથી આવોજ ભાસ પદ્મપાદનાં અંતઃકરણમાં પડયો. તેથી પદ્મપાદને ક્રોધ ચડયો, તાત્કાળિક તે ધ્યાન કરી મંત્રબળથી નૃસિંહ સ્વરૂપને પામી કાપાલિકપર ધસ્યો. પ્રલ્હાદ સ્મરણથી જેમ હિરણ્યકશ્યપુના દેહને નૃસિંહે નખ વડે ચીરી નાંખ્યો હતો, તેમ કાપાલિકને ચીરી નાંખી મોટી ગર્જના કરી. એ સાંભળી સર્વ શિષ્યો દોડી ત્યાં આવ્યા. જોયું તો આચાર્ય સમીપ કાપાલિકને મરણ પામેલો દીઠો. પછી નૃસિંહરૂપ પદ્મપાદે જોસથી ત્રણ મોટી ગર્જના કરી. તેથી આચાર્યની સમાધિ ઉતરી ગઈ, નેત્ર કમળ ઉઘડી ગયાં અને નૃસિંહ સ્વરૂપ જોયું, આચાર્યે પ્રાર્થના કરી કે નૃસિંહ સ્વરૂપ સમાઈ જઈને પદ્મપાદ મૂળ સ્વરૂપે થયો. પછી પદ્મપાદે સર્વ વાત કરી બતાવી. આ ચમત્કાર નજરે જોનાર શિષ્યોએ આચાર્યની સ્તુતિ કરી.

શિષ્યો—આચાર્ય તીર્થ સ્થળોમાં ફરતા ફરતા પાપથી મુક્ત કરનાર ગોકર્ણક્ષેત્રમાં આવ્યા. ગોકર્ણેશ્વરની સ્તુતિ કરી દર્શન કર્યાં. ત્યાં ત્રણ દિવસ રહી હરિશંકર નામના દિવ્ય સ્થાનમાં આવ્યા. ત્યાં ભેદવાદીઓના ભ્રમ ટાળવાને શિવ અને વિષ્ણુ એ બે દેવ સાથે રહે છે. આચાર્યે બંને દેવને લાગુ પડે એવા દ્વીઅર્થી શ્લોકથી શાંત ચિત્તે સ્તુતિ કરી, મુકાંબિકા દેવીના મંદિરમાં આવ્યા. ત્યાં એક બ્રાહ્મણ અને તેની સ્ત્રી પોતાના મરણ પામેલા પુત્રને ખોળામાં લઈ મહા કલ્પાંત સાથ રૂદન કરતાં હતાં. એ જોઇ આચાર્યને દયા ઉત્પન્ન થઇ, તેમણે ત્રૈલોકયનાથની સ્તુતિ કરી, એ બ્રાહ્મણના પુત્રને સજીવન કરાવ્યો. એ સ્થળમાં ત્રણ દિવસ રહી શ્રીવલી ગામમાં આવ્યા. એ ગામમાં વેદજ્ઞ બે હજાર બ્રાહ્મણો રહેતા હતા. તેમાં પ્રભાકર નામે ઉત્કૃષ્ટ બ્રાહ્મણ સર્વ પ્રકારે સુખી હતો, પણ તેનો પુત્ર ગાંડા જેવો હોવાથી દુ:ખી હતો. એનો પુત્ર મુખેથી બોલતો નહિ, ખાવાનું વખતે ખાય અને વખતે ખાતો નહિ, છોકરાઓ રમવાનું કહે તો રમે નહિ, તેઓ બહુ મારે તોપણ બોલે નહિ. તેમને અક્ષર જ્ઞાન મૂળે કાંઈજ નહોતું, સાવ જડભરત જેવો દિસતો હતો. તેથી તેને ભૂતનો વળગાડ હશે, એવા વહેમથી પ્રભાકર કોઇ મહાત્માને બતાવવાને ઇચ્છતો હતો. આચાર્ય ઘણા શિષ્યો સાથે ગામમાં મહાદેવના દેવળમાં ઉતર્યા છે. એવું સાંભળીને એ પુત્રને તેડી લાવ્યો. અને આચાર્યને ચરણે નમાવ્યો, પણ એ ચરણમાં જડની પેઠે પડયોજ રહ્યો. તેથી પ્રભાકરે તેમની સર્વ હકીકત કહી બતાવી. આચાર્યે એ બાળકને કહ્યું કે;—"ઉઠ, તું કોણ છે? અને

આવી બાળચેષ્ટા કેમ કરે છે?" બાળકે જવાબ આપ્યો કે;—"હે ગુરૂ! હું જડ નથી, પણ જે જડ છે તે મારા સાનિધ્યને લીધે પ્રવર્ત્તે છે. શોક, મોહ, ક્ષુધા, પિપાસા, જરા અને મૃત્યુ એ છ ઉર્મિઓથી તથા જન્મવું, જન્મ્યા પછી જીવવું, વૃદ્ધિ પામવું, ફેરફાર થવું, ઘટવું, અને નષ્ટ થવું એ છ ભાવ વિકારો રહિત, જે કેવળ સુખરૂપ પરમપદ છે તે હું છું. હે ગુરૂ! આ મુમુક્ષુ લોકોને પણ મારા જેવો અનુભવ મળે એમ ઇચ્છુંછું." એટલું બોલી બાર શ્લોકથી પ્રપંચ રહિત પરમાત્માના તત્વનું નિરૂપણ કર્યું. એ બાર શ્લોકથી આત્મા તત્વ હાથમાંના આમળા પ્રમાણે પ્રકાશિત કર્યું. તેથી એ બાળક હસ્તામલક નામથી પ્રસિદ્ધ થયો. આચાર્યે જાણ્યું કે તેને ગુરૂ વિના આત્મતત્વનું જ્ઞાન થયું છે. તેથી એ કોઈ યોગી હોવો જોઇએ, પછી તેના મસ્તકપર હાથ મૂક્યો. પ્રભાકરને સમજાવ્યો કે આ તારા પુત્રને પોતાના દેહાદિકપર પ્રીતિ નથી,તો ઘર આદિમાં તો ક્યાંથી આસક્તિ હોય! એનાથી તમને કશો લાભ પ્રાપ્ત થવાનો નથી. ઇત્યાદિ કહેવાથી પ્રભાકરે તેને આચાર્યને શરણે રાખ્યો. આચાર્યે તેને બ્રહ્મવિદ્યાનું શિક્ષણ આપ્યું. ત્યાંથી આચાર્ય શિષ્યો સાથે તુંગભદ્રા કિનારે શૃંગેરી નામે પુરીમાં આવ્યા. ત્યાં રહી શિષ્યોને ભાષ્ય શિખવ્યાં, એક મઠ સ્થાપી ત્યાંનો સંપ્રદાય ચલાવવાને સુરેશ્વરને રાખ્યા.

શંકરાચાર્યને ગિરી નામનો શિષ્ય હતો, તે ગુરૂની સેવામાં નિરંતર મન રાખતો હતો. એક વખતે ગુરૂનાં વસ્ત્ર ધોવાને નદીએ ગયો, નિત્ય કથાનો વખત થયો પણ આવ્યો નહિ, બીજા શિષ્યો કથા આરંભનો શાંતિ પાઠ કરવાને તૈયાર થયા, પણ ગિરી આવતા સુધી થોભવાનું આચાર્યે જણાવ્યું, તેથી પદ્મપાદે જરા ગર્વથી કહ્યું કે, એ મંદબુદ્ધિનાની શું વાટ જોવી? પદ્મપાદના એવા ગર્વને ઉતારવાને આચાર્યે ગિરી જે નદીપર હતો, તેને ત્યાંજ ચૌદે વિદ્યા આપી દીધી. તેથી ગિરી નદીપરથી આવતાં બ્રહ્મ તત્વને પ્રકટ કરનારા તોટકવૃત્તોથી ગુરૂની સ્તુતિ કરતો આવ્યો અને ઉપનિષદ્‌ના ભાગને પ્રતિપાદન કરવા લાગ્યો. એ જોઇ.પદ્મપાદાદિ શિષ્યોનો ગર્વ ઉતરી ગયો. તોટકવૃત્તથી આત્મા તત્વ પ્રતિપાદન કર્યું. તેથી તેનું નામ તોટકાચાર્ય પડયું અને એ પણ મુખ્ય શિષ્યોમાં ગણાવા લાગ્યો. અહો! ગુરૂ કૃપાની બલિહારી છે!! જે જીંદગી પર્યંત પ્રયત્ન કર્યાથી નથી પ્રાપ્ત થતું, તે ગુરૂ સેવાના પ્રતાપે સહેજ પ્રાપ્ત થાય છે! ગુરૂની સેવાનો મહિમા અપાર છે. તે આ લોક અને પરલોક બંને સુધારે છે.

આચાર્યને પદ્મપાદ, સુરેશ્વર, હસ્તામલક અને તોટક એ ચાર મુખ્ય શિષ્યો હતો. ગુરૂ કૃપાથી તેનો પ્રતાપ અલૌકિક હતો. તેને લોકો ચાર વેદરૂપ ગણતા હતા અને તેનો મહિમા ગાતાં હતાં આચાર્ય શૃંગેરીમાં રહ્યા

ત્યાં સુધી નિત્ય બ્રહ્મ વિદ્યાનો બોધ ચાલતો હતો. ત્યાં બ્રહ્મ વિદ્યાના ગ્રંથોપર વાર્તિક રચાવ્યાં. સુરેશ્વરે "નૈષ્કર્મ્ય સિદ્ધિ" નામે ગ્રંથ કર્યો. તેને આચાર્યે ધ્યાનપૂર્વક વાંચી આનંદ પામ્યા. યજુર્વેદના તૈત્તરિય શાખાના ઉપનિષદ્ ઉપર તથા કણ્વ શાખાના ઉપનિષદ્ ઉપર આચાર્યે ભાષ્ય કર્યાં હતાં, તેપર સુરેશ્વરે વાર્તિકો રચ્યાં. એ વાર્તિકો સુરેશ્વરે ગુરૂને અર્પણ કર્યાં. પદ્મપાદે ગુરૂની આજ્ઞાથી સૂત્ર ભાષ્યની બે ટીકાઓ કરી. પહેલી પંચવાદી અને બીજી વૃત્તિ તથા વ્યાસ મુનિના સૂત્રો ઉપરના ભાષ્યની વિવેચના વિજયડિંડિમ નામે કરીને ગુરૂને અર્પણ કરી. ગુરૂએ નિહાળીને કહ્યું કે;—"હે વત્સ! આ ટીકામાંથી પાંચ પદજ પૃથ્વીમાં પ્રચાર પામશે અને ચાર સૂત્રના ભાષ્યનું વાર્તિકજ પ્રચારમાં આવશે. પ્રારબ્ધ કર્મથી જ્યારે તું પૃથ્વીમાં ફરી વાચસ્પતિ નામથી જન્મ ધરીશ, ત્યારે તું મારા ભાષ્યપર અતિ ઉત્તમ ટીકા કરીશ, તે પૃથ્વીના પ્રલય સુધી અચળ રહેશે." આનંદ આદિ શિષ્યોએ પણ પોતાની શક્તિ મુજબ આત્મા તત્વના પ્રકાશ માટે ઘણા ઉત્તમ ગ્રંથો કરેલા છે. પદ્મપાદ ગુરૂની આજ્ઞા લઇ તીર્થ યાત્રા કરવા જવા તૈયાર થયો. તેમને આચાર્યે ગુરૂ મહિમા વિષે અને માર્ગમાં શી રીતે વર્તવું એ વિષે બોધ કર્યો હતો.

માતાનો મેળાપ—એક વખતે આચાર્યે ઋષ્યશૃંગ પર્વતપર ધ્યાન ધર્યું હતું. ત્યાં ધ્યાનમાં માજીને મંદવાડ આવ્યો છે અને પોતાનું સ્મરણ કરે છે એવું જાણ્યું જાણતાંજ શિષ્યોને ત્યાં રાખી પોતે આકાશ માર્ગે કાલટીમાં પોતાને ઘેર માજીપાસે આવ્યા. માજીને પ્રણામ કરી કહ્યું કે;—હું આપના યાદ કરવાથી આવ્યો છું. શોક મૂકી દઈ જે કામ હોય તે બતાવો. માજી પોતાના પુત્રને જોઈ ખુશી થયાં અને ધીમેથી કહ્યું કે;—"પુત્ર! મેં મારી આ દશામાં તને જોયો એ ઘણું સારૂં થયું. મારૂં જીવિત હવે વધારે વખત ચાલવાનું નથી. તેથી શાસ્ત્ર પ્રમાણે આ દેહને યોગ્ય સંસ્કાર કરી મને પરલોક પહોંચાડજે." આ સાંભળી આચાર્યે માજીને બ્રહ્માનંદ મળે માટે બ્રહ્મનો બોધ કરી માતાના મનમાં ઠસાવ્યો. તેથી એ પરમપદને પામ્યાં. દેહને અગ્નિ સંસ્કાર કરવાને માજીને વચન આપ્યા પ્રમાણે તૈયાર થયા, પણ સગાંવાહાલાંઓએ તેમને કહ્યું કે, તમે સંન્યાસી છો, તમને એ સંસ્કાર કરવાનો શાસ્ત્ર પ્રમાણે અધિકાર નથી. આચાર્યે કહ્યું કે, મેં માજીને વચન આપ્યું છે, મને કશો બાધ લાગતો નથી ઇત્યાદિ કહ્યાથી કોઈ ત્યાં આવ્યાં નહિ, એટલુંજ નહિ પણ ગામમાં કોઇએ "આગ" પણ આપી નહિ. તેથી આચાર્યે તેમને શાપ આપ્યો કે;—"આજથી તમો વેદથી ભ્રષ્ટ થશો. તમારે ત્યાં કોઈ સંન્યાસી ભિક્ષા કરવા આવશે નહિ અને તમારા ઘર સમી-

પ્રમાણે જ મુડદાં બાળવામાં આવશે." પછી આચાર્યે પોતે કાષ્ઠ એકઠાં કર્યાં, માજીના જમણા હાથમાંથી અગ્નિ પ્રકટ કર્યો. એ અગ્નિવડે માજીના શબને પોતે દહન કર્યું. આચાર્યના શાપથી કેરલ દેશના કાલટીમાં આજે પણ મડદાં ઘર પાસે બાળવામાં આવે છે, કોઈ સંન્યાસી ત્યાં ભિક્ષા કરતા નથી અને બ્રાહ્મણો વેદ વિહિન છે. આપરથી સમજવાનું છે કે, કોઈ પણ મહાત્માનો જાણી જોઇને અપરાધ કરવો નહિ. કોઈ મહા પુરૂષને શાંત જોઇને પણ તેને દુઃખ લાગે તેવું કાંઈ કરવું નહિ; કેમકે વખતે તેવા પુરૂષથી વંશ પર્યંતના સુખનો નાશ થાય છે.

પદ્મપાદ રામેશ્વર તરફ યાત્રાએ ગયેલા, ત્યાં રસ્તામાં તેમના પૂર્વાશ્રમના મામાનું ઘર આવતાં ત્યાં પોતાનાં પુસ્તકો રાખી ગયા હતા. એ પુસ્તકોમાં શંકરાચાર્યે કરેલા ભાષ્યપરની પોતે કરેલી ટીકા હતી. એ તેના મામાએ વાંચી. તેમાં પ્રભાકર, ભટ્ટપાદ આદિના મતનું ખંડન હતું. એ તેનો મામો જોઈ શક્યો નહિ; કેમકે પોતે દ્વૈતવાદી હતો. તેથી એ પુસ્તકોવાળું ઘર સળગાવી દીધું. પછી પદ્મપાદ આવ્યા તેણે એ સાંભળી શોક કર્યો અને ફરી એવી ટીકા લખવાનો વિચાર કર્યો. તે જાણી તેને મામે તેને કંઈ ચીજ ખવરાવી દીધી. તેથી તેની બુદ્ધિમંદ થઈ જતાં, ટીકા લખવી પણ રહી. આચાર્ય કેરલ દેશમાં હતા, ત્યાં પદ્મપાદે આવી તીર્થની વિગત કહી સંભળાવી કહ્યું કે:—મેં ભાષ્યપર કરેલી ટીકા મારા પૂર્વાશ્રમના મામાને ત્યાં બળી ગઈ એટલુંજ નહિ પણ હવે તે લખવાની મારી મતિ ચાલતી નથી. માટે આ અપાર દુઃખમાંથી મને મુક્ત કરો. આ સાંભળી આચાર્યે દિલાસો આપ્યો અને કહ્યું કે, તેં ઋષ્યશૃંગ પર્વતપર મને જે ટીકા વંચાવી હતી, તે મારા સ્મરણમાં છે, તે તું લખી લે, એમ કહી ભાષ્ય ઉપરની સઘળી ટીકા લખાવી શાંત કર્યો. કેરલ દેશના રાજા રાજશેખરે આચાર્યને પ્રથમ ત્રણ નાટક વંચાવ્યાં હતાં, તેપણ બળી ગયાં હતાં. તેથી તેપણ ઘણા અફસોસમાં હતો, તેણે પણ આવી પ્રાર્થના કરી. તેપરથી આચાર્યે તેને લખાવી પ્રસન્ન કર્યો હતો. આચાર્યની સ્મરણ શક્તિ એવી અલૌકિક હતી કે તે જે એક વખત વાંચતા કે સાંભળતા તે સ્મરણમાંથી કદી પણ જતું નહિ.

દિગ્વિજય;—શ્રીશંકરાચાર્ય હજારો શિષ્ય સાથે દિગ્વિજય કરવાને રામેશ્વર તરફ ચાલ્યા. સાથે સહાય કરવાને ચક્રવર્તિ સુધન્વા રાજા પણ ગયો. ત્યાં શાક્ત, લક્ષ્મી ભક્ત, વિઘ્નોપાસક, જંગમ, શૈવ, શારદોપાસક, ઇત્યાદિને જીતીને અનંતશયન દેશમાં જઈ છ પ્રકારના વૈષ્ણવો—ભક્ત, ભાગવત, વૈષ્ણવ, પંચરાત્રી, વૈખાનસ, અને કર્મહીન એ સર્વેને જીત્યા. હિરણ્યગર્ભોપાસક, અગ્નિઉપાસક, સૂર્યોપાસક, ઇત્યાદિ મતોનું ખંડન કરી ગણવર નગરમાં

આવ્યા. ત્યાં કૌમુદી નદીમાં સ્નાન કરી ગાણુપત મત કે જેના ૭ ભેદ છે તેને તથા શિવના ગણુને પૂજનારા એ સર્વના મતનું ખંડન કરી જીત્યા. અદ્વૈતબ્રહ્મ (એક ઇશ્વર) નો ઉપદેશ કરી કર્મ કરવાની આજ્ઞા આપી. રામેશ્વરની પૂજા કરી પાંડ્ય, ચૌલ, અને દ્રાવિડ લોકોને તાબે કર્યા. ત્યાંથી કાંચી નગરમાં આવ્યા, ત્યાં અંબરેશ્વર નામે શંકરના સ્થાનમાં એક માસ રહ્યા. ત્યાં મોટું દેવળ બંધાવ્યું. શિવ, વિષ્ણુની મૂર્ત્તિ સ્થાપન કરી શિવ કાંચી અને વિષ્ણુ કાંચી નામ પાડ્યાં. આજે પણ એ બે સ્થળો દક્ષિણુમાં પ્રસિદ્ધ છે. ત્યાં જગદંબાનું વેદોક્ત પૂજન કરવાનું ચાલુ કર્યું. અહીં આંધ્ર લોકોને તથા તામ્રપર્ણીને કિનારે વસતા ભેદ વાદીઓને જીતી વશ કર્યા. વ્યંકટેશ્વરનું પૂજન કરી વિદર્ભ દેશની રાજધાનીમાં પધાર્યા. ત્યાં કાપાલિક મતવાદીઓને જીત્યા. ત્યાંથી કર્ણાટક તરફ જવાનો વિચાર કર્યો, પણ તે દેશના રાજાએ કહ્યું કે;—વૈદિક ધર્મ ઉપર ઇર્ષા કરનારા એ દેશમાં ઘણા કાપાલિકો રહે છે. એ આપનો યશ સાંભળીને આપને હેરાન કરશે. આ સાંભળી સુધન્વા રાજાએ કહ્યું કે;—કશી ચિંતા ન કરો, હું સાથે જઇ તેમને વશ કરીશ. એમ કહી સર્વ કાપાલિકોને જીતવા ઉજ્જયની નામે નગરમાં આવ્યા. તેમને આવ્યા જાણી કાપાલિકનો આગેવાન ક્રકચ આચાર્ય પાસે આવી બોલ્યો કે;—"તમે ભસ્મ ધારણ કરોછો, પણ મનુષ્યના માથાની પવિત્ર ખોપરી રાખવાને બદલે ખપ્પર કેમ રાખોછો ? અને ભૈરવની ઉપાસના કેમ કરતા નથી ? લોહીથી ભરેલા મસ્તક રૂપ કમળોથી ભૈરવની પૂજા કર્યા વિના અને સુંદર સ્ત્રીનું આલિંગન સિવાય ભક્ત જનોને આનંદ કેમ થાય ?" ઇત્યાદિ સાંભળી સુધન્વા રાજાએ તેને ધિક્કારી કાઢી મૂક્યો. તેથી ક્રકચને ઘણી રીસ ચઢી. સર્વનાં માથાં ફોડી નાંખવાને કેટલાક કાપાલિકોને ઉશ્કેરીને લડવા તેડી લાવ્યો. સુધન્વા રાજા તેની સામે લડ્યો. બીજી તરફથી એક હજાર કાપાલિકો આચાર્ય અને તેના શિષ્યોને મારી નાંખવાને ધસી આવ્યા, શિષ્યો ભય પામવા લાગ્યા, આચાર્યે કાપાલિકોનું ટોળું આવતું જોઇને પોતાના હુંકારથી અગ્નિ પ્રકટ કર્યો. તેનાથી સર્વ કાપાલિકો બળીને ભસ્મ થયા. સુધન્વા રાજાએ પણ હજારો કાપાલિકોનાં મુસ્તકો કાપી નાખ્યાં. કાપાલિકોની હાર થઇ, તેથી ક્રકચ પોતાનો પ્રભાવ બતાવવાને આવ્યો. તેણે ભૈરવનું ધ્યાન કર્યું કે હાથમાંની ખોપરી મદિરાથી ભરાઇ ગઇ, તેમાંથી અર્ધ પોતે પીધો, ફરી ધ્યાન કરતાં ભૈરવ પ્રકટ થયા. તેમને તેણે કહ્યું કે;—"આપના ભક્તનો દ્રોહ કરનાર આ શંકરાચાર્યને મારી નાંખો." એ સાંભળી ભૈરવનાથે ક્રોધ કરી કહ્યું કે;—"તું મારા રૂપભુત શંકરાચાર્યનો કેમ અપરાધ કરે છે ?" એમ કહી તેનુંજ માથું કાપી લીધું.

શંકરાચાર્યે ભૈરવનાથની સ્તુતિ કરી. કાપાલિકોનો નાશ થવાથી બ્રાહ્મણો ખુશી થયા. એ રીતે નાસ્તિક મતવાદી ચાર્વાક, સૌગત—બૌદ્ધ, ક્ષપણક, જૈન ઇત્યાદિને જીતીને અનુમલ્લ પુરીમાં આવ્યા. ત્યાં મલ્લારીના ભક્તોને જીત્યા. ત્યાંથી પશ્ચિમ દિશામાં મરૂથ નામે નગરમાં આવ્યા. ત્યાં વિષ્વક, સેનમત અને મન્મથ મતવાળાને જીતીને અદ્વૈતને માનતા કર્યા. ત્યાંથી ઉત્તર દિશામાં માગધપુરમાં આવી કુબેર અને ઇંદ્રમતનું ખંડન કર્યું. ત્યાંથી યમમથ પુરમાં યામ્ય મતનું ખંડન કરી જીત્યા. પ્રયાગમાં આવી વરૂણ, શુન્યમતવાદી અને વારાહ મતનાઓને બ્રહ્મોપાસક કર્યા. સંઘ અને ગુણનેજ મુખ્ય માનનારાને જીતી સાંખ્ય, કપિલ મતનું ખંડન કર્યું ત્યાંથી આચાર્ય શિષ્યો સાથે વારાણસી—કાશી ક્ષેત્રમાં આવ્યા. આ વખતે તેમની પાસે શિષ્યોનું મોટું ટોળું હતું. તેમાં કેટલાક દેવોના અવતાર હતા. તે આચાર્યને સહાય કરવાને માટે અવતાર લઇ શિષ્ય થયા હતા. પદ્મપાદ વિષ્ણુનો અવતાર, હસ્તામલક એ વાયુનો અવતાર, ઉદંક—એ શિલાદપુત્ર, સુરેશ્વર એ બ્રહ્માનો અવતાર, સનંદન એ અરૂણનો અવતાર, ચિત્સુખ એ વરૂણનો અવતાર, ત્રોટક એ વાયુનો દશાંશ અવતાર, એ સિવાય જ્ઞાનઘન, જ્ઞાનોત્તમ, સિંહગિરીશ્વર, ઇશ્વર તીર્થ, નૃસિંહમૂર્ત્તિવીતરણ, વિદ્યાશંકર, ભારતી કૃષ્ણ, વિદ્યાસૈન્ય, ચંદ્રશેખર, નૃસિંહભારતી, શંકરભારતી, પુરૂષોત્તમભારતી, રામચંદ્રભારતી, ઇમાદિભારતી, અભિનવનૃસિંહભારતી, સચ્ચિદાનંદભારતી, ઇમાદિસચ્ચિદાનંદભારતી, અભિનવસચ્ચિદાનંદભારતી, વગેરે ઘણા શિષ્યો હતા. તેમાંના ઘણાખરા આગળ જતાં આચાર્યની પદવીને પામ્યા હતા અને મોટા વાર્તાના ગ્રંથો અને ભાષ્યો આદિ ઉપર ટીકા કરનારા થયા છે તથા વેદાંત શાસ્ત્ર ઉપર નિબંધ રૂપ ગ્રંથના કરનારા થઇ ગયા છે. કાશીમાં એ વખતે ત્રણમાસ રહ્યા હતા. એ સમે ભાસ્કર અને મુરારી મિશ્ર પંડિત હતા. ત્યાં જે કર્મવાદીઓ કર્મનેજ મોક્ષ માનનારા હતા, તેમને તથા ચંદ્ર, મંગળ, આદિ નવગ્રહ, પિતર, ગંધર્વ, અને ભૂત ઉપાસકો એ સર્વેને જીતી બ્રહ્મત્વ વાદી કર્યા. એ રીતે અદ્વૈતનું સ્થાપન કરી પશ્ચિમ સમુદ્ર તરફ જઇને ત્યાંના કુમતોનું ખંડન કરી ગોકર્ણમાં આવ્યા. ત્યાં સમુદ્ર સ્નાન કરી મહાબલેશ્વરનાં દર્શન કર્યા. ત્યાં નીલકંઠ નામે વિદ્વાન શૈવમતી હતો. તે પોતાના મતનું મંડન કરવાને સારાસારા શિષ્યોને સાથે લેઇને આચાર્યને અભિવંદન ન કરતાં આવી ઉભો રહ્યો. એ જોઇ સુરેશ્વર આચાર્યની રજા લઇ એ સાથે વિવાદ કરવા આવ્યા. સુરેશ્વરનું વાક્ કૌશલ એ જાણતો હતો. તેથી એ સાથે વાદ કરવાની ના પાડી, આચાર્ય સાથે વાદ કરવાની માગણી કરી. એ ઉપરથી આચાર્યે એ સાથે વિવાદ કરી તેના મતનું ખંડન કર્યું. નીલકંઠ પોતાના મતનું રક્ષણ

કરવાને બદલે અદ્વૈત મતનો નિર્ણય કરવા લાગ્યો કે;—"तत्त्व मसि"થી જીવ અને ઈશ્વરનો અભેદ માનો છો એ બરાબર નથી, કેમકે અજવાળા અને અંધારામાં પરસ્પર વિરૂદ્ધ ધર્મને લીધે તેમનું ઐક્ય સંભવતું નથી તેમ જીવ અને ઈશ્વરના વિરૂદ્ધ ધર્મ હોવાથી એક રૂપપણું અસંભવિત છે." એવાં એવાં અનેક દૃષ્ટાંતો આપીને જીવ અને ઈશ્વરનો ભેદ સિદ્ધ કરવા લાગ્યો. આચાર્યે તેના કરેલા અર્થને ખોટો ઠરાવી, ખરો અર્થ સમજાવ્યો કે;—"જીવ કાર્યોપાધિ છે અને ઈશ્વિર કારણોપાધિ છે, પણ તેમનો ચિદંશ એકજ છે. ઈત્યાદિ રીતે શ્રુતિવાક્યોથી તેનું ખંડન કર્યું. તેથી નીલકંઠ અને તેના હરદત્તાદિ શિષ્યો સર્વે આચાર્યના શિષ્ય થઈને રહ્યા.

પછી સૌરાષ્ટ્રાદિ દેશોમાં અદ્વૈતનું સ્થાપન કરી દ્વારકામાં આવ્યા. ત્યાં શંખ, ચક્રાદિ ચિન્હો ધારણ કરનારા પાંચ ભેદને માનનારા પાંચ રાત્ર મતના વિદ્વાનોને તથા વૈષ્ણવ, શૈવ, શાક્ત અને સૌર મતના અગ્રેસરોને જીતીને ઉજ્જયની નગરીમાં આવ્યા. ત્યાં મહાકાળેશ્વરની પૂજા કરી. ભટ્ટ ભાસ્કર કુત્સિત મત તજી શુદ્ધ દ્વૈત થતો નહોતો, તેના મતનું ખંડન કર્યું. તેથી એ આચાર્યનો શિષ્ય થઈ રહ્યો. ત્યાંથી આચાર્યે બાલ્હિક દેશમાં આવી અર્હંત સંજ્ઞાવાળા જૈન ધર્મના આચાર્ય સાથે વાદ કરી તેમને જીત્યા. નૈમિષક્ષેત્રમાં ભાષ્યનો પ્રચાર કરી દરદ, ભરત, શૂરસેન, કુરૂ અને પાંચાલાદિ ઘણા દેશોના વિદ્વાનોને જીત્યા. પછી શ્રીહર્ષ સમર્થ વિદ્વાન હતો. તેને પ્રભાકર, ભટ્ટભાસ્કર અને ઉદેયન જેવા મહા પંડિતો જીતી શક્યા નહોતા. તેને આચાર્યે વિવાદ કરી જીતી લીધો, ત્યાંથી કામરૂદેશમાં જઈને શાક્ત મતવાદી અભિનવગુપ્તને જીત્યો. અભિનવગુપ્તે વિચાર કર્યો કે, મને આજ સુધી કોઇ હરાવી શક્યું નહોતું તે આ આચાર્યે જીત્યો માટે એ નિશ્ચે કોઇ દેવાંશી પુરૂષ હશે. એવો વિચાર કરી તેણે આચાર્યનો નાશ થાય તેમ કરવા ઉપાય આદર્યો. પોતે કપટ ભાવથી શિષ્ય થઈ સાથે રહ્યો. આચાર્યે ઉત્તર દેશના લોકોને તથા વિદેહ અને કોશલ દેશના લોકોને પોતાના મતમાં લીધા. પછી અંગ અને બંગ–બંગાલા દેશમાં આવ્યા. ત્યાં પ્રસિદ્ધ પંડિત મુરારિમિશ્ર, ઉદયન, અને ધર્મગુપ્ત મિશ્રને જીત્યા. તેથી ગૌડલોકો આચાર્યની સ્તુતિ કરવા લાગ્યા. પછી મિથ્યાપક્ષનો સ્વીકાર કરનારા બૌદ્ધ મતનાને જીતી અદ્વૈત મતનો સર્વત્ર પ્રચાર કર્યો.

અભિનવગુપ્તના મતનું ખંડન થયું હતું, પોતે અદ્વૈત મતનો સ્વીકાર કર્યો હતો, પણ જ્યારથી જીતાઓ ત્યારથી આચાર્યને મારી નાંખવાને ઈચ્છતો હતો, તેથી તેણે અઃભિચારક પ્રયોગ કર્યો. એ પ્રયોગથી આચાર્યને વૈદ્યથી પણ ન મટે એવો ભગંદરનો રોગ થયો. આ વખતે તોટક શિષ્ય આચા-

યંની સેવામાં હતો. સર્વ શિષ્યોએ મળી આચાર્યને એ રોગનો ઉપચાર કરવાની વિનંતી કરી, પણ પોતાને શરીર ઉપર ભાવ નહોતો. તેથી ઔષધી કરવાની ના પાડી, પણ શિષ્યોના આગ્રહથી છેવટ હા પાડી. ઘણા વૈદ્યોએ દવા કરી પણ કાંઈ ફેર પડયો નહિં. પછી આચાર્યે શંકરનું સ્મરણ કર્યું કે, શંકરે અશ્વિનિકુમારને બ્રાહ્મણને વેષે મોકલ્યા. તેણે જણાવ્યું કે, "આ રોગ શત્રુએ કરેલો છે અને તે અભિચારક પ્રયોગથી થયો છે. તેથી તેની ચિકિત્સા થવી મુસ્કેલ છે." એટલું કહી ચાલતા થયા. આચાર્યને મનતો શત્રુ અને મિત્ર સમાન હતા. તેને સર્વપર ભાવ હતો. તેથી તે કાંઈ પણ કરવા ઇચ્છતા નહોતા, પણ પદ્મપાદ જે શિષ્યોમાં શ્રેષ્ઠ અને મંત્રશાસ્ત્રમાં પ્રવિણ હતો, તેને શત્રુપર ક્રોધ ચઢયો. તેણે ગુરૂનો રોગ મટાડવા ચમત્કારિક મંત્રનો જપ કર્યો. તેથી આચાર્યના શરીરમાંથી એ રોગ મટી જઇને અભિનવગુપ્તના શરીરમાં પેઠો, તેથી એ મરણ પામ્યો. આ પરથી સમજવાનું છે કે, અદેખા પુરૂષો બીજાની શ્રેષ્ઠતા સહન કરી શકતા નથી, એ અદેખાઇથી સામાનું બગાડવાને ઉપાયો કરે છે, પણ અંતે "ખોદે તે પડે" એમ પોતે પોતાનોજ નાશ કરે છે. મહાત્માઓને સતાવનારા કદી સુખી થતા નથી. તેમને તેમના કૃત્યનું ફળ મળી રહે છે. આચાર્ય એક વખતે ગંગા કિનારે રેતીમાં પરિબ્રહ્મના ધ્યાનમાં બેઠા હતા. તેવામાં તેણે ગૌડપાદ નામે મહા યોગીને જોયા. આચાર્યે તેમની પૂજા કરી. પછી ગૌડપાદ બોલ્યા કે;—"ગોવિંદપાદે તમારી કીર્તિનાં ઘણાં વખાણ કર્યાં, તેથી તમને જાતે મળવાને તથા તમારૂં કરેલું બ્રહ્મસૂત્ર ઉપરનું ભાષ્ય જોવાને આવ્યો છું." આચાર્યે ગુરૂનું સ્મરણ કરી ભાષ્ય બતાવ્યું અને માંડુક્ય તથા ગૌડપાદીયકારિકા ભાષ્ય બતાવ્યાં. એ જોઈ ગૌડપાદ ઘણા પ્રસન્ન થયા અને તેમનાં વખાણ કરી આશિર્વાદ આપી ચાલતા થયા.

શારદાપીઠ—કાશ્મિર દેશમાં શારદા દેવીનું સ્થાન છે. એ શારદા દેવીના સ્થાનને ચાર દ્વાર છે. તેમાં સર્વજ્ઞ પીઠ નામનું એક આસન છે. તે આસનપર જે સર્વજ્ઞ અને પવિત્ર હોય તેજ બેસી શકે એવો નિયમ છે. પૂર્વ, પશ્ચિમ, અને ઉત્તર એ ત્રણ દિશા તરફના સર્વજ્ઞોએ આવીને પોત પોતાની દિશા તરફનાં દ્વાર ઉઘાડ્યાં હતાં. માત્ર દક્ષિણ દેશમાં કોઈ સર્વજ્ઞ નહિ હોવાથી એ દિશાનું દ્વાર બંધ હતું. તેથી આચાર્ય કાશ્મિર દેશમાં આવ્યા. આવી દેવીના મંદિરમાં જવાનો વિચાર કર્યો, ત્યારે ત્યાંના કેટલાક વિદ્વાનોએ આવીને કહ્યું કે;—"અહીં સર્વજ્ઞપણાની પરીક્ષા આપીને દક્ષિણ દિશા તરફનું દ્વાર ઉઘાડો, ઉતાવળ ન કરો." આચાર્યે તેમને ખુશીમાં આવે તેવા પ્રશ્ન પૂછવાનું કહેતાં, વિદ્વાનોએ જુદા જુદા મતોના

પ્રશ્નો પૂછ્યા, આચાર્યે તેના બરાબર ઉત્તર આપી સર્વેને પ્રસન્ન કર્યાં. સર્વ વિદ્વાનોએ આચાર્યની વિધિસર પૂજા કરી દ્વાર ઉઘાડી અંદર જવાની રજા આપી. આચાર્યે પદ્મપાદનો હાથ પકડી વિદ્યા ભદ્રના આસનપર ચઢવાનો વિચાર કર્યો. તેવામાં આકાશ વાણી થઈ કે, "તમે સર્વજ્ઞ છો એમાં જરા પણ સંશય નથી, એની પ્રથમ પરીક્ષા થઈ ગઈ છે. જો સર્વજ્ઞ નહો તો બ્રહ્માના અવતાર રૂપ મંડન મિશ્ર તમારાથી જીતાઇને શિષ્યપણાને કેમ પામે? પણ આ ઠેકાણે એકલું સર્વજ્ઞપણું કામ લાગતું નથી, તે સાથે સર્વ પ્રકારના શુદ્ધપણાની પણ જરૂર છે. એ તમારામાં છે કે નહિ એ જોવાનું છે. તેથી ઉભા રહો ઉતાવળ ન કરો. તમે યતિ ધર્મમાં છતાં અનેક યંગનાઓનો ઉપભોગ લીધો છે. તેથી તમે શુદ્ધ નથી, સર્વજ્ઞતાની સાથે નિર્મળતા જોઇએ." આ સાંભળી શંકરાચાર્યે જવાબ આપ્યો કે;—"મેં જન્મથી માંડીને આ શરીરથી કોઈ પણ પાપ કર્મ કર્યું નથી. તેથી મને જરા પણ સંશય નથી, દેહાંતરથી જે કાંઈ થયું હોય, તેથી તે દેહના કર્મથી આદેહ લિપ્ત ન થવો જોઇએ." આચાર્યનું આ કહેવું સર્વેએ માન્ય રાખ્યું. પછી સર્વજ્ઞ પીઠ ઉપર ચઢી બેઠા. ત્યાં કેટલાક દિવસ રહીને ઋષ્ય શૃંગ આશ્રમમાં આવ્યા. ત્યાં કેટલાક શિષ્યોને રાખ્યા અને કેટલાકને સાથે લઇને બદરિકાશ્રમમાં આવ્યા. ત્યાં પાતંજલ મતવાળાઓને જીતીને તેમને અદ્વૈતનો ઉપદેશ કર્યો. આયુષ્ય પૂર્ણ થવા આવ્યું હતું. તેથી હિમાલયમાં કેદારનાથ નામના સ્થાનમાં આવ્યા. ત્યાં ઉના પાણીની ઇચ્છાથી કેદારનાથની પ્રાર્થના કરી. તેથી કેદારેશ્વરે પ્રસન્ન થઇને ઉના પાણીનો ઝરો પ્રકટ કર્યો. એ ઝરો આજે "તપ્તતોયા" નામથી પ્રસિદ્ધ છે. આચાર્યે સર્વ કાર્ય સંપૂર્ણ કરી કૈલાશમાં પધારવાની ઇચ્છા કરી. સર્વ દેવો કેદાર ક્ષેત્રમાં આવી શંકરાચાર્યને સ્વધામમાં પધારવાની સ્તુતિ કરવા લાગ્યા. આ સ્તુતિ સાંભળતા શ્રી શંકર યુધિષ્ઠિર શક ૨૧૯૦ ના દુર્મુખ સંવત્સરના માગસર માસમાં કૈલાસમાં પધાર્યા.

શંકરાચાર્ય વિષે જે ભવિષ્ય વચનો હતાં. તેના કરતાં પણ તેમણે હજાર ગણાં વધારે પરોપકારી કાર્યો કર્યાં છે. પરધર્મિઓથી ભ્રષ્ટ થયેલા લોકોને સત્ય ધર્મમાં લાવ્યા હતા. તેમણે સત્ય ધર્મને પ્રવર્ત્તાવવાના કાર્ય સિવાય ક્ષણ પણ વખત નકામો ગુજાર્યો નથી. તેનું ફળ આજે આપણે શુદ્ધા દ્વૈતને માનતા થયા છીએ. તેમણે આપણને મુક્તિ મેળવવાનો સત્ય અને સરળ માર્ગ શોધી આપ્યો છે. તેનાં સત્ય સિદ્ધાંતને અર્વાચીનકાળના યુરોપ, અમેરિકા જેવા સુધરેલા દેશના વિદ્વાનો પણ મનન કરવા લાગ્યા છે, એજ તેમના મહત્વને દર્શાવી આપે છે. સર્વમાં સમાન થવું, સત્ય સિદ્ધાંતનો પ્ર-

કાશ કરવો અને તે કરોડો લોકો માન્યની સાથે માને એ કાંઇ દૈવી પુરૂષ વિના બનતું નથી. તેમના તત્ત્વ જ્ઞાનની ખૂબી અર્વાચીન સર્વત્ર ગણાવા લાગી છે. એ શું થોડા આનંદની વાત છે? એ મહાન્ પુરૂષ જેવા આ કલિકાળમાં કોઈ પણ થયા નથી. તેઓ આજથી કેટલા વર્ષપર થઈ ગયા હશે, એ વિષે બહુ મત છે, પણ એવું જાણવામાં આવે છે કે, તેમને થઇ ગયાને બેહજાર વર્ષ ઉપર થવાં જોઇએ. તેઓ સર્વજ્ઞ હતા. તેથી જેમ પ્રલયકાળના સમુદ્રના વેગ આગળ કાંઈ પણ ટકી શકતું નથી, તેમ તેમના સત્ય સિદ્ધાંત સામે કોઈ મત પંથો ટકી શક્યા નહોતા. આ મહાત્માએ અહિંસક યજ્ઞ યાગકર્મો કરવાનું અને વેદાંત શાસ્ત્રે સ્વીકારેલું પ્રાચીન શિવ પૂજન ચાલુ કર્યું. સર્વ પ્રજાને એક ઈશ્વિર માનવા સંબંધી સંપૂર્ણ જ્ઞાન આપ્યું. સર્વ સ્થળે શિવાલયો બંધાવ્યાં, પાઠશાળાઓ અને ધર્મશાળાઓ આદિ ધર્મનાં પરમાર્થિક કાર્યો કરાવ્યાં. ઉપનિષદોનાં ભાષ્યો કરી વેદનો ઉદ્ધાર કર્યો. વેદના જ્ઞાનકાંડની પૂર્ણતા બતાવી. બ્રાહ્મણોને જાગૃત કરી ધર્મ સંરક્ષણ કરવાની આજ્ઞા આપી. સ્મૃતિના નિયમ પ્રમાણે રાજા, પ્રજા આદિ સર્વને ધર્મ વહેંચી આપ્યો અને તેમની દેખરેખ રાખવાની આજ્ઞા બ્રાહ્મણોને કરી ગયા છે. બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ, અને સંન્યાસ એ ચાર આશ્રમ ચાલુ કર્યા. અગ્નિહોત્ર વગેરે શ્રૌત, સ્માર્ત કર્મો કરવાની પદ્ધતિ બાંધી, કર્મકાંડનો ઉદ્ધાર કર્યો. એ રીતે વેદોક્ત ધર્મને પ્રાચીનકાળ પ્રમાણે યથાર્થ લાવી મૂક્યો હતો.

શંકરાચાર્યનો સિદ્ધાંત;—"બ્રહ્મ એક છે, તે જ્ઞાનમય, આનંદમય, અને શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે. બ્રહ્મ તેજ સત્ય છે. સિવાય સર્વ વસ્તુ માયીક અને ક્ષણભંગુર છે. માટે તે અસત્ છે. સર્વ જગત્ બ્રહ્માત્મક છે. જેમ સૂર્યને વાદળાંનું આવરણ થયે સૂર્યનું તેજ દેખાતું નથી અથવા ઝાંખું થાય છે, તોપણ તેથી સૂર્યને કાંઇજ લાગતું વળગતું નથી. તથા તેથી તેનું મહાત્મય અને શક્તિ ન્યૂન થતી નથી. તેજ રીતે બ્રહ્મથી આગળ રૂપાંતર થઈ ઉત્પન્ન થયેલી માયાનું આવરણ અથવા આચ્છાદન આવ્યાથી બ્રહ્મનું મૂળ સત્સરૂપ યથાર્થ જણાતું નથી, તે છતાં અલ્પ જ્ઞાનીઓ જેવી રીતે સમજે છે, તેવી રીતે નથી. સૂર્યની પેઠે બ્રહ્મની મોટાઈ અને સામર્થ્ય એમાં કાંઈ ન્યૂન થતું નથી, ઈત્યાદિ." આચાર્યે અદ્વૈત ઉપદેશ ચાલુ રહેવા જુદે જુદે સ્થળે મઠો સ્થાપી સંપ્રદાય ચલાવવાને પોતાના મુખ્ય મુખ્ય શિષ્યોને રાખ્યા. તેના મઠો આ પ્રમાણે છે;—શારદા મઠ—દ્વારકાંમાં છે, ગોવર્ધન મઠ—જગન્નાથમાં છે, જોશી મઠ—બદ્રિકેદારમાં છે, શૃંગેરી મઠ—શૃંગેરીમાં છે, સુમેરૂ મઠ—કાશીમાં છે, પરમાત્મ મઠ, સહસ્રારક મઠ, એ સર્વ મઠોની વ્યવસ્થા તેમના મઠામ્નાય નામના ગ્રંથમાં છે. આચાર્યે દશ પ્રકારના સંન્યાસીની વ્યવ-

સ્થા કરી છે. તીર્થ, આશ્રમ, વન, અરણ્ય, ગિરી, પર્વત, સરસ્વતી, સાગર, ભારતી, અને પુરી એ દશ છે. આચાર્યે ઘણા ગ્રંથો કર્યા છે. તેમાંનાં કેટલાકનાં નામ તો આગળ આવી ગયાં છે. તે સિવાય જે જાણવામાં છે, તે—પ્રબોધ સુધાકર, સંક્ષેપ શારિરક, ઉપદેશ સહસ્ત્રી, સૌંદર્ય લેહરી, ન્યાય કુસુમાંજલી, અમુરૂશતક, વેદાંત પરિભાષા, કામાક્ષી અષ્ટક, નક્ષત્રમાળા, લલિતા સ્તવરાજ, શિવમાનસ પૂજા, શિવ સર્વોત્તમ, વિષ્ણુ સહસ્ત્ર નામ ભાષ્ય, તત્વાનુસંધાન, અદ્વૈત કૌસ્તુભ, વેદાંત મુક્તાવળી, શિવસ્તોત્ર આદિ ઘણા ગ્રંથો કર્યા છે. આચાર્યે જે જે ઉપનિષદ્‌નાં ભાષ્યો, શારિરક ભાષ્ય, વાર્તિકો, કારિકાઓ અને ટીકા આદિ ગ્રંથો કરેલા છે. તે સઘળા ઘણા જ્ઞાન સંપન્ન અને મનન કરવા યોગ્ય છે. તેમનો સિદ્ધાંત જાણીને તે પ્રમાણે વર્તવાથી મોક્ષની પ્રાપ્તી થઈ જન્મ મરણનો ફેરો ટળે છે. શાંતિ! શાંતિ!!!

ઇંદ્રપદ પામી, અજગર રૂપ થયો.

નહુષ.

આ મહારાજા ચંદ્રવંશી બુધ પુત્ર પુરૂરવાના પૌત્ર, આયુ રાજાના પાંચ પુત્રોમાંના જ્યેષ્ઠ પુત્ર, તેઓ સતયુગમાં થયા. આ મહારાજા પરમ પરાક્રમી, વિદ્વાન, ધર્માત્મા અને સદ્‌ગુણ સંપન્ન હતા. ઘણા યજ્ઞો અને તપશ્ચર્યા કરી દેવોની કૃપા મેળવી હતી. પ્રજાને ઉત્તમ પ્રકારે પાળી રાજ્ય ચલાવતા હતા. વિદ્યાકળા આદિની વૃદ્ધિ કરી દેશમાં સર્વ પ્રકારની સમૃદ્ધિનો વધારો કર્યો હતો. એ સુસ્વધા નામના પિતૃની માનસ કન્યા વિરજા સાથે પરણ્યા હતા. તેનાથી યતિ, યયાતિ, સંયાતિ, અયતિ, વિયતિ અને કૃતિ એવા છ પુત્રો થયા હતા. દેવરાજ ઇંદ્રે વત્રાસુરને માર્યો હતો, એ બ્રહ્મહત્યાથી મહા દુઃખ પામતા ક્યાંએ રહી શકતા નહોતા. તેથી દુઃખી થઇને જળકમળ વનમાં જઇ ભરાઇ રહ્યા હતા. તેથી ઇંદ્રાસન ખાલી થયું હતું, તેપર કોઇ મહા પુણ્યાત્મા પવિત્ર પુરૂષને પદાભિષેક કરવાને ખોળી કાઢવા દેવો અને ઋષિઓની સભા મળી હતી. સર્વાનુમતે એ પદને યોગ્ય નહૃશ રાજાને ઠરાવ્યા. અને પદાભિષેક ક્રિયા કરી ઇંદ્રાસનપર બેસાડ્યા હતા. નહુષ રાજા સ્વર્ગનું રાજ્ય ઉત્તમ પ્રકારથી ચલાવી, ઐશ્વર્ય ભોગવતા હતા. એવા વૈભવ વિલાસાદિથી તેને ઘણો મદ ચડી ગયો હતો, પ્રતિદિન ગર્વથી ઉન્મત્તની પેઠે ફરતા હતા અને વિનય, નમ્રતા, આદિ ઉતમ સદ્‌ગુણો તજી દેવા લાગ્યા હતા. સદ્‌ગુણો અને પવિત્રતાઇથી જે પોતાને ઇંદ્રાસન જેવા ઉત્કૃષ્ટ પદની પ્રાપ્તી થઇ હતી, તે વિસારી મૂકવા લાગ્યા હતા, ક્રમથી અંધ બની

ઇંદ્રાણી જેવી સાધ્વી સ્ત્રીનાપર કુદૃષ્ટિ કરવા લાગ્યા હતા. ઇંદ્રાણીને દેવદૂત સાથે વરવાનું કહાવી મોકલ્યું. આ સાંભળી ઇંદ્રાણીએ વિચાર કર્યો કે;—જે ઇંદ્રને હું વિધિસર પતિ કરી ચૂકીછું, તેનીજ હું ભોગ્ય છું, બીજો ગમે તેવો હોય તોપણ તેની ભોગ્ય નથી. માટે ગમે તે થાઓ પણ મારે મારૂં વ્રત મૂકવું નથી. પણ હવે શું કરવું ? એનો વિચાર કરવા બૃહસ્પતિ પાસે આવી, સકળ વૃત્તાંત કહી બતાવ્યું. એ સાંભળી બૃહસ્પતિએ સલાહ આપી કે, હાલતો તમારે ત્યાં તરત જવું, અને જઈ બોલાવવાનું કારણ પૂછવું. પછી યુક્તિ વાપરીને કાંઈ નિમિત્ત કારણ બતાવી એ વખતે ત્યાંથી ચાલ્યા આવવું. ઇંદ્રાણીએ તેમના કહેવા પ્રમાણે કર્યું અને નિમિત્ત બતાવી પાછી આવી.

બૃહસ્પતિ અને સર્વ દેવો ઇંદ્રની બ્રહ્મહત્યા દૂર કરવાને વિચાર કરવાને મળ્યા હતા. તે વખતે વિષ્ણુએ આવી જણાવ્યું કે, તમે ઇંદ્ર છે ત્યાં જઈ અશ્વમેધ યજ્ઞ કરો. તેથી તેની બ્રહ્મહત્યા જશે અને શુદ્ધ થઈ સ્વસ્થાને આવશે. દેવોએ તેમ કર્યું. તેથી ઇંદ્રની બ્રહ્મહત્યા વૃક્ષ, નદી, પર્વત, પૃથ્વી અને સ્ત્રી એ પાંચ ઠેકાણે વિભાગ થઇ ગઈ અને ઇંદ્ર શુદ્ધ થયા. એટલા વખતમાં ઇંદ્રાણીએ નહૂષને કહાવી મૂકયું હતું કે, તમે એવા કોઈ અપૂર્વ વાહનપર સ્વાર થઇને આવો કે, જેનાપર કોઇ સ્વાર થયું ન હોય, તો હું તમારે સ્વાધીન થઇશ. નહૂષે અપૂર્વ વાહન માટે વિચાર કરતાં ઋષિઓને બોલાવ્યા! તેમની કાંધ ઉપર પાલખી મૂકી, તેમાં બેસીને ઇંદ્રાણીને તરત મળવાની ચાતુરતામા ચાલ્યા. માર્ગમાં જરા પાલખી ઉંચી નીચી થવા લાગી. એટલે ઐશ્વર્યના પદથી અને કામાંધપણાથી ઋષિના મસ્તકને પગનો સ્પર્શ કરી કહ્યું કે,—અરે! આમ બેફિકરાઇથી કેમ ચાલોછો ? સર્પ સર્પ—ચાલો ચાલો. એવી વાણી સાંભળતાંજ અગસ્ત્ય ઋષિએ શાપ આપ્યો કે, જા તુજ સર્પ રૂપ થઇને મૃત્યુ લોકમાં અવતર. એ પરથી નહૂષ રાજા તરત પાલખી પરથી હેઠા પડયા અને પોતાના અપરાધ માટે ક્ષમા માગવા લાગ્યા. એ જોઈ અગસ્ત્ય મુનિએ દયા કરી શાપનાં અંત રૂપ વચનો કહ્યાં કે;—"જ્યારે તમે યુધિષ્ઠિર—ધર્મ રાજાને પ્રશ્નો પૂછશો અને તેનો તેઓ ઉત્તમ આપશે, તે પછી તમે શાપથી મુક્ત થશો. મારી કૃપાથી તમને સ્મૃતિ રહેશે, સર્પના શરીરમાં પણ બળની ક્ષીણતા થશે નહિ અને ગમે તેવા બળવાનને પણ ગ્રહણ કરી વશ કરશો." આ પ્રમાણે સાંભળતાંજ નહૂષ સર્પરૂપ થઈ પૃથ્વીપર પડયા અને પોતાની ભવિષ્ય સ્થીતિ ભોગવવા લાગ્યા. એટલામાં ઇંદ્ર પોતાની બ્રહ્મહત્યાથી શુદ્ધ થઇ, ઇંદ્રાસનપર બેઠા. નહૂષ રાજા હિમાલયના યામુનગિરિ શિખર પાસેના દ્વૈત વનમાં વિશાખયુપ નામના સ્થળમાં પડયો હતા. પાંડવો વનવાસમાં ફરતા હતા. એ વખતે ભીમસેન

મૃગયા કરવા નીકળેલા હતા, તે ફરતા ફરતા ત્યાં આવી ચડયા. અજગરે ભીમનો ગ્રાસ કર્યો. ભીમે તેના મુખમાંથી છૂટવાને ઘણો પ્રયત્ન કરવા માંડયો હતો. તેમાં વિલંબ થતાં યુદ્ધિષ્ઠિર ભીમને શોધતાં ત્યાં આવી પહોંચ્યા. આવી અજગરને કેટલાંક વચનો કહ્યાં. તેપરથી તેણે મનુષ્ય વાણીએ કહ્યું કે;–હું જે પ્રશ્ન પૂછું, તેના તમો ઉત્તર આપશો, ત્યારે હું તમારા ભાઈ ભીમને મુક્ત કરીશ. યુદ્ધિષ્ઠિરે કહ્યું કે;—તમારી ઇચ્છામાં આવે તેવા પ્રશ્ન પૂછો, હું મારી બુદ્ધિ અનુસાર ઉત્તર આપીશ. નહૂશ—હે નિષ્પાપ! સર્વ દેવતા અને ઋષિઓ ધર્મ કોને કહે છે? એ સંક્ષેપથી કહો. યુ૦—જે સત્ય, દમ, તપ, પવિત્રતા, સંતોષ, લાજ, ક્ષમા, કોમળતા, દયા અને ધ્યાન પાળે તે સનાતન ધર્મ કહેવાય છે. ન.—સત્ય, દમ, તપ, અને શૌચકોને કહે છે? યુ.—પ્રાણી ઉપર દયા રાખવી તે સત્ય, મનને રોકવું તે દમ, સ્વધર્મ પાળવો તે તપ, વર્ણસંકરથી રહિત થવું તે શૌચ. ન.—સંતોષ, લાજ, ક્ષમા, અને કોમળતા કોને કહે છે? યુ.—વિષયનો ત્યાગ તે સંતોષ, નરસાં કામથી નિવૃત થાવું તે લાજ, સુખ દુઃખાદિ સહન કરવું તે ક્ષમા, અને બધે ઠેકાણે સમાન ચિત્ત રાખવું તેને કોમળતા કહે છે. ન.—જ્ઞાન, શમ, દયા, અને ધ્યાન કોને કહે છે? યુ.—આત્માતત્ત્વને જાણવું તે જ્ઞાન, ચિત્તની પ્રસન્નતા તે શમ, સર્વમાં સુખરૂપ દૃષ્ટિ રાખવી તે દયા, અને મનને વિષયથી રહિત કરવું તે ધ્યાન છે. ન.—દુર્જય શત્રુ, અનંત વ્યાધિ, સાધુ, અને અસાધુ કોને કહે છે? યુ.—ક્રોધ તે દુર્જય શત્રુ, લોભ તે અનંત વ્યાધિ, સર્વ પ્રાણીનું હિત ચાહનાર તે સાધુ, નિર્દય તે અસાધુ છે. ન.—મોહ, માન, અને શોક કોને કહે છે? યુ.—ધર્મમાં મૂઢપણું તે મોહ, પોતામાં અભિમાન તે માન, અજ્ઞાનતા તે શોક. ન.—સ્થૈર્યતા, ધૈર્યતા, સ્નાન, અને દાન એટલે શું? યુ.—સ્વધર્મમાં મુંઝાવું નહિ તે સ્થૈર્યતા, ઇંદ્રિયોનો નિગ્રહ તે ધૈર્યતા, મનના મળનો ત્યાગ તે સ્નાન, અને અભય વચન આપવું તે દાન કહેવાય છે. ન.—મૂર્ખ, પંડિત, સંસારનું કારણ અને હૃદયનો તાપ કોને કહે છે? યુ.—ધર્માત્મા તે પંડિત, નાસ્તિક તે મૂર્ખ, વાસના તે સંસારનું કારણ, પારકું સારૂં ન દેખી શકવું તે હૃદયનો તાપ જાણવો. ન.—અક્ષય નર્ક અને અક્ષય સ્વર્ગને કોણ પામે છે? યુ.—ખોટી સાક્ષી પુરનાર, અતિથિનો સત્કાર નહિ કરનાર, ક્ષત્રિયાદિક વર્ણ બ્રાહ્મણની સ્ત્રીનું ગમન કરનાર; વેદ, દેવ, બ્રાહ્મણની નિંદા કરનાર, પોતાના પતિથી અવળી ચાલી વ્યભિચાર કરનાર સ્ત્રી ઇત્યાદિ દુષ્કર્મ કરનાર અક્ષય નર્કને પામે છે. તથા જે યજ્ઞ, હોમ, જપ, સ્નાન, દેવપૂજન, અને દાનાદિ સુકૃત્ય કરનાર, પરોપકાર કરનાર, પારકાનો દોષ ત્યાગ કરી તેના ગુણ ગ્રહણ કરનાર, ધ્યાનપૂર્વક પ્રભુની ભક્તિ કરનાર, નિંદીત કર્મથી

નિવૃત્ત રહેનાર યૌવન, રૂપ, અને દ્રવ્ય છતાં ગર્વથી રહીત રહેનાર ઇત્યાદિ સુકૃત્ય કરનાર સર્વે અક્ષય સ્વર્ગને પામે છે. એ રીતે ઘણા પ્રશ્નોત્તર ચાલ્યા પછી નહૂષરાજાએ શાપથી મુક્ત થઈ દિવ્ય સ્વરૂપે બની યુદ્ધિષ્ઠિરને કહ્યું કે;— રાજાઓ મદથી રાજ્યભ્રષ્ટ અને સ્વર્ગથી ભ્રષ્ટ પણ થાય છે. જો રાજાઓ રાજ્યાસનપર બેસી સ્વધર્માચરણ કરે તો સ્વર્ગને પામે છે, મદિરાપાનમાં મત્ત થયેલો પુરૂષ જેમ પાપને દેખતો નથી, તેમ ઐશ્વર્યના મદમાં આસક્ત થયેલો પુરૂષ સત્પુરૂષને દેખતો નથી અને તેને લીધે મારી પેઠે મહા દુઃખ પામે છે. હું ઐશ્વર્યરૂપી અંધારામાં અંધ થયેલો કોઇને દેખતો નહિ. હમણાં ઉત્કૃષ્ટ પદથી હેઠો પડયો, ત્યારે મારાં જ્ઞાન નેત્રો ખુલ્લાં થઇ જાગૃત થયોછું. આ લોક અને પરલોકમાં હિતની ઇચ્છાવાળાએ મદનો સર્વદા ત્યાગ કરવો. મેં મદથી થયેલા નુકસાનનો પ્રત્યક્ષ અનુભવ લીધો છે. ત્રણે લોકમાં પૂજવા યોગ્ય બ્રાહ્મણોનું અપમાન કરવું નહિ. જેણે અગ્નિને સર્વભક્ષી કર્યો, વિંધ્યાચળની જેણે વૃદ્ધિ મટાડી, સમુદ્રનું પાન કર્યું, ચંદ્રને ક્ષયરોગી કર્યો. અને પૃથ્વીને એકવીશવાર નક્ષત્રી કરી આદિ કૃત્યો જેણે કર્યા છે. એ સિવાય જગતમાં પૂજવાને યોગ્ય બીજા કોણ છે ? મારી પાસે વિષ્ણુએ કહેલ છે કે;— “ મને અને રૂક્મિણીને રથની સાથે જોડીને ચલાવ્યા. ” એવા બ્રાહ્મણના અપરાધથી કોણ જીવી શકે ? વળી બળભદ્રે કૃષ્ણ ભગવાન પાસે કહેલ છે કે;—કોઈ બ્રાહ્મણ શાપ દીએ અથવા કઠોર વચન બોલે, તોપણ તેમને નમસ્કાર કરવા. જે એ પ્રમાણે કરતા નથી, તે પાપ કરનાર મનુષ્ય, બ્રાહ્મણના વચનરૂપ અગ્નિથી દગ્ધ થઈ યમના દંડ ભોગવે છે. બ્રાહ્મણના પૂજન અને સત્કારથી હું પ્રસન્ન થાઉંછું.” ઈત્યાદિ વચનો સંભળાવી નહૂષરાજા સ્વર્ગમાં ગયા. યુદ્ધિષ્ઠિર અને ભીમસેન પોતાના આશ્રમમાં આવ્યા.

આ નહૂષ રાજાના ચરિત્રપરથી શિક્ષણ લેવાનું છે કે;—જે મનુષ્ય ઘણા ઉંચા પદને પામ્યો હોય, તેણે સઘળાને માન આપવું, કોઇનું અપમાન કરવું નહિ, નહૂષ રાજા ઇંદ્ર પદ્વીને પામ્યો, તોપણ અગસ્ત્યનું અપમાન કરવાથી ઈંદ્ર પદથી ભ્રષ્ટ થયો હતો. મોટું પદ, મોટું માન, કે પુષ્કળ દ્રવ્ય મળે તોપણ નમ્રતા રાખવી, તેના ગર્વથી અંધ બનવું નહિ. વિનય, નમ્રતા, આદિ ઉત્તમ ગુણો રાખવા. નહૂષ રાજાની પેઠે પરસ્ત્રીમાં મોહિત થઈ, સત્પુરૂષનું અપમાન કરવું કે, તેને કષ્ટ દેવું નહિ. ઇત્યાદિ આ ચરિત્રપરથી શિક્ષણ લેવાનું છે.

પદ્મપાદાચાર્ય.

આ મહા પુરૂષ કોણ? એ શ્રીમત્ શંકરાચાર્યના મુખ્ય શિષ્ય, એ વિષ્ણુનો અંશ ગણાય છે. એ વિમલ નામે બ્રાહ્મણના પુત્ર. કાવેરી કિનારે ચોલ દેશમાં રહેતા હતા. તેમણે બાળપણમાં વેદ, વેદાંગ અને મંત્ર શાસ્ત્રાદિનો અભ્યાસ કર્યો હતો, પોતાના ઉદ્ધાર માટે એ સદ્દગુરૂને શોધતા અને મહા પુરૂષોનાં દર્શન કરતા દેશમાં ફરતા હતા. ફરતા ફરતા એક વખતે ભગવત્ પુજ્યપાદ શ્રીમાન્ ગુરૂ શંકરાચાર્યના દર્શને આવી તેમના ચરણ કમળમાં પડ્યા. આચાર્યે તેમના મસ્તકપર હાથ મૂકી ઉઠાડ્યા. ઉઠી પ્રાર્થના કરી કે;—"મને સંસાર સાગરમાંથી ડુબતો તારો, આપ સર્વજ્ઞ છો, એટલે હું વિશેષ શું કહું? આપ મારા ગુણદોષાદિકને ન જોતાં મારો ઉદ્ધાર કરો." શંકરાચાર્યે તેમની અચળ ભક્તિ જોઇને કૃપા કરી સન્યસ્ત દિક્ષા દીધી. એ **સનંદન** નામે આચાર્યના પ્રથમ શિષ્ય તરીકે પ્રસિદ્ધ થયેલા છે. એ સર્વ શિષ્યોમાં શ્રેષ્ઠ અને મુખ્ય હતા. તેમજ સર્વ કરતાં અધિક હુશિઆર અને વૈરાગ્યવાન હતા. એવા તેમના ઉત્તમ ગુણોથી ગુરૂએ તેમને પોતાનાં કરેલાં ભાષ્યો ત્રણવાર શિખવી કુશળ કર્યા હતા. ગુરૂનો પ્રેમ તેનાપર અત્યંત હતો. એક વખતે શ્રીશંકરાચાર્ય દેશમાં અદ્વૈત મતનું સ્થાપન કરતા કાશી ક્ષેત્રમાં સર્વ શિષ્યો સાથે આવ્યા. સનંદન ગગાને સામે કિનારે ગયા હતા. ત્યાંથી ગુરૂએ તેમની પરીક્ષા લેવા બોલાવ્યા. આ વખતે ગંગામાં પાણી ઘણું હતું, ઉતરીને આવી શકાય તેમ નહોતું અને આવવાનું તરતજ હતું. હું ગુરૂની કૃપા વડે ઉંડા જળમાં ડુબીશ નહિ એ તેમને પૂર્ણ વિશ્વાસ હતો. તેથી ડુબવાની બીક વગર એકદમ પાણીપર ચાલી આવવા માંડ્યું. જેવો તેણે પાણીપર પગ મૂક્યો કે, તેના પગલાં નીચે પાણીમાં કમળ ઉત્પન્ન થયાં. એ કમળથી તેના પગ પાણીથી અધર રહ્યા, એ રીતે પાણીમાં ચાલી આવીને ગુરૂનાં દર્શન કરી ચરણમાં મસ્તક મૂક્યું. ત્યારથી શ્રીશંકરાચાર્યે પ્રેમથી તેનું નામ પદ્મપાદ પાડ્યું અને એ નામથી પ્રસિદ્ધ થયેલા છે.

પદ્મપાદે ગુરૂને દિગ્વિજય કરવામાં સાથે રહી ઘણી પ્રકારે સેવા કરી હતી. શ્રીગુરૂ શંકરાચાર્યેએ દેહ પરમાર્થ કારણે ધર્યો હતો, એમને શત્રુ મિત્ર સરખા હતા અને જે રીતે પોતાના દેહ વડે બીજાનું કલ્યાણ થાય, તેમ કરવાને ઇચ્છતા હતા. એક સમયે શ્રીશંકરાચાર્યે કાપાલિક મતનું ખંડન કરી, તેમને અદ્વૈત માનતા કર્યા હતા, તેમાં એક કાપાલિક પોતાનો મત ખંડન થવાથી દ્વેષ રાખતો હતો. તે આચાર્યનો નાશ કરવાની ઇચ્છાથી કપટ ભાવે આવી, બોલ્યો કે;—મેં સદેહે સ્વર્ગમાં જવાને ઘણા વર્ષ તપશ્ચર્યા કરી ભૈરવને

પ્રસન્ન કર્યા છે, તેમણે મારૂં કાર્ય સિદ્ધ થવામાં કોઈ સર્વજ્ઞના મસ્તકની માગણી કરી છે. આપ સર્વજ્ઞ છો, મારૂં કાર્ય સિદ્ધ થવાનો આધાર આપના પર છે, આપનો દેહ પરમાર્થ કારણે છે, જો આપનું મસ્તક આપો તો મારૂં કાર્ય સિદ્ધ થાય એમ છે. ઇત્યાદિ રીતે પ્રાર્થના કરી. શંકરાચાર્યે હા પાડી એકાંતે કોઈ ન જાણે તેમ આવવા જણાવ્યું. પછી એવો પ્રસંગ જોઈ આચાર્યે આત્માને પરમાત્મા સાથે એકરૂપ કરવા સમાધિ ધારણ કરી. કાપાલિકે આવી ત્રિશૂળથી મારવાની તૈયારી કરી. આવોજ ભાસ યોગ બળથી પદ્મપાદના અંતરમાં થયો. એ જોઈ ક્રોધે ભરાઈ તેમણે મંત્ર બળથી નૃસિંહ રૂપ ધારણ કર્યું. ગુરૂ હતા ત્યાં જઈ, ખડ્ગથી એ કાપાલિકને ચીરી નાંખ્યો. મારી નાંખી ત્રણ મોટી ગર્જના કરી ગુરૂને સમાધિમાંથી જાગૃત કર્યા, બીજા શિષ્યો પણ આવી પહોંચ્યા. ગુરૂને મસ્તક આપી, દેહ ત્યાગ કરતાં તેમણે અટકાવ્યા, આ જોઈ પદ્મપાદની સર્વ શિષ્ય મંડળે સ્તુતિ કરી હતી. એ રીતે ગુરૂએ તેમની બીજીવાર પરીક્ષા કરી હતી; પદ્મપાદે પૂર્વે અહોબલ પર્વતપર તપશ્ચર્યા કરી નૃસિંહ ભગવાને પ્રસન્ન કર્યા હતા. ગુરૂની આજ્ઞાથી તેમણે સૂત્ર ભાષ્યની બે ટીકા કરી હતી તથા એજ ભાષ્યપર વિજયડિંડિમ નામે વિવેચના કરી, ગુરૂને અર્પણ કરી હતી. ગુરૂ આજ્ઞાથી તેમણે દેશમાં ફરી ઘણાં તીર્થો કર્યાં હતાં એ વખતે તેમણે ઘણા મતવાદીઓના મત ખંડન કર્યા હતા. રામેશ્વર તરફ જતાં પૂર્વાશ્રમના મામાને ઘેર આવ્યા હતા. ત્યાં તેમણે પોતાની કરેલી ભાષ્યપરની ટીકા મૂકી હતી. તેમાં દ્વૈત વાદીઓનું ખંડન હતું. તેનો મામો પણ દ્વૈતવાદી હતો, તેમણે પદ્મપાદના ગયા પછી એ ટીકા બાળી નાંખી હતી. તેથી પદ્મપાદ એવીજ બીજી ટીકા લખવાને તૈયાર થયા હતા. એ જોઈ તેમને મામે એવી કંઇ ચીજ ખવરાવી દીધી કે, ફરી એવી ટીકા કરવાની તેની મતિ ચાલીજ નહિ. પછી ગુરૂપાસે આવી સઘળી વાત કહી બતાવી અફસોસ કર્યો. ગુરૂએ તેમને દિલાસો આપી, પોતાની સ્મરણ શક્તિ વડે જેવી ટીકા હતી, તેવીજ ટીકા લખાવી તેમને સંતોષ પમાડ્યો હતો.

આચાર્યે અભિનવગુપ્તના મતનું ખંડન કર્યું હતું. તેથી એ આચાર્યને મારી નાખવાની ઇચ્છાથી કપટ ભાવે શિષ્ય થઈ સાથે રહ્યો હતો. એક વખતે તેમણે અભિચારક પ્રયોગ વડે આચાર્યને ન મટી શકે એવો ભગંદરનો રોગ કર્યો હતો. ગુરૂને દેહ પર ભાવ નહોતો, તેમ તેને મન શત્રુ મિત્ર સર્વ સરખા હતા, તેથી કંઈ દવા કરવા ઇચ્છતા નહોતા, પણ શિષ્યોએ આગ્રહથી ઘણી દવા કરી, પણ એકે ઉપાય લાગુ પડ્યો નહિ. છેવટ પદ્મપાદે ગુરૂ સ્મરણ કરી પોતાના મંત્ર બળ વડે એક ચમત્કારિક મંત્રનો જપ કર્યો. તેથી ગુરૂનો રોગ મટી અભિનવગુપ્તને લાગુ પડ્યો અને તેથી

મરણ પામ્યો. એ રીતે ગુરૂએ તેમની ત્રીજી વાર પરીક્ષા કરી હતી. એવા તેના સર્વોત્તમ ગુણો અને ભક્તિ ભાવ જોઈ, શ્રીશંકરાચાર્યે કાશ્મિરના શારદાપીઠ નામના સ્થાનમાં સર્વજ્ઞવિદ્યાલયના આસનપર તેમનો હાથ પકડી બિરાજ્યા હતા. ગુરૂ તેમને પોતાનો જમણો હાથ સમજતા હતા અને તેમનાપર અત્યંત ભાવ રાખતા હતા. શ્રીજગન્નાથ પુરીમાં આચાર્યે ગોવર્ધન મઠ સ્થાપ્યો હતો. એ દેશમાં અદ્વૈતનો ઉપદેશ આપી, ત્યાંનો સંપ્રદા ચલાવવા, એ ગાદીપરના આચાર્યની માનવંતી પદવી પદ્મપાદને આપી હતી; ત્યારથી એ પદ્મપાદાચાર્ય નામથી દેશમાં પ્રસિદ્ધ થયા છે. ઇત્યાદી રીતે ગુરૂની પરમ ભક્તિ કરી, તેમની પૂર્ણ કૃપા સંપાદન કરી હતી. શ્રીગુરૂ પ્રતાપથીજ તેઓ દેશમાં અચળકીર્તિ રાખી મોક્ષ પામી ગયા છે. અહો! જગતમાં ગુરૂ શિષ્ય તો આવાજ જોઇએ!!!

નિરીશ્વરવાદી કર્મકાંડી.

મંડનમિશ્ર.

આ મહા પંડિત માહિષ્મતી—ચોળી માહેશ્વર નગરીમાં રહેતો હતો. કુમારિલભટ્ટાચાર્ય પાસે શિક્ષણ લઈ સર્વ શાસ્ત્રમાં નિપુણ થયો હતો. યજ્ઞ યાગ કરતો અને વેદધર્મ પ્રમાણે બરાબર આચાર પાળતો હતો. એ ઇશ્વરને માનતો નહિ, કર્મજ ફળ આપનાર છે એવું સમજી વેદના કર્મકાંડમાં આગ્રહી રહેતો હતો. એ શાસ્ત્રમાં અજીત અને મહા કીર્ત્તિવાન હતો. એની સ્ત્રીનું નામ ભારતી—સરસ્વતી હતું. આ સાધ્વી મહા પંડિતા અને સાક્ષાત્ સરસ્વતીનો અવતાર હતી. મંડનમિશ્ર પણ બ્રહ્માનો અંશ ગણાતો હતો. અદ્વૈત મતનો વિરોધી હતો. વાક્ કૌશલમાં એવો તો ઉત્તમ હતો, કે એની સામે થવાની કોઈની હિંમત ચાલતી નહિ. ઇત્યાદી કારણોથી તેમને જીતી અદ્વૈત મતને માનતો કરવાને એક વખતે શ્રીમાન્ શંકરાચાર્ય માહિષ્મતી નગરીમાં આવ્યા. તેમની સામે મંડનમિશ્રની દાસીઓ મળી, તેમને મંડન પંડિતના ઘરની નિશાની પૂછતાં તેમણે કહ્યું કે;—

"છે વેદ વાક્યો શું સ્વતઃપ્રમાણ, કે તેહ છે શું પરતઃપ્રમાણ?
દ્વારસ્થ મેના કરતી વિવાદ, તે જાણજો મંડનમિશ્ર વાસ. ૧
શું કર્મ આપે ફળને સહુને, કે આપતા ઇશ્વર છે કહોને?
દ્વારસ્થ મેના કરતાં વિવાદ, તે જાણજો મંડન મિશ્ર વાસ. ૨
અનિત્ય કે નિત્ય જગત્ કહો છે? શાસ્ત્રો તણા પ્રશ્ન ઘણા થતાં છે;
દ્વારે કરે પોપટિયો વિવાદ, તે જાણજો મંડન મિશ્ર વાસ." ૩

આ નિશાની પ્રમાણે શ્રી શંકરાચાર્ય મંડન પંડિતને દ્વાર આવ્યા. તે રોજ પંડિતને ઘેર શ્રાદ્ધ હોવાથી કોઇ ભિક્ષુક ઘરમાં ન આવે એવા કારણથી દ્વાર મજબૂત બંધ કર્યાં હતાં. આચાર્યે એ જોઈ પોતાની યોગ શક્તિથી અંદર પ્રવેશ કર્યો. શ્રાદ્ધમાં ભોજન કરવા વ્યાસ અને જૈમિનીને નોતર્યા હતા. તેમણે આચાર્યનો ઘણો સત્કાર કર્યો. મંડન મિશ્રે "આ કોઇ સંન્યાસી છે" એમ જાણી શ્રાદ્ધ વખતે ક્રોધ ન કરવો જોઇએ છતાં ક્રોધાવેશમાં આવી વ્યાસ અને જૈમિની સમક્ષ તેમની સામે ગમે તેમ વિવાદ કરવા માંડયો. (જુઓ શ્રીશંકરાચાર્ય ચરિત્ર.) મંડન પંડિતે વિવેક મૂકી દેવાથી વ્યાસ અને જૈમિનીએ તેમને ઘણો ઠપકો આપ્યો અને આચાર્ય એ સાક્ષાત્ શંકરરૂપ છે એમ ઓળખાણ આપી. આ સાંભળી મંડન પંડિતે ક્ષમા માગી ભિક્ષા કરવાનું કહ્યું. આચાર્યે વાદરૂપી ભિક્ષા માગી. મંડન પંડિતે તેમ કરવાની કબૂલાત આપી. પછી આચાર્ય સૌ સાથે ભોજન કરવા બેઠા. એ વખતે પંડિતે કહ્યું કે;—"હજાર મુખવાળો શેષ જો મારી સાથે વાદ કરવા આવે, તોપણ હું પાછો હઠું એવો નથી તો બીજાનું શું ગજું! મારા મનમાં ઘણા દિવસથી હતું, કે કોઈ વાદી મળે તો સારૂ, આજે ઘણા વર્ષની મારી ઇચ્છા પૂરી થઇ. હવે મારૂં સામર્થ્ય સાંભળો. હું ઇશ્વરને ન માનનારો પૂર્વમિમાંસક છું. મને નિરીશ્વર વાદી કહે છે, જ્યાં સુધી મારૂં ભાષણ સાંભળ્યું નથી, ત્યાં સુધી વાદની માગણી કરો છો, પણ જ્યારે સાંભળશો, ત્યારે પોતાની મેળેજ પાછા હઠશો." ઇત્યાદિ વચનો કહ્યાં. પછી આવતી કાલે વિવાદ કરવાનો નિશ્ચય થયો. મંડન પંડિતની સ્ત્રી સરસ્વતીને મધ્યસ્થ રહેવાનું ઠર્યું. બીજે દિવસે વિવાદસ્થળમાં એકઠા થયા. સરસ્વતીએ બંનેના ગળામાં ફૂલના હાર પહેરાવ્યા. શ્રીશંકરાચાર્યે બ્રહ્મ સત્ય છે એ સિદ્ધ કરી આપવાની અને મંડન પંડિતે વેદના કર્મકાંડને સિદ્ધ કરી આપવાની તથા હારે તે શિષ્ય થવાની પ્રતિજ્ઞા લીધી. સરસ્વતીએ કહ્યું કે, જેના ગળામાં ફૂલની માળા કરમાશે તેને હું હાર્યો સમજીશ. પછી એક બીજા પોતાનો પક્ષ સિદ્ધ કરવાને અનેક શાસ્ત્ર પ્રમાણો આપી ખંડન મંડન કરવા લાગ્યા. અંતે આચાર્યે જીવ અને ઈશ્વરની એકતા છે એવું સિદ્ધ કરી આપી, મંડન પંડિતના પક્ષનું ખંડન કર્યું. તેના ગળાની માળા કરમાઈ ગઈ, સરસ્વતીએ શંકરાચાર્યના મતને મળતો મત આપ્યો; તોપણ મંડન મિશ્રના મનમાં સંશય રહ્યો કે;—જૈમિના વચનોનું ખંડન કેમ થાય? ઇત્યાદિ વિચારી ખેદ કર્યો. આચાર્યે કહ્યું કે, જૈમિનીના વચનોનું ખંડન થયું નથી, તેમજ તેમણે જરાએ ભૂલ કરી નથી પણ આપણી અજ્ઞાનતાએ કરીને એ સમજવામાં ભૂલ થઇ છે. એમ કહી તેમના સૂત્રાર્થને બરાબર સમજાવ્યા. તોપણ શંકા ગઈ નહિ. છેવટ જૈમિ-

નીએ પ્રત્યક્ષ આવી કહ્યું કે, આચાર્યે જે મારા સૂત્રોના અર્થ કર્યા છે તેજ બરાબર છે. ઈત્યાદિ કહેવાથી તેના મનનો સંદેહ દૂર થયો. પછી મંડન પંડિત સ્તુતિ કરતો આચાર્યને સાક્ષાત્ શંકરરૂપ સમજી ચરણમાં પડ્યો.

મંડન મિશ્ર પોતે હાર્યો પણ તેમની સ્ત્રી સરસ્વતીને આચાર્ય જીતે ત્યારે તે પૂર્ણ હાર્યો ગણાય; કેમકે સ્ત્રી એ પુરૂષનું અર્ધું અંગ છે. એવા શાસ્ત્ર નિયમથી સરસ્વતીએ પણ આઠ દિવસ આચાર્ય સાથે વિવાદ ચલાવ્યો, તેમાં આચાર્ય જીતાય તેમ નથી એવું જણાયું; ત્યારે સરસ્વતીએ "કામકળા" ના કેટલાક પ્રશ્નો પૂછ્યા. આચાર્ય તો સર્વજ્ઞ હતા, પણ લોક મર્યાદા અને સંન્યાસ ધર્મ પ્રમાણે એક માસની મુદત માગી પરકાયા પ્રવેશ કરી અનુભવ લઇ આવ્યા. સરસ્વતી તેમને પૂર્ણ જાણી પોતાને જે શાપ આ વિવાદમાં સાક્ષી પૂરવા સુધીનો હતો, તે પૂર્ણ થવાથી અંતર્ધ્યાન થઇને બ્રહ્મ લોકમાં ગયાં. મંડન પંડિતે ખુશીથી આચાર્ય પાસે સન્યસ્તની દિક્ષા લીધી અને "तत्त्वमसि" મહા વાક્યને સમજી ઉપદેશ ગ્રહણ કર્યો તથા ગુરૂ મહિમાને સમજી લઇ સુરેશ્વર નામથી આચાર્યનો મુખ્ય શિષ્ય થઈ રહ્યો. તેમણે 'નૈષ્કર્મ્યસિદ્ધિ' નામે ઉપનિષદ્‌નાં ભાષ્ય ઉપર વાર્તિક વગેરે ગ્રંથો કર્યાં છે. ઉત્તમ ગુણોથી એ આચાર્યની પદવી પામીને અદ્વૈતનો ઉપદેશ કરવા ઘણાં વર્ષ મગધ દેશમાં રહ્યો હતો. ઈત્યાદિ કાર્યોથી એ દેશમાં પ્રસિદ્ધ થઈ ગયેલ છે.

તત્ત્વવેત્તામહાન્‌યોગી.

ઋષભદેવ—આદિનાથ.

આ મહાત્મા સ્વાયંભૂ વંશના પ્રિયવ્રત કુલોત્પન્ન નાભિ નામે રાજર્ષિની મરૂદેવી નામે સ્ત્રીથી ઉત્પન્ન થયેલા પુત્ર. તેઓ કૌશલ દેશમાં વનિતા—અયોધ્યા નગરીમાં જન્મ્યા હતા. વિષ્ણુના ચોવીશ અવતારમાં એ આઠમો અવતાર આત્મજ્ઞાન અથવા પર્મહંસ ધર્મ કથન સારૂ થયો હતો. જૈન લોકો તેને આદિનાથ કહે છે અને પોતાના ધર્મના પહેલા તીર્થંકર ગણે છે. તીર્થંકર—જે પુરૂષને જન્મ, દિક્ષા અને કૈવલ્ય નિર્વાણ પ્રાપ્ત થયેલ હોય તે. આવા ઉત્તમ પુત્રના જન્મથી નાભિરાજા પોતાને કૃતાર્થ સમજતા હતા. તેમને બાલ્યાવસ્થામાં ઋષિ મુનિઓના સહવાસમાં રાખી વેદ, વેદાંગાદિ અને તત્ત્વજ્ઞાનનું શિક્ષણ આપ્યું હતું. તેથી એ મહા તીવ્ર બુદ્ધિના થયા હતા. એ સ્વરૂપે સુંદર તેજસ્વી, પરાક્રમી, દયાળુ, અને સ્વભાવે શાંત હતા. યોગ્ય વયે આવતાં નાભિરાજા તેમને રાજ્ય સોંપી પોતાની સ્ત્રી મરૂદેવી સહિત બદ્રિકેદારમાં તપ કરવાને ગયા હતા. પિતાના ગયા પછી તેઓ પ્રજાનું ઉત્તમ પ્રકારે પાલન

કરવા લાગ્યા હતા. પ્રજાને તેમણે ઉપીકર્મ—લડાઇ, અને રાજ્યની વિદ્યા, માશીકર્મ—શાસ્ત્રવિદ્યા, કાશીકર્મ (કૃષિકર્મ) ખેતીવાડી આદિ વિદ્યા અને ચતુરાઇના ધંધામાં પ્રવિણ કરી હતી. અજનાભવર્ષ—આર્યાવર્ત દેશ પ્રાચીન કાળથીજ કર્મભૂમિ અથવા સ્વર્ગભૂમિ ગણાય છે. તેમાં ઋષભદેવે સો યજ્ઞ સોવાર ફરીને કર્યા હતા. એ રીતે યજ્ઞાદિક કર્મના પ્રકાર પ્રજાને પ્રદર્શિત કરીને મહાધર્મવાળી કરી હતી. ઇત્યાદિ સુકૃત્યોથી તેમનો પ્રતાપ અધિક વધતો ચાલ્યો હતો. એ જોઈ એ સમયના સર્વાગીલયજ્ઞ નામના ઈંદ્રને અદેખાઈ ઉત્પન્ન થઇ હતી. તેથી તેમણે ઋષભદેવના રાજ્યમાં વરસાદ વરસતો બંધ કર્યો હતો. ઋષભદેવે તેમની અજ્ઞાનતા ઉપર હાસ્ય કરી પોતાના પ્રતાપથી લોકો ઇચ્છે ત્યારે પાણી મળે એથી યુક્તિ રચી હતી. ઇત્યાદિથી ઇંદ્રે ગર્વ મૂકી તેને પોતાની જયંતીનામે કન્યા પરણાવી હતી. એ જયંતી સ્ત્રીથી ઋષભદેવને ભરતાદિક સો પુત્રો થયા હતા. એ પુત્રોમાં ૮૧ બ્રહ્મકર્મ કરવાવાળા ઋષિઓ થયા હતા. કવિ, હરિ, અંતરિક્ષ, પ્રબુદ્ધ, પિપ્પલાયન, આવિર્હોત્ર, દ્રુમિલ, ચમસ અને કરભાજન એ નવ પરમ બ્રહ્મનિષ્ઠ હતા. તે યોગાભ્યાસ કરતા થયા. એ નવ યોગેશ્વર નામે પ્રસિદ્ધ છે. એમનો અને જનક રાજન્ વચ્ચે બ્રહ્મવિદ્યા સંબંધી અત્યુત્તમ સંવાદ ચાલેલો હતો. બાકીના દશ પુત્રો પોતાની પાસે રહેતા હતા. ઋષભદેવે ઘણા વર્ષ રાજ્ય અને સંસાર સુખ ભોગવ્યું, ઉત્તમ પ્રકારે રાજ્ય ચલાવી પ્રજાને પાળી બ્રહ્મવિદ્યાના જ્ઞાનવાળી કરી હતી. પુત્રોને પણ બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કર્યો હતો. ઇત્યાદિ કાર્યો કરી પ્રજા પ્રીતિ મેળવી, દિક્ષા લઈ વનમાં જવાનો વિચાર કર્યો. પ્રથમ જંબુદ્વીપના નવ ભાગ માંહેલો એક ભાગ અજનાભવર્ષ, જે તેના પિતાનું રાજ્ય હતું, તેના નવ ખંડ કર્યા. પાસે રહેલા ભરત, કુશાવર્ત, ઇલાવર્ત, બ્રહ્માવર્ત, મલય, કેતુ, ભદ્રસેન, ઇંદ્રસ્પૃક, વિદર્ભ, અને કીકટ એ દશ પુત્રોનાં નામ પ્રમાણે એ દરેક ખંડનાં નામ પાડી, એ દરેક પુત્રોને આપ્યા. શેષ રહેલા મધ્યસ્થ શ્રેષ્ઠ ભાગ તેનું ભરતખંડ નામ પાડી ભરતને આપ્યો. ત્યારથીજ આ દેશનું નામ ભરતખંડ પડેલું છે. ભરતખંડ નામ દુષ્યન્ત પુત્ર ભરતના નામપરથી પડયું છે, એવું કેટલાક ગ્રંથોમાં જણાવેલું છે, એ સત્યાસત્યનો નિર્ણય કરવો હાલ મુલતવી રાખીએ છીએ; કેમકે એ માટે વિશેષ શોધ કરવો પડે તેમ છે. ઋષભદેવે પુત્રોને રાજ્ય સોંપી, તેની યોગ્ય વ્યવસ્થા કરી. પછી પર્મહંસ દિક્ષા લઈ વનમાં યોગાભ્યાસ કરવા ચાલી નીકળ્યા. પ્રથમ પુત્રોને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કર્યો હતો. પછી દેશ વિદેશ ફરી મનુષ્યોને દયા, ક્ષમા, શાન્તિ, ભક્તિ, વૈરાગ્ય અને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ આપવાને ફરતા હતા. ભરતાદિના ખંડોમાં ઉપદેશ કરી પો-

તાના બ્રહ્માવર્ત્ત નામના પુત્રના ખંડમાં આવ્યા. ત્યાં કેટલોક વખત રહ્યા હતા. ત્યાંથી ફરતા શેત્રુંજા પર્વત ઉપર આવી તપશ્ચર્યા કરી હતી. તેથી એ પર્વત પવિત્ર ગણાય છે, એ પછી તીવ્ર આત્માનું સંધાનથી દેહનું ભાન છૂટી જઇ, નગ્ન અને છૂટા કેશે જડોન્મત્ત પિશાચ પ્રમાણે પૃથ્વીમાં ફરવા લાગ્યા હતા. વખતે એકજ સ્થળે બેસી રહેતા, કોઈ ખવરાવે તો ખાતા પીતા, મળમૂત્ર પણ ત્યાંજ કરતા હતા. એના મૂત્રની ગંધ ચાલીશ કોશ જતી હતી, એવું કહેલું છે; તોપણ એના ઉપર દેવ કન્યાઓ મોહિત થતી હતી. એવી સ્થિતિમાં ફરતા ફરતા તેઓ કોકણુ દેશના કર્ણાટકમાં આવ્યા. ત્યાં કુટકાચલ વનમાં જતાં, તેમની જટાવેણું વૃક્ષમાં ભરાઈ જવાથી ત્યાંજ ઉભા રહ્યા હતા. કેટલેક કાળે વૃક્ષોના પરસ્પર ઘર્ષણથી અગ્નિ ઉત્પન્ન થયો. તેનાથી સઘળું વન સળગી ઉઠયું. તેમાં આ મહાત્મા પણ બળીને સ્વધામમાં ગયા હતા.

એ રીતે તેઓ પોતાની જીંદગી ધર્મજ્ઞાન, વૈરાગ્ય, એકાન્તવાસ અને યોગાભ્યાસમાં ગાળી પોતાના નિરંજન, નિરાકાર આત્મ સ્વરૂપમાં નિમગ્ન રહી મુક્તિ પામી ગયા છે. બૌદ્ધ લોકો તેમને સર્વજ્ઞ બુદ્ધ પણ કહેછે. બૌદ્ધ, જૈન તેમને પોતાના ધર્મના મુખ્ય આચાર્ય ગણે છે, પણ ઋષભદેવે પોતે તેમને ઉપદેશ કર્યો નહોતો. માટે તેઓ તેમના ગુરૂ નહોતા અને એ લોકો તેમના શિષ્ય નહોતા. લોકો તો ઋષભ દેવની બાહ્ય વર્તણુક જોઈ, પોતાની મેળેજ વેદ કર્મ તજી વર્ત્તવા લાગ્યા હતા અને જૈન ધર્મ આદર્યો હતો. એવું શાસ્ત્રો અને ઇતિહાસોથી માલમ પડે છે. ઋષભદેવ સ્વાયંભૂ-મન્વંતરમાં ઉત્પન્ન થયા હતા. એની કાળગણત્રી કરવી મુશ્કેલ છે. જૈન મતમાં જગતની ઉત્પત્તિની ગણત્રીમાં અવસર્પિણી અને ઉત્સર્પિણી એવા બે કાળક્રમ ચાલે છે. અવસર્પિણી–સારી વસ્તુનું ક્ષીણ થતા જવું અને ઉત્સર્પિણી સારી વસ્તુની વૃદ્ધિ થતી જવી. એ દરેકના છ છ ભાગ છે તેને આરા કહે છે. અવસર્પિણીમાં સુખસુખ, સુખ, સુખ દુઃખ, દુઃખ સુખ, દુઃખ અને દુઃખ દુઃખ એ છ આરા છે. ઉત્સર્પિણીમાં આરાનો ક્રમ એથી ઉલટો થશે. હાલ અવસર્પિણીકાળ ચાલે છે. તેના ત્રીજા આરામાં ઋષભદેવજી ઉત્પન્ન થયા હતા એવું ગણે છે. ત્રીજા, ચોથા આરામાં, ૨૪–૨૪ તીર્થંકરો મનુષ્યોમાં ધર્મની પ્રવૃતિ કરવા ઉત્પન્ન થાય છે. આજ સુધી ૨૪ તીર્થંકરો ઉત્પન્ન થયા છે. તેમાં ઋષભદેવજીને પહેલા તીર્થંકર ગણે છે. ગમે તેમ હોય, પણ એ પ્રતાપી પુરૂષે પોતાના અવતાર ધર્યાનું સાર્થક કર્યું હતું. જેને લીધે ભરતખંડની સર્વ આર્ય પ્રજા તેમને પૂજ્યભાવથી યાદ કરે છે.

મહાદાનશૂર—ચક્રવર્તિ મહારાજા.

માંધાતા.

આ જગત્ પ્રસિદ્ધ પ્રતાપી ચક્રવર્તિ મહારાજા સત્યયુગમાં થયા. તેઓ સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુલોત્પન્ન યુવનાશ્વ રાજાના પુત્ર. એની ઉત્પત્તિ એવી રીતે છે કે;–યુવનાશ્વ રાજાને સો સ્ત્રીઓ હતી, તેમાં કોઇ સ્ત્રીને સંતતિ થઈ નહિ. તેથી રાજાએ એક હજાર યજ્ઞ કર્યા; તોપણ પુત્ર પ્રાપ્તી થઇ નહિ. તેથી એ ઘણો ઉદાસ થયો, મંત્રીઓને રાજ્યકાર્યભાર સોંપી અરણ્યમાં તપ કરવાને ગયો. અરણ્યમાં ફરતો ફરતો ભાર્ગવ ઋષિને આશ્રમે આવ્યો. ઋષિઓએ ઘણો સત્કાર કર્યો. તેને પુત્ર પ્રાપ્તી માટે ઋષિએ યજ્ઞ કર્યો, મંત્રેલું પાણી એક કળશમાં ભરી વેદીપર રાખી મૂક્યું. તે એવા ઉદ્દેશથી કે એ પાણી સવારે રાણીને પાવું. તેથી તેને પુત્ર થાય. રાજા યજ્ઞશાળામાંજ રાત્રે સૂતો હતો. તેમને મધ્ય રાત્રે તૃષા લાગી. તેથી જાગૃત થઇ પાણી શોધતાં વેદીપરના કળશનું પાણી અજાણતાં પી નિદ્રાવશ થયો. પ્રાતઃકાળ થતાં ઋષિ નિત્ય નિયમ પ્રમાણે સ્નાન સંધ્યા કરવાને ગયા. ત્યાંથી આવી ઋષિએ યજ્ઞશાળામાં વેદીપર દૃષ્ટિ કરી, તો કળશ ખાલી પડ્યો હતો. એટલામાં યુવનાશ્વ રાજા પણ સ્નાન સંધ્યા કરી આવ્યા. ઋષિએ સર્વને પૂછતાં યુવનાશ્વે જણાવ્યું કે, એ કળશનું પાણી મેં અજાણતાથી પીધું છે, આ સાંભળી ઋષિએ કહ્યું કે;—"તને પુત્ર થશે." આવાં વચનથી રાજા ઉદાસ થયો, પણ પછી ઇશ્વર ઇચ્છા સમજી મન વાળ્યું. ગર્ભવતી સ્ત્રીની પેઠે તેનું પેટ પ્રતિદિન વૃદ્ધિ પામતું ગયું. પૂરા દિવસ થતાં ઋષિઓએ તેની ડાબી કુખ ચીરીને પુત્રને બહાર કાઢ્યો. પછી કુખ ઋષિઓએ મંત્રબળથી સાંધી દીધી. પુત્ર બહાર આવી દૂધ માટે રોવા લાગ્યો. યુવનાશ્વને ચિંતા થઇ કે હવે એ પુત્ર કોને ધાવશે, તેટલામાં ઇંદ્રે આવી કહ્યું કે;—આ પુત્ર मांधास्यति—મને ધાવશે. એમ કહી પોતાનો અમૃત ભરેલો અંગુઠો તેના મોંમાં આપ્યો, એ ચૂસી તેને તૃપ્તી થઇ. તેપરથી તેનું નામ **માંધાતા** પડ્યું. ઇંદ્રે તેનું કેટલાક વર્ષ પાલન કર્યું હતું.

માંધાતા મોટા થયા પછી સર્વ વિદ્યામાં પારંગત થયા હતા. વનમાં જઇ કેટલાક વર્ષ તપ કર્યું હતું. તેનાથી તેને અજગવ ધનુષ અને દિવ્યાસ્ત્ર પ્રાપ્ત થયાં હતાં. તેણે કરીને તેઓ અનેક રાજ્ય મેળવવાને શક્તિવાન થયા હતા. સર્વ ભૂમિ એક વખતે પોતાની સત્તા નીચે આણીને અતિ પ્રખ્યાત ચક્રવર્તિ રાજા થયા હતા. એ અતિ બળવાન હતા. પોતાના પરાક્રમથી ઘણું દ્રવ્ય સંપાદન કર્યું હતું, એ સઘળું સત્પાત્રે દાન દેવામાં, વિદ્વાનોને આશ્રય

આપવામાં, યજ્ઞ યાગમાં અને પ્રજા ઉપયોગી કાર્યો કરવામાં વાપરતા હતા. સો અશ્વમેધ યજ્ઞ અને સો રાજસૂય યજ્ઞ કર્યા હતા. તેમજ એ ધર્મ જાણનારા મહારાજા મોટા દાનશૂર ગણતા હતા. દાન આપવામાં પોતાનો અખૂટ ખજાનો ખાલી કર્યો હતો. પ્રજાને પોતાના પેટના પુત્રોની પેઠે પાળી હતી. કુળગુરૂ વસિષ્ઠ જેવા વિદ્વાન મહાત્માઓની સલાહ પ્રમાણે સર્વ કાર્યભાર ધર્મ, નીતિથી ચલાવી પ્રજાની પૂર્ણ પ્રીતિ મેળવી હતી. એના બળથી રાવણ જેવા મહા બળીઆ રાજાઓ અને ચોર લોકો ત્રાસ પામતા હતા, તેપરથી તેનું નામ **ત્રસદસ્યુ** પણ પડેલું હતું. આ પ્રતાપી ચક્રવર્તિ રાજા શશબિંદુ રાજાની બિંદુમતી નામે પુત્રી સાથે પરણ્યા હતા. આ રાજા એક પત્નિવ્રત પાળતા હતા. એક પત્નિ સિવાય બીજી સ્ત્રીઓ તેને પુત્રી સમાન હતી. બિંદુમતીથી તેને પુરૂકુત્સ, ધર્મસેન નામના અંબરીષ, અને મુચકુંદ એવા ત્રણ પરમ પરાક્રમી અને તેજસ્વી પુત્રો ઉત્પન્ન થયા હતા અને ૫૦ પુત્રીઓ થઇ હતી. એક વખતે બ્રહ્મર્ષિ સૌભરિએ પરણવાની ઇચ્છાથી માંધાતા રાજા પાસે આવી, તેમની કન્યાની યાચના કરી. આ ઋષિ મહા તપોબળી અને વૃદ્ધ હતા. આ વૃદ્ધ ઋષિને પોતાની કન્યા કેમ આપી શકાય, એવા વિચારમાં રાજા પડ્યા, પણ મૂખે ના ન પાડતાં કહ્યું કે;—આપ અંતઃપુરમાં જાઓ, ત્યાં મારી કન્યા છે, તેમાંથી કોણ તમને વરવાને ઇચ્છે છે, એ તપાસો. જે તમને વરવાને ઇચ્છશે તેને તમારી સાથે પરણાવીશ. ઋષિએ અંતઃપુરમાં જતાં પોતાના તપોબળથી દિવ્ય તરૂણરૂપ ધારણ કર્યું. અંદર જઈ કન્યાઓને કહ્યું કે, મારી સાથે વરવાને કોણ ઇચ્છે છે? કન્યાઓ બ્રહ્મર્ષિનું દિવ્ય સ્વરૂપ જોઇ, હું વરીશ, હું વરીશ, એમ સર્વ બોલવા લાગી. એ વર્તમાન રાજા જાણી આશ્ચર્ય પામ્યો. પછી એ ૫૦ કન્યાઓને એ બ્રહ્મર્ષિ સાથે પરણાવી હતી. બ્રહ્મર્ષિ પોતાનો આશ્રમ નર્મદા કિનારે હતો, ત્યાં સર્વ પોતાની સ્ત્રીઓને લગ્ને આવ્યા અને સ્ત્રીઓ સહિત બ્રહ્મકર્મ કરવા લાગ્યા હતા. એ રીતે માંધાતાએ પોતાની ૫૦ પુત્રીઓનું દાન સૌભરિ ઋષિને કર્યું હતું.

માંધાતાના રાજ્યમાં બાર વર્ષ સુધી વર્ષાદ થયો નહોતો, ત્યારે રાજાએ સ્વતપોબળથી પર્જન્ય વૃષ્ટિ કરી સર્વ પ્રજાને સુખી કરી હતી. ઇત્યાદિ મહત્ કૃત્યોથી તેમની કીર્ત્તિ પૃથ્વીમાં અદ્યાપિ પર્યંત પ્રસરી રહી છે. ભૂમિપર લવણાસુર નામે મોટો અસુર પ્રજાને પીડા કરવા લાગ્યો હતો, તેનો નાશ કરવાને રાજા પોતાનું સૈન્ય લઈ ગયા હતા. તે સાથે મોટું યુદ્ધ થતાં, દૈવયોગથી મરણ પામ્યા હતા. એના પછી એનો મોટો પુત્ર પુરૂકુત્સ અયોધ્યાની ગાદીપર બેઠો હતો. માંધાતા જેવા મહિપતિ પૃથ્વીપર થોડાજ થયા છે. એના અતુલ બળ, પરાક્રમ અને મોટા દાનશૂરપણાનો અદ્યાપિ પર્યંત દાખલો આપવામાં આવે

છે કે;—"તું તે કોઇ મોટો માંધાતા થયો! ભલે તારો માંધાતા આવે તો પણ શું થયું!" ઇત્યાદિ પ્રકારે બોલવામાં આવે છે. એ શું તેના મહત્વની ઓછી નિશાની છે! માંધાતા જેવા મહીપતિ પૃથ્વીમાં કોઈ થયા નથી. ધન્ય છે એવા મહારાજાના જન્મને!! જન્મ તો કીર્ત્તિવંતનોજ લખે છે. કવિએ કહ્યું છે કે;—

દોહરા.

સત્ કિર્ત્તી નવ સાંપડી, જગે ન વાધ્યો *કાર;
અંગીકૃત અપયશ કર્યા, તો જિવતરને ધીઃકાર. ૧
માન મહીમાં નવ મળ્યું, લીધો નહિ શુભ લા'વ;
કાર બદલ કાજળ ચડ્યું, દુષ્ટ કરી દેખાવ. ૨
સત્ કિર્ત્તીથી સૃષ્ટિમાં, નામ ન પામે નાશ;
અગસ્ત અસ્ત થવા છતાં, અમર રહ્યા આકાશ. ૩
રાણા કઇક રમી ગયા, આ પૃથ્વી પડ માંય;
કોઇ ન સાથે લઇ ગયું, સત્ કિર્ત્તી વિણુ કાંય. ૪
અંગે હોય ઉદારતા, દિયે ‡દક્ષને દાન;
તો સત્ કિર્ત્તી સાંપડે, નહિતર રે' નાદાન. ૫
સ્વસદ્વર્ત્તન તેજથી, જગત્ પ્રકાશી જાય;
અમર કીર્ત્તિને મૂકીને, સ્વર્ગ સમા પલાય. ૬

ઉદારમૂર્ત્તિ ચક્રવર્તિ.

રઘુરાજા.

આ પ્રજા પ્રિય જગત્ પ્રસિદ્ધ મહારાજા સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુલોત્પન્ન દિલીપ રાજાના પૌત્ર, દીર્ઘબાહુના પુત્ર અને દસરથના પિતામહ થાય. તેઓ ત્રેતાયુગમાં અયોધ્યામાં રાજ કરતો હતો. બાળપણમાં તેમણે ઘણી વિદ્યા સંપાદન કરી હતી, વિદ્વાન પુરૂષોની સંગતમાં ઉછર્યો હતો. તેઓ મહા શૂરવીર, પરાક્રમી, તેજસ્વી, નીતિજ્ઞ, ધર્મિષ્ઠ, કાર્યપરત્વે ખંતીલો, દયાળુ અને પરોપકારી હતો. તે એટલોતો શૂરવીર અને નિડર હતો કે તેની સામે થવાની કોઇ રાજાની હિંમત ચાલતી નહિ, શત્રુઓ તેને દેખી થરથર કાંપતા અને દિગ્પાલો દેખી ડરતા હતા. તેની કીર્ત્તિનાં કીર્ણો આખી પૃથ્વીપર પ્રસરી રહ્યાં હતાં. ઇત્યાદિ તેના ગુણ અને રીતનું વર્ણન રઘુવંશ સર્ગ ૪ શ્લો. ૨૫ સુધી વર્ણન કરી, પછી તેના દિગ્વિજયનું વર્ણન કરેલું છે. એ તેમના

* વક્કર. ‡ પંડિત.

પરાક્રમ જાણવાને આ ઠેકાણે તેમના દિગ્વિજયનું ટુંક વર્ણન આપવું યોગ્ય લાગે છે. તેમણે દિગ્વિજય કરતા પહેલાં, પ્રથમ રાજધાની અયોધ્યા અને પોતાના દેશના બીજા કિલ્લાઓનું શત્રુથી રક્ષણ થાય એવો બંદોબસ્ત કર્યો. પોતાના સૈન્યને પછવાડેથી દુશ્મનો કંઈ અડચણ ન કરી શકે અને પોતાને મદદ મળતી રહે એવી ગોઠવણ કરી હતી. પછી ૧ મૌલ્ય, ૨ ભ્રત્ય, ૩ સુર્હ્ય, ૪ શ્રેણી, ૫ દ્વિપદ, ૬ આટવિક, એવી છ પ્રકારની સેના લઇ દિગ્વિજય કરવા નીકળ્યો. એ વખતે વૃદ્ધ સ્ત્રીઓએ શાલી ધાન્ય (કમોદ)થી વધાવ્યો. એ સર્વ સૈન્યના ચાલવાથી એટલી તો ધૂળની ડમરી ઉડતી હતી કે તેથી આકાશ છવાઇ ગયું હતું. તેને લીધે આકાશમાં ભૂતળની અને બેસુમાર હાથીનું સૈન્ય ચાલવાથી પૃથ્વીપર મેઘમંડળવાળા આકાશની ભ્રાંતિ થતી હતી. એવી રીતે સૈન્ય પ્રથમ પૂર્વદિશા ભણી ચાલ્યું. રસ્તાના નિર્જળ દેશમાં નવાણ ખોદાવ્યાં, વહાણ વિના મુશ્કેલાઇથી ઉતરાય એવી નદીઓપર સહેલથી ઉતરવા માટે પૂલો બંધાવ્યા, અને ધાટા જંગલમાં મેદાન કરતું એ સૈન્ય પૂર્વ સાગર પાસે આવ્યું.

સૈન્યના ભયથી ખોરાક વગેરેનો નાશ કરી જેમ જેમ રાજાઓ નાશતા ગયા, તેમ તેમ રસ્તો સહેલો થતો ગયો, જે સામે થયા તેનો પરાજય કર્યો. એ રીતે શત્રુને પરાભવ પમાડતું અને પોતાનો જય મેળવતું રઘુરાજાનું અતુલ બળવાળું અસંખ્ય સૈન્ય તાડના ધાટા વનવાળા સમુદ્ર કિનારા પાસે આવી પહોચ્યું. સુહ્મદેશનો રાજા શરણે થયો. વંગ—બંગાલા દેશનો રાજા વહાણનું સૈન્ય લઈ યુદ્ધ કરવા આવ્યો. તેનો પણ પરાજય કરી રઘુરાજાએ ગંગા પ્રવાહમાં પોતાનો જયસ્તંભ રોપ્યો. કેટલાક રાજાઓને પ્રથમ પદભ્રષ્ટ કર્યા. પછી તે પાસેથી ખંડણી લેવી ઠરાવી તેમને તેમનાં રાજ્ય પાછાં સોંપ્યાં. ઉત્કળ દેશનો રાજા શરણે થઈ ભોમિયો—રસ્તો દેખાડનાર તરીકે રહ્યો. એ ખરાબાને રસ્તે કૃષ્ણ અથવા કપીશા નદીને કાંઠે મુશ્કેલી વાળી જગ્યાએ લઈ ગયો. ત્યાં રઘુરાજાએ પોતાના હાથીઓની સડક બનાવી તે દ્વારા સન્ય ઉતરી કલીંગ—ઓડીશા પ્રાંતમાં ગયો અને ત્યાં મહીંદ્ર પર્વતપર પોતાનો પ્રતાપ સ્થાપ્યો (જયનો વાવટો ચઢાવ્યો.) ત્યાં હાથીનું સૈન્ય લઇને કલીંગ દેશના મહારાજાએ અકસ્માત લડાઈ કરી. એ બંને વચ્ચે મહેંદ્ર પર્વત પાસે જબરૂં યુદ્ધ થયું, તેમાં રઘુરાજાએ તેનો પરાજય કર્યો. ત્યાં આ સૈન્યના યુદ્ધજીત યોદ્ધાઓ કેમ જાણે શત્રુના યશ પીતા નહોય ! તેમ તેમણે નાગરવેલના પાનના પડીયા કરી નાળિયેરના પાણીના મધ પીધો. મહેંદ્રરાજા પાસેથી પુષ્કળ દ્રવ્ય લઈ, તેને રાજ્ય સોંપ્યું, ત્યાંથી રઘુરાજા સોપારીના વૃક્ષવાળા વનમાં થઇ સમુદ્ર કિનારાને રસ્તે દક્ષિણ તરફ ચાલ્યો.

પુષ્કળ હાથીઓના સૈન્ય સાથે કાવેરી નદી ઉતર્યો, ત્યાંથી મળીયાગીરીની તળેટીમાં આવ્યો, જ્યાં મરીના વનમાં હારિત પક્ષીઓ પુષ્કળ હતાં ત્યાં છાવણી કરી રહ્યો. એ વનમાં એળચી એટલીતો પડી હતી કે ઘોડાઓના પગ તળે કચરાતી ચૂરા થઈ, હાથીઓના ગંડસ્થળના મદને ચોંટી જતી હતી. ચંદન વૃક્ષોને સર્પો વિંટાયલા હોવાથી ગાળા પડી ગયેલા હતા, તેમાં હાથીના ગળાના સાંકળાં વિંટાઈ જવાથી તે છૂટી શકતાં નહોતાં. સૂર્ય જ્યારે દક્ષિણાયનનો થાયછે, ત્યારે તેનો પ્રતાપ ન્યૂન થાય છે, પણ આ સૂર્ય પુત્ર રઘુરાજાનો પ્રતાપતો દક્ષિણ તરફ જતાં અધિક વધતો ચાલ્યો હતો. તે પાંડય રાજાઓ સહન કરી શક્યા નહિ. તેઓ તામ્રપર્ણી સમુદ્રમાં ઉપજતા થતાં ઉત્કૃષ્ટ મોતી રઘુરાજાને ભેટ કરી શરણે થયા. પછી રઘુરાજા ત્યાંથી ઝલપ અને દૂરદૂર પર્વતોની વચ્ચેના કેટલાક દેશને જીતીને સિંહાદ્રી પર્વત ઉતરી પશ્ચિમ દિશા તરફ જય કરવાને ચાલ્યો. સર્વ સેના કેરલ (જેમાં ગોવા, કાલિકટ આદિ નગરો આવેલાં છે.) દેશમાં આવી. જ્યાં મરૂલા અથવા મુરળી નામે નદી વહે છે, કેવડાનાં વૃક્ષનાં વનો છે, તાડ અને ખજુરીનાં પણ વન ત્યાં આવેલાં છે એ દેશ જીતી સિંહાદ્રી પર્વત ઉતર્યો. એ સિંહાદ્રી પર્વતમાં જેમ પરશુરામે સમુદ્ર પાસેથી જમીન મેળવી હતી, તેમ ત્યાંના રાજાને રઘુરાજાએ તાબે કરી કર લીધો અને ત્યાંના ત્રિકુટાચળ પર્વત ઉપર પોતાનો જયવાવટો ચડાવ્યો.

ત્યાંથી પંજાબ, સિંધ, અફગાનિસ્તાન આદિ દેશો જીતી લઇ, પારસી (ઇરાન) દેશ જીતવાને એ પગ રસ્તે ચાલ્યો. ઇરાન દેશના રાજા સાથે મેદાનમાં મોટું યુદ્ધ થયું. એ યવન દાઢીવાળા હતા. તેમના ઘોડેસ્વાર પાસે શીંગડાનાં ધનુષ હતાં, ઇત્યાદિથી એ ઓળખાતા હતા. રઘુરાજાએ એ દુશ્મનોનાં માથાં ભાલાથી કાપી નાંખ્યાં, આખું મેદાન માથાંથી છવાઈ ગયું હતું. તેથી એ મેદાન મધપૂડાથી ઢંકાઈ રહ્યું હોય, એવો એ વેળાનો દેખાવ આપતું હતું. બાકી રહેલા દુશ્મનો પાઘડીઓ (શિરસ્રાણ) ઉતારી શરણે થયા. રઘુરાજાના યોદ્ધાઓ દ્રાક્ષના માંડવા નીચે ઉમદાં ચામડાંનાં બિછાનાં બિછાવી વિશ્રાંતિ લેવા લાગ્યા. ત્યાં થોડો કાળ રહી સ્વારી ઉત્તર દિશાના રાજાઓને જીતવા ચાલી.

આ સ્વારી સિંધુ નદીના કાંઠા ઉપર થઇને કુંણુ--ટીબેટ દેશમાં આવી, ત્યાંના લોકોને જીત્યા. તે પછી કાંબોજ—કાંબોડિયા દેશમાં જતાં, ત્યાંનો રાજા ઉંચા અને મોટા ઘોડા આપી રઘુરાજાને શરણે થયો. એ પછી ઘોડેસ્વારનું સૈન્ય લઈ રાજા હિમાલયના પહાડો ઉપર ચડયો. ત્યાંની ગુફાઓમાં મોટા પરાક્રમી સિંહો સૂતા સૂતા સૈન્ય જોતા હતા, ત્યાં ભોજપત્ર અને વાં-

સના મોટા જંગલોમાં જતાં ગંગાની ધારાનાં રજકણો સાથે શીતળ પવન આવતો હતો, કસ્તુરીઆ મૃગો બેઠેલાં હતાં. ત્યાં નમેરૂ (સુરપન્નાગના) ઝાડોની છાયા તળે સૈન્યને વિસામો આપ્યો. ત્યાં રાત્રે એક જાતની ઔષધી તેલ વિના દિવાની પેઠે બળતી હતી. એ પાસેની મોટી દેવદારની ઝાડીમાં કિરાત (ભીલ) લોકો વસતા હતા. એ પર્વતમાં રહેનારા ગણો સાથે રઘુરાજાને નારાચ (બાણ) ક્ષેપણીય (ગોફણો) અને પથ્થરથી એવું તુમુળ યુદ્ધ થયું કે તેના અથડાવાથી અગ્નિ ઝરતો હતો. આખરે એ કિનર જાતના લોકોને રઘુરાજાએ જીત્યા. એ લોકોને રઘુરાજાના પરાક્રમની ખબર પડી, તેમણે અમૂલ્ય કીમતી નજરાણો કર્યો. તેથી ત્યાં કેવી કીમતી દોલત છે તે માલૂમ પડયું. રઘુરાજા ત્યાં પોતાનો કીર્ત્તિસ્થંભ રોપીને એ પર્વતપરથી ઉતર્યા. કૈલાસ પર્વતને પ્રથમ રાવણે તોળેલ હતો. તેથી તેને પરાભવ પામેલો ગણી તેને શરમાવી ત્યાં ગયો નહિ. તે પછી રઘુરાજા "લોહીત્યા" નદી ઉતરી કૃષ્ણાગુરૂના જંગલમાં પડાવ કર્યો. ત્યાં પ્રાગજ્યોતિષકામરૂપ (રંગપુર, મહીમનસીધ, સિલહટ, જમના, કચા, મનીપુર, આશામ, એટલા દેશોને શાસ્ત્રમાં કામરૂપ દેશ ગણેલો છે.) દેશના રાજા આવી શરણે થયા અને તે રાજાઓ જે હાથી વડે બીજા રાજાઓને જીતેલા તે મદોન્મત્ત હાથી તથા રત્ન રઘુરાજાને ભેટ કર્યાં. એ રીતે દિગ્વિજય કરીને રઘુરાજા પોતાના શહેરમાં આવ્યો. જે રાજાને જીતીને સાથે લાવેલ હતા. તેમને આદરસત્કારથી થોડા રોજ રાખી પોતાને દેશ જવાની રજા આપી હતી. તે પછી આજુબાજુના કેટલાક દ્વીપોમાં પોતાની આણ વર્ત્તાવી હતી. ન્યાય, નીતિસર રાજ્ય ચલાવી સર્વ પ્રજાને સુખી રાખી હતી, દેશમાં વિદ્યા, કળા અને સમૃદ્ધિની વૃદ્ધિ કરી હતી, સ્વધર્મને શ્રેષ્ઠતાએ લાવી મૂક્યો હતો, વિદ્વાનોને પૂર્ણ આશ્રય મળતો હતો. બ્રાહ્મણ અને ઉંચા ક્ષત્રિયો જ્ઞાની હતા, વૈશ્ય, શુદ્ર વિદ્યા સંપાદન કરી પોતાના કર્મમાં કુશળ રહેતા હતા, અને તેમાંજ તેઓ પૂર્ણ સુખ માનતા હતા. ઠામ ઠામ વેદની, તત્ત્વ જ્ઞાનની અને પદાર્થ શાસ્ત્રની ચર્ચા ચાલતી હતી. આ મહારાજા સ્વધર્મ અને સ્વદેશ રક્ષણાર્થે પોતાના પ્રાણ સરખાને પણ પ્યારો ગણતો નહોતો. દીન દુ:ખીઓનાં દુ:ખ ટાળવાને સદા કાળજી રાખતો હતો. ઈત્યાદિથી જણાય છે કે એ સમયે આપણો ભરતખંડ કેવો શ્રેષ્ઠતાની શિખરે ચડેલો હશે! એ પ્રાચીન સ્થિતિનો કાંઇ ચિતાર આપણે રઘુવંશ કાવ્યાદિ ગ્રંથોમાંથી જાણી શકીએ છીએ. આ મહારાજાએ દિગ્વિજય કરી ચક્રવર્તિ મહારાજાધિરાજનું પદ ધારણ કર્યું હતું. એ પછી તેઓ મોજશોખાદિ સંસારની વૃથા લઘુતામાં ગુલતાન રહ્યા નહોતા, પણ પોતાની સમૃદ્ધિ અને જીંદગીનો સત્ય ઉપ-

યોગ કરવામાં પ્રતિદિન રોકાતા હતા. પ્રજાને ન્યાય, નીતિથી પુત્ર સમ પાળી પ્રીતિ સંપાદન કરી હતી. ધર્મનાં નિત્ય કૃત્યમાં કષ્ટ વેઠતા હતા. દુઃખીઓનાં દુઃખ દૂર કરવામાં, વિદ્વાનોને અને ધર્મને આશ્રય આપવામાં અપાર દ્રવ્ય વાપરતા. રઘુ. સ. ૪ શ્લોક ૮૬ માં કહ્યું છે કે:—

आदानं हि विसर्गाय सतांवारि मुचामिव.

'મેઘની પેઠે સજ્જનોનું મેળવવું એ આપવાને અર્થેજ છે.' એ યથાર્થ છે. "સમર્થ જનોને પોતાની શક્તિ અને પરાક્રમોમાં એટલો બધો વિશ્વાસ હોય છે કે અપેક્ષિત વસ્તુ જ્યારે જોઇએ, ત્યારે મેળવવા પોતાને સમર્થ સમજે છે. સુજ્ઞ સમર્થજન સન્માર્ગે મેળવેલું સત્પાત્રે દાન થાય, એજ તેમની સાર્થક સફળતા સમજે છે." અહો! ધન્ય છે એવા પુરૂષના જન્મને! ભલે તેમણે જન્મ ધર્યો. રઘુ મહારાજાએ પ્રથમ દિગ્વિજય કરી અખુટ સમૃદ્ધિ એકઠી કરી હતી. એ સર્વ સફળ કરવાને તેમણે વિશ્વજિત નામે મહા યજ્ઞ કર્યો હતો અને તેની દક્ષિણામાં સર્વસ્વ આપી દીધું હતું. એ પછી થોડી મુદતમાં વરતન્તુ નામે મુનિનો કૌત્સ નામે શિષ્ય સંપૂર્ણ વિદ્યાભ્યાસ કરી, ગુરૂ દક્ષિણા માટે મહારાજા રઘુ પાસે યાચના કરવા આવ્યો. સુવર્ણ પાત્રો શીખે સર્વસ્વ દક્ષિણામાં આપી દીધું હતું. માત્ર પાસે મૃત્તિકાપાત્ર રહ્યાં હતાં. યશવડે પ્રકાશવાન મહારાજા રઘુએ મૃત્તિકાપાત્રમાં અર્ઘ્ય લઇ, વેદશાસ્ત્રાદિ વિદ્યાથી પ્રકાશવાન એ કૌત્સ અતિથિ સામે ગયા અને વિવિધ પ્રકારે પૂજા, સત્કાર કરી પૂછ્યું કે;—"હે કુશાગ્ર બુદ્ધે! જેમ સૂર્યથી લોકો ચૈતન્ય પામે છે, તેમ આપ જે ઋષિઓમાં અગ્રણી ગુરૂ પાસેથી સર્વ પ્રકારનું જ્ઞાન મેળવ્યું છે તે, તથા પ્રજાદિ સર્વ કુશળ છે? હું માત્ર આપના પધારવાથીજ તૃપ્ત થયો નથી, પણ આપની આજ્ઞા હોય તે કરવાને ઉત્સુક છું." આ મહારાજાની ઉદારતા તો, સર્વસ્વ આપી દઇ શેષ રહેલા મૃત્તિકાપાત્રથીજ દર્શાઈ આવતી હતી; આ જોઇને કૌત્સને ઇચ્છીત પ્રાપ્તીની આશા જતી રહી હતી; તોપણ તેમનાં વચન સાંભળી કહ્યું કે;—"આપ જેવા મહારાજાધિરાજ છતાં પ્રજાનું અશુભ હોયજ કેમ! સૂર્ય તપતાં લોકની દૃષ્ટિને અંધકાર કેમ ઢાંકી શકે? કાળ વિતી ગયા પછી દ્રવ્યની આશાથી યાચવા આપની પાસે આવ્યો છું, એજ મને ખેદ છે. સત્પાત્ર પ્રતિ સર્વ સંપત્તિ આપી દઇ, આપ શરીર માત્રે રહ્યા છો. સાર્વભૌમ છતાં પણ દાન આપવાથી આપની પાસે કશું રહ્યું નથી એવી દશામાં આવ્યા છો, એ વૃદ્ધિથી પણ તમે વધારે વખાણને પાત્ર છો. તમને સ્વસ્તિ. ગુરૂ દક્ષિણા સારૂ મારે જે દ્રવ્ય જોઇએ છીએ. તે માટે હું બીજા કોઈ પાસે જઇ યાચના કરીશ."

કૌત્સ એટલાં વચનો કહી જવા લાગ્યો, ત્યારે મહારાજાએ અટકાવી

કહ્યું કે;—" આપના વિદ્વાન ગુરૂને શું આપવાનું છે તે કહો." કૌત્સે કહ્યું;—"વિદ્યાની સમાપ્તી મારે થઈ, ત્યારે મેં મહર્ષિને ગુરૂ દક્ષિણા સારૂ વિજ્ઞપ્તિ કરી, ત્યારે તેણે મને કહ્યું કે, તારી સારી ભક્તિ એજ ગુરૂ દક્ષિણા છે, તેથીજ હું સંતુષ્ટ છું. ઇત્યાદિ કહ્યું, પણ મેં ગુરૂ દક્ષિણા સ્વીકારવાને અતિશય પ્રાર્થના કરી, ત્યારે તેઓ રોષથી બોલ્યા કે;—"ચતુર્દશ વિદ્યાઓ સંપાદન કરી છે, તેટલી કોટી દ્રવ્ય આપ." આપે ઉદારતાથી સર્વસ્વ દાન કરી દીધું કે, હવે આપની પાસે માત્ર એક હરિનું નામ રહ્યું છે. માટે હું આપની પાસે યાચના કરવાને ખુશી નથી." આવાં તેમનાં વચનો સાંભળી મહારાજાએ તેમને રાજ મંદિરમાં બેસવાની વિનંતિ કરી. પછી પોતાના પરાક્રમથી દ્રવ્ય સંપાદન કરવાને તૈયાર થયા. પેરવી કરતાં પુષ્કળ દ્રવ્ય આવી મળ્યું. એ સર્વે કૌત્સને આપવા માંડ્યું. એ વખતે દાતારાજા અને અર્થી બ્રાહ્મણ એ બેના પરસ્પરના આગ્રહથી અયોધ્યા વાશી જનો તેમનાં ઘણાં વખાણ કરવા લાગ્યા; કેમકે કૌત્સ કહે, 'મારે ગુરૂને આપવાનું છે. તેથી વધારે લઇશ નહિ, રાજા કહે કે, આપના મનની ઇચ્છા છે તેથી વધારે આપું.' એ રીતે બંને વચ્ચે રસિક વિવાદ ચાલ્યો. અંતે રાજાએ હઠ મૂકી તેમની ઇચ્છા પ્રમાણે આવી વિદાય કર્યા હતો. અહો! દાતાની મહા ઉદારતા અને બ્રાહ્મણનો સત્યસંતોષ ઘણો વખાણવા યોગ્ય છે! તે સમયના રાજા, બ્રાહ્મણ અને હાલના રાજા, બ્રાહ્મણ વચ્ચે કેટલો બધો અંતર છે! એ અંતર પડવાનું કારણ શું? પ્રજાપાળક અને દ્રવ્યની મૂર્ત્તિરૂપ ગણતા રાજાઓજ. રાજાઓએ અજ્ઞાનતાથી વિદ્વાનોને આશ્રય આપવો મૂકી દીધો. તેથી બ્રાહ્મણો નિરાશ થયા, પોતાની પ્રાચીન વિદ્યા ભણવી મૂકી દીધી, ઉદરપોષણ માટે જોઇતી વિદ્યા મેળવી પેટ ભરવા લાગ્યા. સત્ય ધર્મોપદેશ આપવો મૂકી દીધો, તેથી અનેક ધર્મના ઢોંગ વધ્યા, સત્ય ધર્મ આચ્છાદિત થયો, સ્વધર્માભિમાન અને સ્વદેશાભિમાન ગુમ થયું, રાજાઓ અનેક નવા મત, પંથોમાં મોહિત થયા, સ્વધર્મને માટે અને સત્પાત્રોને દાન કરવામાં જે સર્વસ્વ અર્પણ થતું, એટલુંજ નહિ પણ સ્વધર્મ માટે પ્રાણ પણ આપવાને ચૂકતા નહિ. એ સઘળું પોતાની ફરજ નહિ સમજવાથી જતું રહ્યું. વિદ્વાનો પ્રત્યે બેકાળજી થયા, પ્રજા પ્રેમ મેળવવાની અને સત્સંગ કરવાની પરવા મૂકી, મોજશોખમાં લપટાયા, સંસારિક મોહ લાગ્યો, પરલોક સુધારવાનો પ્રેમ ગયો. ફરી ફરી જન્મ ધારણ કરવું રહ્યું, સુખ દુઃખ વ્યાધિ ભોગવવી ન મટી, પૂર્વજોની વર્ત્તણુકો યાદ કરી તે પ્રમાણે વર્તવું મૂકી, નાસ્તિક જડવાદીઓની વર્ત્તણુકોને ગ્રહણ કરી, અને સ્વર્ગ, મોક્ષ સંબંધી ચિંતા મૂકી દીધી. તેથી આ લોક અને પરલોક બંને બગડ્યા. સ્વતંત્રતા ગઈ, સ્વધર્મપરથી

હાથ ધોઇ નાંખવો પડે છે, પરધર્મિઓ ગમે તેમ ધર્મને હાની પહોંચાડે છે, નીંદે છે, તે સર્વે નિર્માલ્ય બની જોયા કરે છે, પ્રાચીન ધર્મનું નૂર, શૂર અને એકીન ગયું. તેથી શું થયું કે દુઃખ, દુઃખને દુઃખ. નિશ્વાસ નાંખી બેસી રહે છે. હાય! અફસોસ! ક્ષત્રિય રાજાઓએ પોતાની ફરજ મૂકી! પ્રજા ધર્મ વિંખાઓ, પોતે બીજાના ગુલામ જેવા થયા. વાંચનાર! સત્યાસત્યનો જરા શોધ કરો? અને પ્રાચીન પૂર્વજોની ઉત્તમ રીતિઓનું અવલોકન કરી ગ્રહણ કરો. ઇશ્વર! અમારા ક્ષત્રિયરાજાના હૃદયમાં તેમના પૂર્વજો રામ, યુધિષ્ઠિર, કૃષ્ણ, માંધાતા, રઘુ, ભોજ, વિક્રમાદિ જેવા રાજાઓના સત્ય વર્ત્તનની પ્રેરણા કર? ચાલો હવે મૂળ વાત ઉપર જઇએ, રઘુ રાજાના સત્ય વર્ત્તનના અનેક દાખલા છે તેને માટે જેટલું લખીએ આ ભતેટલું થોડું છે. તેના પરઉપકારનાં કાર્યો સાંભળી આશ્ચર્ય પામીએ છીએ. હારાજાના રાજમંદિરમાં એક વખતે એક વૃદ્ધ વિદ્વાન બ્રાહ્મણ યાચવા આવ્યો, રાણીએ તેમનો વિવિધ પ્રકારે સત્કાર કર્યો. રાજાએ તેમની ઇચ્છા તૃપ્ત કરવા સઘળું રાજ્ય આપી દીધું. અને પોતે એકલા વનમાં ચાલી નીકળ્યા હતા. વનમાં એક ફળ પ્રાપ્ત થયું, તે ખાનાર વૃદ્ધમાંથી યુવાન થાય એવું હતું, તે ફળપણ એ વૃદ્ધ બ્રાહ્મણ યુવાન થઇ સુખ ભોગવે એવી ઇચ્છાથી તેનેજ આપી દીધું હતું. કેવી નેકનિષ્ઠા!! સત્યનિષ્ઠા હતી તો ફરી ઇશ્વર કૃપાથી આ મહારાજાને રાજ્ય પ્રાપ્ત થયું હતું. ઇત્યાદિ તેના પરદુઃખભંજનપણાના અને દાનવીરપણાના અનેક દાખલા છે. જેણે કરી તેમણે સૂર્યવંશી રાજ્યનો એટલો તો ઉત્કર્ષ કર્યો હતો અને એટલી તો પૃથ્વીમાં ખ્યાતિ મેળવી હતી, કે સૂર્યવંશ રઘુવંશના નામથી ઓળખાવા લાગ્યો. એ શું તેના થોડા મહત્વની વાત છે! જે કુળમાં આવા પુરૂષો ઉત્પન્ન થાય, એ કૂળનેજ ધન્ય છે! જે કુળમાં ઉત્તમ પુત્ર ઉત્પન્ન થઇ કુળને દિપાવે, એ શું કૂળને ઓછી શોભા છે! અસંખ્ય દૃષ્ટાંતથી જણાય છે કે, "સુજ્ઞ અને સ્વાશ્રયી વીર પુરૂષો સંપાદન કરવામાં જેવા શૂરવીર અને સમર્થ હોય છે, તેવાજ સત્પાત્રે દાન કરવામાં હોય છે. સજ્જનોની સંપત્તિએ સાર્વજનિક ગણાય છે." એ યથાર્થ છે. આ ઇશ્વિર પરાયણ દાનવીર રઘુરાજાએ દીર્ઘકાળ પર્યંત નીતિથી નિષ્કંટક રાજ્ય ચલાવ્યું હતું. વૃદ્ધાવસ્થા થતાં પોતાના અજ નામે પ્રસિદ્ધ પુત્રને રાજ્ય સોંપી વનમાં તપ કરવા ગયા હતા. ત્યાંજ પોતાનો અમૂલ્ય દેહ ત્યાગ કરી પરમ ગતિને પામ્યા હતા. અરે! શું એવા મહા પુરૂષો જગતમાંથી ગયા! નહિ, નહિ, તેઓ તો કીર્તિરૂપે સદા અમરજ છે. ધન્ય રઘુ મહારાજને!!!

મહાન્ ત્રિકાળદર્શી અવધૂત યોગી.

ગુરૂ દત્તાત્રેય.

આ પરમબ્રહ્મનિષ્ઠ અવધૂત યોગી અત્રિ ઋષિના પુત્ર. એની માતાનું નામ અનસૂયા, આ પરમ પવિત્ર સતીને પેટે દત્તાત્રેય, દુર્વાસા અને ચંદ્ર એ ત્રણ પુત્રો અવતર્યા હતા. બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવ એ ત્રણ દેવોએ મળી દત્તાત્રેયનો અવતાર લીધો હતો. એ અવતાર વિષ્ણુના ચોવીશ અવતારમાં ગણાય છે.—વેદનું જ્ઞાન અને જ્ઞાનકાંડ ઉપરથી ગુરૂજ્ઞાન આપવાને એ અવતાર ત્રેતાયુગમાં થયો હતો. તેઓ મહા વિદ્વાન, નિપુણ અને સુરૂપ હતા. છ શાસ્ત્રનું અધ્યયન કરી તેમના સિદ્ધાંતોનું સત્ય તપાસ્યું હતું, તેમાં વેદાન્ત શાસ્ત્રને તેમણે પ્રાધાન્યરૂપે ગણેલું છે. આ અવધૂત યોગી ત્રિકાળદર્શી, સમર્થજ્ઞાની, નિર્વિકારી, અને અમૃત જેવું બોલનાર હતા. વિષયભોગ અને સ્ત્રી પુત્રાદિકથી રહિત હતા. ઇચ્છા રહિત થઈ સર્વ આસક્તિથી મુક્ત થયા હતા. વિદ્વાન છતાં બાળોન્મત્ત, જડ અને પિશાચ પ્રમાણે બ્રહ્મધ્યાનમાં મગ્ન રહી ભૂમિપર ફરતા હતા. યોગ ક્રિયાઓમાં તેમણે અનેક શોધો કરી છે. તેમાં સર્વ દર્શી કેમ થવું, પરકાયા પ્રવેશ શી રીતે કરવો, ગજક્રિયા અને અનેક કાયાઓની રચના શી રીતે જાણવી, ઇત્યાદિ જ્ઞાન સંબંધી શોધો કરી છે. એ મહાત્માએ પોતાની યોગ ક્રિયાથી અનેક ચમત્કારીક કૃતિઓ કરી હતી. તેમાં આંધળાઓને આંખ, પાંગળાઓને પગ, અને મરણ પામેલાઓને સંજીવન કરી શકયા હતા. અલર્ક, પ્રહ્લાદ, સહસ્ત્રાર્જુન અને યદુ ઇત્યાદિને તેમણે બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કર્યો હતો. માયાથી વિરક્ત થવાને સારૂ પ્રથમ તેમણે પોતાની બુદ્ધિથી સ્વીકારેલા ૨૪ ગુરૂ કરી, તેમના ગુણો ગ્રહણ કર્યા હતા, અને દોષોનો ત્યાગ કર્યો હતો. એજ જ્ઞાન તેમણે યદુરાજાને ગોદાવરી તટે સમજાવ્યું હતું. તે આ પ્રમાણે;—

(૧) **પૃથ્વીને** પ્રાણીઓ દબાવે છે તોપણ પૃથ્વી પોતાના નિયમથી ચળાયમાન થતી નથી. તેમ સાધુ પુરૂષને કોઈ દબાવે, પીડા કરે તોપણ તેમણે પોતાના નિયમથી ચળાયમાન થવું નહિ. એ પૃથ્વી પાસેથી શિખ્યા હતા.

પર્વત પણ પૃથ્વીરૂપ છે, તે અચળ છે, ઝાડ. ખડ અને ઝરણાં આદિ ઉત્પન્ન કરવાની સઘળી ક્રિયાઓ નિરંતર પરોપકાર માટેજ તેમની છે. તેમ સાધુ પુરૂષે પણ અચળ રહી પોતાની સઘળી ક્રિયા અને જન્મ પણ પરોપકારને માટેજ રાખવાં.

વૃક્ષ પણ પૃથ્વીરૂપ છે. એ નિરંતર પરાધિન અને પર ઉપકાર માટે છે, એટલે બીજા લોકો તેનાં ફળ, ફૂલ, પાંદડાં અને ડાળાંનો ઉપયોગ કરે

છે, કાપી નાંખે, ઉખેડી લઇ જાય તોપણ સ્વીકારે છે, તેમ સાધુ પુરૂષે પરાધિન રહી, લોકો પોતાના કાર્ય અર્થે મારે, ઉપાડી જાય તોપણ તે સ્વીકારવું.

(૨) **વાયુ** વનમાં હોય તો રાજી થતો નથી અને અગ્નિમાં હોય તો કચવાતો નથી, તેમ યોગીએ શીત, ઉષ્ણાદિક અનેક ધર્મવાળા વિષયોમાં અનુકૂલતા, પ્રતિકૂલતા હોય તોપણ રાજી કે કરાજી થવું નહિ. વળી વાયુ જેમ સુગંધ, દુર્ગંધાદિકવાળો જણાય છે, પણ તે વાસ્તવિક રીતે તેવો નથી, તેમ આત્મા પૃથ્વીના વિકારરૂપ દેહાદિકમાં રહેવાથી જન્મ મરણાદિકવાળો જણાય છે, પણ વાસ્તવિક રીતે તેવો નથી. એ બહારના વાયુથી શીખ્યા હતા.

પ્રાણ પણ વાયુરૂપ છે, એ જેમ આહાર મળવાથી સંતુષ્ઠ થાય છે, પણ રૂપ, રસાદિક ઇંદ્રિયોના વિષયોની અપેક્ષા રાખતો નથી, તેમ યોગીએ પણ આહાર મળવાથી સંતોષ રાખવો. પણ સારા નરસા આહારની અથવા બીજા વિષયોની ઇચ્છા રાખવી નહિ. માત્ર દેહના નિર્વાહને માટેજ જેવો આહાર મળે તેવો કરી લેવો, પણ તેમાં સારા આહારની કે બીજા વિષયોની ઇચ્છા રાખે તો વાણી અને મનમાં વિક્ષેપ ઉત્પન્ન થાય.

(૩) **આકાશ**—જેમ સર્વમાં વ્યાપ્ત છે, છતાં તેને કોઇનો સંગ નથી, કે કોઈ પદાર્થથી તેનુ માપ થઈ શકતું નથી. તેમ દેહની અંદર રહ્યા છતાં પણ યોગી એ બ્રહ્મ સ્વરૂપની ભાવનાથી પોતાના આત્માને સ્થાવર, જંગમોમાં વ્યાપ્ત સમજીને, તે આત્માને કોઈ દેહાદિકનો સંગ નથી કે કોઈ પદાર્થથી માપ થઈ શકતું નથી એમ વિચારવું. વળી આકાશને જેમ વાયુએ પ્રેરેલો અને જનાર આવનાર મેઘ કે રજ આદિ પદાર્થોનો સ્પર્શ નથી, તેમ કાળે સર્જેલા પૃથ્વી, જળ અને તેજમય દેહાદિક પદાર્થો કે જેઓ જાય છે અને આવે છે, તેઓનો પોતાને સ્પર્શ નથી, એમ યોગીએ જાણવું એ આકાશ પાસેથી શિક્ષણ લીધું.

(૪) **જળ** સ્વચ્છ, મધુર, અને મનુષ્યોને પવિત્ર કરનાર છે, તેમ યોગીએ પણ સ્વચ્છ અને શુદ્ધ રહેવું, મધુર બોલવું અને બીજાને ઉપદેશ કરી શુદ્ધ કરવા. એ જળ પાસેથી શિક્ષણ લીધું.

(૫) **અગ્નિ** જેમ તેજસ્વી, પ્રતાપથી દીપ્ત, સર્વ વસ્તુ ખાતા છતાં દોષથી રહિત રહે છે. કોઈ ઠેકાણે છાનો, કોઈ ઠેકાણે સ્પષ્ટ અને કલ્યાણની ઇચ્છાવાળાએ ઉપાસના કરવા યોગ્ય છે તથા હવિ આપનારાઓનાં ભૂત–ભવિષ્ય પાપોને બાળી નાંખતાં પરેચ્છાથી સર્વ સ્થળમાં ખાઈ લે છે, તેમ યોગીએ પણ કોઈ ઠેકાણે છાનું, કોઈ ઠેકાણે સ્પષ્ટ અને કલ્યાણની ઇચ્છાવાળાઓને ઉપાસના કરવા યોગ્ય રહેવું તથા અન્ન આપનારાઓનાં ભૂત–ભવિષ્ય પાપોને બાળી નાંખતાં, પરેચ્છાથી સર્વ સ્થળમાં ખાઈ લેવું. વળી

અગ્નિ જેમ કાષ્ઠોમાં રહેવાથી તે તે કાષ્ઠ સરખાં (લાંબાં ટુંકાં આદિ.) રૂપવાળો જણાય છે, પણ વાસ્તવિક રીતે તેવા રૂપવાળો નથી, તેમ આત્મા પણ પોતાની અવિદ્યાએ સર્જેલા આ ઉંચ, નીચ દેહોમાં રહેવાથી ઉંચ નીચપણાવાળો જણાય છે, પણ વાસ્તવિક રીતે ઉંચ નીચ નથી એ યોગીએ વિચારવું.

વળી અગ્નિની જ્વાળાઓ જેમ ક્ષણે ક્ષણે નાશ પામે છે અને ક્ષણે ક્ષણે નવી ઉત્પન્ન થાય છે પણ તે આપણા જાણવામાં આવતું નથી, તેમ પ્રવાહની પેઠે અવિચ્છિન્ન વેગવાળા કાળથી આત્માના શરીરો ક્ષણે ક્ષણે નાશ પામે છે અને ક્ષણે ક્ષણે નવા ઉત્પન્ન થાય છે, પણ તે આપણા જાણવામાં આવતું નથી. માટે દેહોને ક્ષણભંગુર સમજીને યોગીએ વૈરાગ્ય રાખવો, એ અગ્નિ પાસેથી શિક્ષણ લીધું.

(૬) **ચંદ્ર**ની પ્રકાશરૂપ કળા જેમ વધ ઘટ થયા કરે છે, પણ ચંદ્રમાને તેમાંનું કશું થતું નથી. તેમ જન્મથી મરણ સુધીના છ વિકારો પણ ગુપ્ત રીતે ચાલ્યા જતા કાળને લીધે દેહનેજ થાય છે પણ આત્માને થતા નથી. એ ચંદ્રમા પાસેથી શિક્ષણ લીધું.

(૭) **સૂર્ય** જેમ આઠ મહિનામાં પોતાના કિર્ણોથી જળને લઇ લે છે અને વર્ષાઋતુ આવે છે, ત્યારે પાછું કિર્ણોથી મૂકે છે, પણ તેમાં લીધાં મૂક્યાંનો અભિનિવેશ કરતો નથી. તેમ યોગીએ ઇંદ્રિયોથી અપેક્ષિત પદાર્થોનું ગ્રહણ કરવું અને કોઈ માગવા આવે ત્યારે તે પદાર્થોમાં લોભાઇ ન રહેતાં તે પાછું આપી દેવું, પણ તેમાં 'આ મળ્યું કે આ દીધું' એવો અભિનિવેશ કરવો નહિ. સૂર્ય એક છે પણ તેનાં બિંબ પાણીના કુંડા આદિ ઉપાધિઓમાં પડે છે. તે સ્થૂળ બુદ્ધિનાને જુદો જુદો સૂર્ય લાગે છે પણ તેમ નથી. તેમ પરમાત્માનો પ્રકાશ સર્વમાં છતાં તે પોતે એકજ છે. એ સૂર્ય પાસેથી શિક્ષણ લીધું.

(૮) **હોલો** એ હોલી સાથે પ્રીતિમાં જોડાયો હતો, બચ્ચાં થયાં. એક વખતે બચ્ચાંને સારૂ ચણ લેવાને ગયા હતાં. ત્યાં પાછળથી એક પારાધિએ આવી બચ્ચાંને જાળમાં પકડી લીધાં હતાં, હોલો હોલી આવી કલ્પાંત કરવા લાગ્યાં. બચ્ચાં ચિસો પાડતાં હતાં. એ જોઈ બહુજ દુઃખ પામેલી હોલી ચીસો નાંખતી નાંખતી તેઓની પાસે દોડી ગઈ. સ્નેહથી બંધાએલી અને ઇશ્વરની માયાથી રાંક ચિત્તવાળી હોલી બચ્ચાંને બંધાએલાં જોતાં છતાં પણ સ્મૃતિ ભૂલી જઇને પોતે પણ જાળમાં બંધાઇ ગઈ. પ્રાણ કરતાં પણ વધારે પ્યારાં બચ્ચાં અને પોતાની સ્ત્રીને બંધાએલ જોઇને બહુજ દુઃખ પામેલો હોલો વિલાપ કરવા લાગ્યો. ઘર ભાંગી જવાથી દુઃખરૂપી જીવતરવાળો હોલો ઉજડ ઘરમાં રહેવાને નિરાશ થયો, જીવવાની આશા મૂકી દીધી.

વિલાપ કરતો એ મૂર્ખ અને કંગાલ હોલો પોતાની સ્ત્રી અને બચ્ચાંને મૃત્યુના ગ્રાસરૂપ થયેલાં અને તરફડતાં જોતાં છતાં પણ પોતે જાળમાં પડયો. ક્રુર પારાધિ પોતાનું કામ પાર પડવાથી ઘેર ગયો અને એ સર્વેને મારી નાંખ્યાં. એ રીતે જે કુટુંબી માણસ અશાંત ચિત્તવાળો, સુખ, દુઃખાદિક જોટાના પદાર્થોમાં લાગી રહેલો, કૃપણ અને કુટુંબનું પોષણ કર્યા કરતો હોય, તે માણસ આ હોલાની પેઠે પોતાના પરિવાર સહિત દુઃખી થાય છે. ઘરની આસક્તિ પશુ—પક્ષીઓને પણ અનર્થ આપે છે. ત્યારે મનુષ્યને આપે એમાં શું નવાઈ? માટે મુક્તિના ખુલ્લા દ્વારરૂપ મનુષ્યાવતાર પામીને જે ઘણી હોલાની પેઠે ઘરમાં આસક્ત થઈ રહે, તે ઘણી ચડીને પડયો એમ વિદ્વાનો સમજે છે.

(૯) **અજગર** જેમ ઉદ્યમ રહિત રહિને સારૂં, નરસું, ઝાઝું, અથવા થોડું જે કાંઈ ઈશ્વર ઇચ્છાથી આવી મળે તેને ખાય છે; તેમ યોગીએ પણ ઉદ્યમ રહિત રહીને સારૂં, નરસું, ઝાઝું અથવા થોડું જે કાંઈ ખાવાનું મળે તે ખાઇને રહેવું. જેમ ઉદ્યમ કર્યા વગર પણ પ્રારબ્ધના અનુસારથી પોતાની મેળે દુઃખ પ્રાપ્ત થાય છે, તેમ સ્વર્ગ અને નર્કમાં જ્યાં હોઇએ ત્યાં ઇંદ્રિયો સંબંધી સુખ પણ પોતાની મેળેજ પ્રાપ્ત થાય છે. માટે ભિક્ષા માટે ભટકવું નહિ, પણ પરમેશ્વર જે મોકલે તે ખાઇને પ્રસન્ન રહેવું, એ અજગર પાસેથી શિક્ષણ લીધું.

(૧૦) **સમુદ્ર** જેમ બહારથી પ્રસન્ન, અંદરથી ગંભીર, અંત તથા પારથી રહિત અને ગડબડાવી શકાય નહિ એવો છે. તેમ જ્ઞાનીએ પણ બહાર પ્રસન્ન, અંદર ગંભીર, અંત તથા પારથી રહિત અને રાગ દ્વેષાદિક છોડી દઇને નિર્વિકાર રહેવું જોઇએ. વળી સમુદ્ર જેમ વર્ષાઋતુમાં અનેક નદીઓ મળતાં પણ વધી જતો નથી અને ગ્રીષ્મ ઋતુમાં તેટલી નદીઓ નહિ મળતાં પણ સૂકાઈ જતો નથી. તેમ જ્ઞાનીએ પણ નારાયણને પરાયણ રહીને વૈભવાદિક મળતાં રાજી થવું નહિ અને નહિ મળતાં કચવાવું નહિ. એટલે લાભ હાનીથી હર્ષ શોક માનવો નહિ.

(૧૧) **પતંગીઆ** જેમ દીવાનું રૂપ જોઇને લલચાઈ તેમાં પડે છે, તેમ અજિતેંદ્રિય પુરૂષ પ્રભુની માયારૂપ સ્ત્રીનું રૂપ જોઈ તેના વિલાસોમાં લલચાઇને મહા મોહમાં પડે છે. સ્ત્રી, સુવર્ણ, આભરણ અને વસ્ત્ર આદિ પદાર્થો કે જેઓ માયાએ રચેલા છે. તેઓમાં ઉપભોગ બુદ્ધિથી લલચાઇને તેથી આંધળો થયેલો મૂઢ પુરૂષ પતંગીઆની પેઠે નાશ પામે છે. માટે જ્ઞાનીએ સ્ત્રી, પુત્ર, ધન આદિના મોહમાં ફસાવું નહિ. એ શિક્ષણ પતંગીઆ પાસેથી લીધું.

(૧૨) **ભ્રમર** જેમ ઘણા સુગંધના લોભથી એકજ કમળમાં લુબ્ધ થા-

ય છે, અને સૂર્યાસ્ત થતાં કમળ બીડાઈ જવાથી તેમાં બંધાઈ રહે છે. તેમ યોગીએ સારા પદાર્થો મળવાના લોભથી એકજ ઘરનો આશ્રય કરી રહેતો તેમાં બંધાઈ જાય છે. માટે ગૃહસ્થોને નહિ સતાવતાં યોગીએ જેટલાથી દેહ રહે તેટલુંજ થોડું થોડું ખાવું જોઇએ, પણ ભ્રમરની પેઠે અંત લોભમાં પડવું નહિ જોઇએ. વળી ભ્રમર જેમ નાનાં મોટાં પુષ્પોમાંથી સાર લે છે, તેમ યોગીએ પણ નાનાં—મોટાં શાસ્ત્રોમાંથી સાર લેવો જોઇએ.

મધમાખી જેમ મધનો સંગ્રહ કરે છે, તો તેને મરવું પડે છે. તેમ યોગીએ જેટલું હાથમાં સમાય તેટલું લેવું અને અન્ન ભરવાના ઠામ રૂપે પોતાનું પેટજ રાખવું, પણ બીજું કાંઈ ઠામ રાખવું નહિ. સાંજને માટે કે આવતા દિવસને માટે અન્નાદિકનો સંગ્રહ કરવો નહિ. મધમાખીની પેઠે કરે તો અન્નાદિકની સાથે પોતાનો પણ વિનાશ થાય છે.

(૧૩) **હાથી** જેમ પકડનારાઓએ બનાવેલી કાગળની હાથણી જોઈ, તેના મોહથી ખાડમાં પડી બંધાઈ જાય છે. તેમ પુરૂષ પણ સ્ત્રીના અંગનો સ્પર્શ કરવાની લાલચથી બંધાઈ જાય છે. માટે યોગીએ સાચી સ્ત્રીનો તો શું પણ લાકડાની પુતળીનો પણ સ્પર્શ નહિ કરવો જોઇએ. એ હાથી પાસેથી શિક્ષણ લીધું.

(૧૪) **પારાધી** જેમ મધમાખીએ ઘણા સંકટથી સંગ્રહ કરી રાખેલા મધને ભોગવે છે અને લોભી માણસે ઘણા સંકટથી સંગ્રહ કરેલું ધન બીજો બળવાન પુરૂષ ભોગવે છે. ઝાડની કોતરાડ આદિ ગુપ્ત સ્થળમાં રહેલા મધને જેમ પારાધી જાણે છે, અને હરી લે છે. તેમ લોભી માણસે ગુપ્ત સ્થળમાં રાખેલું ધન બીજો પુરૂષ જાણે છે અને હરી લે છે. માટે યોગીએ વસ્તુનો સંગ્રહ નહિજ કરવો જોઇએ. તેમ મધમાખીના મેળવેલા મધને પારાધી પ્રથમ ભોગવે છે, જેમ ગૃહસ્થે રાંધેલું અન્ન ખાધું ન હોય તે પહેલાં યોગી ખાઈ લે છે. (ગૃહસ્થે સંન્યાસીને પ્રથમ જમાડયા પછી જમવું એવી શાસ્ત્ર મર્યાદા છે). એટલે યોગીને ઉદ્યમ વિના પણ ભોગ પ્રાપ્ત થાય છે. એ પારાધી પાસેથી શિક્ષણ લીધું.

(૧૫) **હરિણ** જેમ પારાધીના ગાયનથી મોહ પામીને બંધાઇ જાય છે. તેમ વનમાં ફરનાર સંન્યાસી પણ ગાયન સાંભળે તો તેમાં મોહ પામીને બંધાઈ જાય છે. માટે સંન્યાસીએ કદી પણ વિષય સંબંધી ગાયન સાંભળવું નહિ. મૃગલીના પુત્ર ઋષ્ય શૃંગ ઋષિ, વેશ્યાઓના વિષય સંબંધી નાચ, વાજાં અને ગાયનને સેવવાથીજ તે વેશ્યાને રમકડાંની પેઠે વશ્ય થઇ ગયા હતા. માટે યોગીએ વિષય સંબંધી ગાયન સાંભળવું નહિ. એ શિક્ષણ હરિણ પાસેથી લીધું.—

(૧૬) **માછલું** જેમ જીભના રસની લાલચથી કુંડિ(ગિલ)થી વીંધાઇને મરણ પામે છે. તેમ રસમાં મોહ પામેલો દેહાભિમાની મનુષ્ય બહુજ દુઃખ દેનારી જીભની લાલચથી મરણ પામે છે. વિદ્વાન પુરૂષો આહારનો ત્યાગ કરી દેવાથી બીજી ઇંદ્રિયોને તરત જીતી શકે છે; પણ તેઓથી જીભ જીતાતી નથી; કારણ કે આહારનો ત્યાગ કરવાથી ઉલટી જીભની લાલચ વધે છે. બીજી ઇંદ્રિયોને જીતી હોય પણ જ્યાં સુધી રસના (જીભ) ઇંદ્રિયને જીતી ન હોય ત્યાં સુધી પુરૂષ જિતેંદ્રિય કહેવાયજ નહિ. અને રસના જીતાય તો સઘળી ઇંદ્રિયોને જીતાએલીજ સમજવી. એટલા માટે રસની આસક્તિ છોડી દઇને યોગીએ ઔષધની પેઠે અન્ન ખાવું જોઇએ. એ માછલી પાસેથી શિક્ષણ લીધું.

(૧૭) **પિંગલા** નામની વેશ્યા પૂર્વે વિદેહ રાજાના નગરમાં રહેતી હતી. તે એક દિવસે પુરૂષને પોતાનાં રતિસ્થાનમાં લઇ જવા સારૂ ઉત્તમ શણગાર ધરીને સાંયકાળે ઘરના દ્વારમાં બેઠી હતી. આવેલો પુરૂષ ગયા પછી "હજી પણ ઝાઝું આપે એવો બીજો કોઇ ધનવાન મારી પાસે આવશે." એવી દુષ્ટ આશાથી બેઠી હતી; ત્યાંથી ઉઠી ઘરમાં અને ઘરમાંથી દ્વારપર બેસતી. એવી રીતે આશામાંને આશામાં નિદ્રા ન આવી. ધનની આશાથી મુખ સુકાતું હતું, એમ કરતાં કરતાં રાત વીતી જવા આવી. ત્યારે નિરાશ બની "હવે આ ધંધાથી બસ છે." એવી સુબુદ્ધિ ઉત્પન્ન થઇ. નિરાશાથી વૈરાગ્ય ઉત્પન્ન થતા દેહનું બંધન છોડી દેવાની ઇચ્છા કરી ગાવા લાગી કે;—અહો! વિવેક નહિ હોવાથી મેં મન જીત્યું નથી, તેથી હું તુચ્છ પુરૂષ પાસેથી કામની ઇચ્છા રાખું છું!! આ પરોક્ષ અંતર્યામી ઇશ્વર કે જે નિરંતર પાસે રહેનાર, ધન અને આનંદ આપનાર છે, તેને છોડી દઇને, હું કામનાને નહિ આપનાર પણ દુઃખ, ભયાદિક, શોક તથા મોહને આપનાર તુચ્છ પુરૂષને મૂર્ખપણાથી સેવું છું. અહો! હું કે જે સ્ત્રીઓમાં લંપટ, લોભી અને શોક કરવા યોગ્ય પુરૂષ પાસેથી મારા શરીરને વેહેંચીને ધન અને રતિની ઇચ્છા કરૂં છું. તેવા અતિ નીચ ધંધાથી મારા અંતઃકરણને વૃથા વૃથા પરિતાપ આપ્યો છે!!! પુરૂષના શરીરરૂપી ઘર કે હાડ માંસનું બનેલું છે, ચામડેથી મઢેલું છે અને મળ, મૂત્રથી ભરેલું છે. એવી ગંદી કાયા તેને હું વિના બીજી કઇ સ્ત્રી કાંત સમજીને સેવે! આ મહા જ્ઞાની વિદેહ રાજાના પુરમાં હું એકજ મૂઢ બુદ્ધિવાળી અને દુષ્ટ છું; કેમકે સ્વરૂપને આપનારા આ અવિનાશી અંતર્યામી ઇશ્વરને છોડીને બીજા ભોગની ઇચ્છા કરૂં છું. ઇશ્વરજ પ્રાણીઓના મિત્ર અને પરમ પ્રિય આત્મારૂપ છે. આ લોક અને પરલોકમાં ઇશ્વર વિના બીજો કોઇ સેવવાને યોગ્ય નથી.

કોઈ પ્રાચીન શુભ કર્મના યોગથી ઇશ્વર મને પ્રસન્ન થયા જણાય છે, કે જેથી મને આ નીચ આશામાંથી સુખ આપનાર વૈરાગ્ય ઉત્પન્ન કર્યો. એ માટે તેમનો ઉપકાર માનું છું, અને પામર લોકોને લાગુ પડતી દુષ્ટ આશાઓને છોડી દઇને હું તે ઇશ્વરનુંજ શરણુ લઉં છું. સંતોષ અને આ વિષય ઉપર શ્રદ્ધા રાખતાં જે કાંઈ મળ્યું છે, તેટલાથી જીવીને હવે હું આ પ્રિય આત્માની સાથેજ વિહાર કરીશ. જીવ કે જે સંસારરૂપી કૂવામાં પડેલો, વિષયોએ આંધળો કરેલો અને કાલરૂપી સર્પથી પકડાએલો છે, તેને ઈશ્વર વિના બીજો કોણુ બચાવી શકે? માટે હું કેવળ પ્રેમથીજ ઇશ્વરને ભજીશ. એ રીતે પિંગલા વેસ્યા નિશ્ચય કરી કાંતની તૃષ્ણાથી ઉત્પન્ન થયેલી દુષ્ટ આશાને કાપી નાખતાં શાંતિ ધરીને શય્યામાં સૂતી. આપરથી શિક્ષણુ લીધું કે;—આશા રાખવી એજ મોટું દુઃખ છે અને આશાથી રહિત રહેવું એ મોટું સુખ છે; કેમકે પિંગળાએ પતિની આશા છોડી દીધી, ત્યારેજ તેને સુખથી નિદ્રા આવી.

(૧૮) **સમડી** પોતાની ચાંચમાં માંસ લઇને જતી હતી, તેને બીજા બળવાન પક્ષીએ દેખી, તેની પાસેથી માંસ લઈ લેવા મારવા માંડી, જ્યારે એ સમડીએ માંસ મૂકી દીધું ત્યારે સુખ પામી. એપરથી શિક્ષણુ લીધું કે જે જે બહુ પ્યારી વસ્તુ હોય તેનો પરિગ્રહ કરવો એજ દુઃખદાયી છે, એમ જાણીને જે પુરૂષ પરિગ્રહનો ત્યાગ કરે, તે અનંત સુખ પામે છે.

(૧૯) **બાળકને** જેમ માન કે અપમાન નથી અને ઘર તથા છોકરાં વાળાઓને જે ચિંતા થાય છે તે પણુ નથી. કામાદિકને વશ ન રહેતાં એકલું વિરક્ત રહે છે અને પોતાની રમતમાં પ્રસન્ન રહે છે, તેમ તેની પેઠે યોગીએ રહેવું એ બાળક પાસેથી શિક્ષણુ લીધું.

(૨૦) **કુમારી કન્યા** એ એક દિવસે ઘરમાં એકલી હતી, ત્યારે પરોણા આવ્યા. તેને સારૂ તે ન જાણે તેમ એક ઓરડીમાં ચોખા ખાંડવા બેઠી, ખાંડતાં ચુડીઓ ખડખડવા લાગી, ત્યારે તે એક પછી એક એમ કાઢતી ગઈ, જ્યારે દરેક હાથમાં એક એક રહી ત્યારે તે ન ખડ ખડી. તેમ યોગીએ એકલાં રહી ઇશ્વર સ્મરણુ કરવું. એ કન્યા પાસેથી શિક્ષણુ લીધું.

(૨૧) **બાણુ બનાવનારો** બાણુ બનાવતાં એવો તો એમાં ધ્યાનથી લાગી રહ્યા હતો કે, ત્યાંથી વાજતે ગાજતે રાજાની સ્વારી ચાલી ગઇ, પણુ તેની તેને ખબર પડી નહિ. એવી રીતે યોગીએ સર્વ ઇંદ્રિયોને વશ રાખી એકાગ્રચિત્તે ઇશ્વરનુંજ ધ્યાન કરવું. પરમાનંદ રૂપ ભગવાનમાં મનને એવી રીતે જોડી દેવું કે જેમાં સ્થિતિ મળતાં મન ધીરે ધીરે પોતેજ વિષયોની વાસનાઓને છોડી દે છે અને રજોગુણુ તથા તમોગુણુ કે જે વિક્ષેપ તથા લય

થવાના મૂળરૂપ છે, તેઓને પણ વૃદ્ધિ પામેલા શમરૂપ સત્ત્વગુણથી ટાળી નાંખીને ગુણ તથા તેઓના કાર્યોથી રહિત થઇ જતાં વૃત્તિ રહિત થઇને માત્ર ધ્યેય સ્વરૂપથી સ્થિતિ પામે છે. વૃત્તિઓથી રહિત થયેલું મન બ્રહ્મા કારપણાથી રહે એજ "અસંપ્રજ્ઞાત" નામની સમાધિ કહેવાય છે. આવી રીતે જેનું મન બ્રહ્માકાર થયું હોય એવા યોગીને દ્વૈતનું સ્ફુરણજ થતું નથી,

(૨૨) **સર્પ** જેમ એકલો ફરે છે, પોતાનું એક રહેઠાણ રાખતો નથી, સાવચેત રહે છે, એકાંતમાં વસે છે, ગતિ ઉપરથી ઝેરી કે ઝેર વગરનો જણાતો નથી, કોઇને પોતાની સાથે રાખતો નથી અને થોડુંજ બોલે છે. તેમ મુનિએ પણ એકલાં ફરવું, પોતાનું એક રહેઠાણ રાખવું નહિ, સાવચેત રહેવું, એકાંતમાં વસવું, કોઈ રીતે બીજાઓને પોતાની રીતભાત જાણવા દેવી નહિ, કોઇને પોતાની સાથે રાખવો નહિ, અને થોડુંજ બોલવું. વળી સર્પ જેમ પોતાને માટે રહેવા દર કરતો નથી, પણ કોઇએ કરેલા દરમાં પેસીનેજ સુખે વધ્યા કરે છે, તેમ યોગીએ પણ પોતાને માટે ઘર નહિ કરતાં, બીજાએ કરેલા સ્થાનકમાં રહીને મોટું થવું; કેમકે ઘરનો આરંભ કરવો એ અત્યંત દુઃખદાયી છે અને દેહ અનિત્ય હોવાથી નિષ્ફળ છે.

(૨૩) **કરોળિઓ** જેમ હૃદયમાંથી નીકળેલી લાળને મોંઢામાંથી વિસ્તારી, તેની સાથે રમીને પાછો તે લાળને ગળી જાય છે, તેમાં બીજા કોઇ સાધનની અપેક્ષા રહેતી નથી. તેમ ઇશ્વર પોતામાંથીજ જગતને સ્રજી, તેથી વિહાર કરીને પાછા તે જગતને ગળી જાય છે (પોતામાં લઈ લે છે.) તેમાં બીજા કોઈ સાધનની અપેક્ષા રહેતી નથી. એ શિક્ષણ કરોળિઆ પાસેથી લીધું.

(૨૪) **ભમરી**એ પકડીને દરમાં રોકી મૂકેલો કીડો ભયને લીધે ભમરીનુંજ ધ્યાન કરતાં જેમ પોતે ભમરીરૂપ બની જાય છે. તેમ પ્રાણ પણ સ્નેહથી, દ્વેષથી અથવા ભયથી જે જે વસ્તુમાં પોતાના મનને એકાગ્ર કરેછે. તે તે વસ્તુરૂપ પોતે થઈ જાય છે. કીડો જ્યારે પોતાના તેના તે શરીરથીજ ભમરીરૂપ બની જાય છે, ત્યારે ઇશ્વરનું ધ્યાન કરનાર પુરૂપ બીજા શરીરથી ઇશ્વરરૂપ થઇ જાય, એમાં તો આશ્ચર્યજ શું?

આ પ્રમાણે ગુરૂ દત્તાત્રેયે ચોવીશ ગુરૂ પાસેથી શિક્ષણ લીધું. તે સિવાય પોતાના દેહ પાસેથી પણ શિખામણ લીધી હતી. તે આ પ્રમાણે;—

(૨૫) આ દેહ જન્મ, મરણ અને પરિણામે નિરંતર દુઃખ ભોગરૂપ ફળને ધરી રહ્યો છે. તેથી વૈરાગ્ય થયો અને તત્ત્વોને યથાર્થ વિચાર કરવા રૂપી વિવેક પણ આ દેહથીજ થયો છે. આવી રીતે આ દેહ અત્યંત ઉપકારી છે, તોપણ તે ઉપર પ્રીતિ નહિ રાખતાં 'એ કૂતરા, કાગડાનુંજ ભક્ષ્ય

છે.' એવો નિશ્ચય રાખીને સર્વ સંગ છોડી ફરવા લાગ્યા. ધનમાં માત્ર પ્રથમજ સુખ દેખવામાં આવે છે, તેનો સંચય કરનારો પુરૂષ જે દેહને રાજી રાખવાની ઇચ્છાથી સ્ત્રી, પુત્ર, ધન, પશુ, ઘર અને સંબંધીઓના વર્ગોને વધારે છે અને તેઓનું પોષણ કરે છે, તે દેહ પણ બીજા દેહના બીજરૂપ કર્મને ઉત્પન્ન કરીને નાશ પામે છે. ઘણી શોક્યો જેમ એક ઘર ધણીને સઘળી કોરથી તાણવા માંડે છે, તેમ આ દેહને અથવા દેહાભિમાની પુરૂષને એક કોરથી જીભરસને માટે ખેંચે છે, બીજી કોરથી તરશ પાણીને માટે ખેંચે છે, ત્રીજી કોરથી શિશ્ન મૈથુનને માટે ખેંચે છે, ચોથી કોરથી ચામડી સ્પર્શને માટે ખેંચે છે, ઘ્રાણ સુગંધને માટે ખેંચે છે, ચપલ ચક્ષુ રૂપને માટે ખેંચે છે, અને તે ઉપરાંત વળી કર્મેંદ્રિયો પણ પોતપોતાના વિષયોને માટે ખેંચે છે. માટે દેહને દુઃખરૂપ જાણી વૈરાગ્ય ઉપજ્યો, પ્રભુએ પોતાની શક્તિરૂપ માયાથી વૃક્ષ, પશુ, પક્ષી, ડાંસ અને માછલાં આદિ અનેક પ્રકારનાં શરીરોને સ્રજ્યાંછે; પણ "તેઓમાં કોઈની બુદ્ધિ પરમાત્માને અપરોક્ષ કરવામાં સમર્થ નથી." એમ ધારીને હૃદયમાં સંતોષ નહિ પામતાં છેલ્લીવારે મનુષ્યદેહ કે જેની બુદ્ધિ પરમાત્માને અપરોક્ષ કરવામાં સમર્થ છે, તેને સ્રજીને પ્રભુ રાજી થયા હતા. માટે મનુષ્ય દેહ કે જે અતિ દુર્લભ છે, તેને પામી ઇશ્વરમાં નિષ્ઠા રાખવી જોઇએ. ઘણા ઘણા જન્મને છેડે આ મનુષ્ય દેહ કે જે પોતાને મોત ફરવાથી અનિત્ય છે છતાં પણ પુરૂષાર્થ આપનાર છે તેને પામીને ધીર પુરૂષે તે દેહ મરણ પામે નહિ તે પહેલાંજ તરત કલ્યાણને માટે યત્ન કરવો જોઇએ. વિષયોનું સુખતો પશુ આદી અવતારોમાં પણ મળે છે. ઘણા કલ્યાણનું સાધન મનુષ્ય દેહથી થાય છે. માટે પ્રભુને પામવા યત્ન કરવો જોઇએ. આ પ્રમાણે ઘણા ગુરૂઓ પાસેથી શિખામણ મળવાથી મનમાં વૈરાગ્ય અને જ્ઞાનરૂપી દીવો મળતાં દત્તાત્રેય સઘળી રીતે કામ કરવાને સમર્થ છતાં પણ સર્વ સંગ છોડી દહને, અહંકાર રહિત થઈ આ પૃથ્વીમાં અવધૂત યોગીરૂપે ફરવા લાગ્યા હતા, ને ઘણા લોકોને ઉપદેશ આપી તાર્યા હતા.

દત્તાત્રેય અવતારી પુરૂષ હતા. એને બ્રાહ્મણ, ક્ષત્રિ, વૈશ્ય અને શુદ્ર ચારે વર્ગના લોકો પ્રેમથી માને છે, સ્મરણ અને પૂજન કરે છે. દત્તાત્રેય નામનો ધર્મ ચાલે છે, તે ધર્મ ચારે વર્ગના લોકો પાળે છે. ગુરૂ દત્તાત્રયે બ્રાહ્મણ, ક્ષત્રિ અને વૈશ્ય જ્ઞાતિના પુરૂષોને બ્રહ્મચર્ય, વાનપ્રસ્ત, સંન્યાસ, પર્મહંસ, યોગી, મુનિ અને સાધુ કરવાની આજ્ઞા આપી છે. એ લોકો પોતાના આત્માને ઇશ્વિરરૂપ સર્વજ્ઞ માને છે. તેને મૂર્ત્તિમાન સમજી અખંડ સમાધિમાં રહેવા સારૂ અષ્ટાંગ યોગની સર્વ ક્રિયાઓ કરે છે અને અહિંસક, જીવ દયા પાળવી એ એનું મુખ્ય વલણ છે. તેઓ ગુરૂ આજ્ઞા,

માને છે, અને સત્ય શાસ્ત્રનું અધ્યયન કરી મોક્ષ સાધનમાં કાળ ક્ષેપ કરેછે.
દત્તાત્રેય ધર્મની આજ્ઞા—ઇશ્વર નિરાકાર છે, સર્વ સૃષ્ટિ આત્માની ભ્રાંતિથી કલ્પિત ભાવે થઈ છે. પ્રકૃતિના સર્વ ધર્મનો તિરસ્કાર કરવો, નિવૃત્તિરૂપ ગંગામાં નિમગ્ન થવું, અકૃત્વ અને અચિંત્ય ભાવ જ્ઞાનીનો સ્વભાવ છે. સત્ય, તપ, અપરિગ્રહ, દયા, ક્ષમા, ધર્મ, અર્થ, મોક્ષ અને વૈરાગ્ય એ સર્વે સંપાદન કરવાં. માદક પદાર્થથી વિરક્ત રહેવું એવી આજ્ઞા છે, પણ હાલ પુરાણોક્ત જ્ઞાન સેળભેળ થવાથી અને યોગ જ્ઞાન ન સમજવાથી મૂર્ત્તિ પૂજા ચાલુ થઈ, અને મદ્ય માંસનો ઉપયોગ થવા લાગ્યો છે. આ ગડબડ જે પાછળથી પેઠી છે, એ ઘણા શોચની વાત છે. બાકી સર્વ મૂળતત્ત્વો ઉત્તમ છે. આ ધર્મની ઉત્પત્તિ પાંચમા સૈકામાં થઇ એવું જાણવામાં આવે છે. એટલે તેને આજે આશરે ૧૪૦૦ વર્ષ થવા આવ્યાં છે. અહા ! મહાત્મા પુરૂષોનોઅવતાર જગતના કલ્યાણ અર્થેજ હોય છે ! ધન્ય હો ! ભલે તેવા પુરૂષોના અવતાર થાઓ ? ! !

દેશ સુધારક મહા પરાક્રમી ધર્માત્મા.

ચક્રવર્તિ—પૃથુરાજા.

આ પ્રતાપી મહારાજા વેનરાજાના પુત્ર. વેન રાજા અતિ દુષ્ટ અને અધર્મિ હતો. એના વખતમાં પૃથ્વી સત્વ રહિત થઈ હતી, પ્રજા દુ:ખી હતી, અધર્મ અને નાસ્તિકતા વધી હતી. તેથી ઋષિઓએ શાપ આપી વેન રાજાનો નાશ કર્યો અને પૃથુરાજાને રાજ્યાભિષેક કરી ગાદીએ બેસાડયા. પૃથુ એ શ્રીભગવાનના અંશાવતાર કહેવાય છે. ચોવીશ અવતરમાં એ ૯ મો અવતાર ગણાય છે. એ અવતાર પૃથ્વી સુધારવા અને ધર્મની વૃધ્ધિ કરવા સત્ય યુગમાં થયો હતો. એ આર્ચિ નામની કન્યા સાથે પરણ્યા હતા, એ સાક્ષાત્ લક્ષ્મીનો અવતાર અને પતિવ્રતા સ્ત્રી હતી. જે વખતે આ મહારાજાનો રાજ્યાભિષેક થયો, તે વખવ કુબેરે રત્ન જડીત સિંહાસન, શિવે દશ ચંદ્ર અને પાર્વતી એ શાત ચંદ્ર એવા બે ખડ્ગ, અગ્નિએ અજગવ ધનુષ્ય, વરૂણે અમૃતમય છત્ર, એ રીતે સર્વ દેવોએ એકેકી અમૂલ્ય ભેટ મોકલી હતી. એ યોગથી મહાબળવાન થઈ પૃથ્વી વિષમ હતી, તેને સમ કરી હતી. એના જમણા હાથમાં રેખારૂપે ચક્રનું ચિન્હ અને ચરણમાં કમળનું ચિન્હ હતુ. ઈત્યાદિ અંશાવતારી પુરૂષનાં શુભ ચિન્હો હતાં.

આ રાજા ધર્મ પાળનારાઓમાં શ્રેષ્ઠ, પ્રજાને ધર્મ માર્ગમાં ચલાવનારા, ધર્મની મર્યાદાનું રક્ષણ કરનાર, અને ધર્મનાં શત્રુઓને શિક્ષા કરનાર હતા. સર્વ સાથે સમાન પ્રમાણે વર્ત્તતા. સૂર્ય જેમ આઠ માસ જળનું શોષણ કર

રી ચોમાસામાં પાછું ફેંકે છે, તેમ એ પ્રજા પાસેથી યોગ્ય કર લઇ તે તેમના જ કલ્યાણ માટે વાપરતા હતા. દુઃખી પ્રાણીઓ ઉપર નિરંતર દયા રાખતા. પૃથ્વી જેમ સર્વ અડચણો સહન કરે છે, તેમ આ મહારાજા દુઃખી લોકો તરફથી થતી અડચણ સહન કરતા હતા. સ્નેહ ભરેલી દૃષ્ટિથી અને સ્વચ્છ મંદ હાસ્યાદિથી પ્રજાને તૃપ્ત કરતા હતા. ગંભીર સ્વભાવના, અનંત મહિમાવાળા, જિતેંદ્રિય અને જેના માર્ગની કોઇને ખબર ન પડે એવા હતા. એવું મહા પરાક્રમ જોઇ શત્રુઓ દબાઇ જતા હતા. શત્રુપુત્ર નિરપરાધી હોય તો તેને આ નીતિવાન રાજા શિક્ષા કરતા નહિ અને જો પોતાનો વહાલો પુત્ર પણ અપરાધી હોય તો તેને શિક્ષા કરવા ચૂકતા નહિ, એવા એ નિષ્પક્ષપાતી અને ન્યાયી રાજા હતા. દૃઢ નિયમ પાળનાર, સત્ય પ્રતિજ્ઞાવાળા, બ્રાહ્મણો ઉપર શ્રદ્ધા રાખનાર, વૃદ્ધ પુરૂષોને સેવનાર, સર્વ પ્રાણીના શરણ રૂપ, સર્વને માન આપનાર, રાંક ઉપર પ્રેમ રાખનાર, પર સ્ત્રીને પોતાની માતા સમાન જાણનાર, પિતાની પેઠે પ્રજાપર પ્રેમ રાખનાર, જ્ઞાની પુરૂષોની પાસે દાસની પેઠે વર્ત્તનાર, મિત્રોનાં સુખને વધારનાર, દુષ્ટ લોકોને યમ સમાન અને વૈરાગ્યવાળા લોકોનો સંગ કરનાર હતા. આવા સદ્ગુણ સંપન્ન મહારાજા બિરાજનો યશ આખી પૃથ્વીમાં ગવાતો હતો. પ્રજા ભૂખથી દુબળી થઇ ગઈ હતી અને સર્વ સ્થળે અવ્યવસ્થા થઇ ગઈ હતી, તે પોતાના પ્રબળ બળથી દૂર કરી સર્વ મંડળીઓને સહુ સહુના ઉપરી મારફતે જોઇતા પદાર્થો મળવા વગેરેની સગવડ કરી આપી, સર્વનું પોષણ અને અભિવર્ધન થાય એમ કર્યું હતું. તેથી પ્રજા સર્વ પ્રકારે સુખી થઈ હતી. તેણે પોતાના પ્રબળ પરાક્રમથી આખી પૃથ્વીને ધ્રુજાવી નાખી દુષ્ટ લોકોનો ક્ષય કર્યો હતો. તેથી સર્વ લોકો ગાય જેવા ગરીબ થઈ ગયા હતા. સારા બંદોબસ્તથી સારી પેદાશ થવા લાગી હતી. ધનુષ્યના જોરથી લોકોને વશ્ય કરી, તેઓની પાસે પૃથ્વીને સપાટ કરાવી હતી. નગરો કેમ બાંધવાં, ઘરો, શેરીઓ, ફળીઆં અને ચોકની કેવી રીતે બાંધણી કરવી. તેમાં સરખાઇને છૂટાઇથી કેવા ફાયદા છે અને આરોગ્યતાથી કેવા લાભ થાય છે, એ સર્વ પ્રજાને ઉત્તમ રીતે સમજાવ્યું હતું. પૃથુરાજાની પહેલાં પૃથ્વીપર નગરકે ગામ વગેરેની યોગ્ય રચના કાંઇ પણ હતી નહિ. સઘળાં લોકો જેમ જેને ઠીક પડે તેમ નિર્ભય રીતે છૂટ વછૂટ રહેતાં હતાં, આવી અવ્યવસ્થા હતી તેને સુધારીને આ મહારાજાએ સઘળી જગ્યોએ પ્રજાને જોઇએ તેવી રહેઠાણની સગવડ કરી આપી હતી. ગામડાં કસ્બા, નગર, અનેક પ્રકારના કિલ્લા, ગાયોના નેહ, આયરોને રહેવાનાં રહેઠાણ, ફોજના ઉતારા, ઈત્યાદિ બનાવી સુધારો કર્યો હતો. એ સિવાય તેમણે સમુદ્ર પર્યટન કરી

સાત દ્વીપો તાબે કર્યા હતા અને બીજી જમીન વગેરેની શોધો કરેલી કહેવાય છે.

આ પ્રમાણે દેશમાં ઉત્તમ પ્રકારે સુધારો કરી પ્રજાને સુખી કર્યા પછી મનુના બ્રહ્માવર્ત્ત દેશમાં જ્યાં સરસ્વતી નદી પૂર્વ દિશામાં વહે છે. ત્યાં સો અશ્વમેધ યજ્ઞ કરવાનો સંકલ્પ કર્યો. તેમાં નવાણુ યજ્ઞ પૂરા કર્યા અને સોમા યજ્ઞની શરૂઆત કરી. એ જોઈ ઇંદ્રને ઇર્ષા ઉત્પન્ન થઇ, યજ્ઞ ભંગ કરવાના ઇરાદે યજ્ઞનો અશ્વ હરી લઇ ગયો. અશ્વ લઇ જતાં અત્રિ ઋષિના જોવામાં આવ્યો. ઋષિની પ્રેરણાથી પૃથુનો પુત્ર પુરંદર એની પાછળ પડયો ઇંદ્રને જટા, ભસ્મ ધારણ કરેલાં ધર્મ સ્વરૂપે જોઇ પુરંદરે તેનાપર બાણનો ઘા કર્યો નહિ, પણ ફરી અત્રિ ઋષિની પ્રેરણાથી તેની પાછળ પડયો, એટલે ઇંદ્ર અશ્વ મૂકી અંતરધ્યાન થઈ ગયો. પુરંદર વિજય કરી અશ્વ લઈ યજ્ઞશાળામાં આવ્યો. તેના વિજયપરથી તેનું નામ વિજીતાશ્વ પડયું હતું ઇંદ્રે અશ્વ લઈ જતાં જુદા જુદા પાખંડ વેષ ધારણ કરેલા, તે પરથી નાસ્તિકતાવાળા ઘણા પાખંડ મતો ચાલ્યા હતા, લોકોને પાખંડ મત ગ્રહણ કરતા જોઈ, પૃથુરાજાએ ઇંદ્રપર ક્રોધ કર્યો, ઋષિઓએ પોતાના મંત્ર બળથી ઇંદ્રને બોલાવ્યો. પૃથુરાજા તેને યજ્ઞમાં હોમીદેવા તૈયાર થયા. પણ ઋષિઓએ અટકાવી, તેમની માયારૂપ પાખંડ મતનો નાશ કરવા આજ્ઞા આપી. તેથી પૃથુરાજાએ તેના પ્રચંડ પાખંડનો માર્ગ કે જે અધર્મનેજ જન્મ આપનારી તેમની માયારૂપ હતો તેનો નાશ કર્યો. પછી ઋષિઓની ભલામણથી પૃથુરાજાએ ઇંદ્ર સાથે સમાધાન કર્યું હતું. તે પછી બંને પરસ્પર પ્રીતિથી વર્ત્તતા હતા. એક વખતે પૃથુરાજાએ મોટા યજ્ઞની દિક્ષા લીધી હતી. તે સમયે દેવર્ષિઓ, બ્રહ્મર્ષિઓ, રાજર્ષિઓ અને પ્રજાજનોની મહા સભા મળી હતી. તે સકળ સભા સમક્ષ તેમણે શુદ્ધ અને ગંભીર વાણીથી ધૈર્યપણે ભાષણ આપ્યું હતું કે;—મહાશયો! જેઓને ધર્મ જાણવાની ઇચ્છા હોય, તેઓએ પોતાના વિચાર શ્રીયુત્ સભ્યજનો સમક્ષ પ્રદર્શિત કરવા જોઇએ. એટલા માટે મારા જે વિચાર છે તે દર્શાવું છું. મહા પુરૂષો! સભ્ય પ્રજાજનો! રાજાએ પ્રજાની સર્વ પ્રકારે રક્ષા કરવી જોઇએ. તેઓને આજીવિકા આપવી, જુદા જુદા યોગ્ય નિયમોમાં સર્વને ચલાવવા અને અપરાધીઓને શિક્ષા કરવી. એટલાં કામ કરવાને સારૂ હું રાજ્યના અધિકારમાં જોડાએલો છું; તો ધારૂં છું કે જેના ઉપર ઇશ્વર પ્રસન્ન થાય, તે વેદ પ્રમાણે ચાલનારા માણસને સર્વ મનોરથ પૂરનારાં જે જે સ્થાનકોની પ્રાપ્તી થાય છે, તે તે સ્થાનકોની પ્રાપ્તી યોગ્ય રીતે રાજ્યનો અધિકાર ચલાવવાથી મને પણ થશે. **"જે રાજા પ્રજાને સત્ય ધર્મની શિખામણ આપતો નથી અને તેઓ પાસેથી કર લે છે. તે પોતાનું ઐશ્વર્ય ખોઇ બેસીને પ્રજાના પાપનો ભાગી**

થાય છે.” એ માટે હે પ્રજાજનો! મારૂં કલ્યાણ કરવાને સારૂં ઇશ્વરાર્પણ બુદ્ધિથી સ્વધર્મ પાળવા રૂપ જે તમ લોકોનું કામ છે તે કરો અને તેમ કરવાથી તમોએ મારા ઉપર ઉપકાર કર્યો માનીશ. નિર્મળ મનવાળા ઋષિઓ! તમો પણ આ બાબતમાં સંમતિ આપશોજ, કેમકે ધર્મની વાતમાં શીખવનાર, આજ્ઞા કરનાર, અને સંમતિ આપનારને પણ જે પરલોકમાં મળવાનું ફળ છે તે સરખુંજ મળે છે. મહા પુરૂષો! જો કે કેટલાએક નિરીશ્વર વાદી પણ છે, તોપણ કેટલાએકે '**ઇશ્વર છે**' એવો સિદ્ધાંત પણ કરેલો છે અને એ સિદ્ધાંત સયુક્તિક લાગે છે, કેમકે આ લોક અને પરલોકમાં કોઈ કોઇને ઘણાંજ સારાં સ્થાનક અને શરીર મળતાં જોવામાં આવે છે. તે જો કોઈ જગતનો નિયંતા ઇશ્વિર ન હોય તો થવું સંભવતું નથી. જો કે ઘડીભર કર્મની વિચિત્રતાને લીધેજ ઉપર કહેલો સંભવ થવાનું માનશું, તોપણ વિદ્વાનોના અનુભવ ઉપરથી ઇશ્વર હોવાની વાત મજબૂત રીતે સિદ્ધ થાય છે. બ્રહ્મા, સદાશિવ, મનુ, ઉત્તાનપાદ રાજા, ધ્રુવ, પ્રિયવ્રત, મારા પિતાનો પિતા અંગ રાજા, પ્રલ્હાદ, બલિ રાજા અને એવાજ બીજા પણ વિદ્વાન અને મહાત્માઓએ સ્વીકારેલું છે, કે કર્મ પોતે જડ હોવાથી ફળ દેવામાં અસમર્થ છે. માટે કર્મનાં ફળ આપનાર ઇશ્વિર હોવાજ જોઇએ. ઇશ્વરને નહિ માનનારા તો વેન રાજા વગેરે જેઓ નાસ્તિક અને દયાપાત્ર ગણાય છે તેઓજ હતા. ધર્મ, અર્થ. કામ, સ્વર્ગ અને મોક્ષ મળવામાં સઘળે એક સરખાં કારણનો વિચાર કરીએ તો કર્મ પોતે જડ હોવાથી તેને ફળ દેનારપણું ઘટતું નથી અને બીજા દેવતાઓ પરતંત્ર હોવાથી તેઓને પણ ફળ દેનારપણું સંભવતું નથી. તેમજ બે જણનાં કર્મ સરખાં છતાં તેનાં ફળમાં ફેરફાર થાય છે. કોઇ વખતે કર્મ કર્યા છતાં પણ તેનું ફળ મળતું નથી. માટે સ્વતંત્રપણાથી કરવાનું, નહિ કરવાનું અને ગમે તેવા ફેરફાર કરવાનું પણ સામર્થ્ય ધરનાર કોઇ પરમેશ્વર હોવો જોઇએ એમ સિદ્ધ થાય છે. જેના ચરણ સેવવાની પ્રીતિ રોજરોજ વધીને, ગંગાજી જેમ મેલને મટાડે છે, તેમ સંસારની બળતરાવાળા માણસોની બુદ્ધિના સઘળા જન્મના ચડી ગયેલા મેલને તરત મટાડે છે. મનના સઘળા મેલ મટી જતાં વૈરાગ્યથી થયેલા આત્મજ્ઞાનના બળવાળો પુરૂષ, જેના ચરણના મૂળમાં નિવાસ કરીને પાછો દુઃખદાયી સંસારમાં પડતો નથી. તે સઘળી ઇચ્છા પૂરનાર ઇશ્વરનેજ તમે પોત પોતાના યોગ્ય ઉદ્યમોમાં રહેતાં નિષ્કપટપણે મન, વચન, અને કાયાથી ભજો. ભજન કરવાથી અધિકાર પ્રમાણે સિદ્ધિ અવશ્ય થશે એ નિશ્ચય રાખો. ઇત્યાદિ અમૂલ્ય ભાષણ આપી સર્વને રંજન કર્યા હતા.

આ સુબોધદાયક ભાષણ સાંભળી સર્વેએ તેમનાં ઘણા વખાણ કરી

કહ્યું કે;—"સુપુત્ર હોય તો પિતાને સારા લોકની પ્રાપ્તી થાય છે." એવું વેદનું વચન છે એ સાચું પડયું; કેમકે બ્રાહ્મણોના શાપથી મરણ પામેલો પાપી વેનરાજા પણ નરકમાંથી નીકળી ગયો—સુકૃત્યના ઉપાયથી પિતાને તાર્યો. હિરણ્યકશિપુ દૈત્ય ભગવાનની નિંદા કરવાથી નરકમાં પડવાનો અધિકારી હતો, પણ પોતાના પુત્ર પ્રલ્હાદના પ્રતાપથી તરી ગયો હતો. રાજન્! તમે પોતાના આશ્રિતોને શિખામણ આપો, એમાં કાંઇ મોટું આશ્ચર્ય નથી; કેમકે કરૂણાથી ભરેલા મહાત્મા પુરૂષોનો પ્રજાની ઉપર પ્રીતિ રાખવાનોજ સ્વભાવ હોય છે. બ્રાહ્મણ, અને ક્ષત્રિયોમાં પ્રવેશ કરી પોતાની શક્તિથી તેઓનું અને જગત્‌નું પાલન કરનાર, સત્વ ગુણવાળા અને મહા પુરૂષ વિષ્ણુરૂપ જે આપ છો તેમને પ્રણામ કરીએ છીએ. એ રીતે લોકો પૃથુરાજાનાં વખાણ કરતા હતા. તે સમયમાં સનકાદિક ચાર મુનિઓ આવ્યા. સનત્કુમારે તેમને બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ કર્યો. તેથી પૃથુરાજા કૃતાર્થ થયા હતા. દેશ, કાળ યોગ્યતા, અને ધન પ્રમાણે સઘળાં કર્મો કરી બ્રહ્માર્પણ કરતા હતા. કર્મનાં ફળ પરમાત્માને અર્પણ કરી, કર્મમાં આસક્તિ નહિ રાખતાં આત્માને સર્વ કર્મનો સાક્ષી અને દેહાદિકથી પર માનતા હતા. ચક્રવર્તિ રાજા હતા છતાં અહંકાર રહિત હતા, કોઈ પણ વિષયમાં આસક્ત થયા નહિ. અંતઃકરણમાં જ્ઞાન નિષ્ઠા રાખી કર્મ કરતા હતા. અર્ચિ નામની રાણીથી પોતાના જેવાજ વિજિતાશ્વ, ધૂમ્રકેશ, હર્યક્ષ, દ્રવિણ, અને વૃક નામના પાંચ પુત્રો થયા હતા. પ્રજાને રાજી કરતા પૃથુરાજા '**રાજા**' એવા નામને ખરેખર યોગ્ય થયા હતા. ઘણાં વર્ષ સાતે દ્વીપમાં ધર્મરાજ્ય કર્યું. પોતે જે કાર્ય કરવાને જન્મ્યા હતા, તે સઘળી ઇશ્વિરની આજ્ઞા સિદ્ધ થઈ રહેતાં એક દિવસે પોતાના શરીરને વૃદ્ધ થયેલું જોઈ પોતાના પુત્ર વિજિતાશ્વને રાજ્ય સોંપી પોતે સ્ત્રી સહિત તપોવનમાં ગયા. વનમાં વાન પ્રસ્ત રહી દૃઢ નિયમો પાળવા લાગ્યા. ફળ, ફૂલ, કંદ, મૂળ અને પાત્રાં ખાઈ રહેતા. કોઈ વખતે પાણી પીને, તો કોઈ વખતે સૂકાં પાત્રાં ખાઇને રહેતા. ટાઢ, તડકો અને વરસાદ વેઠી ઉગ્ર તપ કરવા લાગ્યા. નિરંતર શ્રદ્ધાથી યત્ન કરતાં પરમાત્મામાં એકાગ્ર ભક્તિ ઉત્પન્ન થઈ, વૈરાગ્ય સાથે જ્ઞાન ઉત્પન્ન થતાં, ધ્યાનથી જ્ઞાન વડે દેહાદિકનાં અભિમાનરૂપ હૃદયની ગાંઠ કે જે અનેક પ્રકારના સંશયોનું ઠેકાણું છે તેને તેણે કાપી નાંખી. દેહાત્મ બુદ્ધિ કપાઇ જતાં સ્વરૂપને પામ્યા, તે સમયે આવેલી સિદ્ધિઓમાં પણ લાલચ રાખી નહિ. પોતાના જીવાત્માને પરબ્રહ્મમાં અત્યંત જોડી દેવાથી બ્રહ્મ સ્વરૂપ થયેલા તે મહાવીર રાજા દેહનાં પ્રારબ્ધ કર્મ પૂરાં થઇ રહેતાં, દેહનો ત્યાગ કરી જગતમાં અમર કીર્ત્તિ રાખી કૈવલ્ય મોક્ષને પામી ગયા છે.

પ્રભુ નામ પ્રતાપે મોક્ષ પામ્યો.

અજામિલ.

આ દેશ પ્રસિદ્ધ અજામિલ નામે બ્રાહ્મણ સત્યયુગમાં કનોજમાં રહેતો હતો. બાળપણમાં પિતા પાસે શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હતો. સ્વભાવે કોમળ, ભલો, ઈર્ષા રહિત, થોડા બોલો, સર્વ પ્રાણીઓનો મિત્ર, સત્ય વચની, મિત્રોને જાણનાર, પવિત્ર, જિતેંદ્રિય, નિયમો પાળનાર, અહંકાર રહિત, અને દયાળુ હતો. ગુરૂ, અગ્નિ, અતિથિ અને વૃદ્ધોની સેવા કરતો હતો. ઇત્યાદિ સદ્‌ગુણ સંપન્ન હતો. એવા સદ્દગુણીને પણ દૈવ યોગથી દુષ્ટ, પાપી જનની સોબત થઈ જાય છે, તો તેનું તેને પાપ ફળ દુઃખ ભોગવવું પડે છે. દુર્ગુણીની સોબતથી દુર્મતિ આવે છે, પાપ કર્મ કરાવે છે અને અંતે નરક વાસ કરાવે છે. માટેજ "દુષ્ટ જન દેખી દૂર ખસવું" કહેલ છે. એની સામે દૃષ્ટિ કરવાથી પણ સારૂં પરિણામ આવતું નથી. તેનો પ્રત્યક્ષ દાખલો આ અજામિલનોજ છે. અજામિલ એક દિવસે પિતાની આજ્ઞાથી વનમાં ગયો હતો. ત્યાંથી ફળ, ફૂલ, કંદ, મૂળ, સમિધ અને દર્ભને લઇને ઘર તરફ પાછાં વળતાં, કોઈ કામી શુદ્ર, ગુનકા–રાંડની સાથે ચાલ્યો આવતો દૃષ્ટિએ પડ્યો. રાંડે મદિરા પીધી હતી, તેની આંખો ચારે તરફ ઘૂમતી હતી. વસ્ત્ર નીકળી જતાં હતાં. એવી એ છાકટી રાંડ સાથે શુદ્ર ક્રીડા કરતો, ગાતો, હસતો અને નિર્લજ્જપણે ચાળા કરતો આવતો હતો. એ આચાર ભ્રષ્ટ શુદ્રે ચંદનથી લીંપેલા પોતાના હાથથી એ રાંડનું આલિંગન કર્યું હતું. એવી રીતે શુદ્રને સમીપમાં દેખીને તરતજ અજામિલ મોહ પામી કામને વશ થઈ ગયો. ધીરજથી જ્ઞાનવડે મનને રોકવા લાગ્યો, પણ કામ દેવે કંપાવી દીધેલાં મનને એ સ્થિર રાખી શક્યો નહિ. શુદ્ર અને રાંડને જોવાથી તેને કામદેવ રૂપી ઝોડે પકડ્યો, સ્મૃતિ વગરનો થઈ ગયો અને મનથી એ રાંડનુંજ ચિંતન કરતો સ્વધર્મ પાળવાથી અટક્યો. બાપનું જેટલું ધન હતું તે સઘળું રાંડને આપી દીધું. તેના મનને ગમે એવા સારા સારા પદાર્થો લાવી આપીને તે રાજી થાય એમ કરવા લાગ્યો. પાપી છીનાળની આંખની અણીઓથી વીંધાઈ જઇને પોતાની બ્રાહ્મણ જાતની અને મોટા કુળની દીકરી સાથે પરણ્યો હતો, જેની સાથે સુખ માણ્યું હતું અને જે નાની ઉમરથીજ સ્નેહમાં જોડાઈ હતી, તેને છોડી દીધી. સદાકાળ ગુનકા સાથેજ વસવા લાગ્યો. તેથી ઘણો ખરાબ અને દુઃખી થયો હતો અને તેનો સદાચાર નાશ પામ્યો હતો. રાંડને રાજી રાખવા અને આજીવિકા ચલાવવા બાન પકડતો, જુગાર રમતો, ઠગાઈ અને ચોરી વગેરે નીચ કર્મ કરતો હતો. એ રાંડથી તેને

દશ પુત્રો થયા હતા, તેમને લાડ લડાવતો હતો અને રાંડનાજ કુટુંબનું અપવિત્રપણાથી પ્રાણીઓને દુઃખ આપી પોષણ કરતો હતો. એ રીતે કરતાં તેનું આયુષ અઠયાશી વર્ષનું થયું. નાનો પુત્ર નારાયણ નામનો હતો, તે એને બહુ પ્યારો હતો. તેને રમતાં જોઈ રાજી થતો, ખાતાં, પીતાં, જમતાં, અને જમાડતાં પ્યારથી બોલાવતો. એવી રીતે એ મૂર્ખ મૂઢ એના સ્નેહમાં બંધાયો હતો. તેમાં ઘણી આશક્તિથી મરણ અવસર પાસે આવેલો છતાં પણ જાણતો નહોતો. એ યથેષ્ટ રીતે ચાલનારો, આર્ય લોકોએ ધિક્કારેલો, પાપરૂપ જીવનવાળો, અપવિત્ર અને મલિન પદાર્થ ખાનારો શાસ્ત્ર માર્ગનું ઉલ્લંઘન કરી ઘણા કાળ સુધી વર્ત્યો. પાપનું પાછું પ્રાયશ્ચિત પણ કરેલું નહતું. એવો એ પાપી મરણ પથારીએ પડયો. યમદૂતો નરકમાં લઈ જવાને આવ્યા કે, જ્યાં શિક્ષા થવાથી પ્રાણીઓ પાપથી મુક્ત થાય છે. આ અજ્ઞાન અજામિલનું મન મરણ વખતે નારાયણ નામના પુત્રમાં ગયું. પાસ લઈ ઉભેલા યમદૂતોને જોઇને વ્યાકુળ થઇ, છેટે રમવા ગયેલા નારાયણ નામના પુત્રને લાંબા સાદથી બોલાવ્યો. મરતી વખતે તેમણે ધ્યાનપૂર્વક **નારાયણ** નામનો ઉચ્ચાર કર્યો, તે સાંભળીને ભગવાનના પાર્ષદો આવી ઉભા રહ્યા અને યમદૂતો અજામિલને હૃદયમાંથી ખેંચતા હતા તેને અટકાવ્યા. આ વખતે બંને વચ્ચે ધર્મ વિવાદ ચાલ્યો. યમદૂતોએ ધર્મનું જે તત્ત્વ અને લક્ષણ છે તેનું યથાર્થ વિવેચન કર્યું શિક્ષા કયા નિયમથી કરવામાં આવે છે અને શિક્ષા કરવાનું સ્થાન કર્યું છે, જે કોઈ કર્મ કરનારા છે તેઓ સર્વ શિક્ષાને યોગ્ય છે કે નહિ? એ આદિ વિવેચન કરી જણાવ્યું કે;—પૂર્વ કર્મના સંસ્કારથી પ્રકટ થયેલા રાગદ્વેષાદિક ગુણો બળાત્કારથી એ પરતંત્ર પડેલા જીવને કર્મ કરાવે છે અને તે કર્મને લીધે જીવને નોખા નોખા દેહ આવે છે. ધર્મને અધર્મરૂપ અદૃષ્ટને લીધે તે અદૃષ્ટને મળતું સ્થૂળ અને સૂક્ષ્મ (લિંગ) શરીર પ્રાપ્ત થાય છે. તે શરીર જો કે વીર્ય અને રૂધિર સરખાંજ છે, તોપણ કર્મની બળવાન વાસનાને લીધે માતા પિતાનાં શરીર સરખું થાય છે. જીવને આ સઘળી ખટપટ દેહાભિમાનથી થયેલી છે. તે દેહાભિમાન પરમેશ્વરનાં ભજનથીજ તરત મટે છે. ઇત્યાદિ વિવેચન ચાલ્યું હતું.

અજામિલે પૂર્વના પુણ્યથી મરતી વખતે **નારાયણ** નામનો ઉચ્ચાર ધ્યાનપૂર્વક કર્યો. તેથી ભગવાનના પાર્ષદોએ તેને યમદૂતો પાસેથી મૂકાવ્યો અને તેથીજ તેના પાપનો ક્ષય થયો તથા ભગવાનના પાર્ષદોના દર્શનથી વાસનાનો ક્ષય થયો. પાર્ષદો—સાધુ પુરૂષોના ક્ષણ માત્રના સંગથી જેને પરમ વૈરાગ્ય ઉત્પન્ન થયેલો, એવો અજામિલ પુત્રાદિકના સ્નેહરૂપ સર્વ બંધનમાંથી છૂટી પડી હરિદ્વારમાં ગયો. દેવલોકોનાં સ્થાનકરૂપ એ હરિદ્વારમાં બેસી યો-

ગનો આશ્રય કરીને સર્વ ઇંદ્રિયોને વિષયોમાંથી ખેંચી લેતાં અજામિલે મનને આત્મામાં જોડી દીધું. આત્માને દેહ અને ઇંદ્રિયાદિકથી જુદો પાડી તેને ચિત્તની એકાગ્રતાથી અનુભવરૂપ અને પરબ્રહ્મરૂપ ભગવાનના સ્વરૂપમાં જોડી દીધો. જ્યારે ભગવાનના સ્વરૂપમાં બુદ્ધિની નિશ્ચલતા થઈ, કે પોતાના દેહને ગંગાજીમાં ત્યાગી દઇને સ્વધામમાં ગયો. એ રીતે સઘળા ધર્મોનો નાશ કરનાર ગુનકા–રાંડનો પતિ અજામિલ દુષ્ટ કર્મ કરવાથી પતિત થયેલો અને નિયમો તોડવાથી નરકમાં લઈ જવામાં આવતો હતો, તેટલી વારમાં ભગવાનનું નામ ધ્યાનપૂર્વક મરણ અવસરે લેવાથી પાપનો ક્ષય થઇ યમદૂતથી મુક્ત થયો અને પછી વાસનાનો ક્ષય કરી નિરંતર ભગવાનમાં ચિત્ત લગાડી ધ્યાન કરવાથી જગતમાં દૃષ્ટાંતરૂપ અમર કીર્ત્તિ રાખી પરમપદને પ્રાપ્ત થઇ ગયો છે. માટે નિરંતર પુણ્યકર્મનો વધારો કરી પ્રભુનું કીર્ત્તન કરવું. એના કીર્ત્તન વિના કર્મને કાપનાર બીજું કોઈ પણ નથી. પ્રભુનું ધ્યાનપૂર્વક કીર્ત્તન કરવાથી મન પાછું કર્મમાં નહિ લાગતાં પરમ ધામની પ્રાપ્તી થાય છે. માનવો! મનુષ્ય દેહ ફરી ફરી મળવો મુશ્કેલ છે! વારંવારનાં જન્મ મરણના દુઃખમાંથી છૂટવાનું સાધન આ દેહજ છે. એ અમૂલ્ય સાધનરૂપ દેહથી સત્પુરૂષોએ બતાવેલા માર્ગે ચાલી નિરંતરનું સુખ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરો?!!

બ્રહ્મવેત્તા અવધૂત યોગી.

જડભરત.

આ પ્રસિદ્ધ મહારાજા પ્રિયવ્રત વંશીય ઋષભદેવ રાજર્ષિના પુત્ર. એની માતાનું નામ જયંતી હતું. સો ભાઇઓમાં એ સર્વથી શ્રેષ્ઠ અને જ્યેષ્ઠ હતા. આ ચક્રવર્તિ મહારાજા મહા પરાક્રમી, શૂરવીર, ધાર્મિષ્ઠ, દયાળુ, તેજસ્વી, વિદ્વાન, હિંમતવાન અને તત્ત્વેત્તા હતા. તેઓ અયોધ્યામાં રાજ્ય કરતા હતા. એના નામપરથી આ દેશનુ નામ ભારત વર્ષ પડેલું છે, વિશ્વરૂપનામે રાજાની પંચજની નામે પુત્રી સાથે એ પરણ્યા હતા. તેનાથી એને પોતાના સરખા સુમતિ, રાષ્ટ્ર ભૂત, સુદર્શન, આવરણ, અને ધુમ્રકેતુ નામે પાંચ પુત્રો થયા હતા. ભરત રાજાએ સ્વધર્મને અનુસરી પોતાના બાપદાદાની પેઠેજ પ્રજાનું ઉત્તમ પ્રકારે પાલન અને રક્ષણ કર્યું હતું. તેથી તેનો યશ પૃથ્વીમાં પ્રસરી રહ્યો હતો. ભરત રાજા એક વખતે શેત્રુંજયની ઉત્તર ભણી સેના લઇને, ત્યાંના મહા શક્તિવાન મલેચ્છ રાજા સાથે યુદ્ધ કરવાને ગયા હતા. તેમાં પહેલી લડાઇમાં હાર્યા, પણ પછી બીજી લડાઇમાં જીત્યા હતા. દુઃખની વેળાએ જેમ છોકરૂં પોતાની માતાભણી દોડી જાય છે, તેમ એ મ્લેચ્છ રાજા પોતાની

હાર થવાથી સિંધુ નદી ભણીના દેશોમાં નાશી ગયો હતો. ચોમાસું આવતાં ભરતને એક જગ્યોએ થોભવું પડ્યું હતું. ચોમાસું ઉતરતાં પોતાના પ્રધાન શુકને સિંધુ નદીની ઉત્તરમાં મોકલ્યો હતો. તેણે સમુદ્ર અને પર્વતની વચ્ચે એક કિલ્લો હતો તે જીતી લીધો હતો. ભરતના નાનાભાઈ બાહુબળના પુત્ર સોમ્યુસે ઋષદેવનું દેરૂં શેત્રુંજા ઉપર બંધાવ્યું હતું. ભરતે એ તીર્થના ખર્ચ માટે સૌરાષ્ટ્ર દેશની વાર્ષિક ઉપજ અર્પણ કરી હતી. ત્યારથી એ દેશ દેવ દેશ કહેવાતો હતો. આ મહારાજાએ અનેક પ્રકારના ઘણા યજ્ઞો કર્યા હતા. સર્વ કર્મ ફળો બ્રહ્મ યજ્ઞ પુરૂષ ભગવાનનેજ અર્પણ કરીદેવાના ડાહાપણથી તેમનું અંતઃકરણ શુદ્ધ થયું હતું. પરમાત્મા પ્રભુપર તેમની ભક્તિ પ્રતિદિન વધતી ચાલી હતી. ધર્મ નીતિથી ઘણા વર્ષ રાજ્ય ચલાવી, નિરંતર એક ઇશ્વરના ધ્યાનમાંજ કાળ ગુજારવાનો નિશ્ચય કર્યો. પૂર્ણ વૈરાગ ઉત્પન્ન થતાં, સર્વ સંપતિ અને રાજ્ય પોતાના પાંચે પુત્રોને વહેંચી આપ્યું. પુત્રો, રાજ્ય, અને ઘર સર્વે તજી પુલહ ઋષિના આશ્રમ—હરિક્ષેત્રમાં ગયા. એ ક્ષેત્રમાં ગંડકી નામે ઉત્તમ નદી છે. જેની શિલાઓમાં ઉપર અને નીચે નાભિવાળાં ચક્રો થાય છે. એપરથી એ નદીને ચક્ર નદી પણ કહે છે. એ ચક્રોથી આશ્રમનાં સ્થાનકો પવિત્ર થાય છે. આશ્રમમાં ભરત એકલાજ રહેના હતા, અનેક પ્રકારથી ભગવાનનું આરાધન કરતા હતા. સર્વે પ્રકારની તૃષ્ણાથી રહિત અને શાંતિથી પરિપૂર્ણ થઇને નિરંતર શ્રી ભગવાનનું પૂજન કરતા હતા. ભગવત્ ઉપર સ્નેહ વધતાં હૃદય પીંગળીને શિથિલ થઇ જતું હતું, આનંદના વેગથી શરીરનાં રૂવાડાં ઉભાં થતાં હતાં. ઇત્યાદિ પ્રકારથી તેનું ચિત્ત ભગવાનમાં પરિપૂર્ણ ચોંટી ગયું હતું. તેથી તેને પરમ સુખ પ્રાપ્ત થતું હતું.

એક દિવસે ગંડકી નદીમાં તપસ્વી ભરત સ્નાન સંધ્યા આદિ નિયમો કરી લીધા પછી ઓંકારનો જપ કરતા છ ઘડી સુધી નદીને કાંઠે બેઠા હતા. એ વખતે એક તૃષાતુર મૃગલી પાણી પીવાને આવી. ઘણી તૃષાથી પાણી પી હજુ તૃપ્ત થઈ નહોતી. તેટલામાં એક સિંહે ત્રાસ ઉપજાવે એવી ભયંકર ગર્જના કરી. એ ગર્જનાથી મૃગલી વિહ્વલ થઈ ચકર વકર જોવા લાગી, સિંહની બીકથી તેનું હૃદય અત્યંત વ્યાકુળ થઇ ગયું. તરશ છીપ્યા વગર તરતજ ભયથી સામા કિનારા તરફ ઠેકી ગઈ. મૃગલી ગર્ભણી હતી, ઘણા ભયથી ઠેકતાં ગર્ભ ચલાયમાન થઈ બહાર નીકળી નદીના પ્રવાહમાં પડ્યો. ગર્ભપાતથી મૃગલી પર્વતની ગુફામાં મરણ પામી. બચ્ચું પ્રવાહમાં તણાવા લાગ્યું, એ જોઈ માબાપે રઝળતાં મૂકેલાં છોકરાંને જેમ કોઈ તેનો બંધુ લઈ લે, તેમ ભરત એ અનાથ બચ્ચાંની માને મરી ગયેલી જાણી

દયાથી ઉપાડી આશ્રમમાં લાવ્યા. તેમની સારવારથી એ પોતાનુંજ બચ્ચું છે એવું દૃઢ અભિમાન બંધાઈ ગયું. પ્રેમથી ખડ વગેરે હાથે ખવરાવી ઉછેરવા અને ફાડી ખાનારા જાનવરોથી રક્ષણ કરવા લાગ્યા. બચી વગેરેથી લડાવવા અને ખંજવાળી રાજી કરતા હતા. એમ કરવાથી ધીરે ધીરે આસક્તિ બંધાઇ ગઈ. સ્નાન, ભગત્સેવા અને અહિંસા વગેરે યમ-નિયમો છૂટી જતા ગયા. આ મૃગના બચ્ચા સારૂ મારો સ્વાર્થ જાય છે એવો કદી વિચાર લાવ્યા નહિ, પણ માત્ર મારે આશરે આવેલાનું પાલન, પોષણ, લાડ લડાવવું અને રાજી રાખવું એ સર્વે મારેજ કરવું જોઇએ. અને શરણાગતનો અનાદર કરવામાં દોષ છે એવું સમજવા લાગ્યા. "શાંતિરૂપ સ્વભાવવાળા અને દિનદયાળુ મહા પુરૂષો આવી બાબતને માટે પોતાના મોટામાં મોટા સ્વાર્થ જતા રહેતા હોય, તોપણ તેઓને ગણકારતા નથી." ભરત આસક્તિથી મૃગના બચ્ચાને ક્ષણ પણ વિખૂટું રાખતા નહિ, ક્ષણ પણ ન દેખે તો શોકાતુર રહેતા અને હૃદય વ્યાકુળ થઇ જતું. તપસ્વી ભરત મૃગના બચ્ચાંરૂપે ભાસતાં પોતાના પ્રારબ્ધેજ યોગ અને ભગવત્પૂજનથી ભ્રષ્ટ કર્યા. જે ભરત રાજા પોતાનું રાજ્ય અને પુત્રોને પણ મોક્ષ માર્ગના શત્રુરૂપ સમજીને ત્યાગ કરી આવ્યા હતા, તેને મૃગના બચ્ચાં ઉપર આસક્તિ કેમ થાય ? એ તેના તપમાં વિઘ્નજ હતું અને તેથીજ યોગથી ભ્રષ્ટ થયા. મૃગનાં બચ્ચાના પાલણપોષણમાં લાગી રહેવાથી, તેમણે પોતાના આત્માની પણ ચિંતા રાખી નહોતી. આવી સ્થિતિમાંજ વિકાળ કાળ આવી પહોંચ્યો. મરણ સમયે મૃગના બચ્ચામાં મન રહી ગયું "મરણ સમયે જેવી મતિ તેવી ગતિ થાય છે." એ મહા વાક્ય પ્રમાણે ભરતની વાસના મૃગના બચ્ચાંમાં રહેવાથી તેને મૃગનો અવતાર આવ્યો. પણ પૂર્વ જન્મના પુણ્ય પ્રતાપથી આ અવતારમાં પૂર્વ જન્મનું સ્મરણ રહ્યું હતું. મૃગનો અવતાર આવવાનું જે કારણ હતું તે યાદ કરીને એ ઘણોજ પસ્તાવો કરવા લાગ્યા કે;—"અહો ! ભુંડું થયું ! હું જ્ઞાનીઓના માર્ગમાંથી ભ્રષ્ટ થયો. સઘળા સંગોનો ત્યાગ કરી એકાંત અને પવિત્ર વનમાં રહી યોગ માર્ગે સર્વ પ્રાણીઓના આત્મારામ ઇશ્વરનું ભજન કરતો હતો, શ્રવણ, મનન, કીર્ત્તન, આરાધના અને સ્મરણમાં લાગી રહેવાને લીધે કોઈ પહોર મારો વ્યર્થ જતો નહોતો. મન એકાગ્ર બની ઇશ્વરમાંજ લાગી રહ્યું હતું, પણ એ સઘળું મારી મૂર્ખાઇથી મૃગનાં બચ્ચાંની પછવાડે છેટે નીકળી ગયું." એવી રીતે છાના વૈરાગ્યથી પોતાની મા મૃગલીને કાલીંજર પર્વતમાં મૂકી દઇને ફરી હરિક્ષેત્રમાં આવ્યા. કોઇનો પણ સંગ થઈ જવાની ધાસ્તીથી એકલા ફરતા હતા. એમ કેટલાક દિવસ રહી ગંડકીના પ્રવાહ વચ્ચે ઉભા રહી મૃગ દેહનો ત્યાગ કર્યો.

આ પછી અંગિરાકુળના એક મહા વિદ્વાન, જ્ઞાની, અને ધર્મ સંપત્તિના આનંદવાળા ઉત્તમ બ્રાહ્મણને ત્યાં અવતાર થયો. અહીં પણ તેનું નામ ભરત પડયું હતું. આ બ્રાહ્મણના અવતારમાં રખેને પોતાના સંબંધીઓનો સંગ થઈ જાય! એવા ભયમાં રહેતા હતા. કોઈનો સંગ કરવાને ઇચ્છતા નહોતા. સ્નેહ એજ મોટું બંધન છે. કોઇ સાથે સ્નેહ ન થાય માટે સૌથી અલગ રહેવા લાગ્યા. એકમાત્ર પરબ્રહ્મનું નિરંતર ધ્યાન કરતા હતા. પૂર્વજન્મને સંભારતાં કોઇના સંગનું બંધન થાય, એવી શંકાથી લોકોને પોતાનું સ્વરૂપ ઉન્મત્ત, જડ, આંધળું, અને બેહેરૂં દેખાડવા લાગ્યા. તેના પિતાએ જનોઇ દીધું, વિદ્યાભ્યાસ કરાવવા માંડયો, પણ એ બ્રહ્મવેત્તાને કોઈ વિદ્યા કે કર્મકાંડ કશાપર ભાવ નહોતો; કેમકે એ પૂર્વ જન્મના પુણ્ય પ્રતાપે જ્ઞાનીજ હતા. તેના પિતાએ ઘણી માથા કુટ કરી, પણ પોતે જડવત્પણું બતાવી કશું શિખ્યા નહિ. પછી કોઈ ખવરાવેતો ખાય, કોઇ ઉઠાડેતો ઉઠે, નવરાવેતો નહાય, કુશકા, ફોતરાં, થંડું, સડેલું કે ગમે તેવું ખાવાને આપે તે પ્રાણને આધાર આપવા સારૂ અમૃત રૂપ જાણી ખાય. ઇત્યાદિ જડવત્ સ્થિતિ ઉપરથી તેનું નામ **જડભરત** પડયું હતું. કાળયોગથી તેનાં માબાપ મરણ પામ્યાં, તેના ભાઈઓ જડભરતના પ્રભાવને જાણતા નહોતા, તેઓ બ્રહ્મ વિદ્યા નહિ પણ કર્મ વિદ્યામાંજ પુરૂષાર્થ સમજતા હતા. પશુ જેવા પામર લોકો જડભરતને હે ઘેલા! હે જડ! હે બેહેરા! એમ કહી બોલવતા, ત્યારે જડભરત પણ તેને તેવાજ શબ્દોથી બોલાવતા હતા. કોઈ કામ કરવાનું કહે તો કર્યાજ કરે, ઉપાડવાનું કહે તો ઉપાડે, ખોદવાનું કહે તો ખોદે, કોઈ વેઠથી, ભીખથી, કે ઇચ્છાથી આપે, તે ગમે તેવું હોય તોપણ ખાય. તે માત્ર પ્રાણને આધાર આપવા ખાતા, પણ ઇંદ્રિયોને રાજી કરવા ખાતા નહિ, કોઇ બીજાથી ઉત્પન્ન થયો નથી અને કોઈ બીજાથી પ્રકટ થયેલ નહિ. એવા વિશુદ્ધ અનુભવ રૂપ પરમાનંદ આત્માની તેમને પ્રાપ્તી થઈ હતી તેથી માન કે અપમાન વગેરેથી થતાં સુખ કે દુઃખમાં તેમને કશું પણ દેહાભિમાન થતું નહિ. ટાઢ, તડકો, વાયું અને વરસાદમાં બળદની પેઠે ખુલ્લે શરીરે રહેતા હતા. શરીર મજબુત હતું, ધરતી ઉપર સુવાથી, મર્દન નહિ કરવાથી, અને નહિ નાહાવાથી લાગી ગયેલી ધૂળને લીધે વગર સાફ કરેલા મણિની પેઠે બ્રહ્મ તેજ સ્પષ્ટ જણાતું નહોતું. ખરાબ લુગડું કેડ ઉપર વીંટાળેલું હતું, જનોઇ મેલું હતું. તેમના ભાઇઓએ તેમને ખેતરના રક્ષણ માટે રાખ્યા, તો તે બોડાંની પેઠે રાત દિવસ સાંજ ઉભાજ રહેતા. તેથી એ કાર્યમાં તેઓ નિરૂપયોગી જણાયા હતા. સ્વભાવે શાંત અને શરીરે મજબુત જોઇ એક શુદ્ર રાજાના સિપાઇઓ તેમને દેવીને ભોગ આપવાને પકડી ગયા.

શરીરે ચંદન ચોપડી ફુલના હાર તેમને પહેરાવ્યા અને મિષ્ટાન ભોજન કરાવ્યું તે તેણે કર્યું. પછી દેવીની સમક્ષ બળિદાન દેવાને ઉભા રાખ્યા, ત્યાં પણ એક બ્રહ્મનું ધ્યાન કરતા ખુશીથી ઉભા રહ્યા. આવા બ્રહ્મ તેજવાળા મહા પુરૂષને શુદ્ર રાજા મારવા ખડ્ગ ઉગામી ઉભો રહ્યો, પૂજારે બળિદાન લેવાને દેવીની સ્તુતી કરી. દેવી શુદ્ર રાજાનું આવું કૃત્ય જોઈ ક્રોધાયમાન થયાં અને પ્રત્યક્ષ પ્રકટ થઇ ખડ્ગ લઇને એ પૂજારાને તથા રાજાને મારી નાંખી જડભરતનું સંરક્ષણ કર્યું. ઇશ્વિરી—દેવી ભક્તાધિન છે, તેભક્ત જનનો અપરાધ કરનારને શિક્ષા કરે છે. તે આવા જડભરત જેવા પરબ્રહ્મસ્વરૂપમાં લીન થયેલાને કેમ દુઃખી થવા દે! જે મનુષ્ય મહાપુરૂષોનું ભુંડું કરવાને ચાહે છે, તેનુંજ બધી રીતે ભુંડું થાય છે એ નિશ્ચય છે. આવા પરમહંસને પોતાનું માથું કપાવાના સમયમાં પણ જરાય સંભ્રમ ન થાય, એમાં કાંઈ આશ્ચર્ય નથી; કેમકે દેહાદિક પદાર્થોને આત્મા લેખવા રૂપ હૃદયની મજબૂત ગાંઠ તેઓએ છોડી દીધેલી હોય છે. સર્વ પ્રાણીઓના મિત્ર આત્મા રૂપ, વૈરરહિત તથા ભગવાનના નિર્ભય ચરણાર્વિંદના મૂળમાં રહેનારા લોકોનું સાક્ષાત્ ભગવાનજ રક્ષણ કરે છે.

જ્યારે જડભરત સંગના ભયથી બ્રહ્મ ધ્યાનમાં મગ્ન થયેલા જડરૂપે વનમાં ફરતા હતા. ત્યારે એક વખતે સિંધુ–સૌવીર દેશનો પતિ રહૂગણ રાજા મુમુક્ષુ હતો તે પાલખીમાં બેસી કપિલ મુનિના આશ્રમમાં જતો હતો, વચ્ચમાં ઇક્ષુમતી નદીને કાંઠે પાલખી ઉપાડનાર ભોઇ લોકોનો જમાદાર કોઈ ભોઇને વેઠે પકડી લેવાની તજવીજ કરવા લાગ્યો હતો. તપાસ કરતાં શરીરે મજબૂત, યુવાન, અને પુષ્ટ એવા જડભરતને પકડી લીધા. આ મહાત્મા જો કે એ કાર્ય કરવાને યોગ્ય નહોતા, તોપણ એ મહાયોગી બીજા ભોઇની સાથે પાલખી ઉપાડી ચાલવા લાગ્યા. કોઈ જીવ પોતાના પગ નીચે ચંપાઈ ન જાય, એની સંભાળ રાખતા એક બાણુ જેટલી જગ્યા જોઈ જોઇને ચાલતા હતા. તેથી બીજા ભોઈ લોકોની સાથે ચાલ સરખી નહિ આવવાથી પાલખી ખાંગી થઈ જતી હતી. એ જોઇને રહૂગણ રાજાએ ભોઇઓને કહ્યું કે, અરે! પાલખી ખાંગી કેમ થઈ જાય છે? સરખા ચાલો. રાજાનો ઠપકો સાંભળી ભોઇ લોકો દંડની બીકથી બોલ્યા કે;—"મહારાજા, અમે ગાફલ નથી, આપની આજ્ઞા બરાબર પાળી ચાલીએ છીએ, પણ આ નવો માણસ તરત ચાલતો નથી, આની સાથે અમે પણ ચાલી શકીશું નહિ. આ સાંભળી રહૂગણ રાજા જો કે વૃદ્ધ લોકોની સેવા કરનાર, અને જ્ઞાની જનની આજ્ઞાને અનુસરીને ચાલનારો હતો, તોપણ રજોગુણી અને રાજકીય સ્વભાવને લીધે, ક્રોધમાં આવી જઇને જડભરત કે જેનું બ્રહ્મતેજ રાખમાં ભારેલા અગ્નિની

પેઠે રપષ્ટ દેખાતું નહોતું તેને કહ્યું કે;—"હે ભાઈ! અફસોસ છે! તું નકી બહુજ થાકી રહ્યો છે! લાંબા માર્ગમાં તેં ઘણીવાર થયા એકલાએજ પાલખી ઉપાડી છે. તું બહુ જાડો નથી, શરીર મજબૂત નથી અને ઘડપણથી ઘેરાયલો પણ છો હે મિત્ર! આ તારા સોબતીઓ કાંઈ તારા જેવા નથી!" એવી રીતે રહૂગણે ઘણી મશ્કરી કરી, તોપણ તે જડભરતને પોતાના છેલ્લા દેહરૂપ ખોટું ઓઢું કે જે પાંચ ભૂત, ઇંદ્રિય, કર્મ અને અંતઃકરણ રૂપ માયાના પદાર્થોથી બનેલું છે. તેમાં હું અને મારૂં એવી ખોટી પ્રતીતિ હતી નહિ અને પોતે બ્રહ્મભૂત હતા. તેથી કાંઇ પણ ન બોલતાં આગળની પેઠેજ પાલખી ઉપાડી ચાલવા લાગ્યા. પાછી પોતાની પાલખી ખાંગી થઈ જતાં રહૂગણ રાજા રીસ કરીને બોલ્યો;—"અરે! આ શું તું જીવતે મુવેલો છે! તું મને નહિ ગણકારીને મારા હુકમનું અપમાન કરે છે! યમરાજા જેમ પ્રાણીઓને શિક્ષા કરે છે તેમ હું પણ તારી ગફલતને સારૂ શિક્ષા કરીશ, ત્યારે તું પાંશરો થશે." એ રીતે રહૂગણ રાજા કે જે રજોગુણ અને તમોગુણથી વધેલા અભિમાનને લીધે ગમે તેમ બોલતો હતો. તેને સર્વ ભૂત, ગર્વ રહિત, સર્વ પ્રાણીઓના મિત્ર, સર્વના આત્મા રૂપ અને યોગેશ્વર જડભરતે એ જાણે હસતા હોય એવી રીતે બોલ્યા કે;—હે રાજા! તેં જે કહ્યું છે તે પ્રમાણેજ છે. એમાં કાંઈ મારી મશ્કરી નથી. જો ભાર નામનો કોઈ પદાર્થ હોય, અને તે ઉપાડનારા દેહને લાગતો હોય તથા તે સાથે મારે કશો સંબંધ હોય તો તેં મારી મશ્કરી કરી એમ સમજું; પણ ભાર એ શું છે? અને દેહ એ શી ચીજ છે? તેનું નિરૂપણ થઇ શકતું નથી. ભાર કે દેહની સાથે મારે કશું લાગતું વળગતું નથી. માટે તારાં વચનોને હું મશ્કરી રૂપ સમજતો નથી, આત્માને પુષ્ટ છો એમ તો મૂર્ખ લોકોજ કહે છે; કેમકે પંચમા ભૂતના સમૂહ રૂપ દેહજ પુષ્ટ હોય છે, આત્મા પુષ્ટ નથી. જાડાપણું, દુબળાપણું, વ્યાધિ, આધિ, ક્ષુધા, તૃષા, ભય, કજિયો, ઇચ્છા, જરા, નિદ્રા, મૈથુન, અને અહંકારથી થતો મદ એ સઘળું જે ઘણી દેહની સાથે જન્મેલો હોય તેને હોય છે, પણ હું કે જે દેહની ભેળો જન્મેલો નથી એને એમાંનું કશું નથી. રાજન! હું એકલોજ જીવતે મુવો નથી પણ આખું જગત્ જીવતે મુવેલું છે; કેમકે ક્ષણે ક્ષણે જગત્ થતું જાય છે. અને મરતું જાય છે. ધણીપણું અને નોકરપણું એ જો અવિચળ હોયતો તારે આજ્ઞા કરવી અને મારે કામ કરવું એ ઘટે છે, પણ એ અવિચળ નથી. આ રાજા છે અને આ નોકર છે ઇત્યાદિ ભેદ બુદ્ધિનો અવકાશ વ્યવહાર સિવાય જરા પણ જોવામાં આવતો નથી. જો એવી વ્યવહાર દૃષ્ટિ છોડી દઇને વાસ્તવિક વિચાર કરીએ, તો તેમાં રાજા કોણ? અને તાબેદાર કોણ?

એ કાંઈ પણ નથી, તોપણ તારે રાજાપણાનું અભિમાન હોય તો તું કહે તેમ હું કરવા તૈયાર છું. હું છકેલો, ઘેલો, જડની પેઠે રહું છું અને બ્રહ્મપણું પામ્યો છું. તેને દંડથી અથવા શિખામણથી શું થવાનું છે? કેમકે જીવન્મુક્તને અર્થે એમાંનું કાંઈ નથી, કદાચ હું જીવન્મુક્ત નથી, પણ અક્કડ અને ઘેલોજ છું, તોપણ દળેલાને દળવાની પેઠે મારા ઉપર દંડ કે શિખામણ એ સઘળું વ્યર્થજ છે. કેમકે જડ સ્વભાવના મનુષ્યને કોઈ રીતે ડાહ્યો કરી શકતો નથી.

જડભરત સ્વભાવથીજ શાંત અને દેહાભિમાન કરાવનારી અવિદ્યાથી મુક્ત થયેલા હતા. અને સુખ દુઃખાદિને ભોગવી લઈને પ્રારબ્ધનો ક્ષય કરતા હતા. અભિમાનને તોડનારાં અને યોગના ગ્રંથોને અનુસરતાં તેનાં વચનો સાંભળીને રહૂગણ રાજા જે તત્ત્વ જ્ઞાન મેળવવાને ઇચ્છિતો હતો. એ તરત તે કોઈ મહાત્મા છે એમ જાણી ગયો. પાલખીમાંથી નીચે ઉતરી તેના ચરણમાં શીશ મૂકી ક્ષમા માગતો બોલ્યો કે;—તમે છાના ફરનારા કોણ છો? ક્યાંથી આવો છો? કયા મુનિવર છો? ગુરૂ દત્તાત્રેય વગેરે અવધૂતોમાં કયા અવધૂત છો? અહીં શા માટે નીકળી આવ્યા છો? અને કોના પુત્ર છો? એ કૃપા કરી કહો. હું ઇંદ્રનાં વજ્રથી, મહાદેવના ત્રિશૂળથી અને યમના દંડ, એ કશાથી બીતો નથી, પણ હું બ્રાહ્મણના કુળનું અપમાન કરવાથી બહુજ બીઉં છું. માટે જ્ઞાનરૂપ છાના પ્રભાવવાળા આપ કે જે જડની પેઠે ફરો છો, તે કોણ છો એ મને કહેશો. દિનબંધુ! હું કે જે રાજાપણાના અભિમાનથી મહાત્માઓનો તિરસ્કાર કરનાર છું, તેના ઉપર સ્નેહ દૃષ્ટિ કરો, કે જેથી મહાત્માઓના અપમાન કરવા રૂપ પાપમાંથી મુક્ત થાઉં. જડભરતે તેનાં આવાં દિન વચનોપર દયા કરી કહ્યું કે;—રાજન્! ચેત? ચેત?

શ્લોક.

જન્મદુઃખંજરાદુઃખં, જાયાદુઃખંપુનઃપુનઃ ।
અંતકાલેચમહાદુઃખં, તસ્માત્જાગૃહિજાગૃહિ ॥
માતાનાસ્તીપિતાનાસ્તી, નાસ્તીબંધુસહોદરઃ ।
અર્થનાસ્તીગૃહનાસ્તી, તસ્માત્જાગૃહિજાગૃહિ ॥

આનો અર્થ સમજી શકાય એવો છે. સર્વ નાશવંત છે, માટે હે રાજન્ જાગૃત થા! એમ કહી તત્ત્વ બોધ કર્યો. તેથી તેના સર્વ સંદેહ મટી ગયા. અજ્ઞાનતાથી થઇ ગયેલા દેહાભિમાનને છોડી દઇ, એ બ્રહ્મ સ્વરૂપને પામ્યો. અહો! મહા પુરૂષના સંગનો કેવો પ્રતાપ! જડભરત રહૂગણને બ્રહ્મજ્ઞાન આપી પૃથ્વીમાં એજ સ્થિતિમાં ફરતા હતા. સર્વ કર્મનો ક્ષય થતાં પરમ જ્ઞાનથી મુક્તિને પામ્યા.

હતા. અહો! ધન્ય છે જડભરત જેવા મહાત્માને! કે જે પોતાના અખંડ ઉદ્યોગ અને ખંતથી પરમ પદને પામી જગત્‌માં એક દૃષ્ટાંત્ રૂપ અમર કીર્તિ રાખી ગયા છે.

પરમ જ્ઞાનથી પુત્ર શોક તજી અમોઘ સિદ્ધિ પામ્યો.

ચિત્રકેતુ.

આ અતિ પ્રખ્યાત રાજન્ શૂરસેન દેશમાં રાજ્ય કરતો હતો. રૂપ, ઉદારતા, અવસ્થા, સુકુળમાં જન્મ, વિદ્યા, ઐશ્વર્ય અને લક્ષ્મી વગેરે સઘળા ગુણોથી સંપન્ન હતો. એમને ઘણી સ્ત્રીઓ હતી, પોતે શરીરાદિકથી સમર્થ હતો, તોપણ કાંઇ સંતાન નહોતું. તેથી ઘણો ઉદાસ રહેતો હતો. સઘળી સંપત્તિઓ, રૂપાળી સ્ત્રીઓ, અને રાજ્ય એ કશાથી આનંદ પામતો નહોતો. તેવામાં ઇશ્વર કૃપાથી એક દિવસે મહાત્મા અંગીરાઋષિ લોકોમાં ફરતા ફરતા યદચ્છાથી તેમને દ્વાર આવ્યા. રાજા ઉઠી સામો તેડવા ગયો, લાવી વિધિથી પૂજા આદિક સત્કાર અને આતિથ્ય કરી યોગ્ય આસને બેસાડ્યા, પોતે પણ એ સામે સાવધાન થઈ બેઠો. અંગિરા ઋષિએ તેમનુ અને તેમના રાજ્યના અંગોનું આરોગ્યાદિક પૂછી, પછી તેમને થતી ચિંતા વિષે પૂછ્યું. ઋષિ સર્વજ્ઞ હતા, તોપણ ચિત્રકેતુએ કહ્યું કે;—મહારાજ! આપ જાણો છો. મને રાજ્ય કે ઐશ્વર્ય વગેરેથી આનંદ મળતો નથી. હું કે જે પુત્ર ન હોવાથી મારા પૂર્વજોની સાથે નરકમાં પડેલો છું, તેનું રક્ષણ કરો. પ્રજાની પ્રાપ્તી થઇને અમે આ નરકમાંથી તરી જઇએ, એવો ઉપાય કરી આપો. ઇત્યાદિક રાજાએ પ્રાર્થના કરતાં, દયાળુ અંગિરા મુનિએ ત્વષ્ટા દેવતાનો ચરૂ રાંધીને તેથી ત્વષ્ટા દેવતાનું પૂજન કર્યું. પછી રાજાની સઘળી રાણીઓમાં મોટી અને શ્રેષ્ઠ કૃતદ્યુતિ નામે રાણી હતી, તેને એ પૂજનમાંથી અવશેષ રહેલું અન્ન ખવરાવ્યું. પછી રાજાને કહ્યું કે;—"આથી તમને એક પુત્ર થશે અને તે તમને હર્ષ તથા શોક એ બંને આપશે." એવાં વચનો કહી બ્રહ્માના પુત્ર અંગીરાઋષિ ત્યાંથી ગયા. કૃતદ્યુતિ રાણીને તે અન્ન ખાવાના પ્રભાવને લીધે ચિત્રકેતુ રાજાના વીર્યથી તરત ગર્ભ રહ્યો. શૂરસેન દેશના સ્વામી ચિત્રકેતુના વીર્યથી રહેલો તે કૃતદ્યુતિનો ગર્ભ શુકલપક્ષના ચંદ્રમાની પેઠે ધીરે ધીરે વૃદ્ધિ પામવા લાગ્યો. સમય આવતાં કુંવરનો જન્મ થયો. જે સાંભળી શૂરસેન દેશના લોકોને મોટો આનંદ થયો. કૃતદ્યુતિ રાણીને પુત્ર થવાથી તેની બીજી શોકયો બળ્યા કરતી હતી, તેમણે દ્વેષથી કુંવરને ગુપ્તપણે ઝેર દીધું. તેથી પુત્ર મરણ પામ્યો. આ મોટા બ-

નાવથી રાજા અને કૃતદ્યુતિ રાણી કાળજાં ફાટી જાય એવું અપાર રૂદન કરવા લાગ્યાં. એ જોઈ પ્રજા અફસોસમાં પડી, રાણી છૂટા કેશ મૂકી ટીટોડિની પેઠે ઉંચે સાદે શોક કરવા લાગી. હે બાપ! હું કે જે રાંક અને અનાથ છું, તેનો તારે ત્યાગ કરવો જોઇતો નથી! શોકથી તપી ગયેલા આ તારા પિતા સામું જો. પુત્ર! તું જીવતો થઇ, તારી કોમળ વાણી સંભળાવ. જે નરક અપુત્ર મનુષ્યને તરવું કઠણ પડે છે, તે અમે તારાથી સહેજ તરી જઇએ. પુત્ર! તું નિર્દય યમની સાથે દૂર જતો નહિ. રાજ્ય કુમાર! ઉઠ, તું ઘણીવાર થયાં સૂઈ રહ્યો છે, ભૂખ બહુજ લાગી હશે, માટે સ્તનપાન કર અને અમે કે જે પોતાનાં છીએ, તેઓનો શોક મટાડ. પુત્ર! સુંદર હાસ્યવાળાં અને આનંદ ભરેલી દૃષ્ટિવાળાં તારાં મુખ કમળને હું અભાગણી જોઈ શકી નહિ. અરે! હું તારી મનોહર વાણી સાંભળતી નથી. અરેરે! પરલોક કે જ્યાંથી પાછું અવાતું નથી, ત્યાં તું ગયો કે શું? નિર્દય યમ તને લઈ ગયો કે શું?!"

એ રીતે કૃતદ્યુતિ રાણી વિલાપ કરતી હતી. બહુજ દુઃખ પામેલો ચિત્રકેતુ રાજા પણ ગળું છૂટું મૂકીને રૂદન કરતો હતો. આ પ્રમાણે પુત્ર મરણથી ચિત્રકેતુ રાજાને અત્યંત દુઃખિત, મૂર્છિત, અને અનાથ જાણી અંગિરામુનિ નારદજી સાથે ત્યાં આવ્યા. બંને મહાત્માઓએ કહ્યું કે;—રાજન્! તું જેનો શોક કરે છે તે આ તને કોણ થાય છે? અને આ સૃષ્ટિમાં તું આને કોણ થાય છે? પૂર્વ જન્મમાં, આ જન્મમાં અને હવે પછીના ભવિષ્ય જન્મમાં તારો અને આનો સંબંધ કેવો હતો, કેવો છે, અને કેવો થશે? જેમ પ્રવાહ વેગથી રેતી જુદી પડી જાય છે અને ભેળી થાય છે, તેમ કાળના વેગથી પ્રાણીઓ જુદાં પડે છે અને ભેળાં થાય છે. પૂર્વ જન્મે જે પ્રાણીઓ પિતા વગેરે રૂપથી ભેળાં હતાં, તેઓજ મરણથી જુદાં પડીને વર્તમાન જન્મમાં કોઇ સમયે તેનાંજ અને કોઇ સમયે બીજાનાં પણ પુત્રાદિ થાય છે. તેઓજ વળી જન્માંતરમાં તેનાંજ અથવા બીજાનાં સ્ત્રી, પુત્ર શત્રુ, મિત્ર વગેરે થાય છે. માટે આ તારો પુત્ર અને તું એનો પિતા એવો નિયમ છેજ નહિ. જેમ એક બીજમાંથી બીજાં બીજ ઉત્પન્ન થાય છે, કોઈ સમયે ઉત્પન્ન થતાં નથી અને કોઈ સમયે નાશ પણ પામે છે. માટે જેમ બીજમાં પિતા, પુત્ર વગેરેનો સંબંધ નથી, તેમ પ્રાણીઓમાં પણ પિતા, પુત્ર વગેરેનો સંબંધ નથી. તેથી શોક કરવો નહિ જોઇએ. ભગવાનની માયાની પ્રેરણાથીજ થવું અને ન થવું છે, પણ વાસ્તવિક રીતે કાંઇ નથી. અમે, તું અને વર્તમાનકાળનાં આ સ્થાવર-જંગમો જેમ જન્મથી પહેલાં નહિ હતાં અને મરણ પછી નહિ હશું, એવી રીતે હમણાં

પણ નથીજ. સ્વપ્ન જેમ આદિ અને અંતમાં નહિ હોવાથી ખોટું છે, તેમ આ જગત પણ આદિ અને અંતમાં નહિ હોવાથી ખોટું છે. મરણ પદાર્થ સર્વને સાધારણ છે. તેથી પુત્રનોજ શોક કરવો રહેતો નથી. અજન્મા ઈશ્વર જો કે પોતે નિરપેક્ષ છે, (કશાની પણ ગરજ વગરના છે.) તોપણ બાળકની પેઠે લીલાવતે પોતે સર્જેલાં પરતંત્ર પ્રાણીઓથી બીજાં પ્રાણીઓને સર્જે છે, પાળે છે અને નષ્ટ કરે છે. આ સઘળી માયાની સૃષ્ટિ છે. તેથી હું આનો બાપ અને આ મારો પુત્ર ઈત્યાદિક અભિમાન, કેવળ પ્રતીતિ માત્રને લઈને છે. જેમ એક બીજમાંથી બીજાં બીજ થાય છે, તેમ માતા પિતાના દેહમાંથી પુત્રનો દેહ થાય છે. માટે બીજમાં જેમ પૃથ્વી વગેરે મૂળતત્ત્વો એનાંએજ રહે છે, તેમ શરીરમાં પણ આત્મા એનો એજ રહે છે. જેમ જાતિ અને આકૃતિના વિભાગની કલ્પના એકજ વસ્તુમાં થયેલી છે, તેમ દેહ અને દેહીના વિભાગની કલ્પના પણ એકજ વસ્તુમાં અનાદિકાળનાં અજ્ઞાનથી થયેલી છે. વાસ્તવિક રીતે બ્રહ્મજ એક સત્ય વસ્તુ છે. તેમાં અનેક પ્રકારની ખોટી કલ્પનાઓ થયેલી છે. માટે શોક કરવો યોગ્યજ નથી.

ઈત્યાદિ ઉપદેશથી ચિત્રકેતુ રાજા તળાવના ગારામાંથી જેમ હાથી નીકળે, તેમ ઘરરૂપી ઉંડા કૂવામાંથી નીકળ્યો. આ જીતેંદ્રિય રાજાને નારદજીએ પ્રસન્ન થઇ ઉપનિષદ્ વિદ્યાનો ઉપદેશ કર્યો. પછી બંને મહાત્મા પોતપોતાના આશ્રમે ગયા. ચિત્રકેતુ રાજા રાજ, સ્ત્રી આદિ સર્વ સંગ ત્યાગ કરીને યમુના કિનારે અનુષ્ઠાન કરતા રહ્યા. ઘણા તપ પ્રભાવથી તેને અમોઘ સિદ્ધિ પ્રાપ્ત થઈ. તે યોગથી બીજા જન્મમાં વિદ્યાધરનું આધિપત્ય પ્રાપ્ત થયું. વિમાનમાં બેસી આકાશ માર્ગે ભ્રમણ કરતો હતો. ફરતાં ફરતાં સિદ્ધ, દેવ, અને ઋષિઓના સમુદાયના મધ્ય ભાગે પાર્વતી સાથે સદાશિવ બેઠા હતા, ત્યાં ગયો. દૈવયોગથી તેને કુબુદ્ધિ ઉત્પન્ન થતાં મહાદેવની મશ્કરી કરવાથી પાર્વતીજીએ શાપ આપ્યો. તેથી એ વૃત્રાસુર નામે અસુર યોનિમાં જન્મ્યો હતો, પરંતુ પૂર્વ કર્મના સુસંસ્કારથી તેને પૂર્વ જન્મનું સ્મરણ રહ્યું હતું. જ્ઞાન, વિજ્ઞાન યુક્ત રહેવાથી તેમની બુદ્ધિ ઈશ્વરમાંજ રહી હતી. તેથી કેટલોક કાળ પૃથ્વીપર રહી અંતે પરમ ગતિને પામ્યો હતો.

ચંદ્રવંશી રાજાઓના મૂળ પુરૂષ.

ધર્મવીર--પુરૂરવા.

આ મહા પ્રભાવશાળી મહારાજ સત્યયુગમાં થયો. એ ચંદ્રના પૌત્ર અને બુધના પુત્ર થાય. એ ઈક્ષ્વાકુની બેન ઈલા થકી ઉત્પન્ન થયો હતો. આ

પરમ પ્રતાપી પુરૂષ મહા ધાર્મિક, દયાળુ, સર્વ વિદ્યામાં નિપુણ, બુદ્ધિવાન, સુશીલ, પરોપકારી, મહા શૂરવીર, ધનુર્વિદ્યામાં કુશળ અને પ્રજા રંજન અને રક્ષણમાં તત્પર રહેતો હતો. આ પ્રતાપી મહારાજાએ પોતાના ચંદ્રવંશની ગાદી પ્રયાગ—પ્રતિષ્ઠાનપુરમાં સ્થાપન કરી હતી. એ ચંદ્રવંશમાં અતિ પ્રખ્યાત રાજા થયો. એનાથીજ ચંદ્રવંશનો વિસ્તાર વધ્યો. આ સકલ ગુણ સંપન્ન રાજાના વિચારો કોઈ જાણી શકતું નહિ, પણ એ પરાયા વિચાર જાણી લેતો એવો ચતુર હતો. ઉત્તમ ઉત્સાહ અને પ્રભુપણાંની શક્તિ તેનામાં નિરંતર રહેતી હતી. સઘળા વર્ણ અને આશ્રમોને સ્વધર્મમાં રાખી રાજ્ય કરતો હતો. તેમણે દક્ષિણાવાળા ઘણા યજ્ઞો કર્યા હતા અને દાનો પણ અનેક આપી દાનવીર ગણાયો હતો. દેશમાંથી ઘણા અધાર્મિ દૈત્યોને મારી નાંખી મનુષ્યોને તેમની પીડાથી મોકળા કર્યા હતા. તેથી તેમની કીર્તિ ઇંદ્ર સભામાં ગવાતી હતી. આ પરમ વૈષ્ણવ ભક્ત હતો. તેમની ગતિ પૃથ્વીમાં તેમજ સ્વર્ગમાં અંકુહિત હતી. સર્વ પ્રજા જન ખેતી, વેપારાદિ નાના પ્રકારની ચઢતી થવાના સુખદાયી ધંધા પકડીને વગર હરકતે પોતાનો ગુજનરો કરી શકે એવા પ્રકારની તેમને વિદ્યાવાળી કરી હતી. પ્રજામાં વિદ્યા, હુન્નરની વૃદ્ધિને લીધે દેશમાં સમૃદ્ધિનો વધારો થયો હતો. આ મહારાજના ધર્મ રાજ્યમાં કોઇના ઉપર જુલમ ગુજરતો નહિ. કોઇ કોઇનું હરણ કરવામાં પ્રવૃત્ત થતા નહિ, પ્રાણ જાય તોપણ કોઈ જુઠું બોલતાં નહિ, બીજાને ઠગવામાં રાજી થતા નહિ અને કોઈ કોઇની હિંસા, દ્વેષ કરતા નહિ. સૂર્યનારાયણ જેમ અંધકારનો વિનાશ કરીને ભૂમંડળમાંના સર્વ પ્રાણીઓને આનંદ આપે છે, તેમ પુરૂરવા મહારાજ પણ યથાવિધિ શિક્ષણ આપીને પ્રજા મંડળના અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરતો હતો. જગતમાંથી સર્વ મનુષ્યોની અજ્ઞાનતાનો નાશ થાય, સર્વમાં તત્વજ્ઞાન પ્રબળ થાય, સર્વ મનુષ્યોના મનોરથો ઉદય થતાંજ બર આવે અને સર્વ જગાએ સર્વાવસ્થામાં સર્વ આનંદ સાગરમાં નિમગ્ન થાય, એમ સર્વને પૂર્ણાવસ્થામાં આવેલા જોવાને સદાકાળ ઇચ્છિતો હતો અને તે પ્રમાણે કરવાને બનતો પ્રયત્ન કરતો હતો. ઇત્યાદિથી દેશમાં પરમ સુખનો ઉદય થયો હતો. પ્રજા મંડળ રાત્રિ દિવસ આનંદ નીરમાં મગ્ન રહેતું હતું. સુરપતિ—ઇંદ્ર જ્યારે અસુરોની જોડે મોટા સંગ્રામમાં ઉતરતા, ત્યારે એ વિશેષ સહાયની આશાથી એમને ઘણા માનપૂર્વક સેનાપતિ કરતા હતા; એ રીતે પરસ્પર કાર્યમાં મદદ કરતા. તેથી સુરલોક અને મર્ત્ય લોક ઘણા સુખનું મંદિર થયું હતું. સુરપતિ—ઇંદ્ર પુરૂરવાપર અતિ સ્નેહ રાખતા હતા. આ મહારાજપર વિષ્ણુ ભગવાનનો પણ અતિ પ્રેમ હતો. આવા તેના પ્રભાવથી દૈત્ય, દાનવો આદિ દુષ્ટો ત્રાસ પામીને

નાશી જતા હતા, એવો એ પરાક્રમી અને પ્રતાપી રાજા હતો.

એક સમયે મહા પ્રતાપી મહારાજ પુરૂરવા ગંગા કિનારે સૂર્ય દેવની આરાધના કરીને રાજ મંદિર તરફ રથમાં બેસી જતો હતો. થોડે દૂર ગયો નહોતો, એટલામાં 'આકાશ તળે વસનારાઓ! દેવતાના પક્ષપાતી મહાત્માઓ! રક્ષા કરો, રક્ષા કરો,' આવા શબ્દો સાંભળી રાજાએ જાણ્યું કે, કોઇ શાંત પ્રકૃતિ, સત્ સ્વભાવવાન મનુષ્ય કોઇ જાતની વિપદ્‌માં પડેલ છે, તેથી કરૂણમય શબ્દથી કહે છે. એવા મનુષ્યને દુઃખમાંથી મુક્ત કરવું એ મારૂં કર્ત્તવ્ય છે.' એવો દૃઢ નિશ્ચય કર્યો. જે તરફથી અવાજ આવતો હતો, તે તરફ જઇ જોયું તો મહા અનુપમા રૂપ સુંદર અપ્સરાઓ મહા વ્યાકુળ ચિત્તે રૂદન કરતી દીઠી. તેમની આવી દુઃખદ્ અવસ્થાથી વિચાર કર્યો કે;—હું ચંદ્રવંશનો પુરૂરવા રાજા અહીં હોવા છતાં કિયો દુષ્ટ અપ્સરાને ક્લેશ આપે છે? સુંદરિઓ! કહો, કોના ભયથી તમારી રક્ષા કરૂં?' અપ્સરાઓએ કરૂણ વચનથી કહ્યું, 'મહારાજ! ઉગ્ર તપસ્વીઓની સમાધિ તોડનાર સુકુમાર અમોઘ બાણ અમારી સખિ ઉર્વશી કોઈ કારણને લીધે કૈલાશ શિખરપર ગઈ હતી; ત્યાંથી પાછાં આવતાં રસ્તામાંથી એક કેશી નામે દુષ્ટ દાનવ ચિત્ર લેખા નામની બીજી એક સખિ સાથે બળ પૂર્વક હરણ કરી ગયો છે.' નરપતિ અસુરોનો ઉપદ્રવ સાંભળતાંજ ક્રોધથી લાલ ચોળ થઈ ગયો. પછી તેમને શાંત પાડવાને કહ્યું;—'સુરવિલાસિનીઓ! વિપદ્‌કાળમાં ધીરજ રાખો, આ વેળાએ ઘણાંજ અધીર થયાથી અંતરના ક્લેશ સિવાય બીજો કંઈ લાભ થતો નથી; માટે તમે શોકનો વેગ સમાવો. એ દુરાત્માને હું સગ્ન કરીને તમારી પ્રિય સખિઓને પાછી લાવી આપીશ.' આવાં નરપતિનાં વચનો સાંભળી અપ્સરાઓ કહેવા લાગી;—'આપે જે વંશમાં જન્મ લીધો છે, તેના યોગ્ય આપનાં આવાં વાક્ય છે.' આ પછી રાજાએ એ દુષ્ટ પાછળ પોતાના રથના ઘોડા દોડાવી મૂક્યા. રંભા, મેનકા, અને સહજન્યા અપ્સરાઓ મહારાજ વિજય કરી આવે ત્યાં સુધી વાટ જોતી હેમકૂટ પર્વતના શિખરપર જઈ બેઠી.

ઉર્વશીની ઉત્પત્તિ વિષે એવી હકીકત છે કે;—પૂર્વે નરનારાયણ ભગવાને બદ્રિકાશ્રમમાં તપશ્ચર્યા કરી હતી. તેને છળવાને ઇંદ્રે રંભા, મેનકા આદિ અપ્સરાઓને મોકલી હતી, પણ એ મહાત્મા એના મોહમાં ફસાય એવા નહોતા. તેણે પોતાના તપ પ્રભાવથી ઇંદ્રનું માન ખંડન કરવાને, પોતાની જાંઘ ઉપર ફૂલ મૂકીને તેમાંથી એક ત્રિભૂવન-રૂપ-ગર્વ તોડનારી અનુપમા સ્ત્રીને ઉત્પન્ન કરી. જેને જોતાંજ અપ્સરાઓ લજ્જિત થઇને જતી રહી હતી. આ ઉત્પન્ન થયેલી સ્ત્રી તે ઉર્વશી નામથી પ્રસિદ્ધ થયેલી છે. એને

નરનારાયણે ઈંદ્રને સ્વાધિન કરી હતી. એજ ઉત્કૃષ્ટ અપ્સરા એક પ્રસંગે જ્યાં મિત્રા-વરૂણ તપ કરતા હતા, ત્યાં જઇ ચડી હતી. તેનાથી તેનું તપ ભંગ થતાં, મહાત્માએ તેને પૃથ્વીપર પડવાનો શાપ આપ્યો હતો. એજ મનમોહક અપ્સરા કેશી દૈત્યના હાથમાં સપડાઈ હતી, તેનો છૂટકારો દાનવનો પરાજ્ય કરી મહારાજા પુરૂરવાએ કર્યો. ઉર્વશી સાથે મહારાજા હેમકૂટ પર્વતપર આવવા નીકળ્યો. ઉર્વશી દુષ્ટ દાનવની ભયંકર મૂર્તિ જોઇને ભયથી ગભરાઈ ગઈ હતી. અસુરના હાથથી છૂટયા છતાં પણ મુગ્ધ અને બેશુદ્ધ થઈ પડી હતી. ચિત્રલેખા નામની સખિ સાથે હતી, તેણે તેને કહ્યું, 'સખિ! ધીરજ ધર, શરણાગત રક્ષિતા મહારાજ પુરૂરવાએ દેવ દ્વેષી દુષ્ટ દાનવથી મુક્ત કરી આપણને અભયપણું આપ્યું છે. આ સાંભળી ઉર્વશી શુદ્ધિમાં આવી, નેત્ર ઉઘાડી રાજા સામું જોતાં તેની મનોરમ મધુરાકૃતિથી મોહિત થઈ ગઈ. મનમાં ને મનમાં કહેવા લાગી, "આહા! આખા જન્મારામાં આવી રૂપ માધુરી કદી પણ મારા જોવામાં આવી નથી! હમણા અસુરે કરેલા અપકારથી તેમનો મોટો ઉપકાર થયો છે. આ મહારાજાના રૂપ, ગુણ, ઉદારતા,શીલ, ધન અને પરાક્રમનાં વખાણ ઘણીવાર મેં ઇંદ્રસભામાં થતાં સાંભળ્યાં છે. તેજ મહારાજના ઉપકાર તળે હું આવી છું." ઇત્યાદિ કલ્પના કરીને તેમણે એ સાથે વરવાનો મનમાં નિશ્ચય કર્યો. મહારાજ પણ ઉર્વશીનું અલૌકિક લાવણ્ય અને અનુપમ રૂપ, ગુણ જોઈ મોહ પામી વિચારવા લાગ્યો કે:—'આ અનુપમ મોહન મુર્તિના સૌન્દર્ય સમાન ત્રૈલોક્યમાં પણ કોઇ નથી.' ઇત્યાદિ વિચાર કરતાં હેમકૂટ પર્વતપર જ્યાં અપ્સરાઓ બેઠી હતી ત્યાં આવી પહોંચ્યો. અપ્સરાઓ ઉર્વશીને મળી આનંદ પામી. સર્વેએ મહાનુભાવ મહારાજાનો ઉપકાર માન્યો. એટલામાં ઉર્વશીને બચાવવાને ઇંદ્રે મોકલેલો ચિત્રરથ લશ્કર લઇને આવ્યો. પુરૂરવા મહારાજે તેમનો સત્કાર કર્યો અને ચિત્રરથે મહારાજ ઉર્વશીને દુઃખમાંથી છોડાવી લાવ્યા માટે તેમનો મોટો આભાર માન્યો. પછી ચિત્રરથના કહેવાથી સર્વે અપ્સરાઓ નરપતિની રજા મેળવી સ્વર્ગ પ્રત્યે ઇંદ્ર પાસે ગઈ. ઉર્વશીનું મન મહારાજમાં લાગી રહ્યું હતું. તેથી તેમણે જતી વખતે ચિત્રલેખા મારફતે કેટલાંક વિનય વચનો જણાવ્યાં હતાં અને વારંવાર રાજા તરફ નજર કરતી પોતાની સખિઓ સાથે ચાલી જતી હતી. મહારાજ પણ જે દિવસથી તેને જોઇ હતી, તે દિવસથી તેના વિચારમાં મગ્ન હતો. જ્યારે સભા મંડપમાં સભાસદોથી વીંટાઇને રાજ્ય કાર્યમાં લાગેલો રહેતો હતો, ત્યારે ઉર્વશી સંબંધી વિચારથી ઘણો વ્યાકુળ થઈ શકતો નહોતો, પરંતુ જ્યારે સર્વ રાજ્ય કાર્ય પૂરૂં કરીને વિશ્રામ લેવા માટે અંતઃપુરમાં જતો, ત્યારે શ્રમની શાન્તિ તો થતી એક

બાજુએ રહેતી, પણ પ્રબળ અંતરના દાહથી તે દુઃખિત થતો હતો અને ખાવા, પીવા ઉપર નિરૂત્સુકતા જણાવતો હતો.

ઉર્વશી પણ સર્વ વિષયમાં નિસ્પૃહ થઇને કેવી રીતે ભૂપતિની જોડે સમાગમ થાય! એવા વિચારથી ચિંતાતુર રહેતી હતી. ધીરેધીરે રાજાના દર્શનની ઇચ્છા પ્રબળ થતાં વ્યાકુળ થઇ જતી હતી. છેવટ એક વખતે પોતાની સખિ ચિત્રલેખાને સાથે લઇ મહારાજનાં દર્શને આવી હતી, પણ તરતજ દેવદૂતે આકાશમાં રહી કહ્યું કે;—'ચિત્ર લેખે! મહર્ષિ ભરતે તમને જે સુંદર નાટક શીખવ્યું છે, તે આઠ રસથી ભરપૂર પ્રબંધ સાંભળવા માટે દેવરાજ—ઇંદ્ર ઘણા ઉત્સુક થયા છે. માટે તમે ઉર્વશીને લઇને જલદી ચાલો'—દેવદૂતે આવાં વચનો કહ્યાં એ સર્વેએ સાંભળ્યાં. ઉર્વશી આથી પોતાના અદૃષ્ટને મનમાં ગાળો દેતી દેતી, પોતાની સખિ ચિત્રલેખા સાથે દેવલોકમાં ગઈ. ઉર્વશી જવાથી રાજા પણ ઘણો દુઃખિત થયો. ઉર્વશીનું ચિત્ત નિરંતર રાજામાં લાગેલું રહેતું હતું. ઇંદ્રની આજ્ઞાથી દેવ સભામાં મહર્ષિ ભરત કૃત "લક્ષ્મી સ્વયંવરાખ્ય" નાટક થતો હતો. તેમાં મેનકા વારૂણી અને ઉર્વશીએ લક્ષ્મીનો વેશ ધારણ કર્યો હતો. સંગીત ધર્માનુસારે મેનકાએ લક્ષ્મી વેશ ધારિણી ઉર્વશીને પૂછ્યું, 'સુંદરિ! આ ત્રિલોકમાંના સઘળા પુરૂષમાં તમે કિયા પુરૂષનો અભિલાષ રાખો છો?' ઉર્વશી તે વેળાએ પુરૂરવાના વિચારમાં એકાવેળાએ શૂન્ય હૃદયા જેવી થઈ હતી. ઉપાખ્યાનના ધર્માનુસારે તેને પુરૂષોત્તમનું નામ કહેવું જોઇતું હતું, પણ તેમ ન કહેતાં માનસિક ધર્માનુસારે પુરૂરવાનું નામ કહ્યું. આવી રીતે ઉર્વશીનું આ સંગીત ક્રિયા વિરૂદ્ધનું વાક્ય સાંભળીને મહર્ષિ ભરતે ગુસ્સે થઇ કહ્યું;—'તેં મારો ઉપદેશ ભંગ કર્યો છે. તેથી હું શાપ દઉં છું કે, તને દિવ્ય જ્ઞાન રહેશે નહિ.' એ સાંભળી ઉર્વશીએ માથું નીચું ઘાલ્યું. ઇંદ્રે ઉર્વશીને શરમાઈ ગયેલી જોઇ કહ્યું કે;—'તું જેને વધારે ચાહે છે તે વખતો વખત દાનવોના ઉપર જય કરીને અમારો ઘણો ઉપકાર કરે છે, તેને વાસ્તે તેનું પ્રિય કાર્ય કરવું જોઇએ. એટલા માટે મારા અભિપ્રાય અનુસારે તારાથી ઉત્પન્ન થયેલા પુત્રનું જ્યાં સુધી રાજા દર્શન ન કરે, ત્યાં સુધી તું જા, પુરવા રાજાની સેવા કર. તેથી હું ઘણોજ સંતુષ્ટ થઇશ.' ઉર્વશી દેવરાજની આવી અનુમતિ સાંભળી ઘણીજ હર્ષ પામી, ત્યાંથી પુરૂરવા પાસે આવી તેને વરી. પુરૂરવા સ્વર્ગની સ્ત્રીને વર્યા, મનુષ્યનાં નેત્રને એ સ્વર્ગની સ્ત્રી જોવાનું અદ્ભૂતાશ્ચર્ય થયું. ઉર્વશી અને પુરૂરવા એક બીજાની દૃષ્ટિરૂપ પાસથી બંધાયા સરખાં ગાઢ સ્નેહ મોહમાં ગરક થઈ રહ્યાં હતાં. એક દિવસે ઈંદ્રે દાનવો સાથે યુદ્ધ કરવામાં મદદ લેવાને પુરૂરવાને બોલાવ્યાથી તે ત્યાં ગયો. ઇંદ્રનો શત્રુ માયાધર નામનો અસુર હ-

તો, તેને ઠાર કરવાથી બાકીના એની મેળે નાશી ગયા હતા. તેથી ઇંદ્રનો જય થયો. તેની ખુશાલીમાં ઇંદ્રે અપ્સરાઓને બોલાવી નૃત્ય કરાવ્યું. તેમાં રંભા અપ્સરા નૃત્ય કરતી હતી અને તેને તાલીમ દેનારો તુંબુર પણ પાસેજ હતો. તેવામાં તે કંઈ ચૂકી ગઈ, તેને જોઈ પુરૂરવા રાજા હસ્યો. એ પ્રમાણે જોતાંજ રંભા ક્રોધ કરી બોલી કે;—'તું માણસ જાત અમારા દેવતાઈ નાચને શું જાણે?' તે સાંભળી પુરૂરવાએ કહ્યું, 'જે સર્વ હું ઉર્વશીના સંગથી જાણું છું, તે તારો ઉસ્તાદ તુંબરૂ પણ નથી જાણતો.' આવાં વચન સાંભળી તુંબુરૂએ પુરૂરવાને શાપ દીધો કે;—'તું જ્યાં સુધી શ્રી વિષ્ણુની આરાધના નહિ કરે, ત્યાં સુધી તને ઉર્વશીનો વિયોગ રહેશે!!'

પુરૂરવા આવો શાપ સાંભળી ઉર્વશી પાસે આવ્યો, અકાળે વજ્રપાત થયા સરખી પોતાની સઘળી વાત કહી બતાવી. ઉર્વશી પતિ વિયોગ થશે એવું સાંભળી ઘણી ઉદાસ થઈ હતી, નરપતિ સુરવિલાસિનિના સમાગમ લાભથી પૂર્ણ સંતુષ્ટ રહેતો હતો. એમ તેણે કેટલાક દિવસ સુખમાં ગાળ્યા પછી એક દિવસે મંત્રીને રાજ્ય સોંપી વસંતનું સુખ ભોગવવાને ઉર્વશી સાથે કૈલાશ શિખરપરના ગંધમાદન–નંદન વનમાં વિહાર કરવા ગયો. મંદાકિની નદીના કિનારા ઉપર કૈદયવતી નામની એક વિદ્યાધર કુમારિકા રેતીનો પર્વત બનાવીને રમતી હતી. રાજા તેનું અલૌકિક રૂપ જોઈ આશ્ચર્ય થયો, એકાગ્ર ચિત્તથી ક્ષણ કાલ તેના ઉપર સંતુષ્ટ દૃષ્ટિએ જોતો હતો. તે જોઇને ઉર્વશી ઘણીજ ગુસ્સે થઇ તેનો સંસર્ગ છોડીને જવા લાગી. નરપતિએ નાના પ્રકારની વિનંતિ કરી, પણ તે એના ઉપર કાંઇ ધ્યાન ન આપતાં એકદમ બાજુએ ચાલી ગઈ. એકતો તે ઘણી માનાભિમાની હતી, તેમાં વળી ભરત મુનિના શાપને લીધે દિવ્ય જ્ઞાન શૂન્ય થઈ હતી. તેથી દેવતાઓનો નિયમ ભૂલીને અબળા જનને ન જવાના કુમાર વનમાં બેઠી. પેસતાંજ વનના આગલા ભાગમાં વેલરૂપે થઇ ગઇ, રાજા વિનંતિ કરતો ઉર્વશીની પાછળ કુમાર વનમાં પેઠો, આસપાસ આતુરતાથી જોવા લાગ્યો, પણ તેને જોઇ શક્યો નહિ. એ પ્યારી વિયોગથી બેશુદ્ધ થઈ ગયો, થોડી વારે શુદ્ધિમાં આવતાં પાછો ઉર્વશીને શોધવા લાગ્યો, અંતર વિયોગથી એકીવારે દગ્ધ થઇને શોકાતુર થયો, ખાવા પીવાનું તજી દીધું, કેવળ પ્યારી પત્નિનો મેળાપ કેવી રીતે થાય, એજ વિચાર કરવા લાગ્યો. બધી જાતના વિચાર દૂર જતા રહી, કેવળ ઉર્વશીના વિચારે તેના માનસ રાજ્યને ઘેર્યું હતો. વિરહથી ચેતન જ્ઞાન રહિત થયો હતો. રસનાએ એક માત્ર ઉર્વશીનું રટણ લાગી રહ્યું હતું. પશુ, પક્ષી, અને વૃક્ષોને ઉર્વશી કઈ તરફ ગઈ છે એવા સમાચાર પૂછવા લાગ્યો. કોઇ તરફથી પ્રત્યુત્તર ન મળવાથી કહેવા લાગ્યો:—'હાય!

જગતની શું આવીજ ગતિ છે? કોઇ કોઇના દુ:ખથી દુ:ખિ થતાં નથી, સર્વે પોત પોતાના આનંદમાં આનંદિત થવા ઇચ્છે છે, તેથી જણાય છે કે, લોકો બીજાના થોડા સુખને ઘણું સુખ અને ઘણા દુ:ખને થોડું દુ:ખ સમજે છે.' આ જુની કહેવત ખરી છે. એમ વિચારતો નદીઓ, પર્વતો, ગુફાઓમાં ફરતો શોધવા લાગ્યો. ઉર્વશીનું દર્શન કોઈ પણ જગ્યોએ ન થવાથી એક વનમાં ઉર્વશી મળતાં સુધી શ્રીવિષ્ણુ ભગવાનનું ધ્યાન કરતો બેઠો. કેટલેક કાળ થતાં હૃદયસ્થ પ્રેરણા થયે વિચાર કર્યો કે, ગંધમાદન વનમાં જ્યાં ઉર્વરશી અલોપ થઈ છે ત્યાંજ જઇને શોધું. એવી પ્રેરણાથી એતરફ ફરી ચાલ્યો, ચાલતાં થોડે દૂર એક શીલા તળે અગ્નિના અંગારા જેવું કાંઇ ચળકતું જણાયું. એપર સૂર્યના કિર્ણો પડવાથી તેનો પ્રકાશ એટલામાં પ્રસરી રહ્યો હતો. પાસે જઇ જોયુંતો ઉંચા પ્રકારનો તેજસ્વી લાલ મણિ દીઠો. એને હાથમાં લઇ કહેવા લાગ્યો;–'અરે! એ પ્રિયાના ચોટલાના અંબોડામાં બાંધવા યોગ્ય છે, પણ હાય! એને શામાટે હાથમાં લઉં? એને અશ્રુજળથી શામાટે મલિન કરૂં? જેને માટે લેવા ઇચ્છું છું તે તો નથી. એમ કહેતાંજ નાંખી દીધો. નિશ્વાસ નાંખી ચાલ્યો જતો હતો, એટલામાં આકાશવાણી થઇ કે;–"વત્સ! એનો ત્યાગ કરીશ ના, જલદી લે. એ ભગવતી પાર્વતીના ચરણ રાગથી બનેલી વસ્તુ છે, એનું નામ સંગમ મણિ છે. એમાં વિશેષ ગુણ એ છે કે જે મનુષ્ય એનું ધારણ કરે છે, તેને થોડી મુદતમાં ઘણા દૂરનો મિત્ર મળે છે."

નરપતિએ આ વાણી સાંભળી તરત તેને ઉપાડી લઇ કહ્યું કે;—"હે સંગમ મણે! જો તમે તે પ્રાણેશ્વરીની જોડે મારો મેળાપ કરાવી શકો તો હું આખી ઉમર તમને શિરોમણિ કરીને મસ્તકપર ધારણ કરીશ." એવું કહી ચાલતો થયો. ફરતાં ફરતાં જે વનમાં ઉર્વશી અદર્શ થઇ હતી, તે વનમાં આવ્યો. ત્યાં એક વગર ખીલેલી વેલને જોઇને કહેવા લાગ્યો;—'હાય! આ પુષ્પહીન વેલને જોઇને શા વાસ્તે મને તૃપ્તી થતી નથી? જેટલીવાર જોઉં છું, તેટલીવાર એકાગ્ર ચિત્તથી જોવાની ઇચ્છા થાય છે, વગર કારણે અંત:કરણમાં ઉર્વશીના દર્શનથી થયેલા હર્ષના જેવો હર્ષ ઉપજે છે. હું ધારૂં છું કે તે અભિમાનીએ ગુસ્સાથી વેલનું રૂપ ધારણ કર્યું હશે? ગમે તેમ હો. એકવાર એને આલિંગન કરીને સર્વ દુ:ખનો અંત આણું.' એમ કહી ભેટતાંજ ઉર્વશીને આગળનું સ્વરૂપ પ્રાપ્ત થયું. રાજા ઉર્વશીની મોહન મૂર્તિ જોતાંજ ચેતન રહિત થઈ પૃથ્વીપર પડી ગયો. ઉર્વશી ત્વરાથી તેને ઉપાડીને કહેવા લાગી, પ્રાણનાથ! ધીરજ પકડો. પ્યારીનાં આવાં અમૃતમય વાક્ય રાજાના કાનમાં પ્રવેશ થતાંજ એ શુદ્ધિમાં આવ્યો. પછી

સજળ નેત્રે ઉર્વશીને વિતેલી સર્વ વાત કહી બતાવી. ઉર્વશીએ પોતાના ચીરના છેડાવતી તેનાં અશ્રુ જળ લુછીને ગળગળા કંઠથી કહ્યું;—'મહારાજ! હવે શા માટે શોક કરો છો? શોકનો વેગ સમાવો. કેવળ દૈવ ગતિ પ્રતિકુળ હોવાથીજ આ બનાવ બન્યો હતો. આમાં આપણો કંઇ પણ દોષ નથી. આ સંગમમણિ આપના હાથમાં હતો; તેથીજ તે વેલને આલિંગન કરતાં હું આ સ્વરૂપને પ્રાપ્ત થઇ છું. હાય! હું કેવી હતભાગિયણ છું? સેંકડો દુઃખ ભોગવીને તમો વારંવાર મને ભારે દુઃખમાંથી છોડાવો છો, હું તેનો જરા પણ ઉપકાર ન કરતાં કેવળ પગલે પગલે દુઃખનું કારણ બનું છું' રાજાએ કહ્યું, પ્રિયે! હવે એ દુઃખની વાત કરવાનું પ્રયોજન નથી. એમ કહી મણિ ઉર્વશીના લલાટપર બાંધી પ્રસન્ન થયો. પછી બંને રાજ્યધાની તરફ જવા તૈયાર થયા. ઉર્વશીએ પોતાના પ્રભાવથી મેઘવિમાન મંગાવ્યું, તેમાં બેસીને બંને નગરીમાં આવ્યાં. નરપતિ નીતિ, ન્યાયથી રાજ્ય ચલાવવા લાગ્યો. કેટલેક કાળે ઉર્વશી ગર્ભવતી થઈ, ત્યારે તેને ભરત શાપ પછીનાં ઇંદ્ર વાક્યો યાદ આવ્યાં. તેથી મનમાં દુઃખિત થઇને વિચાર કરવા લાગી; 'હાય! સર્વેને પુત્રનું મુખ જોવાથી અને સ્વામીના મુખ દર્શનથી પરમાનંદ થાય છે, પરંતુ હું કેવી અભાગ્યણ છું! સ્વામી પુત્રનું મુખ જોશે કે હું તેના વદન દર્શનથી વિમુખ થઇશ.' ગમે તેમ હો. હું ગર્ભાવસ્થા છૂપી રીતે ગાળીને પ્રસવ થતાં બાળક કોઇને સોંપીશ. એવો નિશ્ચય કરી તેનો ઉપાય શોધવા લાગી. અપ્સરાને ગર્ભ લક્ષણ મનુષ્યની પેઠે હોતાં નથી. તેથી કોઇને ખબર ન પડે એવી રીતે ગર્ભાવસ્થા ગાળી, એક પ્રદેશમાં સુકુમાર કુમારને જન્મ આપીને ચ્યવન મુનિના આશ્રમમાં રહેતી સત્યવતી નામે તપસ્વિનીને હવાલે કર્યો. પછી ત્યાંથી આવી પ્રથમની પેઠે કાળ ગાળવા લાગી.

પુરૂરવા પુત્ર ન હોવાથી દુઃખિત હૃદયે રહેતો હતો, સંસાર દુઃખમય લાગતો હતો, સુંદર વસ્તુઓ પ્રિય લાગતી નહોતી, સર્વદા ચિંતાતુર અને મુખ કમળ ઝાંખુ દિશતું હતું. આ અસાર સંસારમાં પુત્રજ સારરૂપ પદાર્થ છે, જે મનુષ્ય પુત્ર મુખ નથી જોતા તે પુન્નામના નરકમાં જાય છે. પિતૃ ઋણથી છૂટી શકતા નથી. જે દંપતિ સંતાનનું મુખ ચંદ્ર જોવાને શક્તિવાન થયાં નથી, તેઓએ જીવન ધારણ કરવું એ વિડંબના માત્ર છે. ગૃહી માણસોને વૃદ્ધાવસ્થામાં પુત્રએ એક માત્ર અવલંબન સ્થળ છે, ઇત્યાદિ કલ્પના કરીને દૈવની અનુકૂળતા થવા માટે શાસ્ત્ર પ્રમાણે અનુષ્ઠાનો કરાવ્યાં. દીન, ગરીબ, અનાથ, અને બ્રાહ્મણોને ધન દાન કરવા લાગ્યો. દરરોજ દેવ સેવા, અતિથિ સેવા અને બ્રાહ્મણોની સેવા કરવા લાગ્યો. પટરાણી સાથે ગંગા સ્નાન કરવાનો સંકલ્પ કરીને ગંગા કિનારાપર એક મંડપ કરાવ્યો. દર

રોજ તે જમ્યોએ સ્નાન પૂજા કરવા લાગ્યો. એક દિવસે પોતાનો અમૂલ્ય મણિ ચાકરને સોંપી રાણી સાથે ગંગા સ્નાન કરવા બેઠો. ચાકરે મંડપ બહાર એક પંખા નીચે એ મણિને મૂક્યો હતો, એટલામાં એક ગીધ પક્ષી લાલ સંગમમણિને માંસનો લોચો સમજી ઉપાડી ઉડી ગયું. ચાકરો એ જોઈ સોરબકોર કરવા લાગ્યા. તેથી રાજા પણ તરત આવ્યો, જોયું તો એ દુષ્ટ પક્ષી પોતાની ચાંચમાં મણિનો દોરો પકડી આકાશમાં ફરતું હતું. નરપતિએ નજર કરીને કહ્યું;—'એ જીવતો રહે ત્યાં સુધી મણિ મળવો મુશ્કેલ છે. માટે જલદીથી તેનો વિનાશ કરવો જોઇએ. એમ વિચારી પોતાનું ધનુષ્ય મંગાવ્યું, તે આવ્યું કે એ પક્ષી અદૃશ્ય થઈ ગયું. તેથી તીર ફેંકવું મૂકી દીધું, પણ શીકારીઓના મોહલ્લામાં દાંડી પીટાવી કે, 'જેઓ આ પક્ષીની શોધ કરી તેને પકડશે, તેને મોટું ઈનામ આપીશ.' નરપતિએ પોતાના મિત્ર માણવકને જણાવ્યું કે;—'પ્રિય સખે! એ મણિ બહુ કીંમતી છે, એટલુંજ નહિ પણ વિરહિત બંધુ સમાગમનું એક માત્ર સાધન છે. તે માટેજ હું ઘણો દીલગીર છું, એ પ્રમાણે વાત કરે છે એટલામાં એક ચાકરે ખબર આપ્યા કે;—'મહારાજ! પેલું અધમ પક્ષી એક બાણથી જખમી થઇને મૂલ્યવાન રત્ન સાથે એકદમ આકાશમાંથી નીચે પડયું છે.' આ અકસ્માત બનાવથી સર્વ આશ્ચર્ય સાથે આનંદ પામ્યા. રાજાએ મણિ ખજાનામાં સાચવી મૂકવા જણાવ્યું. આ પક્ષીને તીર કોણે માર્યું હશે? એ તપાસ કરાવતાં તીરપરના નામ ઉપરથી જણાયું કે, એ ઉર્વશીના પેટથી અવતરેલા પુત્રનું તીર છે. આપરથી સર્વેએ અનુમાન બાંધ્યું કે, ઉર્વશીને પુત્ર થયો છે અને તે ઉમરે પુગીને ધનુર્વેદમાં કુશળ થયો છે. આ કાંઇ જેવા તેવા હર્ષની વાત નથી.!!

એ રીતે વાતો કરે છે અને હર્ષ પામે છે, ત્યાં ચ્યવન મુનિના આશ્રમમાંથી સત્યવતી નામની તપસ્વિનીને એક સુંદર કુમાર સાથે આવતી જોઈ. આ બાળકનો આકાર જોઇને સ્પષ્ટ જણાતું હતું કે આના હાથથીજ એ દુષ્ટ પક્ષી નાશ પામ્યું છે, તે ક્ષત્રિ કુમાર હોવો જોઇએ. તેનામાં ઘણીખરી ઢબછબ પુરૂરવા મહારાજના જેવી જોવામાં આવતી હતી. તેપરથી જણાતું હતું કે એજ ઉર્વશી પુત્ર છે. નરપતિ પણ એને જોઈ પોતાના મિત્રને કહેવા લાગ્યો કે;—'પ્રિય સખે! આ અજાણ્યા બાળકને જોઇને મને ઘણોજ પુત્ર સ્નેહનો આવિર્ભાવ થાય છે. એને જોતાં મારી આંખમાં આનંદાશ્રુ આવે છે અને હૃદયમાં વાત્સલ્ય રસનો સંચાર થાય છે અને એવી ઇચ્છા થાય છે કે એને આલિંગનથી હૃદયસ્થ કરૂં.' એમ કહેતાંજ નરપતિ સત્યવતીની સામે જઈ તેના ચરણમાં પડયો, દંડવત્ કરી

આસનપર બેઠો. તપસ્વિની આશીર્વાદ આપી કહેવા લાગી કે;—'વત્સ! આ તારા પિતા છે એને પ્રણામ કર.' બાળક સજળ નેત્રે પિતાના ચરણમાં પડયો. નરપતિએ બંને હાથથી તેને આલિંગન કર્યું, સ્પર્શ સુખનો અનુભવ લઈ ખોળામાં બેસાડયો. પછી તપસ્વિનીએ કહ્યું;—'મહારાજ! આ બાળક ઉર્વશીના પેટનો છે, તેણે કોઇ કારણને લીધે મારા હાથમાં લાલનપાલન કરવા સોંપ્યો હતો. સોંપતી વખતે જણાવ્યું હતું કે આ ક્ષત્રિયકુમાર છે એને ક્ષત્રિય રીતિએ જાત કર્માદિ સંસ્કાર કરવા, એમ કહી ગઈ હતી. મેં આ વાત ભગવાન્ ચ્યવન મુનિને જણાવી હતી, તેમણે તેને જાત કર્માદિ કરી યથા વિધિ શાસ્ત્રનો ઉપદેશ કર્યો છે. ધનુર્વેદમાં એની વિશેષ કુશળતા થઇ છે. આજે પ્રભાતમાં એ ઋષિ કુમારો સાથે પુષ્પ, સમિધ, કુશ, ફળ, ફૂલ અને કંદ, મૂળ લેવા ગયો હતો. ત્યાં તેણે તપોવન વિરૂદ્ધ કાર્ય કર્યું છે, એક પક્ષી એક માંસનો કકડો લઇને ઉડતું હતું. તે જોઇને તેણે ધનુષમાંથી તીર ફેંકીને તેનો પ્રાણ લીધો છે. આ જોઇને ચ્યવન ભગવાને મને કહ્યું કે, આવા જૂલમીને હવે તપોવનમાં રાખવો ન જોઇએ, એને ઉર્વશીને સ્વાધિન કરીઆવ. એ પરથી હું આવી છું. ઉર્વશી પુત્રને તથા સત્યવતીને મળી પરમ આનંદ પામી, તપસ્વિની સત્યવતીનો ઘણો ઉપકાર માન્યો. પછી રાજાએ કહ્યું કે;—'આર્યે! ભગવાન્ ચ્યવને કરેલા મહોપકારથી હું તેનો હમેશાંનો આભારી થયો છું અને ભક્તિભાવથી પ્રણામ કરૂં છું, એ તેમને જણાવવા દયા કરશો. સત્યવતી જવાને તૈયાર થઈ, સર્વેએ તેમને સાષ્ટાંગ પ્રણામ કર્યા. પછી મહારાજ પુરૂરવાએ ઉર્વશીને કહ્યું કે;—'સુંદરિ! આજે હું તમારા ગર્ભથી અવતરેલા સુકુમાર કુમારને મેળવીને કૃતાર્થ થયો છું.' આ વખતે ઉર્વશી ભરત શાપ પછીના ઇંદ્ર વાક્ય યાદ કરી રોવા લાગી; પુત્ર દર્શનથી હર્ષ પામવાને બદલે અશ્રુ પાડતી જોઇને રાજાએ પૂછવાથી તેણે જણાવ્યું કે;—'મહારાજ! હું પ્રથમ પુત્ર જોઇને આનંદિત થઈ હતી, પરંતુ એકાએક સુરપતિનાં વાક્ય બાણો હૃદયમાં ભોકાયાથી સર્વ સુખ એકીવારે જતું રહ્યું છે.' ભરતના શાપ પછી ઇંદ્રે કહેલું છે કે;—'તારા પુત્રનું મુખ રાજા જુએ, ત્યાં સુધી તારે રાજાની સેવામાં રહેવું; પછી તું તારા પ્રભાવવાળી થઇને અહીં આવજે." આ કારણથીજ હું પુત્રને સત્યવતીને સોંપી આવી હતી. હમણાં આપે પુત્ર મુખ જોયું, પણ હું હવે આપનું મુખ દર્શન જોવા પામીશ નહિ. આ દુઃસહ દુઃખની અવસ્થામાં રોવા સિવાય બીજો શો વિનોદ થઈ શકે?'! નરપતિ આ સાંભળતાંજ બેશુદ્ધ થયો, ઉર્વશીએ નાના પ્રકારના ઉપચારથી શુદ્ધિમાં આણ્યો. શુદ્ધિમાં આવતાં કહેવા લાગ્યો કે;—'હાય! દૈવ કેવો સુખનો

રોકનારો છે! પુત્ર લાભથી હર્ષ થયેલા હૃદયમાં પ્રિયાનો વિયોગ શોકાનલ પ્રજ્વલિત થયો. હાય ! હું કેવો અભાગ્યો છું. આટલા દિવસ થયાં, પુત્ર ન હોવાને લીધે કેટલુંક દુઃખ ભોગવતો હતો, પણ હાલ ભાગ્યજોગે મનમાં ધારેલો પુત્ર લાભ થયો, જ્યાં તેને લઇને નવનવા સુખનો સ્વાદ ચાખીશ એવું ધારતો હતો. ત્યાં હમેશને માટે મોટા દુઃખ સાગરમાં પડ્યો. ઇત્યાદિ પ્રકારે શોક કરતો, પ્યારીનો વિયોગ થતાં, પોતે તપોવનમાં તપસ્વી વેશ ધારણ કરી ઇશ્વર ભક્તિમાં કાળ ગાળવાનો નિશ્ચય કર્યો. પછી પુત્રને રાજ્યાભિષેક કરવાની તૈયારી કરી; એટલામાં અકસ્માત આકાશમાંથી નારદજી જય શબ્દ ઉચ્ચારતા આવી પહોંચ્યા. સર્વેએ તેમને નમન કર્યું. મહર્ષિનારદે કહ્યું કેઃ—"મહારાજ! સ્વર્ગાધિ પતિએ સમાધિથી તમારો તપોવનમાં જવાનો સંકલ્પ જાણીને આ કામથી તમને રોકવાને માટે મને મોકલ્યો છે અને નિવેદન કર્યું છે કે; થોડા દિવસમાં અસુરોની સાથે લડાઈ થવાનો સંભવ છે, એવું ભવિષ્યવેત્તા પંડિતોને ધરવામાં આવેલું છે. તમે મારી લડાઇમાં સહાયક છો, માટે આ વખતે હથિયાર છોડશો નહિ. હવેથી ઉર્વશી તમારી જ આખા જન્મારાને માટે સહધર્મિણી થઇ રહેશે."

મહાત્માના આ વચનથી ઉર્વશીએ પરમ હર્ષ પામી કહ્યું કે;—'આ વચનોએ મારા અંતઃકરણનો તીર ખેંચી કાઢ્યો'. મહારાજે કહ્યું, 'ભગવન્! સુરપતિની આજ્ઞા માથે ચઢાવું છું.' નરપતિના મુખથી આ વાક્ય નીકળતાંજ સર્વેએ મહારાજનો જયહો!! પ્રજા પ્રેમી રાજન્ ઘણું જીવો!!! એવી હર્ષગર્જના કરી, સર્વેએ ઇંદ્રનો ઉપકાર માન્યો. આખી નગરીમાં મહોત્સવ થઇ રહ્યો, દેવળોમાં પ્રાર્થનાના ઘંટ વાગ્યા. ઇત્યાદિ પ્રકારે ખુશાલી ફેલાઇ રહી. રાજા પ્રજાના આનંદનો પાર રહ્યો નહિ. આ પ્રજાપ્યારા રાજાની કીર્ત્તિ સ્વર્ગ અને મૃત્યુ લોકમાં પ્રસરી રહી હતી. દીર્ઘકાળ ન્યાય, નીતિ, અને ધર્મથી રાજ્ય કર્યું. ઉર્વશીથી તેને આયુ, શ્રુતાયુ, સત્યાયુ, રય, વિજય, અને જય એ છ પુત્રો થયા હતા. જેનાથી ચંદ્રવંશની શાખા વિસ્તાર પામી છે, આ પવિત્ર પ્રતાપી નરપતિ વૃદ્ધાવસ્થા થતાં પુત્રને રાજ્ય સોંપી તપોવનમાં તપશ્ચર્યા કરવાને ગયા હતા. ત્યાં ફળ, ફૂલ, કંદમૂળ ખાઇ નિરંતર ઇશ્વર ધ્યાન કરી પરમ પદને પામી ગયા અને પાછળ દૃષ્ટાંતરૂપ અખંડ કીર્ત્તિ રાખી ગયા છે. પત્નિ અને પ્રજાપર અખંડ પ્રેમ દર્શાવનારા, સ્વર્ગ તથા મૃત્યુ લોકમાં પ્રખ્યાત અને પ્યારા, દૈત્ય, દાનવોને હણવામાં શૂરવીર, ધર્મ નીતિથી રાજ્ય ચલાવનારા, સુરપતિ અને શ્રી વિષ્ણુના પરમ ભક્ત, આવા પ્રતાપી રાજા આજ સુધી થોડાજ થયા છે. એ બધું તેમણે પોતાના આત્મબળથી સંપાદન કર્યું હતું. ધન્ય છે એવા પ્રતાપી પુરૂષને ! કે તેમણે પોતાના જન્મનું સાર્થક કર્યું !!!

પરમદાનશૂર ભગવદ્ ભક્ત.

ચક્રવર્તિ—અંબરીષ રાજા.

આ સૂર્યવંશી પ્રખ્યાત મહારાજા નાભાગ રાજાના પુત્ર. ત્રેતાયુગમાં એ પરમદાન શૂર અને ભગવદ્ ભક્ત થયા હતા. એવા તો એ પરાક્રમી હતા, કે તેમણે સાત દિવસમાં આખી ભારતભૂમિ અને સાત દ્વીપોનું અધિપતિપણું સંપાદન કર્યું હતું. એમની પાસે અખૂટ લક્ષ્મી અને સબળ સૈન્ય હતું. દેવતાઓને પણ દુર્લભ એવો સર્વોત્તમ વૈભવ મળ્યો હતો; તોપણ તેમાં એ મોહિત થઇને કે અંજાઇને અંધ બની ગયા નહોતા. પોતે વિદ્વાન, શૂરવીર, દયાળુ, નીતિજ્ઞ, ઉત્સાહી અને ચંચળ હતા. પોતાની પ્રબળ બુદ્ધિથી પહેલાના ક્ષત્રિયો માટે બહુ જાણ્યું હતું તથા વિજયી પુરૂષો માટે સકળ માહેતી મેળવી હતી. તે સાથે ધર્મજ્ઞાન મેળવી, વ્યવહાર અને રાજ્ય પ્રકરણી બાબતમાં યોગ્ય ઉદ્યોગી રહ્યા હતા. પ્રજાને વિદ્યા અને હુન્નર વગેરેથી આબાદ કરી હતી. વિદ્વાનોને યોગ્ય આશ્રય આપી વિદ્યા અને ધર્મની વૃદ્ધિ કરી હતી. તે એવા તો ન્યાય અને નીતિવાન હતા કે પ્રજા અને પુત્ર વચ્ચે કશો તફાવત રાખતા નહિ. પ્રજામાંના મુખીઓને મધુર વચનથી બોલાવી યોગ્ય આદરમાન આપતા હતા. શક્તિમાન પ્રજા પાસેથીજ યોગ્ય કર લેતા અને લઇ પ્રજાના કલ્યાણ માટેજ ખર્ચ કરતા હતા. ભૂમિ ખેડાણ કરી અનેક પ્રકારથી કેળવી રસ કસવાળી કરી હતી અને તેમાંથીજ સર્વ પેદાશ કરી ખજાનો ભર્યો હતો. આ સિવાય તેમણે બીજી રીતે કર વગેરેથી પેદાશ કરવા કદી પણ મનપર લીધું નહોતું. તેઓ જમીનની પેદાસનેજ ખરી પેદાશ ગણતા હતા. ઘણા કર લેવા તે તો પ્રજાને દુઃખ આપવા સમાન સમજતા હતા. પ્રજાને સર્વ પ્રકારે સબળ કરી સંતોષતા અને તેમનો આર્શિવાદ લેતા પ્રજા પોકાર જેવું કશું નહોતું. તેઓ કહેતા કે;—"ઇશ્વરે પ્રજાને સર્વ પ્રકારે સુખી રાખવા માટેજ મને રાજા તરીકે તેનો પ્રતિનિધી કરી મોકલ્યો છે. તે ફરજ માત્ર હું બજાવું છું. જો એ આજ્ઞા હું ઉલ્લંઘન કરૂં તો તેમનો મોટો અપરાધી થઇ નર્કમાં પડું. માટે પ્રથમ મારે પ્રજાના સુખનો વિચાર કરવો જોઇએ." અહો! ધન્ય આવા પ્રતાપી સુજ્ઞરાજનને! રાજાઓ તો પૃથ્વીમાં આવાજ જોઇએ! અર્વાચીનકાળમાં કહેવાતા કેટલાક રાજાઓ રાજાજ નથી, પણ "રાક્ષસો" છે. જેઓ પ્રજાને પીડી ને મેળવેલા પૈસાથી મોજ શોખ કરવાનુંજ સમજે છે અને પોતાનું જે કર્ત્તવ્ય છે તે સમજતા નથી તથા ધર્મ શું? કર્મ શું? હું કોણ? પ્રજા કોણ? રાજાનો જન્મ શા માટે છે? સાર્થક શી રીતે કરવું? સંગાતે શું આવશે? પ્રાચીનકાળના રાજાઓ

શી રીતે વર્ત્યા ? એ આદિ કશાનો વિચાર કરતા નથી. ખાવું, પીવું, ગપાટા મારવા, નાચ, તમાસા જોવા, રાખેલીને વશ રહેવું, મદ્ય, માંસ ખાઇ મસ્ત થવું, ગાડી, વાડીના શોખીન થઈ ફરવું, મૂર્ખની સોબતમાં વસવું, બુદ્ધિના બારદાન બની દીવાનોના દાસ થવું, તેમના દોરાયા દોરાવું, તેમના કે રાંડના રૂવાબમાં દબાવું, સ્વધર્મને સ્વપ્ને પણ ન જાણવો, પર ધર્મપર પ્રીતિ રાખવી, જન્મનું સાર્થક વૈભવ ભોગવવામાંજ સમજવું, પ્રજાને આગળ વધતી જોઈ બળવું, દુઃખી પ્રજાની વહારે ન ધાવું, પ્રજાપર નવા કરો મૂકી જે પ્રકારે લૂટાય તેમ લૂટવી, યોગ્ય અધિકારીઓને ચૂંટીને ન રાખતાં, લાંચીઆ, લૂચ્ચા, અજ્ઞાન, અભણ, અન્યાય, અનીતિવાન, અધર્મિ અને પક્ષપાતી, લાગવગથી ઘુસેલા અધિકારીઓ રાખી પ્રજાને પીડવી, યોગ્ય અને વિદ્વાન પ્રજા જનને આશ્રય ન આપતાં, અયોગ્ય જનોને ઉત્તેજન આપવું. "ઘરનાં છોકરાં ઘંટી ચાટે પાડોશીને આટો" એ પ્રમાણે પર પ્રજા લાભ લઈ જાય, વાંચતાં લખતાં આવડયું કે મિથ્યા વિદ્વતાનો ડોળ રાખવો. કહો ! આવા રાજા, કે રાક્ષસ ? "રાજાને અંતે નર્ક" તે આવા મૂર્ખ રાજાને માટેજ છે. આવા રાજાની પ્રજા ક્યાંથી સબળ થાય ? સબળ ન થાય તો રાજા પોતે પણ ક્યાંથી સુખી થાય ? રાજાને તો પ્રજા એજ કામધેનુરૂપ છે, તેજ તેને કલ્પવૃક્ષ છે, તેજ તેનો જીવનહાર છે, એજ કામધેનુને જો સર્વ પ્રકારના ઉપાયોથી સબળ ન કરે, તો દ્રવ્યરૂપી દૂધ ક્યાંથી પ્રાપ્ત થાય ? અરે ! પણ હાલના કહેવાતા કેટલાક રાજાઓ દૂધની ઇચ્છા ક્યાં કરે છે ? તે તો હવે હાડ માંસની ઇચ્છા કરવા લાગ્યા છે ! "કૂવામાં હશે તો અવાડે આવશે" એની તેમને ક્યાં ખબર છે ! ખબર હતે તો કૂવામાંજ પુષ્કળ પાણી ઉત્પન્ન કરવાનો પ્રયત્ન કાં ન કરે ? કદી પોતામાં તેવી બુદ્ધિ કે શક્તિ ના હોય, તો યોગ્ય વિદ્વાન સલાહકારો રાખી તેવી તજવીજ શું ન કરાય ? શું તેમાં પોતાના જીવનનું સાર્થક નથી ? છેજ. સર્વ તજવીજ કરવી જોઇએ, ફરજ સમજવી જોઇએ: અને પ્રાચીનકાળના મહારાજાઓની વર્તણુકનું અવલોકન કરવું જોઇએ, મિથ્યાભિમાન રાખી "હુંજ ડાહ્યો" એમ સમજી જીવન અલેખે ગાળવું ન જોઇએ. સત્ય સલાહકારો ખોળી પાસે રાખવા જોઇએ, તેમને આશ્રય આપવો જોઇએ. પછી જોઈ લ્યો કે તમે તમારૂં સાર્થક કરી અમર કીર્ત્તિ રાખો છો કે નહિ ! ! આજ કાલ કરતાં અમૂલ્ય અવસર ચાલ્યો જાય છે, ઘડીની કોઇને ખબર નથી, જે કરવું તે સત્વર કરવું જોઇએ. "મુલતવી રાખ્યાનાં માઠાં ફળ છે" એ વાક્ય યાદ રાખવું. પ્રાચીનકાળના રાજાઓ એક ઘડી પણ અલેખે ગાળતા નહિ. તેથી તેઓ

આજે પૃથ્વી પ્રસિદ્ધ થયા છે, જેને આપણે આજ સુધી યાદ કરીએ છીએ. એ શું તેમનો થોડો પ્રતાપ છે!!!

જુઓ! મહારાજા અંબરીષ જેને આપણે અદ્યાપિ પર્યંત યાદ કરીએ છીએ. તેઓ પોતાના તન, મન અને ધનથી સર્વ પ્રકારે પ્રજાને સંતોષતા, સર્વને પોતાનો ધંધો ન્યાય, નીતિથી ચલાવવાનું સમજાવતા. આ રાજેંદ્ર પોતાની કુળ મહત્તા સામું જોઈ બેસી રહ્યા હત અને અમલ ચેન ઉડાવત તો કદી લોક પ્રિયતાને પામત નહિ, પણ તેઓ પોતાનું બળ વાપરી ઉદ્યોગી થયા હતા. રાજ્ય કેવી રીતે સુધરે અને દીપે! પ્રજા વધારે સુખી, વૈભવી અને ધર્મ વાળી કેમ થાય. ઇત્યાદિ સર્વે મનપર લઇને કાળજીથી વર્ત્યા; તોજતે સ્વપરાક્રમી થઈ મનોધારણાને પાર પાડી શકાયા હતા. તેથીજ યશ અને ખ્યાતિને પામ્યા હતા અને તેથીજ "અંબરીષ દ્વિતીયમનું." એવું મહાપદ પ્રજાવર્ગમાંથી પામ્યા હતા. જેવી રીતે આ મહારાજાએ રાજ્ય અને પ્રજા પ્રત્યે પોતાનું કર્ત્તવ્ય બજાવ્યું હતું. તેવીજ રીતે પોતાને ફરી ફરી આ જગતમાં જન્મી સંસારનાં અનેક પ્રકારનાં સુખ દુ:ખ ભોગવવાં ન પડે, એ માટે પણ પોતાનું લક્ષ લગાડયું હતું. રાજા તરીકેની પોતાની ફરજ બજાવવાની સાથે નિરંતર ઇશ્વર ભક્તિ કરવા તરફ પણ પૂર્ણ પ્રયત્ન કરતા હતા. આ ભગવદ્ ભક્ત રાજા સાત દ્વીપનું રાજ્ય, અખુટ લક્ષ્મી, અને સર્વોત્તમ વૈભવાદિ સર્વ નાશ પામનારજ છે, એવું સમજી એ સર્વેને સ્વપ્ન સમાન માનતા હતા; કેમકે વૈભવને લીધે મનુષ્ય મોહમાં પડી ખરૂં કર્ત્તવ્ય ભૂલી જાય છે. તેથી વૈભવાદિમાં ઓછું ધ્યાન રાખી નિરંતર પોતાનું મન પ્રથમથીજ શ્રી ભગવાનનાં ચરણાર્વિંદમાં રાખતા હતા. સર્વ અવયવોને ઇશ્વિર ભક્તિના કાર્યમાંજ લગાડતા હતા. સર્વમાં આત્મા છે, એવી ભાવના રાખીને પોતાનાં સર્વ કર્મોને યજ્ઞના ઇશ્વર પૂર્ણ પુરૂષોત્તમમાં અર્પણ કરતા હતા અને બ્રાહ્મણોપર શ્રદ્ધા રાખી તેમના ઉપદેશ પ્રમાણે પૃથ્વીનું પાલન કરતા હતા. વસિષ્ઠ ઋષિ, અસિત ઋષિ અને ગૌતમ ઋષિ વગેરે મહર્ષિઓના અગ્રેસરપણા નીચે સરસ્વતી કિનારે ઘણા અશ્વમેધ યજ્ઞોથી યજ્ઞેશ્વર ભગવાનનું પૂજન કર્યું હતું અને પોતાની મોટી સમૃદ્ધિ યજ્ઞો અને દાન દક્ષિણામાં વાપરી હતી. "યથા રાજા તથા પ્રજા" એ નિયમે આ દેવ જેવા રાજાની પ્રજા પણ સુખમાં ગુલતાન રહી શ્રી ભગવાનના મહિમાને સાંભળતી અને ગાતી હતી. આવા સુખથી દેવતાઓને વહાલા સ્વર્ગ લોકને પણ ઇચ્છતી નહોતી. દેવતાઓને પણ દુર્લભ એવા વૈભવો, હૃદયમાં ભગવાનને જોનારા આ રાજાને પ્રિય નહોતા; કેમકે સ્વરૂપ લાભના સુખ આગળ આ તુચ્છ હતા. માત્ર તેને એક ઇશ્વર ભક્તિજ પ્રિય થઈ હતી. તપ, ભક્તિ, અને યોગથી શ્રીભગવાનનેજ પ્રસન્ન

કરતા હતા. ધીરે ધીરે તેમણે સઘળો સંગ છોડી દીધો. ઘર, સ્ત્રીઓ, પુત્રો, બંધુ, ઉત્તમ હાથીઓ, રથ, ઘોડા આદિ તથા આયુધ વગેરે જેઓ અખૂટ હતા, તે અને ખજાનાઓ એ સર્વ મિથ્યા છે એવો આ મહારાજાએ નિશ્ચય કર્યો હતો. ઇત્યાદિ સંસાર વ્યવહારિક સર્વ મિથ્યા ગણી એક ઇશ્વરનેજ સાચો ગણ્યો હતો. તેમાં નિરંતર મનને જોડી દીધું હતું. એવા સાચા ભક્તિ ભાવથી શ્રી વિષ્ણુ ભગવાન્ તેમને પ્રસન્ન થયા હતા. પ્રસન્ન થઈ તેમણે પોતાના દાસ જનની રક્ષા કરનાર સુદર્શન ચક્ર આ પરમ ભક્ત અંબરીષ રાજાને તેના શત્રુઓને ત્રાસ ઉપજાવવા માટે આપ્યું હતું.

એક વખતે આ પરમ ભક્ત રાજાએ ભગવાનની આરાધના કરવા માટે પોતાના જેવાજ સ્વભાવવાળી રાણી સાથે એક વર્ષ સુધીનું અભયા વૈતરણીનું વ્રત રાખ્યું હતું. વર્ષ પૂરૂં થતાં દ્વાદશીએ પારણું હતું. તે દિવસેજ તેમની પરીક્ષા જોવા દુર્વાસા મુનિ કેટલાક શિષ્યો સાથે ત્યાં અતિથિ થયા. બારસ માત્ર એક ઘડી હતી. દુર્વાસા મુનિ આવ્યા પછી તરત સ્નાન, સંધ્યા આદિ નિત્ય કર્મ કરવાને નદી કિનારે ગયા. દ્વાદશી પૂરી થવા આવી, પણ ઋષિ આવ્યા નહિ. દુર્વાસા મુનિના આવ્યા પહેલાં પારણું કરે તો દોષ લાગે અને દ્વાદશીમાં પારણું ન કરે તો વ્રત ભંગ થઇ દોષ લાગે. એ ધર્મ સંકટ આવી પડ્યું. ધર્મને જાણનાર અંબરીષે હવે શું કરવું, એ નિશ્ચય કરવાને માટે બ્રાહ્મણોને બોલાવી કહ્યું કે:—"શી રીતે મારૂં સારૂં થાય અને અધર્મનો સ્પર્શ ન લાગે એ બતાવો." પછી બ્રાહ્મણોની સલાહ પ્રમાણે રાજાએ ભોજન ન કરતાં વિષ્ણુના ચર્ણામૃતનું પ્રાશન કર્યું. એટલે એથી ભોજન કર્યું ન ગણાય અને પારણું થયું ગણાય. એ રીતે કરી રાજા ભગવાનનું ચિંતન કરતા દુર્વાસા મુનિની વાટ જોવા લાગ્યા. એટલામાં મુનિ પોતાનું નિત્ય કર્મ કરી આવ્યા. રાજાએ ઘણો સત્કાર કર્યો, પણ દુર્વાસાએ રાજાએ કરેલું સર્વ જાણી જઈ કહ્યું કે; હું જે અતિથિ થઇને આવ્યો, તેને જમાડ્યા પહેલાં તું પારણું કરી બેઠો. માટે તને એ અપરાધનું ફળ જલદીથી ચખાડું છું એમ કહી કૃત્યા (મોત) ઉત્પન્ન કરી. એ કૃત્યા અંબરીષને બાળવાને દોડી. રાજા કૃત્યાને આવતી જોઇ ત્યાંથી એક પગલું પણ ખસ્યા નહિ. એટલીવારમાં ભગવાને પોતાના દાસની રક્ષા માટે આગળથીજ રાખેલા સુદર્શચક્રે આવીને અગ્નિ જેમ ક્રોધ પામેલા સર્પને બાળી નાંખે, તેમ એ કૃત્યાને બાળી નાંખી. પછી દુર્વાસા મુનિની પાછળ લાગ્યું, પરંતુ એ મુનિના તપ પ્રભાવથી તેના અંગને સ્પર્શ કરવાને સમર્થ નહોતું, તેથી એ મુનિ જ્યાં જાય ત્યાં એની પાછળ લાગ્યું. એ જોઈ મુનિ અનેક દેવો પાસે થઈ વિષ્ણુ ભગવાન્ પાસે આવ્યા અને

સર્વ વિગત કહી બતાવી. વિષ્ણુએ કહ્યું કે, તમે મારા ભક્ત અંબરીષ પાસે જાઓ, તે તમારે માટે નિરાહાર રહેલ છે, ત્યાં જઈ ક્ષમા માગી સમાધાન કરજો. એટલે એ ચક્ર તમને ત્યાં છોડશે. મુનિ અંબરીષ પાસે જવા નીકળ્યા. આ વાત ચાલ્યાને એક વર્ષ થઈ ગયું હતું, ત્યાં સુધી રાજા ભોજન કર્યા વગરનો હતો. રાજા દુર્વાસાને આવતા જોઇ પરમ હર્ષ પામ્યા અને સુદર્શનચક્રની સ્તુતિ કરી પાછા જવાની રજા આપી. અંબરીષ રાજા મુનિની સ્તુતિ કરી ચરણમાં પડ્યા, ભાવથી ભોજન કરાવી પછી પોતે કર્યું. દુર્વાસા મુનિએ અંબરીષ રાજાની આવી પરમ ભક્તિ જોઈ અત્યંત પ્રસન્ન થઈ આર્શિવાદ આપ્યો કે;—"આવા તમારા પવિત્ર કર્મને સ્વર્ગની સ્ત્રીઓ વારંવાર ગાશે અને પૃથ્વીના લોકો પણ તમારા પરમ પવિત્ર યશનું કીર્ત્તન કરશે." એમ કહી પોતાને આશ્રમે ગયા. અહો! ઈશ્વર ભક્તિનો કેવો પ્રતાપ! અને અંબરીષ રાજાની કેવી પરમ ભક્તિ! બ્રાહ્મણોનો શાપ કે જે કોઈ ઠેકાણેથી પાછો ફરે નહિ, તે પણ એ રાજાને ભક્તિ પ્રતાપથી સ્પર્શ કરી શક્યો નહિ!! માટે નિરંતર પ્રભુ ભક્તિમાં ચિત્તને ચોંટાડવું એ સર્વ પ્રકારે શ્રેયકર છે.

આ પરમ ભક્ત અંબરીષ રાજાને વિરૂપ, કેતુમાન અને શંભુ એ ત્રણ પુત્રો હતા. એ ત્રણે પિતાના જેવાજ સમર્થ હતા. **શંભુએ લેખપત્રનો ચાલ પ્રથમ કાઢયો હતો,** તે રીત અદ્યાપિ પર્યંત ચાલે છે. તે સિવાય પણ તેમણે એવી બીજી કેટલીક ગોઠવણો કરી હતી. એ સઘળો તેના પિતા પાસેથી મેળવેલી વિદ્યાનોજ પ્રતાપ હતો. અંબરીષ રાજાએ કેટલાંક શુભ કર્મો કર્યા પછી પોતાના જ્યેષ્ઠ પુત્રને રાજ્ય સારી રીતથી ચલાવવાની ભલામણ કરી, રાજ્યાધિકાર તેમને સોંપી દીધો. પછી પોતાની સ્ત્રી સાથે વનમાં તપ કરવાને ગયા હતા. ત્યાં નિરંતર એકાગ્ર ચિત્તે પરમાત્માનું ધ્યાન કરી પરમ પદને પામી ગયા છે. ધન્ય છે અંબરીષ રાજાને! કે પોતાના જન્મનું સર્વ પ્રકારે સાર્થક કરી જગતમાં દૃષ્ટાંત રૂપ અમર કીર્ત્તિ રાખી ગયા છે. જે અદ્યાપિ પર્યંત તેવીને તેવીજ છે.

શક પ્રવર્ત્તક મહા પરાક્રમી.

ચક્રવર્તિ--ભરત.

આ જગત પ્રસિદ્ધ અતિ પરાક્રમી ધર્માત્મા ચક્રવર્તિ રાજા હતા. ચંદ્રવંશી પુરૂ કુલોત્પન્ન રાજાધિરાજ પ્રતાપી દુષ્યંત રાજાના પુત્ર થાય. એની માતાનું નામ શકુન્તલા હતું. એ કણ્વ મુનિના આશ્રમમાં રહેતી હતી. ત્યાંજ

દુષ્યંત રાજા તે સાથે ગાંધર્વ વિવાહથી પરણ્યા હતા. ભરત રાજાનો જન્મ કણ્વ મુનિના આશ્રમમાંજ દ્વાપર યુગમાં થયો હતો. એ બાલ્યાવસ્થામાં થોડો કાળ ઋષિ મુનિઓના સમાગમેજ ઉછર્યા હતા. જાત કર્માદિ સંસ્કાર કણ્વ મુનિએજ કર્યા હતા. એના જમણા હાથમાં ચક્રની અને બે પગમાં કમળના પોટાની નિશાની હતી. તપોવનમાં કણ્વ મુનિના આશ્રમ પાસે તે એક વખતે સિંહના બચ્ચાને પકડી લાવી તે સાથે રમતા હતા. એ વગેરેથી તેના પ્રબળ બળની કેટલીક ખાતરી થઈ હતી. એ મહા શૂરવીર, ઉદાર, ધાર્મિક, વિદ્વાન, નીતિવાન, પરોપકારી અને જ્ઞાની હતા. એમને દેવ, ધર્મ અને બ્રાહ્મણો ઉપર ઘણી આસ્તા હતી. દુષ્યંતના મરણ પછી મહાભિષેકના વિધિથી અભિષેક પામેલા એ ચક્રવર્તિ રાજાએ કિરાત, હૂણ, યવન, અંધ્ર, કંક, કંશ અને શક જાતના સઘળા અધર્મિ રાજાઓને તથા મ્લેચ્છોને તેણે દિગ્વિજય કરતી વખતે જીતીને માર્યા હતા. સઘળેથી અધર્મ ટાળ્યો હતો, જૂલમનો નાશ કર્યો હતો અને ધર્મ, નીતિની પ્રવર્ત્તિ કરી હતી. પૂર્વે જે બળવાન દૈત્યો દેવતાઓને જીતીને, તેમની સ્ત્રીઓને હરી જઇને પાતાળમાં જઈ રહ્યા હતા. તે સઘળાઓને આ પ્રતાપી મહારાજે હરાવીને દેવતાઓની સ્ત્રીઓને પાછી લાવી આપી હતી. તેથી તેમની તેનાપર અત્યંત પ્રીતિ થઈ હતી. આ મહારાજ પ્રજાના સર્વ મનોરથોને પરિપૂર્ણ કરતા હતા. સામંતે યમુનિને પુરોહિત કરીને યમુનાજીને કિનારે પંચાવન અશ્વમેધ યજ્ઞ કર્યા હતા. એ સિવાય બહુજ દક્ષિણાવાળાં અનેક વેદોક્ત કર્મ કર્યાં હતાં. બહુજ દ્રવ્ય સાથે સુવર્ણ અલંકારોથી શણગારીને અસંખ્ય ગાયોનું દાન કર્યું હતું. વિદ્યા અને હુનરકળાની વૃદ્ધિને માટે પુષ્કળ દ્રવ્ય ખર્ચ કર્યું હતું. તેનનું અધિકારી મંડળ વિદ્વાન હતું, સલાહકારો ઋષિ, મુનિઓ જેવા વિદ્વાન અને ગુણજ્ઞ બ્રાહ્મણો હતા. તેમની સહાયતાથી રાજકાર્ય ઉત્તમ પ્રકારે ચલાવ્યું હતું. એની આણ પૃથ્વીમાં ચોતરફ ફરતી હતી. જેવા એ દાન, ધર્મ કર્મ અને પરાક્રમમાં શ્રેષ્ઠ ગણાયા હતા. તેવાજ વૈભવમાં દેવતાઓથી પણ વધી ગયા હતા. ઇત્યાદિથી **ભગવાન્** એવા મહદ્‌પદને પામ્યા હતા.

આ મહારાજાનાં મોટાં કામોની બરોબર પૂર્વના કે હાલના કોઈ રાજાઓ કામો કરી શકે તેમ નથી. ઇત્યાદીથી એની કીર્ત્તિ પૃથ્વીમાં ચોતરફ પ્રસરી રહી હતી, એનો મહિમા વેદ મંત્રોથી ગવાતો હતો. ધર્મ, નીતિથી ઘણાં વર્ષ રાજ્ય કર્યું, પ્રજાપ્રેમ મેળવ્યો અને પોતાના પરાક્રમથી દિગ્વિજય કરી શક ચલાવ્યો. એના શકને **ભરત શક** કહે છે. એ શક ભરતખંડમાં દ્વાપર યુગની સમાપ્તી સુધી એટલે તે ૩૦૪૪ વર્ષ ચાલ્યો હતો. એ પછી યુધિષ્ઠિર શક શરૂ થયો હતો. ભરત મહારાજાને વિદર્ભ કુલની બહુ પ્યારી

ત્રણ સ્ત્રીઓ હતી. તેઓને કુરૂપ સંતાન થવાથી રાજાને તેઓનાં પતિવ્રત ઉપર વ્હેમ આવે. માટે તેઓએ તે બાળકોને જન્મતાંજ ગંગામાં ફેંકી દેવડાવ્યાં હતાં. રાજા પુત્ર ન હોવાથી ચિંતાતુર રહેતો હતો. તેથી પુત્ર પ્રાપ્તીને માટે કણ્વ ઋષિના વિચારથી મરૂત્સોમ નામનો યજ્ઞ કર્યો. તેનાથી તેને ભરદ્વાજ નામે પુત્રની પ્રાપ્તી થઇ. ભરતે તેનું નામ 'વિતથ' પાડયું હતું. એ પછી આ ચક્રવર્તિ મહારાજને પોતાનું લોકપાળ દેવનાના જેવું ઐશ્વર્ય, ચક્રવર્તિપણાની લક્ષ્મી અને અસ્ખલિત આજ્ઞા એ સઘળું મિથ્યા છે, એવો વિચાર થતાં વૈરાગ્ય ઉત્પન્ન થયો હતો. તેથી પુત્રને રાજ્ય સોંપી તપોવનમાં તપશ્ચર્યાને માટે ગયા હતા. ત્યાં નિરંતર ઈશ્વર ધ્યાનમાં લાગી રહેતાં, જગતમાં દૃષ્ટાંતરૂપ અમરકીર્ત્તિ મૂકી પરમ ગતિને પામી ગયા છે.

સત્યવાદી, મહાદાતા.

હરિશ્ચંદ્ર.

આ પૃથ્વી પ્રસિદ્ધ પ્રતાપી મહારાજા સૂર્યવંશી ઈક્ષ્વાકુ કુલોત્પન્ન સત્યવ્રત અથવા ત્રિશંકુ રાજાના પુત્ર. એ સત્યયુગમાં અયોધ્યામાં રાજ્ય કરતા હતા. આ રાજન્ મહા પરાક્રમી, શૂરવીર, મહાદાતા, સત્યવાદી, વિદ્વાન, ધર્મશીલ, દયાળુ અને વિદ્વજ્જનના ચંદ્ર સ્વરૂપ હતા. ન્યાય, નીતિ અને ધર્મથી રાજ્ય ચલાવી, પ્રજા પાલન રંજનમાં સદા તત્પર રહેતા. રાજા પ્રજામાં પરસ્પર ઘણી પ્રીતિ હતી. સર્વ પ્રકારની સંપત્તિનું સુખ તેઓ ભોગવતા હતા; તોપણ તેઓ મહા સદ્ગુણી અને જ્ઞાની હતા. સંપસંપત્તિની ચંચળતા અને સંપત્તિનું કપટ કેવું હોય છે તથા તેપર કેટલો વિશ્વાસ રાખવો એ તેઓ સારી પેઠે જાણતા હતા. તેઓ કદી પણ વૈભવના મોહમાં સપડાયા નહોતા અને સંપત્તિથી હર્ષ અને વિપત્તિથી શોક નહિ પામતાં સદા સુખ દુઃખમાં સમાનપણે રહેતા હતા. તેમને શૈબ્યા નામે રાણી હતી. જે તારામતી નામે અતિ પ્રસિદ્ધ પામેલી છે, આવા ધર્માત્મા અને ગુણજ્ઞ રાજાને સંતતિનું સુખ નહોતું. તેથી રાજા જરા ઉદાસ રહેતા હતા. તેથી કુળ ગુરૂ વસિષ્ઠ ઋષિએ વરૂણ દેવની આરાધના કરવા સૂચવતાં, મહારાજા ગુરૂ વચનપર વિશ્વાસ રાખી લાગલાજ આરાધનામાં તત્પર રહેવા લાગ્યા. એમ કેટલોક કાળ આરાધના કરતાં વરૂણ દેવની કૃપાથી રોહિત નામે પુત્ર થયો. એ પુત્રવડે વરૂણ દેવનું યજન કરવું, એવી માનતા હતી, પણ એ પૂર્ણ કરતાં કેટલોક વખત કાઢી નાંખ્યો હતો. તેથી હરિશ્ચંદ્ર મહારાજને જળોદરનો રોગ થયો હતો. એ રોગથી તેઓ પીડાતા હતા. પુત્ર

રોહિત પોતા માટે પિતાને દુઃખ પામતા જોઇ શક્યો નહિ. તેથી પિતાનું દુઃખ દૂર કરવા પોતે વરૂણ દેવને અર્પણ થવા તૈયાર થયો હતો, પણ એક દ્રવ્ય લોભી બ્રાહ્મણ પાસેથી શુનઃશેપ નામે તેનો પુત્ર પોતાને બદલે યજન માટે મળી આવ્યો, તે લઈ પિતા હરિશ્ચંદ્ર પાસે આવ્યો. રાજાએ યજ્ઞની સિદ્ધતા કરી યજ્ઞારંભ કર્યો. તેમાં વસિષ્ઠ ઋષિએ વિશ્વામિત્રને હોતા સ્થાને નિમ્યા હતા. વિશ્વામિત્રને શુનઃશેપ ઉપર ઘણી દયા ઉત્પન્ન થઇ. તેથી તેણે વરૂણના મંત્રનો જપ કર્યો. તેથી વરૂણ દેવ પ્રસન્ન થઇ પ્રત્યક્ષ થયા. તેમને સંતોષવાથી હરિશ્ચંદનો રોગ ગયો અને શુનઃશેપને બચાવ્યો હતો.

હરિશ્ચંદ્ર મહારાજ જેવા સત્યવાદી હતા, તેવાજ ધર્મશીલ પણ હતા. યજ્ઞયાગમાં તેમણે પોતાની અખૂટ દોલત વાપરી હતી. અશ્વમેધ યજ્ઞ કર્યા પછી રાજસૂય યજ્ઞમાં પણ તેમણે પોતાનું ઘણું દ્રવ્ય વાપર્યું હતું. ઈત્યાદિ સુકૃત્યોથી તેમની કીર્ત્તિ પૃથ્વીમાં ચોપાસ પ્રસરી રહી હતી. કુળ ગુરૂ વસિષ્ઠ સમાગમે તેઓ શિષ્યના ધર્માનુરૂપ ઉત્તમ રીતે ચાલતા હતા અને પિતા પ્રમાણે જાણતા હતા, એવી તેમની ભાવનાથી વસિષ્ઠ ઋષિ તેનાપર અત્યંત પ્રીતિ રાખતા હતા. ગુરૂ કૃપાવડે પોતાની સદ્વૃત્તિથી સદા એક સિદ્ધે રસ્તે ચાલતાં છતાં, પણ તેમને ભયંકર વિપત્તિ આવી પડવાનો વખત આવ્યો, પણ વિપત્તિએ તેમને સદ્‌ગુણ રસ્તેજ• દુઃખવવાનો પ્રયત્ન કરવા માંડ્યો હતો. એ વિપત્તિના દુઃખથી તેઓ સુવર્ણની પેઠેજ શોધાઇને વધારે શુદ્ધ અને તેજસ્વી થયા હતા. એટલુંજ નહિ પણ તેજ વિપત્તિ તેમને અમર કીર્ત્તિ રાખવાને સાધનરૂપ થઇ પડી હતી. એપરથી સિદ્ધ થાય છે કે, વખતે શત્રુ પણ મિત્રની ગરજ સારી અમૂલ્ય લાભ કરી આપે છે. હરિશ્ચંદ્ર મહારાજે રાજસૂય યજ્ઞમાં સર્વને પૂર્ણ તૃપ્ત કર્યા હતા. ત્યાંથી અતિ પૂજિત થઇને મહા વિદ્વાન તત્ત્વવેત્તા બ્રહ્મર્ષિ વસિષ્ઠ ઇંદ્ર સભામાં ગયા. તેને જોઈ વિશ્વામિત્રે પૂછ્યું કે;—'હે મુનિ સત્તમ! આ મહતી પૂજા આપને ક્યાંથી પ્રાપ્ત થઈ'? વસિષ્ઠે કહ્યું;—'પ્રતાપવાન્ હરિશ્ચંદ્ર મારો યજમાન છે, તેણે રાજસૂય કર્યો. જે હરિશ્ચંદ્રના જેવો સત્યવાદી, દાતા, ધર્મશીલ અને પ્રજા રંજનમાં તત્પર એવો બીજો કોઇ રાજા થયો નથી અને થવાનો પણ નથી. એના યજ્ઞમાં મને આ પૂજા પ્રાપ્ત થઈ છે.'

'हरिश्चंद्रसमोराजानभूतोनभविष्यति.'

ઇત્યાદિ તેની ઉત્તમ કૃતિનું વર્ણન કરી સ્તુતિ કરી. આ સ્તુતિ સ્વભાવથીજ ક્રોધી વિશ્વામિત્ર સહન કરી કરી ન શકતાં બોલ્યા કે, એ હરિશ્ચંદ્રની એટલી બધી સ્તુતિ શા માટે કરો છો? તેણે વરૂણને પુત્રથી યજન કરવામાં બાનું બતાવી વાર લગાડી હતી, તેજ કે નહિ? આ પ્રમાણે

વિશ્વામિત્રે કહ્યા છતાં પણ વસિષ્ઠ સ્તુતિ કરતા રહ્યા નહિ. વસિષ્ઠ વિશ્વામિત્ર વચ્ચે સ્પર્દ્ધા ચાલતી હતી. એક બીજાના મતથી ઉલટું કરવાને પ્રયત્ન કરતા હતા. એ વખતે પણ વિશ્વામિત્રે વસિષ્ઠના મતથી ઉલટું કરવાની પ્રતિજ્ઞા લીધી કે;—'હું તે હરિશ્ચંદ્રને અસત્યવાદી. અદાતા અને મહાખલ કરૂં નહિ તો મારૂં સંચિત પુણ્ય નાશ પામો.' આવી આકરી પ્રતિજ્ઞા કરી હરિશ્ચંદ્રના સત્વશીલપણાની પરીક્ષા કરવા તેની પાછળ લાગ્યા. તેમનું સત્ય મૂકાવવાને અનેક યુક્તિ પ્રયુક્તિઓ કરવા માંડી. પ્રથમ વિશ્વામિત્રે એક સુંદર બાલક સ્ત્રીને પીડવા માંડી, પણ આ પ્રજા પાલન રંજનમાં સદા તત્પર રાજા પ્રજાનું દુઃખ કેમ સહન કરી શકે! તેમણે લાગલાંજ વિશ્વામિત્ર પાસે જઈ વિનંતિ કરી તેમનું દુઃખ દૂર કરાવી કહ્યું કે—'આપને જે વાંછિત હોય તે કરવા હું તત્પર છું. માટે લોકને પીડા ન કરો.' વિશ્વામિત્ર એ યુક્તિમાં ન ફાવ્યા, ત્યારે બીજો પ્રયોગ આદર્યો. વનમાં જઇ અનુષ્ઠાન કરવા માંડ્યાં. જેથી હજારો ફાડી ખાનારાં પશુઓ પેદા થયાં અને પ્રજાને પીડવા લાગ્યાં. એક માયીકવરાહ,—ડુકર–સુવર–ભૂંડ ક્રુરપણે લોકોને દુઃખ દેતું હતું. એ જોઈ હરિશ્ચંદ્ર તેની પાછળ સૈન્ય લઇ જંગલમાં ગયા. એ માયીક ડુકર અતિશય દૂર જઇને એકાએક અદ્રસ્ય થઈ ગયું. મહારાજા ભૂલા પડ્યા, આડાઅવળા આથડ્યાથી થાકી ગયા, તેથી મધ્યાન થતાં એક નદી કિનારે આવી બેઠા. પાણી પીધું, થોડો વિશ્રામ લેતા વિચારતા હતા કે;—હું કેટલે દૂર આવ્યો છું! નગરમાં કયે માર્ગેથી જવાશે! એવી કલ્પના કરતા હતા. ત્યાં અકસ્માત્ ઋષિના મોકલેલાં બે માયીક હરણ આગળ થઈ નીકળ્યાં. જેને મારવા રાજા પૂંઠે દોડ્યા. એટલે હરણ ઋષિના આશ્રમ ભણી દોડ્યાં અને અલોપ થઈ ગયાં. ત્યાં એક મહાદેવનું દેવળ દીઠું. રાજા, રાણી અને પ્રધાન એ દેવળમાં જઈ બેઠાં. એવામાં ઋષિએ મોકલેલી બે સુંદરીઓ ત્યાં આવી ગાયન કરવા લાગી. રાજાએ પ્રસન્ન થઈ તેઓને કંઈ માગવા જણાવ્યું, ત્યારે તેમણે કહ્યું કે;—'તમે તારામતીને તજી અમારી સાથે લગ્ન કરો.' એ સાંભળી પ્રધાને તેઓને કહાડી મૂકી. એટલે તેઓ ઋષિ પાસે ગઈ. ઋષિ ક્રોધ કરી આવ્યા અને પોતાની દાસીઓનું અપમાન કર્યું. માટે તુચ્છકારનાં વચનો કહેવા લાગ્યા. રાણીએ પગે લાગી ક્ષમા માગી; એટલે ઋષિ જતા રહ્યા. પછી રાજા રાણીના ખોળામાં માથું મૂકી સૂતા હતા. ત્યાં વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ ધરી વિશ્વામિત્ર આવ્યા. તેમને હરિશ્ચંદ્રે માર્ગ પૂછી કહ્યું કે;—'બ્રહ્મન્ જો યજ્ઞ અર્થે ધનેચ્છા હોય તો અયોધ્યામાં આવજો. હું પુષ્કળ દ્રવ્ય આપીશ.' વિશ્વામિત્રે કહ્યું;—'વસિષ્ઠે વદેલી તમારી વિપુલા કીર્ત્તિ પૂર્વે મેં સાંભળી છે કે, મહિતલમાં તમારા જેવો દાતા નથી. માટે હું પ્રા-

થેના કર્યું કે મારા પુત્રના વિવાહ સારૂ ધન આપો.' રાજાએ રાજ્યનગરમાં આવવા જણાવ્યું. પછી રાજા રાણી સર્વ રાજ્યનગરમાં આવ્યાં. બ્રાહ્મણરૂપે થયેલા વિશ્વામિત્ર પણ દાન લેવા આવ્યા. તે સમયે રાજાએ કહ્યું કે;—'હે દ્વિજ! જે ઇચ્છા હોય તે કહો. જે વાંછિત હશે તે ન દેવા જેવું હશે, તોપણ દઇશ. સંસારમાં હું સાંપ્રત યશઃકામી છું. જે સંસારમાં જન્મીને પોતાની સમૃદ્ધિ વડે પરલોકનું સુખ આપનાર શુદ્ધ યશ મેળવતા નથી, તેનું જીવિત વ્યર્થ છે.' આ વચન સાંભળી વિશ્વામિત્ર બોલ્યા કે:—'રાજન્! સર્વસ્વ સહિત રાજ્ય આપો.' રાજાએ કહ્યું;—'રાજ્ય દીધું.' વિશ્વામિત્ર કહે;—'લીધું.' એટલે તરત રાજાએ સિંહાસન ઉપરથી ઉતરી તેમને રાજ્ય મુગટ પહેરાવી દીધો. પછી વિશ્વામિત્રે કહ્યું; 'રાજેંદ્ર! દાન યોગ્ય દક્ષિણા આપો.' રાજા તે પણ આપવા કબૂલ થયા, પણ એ દ્રવ્ય લાવવું ક્યાંથી એ વિચાર થયો. રાજ્ય અને સર્વ સમૃદ્ધિ તો તેમને આપી દીધી હતી; માત્ર પોતે, સ્ત્રી તારામતી અને પુત્ર રોહિત એ ત્રણ પહેરેલાં વસ્ત્રથીજ રહેલાં હતાં. બાકી સર્વ અપાઇ ચૂક્યું હતું. દક્ષિણાની મોટી અગવડ આવી પડી. આ સર્વ સમાચાર નગરીમાં ફેલાતાં પ્રજાજનમાં હાહાકાર થઇ રહ્યો. ધર્માત્મા રાજા રાજ્ય સોંપી પુત્ર અને ભાર્યા સહિત નગર બહાર નીકળ્યા. લોકો દુઃખિત હૃદયે અશ્રુ પાડતાં વળાવવા આવ્યાં. આખી નગરી શૂન્યકાર થઇ રહી. સૌ વિશ્વામિત્રને દુરાચારી, ધૂર્ત્ત, આદિ કહી નિંદવા લાગ્યાં. વનમાં જતા રાજા પાસે વિશ્વામિત્રે આવી કહ્યું કે;—'દક્ષિણાનું સુવર્ણ મને આપીને જાઓ, નહિ તો કહો કે હું નહિ આપું. એટલે હું સુવર્ણ છોડી દઇશ. જો તમારા હૃદયમાં લોભ વર્ત્તતો હોય, તો સર્વ રાજ્ય પાછું લ્યો. દીધું એમ માનતા હો તો દક્ષિણા આપો.'

આ સાંભળી રાજાએ કહ્યું કે;—'હું સૂર્યવંશમાં જન્મેલો ક્ષત્રિય છું. રાજસૂય યજ્ઞનો કર્તા અને ઇચ્છીતનો દાતા છું, તે હું નાકાર કેમ કરૂં? જે દેવું છે તે મારે અવશ્ય આપવાનું છે, માટે ધીરજ રાખો, ધન મળે એટલા વખતની વાટ જુઓ.' વિશ્વામિત્ર—'રાજ્ય, કોશ, સેના આદિ અર્થનાં સકળ સાધન ગયાં છે, તો હવે તમને ધન ક્યાંથી મળવાનું છે? ધન માટે મારે વૃથા આશા શા માટે રાખવી? નિર્ધનને હું કેમ પીડું! માટે હે રાજન્! નહિ દઉં એમ કહો. એટલે હું ચાલ્યો જાઉં.' રાજા—'ધીરજ રાખો. હું આપીશ. મારો દેહ છે, ભાર્યાનો અને પુત્રનો પણ દેહ છે. એ દેહ વેચીને પણ આપનું કરજ અવશ્ય આપીશ. હે પ્રભો! કોઇ ગ્રાહક હોય તો જુઓ. નહિતો કાશીપુરીમાં અમે ત્રણે દાસ ભાવને પામીશું અને તેના મૂલનું સુવર્ણ આપીશું તે લઇ સંતોષ પામજો.' પછી રાજા, પુત્ર અને

ભાર્યા સાથે કાશી તરફ ચાલતાં એક વનમાં આવ્યા. પગેપાળા ચાલતાં હતાં, ઉનાળાના દિવસ હતા. ત્રણેજણ ક્ષુધા, તૃષા અને અતિ તાપથી મરણ તુલ્ય થયાં હતાં. એવામાં વિશ્વામિત્રે બ્રાહ્મણ રૂપે આવી કહ્યું કે;—મારી સ્ત્રી ગર્ભવતી છે, મારે એક બાળક પુત્ર છે. માટે મને પગરખાં—જોડા આપો. એ સાંભળી ત્રણેએ જોડા કાઢી આપ્યા. તેથી ત્રણે આવી વખતે ઉઘાડે પગે થયાં. શરીરપર પણ પૂરાં વસ્ત્ર નહોતાં, ઉનાળાનો તાપ પડતો હતો, પગમાં કાંટા ભોંકાતા હતા; જેણે કદી પણ પૃથ્વીપર પગ મૂકેલો નહિ, તેને આજે ઉઘાડે પગે ચાલવાનો વખત આવ્યો! તેથી ઘણાં દુઃખી થતાં હતાં, પણ પોતાની ધૈર્યતા કદી છોડી નહિ. રોહિત તૃષાથી મૂર્છા ખાઈ પડયો. એટલે પેલા બ્રાહ્મણે થોડું પાણી લાવીને એ ત્રણેને પીવાનો આગ્રહ કર્યો, પણ **બ્રાહ્મણનું લેવાય નહિ,** એ પોતાના ક્ષત્રિય ધર્મ પ્રમાણે તેઓએ પાણી લેવાની પણ ના પાડી. અહો! કેવો ધર્મભાવ! પાણી વિના તરફડવા લાગ્યાં, મરણ તુલ્ય થયા, તોપણ બ્રાહ્મણનું ટીપું પાણી સરખુંએ લીધું નહિ! એ શું ઓછી ટેક! શું એવો કોઈ ક્ષત્રિય અર્વાચીનકાળમાં માલમ પડશે! અરે! અર્વાચીનકાળની તો ન પૂછો વાત! પાણીએ હદ રહી નથી, પણ સર્વસ્વ ન લેતો સારૂ! હશે કોઈ પોતાનો ધર્મ જાણનારો માઇનો પૂત તેની વાત કરતા નથી. બાકી તો ધર્મ ધર્મને ઠેકાણે મૂકતા જાય છે. એ શું થોડા અફસોસની વાત છે!! કાળ વિચિત્ર છે. હરિશ્ચંદ્ર મહારાજની પેઠે ગમેતે થાઓ તોપણ શું થયું? એવું વિચારનારા વિરલાજ હશે! સંસારની મોહ માયામાં ફસેલા છે, અજ્ઞાનતામાં ગોથાં ખાય છે, એમને ઉત્તમ ક્યાંથી સુઝે! વિશ્વામિત્રે હરિશ્ચંદ્રની ટેક મૂકાવવાને ઘણો પ્રયત્ન કર્યો, પણ તેમાં ફાવ્યા નહિ. ત્યારે ઋષિએ વનમાં એકદમ અગ્નિ પ્રકટાવ્યો, ચોતરફ દાવાનળ લાગ્યો. એ ગભરાટમાં હરિશ્ચંદ્રની સ્ત્રીને માર્ગમાં ભૂલી પાડી, તારામતી વિલાપ કરતી એક ઠેકાણે બેઠી. એવામાં બ્રાહ્મણે બે શબ તેના મોં આગળ લાવી મૂક્યાં અને કહ્યું કે;—આ તારો પતિ અને પુત્ર વનના અગ્નિથી બળીને મરણ પામ્યા છે. આ સાંભળી તારામતી અપાર રૂદન કરવા લાગી અને તરત કાષ્ઠ એકઠાં કરી સતી થવાને ચિતા સળગાવવા તૈયાર થઇ, એટલામાં ઋષિએ આવી કહ્યું કે;—સૂર્યાસ્તવેળાએ સતી થવાય નહિ. માટે મારે આશ્રમે ચાલ, પણ તેણે જવાની ના કહી. પોતા પાસે રહેલાં બે શબને ખોળામાં રાખી, ત્યાંજ વિલાપ કરતી બેઠી હતી. એવામાં ઋષિના મોકલેલા બે વાઘ આવી બંને શબને ઉપાડી ગયા. એ જોઈ તારામતી વિલાપ કરવા લાગી. એવામાં હરિશ્ચંદ્ર અને રોહિત આવી પહોંચ્યા. ત્રણે ત્યાંથી કાશીમાં આવ્યાં. દેવું કેમ અપાશે! એ ચિંતામાં રાજા મરીમની પેઠે

નીચું મુખ કરી બેઠા હતા. એ જોઇ પ્રિય પત્નિ તારામતીએ કહ્યું;—'મ-હારાજ! ચિંતા ન કરો, સ્વધર્મને પાળો, પોતાના સત્યને પાળવા જેવો શ્રેષ્ઠ ધર્મ બીજો નથી. માટે મને કોઇને ત્યાં દાસી તરીકે આપીને તે ધન-વડે બ્રાહ્મણને દક્ષિણા આપો.' આ સાંભળી રાજા મૂર્છા પામી પડ્યા. રા-ણીએ શુદ્ધિમાં આણી બેઠા કર્યા. ત્યાં માર્ગમાં કાળ કૌશિક નામે કોઈ બ્રા-હ્મણને આવતો જોઈ રાણીએ કહ્યું કે;—'એની પાસે દ્રવ્ય માગો.' રાજા—હું ક્ષત્રિય થઈ યાચના કેમ કરૂં? ક્ષત્રિયનો ધર્મ તો **યજ્ઞ** કરવા, **વિદ્યા-ભ્યાસ** કરવો, **દાન** આપવાં, **પ્રજાનું** નીતિથી પ્રતિપાલન કરવું, અને **શરણાગતને** અભય કરવો એજ છે. 'દે' એવું કૃપણ વચન બોલવાને પણ યોગ્ય નથી. 'દઉં' એવું વચન મારા હૃદયમાં વસી રહ્યું છે. તે મારો ધર્મ મૂકી બીજું કાંઇ પણ કેમ કરૂં? કદી પણ કરીશ નહિ. ગમે તે થાઓ પણ હું કોઇપણ ઠેકાણેથી દ્રવ્ય મેળવીને બ્રાહ્મણને આપીશ.' અહો! કેવી ટેક! કેવાં ધૈર્યતાનાં વચનો!!!

આ સાંભળી રાણી બોલી;—'અહો! કાળજ સમવિષમ કરનાર છે. વૈભવ, સન્માન, અને માન આપનાર પણ કાળજ છે. કાળજ પુરૂષને દાન દેનાર કે યાચના કરનાર પણ કરે છે. જુઓ;—વિદ્વાન બ્રાહ્મણે ક્રોધવડે આપને રાજ્યથી અને સુખથી ભ્રષ્ટ કર્યા. એ પણ કાળનીજ ગતિ છે.' રાજા કહે;—'તરવારની તીક્ષ્ણ ધારથી જીભના બે કટકા કરાય તે સારૂં, પ-રંતુ માન તજીને 'દેહિ દેહિ' એમ તો બોલવુંજ નહિ. હું ક્ષત્રિય છું, હું જરા પણ યાચું નહિં. ભૂજ વીર્યથી ધન મેળવી હુંતો નિત્ય દઉંજ.' રાણી-એ કહ્યું;—'પ્રાણનાથ! જો યાચવું યોગ્ય નથી, તો મને વેચીને મારૂં જે મૂલ્ય આવે તે લઈ બ્રાહ્મણને દક્ષિણા આપો અને સત્યવ્રત પાળો.' રાજા આ વિચાર સાંભળી શોકાતુર થયા, પછી બજારના મધ્ય ભાગે ઉભા રહી ગદ્દગદ્દ કંઠે બોલ્યા કે;—'હે લોકો! સાંભળો, જે કોઇને દાસીનું કામ હોય અને હું માગું તેટલું ધન આપવાની શક્તિ હોય તે તરત કહો.' લોકો ક-હે;—'પત્નિ વેચવા આવેલો તું કોણ છે?' રાજા કહે;—'હું કોણ છું એમ શા માટે પૂછો છો? હું નિર્દય છું, હું રાક્ષસ છું અને તેથીજ પાપ કરૂંછું.' પછી કાળ કૌશિક નામે ધનાઢ્ય બ્રાહ્મણે મૂલ્યનું કોટી ગદીઆણા સુવર્ણ આપી વેચાતી લેવાનું કહ્યું, પણ હરિશ્ચંદ્ર દુઃખથી ભેદાઈ કંઈ બોલી શક્યા નહિ. બ્રાહ્મણે સુવર્ણ એક વલ્કલપર મૂકી રાણીને પોતા તરફ ખેંચી. એ જોઈ રાણી બોલી કે;—'હે બ્રાહ્મણ! હું પુત્રને જોઈ લઉં, ત્યાં સુધી મને મૂકો, મૂકો, કારણ હું ફરી એને જોઇ શકીશ નહિ.' બાળક રોહિત પણ માતાને દુઃખી જોઈ ચોધાર આંસુએ રૂદન કરવા લાગ્યો, મા! મા! બો-

લતો પાછળ દોડયો, હાથથી વસ્ત્ર ખેંચતો પડી ગયો. બ્રાહ્મણે માર્યો પણ હે મા! હે મા! બોલતો માને મૂકતો નહોતો. એ જોઈ રાણીએ બ્રાહ્મણને કહ્યું કે:—હે પ્રભો! હું અલ્પ ભાગિની ઉપર એટલી કૃપા કરીને મારા પુત્રને પણ વેચાતો લ્યો. બ્રાહ્મણે તે બાળકનું મૂલ્ય પણ એ વલ્કલપર મૂકીને તેને પણ લીધો. જતી વખતે રાણી પતિની પ્રદક્ષિણા કરીને ઘુંટણીએ પડી વ્યાકુળ ચિત્તે અશ્રુ પાડતી દીનવાણીથી બોલી કે:—

'यदिदत्तंयहुतंब्राह्मणस्तर्पितायादि ।
तेनपुण्येनमेभर्ताहरिश्चंद्रोऽस्तुवैपुनः ॥'

અર્થ—'જો મેં આપ્યું હોય, જો હોમ્યું હોય અને જો બ્રાહ્મણોને તૃપ્ત કર્યા હોય, તો તે પુણ્યવડે હરિશ્ચંદ્ર ફરી નિશ્ચય મારા ભર્તા થજો.' આ સાંભળતાંજ રાજા હાહાકાર કરતા વિલાપ કરવા લાગ્યા:—'વૃક્ષછાયા વૃક્ષને પણ કદી છોડતી નથી, તો આ સત્યશીળ ગુણવાળી મને છોડી કેમ જાય છે! પુત્ર! તું પણ મને છોડીને જઈશ? વિપ્ર! હું કઇ દિશામાં જાઉં! કોણ મારૂં દુઃખ ભાગશે! ભૂદેવ! જે દુઃખ પુત્ર વિયોગથી મને થાય છે, તે દુઃખ રાજ્ય ત્યાગથી કે વનવાસથી થતું નથી.' પછી રાજા ગદ્દગદ્દ કંઠે રાણીને કહેવા લાગ્યા;—'હે પ્રિય! હે કલ્યાણિ! તું મારાથી તજાયલી અને દુઃખ સાથે જોડાએલી છું. હું ઇક્ષ્વાકુ વંશમાં ઉત્પન્ન થયોછું, સર્વ રાજ્ય સુખ જે ઉચિત છે, એવા પતિને પામીને તું દાસભાવ પામી! હું આ રીતે મહાશોકસાગરમાં ડૂબુંછું, તેને તારા વિના હે દેવિ! પુરાણુના-જુના ઇતિહાસો કહી કોણ દુઃખમાંથી કહાડશે?' ઇત્યાદિ રીતે રાજાને વિલાપ કરતો મૂકીને બ્રાહ્મણ, રાણી અને રોહિતને લઈ ચાલી નીકળ્યો. અહો! આ વખતે ત્રણેના હૃદયમાં કેવો શોક સિંધુ ઉછળી રહ્યો હશે! એનું વર્ણન કરવું અશક્ય છે. એવામાં વિશ્વામિત્ર આવ્યા. રાજાએ તેને દ્રવ્ય લેવાનું કહેતાં તેણે કહ્યું કે;—'તેં આ દ્રવ્ય ક્યાંથી મેળવ્યું?' રાજા કહે;—'એ સાંભળતાં શોક વધશે. માટે કહેવાની જરૂર નથી.' વિશ્વામિત્ર-'ખોટે માર્ગે મેળવેલું દ્રવ્ય હું લેતો નથી. માટે સારે માર્ગે મેળવેલું દ્રવ્ય મને આપ,' રાજા—'મારી ભાર્યાને કોટી ધન માટે વેચી અને પુત્ર રોહિતને દશકોટી ધનથી વેચ્યો. એવી રીતે મેળવેલું આ અગિયાર કોટીનું સુવર્ણ લ્યો.' વિશ્વામિત્ર—'રાજસૂય યજ્ઞને યોગ્ય એ દક્ષિણા નથી. માટે બીજું દ્રવ્ય મેળવી તે પૂર્ણ કરો. મારા શુદ્ધ સ્વાધ્યાય અને તપ પ્રભાવ આદિને યોગ્ય દક્ષિણા આપવી જોઇએ.' રાજાએ એ પણ માન્ય રાખ્યું. વિશ્વામિત્રના ગયા પછી રાજા નીચે મુખે ઉંચા સ્વરથી પોકારવા લાગ્યા કે;—'પ્રેત જેવા મને વેચાતો લેતાં જેનું કામ થતું હોય તે બોલજો.' એટલામાં ધર્મરાજા ચાંડાલરૂપે આવી બોલ્યા કે;—હું

તને દાસ કરવા સારૂ લઉંછું, જે મૂલ્ય લેવું હોય તે કહે.' રાજાએ તેનો વિચિત્ર વેશ જોઈ પૂછતાં તેણે કહ્યું કે;—'હું પ્રવીર–વીરબાહુ નામે પ્રસિદ્ધ ચાંડાલ છું; તમે મારા તાબામાં રહી મુવેલાંનાં વસ્ત્ર લેવા રહેજો.' આ સાંભળી રાજાએ બ્રાહ્મણ કે ક્ષત્રિયને ત્યાં રહેવાની ઇચ્છા બતાવી; કેમકે ઉત્તમ, મધ્યમ, અને અધમના એજ પ્રમાણે ધર્મ હોય છે, પણ ચાંડાલે કહ્યું કે, 'જે નર વિચારીને બોલે છે તેજ ઇચ્છિતને પામે છે. તમે સામાન્ય રીતે એમ બોલ્યા છો કે;—'જેનું કામ થતું હોય તે બોલજો.' માટે તમને સત્યજ પ્રિય હોય તો તમે લેવાઇ ચૂક્યા છો. આવાં વચન સાંભળી હરિશ્ચંદ્ર બોલ્યા કે;—'અસત્યતાથી નર અધમ થઇને નરકે જાય છે, તેના કરતાં ચાંડાલતા સારી, અસત્યતા મારે સારી નથી.' એમ વિવાદ ચાલતો હતો. ત્યાં વિશ્વામિત્રે આવી ચાંડાલને ત્યાં વેચાઇને પણ દક્ષિણા આપવાની માગણી કરી. હરિશ્ચંદ્રે કહ્યું કે;—'આપ જાણોછો કે હું સૂર્યવંશનો છું, તે દ્રવ્ય સારૂ ચાંડાલનો દાસ કેમ થાઉં! હું આપનો દાસ છું, પરંતુ ચાંડાલનો સંગ બહુ દુઃખદાયક છે. હું બાકીના દ્રવ્ય સારૂ તમારોજ દાસ થાઉં.' વિશ્વામિત્ર—'નરપતિ! તેમ કરો. ભલે મારો દાસ થા, પણ સદા મારૂં વચન માનવું.' એમ કહી વિશ્વામિત્રે પોતાનો દાસ કરી પછી તે ચાંડાલને ત્યાંજ વેચ્યા. હરિશ્ચંદ્રે ધીરજ રાખી, વિશ્વામિત્રનેજ પોતાના ધણી માન્યા અને તે કરાવે તે કરવું એવો નિશ્ચય કર્યો. એટલામાં આકાશ વાણી થઈ કે;—'હે રાજન્! તમે દેવું છૂટી ગયા છો.' પછી દેવોએ ધન્યવાદ આપી પુષ્પવૃષ્ટિ કરી. વિશ્વામિત્રે ચાંડાલ કહે તે પ્રમાણે વર્તવાની ભલામણ કરી. સ્વતિ—કલ્યાણ થજો, એમ બોલી દ્રવ્ય લઈ ચાલ્યા ગયા. ચાંડાલ હરિશ્ચંદ્રને પોતાને ત્યાં તેડી ગયો. રાજા અન્નપાનનો ત્યાગ કરી ચાંડાલનું કામ કરતા હતા. ત્યાં પણ વિશ્વામિત્ર તેનું કામ બગાડી જતા. તેથી ચાંડાલ દુઃખ દેતો. પછી ચાંડાલે તેને શબ બાળવા આવે તેનો કર તથા શબ ઉપરનાં વસ્ત્ર લેવાને સ્મશાનમાં રાખ્યા. એ સ્મશાન કાશીની દક્ષિણ તરફ હતું. તેમાં અનેક શબ આવતાં હતાં, મરનારનાં સગાંવહાલાં અને બંધુઓના વિલાપ અને કલ્પાંતથી એ મહા વ્યાકુળ થઈ રહેતું હતું. તેથી એ મહા ભયંકર લાગતું. રાજા એથી વારંવાર દુઃખી થતા હતા, પણ મનમાં એવોજ ઉત્તમ વિચાર હતો કે;—

विनाधर्ममनुष्याणांजायतेनशुभंक्वचित् ।
यतःतंधारयेत्तस्मात्पुरुषोधर्ममेवाहि ॥

दे. भा. स्कं. ७ अ. २४.

અર્થ—'મનુષ્યોને ધર્મ વિના કાંઇપણ શુભ થવાનું નથી. માટે પુરૂષે ધર્મનેજ યત્નથી ધારણ કરવો.' આવા વિચારથીજ સદા સ્મશાનમાં રહેતા

હતા. સ્મશાનના ઘણા કામથી શરીર દુર્બળ થઈ ગયું હતું, ફાટાં તુટાં જુનાં કપડાંને ગાંઠો વાળી પહેર્યાં હતાં, ચિતા ભસ્મથી શરીર લીપાઈ ગયું હતું, રાત્રિ દિવસ સૂવાનું મળતું નહિ. એવી રીતે દુઃખી હાલતમાં એક વર્ષ કાંઢયું, તે સો વર્ષ જેવું થઇ પડયું હતું. એક વખતે રાજકુમાર રોહિત પોતાના સોબતીઓ સાથે કાશી નગરીની બહાર રમવા ગયો હતો. ત્યાંથી વળતાં પોતાના સ્વામી કાળ કૌશિકની પ્રીતિને માટે દર્ભ, સમિધ આદિનો ભારો મસ્તકપર લઇને આવતો હતો. માર્ગમાં ઘણી તરસ લાગી હતી. તેથી ભારો ઉતારી તળાવમાં પાણી પીવા ગયો. ત્યાંથી ભારા પાસે આવતાં વિશ્વામિત્રના મોકલેલા સર્પે ડંશ કર્યો. એટલે તે ત્યાંજ મરણ પામી પડયો. સાથેના બાળકોએ આવી તારામતીને ખબર આપ્યા. આ વજ્રપાત જેવાં વચન સાંભળી રાણી કપાએલી કેળની પેઠે પૃથ્વીપર પડી ગઈ. દુઃખમાં દુઃખ આવી પડયું, જે બિચારી પુત્રનું મુખ જોઇને આશાએ દિવસો કાઢતી હતી. તે આશા પણ નિષ્ફળ ગઇ. માથે દુઃખના ડુંગરા ઉગવા લાગ્યા. શુદ્ધિમાં આવતાં બ્રાહ્મણના ઘણા કાલાવાલા કર્યા, ત્યારે અધરાતે રજા મળી. એ વખતે પોતાના પડેલા પુત્ર પાસે ગઈ, પુત્રને ખોળામાં લઇ છાતીફાટ વિલાપ કરવા લાગી કે;—અરેરે! આ શું ગજબ! હાય હાય! હું હવે નિરાધાર થઈ! હાય! મારો હૈયા ધારણ નાશ પામ્યો! અરે! હવે હું શું કરીશ! હું કયાં જાઉં? અરે! દુષ્ટ સર્પ! તેં આવા કોમળ નિરપરાધી બાળકનો જીવ કેમ લીધો? આથી તને શું ફળ મળશે? શું અપરાધ વગરના લોકને પણ દુઃખ દેવું એજ ક્રુર પ્રાણીઓનો સ્વભાવ છે! સર્પરાજ કયાં ગયો? મને પણ ડંસ કર! તેથી અમે બંને મા દીકરાને ઘણો અંતરાય પડે નહિ. પ્રિય પુત્ર! એકવાર બોલ! મને નિરાધાર મૂકી કયાં જાય છે? તારા વિના બીજા કોનું સુંદર હસ્તુ મુખ જોઈ તારા પિતાના વિયોગનું દુઃખ વિસારીશ! પુત્ર! ઉઠ? એકવાર કાલું કાલું બોલી ઉત્તર આપ. નહિ તો પુત્ર! હું પણ તારી પાછળ આવું છું! ઇત્યાદિ પ્રકારે ઘોર અંધારી રાતે કલ્પાંત સાથ વિલાપ કરવા લાગી. તેવામાં ઋષિ આવી કહેવા લાગ્યા કે, તું વહેલી વહેલી તારા પુત્રના શબને અગ્નિદાહ કર. નહિ તો ચંડાળ કર લીધા વગર બાળવા નહિ દે. રાણી પુત્રના શબને લઇ શ્મશાનમાં આવી. કાષ્ઠ એકઠાં કરવા લાગી. રાણીને પોતાનો પતિ હરિશ્ચંદ્ર ચંડાળતા પામીને શ્મશાનમાં રહે છે, તેની ખબર નહોતી, બંને દીર્ઘકાળ થયાં વિખૂટાં પડ્યાં હતાં, અને એવી દુઃખદ દશામાં આવી પડ્યાં હતાં કે, કોઈ કોઇને ઓળખી શકે તેમ નહોતું. રાણી ચિતા તૈયાર કરી સળગાવવા લાગી; તેવામાં શ્મશાનમાં બેઠેલા હરિશ્ચંદ્ર આવી ક્રોધથી અગ્નિને ઓલવી નાંખી

બોલ્યા કે;—અરે ! તું આ વખતે કોણ છે ? ક્યાંથી આવી છે ? શું મારા ધણીનો કર આપ્યા વગર તારા પુત્રના શબને બાળવા ઇચ્છે છે ? હું મારા ધણીનો કર ઉઘરાવવા માટેજ આ શ્મશાનની ચોકી કરૂં છું. માટે તું પ્રથમ કર આપ. પછી તારા પુત્રને બાળજે. આ સાંભળી તારામતી નિઃશ્વાસ નાંખી વિલાપ કરવા લાગી;—મારી પાસે કર આપવાને કંઈ નથી. માટે દયા કરી મારા પુત્રને બાળવાની રજા આપો. અરેરે ! સર્વ રાજાઓમાં શ્રેષ્ઠ સત્યવાદી હરિશ્ચંદ્ર રાજાની સ્ત્રી ક્યાં ! અને આ વિકટ દશા ક્યાં ! હાય ! હું આ દશામાં પુત્રને બાળવાને માટે શ્મશાનનો કર આપવાને પણ શક્તિવાન નથી ! હા ! દૈવનો શો ગજબ ! વત્સ ! આ કોના પાપથી ઘોર દુઃખ આવી પડ્યું છે ! હા નાથ ! મને અતિ દુઃખિતાને છોડી આપ ક્યાં વસો છો ! રાજર્ષિ હરિશ્ચંદ્રના રાજ્યનો નાશ, બંધુનો ત્યાગ, ભાર્યા અને પુત્રનો વિક્રય ! હે વિધાતા ! ! તેં આ શું કર્યું ! ! !

હરિશ્ચંદ્ર આ સાંભળતાંજ મૂર્છાગત થયા. થોડીવારે શુદ્ધિમાં આવતાં સ્ત્રી સામું જોઈ ફરી મૂર્છા પામ્યા. ઘણીવારે સંજ્ઞા આવતાં પુત્રને નિરખી વિલાપ કરવા લાગ્યા;—પુત્ર ! તું ક્યાં અંતરધ્યાન થયો ! તારી બિચારી માતા સામું દયા વિનાનો થઈ કેમ જોતો નથી ? પ્રિય પુત્ર ! એકવાર મનોહર આનંદ આપનારી મધુરી કોમળ વાણી બોલ ! આ તારી માતાને ધન્ય છે કે આજ સુધી તારા બોલ સાંભળવાના સુખનો અનુભવ કર્યો, પરંતુ મેંતો તારા બોલ આગળ સાંભળેલા, તે યાદ કરી આટલા રોજ કાઢ્યા. આ સમયે તું મને મળ્યો છે, પરંતુ એક વચન પણ બોલતો નથી. જીવનાધાર ! તારા પિતા સામી એકવાર દૃષ્ટિ કર ! નહિ તો હું તને થોડા વખતમાંજ સ્વર્ગમાં ભેળો થઇશ. હા સુકુમાર વત્સ ! હા મનોહૃદય નંદન ! તારૂં આવું દીનમુખ જોઇ મારૂં હૃદય કેમ ફાટી જતું નથી ? ઈત્યાદિ બોલતાં ફરી મૂર્છા પામ્યા. તેને પડેલ જોઈ તારામતીને વિચાર આવ્યો કે;—વિદ્વજ્જનના મનનો ચંદ્ર એવો હરિશ્ચંદ્ર, તેજ આ પુરૂષ શ્રેષ્ઠ છે એમાં સંશય નથી. એ નરેશ્વર અત્યારે સ્મશાનમાં ક્યાંથી આવ્યા હશે ! ઇત્યાદિ વિચાર કરતી બતી અને પુત્રના દુઃખથી પીડિત તે દીના અને વિસ્મતા રાણી મૂર્છાથી ધરણીપર ઢળી પડી. ધીરે ધીરે ચેતના આવતાં ગદ્દગદ્દ કંઠે બોલી; —ધિક્ છે દૈવને ! હે દયા વિનાના અને અમર્યાદ ! આ દેવ રાજાને ચાંડાલતામાં આણ્યા. આ દૈવનો કેવો ફેરફાર ! પૂર્વે જે આ રાજાને ચાલતાં તાબે થયેલા રાજાઓ પોતાના અમૂલ્ય વસ્ત્રવડે જમીન સાફ કરતા, એવા મોટા મહારાજા આજે દુઃખથી પીડિત થઇ અપવિત્ર ભયંકર સ્મશાનમાં—જ્યાં ભસ્મ અંગારા અને અડધાં બળેલાં હાડકાં મજ્જાદિ પડ્યાં છે ત્યાં ફરે છે!!!

ઇત્યાદિ બોલી વિલાપ કરવા લાગી. રાજાએ કહ્યું કે;—પ્રિયા! તું તારા જે પ્રાણનાથનું સ્મરણ કરે છે, તેજ વજ્રમય હૃદયનો આ હું હરિશ્ચંદ્ર છું. હે પ્રભુ! મારૂં રાજાપણું ક્યાં! અને આ ચાંડાળની ચાકરી ક્યાં! મારા જેવો કોઈ પણ પૃથ્વીમાં દુઃખીઓ હશે નહિ. પ્રિયા! તું મારા પ્રાણથી પણ અધિક પ્રિય છે. અને આ મારો પુત્ર પણ મારા પ્રાણથી અધિક છે, પણ પુત્રને બાળવા માટે મારા ધણીને કર આપવો જોઇએ અગર તેમની આજ્ઞા મળવી જોઇએ. તે વિના બાળી શકાય નહિ. જે પોતાના શરીર, સગાં, પુત્ર, કે સ્ત્રી સારૂ પોતાના ધણીનું અહિત કરે છે, તે મહા અધમમાં અધમ ગણાય છે. માટે તું અહીં બેસ, હું મારા ધણીની આજ્ઞા લેવા જાઉં છું. એમ કહી પોતાના ધણી પાસે ગયો. એટલે વિશ્વામિત્રે બ્રાહ્મણરૂપે આવી રાણીને પીશાચનો ભો બતાવ્યો. જેથી રાણી પુત્રનું પ્રેત લઈ એક પાસેના દેવળમાં જઇ બેઠી. થોડીવારે નિદ્રા આવી ગઈ. એટલે ઋષિએ રોહિતનું પેટ ફાડી આંતરડાં કહાડી રાણીના મોં ઉપર નાંખ્યા અને લોહી છાંટયું. પછી શંખનાદ કર્યો, લોકો ભેળાં થયાં, આ કોઈ રાક્ષસી છે? એવી બૂમ ઉડાડી. રાણીને લોકોએ પૂછવા માંડયું, પણ તે દુઃખથી ગાંડા જેવી થઇ ગયેલી કાંઈ જવાબ આપી શકી નહિ. તેથી લોકોના મનમાં શંકા આવી કે;—એ સ્ત્રી નથી, પણ કોઇ રાક્ષસી જેવી છે! તે ખરેખરી કોઈ બાલ ઘાતિની છે, તેણે ભક્ષ સારૂ આ કોઇનું બાળક દેવળમાં આણ્યું છે. એ રીતે લોકો બોલવા લાગ્યાં અને તે પ્રમાણે તેને કારણો સૂઝવા લાગ્યાં. અંતે તેને બાલઘાતિની માની મારી નાંખવા યોગ્ય ઠરાવી. અને મારી નાખવા વીરબાહુ ચાંડાલને જાણ કરી. તેણે હરિશ્ચંદ્રને બોલાવવાની તજવીજ કરી, તેટલામાં એ શોકાતુર હૃદયે પોતાના બાળકને બાળવાની રજા લેવા આવી પહોંચ્યા. હરિશ્ચંદ્રે હજુ પોતાની વાત કરી નહોતી, ત્યાં વીરબાહુએ આજ્ઞા કરી કે;—રે દાસ! સ્મશાન પાસેના દેવળમાં કોઇ રાક્ષસી સ્ત્રી આવી છે, તે બાલઘાતિની છે, તેને વધ કરવાનો હુકમ થયો છે. માટે તારી પાસે આવે કે, તું તેનો વધ કરજે! આ સાંભળી હરિશ્ચંદ્ર વિચારમાં પડચા કે, આજ સુધી તો મારે મૃત મનુષ્યોનાં શબ સંબંધીનુંજ કામ હતું, પણ આતો વધ અને તે પણ કોઇ સ્ત્રીનો વધ, એમ સ્થિતિનું અતિશય અંતર થઇ જતાં એ વિષે શંકાશીલ થઈ ધ્રુજતે ધ્રુજતે કહેવા લાગ્યા કે;—'એ કરવા હું શક્તિવાન નથી, તમારી આજ્ઞાથી બીજું અસાધ્ય કર્મ હશે, તે પણ હું કરીશ.' ચાંડાલ કહે,—તું બીશ માં આ ખડ્ગ લે અને તું જા, તેને મારજે. એ બાળકોને ભય દેનારી છે, તે રક્ષા કરવા યોગ્ય નથી; એ દુષ્ટાએ બહુ બાળકોને ખાધાં છે. એના એકના વધથી બહુને સુખ થશે અને લોકો-

ને નિરાંત થશે. હરિશ્ચંદ્રે કહ્યું;—'સ્ત્રીઓ સદા રક્ષણ કરવા યોગ્ય છે. મારો જન્મ થયો ત્યારથીજ વ્રત છે કે, સ્ત્રી વધ ન કરવો. બીજું ગમે તેવું દારૂણ કામ હશે તે હું કરીશ, પણ સ્ત્રી વધ નહિ થાય! ચાંડાલે કહ્યું;—'તું ચાંડાલનો દાસ છે, માટે તારે હું કહું એ કરવાનો ધર્મ છે. માટે લે આ ખડ્ગ અને છેદજે તેનું શિર.'

હરિશ્ચંદ્ર આ વચન સાંભળી દીલગીર થતા નીચું મુખ કરી ખડ્ગ લઈ સ્મશાનમાં આવ્યા. ત્યાં તારામતી જેને રાક્ષસી ગણેલી છે તેને પુત્ર સહિત મૂકી સિપાઇઓ ચાલ્યા ગયા. તારામતી વિપત્તિપર વિપત્તિ આવી પડવાથી શરીરની શુદ્ધ ભૂલી જઈ, વિલાપ કરતી હતી. હરિશ્ચંદ્ર તેમને નિરખી છાતીફાટ રૂદન કરવા લાગ્યા. આ વળી બીજું વિપરીત દુઃખ આવી પડવાથી બેશુદ્ધ થઇ ગયા. તારામતી વિલાપ કરતી રાજાને કંઠે વળગી પડી બોલી કે;—'હે રાજન્! આ તે સ્વપ્ન છે કે સત્ય છે! હે મહાભાગ! આપ આને જે માનતા હો તે કહો. મારૂં મન નિશ્ચય મુંઝાય છે. હે ધર્મજ્ઞ! જો આ સર્વ સત્યજ હોય તો ધર્મ વિષે સહાયતા નથી, તેમજ વિપ્ર, દેવાદિના પૂજનમાં અને સત્ય પાલનમાં પણ કંઈ નથી, જો ધર્મજ નથી તો સત્ય તો ક્યાંથીજ હોય!' એટલું બોલી પછી પોતાનો વૃત્તાંત કહ્યો. પછી રાજાએ ઉંડો નિશ્વાસ મૂકી ગદ્દગદ્દ કંઠે થઈ પોતાનો વૃત્તાંત કહ્યો. રાજાએ નિશ્ચય કર્યો કે પોતાની સ્ત્રી નિરપરાધી છે, તોપણ પોતાના ધણીનો હુકમ ભંગ કેમ થાય! એવા વિચારમાં મૂર્છાગત થયા. શુદ્ધિમાં આવતાં રાણીએ ગદ્દગદ્દ ગિરાથી કહ્યું કે;—'પ્રાણનાથ! મારૂં શિર છેદીને આપના સ્વામીનું કહેલું કરો. રાજેંદ્ર! અસત્ય આપનાથી ન થાઓ. પરદ્રોહ તે પાપ છે.' એ સાંભળી રાજા ફરી મૂર્છા પામ્યા. શુદ્ધિમાં આવતા બોલ્યા કે;—'હે પ્રિયે! જે કહેવાને પણ અશક્ય છે તે કર્મ કરાય તો કેમજ! રાણી બોલી;—હે પ્રભો! મેં સત્ય કર્મ કર્યા છે તો અન્ય જન્મને વિષે પણ આપજ મારા પતિ થશો! રોહિત સરખા પુત્ર, વસિષ્ઠ સરખા ગુરૂ, અને વિશ્વામિત્ર સરખા જન્મોજન્મ યાચક મળજો. પ્રાણપતિ! તમારા હાથથી નાખેલી તરવાર પણ મારા ગળામાં મોતીની માળા જેવી લાગશે. માટે ચિંતાતુર ન થતાં તરત ઘા કરો! રાજાએ કહ્યું;—જો નિષ્કપટ થઇ મારા ધણીની આજ્ઞા પાળી છે, તો આપણું ઈશ્વર કલ્યાણ કરશે. આપણે સૌ થોડા વખતમાં સ્વર્ગમાં એકઠાં થઇશું. આ ખડ્ગ આપણા વિયોગને વધારેવાર સહન કરશે નહિ.' આ પ્રમાણે બોલી પરમેશ્વરનું ધ્યાન કરતાં જેવા ખડ્ગ ઉગામી ઘા કરવા જાય છે, તેવાજ ત્યાં સાક્ષાત્ ધર્મને પ્રમુખ કરી સર્વ દેવો વિશ્વામિત્ર સાથે આવી ઉભા રહ્યા અને બોલ્યા કે;—હે રાજન્! સાહસ મા કરો. અમે ધર્માદિ છીએ. તમે પ્રાણ

જતાં સુધી પણ તમારો સત્ય ધર્મ ચૂક્યા નથી. તેથી તમને ધન્ય છે! ધન્ય છે! આપના સત્વાદિ ગુણોથી બહુજ સંતોષિત થયા છીએ. આપે સનાતન લોક જિત્યા છે. બીજા નરોને જે પ્રાપ્ત થવું અશક્ય છે, તે તમે પોતાના કર્મથી પ્રાપ્ત કર્યું છે. પછી સર્વ ઉપર અમૃત અને પુષ્પની વૃષ્ટિ થઇ, સુકુમાર પુત્ર રોહિત સ્વસ્થ થઈ ઉભો થયો. વિશ્વામિત્રે હરિશ્ચંદ્રના સત્ય વ્રતપર પ્રસન્ન થઈ પોતાના તપનું ફળ તેમને અર્પણ કર્યું. માયાની અતિ ગહન છાયા દૂર થઇ અને સત્યનો પ્રકાશ થયો. ઇશ્વર કૃપાથી પુત્ર રોહિત સજીવન થયો, સર્વનો સંયોગ થયો, અને સુખ સંપત્તિ તથા રાજ્યાદિ સર્વ નિર્મળ અમરકીર્ત્તિ સહિત પાછું હરિશ્ચંદ્રને આવી મળ્યું. અયોધ્યામાં ઘણાં વર્ષ ધર્મ રાજ્ય કરી પછી રોહિતને રાજ્યાભિષેક કર્યો હતો. એ મહા પુરૂષ દુ:ખથી ડરી જઇ કદી ધૈર્યતા છોડી ધર્મથી ચળાયમાન થયા નહોતા. એવાં એનામાં મહા પુરૂષનાં ઉત્તમ લક્ષણો હતાં. સંકટો સહન કરીને પણ સત્યવાદી, દાતા, અને ધર્મશીલ આદિ ગુણોવડે મહાત્મા થવાથી અંતે કેટલાં સુખ અને લાભ છે, તેનું હરિશ્ચંદ્રએ એક ઉત્તમ અમર દૃષ્ટાંત છે. જેમ એ મહારાજા હતા, એના પ્રમાણમાં તેમને ઘણાં સંકટો સહન કરવાં પડ્યાં હતાં; તેમ કદી આપણી સ્થિતિને અનુકૂળ આપણને સદાચાર પાળતાં સંકટો આવે, તો તે દૃઢતા રાખી સહન કરવાં. તેથી અંતે મહા સુખ અને લાભ થાય છે. અંતે **ધર્મે જય** એ નિ:સંદેહ છે. કાળકૌશિક બ્રાહ્મણ, ચાંડાલાદિ સર્વ વેશ ધારી હતા. એ સર્વ હરિશ્ચંદ્રની પરીક્ષા સારૂ વિશ્વામિત્રની કરેલી રચનાજ હતી. એ અંતે તેને પરમ સદ્ગતિ આપનાર સાધનજ થયું. જે પરમ સ્થાન પામવાને મનુષ્યો ઇચ્છે છે, તે સ્થાન સહકુટુંબ હરિશ્ચંદ્રને પ્રાપ્ત થયું અને દેવાદિને પણ અતિ દુર્લભ એવી અતુલ કીર્ત્તિને પામ્યા. જે અદ્યાપિ સતેજ છે. ધન્ય હરિશ્ચંદ્ર!!!

મહાકીર્ત્તિવંતસ્વપરાક્રમી.

ચક્રવર્તિ—સગર રાજા.

આ પ્રસિદ્ધ મહારાજા સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુલોત્પન્ન હરિશ્ચંદ્ર વંશીય બાહુક રાજાના પુત્ર. એની ઉત્પત્તિ એવી રીતે છે કે;—બાહુક રાજાએ હજારવાર લગ્ન કર્યું હતું, પણ તેમાં એકે સ્ત્રીથી સંતતિ થઈ નહોતી. તેથી તે ઘણો ઉદાસ રહેતો હતો. તેટલામાં એક પ્રસંગે દૈવયોગથી નારદજી આવ્યા. તેમણે આમ્રફળ આપી કહ્યું કે, આ ફળ ગમે તે એક રાણીને ખવાડજો. એટલે તમને પુત્ર થશે. તે દિવસે મોટી રાણીનો વારો હતો, તેને રાજાએ

એ ફળ ખવડાવ્યું, તેનાથી ગર્ભ રહ્યો. તેવામાં એવું બન્યું કે, બાહુકના નગર ઉપર ઘણાક રાજાઓ ચડી આવ્યા. તેથી એ નાશીને જ્યાં ઋષિઓની પર્ણકુટીઓ હતી, ત્યાં પોતાની સર્વ સ્ત્રીઓ સાથે આપી રહ્યો. મોટી સ્ત્રીને ગર્ભવતી જોઇ બીજી શોક્યોને અદેખાઇ આવી, તેમણે પેલીને ઝેર દીધું, ગર્ભવતીને વિષની જ્વાળા બહુ લાગી. તેથી એ ઔરવ ઋષિની ઝુંપડીમાં ગઈ અને જણાવ્યું કે; મહારાજ! મારો પ્રાણ ઉગારો. ઋષિએ આશિર્વાદ દીધો કે;-'તને અને તારા ગર્ભને કંઇ હાનિ થશે નહિ, પણ પુત્ર વિષ સાથે અવતરશે.' પછી બાહુકનું મૃત્યુ થયું, ત્યારે સર્વ સ્ત્રીઓ સતી થઇ, માત્ર ગર્ભવતીને ઔરવ ઋષિએ અટકાવી રાખી હતી. તેને પુત્રનો પ્રસવ થયો, ઋષિએ તેનું નામ સગર (વિષ સહિત) પાડયું. સગર મહા તેજસ્વી હતા. આગળ જતાં તેઓ મહા પરાક્રમી, શૂરવીર, વિદ્વાન, ચતુર, દયાળુ, નીતિવાન, ઉત્સાહી અને હિંમતવાન નીકળ્યા હતા. તેમને ધર્મ અને તત્વજ્ઞાન ઉપર પ્રીતિ હતી. તેઓ વિદર્ભ દેશના યદુરાજાની કન્યા સુમતી અથવા પ્રભા અને શિબિ દેશના રાજાની કન્યા કેશિની અથવા ભાનુમતી એ બે સાથે પરણ્યા હતા. આ બંને સ્ત્રીઓ પતિવ્રતા હતી. ઔરવ ઋષિના કહેવાથી તાલજંઘ, યવન, શક, હૈહય, અને બર્બર વગેરે મ્લેચ્છોને જીતીને સગરરાજાએ રાજ્ય વધાર્યું હતું. એ મ્લેચ્છોમાં કેટલાકને નહિ મારતાં તેમને વિકૃત—ખરાબ વેષવાળા કર્યા હતા, કેટલાકને મુંડા અને દાઢી મૂછવાળા, કેટલાકને છૂટા કેશવાળા અને અરધા મુંડેલા, કેટલાકને અંદર લૂગડા વગર અને કેટલાકને બહારનાં લૂગડા વગરના બનાવ્યા હતા. જેથી વૈદિક ધર્મીરાજાઓ વગેરેને તરત તેઓ છેટેથી ઓળખાઇ આવે. આ મહારાજાએ ઘણાક શત્રુઓને સંહારી પિતાનું વેર લીધું હતું. આ સદાચારી મહારાજાએ દુષ્ટ દુરાચારીઓને દંડી દેશમાં સદ્‌ગુણની વૃદ્ધિ કરી હતી. પ્રજાનું ઘણી પ્રકારે કલ્યાણ કર્યું હતું. ત્રેતાયુગમાં આ પ્રથમ ચક્રવર્તિ રાજા થયા અને ઉત્તમ પ્રકારે રાજ્ય ચલાવી મોટી કીર્ત્તિ સંપાદન કરી હતી.

આ પ્રજા પ્રિય રાજાને પૂર્વ જન્મનું સ્મરણ હતું. પૂર્વ જન્મમાં તેમણે કન્યાદાન આદિ સુકૃત્યો કર્યાં હતાં. તેનાથી તેમને આ જન્મમાં રાજાનો અવતાર થયો હતો. એ યાદીથી તેમણે સાઠ હજાર કન્યાદાન એકી વખતે આપવાનો વિચાર કર્યો હતો. એ કન્યાઓ પ્રાપ્ત કરવાની ઇચ્છાથી પોતાની બંને સ્ત્રીઓ સાથે વનમાં જઈ ઘણો કાળ તપશ્ચર્યા કરી. એ તપશ્ચર્યાથી પરમ કરૂણાકર મંગળમય પ્રભુ સદાશિવ પ્રસન્ન થયા. પણ ઇંદ્રની પ્રાર્થનાથી સરસ્વતીએ સગરને અવળી પ્રેરણા કરી. તેથી સાઠ હજાર પુત્રીને બદલે સાઠ હજાર પુત્રો માગ્યા. તેથી સુમતીને પેટે સાઠ હજાર પુત્રો અને કેશિનીને

એક પુત્ર એ રીતે પુત્રો થયા. એ સર્વ પુત્રો મહા બળવાન અને પરાક્રમી હતા. તેમણે સમુદ્રમાં ઘણી શોધો કરી હતી, તેમજ તેની અંદરના બેટો તાબે કર્યા હતા. એ સગરના પુત્રોથી સમુદ્રનું નામ **સાગર** પડેલું છે. એવું ગ્રંથોપરથી માલમ પડે છે. અસમંજા એ કોઇ યોગ ભ્રષ્ટ પુરૂષનો જન્મ હતો. તેને પૂર્વ જન્મનું સ્મરણ રહ્યું હતું. તેથી એ વનમાં નીકળી જવા ઇચ્છતો હતો. ઇત્યાદિથી એ લોકોને દુઃખ દેતો હતો. તેથી સગર રાજાએ તેને વ-નમાં કાઢી મૂક્યો અને તેના પુત્ર અંશુમાનને પોતાની પાસે રાખ્યો હતો. સગર રાજાએ અનેક પ્રકારના યજ્ઞ કર્યા હતા. પછી સો અશ્વમેધ કર્યા. તેમાં ૯૯ તો નિર્વિઘ્ને પૂરા થયા, પણ સોમા છેલ્લા અશ્વમેધ યજ્ઞમાં શ્યામકર્ણી અશ્વ—જેનું અંગ કેવળ ધોળું અને કાન માત્ર કાળા એવા અશ્વને ઇંદ્રે હરણ કરી, પાતાળમાં જ્યાં કપિલ મુનિ ધ્યાનમાં બેઠા હતા તેની પાછળ બાંધી રાખ્યો. એ અશ્વની રખેવાળી સગરના ૬૦ હજાર પુત્રો કરતા હતા. તેઓ ભૂમિ અને સમુદ્રપર શોધી વળ્યા. તેમાં કોઈ ઠેકાણે પતો લાગ્યો નહિ. અંતે નિરાશ થઇ સગર રાજા પાસે આવ્યા. સગરે ફરી પૃથ્વીપર શોધ કરા-વતાં કપિલાશ્રમમાં પતો લાગ્યો, છેટેથી અશ્વને જોઇ સાઠે હજાર સાથે બૂમ પાડી ઉઠયા કે એ અશ્વ અમારો છે તેને છોડો ? એમ બોલી સમાધિ-સ્થ બેઠેલા કપિલ મુનિને અશ્વ હરણ કરતા માની મારવા લાગ્યા. મુનિએ સમાધિમાંથી નેત્રો ઉઘાડી સગરપુત્રો સામું જોતાંજ એ સર્વ બળી ભસ્મ થયા. સગર રાજા યજ્ઞની દિક્ષા લઈ બેઠા હતા, સાઠ હજાર પુત્રોની આ દશા થઈ, અસમંજા પુત્રને પહેલાંથીજ વનમાં કાઢી મૂક્યો હતો. યજ્ઞ સમા-પ્તીમાં મોટું વિઘ્ન આવી પડયું, ઘણો કાળ વિતી ગયો, પુત્રો પાછા ન ફર્યા. તેથી અસમંજાનો પુત્ર અંશુમાન જે મહા પરાક્રમી અને અતિ વિચારવાન હતો, તેને શોધ કરવા મોકલ્યો. તે શોધતો કપિલમુનિને આશ્રમે આવ્યો, કપિલમુનિને સમાધિસ્થ જોઇ સ્તુતિ કરતો કેટલોક વખત ઉભો રહ્યો હતો. મુનિ સમાધિમાંથી ઉઠતાં અંશુમાનને સ્તુતિ કરતો જોઈ પ્રસન્ન થયા. અ-શ્વને આપ્યો અને કહ્યું કે;—" આ તારા કાકાઓની અહીં આ દશા થઇ છે, તેની મુક્તિ ગંગા જ્યારે અહીં આવશે, ત્યારે થશે." એ વાત અંશુમાને જઈ સગરને કહી હતી. સગરે ઇશ્વર ઇચ્છિા જાણી મન વાળ્યું હતું અને સોમો અશ્વમેધ યજ્ઞ પૂર્ણ કર્યો હતો ઇત્યાદિ સુકૃત્યોમાં તેમણે પોતાની અખૂટ દોલત વાપરી મોટી કીર્ત્તિ સંપાદન કરી હતી. પછી અંશુમાનને રાજ્યાભિષેક કરી રાજ્ય સોંપી દીધું, પોતે ઔરવ ઋષિ પાસે તત્ત્વજ્ઞાન સમજી લઇ વનમાં તપ કરવા ગયા. ઘણોક કાળ ઇશ્વરભક્તિ કરી મોક્ષને પામ્યા હતા.

એ રીતે સગર રાજાએ સ્વપરાક્રમથી શત્રુઓને મારી પિતાનું વેર

લીધું, ગયેલું રાજ્ય મેળવી તેમાં વિશેષ વધારો કર્યો, સંપૂર્ણ સત્તા જમાવી ચક્રવર્તિ રાજા થયા. દેશમાંથી દુરાચારને દૂર કરી સદાચારની વૃદ્ધિ કરી હતી. વેદ વિરૂદ્ધ અધર્મી યવનોને વિકૃત રૂપે કરી ઓળખાઈ આવે તેવા કર્યા અને યજ્ઞ યગાદિ સુકૃત્યોમાં પોતાની અખૂટ દોલત વાપરી જગતમાં અમર કીર્તિ રાખી ગયા છે. જેમ સાઠ હજાર પુત્રોએ પ્રબળબળના અભિમાને અવિચારથી કપિલ જેવા મહાત્માનો અપરાધ કર્યો, તો સત્વર નાશ પામ્યા. તેમ એકદમ અવિચારે કોઈનો અપરાધ કરવો નહિ. નહિતો સગરના પુત્રોના જેવી દશા થાય છે અને આરંભેલા કાર્યમાં વિઘ્ન પડે છે. જેમ અંશુમાને પોતાના પરાક્રમ કે બળનો ગર્વ તજી નમ્રપણે કપિલ મુનિની સ્તુતિ કરી તો ધારેલું કાર્ય સત્વર સિદ્ધ થયું અને નાશ પામેલાના ઉદ્ધારનો ઉપાય મળ્યો. તેમ અંશુમાનની પેઠે નમ્રપણે મહા પુરૂષોની કૃપા સંપાદન કરી કાર્ય સિદ્ધ કરવું એ ઉત્તમ છે.

મહાપુણ્યશાળી.

દિલીપ.

આ મહા પ્રતાપી રાજન્ સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળોત્પન્ન સગર રાજાના પૌત્ર અને અંશુમાન રાજાના પુત્ર. માતાનું નામ યશોદા હતું, એ પિતરોની પુત્રી હતી. એ મહા ધાર્મિક અને પતિવ્રતા સ્ત્રી હતી, તેમના હાથ નીચે આ બાળ વયમાં સર્વ પ્રકારનું શિક્ષણ લઈ ઉછર્યા હતા અને ઋષિ મુનિઓની સોબતમાં રહી વેદ, વેદાંગાદિકનું જ્ઞાન મેળવ્યું હતું. તેથી એ મહા દયાળુ, ધાર્મિક, તત્વજ્ઞાની, શૂરવીર, હિંમતવાન અને ઉત્સાહી આદિ સદ્દગુણ સંપન્ન થયા હતા. પોતાના પ્રબળ પરાક્રમથી સાતે દ્વીપમાં રાજ્યસત્તા જમાવી મહારાજા ધિરાજનું પદ સંપાદન કર્યું હતું. પિતાના પ્રમાણેજ ધર્મ, નીતિથી ઉત્તમ પ્રકારે રાજ્ય ચલાવી પ્રજા•પ્રીતિ મેળવી હતી, યજ્ઞ યાગાદિક શુભ કાર્યોમાં અખૂટ ખજાનો ખાલી કર્યો હતો, ઘણા શત્રુઓને સંહારી નિષ્કંટક રાજ્ય કર્યું હતું. એનું પ્રબળ બળ જોઈ રાવણ સરખા જોરાવર રાજાઓ પણ બીને ચાલતા હતા. આ મહારાજ મંત્ર શાસ્ત્રમાં પણ ઘણા કુશળ હતા. તપ વગેરે કરી ઐશ્વર્યની વૃદ્ધિ કરી હતી. એક વખતે રાવણે એ સાથે લડાઈ કરવાનો વિચાર ધાર્યો હતો, પણ પ્રથમ તેમની શક્તિ જોવાને બ્રાહ્મણરૂપે આવ્યો હતો, તેમની સમૃદ્ધિ આદિની ચિકિત્સા કરી, પછી જ્યાં મહારાજ પૂજા પાઠ કરતા હતા, ત્યાં આવ્યો. મહારાજે પૂજા કરી એક કુંભ જળથી મંત્રી દક્ષિણ દિશમાં ફેંક્યો. એ જોઈ રાવણને શંકા થઈ,

તેથી સ્નેહભાવ બતાવી તેનું કારણ પૂછતાં દિલીપે કહ્યું કે;—આ કુશ કામ ધેનુનું વાઘથી રક્ષણ કરવાને તથા લંકામાં રાવણ નામે દ્વિજ રાજ્ય કરે છે, તેમનું ધામ અને પુર પાવકથી બળે છે તે બુઝાવવાને ફેંક્યો છે. એ સાંભળી રાવણ અતિશય શંકાશીલ થયો. તરત એનો તપાસ કર્યો, તો એ સર્વે દિલીપ રાજાના કહેવા પ્રમાણેજ મળી આવ્યું હતું, એ જોઇ એ ઘણું આશ્ચર્ય પામ્યો હતો અને તેમની પ્રબળ શક્તિ જોઈ નાશી ગયો હતો. એ પછી તેણે કદી એ રાજા સામે થવાનો વિચાર સરખોએ કર્યો નહોતો. એ પરથી તેમની પ્રબળ શક્તિની તુલના થઇ શકે છે. એ મહારાજે ઘણાં વર્ષ ઉત્તમ પ્રકારે રાજ્ય કર્યું, દેશમાં પ્રસિદ્ધિ મેળવી. પછી પોતાના ભગિરથ જેવા પ્રતાપી પુત્રને રાજ્ય સોંપી વનમાં તપ કરવા ગયા હતા. ત્યાં પોતાના વડિલ સગર પુત્રોના ઉદ્ધાર માટે ગંગા લાવવાને ઘણો કાળ તપશ્ચર્યા કરતાં, કાર્ય સિદ્ધ થયા પહેલાંજ પરમ ગતિને પામ્યા હતા.

સંસારમાં રહ્યા છતાં વેદાંતજ્ઞાનેકરીમુકત.

જનક—બૃહદ્રથ.

બંગાલા ઇલાકામાં આવેલા બહાર પ્રાંતના ઉત્તર ભાગને તીરહુત કહે છે. તે અસલ મિથિલા નામથી ઓળખાતો હતો. તેનો વિસ્તાર નેપાળની ઉત્તર સીમા સુધી છે. તે ભાગ ઘણો ફળદ્રુપ અને રમણિય છે. તેમાં જનકપુર કરીને હાલ ગામ છે, તે અસલ રાજનગર હતું તેમાં જનક—વિદેહ વંશીય રાજાઓ રાજ કરતા હતા. (જનક—વિદેહ વંશની ઉત્પત્તિ વિષે જુઓ. નિમિ ચરિત્ર.) જનકપુરમાં ઘણા જનક રાજાઓ થઇ ગયા, તેમાં આ બૃહદ્રથ નામે જનક ઘણો ધર્મશીલ, દયાળુ, જ્ઞાની, નીતિજ્ઞ અને નિત્ય એક ઇશ્વરપર શ્રદ્ધા રાખીને દાનકર્મ કરતો હતો. જનક રાજાઓ પૂર્ણ તત્ત્વજ્ઞાનીઓ થતા આવ્યા છે, તેમાં આ શ્રેષ્ઠ હતો. તેમના રાજ્યમાં વિદ્વાનોને ઘણોજ આશ્રય મળતો હતો, ઘણી વખતે ત્યાં મહા સભાઓ ભરાતી હતી. તેમાં બ્રાહ્મણો નાના પ્રકારની વિદ્યા વિષે વાદ વિવાદ ચલાવતા હતા. કેટલાક મુમુક્ષુજનો જનક રાજન્ પાસે તત્ત્વોપદેશ લેવાને આવતા હતા, એવા એ તત્ત્વજ્ઞાનમાં પ્રવિણ ગણાતા હતા. શુકદેવજી જેવા મહાત્માએ પણ એ પાસેથી તત્ત્વોપદેશ લીધો હતો. (જુઓ શુકદેવજી ચરિત્ર.) નવ યોગેશ્વરોને જનક રાજા સાથે બ્રહ્મજ્ઞાન સંબંધી મોટો સંવાદ ચાલ્યો હતો. આ બૃહદ્રથ જનકના પિતાનું નામ દેવરાત જનક હતું, તેપરથી એ દૈવરાતિ પણ કહેવાય છે. સીતાજી પણ આ જનક કુળમાં થયાં અને રામચંદ્રજી પણ ત્યાંજ

સ્વયંવરમાં શિવધનુષ ભાંગી સીતાજીને પરણ્યા હતા. તથા પરશુરામ જેવા મહાત્મા અને પરાક્રમી પુરૂષે જ્યારે પૃથ્વી એકવીશવાર નક્ષત્રિ કરી, ત્યારે તેમણે આ જનક કુળનો નાશ કર્યો નહોતો; કેમકે એ કુળ પૂર્ણ બ્રહ્મનિષ્ઠ નીતિજ્ઞ, ધર્માત્મા અને પ્રજા પ્રેમી હતું. આ દૈવરાતિ—બૃહદ્રથ જનક મુમુક્ષુ હતા. જે પૂર્ણ બ્રહ્મનિષ્ઠ હોય તેને ઓળખીને તેમને શરણે જવાની તેમની ઇચ્છા હતી. તેથી યજ્ઞ નિમિત્તે તેમણે પોતાને ત્યાં યાજ્ઞવલ્ક્ય, આશ્વલાયન ઋષિ, જરત્કારૂ પુત્ર આર્તભાગ ઋષિ, ભુજ્યુઋષિ જેને લાહ્યાયનિ પણ કહે છે, ચાક્રાયણ સંજ્ઞક કહોડ ઋષિ, આરૂણિ સંજ્ઞક ઉદ્દાલકઋષિ, વાચક્નવી સંજ્ઞક મહા બ્રહ્મનિષ્ઠ ગાર્ગી નામની એક પરમહંસિની સ્ત્રી અને વિદગ્ધાખ્ય સંજ્ઞક શાકલ્યઋષિ, ઇત્યાદિ અનેક ઋષિઓને બોલાવ્યા હતા. બૃહદ્રથ જનકે સુવર્ણનાં શીંગડાં ઇત્યાદિક યુક્ત ગાય તૈયાર કરી સર્વ ઋષિઓને કહ્યું કે, તમારા મધ્યે જે શ્રેષ્ઠ બ્રહ્મનિષ્ઠ સંપન્ન હોય, તેઓ આ ગાય લ્યો. સર્વ ઋષિઓ બ્રહ્મનિષ્ઠ સંપન્ન હતા. તેઓ પોતપોતાના મનમાં કહેવા લાગ્યા કે, જો આ પ્રસંગે આપણે ગાય લઇએ તો આપણે શ્રેષ્ઠ બ્રહ્મનિષ્ઠ અને બીજાં નહિ એવું ઠરે. તેથી બીજાનું અપમાન થાય, એવા વિચારથી ગાય લેવાની હિંમત કોઇએ કરી નહિ. એ જોઇ યાજ્ઞવલ્કયે પોતાના પ્રાક્તકારી નામના શિષ્યને મોકલી ગાય લીધી. તેથી સભામાં મોટી ગડબડ થઇ, યાજ્ઞવલ્કયે પ્રત્યેક ઋષિ સાથે તત્વજ્ઞાન સંબંધી નિરં નિરાળો વાદ વિવાદ ચલાવ્યો, તેમાં ગાર્ગી સાથે બહુ સંવાદ ચાલ્યો હતો. તે બૃહદારણ્ય ઉપનિષદ્‌માં છે એ જાણવા લાયક છે. એ વિવાદમાં યાજ્ઞવલ્કયે સર્વને પરાજિત કર્યા હતા. એ રીતે યાજ્ઞવલ્કયને શ્રેષ્ઠ બ્રહ્મનિષ્ઠ જોઇ બૃહદ્રથ જનકે તેમને પોતાના ગુરૂ માન્યા હતા. અને તે પાસેથી બ્રહ્મવિદ્યા સંપાદન કરી હતી. એક વખતે જનકે તેમને પ્રશ્ન કર્યો હતો કે;—મહારાજ! ગુરૂ દેવ! આપે ઘણીક વખતે કહ્યું છે કે, વૈરાગ્ય વગર પ્રાણીને મુક્તિ નથી, તો એ વૈરાગ્ય કોને કહેતા હશે? એ સાંભળી રાજગુરૂ યાજ્ઞવલ્કયે વિચાર કરી તેને તાદૃશ્ય વૈરાગ્યનું સ્વરૂપ બતાવી સમજણ પાડી હતી. (જુઓ. યાજ્ઞ. ચરિત્ર.) તેમજ યાજ્ઞવલ્કય અને શ્વેતકેતુ વગેરે બ્રાહ્મણો સાથે રાજર્ષિ જનકને જે વાતચિત થયેલી છે, તે શતપથ બ્રાહ્મણ નામના ગ્રંથમાં જણાવેલી છે તે જાણવા યોગ્ય છે. તેમાં એક પ્રશ્ન એવો છે કે;—"યજ્ઞ કર્મોથી પરિણામે શું લાભ થાય છે?" આ સાંભળી શ્વેતકેતુએ જણાવ્યું કે;—"આવા યજ્ઞ કર્યાથી હમેશાંનું સુખ અને યશ મળે છે તથા દેવતાઓની સાથે એકઠું રહેવાઇ શકાય છે—સાયૂજ્ય મુક્તિ મેળવાય છે." ઇત્યાદિ વાત છે.

આ સૃષ્ટિમાં પરમેશ્વરે જે કાંઇ વસ્તુ નિર્માણ કરી છે, તે સઘળી પો-

તાના સારા નરસા ફળ માટે તેનો ઉપયોગ કરનાર મનુષ્યની સારૂં નરસું સમજવાની વિવેક બુદ્ધિ ઉપર આધાર રાખે છે. સારાસાર વિચાર ન જાણનાર કે ન કરનાર મનુષ્ય ગુણકારી પદાર્થોનો પણ ઘણો ઉલટો ઉપયોગ કરે છે. માટે તેમ ન થાય એ સારૂ સારાસાર વિચાર બુદ્ધિનો અવશ્ય મનુષ્યે ઉપયોગ કરવો જોઇએ, એ માટે તેને કર્ત્તવ્યમાં ગણેલ છે. સાર અને અસાર એને પૂર્ણરીતે જાણવું એ શુદ્ધ બુદ્ધિ વાળા મનુષ્યનું કામ છે. એવા વિલક્ષણ જ્ઞાતા પુરૂષો ગમેતેવી વસ્તુ પોતાના જોવામાં આવે, તેને બરાબર ઓળખીને તેમાંથી સાર સાર ગ્રહણ કરી અસારને તજી દે છે. આ મનુષ્ય પ્રાણી પણ દેખાતી વસ્તુ છે. તેમાંથી જ્ઞાતા પૂરૂષો સાર રૂપ પરમ તત્વ પરમાત્માને જાણી બાકી રહેલા અસાર રૂપ દેહને તેનાથી જૂદો અને અનિત્ય માને છે. સાર રૂપ ઉપર વિશેષ પ્રીતિ રાખે છે અને અસાર ઉપર પ્રીતિએ નહિ, તેમ અપ્રીતિએ નહિ, એવી રીતે વર્ત્તે છે. તેની પેઠેજ આ જગત્ અને તેમાં વ્યાપી રહેલું પરબ્રહ્મરૂપ જ્યારે ઓળખવામાં ખરે ખરૂં આવે છે કે, તેને આપો આપજ જગત્પરની પ્રીતિ નહિ જેવી થઇને, ખરી પ્રીતિ બ્રહ્મરૂપપર થાય છે. આ વિષે સારાસાર વિચાર કરનાર જનક રાજાને એક વખતે કોઈ ચમત્કારીક રીતે પ્રશ્ન ઉઠ્યો હતો. તેનું સમાધાન એક આઠ વર્ષના ઋષિકુમાર **અષ્ટાવક્રે** કર્યું હતું. એ સર્વ વાત જાણવા લાયક છે, એમ ધારી અહીં લખી છે;—"એક વખતે ઉનાળાના દિવસોમાં તાપ બહુ પડતો હોવાથી મહારાજ જનકનો રંગમહાલય નાના પ્રકારના શીત ઉપચારોથી શણગારેલો હતો. બારી બારણાં વગેરે ઠેકાણે સુગંધી પાણીથી છાંટેલ સુગંધીવાળાના પંખાઓ ફરરર ફર ફરી રહ્યા હતા. જેથી પોતાની મેળે ઠંડો વાયુ અંદર આવ્યો જતો હતો. મેહેલના દિવાનખાનાની મધ્યમાં એક અતિશય સુશોભિત સુવર્ણ પલંગ બિછાવેલો હતો, તેપર જનકરાય કંઇ જાગતા અને કંઈ ઉંઘતા એમ સૂતેલા હતા. એ વખતે એક વિલક્ષણ સ્વપ્ન થયું કે:—'રાજ્યપર જાણે કોઈ પરદેશી રાજા ચઢી આવ્યો, તેના સૈન્યે પોતાના નગરને ચોમેરથી ઘેરી લીધું, તેની સાથે અત્યંત યુદ્ધ કરતાં પોતાનું સર્વ સૈન્ય નાશ પામ્યું. જેથી નિર્બળ થવાથી પોતાને તે શત્રુ રાજાએ નગરમાંથી નીકળી જવાની તાકીદ કરી, રાજસિંહાસન પોતાને સ્વાધિન કરી લીધું. એ રીતે સ્વપ્નમાં રાજ ખોયું, રાજ્ય છોડી નાશી જવું પડ્યું, વનમાં ભટકવું પડ્યું. અથડાતા કૂટાતા એક નગરીમાં આવ્યા, અત્યંત ક્ષુધા વેઠી, બજારે બજાર ફરી ભિક્ષા માગી, જેમ તેમ કરી મહા સંકટ વેઠી ઠીબડું તથા ખીચડી મેળવી, શાહુકાર તરફથી પૈસાબાર ઘી અપાતું હતું, અતિશય ક્ષુધાને લીધે આત્મા અત્યંત આકુળ વ્યાકુળ થયો હતો, આખું શરીર કંપતું

હતું. તેથી ભીખારીઓની ભીડમાં ઘી લેતી વખતે હાથ સ્થિર નહિ રહેવાથી ઠીબડું હાલતું રહ્યું નહિ, તેથી ઘી સઘળું નીચે ઢળી ગયું, કોરી ખીચડી કેમ ખવાશે એવા વિચારથી ઘી આપનારાને ઘણા કાલાવાલા કર્યા, ત્યારે તેણે દયાને લીધે બીજીવાર ઘી નાંખ્યું, પણ તે કંઇ માર્ગમાં બેસી ખવાય નહિ. માટે વિચાર્યું કે ભૂખ ઘણી લાગી છે, તો કોઈ એકાંત સ્થળે બેસીને નિરાંતે ખાઉં. એવો નિશ્ચય કરી બજારમાંજ એક દુકાનના ઓટલા નીચે સારી ચોખી જગ્યા જોઈ નીચે બેઠા. ધીરેધીરે ધ્રુજતે હાથે પેલું ઠીબડું ઝાલી ખીચડી ભેળવતાં વિચાર ઉઠયો કે;—અરેરે ! પરમેશ્વર! હું કોણ હતો, ને શું થઈ ગયો ! પ્રભુ! તારી અકળ કળા અકળિતજ છે, તારી લીલા તુંજ જાણે ? તું ઘડીકમાં રાજાને રંક, ને રંકને રાજા બનાવી દે છે! હે અનાથ બંધું! તારી લીલાની બલિહારી છે, ને તારો હું મોટો ઉપકાર માનુંછું કે આટલી આટલી આપત્તિ મારે માથે પડતાં પણ આખરે હાલ તેં મને અન્ન ભેગો કર્યો. હે પરમાત્મા! તેં પાડી ને મેં ઉપાડી છે, પણ હે દીનદયાળ! આ જ્ઞાન મને હમણાંજ સાંભળી આવ્યું છે; નહિં તો સંસારમાં મનુષ્ય માત્રની રીતજ છે કે જે કંઈ સુખ સંપત્તિ મળી તે પોતાના ભાગ્યથી મળી અને દુઃખ પડયું તે નિર્દય ઇશ્વરે દીધું, એમજ તેઓ ધારે છે. દુઃખ વિપત્તિ એ મનુષ્ય માત્રનો ગુરૂ છે અને દુઃખ એજ મોટો સત્સંગ છે. દુઃખથીજ તારા મંગલનામાભિધાનનું મનુષ્યને સ્મરણ થાય છે. સુખ સંપતિમાં ભૂલેલો મનુષ્ય દુઃખ દેખે છે, ત્યારેજ તને સંભારે છે, પણ પ્રભુ! એ સર્વ કંઈ મનુષ્યના સ્વાધીન નથી; કારણ અમો સૌ તારી માયાના બંધનમાં વસીએ છીએ. એ માયાને લીધેજ અમારી વિપરીત મતિ થાય છે, પણ નિરંતર તારા પરમ પુણ્યરૂપ નામનું સ્મરણ કરે છે, તેઓને તે માયા ભ્રષ્ટ મતિવાળી કરી શક્તિ નથી, પણ હશે, આજતો તેં મને ખરેખરી વિતાડી છે, આટલું સંકટ વેઠતાં અંતે આ માગ્યું અન્ન મળ્યું છે, તે પણ તું ખાવા દઈશ તો ખવાશે.' આવી કલ્પના કરતાં ખીચડીમાં ઘી ભેળવી લીધું. હવે ભગવાનનું નામ લઇ જેવા પહેલો ગ્રાસ ભરવા જાય છે, તેવા બે મસ્ત સાંઢ લઢતા અને મારા મારી કરતા ત્યાં આવ્યા, તેની અડફેટમાં તૈયાર કરેલી ખીચડીનું ઠીબડું ફૂટીને ક્યાંય ઉડી ગયું અને ખીચડી એ ક્યાંય ધુળમાં મળી ગઈ! 'અહા! હા! હા! ધન્ય પ્રારબ્ધ! ધન્ય, ધન્ય, મારૂં ભાગ્ય. અરે! પણ હવે મારી શી ગતિ!' આવો શબ્દ બોલતાંજ મહારાજા જનક પુષ્પ શય્યાપરથી ચમકી ઉઠયા. ઉપરની સર્વ લીલા અદૃશ્ય થઈ ગઇ!! રાજાને પલંગપર જાગેલા જોઇ, 'મહારાજા ધિરાજ જનક રાયને ઘણી ખમા!' એમ છડી દારો બોલવા લાગ્યા, વારંવાર પંખાઓ અને ચમરો થવા લાગ્યા,

પણ રાજાને એ કશું રૂચતું નહોતું. માત્ર સ્વપ્નની વાતજ તેની આગળ ખ-ડી થઈ રહી હતી. તે પોતાના મનમાં અતિ વિસ્મયતા સાથે વિચાર કરવા લાગ્યો કે, 'મેં આ શું જોયું? અરે! મારી કેવી વિપરીત ગતિ થયેલી મ સ્વપ્નમાં જોઈ? અરે! એને સ્વપ્ન કે સાચું? કેમકે જે જે અવસ્થા મારી થઇ અને તેથી જે જે દુઃખ મને લાગ્યું, તે તે સર્વ જાણે મેં પ્રત્યક્ષ જોયું હોય તેવું હતું. જેવી અમારી સ્થિતિ છે અને હું જેવા સર્વોત્તમ રાજસી ભોગનો અનુભવ કરૂં છું. તેનાથી ઉલટું સર્વથી છેલ્લી પંક્તિનું દુઃખ મેં ખરે ખરો કંગાલ થઇને હાલજ ભોગવ્યું. ત્યારે આ શું આશ્ચર્ય? શું હું હમણાં ઘડી પ-હેલાં હતો, તેવો કંગાલ પુરૂષ છું, કે આ મિથિલ દેશનો રાજા છું? એમાંથી હું કોણછું? જો રાજા નથીને કંગાલછું એમ માનું, તો આ હજારો દાસ દાસીઓને સુબા સરદારો મારી સેવામાં તત્પર છે. તેથી પ્રત્યક્ષ રાજપણું સિદ્ધ કરી આપે છે અને કંગાલ નથી, રાજાછું એમ માનું, તો હમણાંજ પરમ ક્ષુધિત અવસ્થામાં મારા હાથમાંનું અન્ન ધુળમાં મળી ગયું, એ મેં પ્રત્યક્ષ જોયું છે, ને હજુ સુધી મને તે અવસ્થાના લાગેલા ભયથી મારી છાતી ધડકે છે. ત્યારે એ બેમાંથી શું ખરૂં! આ સત્ય કે તે સત્ય? આ માટે મારા મનનું સમાધાન કોણ કરશે? આ વાત હું કોને કહું? શું હું રાજા છતાં મેં હમણાં વેઠેલી ગરીબાઇ હું કોઈની આગળ પ્રકાશ કરી શકું એમ છે? નહિજ. કદી મારાથી આ વાત કોઇની આગળ કહેવાય તેમ નથી. ત્યારે હવે આનું સ-માધાન કોણ કરશે?, ઇત્યાદિ વિચારોમાં તેમનું મન લીન થઇ ગયું. જેથી કોઇ પણ જાતના ભોગ ભોગવવાપરથી તેની આસક્તિ ઉઠી ગઈ. માત્ર આ સાચું કે તે સાચું. એટલીજ વાતપર મન લાગી રહ્યું હતું.

પછી પોતાના મનનું સમાધાન કરવા એક પછી એક મોટા ઋષિઓ, મુનિઓ, બ્રાહ્મણો અને તપસ્વીઓને નિમંત્રણ કરી બોલાવવા માંડ્યા અને **"આ સાચું કે તે સાચું"** એટલો પ્રશ્ન પોતાના સમાધાન માટે તેઓને પૂછવા માંડ્યો, પ્રશ્નનું કંઈ મોં કે માથું હોય તો તેનો પ્રત્યુત્તર દેનાર કોઇ પણ સમર્થ પુરૂષ મળી આવે, પણ બાંધે ભરમે "આ સાચું કે તે સાચું." એનો ઉત્તર ગમે તેવા વિદ્વાન અને જ્ઞાનીથી પણ કેમ કરીને થાય? જે મહા પુરૂષને બોલાવે તેમને સભા મધ્યે સિંહાસનપર બેસાડી પૂજનાદિક સત્કાર કરી પ્રશ્ન પૂછે કે, મહારાજ! સેવકની એટલીજ જિજ્ઞાસા છે કે, "આ સાચું કે તે સાચું." આ પ્રશ્નનું સમાધાન કરો. જ્યારે મહાત્મા-ઓથી તેનો ઉત્તર અપાય નહિ, ત્યારે તે તેમને એમજ કહે કે, 'હે દ્વિજવરો! આ પ્રશ્નનો ઉત્તર મળ્યા વિના મને વધારે તો શું, પણ અન્નપાનાદિ સુદ્ધાં રૂચતું નથી. માટે મને આવી સ્થિતિમાં મૂકીને આપથી કેમ જવાય? આપ

સર્વ પ્રજાના માતપિતા છો, ને અમો રાજા તથા પ્રજા આદિ સર્વ તમારી સંતતિ સમાન છીએ, કારણ અમને સૌને ધર્મશાસ્ત્રોનો ઉપદેશ કરી સદ્ ધર્મ માર્ગે ચલાવનાર આપજ છો. આપને નિત્ય કૃત્ય, અગ્નિહોત્ર, દેવાર્ચન, ઈત્યાદિને માટે જોઇતાં સર્વ સાહિત્યો યથેચ્છપણે આ સેવક પાસેથી પૂરાં પાડવામાં આવશે અને આપની આજ્ઞાનુસાર સર્વ વાતે સેવામાં હું તત્પરજ છું. હવે આપ અહીંજ નિવાસ કરો. આ રાજ્ય તથા સંપત્તિ સહુ આપનાંજ છે. આપ જો ચાલ્યા જશો, તો પછી મારે કોને શરણે જવું? માટે જ્યાં સુધી મારા પ્રશ્નનો યથાર્થ ઉત્તર મને મળે નહિ, ત્યાં સુધી કૃપા કરી અહીં રહીને મારી સેવાને અંગીકાર કરો.' રાજાનું ન્યાયપૂર્વક બોલવું સાંભળી કોઇથી તે અમાન્ય કરી શકાય તેમ નહોતું. તેથી આવનાર સર્વ ઋષિ, મુનિઓ જનકપુરમાં નિવાસ કરીને રહેતા હતા. રાજા તેમને સર્વ સામગ્રી પૂરી પાડતા હતા. આમ કરતાં વર્ષોનાં વર્ષો વિતી ગયાં, પણ પ્રશ્નનો ઉત્તર મળ્યો નહિ. બ્રાહ્મણો પણ પોતાના ઘર કુટુંબનો વિયોગ ભોગવી ત્યાં રહ્યા હતા. તેમનાથી ત્યાંથી નીકળી શકાતું નહોતું.

જનકરાજા એક વખતે કંઇ કારણથી પાલખીમાં બેસી, કેટલાક અધિકારીઓ સાથે છડી સ્વારીથી શહેરમાં થઇ જતા હતા. માર્ગ સાંકડો હતો, એક વિચક્ષણ પ્રધાન મોખરે ચાલતો હતો, આગળ જતાં સ્વારી અટકી ઉભી રહી. માર્ગની વચ્ચોવચ એક આઠેક વર્ષનો અને કદરૂપો બ્રાહ્મણનો પુત્ર બેઠેલો હતો. તેના શરીરનાં અંગો બહુ વિલક્ષણ પ્રકારે વાંકાં હતાં. તેથી તેને ચાલતાં બહુ અડચણ પડતી હોય એમ લાગતું હતું. મોખરે ચાલતો પ્રધાન ઘોડાને દોડાવતો ત્યાં આવ્યો અને બાળકને કહેવા લાગ્યો;—'કોણછેરે માર્ગમાં? ચાલ કોરે ખસી માર્ગ આપ; મહારાજા જનકની સ્વારી આવે છે.' આ સાંભળી બાળક ક્રોધથી બોલ્યો;—'રે અંધ! રે સનેત્રાંધ! શું તું તારે નેત્રે જોઇ શકતો નથી કે મને પૂછે છે જે કોણછેરે માર્ગમાં?' મૂઢ! કોરે ખસી માર્ગ આપવાનો કોને અધિકાર છે એ તું નથી જાણતો? તું તો શું, પણ તું જેને અર્થે માર્ગ આપવાનો હુકમ કરે છે, એ તારો રાજા જનક પણ આ ઉપરથી મને કેવળ મૂઢ લાગે છે. જા, હું માર્ગમાંથી ઉઠતો નથી; અને તારી આજ્ઞા મારે માન્ય નથી. જો અહીં થઇનેજ જવું હોય, તો તારા જનકને કહે કે માર્ગ બંધ છે માટે બીજે માર્ગે થઇને જા.' પ્રધાન આ નાની ઉમરના બાળકના ન્યાયથી રસેલાં નિર્ભય વચનો સાંભળી ઘણું આશ્ચર્ય પામ્યો. ફરી એ સામે એક શબ્દ પણ બોલી શક્યો નહિ. તરત તેણે રાજા પાસે જઈ સર્વ વાત કહી બતાવી. આ સાંભળી રાજાએ તરત પોતાની પાલખી અટકાવી. પોતે જ્ઞાતા હતો,

પ્રધાનદ્વારા દ્વિજ પુત્રનાં વચનો સાંભળી આશ્ચર્ય પામી બોલ્યો કે;—'પ્રધાન! તું કહે છે તે પ્રમાણે એ બ્રાહ્મણ પુત્રનું બોલવું યથાર્થ છે. એના શરીરના તેજ તથા યજ્ઞોપવીતાદિ ચિન્હોપરથી તેં જાણ્યું હતુંજ કે એ બ્રાહ્મણનો બાળક છે; છતાં તેં 'કોણછેરે માર્ગમાં? એમ જે પુછ્યું, તે ખરેખર ન પુછવા જેવું હતું, ને તેથીજ તેણે તને બેધડક સનેત્રાંધ કહ્યો.' વળી 'આઘ કોરે ખસી માર્ગ આપ.' એ તારો હુકમ પણ બહુ અઘટિત હતો; કેમકે પ્રથમ તો એ બ્રાહ્મણપુત્ર છે માટે આપણે ક્ષત્રિએ જરૂર તેને વંદન કરવું જોઇએ અને તેને માર્ગ આપવો જોઇએ. એ ઉપરાંત વળી તે શરીરે ચાલવાને બહુ અશક્ત છે, તો તેવા અશક્ત મનુષ્યને રાજા તથા પ્રજા સૌએ માર્ગ આપવો જોઇએ; કેમકે ગમે તેટલી ઉતાવળથી આપણે તેને નિર્દયપણે કોરે ખસવા કહીએ, પણ તે કેમ કરી ખસી શકે? માટે આપણે એને બાજુએ ખસેડવાનો અધિકાર નથી. તેથીજ તેણે તને મૂઢ કહ્યો. વળી સેવકે કરેલા અપરાધનો દોષ ધણીને લાગે છે, અર્થાત્ સેવકે અન્યાય કર્યો, તો તેનો ધણીપણ અન્યાયી હોવોજ જોઇએ, એમ અનુમાન થાય છે. તેથી કરીને તેણે એ વાતે મને પણ મૂઢ કહ્યો. આપરથી જણાય છે કે તે બાળક બહુ વિચક્ષણ અને ચમત્કારી ભાસે છે. માટે જાઓ તેને મારી પાસે તેડી લાવો.' પ્રધાન તે બાળક પાસે આવી બોલ્યો;—'બ્રહ્મપુત્ર! હું આપને વંદન કરૂંછું. મારો અપરાધ ક્ષમા કરો, અને મહારાજા જનક આપને બોલાવે છે, માટે કૃપા કરીને તેમની પાસે પધારો. તે આપની વાટ જોઇ માર્ગમાંજ ઉભા છે.' બાળકે કહ્યું;—'કેટલું બધું આશ્ચર્ય! અરે! કેટલો બધો પ્રમાદ! હજારો અને લાખો મનુષ્યોપર પોતાનો અંકુશ રાખનારા અને તેઓને ન્યાયથી વર્તવા માટે પોતાના આજ્ઞાબંધનથી બાંધનારા ભૂપતિમાં પોતામાંજ જ્યારે ન્યાયથી વર્તવાનું જ્ઞાન નથી, ત્યારે તે બીજાઓને શું ન્યાયથી ચલાવી શકે? હું ચાલી શકું એમ નથી, એ રાજાએ જાણ્યું છે. તેમ તે કંઇ હમણાં ન્યાયાસનપર વિરાજેલો નથી, કે જેથી તેનાથી ઉઠી અહીં આવી શકાય નહિ. તે હમણાં માર્ગમાંજ ઉભો છે અને મેં તેને અટકાવ્યો ન હત તો અહીં પણ ક્યારનો આવ્યો હતજ. તોપછી હમણાં તેણે ત્યાં ઉભા રહી મને અશક્તને ત્યાં બોલાવવો એ ન્યાય કેમ કહેવાય? પણ એ તેનો મદજ છે. રાજસેવક! તું જા, તારા રાજાને ઇચ્છા હશે, તો મારી પાસે આવશે; હું કંઇ તેની આગળ આવતો નથી.' આ સાંભળી પ્રધાને રાજા પાસે જઇ સર્વ વાત કહી બતાવી. રાજા બહુ આશ્ચર્ય પામી કહેવા લાગ્યો કે;—"અહો! ખરેખર એ કોઈ ચમત્કારી પુરૂષ દેખાય છે. માટે ચાલો હું પોતેજ તેની પાસે આવુંછું.' એટલું બોલી પાલખીમાંથી

નીચે ઉતર્યો, પગે ચાલી માર્ગમાં બેઠેલા દ્વિજ પુત્ર પાસે આવ્યો. એ બાળકનું રૂપ જોઈ હસવું આવે તેવું હતું, પણ શાપના ભયથી રાજાએ હાસ્ય દબાવી રાખી તરત તેને નમસ્કાર કર્યા અને સ્તુતિ કરી કહ્યું કે;— "બ્રહ્મદેવ ! આપ ભલે પધાર્યા. આપે મારા નગરને આજે પાવન કર્યું. તેથી મને બહુ હર્ષ થાય છે, એવીજ રીતે આપ મારા ગૃહને પણ પાવન કરશો. આપ કોના પુત્ર અને કયે પવિત્ર સ્થળે નિવાસ કરનારા છો? આપનું નામ શું છે? અને આપ શા પ્રસંગે અત્રે પધાર્યા છો?"

આ સાંભળી બાળકે કહ્યું;—"હે રાજન્! હું કહોડ ઋષિનો પુત્રછું, અમારો નિવાસ સરસ્વતીને તીરે છે, પરંતુ મારા પિતા કહોડ ઘણા કાળથી ઘેર નહોવાને લીધે મારી માતુશ્રી સાથે હું મારા મોસાળમાં રહુંછું, મારૂં નામ અષ્ટાવક્ર છે, તે હું આઠે અંગે વાંકોછું તેથીજ આ નામ પડયુંછે. મેં સાંભળ્યું છે કે જનકનામના રાજર્ષિએ પોતાનો કોઇ પ્રશ્નનું સમાધાન કરવા માટે ઘણા ઋષિઓને બહુ વર્ષથી પોતાને ત્યાં રોકી તેમના કુટુંબથી વિયોગી કર્યા છે, પણ હજુ સુધી તેઓથી તેનું સમાધાન થયું નથી. માટે રાજાને કદાચ એમ લાગવાનો સંભવ છે કે જગતમાં બ્રાહ્મણ બીજ નાશ પામ્યું હશે, તો તે પ્રસંગ જોવાને અર્થે અહીં આવ્યોછું. ત્યારે શું એ જનક તે તુંજ કે? એવો તે તારો શો પ્રશ્ન છે કે તેનું સમાધાન હજુ સુધી થયું નથી?" રાજાએ કહ્યું:—"મહારાજ!એ જનક તે હુંજ અને મારા પ્રશ્નનું હજુ સમાધાન થયું નથી, પણ આપ કૃપા કરી એક વખત મારા ભૂવનને વિષે પધારી મને પાવન કરો. હું પછી આપને મારો પ્રશ્ન વિદિત કરીશ." રાજાના આગ્રહથી અષ્ટાવક્ર ઋષિએ રાજ ભુવનમાં આવવાની હા કહી. પાલખીમાં રાજા તેને તથા તેના મામાને સાથે બેસાડી તરત રાજગૃહમાં તેડી લાવ્યો. ઋષિપુત્રને મહેલમા લઇ જઇ પૂજન, ભોજનાદિથી આદરસત્કાર કર્યો, પછી એક ભવ્ય સુંદર ગૃહમાં ઉતારો આપ્યો. બીજે દિવસે રાજમહેલમાં મોટી સભા ભરાણી. તેમાં સર્વ પ્રધાનો સંભાવિત ગૃહસ્થો, અને ત્યાં રહેલા ઋષિઓ આવી બેઠા હતા. ઉતારેથી અષ્ટાવક્ર ઋષિને બોલાવવાને પ્રતિહારને મોકલ્યો. '**અષ્ટાવક્ર**' નું નામ સાંભળી સૌજન આશ્ચર્ય પામ્યા કે; જોઇએ તો ખરા કે એ વળી કોણ છે અને કેવા છે! ક્ષણવારમાં તે લાકડીને ટેકે ટેકે સભાના દ્વાર આગળ આવ્યા કે, સર્વ સભાસદો તેમના સન્માર્થે ઉભા થયા, પણ આ વિલક્ષણ મૂર્ત્તિ જોઈ કોઇની પણ ધીરજ હાથ રહી નહિ; સર્વ ખડખડાટ હસવા લાગ્યા; કેમકે એક પગલું ભરતાં આઠે અંગ વાંકાં વાળવાં પડતાં હતા, વળી એક અધુરામાં પૂરે સભાનો ઉંબરો વચમાં આવવાથી લાકડીની આંટી આવી. તેથી અમળાઇને પડી ગયા. આ

જોઇને તો રાજા પણ ધીરજ રાખી શકયો નહિ, મુખે વસ્ત્ર આડું ધરી હસવા લાગ્યા. પછી તેના મામાએ જાળવીને ઉભા કર્યા, સર્વ સભાને હસતી જોઈ અષ્ટાવક્ર ઋષિ પણ આડું જોઇ હસવા લાગ્યા. આ જોઈ રાજાને આશ્ચર્ય થયું કે, માન ભંગ થયું જોઇએ, તેના બદલામાં આ બાળક ઉલટો હસે છે કેમ? એવો વિચાર કરી, સિંહાસનપર વિરાજિત કર્યા. પછી હિકર જોડી પૂછ્યું કે;—"મહારાજ! આપ શા કારણથી હસ્યા?" અષ્ટાવક્રે કહ્યું;—"આ તારી મૂર્ખ સભા જોઇને, પણ તું શા માટે હસ્યો તે તો કહે?" રાજા બોલ્યો;—"મહારાજ! હું સત્યજ કહીશ; પણ આપ ક્રોધ કરશો નહિ. મારા મનમાં આપની સ્થિતિ જોઇને એવો વિચાર આવ્યો કે, આ મારે ત્યાં રહેલા સર્વ ઋષિઓ કે જેઓ અતિ તેજસ્વી છે, વખતે સૂર્યને પણ પોતાના પરાક્રમથી સ્તંભિત કરવા સમર્થ છે. તેઓથી જ્યારે મારા પ્રશ્નનું સમાધાન થયું નથી, ત્યારે આપથી કેમ કરીને થઇ શકશે?" આ સાંભળી અષ્ટાવક્રે ક્રોધથી કહ્યું;—"તું મૂઢ છે, આટલા માટેજ મને હસવું આવ્યું, કેમકે જેઓમા ગુણ હોવની પરીક્ષા કે ખરૂં ખોટું સમજવા માટે સારાસાર વિચાર કરવાની શક્તિ નથી, તેવા પુરૂષોથી ભરેલી સભાની મધ્યે બેસી તું પ્રજાનું શું હિત કરી શકતો હોઇશ; અને તે પુરૂષો તને શી ઉત્તમ સલાહ આપી શકતા હશે? આશ્ચર્ય કે, **રાજ સભા કે જ્યાં સર્વ ગુણ સંપન્ન અને સત્યાસત્ય જાણવાના વિવેકવાળા તથા પ્રૌઢ વિચારના પુરૂષો જોઇએ, ત્યાં આગળ આજે કેવળ નર પશુ જેવા વિચાર રહિત પુરૂષો મારા જોવામાં આવે છે."** આ બાળકને આવાં વચનો બેધડક પણ બોલતાં સાંભળી સકળ સભા દિઙ્મૂઢ થઇ રહી. ત્યારે એ બાળક બોલ્યો;—"અરે રાજા! તું વિચાર કર કે તૃષાતુર મનુષ્યને ગંગાના પ્રવાહમાં વહેતા જળની જરૂર છે કે તેના વાંકા ચૂકા અને કાદવથી ભરેલા કિનારાઓની જરૂર છે? કિનારાઓ સારા હશે, ને પ્રવાહસ્થળે જળ હશે નહિ, તો શું કિનારા કરડીને મનુષ્ય પોતાની તૃષા મટાડી શકશે? તેમજ ક્ષુધાતુર મનુષ્ય ભોજન સમયે પીરસેલા અન્નની જરૂર છે કે તે અન્નનાં સોના રૂપા કે બીજી ધાતુના કે માટીનાં અને વાંકાં ચૂકાં કૂબડાં પાત્રોની જરૂર છે? પાત્રો સોનાનાં કે રૂપાનાં હોયને અંદર ભુસાના લાડુ કરી પીરસેલા હોય, તો તેથી શું ક્ષુધાતુરની ક્ષુધા જવાની હતી? વાસણો ચાટીને કે કરડીને પછી ભલે આનંદ માને! તેવી રીતે હું શરીરે કુરૂપ અને કૂબડોછું અને મારાં હસ્ત પાદાદિ સઘળાં અંગ વક્ર છે, પણ તે સાથે તારે શું કામ છે? તું મને જે પ્રશ્ન પૂછીશ, તેનો પ્રત્યુત્તર શું મારા હાથ પગ, માથું, પેટ, મોઢું, નાક, કાન, કે ચક્ષુ ઇત્યાદિમાંથી કોઈ પણ

આપવાનું હતું? તારો ઉત્તરતો માત્ર મારી વાણીજ આપશે અને તે કંઈ કાળી કે કુબડી નથી. માટે ચાલ ત્વરા કર. તારો પ્રશ્ન શો છે તે બોલ." આ સાંભળી સકળ સભા સહિત રાજા અતિશય આશ્ચર્ય પામ્યા. આ આઠ વર્ષના બાળકની આવી બુદ્ધિ જોઇ તેને નિશ્ચય થયો કે, આમાં કંઇ મોટું દૈવત જણાય છે. પછી રાજાએ સિંહાસનપરથી ઉતરી તેને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા અને અનેક પ્રકારે અપરાધની ક્ષમા માગી, કરજોડી જનક તેમની સામે ઉભા રહ્યા. ઋષિ, મુનિ આદિ સભાજનો રાજાના ગુહ્ય પ્રશ્નનો ઉત્તર સાંભળવાને ઘણા આતુર થઈ રહ્યા. સર્વનો અભિપ્રાય જાણી લઇ ઋષિ પુત્રે કહ્યું, "બોલ! તારો શો પ્રશ્ન છે?" રાજાએ કહ્યું, " મહારાજ! આ સત્ય કે તે સત્ય?" ઋષિ પુત્રે કહ્યું;—" અહો! માત્ર એટલાજ માટે તેં બધા ઋષિઓને રોકી મૂક્યા છે? બીજું કંઇ નહિ, પણ માત્ર તારી લજ્જાએ તને આટલો બધો દુઃખી કર્યો છે. લજ્જા ન રાખતાં તેં સ્પષ્ટ પણે પ્રશ્ન પૂછ્યો હોત, તો તેનો ઉત્તર તને ક્યારનો મળી ચૂક્યો હોત, પણ તે તારોજ વાંક છે. હશે, પણ તું તેનો મોઘમ પણેજ ઉત્તર માગતો હોયતો તારી મેળેજ સમજ કે;–'**જેવું તે તેવુંજ આ.** એમાંને આમાં કંઇ પણ ફરક નથી, જેવું તે હતું—દેખાતું હતું, તે નથી; તેવુંજ આપણ છે–દેખાય છે પણ નથી. આ સાંભળતાંજ રાજા દંડની પેઠે ઋષિ પુત્રના ચરણમાં પડ્યો અને 'સદ્ગુરૂ? સદ્ગુરૂ; એમ પોકારવા લાગ્યો, કેમકે તેનું પુરે પુરૂં સમાધાન થયું હતું, પણ એ જોઈ સર્વ સભાજનો તેમજ ઋષિઓને તો ઉલટી વધારે ઉત્કંઠા થઈ અને તેમનાં મન વધારે શંકાશીલ થયાં તેથી તેમણે ઋષિ પુત્રને વિનંતી કરીકે;—"હે બ્રહ્મ પુત્ર! આ પ્રમાણે ગુહ્યાર્થજ કહેવાથી એમોને શો લાભ? એથીતો માત્ર એકલા રાજાનુંજ સમાધાન થયું, પણ અમે તેમાંનું કંઈ શમજી શક્યા નથી. માટે કૃપા કરી અમો સર્વની શંકા દૂર થાય, તેમ તેનું વિવેચન કરશો."

અષ્ટાવક્રે કહ્યું કે;—"રાજા સભાસદોનું કહેવું યોગ્ય છે, માટે હું પ્રકાશિતપણે કહુંછું. સ્વપ્નમાં જોયેલો પ્રકાર સઘળો ખોટો છે, તેવુંજ આ સંસારિક દર્શન પણ ખોટુંજ છે. જેવું સ્વપ્ન તેવોજ સંસાર. એટલા માટે મહાત્મા જ્ઞાનીઓએ વારંવાર સંસારને સ્વપ્નવત્ કહેલો છે. જેવું તેં સ્વપ્નમાં રાજ્ય ખોયું, ક્ષુધા વેઠી, બજારેબજાર ફરી બિક્ષા માગી, જેમ તેમ કરી મહા સંકટે ઠીબડું તથા ખીચડી મેળવી, ખાવા માટે અતિશય પ્રયાસ અને ઉત્કંઠાથી તું મથ્યો છતાં આખરે વૃષભોએ તે ખીચડી સહિત ઠીબડું ફોડી ધુળ મેળવી નાંખ્યું—અર્થાત્ આશામાંને આશામાં એવો મિથ્યા પ્રયત્ન કરતા પણ છેલ્લે તેથી તને કિંચિત્ પણ સુખ થયું નહિ. તારા હાથમાં ક-

શું એ ન રહેતાં, તું જેવાને તેવાજ (નિરાશ—દુઃખી) રહ્યા. તેવુંજ આ તારૂં રાજ્ય તથા જે દિને તને સ્વપ્ન થયું તે દિવસનો તારો અનુપમ વૈભવ એ સર્વે જાણવું. તેનો પ્રત્યક્ષ અનુભવ લેવો હોય, તો વિચાર કરી જો, કે જે દિવસે તને તે સ્વપ્ન આવ્યું હતું, તે દિવસના સ્વપ્નમાં ભોગવેલું દુઃખ અને જાગૃત અવસ્થામાં અનુભવેલું સુખ, એ બેમાંથી આ વખતે તારી પાસે શું છે? તે સમયના ત્રાસથી આ વખતે તને જરાએ સંકટ થાયછે? યા તે સમયના વૈભવથી આ વખતે તને કિંચિત્ પણ આનંદ કે સુખ થાય છે? કંઇજ નહિ. જો સ્વપ્ન માત્ર જૂઠું અને આ સાચું હોય, તો આ નિરંતર જેવુંને તેવુંજ રહેવું જોઇએ, પણ તેમ કંઇ નથી. સ્વપ્નની પેઠેજ આ (સંસાર)નો પણ નાશ થતો જાય છે. ફરક માત્ર એટલોજ કે નિદ્રાવસ્થામાં દર્શિત થનારૂં એ નાનું સ્વપ્ન અને જાગૃત અવસ્થામાં દેખાતું આ મોટું સ્વપ્ન. શેર અન્ન એકજ દિવસ ખાવા ચાલે, અને મણ અન્ન ચાળીશ દિવસ પહોંચે, પણ એ શેર ખાઈ રહ્યા પછી કંઇ નહિ. તેમજ મણનું સમજવું. હે રાજા! પરમાત્માએ જ્ઞાની જનોને સમજવાને, અર્થાત્ જેવું રાત્રિ સ્વપ્ન છે, તેવુંજ સંસાર સ્વપ્ન બનાવ્યું છે. એમ જ્ઞાન થવાને અર્થે ઉદાહરણરૂપેજ એ સ્વપ્ન નિર્માણ કર્યું છે. એટલે જેમ અમુક દેશ અથવા નગરનું ચિત્ર (નમુનો) વા બનાવેલો ઘાટ જોવાથી, તે દેશ કે નગરનું યથાર્થ ભાન થાય છે, તેમ સ્વપ્ન જોવા માત્રથી સંસાર પણ અનિત્ય છે, એવો ખરેખરો નિશ્ચય થાય છે. માટે ફરીથી પણ કહુંછું કે;—'જેવું તે તેવુંજ આ. એમાંને આમાં કંઈપણ ભેદ નથી.' પણ હે નરપતિ! માત્ર સારાસાર વિચાર કરવાનેજ આવી સત્ય વસ્તુની પ્રાપ્તી થાય છે. તને જ્યારે સ્વપ્ન અને સંસાર એ બેમાંથી સાર કયું, એમ જાણવાની ખરી જિજ્ઞાસા થઇ; ત્યારેજ તને આજે માલમ પડ્યું કે બેમાંથી એકે સાર નથી. માટે સારાસાર વિચાર કરનાર પુરૂષજ કાળેકરીને કલ્યાણને પામે છે." આ પ્રશ્નનું સમાધાન સાંભળી સકળ સભા આનંદાશ્ચર્ય પામી. ઋષિમંડળ આ દ્વિજ પુત્રને આશિર્વાદ દેવા અને વખાણવા લાગ્યું. રાજાએ બાળકના ચરણે નમન કરી કહ્યું કે;—"હે સદ્ગુરૂ! બ્રહ્મપુત્ર! આપના સમાધાનથી મને એક નવી શંકા ઉત્પન્ન થઈ છે. તે એ કે;—જ્યારે સ્વપ્ન અને સંસાર બંને અસાર છે, ત્યારે તેમાં સાર શું?"

ઋષિપુત્રે કહ્યું—"આ પ્રમાણે સૂક્ષ્મ પ્રશ્ન કરવો એજ ખરેખરા મુમુક્ષુનું લક્ષણ છે. સાર વસ્તુ જાણવી તો દૂર રહી પણ તે જાણવાની જિજ્ઞાસા ધરાવનાર પુરૂષ પણ મોટો ભાગ્યશાળી કહેવાય. માટે સાંભળ;—સ્વપ્ન અને સંસાર બંને મિથ્યા છે. વા અસાર છે; પણ તેઓનો અનુભવ થતી

વખતનો જે સાક્ષી કે જેને તે બંને અવસ્થાઓ (જાગૃત અને સ્વપ્ન) થાય છે, અને જે તે બંને અવસ્થાઓને જાણે છે તેજ માત્ર સારભૂત છે. એ સાક્ષી તે, **સ્વયં પરમાત્માજ** કે જે સચરાચર વ્યાપી રહ્યા છે, માટે વિષ્ણુ કહેવાય છે. તું હું, આ ઋષિઓ, પ્રધાનો, સર્વ સભા અને છેવટે ભૂત પ્રાણી માત્રમાં તે એકલોજ સાક્ષીરૂપે વસી રહેલો છે, તેજ નિત્ય છે, સાર છે, અને વેદે વર્ણવેલો પુરાણ પુરૂષોત્તમ છે. તેની પ્રાપ્તી અર્થે ભક્ત—જ્ઞાનીજનો જ્ઞાનથી જાણી તેની ભક્તિ કરે છે, તેનુંજ યોગીઓ ધ્યાન કરે છે, તેજ પોતાની ઇચ્છા માત્રે ઉત્પન્ન કરેલ આ જગતનું રક્ષણ કરે છે, તેજ પોષણ કરે છે અને તેજ તેનો પ્રલય કરે છે. યુગે યુગે અવતાર ધારણ કરી તેજ પ્રભુ ધર્મનું સંસ્થાપન કરે છે, ને જ્ઞાની—ભક્તજનોનું પરમવાત્સલ્યથી સંરક્ષણ કરે છે. તેજ ત્રિગુણાત્મરૂપે બ્રહ્મા, વિષ્ણુ, અને મહેશ્વર—શંકર થયેલો છે અને તેજ ઇંદ્રાદિ સર્વ દેવતાઓ તથા સર્વ ભૂત પ્રાણીમાત્ર રૂપે વિરાજી રહ્યો છે; તેજ જડ અને ચૈતન્યરૂપે છે, તેજ ઝીણામાં ઝીણો અને તેજ મોટામાં મોટો છે, તેજ નિર્ગુણ અને તેજ સગુણ છે, તેજ નિરાકાર અને તેજ સાકાર છે; તેજ અમૂર્ત્તિ અને તેજ મૂર્ત્તિમાન છે તથા જે કહીએ તે, તેમજ જ્યાં જોઇએ ત્યાં તે, તે, અને તેજ છે. માટે સર્વમાં તેનેજ સારભૂત જાણ." આ બાળકનું આવું અપ્રતિમ ભાષણ સાંભળી આખી સભા ચિત્ર સમાન થઇ રહી અને રાજા આનંદસાગરમાં તરવા લાગ્યો. તથા મનમાં વિચાર કર્યો કે;—"મને પામરને આજે સદ્‌ગુરૂની પ્રાપ્તી થઇ છે. સાક્ષાત્ પરમાત્માએજ મારાપર કૃપા કરી, મારે ત્યાં આપોઆપ આ જ્ઞાનમૂર્ત્તિને મોકલી છે. માટે આવો સમય હું કેમ મિથ્યા ગુમાવું? મારે જરૂર તેમનો સદુપદેશ ગ્રહણ કરવો જોઇએ." એમ વિચારી જનકરાજા બોલ્યા કે;—"હે સદ્‌ગુરૂ! કૃપાળ! મારા કોઈ જન્મના સંચિતથી આપ મને પાવન કરવાને અત્રે પધાર્યા છો, તો હવે કૃપા કરી મને દાસને અનુગ્રહ કરીને તે સારભૂત પરમાત્મા કેવો છે અને તેનું સ્વરૂપ કેવું છે, તે જણાવો—મને **બ્રહ્મોપદેશ** કરો." આ સાંભળી અષ્ટાવક્ર બોલ્યો;—"હે નરેશ્વર! ઉપદેશની વાત તો પછી, પણ તારા પ્રશ્નોનું સમાધાન થયું, તેની દક્ષિણા તો મને આપ?" ત્યારે રાજાએ પોતાના પ્રધાનને આજ્ઞા કરીને કોશરક્ષક પાસેથી મોટા બે સોનાના થાળ અતિ ઉત્તમ રત્નો તથા હીરાઓથી ભરીને મંગાવ્યા. તે ઋષિને અર્પણ કરવા માંડ્યા. એ જોઈ અષ્ટાવક્રે હસીને કહ્યું કે;—"હું આને શું કરીશ? તેં તો આવા રત્નના બે થાળ આણ્યા છે, પણ એવા અનેક રત્ન ભરીત ભંડારો ક્ષણમાં નીપજાવી શકે, એવી સર્વ સિદ્ધિઓ અમારી (મારા જેવા જ્ઞાનીઓ) આગળ દાસીઓ થઈ ઉભેલી છે! તો પછી આ થાળથી

મને શું સંતોષ થાય? હું કંઈ ભરી સભામાં દ્રવ્યની ઇચ્છાથી આવ્યો નથી, કે મને માન પણ જોઇતું નથી, પણ બ્રહ્મ બીજ નાશ પામ્યું હશે કે શું? એવી તારી શંકાને દૂર કરવાને અને ઘણા દિવસથી રોકાઈ રહેલા ઋષિવરોને તેમના કુટુંબ ભેગા કરવારૂપ તેમની **પરમાર્થ સેવા** કરવાને અર્થેજ હું અહીં આવ્યો છું. માટે મારે જે જોઇએ છીએ, તે તું મને આપ.” રાજાએ કહ્યું;—“ગુરૂદેવ! જે આપની આજ્ઞા હોય તે વસ્તુ લાવી હું આપને ભેટ કરીશ. માટે આપ આજ્ઞા કરો.” ત્યારે ઋષિ પુત્રે કહ્યું;—“હાં! એમ છે ત્યારે તારૂં તન (શરીર) મન, અને ધન એ ત્રણ વસ્તુજ મને અર્પણ કર. એટલે થયું.” રાજાએ તરત સંકલ્પ કરીને અતિ હર્ષ પૂર્વક એ ત્રણે વસ્તુઓ તેને અર્પણ કરી. તે પછી હાથ જોડી ઉપદેશની વાટ જોતો ઉભો રહ્યો. હવે ઋષિસુત શો ઉપદેશ કરે છે, તે જોવાને સર્વ સભા આતુર થઇ બેઠેલી છે અને રાજા પણ જિજ્ઞાસુ થઈ ઉભો છે. એવામાં સભાદ્વાર આગળ પોકાર કરતો એક બ્રાહ્મણ આવ્યો. તે, “જનકરાય! જનકરાય! હું દુઃખી બ્રાહ્મણ છું, મારૂં રક્ષણ કરો. મને દુઃખથી મુક્ત કરો,” એમ બોલતો છેક નજીક આવ્યો; ત્યારે ગૌબ્રાહ્મણ પ્રતિપાળ મહારાજાધિરાજ જનકરાયે તેનાં દીન વચનો સાંભળી દયાથી તેના સામું જોવા ઇચ્છયું, અને “તારે શું દુઃખ છે, મારા રાજ્યમાં તને બ્રાહ્મણને કયો દુષ્ટ પીડા કરે છે?” એમ પૂછવા ધાર્યું, પણ તરત વિચાર આવ્યો કે, “અરે! મેં તનતો મારા ગુરૂને અર્પણ કર્યું છે, તે મારૂં નથી. તો પછી હું તેના સામું કેમ કરીને જોઉં? અથવા તેને કેમ કરી પૂછું? કેમકે વાણી તન માંજ આવી ગઈ!” આવો વિચાર કરી તે બ્રાહ્મણના સામું પણ રાજાએ જોયું નહિ, ને તેને કશું કહીપણ શક્યો નહિ, ત્યારે તે બ્રાહ્મણ વધારે વિલાપ કરવા લાગ્યો અને બોલ્યો કે;—“હું ઋણીછું; મારા માથાપર બહુ મોટું ઋણ (દેવું) છે. તેથી લેણદાર લોકો એ મારી સંપત્તિ હરણ કરી લીધી છે છતાં તેથી હું છૂટો થઈ શક્યો નથી. મારા પુત્ર કલત્ર, અન્ન વસ્ત્રવિના બહુ દુઃખી છે, અને મને કોઇનો આશ્રય ન હોવાથી હું તમારે શરણે આવ્યો છું. એક લજ્જા, બીજી ક્ષુધા, અને ત્રીજો લેણદારનો ત્રાસ એ સઘળાથી વ્યાકુળ થઇ હું અહીં આવ્યો છું, માટે રાજાધિરાજે મારૂં દુઃખ અવશ્ય નિવારણ કરવું જોઇએ.” આ સાંભળી રાજા બ્રાહ્મણનું દુઃખ દૂર કરવા માટે બહુજ આતુર થયા, તેણે વિચાર્યું કે;—“આ બ્રાહ્મણને અમુક ધન દેવાથી તેનું દુઃખ દૂર થાય એમ છે તથા ગુરૂને અર્થે આણેલી બે રત્ન તબક પણ અહીંજ પડેલી છે, તો તેમાંથી એકાદ રત્ન આપું તો તેનું દરિદ્ર દૂર થઈ જાય, પણ અરે! ધનતો મેં સર્વ ગુરૂને અર્પણ કરી

દીધું છે. માટે એ ગુરૂનું થયું, તેથી હું કેમ આપી શકું ?" આવા વિચારથી તે મનમાં યત્કિંચિત વિચાર્યા વગર બોલ્યો નહિ. પણ ગુરૂ સામું જોઈ ઉભો રહ્યો.! હવે ગૌબ્રાહ્મણ પ્રતિપાળ કહેવાતો જનકરાય પોતે આટલાં આટલાં વલખાં માર્યા છતાં પણ કશો પ્રત્યુત્તર આપતો નથી. તે જોઈ બ્રાહ્મણને ઘણો ક્રોધ ચઢ્યો; તેથી તે રાજાનો તિરસ્કાર કરી બોલ્યો;—"અરે! સમય કેવો વિપરીત દેખાય છે? અહો! આ કૃતયુગ—સત્યયુગની અંદર પણ કળિયુગ પ્રવર્ત્તતો હું જોઉછું. ધિક્કાર હજો મને, કે હું આવા ધન લોભી, કૃપણ અને મિથ્યા ગૌબ્રાહ્મણ પ્રતિપાળ, કહેવાતા પણ દાંભિક નામ ધરી બેઠેલા રાજા પાસે યાચવા આવ્યો. આ કરતાં તો હું કોઈ ઉંડા જળના કૂવામાં પડી બૂડી મર્યો હોત તો આવાવંઠ રાજાનું મુખ મારે જોવું ન પડત. અરે! ધિક્કાર છે એવા રાજાને કે જેને ત્યાંથી અતિથિ, વા, શરણાગત નિરાશ જાય છે! ધિક્કાર છે તે લોકોને કે જેઓ દૂર દેશાંતરોમાં રહી આ કૃપણ રાજાની, ભ્રષ્ટ મતિ નહિ જાણતાં તેની ખોટી ખોટી પ્રશંસા કરે છે! અરે રાજન! મારાં આટલાં આટલાં દીન વચનો સાંભળવા છતાં મને ધન આપવું તો રહ્યું, પણ માત્ર પ્રત્યુત્તર આપવોએ તને ભારી થઇ પડ્યો? હર, હર, કેટલું અઘટીત છે!" આ સાંભળી રાજા મનમાં વિચારવા લાગ્યો;—"અરે! મારૂં બિરદ જઇને નામને હીણપત લાગે છે, શું મારે દ્વારથી અતિથિ નિરાશ જાય?" એમ વિચાર કરતાં, વળી સૂઝી આવ્યું કે;—"અહો! હું શો વિચાર કરૂંછું? આ મનમાં વિચાર કરવાનો અધિકાર મને ક્યાંરે છે? કારણ તન તથા ધનની સાથે મન પણ ગુરૂને અર્પણ કરેલું છે. માટે આમાં મને શું છે? તન મારૂં હોય તો બ્રાહ્મણને બોલાવું, આશ્વાવાસના કરૂં, ધન મારૂં હોય તો તેને આપું, ને મન પણ મારૂં હોય તોજ તેનાં બોલેલાં નિષ્ઠુર વચનોથી મને હીણપત લાગે. માટે મને કંઈ લાગતું વળગતું નથી; તેમ મને તેમનો કશો વ્યાપાર કરવાનો અધિકાર નથી. આવા સમાધાનથી રાજા તો આટલું બધું છતાં કેવળ જડ અને સ્તબ્ધ થઈ ગુરૂ સામે હાથ જોડી ઉભોજ રહ્યો. તેનાથી હાલી, ચાલી કે બોલી શકાયું નહિ!"

આવી સ્થિતિ જોઈ અષ્ટાવક્રજીએ રાજાને કહ્યું;—"कोभवान्—તું કોણ છે?" ત્યારે जनकोस्मि—હું જનક છું. એમ તેણે પ્રત્યુત્તર આપ્યો. એટલે ઋષિપુત્રે કહ્યું;—"રે! આમાં તું જનક કોને કહે છે? તારા શરીરની અંદર જનક ક્યાં છે તે મને બતાવીશ? તું તારા માથાને, મોંને, હૃદયને, હાથને, ઉદરને, પગને, બુદ્ધિને, કે પ્રાણને કે એ સર્વેળામાંથી કોને જનક કહે છે?" રાજા શું બતાવે? માટે ફરી તદ્રુપ થઈ રહ્યો, કેમકે ધ-

જોએ વિચાર કર્યો, પણ કોઈ સ્થળે જનક નથીજ; તો પછી શો ઉત્તર દેવાય! ઘણીવાર સુધી તે અડગ—સ્થિર અને એક દૃષ્ટિએ ઉભો રહ્યો! આ જોઈ ઋષિ પુત્રે કહ્યું;—“રાજા! બસ; એજ તને ઉપદેશ, ને એજ તારૂં સચ્ચિદાનંદ બ્રહ્મ સ્વરૂપ!” આ સાંભળી જનકરાયે કહ્યું;—“ત્યારે ગુરૂદેવ! હવે તો હું વનમાં જઈ વસીશ.” ત્યારે ગુરૂ કહે;—“કેમ કરીને? મારા વચનમાં કે વચનથી બહાર! તારૂં તન, મન, અને ધન (રાજ્ય, સમૃદ્ધિ આદિ.) સઘળું મને અર્પણ કરેલું છે, તો હવે તારી પાસે શું છે? અને હવે તું પણ ક્યાં છે? વિચાર કર.” આ સાંભળી વળી રાજા સ્તબ્ધ થઈ ઉભો, ત્યારે તે બોલ્યા;—“રાજા! જેમ કોઈ મનુષ્ય પોતાનું દ્રવ્ય, ગૃહ વગેરે બીજાને સાચવવા આપે, તેમ આ રાજ્યાદિ (તન, મન, તથા ધન વગેરે) મારૂં છે તે હું તને સાચવવા આપું છું. માટે મારા સેવક તરીકે તું તેનું નીતિથી પાલન કર. એટલે તું દેહ છતાં વિદેહ—દેહ વગરનો થયો. પૂર્વે કોઇ વિદેહ થયું નથી, પણ તારી આવી સ્થિતિ થયાથી તું તો વિદેહી કહેવાઇશજ.” એ રીતે કહી જનકને રાજ્યાસનપર સ્થાપિત કર્યો અને પહેલા દેવાદાર બ્રાહ્મણને અનેક રત્નો આપી રાજી કરી વિદાય કર્યો. ત્યાં રહેલા સર્વ ઋષિઓએ બાળક ઋષિને સપ્રેમથી વંદન કરી આશિર્વાદ આપ્યો, તેમનાં ઘણાં વખાણ કર્યાં. રાજાએ સર્વ ઋષિઓને રૂડી રીતે સંતોષી વિદાય કર્યા. અષ્ટાવક્રને ત્યાં તેના પિતા કહોડ ઋષિનો મેળાપ થયો. પિતાએ અષ્ટાવક્રને મધુવિલા નામની નદીમાં વિધિપૂર્વક સ્નાન કરાવ્યું. તેથી તેનાં સર્વ અંગોના વાંક મટી જઈ સરખાં તથા સુરેખ થયા. આથી તે નદીનું નામ ત્યારથી **સમંગા** (સરખા અંગ કરનારી) પડયું. ત્યાંથી અષ્ટાવક્ર પિતા તથા મામા સાથે પોતાના આશ્રમમાં ગયા. એ રીતે સારાસાર વિચાર કરનાર જનક રાજર્ષિએ અષ્ટાવક્ર પાસેથી સદુપદેશ ગ્રહણ કર્યો હતો, પણ તે ઉપદેશ મળવાનું મૂળ કારણ માત્ર સારાસાર વિચારજ હતું. સારાસાર વિચાર કરનાર મનુષ્ય એવી રીતે નિશ્ચે ઇશ્વરને પામે છે અને એજ મનુષ્યનું મુખ્ય કર્ત્તવ્ય છે. જનકને સ્વપ્ન અને સંસાર એ બેમાંથી સાર શું, એ જાણવાની ખરી જિજ્ઞાસા થઇ, ત્યારેજ તેને સારભૂત વસ્તુ—પરમાત્મ સ્વરૂપની પ્રાપ્તી થઈ હતી. એ પ્રતાપી રાજાના પછી જનકપુરની ગાદીએ તેનો પ્રતાપી પુત્ર મહા વીર્ય જનક બેઠો હતો, તે પોતાના પિતા પ્રમાણેજ ધર્મનીતિથી રાજ્ય ચલાવી પ્રસિદ્ધિને પામી ગયો છે.

રાણીના દુરાચારથી વૈરાગ પામી યોગી થયો.

નીતિનિપુણ—ભર્તૃહરિ.

આ પૃથ્વી પ્રસિદ્ધ માલવપતિ રાજન **ભરથરી** ઉજ્જેનીમાં રાજ કરતો હતો. તેના પિતાનું નામ ગંધર્વસેન હતું. વિક્રમાદિત્ય નામે તેને મહાશૂરવીર અને નીતિવાન ભાઈ હતો. એક વિદ્વાનના અભિપ્રાય પ્રમાણે ભર્તૃહરિ, વિક્રમ, ભટ્ટી અને વરરૂચી એ ચાર ભાઈઓ હતા. પણ લૌકિક આખ્યાયિકા અને ઉપકથા આદિ સર્વ પ્રકારે જોતાં વિક્રમાદિત્ય તો તેને ભાઈ હતોજ એતો નિસંદેહ છે. ઉજ્જેની નગરી એ પરમારવંશની ગાદી પ્રસિદ્ધ થઈ ગયેલ છે. ભર્તૃહરિના ગુરૂનું નામ ચંદ્રચાર્ય વસુરાયા પંડિત હતું. એ પાસેથી તેણે પાણિનિવ્યાકરણાદિ સંસ્કૃત ભાષાનો પૂર્ણ અભ્યાસ કર્યો હતો. તેમજ એ શાસ્ત્રોમાં કુશળ થયો હતો. સંસ્કૃત ભાષામાં મોટો વિદ્વાન અને કવિ પણ હતો. તથા સર્વ વ્યવહારિક કાર્યોનો અનુભવી, સંગીતશાસ્ત્રમાં કુશળ, મિથ્યાભિમાનનો તિરસ્કાર કરનાર, વિદ્યા, કળાને આશ્રય આપનાર અને ખરી રીતે વૃદ્ધિ કરનાર હતો. સત્યાસત્યનો પરિક્ષક, સૂક્ષ્મભેદનો જ્ઞાતા, બુદ્ધિવાન, વિવેકી, ન્યાય નીતિમાં નિપુણ, પ્રજાનું પાલન રંજન કરવામાં તત્પર, પ્રજાજનને વિદ્યાવાળી કરી તેમનાં જ્ઞાન ચક્ષુ ઉઘાડ્યાં હતાં, પુણ્યનો માર્ગ પ્રસરાવ્યો હતો, ધર્મની વૃદ્ધિ કરી હતી, વેરીઓનો વિદંશ કર્યો હતો, દુરાચારીઓને શિક્ષા કરતો, કવિજનનો અને વિદ્વાનોને આશ્રય આપી તેમની કદર કરતો. સદ્ગ્રંથોને સહાયતા આપી તેમની વૃદ્ધિ કરતો, તેમજ શૂરવીર અને પરાક્રમી હતો. દયા, ક્ષમા, શાંતિ, સંતોષ અને વિનય એ સદ્‌ગુણોને પ્રજામાં પ્રસરાવીને સજીવન કર્યા હતા. અસત્ય, અનીતિ, ચોરી, વ્યભિચાર આદિ દુર્ગુણોને દેશવટો આપ્યો હતો. ઈત્યાદિ રાજાને યોગ્ય સઘળા સદ્‌ગુણો તેનામાં હતા. તેને આઠ પ્રધાનો હતા. તે સર્વ વિદ્વાન હતા. સેનાપતિ પણ શૂરવીર અને વિદ્વાન હતો. રાજ સભામાં સકળ વિદ્વાનો બિરાજતા. રાજ ન્યાય નીતિથી ઉત્તમ પ્રકારે ચાલતું કોઈપર અન્યાય ગુજરતો નહિ, સારા સારનો પૂર્ણ તપાસ કરી સર્વને પૂર્ણ સંતોષ આપવામાં આવતો, પ્રજાહિતમાં પ્રવૃત થવાને પરમોત્કંઠાથી લાગ્યો રહેતો. શેહેર અને ગામડાઓમાં શેરીએ શેરીએ ધર્મોપદેશ આપવાને ધર્માચાર્યો રાખ્યા હતા તેનો સર્વ ખરચ રાજ તેજુરીમાંથી અપાતો હતો. કાવ્યશાળાઓ, સંસ્કૃત પાઠશાળાઓ, ઔષધશાળાઓ અને કન્યાશાળાઓ કરી હતી; પ્રજા જનપર કોઈ પણ પ્રકારનો કર કે અન્યાય હતો નહિ. ઈત્યાદિ પ્રકારે એ ધર્મ સ્વરૂપ, ન્યાયી, ઉદારાત્મા રાજાનું રાજ વ્યવસ્થા કરવા તરફ પૂર્ણ લક્ષ હતું.

તેથી રૈયત પૂર્ણ સુખી થઇ હતી અને તેમનાપર અપાર પ્યાર રાખતી હતી. રાજા ત્રણસો રાણીઓને પરણ્યો હતો, તેમાં સર્વ કરતાં પિંગળા સ્વરૂપમાં વિશેષ હતી, તેનાપર તેને મોહ લાગ્યો. પોતે ગુણ સંપન્ન છતાં એ પિંગળાના ગુણની પરીક્ષા કર્યા વગર માત્ર રૂપેજ મોહ્યો હતો અને કામાંધ થઇ તેમાં નિમગ્ન રહેતો. ધીરે ધીરે તે તેના મોહપાસમાં વધારે સપડાઇ જઇ દિવસનો ઘણો ભાગ તેની પાસેજ રહેવામાં ગાળવા લાગ્યો હતો. એ પિંગળા સર્વમાં માનીતી થઈ પડી હતી, રાજાને પ્રીતિ પાસમાં લેવાને ઉપરથી પતિવ્રતાનો સઘળો ડોળ બતાવી અંદરખાને એક દુરાચારી દાસીના દુ:સંગથી એક નીચ અશ્વપાળ સાથે પ્રીતિમાં જોડાઇ હતી; એ તેને દુ:સંગનું ફળ અને નિરંતર ધર્મ નીતિનો ઉપદેશ ન મળવાની ખામીનું પરિણામ હતું. આ વાત કોઇના કળવામાં નહોતી, માત્ર રાજા ઘણો વખત રંગ મોહેલમાં ગુજારતો એ મંત્રી મંડળ આદિ કોઇને પસંદ નહોતું. એ માટે તેના અંગત મિત્રોએ તેને ઘણીવાર ઉપદેશ આપી ચેતાવ્યો હતો. **"જ્યાં સુધી આપણી ભૂલ આપણા મુખપર કોઇ ન કહે, ત્યાં સુધી આપણો કોઇ આ દુનિઆમાં ખરો મિત્ર છે એમ માનવું નહિ."** આ મહત્ પુરૂષોનું વાક્ય છે. તે પ્રમાણે જોતાં ભર્તૃહરિને તેવા મિત્રની ખોટ નહોતી, તેમણે પોતાથી બને તેટલું કર્યું હતું. પણ એપર રાજાએ જરાએ લક્ષ આપ્યું નહિ; કારણ કે તેને પિંગળામાં પૂર્ણ પ્રીતિ હતી. તેથી તેના પ્રમાણિકપણા તથા પવિત્રતા વિષે તેને કશો સંદેહ ઉત્પન્ન થયો નહિ; કેમકે અનુકૂળ તથા પ્રીતિવાળી વસ્તુ વિષે ગમે તેવાં વિરૂદ્ધ અને સૂર્યના અજવાળા જેવાં સત્ય વચનો કોઇ કહેતાં હોય, તોપણ એ અસર કરતાં નથી, એ એક મનની સ્વાભાવિક સ્થિતિનું પ્રાબલ્ય છે; તે હરેક મનુષ્યે જાણવું તથા સમજવું જોઇએ. તે કારણથીજ ભર્તૃહરિના મનમાં તેના મિત્રોનું એક પણ વચન અસરકારક થયું નહિ.

વિક્રમાદિત્ય વિદ્વાન, નીતિવાન, શૂરવીર અને ધર્મ વૃત્તિવાળો હતો. રાજમાં એ ઉત્તમ ગણાતો હતો, ભર્તૃહરિને રાજકાજમાં એ ઘણી સલાહ અને સહાયતા આપતો હતો. ભર્તૃહરિને તેની શુદ્ધ નીતિની ખાત્રી હતી. તેથી તેને રાણીવાસ વગેરે સ્થળે આવવા જવાની છૂટ હતી. વિક્રમ પોતાના વડીલ બાઈ ભર્તૃહરિને પિતા તુલ્ય અને તેમની સ્ત્રીઓને માતા તુલ્ય ગણી તેમની આજ્ઞાનુસાર વર્તતો હતો. રાજનાં કેટલાંક ખાતા ઉપર એની દેખરેખ હતી, અશ્વખાતાનો પણ એજ ઉપરી હતો. તેણે પોતાની ચતુરાઈ, અને હુશિઆરીથી લુચ્ચા, ચોર, વ્યભિચારી આદિ દુરાચારીઓને બારિકપણે શોધી કાઢીને શિક્ષાએ પહોંચાડ્યા હતા. તેથી હરામીઓને તેના તરફનો ઘણો ભય રહેતો હતો.

પિંગળા જે અશ્વપાળ સાથે પ્રીતિમાં જોડાઇ હતી, તે અશ્વપાળ અશ્વશાળામાં નોકર હતો. તેને વહેલા મોડા કામપર આવવા જવા આદિકના કારણથી વિક્રમે ઘણીવાર ધમકાવ્યો હતો. તેમ વિક્રમને તેની વર્ત્તણુકપર શક ગયો હતો, પણ એ હજુ બારીકપણે શોધમાં હતો. અશ્વપાળ પણ એનાથી ડરતો હતો, કે વખતે એનાથી મારો નાશ થશે. ભર્તૃહરિએ એક વખતે વિક્રમને બોલાવી કહ્યું કે:—"હે લઘુ બાંધવ! તારી અડગ ધર્મ વૃત્તિ જોઈ પ્રસન્ન થાઉં છું. હવે તમારે રાજનું ઘણું કામ ઉપાડી લઈ મારે માથેથી એ બોજો ઓછો કરવો. તમે જાણો છો કે, સર્વ રાજનીતિનો સાર પ્રજા શી રીતે સુખી થાય, એ ઉપાયો યોજવામાં છે, તેનો વિચાર રાખવો;—

राजन्दुधुक्षसियदिक्षितिधेनुमेनां
तेनाद्यवत्सामिवलोकममुंपुषाण
तस्मिंश्चसम्यगनिशंपरितुष्यमाणे
नानाफलैःपर्लातकल्पलतेवभुमिः ॥

"હે રાજા! આ પૃથ્વીરૂપી ગાયને તું દોહોવાને ઇચ્છતો હો, તો તારી પ્રજારૂપી વાછડાંને ઉછેર, તેને સારી રીતે સંતોષ થયો કે પૃથ્વી કલ્પલતાની પેઠે અનેક મનોરથ પૂર્ણ કરશે." ઇત્યાદિ રાજનીતિનો ઉપદેશ આપી, વિક્રમને રાજના કેટલોક અધિકાર સ્વાધીન કર્યો. વિક્રમ જ્યેષ્ઠ ભ્રાતાની આજ્ઞા પ્રમાણે નીતિન્યાયથી રાજ ચલાવવા લાગ્યો. અશ્વપાલ પોતાની વર્ત્તણુકથી ડરતો હતો. તેણે એક વખતે પિંગળાને વિક્રમ ઉપર આરોપ મૂકી કઢાવવાને સમજાવી. એપરથી પિંગળા રાજાની પ્રીતિનો લાભ લઇ પોતાને જે વિક્રમ પુત્ર સમાન હતો અને જે તેના પ્રત્યે માતાના ભાવથી વર્ત્તતો હતો, તેના ઉપર ખોટો આરોપ મૂકી કઢાવવાને તૈયાર થઈ, રાજાને જણાવ્યું કે; વિક્રમે મારે રંગમોહોલે આવી કાલે નિત્યના નિયમ કરતાં મારા પ્રત્યે અનીતિ આચરણ કર્યું છે. ઇત્યાદિ વાત તેના હૃદયમાં ઉતારી. આ સાંભળી ભર્તૃહરિ આશ્ચર્ય થયો! તે ભાઇની નીતિ વિષે જાણતો હતો, તેને તેનાપર વિશ્વાસ હતો છતાં પિંગળામાં લુબ્ધ હોવાથી સારાસાર વિચાર શૂન્ય થઈ જઈ વિક્રમને બોલાવી કહ્યું કે;—"અરે! તેં નીતિમાર્ગથી વિરૂદ્ધ એક મહા વિપરીત આચરણ કર્યું છે," ઇત્યાદિ તિક્ષ્ણ વચનો કહ્યાં. નિર્દોષ વિક્રમાદિત્ય જ્યેષ્ઠ ભ્રાતાનાં આવાં વચનો સાંભળી મૂર્છા ખાઈ પડ્યો. થોડી વારે શુદ્ધિમાં આવતાં બોલ્યો;—"જ્યેષ્ઠ ભ્રાતા! તમે વિવેકી થઇને આ તમારી જીભથી શું બોલો છો? માતુ પિંગળાના પ્રભુ! મેં સ્વપ્નમાં પણ કદી દુષ્ટ સંકલ્પ કર્યો નથી, મેં કદી નીતિ ઉપર પગ દીધો નથી. બંધુ! આ શું કહો

છો? આ સાંભળી હું આશ્ચર્ય પામું છું! મારી નીતિ રીતિ તમો જાણો છો, છતાં વહેમ કેમ લાવો છો? શિવ! શિવ!!! અંતઃપુરમાં મારૂં અનીતિ આચરણ આ શું કહો છો! ભાઈ! હજુ સમુદ્રે મર્યાદા મૂકી નથી, હજુ સૂર્યમાં અંધકાર થયો નથી, સિંહ ખડ ખાવા કદી જતો નથી, હજુ હંસની ચાલ કાગવત થઈ નથી, હજુ સંત જનના ચિત્તમાંથી દયા ગઇ નથી, હજુ પશ્ચિમમાં સૂર્યોદય થયો નથી. કાષ્ટ હજુ જળમાં ડુબી જતું નથી, હજુ માતાનો વાત્સલ્ય પ્રેમ ઘટયો નથી, છતાં હું નીતિવિરૂદ્ધ વર્તિશ!! આ તમે શું કહો છો? આપનો મારા પ્રત્યે આવો વિચાર કેમ થયો?!! હે પવિત્ર જ્યેષ્ટ ભ્રાતા! હું બાલ્યાવસ્થાથી જ્ઞાન શક્તિ યુક્ત થયો, ત્યારથી તે આજ સુધી આપની સેવા પ્રીતિ ભાવથી કરતો આવ્યો છું. શ્રુતિ, સ્મૃતિ અનુસાર નીતિ માર્ગે ચાલવાનો જ્યેષ્ઠ ભ્રાતા પ્રત્યે જે ધર્મ છે; તેથી વિરૂદ્ધ સ્વપ્ને પણ કદી ચાલ્યો નથી. આજે આપ આ વાત શું કરો છો? આતો કીડીપર કટક અને કદલીપર વીજ આવી પડે, તેવાં આ આપનાં વચન મારાપર ઇંદ્રના વજ્રની માફક કાર્ય કરે છે. હે રાજનીતિ નિપુણ ભ્રાતા! વિચાર કરીને આ નિર્દોષ લઘુ બંધવપર વચન પ્રહાર કરશો."

ભર્તૃહરિએ કહ્યું;—"તું કાલે રાણીવાસમાં ગયો હતો કે નહિ?" વિક્રમ—"કાલે હું ગયો નથી! કેમકે આપનું મળવું સવારે રાજમહેલમાં થયું હતું, જેથી ત્યાં આવી મોડે થવા કાંઈ પ્રયોજન નહોતું અને રાત્રિએ તો હું શિવરાત્રિ હતી, તેથી ઘેર શિવ પૂજનમાં રોકાયો હતો." ભર્તૃહરિ—"તું શિવરાત્રિ જેવે દિવસે મહાકાળેશ્વર શિવાભિષેકમાં કેમ ન આવ્યો?" વિક્રમ—"હું સદા એકાંતમાં શિવ પૂજન કરૂં છું! એ આપથી ક્યાં અજાણ્યું છે? ઇત્યાદિ પ્રકારે વિક્રમે ઘણું ઘણું કહ્યું, પણ ભર્તૃહરિના માનવામાં નહિ આવતાં તેણે તેને દેશ નિકાલ થવાને આજ્ઞા કરી." આ સાંભળી વિક્રમે કહ્યું:—"જ્યેષ્ટ ભ્રાતા! લક્ષ્મણ અને ભરતની જેવી ભક્તિ રામચંદ્ર પ્રત્યે હતી, જેવી ભીમાર્જુનની યુદ્ધિષ્ઠિર—ધર્મ પ્રત્યે હતી; તેવીજ શુદ્ધ ભક્તિ આપના પ્રતિ મારી છે. આપ આવી રીતે વિચાર શૂન્ય થઇને મારાપર સાહસ કરો છો એ યોગ્ય નથી; કેમકે હું આ વૃત્તાંત બિલકુલ જાણતો નથી! રાણીવાસમાં કાલે તો શું પણ ત્રણ રોજ થયાં હું ગયો નથી! પિંગળાની દાસીને મેં દીઠી નથી, આ બધી વાત પ્રપંચરૂપ છે—આપ મારા પિતા તુલ્ય પવિત્ર ન્યાયી આત્મા થઈ, આવો જુઠો આરોપ મારે શીર છોડો છો, તો તેપરથી દૈવની કોઈ અન્યઇચ્છા નજર આવે છે! રખે કાંઇ મોટી આફત આ માલવદેશપર આવવાની હોય એવું જણાય છે! અગર આખું રાજ પાયમાલ થવાનું છે! એ વિના આવો કુતર્ક આપના પવિત્ર અંતઃકરણમાં

કદી વાસ કરે નહિ. હજુ વિચાર કરો ? આપ ન્યાય નિપુણ થઈ આવાં સાહસ વાક્યનો ઉપયોગ કરો છો ! ભૂમિ કેવી છે ! તેમાંથી કેવાં ફળની આશા રાખો છો ? વિષ અમૃતરૂપ દેખાતું હોય, તોપણ તે મોતનું કારણ થાય છે ?" ભર્તૃહરિ—"અરે ! વિક્રમ ! તું હવે વધારે ન બોલ, કેમકે તારા અસત્ય ભાષણથી મારા કાન અપવિત્ર થાય છે, તું સત્વર માલવદેશ છોડી જા ?" વિક્રમ ક્રોધથી બોલ્યો;—"હું આ નગરી તજીશ, નિશ્ચે આ ઠેકાણે રહીશ નહિ, જો ઘડી પણ વિશ્રામ કરૂં તો મારી જનુની લાજે." હે ભરથરી ! જેના અંતઃકરણમાં એક પણ દુષ્ટ સંકલ્પે આજ સુધી પ્રવેશ કર્યો નથી. જેણે જ્યેષ્ઠ ભ્રાતાને પિતા અને તેની સ્ત્રી માતા સમાન જાણીને એક નિષ્ઠાથી પુત્રવત્ આચરણ કર્યું છે, જે પોતાને આદિત્યવત્ શુદ્ધ સમજે છે અને અદ્યાપિ બ્રહ્મચર્યનું સંરક્ષણ કરે છે, એવા એક કૃપાપાત્ર નાના ભાઇને એક નીચ, પ્રપંચી, શાસ્ત્ર નિંદીત કલેશનુંમૂળ, કપટ સ્વરૂપ, નર્કદ્વાર નયની સ્ત્રીના વચન ઉપર વિશ્વાસ કરીને મને નિર્લજ્જ ઠરાવી જુઠો આરોપ મુકે છે અને સ્વમુખથી દેશનિકાલનું કહોછો, તો હું સત્વર આ માલવ દેશ છોડીને અરણ્યવિષે ચાલ્યો જાઉંછું. હે ભ્રાતા ! દૈવયોગથી સત્યાસત્ય જાણવામાં આવશે, ત્યારે કોઇને પણ થયો નથી, એવો તમને મોટો પશ્ચાત્તાપ અને ખેદ થશે એ તમે યાદ રાખજો. અયિ માલવભૂમિ ! જય પૃથ્વી મૈયા ! હવે છેલા પ્રણામ તને ! આ કામાંધ ભ્રાતનું નિર્દોષપર અસત્ય ભાષણ શ્રવણ કરીને કોપ કરીશમાં. હે વીરમાતા ! આ કૃતઘ્ની બંધુનું કલ્યાણ કરજે ! તેનાં હૃદય ચક્ષુ ઉઘાડજે ! અયિ અવન્તિકાઉજ્જયીની ! તારી પ્રજાને શાંતિ થાઓ ! શાંતિ થાઓ !! જય અબધુત નિરંજન !!!" એમ બોલતાંજ અરણ્યમાં ચાલી નીકળ્યો, આ સમાચાર સાંભળી મંત્રીજનો, સેનાપતિ અને પ્રજામંડળમાં ખળભળાટ થઇ રહ્યો. સૌ શોક સાગરમાં ડુબી ગયાં. મંત્રીમંડળ, સેનાપતિ અને નગરીના અગ્રેસરોએ રાજાને ઘણું સમજાવ્યો, પણ તેણે એ વાત માની નહિ. તેથી સર્વે નારાજ થયાં. વિક્રમ ગયા પછી ધીરે ધીરે રાજમાં લાંચરૂશવતનું જોર વધ્યું, જૂલમ થવા લાગ્યો, લૂચ્ચાઓ દગા ફટકા કરવા લાગ્યા અને રાજ્યમાં અવ્યવસ્થા થઇ ગઇ. તેથી મુખ્ય પ્રધાને ભર્તૃહરિને કહ્યું કે;—"મહારાજ ! આપની ગેહેર હાજરીથી રાજ્યને નુકસાન છે, વખતનો ત્રીજો ભાગ પણ શાસ્ત્રાનુસાર રાજ કામમાં ગુજારાય તો સારૂં છે, પછી આપની મરજી. રાજેંદ્ર ! અવ્યવસ્થામાં બાકી રહી નથી, તકરારો નિત્ય નવી ઉત્પન્ન થતી જાય છે, માટે આપ વિચારો." એ પ્રમાણે વાત ચાલતી હતી; એટલામાં એક કલાવંતિ નામે દરબારી ગુનકાએ એક અમરફળ રાજાને યોગ્ય ધારી ભેટ કર્યું, એ જોઈ રાજા ઘણું આશ્ચર્ય પામ્યો; કેમકે એ પ્રથમ પોતાની પાસે આવેલું

હતું અને તેણે પિંગળાને આપેલું હતું તેજ હતું. આ અમરફળ શાંતિરામ નામે બ્રાહ્મણને કોઈ ઋષિએ આપેલું હતું, પણ બ્રાહ્મણે ખાતાં વિચાર કર્યો કે જો હું ખાઇશ, તો મારે અમર થઇ સદા ભિક્ષાજ માગવી પડશે, માટે આ ફળ તો ભર્તૃહરિ જેવા પ્રજાપ્રિય રાજાનેજ જઇ આપું, કે તે અમર થઇ સદા ધર્મ નીતિથી રાજ ચલાવી પ્રજાને સુખ આપતો રહે. એવા વિચારથી રાજાને આવી ભેટ કર્યું હતું, રાજાએ પોતાની પ્યારિ સ્ત્રી પિંગળા અમર થઇ યુવાનજ રહે અને પોતાને સદા વિલાસ સુખ આપ્યા કરે, એવા હેતુથી તેને આપ્યું હતું. પિંગળાને વળી નીચ અશ્વપાળ સાથે પ્રીતિ લાગી હતી, તે પોતાને સદા રતિ સુખ આપ્યા કરે માટે તેને આપ્યું હતું, એ અશ્વપાળને કલાવંતિ સાથે પ્રીતિ હતી, તે પોતાને સદા આનંદ આપતી રહે એવા હેતુથી તેને આપ્યું હતું અને વેસ્યાએ ખાતાં વિચાર કર્યો કે આ ખાવાથી હું અમર થઈશ, તો મારે કપાળે સદા આ વેસ્યાનો નીચ ધંધો ચોંટયોજ રહેશે, માટે એ ખરેખર રાજાને યોગ્ય છે. એમ ધારી રાજાને ભેટ કર્યું હતું. એ રીતે એ અમર ફળ ખરેખર રાજાને યોગ્યજ હતું, તો ફરી ફરીને પણ તેને હાથ આવ્યું અને તે કપટી પાપીઓનો પાપનો ઘડો ફોડવાનું સાધન થઈ પડયું. આ અમરફળ જોતાંજ રાજાએ ગુનકાને ધમકી આપી પૂછયું કે, આ ફળ તું ક્યાંથી લાવી? ગુનકાએ કહ્યું કે, મને એ અશ્વપાળે આપ્યું છે. અશ્વપાળને પણ ભય બતાવી પૂછતાં તેણે પિંગળા રાણી પાસેથી મળ્યાનું જણાવ્યું, તેમજ તેની સાથેની પ્રીતિ આદિનું રાજાના પૂછવાથી કહી બતાવ્યું. તેમજ તેના ઘરની ઝડતી લેતાં પિંગળાએ આપેલું કેટલું મળી આવ્યું, પછી પિંગળાની દાસીને બોલાવી કેટલીક હકીકત મેળવી લીધી. આ સર્વ વાતપરથી રાજાને રોમ, રોમ ક્રોધાગ્નિ પ્રકટયો અને તરત પિંગળા પાસે ગયો. પિંગળાને હજુ આ વાતની ખબર પડવા દીધી નહોતી. રાજાને યુક્તિથી તેના સત્યની પરીક્ષા કરવી હતી. તેથી નિત્ય પ્રમાણે ડોળ રાખી રહ્યો હતો પિંગળા પતિવ્રતનો ડોળ બતાવતી પ્રીતિ દર્શાવવા લાગી; નાથ! આપ વિના હું ઘડી પણ રહી શકતી નથી, આપ આજે જરા મોડા કેમ પધાર્યા! ઇત્યાદિ સ્ત્રી ચરિત્ર કરવા લાગી, પણ હવે રાજા સમજી ગયો હતો. તેથી બીજું કાંઈ ન બોલતાં વાતપરથી વાત કરતાં અમર ફળની વાત કાઢી, ત્યારે પિંગળાએ કહ્યું કે, એ તો હું કાલેજ તમારા ગયા પછી ખાઇ ગઇછું એ માટે સોગન ખાઇ સાચી થવાને ઘણી વાતો કરી. છેવટે રાજાએ અમરફળ તેને દેખાડયું, ત્યારે એ આડી અવળી વાતો કરવા લાગી અને પૂછતાં એ પાપીણિ બોલતાં બંધાવા લાગી. છેવટ તેની દાસીને ધમકી આપી પૂછતાં એ સર્વ પિંગળા રૂબરૂ માની ગઇ, અંતે પિંગળા પોતાનું પોગળ ઉઘાડું થતાં સર્વ માની ગઈ અને ઝાંખી પડી દાસીનો દોષ કાઢી

અનેક બાનાં બતાવવા લાગી. આ સાંભળી રાજા ક્રોધથી બોલ્યો;—" હે જાર કર્મ કરનારી! વ્યભિચારીણી! તને તિરસ્કાર છે! પાતકી! શિયળના માર્ગને ભંગ કરનારી! તને હજારવાર ધિક્કાર છે! મેં તારા પ્યારમાં ફસાઇ મારૂં રાજ પાયમાલ કર્યું! મારૂં તન, મન અને ધન સર્વ તને અર્પણ કર્યું અને આ અમરફળ પણ તને આપ્યું! ખરે! એ તારે યોગ્ય હોયજ નહિ, એ તો મારા યોગ્યજ છે, જય નિરંજન! એમ કહી **અમરફળ** ખાઇ ગયો. અરે! પિંગળા! પાપીણી! તને કશો પણ વિચાર ન સુઝયો! જે હું બીજી ત્રણસો રાણીઓનો ત્યાગ કરીને એક તારે વિષેજ પ્રીતિ રાખતો હતો! એટલું છતાં પણ તું મારાથી બે દિલ રહી છળકપટથી વર્ત્તિ! અરે! તને, તારી જાતને અને તારા કુળને ધિક્કાર છે! કે મારાથી તને એક નીચ જાતિનો હાણીઓ પસંદ પડયો!! હે દુષ્ટા! એમાં દાસીનો નહિ પણ તારોજ દોષ છે, સાચું વજ્રમય અંતઃકરણ કદી પણ કોઇ ડગાવી શકતું નથી. તું જાતેજ ખરાબ તેમાં બીજા શું કરે! અરે! હું સ્ત્રીપરીક્ષકજ કાચો! જા, તારૂં કાળું મુખ મને બતાવીશ નહિ! તેં રજપુતાણીની જાતને એબ લગાડી છે! બસ! હું જાણું છું. અહા!! જેનું હું સ્મરણ ક્ષણપણ વિસરતો નહિ, જેની આગળ રાજની સર્વ સમૃદ્ધિ હાજર કરતો! જેણે મારૂં પાણી ગ્રહણ કરેલું, એવી ત્રણસો નવ યૌવન બાળા સ્ત્રીઓ, કે જે સર્વનો મારાપર એક સરખોજ હક હતો, એ સર્વનો અવતાર ખરાબ કરીને અહર્નિશ જેને વિષે હું તત્પર રહેતો હતો! તેણેજ બે દિલ થઈ આવું નીચ કૃત્ય કર્યું!!! માટે એને ધિક્કાર છે! અરે! કદી નીચના સંગનો દોષ કાઢું, તોપણ મારા આવા સ્નેહમાં એનું દિલ પલટયુંજ કેમ! માટે સ્ત્રીના અંતઃકરણને ધિક્કાર છે!!! એટલુ બોલી રહ્યો, ત્યાં કોઇ વિશ્વાસુ માણસે જણાવ્યું કે;—તેણે વિક્રમને ખોટો આરોપ મૂકાવી કઢાવ્યો છે એ સર્વ વાત ફૂટી આવતાં, રાજા પોતાના ભાઇને યાદ કરી શોક સમુદ્રમાં ડુબી જઇને પશ્ચાત્તાપ કરવા લાગ્યો. અરે! મેં ભાઈ જેવા ભાઇને દેશ નિકાલ કર્યો! એ મેં પિંગળાના કહેવાપર વિચાર કર્યા વગર બહુ બૂરૂં કર્યું! નિર્દોષ મારો બંધુ માલવદેશમાંથી ગયો! હા! વિક્રમા! તારાં સર્વ વચનો સત્ય પડ્યાં છે! ભાઈ! મેં કાચા કાન રાખી સ્ત્રીનું સર્વ સત્ય માન્યું. વીર! મેં તેનો ભરૂસો કર્યો એ ભૂલ ખાધી! ભાઈ! મેં વગર સમજે તને વિદેશ કાઢયો! હું ભરથરી ભૂપ થઇને કામનીને ભરૂસે ભૂલ્યો! અરે! દુષ્ટ પિંગલા! અરે! પાપી તારા વિષયાસક્ત, તારા કપટી વચનમાં ભૂલાવો ખાઇને મેં કેવું કેવું વિપરીતાચરણ કર્યું છે!! હાય! મારા નિર્દોષ બંધુપર કેવો ખોટો આરોપ મૂક્યો! એટલુંજ નહિ પણ એ ધર્મ મૂર્ત્તિ બાળકને માલવ ભૂમિની હદપાર કાઢયો! અરે! વિક્રમાદિત્ય! હવે હું શોકસાગરમાં ડુબ્યો-

છું અને તારાં કહેલાં વચનો યાદ કરૂંછું ! અરે ! ભાઈ જેવો ભાઈ, મારો પ્યારો વિક્રમાદિત્ય સૂર્યવત્ શુદ્ધ બંધુ ! તું નિર્દોષ નિરપરાધીપર મેં કટુવચન બાણોના પ્રહાર કર્યા ! તારૂં હૃદય મેં ભેદી દીધું ! અરે ! મેં અત્યુગ્રસાહસ કર્યું !! શિવ ! શિવ !! મારી મતિ ફરી ગઈ !!! બંધું ! તેં કહેલાં વચનો સત્ય ઠર્યા કે રામચંદ્ર પ્રત્યે લક્ષ્મણની ભક્તિ હતી, તે કરતાં તારી પ્રીતિ મારા પ્રત્યે ન્યૂન નહોતી ! જ્યારે લક્ષ્મણ મૂર્છાખાઈને પડ્યા હતા, ત્યારે રામચંદ્રે શોક કર્યો હતો ! તેથી પણ વધારે મને આ વખતે શોક થાય છે ! ખરે રઘુવીરનાં વચન સત્ય છે કેઃ—"સ્ત્રીઓ અને મિત્રો તો હજારો મળશે, પણ એક માનો જણ્યો ભાઈ અવર ક્યાંય મળવાનો નથી !" રઘુવીર ! આપનાં વચન સત્ય છે. મેં સ્ત્રીની ખાતરભાઈ જેવાભાઈને ખોયો ! વિક્રમ ! મ તને બહુ સતાવ્યો ! તે સર્વ વાત તારે હવે વિસરી જવી ! કેમકે તારો ભાઇ ભરથરી હવે માલવદેશનો રાજા નથી ! એ તો જંગલમાં ભસ્મ લગાવી જોગી બનવા જાય છે, એ ભિક્ષાના માગવાવાળા ભેખપર રોષ ન રાખવો ! હે મન ! તને વિષયની ઘણી તૃષ્ણા હતી ! તેની શિક્ષા તને ઠીક મળી !! હવે શોધ કરી શંકરની ભક્તિમાં આરૂઢ થા !!! હે મન ! હવે મારૂં કહ્યું માન, મોહ તૃષ્ણા છોડી દે ! અરે ! હવે કેમ વિલંબ કરૂંછું !! ખફની તૈયાર કરાવું !" ઇત્યાદિ શોક કરતો હતો, ત્યાં પ્રધાન તથા સેનાપતિ આવ્યા. તેમણે ભર્તૃહરિને રાજ છોડી જંગલમાં જઈ ભેખ નહિ લેવાને ઘણું સમજાવ્યો, પણ તેણે નહિ માનતાં કહ્યું કે;—પ્રધાન ! આ માયીક સંસારમાં કોઇ, કોઇનું નથી, કોઇ પણ વસ્તુ સાચી નજર આવતી નથી, રાજ જુઠું, રાજનું કાજ જુઠું, સ્ત્રી જુઠી, સ્ત્રીનો સ્નેહ જુઠો, રંગ ને રૂપવાળા જે જે દૃશ્ય પદાર્થ છે તે સર્વ જુઠા છે ! ત્યારે એવી કઈ વસ્તુ નિર્ભય છે કે જેનો હું આશ્રય કરૂં ? ભોગમાં રોગનો ભય, કુળને પડવાનો ભય, દ્રવ્યને નાશનો ભય, આબરૂને દીનતાનો ભય, બળને શત્રુથી ભય, રૂપથી સ્ત્રીને ભય, ગુણને ખળનો ભય, અને દેહને કાળનો ભય, એ સર્વ વસ્તુ ભયવાળી છે; પણ પૃથ્વી ઉપર એક નિર્ભય વૈરાગજ છે. મેં તેનોજ આશ્રય કરવાને નિશ્ચય કર્યો છે એ સત્ય છે. હું ગંગાતીરે અરણ્યમાં જઈ કોઈ મહાત્માને ગુરૂ કરી તેની પાસેથી ભેખ ધારણ કરીશ. જેથી કરી આ ચોરાશી લાખ યોનિમાં વારંવાર જન્મ મરણ લઇ ફરવું પડે છે, તે ગુરૂ કૃપાથી મટી જાય ! અને આત્મજ્ઞાનના ઉપદેશથી સચ્ચીદાનંદ સ્વરૂપની પ્રાપ્તી થઈ મોક્ષ થાય.

अहो ! स्त्रीणांचित्तचरित्रंकेनापिनाविज्ञायते,

અહો ! સ્ત્રીના ચિત્તનું ચરિત્ર કોઇથી પણ જાણી શકાતું નથી !!! ખરેખર આ સંસારમાં.

नवैराग्यात्परंभाग्यं, नबोधादपरःसखा;
नहरेरपरस्त्राता, नसंसारात्परोरिपुः

વૈરાગથી ઉત્કૃષ્ટ બીજું કોઈ ભાગ્ય નથી ! બોધ (જ્ઞાન)થી સહાય કર્ત્તા બીજો મિત્ર કે બંધુ નથી ! હરી સિવાય બીજો કોઇ રક્ષણ કર્ત્તા નથી !! ને સંસારથી અન્ય કોઈ બીજો શત્રુ નથી !!! એમ કહેતાંજ સિંહાસન પાસે પડેલી ખફની એકદમ ઉપાડી જય અલેક ! જય અભૂત નિરંજન !!! એમ બોલતાંજ પહેરી લીધી. તરત સિંહાસનપરથી ઉતરી ચાલવા માંડયું ! આ સમાચાર વીજળીની પેઠે આખા શેહેરમાં એકદમ પ્રસરી ગયા, પ્રજા જન શોક સમુદ્રમાં ડુબવા લાગી, જેમ રામચંદ્ર વન જતા હતા, તે વખતે પ્રજા પાછળ ચાલી નીકળી હતી, તેમ પ્રજા ચાલવા લાગી, રાણીઓ મહા કલ્પાંત સાથ રૂદન કરવા લાગી અને પિંગળા પણ પોતાના પાપી કર્મથી પસ્તાવો ખાઈ રૂદન કરતી પછડાવા લાગી. ચારે તરફ હાહાકાર થઈ રહ્યો, આખી નગરી શુન્યકાર થઇ રહી. આ જોઇ કઠણ કાળજાના વીર પુરૂષોનાં હૃદય પણ પીગળી ગયાં. કેટલેક સુધી આખા શહેરના માણસો આવ્યા, ત્યારે તે મંત્રી વર્ગના સમજાવવાથી માંડ શાંત થઇ પાછાં વળ્યાં. મુખ્ય પ્રધાને વિક્રમાદિત્યની શોધ માટે માણસો દોડાવ્યાં. ભર્તૃહરિ યોગી વેષે એકલો અરણ્યમાં ચાલ્યો. ચાલતાં ચાલતાં મહા અરણ્યમાં જ્યાં મચ્છેંદ્રનાથનો આશ્રમ હતો ત્યાં ગયો. જઈ મચ્છેંદ્રનાથને પ્રણામ કર્યા. ગોરખનાથે તેના વૈરાગ્ય વિષે કેટલીક ખાત્રી કરી. ગુરૂ મચ્છેંદ્રનાથે તેની વિશેષ ખાત્રી કરવા પોતાના એક શિષ્ય સાથે રાણીઓ પાસેથી ભિક્ષા માગી લાવવા મોકલ્યો. તે પ્રમાણે એ ત્યાંથી નિર્દોષ અને નિર્વિકાર દૃષ્ટિથી ભિક્ષા માગી લાવ્યો. ઇત્યાદિ પ્રકારે તેના તિવ્ર વૈરાગ્યની ખાત્રી કરી ગુરૂ મચ્છેંદ્રનાથે મંત્રોપદેશ કર્યો. પછી કેટલોક બોધ કર્યો કે;—"આ જગતની માયા અનાદિકાલથી ચાલી આવે છે. આ બધુ બાજીગરના તંત્ર માફક છે, આદ્રષ્ય પદાર્થ જે કાંઇ તારી નજરે પડે છે એ સર્વ જુઠું છે, ચૌદ બ્રહ્માંડ સુધી માયાનું જે કાર્ય છે તે સર્વ નાશવાન છે. આ દેહ પંચમાભુતથી બનેલો છે, તે ક્ષણભંગુર અને વિકારવાન છે. એમાં સાર વસ્તુ શું છે ? એનો વિચાર કરવો જોઇએ. પોતાના મનને બહુ સમજાવવું કે;—હે મન ! આ નાશવાન પદાર્થોમાં શું આસક્તિ રાખે છે ? આ શરીર હજાર કે લાખ વર્ષ રહ્યું, તોપણ શું થયું ? ચૌદ ચોકડીનું રાજ મળ્યું તોપણ શું થયું ? આખરે એ સર્વ અનિત્ય છે. આ પાંચ વિષયના જે જે કાર્ય છે તે સર્વ બહુ દુઃખદાયક છે. તરૂણી, તન, મન, માતા, પિતા, સગા સહોદર, ભ્રાતા, ભગની એ સર્વે સ્વાર્થની બાજી છે, એ સર્વે પોતપોતાનાં સુખ માટે પ્રયત્ન કરે છે તે પ્રિય લાગે છે. એ સત્ય હોય તો સંગે કેમ નથી ચાલતાં !

માટે કોઇ પણ નિસ્વાર્થ સત્ય સ્નેહી આ જગતમાં નથી. આ અસત્ય, જડ, દુઃખરૂપ ક્ષણભંગુર દેહથી એક ત્રણ કાળ અબાધિત સચ્ચિદાનંદ સ્વરૂપ સત્ય વસ્તુ પ્રાપ્ત થાય છે. માટે એ દેહ વડે એવાં સાધન કરવામાં વિલંબ શા માટે કરવો જોઇએ?" ઇત્યાદિ બોધ કર્યો.

આ સાંભળી ભર્તૃહરિએ કહ્યું કે;—ગુરૂમહારાજ! એવી કઈ વસ્તુમાં મનની સ્થિતી કરવી? ગુરૂ મચ્છેંદ્રનાથ—"દેખ બચ્ચા! અલખ નિરંજન કાતુઝે મંત્ર દીયાહે; ઉસમેં ઇસ્થિતિ કરના" ઈત્યાદી કહ્યું. પછી રાજેંદ્ર યોગાભ્યાસમાં પ્રવૃત થયો હતો. ત્યાર પછી યોગીંદ્ર ભર્તૃહરિએ ઉજ્જેની નગરી પાસે જઇ એક ગુફા કરી હતી, તેમાં યોગાભ્યાસ કર્યો હતો. એમ કરતાં એ પરિપકવ અવસ્થાએ બ્રહ્માનંદ સુખને અનુભવવા લાગ્યો હતો એ સંબંધી વિશેષ હકીકત વિક્રમોદય અથવા ઉત્તર ભર્તૃહરિ નામના પુસ્તકમાં વાંચી લેવી. તે પરથી જણાશે કે **યોગીંદ્ર ભર્તૃહરિ** તે કાળે એક ખરો જીવનમુક્ત પુરૂષ હતો અને આત્મજ્ઞાનનું અનુપમ સુખ અનુભવતો હતો! ઉજ્જેની પાસે હાલ પણ તેની ગુફા છે તેને ભર્તૃહરિની ગુફા કહે છે. સૌરાષ્ટ્ર દેશમાં જ્યાં **સોમેશ્વર મહાદેવ** છે, ત્યાંથી સાત આઠ મૈલપર એક **ગોરખ મઢી** નામે હાલ ગામ છે ત્યાં ગોરખનાથ પાસે અલ્પકાળ રહીને યોગનાં કેટલાંક અંગ શીખ્યો હતો એમ સિદ્ધ થાય છે; કેમકે ઉત્તરાવસ્થામાં ગોરખનાથ અને મચ્છેંદ્રનાથનો પણ ત્યાંજ આશ્રમ થયો હતો. હજુ **યોગીંદ્ર ભરથરી અમર** છે એવું કહેવાય છે.

હવે પિંગળાના ચરિત્રપરથી એ સમજવાનું છે કે,—સ્ત્રી ગમે તેવી હોય કે પતિવ્રતાનો ડોળ રાખતી હોય, પણ તેની કસોટી કરી પરીક્ષા કર્યા વગર તેના ઉપરના ડોળપરથી એકદમ તેને આધિન થવું નહિ, અને પોતાની પ્યારી સ્ત્રી શુદ્ધ પતિવ્રતા છે એવું મિથ્યાભિમાન રાખી ગફલત રહેવું નહિ. નહિતો ભર્તૃહરિની પેઠે પાછળથી પસ્તાવું પડે છે. ભર્તૃહરિ તો એક વિદ્વાન, આસ્તિક અને યોગ ભ્રષ્ટ પુરૂષ જન્મેલો હતો તેથી તેણેતો રાજ તજી એકદમ વનવાસ લીધો, પણ બીજા પુરૂષો જેઓ વિષય સુખનેજ જન્મનું સાર્થક માનનારા છે, તેતો પ્રેમના પાસમાં ફસાઇ પડી ગાફલ રહેતો, તેને પૂરો પસ્તાવો કરવો પડે છે. અને સ્ત્રીના દુષ્ટ કૃત્યથી આખો ભવ દુઃખી જીંદગીમાં કાઢવો પડે છે. આવા ઘણા દાખલા આપણા જોવામાં આવે છે. જેમ સંસારમાં સર્વોત્તમ સુખનું સાધન સ્ત્રી છે, તેમજ સર્વ ક્લેશનું મૂળ પણ તેજ છે. જુઓ, પિંગળાએ વિક્રમપર ખોટો આરોપ મૂક્યો, ભર્તૃહરિએ ખરો માન્યો અને તેથી સાહસ કરી તેને દેશ નિકાલ કર્યો, પણ સત્ય વાત જણાઈ, ત્યારે ભર્તૃહરિને મૃત્યુથી પણ અધિક પશ્ચાતાપ થયો હતો.

માટે તેવી રીતે સ્ત્રીના જૂઠા કથનપર એકદમ ભરમાઈ નહિ જતાં, પૂર્ણ વિચાર કરવો. કોઇ કહેશે કે, સ્ત્રી કદી સદ્ગુણી હશે તો તે વિષે કદી વહેમ લેવાનો નથી, તે વાત કેટલેક દરજ્જે સાચી છે, પણ મનુષ્યનાં મન એવાં છે કે, જો તેને ધર્મ નીતિ અને શિયળના બોધની અખંડ ધારા રક્ષા કરે છે, તોજ તે સદાચરણી રહી શકે છે, નહીકર ક્ષણે ક્ષણે પલટી જાય એવાં છે. મનને દુર્ગુણ તરફ વળવું એ કેમ જાણે તેનું સ્વાભાવિક વલણ ન હોય એવું જણાય છે. માટે સ્ત્રીને નિયમમાં રાખવાનો રસ્તો તો માત્ર એજ છે કે, તેને **સત્ય નીતિ** અને **શિયલનો** અખંડ બોધ આપ્યા કર્યો. તેવા **સદ્ગ્રંથોનું વાંચન, ધર્મશાસ્ત્રનું** શ્રવણ અને **સત્સંગ** એ નિત્ય રહે, તોજ તેને સારી અસર થાય છે. ભર્તૃહરિએ પ્રથમ પિંગળાને રાગશાસ્ત્રી પાસેથી નીતિનો ઉપદેશ મળે એવી ગોઠવણ કરી હતી, પણ વિષયમાં લુબ્ધ થયા પછી એ બંધ કર્યો હતો, એટલુંજ નહિ પણ તેનું પ્રકરણ પણ કોઈ દિવસ કાઢયું નહોતું. જ્યારે તેનું પરિણામ ખરાબ આવ્યું; ત્યારે ભર્તૃહરિને તે માટે પાછળથી અપાર પસ્તાવો થયો હતો. આ પિંગળાના ચરિત્રપરથી કોઇએ એમ ન સમજવું, કે સર્વ સ્ત્રીઓ નઠારીજ હોય છે. ઘણી સ્ત્રીઓ પોતાના ઉત્તમ સંગના બળથી મહા પતિવ્રતાઓ પણ હોય છે. સૌ સરખું હોય તો પછી રહ્યું શું! પરંતુ તેમની પ્રથમ પરીક્ષા કરી, પછી તેને આધિન થવું, કે તેથી સત્યાસત્ય જણાઈ આવે; નહિ તો ભર્તૃહરિની માફક ભૂલાવો ખવાય છે. ભર્તૃહરિ શૃંગાર, નીતિ અને વૈરાગ્યમાં પૂર્ણતાએ પહોંચ્યો હતો. એવું તેના સમગ્ર ચરિત્રપરથી જણાઈ આવે છે. તેણે એ ત્રણે વિષયમાં ત્રણ શતકો રચેલાં છે, જે આજે વિશ્વ વિખ્યાત છે. એ ત્રણ શતકોમાં જે જે ભાવાર્થના શ્લોકો છે તથા તેમાં જે જે અનુપ ઉપદેશ રહેલો છે, એ તેની ખરી ખૂબીના જ્ઞાતા વિદ્વાનોને હૃદય ભેદક છે, એટલુંજ નહિ પણ તેવી માર્મિક અદ્ભૂત કૃતિના શ્લોક બીજા સંસ્કૃત પુસ્તકોમાંથી ભાગ્યેજ મળી આવશે. સંસારમાં અરૂચી થયેલા પુરૂષને શૃંગારમાં પ્રવૃત્ત કરવા એનું **શૃંગારશતક** બસ છે, સુભાષિત વક્તાને એનું **નીતિશતક** સાહિત્ય નીધિનો એક શ્રેષ્ઠ ભાગ છે અને વૈરાગ્યવાન પુરૂષોને ગમે તેવી દરિદ્ર આપત્તિ યુક્ત વ્યવહારીક સ્થિતિમાં એક અવિચલ સુખનું સ્થાન પ્રાપ્ત કરનારૂં, પુરૂષાર્થના શ્રેષ્ઠ અંકુરને ઉત્પન્ન કરનારૂં, યાચનાની નીચ વૃત્તિનો તિરસ્કાર કરનારૂં અને મોક્ષના સાધનમાં જોડનારૂં **વૈરાગ્યશતક** છે. આ ગ્રંથ સિવાય તેણે વાક્પધ અથવા **વાક્પ્રદીપ** નામનો ગ્રંથ તથા પાણિનિ વ્યાકરણના પતંજલિ કૃત ભાષ્યપર તેણે **કારીકા** કરેલી છે. ઈત્યાદિ રચેલા ગ્રંથોપરથી તેના અદ્ભૂત જ્ઞાનની ખાત્રી થાય છે. એ મહાત્માયોગીંદ્રે આ-

ત્મજ્ઞાન અને યોગવિદ્યામાં પણ કુશળતા મેળવી હતી. ઇત્યાદિ જ્ઞાનથી તેમણે પરમાત્માના સ્વરૂપને ઓળખી જગતમાં અમર નામના રાખી છે.

રણશૂર ચક્રવર્તિ.

મુચકુંદ.

આ મહાકીર્ત્તિવંત મહારાજા સૂર્યવંશીય ઇક્ષ્વાકુ કુળોત્પન્ન માંધાતાના પુત્ર. એ પિતા જેવોજ રણવીર હતો. પુરૂકુત્સ, ધર્મસેન—અંબરીષ એ બે તેમના ભાઇઓ થાય. તેમની માતાનું નામ બિંદુમતી હતું. એ રાજન્ અયોધ્યામાં રાજ્ય કરતો હતો. તે નિર્મળ બુદ્ધિનો, શૂરવીર, હિંમતવાન, ન્યાયી, ધાર્મિક, અને જ્ઞાની હતો. યજ્ઞાદિક અને શુભ કર્મો કરી કીર્ત્તિની વૃદ્ધિ કરી હતી. એ ઐશ્વર્ય સંપન્ન, સત્ય પ્રતિજ્ઞાવાળો અને બ્રાહ્મણોનું બહુ માન રાખવાવાળો હતો. પોતાના સુખનો ભોગ આપી પ્રજાના સુખની વૃદ્ધિ માટે નિરંતર વધારે કાળજી રાખતો. તેમણે ઘણા દુષ્ટજનોને સંહાર્યા હતા. એનું નામ સાંભળીને શત્રુઓ ત્રાસ પામી નાશી જતા હતા. ઇંદ્ર પણ જ્યારે દૈત્યોથી હારતો, ત્યારે એમની સહાયતા માગતો. ઇત્યાદિ પ્રકારે ઇંદ્રની તેમણે ઘણીવાર સહાયતા કરી હતી. દેવ, દૈત્યોના મોટાં યુદ્ધમાં ઇંદ્ર તરફથી સેનાપતિ થઇ તેમણે ઘણા દૈત્યોને માર્યા હતા. એ રીતે તેમણે દેવતાઓની ઘણા દિવસ સુધી રક્ષા કરી હતી. જ્યારે કાર્તિકેય સ્વામી દેવોની સહાયતા કરવા સેનાપતિ થયા; ત્યારે ઇંદ્રાદિ એ મુચકુંદને કહ્યું કે;—"હે રાજા! તમને બહુ શ્રમ પડયો છે. માટે તમે અમારૂં પાલન કરવાનો પરિશ્રમ છોડી દીઓ. હે વીર! તમે મનુષ્યલોકમાં પોતાનું નિષ્કંટક રાજ્ય છોડી દઇને અમારૂં પાલન કરતાં તમારાં સઘળાં સુખ ગયાં છે, તમારા કુટુંબીઓ નાશ પામ્યાં છે, તમારૂં કલ્યાણ થાઓ અને અમારી પાસેથી મોક્ષ વિના બીજો વર માગો. કેમકે મોક્ષના સ્વામી તો એક અવિનાશી વિષ્ણુજ છે. (તે આપવી વિષ્ણુને હાથ છે.) એપરથી મુચકુંદે માગ્યું કે;—"ઘણા દિવસ થયાં હું નિરાંતે સુતો નથી, માટે મને એકાંત જગ્યો દેખાડો" દેવોએ કહ્યું કે;—"કૃષ્ણાવતાર થાય ત્યાં લગી તમે ગંધમાદન—ગિરનાર પર્વતની ગુફામાં ઉંઘ લેજો. જે કોઇ તમને જગાડશે, તે પ્રાણી તમારી દ્રષ્ટિ પડતાંજ તરત પ્રાણ રહિત થઇને ભસ્મ થઇ જશે અને ત્યાં તમને શ્રી કૃષ્ણ દર્શન આપશે." આ સાંભળી મુચકુંદે તેમ કર્યું હતું.

દ્વાપરને અંતે કૃષ્ણાવતાર થયો, તે વખતે કાબુલનો કાળયવન જરાસંઘની મદદે કૃષ્ણ સામે યુદ્ધ કરવા આવ્યો. શ્રી કૃષ્ણે વિચાર કર્યો કે;—વગર સેનેજ

હજારો પ્રાણીઓનો યુદ્ધમાં સંહાર થશે, માટે યુદ્ધ ન કરતાં એ દુષ્ટનોજ નાશ કરવો એ વધારે ઉત્તમ છે. એમ વિચારી યુદ્ધમાં યુક્તિથી નાશી જવાનો ડોળ કરી મુચકુંદ જે ગુફામાં સુતો હતો, ત્યાં જઇને તેને પીળું પીતાંબર ઓઢાડી દઇ, પોતે છૂપાઈ રહ્યા. કાળયવન પાછળજ લાગેલો હતો, તે તરત ત્યાં આવી પહોંચ્યો. તેમણે સુતેલા મુચકુંદને કૃષ્ણ જાણી એક લાત મારી, જેથી એ જાગ્યો અને તેની આંખના ક્રોધાગ્નિથી કાળયવન બળી ભસ્મ થયો. એ વખતેજ શ્રી કૃષ્ણે તેમને દર્શન આપી કહ્યું કે;—તેં કેટલાંક પાપ કર્યા છે, (પૃથ્વીના લોભથી ને પરસ્ત્રી ગમનથી) માટે તું ઉત્તર દિશામાં જઈ મારૂં ધ્યાન ધર એટલે તારી મુક્તિ થશે. પછી મુચકુંદ તેમને નમન કરી બદ્રિકેદારમાં જઇ રહ્યો હતો. ત્યાં કેટલોક કાળ તપશ્ચર્યા કરી પરમ પદને પામ્યો હતો.

જૈનધર્મ સ્થાપક.

અર્હન્—અરિહંત.

આ એક પ્રસિદ્ધ જૈનાચાર્ય થઈ ગયા. એ યુદ્ધિષ્ઠિર શક ૧૪૪૪ મું વર્ષ ગત થયા પછી ૧૪૪૫ વર્ષે તારણ નામે સંવત્સરમાં બહાર પ્રાંતના પટણા શેહેરમાં જન્મ્યા, એવું જૈન ગ્રંથમાં લખેલું છે. ઋષભદેવ રાજર્ષિ અંતર્નિષ્ઠ થઇને નગ્નપણે જડોન્મત્ત પિચાશપણે પૃથ્વીપર ફરતા હતા. બ્રહ્માકારવૃતિથી દેહને પૂર્ણ વિસ્મૃત કરીને કુટકાચળના અરણ્યમાં જતાં, દાવાગ્નિથી શરીર બળીને ભસ્મ થયું. એવી તેમની બાહ્યવર્ત્તણુક જોઇને કોકબક અથવા કોંકવેંકનામેદેશના રાજાએ ઋષભદેવની અંતર્નિષ્ઠતા સંપાદન ન કરતાં, માત્ર તેમનો બાહ્યાચાર જોઈ, બાહ્યકર્મનો ત્યાગ કરી દીક્ષા લીધી. આ ધર્મનું બીજ પ્રાચીન—જુનું છે, પરંતુ તે વખતના વેદ ધર્મી રાજાઓ તથા બ્રાહ્મણો વિદ્વાન, ને વિચાર શીલ હતા. તેથી તેમણે આ ધર્મનું માથું ઉંચું થવા દીધેલ નહિ. તેથી આ ધર્મ તે વખતે વૃદ્ધિ પામેલ નહિ, પણ કલિયુગ આવતાં રાજાઓ તથા બ્રાહ્મણો ભ્રષ્ટ બુદ્ધિના થતાં એવી સ્થિતિ રહી નહિ. તેથી એ ધર્મની વૃદ્ધિ થતી ચાલી હતી. આ કલિયુગમાં આ ધર્મનું બીજ જેજે નામથી વિસ્તાર પામ્યું, એ વિષે યજ્ઞેશ્વર ભટ્ટ કૃત આર્ય વિદ્યા સુધાકર નામના સંસ્કૃત ગ્રંથમાં લખેલું છે કે;—આરંભમાં લોકાયત—દેહનેજ આત્મા એવો મત પ્રતિપાદન કરનાર ચાર્વાક ઉત્પન્ન થયો. તેણે વેદ ધર્મ ખંડન કરવાને પ્રયત્ન કરેલો, ત્યાર પછી કચ્છ (કાછડી) રહિત બુદ્ધ ઉત્પન્ન થયો અને તેના પછી દીગંબર અને શ્વેતાંબર એવા બે ભેદથી ઘણા પ્રકારના જૈન ઉત્પન્ન થયા. આ સર્વ ધર્મ પરલોકને માનતા નથી.

બૌદ્ધ ચાર્વાકનો મત ખંડ કરી પોતાનો મત સ્થાપ્યો. તેમજ અર્હતે બૌદ્ધ મત માંહેલા સિદ્ધાંત सर्वंक्षणिकंक्षणिकं—સર્વ જગત્ ક્ષણિક છે. તે ખંડન કરી પોતાનો મત સ્થાપન કર્યો.

અર્હન્ અને બૌદ્ધાચાર્ય વચ્ચે એ સંબંધી સંવાદ થતાં અર્હને કહ્યું કે;—પેદા થયેલી વસ્તુ માત્ર ક્ષણિક છે એવું તમે માનો છો, તો તે ફળ મળવાનાં સર્વ સાધનો વ્યર્થ જશે; કારણ કર્મ કરવાવાળો ક્ષણિક એટલે ભોગવવાને રહેતો નથી. કદાપિ એક કર્મ કરે છે અને બીજો ફળ ભોગવે છે એવું કહીશું તોપણ સંભવતું નથી. માટે જે કર્મ કરે છે તેજ ભોગવે છે. માટે ક્ષણિક માનવું એ વિચારી પુરૂષને અયોગ્ય છે. વળી આ જગત્ ક્ષણિક કહો છો, પણ તેના પરિવાર રૂપથી નિત્ય છે, એટલે વખતો વખત પેદા થાય છે, તેમજ પરસ્પર નજીક રહેવાવાળી એક જાતની વસ્તુ તે કાર્ય રૂપથી નિત્ય છે. એક બાપના બે દીકરામાંથી એક પૂર્વ પ્રત્યય કર્મ કરતા અને બીજો ઉત્તર પ્રત્યય ફળ ભોગતા, એટલે એકને કર્મ કરવું અને તેનું ફળ બીજાને ભોગવવું, એવાં બે પ્રત્યયનાં કાર્ય તથા કારણ ભાવ નિયમિત્ત છે, એવું જે તેં કહેલ છે તે પણ સંભવતું નથી. જે ગુરૂનું જ્ઞાન તેના શિષ્યને કારણ છે, તેમજ શિષ્યનું જ્ઞાન તેને કાર્ય છે, એમાં ગુરૂના જ્ઞાનથી શિષ્યે જે જે અનુભવેલું તેની આદિ શિષ્યનું જ્ઞાન હોય એમ કહેવાય નહિ; તેમજ ગુરૂએ કરેલાં કર્મનું ફળ શિષ્યને મળે એમ સંભવતું નથી. વળી ધારો કે ક્ષણિકત્વપક્ષ સ્વિકારીએ તો જ્ઞાન કાળે જ્ઞેય નહિ, તેમજ જ્ઞેયકાળે જ્ઞાન નહિ; એ પ્રમાણે જ્ઞાન જ્ઞેય એના ગ્રાહ્ય તથા ગ્રાહકપણું સંભવતું નથી; તો તે ન સંભવે તો સંપૂર્ણ લોક વ્યવહારમાં અંધારૂં થશે, તું કહીશ કે જ્ઞાનમાં જ્ઞેયનો સંસ્કાર રહ્યાથી વ્યવહાર ચાલશે, પણ ક્ષણિકત્વથી સંસ્કાર રહેવો મુશ્કેલ છે. માટે આ યુક્તિ તારી બિલકુલ ખોટી છે. ઈત્યાદી રીતે બૌદ્ધના ક્ષણિકત્વ મતનું તેમણે ખંડન કરી પોતાનો મત દર્શાવ્યો.

અર્હન્નો સિદ્ધાંત—અનાદી સિદ્ધ દ્રવ્ય શક્તિ, પદાર્થોનો સ્વભાવ, જડ ચેતનાદિ બનાવે છે અને કાલ, સ્વભાવ, નિયતિ, કર્મ અને પુરૂષકાર એ પાંચ ઉપાદાન મળવાથી વસ્તુ માત્ર બનતી જાય છે. જગત્નો કર્તા એવો કોઇ ઇશ્વર સિદ્ધ થઈ શકતો નથી. જેઓ મુક્ત થઇ ગયા છે, તેજ અષ્ટાદશ દૂષણ રહિત ઈશ્વર છે. તેનેજ જિન અથવા અરિહંત આદિસંજ્ઞા આપે છે. બ્રહ્મરૂપજ સત્તા ખરી અને માયા એ મિથ્યા માની તેનો અનાદર કરે છે. બ્રહ્મ—આત્માને સર્વ વ્યાપી કે એકપણ માનતા નથી. ચૈતન્ય મય, જ્ઞાન સ્વરૂપ, કર્મ ભોગવનાર, જન્માદિ લેનાર અને મોક્ષનો અધિકારી એવો નિત્ય રૂપ જીવ પદાર્થ માન્યો છે. બીજા પદાર્થ જીવથી ભિ-

પરીત ધર્મવાળા જડરૂપ—અજીવ એમ માન્યા છે. જીવ અજીવ બંને અં-નંત છે. જીવ પ્રતિ શરીર ભિન્ન છે અને શરીર જેવડાજ પરિમાણ વાળો છે, પણ જન્મ વ્યવસ્થાને લઇ, એક શરીરથી બીજા શરીરમાં જતાં, તે શરી-રમાં જાય તેવડો થઈ શકવાને સમર્થ છે. છતાં અવિકારી છે. જીવ અને અજીવ એ બે મુખ્ય તત્ત્વ છે. એનોજ વિશેષ વિસ્તાર કરી સ્પષ્ટાર્થ માટે સાત કે નવ તત્ત્વ માન્યાં છે, જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા. બંધ, મોક્ષ એ નવ. આમાં જીવ બે પ્રકારનો ગણ્યો છે, સંસારી અને મુક્ત. સંસારી બે પ્રકારનો છે, સમનસ્ક અને અમનસ્ક. અમનસ્ક બે પ્રકારનો છે સ્થાવર અને ત્રસ. સ્થાવરના પાંચ ભેદ છે અને ત્રસના ચાર છે. સ્થાવર જીવ એક ઇંદ્રિવાળા છે. ત્રસ, બે ઇંદ્રિવાળા, ત્રણ, ચાર, પાંચ ઇંદ્રિવાળા એમ વિસ્તારથી જીવના ૫૬૩ ભેદ બતાવ્યા છે. અને વિશ્વ આખાનાં વૃક્ષાદિ પદાથ તથા કીટ પતંગાદિ એમાં સમાવ્યાં છે. ધર્મથી મોક્ષ, અને અધર્મથી સ્થિતિ જન્માદિ.

મોક્ષનાં સાધનો—મોક્ષનાં સાધનો ત્રણ છે. (૧) સમ્યક દર્શન, (૨) સમ્યકજ્ઞાન, (૩) સમ્યક ચરિત્ર. સમ્યક દર્શન—એકવાર અર્હનના પ્ર-તિપાદન કરેલાં તત્ત્વાર્થ એટલે તેનાં બોલેલાં વચનો સત્ય માનવાં. સમ્યક-જ્ઞાન—જીવ માત્ર પદાર્થ જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં મમતા અને સંશય રહિત જ્ઞાન થાય તે. જ્ઞાન પાંચ પ્રકારનાં છે (૧) મતિજ્ઞાન, (૨) શ્રુતજ્ઞાન (૩) અવધિ જ્ઞાન, (૪) મતઃપર્યાય જ્ઞાન (૫) કેવળ જ્ઞાન. સમ્યક ચરિત્ર—પાતકને ઉત્પન્ન કરવાના કર્મનો ત્યાગ. એના પાંચ ભેદ છે. તેમાં (૧) અ-હિંસા (૨) સુવ્રત (૩) આસ્તેય (૪) બ્રહ્મચર્ય (૫) અપરિગ્રહ આ ત્રણ મુખ્ય સાધનથી મોક્ષ થાય છે એક સાધનથી થતો નથી. અર્થાત્ મન, વાણી અને કાયા એ ત્રણેનો નિગ્રહ કરી, અનેક સંકટો વેઠી જ્ઞાનમાં જવું એ રહસ્ય છે. એનું નિર્જરા તત્ત્વ નામ છે, કે જેનાથી કર્મ માત્ર નિર્જર થાય એટલે સમગ્ર કર્મનો ક્ષય થઈ જીવનું જે સ્વરૂપમાં અવસ્થાન તે મોક્ષ. જ્ઞાનાદિથી કર્મનો ક્ષય થતાં મોક્ષ સ્વતઃસિદ્ધ થાય છે. જેમ પાણીમાં તર-વારૂપ સ્વભાવવાળા બાંસુ, માટીથી લપટાયા હોય તો પાણીમાં ડુબે છે, તેમ કર્મમાં લપટાએલો જીવ અધોગતિને પામે છે, પણ કર્મ ક્ષય થતાં ઉ-ત્તરોત્તર મોક્ષ પામતો જાય છે. મુક્ત જીવ તેજ સિદ્ધ, ઇશ્વર, અર્હન્, જિન, કેવલી આદિ નામને પામે છે. એ માટે તપ, ધર્મ, યોગાદિ અંગ કરવાં કહ્યાં છે.

એ રીતે અરિહંતે જૈન મત સ્થાપન કર્યો તેનો ફેલાવો કર્યા પછી ધર્મ સંબંધી કેટલાક ગ્રંથો લખ્યા, જગ્યે જગ્યે પોતાના મઠ સ્થાપી તેના સારૂ રજવાડા તરફથી મઠને ઉપજ થાય એવી ગોઠવણ કરી આપી. અર્હન્

૪૦ વર્ષની ઉમરે થયા, ત્યારે શીશુ નાગવંશ માંહેલા દશમા રાજા મહાનંદી મરણ પામ્યા અને મગધ દેશના ક્ષત્રિયોનો રાજવંશ ડુબી ગયો. ત્યાર પછી એ ગાદીપર શુદ્રજાતિ નંદરાજા રાજ કરવા લાગ્યો. જ્યારે તેને રાજ્ય કરતાં ૩૫ વર્ષ થયાં, ત્યારે અર્હન્ આશરે ૯૦ વર્ષની ઉમરે યુધિષ્ઠિર શક ૧૫૩૩ ના વિકારી નામના સંવત્સરમાં જેઠ વદ ૧૨ ગુરૂવારે પુષ્કર તીર્થે મરણ પામ્યા. આપરથી જૈન ધર્મ પ્રસાર થયાને આજે આશરે ૩૪૦૦ વર્ષ થયાં એવું જણાય છે.

અર્હનના મરણ પછી જૈનમતમાં ઘણા ઘણા મત ભેદ પડી સંપ્રદાય થયા છે. એ મતના સાધુઓ ભિક્ષા માગી ખાય છે, મસ્તકપરથી વાળ ચૂંટી કાઢે છે, હોઘો કમંડળ રાખે છે અને તેઓ ક્ષમાશિલ હોય છે. મહાવીર પછી આઠ જુદા જુદા મત ભેદ વાળા થયા છે, તે પ્રત્યેકને નિન્હવ કહે છે. આઠમો નિહ્વ બોટીક શિવભુતિ થયો, તેણે વસ્ત્ર ન પહેરનાર દિગંબર મત ચલાવ્યો. તે પહેલાં બધા શ્વેતાંબરી હતા, એવું શ્વેતાંબર વાળા કહે છે. દિગંબરવાળા પોતાનો મત પ્રાચીન જણાવે છે અને શ્વેતાંબર વાળાને અર્વાચીન કહે છે. માહાવીર પણ દિગંબર હતા. દિગંબરના સાધુઓ રંગેલાં વસ્ત્ર પહેરે છે, અંજળીથી પાણી પીએ છે, આચાર પાળવે બહુ તીવ્ર કષ્ટ ભોગવે છે, પણ તેઓ બૌદ્ધને માને છે, અર્હનને માનતા નથી. એના ભેદ પણ ઘણા થયા છે. શ્વેતાંબરો ધોળાં વસ્ત્ર પહેરે છે, તેમાં પુનમીયા ઇત્યાદિ ભેદો પડ્યા છે. એ પછી છેક હાલમાં બીજા પણ ઘણા ભેદ પેદા થયા છે. અમદાવાદના એક લુપક નામના લેખકે શંવત ૧૫૦૮ માં જુદા પડી શંવત ૧૫૩૪ માં લીંબડીમાં નવો માર્ગ ચલાવ્યો. જૈનમાં મૂર્તિપૂજા પ્રથમથીજ છે. તીર્થંકરોની મૂર્તિઓને પૂજે છે, ને જપ, તપ, કથા, વાર્તા જેને વ્યાખ્યાન—વખાણ કહે છે, એ સર્વેને માને છે. લુંપકે એ બધું ન માન્યું. એના શિષ્યોમાં શંવત ૧૭૦૯ માં વજરંગ થયો, તેની પાસેથી સુરતનો વહોરો લવજી દીક્ષા લીધા પછી છુટો પડ્યો અને મોઢે પાટી બાંધવા માંડી. એનાજ ચેલામાંથી પરંપરાએ કોઈ ધર્મદાસ છીપાએ ઢુંઢીઆનો પંથ કાઢ્યો. એમાં પણ વળી તેરાપંથી અને વીસ પંથી એવા ભેદ છે. ઢુંઢીઆ પૂજા, વખાણ, આદિ બાહ્યાચારને બહુ માનતા નથી, પણ હિંસા ધર્મ માટે સખત આચાર પાળે છે. તેરા અને વીસ પંથી એ ઉપરાંત ગુરૂને કે પૂજાને પણ માનતા નથી. ઇત્યાદિ શ્વેતાંબર ગ્રંથોમાં જણાવેલું છે. એ દરેકના મત જુદા જુદા છે તે વિશેષ વિસ્તારથી નહિ જણાવતાં આ મૂળ પુરૂષના ચરિત્રને અંગે એ ધર્મની કેટલીક ટુંક હકીકત વાંચક વર્ગને જાણવા યોગ્ય ધારી જણાવી છે.

બાળ વયમાં પ્રયત્ન કરી ઉત્કૃષ્ટ પદ પામ્યો.

મહાભક્તિમાન્—ધ્રુવ.

આ પ્રસિદ્ધ મહન્ત પુરૂષ સ્વાયંભૂ મનુના પૌત્ર, ઉત્તાનપાદનો પુત્ર. ઉત્તાનપાદ ચક્રવર્તિ રાજા હતો. તેમને સુનીતિ અને સુરૂચિ નામે બે સ્ત્રીઓ હતી. સુનીતિને ધ્રુવ અને સુરૂચિને ઉત્તમ એ બે પુત્રો હતા. રાજાને સુરૂચિ સ્ત્રી બહુ પ્રિયા હતી. ધ્રુવની માતા સુનીતિપર રાજાની પ્રીતિ નહોતી. તેથી એ અણમાનેતી ગણાતી હતી. ધ્રુવ પાંચ વર્ષનો બાળક હતો, પણ તે મહાતેજસ્વી, શુરવીર, દયાળુ, શાંત, અને ખંતિલો આદિ સદ્‌ગુણ સંપન્ન હતો. ક્ષત્રિયપણાનાં તમામ શુભ લક્ષણો તેનામાં જોવામાં આવતાં હતાં, પણ માનેતી સુરુચિના પુત્રપર જેટલી રાજાને પ્રીતિ હતી, તેટલી ધ્રુવપર નહોતી. એક દિવસે રાજા કચેરીમાં બેઠો હતો, સર્વ સભાજનો આનંદ ઉછરંગમાં ગુલતાન હતા, રાજા સુરૂચિના પુત્ર ઉત્તમને ઉછરંગે ખોળામાં બેસાડી લાડ લડાવતો હતો. તેવામાં ધ્રુવ આવ્યો, તેણે ઉત્તમને પિતાના ખોળામાં બેઠેલો દીઠો. એ જોઇ પોતાને પણ પિતાના ખોળામાં બેસવાની ઇચ્છા થતાં, ઉછરંગે બેસવા ગયો, પણ રાજાએ તેને અભિનન્દન આપ્યું નહિ. એ જોઈ અતિ ગર્વિતા સુરૂચિ બોલી કે;—"હે વત્સ! તને એ સુખ ક્યાંથી! તું રાજકુમાર છે, પણ અભાગણિનો પુત્ર છે, તેં મારી કુખે અવતાર લીધો નથી. માટે તું નૃપતિના આસનપર બેસવાને યોગ્ય નથી, તને બાળકને સમજણ નથી. તેથી તને આ દુર્લભમનોરથ થયો છે. જો તારે પિતાના ખોળામાં બેસવાની ઇચ્છા હોય, તો તપ કરીને આ તારા દેહને તજી દઈ, મારે પેટ અવતાર લે, તો તને રાજ આપીશ." ઇત્યાદિ માતાની શોકનાં એવાં કુવચનથી ધ્રુવનું હૃદય વિંધાઇ ગયું, મૂખનો રંગ ઉતરી ગયો, માનભંગથી નિશ્વાસ મૂકતો રોતો રોતો માતા પાસે આવ્યો. માતાએ પુત્રને છાતી સરસો ચાંપ્યો. કોઈ અંત:પુર જનના મુખથી શોકનાં કઠોર વાક્યો સાંભળી પીડા પામી ગદ્‌ગદિત થઈ, વિલાપ કરતી કહેવા લાગી કે;—"હે તાત! મનમાં દુ:ખ લગાડીશ નહિ, તેણે પુણ્ય કર્યાં હશે, ત્યારેજ એ પૂર્ણ સુખ ભોગવે છે. વહાલા! આપણને સુખ ક્યાંથી! આપણે પૂર્વે નિયમ, ધર્મ, કશા પાળ્યા નહિ હોય, સાધુ સંત અને બ્રાહ્મણોને સંતોષ્યા નહિ હોય, દાન, પુણ્ય કર્યાં નહિ હોય, જ્યાં આપણાં ઓછાં કર્મ, ત્યાં રાજાનું માન ક્યાંથી હોય! આપણે દત્ત વગર ક્યાંથી પામીએ! એ અપરમાતાએ જે કહ્યું છે તે ખોટું નથી. તારા દુ:ખનું છેદન કરવા ઇશ્વર વિના બીજું કોઇ સમર્થ હું જોતી નથી. પુત્ર! રાજ્યની ઇચ્છા હોય તો વનમાં જઇ તપ કર. તપ ક-

રવાથી બ્રહ્મા પદ્માસન પામ્યા; તપ, તીર્થ વ્રત આદિ કરવાથી નારદજીનો ભાગ્યોદય થયો. માટે તપ કરી ઇશ્વર પ્રસન્ન કરીએ તો અભાગિયાં મટીએ." ઇત્યાદિ માતાનાં વચન સાંભળી ધ્રુવે કહ્યું;—માતા! હું તમારો પુત્ર છું, તમને અભાગણિ મટાડીશ, હું સુખને નહિ સંભારતાં તરત વનમાં જઇશ, ઇશ્વરે જે દેહ આપ્યો છે, તેનાથી સુકૃત્ય કરવું જોઇએ. સુખને સંભારતાં દુઃખ થાય છે. પ્રભુ મને દર્શન આપી દુઃખ કાપશે, તોજ પાછો આવીશ, નહિતો વનમાંજ તપ કરતાં મારા પ્રાણ તજી દઇશ.

"પ્રાણ તજીશ" આ સાંભળી માતાએ શોકાતુર થઈ કહ્યું;—કુમાર! મને રાજાએ તજી છે અને તું પણ તજીને જશે! ટોળા વછૂટી મૃગલી જેમ રહી શકતી નથી, તેમ હું તારા વિના એકલી રહી શકીશ નહિ. પુત્ર! જળ વિનાની માછલી જેમ તરફડીને મરણ પામે છે, તેમ હું તારા વિના તરફડીને પ્રાણ તજી દઇશ. માટે તું ઘર આગળ તપ કર, વનમાં જવાની જરૂર નથી. ઇત્યાદિ માતાનાં વચનો સાંભળી ધ્રુવે કહ્યું;—મા! શોક ન કર, હવે દુઃખનો અંત આવ્યો સમજ, ઘેર બેઠાં તપ થઇ શકે નહિ, અહીં અનેક પ્રકારનાં વિઘ્નો પડે, મનમાં મોહ ઉત્પન્ન થાય, તેથી પ્રભુને પામીએ નહિ, કાયાદમી તપ કરતાં પ્રભુ મળશે, મને આશીષ આપો, હું વનમાં જઇને વહેલો આવીશ. કરૂણાકર પ્રભુ દયા કરીને આપણી આશા પૂર્ણ કરશે. ઇત્યાદિ કહી માતાની આજ્ઞા મેળવી. માન ભંગને સહન ન કરવાનો ક્ષત્રિયોના તેજનો મહિમા વધારતો એ બાળક પાંચ વર્ષના વયે બુદ્ધિ વડે નિશ્ચય કરીને, અભ્યુદય સારૂ પિતાના પુરથી બહાર નીકળ્યો. અરણ્યમાં આગળ જતાં નારદ મળ્યા, તેમણે તેમની સર્વ હકીકત જાણી લીધી, પાછા વળવાને સમજાવતાં નારદે કહ્યું કે;—"તારે માન અપમાન ગણવું યોગ્ય નથી, આ સંસારમાં નિજ કર્મ વડેજ સુખ દુઃખ થાય છે, તું જે ઇચ્છે છે તે બહુ કઠિન છે. સુખ દુઃખમાં—સુખ હોય ત્યારે પુણ્યનો ક્ષય થાય છે અને દુઃખ હોય ત્યારે પાપનો ક્ષય થાય છે, એમ માની આત્માને સંતોષી, શરીર ધારી મનુષ્યો અજ્ઞાનનો પાર પામે છે." ઇત્યાદિ ધ્રુવે સાંભળી કહ્યું;—"સુખ દુઃખથી હણાયેલા મનુષ્યોને અર્થે આપે કૃપાથી શાન્તિનો જે માર્ગ દેખાડયો, તે મારા જેવાને સારૂ નજરમાં ન આવે એવો છે. હું તો જે પદ ત્રિભુવનમાં પણ ઉત્કૃષ્ટ છે અને જે પદ મારા પિતૃઓ કે બીજાઓ પણ પામ્યા નથી, તે પદને જીતવા ઇચ્છું છું. માટે હે બ્રહ્મન! સારો માર્ગ બતાવો." આ સાંભળી દયાવાન નારદે પ્રસન્ન થઈ કહ્યું કે;—ભલે તું મધુવનમાં જા, યમુનાજીમાં સ્નાન કરી તપ કરજે. જળ, ફળ અને કંદમૂળ આહાર કરજે, તથા ઇશ્વરના સ્વરૂપનું ધ્યાન કરજે, એમ કહી મંત્રોપદેશ કર્યો,

એ મંત્ર જપ કરવાથી પ્રભુ મળશે. ઇત્યાદિ કહી ધ્રુવને ઇચ્છીત માર્ગ દેખાડ્યો. ધ્રુવ ઉત્કૃષ્ટ પદની ઇચ્છામાં ને ઇચ્છામાં વનમાં ચાલ્યો ગયો. વનમાં જઇ સર્વ ઇંદ્રિયો દમન કરી એકાગ્ર ચિત્તે તપ કરવા લાગ્યો, પાંચે પ્રાણ રૂંધિ એક પગે ઉભા રહી કેટલોક વખત તપ કરતાં પ્રભુ પ્રસન્ન થયા. ધ્રુવે તેમની સેવામાંજ રહેવાનો વર માગ્યો. એપરથી વિષ્ણુએ કહ્યું કે, "તને અવિચળ પદ મળશે, તથા તારી સર્વ ઇચ્છા પૂર્ણ થશે." એમ કહી તેને ઘેર જવાની આજ્ઞા કરી; કેમકે તેમનાં માબાપ વાટ જોતાં હતાં. તેથી ધ્રુવ ઘેર આવ્યો; માબાપ આદિ સર્વ હર્ષ પામ્યાં. પુત્ર પ્રભુ દર્શન પામી ઘેર આવ્યો જોઇ, સુનીતિના આનંદનો તો પાર રહ્યો નહિ. ધ્રુવને ઇશ્વર કૃપાથી વેદાદિ સર્વ વિદ્યાની પ્રાપ્તિ સાથે તત્વજ્ઞાન થયું, શરીરબળ પણ તેવુંજ સારૂં મળ્યું, ઇત્યાદિ સર્વ પ્રકારે યોગ્ય થયો હતો. તેથી ઉત્તાનપાદ નારાયણ અભિપ્રાયથી તેને રાજ્યાભિષેક કરી તપ કરવાને અરણ્યમાં ગયો. એ રીતે ધ્રુવને રાજ પ્રાપ્ત થયું. ધર્મ નીતિથી પ્રજા પાળી ઉત્તમ પ્રકારે રાજ ચલાવવા માંડ્યું, સુનીતિને સર્વ પ્રકારનાં સુખ આપ્યાં. અહલ્યા નામની સ્ત્રી, બીજી ઇંદ્રની પુત્રી, ત્રીજી શિશુમાર પ્રજાપતિની પુત્રી ભ્રમી, ચોથી વાયુની કન્યા ઇલા અને પાંચમી ધન્યા નામે સ્ત્રી એ પાંચ સાથે પરણ્યો. તેનાથી એને ચાર પુત્રો અને એક પુત્રી થઈ હતી.

ધ્રુવનો ઓરમાન ભાઇ ઉત્તમ પરણ્યાનો હતો, તેટલામાં એક વખતે હિમવાન્ પર્વતમાં મૃગયા રમવાને ગયો, પરંતુ ત્યાં યક્ષો સાથે કલહ થતાં મરણ પામ્યો. સુરૂચિ પુત્રના શોધ માટે ધ્રુવને કહ્યા વગર ગઇ હતી, તે પણ ત્યાંજ મરણ પામી. આ સર્વ વર્તમાન ધ્રુવને જાણવામાં આવતાં, એ ક્રોધાય માન થઈ યક્ષો સામે યુદ્ધ કરવાને ગયો, ત્યાં યક્ષો સાથે અનિવાર યુદ્ધ થયું. તેમાં હજારો યક્ષો મરણ પામ્યા. એ જોઈ કુબેર યુદ્ધ કરવા આવ્યો. તે સાથે ભારે યુદ્ધ થયું. છેવટ સ્વાયંભૂ મનુએ પ્રકટ થઈ ધ્રુવને ઉપદેશ આપીને યુદ્ધ કરતાં અટકાવ્યો અને સ્વનગરમાં જવાની આજ્ઞા કરી. એપરથી ધ્રુવ અને કુબેર બંને પોત પોતાને સ્થળે ગયા. આ પછી ધ્રુવે હજારો યજ્ઞ કર્યા, પ્રજાનું ઉત્તમ પ્રકારે પાલન, રંજન કરી, ઘણા વર્ષ રાજ કર્યું. છેવટ પોતાના જ્યેષ્ઠ પુત્રને રાજ સોંપી અરણ્યમાં તપ કરવાને ગયો. ત્યાં તપ કરતાં વિષ્ણુ પદની પ્રાપ્તિ થઇ. જે અચ્યુત પદ માત્ર શાન્ત, સમદર્શી, શુદ્ધ અને સર્વ ભૂતનું રંજન કરનાર મહાત્માઓજ પામે છે, તેજ અચળ પદ ધ્રુવ પામ્યો. એ રીતે એ સ્વપરાક્રમો કરી જગતમાં અમર કીર્ત્તિ રાખી ગયેલ છે. મહત્વ ઇચ્છનારા સર્વેએ ધ્રુવ ચરિત્ર યાદ રાખવા યોગ્ય છે. આ ચરિત્ર પરથી એ શિક્ષણ લેવાનું છે કે;—રાજ કુંવર ધ્રુવ પાંચ વર્ષની વયનો છેક બાળક હતો, પણ તેનામાં

પૌરૂષ હતું, તો તેમાંથીજ માત્ર દુર્વચન રૂપ ઘર્ષણ થતાં પ્રકાશ થઈ આવ્યો. સૂર્ય કાન્ત મણિ અચેતન છે, તોપણ સૂર્યનાં કિર્ણોનો સ્પર્શ થતાંજ, તપી જઈ અગ્નિ ઉત્પન્ન કરે છે; તો તેજસ્વિ પુરૂષ બીજાએ કરેલો વિકાર કેમ સહન કરી શકે? નજ સહન કરે. આ કોમળ રાજ કુમારને મોટી વિપત્તિ આવી પડી, પરંતુ તેણે વિપત્તિનેજ મહત્તા પ્રાપ્ત કરવાનું સાધન કર્યું હતું. ધ્રુવ તિરસ્કાર થવાથી નિરાશ બની માતા પાસે રોઈ બેસી રહ્યો નહિ, પણ ઉન્નતિ થવાનો ઉપાય શોધ્યો. એ ઉપાય સહેલો નહોતો, પણ બહુ દુઃખ દાદાયક અને ભય ભરેલો હતો. તેણે જાણી લીધું હતું કે, પોતાની દશા બહુ હલકી છે, તેને સર્વોત્તમ કરવાની ઇચ્છા છે, તો પ્રયાસ પણ તેવોજ કરવો જોઇએ. એવો દૃઢ નિશ્ચય કરી, તપ એટલે ઇચ્છિતને સિદ્ધ કરવા યોગ્ય કર્મ કરવા નીકળ્યો. તેમાં એવોતો મહાન્ પ્રયત્ન કર્યો કે ઇશ્વર કૃપાથી રાજ, બહુ સુખ, વૈભવ અને અંતે ઉત્કૃષ્ટ પદની પ્રાપ્તિ થઈ. આપરથી સમજાય છે કે, મહા પુરૂષો દુઃખને પણ સુખનું સાધન કરી દે છે. એટલુંજ નહિ, પણ તેઓ દુઃખને એવું તો વશ કરી દે છે કે, જે દુઃખ સામાન્ય મનુષ્યોને પોતાના દાસ કરી દે છે, તેજ દુઃખ મહાત્માને યથેચ્છ સાધન થઈ પડે છે. મહાત્માઓ સુખ દુઃખમાં સમાન રહે છે, તેમ મનુષ્યોએ સુખ દુઃખમાં સમાન રહેવું. દુઃખ દેખીને નહિ ગભરાતાં ધૈર્યતાથી સુખ મેળવવાનો ઉપાર શોધી યત્ન કરવો, તો ઇશ્વર અવસ્ય સહાય થશે. તે માટે આ ધ્રુવના વર્ત્તનનું અવલોકન કરવું. તેનું શોધ કર્યાથી કે, ઉત્કૃષ્ટ પદ પામ્યાથી, કે ગમે તે કારણથી આ પૃથ્વી પર અદ્યાપિ સુધી **અચલ ધ્રુવના તારા** સાથે નામ અચલ રહેલું છે. જેનો પ્રતાપ અદ્યાપિ સુધી આ આર્યાવર્ત્તમાં ગવાય છે! ધન્ય છે ધ્રુવને! અને ધન્ય છે તેમની માતાને!! કે તેમણે પોતાના પુત્રને સત્ય રસ્તે વાળયો!!! અહો! માતાઓતો આવીજ જોઇએ?!!

પરોપકારી.

શિબિરાજા.

આ અતિ પ્રસિદ્ધ દયાળુ રાજા ચંદ્રવંશી અનુકુલોત્પન્ન ઉશીનર રાજાનો જ્યેષ્ટ પુત્ર. એની માતાનું નામ સુરથા. શિબિ, વન, શમિ, અને દક્ષ એ ચાર ભાઇઓ હતા, શિબિ રાજા ઉશીનર દેશમાં રાજ કરતો હતો, એની રાજધાની ભોજ નગરીમાં હતી. આ રાજાને વૃષાદર્ભ, સુવીર, ભદ્ર, કેકય, અને

બૃહદ્ગર્ભ એ પાંચ પુત્રો હતા. આ રાજન્ અતિ ઉદાર, મહાપરાક્રમી, દયાળુ, દાંતા, ધીર, તપસ્વી; વિદ્વાન અને સર્વ પ્રાણીઓને અભય આપનારો હતો. તથા યાચકને ઇચ્છીત આપતો હતો. એક વખતે રાજાનું સત્ય જોવાને બ્રહ્મદેવે બ્રાહ્મણ રૂપે આવી, તેના પુત્રનું માંસ માગ્યું. રાજાએ નાના પુત્ર બૃહદ્ગર્ભનું માંસ સિદ્ધ કર્યું; પણ તેટલામાં બ્રાહ્મણ નાશી ગયો, રાજા પુત્રનું માંસ મસ્તકપર લઈ શોધતો ફરવા લાગ્યો. ત્યાં બ્રહ્મદેવે તેના અશ્વગાર, કોશાગાર અને રાજમંદિરમાં અગ્નિ સળગાવ્યો; તોપણ આ દૃઢ મનનો રાજા વિકલ્પ ચિત્તે ન થતાં પ્રાર્થના કરવા લાગ્યો કે;—મહારાજ! મેં માંસ સિદ્ધ કરીને આણ્યું છે તેનો સ્વીકાર કરો. તેટલામાં બ્રાહ્મણ સ્વરૂપે બ્રહ્મદેવે આવી કહ્યું કે, એ તું ખા, હું ખાઇશ નહિ. રાજા ખાવા તૈયાર થયો, કે બ્રહ્મદેવે પ્રત્યક્ષ દર્શન આપી ખાવા નહિ દેતાં કહ્યું કે;—"તું **ખરો દાતા છે."** એમ કહી પુત્રને સજીવન કર્યો, અશ્વગારાદિક પૂર્વવત્ કરી દઈ અંતર્ધાન થયા. વળી એક વખતે મહારાજા યજ્ઞ કરવા બેઠો હતો, તે સમયમાં તેની ઉદારતા અને દયાળુપણાની પરીક્ષા લેવાને ઇંદ્ર તથા અગ્નિદેવે વિચાર કર્યો. ઇંદ્રે બાજ રૂપ અને અગ્નિદેવે માયાથી હોલાનું રૂપ ધારણ કર્યું. હોલાની પાછળ બાજ દોડ્યો અને તેને ચાંચ, નખના પ્રહાર કરતો હતો. હોલો ભયથી ભાગીને શિબિરાજાના ખોળામાં આવી બેઠો. તેની ભયભીત આકૃતિ જોઈ શિબિ રાજાને ઘણી દયા ઉત્પન્ન થઈ. તેથી રાજાએ બાજને કહ્યું કે, આ હોલો મારે શરણે આવ્યો છે. માટે તારે તેને મારવો નહિ, તેને બદલે તું કહે તેટલું બીજું ઉત્તમ માંસ અપાવું. બાજે મનુષ્ય વાણીથી કહ્યું કે;—રાજન્! હું ભૂખ્યો છું, આ મારો ખોરાક છે માટે એ મને આપ. નહિતર હું મરીશ તો તને શું ધર્મ થવાનો છે? રાજાએ કહ્યું;—આ હોલો મારે શરણે આવેલો છે, માટે તે આપી શકાય તેમ નથી. સોનું ગાય, ભૂમિ આદિ દેનારા તો આ જગતમાં સુલભ છે, પણ ભયભીત પ્રાણીને અભય દેનારા પુરૂષો તો જગતમાં દુર્લભ છે. મોટા મોટા યજ્ઞાદિકનાં ફળતો કાળના પરિણામથી ક્ષય પામે છે, પણ ભયભીતને અભયદાન દેવાના ફળનો નાશ લેશપણ થતો નથી. મેં દાનનો, યજ્ઞનો, તપનો અને તીર્થ સેવાનો મહિમા સાંભળ્યો છે, પણ તે અભયદાનના સોળમા ભાગને પણ તુલ્ય નથી. સર્વ પ્રાણીને પોતાના પ્રાણ વહાલાછે. માટે ભયથી ત્રાસ પામેલાના પ્રાણને બુદ્ધિવાન પુરૂષોએ રક્ષા કરવી. જે માણસ લોભ, દ્વેષ, અને ભયથી શરણે આવેલાનો ત્યાગ કરે છે, તેને બ્રહ્મહત્યા સમાન પાપ લાગે છે એવું મહા પુરૂષો કહે છે. આ પક્ષી દુઃખથી એમ જાને છે કે હું મરી જઇશ, એ અનુમાનથી આના મરણથી રક્ષા કરવી યોગ્ય છે. હું

કુત્સિત શાસ્ત્રના માર્ગે કદાપિ ચાલીશ નહિ. શાસ્ત્રમાં કહ્યું છે કે;— ધર્મઃસત્યદયાપરઃ—"સત્ય અને દયા એજ પરમ ધર્મ છે." જે પ્રાણી કાયા, વાણી, અને મનથી સર્વ પ્રાણીનું હિત કરનારા અને દયાવાળા છે તે બ્રહ્મ લોકને પામે છે. જેમ તમે તમારા આત્માને પ્રિય જાણો છો, તેમ પરનો પણ આત્મા પ્રિય છે, એમ જાણીને આ હોલાનું જીવિત રક્ષા કરો. ઇત્યાદિ પ્રકારે રાજાએ ઘણો આગ્રહ કર્યો; ત્યારે બાજે કહ્યું કે;— જો એમ મરજી હોય તો હોલા બરોબર તારૂં માંસ મને આપ. રાજાએ પ્રસન્ન થઇ તે વાત સ્વીકાર કરી કહ્યું કે;—"જગતમાં ક્ષણમાં વિનાશી અધ્રુવ શરીરથી જે ધ્રુવ ધર્મને મેળવતો નથી, તે મૂઢ પુરૂષ શોચ કરવા લાયક છે." એમ કહી રાજાએ પોતાનું માંસ કાઢી ત્રાજવામાં તોળવા માંડયું. જેમ જેમ માંસ કાપી ત્રાજવામાં મૂકતો ગયો, તેમ તેમ હોલો ભારે થતો ગયો. તેથી છેવટ રાજાએ પોતાનું માથું કાપીને તેમાં મેલવા હાથમાં તરવાર લીધી; જેવો ઉત્સાહ અને આનંદથી પોતાની ડોક ઉપર ઘા કરવા જાય છે, તેવીજ ધન્ય! ધન્ય! એવી આકાશ વાણી થઈ અને ઇંદ્રે તથા અગ્નિ દેવે પોતાનાં પક્ષીરૂપને તજી દર્શન આપીને શિબિનું શરીર જેવું હતું તેવું કરી દીધું. પછી ઇચ્છીત વરદાન આપી અંતર્ધાન થયા. એ રીતે શિબિરાજા પરમાર્થે પોતાના દેહનો ઉપયોગ કરી અમરકીર્ત્તિ રાખી પરમ ધામને પામી ગયો. અહો! જે પારકાને વાસ્તે જીવે છે, તેનું જીવિત વખાણવા યોગ્ય છે. જેમ ચંદન પોતે ઘસાઇને પણ અન્યને શીતળ કરે છે, તેમ સંત પુરૂષો પારકા ઉપકાર સારૂ પોતે દુઃખિત થઇને પરનું હિત કરે છે; જેની બુદ્ધિ પારકાના ઉપકાર માટેજ છે, તેમાં પોતાના સુખની લેશ પણ ઇચ્છા રાખતા નથી, એવા શિબિ રાજા સરખા સત્પુરૂષો આ જગતના હિતને અર્થેજ ઉત્પન્ન થાય છે, એવા પુરૂષોને ધન્ય છે! ભલે તેમણે જન્મ ધર્યો!! જન્મ તો એવા પુરૂષનોજ લેખે છે.

વડીલ ભાઇના આજ્ઞા પાળક

નીતિ નિપુણ—લક્ષ્મણ.

આ પૃથ્વી પ્રસિદ્ધ મહાવીર નરના અદ્ભૂત પરાક્રમથી કોણ અજાણ્યું છે? જેણે ચૌદ વર્ષ આહાર નિદ્રા તજી, મન ઇંદ્રિયો વસ રાખી અખંડ બ્રહ્મચર્ય પાળ્યું; જે વડીલ ભ્રાતા રામચંદ્ર પ્રત્યે અખંડ પ્રેમ રાખી આજ્ઞાધિન રહ્યા; જેણે કદી પણ વડીલ બંધુનું વચન ઉલ્લંઘન કર્યું નહિ, કે તેમનો સમાગમ તજ્યો નહિ; જેણે વડીલ ભ્રાતાની ભાર્યા સીતાને માતા સમાન માની પૂજ્ય બુદ્ધિ વડે મર્યાદાથી વર્ત્તિ માન આપ્યું; જેના પ્રબળ પરાક્રમથી સૂર્પનખા

જેવી મહા રાક્ષસીના નાક કાન કપાયા; જેના બાહુ બળ વડે રાવણનો બળિષ્ટ પુત્ર ઇંદ્રજિત—મેઘનાદ મરાણો અને હજારો રાક્ષસો નાશ પામ્યા. જેણે પરસ્ત્રીને માતા સમાન માની એક પત્નિવ્રત પાળ્યું; જેણે નિરંતર નીતિપર પ્રીતિજ રાખી, અનીતિ કદી આચરી નહિ. ઇત્યાદિ મહત્ત ગુણસાગર આ દૈવી પુરૂષ કોણ ? આ સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુલોત્પન્ન અયોધ્યાપતિ દશરથ રાજેંદ્રની સુમિત્રા રાણીના પુત્ર. દશરથ રાજા ને કૌશલ્યા, સુમિત્રા, અને કૈકેયી એ ત્રણ રાણીઓ હતી. કૌશલ્યાથી રામ, સુમિત્રાથી લક્ષ્મણ અને શત્રુઘ્ન; કૈકેયીથી ભરત એ ચાર પુત્રો થયા. તેમાં **શ્રીરામ** સર્વથી શ્રેષ્ઠ અને જ્યેષ્ઠ હતા. લક્ષ્મણ એ રામની બીજી પ્રતિમારૂપ હતા એમ કહીએ તોપણ ચાલે. એ શેષજીનો અવતાર ગણાય છે. આ પ્રતાપી પુરૂષ બાળવયમાં સુમિત્રા જેવી સાધ્વી માતાના હાથ નીચે ઉછર્યાં હતા અને બ્રહ્મર્ષિ વશિષ્ઠ જેવા મહા પુરૂષ પાસે વેદ, વેદાંગાદિ શાસ્ત્રોનું તથા ધનુર્વિદ્યાનું શિક્ષણ લીધું હતું. લાજ, કીર્ત્તિ, ગુરૂજન, વૃદ્ધ અને વડીલોપર પ્રીતિ રાખતા હતા. ઉત્તમ વિચારોથી ભરપૂર, લોકોનું હિત કરવામાં રૂચિ રાખનાર, સર્વ પ્રકારના વાહનોપર બેસવામાં ચતુર, હિંમતવાન, ઉત્સાહી, બળિષ્ટ, પરાક્રમી, હિંમતવાન, ધર્મિષ્ઠ, દયાળુ, ક્રોધી, વક્તા અને જ્ઞાની હતા. એ સર્વ સદ્‌ગુણોની સાથે તેનામાં રણશૌર્ય, બાણ યોજવાની કળા અને સાહસ વૃત્તિ એ આદિ ક્ષત્રિયપણાનાં ભૂષણ હતાં. વીરતા સાથે બ્રહ્મચર્ય પાળવામાં, યુદ્ધ કાર્યમાં રથ અને અશ્વ ખેડવામાં એક્કા હતા. પ્રજાને ધર્મ બોધ ને ધીરજ દેવામાં મોટા વક્તા હતા. ઘરડા બુઢ્ઢાની, અતિથિ નિરાશ્રયની સંભાળ લેવામાં ધર્મ માનતા, **નીતિશાસ્ત્ર** પાળવામાં અને શાસ્ત્ર જ્ઞાનમાં તેણે બહુજ પ્રયાસ કર્યો હતો. વડીલભ્રાતા રામ રાજેંદ્રનું કદી પણ આજ્ઞા વચન લોપ્યું નહોતું. રામ માટે તેઓને સારા વિચાર હતા, બાલ્યાવસ્થાથીજ રામપર અત્યંત પ્રેમ હતો અને રામનો તેનાપર હતો. પરસ્પર પોતાના પ્રાણ સમાન ચાહતા હતા, રામ ઘોડેસ્વાર થઈ શિકારે જતા ત્યારે લક્ષ્મણ ધનુષ બાણ લઈ ઘોડાની વાઘ પકડી સાથે જતા. સ્વારી ફરવા જતી તે વખતે પોતે રામની પાછળ ચમર લઇને ઉભા રહેતા. સાથેજ ખાતા પીતા, અને સાથેજ જતા આવતા. કદી પણ વિખૂટા પડતા નહિ. વિશ્વામિત્રના યજ્ઞ સંરક્ષણાર્થે પણ રામ સાથે ગયા હતા અને ઘણાં પરાક્રમો કરી બતાવ્યાં હતાં. ત્યાં વિશ્વામિત્ર પાસે ધનુર્વિદ્યાનું કેટલુંક વિશેષ જ્ઞાન સંપાદન કર્યું હતું. જનકપુરમાં સીતા સ્વયંવર વખતે ગયા હતા. ત્યાં તેણે કેવાં વીરતાનાં વચનો કહ્યાં હતાં તે જાણવા યોગ્ય છે. જ્યારે કોઈ ક્ષત્રિય વીરો શિવ ધનુષમાં દોરી ચડાવી, કે તેને ઉપાડી શક્યા નહિ. ત્યારે એ જોઈ જનકે કહ્યું કે;—"હે વીર પુરૂષો ! શું

પૃથ્વી નિર્વીર્ય થઇ ગઈ! શું મારી કુંવરી કુંવારીજ રહેશે! શું કોઇને વીરની પદવી દેવાની દૈવની ઈચ્છા નથી! હશે, હવે સર્વ આશા છોડી ઘેર જાઓ!" ઇત્યાદિક કઠિન વાક્યો કહ્યાં. એ સાંભળી લક્ષ્મણની આંખો લાલચોળ થઇ ગઈ, હોઠ ફરકવા લાગ્યો, ભ્રમરો વાંકી થઇ ગઇ, પણ રામના ડરથી બોલી શકતા નહોતા, છેવટ જનકનાં તિક્ષણ વચનો છાતીમાં બાણ જેવાં લાગવાથી શ્રીરામને પ્રણામ કરી બોલ્યા કે;—"જે સભામાં રઘુવંશીઓ માંહેનો કોઈ પણ હોય, તે સભામાં એમ કેમ બને? જ્યાં રામચંદ્રજી બેઠા હોય, ત્યાં જનક રાજા આવું ભાષણ કરે કે! જો આજ્ઞા મળે તો હું સમગ્ર ભૂમિને ઉલટાવી નાખું! મેરૂપર્વતને પણ તોડી પાડું! ત્યારે આ શિવ ધનુપ કોણ માત્ર છે!! રામ! આપ આજ્ઞા આપો તો આ ધનુપને ચોમાસામાં થતા મીંદડાના ટોપની પેઠે ઉઠાવીને સભાને રઘુવંશીઓના બળની ખાત્રી કરાવું! હું આપના ચરણના શપથ લઇને કહું છું કે, જો હું એ પ્રમાણે ન કરૂં તો ફરીવાર કદી પણ આયુધ ધરૂં નહિ." આવાં ક્રોધથી ભરેલાં નિડર વચનો સાંભળી સકળ સભા આશ્ચર્ય પામી! ક્ષત્રિયો ડરવા લાગ્યા, લક્ષ્મણ રામની આજ્ઞાથી નીચે બેસી ગયા, એટલે રામે ઉઠી શિવ ધનુપને તોડી કટકા કર્યા અને લક્ષ્મણનાં વચનો સત્ય કરી બતાવ્યાં. જ્યારે રામ સીતાને પરણી અયોધ્યા જતા હતા, ત્યાં માર્ગમાં પરશુરામનો મેળાપ થયો, ત્યારે પણ પરશુરામ સામે નિડરપણે બેધડક બોલી ઉઠયા હતા. તેમજ રામ વનવાસ જવાના સાંભળીને બોલ્યા હતા કે;—"રામ! તમો રાજ લક્ષ્મીને છોડી કૈકેયીના કહેવાથી વનમાં જાઓ, એ મને જરા પણ ગમતું નથી. તમારા અભિષેકમાં વિઘ્ન કરવાને કોણ સમર્થ છે? હું તમારી મદદમાં છું, હું તમારે પડખે ઉભો છું. કોઇ પણ તમારૂં વિપ્રીય કરવા તૈયાર થશે, તેને હું મારી નાંખીશ. ગમે તે હોય, તોપણ જે વિવેક નહિ રાખતાં અવળે માર્ગે ચાલે તેને સત્વર શિક્ષા કરવી જોઇએ. તમારી અને મારી સામે વૈર કરી ભરતને રાજ્ય આપી દેવાની દશરથકે કૈકેયીની શી મગદુર છે? હું સત્ય, ધનુષ, અને ધર્મના સોગન ખાઇને કહું છું કે, જેમ સૂર્ય અંધકારનો નાશ કરે, તેમ હું પરાક્રમથી તમારા દુ:ખનો નાશ કરીશ!!" ઇત્યાદિ વડીલભાઇના હિતાર્થે ઉગ્રવચનો કહ્યાં હતાં, પણ રામે અનેક રીતે સમજાવી શાંત કરી, પિતાનું વચન પાળવા વનમાં જવાનો નિશ્ચય જણાવ્યો. રામ સીતા સાથે વનમાં જવાને તૈયાર થયાં ત્યારે પણ લક્ષ્મણ આંસુઓથી વ્યાપ્ત થઇ દીન વચનથી બોલ્યા કે;—મારે પણ આપની સાથેજ આવવાનો નિશ્ચય છે, આપથી અલગ રહેતાં મને દેવલોક, અમરપણું કે ત્રૈલોક્યનું રાજ મળતું હોય, તોપણ હું તેને ઇચ્છતો નથી. હું આપની નિરંતર સેવા કરવાથી રાજી રહીશ. ઇત્યાદિ પ્રકારે વિન-

વી સાથે આવવાની આજ્ઞા મેળવી, વનમાં સાથે ગયા. આ સર્વપરથી જણાય છે કે, લક્ષ્મણની વડીલ ભાઈ રામ પ્રત્યે અપાર પ્રીતિ હતી. તેને માટે પોતાનું સુખ પણ તજી દેતા હતા. એટલુંજ નહિ પણ તેને માટે પોતાનો પ્રાણ સરખો પણ વહાલો ગણતા નહિ. આ સિવાય ઉપરના પ્રસંગોથી જણાઈ આવે છે કે, એનો જાતિ સ્વભાવ ઉગ્ર, ઉછંકળ અને ક્રોધી હતો, તે પ્રસંગે પ્રસંગે બહાર દેખાઇ આવતો હતો; તોપણ તેણે બંધુનાં વંચન અંકોશે એક પણ અઘટિત કર્મ કર્યું નથી.

લક્ષ્મણ જ્યારે રામ સીતા સાથે વનમાં ગયા, ત્યારે તેને જળ, ફળ લાવી આપતા; કંદમૂળ ખોદવાનાં હથિયારો, કંદમૂળ, ફળ ફૂલ ભરવાનો કંડીઓ, ધનુષ, અને બાણ ઉપાડી રસ્તો બતાવતા આગળ ચાલતા. પરસ્ત્રી સામું જોતા નહિ, કદી કોઇ સ્ત્રી મળે તો નીચું જોઈ વ્યવહાર જેટલી વાતો કરતા જીતેંદ્રિય રહેતા. જ્યારે રાત્રે તૃણ શય્યાપર રામ સીતા શયન કરતાં, ત્યારે પોતે તેથી થોડે દૂર ધનુષ ધરી નિંદ્રા ન લેતા ચોકી કરતા ઉભા રહેતા. એવી રીતે સદા રામ સીતાની સેવામાં તત્પર રહેતા હતા. એક સમે રાવણની બેન સૂર્પનખાનો પુત્ર ડંડી વનમાં તપ કરતો હતો, તેને મહાદેવે પ્રસન્ન થઇ એક પ્રચંડ ધનુષ, બાણ સાથે આકાશ માર્ગે મોકલ્યું, એ વખતે લક્ષ્મણ ત્યાં ફળ શોધવાને આવી ચઢ્યા. દેવોએ અધર્મિના હાથમાં બાણ જવા કરતાં, લક્ષ્મણના હાથમાં જશે, તો એ દૈત્યોનો નાશ કરશે, એમ જાણી વાયુની મારફતે તે બાણ લક્ષ્મણને અપાવ્યું. પછી એજ બાણે લક્ષ્મણે સૂર્પનખાના પુત્રને માર્યો. એ વાત સૂર્પનખાએ જાણી એટલે તે પુત્રનું વેર લેવાને દિવ્ય કન્યા રૂપ ધરી, લક્ષ્મણ પાસે આવી પરણવાનું કહ્યું. લક્ષ્મણે પોતાના મોટાભાઈની આજ્ઞા લઇને આવવાનું કહ્યું, ત્યારે તેણે કહ્યું કે હુંજ રજા લાવું છું, એમ કહી રામ પાસે જઇ આજ્ઞા માગી. રામે રાક્ષસીને ઓળખી કહ્યું કે, તારા વાંસા ઉપર લખી આપું, પેલીએ જોઇને વાંસો બતાવાય નહિ, એવું બહાનું કહાડ્યું, પણ રામે તેમ કર્યા વિના આજ્ઞા આપવાની ના કહી. છેવટ સૂર્પનખાએ તેમ કરવાની હા પાડી. રામે તેના વાંસાપર નાક, કાન કાપી નાંખવાની આજ્ઞા લખી આપી. સૂર્પનખા પ્રસન્ન થતી લક્ષ્મણ પાસે આવી, લક્ષ્મણે તે વાંચી પેલીને વાતમાં નાંખી અચિંતુ ખડ્ગ કહાડી તેના નાક કાન કાપી નાખ્યાં. તેથી તરત તે રાક્ષસી ક્રોધે ભરાઈ નાશી ગઈ. એજ રાક્ષસી રામ સામે રાવણને ઉશ્કેરનાર• મૂળ કારણભૂત થઇ પડી હતી.

જ્યારે વનમાં સીતાજીને રાવણે હરણ કર્યા, ત્યારે રામ સીતા વિયોગથી વિહ્વળ થએલા શોકાતુર ચિત્તે તેને શોધવાને ચારે કોર ભટકતા હતા,

ત્યારે લક્ષ્મણજી વડીલ ભાઇને દિલાસા રૂપ અનેક મિષ્ટ વચનો કહીને શાંત કરવા ઉપાયો કરતા. ફરતા ફરતા જ્યારે ઋષિમુખ પર્વત ઉપર સુગ્રીવને મળ્યા. ત્યારે સુગ્રીવે કહ્યું કે, આકાશ માર્ગે એક રાક્ષસ કોઇ સ્ત્રીને લઇને જતો હતો, તે સ્ત્રીએ પોતાનાં અલંકારો આ પર્વત ઉપર અમે પાંચ વાનરને બેઠેલા દેખીને નાખ્યાં છે, તે જોઇને તમે ઓળખો કે તે સીતાજીનાં છે કે કેમ? અલંકારો દેખાડતાં, રામચંદ્રે કહ્યું;—હું વ્યગ્ર ચિત્તે છું, માટે લક્ષ્મણજી અલંકારો ઓળખશે, એમ કહી તેને દેખાડવાનું કહેતાં લક્ષ્મણજી અલંકારોને જોઇને બોલ્યા કે;—

कुडलैनैवजानामि, नैवजानामिकंकणे ।
नूपुरेएवजानामि, नित्यंपादाभिवंदनात् ॥

'આ કુંડળ સીતાજીનાં છે કે નહિ, તે હું નથી ઓળખતો અને આ કંકણ સીતાજીનાં છે કે નહિ, તે પણ હું નથી ઓળખતો, પણ નિરંતર સીતાજીનાં ચરણકમળમાં પ્રણામ કરવાના પરિચયથી તેના ચરણનાં ઝાંઝરને ઓળખુંછું કે તે સીતાજીનાંજ છે.' અહા! આ એક નાનું વાક્ય પણ લક્ષ્મણજીનું ઓછું સુશીલપણું દેખાડતું નથી! આપરથી જણાય છે કે તેઓ સીતાજી પ્રત્યે કેટલી મર્યાદા રાખી, પૂજ્ય બુદ્ધિથી વર્તતા હતા, એ સહેજ અનુમાન થઇ શકે છે. લક્ષ્મણે ભાઇના પ્રેમને સ્ત્રીના પ્રેમથી અધિક ગણ્યો, ને ઉર્મિલાને છોડી ચૌદ વર્ષ વનવાસ ભોગવ્યો. રામની આજ્ઞામાં રહી દાસત્વ કીધું. વનવાસમાં એક વખતે નિદ્રામાં સીતાનો સ્પર્શ થયો. માટે તે બાર વર્ષ નિરાહાર રહ્યા હતા. મૃગના પ્રસંગમાં સીતાને વિહોણી મૂકી એ તેણે મોટું સાહસ કર્યું હતું, કે જેથી રાવણ સીતાને લઇ ગયો, પણ એ સાહસ, તે ઉગ્ર સ્વભાવના લક્ષ્મણે અવિચારથી ને ઇચ્છાથી નથી કર્યું, પણ કોઈ દિવસે સીતાની આજ્ઞા લોપેલી નહિ. માટે એ પ્રસંગે પણ ન લોપવી એ વિવેક, તેના શાપનું ને ભાઇના ઠપકાનું ભય અને હમણાંજ પાછો આવુંછું એવી પ્રતિતી; એ સર્વ જ્યારે અસહ્ય વેણ સાંભળવાથી તેના ખળભળેલા તથા ઉદાસ થયેલા મનમાં વસ્યા, ત્યારેજ કર્યું હતું. મન અને ઇંદ્રિયો વશ રાખનારા અનેક પુરૂષો થઇ ગયા છે, તેમાં લક્ષ્મણજીનું પવિત્ર ચરિત્ર આપણા અંતઃકરણને ખેંચે છે. એક નવયૌવન અવસ્થા છતાં અને યુવરાજપદ પ્રાપ્ત થયા છતાં પોતાના જ્યેષ્ઠ બંધુ રામચંદ્રજીની સાથે ચૌદ વર્ષ સુધી વનવાસનાં દુઃખનો અનુભવ કરવા માટે સઘળાં રાજ સુખનો ત્યાગ કરી ચાલી નીકળ્યા; એટલુંજ નહિ પણ ચૌદ વર્ષ સુધી તેણે અખંડ બ્રહ્મચર્ય પાળ્યું, ઉપવાસ કર્યા અને નિદ્રા પણ રાત્રિએ લીધી નહિ. તેમ છતાં કોઈ સમયે લક્ષ્મણજીએ રામચંદ્રજીને એમ પણ જણાવ્યું નહિ કે હું આ પ્રમાણે

વર્ણવું છું. જે સમયે મેઘનાદને મારવો હતો, તે સમયે વિભીષણે રામચંદ્રને કહ્યું કે;—જે પુરૂષે ચૌદ વર્ષ પર્યંત ઉપવાસ કરેલ હોય, નિદ્રા ન કરી હોય અને અખંડ બ્રહ્મચર્ય પાળેલ હોય તે પુરૂષથીજ મેઘનાદનું મૃત્યુ થાય એવું તેને વરદાન છે. વિભીષણનાં આ વચન સાંભળી રામચંદ્ર તો મેઘનાદને મારવામાં નિરાશ થયા, પરંતુ વૃદ્ધ જાંબુવાને પ્રાર્થના કરી કે, મહારાજ! આપ નિરાશ શા માટે થાઓછો? લક્ષ્મણજીમાં વિભીષણ કહે છે, તે સર્વ લક્ષણો છે. રામચંદ્રજીને આ વાતથી આશ્ચર્ય પામતાં અતિ સંતોષ થયો અને તેના પ્રભાવથી લક્ષ્મણે મેઘનાદ—ઇંદ્રજિતનો નાશ કર્યો. તેથી રામચંદ્રજીનો જય થવામાં મુખ્ય કારણરૂપ લક્ષ્મણજીનું જીતેન્દ્રિયપણું સ્પષ્ટ જણાઇ આવે છે. એણે મોટા યુદ્ધમાં રાવણના કેટલાક પુત્રોને અને પ્રધાનોને માર્યા. ઇત્યાદિથી તેના ઉત્તમ ગુણો અને પ્રબળ પરાક્રમ સ્પષ્ટ જણાઇ આવે છે.

લક્ષ્મણજી મોટા ભાઈ રામ પ્રત્યે જેવા પ્રીતિથી જોડાયેલા હતા, તેવાજ રામ પણ એ સાથે એવીજ પ્રીતિથી જોડાઈ રહ્યા હતા. તે આ નીચેના દાખલાપરથી સ્પષ્ટ જણાઈ આવશે. જે વખતે લક્ષ્મણ રાવણના પ્રહારથી મૂર્છા પામ્યા, તે વખતે રામે પોતાના આજ્ઞાકારી લઘુ બંધવને આ અસ્થિતિએ પડેલા જોઇ વૈદ્ય સુષેણને કહ્યું કે;—"વૈદ્યરાજ! હું લક્ષ્મણને મૂર્છિત દેખું છું, ત્યાં સુધી મને યુદ્ધ કરવાનો ઉત્સાહ થતો નથી, મારૂં પરાક્રમ જાય છે. જેમ અયોધ્યા નગરીમાંથી નીકળતી વખતે લક્ષ્મણ મારી પાછળ આવ્યા હતા, તેમ હું પણ લક્ષ્મણની પાછળ યમપુરીમાં જઇશ." ઇત્યાદિ શોકાતુર હૃદયે રણસંગ્રામ ભૂમિમાં સૌહૃદ રસમાં ભીંજાઇ રહીને બોલ્યા કે;—

देशेदेशेकलत्राणिमित्राणिचपुरेपुरे ।
तंदेशंनैवपश्यामियत्रभ्रातासहोदर ॥

'સ્ત્રીઓ જોઇએ તો જે જે દેશમાં જઇએ, ત્યાં ત્યાં મળી શકે, મિત્રો જોઇએ તો જે જે નગરમાં જઇએ, ત્યાં ત્યાં મળી શકે, પણ તે દેશ હું ક્યાંય દેખતો નથી કે, જ્યાં સહોદર ભાઇ મળી શકે!! અહો રામનો લઘુ બંધવ—લક્ષ્મણ પ્રત્યે કેવો પ્રેમ! તે આપરથી જણાઇ આવે છે. ખરેખાત આ જગતમાં સહોદર ભાઇના સ્નેહની બરોબર બીજો સ્નેહ વિધાતાએ રચેલજ નથી. અનેક પ્રકારના સ્નેહીઓના સ્નેહો શું સહોદર ભાઇના સ્નેહના હજારમા અંશની પણ બરોબર કરી શકે છે! કદી નહિ. અહો! ધન્ય છે રામ લક્ષ્મણના સ્નેહને!! ભાઇઓમાં સ્નેહતો આવોજ જોઇએ.' આવાજ સ્નેહથી તેઓ જગતમાં એક સ્નેહ વર્દ્ધક દષ્ટાંતરૂપ થઈ પડ્યા છે. આજે સ્નેહવાળા ભાઇઓ માટે કહેવાય છે કે આતો રામલક્ષ્મણની જોડછે. આશું તેની થોડી મહત્તા દર્શાવે છે!!! એ નિશ્ચય સમજો કે, ભાઇઓમાં સ્નેહ

અને સંપ રાખવાથી સર્વ કાર્ય સિદ્ધ કરી શકાય છે. એ માટે આ એકજ પ્રત્યક્ષ દાખલો છે એમ નહિ, પણ એવા હજારો દાખલા મળી આવે છે. માટે પોતાના સ્વાર્થને કારણે કદી પણ ભાઈ સાથેનો સ્નેહ તોડવો નહિ. જે પોતાના ભાઇઓ સાથેનો સ્નેહ તજે છે, તેને હજારવાર ધિક્કાર છે; એટલુંજ નહિ પણ એવા પુરૂષને **નર** નહિ, પણ **વાનર** કહેવા જોઇએ.

પુત્રો ઉત્કૃષ્ટ ગુણવાળા, ભાઇઓમાં સ્નેહ અને સંપ રાખવાવાળા, બળિષ્ટ, હિંમતવાન અને પરાક્રમી આદિગુણો ધરાવનારા ઉત્પન્ન થવા, એનો સઘળો આધાર માતા અને શિક્ષણ આપનાર ગુરૂ ઉપર છે. રામ અને લક્ષ્મણને ઉત્તમ ગુણની પવિત્ર સાધ્વી માતા મળી હતી. તેમના હાથ નીચે ઉછરી મોટા થયા હતા, શિક્ષણ પામ્યા હતા. અને વિશેષમાં વશિષ્ઠ જેવા પ્રતાપી ગુરૂ મળ્યા હતા; એ સઘળું દૂધમાં સાકર ભળ્યા જેવું થયું હતું. એ સઘળું દૈવી કૃપાથીજ બન્યું હતું. જે માતાનો બાળપણથીજ નિરંતર સદ્બોધ મળ્યા કરતો હોય, તેનાં પુત્રોભાગ્યેજ નેષ્ટ નીકળે છે. જે માતાને સત્ય અને નીતિજ વહાલી હોય છે, જે પોતાનો, પુત્રનો અને કુટુંબોનો ધર્મ સમજે છે, તે માતા પોતાના બાળકોને સત્ય ધર્મે વાળવાને ઉશ્કેરવા ચૂકતી નથી. જુઓ! રામ ચૌદ વર્ષ વનવાસ જવા નીકળ્યા, તે સાથે લક્ષ્મણે પણ જવાની તૈયારી કરી, માતાની આજ્ઞા લેવા જતા, સુમિત્રા માતાએ કહ્યું કે;—"પુત્ર! તમને રામની ઉપર પ્રેમ છે. તેથી ભલે ખુશીથી જાઓ, હું તમને વનમાં જવાની રજા આપું છું, વત્સ! વનની અંદર રામનું રક્ષણ કરવામાં તમે કદી ગફલત કરશો નહિ, રામ ગમે તેવી સ્થિતિમાં હોય, તોપણ તમારે શરણ તો એજ છે. મોટા ભાઇને અનુસરીને રહેવું, એજ નાના ભાઇનો પરમ ધર્મ છે. ઉદારપણાથી બ્રાહ્મણોને દાન દેવાં, યજ્ઞોની દીક્ષા લેવી અને યુદ્ધ કરવાના સમયમાં જીવતા રહેવાની એ સર્વની ગરજ કાંઈ પણ ન રાખતાં, સર્વદા મોટા ભાઈના સેવક થઇનેજ રહેવું; એજ તમારા કુળનો પરમપરા સિદ્ધ ધર્મ છે. વડીલ ભાઈ રામને પિતા જેવા, સીતાને મારા જેવાં, અને જંગલને અયોધ્યા જેવુંજ સમજજો." અહો! જ્યાં પુત્રને માતાનો આવો ઉપદેશ મળતો હોય, તે પુત્રો અધર્મપર પગ કેમજ મૂકે? નજ મૂકે. ધન્ય છે આવી સાધ્વી માતાને!! સુમિત્રાનાં આ વચનો લક્ષ્મણના હૃદયમાં ચોંટી રહ્યાં હતાં, તે સદા માતાના વચનો પ્રમાણેજ વર્તતા હતા, એ તેના ચરિત્રપરથી માલમ પડી આવે છે. તે રામને યુદ્ધ મધ્યેજ પુષ્કળ ઉપયોગી થઈ પડ્યા હતા, એમ નહિ, પણ તે તો બાળ વયથી તે ગતાવસ્થા પર્યંત એજ મિશાલે વર્તતા આવ્યા હતા. રામ રાવણને મારી લંકાના રાજ્યપર બિભીષણને સ્થાપિત કરી અયોધ્યામાં આવ્યા. પછી રામે પોતાનો રાજ્યાભિષેક થતી વખતે તેમને યૌવરાજ પદ

આપવા માંડ્યું, પણ તે નહિ સ્વીકારતાં, કેવળ તે રામની સેવા કરતાજ રહ્યા હતા. રાજ કાજમાં પણ મોટાભાઇને વિશેષ ઉપયોગી થઈ પડ્યા હતા. તેમનું હૃદય વૈરાગશીલ અને આજ્ઞાધિકારી થયું હતું. લક્ષ્મણે પ્રાર્થના કરવાથી રામે તેમને બ્રહ્મ જ્ઞાનનો ઉપદેશ કર્યો હતો. આ પ્રતાપી પુરૂષ સીરધ્વજ જનકની પુત્રી ઊર્મિલા સાથે પરણ્યા હતા, તેનાથી તેને **અંગદ** અને **ચંદ્રકેતુ** એ બે પુત્રો થયા હતા, કેટલોક કાળ ભાઈ સ્નેહે ગરકાવ રહી યોગ્ય કાળ આવતાં, રામ નિજધામ જવાની પૂર્વેજ તેઓ પોતાના યોગ બળથી દેહ વિસર્જન કરી સ્વધામ પ્રત્યે ગયા હતા. એ ખરેખર અવતારી પુરૂષ હતા. તેમનાં કાર્યો પણ દૈવી ચમત્કારોથી ભરપૂરજ હતાં. તેના જન્મથી આર્યાવર્તની પ્રજાને અલૌકિક લાભો અને સુખો પ્રાપ્ત થયાં હતાં. (વાંચો રામાયણ) ઇત્યાદિ કારણોને લીધે એ દૈવી પુરૂષને અદ્યાપિ પર્યંત આર્ય પ્રજા પ્રેમના ઉભળકાથી માને છે. પૂજે છે અને યાદ કરે છે. આ બંને દૈવીભાઇઓ પ્રેમ ભાવે સાથેજ રહ્યા હતા, એ તેમની દેવળોમાંની સાથે રહેલી મૂર્ત્તિઓપરથી સ્પષ્ટ દર્શાઈ આવે છે, અને એ નિશાની તેની અમર કીર્ત્તિનો અપૂર્વ પ્રકાશ પૃથ્વીમાં પ્રસરાવી રહ્યો છે! હા! આર્યો! એવા દૈવી લક્ષ્મણ રાજ યુવકને આપણે ધન્યનાદથી વધાવી લેવા યોગ્ય છે. ધન્ય હો!! વિજય થાઓ!!!

વડીલ બંધુ ભક્ત.

ધર્માત્મા—ભરત.

આ સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુલોત્પન્ન અયોધ્યાપતિ દશરથ રાજેંદ્રની રાણી કૈકેયીના પુત્ર રામના ઓરમાન ભાઇ થાય. આકૃતિમાં તે સરખાજ હતા. વેદ, વેદાંગાદિ શાસ્ત્રો અને ધનુર્વિદ્યાનું શિક્ષણ ગુરૂ વસિષ્ઠ પાસેથી લીધું હતું, એ મહા તેજસ્વી, શૂરવીર, નીતિજ્ઞ, ધર્મિષ્ઠ, લોકોનું હિત કરનાર, ગુરૂ, વૃદ્ધ અને વડીલોની મર્યાદા રાખી સેવા કરવામાં તત્પર રહેનાર, નમ્ર, દીર્ઘદર્શી, વિવેકી અને હિંમતવાન આદિ ગુણ સંપન્ન હતા. પિતાની આજ્ઞામાં રહી રાજ્યનાં મુલકી આદિ કામો કરતા. એ સીરધ્વજ જનકના ભાઇ કુશધ્વજ જનકની કન્યા માંડવી સાથે પરણ્યા હતા. તેનાથી **તક્ષ** અને **પુષ્કર** એ બે પુત્રો થયા હતા. એનું મોસાળ કેકયદેશમાં હતું, એના મામાનું નામ યુધાજીત હતું. મોસાળમાં પિતાની આજ્ઞા લઈ શત્રુઘ્ન સાથે કેટલોક વખત રહ્યા હતા. એવા વખતમાં દશરથ રાજાએ પોતાની વૃદ્ધાવસ્થા થયેલી જોઈ રામને રાજ્યાભિષેક કરવાનો વિચાર કર્યો, સર્વ સામગ્રી તૈયાર થઇ, જે રોજ અ-

ભિષેક થવાનો હતો, તે રોજ એ કાર્યમાં કૈકેયીએ મોટું વિઘ્ન નાખ્યું, રામને વનવાસ મોકલ્યા. તે યોગથી દશરથ અત્યંત દુ:ખી થઇને મરણ પામ્યા. વસિષ્ઠ ઋષિએ ભરત, શત્રુઘ્નને મોસાળમાંથી સત્વર તેડી લાવવા **સિદ્ધાર્થ** નામના પ્રધાનને મોકલ્યો, ભરત તેજ રાત્રે ભયંકર સ્વપ્ન આવ્યાથી ચિંતાગ્રસ્ત બેઠા હતા. ત્યાં પ્રધાન આવી ઉભો રહ્યો. ભરતે અયોધ્યાના વર્તમાન પૂછ્યા, પ્રધાને સર્વ ક્ષેમકુશળ છે, તમો આ વખતેજ સત્વર અયોધ્યા પધારો એવી અરજ કરી. ભરત, શત્રુઘ્ન મામા વગેરેની રજા માગી અયોધ્યામાં આવ્યા. નગરીમાં પેઠા, પણ સર્વ નગરી ઉત્સાહ રહિત સૂન્યકાર દીઠી. એપરથી તેણે અનુમાન કર્યું કે, આનું કાંઇ પણ વિપરીત કારણ લાગે છે, તોપણ ધૈર્ય રાખી રાજ મંદિરમાં ગયા. ત્યાં પિતાને નહિ જોવાથી તે પોતાની માતાને મંદિરે હશે, એવી ઉત્કંઠાથી ત્યાં આવી જોયું, તો માતા એકલીજ દૃષ્ટિએ પડી. તેને વંદન કરી પૂછવા લાગ્યા કે;—મારા પિતા ક્યાં છે? આ પલંગ શૂન્ય કેમ દિશે છે? મને ઉતાવળથી શા માટે બોલાવ્યો? એ સર્વ મને સત્વર કહો; કારણ મારા પિતાને જોવામાં ન આવ્યાથી મને ભય અને દુ:ખ થાય છે. માતા કૈકેયી પુત્રને આલિંગન કરી બોલી;—ભરત! સ્વસ્થ થા અને હું કહું તે શ્રવણ કર.

ભરતને મારૂં કહેવું પ્રિય લાગશે એવું ધારી કૈકેયી બોલી;—"સઘળાં પ્રાણીઓ અંતે જે ગતિને પામે છે, તે ગતિ તમારો પિતા પામ્યા છે." ભરત આ શ્રવણ કરતાંજ મૂર્છા પામી પૃથ્વીપર પડ્યા. કૈકેયી આસનાવાસના કરી ધીરજ આપવા લાગી. શુદ્ધિમાં આવતાં વિલાપ કરતા બોલ્યા કે;—મારા પિતા રામને રાજ્યાભિષેક કરતા હશે અગર મોટો યજ્ઞ કરતા હશે. તેથી મને ઉતાવળો બોલાવ્યો હશે, એમ ધારી હું હોંસથી અહીં આવ્યો, પણ આ તો મારા ધારવાથી સર્વ વિપરીતજ થયું! માજી! રાજા ક્યા રોગથી સ્વર્ગવાસી થયા! અહો! રામ લક્ષ્મણ પૂર્ણ ભાગ્યશાળી કે તેના હાથથી પિતાનો અગ્નિ સંસ્કાર થયો! અહો! પિતાને મારા આવ્યાની ખબર પણ ન પડી! હવે રામ ક્યાં છે! હું રાજાને બદલે તેમના ચરણમાં નમન કરૂં. હું રામનો દાસ છું, ધર્મની રીતિ પ્રમાણે **મોટો ભાઇ પિતા સમાનજ** ગણાય છે. હવે રામ વિના મારી બીજી કોઈ પણ ગતિ નથી. મારો પિતા દશરથ અંત કાળે શું બોલ્યા એ કહો. એની હું છેલ્લી શિખામણ સાંભળવાને ઇચ્છું છું. કૈકેયીએ કહ્યું;—રાજા અંતકાળે હે રામ! હે લક્ષ્મણ! હે સીતા! અરે! જે ભાગ્યશાળી હશે, તે તેમને અયોધ્યામાં આવેલાં જોશે! એમ બોલતાં તેણે સ્વર્ગવાસ કર્યો. ભરત વળી આ બીજું અપ્રિય સાંભળી બોલ્યા કે—રામ, સીતા અને લક્ષ્મણ ક્યાં છે? કૈકેયીએ કહ્યું;—

રામ વલ્કલ પહેરી તપસ્વી વેષે સીતા તથા લક્ષ્મણ સાથે દંડકારણ્યમાં ગયા છે. ભરત કહે;—અરે! એ શા માટે? શું તેણે કોઇ બ્રાહ્મણના ધનનું હરણ કર્યું હતું! શું કોઈ નિર્ધન કે ધનવાનને અપરાધ વગર માર્યો હતો? શું કોઇ પરસ્ત્રીનો પ્રસંગ કર્યો હતો? શા માટે દંડકારણ્યમાં મોકલ્યા.? કૈકેયી કહે;—રામે કોઈ પણ જાતનો અપરાધ કર્યો નથી, પરંતું તમો મોસાળ ગયા પછી રાજાએ રામને રાજ્યાભિષેક કરવાનો વિચાર કર્યો, સર્વ સામગ્રી તૈયાર કરી. તે વર્તમાન મારા જાણવામાં આવ્યા. રાજાએ મને પૂર્વે બે વચનો માગવાનું કહ્યું હતું, તે મેં આ વખતે માગ્યાં—એક વચનથી રામ ચૌદ વર્ષ દંડકારણ્યમાં રહે અને બીજા વચનથી તને રાજ્ય પ્રાપ્ત થાય એ બે માગ્યાં. તેથી કરી રામ, સીતા અને લક્ષ્મણ અરણ્યમાં ગયાં અને તે શોકથી રાજા મરણ પામ્યા. માટે તું શોક કરીશ નહિ; કારણ દુર્લભ રાજ્ય પ્રાપ્ત થયું છે. ભરત માતાનાં આ વચન સાંભળી અનિવાર દુઃખ પામી મૂર્છા ખાઈ પડ્યા. થોડી વારે સ્વસ્થ થઇ બોલ્યા કે;—"અરે! હાય હાય! હતપ્રાય થઇ ગયો! હું પિતા સરખા ભાઇથી રહિત થયો! હવે રાજ્યનું શું પ્રયોજન છે? તેં રામને વનમાં મૂકી રાજાના પ્રાણ લીધા. તેથી જેમ વણમાં ક્ષારમાં મૂકે, તેમ મને દુઃખમાં દુઃખ થાય છે. અરે! તેં રામને વનમાં મોકલ્યા એ બહુ ભુંડું કર્યું! તેં આકુળનાં સઘળાં સુખનો વિનાશ કર્યો! તેં મહા દુષ્ટ કર્મ કર્યું! અરે! તું આ કુળનો વિનાશ કરવાને આવી છે કે શું? અરે! તારાં આ કષ્ટકારક કૃત્યથી કૌશલ્યા, સુમિત્રા પણ જીવતાં રહે, એમ હું ધારતો નથી. રામ, કૌશલ્યાની સેવાથી પણ તારી સેવા અધિક કરતા અને કૌશલ્યા પણ તને પોતાની બેનથી પણ અધિક ગણતાં હતાં, તે છતાં તેં આવું કર્મ શા માટે કર્યું? બિચારી કૌશલ્યા જેવી ગરીબ અને સુપાત્ર શોકના પુત્રને જંગલમાં કહાડી, તને પશ્ચાતાપ કેમ થતો નથી? હું રામનો કેવો ભક્ત છું, એ પણ તેં લોભને લીધે વિચાર્યું નહિ. તારા મનોરથને હું કદી પણ સફળ કરવાનો નથી..હું હમણાંજ તને દંડકારણ્યમાં કહાડી મેલું, પણ પુત્ર ધર્મને લીધે કાંઈ કરી શકતો નથી. મોટા ભાઇનો રાજ્યાભિષેક થાય અને બીજા ભાઇઓ તેના સેવક થઇને રહે, એજ સઘળા રાજકુળોની અને વિશેષે કરીને અમારા કુળની પદ્ધતિ છે, તે છતાં તને આ વિપરીત અને નિંદીત બુદ્ધિ કેમ ઉત્પન્ન થઈ? હું તારા મનોરથને પૂર્ણ નહિ કરૂં, એટલુંજ નહિ પણ તરતજ રામને વનમાંથી પાછા પધરાવીને સ્થિર બુદ્ધિથી તેમનો દાસ થઈ રહીશ. અરે! તેં દુષ્ટ બુદ્ધિથી મારી અપકીર્ત્તિ કરાવી! રામને અહીં બોલાવી હું વનમાં રહીશ." ઇત્યાદિ બોલતાં ક્રોધથી આંખો લાલચોળ થઇ ગઈ. ત્યાંથી ભરત કૌશલ્યાને મંદિર આવ્યા.

કૌશલ્યાને વંદન કરી રૂદન કરતા ઉભા રહ્યા. કૌશલ્યા છાતીમાં લઇ રૂદન કરતાં શોક કરવા લાગ્યાં કે;—

श्लोक.

पुत्रत्वयिगतेदूरमेवं सर्वमभुदिदम् ॥
उक्तंमात्राश्रुतंसर्वं त्वयातेमातृचेष्टितम् ॥
पुत्रःसभार्यावनमेवयातःसलक्ष्मणोमेरघुरामचंद्रः ॥
चीरांबरोबद्धजटाकलापःसंत्यज्यमांदुःखसमुद्रमग्नाम् ॥
हारामहामेरघुवंशनाथ जातोसिमेत्वंपरतःपरात्मा ॥
तथापिदुःखंनजहातिमांवैविधिर्बलीयानितिमेमनीषा ॥

(अध्या. रा. स. अयो.)

વળી કહ્યું;—તમને રાજ મેળવવાની જે ઇચ્છા હતી તે કૈકેયીએ ક્રુર કર્મ કરી પાડી છે, તમો પણ મારા પુત્ર છો, તમને રાજ્ય મળ્યું તેનું મને કશું દુઃખ નથી, પણ રામને વનવાસ દેવામાં આવ્યો. તેથી મને મોટું દુઃખ ઉત્પન્ન થાય છે. રાજાના વચનથી તમારો રાજ્યાભિષેક થતાં રામ તમારા રક્ષણમાં તત્પર રહેત, તે છતાં કૈકેયીએ તપસ્વીના વેષથી રામને વનમાં મોકલવામાં શો લાભ જોયો? જ્યાં રામ હોય ત્યાં મને પણ કૈકેયી તરત મોકલી દેતો બહુ સારૂં. રામ તથા પિતાના વિયોગનો શોક હતો તેમાં વળી કૌશલ્યાનો આવો શોક જોઇ ભરતને કેવું લાગ્યું હશે? એની કલ્પના વાંચનારાએજ કરી લેવી. ભરત ગભરાઇને કૌશલ્યાના ચરણમાં પડી વિલાપ કરતા બોલ્યા કે;—"માતાજી! હું નિર્દોષ છું, અહીંના વૃત્તાંતથી તદન હું અજાણ્યો છું, મને શા માટે ધિક્કારો છો? રામ પ્રત્યે મારો સ્નેહ તમારાથી અજાણ્યો નથી. રામ મારે પિતા સમાન છે, જો રામને વનવાસ દેવામાં મારી કોઇ પણ પ્રકારે સંમતિ હોય તો મારી બુદ્ધિ શાસ્ત્રના માર્ગથી ભ્રષ્ટ થજો. અને નીચ ગુલામી કરવાથી, મોટું કામ કરાવી પગાર નહિ આપવાથી, સુપાત્ર રાજાનો દ્રોહ કરવાથી, કર લેવા છતાં પ્રજાનું રક્ષણ નહિ કરવાથી, ધર્મ યુદ્ધમાં પાછી પાની દેવાથી, ગુરૂનું અપમાન કરવાથી, મિત્ર દ્રોહ કરવાથી, કોઇની ગુપ્ત વાત ખુલ્લી કરવાથી, કૃતઘ્ન થવાથી, નિરપરાધ નોકરનો દ્વેષપૂર્વક ત્યાગ કરવાથી, વિષ વગેરે નીચ પદાર્થોનો વેપાર કરી કુટુંબનું પોષણ કરવાથી, આપેલી આશા નિષ્ફળ કરવાથી, પોતાની સ્ત્રીનો ત્યાગ કરી પરસ્ત્રી સેવન કરવાથી, જળાશયને ખરાબ કરવાથી, ખોટી સાક્ષી પૂરવાથી, ઇત્યાદિ દુષ્ટ કર્મો કરવાથી જે પાપ લાગે, તે સઘળાં પાપ એમાં મારી સંમતિ હોય તો મને લાગજો. કૈકેયીએ કરેલાં ક્રુર કર્મમાં મારી કોઇ

પણ પ્રકારે અનુમતિ હોય તો મારૂં થોડી મુદતમાં વાંઝીયાપણામાંજ મરણ થજો." ઘણાં સંતાન, દારિદ્ર, અને જ્વર આદિ વ્યાધિ એકી વખતે પ્રાપ્ત થજો. ઇત્યાદિ કૌશલ્યાના ચરણમાં પડી સોગન ખાધા એ સાંભળી કૌશલ્યાએ કહ્યું કે;—"તમારી બુદ્ધિ ધર્મથી ભ્રષ્ટ થઈ નથી એ બહુ સારૂં છે. દિવસો દિવસ તમારો અભ્યુદય થાઓ." એમ કહી ખોળામાં બેસાડી રૂદન કરવા લાગ્યાં. એટલામાં ગુરૂ વસિષ્ઠે આવી ભરતને ઘણી પ્રકારે સાંત્વન કર્યું. સ્વસ્થ કરી રાજાનો રાજ નિયમ પ્રમાણે અગ્નિ સંસ્કાર કરાવ્યો. ઉત્તર ક્રિયાદિ કરાવી ચૌદમે દિવસે રાજ્યના મુખ્ય માણસો, સર્વ પ્રધાનો અને પ્રજા જનોની સભા મળી ભરતને અભિષિક્ત થઈ રાજ્યનો સ્વીકાર કરવાની અરજ કરી. ત્યારે ભરતે કહ્યું કે;—"મોટો ભાઈ રાજા થાય એવી અમારા કુળની પરંપરાથી ચાલતી આવેલી મર્યાદા છે, તમે વિદ્વાન છો. તેથી તમારે મને આ પ્રમાણે કહેવું યોગ્ય નથી. રામ રાજા થશે, અને હું ચૌદ વર્ષ સુધી દંડકારણ્યમાં રહીશ. રામને વનમાંથી પાછા તેડી લાવીશ, મારી માની ઇચ્છાને હું કદી પૂર્ણ કરવાનો નથી." ભરતના આ વચન સાંભળી લોકોએ તેને અભિનંદન પૂર્વક આશિર્વાદ આપ્યો. સર્વના નેત્રોમાંથી અશ્રુત જળની ધારા ચાલી નીકળી, આખી નગરીમાં આનંદ વર્તિ રહ્યો. પછી ભરત, શત્રુઘ્ન, કૌશલ્યા, સુમિત્રા, કૈકેયી અને વસિષ્ઠાદિ સર્વ સૈન્ય સાથે રામ પાસે જવા નીકળ્યાં. પ્રથમ શૃંગવેર નગરીના ગુહ રાજાને મળ્યા. એની પાસે રામના ખબર પૂછતાં તેણે જણાવ્યું કે, રામ લક્ષ્મણ જટા ધારણ કરી અહીંથી ચાલ્યા. આ સાંભળતાંજ ભરત પોતાના ધારેલા કાર્યમાં સંકટ આવ્યું જાણી મૂર્છા પામ્યા. શત્રુઘ્ન તેમને આલિંગન કરી રોવા લાગ્યા, ગુહ ધ્રુજવા લાગ્યો. રોવાનો શબ્દ સાંભળી કૌશલ્યા વગેરે માતાઓ કાંઈ વિપરીત થયું જાણી દોડી આવી. થોડી વારે સર્વ શાંત થઇ બેઠાં. ગૃહને રામ સંબંધી વાત કરવાનું કહેતાં તે બોલ્યો કે;—

રામ અહીં રાત રહ્યા હતા, ખાવાના પદાર્થો તેમને સારૂ હું લઈ ગયો હતો, પણ **"અમોને દેવાનો અધિકાર છે, પરંતુ પ્રતિગ્રહ કરવાનો અધિકાર નથી."** એમ વિવેકપૂર્વક કહી સર્વ પાછું વાળ્યું. ત્રણે જણ કેવળ ગંગાજળ પીનેજ રહ્યાં હતાં. એ જળ લક્ષ્મણ જાતે જઇને ગંગામાંથી ભરી લાવ્યા હતા. ત્યાર પછી આ ઇંગોળીઆના વૃક્ષ નીચે ખડની શય્યા બિછાવી રામ સીતાના ચરણ ધોઈ લક્ષ્મણ ત્યાંથી ખસી ગયા હતા અને ધનુષ બાણ ધરી આખી રાત્રિ મારી સાથે રામના રક્ષણ માટે ફરતા હતા. જે શય્યાપર રામ સીતા સૂતાં હતાં, તે આ રહી, એ મેં બંદોબસ્તથી સાચવી રાખી છે. એ સાંભળી સર્વે શય્યા જોવાને ઇંગોળીઆના વૃક્ષ નીચે ગયાં. એ

શય્યા જોઈ ભરત માતાઓને કહેવા લાગ્યા કે;—" અહો ! મહારાજ દશ-રથના પાટવી કુમારને પણ સઘળાં રાજસુખોથી ભ્રષ્ટ થઇ ઘાસના બિછા-નાપર સૂવાનો વખત આવ્યો! તેથી હું માનું છું કે કોઈ દેવ પણ કાળથી અધિક બળવાન નથી. જરીના તાંતણા અને સોનાના ચાંદલાઓ આ ખડ-માં લાગી રહ્યા જોવામાં આવે છે. તેથી હું ધારૂં છું કે સીતાજી શણગાર સહીત આ શય્યાપર સૂતાં હશે. પતિની શય્યા કોમળ કે કઠણ ગમે તેવી હોય, પણ પતિવ્રતા સ્ત્રીઓને તો તે સુખદાયજ જણાય છે. અરે! મારે વાસ્તે રામ સીતાને રાંકની પેઠે આ શય્યામાં સૂવું પડયું! માટે મારા જ-ન્મને ધિક્કાર છે, આવા શય્યનપર તેમને નિદ્રા શી રીતે આવી હશે? લ-ક્ષ્મણ તથા સીતા પૂરાં ભાગ્યશાળી છે કે એ આ વિષમ સમયમાં પણ રામની સેવા કરે છે. મારા જેવો કમનશીબ કોઇ પણ નથી કે હજુ સુધી પણ મને રામની સેવા મળવાનો સંશય છે. રામના પ્રતાપથીજ અયોધ્યા હજુ શત્રુઓના દબાણ તળે આવી નથી. પ્રતાપી રામ વિના બીજો રાજ્યને લાયક કોણ છે? કોઈ નથી." ત્યાંથી ચાલી સર્વે ભરદ્વાજને આશ્રમે આવ્યા. તેમનાં દર્શન કરી રામના સમાચાર મેળવ્યા. ત્યાંથી ચિત્રકૂટ પર્વતપર આ-વ્યા. ભરત, શત્રુઘ્ન પગે ચાલતા સર્વેથી આગળ ચાલ્યા, છેટે વૃક્ષોની ઘાટી ઘટ્ટામાં ધૂણીમાંથી ધૂમાડો નીકળતો દીઠો, એપરથી ધાર્યું કે રામનો આશ્રમ નજીક હોવો જોઇએ. ત્યાંથી ભરત ઉતાવળે પગે ચાલતા કહેવા લાગ્યા કે;— હાય! હાય! સિંહાસનપર બેસવાવાળા રામ મારે વાસ્તે કષ્ટ પામી અહીં ભૂમિપર બેઠા હશે! આજ હું રામ સીતાના ચરણમાં પ્રણામ કરીને લોકો તરફના ધિક્કારથી મુક્ત થઇશ. આગળ ચાલતાં રામની પર્ણશાળા જોવામાં આવી. તેમાં સીતાને લક્ષ્મણની સાથે દર્ભાસનપર બિરાજેલા જટાના મંડ-ળથી શોભિ રહેલા, કાળિયાર મૃગના ચર્મને તથા વલ્કલને ધરનારા, અગ્નિ જેવા તેજસ્વી અને કમળ જેવા નેત્રોવાળા રામચંદ્રજી પણ જોવામાં આવ્યા. ત્યાં રામને જોતાંજ તેમના ચરણમાં પ્રણામ કરવા માટે ભરત દોડયા, પણ અપાર દુઃખને લીધે ચરણ સુધી નહિ પહોંચી શકતાં વચમાંજ પડી ગયા. દુઃખથી બહુજ ગભરાયેલા ભરત આંસુઓથી કંઠ રોકાઈ જવાને લીધે, તે વખતે "**મોટાભાઇ !**" એટલુંજ બોલી શક્યા. રામના નેત્રોમાંથી પણ આં-સુઓ વહેવા લાગ્યાં. પછી રામે ભરતને આલિંગન કરી પ્રેમપૂર્વક બેસાડી પૂછયું કે;—'આપણા પિતા ક્યાં છે? તમે રાજ્યને છોડી જટા અને મૃગ-ચર્મને ધારણ કરી શા કારણથી અહીં આવ્યા છો?'

ભરતે કહ્યું;—'પિતા મારી માના કહેવાથી ન કરવાનું કામ કરી, ત-મારા વિયોગથી પીડાઈ સ્વર્ગવાસી થયા છે. મારી મા રાજ્યના ફળને નહિ

પામતાં વિધવા થઇ બેઠી અને તેણે મોટું પાપ કર્મ કર્યું છે, તેથી અધોગતિને પામશે. હું આપનો ભાઈ, શિષ્ય અને દાસ છું. મારાપર કૃપા કરી આપ આજેજ રાજ્યાભિષેકનો સ્વીકાર કરો. વિધવા માતાઓ, મંત્રિઓ, અને પ્રજા સર્વે પ્રાર્થનાને વાસ્તેજ આપની પાસે આવેલ છે. આપના કુળમાં મોટા ભાઇનેજ રાજ્ય મળવાની પદ્ધતિ છે. માટે આપ રાજ્યનો અંગીકાર કરી સ્નેહીઓના મનોરથોને પૂર્ણ કરો અને પૃથ્વીને અવિધવા કરો." આ પ્રમાણે કહેતાં ભરતે બીજીવાર રામના ચરણમાં માથું મૂક્યું. રામે પિતાના સ્વર્ગવાસના ખબર સાંભળી કલ્પાંત કર્યો. બીજે દિવસે ભરસભામાં ભરતે કહ્યું કે;—રામચંદ્રજી! મહારાજા દશરથે પ્રથમ રાજ્ય આપીને મારી માને રાજી કરી, મારી માએ એ રાજ્ય મને આપ્યું અને હવે હું એ રાજ આપને આપુંછું. માટે આપ એનો સ્વીકાર કરો. આપ પિતાની આજ્ઞાને પાળી ચૂક્યા છો, હવે રાજ્ય કરવામાં કશો દોષ નથી. ઘોડાનું કામ કરવામાં ગધેડાની શક્તિ નથી, અને ગરૂડનું કામ કરવામાં કાગડાની શક્તિ નથી; તેમ આપનું કામ કરવામાં મારી શક્તિ નથી. લોકોનું રક્ષણ કરવાને વાસ્તે મહારાજા દશરથે આપનેજ ઉછેર્યા છે. આપ તે રક્ષણને લાયક સર્વ ગુણ સંપન્ન છો, તે છતાં આપ જો લોકોનું રક્ષણ ન કરો, તો મહારાજા દશરથનો પ્રયાસ વ્યર્થ ગયો ગણાયજ. મોટા પ્રયાસથી ઉછરેલું ઝાડ ફૂલ દેખાડી અંતે ફળને ન દેખાડે, તો એ કહેવું કહેવાય?" રામે કહ્યું;—ભરત! શોકને છોડી દઈ શાંત થાઓ. અને પિતાની આજ્ઞા પ્રમાણે અયોધ્યામાં જઇ રાજ્ય કરો. હું પણ પિતાની આજ્ઞા પ્રમાણેજ ચાલીશ. ભરત કહે;—વિદ્યા, દરજ્જો, અને જન્મથી પણ હું તમારાથી કનિષ્ઠ છું. આપ વિદ્યમાન છતાં મારાથી શી રીતે રાજ્ય કરી શકાય? સઘળી રીતે કનિષ્ઠપણાને પ્રાપ્ત થયેલો હું આપ વિના જીવી પણ ન શકું. આપ અહીંજ અભિષેક કરાવીને અમારી સાથે અયોધ્યામાં ચાલો અને મારી મા તથા મને કલંકમાંથી મુક્ત કરો. જો મારી માગણી નહિ સ્વીકારતાં વનમાંજ રહેશો તો હું પણ અયોધ્યામાં નહિ જતાં આપની સાથેજ રહીશ. ઇત્યાદિ પ્રકારે દીનપણાથી પ્રાર્થના કરી; ત્યારે રામે કહ્યું કે;—તમો ક્ષમાવાન છો, રાજ્યનું પાલન કરવામાં સમર્થ છો, એવી મને ખાત્રી છે. માટે હું કહુંછું કે હાલ નહિ પણ ચૌદ વર્ષ પૂરાં થયા પછી વનમાંથી આવી તમારી સાથે રાજ્ય ભોગવીશ. હાલ તો તમારેજ રાજ્ય ચલાવવું. આ સાંભળી ભરતે કહ્યું કે;—ચૌદ વર્ષ સુધી આપના નામથી રાજ્ય કોઇના હાથમાં સોંપો. આપનું રાજ્ય કહેવાય એટલે પછી જેને સોંપશો, તે પણ આપના પ્રભાવથી પાલન કરી શકશે. ઇત્યાદિ પ્રકારે કહેવાથી વસિષ્ઠની આજ્ઞા પ્રમાણે ભરતે રામની આગળ બે

સોનાની પાદુકા ધરી, રામે તે પાદુકાપર ચરણ ધર્યાં, પછી ઉતરીને તે પાદુકા ભરતને સોંપી. ભરતે તે પાદુકાને પ્રણામ કરી રામને કહ્યું કે; સઘળો રાજ્યાધિકાર આ પાદુકાઓને સ્વાધીન કરી હું ચૌદ વર્ષ પૂરાં થતાં સુધી આપના જેવાજ વેષે અયોધ્યા બહાર રહીશ. ફળ, ફૂલ, કંદ, મૂળ ખાઇને જીવીશ અને આપના પધારવાની રાહ જોઇશ. ચૌદમા વર્ષને છેલ્લે દિવસે જો મને આપનાં દર્શન નહિ મળેતો હું તે વખતેજ અગ્નિમાં પ્રવેશ કરીશ.

પછી ભરત રામ સીતાને પ્રણામ કરી સર્વને તેડી અયોધ્યા આવ્યા. પાદુકાઓને અભિષેક પૂર્વક સિંહાસનપર સ્થાપન કરી, રાજ્યનો બંદોબસ્ત કર્યો, શત્રુઘ્નને રાજ્ય વ્યવસ્થા કરવા રાખ્યા. અને પોતે માથે જટા રાખી યોગી વેષે કંદ, મૂળ અને ફળ, ફૂલ ખાઈ ચૌદ વર્ષ પૂરાં થયાની વાટ જોતા અયોધ્યાની બહાર નંદી ગામમાં રહ્યા. નિત્ય રામની પાદુકાઓની પૂજા કરતા હતા, જ્યારે હનુમાન લક્ષ્મણને મૂર્છામાંથી ઉઠાડવા ઔષધી સહિત દ્રોણાચળ પર્વતને લઈ જતા હતા, ત્યારે ભરતે તેના પગમાં બાણ માર્યું હતું—એમ સમજીને કે કોઈ રાક્ષસ રામને મારવાને પર્વત લઇ જાય છે. એના બાણથી હનુમાનનો એક પગ ખોડો થયો હતો. પછી હનુમાન રામનો ભક્ત છે, એ વાત ભરતે જાણી, ત્યારે તેણે પોતાના બાણપર બેસાડી હનુમાનને દ્રોણાચળ પર્વત સહિત સૂર્યોદય થતાં પહેલાં લંકા આગળ પહોંચાડ્યા હતા. એવા એ પ્રતાપી અને બાણાવળી હતા. જ્યારે રામ ચૌદ વર્ષ પૂરાં થતાં અયોધ્યામાં આવવા નીકળ્યા, ત્યારે છેલ્લે દિવસે ત્યાં પહોંચવાનું હતું, કેમકે નહિતો ભરત અગ્નિ પ્રવેશ કરે તેમ હતું. તેથી રામે પ્રથમ હનુમાનને ભરતને ખબર આપવા મોકલ્યા. હનુમાને જઇ ભરતને ખબર આપ્યા કે રામ આવે છે. એવા ખબર સાંભળી ભરત હર્ષ પામ્યા અને એ વધામણીમાં ભરતે હનુમાનને સો ગામ અને બીજું કેટલું અમૂલ્ય ઇનામ તરીકે આપી કહ્યું કે, અહો ! આજે મારા નાથ પધારે છે ! જીવતા માણસને સો વર્ષે પણ આનંદ થાય છે એ કહેવત સાચી છે. પછી ભરત ધામધૂમથી રામની સામે ગયા, પોતે રામની પાદુકાઓ શીરપર લીધી, એ માથે ધોળું રાજછત્ર ધર્યું અને પોતે મંત્રિઓની સાથે પગે ચાલતા રામને ભેટ્યા. પ્રણામ કરી રામના ચરણમાં પોતાના હાથથી પાદુકાઓ પહેરાવી કહ્યું કે;—"મારી પાસે થાપણ રૂપે રહેલું આપનું આ સઘળું રાજ સંભાળો. આજ મારો જન્મ અને મનોરથ સફળ થયો." ઇત્યાદિ કહી રાજમંદિરમાં તેડી લાવ્યા. રામે રાજ્યાભિષેક થતી વખતે ભરતને યુવરાજ પદ આપ્યું હતું. ભરત રામના આજ્ઞાકારી થઈ રાજ્યનાં કામો કરતા હતા. ગાંધર્વ દેશના ગંધર્વો ઉન્મત્ત થઇને ત્યાંની પ્રજાને પીડા કરતા હતા. ત્યાં

રામની આજ્ઞાથી ભરત પોતાના બે પુત્રો **તક્ષ** અને **પુષ્કર** સાથે સૈન્ય લઈ ગયા અને ગંધર્વોનો પરાભવ કર્યો હતો. એ દેશ પોતાને સ્વાધીન કરી ત્યાં પોતાના પુત્ર તક્ષના નામપરથી **તક્ષ શિલા** નામની નગરી વસાવી અને એ દેશની રાજધાની કરી ત્યાં રાજ્ય કરવાને તક્ષને સ્થાપિત કર્યો તથા નાના પુત્ર પુષ્કરના નામપરથી **પુષ્કલાવત** અથવા **પુષ્કરાવતી** નામે નગરી વસાવી એની ગાદીપર પુષ્કરને સ્થાપિત કર્યો હતો. એ રીતે એ દેશની વ્યવસ્થા કરી અયોધ્યામાં આવ્યા. રામે કારૂપથ દેશમાં **ચંદ્રકાંત** નામે નગરી વસાવી, ત્યાં લક્ષ્મણના પુત્ર **ચંદ્રકેતુને** સ્થાપિત કર્યો હતો. ઈત્યાદિ પ્રકારે ધર્મ નીતિથી ચાલી ભરત રામચંદ્રની સાથેજ નિજ ધામે ગયા હતા. અહો! ભરતે રાજ્ય પદનો લોભ ન રાખતાં, રામના પાછા આવતાં સુધી યોગી રૂપે રહી કંદ-મૂળ અને ફળફુલ ખાઈ રામની પાદુકાની સેવા કર્યા કરી હતી. એ તેની પરમ બંધુ ભક્તિ અને કુલીનતાનો વિવેક ખરેખર સ્તુતિ પાત્ર છે. ધન્યછે ધર્મ વીર ભરતને!! ભાઈઓ તો તેના જેવાજ જોઇએ.

શ્રીરામચંદ્રનાપરમભક્ત.

મહાવીર—હનુમાન્.

આ અલૌકિ દૈવીપુરૂષ કોણ? આ આપણા પરમપૂજ્ય અતિ લોકપ્રિય પ્રબળ પરાક્રમી હનુમાન્, **અંજનીના** પુત્ર, અંજનીને આ પુત્ર અતિ તપશ્ચર્યાનું ઇચ્છાનુસાર ફળ અને શિવના વરદાને મરૂત—વાયુદેવની કૃપા પ્રસાદી હતી. તેથી એ **વાયુપુત્ર, પવનકુમાર,** મરૂતપરથી **મારૂતિ,** અતિવીરતાથી **વીર,** વજ્રઅંગથી **બજરંગ,** અખંડ બ્રહ્મચર્યથી **બ્રહ્મચારી,** અને હનુ-પગ હણાયાથી **હનુમાન્** ઇત્યાદિ નામથી પ્રસિદ્ધ છે. જે ભારત ભૂમિની આર્ય પ્રજાના સંકટ હારી આરાધ્ય અને પૂજ્ય દેવ ગણાય છે. જેના નામનો મંત્ર પ્રયોગ કાર્ય સિદ્ધિ માટે કરવામાં આવે છે. જે સ-જ્જનોના સંરક્ષક અને દુષ્ટોના સંહારક ગણાય છે, જેઓ ઇંદ્રાદિ દેવો અને રામ સિતાના વરદાનથી ચિરંજી છે અને જેનું ચરિત્ર અદ્ભૂત વીરતાથી ભરેલું છે. એવા વીર હનુમાન જન્મતાંજ ત્રણસો યોજન ઉડ્યા હતા અને સૂર્યને ફળ સમજી ગ્રહણ કરવા સૂર્ય મંડળ તરફ ચાલ્યા હતા. એવી તેની અદ્ભૂત શક્તિ જોઇ ઇંદ્રે એ વખતે તેની સાથે યુદ્ધ કર્યું, તેમાં ઇંદ્ર મૂર્છા પામ્યા. શુદ્ધિમાં આવી પોતાનું વજ્ર હનુમાનપર ફેંક્યું, તેનીથી તેનો હનુ-પગ ભાંગ્યો અને ભૂમિપર આવી પડ્યા. એવામાં વાયુએ આવી તેને છાતી સાથે દાબી સાવધ કર્યા અને આ બાળક જોડે યુદ્ધ કરવાથી ઇંદ્રને

ઠપકો આપતાં ઘણો ગુસ્સો કર્યો. તેથી ઇંદ્રાદિ દેવોએ હનુમાનને—"ચિરંજીવી અને વજ્ર શરીરના થાઓ, તમને વ્યાધિ, ભય થશે નહિ." એવું વરદાન આપ્યું. ત્યારથી એ હનુમાન્ નામે પ્રસિદ્ધ થઈ ચિરંજીવી છે.

હનુમાન્ અતિ શૂરા, ઉદ્યોગી, જબરજસ્ત, મહા બળવાન, બુદ્ધિવાન, પરાક્રમી, ચતુર, વિદ્વાન, કરૂપા, બહુરૂપી, વિવિધ વેશ ધારણ કરવામાં એક્કા, નાટકી, ચર્ચા જોઈ જાણનાર, હિંમતવાન, ઉત્સાહી, રાજભક્ત, નીતિવાન, ધાર્મિક, ઇજનેરી કામમાં કુશળ અને વિજયી હતા. એને સુગ્રીવ સાથે અત્યંત મિત્રાચારી હતી, હમેશાં તેમનીજ સાથે રહેતા હતા. એની ગણના સુગ્રીવે પોતાના પ્રધાનમાં કરી હતી; કેમકે એ મહા બળવાન, મોટા બુદ્ધિશાળી અને અતિ પ્રમાણિક હતા. સુગ્રીવ પોતાના કનિષ્ટ બંધુના ભયથી હનુમાન્ વગેરે સાથે ઋષ્યમૂક પર્વતપર રહેતો હતો. એક વખતે રામ લક્ષ્મણ સીતાની શોધ કરતા પંપા સરોવર પાસે આવ્યા. સુગ્રીવ તેને કોઇ વાલી તરફનો દુશ્મન જાણી ભય પામ્યો. માટે એ કોણ છે? શા હેતુએ આવ્યા છે? એ તપાસ કરવાને હનુમાનને મોકલ્યા. હનુમાને બટુકરૂપે એ પાસે જઈ પૂછ્યું કે;—તમે કોણ છો? શા કારણે આવ્યા છો? તમે કોઇ દિવ્ય પુરૂષો દિશો છો, રાજ્યચિન્હ આદિ તમારૂં અંગ સ્પષ્ટ દર્શાવી આપે છે કે તમો કોઈ ત્રૈલોક્યનું સંરક્ષણ કરવાને સમર્થ છો, એવાં તમારાં શસ્ત્રાસ્ત્ર સતેજ દિશે છે, તમારાં શરીર અલંકાર ધારણ કરવાને યોગ્ય છે, પરંતુ તે નધરતાં તાપસ વેશે શા કારણથી છો? આ ઋષ્યમૂક પર્વત દેખાય છે, એપર સુગ્રીવ નામે વાલીના જ્યેષ્ઠ ભ્રાતા દુઃખિત થઇને રહે છે. તેને આપની સાથે મિત્રાચારી કરવાની ઇચ્છા છે. તે કારણથી મને મોકલ્યો છે, હું તેનો પ્રધાન છું અને મારૂં નામ હનુમાન્ છે. ઇત્યાદી બોલી સ્તબ્ધ થયા. રામને તેમનાં આવાં વચનો સાંભળી ઘણો સંતોષ થયો. તેથી લક્ષ્મણને કહ્યું કે;—'લક્ષ્મણ? આ બટુકનું ભાષણ સાંભળ્યું કે ના? એના ભાષણમાં અશુદ્ધ શબ્દ એકે નથી, એપરથી જણાય છે કે તેણે વ્યાકરણ શાસ્ત્રનો સારો અભ્યાસ કરેલો છે,' એમાં સંશય નથી. સમગ્ર ભાષણ શુદ્ધ હોવાથી એની માધુર્યતા કેવી છે? એવા પ્રધાન જે રાજાની પાસે હોય તેની કાર્યસિદ્ધિ કેમ ન થાય? થાયજ." ઇત્યાદી બોલી રામે તેને પોતાનો સર્વ વૃત્તાંત કહ્યો. સુગ્રીવને મિત્રાચારી કરવાની ઇચ્છા છે, તો અમે આવીએ છીએ. હનુમાન તેમનું પવિત્ર હૃદય જોઇ હર્ષ પામ્યા. આનંદથી પોતાનું બટુકરૂપ ત્યાંજ તજી દઇને મૂળ સ્વરૂપ ધારણ કર્યું. પછી બંનેને પોતાના સ્કંધપર બેસાડી સુગ્રીવ પાસે તેડી લાવ્યા. રામ અને સુગ્રીવે મિત્રાચારી બાંધી. રામે વાલીને મારી સુગ્રીવને કિષ્કિંધામાં રાજ્યાભિષેક કર્યો. ચાતુર્માસ

પછી સુગ્રીવે સીતાની શોધ માટે અંગદના પ્રમુખપણા નીચે હનુમાન્ સહિત દશ વાનરોને મોકલ્યા. તેમાં રામે હનુમાનને ચતુર અને બળવાન જોઈ પોતાના નામની મુદ્રિકા—વીંટી સીતાને નિશાની દેખાડવા આપી હતી. એ સર્વે દક્ષિણ તરફ શોધ કરતા ચાલ્યા. હનુમાને કંડુક ઋષિના અરણ્યમાં એક રાક્ષસને માર્યો. ત્યાંથી સર્વ સમુદ્ર કિનારે આવ્યા. સમુદ્ર ઓળંગવો મુસ્કેલ હતો, શોધ કરતાં એક માસ થવા આવ્યો હતો, પણ કશો પતો લાગ્યો નહોતો. તેથી અંગદે નિરાશ થઇ પ્રાણ ત્યાગ કરવાનો નિશ્ચય કર્યો હતો. તેટલામાં પક્ષીરાજ સંપાતીએ આ સર્વને દીઠા, ભક્ષ મળ્યો ધારી એ ગુફામાંથી બહાર નીકળ્યો. એ જોઇ અંગદે સર્વને કહ્યું કે, આપણે જે કાર્ય માટે નીકળ્યા છીએ, તે કાર્ય તો પાર પડી ન શકતાં આ પક્ષીરાજ આવે છે, તેના મુખમાં નિઃસંશય પડીને મરણ પામીશું, પરંતુ આપણને ધિક્કાર છે કે, જેવી રીતે જટાયુ રામ કાર્યાર્થ મરણ પામ્યો, તેવી રીતે આપણને મરણ થાય તો સારૂં, પણ હવે શો ઉપાય? એવો પ્રસંગ મળવો જોઇએ. આ ભાષણ સંપાતીને કાને પડયું. સંપાતી જટાયુનો ભાઇ હતો. તે આ સાંભળતાંજ તરત પાસે આવ્યો અને અંગદને પૂછ્યું કે;—મારા કનિષ્ટ ભાઇનું નામ આજે મેં ઘણાં વર્ષે સાંભળ્યું. અમે ઘણો વખત થયાં છૂટા પડ્યા છીએ. તમે આ વાત કરનાર કોણ છો? અને શા માટે આવ્યા છો? અંગદે નમ્રપણે કહ્યું, અમને સુગ્રીવે સીતાની શોધ માટે મોકલ્યા છે, હજુ ક્યાંય શોધ લાગ્યો નથી. માટે અમે મરવાનો નિશ્ચય કર્યો છે. જટાયુ રામ કાર્યાર્થ મરણ પામ્યો. એવી રીતે અમને મરણ આવ્યું નહિ, એજ મોટો ખેદ છે. પછી સંપાતીએ પોતાનો અને જટાયુનો સર્વ વૃત્તાંત કહ્યો અને કહ્યું કે;—તમો સમુદ્ર ઓળંગવાનો વિચાર કરો, સીતા લંકાના અશોક વનમાં શોક કરતાં બેઠાં છે. ઇત્યાદિ ખબર આપી ચાલતો થયો. અંગદે કોનામાં કેટલું બળ છે એ તપાસવા સર્વને પૂછ્યું. એપરથી ગજ, ગવાક્ષ, શરભર, ઋષભ, ગંધમાધન, દ્વિવિદ, સુષેણ અને જાંબુવાન એ સર્વેએ અનુક્રમે પોતાની ઉડવાની શક્તિ કહી બતાવી, પણ તેમાં કોઈની એવી શક્તિ જણાઈ નહિ કે, સમુદ્ર ઓળંગીને જઇ પાછો આવે. એપરથી છેવટ અંગદ અને જાંબુવાન જ્યાં હનુમાન્ બેઠા હતા ત્યાં આવ્યા અને તેમના પરાક્રમનું વર્ણન કરી બતાવી કહ્યું કે, સીતાની શોધ કરી સર્વને પ્રાણદાન દેવાવાળા તમારા સિવાય કોઈ નથી. માટે વિલંબ ન કરતાં લંકામાં જાઓ અને સીતાની શોધ કરી સત્વર આવો.

હનુમાન્ તેમની પ્રાર્થનાથી તરત તૈયાર થયા, ઉડવાના સાધન માટે મોટું રૂપ ધારણ કરી મહેંદ્ર પર્વતપર જઈ ઉભા રહ્યા. પછી હૃદયસ્થ રહેલા

સર્વ વ્યાપી જે પરમાત્મા તેની ચરાચર વિભૂતિને નમસ્કાર કરી લંકા જ-વાને ઉઠ્યા. સમુદ્રમાં સિંહિકેનો નાશ કરી લંકાની બહાર ઉતર્યા. રાત પડતાં સૂક્ષ્મરૂપ ધરી લંકામાં પ્રવેશ કર્યો, લંકાના દેવતાઓએ તેને જવાનો પ્રતિબંધ કર્યો, પણ હનુમાન તેમના ગાંજ્યા જાય તેવા નહોતા, તેઓ તેમનો પરાભવ કરી લંકાની અલૌકિક શોભા નિહાળતા આગળ ચાલ્યા. રાજમાર્ગ જોયા, નાના પ્રકારની ગોપુર, અનેક ઉપવન, ક્રિડાસ્થાન, કોશાગાર, અશ્વ, રથ, ગજ, પદાતિ, શસ્ત્રાસ્ત્રગૃહ, યાનગૃહ, એ સર્વે અવલોકન કરીને અતિ વિ-સ્તીર્ણ રાજમહેલમાં રાવણનું મંદિર જોયું, ત્યાં રાવણ પોતાની સ્ત્રી સાથે પલંગપર પોઢેલો હતો. એ જોઇ બહાર નીકળ્યા. બીજે ક્યાંય ન જતાં સં-પાતીના કથા પ્રમાણે જે અશોક વનમાં સીતા હતાં, ત્યાં આવ્યા. આ વન પ્રથમ જોવા લાગ્યા. ત્યાં અનેક પ્રકારનાં ભવ્ય મંદિરો, અનેક વાવો, ત-ળાવો, ફુવારાઓ અને ફળ, ફૂલથી યુક્ત લાખો જુદા જુદા પ્રકારનાં વૃક્ષો—આદિ લંકાનું ઐશ્વર્ય જોઇને અતિ વિસ્મય થયા. ત્યાં એક શિશમના વિ-સ્તીર્ણ વૃક્ષ નીચે ઘણી રાક્ષસીઓની ચોકીમાં પીતવસ્ત્રવાળી, ઉપવાસથી દુર્બળ થયેલી, દુઃખિત અને ધ્યાનસ્થ એવી દિવ્ય તેજસ્વી સ્ત્રીને દીઠી. તેના તેજથી, અને મુખ્યત્વે દુઃખિત મુખે જોઇને આજ **સીતા** છે એવો નિશ્ચય કરી પરમ હર્ષ પામ્યા. પછી એ શિશમના વૃક્ષપર બેસી મનમાં કલ્પના કરવા લાગ્યા કે, રામને સીતા માટે શોક થાય એ યથાર્થ છે, કારણ તેવીજ તેજસ્વી, ગુણવંત, પતિવ્રતા, રૂપસુંદર અને દેવી જેવી દિસે છે. એમ વિચાર કરતાં પ્રાતઃકાળ થવા આવ્યો, ત્યાં રાવણ કેટલીક રા-ક્ષસીઓની સાથે સીતા પાસે આવ્યો. એ આવી શું કરે છે અને શું બોલે છે એ સર્વ ચિકિત્સા જોતા, એજ વૃક્ષપર હનુમાન બેસી રહ્યા. રાવણે સી-તાને પોતાના ઐશ્વર્યનું વર્ણન કરી વશ થવાની પ્રાર્થના કરી. સીતા તો નીચે મુખે ધ્યાનસ્થ બેઠાં હતાં. તે માત્ર એટલુંજ બોલ્યાં કે; "તારે અનેક સ્ત્રીઓ છે, તું મારી ઇચ્છા ન કર, હું કદી તારે વશ થવાની નથી, જો તારા કલ્યાણની ઇચ્છા કરતો હોય, તો તું મને હજુ પણ સત્વર રામચં-દ્રજીને સ્વાધીન કર. નહિતો તારો વિનાશકાળ નજીક આવ્યો સમજ." ઇ-ત્યાદિ તિરસ્કાર વચનથી રાવણ ક્રોધાયમાન થઇ ખડ્ગ લઇ મારવા દોડ્યો, પણ ધાન્યમાલીની નામે રાક્ષસીએ આડાપડી સમજાવી શાંત કર્યો. એટલે બે માસમાં મારે સ્વાધીન નહિ થાય, તો તારા કટકા કરી મારા ખોરાકમાં વાપરીશ. એવાં વચન બોલી ચાલ્યો ગયો. પછી સંરક્ષણ માટે રહેલી રા-ક્ષસીઓ પણ સીતાને પજવવા લાગી. તેથી સીતાએ રૂદન કરતાં તેમને કહ્યું કે;—મારા પગના અંગુઠાને પણ કોઇ સ્પર્શ કરવા શક્તિમાન નથી,

તો મારા શરીરને કોણ સ્પર્શ કરી શકે તેમ છે? ઇત્યાદિ બોલ્યાં. ત્યાં ત્રિજટા નામે રાક્ષસીએ આવી સર્વ રાક્ષસીઓને ધમકાવી દૂર કરી લઇ ગઇ. સર્વ સ્વસ્થ થયાં છે. કોઇની નજરે પડે તેમ નથી, એવો લાગ જોઈ સીતાએ મરવાને માટે પોતાની દીર્ઘ વેણુ છોડી ગળામાં ફાંસો નાખવાનો વિચાર કર્યો. ત્યાં તેનું ડાબું નેત્ર અને ડાબી ભૂજા ફરકવા લાગ્યાં. હનુમાન શિશમના વૃક્ષપર બેસી સર્વ જોયા કરતા હતા. એ રાવણ અને સર્વ રાક્ષસીઓને ધારે તો એજ વખતે મારી નાખે તેવા હતા, પણ ઉંડા હેતુને લીધે ઉતાવળ નકરતાં, ધૈર્ય ધરી કાર્ય પાર ઉતારવા બેસી રહ્યા હતા. તેણે સીતાને ગળે ફાંસો નાંખતાં જોઈ વિચાર્યું કે, હવે જોઈ રહેવાનો વખત નથી. આ વખતે જો સીતાનું સાંત્વન નહિ કરૂં તો નિશ્ચે એ પ્રાણ તજી દેશે, પરંતુ તેનું સાંત્વન શી રીતે કરવું? જો પ્રકટ થાઉંતો એ રાક્ષસી માયા જાણી વિશ્વાસ નહિ કરશે તો! વળી મને જોઇ રાક્ષસીઓ રાવણને ખબર આપશે તો હજારો રાક્ષસો મારાપર ધસી આવશે, તેની તો કશી બીક નથી, પણ તેથી મોટો શ્રમ પડશે. માટે હું જે કાર્ય માટે આવેલો છું તે પાર ઉતારવા યુક્તિ કરવી એ વધારે શ્રેયકર છે. એવો નિશ્ચય કરી સૂક્ષ્મ રૂપથી સીતાને ઉદ્દેશી રામ ચરિત્ર ગાઇ સ્તબ્ધ થયા. સીતા આવી અમૃતમય વાણી સાંભળી વિસ્મય થયાં; કારણ અહીં આજ સુધી આવી વાણી સાંભળી નહોતી, કે સ્વપ્નમાં પણ જાણેલી નહોતી. અહા! આ મારા કર્ણને પવિત્ર કરનારી મધુર વાણી ક્યાંથી આવે છે? એમ કહી વૃક્ષપર જોઈ કહ્યું, અરે! આ પ્રસંગે મને અમૃત તુલ્ય રામ ચરિત્ર કોણ શ્રવણ કરાવે છે? એ મહાત્મા મારા અભાગ્યાં ને દૃશ્ય થાઓ? એટલામાં હનુમાને પ્રત્યક્ષ આવી વંદન કર્યું. તેમને જોઇ સીતાએ ગળાનો ફાંસો છોડી નાંખ્યો, કેટલીક વાત કરી, પણ એવા વિચારમાં પડ્યાં કે રખેને એ રાક્ષસી માયા હોય! પૂર્વે જેમ રાવણ ભિક્ષુક—સંન્યાસી વેશે આવ્યો હતો, તેવું તો આ કાંઈ કપટ ન હોય? એમ મનમાં લાવી કહ્યું;—અરે! મને વારંવાર છેતરવા આવી કેમ દુઃખ દોછો? તેથી તમને શો લાભ છે! આ સાંભળી હનુમાને વિચાર્યું કે હજુ તેમને મારો વિશ્વાસ આવ્યો નથી એમ વિચારી કહ્યું;—દેવી! હું ખરેખર રામદૂત છું, એ માટે જરાએ સંશય રાખશો નહિ. એમ કહી રામે અભિજ્ઞાનાર્થ દીધેલી મુદ્રિકા—વીંટી તેમની પાસે નાખીને કેટલીક વાત કરી વિશ્વાસ બેસાડયો. હનુમાને કહ્યું;—તમારી ઇચ્છા હોય, તો હું તમને રામ પાસે તેડી જાઉં, પણ સીતાએ કહ્યું;—રામ અહીં આવી રાવણને મારી મને લઈ જશે, ત્યારે હું આવીશ. રામને કહેવું કે એક માસમાં આવશો, ત્યાં સુધી હું પ્રાણ બચાવવાનો ઉપાય

કરીશ. એમ કહી સીતાએ તેમને રામ પાસે જવાની આજ્ઞા આપી. તે વખતે નિશાની તરીકે પોતાના માથાનો ચૂડામણિ આપ્યો.

હનુમાન આજ્ઞા લઇ ચાલ્યા, પણ દૂર જઇ વિચાર થયો કે અહીં આવ્યાથી એક કાર્ય તો સિદ્ધ થયું, પણ રાવણને ભેટ્યા વગર ચાલ્યા જવું એ યોગ્ય નથી. એમ વિચારી તેને ભેટવાનો ઉપાય કર્યો. તરત અશોક વનનો કેટલોક નાશ કર્યો, હજારો સ્થંભવાળા રાજમહેલને ક્ષણવારમાં તોડી પાડ્યો અને હજારો રાક્ષસોને માર્યા. એ ખબર રાવણને થયાથી તેણે ઘણા રાક્ષસોને મોકલ્યા, તે સર્વેનો હનુમાને સપાટામાં નાશ કર્યો. વિરૂપાક્ષ, યૂપાક્ષ, દુર્ઘર્ષ અથવા દુર્ધર, પ્રઘસ અને ભાસકર્ણ એ પાંચ સેનાપતિને સૈન્ય સાથે મોકલ્યા, એ સર્વેનો પણ સત્વર નાશ કર્યો. પછી રાવણનો પુત્ર અક્ષય આવ્યો તેને પણ માર્યો. ઇંદ્રજિતને પૂંછડે વિંટાળી નાગો કરીને એક ગુફામાં ઘાલ્યો, માથે પર્વત જેવી શિલા ઢાંકી. ઇંદ્રજિતે બ્રહ્માનું સ્મરણ કરવાથી તેણે આવી બહાર કહાડ્યો અને બ્રહ્માસ્ત્ર આપી કહ્યું કે, આથી હનુમાન પકડાશે, તેમ તેમણે હનુમાનને પણ કહ્યું કે, તમે મારૂં માન્ય રાખવા પકડાશો. હનુમાન બ્રહ્માનું માન રાખવા બ્રહ્માસ્ત્રથી પકડાયા. સર્વ રાક્ષસો એનાપર તૂટી પડ્યા, ઘણો માર માર્યો પણ એના વજ્ર શરીરમાં કાંઇ વાગ્યું નહિ, જ્યારે પકડી સભામાં લાવ્યા, ત્યારે હનુમાન પૂંછડાનું ગુંચળું વાળી તેપર રાવણ કરતાં પણ ઉચા થઇ બેઠા. સર્વેએ જાણ્યું કે આ કોઇ અલૌકિક છે રાવણે તેને રામની આણ દઇ પૂછ્યું કે;—'તારૂં મોત શી રીતે છે?' ત્યારે હનુમાને કહ્યું કે, હું ચિરંજીવી છું. એ વાત કોઇએ માની નહિ, ત્યારે હનુમાને કહ્યું કે, મારે પૂંછડે લૂગડાં વિંટાળીને દિવેલમાં બોળી સળગાવી મૂકો એટલે હું બળી મરીશ. દૈત્યોએ તેમ કરી પૂંછડું સળગાવ્યું, પણ તાપ ન થયો. ત્યારે રાવણે વાયુને પ્રાર્થના કરી, પણ કાંઇ વળ્યું નહિ. પછી હનુમાને રાવણને કહ્યું કે, તું જો ફુંક મારે તો સળગે. રાવણે ફુંક મારી કે એકદમ તાપ થયો. તેથી રાવણનાં દાઢી મૂછ બળી ગયાં, મોઢું ઝળાયું. તેથી જોવા જેવો તાલ થયો. હનુમાને છાપરે છાપરે કૂદકા મારી આખી લંકા સળગાવી મૂકી, સર્વ ઠેકાણે ત્રાસ વ્યાપી રહ્યો, ઘણા રાક્ષસોને બળતા પૂંછડામાં વિંટાળી વિંટાળીને સમુદ્રમાં ફેંક્યા. ઇત્યાદી પ્રકારે હનુમાન પોતાનું પરાક્રમ બતાવીને સમુદ્ર કિનારે આવ્યા. સમુદ્રે પોતાની છોળો મારી પૂંછડું ઓલવ્યું. ત્યાં હનુમાને પોતાનો પરસેવો સમુદ્રમાં નાખ્યો, તે એક મઘરીના મુખમાં પડ્યો, તેનાથી **મકરધ્વજ** નામે મહા બળીષ્ટ પુત્ર થયો. પછી એ સીતાની આજ્ઞા લઇ અરિષ્ટનેમી નામે પર્વતપર આવ્યા, ત્યાંથી પ્રથમની માફક મોટું રૂપ ધારણ કરી ઉડ્યા, કે મહેંદ્ર પર્વતપર અંગદ વગેરે હતા

ત્યાં આવી ઉભા રહ્યા. હનુમાન્ સીતાનો શોધ કરી આવ્યાથી સર્વ પરમ હર્ષ પામ્યા. ત્યાંથી હર્ષભેર સર્વ કિષ્કિંધામાં રામ, સુગ્રીવ પાસે આવ્યા. હનુમાને સર્વ વાત કરી બતાવી, સીતાનો ચૂડામણિ રામને આપ્યો. તેથી રામ અત્યંત આનંદ પામ્યા.

પછી રામ લક્ષ્મણ, સુગ્રીવ, હનુમાન્, નળ, નીલ, જાંબુવાન અને અંગદના અગ્રેસરપણા નીચે સૈન્ય લંકાપર તૈયાર થયું, સર્વ સમુદ્ર કિનારે આવ્યા. સમુદ્રપર પૂલ અને ઠંકા બાંધ્યા. એ કામમાં ઈજનેરનું કામ હનુમાને બજાવ્યું હતું. હનુમાન્ કોઈ વિચક્ષણ અને અજબ શક્તિના હતા; કારણ એક કામ કરવા સાથે બીજાં ઘણાં કામ કરી વળતા. સર્વ સૈન્યને લંકામાં ઉતાર્યું. પછી રામના એક નહિ પણ ઘણાં ખાનગી અને છતરાયાં કામો કરવા લાગ્યા હતા. નાચી તથા નાટકો ભજવી બતાવવામાં અને વિવિધ વેશ લેવા આદિ કળામાં કુશળ હતા, તેનાવડે આવા પ્રસંગે પણ રામને ઘણોજ આનંદ આપતા હતા. ન વરતાય એવા બહુરૂપી વેશ લેવાની કળાને લીધે હનુમાન્ આયુદ્ધ પ્રસંગે ઘણાજ ઉપયોગી થઇ પડ્યા હતા. કોઈ વખતે અબધૂતનો, મદારીનો, વેપારી, સરૈયા, વૈદ્ય, બ્રહ્મચારી, સંન્યાસી (રાવણ શિવોપાસક વેદધર્મિ હતો, સંન્યાસીયો તેને બહુજ પ્રિય હતા. માટે તેમને ઘણા માસ પોતાની પાસે રાખતો—તેથી એ રૂપે વધારે ચર્ચા જોવાનું બનતું.) આદિ વેશે રાવણ અને તેના કુળની રાખેલી નાઈકાઓ સાથે મન મેળવી ખાનગી વાતો જાણી લેતા; કેમકે આ રસ્તે ઘણીજ ખાનગી વાતો જાણી શકાય છે. એવી એવી અનેક મુશીબતો વેઠી ચર્ચા જોઇ બાતમી રામને આપતા. હનુમાનની ચર્ચા જોવાની કળાથી યુદ્ધમાં ઘણોજ લાભ થયો હતો. હનુમાને યુદ્ધમાં સેનાપતિનું કાર્ય પણ ઉત્તમ પ્રકારે બજાવી હજારો મોટા મોટા રાક્ષસોને માર્યા હતા. તેમજ રાત દિવસ આખા સૈન્યની ચોકી રાખતા કે, કોઇ શત્રુ અંદર પ્રવેશ કરી ન શકે. એવી તેનામાં યુદ્ધકૌશલ્યતા અને ચોકસી હતી. વાનરાઓ આદિ સૈન્યને **સજીવન કરવાની ઔષધી ઋષભ પર્વતાદિ**પરથી ઘણીવાર તેઓજ લાવતા હતા. જ્યારે રાવણે પોતાની કૃત્યા નામની શક્તિ મારી લક્ષ્મણને મૂર્છા પમાડ્યા, ત્યારે પણ મૂર્છા ઉતારવા હનુમાનજ સૂર્ય ઉગતા પહેલાં આડા આવતા રાક્ષસોને મારી **દ્રોણ પર્વત** લાવ્યા હતા. એ વખતે રામના ભાઈ ભરતે નંદીગ્રામ આગળ તેમને રાક્ષસ જાણી બાણ માર્યું. અને તેથી પણ વધારે જોખમાત પણ '**રામ!**' એવો ઉચ્ચાર કરવાથી બચ્યા હતા. તે મારથી તેનો જમણો પગ લંગડો થયો હતો, પરંતુ એ કૃત્ય અજાણતાં થવાથી તેમણે એ સંબંધી રોષ બિલકુલ કર્યો નહિ, એવી એની રાજભક્તિ હતી.

એક વખતે રામ લક્ષ્મણ શિકારે ગયા હતા, ત્યાંથી રાવણના મામા અહિરાવણ, મહિરાવણ તેમને કાળિકાનો ભોગ આપવા પકડી ગયા હતા. ત્યારે પણ હનુમાને યુક્તિથી ત્યાં જઇને તેમને ઉગાર્યા હતા અને અહિરાવણ મહિરાવણને માર્યા હતા. રામચંદ્રજીએ આ સર્વ કળા પોતાના ભક્તના પ્રેમ અને પરાક્રમ જોવાને માટેજ કરી હતી. એ સર્વ કસોટીમાં હનુમાન બરાબર ઉતર્યા હતા. રામે રાવણને માર્યો, લંકાનું રાજ્ય વિભીષણને આપી સર્વ અયોધ્યામાં આવ્યા. અયોધ્યામાં આવતાં પહેલાં ભરતને વધામણી આપવા હનુમાનને મોકલ્યા હતા. એ વધામણીમાં ભરતે તેમને સો ગામ, હજારો ગાયો અને અમૂલ્ય રત્ન, મણિમાણિક્યો આપવા માંડ્યાં, પણ તે લઇને હાથ અડકાડી પાછાં આપ્યાં હતાં, કેમકે એ સર્વપર તેમને પ્રીતિ નહોતી, માત્ર રામનાપરજ અખંડ પ્રીતિ હતી. તેથી દ્રવ્યાદિકથી નિર્લેપ રહ્યા હતા. રામનો રાજ્યાભિષેક થયો, ત્યારે ઇંદ્રાદિ દેવોએ રામને મણિ માણિક્યાદિથી શોભિત સુંદર અલંકારાદિ મોકલ્યા હતા, બ્રહ્માએ સ્વર્ણપદ્મ વાળો હાર તથા કુબેરનો હાર આ સર્વ રામના શરીરને શોભાવતા હતા. લોક પૂજિત જિતેંદ્રિય કમલલોચન શ્રીરામચંદ્રના અભિષેકની વાત સર્વ સ્થળે પ્રસરી જવાથી અયોધ્યા નગરીમાં આનંદનો અવાજ ઉઠ્યો હતો, કરોડો મનુષ્યો પ્રફૂલ્લિત હૃદયથી રાજભવનમાં આવવા લાગ્યાં હતાં. જાણે સદાવ્રતનો દરવાજો ઉઘડ્યો હોય ને! જે કોઈ આવતા તે ખાલી હાથે જતા નહિ. સુગ્રીવ, અંગદ, જાંબુવાન, નળ, નીળ આદિ નાના પ્રકારના મનુષ્યોને નાના પ્રકારનાં મૂલ્યવાન અલંકારાદિ આપીને રામચંદ્ર પોતાના ઉદાર હૃદયની ઓળખાણ આપવા લાગ્યા હતા. તેમાં માત્ર એક હનુમાન રહ્યા હતા. સીતાજીએ પોતાના ગળામાંથી રત્ન, મણિ માણિક્ય અને પારસથી સુશોભિત અમૂલ્ય હાર કાઢીને, ઉત્સુક મનથી હાથમાં લઈ રામચંદ્રના મોં સામું જોવા લાગ્યાં. રામચંદ્ર સીતાનો અભિપ્રાય સમજી જઇને બોલ્યા કે;—'તમારે જેને આપવાની ઇચ્છા હોય તેને ખુશીથી આપો.' રામનો પરમભક્ત અને સીતાદેવીનો ઉદ્ધારકર્તા હનુમાનજ આ હાર મેળવવાને યોગ્ય પાત્ર છે, તે રામ સારી પેઠે સમજતા હતા. ત્યાર પછી સીતાદેવીએ એ હાર હનુમાનના ગળામાં આરોપ્યો. ભક્ત હનુમાન બહુ કિમતી હાર ગળામાં પેહેરીને કૃતજ્ઞતા પૂર્વક જાનકીના ચરણમાં પડ્યો. તે વખતે દેવીએ આશિર્વાદ આપીને કહ્યું કે;—"બેટા! તું બાધાશૂન્ય થઇને આ સંસારમાં રહે, જ્યાં સુધી સૂર્ય ચંદ્ર રહે ત્યાં સુધી દેશદેશાંતરમાં રામચંદ્રનો જય ગાતો ફર. જ્યાં રહીશ, ત્યાં રામપ્રસાદ તરત આવીને હાજર થશે." સીતાદેવીએ હનુમાનને આવો આશિર્વાદ આપ્યાથી હનુમાન પોતાના ગળામાંથી હાર કાઢીને દાં-

તથી ભાંગવા લાગ્યા! એ જોઇ લક્ષ્મણે ક્રોધાયમાન થઈ રામને કહ્યુંકે;– આવો અમૂલ્ય હાર આના ગળામાં કેમ નાંખ્યો ? રામે કહ્યું;–'પ્રાણપ્રિય લક્ષ્મણ! હનુમાન્ શા માટે આ હારના મણકા ભાંગે છે, તે આ સભામાં પૂછવાથી તેનો જવાબ મળશે. ત્યાર પછી લક્ષ્મણે હનુમાનને તેનું કારણ પૂછ્યું; ત્યારે હનુમાને તેનો ઉત્તર આપ્યો કે;–"ભાઈ લક્ષ્મણ! આ હારને મેં ઘણો કિંમતી સમજીને ગ્રહણ કર્યો હતો, પણ મેં જ્યારે જોયું કે એમાં રામનામ નથી, ત્યારે આ હાર લઇને હું શું કરૂં? રામ વિનાની વસ્તુનો ત્યાગ કરવોજ સારો છે." લક્ષ્મણે પવનકુમારનાં વચન સાંભળી કહ્યું કે;–"જો રામ વિનાની વસ્તુ તમે ગ્રહણ કરતા નથી. તો તમે તમારૂં શરીર શા માટે ધારણ કરો છો! એમાં તો રામનામ નથી!" હનુમાને આ શ્રવણ કરી તરત સભામાં પોતાના નખથી પોતાની છાતી ચીરી નાંખી. છાતી ચીર્યાથી હાડકાંમાં લાખો રામનામ નજરે પડ્યાં. આ જોઇ આખી સભા આશ્ચર્ય પામી!! પછી લક્ષ્મણે ભક્ત હનુમાનની અપૂર્વ રામ ભક્તિની ઘણી પ્રસંસા કરીને કહ્યું કે, તમારા જેવો યથાર્થ રામ ભક્ત આ સંસારમાં બીજો કોઈ નથી. અહો! હનુમાનની ભક્તિની તો બલિહારી છે!!! આપરથી એ સમજવાનું છે કે, ખરો ભક્ત જે હોય છે તે જે વસ્તુ પોતાના પ્રાણમાં પોતાના ઉપાસ્ય દેવતાનો ભાવ આણવા દે નહિ, તે મહામૂલ્ય રત્ન હોય તોપણ તેને અસાર સમજીને ત્યાગ કરે છે. ખરો ભક્ત એ છે કે તે પોતાના ઉપાસ્ય દેવતાની તુલનામાં આ સંસારના તમામ પદાર્થો અતિ કિંચિત સમજે છે. ધન્ય છે એવા ભક્તને! રામે રાજ્યાભિષેક વખતે સર્વેનો સત્કાર કરી સુગ્રીવાદિને પોતપોતાને સ્થળે જવાની રજા આપ્યાથી સૌ પોતપોતાને સ્થળે ગયા હતા, પણ હનુમાનતો રામની પાસે હજુરી તરીકેજ રહ્યા હતા. જ્યારે રામ લક્ષ્મણને લવકુશ સાથે (પુત્રને ન ઓળખતાં અજાણપણે) યુદ્ધ થયું હતું. ત્યારેજ હનુમાને હાર ખાધી હતી, આ વખતે લવકુશે હનુમાન્ પાસે બાણનો ભારો ઉપડાવી વેઠ કરાવી હતી. જ્યારે તેમને બાંધી સીતા પાસે લાવ્યા, ત્યારે સીતાએ તેમને ઓળખતાંજ છોડાવી મૂકાવ્યા હતા અને રામ પાસે જવાની રજા આપી હતી. આ વખતે હનુમાનની ભેટ થતાં સીતા દેવી રોઇ પડ્યાં હતાં અને હનુમાન્ પણ રોયા હતા. પછી હનુમાન્, અને વાલ્મિકી આદિના કહેવાથી રામે સીતાને ગ્રહણ કર્યાં હતાં–રામે હનુમાનને પરણવા માટે ઘણીવાર બહુ બહુ કહ્યું હતું, પણ તેમણે ઉત્તરમાં નાપાડતાં કહ્યું હતું કે;— 'રાજેંદ્ર! પરણ્યા પછી તમારાં મોટાં કામો મારાથી ન થઇ શકે; તેમ થવાથી હું અતિ પ્રબળ ને હાજર ન રહી શકું; કારણ કે ઘર વ્યવહાર ચલાવતાં માથે ફિકર પડે છે અને તેમાં વખત રોકવો પડે છે. માટે

આપની સેવામાં ખલેલ પડે, એ મારે ન જોઈએ. એમ ઘણી પ્રકારે કહી બ્રહ્મચારીજ રહ્યા હતા. મોટાં કામો કરી રામને પૂર્ણ સંતુષ્ટ પમાડયા હતા તેથી રામે તેને પોતાના પ્રાણથી પણ અધિક ગણી બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કર્યો હતો અને **ગુરૂત્વ કરવાના** વિષયનો હધિકાર આપ્યો હતો. જ્યારે રામ નિજધામ જવા લાગ્યા, ત્યારે તેઓ હનુમાનને પૃથ્વી પર કલ્પ સમાપ્તી પર્યંત રહેવાની આજ્ઞા કરી ગયા છે. તેથી એ અદ્યાપિ સુધી ચિરંજીવી રહેલા છે. એ અમર મહાત્મા ગંધમાદન નામના હિમાલયના શિખરપર રહેલા છે અને ત્યાં સર્વ કાળ રામ ચરિત્ર લોકોને સંભળાવે છે એવું શ્રીમદ્ ભાગવત્ આદિ ગ્રંથોમાં જણાવેલું છે. એની રચેલી **નાકટ રામાયણ** એના નામથી પ્રસિદ્ધ છે. વીરહનુમાને એક વખતે ભીમનું અભિમાન ઉતાર્યું હતું આ લોક પ્રિય વીર પુરૂષે પ્રજાના સુખ માટે બહુ બહુ શુભ કર્યું છે. તેથી પ્રજા પણ તેને અતિ પ્રેમના ઉભળકાથી અદ્યાપિ પર્યંત પોતાના કલ્યાણદાતાને પૂજે છે, માને છે અને સ્મરણ કરે છે. અહા ! આશું તેના પ્રત્યે પ્રેમ ભાવની ઓછી નિશાની છે!! અને શું એ તેનું ઓછું મહત્વ દર્શાવે છે!!! ઘણુંજ. ધન્ય હનુમાન્ તમને! જય હો તમારો!! સમય પરત્વે પ્રગટ થઈ ભારત્ ભૂમિના આર્યોનો ઉદ્ધાર કરો?!!

મહામદોન્મત્ત પ્રબળ પરાક્રમી.

લંકાપતિ–રાવણ.

આ પૃથ્વી પ્રસિદ્ધ પુરૂષ કોણ? આ ભારત ભૂમિની દક્ષિણે આવેલા લંકાના રાજા. અર્વાચીનકાળમાં જેમ **લંડન** નગરી અલૌકિક ઐશ્વર્ય સંપન્ન સુવર્ણ ભૂમિ કહેવાય છે, તેમ પ્રાચીનકાળમાં આ **લંકા** જેને હાલ આપણે સીલોન કહીએ છીએ, તે અલૌકિક ઐશ્વર્ય સંપન્ન સુવર્ણ ભૂમિ ગણાતી હતી. એમાં પ્રથમ માલી, સુમાલી, ને માલ્યવાન એ ત્રણ રાક્ષસો રાજ્ય કરતા હતા. તેઓ દેવને દુઃખ દેતા તેથી વિષ્ણુએ યુદ્ધ કરી બે ભાઈઓને મારી નાખ્યા હતા અને ત્રીજો જે માલ્યવાન હતો તે પાતાળમાં અમેરિકામાં નાઠો હતો. થોડો કાળ લંકા રાજા વગરની રહી હતી. પછી ત્યાં બ્રહ્મમાનસ પુત્ર પુલસત્ય ઋષિના પૌત્ર અને વિશ્રવાઋષિના પુત્ર કુબેર રાજ્ય કરવા લાગ્યા હતા. કેટલેક દિવસે માલ્યવાને આવી કુબેરને જોયા. એ તેનાથી ખમી શકાયું નહિ. તેથી તેણે કુબેરના પિતા વિશ્રવા ઋષિને પોતાની કન્યા કૈકસીને પરણાવી. કેમકે કૈકસીના જે પુત્ર થાય તે કુબેરનું રાજ લઈ લે. વિશ્રવાઋષિને એ સ્ત્રીથી રાવણ, વિભીષણ અને કુંભકરણ એ ત્રણ પુત્રો થયા. એ ત્રણેમાં રાવણ મોટો

હતો. એ રીતે **કુબેર** તેમને ઓરમાન ભાઈ થાય. રાવણનો જન્મ ચાલુ વૈવસ્ત મન્વંતરની અગીયારમી ચોકડીમાં થયો. એને સ્વાભાવિકજ દશ શિર્ષ અને વીશ હાથ હતા. તેથી પ્રથમ એનું નામ **દશગ્રીવ** હતું. રાવણ નામ તો પાછળથી પડેલું છે. રાવણ મોટો થતાં, એક વખતે વનમાં પોતાના **પિતા વિશ્રવા ઋષિને** દર્શને આવ્યો, તે વખતે **માતા કૈકસીએ** કહ્યું કે, પુત્ર! '**ઐશ્વર્ય સંપાદન કર.**' રાવણે તથાસ્તુ કહી પોતાના ભાઈ **વિભીષણ** અને **કુંભકરણ** સહિત ગોકર્ણ ક્ષેત્રમાં આવ્યો. આવી ઘોર તપ કરવા માંડયું. એક હજાર વર્ષે એક મસ્તક અગ્નિમાં હોમતો એમ નવ હજાર વર્ષમાં નવ મસ્તક હવન કર્યાં. છેલ્લે એક હજાર વર્ષ થતાં જે એક મસ્તક હતું, તે પણ હવન કરવા તૈયાર થયો; એ વખતે **સદાશિવે** પ્રગટ થઇ વર માગવાનું કહેતાં, તેણે માગ્યું કે, "મને પ્રબળ બળ પ્રાપ્ત થાય, દેવ, દાનવ, દૈત્ય, નાગ, યક્ષ, સુપર્ણ ઇત્યાદિ કોઇથી મૃત્યુ ન પામું. મનુષ્ય અને વાનરાઓનો તો હું ભય રાખતો નથી." એ માગવા પ્રમાણે વરદાન આપી સદાશિવ અંતર્ધ્યાન થયા. શિવનાજ વરદાનથી સર્વ મસ્તક પૂર્વ વત્ થયાં અને ઇચ્છા પ્રમાણે રૂપ ધરી શકવાની શક્તિ પ્રાપ્ત થઇ હતી. વિભીષણ અને કુંભકરણે પણ તપથી વરદાન મેળવ્યાં હતાં. વરદાનથી રાવણ મહા બળવાન થયો હતો. શ્લેષ્માતકવનમાં પિતા પાસે આવી વેદ, વેદાંગાદિ શાસ્ત્રનો અભ્યાસ કર્યો. ઉપનિષદો વગેરે જીવ્હાગ્રે જાણતો અને સર્વના બરાબર અર્થ સમજતો હતો, એવો વિદ્વાન અને ધર્મશીળ હતો. તેમજ આત્મસ્પર્ધા વાળો, શૂરો, મહત્વને દર્શાવનાર, ઉદ્યોગી, ખંતીલો, કસરતબાજ, મલ્લવિદ્યામાં પ્રવિણ, અશ્વવિદ્યામાં, નૌકાશાસ્ત્રમાં અને કારીગરીમાં કુશળ હતો. તેણે પોતાની શોધકબુદ્ધિથી હજારો હુન્નર શોધી કાઢ્યા હતા. નવી નવી વિદ્યાઓ ખોળી કાઢી હતી. તેમજ નીતિશાસ્ત્ર અને તત્વજ્ઞાનમાં પ્રબળ હતો. આવા સારા ગુણોથી તેણે પ્રથમ ઘણાંજ ઉત્તમ કાર્યો કર્યાં હતાં. બ્રાહ્મણ છતાં તેનામાં ક્ષત્રિયત્વ ગુણો પણ ઝળકી નીકળ્યા હતા. પણ "સોબત તેવી અસર" રાક્ષસ મારીચ, વિરૂપાક્ષ, પ્રહસ્ત અને મહોદર વગેરે કેટલાક રાક્ષસોની સાથે સોબત થઇ. તેઓ રાવણ પાસે આવી કહેવા લાગ્યા કે:—તમો પ્રબળ અને સર્વ વિદ્યામાં કુશળ છો. કુબેર જે તમારો ઓરમાન મોટો ભાઇ લંકામાં રાજ્ય કરે છે, તેને કોઈ પણ ઉપાયથી ઐશ્વર્ય ખેંચી લઇને લંકામાંથી કાઢી મૂકો. ઇત્યાદિ કહ્યું. એ સાંભળી રાવણે કહ્યું કે;-એ મારો જ્યેષ્ઠ ભ્રાતા પિતા સમાન છે. તે સાથે નીતિ વિરૂદ્ધ એવી અમર્યાદા કેમ વાપરૂં? ઇત્યાદિ વચનો કહ્યાં, પણ પ્રહસ્તે તેને અનેક પ્રકારથી સમજાવી અત્યંત મોહીત કર્યો. તેથી તેની બુદ્ધિ ફરી ગઈ. પ્રહસ્તને દૂત કરીને કુબેર પાસે મોકલ્યો. તેણે જઈ કુબેરને લંકા

છોડી જવાને કહ્યું, પણ તેણે પિતાની આજ્ઞા લઇ જવાનું કહેતાં, રાવણે પિતાની આજ્ઞા મેળવી લંકા પોતાને સ્વાધીન કરી. **કુબેર** હિમાલયના કલાશ શિખરપર જઈ રહ્યો હતો અને ત્યાર પછી બ્રહ્માની આજ્ઞાથી **અલકાપુરી** વસાવી ત્યાં રાજ્ય કરવા લાગ્યો હતો.

લંકામાં રાક્ષસોએ રાવણને રાજ્યાભિષેક કર્યો. ત્યારથી રાજ્ય કરવા લાગ્યો. એક દિવસે દશગ્રીવ-રાવણ પૃથ્વીપર ફરતો હતો, ત્યાં મયાસુર મળ્યો, તેણે આ પરાક્રમી છે એવું જોઈ પોતાની કન્યા **મંદોદરી** તેને પરણાવી અને પોતાનું **શક્તિ** નામે આયુધ તેને આપ્યું. જે એ યુદ્ધ કાળે વિભીષણપર છોડયું હતું, પણ તે લક્ષ્મણને લાગ્યું હતું. કુંભકરણ અને વિભિષણનો પણ વિવાહ કર્યો અને પોતાની બેન શૂર્પનખાને પણ **વિદ્યુજ્જિવ્હ** નામે રાક્ષસ સાથે પરણાવી હતી. કુંભકરણને મહા નિદ્રાની પીડા લાગેલી હતી, તે માટે બે યોજન લાંબી અને એક યોજન પહોળી ઉંડી ગુફા કરી હતી, તેમાં એ પડયો રહેતો અને પ્રજાને પીડા કરતો હતો. લંકાની પ્રજા રાવણના રાજ્યથી પીડાવા લાગી હતી; તે કુબેર જોઇ ન શકયો. તેણે શિખામણ દેવાને પોતાના દૂતને મોકલ્યો, લોભી અને પાપી દૃષ્ટિ વાળાને સારી શિખામણ અસર કરતી નથી. તે ઉલટો શિખામણ આપનારને નુકશાન કરવા તૈયાર થાય છે, રાવણે તેમજ કર્યું. એ દુરાચારીઓની સોબતથી બગડયો, મોટા ભાઇની શિખામણને લક્ષમાં ન લેતાં તેના દૂતને રાક્ષસ પાસે ભક્ષ કરાવ્યો. એટલુંજ નહિ પણ રાક્ષસોના મોટા સૈન્ય સાથે કુબેર સાથે યુદ્ધ કરવાને ચડી આવ્યો, અલકાપુરીને ઘેરી લીધી. યક્ષોનો નાશ કરવા માંડયો, કુબેર પોતે યુદ્ધ કરવા ન આવતાં પોતાના સેનાપતિ સંરોધન કંટક નામના યક્ષને મોકલ્યો, તેમાં આ હાર્યો. દ્વારપાળ સૂર્યભાનુ હાર થયો, ત્યારે એ સામે માણિ અથવા માણિભદ્ર ગયો, પણ એ મૂર્છા પામ્યો; એવું જોઈ શુક્ર, પ્રૌષ્ણુ ઇત્યાદિ મંત્રીઓ સાથે કુબેર રાવણ પાસે આવ્યો અને અનેક પ્રકારથી ધર્મોપદેશ આપી સમજાવવા લાગ્યો, પણ એ સર્વેનો રાવણે અનાદર કર્યો. એ રીતે કુબેરનો તેણે પરાજય કર્યો. રાવણ તેનું **પુષ્પક વિમાન** લઈ લંકામાં આવ્યો. મોટા ભાઈ પ્રત્યે આવી રીતે વર્તવાનું ને ઉશ્કેરનાર રાવણના રાક્ષસ પ્રધાનોજ હતા. તેઓ સર્વ કુબેર સામે થવાને અને તેનું પ્રખ્યાત પુષ્પક વિમાન લેવાને ઉશ્કેર્યા કરતા હતા. પુષ્પક વિમાન હાથ આવ્યા પછી તો રાવણનું ચિત્ત વધારે ઉન્મત્ત થતું ગયું, એક પછી એક મોટા મોટા ગણાતા રાજાઓ સામે પણ બાથ ભીડવાની હિંમત કરવા લાગ્યો. પ્રતિદિન વધારે વધારે સાહસ કરવાને ઉશ્કેરાતો ગયો. નિડરપણે રહેતો ઇત્યાદિથી તેનું મગજ કોઈ અલૌકિક જણાતું હતું. એક વખતે તે પુષ્પક વિ-

માનમાં બેસી ફરતો ફરતો કૈલાસપર્વતના શરવણવન સમીપે આવ્યો, એ વનમાં ફરનારને સ્ત્રીત્વ પ્રાપ્ત થતું. તેથી એ વાકેફ હતો. માટે એ વનમાં નહિ જતાં બહાર ઉભો રહ્યો. એ વખતે નંદીકેશ્વરને એકા એક દીઠા. નંદીકેશ્વરે તેને [illegible] વની આજ્ઞા વિના અંદર જતો અટકાવ્યો. તેથી બંને વચ્ચે [illegible] રાવણે તેનું મૂખ અને આકૃતિ વિરૂપ જોઇ વાનર કહી હાસ્ય કર્યું. [illegible] નંદીકેશ્વરે શાપ આપ્યો કે, “ તારો અહંકાર વાનરાજ ઉતારી નાશ કરશે. ” આ શાપથી રાવણે ક્રોધાયમાન થઈ કૈલાસશિખર ઉચકવાનો યત્ન કર્યો. એ મહાદેવે જાણી પોતાની અલૌકિક શક્તિથી ભૂમિપર પગ ઠોક્યો, કે એ કૈલાસ નીચે દબાઈ ગયો, તેથી બરાડવા લાગ્યો, છેવટ નિરૂપાય થઇને શામવેદના ગાયનથી એક હજાર વર્ષ લગી સ્તુતિ કર્યા કરી. એ સ્તવનથી દિશા રાવિત-ગાજી રહી. એ रावित શબ્દપરથી તેનું નામ મહાદેવે रावण પાડ્યું. ત્યારથી એ દશગ્રીવને બદલે **રાવણ** નામથી પ્રસિદ્ધ થયો. તેની અત્યંત સ્તુતિથી શિવે પ્રસન્ન થઇ **ચંદ્રહાસ** નામે ખડ્ગ આપી મુક્ત કર્યો હતો.

રાવણ એક વખતે હિમાલયના શિખર ગંધમાદનપર જ્યાં સાક્ષાત્ લક્ષ્મીનો **અંશરૂપ વેદવતી** નામે એક તપસ્વિની સ્ત્રીના આશ્રમમાં આવ્યો, **વેદવતીએ** તેને જોઇ ઉત્તમ પ્રકારે આદરાતિથ્ય કર્યું, રાવણે પૂછ્યું કે, તું કોણ છે ? અને શું ઇચ્છાથી તપ કરે છે ? ત્યારે સતીએ કહ્યું કે, હું વિષ્ણુને વરવાને તપ કરૂં છું. ઇત્યાદિ કહેવાથી રાવણે પોતની સાથે વરવાની માગણી કરી, પણ એ તપસ્વિનીએ તેનું કહેવું અમાન્ય કર્યું. ત્યારે રાવણ બળાત્કાર કરવા તૈયાર થયો. તેથી આ તપસ્વિનીએ પોતાના તપ પ્રભાવથી તેને ત્યાંજ સ્થંભન કરીને શાપ આપ્યો કે, “તું હવે પછી મારૂંજ હરણ કરવાથી પુત્ર બાંધવો સહિત નાશ પામીશ.” એ સાંભળતાંજ રાવણ ત્યાંથી નાશી લંકામાં આવ્યો. **વેદવતીએ** પોતાનો દેહયોગાગ્નિથી દગ્ધ કર્યો. એજ સતી બીજા જન્મમાં સીતા નામે રામની સ્ત્રી થયાં હતાં. સતીના દેહ ત્યાગ પછી રાવણ જ્યાં **મરૂતરાજા** યજ્ઞ કરતા હતા, ત્યાં યુદ્ધાર્થ ગયો હતો. ગયા પછી ઉઠવા લાગ્યો પણ સંવર્ત્ત નામે ઋત્તે ઉઠવા દીધો નહોતો. પછી સ્તુતિથી જવા દીધો હતો, પણ તેણે લંકામાં જઈ એવી ખોટી બુમ ઉડાડી કે મેં મરૂત્તને જીત્યો. પછી સૂર્ય વંશી **અનરણ્ય** રાજા સાથે યુદ્ધ કરવા ગયો હતો, ત્યાં પણ તેને શાપ થયો હતો. એક વખતે રાવણ પાસે આવી નારદે કહ્યું કે;—તું જ્યારે **યમને** જીત ત્યારે ખરો બળવાન. એ પરથી તે યમ પાસે ગયો. સાત દિવસ અહોરાત્ર યુદ્ધ કર્યું છેવટ યમે પોતાનું ઘોર રૂપ પ્રગટ કરી તેને કાળદંડથી મારવાનો ભય બતાવ્યો અને

બ્રહ્મ દેવનું અભિષ્ય કહ્યું. તેથી રાવણ ભય પામ્યો કે યમ અંતર્ધાન થઇ ગયા. પછી આ અહંકારી રાવણે કહેવા માંડ્યું કે યમ મારાથી ભય પામી નાશી ગયા. એવા મિથ્યા જયજયની કરતો લંકામાં આવ્યો, ત્યાર પછી રાવણે પાતાળમાં જઇને **નાગ** જીત્યા અને પછી **મણિપુરમાં** એક વર્ષ યુદ્ધ કર્યું, તેમાં જય થયો નહિ. નાગ સાથે મિત્રાચારી બાંધીને **અશ્મન નગરના** કાલકય રાજા સાથે યુદ્ધ કરવા આવ્યો, તેમાં શૂર્પનખાનો પતિ વિદ્યુજ્જિહ્વ રાવણના હાથથી નાશ પામ્યો. પછી **વરૂણ** લોકમાં ગયો. ત્યાં વરૂણના સેનાપતિએ તેને હરાવ્યો, તેથી તરત લંકામાં આવ્યો ત્યાર પછી **બળીરાજા** સાથે યુદ્ધ કરવાની ઇચ્છાથી પાતાળમાં જઇને તેને કહ્યું કે;—તમને વિષ્ણુએ બાંધેલ છે એવું મેં સાંભળ્યું છે. તેથી હું તમને છોડાવવાને આવ્યો છું. માટે મને વિષ્ણુ દેખાડો. હું તે સાથે યુદ્ધ કરી તમને છોડાવીશ. રાવણનાં આવાં ગર્વનાં વચનો સાંભળી બળીએ તેનો ગર્વ ઉતારવાને કહ્યું કે, આ પાસે હિરણ્યકશિપૂના કાનનું કુંડળ પડ્યું છે, તે ઉપાડીને મને આપ. જેવો રાવણ ઉપાડવા ગયો કે અમળાઇ ખાલી હાથે નીચે પડ્યો. બળીએ જઇને ઉભો કર્યો. તે પછી બળીરાજા પોતાની સ્ત્રી સાથે ચોપાટે રમતા હતા, તેમાંનો એક પાસો ગગડી ગયો, ત્યારે તેને કહ્યું કે, પેલો પાસો લાવી આપતો, એ પાસો લેવા ગયો પણ ઉપડ્યો નહિ. ત્યારે તે બળીરાજાની સ્ત્રીએ ઉપાડી આપ્યો. બળીરાજાએ કહ્યું કે, જેનાં કુંડલ તારાથી ઉપડે નહિ તેવડાં છે, તો તે કાનમાં ધારણ કરનારો જે હિરણ્યકશિપૂ તે કેવડો હશે. તેને પણ વિષ્ણુએ માર્યો. ત્યારે તું જે આ કુંડલ ઉપાડી શકતો નથી, તે વિષ્ણુ સાથે યુદ્ધ કરવામાં કેમ ટકી શકીશ! તોપણ તારી ઇચ્છા હોયતો મારા દ્વારપર જે પુરૂષ ઉભા છે તેજ વિષ્ણુ છે ત્યાં જઇ યુદ્ધ કર. એ પરથી રાવણ લજ્જિત થઇને તરત પાછો જવા લાગ્યો, પણ બળીના સેવકોએ તેનાં વસ્ત્ર કહાડી લઇને નગરમાં ફેરવી કેદમાં નાખ્યો હતો. પછી કેટલેક દિવસે તેના પિતાએ બળી પાસે યાચના કરીને છોડાવ્યો હતો.

રાવણ જ્યારે જ્યારે બહાર ફરવા જતો, ત્યારે ત્યારે દાનવ, દૈત્ય, ગંધર્વ, યક્ષ ઇત્યાદિની જે જે સુંદર કન્યાઓ દૃષ્ટિએ પડતી, તેને પુષ્પક વિમાનમાં ઘાલી લંકામાં લાવી રાખતો. આ પ્રમાણે તેણે હજારો કન્યાઓ લાવી એકઠી કરી હતી અને એ સર્વેએ તેને શાપ આપ્યો હતો. એક વખતે શૂર્પનખા આવીને પોતાના પતિનો નાશ કર્યો હતો, તે માટે તેને બહુજ ધિક્કાર આપવા લાગી હતી. તેથી તેને દંડકારણ્યનું રાજ્ય આપ્યું અને ચૌદ હજાર રાક્ષસોની સૈન્યા સાથે ખરદુષણને તેમની સહાયતામાં સોંપ્યા હતા. તેથી એ સંતુષ્ટ થઇને ત્યાં જઈ રહી હતી. રાવણને મંદોદરીથી પ્રથમ **મેઘનાદ** નામે

પુત્ર થયો હતો. મધુ રાક્ષસ એની બેન **કુંભીનસીને** લંકામાંથી હરણ કરીને પરણ્યો હતો. તેથી રાવણ કોપાયમાન થઇને એની સાથે યુદ્ધ કરવા ગયો હતો, પણ કુંભીનસીએ પ્રાર્થના કરી તેને યુદ્ધ કરવા દીધું નહિ. એપરથી રાવણે તે સાથે મિત્રાચારી કરી હતી. મેઘનાદે એક અપ્સરાને બળાત્કાર કર્યો હતો. તેથી નળકુબેરે તેને શાપ આપ્યો કે; —'રાવણ જ્યારે અકામા સ્ત્રીપર બળાત્કાર કરશે, ત્યારે તારૂં મસ્તક છેદાશે.' જ્યારે એક વખતે રાવણ ઇંદ્ર સાથે યુદ્ધ કરવાને ગયો હતો, ત્યારે એના માતામહ સુમાલીને સાવિત્રી નામે વસુએ માર્યો હતો. તે કારણથી મેઘનાદે દેવો સાથે ઘોર યુદ્ધ કર્યું અને ઇંદ્રને જીત્યો. ત્યારથી તેનું નામ **ઇંદ્રજિત** પડ્યું હતું. એક સમયે રાવણ પુષ્પક વિમાનમાં બેસી આકાશ માર્ગે જતો હતો, એણે સમુદ્ર કિનારે કિષ્કિંધાના રાજા **વાલીને** સંધ્યા વંદન કરતો ધ્યાનમાં બેઠેલો દીઠો. એટલે પુષ્પક વિમાનમાંથી નીચે ઉતરી તેને પકડવા ગયો, પણ વાલીએ તેને પકડી કાંખમાં ઘાલ્યો અને ઘેર જઇને પોતાના પુત્ર **અંગદને** પારણે રમકડાની જગ્યાએ બાંધ્યો. એ વખતે પણ તેના પિતામહ **પુલસ્ત્ય ઋષિએ** તેને છોડાવ્યો હતો. એક વખતે રાવણ નર્મદા કિનારે શિવલીંગની પૂજા કરતો હતો. ત્યાંથી થોડે દૂર **સહસ્રાર્જુન** પોતાની સ્ત્રીઓ સાથે જળક્રિડા કરતો હતો. સહસ્રાર્જુને પોતાના પાંચસે હાથે પાણી રોકી રાખ્યું. રાવણની તરફ પાણી વધ્યાં અને તેના મોઢા લગી આવ્યા. તેથી એ ક્રોધમાં આવી સહસ્રાર્જુન જોડે યુદ્ધ કરવા ઉભો થયો. સહસ્રાર્જુને તેને કાંખમાં ઘાલ્યો અને જળક્રિડા કરી રહ્યા પછી **માહિષ્મતી** નગરીમાં પોતાને ઘેર લઇ જઇ કેદખાને નાખ્યો. કેટલેક દિવસે દયા આવવાથી સહસ્રાર્જુને તેને છોડી મૂક્યો, એટલે લંકામાં આવ્યો. અહીં તેણે બ્રહ્માને પૂછ્યું કે, મારૂં મરણ કોને હાથે છે? બ્રહ્માએ કહ્યું કે;—સૂર્યવંશી **દશરથ રાજાના પુત્ર રામને** હાથે છે એ સાંભળી દશરથને મારવાનો વિચાર કરતો હતો. એ વખતે **નારદે** આવી જાણ કરી કે, આજે દશરથનાં લગ્ન છે. પછી એણે દશરથની જાનને સમુદ્રમાં ડુબાવી દીધી હતી, પણ 'ધાર્યું ધણીનું થાય,' એજ દશરથ કૌશલ્યા અંતે બચ્યાં હતાં. તેમને મારવાને ખડ્ગ લઈ તૈયાર થયો હતો, પણ મંદોદરી અને બ્રહ્માના બોધથી તેમને અયોધ્યામાં મોકલ્યાં હતાં.

આ પ્રમાણે ઘણો કાળ વિત્યા પછી ચાલુ મન્વંતરની ચોવીસમી ચોકડીમાં સૂર્યવંશી દશરથને કૌશલ્યા નામે જ્યેષ્ઠ ભાર્યાના ઉદરમા વિષ્ણુના અંશથી **રામચંદ્ર** જન્મ્યા હતા. જનકપુરમાં સીતા સ્વયંવર હતો, ત્યાં રામ લક્ષ્મણ વિશ્વામિત્ર સાથે ગયા હતા. રાવણ પણ વગર નોતરે સીતાસ્વયંવરમાં આવ્યો હતો. ત્યાં ત્ર્યંબક ધનુષ્યને ભાંગવા જતાં, એની છાતી ઉપર

મિથલી પડયું હતું. તેજ ધનુષ રામ ભાંગીને સીતાને પરણ્યા હતા. તેથી રાવણ ઘણોજ ખીજવાયો હતો. રામ જ્યારે પિતાનું વચન પાળવા સીતા અને લક્ષ્મણ સાથે ચૌદ વર્ષ દંડકારણ્યમાં થઇ પંચવટીમાં રહ્યા હતા. તે વર્તમાન પ્રથમ તેણે **અકંપન** નામે રાક્ષસથી જાણ્યા હતા. રામે શૂર્પનખાના કાન, નાક કાપી વિરૂપ કરી, ચૌદ હજાર રાક્ષસો ખરદૂષણ આદિને માર્યા. એ ખબર શૂર્પનખાએ રાવણને આપી અને તેને **સીતા** જેવી રૂપ સુંદર અને સતી સ્ત્રીનું હરણ કરવાને ઉશ્કેર્યો. રાવણે મારીચની સહાયતાથી સીતાને લઇ જઇ લંકાની અશોકવાડીમાં દશ હજાર રાક્ષસો અને ઘણી રાક્ષસીઓની ચોકીમાં રાખી. રામ લક્ષ્મણ સીતાની શોધ માટે નીકળ્યા, ઋષિમુખ પર્વતપર સીતા હરણ કરી ગયાની સર્વ નિશાનીઓ મળી, રામે વાલીને મારી સુગ્રીવ સાથે મિત્રાચારી બાંધી, હનુમાન લંકામાં ગયા, સીતાને મળ્યા અને અશોકવન, મંદિરો, ઘણા રાક્ષસો અને રાવણના એક **અક્ષય** પુત્રનો નાશ કર્યો. ત્યાંથી લંકા બાળી તેના ઐશ્વર્યનો કેટલોક નાશ કર્યો. પછી હનુમાને રામને ખબર આપતાં, તેઓએ સુગ્રીવાદિ સાથે લંકામાં અસંખ્ય વાનર સૈન્ય ઉતાર્યું, રાવણ સાથે દારૂણ યુદ્ધ થયું; તેમાં રાવણના સઘળા પુત્રો, વિભીષણ સિવાય બાંધવો અને હજારો રાક્ષસો સાથે **રાવણને મારી** તેમનો ગર્વ ઉતાર્યો. (વિશેષ હકીકત જુઓ રામ ચરિત્ર.) **વિભીષણ** ધાર્મિક, નિરભિમાની અને નીતિજ્ઞ હતો, તેથી લંકાનું રાજ્ય પામ્યો; એટલુંજ નહિ પણ રામ ભક્તિથી ચિરંજીવી પદને પામ્યો છે. રાવણ જેવા બળીઆએ પોતાના બળ બુદ્ધિનો ગેર ઉપયોગ કર્યો, સ્ત્રી લંપટ થવાથી શાપ થયો, અનીતિ વાપરી પ્રજા પીડી, બળીઆ સાથે બાથો ભરી હલકો પડ્યો. ઇત્યાદિ ગેર વર્તણુકથી સર્વ કુટુંબ સાથે નાશ પામ્યો. માટે બળ, બુદ્ધિ, ઐશ્વર્ય, અને કુટુંબાદિનો ગર્વ ન રાખવો. સાહસ કરી બળીઆ સાથે બાથ ન ભીડવી, અનીતિ ન કરવી, પ્રજા ન પીડવી, અને સ્ત્રી લંપટ ન થવું એ આદિ શિક્ષણ આ રાવણ ચરિત્રપરથી મળી આવે છે.

રાવણના શરીરની આકૃતિ વિશાળ હતી, રંગે કાળો હતો. સ્વાભાવિકજ ભયંકર દિસતો હતો, **વેદ ધર્મિ** અને **શિવ ઉપાસિક** હતો, તેમ અનુષ્ઠાનો ઘણાં કર્યાં હતાં, પરંતુ તેની બુદ્ધિ વ્યભિચાર કર્મી હતી. તેથી ઉત્તમ ભક્તિ વડે પણ તેના મનનું સમાધાન થયું નહોતું. વેદ સંબંધે તેની ગતિ સારી હતી એવું દેખાય છે. પહેલાં **વેદના** અધ્યાય સરખા ભાગ નહોતા, તે તેણે ખંડ બાંધીને વ્યવસ્થા કરી હતી, અધ્યયનના દૃઢીકરણ માટે **ક્રમ, ઘન, જટા,** અને **પદ** એ તેણેજ કર્યા છે એવું કહેવાય છે. **ઉપનિષદો** વગેરે તેને કંઠાગ્રે હતાં અને તેના બરાબર અર્થ સમજતો. એ બ્રાહ્મણ છતાં

ક્ષત્રિત્વ મેળવી રાજ્યપદ મેળવ્યું એ તેનું થોડું આત્મબળ કહેવાય નહિ. ઘણા રાજાઓ તેને તાબે હતા અને ખંડણી ભરતા હતા. પોતાના મહત્વને દર્શાવનાર, ઉદ્યોગમાં મંડ્યો રહેનારો, અને રાજ્યસત્તા ભોગવવાનો ભાવીક હતો. તે ઇંગ્રેજોના જેવું સુખમય અને વૈભવમય રાજ્ય ભોગવી ગયો છે. તેણે વેદ ઉપર ભાષ્ય કર્યાં હતાં અને હજારો હુન્નરોનાં પુસ્તકો કર્યાં હતાં તથા હજારો નવી શોધો ચલાવી, નવી નવી વિદ્યાઓ શોધી કાઢી હતી. તે લંકા સળગી ત્યારે નાશ પામ્યું હતું. નહિતો પૃથ્વીના લોકોને આ ભારત વર્ષના વિદ્યા હુન્નર વડે જે લાભ થયો છે, તે કરતાં રાવણનો પરિશ્રમ એમજ રહ્યો હોત તો અનંત ગણો લાભ થાત. પ્રથમ ચરિત્ર તેનું ઘણું ઉત્તમ હતું, પણ પાછલી સ્થિતિ દુષ્ટ રાક્ષસ બુદ્ધિના માણસોથી બગડી હતી, તેથીજ તેના ચરિત્રમાં કલંક લાગેલું છે. નહિતો તેની મહત્વતા ઓછી નહોતી. તેમનું પ્રબળ પરાક્રમ કાંઈ જેવું તેવું નહોતું. એ નીતિસર પ્રથમની માફક ચાલ્યા કર્યો હતે, તો એ પૃથ્વીપર મહાપુરૂષોમાં પણ પૂજ્ય પુરૂષ ગણાઈ જાત. અહો! આ મહાપુરૂષની શક્તિ તો કોઇ અલૌકિકજ હતી! એ સઘળું તેણે પોતાના આત્મ બળથીજ મેળવ્યું હતું!! ધન્ય છે તેમને!!!

પુણ્યશ્લોક.

ધર્માત્મા—નળરાજા.

આ પૃથ્વીપ્રસિદ્ધ પ્રતાપી રાજા નૈષધદેશના સૂર્યવંશી સૂરસેન રાજાનો પુત્ર. આ રાજા દ્વાપરના અંતમાં થયો. વીરસેનને સુરસેન નામે ભાઇ હતો. તેને પુષ્કર નામે પુત્ર હતો. **નળરાજા** સ્વરૂપે અતિ સુંદર, શાસ્ત્રજ્ઞાતા, ધનુર્વેદ નિપુણ, બળવાન, પરાક્રમી, શૂરવીર, સત્યવાદી, ધાર્મિક, ઉદાર, જિતેંદ્રિય, પ્રજાપાળક, નીતિવાન, અશ્વવિદ્યામાં કુશળ અને ક્ષમાવાન્ ઈત્યાદી ગુણોથી સાક્ષાત્ મનુજેવો હતો. નળમાં આવા ઉત્તમ ગુણો જોઈ વીરસેન રાજા તેને રાજ સોંપી પોતાના ભાઈ સુરસેન સાથે વનમાં તપ કરવાને ગયો. નળ રાજા નીતિથી રાજ કરવા લાગ્યો, પુષ્કરને સેનાપતિ કર્યો. એ બંનેએ પોતાના પ્રબળ પરાક્રમથી દિગ્વિજય કરી ઘણા દેશના રાજાઓને જીત્યા, સર્વ સ્થળેથી ચોર, લુચ્ચાઓ અને શત્રુઓને દાર કરી દેશમાં શાંતતા કરી. કોઇ પરાઈ ચીજને હાથ અટકાડતું નહિ. દ્વાર ખુલ્લાં મૂકી પ્રજા સુખે સૂઈ રહેતી, તેમાં કોઇની દાનત ભ્રષ્ટ થતી નહિ. શહેરમાં સત્ય પ્રવર્તી રહ્યો હતો, કોઇને કાંઇ વ્યાધિ થતી નહિ. ઋષિ મુનિઓના આશ્રયથી

યજ્ઞયાગાદિક અનેક પુણ્યનાં કાર્યો કર્યાં. મુખે માગ્યાં ધન આપી યાચકોનાં દારિદ્ર કાપ્યાં. ચારે વર્ણ પોતપોતાનો ધર્મ પાળતી; સર્વ વ્યાપક પરિગ્રહનું સૌધ્યાન કરતાં, નળને એવો નિયમ હતો કે; —**જે પોતાના મુખે માગે તેને તે પ્રેમથી આપવું. જો કોઇ મસ્તક માગવા આવે તોપણ આપવાને વાર કરવી નહિ.** ઇત્યાદીથી પૃથ્વીમાં તેનો યશ ગવાતો હતો. સૂર્યના કિર્ણોની પેઠે તેની અપૂર્વ કીર્તિ ચોતરફ પ્રસરી રહી હતી. તેનાપર પ્રજાનો અપૂર્વ પ્રેમ હતો. તેવીજ રીતે વિદર્ભ દેશમાં **ભીમ** નામે સર્વ ગુણયુક્ત પ્રરાક્રમી રાજા હતો. તે પોતાને સંતાન ન હોવાથી બહુ બહુ પ્રકારે યત્ન કરતો હતો. ત્યાં **દમન નામે મહર્ષિ** આવ્યા, તેમને સર્વ પ્રકારથી ભીમરાજાએ પ્રસન્ન કર્યા તેની કૃપાથી ભીમ રાજાને દમ, દાન્ત અને દમન એ ત્રણ કુમાર તથા **દમયંતી,** નામે કન્યા રત્ન એ ચાર સંતાન થયાં હતાં. તેમાં દમયંતી તો રૂપે, તેજે, યશે, શ્રીએ, અને સૌભાગ્યે લોકોમાં યશ પામી હતી. તેના જેવી રૂપવંતી તે દેશમાં કોઇ કન્યા નહોતી, એટલુંજ નહિ પણ દેવ, યક્ષ, અને ગંધર્વમાં પણ પૂર્વે કોઇજ દીઠી કે સાંભળી હશે. તેમજ પુરૂષમાં સિંહરૂપ નળ હતા. લોકો દમયંતી પાસે નળની અને નળ પાસે દમયંતીની વારંવાર પ્રસંશા કરતા હતા. એ રીતે હમેશાં એક બીજાના ગુણ સાંભળતાં—પરસ્પરનું હૃદય વિહ્વળ થતું. બંનેએ એક બીજાના ગુણ સાંભળી પોતાના મનથી પરસ્પર વરવાનો નિશ્ચય કર્યો હતો. દમયંતીના સ્વરૂપ શૃંગારનું વર્ણન સાંભળી નળનું હૃદય વિંધાયું હતું. તેથી ઉદાસ થઇ એક વખતે વનમાં ગયો. ત્યાં તેણે સુંદર હંસોની પંક્તિ દીઠી, નળના કરકમળમાં મુક્તામાળ જોઇને એક હંસ તેના હાથ ઉપર ચડયો. તેણે મનુષ્ય વાણીથી કહ્યું કે;–રાજન્! મારો ઘાત કરીશ નહિ–દમયંતી તને મળે એવો હું યત્ન કરીશ. તારા ગુણની પ્રસંશા કરીશ, જે સાંભળી તે ક્યારે પણ તારા વગર બીજાને માન્ય કરશે નહિ. તે સાંભળી નળે કહ્યું કે, તને હું મારા પ્રાણ કરતાં વધારે ગણીશ, પણ હમણાંને હમણાં તું વિદર્ભ દેશ જઇ દમયંતીને સમજાવ, એમ કહી હંસને છોડી મૂકયો. હંસ ત્યાંથી ઉડી વિદર્ભ દેશમાં ગયો. દમયંતી પોતાની સખીઓ સાથે પાસેના એક ઉપવનમાં રમતી હતી. ત્યાંથી થોડે દૂર જઈ હંસ બેઠાં. અદ્ભૂત રૂપવંત હંસોને દેખી તે રાજી થઈ અને તેને પકડવાને દોડી. હંસો પ્રમદાના વનમાં પ્રસરી ગયાં. એકેક પાછળ એકેક કન્યા દોડી. જે હંસ પાછળ દમયંતી દોડી હતી, તે હંસ મનુષ્ય વાણીથી બોલ્યો કે;–દમયંતી! નૈષધ દેશમાં નળ નામે મહીપતિ છે, રૂપમાં તેના જેવો કોઇ મનુષ્ય નથી. હે કુમારિ! તેની જો તું ભાર્યા થાય તો તારો જન્મ સફળ થશે. અમે દેવ, ગંધર્વાદિ બહુ જોયા છે, પણ તેના જેવો કોઇ

જોયો નથી. નારીમાં તું રત્ન છે અને નરમાં નળ શ્રેષ્ટ છે. માટે પરસ્પર તમારો સંબંધ ઘણો યોગ્ય થશે. ઇત્યાદિ ઘણાં વખાણ કર્યાં. એ સાંભળી દમયંતી પણ નળ સાથે પરણવાને લોભાઇ હંસને કહ્યું કે;-હંસ! તું જા, નળને કહે કે મેં પણ મનથી તમને વરમાળા પહેરાવી છે. માટે મારા પિતા સ્વયંવર રચે ત્યારે તમારે તરત આવવું. હંસે તરત ત્યાંથી ઉડી જઇ, એજ પ્રમાણે સર્વ વાત નળને જણાવી. દમયંતીએ જે દિવસથી હંસનાં વચન સાંભળ્યાં હતાં, તે દિવસથી નળરાજાનું ચિંતવન કર્યા કરતી હતી. રાત્રિ દિવસ શય્યા, આસન, ભોગમાં ચેન પડતું નહિ. હા હા! કહી વારંવાર રૂદન કરતી. તે જોઈ તેની સખીઓએ આ વાત ભીમરાજાને નિવેદન કરી. ભીમરાજાએ પોતાની પુત્રી યુવાવસ્થાએ આવેલી જોઇ સ્વયંવર કરવાનો વિચાર કર્યો. દેશ દેશાવરના રાજાઓ, ઋષિવરો આદિ માન્ય પુરૂષોને આમંત્રણ મોકલ્યાં.

દમયંતી સ્વયંવર—ભીમરાજાના આમંત્રણથી સર્વે રાજાઓ, ત્યાં જવા લાગ્યા, હસ્તિના હોકાર, અશ્વના હણહણાટ અને રથના ઘણઘણાટના ઘોષથી પૃથ્વી ગાજી રહી. મહર્ષિઓ અને મહારાજાઓની યથાર્થ પૂજાદિ સત્કાર ભીમ રાજાએ કરી ઉતારા આપ્યા. નારદ મુનિ અને પર્વત ઋષિ મારફતે ઇંદ્રને ખબર થતાં, તે પણ દેવતાઓ સહિત સ્વયંવરમાં જવાને તૈયાર થયો. તેમને વિદર્ભ દેશ તરફ જતાં રસ્તામાં નળરાજાનો સમાગમ થયો. નળરાજાને મહા તેજસ્વી અને કામદેવ સરિખો સ્વરૂપવાન જોઇ સૌચિસ્મિત થયાં. આ દમયંતી નળને જોશે તો આપણને નહિ વરતાં તે નળનેજ વરશે; એવો સંકલ્પ કરી દેવોએ વિમાનોને અંતરિક્ષમાં અટકાવી નીચે ઉતરીને નળરાજા પ્રતિ કહ્યું કે;—હે નૈષધપતિ રાજેંદ્ર! આપ સત્યવાદી અને પુણ્યશીળ છો, અમને સહાય કરો અને દૂત થાઓ. નળે કહ્યું કે;—**"કરીશ."** એમ કહી પૂછ્યું કે, તમે ક્યાં જાઓછો અને તમારૂં મારે શું કામ કરવું તે જણાવો. ઇંદ્રે જણાવ્યું કે;-હું, યમ, વરૂણ, અને અગ્નિ એ ચાર દમયંતીનો સ્વવર થાય છે ત્યાં જઇએ છીએ. માટે તું દમયંતી પાસે જઈ કહે કે તને ઇંદ્ર વગેરે દેવો વરવાને ઇચ્છે છે, તેમાંથી એકને વર. નળે કહ્યું;-જે વાસ્તે તમે જાઓ છો તેજ વાસ્તે હું જાઉંછું. માટે મને મોકલવો ઘટીત નથી. મેં વરવા ઇચ્છેલી સ્ત્રીનો ત્યાગ કરી બીજાને વાસ્તે કેમ માગણી કરૂં? ઇંદ્રે કહ્યું;-પ્રથમે તેં કહ્યું કે હું કરીશ, તે તારૂં વચન મિથ્યા કરે છે? માટે તું જલદી જા, અમારા કહેવાથી જઇશ. તેથી તને દમયંતીના મહેલમાં જતાં કોઇ દેખશે નહિ. ઇંદ્રના આગ્રહથી નળ દમયંતી પાસે ગયો. તેનું મુખ જોતાં વાતજ દમયંતીએ જાણ્યું કે એજ મારો પ્રીતમ છે. નૈષધપતિએ પોતાનું ખરૂં નામ જણાવી કહ્યું કે, હું ઇંદ્ર, યમ, વરૂણ, અને અગ્નિનું

દૂતત્વ કરવા આવ્યો છું—તેઓ તારા સૌંદર્ય ઉપર આસક્ત છે. માટે એ ચારમાંથી એકને તું વર. દમયંતીએ કહ્યું;-ધનુપમાંથી છૂટેલું બાણ પાછું કેમ ફરે? મેં મારૂં મન તમને સમર્પ્યું છે તે બીજા કોઈ બાણી હવે જનાર નથી. નળ વિના બીજા પુરૂપ મારે મન પિતા, ભાઈ અને પુત્ર સમ છે. રાજન્! હું તો તમને ઘણા દિવસ થયાં તન, મનથી વરી ચૂકી છું. જો તમે મારો તિરસ્કાર કરશો, તો હું મારો પ્રાણ ત્યાગ કરીશ. નળે કહ્યું,— લોકપાળ સરખા દેવો તને વરવાને ઇચ્છે છે, તેમ છતાં તું મનુષ્યને- કેમ વરવા ઇચ્છે છે? દમયંતીએ કહ્યું;— હું સર્વ દેવો નમસ્કાર કરૂંછું. હું તો તમને મનથી વરી ચૂકી છું, તે મિથ્યા થનાર નથી. નળે કહ્યું;-હું દેવોની આડે થઈ તને ધર્મના નિયમ પ્રમાણે શા રીતે વરૂં? દમયંતીએ કહ્યું, હું સ્વયંવરમાં સર્વ દેવોની સમક્ષ તમને વરીશ. પછી નળે ઇંદ્રાદિ દેવો પાસે આવી કહ્યું કે, મેં તમને વરવાને દમયંતીને ઘણી સમજાવી, પણ તે તો એક મનેજ વરવાને ઇચ્છે છે, એ તમે સત્ય માનજો. શુભ કાલ પ્રાપ્ત થતાં સ્વયંવરમાં સર્વ પૃથ્વી પાલો આવ્યા. દમયંતી પણ રંગમંડપમાં આવી, પોતાની પ્રભા વડે તેણીએ રાજાઓનાં ચક્ષુ અને મન ચોરી લીધાં. પછી સૌ સમક્ષ રાજાઓનું વર્ણન થવા લાગ્યું. દેવોએ દમયંતિની પરીક્ષા માટે નળ સરખાં સ્વરૂપ ધર્યા હતાં. ત્યાં દમયંતી નળને નિહાળવા લાગી તો સરખી આકૃતિ અને સરખા સ્વરૂપના પાંચ પુરૂષો દીઠા, એટલે સંદેહથી વૈદર્ભી નળ નૃપતિને ઓળખી શકી નહિ. એ પાંચમાં જે જે સામું જુએ તે તે નળ નૃપ જેવા લાગે. બુદ્ધિ વડે ચિંતન કરી તર્ક કરવા લાગી કે;-કેમ કરીને દેવોને અને નળને જાણું. દેવનાં ચિન્હ વૃદ્ધ સાંભળ્યાં હતાં, તેમાંનું એકે આમનામાં દેખાતું નથી. એમ વિચાર કરી દેવોનું શરણ લેવાનો નિશ્ચય કર્યો. પોતાને સ્થાને હીકર જોડી ઉભી રહી. પછી મન અને વાચાથી નમસ્કાર કરી કંપતી કંપતી દેવ પ્રતિ બોલી કે;—"હંસોના વચન સાંભળીને મેં પતિત્વમાં નૈપધનાથનો આશ્રય કર્યો છે. તે સત્ય વડે તે નળને દેવો મને દેખાડો. વાણી અને મનથી જે પ્રમાણે હું ચળી નથી, તે સત્ય વડે તે નળને દેવો મને દેખાડો. નળના આરાધન સારૂજ આ વ્રતનો મેં આરંભ કર્યો છે, તે સત્ય વડે દેવો મને દેખાડો. લોકપાળ દેવો પોતાનુંજ રૂપ ધારણ કરો કે, જેથી પુણ્યશ્લોક નરાધિપ નળને જાણું." સત્ય ઉપર પૂર્ણ વિશ્વાસવાળી દમયંતીનાં આવાં કરૂણ વચન સાંભળીને દેવોએ પોતાનું મૂળ સ્વરૂપ ધારણ કર્યું. એટલે દેવો અંતરિક્ષ આસને અને નૈપધપતિ નળને પૃથ્વીપર બેઠેલો જોયો. તરત દમયંતીએ હર્ષ ગર્જના વચ્ચે નળના કંઠમાં વરમાળા આરોપી. જયજયકારનો ધ્વની થયો. નળે દમયંતીને કહ્યું;-સુંદરિ! તું સર્વ દેવતાઓની સમક્ષ મને વરી

છે, માટે જ્યાં સુધી મારા શરીરમાં પ્રાણ રહેશે, ત્યાં સુધી હું તારામાં પ્રીતિ રાખી વર્ત્તીશ." પછી નળ દમયંતી વિધિસર દેવતાઓ સમક્ષ પરણ્યાં. દેવતાઓએ નળને આશીર્વાદ આપ્યો કે;-૧ યજ્ઞમાં ઇંદ્રનું પ્રત્યક્ષ દર્શન અને જ્યાં જવું હશે ત્યાં તું ત્વરાથી જઈ શકશે-૨ ઇચ્છા કરશે ત્યાં અગ્નિ પ્રકટ થશે-૩ અન્ન ગમે તેવું હશે પણ તારા હાથથી મધુર થશે-૪ તારી ધર્મમાં પ્રીતિ રહેશે-૫ જ્યાં ઇચ્છા કરશે ત્યાં જળ પ્રકટ થશે-૬ ઇચ્છા કરશે કે ઉત્તમ સુગંધી પુષ્પોની માળા પ્રાપ્ત થશે. આ વરદાન આપી દેવો સ્વર્ગ પ્રત્યે ગયા. નળ દમયંતીને લઇને પોતાને નગર ગયો. પછી દમયંતીને **ઇંદ્રિસેન કુંવર** અને **ઇંદ્રસેના કુંવરી** એ બે સંતાન થયાં.

કલિનો કોપ—સ્વયંવરના સભા ઉપર દ્વાપરને કલિ સાથે આવતો ઇંદ્રાદિ દેવોએ જોયો. તેણે કલિને પૂછ્યું કે. કયાં જાઓ છે? કલિએ કહ્યું કે;—દમયંતીના સ્વયંવરમાં જઈ તેને વરીશ. મારૂં મન તેનામાં ગયુંછે. ઇંદ્રે હસીને કહ્યું કે;—તે સ્વયંવરતો નિવૃત્ત થયો. અમારી સમીપજ દમયંતી નળને વરી એ સાંભળી કલિએ ક્રોધ કરી કહ્યું કે, દેવને મૂકી મનુષ્યને વરી માટે તેને શિક્ષા કરવી યોગ્ય છે. દેવોએ કહ્યું;—" અમારી આજ્ઞાથીજ દમયંતી નળને વરી છે. સર્વ ગુણ સંપન્ન નળરાજાનો આશ્રય કઇ સ્ત્રી ન કરે! જે અખિલ ધર્મ જાણે છે અને યથાવત્‌વત આચરે છે. ચારે વેદ અને પાંચમાં ઇતિહાસાદિનું જેણે અધ્યયન કર્યું છે. જેના ઘરમાં યજ્ઞ વિષે ધર્મથી દેવોને નિત્ય તૃપ્ત કરવામાં આવે છે, જે અહિંસક, સત્યવાદી, અને દૃઢ વ્રત છે, જેનામાં ક્ષમાં, ધૈર્ય, દાન, તપ, પવિત્રપણું, દમ, શમ વસે છે. એવા સ્વભાવના નળને જે શાપ દેવા ઇચ્છે છે, તે મૂઢને પોતાનેજ તે શાપ લાગે છે અને તે પોતાની મેળે પોતાનેજ હણે છે. એવા ગુણવાનને જે શાપ દે છે તે અગાધ નરકમાં બુડે છે." એટલું બોલી દેવો ગયા, પણ કલિએ પોતાનો કોપ સમાવ્યો નહિ. તેણેતો નળને વિષે પ્રવેશ કરી તેને રાજ્યથી ભ્રષ્ટ કરવાનો અને દમયંતીથી વિયોગ કરાવવાનો નિશ્ચય કર્યો-પાસામાં પેસી પોતાને સહાય કરવાને દ્વાપરને વિનંતિ કરી. પછી કલિ નળરાજાને ત્યાં ગયો. ગુપ્તરીતે તેનાં છિદ્ર શોધવા લાગ્યો. એમ બાર વર્ષ નીકળી ગયા, પણ કંઈ છિદ્ર મળયું નહિ. અંતે એક પ્રસંગે નળ પેસાબ કર્યા પછી હાથ પગ ધોયાવિના **સંધ્યા** કરવા બેઠો. ત્યાં કલિએ તેનામાં પ્રવેશ કર્યો. પછી કલિ ત્યાંથી પુષ્કર પાસે ગયો અને કહ્યું કે, તું દ્યૂતથી નળને અને રાજયને જીત. પછી પુષ્કર નળ પાસે આવી દ્યૂત રમવા લાગ્યો. મંત્રિ મંડળે, દમયંતીએ અને અગ્રેસર પ્રજાજને રાજાને ઘણો વાર્યો, પણ કલિ પ્રવેશથી કોઇનું નમાન્યું. અંતે નળ રાજ્ય અને સર્વ સમૃદ્ધિ

હાર્યો. એ રીતે દ્યૂતમાં સર્વ હાર્યો. એટલે પુષ્કરે હસીને કહ્યું કે;—તમારૂં મન માને તો દમયંતીને પણ મૂકો. એમ કહેતાં ક્રોધ વડે નળનું હૃદય ફાટી જતું ન હોય તેમ થયું, પણ કંઈ બોલ્યા વગર પોતાનાં સર્વ આભૂષણો ઉતારી શોકાનળમાં વ્યાપેલો નળ એક વસ્ત્ર પહેરી બહાર નીકળ્યો. દમયંતી પણ એક વસ્ત્ર પહેરી તેની પાછળ ગઇ. તે બંને ત્રણ રાત્રિ નગર બહાર રહ્યાં. પુષ્કરે પૂરમાં ઢંઢેરો પીટાવ્યો કે;–'જે કોઇ નળ પાસે જશે કે તેને સત્કાર કરશે તેને મારી નાખીશ. તેથી નગરીના લોકો તેનો સત્કાર કરી શકયાં નહિ. દમયંતીએ પોતાનાં બાળકોને રથમાં બેસાડી પોતાને પિયર મોકલી દીધાં. તેનો સાર્થિ વાર્ષ્ણેય વળતાં અયોદ્ધાપતિ રૂતુપર્ણ પાસે નોકર રહ્યો. નળ દમયંતી ત્રણ દિવસ નિરાહાર રહ્યાં. ચોથે દિવશે તેઓએ વનમાં પ્રવેશ કર્યો. ક્ષુધા બહુજ લાગી હતી, ભક્ષને માટે શોધ કરતાં એક સુવર્ણ સરખા તેજસ્વી પુષ્ટ પક્ષીને જોયું. રાજા તેને પકડવા જેમ પાછળ દોડે, તેમ તેમ એ દુર જતો જાય. તેથી નળે પોતાનું પહેરેલું વસ્ત્ર કહાડી તેના પર નાખ્યું. એટલે તે વસ્ત્ર સહિત ઉડી ગયું અને રાજા નગ્ન થઇ રહ્યો. આ જોઇ નળે કહ્યું;–સતી! હવે શું કરવું? આ એકજ વસ્ત્ર હતું, તે પણ ગયું, ભૂખ્યા પણ પ્રાણ જાય છે. હે પ્રાણ પ્યારી! હું દુઃખી હાલતમાં આવી પડયો છું. હવે પ્રાણનો નિર્વાહ શી રીતે કરવો? એ મને કાંઈ સૂઝતું નથી. માટે તું તારે પિયર વિદર્ભ દેશ જા, આ રસ્તો એ તરફ જાય છે. પ્રાણ પ્રિયે! તું ત્યાં જઇશ તો સુખી થઇશ. દમયંતી વ્યાકુળ ચિત્તે સજળ નેત્રે બોલી;—પ્રાણનાથ! આપનાં આ વચનથી મારૂં હૃદય ખેદ પામે છે, આપે રાજ્ય અને સર્વ સંપતિ છોડી દીધી, વસ્ત્ર વગરના થયા, ભૂખના દુઃખથી પીડાઓ છો. એવા આપને નિર્જનવનમાં મૂકીને હું કેમ જઇ શકું! મહારાજ! ઘોરવનમાં પૂર્વના સુખનું સ્મરણ કરતાં, થાકેલા અને ક્ષુધાર્ત્ત એવા આપના ગ્લાનિનો હું નાશ કરીશ. વૈદ્યોનું મત છે કે,–"સર્વ દુઃખમાં ભાર્યા સમાન કાંઈ પણ ઔષધ જણાતું નથી. એ આપને સત્ય કહું છું" આ ઘોર અરણ્યમાં આપનો ત્યાગ કરી મારા પિતાને ઘેર કેમ જાઉં? નહિ, નહિ. હું કદિ પણ આપને છોડી જવાની નથી. હું તો આપની સેવા કરવાને સદા સાથેજ રહીશ. પુરૂષને દુઃખને વખતે ધીરજ આપનાર, દુઃખરૂપી રોગ મટાડનાર, અને દિલાસો આપનાર સ્ત્રીજ છે. સ્ત્રીને પતિ પ્રાણ અને જીવનાધાર છે. તો હું પતિ રૂપી પ્રાણનો શી રીતે ત્યાગ કરી શકું? હું તમને છોડીને એક ડગલું પણ દૂર કેમ જઈ શકું! નળ કહે;—પ્રિયે! તું કહે છે તેમજ છે, તું શા માટે ચિંતા કરે છે. હું મારા આત્માનો ત્યાગ કરીશ, પણ તારો ત્યાગ નહિ

કરૂં ! નળ ક્ષુધાથી પીડિત દીન વદને આમ તેમ જોતો હતો, એવામાં કળિ મચ્છ રૂપે એક પાસેનાં તળાવની બહાર પડયો હતો. એને જોતાંજ નળે તેને માર્યો અને દમયંતીના હાથમાં આપ્યો. એ તેને ધોવા તળાવની પાસે બેઠી, મચ્છના મોમાં આંગળી ઘાલી દુર્ગંધ કહાડવા જાય છે, એવામાં આંગળીમાંથી અમૃત સ્રાવ થયો અને મચ્છ સજીવન થઈ તળાવમાં જતો રહ્યો. દમયંતીએ વ્હીલે મુખે બનેલી વાત નળને કહી, પણ એણે તે ન માન્યું. એતો એજ ખાઈ ગઈ એમ જાણી તેનો તિરસ્કાર કર્યો. પછી દમયંતીએ પોતાનાં વસ્ત્રનો એક છેડો નળને પહેરવા કહાડી આપ્યો. સૂર્યાસ્ત થતાં બંને એક વૃક્ષ નીચે સૂતાં. દમયંતી ભર નિદ્રામાં પડી હતી. તેના સામું જોયું તો તેની પૂર્વ સ્થિતિનો ચિતાર તેને આવ્યો. તેથી એ ઘણું દુઃખ પામ્યો. પછી ચિંતાયુક્ત થઈ મન સાથે વિચાર કર્યો કે, મારૂં સારૂં કેમ થાય? મારી પ્રિય પત્ની મારે સારૂ દુઃખ ભોગવે છે, તેને હું ત્યાગ કરૂં તો તે પિયર જાય. જો એ મારી સાથે આવશે તો નક્કી દુઃખી થશે. એમ વિચારી તેને ત્યાગ કરી જવાનો નિશ્ચય કર્યો. આ બધું તેને કળિ પ્રવેસથી સૂઝયું હતું. એવામાં કળિ પાળી રૂપે નીચે પડયો, નળે તે ઉપાડી લીધી, અર્ધ વસ્ત્ર કાપી દમયંતીથી છૂટો થઇ ચાલવા લાગ્યો.

દમયંતીનો ત્યાગ—નળ રાજા ચાલતાં ફરી પાછો વળી દમયંતી સૂતી હતી, ત્યાં આવી વિચારવા લાગ્યો. અરે! આ મહાભાગ્યશાળી યશસ્વિની અને મહા સતી છે, માટે તેને કોઈ પુરૂષ છેતરી સકશે નહિ, પણ એ ટાઢ, તડકો કેમ સહન કરી શકશે? તેણે કદી પૃથ્વીપર પગ મૂકયો નહોતો, તેને આજે એક વસ્ત્રથી નિરાધારપણે પૃથ્વીપર સૂવું પડે છે. અહો! દૈવગતિ અતિ પ્રબળ છે! હાય! હાય! કાપેલું અરધું વસ્ત્ર ધારણ કરેલી સતી જાગશે, ત્યારે કેવી ગભરાશે? અરે! તે મારા વગર અઘોર વનમાં કેવી વ્યાકુળ થઇ ફરશે? મને ન જોવાથી કેવી દુઃખી થશે? અરેરે! તેની શી વલે થશે? એમ કહેતાં અશ્રુ ધારાએ રૂદન કરતાં બોલ્યો;—"આ સૂતેલી મારી પ્રિય સ્ત્રીની સર્વ દેવતાઓ રક્ષા કરો." એમ કહી ભરનિદ્રામાં સૂતેલી મૂકી વિયોગના દુઃખથી પીડાતો અને આંસુ ઢાળતો ચાલી નીકળ્યો. દમયંતીએ જાગીને જોયું તો પ્રિય પતિ ન દીઠા. તેથી મહા દુઃખે વ્યાકુળ ચિત્તે ભયંકર જંગલમાં વિલાપવા લાગી. અર્ધ વસ્ત્ર કાપી જતો રહેલો જોઇ મૂર્છા ખાઈ ધરતીપર ઢળી પડી. કેટલીકવારે સાવધ થઈ વલવલતી વનમાં ભટકવા લાગી. માર્ગમાં એક અજગર મોંઢુ વિકાસી પડયો હતો, દમયંતીનું ધ્યાન નળમાં લાગી રહ્યું હતું. શરીરની શુદ્ધ ભૂલી ગઈ હતી. શુદ્ધ ન રહેતાં તેના મુખમાં પગ પડયો, એ તેણે ગળવા માડયો, દમયંતીએ ચીસ પાડી

નળને પોકાર કર્યો. તે એક પારધીએ સાંભળ્યો. એણે આવી કુહાડીના ઘાથી અજગરને મારી દમયંતીને મૂકાવી. પારધી એનું રૂપ જોઇ કામાતુર થયો. આલિંગન કરવા જતો હતો, તે વેળા દમયંતીએ તેને બહુ સમજાવ્યો, પણ સમજ્યો નહિ. ત્યારે તેણે પોતાના પ્રાતિવ્રત્યના પ્રતાપથી શાપ આપી બાળી ભસ્મ કર્યો. ત્યાંથી દમયંતી ઉત્તર તરફ ચાલી. માર્ગમાં એક શિલાતલ ઉપર બેસી વિલાપવા લાગી કે;—"હે નર શ્રેષ્ઠ ! નળ તમે પુષ્કળ દક્ષિણા યુક્ત અશ્વ મેધાદિ યજ્ઞો કરી મારા વિષે મિથ્યા કેમ વર્તો છો. મારા સમક્ષ અને હંસ સમીપ જે કલ્યાણ વચન બોલ્યાછો તે યાદ કરો. આ અઘોર વનમાં કેમ બોલતા નથી ? આ વનરાજાસિંહ મને ભક્ષે છે. શું આપ મને રક્ષવા યોગ્ય નથી ? આપ સદા કહેતા હતા કે—'મારે તારાથી અન્ય કોઇ પણ પ્રિયા નથી.' તે સાચું કરો." હા નાથ ! કેમ બોલતા નથી ? પછી તે વનમાં એક સિંહને દેખી કહ્યું:—હે વનરાજ ! તેં નળ દીઠા હોય તો કહે, નહિતો મને ખા અને આ દુઃખથી મૂકાવ. સિંહતો સામું જોયા વગર ત્યાંથી નદીભણી ચાલ્યો ગયો, પછી ગિરિ, તરૂવર, વૃક્ષ, પક્ષી આદિને કહેવા લાગી કે;— "પુણ્યશ્લોક નળ ભર્તાને શોધતી અહીં આવીછું. આ વનમાં આપે તેમને કયાંય દીઠા છે ? કોઈ જવાબ આપે નહિ, તેમ રાણી વધારે રૂદન કરતી. ત્રણ અહોરાત્ર ચાલતી એક મહા તપસ્વી ઋષિના આશ્રમમાં આવી. ત્યાં નળને જોયાના ખબર પૂછતાં, તપસ્વીએ કહ્યું કે, "તને તારા સ્વામિનો મેળાપ હવે વહેલો થશે." ત્યાંથી ઋષિને નમન કરી કનક નદીને તીરે આવી, ત્યાં એક સંઘનો મેળાપ થયો. એ સંઘ ચેદી દેશના રાજા સુબાહુના મુલકમાં જતો હતો, એ સાથે ચાલી. વનમાં એક તળાવ હતું ત્યાં તેમણે પડાવ નાંખ્યો. રાત્રે હાથીઓનું મોટું ટોળું પાણી પીવાને આવ્યું, તેણે એકદમ મોટી ગર્જના કરી. તેથી આખો સંઘ ગભરાઇ ગયો. સંઘના માણસો કહેવા લાગ્યા કે આપણી સાથે એક વિચિત્ર દેખાવની સ્ત્રી આવી છે. તે કોઈ રાક્ષસી હશે, તેણેજ આ માયા રચી લાગે છે. માટે ચાલો તેને મારી કાઢીએ. આ સાંભળી દમયંતી ભય પામી વનમાં નહાશી ગઈ. રૂદન કરતી, બેબાકળી બનેલી ચેદી દેશના સુબાહુ રાજાના શહેરમાં આવી. સુબાહુની રાણી મહેલના ગોખમાં બેઠી હતી, તેના જોવામાં આવ્યુંકે;—આ કોઈ દુઃખી સ્ત્રી ઉભી છે. એમ જાણી તેને મહેલમાં તેડી લાવવાને દાસીને મોકલી. દાસી દમયંતીને તેડી લાવી. રાણીએ તેને મહેલમાં બેસાડી તેના ખબરઅંતર પૂછયા. રાજમાતાને તેની દુઃખિત સ્થિતિ જોઈ દયા આવી. પછી કહ્યું તું અહીં રહે હું તારા પતિને શોધવા ચાકરો મોકલીશ. દમયંતીએ કહ્યું;— "હું કહું તે વચન તમે પાળો તો હું રહું-હું કોઈનું ઉચ્છિષ્ઠ ખાઇશ નહિ,—

હું કોઇનું પાદપક્ષાળણ કરીશ નહિ,—હું કોઈ પર પુરૂષ સાથે ભાષણ કરીશ નહિ—કોઈ પુરૂપ મારે વિષે પાપી બુદ્ધિ કરે તો તેનો તમારે નાશ કરવો; કારણ કે એવા અધર્મિ પુરૂષની સામે જોવું પણ નહિ એવું મારૂં વ્રત છે. ફકત મારા પતિની શોધ કરનાર બ્રાહ્મણનેજ નેત્રથી જોઇશ. આ રીતે તમારાથી બની શકે તો હું રહીશ, નહિ તો મારે રહેવાની ઇચ્છા નથી. રાણીએ કહ્યું આ તારૂં ઉત્તમ વ્રત છે, તે માટે તમારા કહેવા પ્રમાણે બંદોબસ્ત કરીશ. હું તને પુત્રીની પેઠે ગણીશ તમે બેફિકર રહો. રાણીએ તેને પોતાની **સુનંદા** નામે પુત્રી સાથે જુદા મહેલમાં રાખી.

નળરાજા દમયંતીને ત્યાગી વનમાં ગયો, ત્યાં સળગતા દાવાનળમાં એક કર્કોટક નામે નાગને જોયો. નાગે નમન કરી કહ્યું:—મેં નારદનો છળ કર્યો હતો. તેથી તેણે કોપ કરી શાપ આપ્યો છે કે, તું નળરાજા આવે ત્યાં સુધી વૃક્ષની પેઠે સ્થિરથઇ પડયો રહેશે. જ્યારે નળ તને આહીંથી ઉપાડી બીજે મૂકશે, ત્યારે શાપથી મુક્તી થશે. રાજન! આ મહા દાવાનળમાંથી મારી રક્ષા કરો. હું તમારી સખા થઇ તમારૂં પ્રિય કરીશ; ત્યારે નળે તેને ત્યાંથી ઉપાડી બીજે મૂકયો. નાગે તેના શરીરમાં ડંસકર્યો. એની વિષ જવાળાથી નળ કાળો અને કુરૂપ થઇ ગયો. કર્કોટકે નળને કહ્યું કે, તારૂં રૂપ છુપાવવા મેં દંખ દીધો છે અને પછી એક વસ્ત્ર આપી કહ્યું કે; તારી અવધ પુરી થાય એટલે આ વસ્ત્ર મારૂં સ્મરણ કરી પહેરવાથી તને તારૂં રૂપ પૂર્વવત થશે અને દમયંતી તથા રાજ પાછાં મળશે. પછી નળ અયોધ્યામાંના ઋતુપર્ણ રાજાને ત્યાં ગયો અને બાહુક નામ ધારણ કરી કહ્યું કે:—હું નળનો સાર્થિ છું, અશ્વ મંત્ર જાણું છું. પછી ઋતુ પર્ણે એને સર્વ સાર્થિઓનો ઉપરી કર્યો. અહીં તે નિત્ય રાત્રે દમયંતીને સંભારી વિલાપ કરે. બીજા સાર્થિઓએ તેને એમ કરવાનું કારણ પૂછવાથી કહ્યું કે:—કોઇ ભેદ બુદ્ધિવાળો માણસ પોતાની રત્ન જેવી સ્ત્રીને વનમાં ત્યાગ કરી જતો રહ્યો અને પછી તે મૂર્ખ શોક કરવા લાગ્યો તેની રીતિ હું સહજ કરી દેખાડું છું. ભીમ રાજાએ નળ દમયંતીના શોધ માટે ચારે તરફ બ્રાહ્મણો મોકલી દીધા. શોધ કરતાં કરતાં સુદેવ બ્રાહ્મણ ચેદી દેશના રાજા સુબાહુના શેહેર **ચૈધવસુપુરીમાં** આવી દમયંતીને ઓળખી. દમયંતી પણ તેને ઓળખી રડી પડી. આ જોઈ સુનંદાએ વિસ્મિત થઈ સુદેવને દમયંતી વિષે પૂછયું, ત્યારે તેણે કહ્યું કે;—એ તારી માસીની દીકરી બેન દમયંતી છે, પછી સૌએ તેને પ્રથમ ન ઓળખી તેનો પશ્ચાત્તાપ કર્યો. દમયંતી સૌનો ઉપકાર માની પાલખીમાં બેસી સુદેવ વગેરે સૈન્ય સાથે પોતાના પિતાને ઘેર ગઇ. અહીંથી દમયંતીએ નળની શોધ કરવા બ્રાહ્મણોને

મોકલ્યા હતા. તેમાંથી પર્ણાદનામનો બ્રાહ્મણ સમાચાર લાવ્યો કે; તમારી વાત સાંભળી માત્ર એક અયોધ્યાનો રાજસાર્થિ બાહુક છે તે ઘણો શોક કરવા લાગ્યો. પછી દમયંતીએ સુદેવને ઋતુપર્ણ પાસે મોકલ્યો અને કહાવ્યું કે;—દમયંતીનો ફરી સ્વયંવર થાય છે અને કાલે પ્રાતઃકાળે મૂહુર્ત્ત છે. માટે જે રાજા વહેલો આવશે તે વરમાળ પહેરશે. ઋતુપર્ણે બાહુકને બોલાવી કહ્યું કે—વિદર્ભ દેશ દમયંતીનો ફરી સ્વયંવર થાય છે, ત્યાં મારે એક દિવસમાં જઈ પહોંચવું છે. બાહુકે વિચાર કર્યો કે, દમયંતીએ દુઃખે કરીને ફરી સ્વયંવર કરવાનો વિચાર કર્યો હશે! કે મારે માટે આ ઉપાય કર્યો હશે! જે હોય તે ખરૂં, પણ ત્યાં જવાથી તેનો નિશ્ચય થશે. એમ મન સાથે વિચારી રાજાને કહ્યું, "હું આપની મરજી પ્રમાણે પહોંચાડીશ." પછી વાયુસરખા વેગવાળા ઘોડા રથને જોડી ચલાવવામાં એવી ચતુરાઈ બતાવી કે તે જોઈ રાજા ઘણો ખુશી થયો. રથ ઘણા વેગથી જતો હતો, ત્યાં માર્ગમાં બેડાનું ઝાડ આવ્યું, રાજાએ કહ્યું, આ ઝાડપર જે ફળ તથા પાન છે અને નીચે ફળને પાન પડ્યાં છે. તેની ગણતરી કહું તે તું સાંભળ. ખરી પડેલાં પાન ૧૮૧ અને ફળ એકજ છે. વૃક્ષની આ બે શાખાઓમાં ૫૦૦૦૦૦૦૦ પાંચકરોડ પાન અને ૨૦૯૫ બેહજાર પચાણું ફળ છે. માટે તારે ચોકસ કરવું હોય તો કરી જો. એપરથી બાહુકે રથ ઉભો રાખી વૃક્ષને કાપી ફળ અને પાન ગણ્યાં, તો રાજાના કહેવા પ્રમાણેજ થયાં. આ જોઇ બાહુક આશ્ચર્ય પામ્યો અને રાજાને કહ્યું કે, તમે મને આ **ગણિતવિદ્યા** શીખવો અને હું તમને **અશ્વ ચલાવવાની વિદ્યા** શીખવીશ. પછી ઋતુપર્ણે ગણવાની તથા **પાસા** નાખવાની વિદ્યા શીખવી, કે તેના શરીરમાં કળિયુગ હતો, તે દૂર થયો. ઋતુપર્ણે કહ્યું, હું અશ્વવિદ્યા મારી મરજી થશે, ત્યારે શીખીશ. પછી બાહુકે રથ જોસથી હાંક્યો કે તરત ભીમરાજાના **કુંદનપૂરમાં** આવી પહોંચ્યા.

દમયંતીએ રથના પૈડાનો મેઘની ગર્જના સરખો ગડગડાટ સાંભળી જાણ્યું કે આવો અવાજ નળના હાકવા સિવાય થાય નહિ. એમ જાણી તેને જોવાને મહેલની અગાસીમાં ગઈ, જોયું તો વાર્ષ્ણેય અને બાહુક સાર્થિ સાથે ઋતુપર્ણ રાજાને જોયા, ઋતુપર્ણ તરત ભીમ રાજા પાસે ગયો. ત્યાં સ્વયંવર જેવું કાંઈ દીઠું નહિ, પણ ભીમકે તેનું ઘણું સન્માન કર્યું. નળ બાહુક અશ્વશાળામાં ઉતર્યો. અહીં દમયંતીએ તેની પરીક્ષા કરવા કેશિની નામની દૂતીને મોકલી. તેણે બાહુકને પૂછ્યું કે, નળરાજા ક્યાં છે? બાહુકે ઉત્તર દીધો કે, તે શરીર કરૂપ કરી કોણ જાણે ક્યાં ગુપ્ત રહ્યો હશે. દાસીએ એ વાત દમયંતીને જણાવી. દમયંતીએ દાસીને કહ્યું કે;—એને અન્ન, ઉ-

દક આપશો નહિ. આ બાળકોને એની પાસે લઈ જાઇ, ત્યાં બેસી એની ચિકિત્સા જોયાં કરો. દાસી બંને બાળકોને લઈ ત્યાં ગઇ. બાહુકને તેમને જોઇ આંખમાં આંસુ આવ્યાં, પછી બાળકોને છાતી સાથે દાબ્યાં. બાહુકે દાસીને કહ્યું કે, મારાં બાળકો મને સાંભરવાથી મેં એમ કર્યું. જે વારે બાહુકે કોરા ઘડાને મંત્રવડે જળથી ભર્યો, અને ઘાસને ફુંકી અગ્નિ પ્રકટ કર્યો; ત્યારે દમયંતીને ખાત્રી થઇ કે તેજ નળ છે. ભીમકે એ સર્વે જાણ્યું, પછી બાહુકને સભામાં બોલાવ્યો, ત્યાં એ પોતાના લગ્ન સમારંભનું સ્થાન જોઈ ઘણો ખેદ પામ્યો અને નીચું મુખ ઘાલી બેઠો. એવામાં આકાશ વાણી થઈ કે;—હે નળ રાજા! હવે તારૂં રૂપ પ્રકટ કર. પછી બાહુકે નાગનું સ્મરણ કરી, તેનું આપેલું વસ્ત્ર પેહેર્યું કે, તે પૂર્વ સ્વરૂપે થઇ રહ્યો. આ જોઇ દમયંતી અને તેનાં માબાપ સર્વે ઘણાં ખુશી થયાં. એ વખતે આકાશ વાણી થઇ કે;—"અમે દમયંતીની રક્ષા કરી છે. તેણે સ્વધર્મનું પાલન કર્યું છે. માટે હે રાજન્! તને તારી પત્ની પ્રાપ્ત થઇ. માટે તું શંકા રહિત થઇ તારા કુટુંબ સાથે તારે દેશ જા. પછી ભીમક રાજાએ એ ખુશાલીમાં ઘણાં ધર્મદાન કર્યાં. નળરાજા અપાર સૈન્ય લઇ દમયંતી સાથે સ્વદેશ આવ્યો. પુષ્કર પાસેથી રાજ લીધું. નળે પુષ્કરની દયા જાણી તેને કહાડી નહિ મૂકતાં એક ગામ આપ્યું. પછી નળ રાજાએ પૂર્વ પ્રમાણેજ યજ્ઞાદિક અનેક શુભ કર્મો કર્યાં. ધર્મ નીતિથી રાજ્ય ચલાવી ઘણી કીર્તિ મેળવી. પછી કેટલાક કાળે પોતાની પ્રિય સ્ત્રી દમયંતી સાથે સ્વર્ગ પ્રત્યે ગયો. એ રીતે એ પોતાનાં મહત્ત ગુણોને લીધે જગતમાં અખંડ કીર્ત્તિ રાખી ગયેલો છે. જે અદ્યાપિ પર્યંત્ સતેજ છે. ધન્ય નરાધિપ નળ!!!

વેદધર્મ સંરક્ષક તત્વદર્શી.

વેદવ્યાસ—કૃષ્ણદ્વૈપાયન.

આ દૈવી પુરૂષ કોણ? એ આપણા પૂજ્ય વેદધર્મ વ્યવસ્થાપક વ્યવહાર નિપુણ—તેઓ પરાશર ઋષિથી સત્યવતીને પેટે ઉત્પન્ન થયા. એનો જન્મ યમુના નદીના એક દ્વીપ (બેટ) માં થયો હતો. યમુના નદી કૃષ્ણ વર્ણે ગણાય છે, તેના દ્વીપમાં જન્મ્યા, માટે દ્વૈપાયન અથવા કૃષ્ણ દ્વૈપાયન કહેવાય છે, નવ માસ, માતાના ગર્ભમાં રહ્યા ઈત્યાદિ પ્રકાર તેને થયા નહોતા. જન્મતાંજ મા! હું તપ કરવાને જાઉં છું, તમારે મોટું કામ પડે ત્યારે સ્મરણ કરજો એટલે હું તરત આવીશ. તમો ચિંતા ન કરતાં સુખેથી રહેજો, તમારૂં કલ્યાણ થાઓ. ઈત્યાદિ કહી તરતજ માતાને વંદન કરી તપ કરવાને

બદ્રિકાશ્રમમાં ચાલ્યા ગયા હતા. તેથી એ **બાદરાયણ** પણ કહેવાય છે. આનો જન્મ ચાલુ મન્વંતરની અઠાવીશમી ચોકડીના દ્વાપરયુગમાં કૃષ્ણાવતારની પૂર્વે થયો હતો. એ મહાત્મા વેદ વિસ્તાર કરનારા થયા, તેથી સાંપ્રતકાળના **વ્યાસ** કહેવાય છે. સઘળા મન્વંતરોના પ્રત્યેક દ્વાપર યુગમાં વેદ વ્યવસ્થા કરનારા અને પુરાણોના વક્તા વ્યાસો થયા છે. પૂર્વે જે જે દ્વાપરયુગમાં જે જે વ્યાસો થઈ ગયા, તે આ પ્રમાણે છે. ૧ પ્રથમ દ્વાપરયુગમાં સ્વાયંભૂ—બ્રહ્મા, ૨ બીજા દ્વાપરમાં પ્રજાપતિ, ૩ શુક્રાચાર્ય, ૪ બૃહસ્પતિ, ૫ સૂર્ય, ૬ મૃત્યુ, ૭ ઇંદ્ર, ૮ વસિષ્ઠ, ૯ સારસ્વત, ૧૦ ત્રિધામા, ૧૧ ત્રિવૃષ, ૧૨ ભરદ્વાજ, ૧૩ અંતરિક્ષ, ૧૪ ધર્મા, ૧૫ ત્રય્યારૂણ, ૧૬ ધનંજય, ૧૭ મેધાતિથિ, ૧૮ વ્રતી, ૧૯ અત્રિ, ૨૦ ગૌતમ, ૨૧ હર્યાત્મા—ઉત્તમા, ૨૨ વેનવાજસ્ત્રવાક્ષ, ૨૩ સોમન્યૂષાયણ, ૨૩ તૃણબિંદુ, ૨૫ ભાર્ગવ, ૨૬ શક્તિ, ૨૭ જાતૂકર્ણ અને ૨૮ કૃષ્ણ દ્વૈપાયન વ્યાસ થયા છે. હવે ૨૯ મા વ્યાસ દ્રોણાચાર્યના પુત્ર અશ્વત્થામા થશે એવું ભવિષ્ય છે. વેદ વિસ્તાર કરનારા તે વ્યાસ એ નામ સાધારણ છે. સ્વાયંભૂ આદિ વ્યાસો જે પ્રમાણે ચાલેલ છે, તેજ પ્રમાણે આ વ્યાસ પણ વર્ત્તેલ છે, પણ આ વ્યાસ તે વેદવ્યાસ કહેવાય છે એ શી રીતે કહેવાતા હશે? એ શંકા થાય; તોપણ એમ સમજાય છે કે તેણે કોઇ વેદની ગુપ્ત શાખાનો ઉદ્ધાર કર્યો છે. તેથીજ **વેદવ્યાસ** કહેવાય છે. વ્યાસ જન્મતાંજ વિષ્ણુંના યોગે મોટા થયા અને પ્રત્યેક તીર્થમાં સ્નાન કરીને બદ્રિકાશ્રમમાં તપ કરવાને ગયા હતા. એ મોટી શક્તિવાળા, તિવ્ર બુદ્ધિના, જિતેંદ્રિય, ધર્મનું સેવન કરનારા, ઘણા ઉંચા, શરીરે કાળા પણ તેજસ્વી હતા. વ્યાઘ્રચર્મ ઓઢતા, અને જટા કલાપ રાખતા. પૈલ, વૈશંપાયન, જૈમિનિ, સુમંતુ, અસિત, દેવલ અને રોમહર્ષ ઇત્યાદિ શિષ્યો હતા. તેમાં પૈલ ને ઋગ્વેદ, વૈશંપાયનને યજુર્વેદ, જૈમિનિને સામવેદ અને સુમંતુને અથર્વ વેદ એ ચારે શિષ્યોને ચાર વેદ બરાબર સમજાવ્યા હતા. વેદની શાખા કરી અર્થાંત્ યજુર્વેદમાં તૈત્તીર્ય શાખા ભણનારા જે તિત્તિરિ ઋષિ એ વ્યાસના શિષ્ય જે વૈશંપાયન તેના શિષ્ય, પરંતુ તિત્તિરિ ઋષિના પુત્ર તૈત્તીરિએ વૈશંપાયન શિષ્યની પૂર્વે હતા. એવું પહેલાં ઉપરિચરરાજાના યજ્ઞમાં સોળ ઋત્વિજના નામો જોવામાં આવે છે (ભાર. શા. અ. ૩૩૬) એ પરથી જણાય છે કે તિત્તિરના પુત્ર તૈત્તિરિ ઋષિ અને કણ્વઋષિ આદિવેદના વિભાગ અને અંદરની શાખા એ પ્રાચીનથીજ હતી, તે વ્યાસે જુદી પાડેલ નથી. તેમજ તૈત્તીર્ય શાખામાં આપસ્તંબ એ સર્વે અતિપુરાતનછે. અધ્યાત્મ રામાયણ વ્યાસે રચેલછે, તેમજ રામલક્ષ્મણને ગીતા તેણેજ સંભળાવી હતી. (જુઓ. અધ્યા૦ રા. ઉ. સ. ૫)એ આદિપરથી સમજાયછે કે, રામાવતાર એની

પહેલાં થયો હતો. એ રીતે જોતાં શાખા અને ઋગાદિક વેદના વિભાગ તેની પૂર્વનાજ હતા એવું સિદ્ધ થાયછે. વ્યાસે **ભાગવતાદિ** અઢારપુરાણોની સંહિતાઓ અને **મહાભારત** નામે આર્ય ઇતિહાસિક ઉત્તમ ગ્રંથ કર્યો. જે ગીર્વાણ વાણીમાં ગ્રંથિત રસાલંકારમય અનુપમ સાહિત્ય રત્નોની ખાણ છે અને તે કલિયુગના પ્રારંભમાં થયું છે. કળિયુગમાં લોકો મંદબુદ્ધિના થઇ જઇને વેદ ધર્મનો રસ્તો બરાબર સમજશે નહિ એવું જાણીને તેમણે વેદ ધર્મનું રક્ષણ કરવા માટે જેટલા સેહેલા ઉપાય કરવા ઘટતા હતા તેટલા કર્યા. સર્વથી છેવટ તેમણે **બ્રહ્મસૂત્ર** અથવા **વેદાંતશાસ્ત્ર**ના ચાર અધ્યાયનાં સૂત્ર કર્યાં. તેને **વ્યાસબ્રહ્મસૂત્ર** કહે છે. તેમાં તેણે **ઉપનિષદોના** ગૂઢ અર્થ સ્પષ્ટ સમજી શકાય તે માટે બધાં **ઉપનિષદોની** એક વાક્યતાકરીને મુખ્ય અર્થને ખૂલ્લો કર્યો. એ સિવાય તેમણે ઘણીક **ધર્મ સંહિતાઓ** તથા **સૂત્રો** રચ્યાં છે. ઇત્યાદિ તેમના ગ્રંથો ઘણા મનન કરવા યોગ્ય છે. પુરાણો અને મહાભારત એ રોમહર્ષણ નામના શિષ્યને ભણાવ્યાં હતાં. સરસ્વતી અને દૃષદ્વતી એ બે દેવ નદીના વચલા ભાગને સુપવિત્ર દેવવાંછિત **બ્રહ્માવર્ત્ત** કહે છે. **સારસ્વત્ પ્રદેશ** પ્રાચીન રાજકુમાર અને વંદનીય ઋષિઓનું રહેઠાણ હતું **સરસ્વતિને કિનારે** મહર્ષિઓના ઘણા આશ્રમ હતા. ત્યાંજ આ વ્યાસ દેવનો આશ્રમ હતો. ત્યાં તેમણે બહુ બહુ જ્ઞાન મેળવ્યું હતું અને તેનો પ્રસાર કરવાને ઘણો પ્રયત્ન કર્યો હતો. તેમની પાસે ત્યાં હજારો શિષ્યો અધ્યયન કરતા હતા. સમર્થ વ્યાસદેવ કુદરત નિરક્ષણ કરવામાં અને અધ્યાત્મિક જ્ઞાનમાં એકા ગણાતા હતા. એ સમે એના જેવા વિદ્વાન કોઈ નહોતા. તે પુત્ર પ્રાપ્તિ માટે મહા રમણિય મેરૂ પર્વતના શિખરપર તપ કરવાને ગયા હતા, ત્યાં તેમણે આહાર છોડી સો વર્ષ ઉગ્રતપ કર્યું. નારદજી પાસેથી ભણેલા એકાક્ષરમંત્રરૂપ વાગ્બીજ જપ અને પરમાત્માનું ધ્યાન કર્યું. તેમને એવી ઇચ્છા હતી કે;—" મને અગ્નિ, પૃથ્વી, વાયુ અને અંતરિક્ષના જેવી શક્તિ ધરાવનાર પુત્ર થજો." એ તેની ઇચ્છા સદાશિવે પ્રસન્ન થઈ પાર પાડી. તેથી ઉત્તમ બ્રહ્મતત્ત્વ સંપન્ન **શુકદેવ** નામે પુત્ર થયા હતા. જેને વ્યાસે ભાગવતાદિનું ઉત્તમ શિક્ષણ આપ્યું હતું. જે જન્મતાંજ અરણ્યમાં તપ કરવાને ચાલી નીકળ્યા હતા. (જુઓ, શુક ચરિત્ર.) છિન્ન થયેલા શંતનૂનો વંશ વૃદ્ધિગત કરવાને સત્યવતીએ સ્મરણ કરવાથી તરત આવી, ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુર એ ત્રણને ઉત્પન્ન કર્યા હતા. પાંડવાદિને અશ્વમેધ, રાજસૂયાદિ યજ્ઞો તેમણેજ કરાવ્યા હતા. તેમજ મહાભારતના યુદ્ધમાં કૌરવ પાંડવોના કુટુંબીઓ નાશ પામ્યા હતા, તેમનો પાંડવાદિને ઘણો શોક હતો, જ્યારે તેઓ હિમાલયમાં તપ કરવાને જતા હતા,

ત્યારે તેમની ઇચ્છાથી મહાત્મા વ્યાસ દેવજીએ પોતાની યોગ માયાથી તેમના એ સર્વ કુટુંબીઓનાં દર્શન કરાવ્યાં હતાં. ઇત્યાદિ તેમનાં મહત્ કૃત્યો ઘણાં છે, જે લખતાં એક મોટો ગ્રંથ થાય. માટે વિશેષ વિસ્તાર જુદા પ્રસંગપર લખવા ધારેલું છે. આ તત્ત્વજ્ઞ મહાત્માએ ભાગવતમાં જે ગુહ્યાર્થ રાખ્યો છે, તેને મૂર્ખ પ્રજ્ઞ ન સમજતાં કહે છે કે, દસ્મસ્કંધ ભાગવતમાં—શ્રીકૃષ્ણ ગોપીઓ સાથે રાસ વિહાર કરતા હતા ને તે ઇશ્વર હતા. ત્યારે શું ઇશ્વર થઇને પર સ્ત્રી સાથે રમત રમી બદ કર્મ કરે, તેમ સંસારમાં વર્તતું ? શું તે એવી બેવકુફી ભરેલી કૃતિ કરે ? ના, ના, એતો સમજનારાઓની અને અજ્ઞાન ચર્ચા કરવાવાળાઓની સંપૂર્ણ અલ્પજ્ઞતા છે. આવા પ્રકારનો અધર્મ ચલાવવો એ પ્રભુ (ઇશ્વર)નું કામ નથી; પણ તેનો સત્ય અર્થ વેદાન્ત કર્ત્તા તત્ત્વદર્શી વ્યાસ ભગવાને આત્મ (ઇશ્વર) જ્ઞાનપર કર્યો છે. તેજ પવિત્ર અર્થ એમના પુત્ર શુકયોગીએ મહારાજા **પરીક્ષતને** ઇશારતમાં સમજાવ્યો હતો જેનું જ્ઞાન થવાથી પરીક્ષત રાજાનો સાત દિવસમાં મોક્ષ થયો હતો. તેની સભામાં બીજા હજારો મનુષ્યો શ્રવણ કરતા હતા, તેમને ઉપલો મર્મ ન સમજાયાથી એ લાભ પામ્યા નહોતા. માટે તેના ગુહ્યાર્થને બરાબર સમજવો જોઇએ. એના ગુહ્યાર્થને નહિ સમજતાં ઉપર પ્રમાણે અલંકારિત નામો જાણી લઇ ખોટો અર્થ સમજવો અને વૃથા નિંદાનો ઉચ્ચાર કરવો, એ નિંદા કરવાવાળા પોતેજ મૂર્ખ ઠરે છે. મહાત્મા વ્યાસે જે જ્ઞાન પરનાળીકા બાંધી છે, તે ઘણા ઉંડા હેતુને લઇને છે. દૈવી પુરૂષોના દૈવતની તુલના કરવાને અર્ધ દગ્ધ પુરૂષો કદી સમર્થ નથી. તેવા પુરૂષોએ ડાહાપણ નહિ ડોળતાં જ્ઞાતા પુરૂષો પાસેથી જ્ઞાન મેળવવાનોજ યત્ન કરવો જોઇએ. આજ કાલ સુંઠને ગાંગડે ગાંધી બની બેસનારા ડોળ ઘાલુ પુરૂષો બહુ વધી પડ્યા છે, એ ઘણા અફસોસની વાત છે ! એવા પુરૂષોએ પોતામાં કેટલું જ્ઞાન છે એ પ્રથમ વિચારી, પછી બીજાની ભૂલો કહાડવાનો ડોળ કરવો જોઇએ. નહિતો પોતે હાંસીને પાત્ર થશે. વ્યાસ જેવા ગહન ગતિવાળાના લેખનો ગુહ્યાર્થ સમજવો એ કાંઇ સહેલ વાત નથી, એતો જ્ઞાતા પુરૂષોની કૃપાથીજ સમજી શકાય છે. માટે તેવા સદ્ગુરૂથી સમજી લેવાનો પ્રયત્ન કરવો એ શ્રેય કર છે.

આ ભારત ભુમિ યજ્ઞ ભૂમિ ગણાય છે. હજારો યજ્ઞો આ ભૂમિપર થઇ ગયા છે. મહારાજાઓ પોતાનું શ્રેષ્ઠત્વ (ચક્રવર્તિ પદધારણ કરવા) પ્રદર્શિત કરવાને તથા સાજુજ્ય મુક્તિ મેળવવાને અશ્વમેધાદિ અનેક પ્રકારના યજ્ઞો કરતા હતા. એ મહા ચક્રવર્તિ રાજાઓના ચરિત્રો અવલોકન કરવાથી માલમ પડી આવશે. અશ્વમેધ કે રાજસૂયયજ્ઞ કરવા એ કાંઇ સહેલ વાત

નથી. એ માટે કેટલું ખર્ચ અને કેટલો યત્ન કરવો પડતો, એ જાણવાથી યજ્ઞોની મહત્તા અને તે કરનારની અલૌકિક શક્તિની તુલના થઇ શકશે. ઘણાં મહારાજાઓનાં ચરિત્રોમાં અશ્વમેધ કર્યા વિષે લખેલું છે, તે પરથી વાચકવર્ગને **અશ્વમ યજ્ઞની વિધિ** જાણવાની સ્વભાવિક જિજ્ઞાસા ખેંચાતી હશે. એ કંઇ અંશે તૃપ્ત કરવાને તેનું ટુંક વર્ણન વ્યાસજીએ યુધિષ્ઠિર પ્રત્યે જે કહેલું છે, તે આ સ્થળે લખવું યોગ્ય ધાર્યું છે. **અશ્વમેધ યજ્ઞમાં** વિશહજારથી વધારે બ્રાહ્મણો વર્ણિમાં જોઇએ. તેઓ ઉત્તમ કુલથી જન્મેલા, સર્વ જગાપર માન પામેલા, વિદ્વાન, અને વેદ શાસ્ત્રમાં પારંગત જોઇએ. તે દરેકને દક્ષિણા—એક હાથી, એક રથ, એક સોનાથી શણગારેલો ઘોડો, હજાર ગાય, (અથવા મૂલ્ય) સવામણ સુવર્ણ, અને એક પાલી રત્ન, એટલું આપવાં. તે બધાને ખાન પાન પૂરાં પાડવાં. જે દિવસે અશ્વ છોડવામાં આવે છે તે દિવશે દક્ષિણા પ્રથમ આપવી જોઇએ. યજ્ઞનો અશ્વ દૂધ અથવા ચંદ્રમાન જેવો ધોળો, પીળી પૂછડીવાળો, કાન કાળા, અને ચંદ્રમાના જેવું તેજસ્વિ મૂખ અને ઉત્તમ ગતિવાળો એવો અશ્વ જોઇએ. તેને જવનો ચારો કરાવવો, અને ગંગા જળ પાવું. એક સ્વચ્છ ઘરમાં બાંધવો, પોચી ભોંય ઉપર પોઢણ કરાવવું, ને નિત્ય ચાર સેવકો તેની રક્ષા કરવાને બારણે ઉભા રાખવા. જ્યાં લાદ કે મુત્ર કરે ત્યાં નિત્ય હોમ કરી છ હજાર ગાયોનું દાન કરવું, હોમ કરાવનારની દક્ષિણા દાનથી પૂજા કરવી. પછી ચૈત્ર સુદ ૧૫ ને દિવસે અશ્વને છોડી મૂકવો. તે એવી રીતે કે તેને શણગારી કપાળે એક સુવર્ણ પત્ર બાંધવું. તેમાં લખવું કે ફલાણો ચક્રવર્તિ રાજા યજ્ઞ કરે છે. માટે જે કોઇ આ અશ્વને બાંધે તેણે યુદ્ધ આપવું અને નમે તેણે યજ્ઞમાં પધારવું. એની રક્ષા કરવાને એક વર્ષ સુધી યુદ્ધવિશારદ મહા બળવાન ક્ષત્રિયોથી તેની રક્ષા કરવી જોઇએ. પુત્ર અથવા કોઇ શૂરવીર બાંધવને અશ્વરક્ષા માટે બળવાન સૈન્ય સાથે નિયુક્ત કરવો. પછી અશ્વને આગળ કરીને તે જ્યાં જાય, ત્યાં તેની પાછળ સૈન્યે જવું. માર્ગમાં તે જ્યાં ખરી ઠોકે ત્યાં કુવા ને આળોટે ત્યાં વાવ બંધાવવાં. એ પ્રમાણે ફરતાં પૃથ્વીના સર્વ રાજા જીતાય તોજ યજ્ઞ થાય, નહિતો થાય નહિ. યાગનો વિધિ—કોઇ મોટા ક્ષેત્રમાંથી માટી મંગાવી તેની ઇંટો કરીને તેનો દક્ષિણ દિશાએ કુંડ સ્થાપવો. તેની આસપાસ ચોરી બાંધવી. તેમાં ખાખર, ખેર અને સમડીનાં લાકડાના સ્થંભ ચણવા. પછી ચોસેઠ વરવહુના છેડા ગાંઠી તેની પાસે ગંગામાંથી પાણી મંગાવવું. તેના વતી અશ્વને મંત્ર ભણી નહવડાવવો. તેનો ડાબો કાન દબાવવાથી દૂધની ધાર નીકળે તો જાણવું કે તે શુદ્ધ થયો. પછી તેને કુંડ પાસે હાજર કરવો. તેની આહુતિ વેદ વિધિએ કરીને બીજી અનેક આહુતિ સાથે ઇંદ્રને આ-

પછી. અશ્વમેધ કરનારને **"અસીધારા"** નામનું વ્રત પાળવું પડે છે. તે એવી રીતે કે;—અષ્ટ ભોગ તજવા, રાત્રે દર્ભની પથારીપર ધણિધણિઆણીએ જોડે સુવું, પણ એકબીજાનો સ્પર્શ ન થાય માટે વચમાં નાગી તરવાર મૂકવી. એમ અશ્વમેધ કર્યાની અગાઉ એક વર્ષ સુધી કરવું. અશ્વ પાછો આવતાં સુધી અતિશય યત્ન અને ધૈર્ય અવલંબન કરીને રહેવું જોઇએ. યજ્ઞ કરતી વખતે મૃગચર્મ પહેરવું જોઇએ. સો અશ્વમેધ યજ્ઞ કરનારને ઇંદ્રાસન ઇત્યાદિ અનંત ફળ મળે છે. એજ રીતે સો યજ્ઞ પૂર્વકાળે નહૂષ રાજા, ઋષભદેવ, ભરત, દીલિપ વગેરે ઘણા રાજાએ કર્યા હતા. એવી રીતે યજ્ઞ કર્યા પછી યજમાન ધામધૂમથી સ્નાન કરે છે. તે સ્નાનનું નામ **"અવભૃથ"** સર્વ જાતના યજ્ઞમાં આ સ્નાન કરવું જરૂરનું છે. ઋત્વિક અને યજમાન એકત્ર થઇને જ્યારે અશ્વમેધ યજ્ઞનું અવભૃથ સ્નાન કરે છે, ત્યારે બીજા લોકો પણ તેની સાથે સ્નાન કર્યાથી પાપથી મુક્ત થઇ શકે છે. પ્રાચીનકાળમાં અશ્વમેધ યજ્ઞ આવી પ્રકારે થતો, તે સિવાય તેનાં બીજાં નાનાં અંગ છે. તે લંબાણના ભયે લખ્યાં નથી. વૈદિકકાળમાં આર્યો વિવિધ પ્રકારના યજ્ઞનાં અનુષ્ઠાનો કરતા હતા. એપરથી સિદ્ધ થાય છે કે એ વખતે ભારતભૂમિના રાજાઓ આખી પૃથ્વીપર પોતાનું શ્રેષ્ઠપણું સ્થાન કરી ગયા છે.

વેદવ્યાસના સિદ્ધાંતો ઉપરથી છઠ્ઠા સૈકામાં જોગી ધર્મ ચાલ્યો છે. એ **જોગીધર્મના આચાર્ય વ્યાસમુનિ ગણાય છે.** એનો મત એવો છે કે, આત્મા સર્વત્ર એક છે. વેદનો જ્ઞાનકાંડ એજ સત્ય ધર્મ છે, પૂર્ણ જ્યોતિ એ એક આત્માની દૃષ્ટિ છે, અવિદ્યા સંસારનું મૂળ છે, સ્ત્રી સંગ એ નર્ક દ્વાર છે. દેવો કલ્પિત છે, સર્વ ક્રિયા મનોવિકારે ઘડી છે, સિદ્ધ એજ દેવ છે. ગુરૂ આજ્ઞાએજ મહાવાક્ય છે. अहंब्रह्मास्मि એજ તારણ મંત્ર છે! સોહં એ શબ્દ જ્ઞાનનું ઘર છે, ૐકારનું ચિંતન એ ગુહ્ય મંત્ર છે, નાદાભ્યાસ એ સ્વર્ગ દર્શન છે. ધોતી, પોતી, બસ્તી, નોળી ક્રિયા એ આદિ કરવાથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે. ન્યાયશાસ્ત્ર તર્કવાદ છે. તેથી એ વાદ સત્ય ન કહેવાય. ઇત્યાદિ એ ધર્મના સિદ્ધાંતો છે. આ ધર્મના લોકો જૈનો, બૌદ્ધો સાથે પુષ્કળ લડ્યા હતા, અને વેદોક્ત ધર્મનું યથાર્થ રક્ષણ કર્યું હતું. એ ધર્મના આચાર્ય ત્યાગી અને વનસ્પતિપર ગુજારો કરતા. એઓના શિષ્યો મુનિવ્રત લઇ શકે છે, પાછળથી એ મતમાં તફાવત પડી ગયો છે. તેથી હાલમાં દેવી, દેવતાની મૂર્ત્તિ પૂજા અને હોમ હવન ચાલુ થયાં છે. પૂર્વકાળમાં આ ધર્મ સંન્યાસીઓજ ચલાવતા હતા. વ્યાસ સમર્થ પુરૂષ થયેલા હોવાથી તેના નામે પાછળથી પેટ ભરૂઓએ કેટલુંક શાસ્ત્ર જોડણી વડે કલ્પિત રૂપે જોડી કાઢે છે. અને તેમ થવાથી કેટલીકવાર તેવી કલ્પનાઓ વ્યાસની નહોય તેમ લાગે છે અને તે ખરૂં

છે. વ્યાસે પ્રજા કાર્ય ઘણાં કર્યાં છે. તેથી ભગવાન્ એવા અનુપમેય મહાન્ ઉપપદને પ્રજા વર્ગથી પામ્યા છે. એ તેનો સત્ય વિજય છે. કલિયુગના અઢી હજાર વર્ષ વિત્યા પછી અનેક પાખંડ મતો પ્રસરી જઇને અધર્મ વ્યાપી ગયો હતો. એ વખતે શ્રીશંકરાચાર્ય વેદ ધર્મનો ઉદ્ધાર કરવાને પ્રગટ થયા હતા, એ વખતે તેઓ તેમને પ્રત્યક્ષ પ્રગટ થઇ મળ્યા હતા, અને તેમના આયુષમાં સોળ વર્ષનો વધારો કર્યો હતો. (જુઓ શ્રીશંકરાચાર્ય ચરિત્ર) ઇત્યાદિ પ્રકારે જોતા તેઓ અદ્યાપિ સુધી ચિરંજીવી રહેલા છે. ભલે હો!! વિજય વાર્તા!!!

ધનુર્વેદ—ક્ષાત્રવિદ્યાનામહાપ્રૉફેસર.

મહાવીર—દ્રોણાચાર્ય.

આ પૃથ્વી પ્રસિદ્ધ સ્વપરાક્રમી મહા પુરૂષ ભરદ્વાજ ઋષિના પુત્ર. આ બ્રાહ્મણ કુળમાં માહારથી-યોદ્ધા થઇ ગયા છે. એટલુંજ નહિ પણ એ ધનુર્વેદ—યુદ્ધ કળાના આચાર્ય—પ્રૉફેસર થઇ ગયા છે. એનો **જન્મ**-ભરદ્વાજ ઋષિ એક વખતે ગંગાકિનારે અનુષ્ઠાન કરતા હતા; તે પ્રસંગે ઇંદ્રની એક દેવાંગના પર્વણીએ સ્નાન કરવા આવેલી, એને જોઈ ઋષિનું વીર્ય સ્ખલિત થયું. તે તેણે દ્રોણ—દડિયામાં મૂકયું. તેમાંથી ઉત્પન્ન થયેલો પુત્ર તે દ્રોણ નામે કહેવાયો. એ પ્રથમ પિતા પાસે વેદ, વેદાંગાદિભણી કુશળ થયા. પછી તેણે અગ્નિ વેસ્યને ત્યાં જઇ ધનુર્વિદ્યાનો અભ્યાસ કર્યો. એણે કેટલાક કાળ તપશ્ચર્ય કરી હતી. ઘેર આવ્યા પછી કેટલેક કાળે કૃપાચાર્યની બેન **કૃપયા** સાથે પરણ્યા. તેનાથી એને **અશ્વત્થામા** નામે તેજસ્વી પુત્રનો જન્મ થયો. દ્રોણને દારિદ્રાવસ્થા એવી આવી હતી કે, જ્યારે પડોશીનાં છોકરાંને દૂધ પીતાં જોઇ અશ્વત્થામા કલ્પાંત કરતા ત્યારે કૃપયા તેને ચોખાનું ધોણ કરી આપતી. એ દુઃખ ટાળવા દ્રોણે પરશુરામ પાસે જઇ વિનંતિ કરી કે, મારૂં દારિદ્ર ટાળો. ત્યારે પરશુરામે કહ્યું કે,—પૃથ્વી તો હું બ્રાહ્મણોને આપી ચૂકયો છું. હવે શરીર અને અસ્ત્ર શસ્ત્ર મારી પાસે છે. એમાંથી જે જોઇએ તે માગો. પછી દ્રોણે પરશુરામ પાસે અસ્ત્રાદિ વિદ્યા સંપાદન કરી તેથી એટલા તો શ્રેષ્ઠ થયા કે ત્યારથી એ લોકોમાં **આચાર્ય**ની માનવતી પદવીને પામી **દ્રોણાચાર્ય**'નામે પ્રસિદ્ધ થયા. તેઓ ઉત્તમ પ્રકારના સદાચાર સંપન્ન હતા. જેવા ક્ષાત્રવિદ્યામાં કુશળ હતા, તેવાજ બ્રહ્મવિદ્યામાં પણ નિપુણ હતા. દારીદ્રી પણ વિદ્વાનને સદ્ગુણી બ્રાહ્મણ હતા. આવા પ્રકારની નિર્ધન સ્થિતિથી પોતાના કુટુંબનું ભરણપોષણ થઈ શકતું નહિ. તેથી તેણે પોતાના ગુરૂભાઇ દ્રુપદ

રાજાને ત્યાં જઇને આશીર્વાદ આપી કહ્યું કે, તુંને હું એક ગુરૂને ત્યાં ભણતા હતા. તે પ્રસંગે તેં મને કહ્યું હતું કે હું રાજા થઉં ત્યારે તું આવજે. એપરથી હું તારી પાસે આવ્યો છું. દ્રુપદ બોલ્યો;—હું તને ઓળખતો નથી. દ્રોણાચાર્ય કહે તું કેમ ઓળખતો નથી? હું દારિદ્રથી પીડીત છું માટે તારા આગળના કહેવાપરથી આવ્યો છું. દ્રુપદ કહે;—તું ભિક્ષુક બ્રાહ્મણને હું રાજા, તારે મારે ઓળખાણ કેવી? તું જા, નહિ તો હું દૂતને બોલાવી તને કહાડી મૂકાવીશ. દ્રોણાચાર્યે ખીજવાઇ કહ્યું;—તું મદે ભરાઇને મારૂં અપમાન કરે છે, પણ તેનું ફળ તને મળશે એ તું યાદ રાખજે. હું તારૂં રાજપાટ છીનવી લેવડાવું અને તને મારા શિષ્ય પાસે બંધાવું ત્યારેજ ખરો. તે પછી દ્રોણાચાર્ય પોતાના સ્ત્રી, પુત્ર વગેરેને લઇ કૃપાચાર્ય પાસે હસ્તિનાપુરમાં ગયા; કેમકે એ ભીષ્મના આશ્રય સંપન્ન હતા. કૃપાચાર્ય દ્રોણાચાર્યના આવ્યાથી ઘણા હર્ષિત થયા, તેમને બહુ આદર સત્કારથી રાખ્યા. દ્રોણાચાર્ય ભીષ્મ અને ધૃતરાષ્ટ્રને મળવાનો વિચાર કરતા હતા. તેવામાં દ્રોણાચાર્ય એક દિવસે હસ્તિનાપુર નગર બહાર જઇને, જ્યાં બાળક પાંડવકૌરવદડે રમતા હતા, ત્યાં તે દૂર જઇને બેઠા બેઠા જોયા કરતા હતા. એ વખતે એવું બન્યું કે તેમનો દડો એક અંધારા કૂવામાં પડી ગયો. તેથી સૌ તેમાં જોવા લાગ્યા. એવામાં વળી યુધિષ્ઠિર–ધર્મની મુદ્રિકા–વીંટી તેમાં પડી ગઈ, ત્યારે તો તેઓ સૌ બહુજ ગભરાયા. એ જોઇ દ્રોણાચાર્ય ત્યાં આવ્યા અને બોલ્યા કે, રાજપુત્રો! તમે હજુ અસાધ્યવસ્તુ સાધ્ય થાય તેવો ગુરૂ કર્યો નથી. એમ કહી કૂવામાં દર્ભમંત્રીને નાખ્યો, કે તરત એ દર્ભ દડો લઇ ઉપર આવ્યો. વળી ધનુષ ચડાવી બાણ માર્યું કે તે વીંટી લઈ આવ્યું. આ અદ્દ્ભૂત ચમત્કાર જોઇ સર્વ રાજકુમારો ઘણા આશ્ચર્ય થયા. પછી દ્રોણાચાર્ય જવા લાગ્યા. તે વખતે સર્વ પૂછવા લાગ્યા કે, આપ કોણ છો? અને ક્યાં રહો છો? અને આપનું નામ શું? દ્રોણાચાર્યે કહ્યું, મારૂં નામ દ્રોણ, હું કૃપાચાર્ય ને ત્યાં આવ્યો છું, ભીષ્મમને ઓળખે છે. રાજપુત્રોએ કહ્યું કે, મહારાજ! રાજમંદિરે પધારો. દ્રોણાચાર્યે કહ્યું કે, તમો આગળથી જઇને ત્યાં જણાવો. પછી હું આવીશ. કુમારોએ ભીષ્મને વાત કરી, તેપરથી ભીષ્મે નિશ્ચય કર્યો કે એતો દ્રોણાચાર્યજ હશે. પછી તરત ભીષ્મ દ્રોણાચાર્યને જઇ મળ્યા, અને તેમને પાલખીમાં બેસાડી રાજમંદિરમાં તેડી લાવી ઘણું સન્માન કર્યું. પછી દ્રોણાચાર્યે કહ્યું કે દ્રુપદે મારૂં અપમાન કર્યું છે તેની જવાળાથી પીડિત છું, અને તું મેઘસમાન ઉદાર છે. માટે તારા દર્શને આવ્યો છું. પછી ભીષ્મે તેમને વેદશાસ્ત્ર અને સર્વ અસ્ત્રશસ્ત્ર વિદ્યામાં ઘણાજ પ્રવીણ જોઇને આશ્રય આપી સત્કાર કર્યો. રાજકુંવરશાળાના અધ્યક્ષ ઠરાવ્યા. એવી રીતે ભીષ્મે હસ્તિનાપુરમાં આશ્રય આપી દ્રોણાચાર્યને રાખ્યા.—

દ્રોણાચાર્યે **રાજકુમારશાળા** કહાડી. સર્વ રાજકુમારોને ધનુર્વિદ્યા શિખવવાનો આરંભ કર્યો. એ સમાચાર દેશો દેશમાં પ્રસરી ગયાથી અંધક, વૃષ્ણિ, પાંચાલ, બાલ્હીક, સૌરાષ્ટ્ર આદિ દેશોના રાજાઓએ પોતાના કુંવરોને દ્રોણાચાર્ય પાસે વિદ્યાભ્યાસ કરવાને મોકલ્યા. તેઓ સર્વ દ્રોણાચાર્ય પાસે શિક્ષણ લેવા લાગ્યા. કર્ણ અને અશ્વત્થામાએ પણ અભ્યાસ કર્યો. એક દિવસે હિરણ્યધેનુક નામે એક ભીલનો પુત્ર **એકલવ્ય** દ્રોણાચાર્ય પાસે ધનુર્વિદ્યા ભણવા આવ્યો. પરંતુ આચાર્યે તને એ વિદ્યા ભણવાનો અધિકાર નથી એમ કહીને ના પાડી. તેપરથી એ આચાર્યની પાદુકા માગી લઇ ગયો. અરણ્યમાં જઈ ઝુંપડી બાંધી રહ્યો મૃતિકાની મૂર્તિ કરી તેની પાસે પાદુકા ધરી. તેની એ નિત્ય ભક્તિપૂર્વક ભાવ રાખીને પૂજા કરતો અને જાણે મને આચાર્યજ ભણાવે છે એવો મનમાં ભાવ રાખીને પોતાની મેળે પ્રશ્નોત્તર કરી ધનુર્વિદ્યામાં ઉત્કૃષ્ટ નિપુણ થયો હતો. દ્રોણાચાર્ય પાસે હજારો રાજકુમારો ધનુર્વિદ્યા સંપાદન કરતા હતા. સૌ શિષ્યોને આચાર્યે શ્રમ લઇ ભણાવ્યા, તેમાં પણ પાંડવોની બુદ્ધિ તથા વૃત્તિ જોઇને તેમને ભણાવતા અતિપ્રસન્ન થતા હતા. યુધિષ્ઠિર શસ્ત્ર અસ્ત્ર વિદ્યા ભણ્યા. પણ એ પોતાની, ધર્મ બુદ્ધિએ, ડાહ્યપણે ને ભલમનશાઇએ વિશેષ નામાંકિત થયા. અર્જુને હય વિદ્યા, ગજ વિદ્યા, રથ વિદ્યા આદિ ધનુર્વેદ વિશેષ સાધ્ય કર્યો. ભીમ અને દુર્યોધન ગદા યુદ્ધમાં, નકુળ અશ્વવિદ્યામાં, સહદેવ જ્યોતિષમાં અને ખડ્ગ મારવાની કળામાં નિપુણ થયા હતા, પણ સર્વ શિષ્યમાં અર્જુન તત્પરતા અને તીવ્ર બુદ્ધિથી આચાર્યને ઘણોજ વહાલો હતો, તેમજ અર્જુનની પણ ગુરૂ પર ઉત્તમ ભક્તિ હતી. અશ્વત્થામા રહસ્યમંત્રમાં પ્રવીણ થયા હતા. એજ પ્રમાણે સર્વ રાજ પુત્રો પોતપોતાની બુદ્ધિ પ્રમાણે ધનુર્વિદ્યાદિકમાં ઉત્તમ થયા હતા. એક સમયે દ્રોણાચાર્ય સર્વ શિષ્યોને સાથે લઇ નદીપર સ્નાન કરવાને ગયેલા, શિષ્યોએ સ્નાન કરી લીધા પછી પોતે સ્નાન કરવાને જળમાં ઉતર્યા. તેમાં દૈવયોગે એવું બન્યું કે, તેના પગને મગરે પકડ્યો. તેપરથી દ્રોણે સર્વને પોકારી કહ્યું કે, મને મગરથી સત્વર છોડાવો. તે સાંભળી સર્વ ગભરાઇ ગયા. શું કરવું એ કોઇને સૂઝ્યું નહિ, પરંતુ અર્જુને ન ગભરાતાં તત્કાળ એક બાણ છોડી મગરનો વધ કર્યો અને આચાર્યને મૂકાવ્યા. તેથી આચાર્યે અતિ પ્રસન્ન થઇને તેને બ્રહ્મશિર નામે અસ્ત્ર દીધું. પાંડવ કૌરવ ભણી રહ્યા, ત્યારે દ્રોણે સર્વ કુંવરોને કહ્યું કે, મને ગુરૂ દક્ષિણામાં તમે સૌ મળીને દ્રુપદને બાંધી મારી પાસે આણો. એપરથી સર્વ કુંવરો સૈન્ય લઇ દ્રુપદ સામે લડવાને ગયા, પણ દ્રુપદ મહાપરાક્રમી હતો, તેના મારથી સર્વ પાછા આવ્યા. પછી એકલા અર્જુને તેની સાથે યુદ્ધ કર્યું. દ્રુપદને બાંધી દ્રો-

ણાચાર્ય પાસે આણ્યો. એ પ્રસંગે આચાર્યે દ્રુપદને કહ્યું કે તું રાજા ને હું કંગાલ બ્રાહ્મણ કેમ? તારાં વચન સંભાર. પછી દ્રુપદે ક્ષમા માગી, ત્યારે દ્રોણાચાર્ય તેને ભેટયા અને અર્ધું રાજ્ય પોતે રાખી અર્ધું તેને પાછું આપ્યું. તથા અભય વચન દઇ મુક્ત કર્યો. આચાર્યને અર્જુન ઉપર ઘણોજ પ્રેમ હતો. તેથી તેને એકાંતમાં તેડી જઇને બ્રહ્માસ્ત્રનો ઉપદેશ કર્યો અને તે યોગ્ય પ્રસંગે વાપરવાની સૂચના કરી હતી.

દુર્યોધને પાંડવો સામે કપટથી વર્ત્તવા માંડયું હતું, તે માટે આચાર્યે તેને ઘણો સમજાવ્યો હતો, પણ તેણે કોઇનું માન્યું નહિ. પાંડવોને છળભેદ કરી વનવાસ મોકલ્યા. તેઓ બાર વર્ષ વનવાસ અને એક વર્ષ છૂપા રહી પ્રકટ થયા. ન્યાયની રીતે દુર્યોધને પાંડવોને અર્ધ રાજ્ય આપવું જોઇએ. એ માટે કૃષ્ણ સમજુતી કરવાને હસ્તિનાપુર આવ્યા હતા. તે પ્રસંગે દ્રોણાચાર્યે દુર્યોધનને બહુ ઉપદેશ કર્યો કે;—ભીષ્મ અને હું અતિ વૃદ્ધ થયા છીએ. હવે એ સામે અમારાથી યુદ્ધમાં ટકાશે નહિ. માટે તું પાંડવોનો દ્વેષ ન કરતાં તેનો વિભાગ તેને દે, નહિતો વ્યર્થ મરીશ. અશ્વત્થામા કરતાં પણ અર્જુનપર મારી અધિક પ્રીતિ છે. તેથી એ સામે યુદ્ધ કરવું મને ઠીક લાગતું નથી, ઇત્યાદિ કહીને પોતાના મનમાં વિચારવા લાગ્યા કે, અહો! દુષ્ટ દુર્યોધનથી એ સાથે મારે યુદ્ધનો પ્રસંગ આવશે! માટે ક્ષાત્ર કર્મને ધિક્કાર છે! દુર્યોધને કોઇનું માન્યું નહિ. યુદ્ધ કરવાનો પ્રસંગ આવ્યો. રાજ્ય આશ્રયથી પોતે વધેલા માટે આ યુદ્ધમાં તેમને કૌરવ પક્ષમાં અશ્વત્થામા સાથે નિરૂપાયથી રહેવું પડયું હતું. જો કે મનથી તે પક્ષને ધિક્કારતા અને પાંડવનો જય ઇચ્છતા, તોપણ યુદ્ધ પ્રસંગમાં તેણે અસ્ત્ર શસ્ત્ર વાપરવામાં લગાર પણ કસર રાખી નહોતીઃ આ વખતે તેઓ એટલા વૃદ્ધ થઈ ગયા હતા કે, શરીર વાંકું વળી ગયું હતું, પણ યુદ્ધમાં તરૂણની પેઠે ઉછળતા હતા. ભીષ્મ દશ દિવસ યુદ્ધ કરી રણમાં પડ્યા, પછી એ સેનાપતિ થયા હતા. એણે પાંચ દિવસ નાના પ્રકારની ચાતુરીથી મહા ભયંકર યુદ્ધ કર્યું. પ્રથમ દિવસે ધૃષ્ટદ્યુમ્ન સાથે યુદ્ધ થયું. દુર્યોધને યુધિષ્ઠિરને પકડી આપવાની પ્રાર્થના કરી, પણ અર્જુન કૃષ્ણે સાવધ રહી તેનું સંરક્ષણ કર્યું. તેથી દ્રોણનું કાંઈ વળ્યું નહિ. પછી અર્જુનને સામે આવતો ખસડયો હતો, પણ ધૃષ્ટદ્યુમ્ને તેમનું સંરક્ષણ કરવાથી તેનો ઉપાય વ્યર્થ ગયો. એથી દ્રોણાચાર્ય અતિશય કોપાયમાન થઇ પ્રતિજ્ઞા કરી કે, પાંડવ પક્ષમાંથી કોઇપણ એક મોટાવીરને મારીશ એમ કહીને તેણે બીજે દિવસે એક વ્યૂહ રચ્યો. તેમાં અભિમન્યુ સપડાઈ મરણ પામ્યો. અભિમન્યુ મરાણાથી અર્જુને જયદ્રથવધની પ્રતિજ્ઞા કરી. તેપરથી દ્રોણાચાર્યે બીજે દિવસેઅત્યંતભયંકર એવા એકાએક ક્રૌંચ-શકટ-પદ્મ-સુ-

ચિમુખ એવા વ્યૂહ રચ્યાં; તોપણ અર્જુને તેમાંથી જયદ્રથને માર્યો હતો. જયદ્રથ મરાણાથી દુર્યોધનને અનિવાર દુઃખ થયું. એ દુઃખથી તેણે દ્રોણાચાર્યને કહ્યું કે;—આપ બરાબર લક્ષ આપીને યુદ્ધ કરતા નથી. એ સાંભળી દ્રોણાચાર્યને અનિવાર ક્રોધ ચડતાં, એવી પ્રતિજ્ઞા કરી કે;–આજે સૂર્યાસ્ત થશે; તોપણ હું શરીરપરથી કવચજ કહાડનાર નથી, રાત્રે દિવા કરીને પણ યુદ્ધ કરીશ તેમાં જે થવાનું હશે તે થશે. આ સમાચાર પાંડવોને થતાંજ તેણે દીપક--મશાલની તૈયારી કરી. દ્રોણાચાર્યે સામાપક્ષના મોટા મોટા યોદ્ધાઓને બહુ હંફાવ્યા બંને પક્ષના વીરોને આ દિવસે ઘણોશ્રમ લેવો પડયો હતો. માત્ર એક અર્જુનના બાણથીજ દ્રોણને કોઈ કોઇવાર સ્વલ્પ મૂર્છામાં રથધ્વજ ઉપર ટેકવું પડતું હતું. ઈર્ષાથી સર્વેએ રાત્રીએ સારૂં યુદ્ધ કર્યું. પ્રાતઃકાળ થતાં કેટલાક વીરોને એટલી તો નિદ્રા વ્યાપી કે, આ યુદ્ધ ક્યાં થાય છે, તેનું તેમને ભાન નહિ રહેતાં, કોઈ ઘોડાપર તો કોઈ નીચે એમ જેને જે સ્થળ મળ્યું ત્યાં તે નિદ્રીત થવા લાગ્યા. જ્યારે પાંચમે દિવસે બપોરે પાંડવો દ્રોણાચાર્યના મારાથી ઘણા ગભરાયા. ત્યારે કૃષ્ણે ભીમની પાસે કૌરવ સૈનમાંનો ઇંદ્રવર્મા રાજાનો અશ્વત્થામા નામે નામાંકિત હાથી મરાવ્યો અને અશ્વત્થામા પડયો, એવી બૂમ ચલાવીને જયનાં વાદ્ય વગડાવ્યાં. મારો પુત્ર ચિરંજીવી છે તે કેમ મરે? એની ખાત્રી કરી લેવાને દ્રોણાચાર્ય સત્યવક્તા યુધિષ્ઠર પાસે આવ્યા અને પૂછયું, તો રણ વાદ્યના ગજરમાં ધર્મના મુખમાંથી "હત" માર્યો એવું સાંભળ્યું. એ સાંભળતાંજ તરત રથપરથી ખસી-પાછા વળ્યા. ક્રોધમાં આવી બ્રહ્માસ્ત્ર મૂકી ભારે હાની કરી, ત્યારે ચારે તરફ ત્રાસ વ્યાપિ ગયો. એટલામાં તેના પિતા ભારદ્વાજ ઋષિ સાથે સપ્ત ઋષિએ આવીને કહ્યું કે, તેં અધર્મ બહુ કર્યો, તું વેદ, વેદાંગાદિ પારંગત બ્રાહ્મણછું, તારે યુદ્ધ કરવું યોગ્ય નથી, પણ થયું તે થયું, હવે તારો કાળ પાસે આવ્યો છે, માટે તું યુદ્ધ કરવું છોડીને શાશ્વત માર્ગને અવલંબન કર. એ ઉપરથી દ્રોણાચાર્યે જીવિત વિષે નિરાશ થઇને શસ્ત્ર ભૂમિપર મૂકી દીધાં હતાં. તરત દૃઢ આસન વાળી પાંડવોનો જય થાઓ? એટલું બોલી યોગ સાધનથી પ્રાણોત્ક્રમણ કરીને સમાધિ ચડાવી દીધી. મસ્તકમાંથી મહા તેજ નીકળ્યું તે સૂર્યમાં જઈ મળ્યું. (આ ચમત્કાર કૃષ્ણ, અર્જુન, ધર્મ, કૃપ અને સંજય પાંચજણે જોયો હતો.) પછી ધૃષ્ટદ્યુમ્ને જઇ ખડ્ગથી તેનું શીર ઉડાવ્યું. દ્રોણાચાર્ય સ્વભાવે ક્રોધી, કદે લાંબા, પોળા, રંગે શ્યામ અને વૃદ્ધાવસ્થાથી વાંકા વળેલા હતા. માથે ધોળા કેશ થયા હતા, તોપણ સોળ વર્ષના યુવાનની પેઠે યુદ્ધમાં ઘુમતા હતા. એ વેદ શાસ્ત્ર પારંગત બ્રહ્મ વિદ્યા અને ક્ષાત્ર વિદ્યામાં નિપુણ, હિંમતવાન, સર્વે મંત્ર શાસ્ત્રના જાણનારા

શસ્ત્ર અસ્ત્ર વાપરવામાં નિપુણ અને **ત્રિકાળજ્ઞાની** હતા. પ્રાતઃકાળમાં સ્નાન કર્યા પછી પ્રાતઃ સંધ્યા કરતા, અગ્ન્યૌપાસન કર્યા સિવાય તે યુદ્ધ કરવા જતા નહિ; એવા કર્મ કાંડમાં નિયમ વાળા હતા. એ નિયમ દર્શક એના રથપર કૃષ્ણાજિન, કમંડલુ, અને વેદી એ ચિન્હના ધ્વજ હતા. દ્રોણાચાર્ય ચાર દિવસ અને એક અહોરાત્ર યુદ્ધ કરી મરણ પામ્યા. તે વેળાએ તેનું વય ૪૦૦ વર્ષનું હતું. (ભાર. દ્રોણ. પ. અ. ૧૨૫ શ્લો. ૭૩) એ રાજ પુરોહિત, શિક્ષક, કૌરવ સભામાં એક મહા વિદ્વાન મંત્રિ અને કૌરવ સૈન્યના સેનાપતિ હતા. એ કદી કૌરવોના લુણ હરામી થયા નથી; છતાં નીતિવાન પાંડવોનો જય ઇચ્છતા હતાં. એ રીતે એ મહાપુરૂષ પોતાના સ્વપરાક્રમ વડે મહત્ત કાર્યો કરીને આ પૃથ્વીમાં અમર કીર્ત્તિ રાખી ગયા છે.

જીતેંદ્રિય મહાશૂર, રણપંડિત.

પિતુભક્ત—ભીષ્મપિતામહ.

આ પરમપવિત્ર મહા પુરૂષ ચંદ્રવંશીય કુરૂ કુલોત્પન્ન શંતનૂ રાજાના ગંગાથી ઉત્પન્ન થયેલા પુત્ર–આઠ વસુમાંના એકધ્રુવસુનો અવતાર. ગંગા પોતાનો નિયમ પૂરો થતાં શાપથી મુક્ત થઈ સ્વર્ગે ગયાં, ત્યારે શંતનૂની ઇચ્છાથી તેને સાથે લઇ ગયાં હતાં. ગંગાએ તેને ઉછેરી મોટા કર્યા. બૃહસ્પતિ પાસે ચાર વેદ અને ધનુર્વેદ ભણાવ્યા. ઇંદ્રાદિ દેવોએ તેને અસ્ત્રશસ્ત્ર આપ્યાં. પછી એને શુક્ર તથા પરશુરામ પાસે ધનુર્વિદ્યા ભણાવી કુશળ કર્યા. ચોવીશ વર્ષની ઉમરે ગંગાએ શંતનૂ રાજાને પાછા સોંપ્યા. એ ગંગાના પુત્ર માટે **ગંગેય** નામ પડયું. તેઓ બ્રહ્મચર્યવ્રતના પ્રભાવે દેવ સરિખા દૈદીપ્યમાન દિસતા હતા. માટે **દેવવ્રત** પણ કહેવાય છે. ગંગા સ્વર્ગે ગયાથી શંતનૂને તેનો વિરહ થયો હતો. તેમાં પુત્રને સોંપી પુનઃ ગયાથી તો વિરહ વેદના અધિક થઇ હતી; પરંતુ નિરૂપાયે–ત્યાં રહેલા હતાં. એક દિવસે નદી તીરે વનમાં ફરતા હતા, ત્યાં એક સુંદર, તરૂણ અને તેજસ્વી કન્યા દીઠી, એ સાથે તેને પરણવાની ઇચ્છા થઈ પૂછયું કે;–તું કોની કન્યા છે ? તેણે કહ્યું હું ધીવરની પુત્રી છું, શંતનૂ રાજાએ બારીક રીતે તપાસ કરાવ્યો તો મૂળતો એ ક્ષત્રિય કુમારી હતી, પણ ધીવરને ત્યાં ઉછરી મોટી થઇ હતી. એવો સંપૂર્ણ નિશ્ચય થતાંજ તેણે ધીવર (માછી) ને કહ્યું કે, તું તારી પુત્રી મારી સાથે પરણાવ. ધીવરે (માછીએ) કહ્યું કે;–મારી પુત્રી સત્યવતીના પુત્રો રાજ્યના અધિકારી થાય તોજ હું તને પરણાવું. આ સાંભળી શંતનૂ રાજાએ મનમાં અરે ! મારા ગાંગેય જેવા ઉત્તમ ગુણવાન પુત્રને

રાજ્યાધિકારી ન કરૂં, ત્યારે પછી હું જેવો સ્ત્રીનો લોભી બીજો કોણ કહેવાય? નહિ, નહિ, એ કામ ન કરવું. એવો વિચાર કરીને વગર બોલ્યે પોતાની રાજ્યધાનીમાં આવ્યા. પણ એ સુંદરીના સ્મરણે પ્રતિદિન ક્ષિણ થવા લાગ્યા. ગાંગેય પિતાને ઉદાશ જોઇ તેનું કારણ સમજી ગયા, કે તરત ધીવર (માછી) પાસે ગયા અને કહ્યું કે;-તમારી પવિત્ર પુત્રી મારા પિતાને પરણાવો અને હું મારા રાજ્યનો હક છોડી દઉં છું. તમારી પુત્રીના પુત્રોપર હું છત્ર ધરીશ. માછીએ કહ્યું;-તમે કદી તમારી પિતા ઉપરની અપ્રતિમ પ્રીતિ અને ભક્તિને લીધે રાજ્યનો હક છોડી ઘો; તોપણ તમારા હાથીના જેવા પ્રબળ પુત્રો મારા ભાણેજને રાજભ્રષ્ટ કરી, પોતે રાજ્યાધિકારી થયા વગર કેમ રહે? ગાંગેયે કહ્યું કે-મારા પુત્રો જો કે એવા થાયજ નહિ, તોપણ તે વિષે તમને શંકા રહેતી હોય, તો હું જીવતાં સુધી નહિ પરણતાં બ્રહ્મચર્યજ પાળીશ. એટલે પછી મારે પુત્ર ક્યાંથી થશે? માટે તમે નિર્ભય રહી મારા પિતાને તમારી પુત્રી પરણાવો. આવાક્ય સાંભળી દેવતાઓએ ફુલની વૃષ્ટિ કરીને કહ્યું કે;- अहो भीष्म प्रतिज्ञोयं—અરે! આ મહા આકરી પ્રતિજ્ઞાનો કરનાર છે! એ રીતે આ રાજપુત્રે બ્રહ્મચર્ય પાળવાનો નિયમ લીધો અને રાજઉપરથી હક ઉઠાવ્યો. એણે જે અતિ વિસ્મય પમાડે તેવું-ભયંકર કર્મ કર્યું. તેથી ભીષ્મ કહેવાયા. પછી માછીએ સત્યવતી ભીષ્મને સ્વાધીન કરી ભીષ્મ તેને પોતાની મા પ્રમાણે ગણીને રથમાં બેસાડી શંતનૂ પાસે લઇ ગયા. શંતનૂ રાજા એ સાથે પરણ્યા. પુત્રની આવી પ્રેમ ભક્તિ જોઇને શંતનૂએ અતિ પ્રસન્ન થઇ ભીષ્મને કહ્યું કે, "તું ઇચ્છા મરણી થઇશ." એવું વરદાન આપ્યું.

શંતનૂએ સત્યવતીનો ઉપભોગ ઘણો કાળ લીધો. તેને **ચિત્રાંગદ** અને **વિચિત્રવિર્ય** એવા બે પુત્રો થયા. તેઓ મોટા થતાં શંતનૂ રાજા સ્વર્ગ વાસી થયા, ત્યારે ભીષ્મે પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે ચિત્રાંગદને રાજ્ય ગાદીપર બેસાડયો અને પોતે સર્વ રાજની સંભાળ રાખતા હતા. ચિત્રાંગદ રાજા એક ચિત્રાંગદ નામે ગંધર્વ સાથે યુદ્ધ કરવા જતાં, ત્યાં તેમના હાથથી મરણ પામ્યો. એ પરથી ભીષ્મે વિચિત્રવીર્યને રાજ્યાસનપર બેસાડયો. પછી એનું લગ્ન કરવાને ભીષ્મ મોટી ચિંતામાં પડ્યા હતા. એવામાં તેમણે સાંભળ્યું કે કાશીરાજાની ત્રણ પુત્રીનો સ્વયંવર થાય છે. ભીષ્મ ત્યાં ગયા, ત્યાંથી એકલો આઠ કુળના રાજાઓને જીતીને ત્રણેને ઉપાડી હસ્તિનાપુર લઇ આવ્યા. લગ્ન સમારંભ થવા લાગ્યો. એટલે કાશીરાજની પુત્રી અંબાએ કહ્યું કે;— હું મારા મનથી શાલ્વ રાજાને વરી છું. એપરથી ભીષ્મે તેને રથમાં બેસાડી શાલ્વ પાસે મોકલી. શાલ્વે જ્યારે કહ્યું કે હું હવે તારી સાથે લગ્ન નહિ

કરૂં, ત્યારે અંબા પાછી હસ્તિનાપુર આવી. અંબિકા અને અંબાલિકા તો વિચિત્રવીર્ય સાથે પરણી ચુકી હતી. અંબાએ ભીષ્મને કહ્યું કે, શાલ્વ રાજા હવે ના કહે છે. માટે તુંજ મારી સાથે પરણ. ભીષ્મે કહ્યું કે મારે તો સર્વ સ્ત્રીઓ મા બેન પ્રમાણે છે. એ અપમાન સહન ન થયેથી અંબાએ બદ્રિકાશ્રમમાં જઈ મોટું તપ કરીને પરશુરામને પ્રસન્ન કર્યા. અને કહ્યું કે, તમારો શિષ્ય સ્વછંદી થયો છે. માટે તેને સમજાવો. પછી પરશુરામ અંબાને તેડી હસ્તિનાપુર આવ્યા. ભીષ્મે સામા જઈ સાષ્ટાંગ નમસ્કાર કર્યા અને નગરમાં તેડી લાવીને પૂજન કર્યું. પરશુરામે કહ્યું કે;—આ અંબા સાથે લગ્ન કર અથવા મારી સાથે યુદ્ધ કર. ભીષ્મે કહ્યું કે મેંતો સર્વ સ્ત્રીઓને મા બેન ગણી છે. માટે શી રીતે પરણું? આપની જો આજ્ઞા હોય તો યુદ્ધ કરૂં. પરશુરામે કહ્યું કે, ત્યારે યુદ્ધ આપ. એ પરથી ભીષ્મે એ સાથે સતાવીશ દિવસ સુધી યુદ્ધ કરીને તેને જીત્યા. જ્યારે પરશુરામ મૂર્છાગત થતા, ત્યારે ભીષ્મ પોતાના રથમાંથી ઉતરી તેની આસનાવાસના કરતા. છેલ્લી વારે પરશુરામે ભીષ્મને છાતી સાથે દાબી કહ્યું કે, મારી વિદ્યા તને પૂરેપૂરી પ્રાપ્ત થઈ છે. એ જોઈ હું ઘણો પ્રસન્ન થાઉં છું. અંબા! મારો નિયમ તો હવે પૂરો થયો માટે તું તારે ઘેર જા. પછી પરશુરામ પોતાને આશ્રમે ગયા. વિચિત્રવીર્ય ભીષ્મની અનુમતિથી ઉત્તમ પ્રકારે રાજ્ય કરતો હતો. તેની બે સ્ત્રીઓ તરૂણ, સુંદર અને પતિને સાનુકૂલ હતી. તેને અલ્પ વયમાં ક્ષય રોગ થયો. તેથી સંતતિ વગર મરણ પામ્યો. તે પરથી તેની સ્ત્રીઓ અને માતાને અનિવાર શોક થયો, પરંતુ દૈવ ઇચ્છા પ્રબળ છે. તેના આગળ કોઇનો ઉપાય ચાલતો નથી. સત્યવતીએ શોક શાંત કરી ભીષ્મને કહ્યું કે;—રાજગાદી નિર્વંશ જશે, માટે તું લગ્ન કર, પણ તેણે ઉત્તર આપ્યો કે, મારી પ્રતિજ્ઞા તોડીશ નહિ. અને તું પણ મને એવી આજ્ઞા કરીશ નહિ. એપરથી તેને બહુ વિચાર થઇ પડયો કે હવે શું કરવું? એટલામાં તેની કૌમાર દશામાં થયેલા કૃષ્ણ દ્વૈપાયન નામે વ્યાસ પુત્રનું સ્મરણ થયું કે, તેઓ સત્વર આવી પ્રગટ થયા. તેમણે માતા સત્યવતીની આજ્ઞા માન્ય રાખીને પોતાના પ્રતાપથી બે પુત્રોને નિર્માણ કર્યા. તેજ ધૃતરાષ્ટ્ર અને પંડુ નામથી અતિ પ્રસિદ્ધ છે. દાસીથી એક પુત્ર થયો તે વિદુર નામે અતિ પ્રસિદ્ધ છે. એ ત્રણેને ભીષ્મે ઉછેરી મોટા કર્યા ધૃતરાષ્ટ્ર જન્માંધ હતો; તેથી ભીષ્મે પંડુને રાજ્ય ગાદીપર બેસાડ્યો. ગાંધાર—કંદહાર દેશાધિપતિ સુબલ રાજાની કન્યા ગાંધારી ધૃતરાષ્ટ્રને પરણાવી. પંડુને કુંતિભોજ રાજાની કન્યા કુંતી (પૃથા) અને બીજી મદ્રદેશાધિપતિની કન્યા માદ્રી એ બે સ્ત્રીઓ પરણાવી. તેમાં ધૃતરાષ્ટ્રને દુર્યોધનાદિ સો પુત્રો અને એક દુઃશલાનામે

પુત્રી થઇ. પંડુને યુધિષ્ઠિર, અર્જુનાદિક પાંચ પુત્રો થયા. પાંડુરાજા કહેવાતા હતા, પણ સઘળો કારભાર ભીષ્મ કરતા હતા. પાંડુના મરણ પછી ભીષ્મે પાંડવ કૌરવને કૃપાચાર્ય પાસે ભણાવ્યા. દ્રોણાચાર્ય હસ્તિના પુરમાં આવ્યા, તેને ભીષ્મે વિનય પૂર્વક રાજ્યાશ્રય આપી પાંડવ અને કૌરવ તથા બીજા રાજ પુત્રોના ગુરૂ કરી થાપ્યા. મુખ્ય રાજ્યપર ભીષ્મે ધૃતરાષ્ટ્રને સ્થાપ્યા. યુધિષ્ઠિર ઉત્તમ ગુણવાન દેખાયાથી તેને યુવરાજ્ય પદ આપ્યું અને પોતે સ્વસ્થ રહ્યા. ભીષ્મે સર્વ ઉત્તમ રાજ્યવ્યવસ્થા કરી હતી, ધૃતરાષ્ટ્રના પુત્રો એક એક કરતાં અધિક દુષ્ટ નીકળ્યા. પાંડવ કૌરવ વચ્ચે દ્વેષ ઉભો થયો અને તે ચાલ્યાજ કર્યો. તેના સર્વ પ્રસંગોમાં ભીષ્મ પિતા કૌરવને બહુ બહુ સમજાવતા, પણ ધૃતરાષ્ટ્રને માઠું લાગે તેને લીધે અને સૌ સૌનાં કર્યાં કર્મ તે પોતે ભોગશે એ જ્ઞાને કરીને ઉદ્ધત કૌરવના દુરાચાર તેઓ સાંખ્યા કરતા હતા. પાંડવોએ સામોપચારથી અર્ધ રાજ્ય માગ્યું, તે વખતે પણ ભીષ્મે કૌરવોને બહુ સમજાવ્યા પણ તેણે માન્યું નહિ. ત્યારે યુદ્ધ કરવાનો પ્રસંગ આવ્યો. એ મોટા યુદ્ધમાં ભીષ્મ જોકે પાંડવોનો જય ઇચ્છાતા હતા, તોપણ કૌરવોના પક્ષમાં રહ્યા હતા. સઘળા કૌરવ સૈન્યના સેનાપતિ દાખલ ભીષ્મે ૧૦ દિવસ અદ્ભુત યુદ્ધ કર્યું હતું. એના રથાશ્વ ધોળા હતા, એના ધ્વજપર પાંચ પાખાનું તાડ હતું. એણે યુદ્ધને આરંભે નીતિ પાળવા વિષે ઉત્તમ ભાષણ કર્યું હતું અને પોતે બહુ નીતિથી યુદ્ધ કર્યું હતું, તેમાં **ભીષ્મે એવી યુદ્ધનીતિ રાખી હતી કે;**—રથિએ રથિ સામે, પેદળે પેદળ સામે, સ્વારોએ સ્વાર સામે, મહાયોદ્ધાઓએ મહાયોદ્ધા સામે, એમ સરખે સરખા સાથે યુદ્ધ કરવું. યુદ્ધમાં કોઇએ કપટ કરવું નહિ, યુદ્ધ પૂરૂં થાય કે કોઇએ કોઇના ઉપર વેર રાખવું નહિ, એકનાપર અનેક શસ્ત્ર ચલાવવાં નહિ. જેઓ યુદ્ધ જોવા આવ્યા હોય, વાદ્ય વગાડનારા, રથ હાંકનારા, વાર્તિક, દૂત, સેવક, લુહાર, ખોદનારા, મૂર્છા પામેલા, શરણાગત, અ સાવધ, નાશતા હોય અને જેઓ શસ્ત્ર મૂકીદે, ઇત્યાદિના ઉપર કોઇએ શસ્ત્ર ઘાત કરવો નહિ. સાંજ પડતાં બંને પક્ષના સેનાપતિએ પોતપોતાના સૈન્યને અટકાવી શસ્ત્રો મૂકાવવાં. સૂર્યોદય થતાં સુધી પરસ્પર મિત્રભાવે મળવું અને બોલવું. પરસ્પરની છાવણીમાં જવું આવવું. યોદ્ધાઓ પરસ્પર નિંદા કરતા હોય અથવા ભાંડતા હોય તેમાં ત્રીજાએ શસ્ત્ર ઉચકી ઘાત કરવો નહિ. આગળથી જણાવ્યા વગર કોઇએ કોઇના ઉપર શસ્ત્ર ઉગામવું નહિ. બેજણ યુદ્ધ કરે તેમાં ત્રીજાએ વચમાં પડવું નહિ. ઇત્યાદિનીતિએ ભીષ્મે દશ દિવસ યુદ્ધ ચલાવ્યું હતું. દશમે દિવસે દુર્યોધને તેના તંબુમાં આવી કહ્યું કે;—આપ મન લગાડીને યુદ્ધ કરતા નથી. તે ઉપરથી તેણે કહ્યું કે, દ્રુપદપુત્ર શિખંડી મારી આગળ નહોય, (તેના હાથથી ભીષ્મને મૃત્યુ હતું.) તો હું નિષ્પાંડવી પૃથ્વી

કરી. તે ઉપરથી દુર્યોધને તેમને શિખંડીનો ઇતિહાસ પૂછયો હતો અને તેણે સર્વ સંભળાવ્યો હતો. પછી દુર્યોધન ગયો. આ સર્વ ખબર પાંડવોને થયા. યુધિષ્ઠિર મધ્યરાત્રે તેમના તંબુમાં આવ્યા અને પાંડવોના બચાવનો ઉપાય પૂછયો. તેણે ઉપાયમાં ઉદયીક શિખંડીને પાછળ કરી અર્જુને મારી સાથે યુદ્ધ કરવું. એથી તમારો બચાવ થશે એવું બતાવ્યું હતું. કૃષ્ણે યુદ્ધમાં શસ્ત્ર ન ધરવા વિષે પ્રતિજ્ઞા લીધી હતી પણ ત્રીજે દિવસે ભીષ્મે એવાં તો બાણ માર્યાં કે એને વાળવાને સારૂ કૃષ્ણને પરોણો લેવો પડયો હતો. નવમે દિવસે જ્યારે અર્જુનને મૂર્છા આવી, ત્યારે કૃષ્ણે સુદર્શન ચક્ર હાથમાં લઇને સર્વને થરથરાવ્યા હતા. એ વેળાએ ભીષ્મ બોલ્યા હતા કે, મારી પ્રતિજ્ઞાતો મેં પૂર્ણ કરી છે, હવે મને મારોકે મારો મોક્ષ થાય. શિખંડી ઉપરા ઉપરી ભીષ્મને બાણ મારતો હતો, પણ ભીષ્મ તો તેના સામું જોતા પણ નહિ. (શિખંડી—અંબાસ્ત્રી હતી માટે) પછી શિખંડીના નિમિત્ત બાણથી પણ ખરેખરાં તો અર્જુનનાં તિવ્રબાણથી વ્યાપ્ત થઇને ભીષ્મપડયા. આ સાંભળી કૌરવ પાંડવો શસ્ત્ર મૂકી મૂકીને એની પાસે આવ્યા. દુર્યોધન શસ્ત્રવૈદ્ય લઈ આવ્યો, પરંતુ તેણે કહ્યું કે, આ વખતે મને કોઇએ સ્પર્શ કરવો નહિ. પછી તંબુમાં તેને લઈ ગયા. ત્યાં તેણે કહ્યું કે મારૂં ડોકું લબડે છે તેને માટે કંઇ તળે મૂકવા લાવો, દુર્યોધન સુંવાળું ઓશીકું લઈ આવ્યો, પણ ભીષ્મે અર્જુન સામે જોયું, એટલે તેણે ત્રણ બાણ ટેકવી ડોકું ઉંચું કર્યું, તેથી એને અતિ સુખ થયું. એણે પાણી માગ્યું હતું, ત્યારે દુર્યોધનજળપાત્ર ભરી લાવ્યો, પણ એનો તેણે ધિક્કાર કર્યો. અર્જુને ભૂમિમાં બાણ મારીને પાતાળ ગંગાના ધોધની ધારા એના મુખમાં પાડી. તેથી કરીને તેને બહુજ સંતોષ થયો. " તારી ઇચ્છા થશે ત્યારે તું મરણ પામીશ." એવું તેના પિતાનું વરદાન હતું. તેઓ કારતક વદ ૮ મે રણમાં પડયા ત્યારે દક્ષિણાયન હતા. તેથી ઉત્તરાયન થતાં સુધી એટલે બે માસ પોતાની ઇચ્છિાથી પ્રાણ ધારણ કરી બાણ શય્યાપર સૂતા રહ્યા હતા.

ભીષ્મ બાણશય્યાપર પડ્યા, પછી દ્રોણાચાર્ય સેનાપતિ થયા હતા. ત્યારે ભીષ્મની બાંધેલી યુદ્ધ નીતિ રહી નહોતી, મિશ્ર યુદ્ધ ચાલ્યું હતું. આઠ દિવસે કૌરવ પાંડવના યુદ્ધનું છેવટ આવ્યું પાંડવો જીત્યા હતા. કૌરવોની ઉત્તરક્રિયા યુધિષ્ઠિરે કરી, પછી યુધિષ્ઠિરનો રાજ્યાભિષેક થયો, પરંતુ જ્ઞાતિ વધનો જે તેના અંતઃકરણમાં ખેદ થયો હતો. એ દૂર કરવાને કૃષ્ણે ઘણું ઘણું કહ્યું, પણ તેનું અંતઃકરણ શાંત ન થયું. તેથી તેને ભીષ્મ પાસે તેડી ગયા. તે વખતે ભીષ્મ પાસે આવેલા બ્રહ્માર્ષિ અને રાજર્ષિ ઇત્યાદિકનો મોટો સમાજ મળ્યો હતો. તે સર્વ સમક્ષ ભીષ્મે યુધિષ્ઠિરને રાજધર્મ, મોક્ષધર્મ, દાનધર્મ, આપદ્ધર્મ, આદિ ધર્મો વિષે વ્યાખ્યાન કર્યું હતું. પછી ઉત્તરાયણ થતાં સર્વ સમાજનાં જોતાંજ

ભીષ્મ પરમાત્માના સ્વરૂપમાં ચિત્તને સ્થિર કરીને દેહ ત્યાગી પરમપદને પામ્યા હતા. મરણ કાળે એનું વય કેટલું હશે, એ વિષે ભારતમાં કાંઇ લખેલું નથી, પણ દ્રોણાચાર્ય કરતાં એની ઉમર બમણી ઉપર હશે એવું લાગે છે, કૌરવ સભામાં દ્રૌપદીએ ભીષ્મને પ્રશ્ન કર્યા હતા, તે એણે ગત કરી જઇ ઉત્તર વાળ્યા નહોતા, એ એક પ્રસંગ સિવાય બીજે કોઇ પણ પ્રસંગે એણે પોતાની ઉજળી સુઘડતા મૂકી નથી. સંસાર સંબંધી વિષયમાં માત્ર સ્ત્રી સંબંધીજ એને પોતાના બ્રહ્મચર્ય વ્રતને લીધે અનુભવ જ્ઞાન નહોતું. એ સિવાય તે સર્વ વિષયમાં કુશળ હતા. એણે કોઇ દિવસ યુદ્ધમાં પીઠ દેખાડી નહોતી. અને કોઈ પણ પ્રસંગે નીતિનું ઉલ્લંઘન કર્યું નથી. અસ્ત્રશસ્ત્ર વિધામાં અર્જુન કરતાં વિશેષ ઉજવળ યશસ્વી કહીએ તો ચાલે. સર્વ ગુણની મુકટમણિ જે—**બ્રહ્મવિદ્યા** તેમાં એ ઋષિ જેવા હતા. તે મહાધીર, ઉદાર, મહાશૂર, રણપંડિત, અને રણરંગ રાખનારા હતા. તે સમર્થ વિદ્વાન ને રાજનીતિમાં કુશળ હતા. દુર્યોધન, દુઃશાસન અને કર્ણની વર્તણુકને એ ધિક્કારતા, પણ ધૃતરાષ્ટ્રનું માન રાખવાને અને પોતાનું માન ભંગ થયું ન જોવાને, તેઓ પોતાની સત્તા વિનાની વૃદ્ધ વયે સંકોડાઇ રહ્યા હતા. તે એક પુરૂષ પરીક્ષક હતા, અને વિદ્યા સદ્‌ગુણ ઉપર ઠરેલા પ્રેમથી જોઇ પ્રસન્ન રહેનારા હતા. અતિ વૃદ્ધ છતાં યુદ્ધમાં તરૂણની પેઠે ઘૂમતા હતા. જ્યારે એક પણ બાણ વાગવાથી મહારથીયુદ્ધા આકુળવ્યાકુળ થઇ પ્રાણ છોડે છે, ત્યારે આ મહાપુરૂષ તેવાં અનેક બાણોની શય્યામાં બે માસ સુધી સૂઈ રહ્યા હતા. એટલુંજ નહિ પણ એવી સ્થિતિમાં હૃદયભેદક ઇતિહાસો સાથે શ્રુતિ, સ્મૃતિ અને ધર્મ શાસ્ત્રોને અનુસરી નાના પ્રકારના ધર્મના ઉપદેશથી આખી સભાના અંતઃકરણને સંતોષ પમાડવો એ કાંઈ ઓછા મહત્ત્વની વાત નથી. !! એ તેના જન્મથી જીવિતપર્યંત પાળેલા જીતેંદ્રિયપણાનોજ પ્રતાપ હતો.તેણે બ્રહ્મચર્ય વ્રતની કરેલી પ્રતિજ્ઞા કદી પણ ભંગ કરી નહોતી. સ્ત્રીપર શસ્ત્ર કદી પણ ઉપાડવાં નહિ. એવો તેણે નિયમ જીંદગી પર્યંત મૂક્યો નહોતો. અંબા-શિખંડી (સ્ત્રી રૂપે હતો પછી પુરૂષત્વ પામ્યો હતો.) નાપર શસ્ત્ર ઉગામેલ નહિ એજ તેનો પ્રત્યક્ષ પુરાવો છે. એનું વક્તૃત્વ એટલું તો મનોરંજક હતું કે, તે સાંભળવાને મોટા મોટા ઋષિ, મુનિઓ આવતા હતા અને સાંભળીને છક થઇ જઈ હર્ષગર્જનાથી વધાવી લેતા હતા: અહા! ધન્ય છે આ પ્રતાપી પુરૂષને! અને ધન્ય છે તેમની ગંગા માતા જેવી પવિત્ર જનુનિને!! પવિત્ર અને પ્રતાપી માતાના ઉદરમાં આવા પુત્ર રત્નો પાકે એમાં શું નવાઈ!!! ગંગા માતાના ઉદરમાં જન્મ્યા, એ જ પવિત્ર માતાના હાથ નીચે ઉછર્યા, એજ માતાએ બાળપણમાં ઉત્તમ

શિક્ષણ આપ્યું. એજ માતાએ યોગ્ય વયે આવતાં ઉત્તમ ગુરૂ શોધી કાઢી તેમની પાસે સર્વ વિદ્યાનું સચોટ શિક્ષણ અપાવ્યું અને એજ માતાએ સંપૂર્ણ જ્ઞાનવાન થયે ચોવીશ વર્ષની વયે શંતનૂને સ્વાધીન કર્યા. કહો! આવી માતા કેમ ધન્યતાને ન પામે? પ્રભુ! આ દેશનો ઉદય કરવા પુનઃ આવી માતાઓ અને પુત્રો પ્રગટ કર? વિજયવાર્ત્તા !!!

ન્યાયનિપુણ ધર્મ વિવેકી.

ચક્રવર્તિ યુધિષ્ઠિર—ધર્મરાજા.

આ પ્રતાપી પુરૂષ ચંદ્રવંશીય પુરૂકુલોત્પન્ન અજમીઢ વંશીય કુરૂ રાજાના પુત્ર. જન્હુ રાજા- તદન્વયસંભૂત પાંડુ રાજાથી પૃથા—કુન્તાને પેટે થયેલા ત્રણ પુત્રોમાંના જ્યેષ્ઠ પુત્ર. આ દ્વાપરયુગમાં યમ–ધર્મના મંત્ર પ્રભાવે જન્મ્યાથી ધર્મરાજા નામે પ્રસિદ્ધ છે. તેઓ શરીરે પાતળા, સુવર્ણ સરખા ગૌરવર્ણે, નાક મોટું, નેત્ર વિશાળ ને રક્ત હતાં. સ્વભાવે શાંત, ક્ષમાશિલ, ધર્મ વિવેકી, ન્યાય નિપુણ, સત્ય નીતિથી વર્તનારા, પ્રતિજ્ઞા પાળક, રાજ નીતિમાં કુશળ, ધર્મિષ્ઠ, પાપથી બીને ચાલનારા, દયાળુ, પ્રાણીમાત્રથી મિત્રત્વ સંપાદક, ભલા, વડીલોની મર્યાદા રાખી ચાલનારા, મોટા સત્યવાદી, હેતાળ, વેદ, વેદાંગાદિક શાસ્ત્રોમાં કુશળ, ધૈર્યવાન, પ્રથમ કૃપાચાર્ય પાસે અને પછી દ્રોણાચાર્ય પાસે ધનુર્વિદ્યામાં કુશળતા મેળવી હતી, બરછી સારી વાપરી શકતા, તોપણ અનભ્યાસને લીધે રણમાં મોટા યોદ્ધાની સામે ધૈર્ય રાખી શકતા નહિ. એનામાં અનેક ઉત્તમ સદ્ગુણો હોવાથી એનો દ્વેષ કોઇ પણ કદી કરતા નહિ. એ કારણથી એને **અજાતશત્રુ** પણ કહે છે. એની ખ્યાતિ રથ વિદ્યામાં વિશેષ થઇ હતી. તે સિવાય એણે સાંકેતિક **બર્બરભાષા**નો પણ સારો અભ્યાસ કર્યો હતો. પાંડુ રાજાને કુન્તી અને માદ્રી એ બે સ્ત્રીઓ હતી. તેમાં કુન્તી થકી યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, અને માદ્રી થકી નકુળ અને સહદેવ એ પાંચ ભાઇઓ હતા. એ પાંચે કુન્તા માતાના હાથ નીચે ઉછરી ઉત્તમ કેળવણી પામ્યા હતા. તેથી એ પાંચેમાં પૂર્ણ સ્નેહ હતો, પ્રત્યેક પરસ્પર પોતાના પ્રાણથી અધિક ચાહતા હતા. કોઇ દિવસ પણ એ પાંચે ભાઇઓમાં જરા પણ બોલવું પડયું નહોતું. યુધિષ્ઠિર સર્વથી મોટા હતા, ચારે ભાઇઓ તેમની મર્યાદા રાખી પ્રીતિથી વર્તતાં અને ગમે તેવી તેમની આજ્ઞા માન્ય કરતા હતા. આ પાંચે પાંડુના પુત્રો પાંડવો નામે પ્રસિદ્ધ છે. ધૃતરાષ્ટ્રને સો પુત્રો હતા તે કૌરવો કહેવાતા. પાંડુરાજા મરણ પામ્યા પછી કુન્તા ધૃતરાષ્ટ્ર પાસે હસ્તિનાપુરમાં

રહેતાં. કૌરવો પાંડવોને સર્વ પ્રકારે શ્રેષ્ઠ જોઈ અદેખાઇ કરતા હતા. ધૃતરાષ્ટ્ર પાંડવોને ગુણી જોઇ તેનાપર પ્રીતિ રાખતા અને યુધિષ્ઠિર જે મોટા હતો તેને પોતાનો યુવરાજ કર્યો હતો. યુધિષ્ઠિર ધૃતરાષ્ટ્રની વતી રાજ કાર્યભાર ચલાવતા. ઉત્તમ કાર્યભારથી પ્રજાની તેનાપર અત્યંત પ્રીતિ થઈ હતી, તેમજ કીર્ત્તિ વધી હતી. એ જોઇ દુર્યોધન બહુ ખિન્ન થયો. એણે ધૃતરાષ્ટ્રને એકાંતમાં કહ્યું કે, અમે તમારા પુત્ર છતાં અમને રાજ્ય કરવે કેમ અયોગ્ય ગણો છો? તમે પાંડુ કાકાના મોટા ભાઇ અને અમે મોટાભાઈના પુત્ર છીએ. માટે અમારો હક પ્રથમ છે. ધૃતરાષ્ટે કહ્યું કે;-પુત્ર! પાંડુ સરખો બીજો રાજા જગતમાં કોઈ નહોતો, ને હું અંધછું તે શી રીતે રાજ્ય કરૂં? તેના પુત્રમાં રાજ્યકાર્ય કરવાના સર્વ સદ્દગુણો છે, ને લોક તેનાથી પ્રસન્ન છે. યુધિષ્ઠિરમાં તારા કરતાં વિશેષ સદ્દગુણ છે. મારાથી તેના સાથે શત્રુવટ કેમ થાય? દુર્યોધન બોલ્યો—ત્યારે હું આપઘાત કરી મરીશ; કેમકે તેથી મારૂં માન ભંગ થાય છે, એ મારાથી સહન થતું નથી. ધૃતરાષ્ટ્ર બોલ્યો—ઓમારા પુત્ર! તું એટલો અધીર કેમ થાય છે? જો તારી ઇચ્છા રાજ કરવાની છે, તો હું સઘળા રાજ્યનો અર્ધ ભાગ તને અને અર્ધ ભાગ તેમને એમ બંનેને વહેંચી આપું, કે પછી તારે ને તેને કોઇ દિવસ ટંટો થાયજ નહિ. દુર્યોધન બોલ્યો કે ત્યારે ઠીક છે, પણ રાજ્ય હવે તરત વહેંચી આપો. હું હસ્તિનાપુરમાં રહી તમારા વિચાર લઈ રાજ્ય કરીશ. ઇત્યાદિ રીતે સમજાવ્યાથી ધૃતરાષ્ટ્રે યુધિષ્ઠિરને બોલાવી કહ્યું કે;-પુત્ર! તમે સૌ **વારણાવટમાં** (જુના **પ્રયાગમાં.**) જઇને રહો, ને થોડા દિવસ પછી હું તમને પાછા બોલાવીશ. એ આજ્ઞા ઉપરથી પાંડવ ને કુન્તી ત્યા જઇને રહ્યાં, જે વખતે પાંડવો વારણાવટમાં જવાને નીકળ્યા, તે વેળા વિદુરે યુધિષ્ઠિરને સાંકેતિક **બર્બર** ભાષામાં ચેતાવ્યો હતો કે. દુર્યોધને તમને લાક્ષાગૃહમાં (લાખ તથા બીજા સળગી ઉઠે તેવા પદાર્થોનું ઘર) બાળી મૂકવા વિચાર કર્યો છે. માટે સાવધ રહેજો. વળી એક શ્લોક ભણી કહ્યું કે, હું એક માણસ મોકલુંછું, તે એ શ્લોક ભણશે, તે ઉપરથી તેને તમે રાખી કામે લગાડજો. વિદુર ગયા પછી થોડેક દિવસે પાંડવો વારણાવટમાં પુરોચન શિલ્પીએ જે મહેલ બાંધી રાખ્યો હતો તેમાં જઇ રહ્યા. તેઓ રાતે જાગતા રહેતા. અહીં વિદુરનો મોકલેલો માણસ આવ્યો, તેણે કોઈ ન જાણે તેમ ભોંયમાં સળંગ (ભોંયરૂં) ખોદી તૈયાર કરી મૂકી (વિદુર અને યુધિષ્ઠર વચ્ચે બર્બરભાષામાં જે ભાષણ થયું હતું તે વ્યાસે મહાભારતમાં એજ ભાષાના શબ્દોમાં લખેલું છે. તે સારૂં થયું છે, કારણ એ ઉપરથી તે ભાષાકોની તેનો સારી રીતે નિર્ણય કરી શકાય તેમ છે.)

યુધિષ્ઠિર માતા અને સર્વ બંધુ સાથે આ લાક્ષાગૃહમાં રહ્યા હતા. એ

નો બંદોબસ્ત રાખવાને દુર્યોધને પુરોચનને રાખ્યો હતો. તે વખત આવ્યે લાક્ષાગૃહ સળગાવવાની તજવીજમાંજ રહ્યા કરતો હતો. એ દ્વાર છોડી ક્યાંય જતો નહિ, પાંડવોની ચોકસી રાખતો પણ ભીમરાત્રે જાગતા રહેતા. યુધિષ્ઠિરે આ ગૃહમાં રહ્યા પછી અન્નાદિદાન કરવાનો પોતાનો અસલનો નિયમ ચાલુ રાખ્યો હતો. જેને ક્યાંયથી અન્ન ન મળતું તે અહીં આવી ભોજન કરી જતાં. બ્રાહ્મણોને નિત્યભોજન કરાવવામાં આવતું. એ પ્રમાણે કેટલાક માસ ચાલ્યું. એક વખતે સાયંકાળે કોઈ નિષાદી (ભીલડી) પોતાના પાંચપુત્રો સાથે અહીં અન્ન માગવા આવી, તેને ભોજન કરાવી રજા આપી હતી, પણ એ આગળ ચાલી પાસેના એક ઓરડામાં પોતાના પાંચ પુત્રો સાથે સૂઈ રહી હતી. તેજ રાત્રીએ ભીમને વિદુરની સૂચના યાદ આવી, પુરોચન ગાઢ નિદ્રામાં પડ્યો હતો, એવો લાગ જોઇને ભીમે પોતાની માતા અને સર્વ ભાઇઓને પ્રથમ ભોંયરા (સળંગ) રસ્તે રવાને કરી દીધાં, પછી પોતે લાક્ષાગૃહને ચારે તરફ અગ્નિ લગાવીને તરત સળંગમાં પેસી ગયા અને જઇને તેનું દ્વાર બંધ કરી દીધું. લાક્ષાગૃહ સળગી ગયું, તેમાં જે પેલો પાપી પુરોચન પાંડવોને સળગાવી દેવાને રહ્યો હતો, તે તથા પેલી ભીલડી અને પાંચ પુત્રો એ સર્વ બળી ગયાં. ભીમે બહાર નીકળી ચાર ભાઇઓ અને માને ખાંધપર બેસાડી દક્ષિણ દિશાનો રસ્તો લીધો. તે સર્વ ભાગીરથીને તીરે આવ્યાં. અહીં નૌકા કે મનુષ્ય કોઈ નહોતું, થોડી વારમાં વિદુરનો મોકલેલો માછી હોડી લઇને આવ્યો. તેણે એ છએ જણાને નદી પાર ઉતાર્યા. અહીં લાક્ષાગૃહમાં પાંડવોની અવસ્થા કેવી થઇ હશે, એ ચિંતામાં નગરના લોકો દોડાદોડ કરવા લાગ્યાં, પરંતુ અગ્નિ શાંત કરવાનો કાંઈ ઉપાય ચાલ્યો નહિ, એવું જોઈ તેઓએ અનિવાર શોક કર્યો; તોપણ કેટલાકને પાંડવો બળ્યા નથી એવો સંશય હતો પરંતુ અગ્નિ શાંત થયા પછી ત્યાં બળેલાં સાત પ્રેત દીઠાં. એક પુરોચન, પાંચ પુત્રો સહિત ભીલડી એ સાત જોઇને પાંડવો બળી ગયાજ એવો સર્વેએ નિશ્ચય કર્યો. એ સમાચાર હસ્તિનાપુર પહોંચતાં ભીષ્મ, વિદુર, ધૃતરાષ્ટ્રને અપાર શોક થયો અને દુર્યોધનાદિને અતિ આનંદ થયો. યુધિષ્ઠિર નદી પાર થઇ અરણ્યમાં સુખરૂપે પ્રવિષ્ટ થયા. આગળ ચાલતાં હાડિંબ રાક્ષસ પાંડવોને મારવા દોડ્યો, તેને ભીમે માર્યો. તેની બેન હડિંબા રાક્ષસી ભીમને જોઈ મોહિત થઇ ગઈ. તેને વરવાને આતુરતા જણાવી, યુધિષ્ઠિર અને માતા કુન્તાની આજ્ઞાથી ભીમ તેને પરણ્યા. તેનાથી તેને ઘટોર્ગચ્છ નામે મહા બળવાન પુત્ર થયો. ત્યારપછી યુધિષ્ઠિર માતા અને બંધુઓ સાથે વિપ્રવેષે એક નગરીમાં ગયા. ત્યાં ભીમે બકાસુરને મારી ત્યાંની પ્રજાને સંપૂર્ણ સુખ કરી આપ્યું હતું. ત્યાંથી નીકળી આ સર્વે દ્રુપદ રાજાના શેહેરમાં આવ્યા. ત્યાં અર્જુન સ્વયં-

વર સભામાં મત્સ્ય વિંધી દ્રૌપદીને પરણ્યા. દ્રૌપદીને પાંડવો વર્યા એવું જોઇ ધૃતરાષ્ટ્રે લોક લજ્જાથી યુધિષ્ઠિરને તેના સર્વ ભાઇઓ સાથે હસ્તિનાપુરમાં તેડાવ્યા અને સન્માન સાથે અર્ધ રાજનો ભાગ દેઇને ઇંદ્રપ્રસ્થ (આગ્રા.) શેહેર વસાવી ત્યાં રહેવા જવાની આજ્ઞા કરી. તેથી યુધિષ્ઠિર પોતાના સર્વભાઇઓ સાથે ત્યાં જઇને રહ્યા.

યુધિષ્ઠિરે ઇંદ્રપ્રસ્થને ઉત્તમ પ્રકારે રચાવી ઇંદ્રપુરી સમ શોભિતી બનાવી. ઉત્તમ રાજનીતિથી રાજ ચલાવી પ્રજાના સુખ અને સમૃદ્ધિમાં વધારો કર્યો હતો. તેથી પ્રજાની પ્રીતિ તેનાપર અતિશય થઇ હતી. શ્રીકૃષ્ણના કહેવાથી **શિલ્પશાસ્ત્રી મયાસુરે** તેને એક અનુપમ સભામંડપ ભેટ કર્યો. એ જોવાને ઋષિઓ, રાજાઓ આદિ એકઠા થયા. નારદ પણ વિણા બજાવતા આવ્યા, તેમને યુધિષ્ઠિરે સિંહાસનપર બેસાડી પૂજા કરી. મુનિએ રાજનીતિ અને ધર્મજ્ઞાનનું વ્યાખ્યાન કર્યું. તે યુધિષ્ઠિરાદિએ સાંભળ્યું. પછી મુનિએ જણાવ્યું કે તમે રાજસૂય યજ્ઞ કરી તમારા ઐશ્વર્યમાં વધારો કરો, આદિ કહેતાં યુધિષ્ઠિરે એની તૈયારી કરી. **શ્રીકૃષ્ણને** તથા બીજા અનેક રાજાઓને તેડાવ્યા. અસંખ્ય બ્રાહ્મણોને ભાવતાં ભોજન કરાવી દક્ષિણા આપી, યજ્ઞ ત્રણ વર્ષે પૂરો કર્યો. એ યજ્ઞમાં બ્રાહ્મણોની એઠ કહાડવાનું કામ શ્રીકૃષ્ણે પોતાને હાથ રાખ્યું હતું. યજ્ઞને અંતે રાજાઓને વિદાય કરતી વખતે પ્રથમ સર્વથી શ્રેષ્ટ ગણાતા રાજાનું પૂજન કરવું જોઇએ. તેમાં યુધિષ્ઠિરે પ્રથમ શ્રી કૃષ્ણનું પૂજન કર્યું. એ જોઇ ઇર્ષાથી **શિશુપાળ** ક્રોધે ભરાઇ શ્રીકૃષ્ણને ગાળો દેવા લાગ્યો. શ્રીકૃષ્ણે ૯૯ ગાળો સાંખી, પણ ૧૦૦ સોમી ગાળ દેતાંજ સુદર્શન ચક્રથી તેનું શિર ઉડાવ્યું. સર્વ રાજાઓ ભેટ લઇ વિદાય થયા, પણ દુર્યોધનાદિ કૌરવો મયનું રચેલું સભામંડપ જોવાને રહ્યા. એ મંડપ જોતાં દુર્યોધને કાચ હતા ત્યાં **પાણી** કહ્યું અને પાણી હતું ત્યાં **ભૂમિ** કહી ચાલ્યો કે પાણીના કુંડમાં પડવાથી વસ્ત્રો બગડ્યાં. ભીમે તેનો હાથ ઝાલી બહાર કહાડ્યો, આ તેની મૂર્ખાઇ ઉપર દ્રૌપદીએ હાસ્ય કર્યું. તેથી એ છેકજ લજ્જિત થયો. પછી નકુળ, સહદેવ તેનો હાથ ઝાલી આગળ સઘળું દેખાડતા હતા, ત્યાં દુર્યોધન દ્વાર જાણી બહાર નીકળવા ગયો કે **ભીંતમાં** પછડાયો. એટલે ભીમ બોલી ઉઠ્યો કે ધાર્તરાષ્ટ્ર (અંધપુત્ર.) આમ ચાલો. એ મેણાથી દુર્યોધનને બહુ લાગ્યું પણ તે સહન કરી વિવેકથી યુધિષ્ઠિર—ધર્મની આજ્ઞા લઇ તેની આપેલી ભેટ સાથે પાછો હસ્તિનાપુર ગયો. અહીં આવી તેણે શકુનીના વિચારથી ધર્મ સાથે દ્યૂત રમવાનો વિચાર કર્યો. શકુનીએ ધૃતરાષ્ટ્રને સમજાવ્યો અને તેણે એક મહોત્સવને બાને પાંડવને હસ્તિનાપુર તેડાવ્યા. ધર્મને દ્યૂત રમાડી તેનું સર્વસ્વ હરણ કર્યું. દ્રૌપદીને પણ હાર્યા. દુઃશાસન

દ્રૌપદીનો ચોટલો શાહી સભામાં લાવ્યો, ત્યારે ભીષ્મ, વિદુર, દ્રોણાદિએ નીચું જોયું, પણ દુર્જન કૌરવો બહુ હરખાયા. કર્ણે દ્રૌપદીને કહ્યું કે, દુર્યોધનના અંગપર બેસ ને પાંડવની આશા મુકી રાજવિલાસ ભોગવ. એ વખતે ભીમે ગદા ફેરવી, પણ આ ક્ષમાશિલ યુધિષ્ઠિરના આગ્રહથી તેણે પોતાનો ક્રોધ સમાવ્યો. ધૃતરાષ્ટ્રે દ્રૌપદી અને પાંડવોને મુક્ત કર્યા, દુર્યોધને પાંડવોને દ્રૌપદી સાથે તેર વર્ષ વનવાસ કાઢ્યા. તેમાં એક વર્ષ છાના રહેવાનું હતું. જો તેરમે વર્ષે છતા થાય તો ફરી બીજાં બાર વર્ષ વનવાસ ભોગવવો, એવા નિયમે અરણ્યમાં જવાની આજ્ઞા કરી. તેથી બીજી સ્ત્રીઓ અને માતા કુન્તાજીને વિદુરને ત્યાં રહેવાની બ્યવસ્થા કરી અરણ્યમાં જવાની તૈયારી કરી.

યુધિષ્ઠિર સર્વ બંધુ સાથે જેવા અરણ્યમાં જવા નીકળ્યા કે તેની સમાગમે પુરોહિત **ધૌમ્ય** ઋષિ અને નગરના બ્રાહ્મણોનો મોટો સમુદાય નીકળ્યો. એ સર્વેને પાછા જવાને તેણે પુષ્કળ વિનવ્યા, પરંતુ કોઇએ માન્યું નહિ. ત્યારે નિરૂપાય થઇને સર્વ સમાગમે ચાલ્યા. પ્રથમ કેટલોક કાળ **દ્વૈત** વનમાં રહ્યા પછી કામ્ય વનમાં પ્રવેશ કર્યો. યુધિષ્ઠિર સાથેના મોટા સમુદાયને ફળ, ફુળ અને કંદમૂળ પૂરાં પાડતા હતા, પ્રતિદિન નવા નવા ઋષિઓ, બ્રાહ્મણો અદિ આવી તેમની પાસે રહેવા લાગ્યા. ઘણાં મનુષ્યો થવાથી તેમના નિર્વાહની મોટી કાળજી ઉત્પન્ન થઈ. તેથી ધૌમ્ય ઋષિની આજ્ઞા પ્રમાણે યુધિષ્ઠિરે વનમાં સૂર્યની તપશ્ચર્યા કરીને એક **અક્ષય પાત્ર** મેળવ્યું જે વડે સેંકડો જનને ષડરસ ભોજન મળવા લાગ્યું. આ પ્રાપ્ત થવાથી સર્વ આનંદમાં કાળ ગુજારતા હતા. દુર્યોધનના કહેવાથી દુર્વાસા પાંડવને શાપ દેવાને આવ્યા હતા. પણ અક્ષય પાત્રથી તે સંતોષાયા હતા, ને ઉલટો તેણે દુર્યોધનને શાપ આપ્યો હતો. "ખોદેતે પડે" એનો આ ઉત્તમ પુરાવો છે. એક દિવસે તેમના આશ્રમમાં કિર્મિર રાક્ષસ આવ્યો, તેને ભીમે માર્યો. પછી અલ્પ કાળમાં અર્જુને નવિન શસ્ત્ર અસ્ત્ર સંપાદન કર્યા. થોડો વખત **ઇંદ્રકીલ** શિખરપર રહી, ફરી સર્વ સમુદાય સાથે દ્વૈત વનમાં યુધિષ્ઠિર આવ્યા. ત્યાં થોડો કાળ રહી ફરી કામ્ય વનમાં આવ્યા. અહીં **લોમ ઋષિએ** આવી, તેમને વનવાસ દુઃખ પરિહારાર્થ નળાખ્યાન સંભળાવ્યું. પછી **બૃહદશ્વ ઋષિએ** આવી અનેક ઇતિહાસો સંભળાવ્યા અને **અક્ષ વિદ્યા** અને **અશ્વહૃદય** વિદ્યા તેમને સંભળાવી શિખવી. એ બે વિદ્યાનો ઉપયોગ એવો છે કે, જુગટાનો પ્રસંગ આવતાં અનુકુળ અક્ષ—પાસા પડાવે, અને યુદ્ધમાં પરાજ્ય નથાય. (ભાર. વ. અ. ૭૯) **પુલસ્ત્ય ઋષિએ** તીર્થ યાત્રાનું વર્ણન કરી તેનો મહિમા સંભળાવ્યો. **લોમશ ઋષિએ** અને

સર્વ તીર્થો કરાવ્યાં. એ વખતે તેમણે યુધિષ્ઠિરાદિને અગસ્ત્ય ઇલ્વલવધ, વૃત્રાસુર વજ્ર, ઋષ્યશૃંગ, જમદગ્નિ, પરશુરામ મહત્ત્વ, શ્યેનકપોતીય, અષ્ટાવક્ર, યવક્રિત, આદિનો ઇતિહાસ સંભળાવ્યો હતો. મહેંદ્રાચળ, કૈલાસગિરિ, ગંધમાદનશિખર એ સર્વ ઠેકાણે ફરતા **નારાયણાશ્રમમાં** આવ્યા. ત્યાં ભીમે જટાસુરને માર્યો. ત્યાંથી ફરી **ગંધમાદન**પર આવ્યા. અહીં આર્ષ્ટિષેણ ઋષિસાથે એને સંવાદ થયો હતો. **કુબેરના** સેનાપતિ મણિમાનનો ભીમે યુદ્ધ કરી વધ કર્યો. **નહુષ**રાજા અજગર રૂપે અગસ્ત્ય શાપથી થયો હતો, ત્યાં ભીમ જઇ ચડવાથી તેને ગ્રાસવા ગ્રહણ કર્યા હતા, એવામાં યુધિષ્ઠિરે જઇ તેના પ્રશ્નના ઉત્તરો આપવાથી એ દિવ્ય દેહ થયો અને ભીમ મુક્ત થયો હતો (જુઓ નહુષ ચરિત્ર.) પછી **માર્કંડેયનો** મેળાપ થયો, તેમણે મત્સ્યોપાખ્યાન, મંડુકોપાખ્યાન, નહુષ, શિબિ, ઇંદ્રદ્યુમ્ન, ધુંધુમાર, સ્કંદોત્પત્તિ, કેશીપરાભવ, મહિસાસુર વધ, મુગદલ, ઇત્યાદિનો ઇતિહાસ યુધિષ્ઠિરને સંભળાવ્યો હતો. તે પછી જયદ્રથના અપરાધથી તેને શિક્ષા કરી હતી. આ પછી ઋષિઓ પોતપોતાને આશ્રમે ગયા હતા. યુધિષ્ઠિર, દ્રૌપદી અને સર્વ બંધુ સાથે અરણ્યમાં રહ્યા હતા. એક વખતે એવું થયું કે, કોઇ એક બ્રાહ્મણના અરણિ (અગ્નિહોત્રના અગ્નિ ઉત્પન્ન કરવાનું કાષ્ટ.) કોઇ હરણ કરી ગયું. એ-પરથી તે બ્રાહ્મણે યુધિષ્ઠિર પાસે આવી એ અરણિ લાવી આપવાનું કહ્યું. ત્યારે એણે તેનો સત્કાર કરી ભીમને તેના અરણિ લાવી દેવાની આજ્ઞા કરી. ભીમ એ અરણિ લેનારની શોધ કરતા ચાલ્યા જતા હતા, ત્યાં તૃષા લાગવાથી વ્યાકુળ થયા. પાણીની શોધ કરતાં એક પાણીથી ભરેલું સરોવર દૃષ્ટિએ પડયું. ભીમ આતુરતાથી ત્યાં ગયા. હસ્તપાદ પ્રક્ષાલન કરીને જળ પ્રાશન કરવા તૈયાર થયા. તેવામાં સામેના એક વૃક્ષપર બેઠેલો **યક્ષ** બોલ્યો કે;—અરે ! તું કોણ છે ? મારા પ્રશ્નનો ઉત્તર દીધા વગર જળપાન કરીશ નહિ, જે એમ કર્યા વગર પીશે તો મરણ પામશે. ભીમે અતિ તૃષાથી એના બોલવાને નહિ ગણકારતાં પીવા માંડયું. જેવું તેણે જળ પીધું કે, તેવાજ ચેષ્ટા રહિત થઇ પડયા. ભીમને આવતાં વિલંબ થવાથી યુધિષ્ઠિરે અર્જુન, નકુલ અને સહદેવ એ ત્રણેને અનુક્રમે મોકલ્યા. એ સર્વની ભીમની પ્રમાણે અવસ્થા થઈ. તેથી કોઈ સત્વર આવી શકયું નહિ. એ જોઈ યુધિષ્ઠિર પોતે તેનો શોધ કરવાને ચાલ્યા. તરત એ સરોવર દૃષ્ટિએ પડયું, એની પાસે ગયા. જોયું તો ચારે ભાઇઓ ચેષ્ટા રહિત થઇ પડેલા દીઠા. તેથી અતિ ચિંતા થઈ, આને શું થયું હશે ? પરંતુ જળ પ્રાશન કરી તેનો વિચાર કરૂં. એવું મનમાં લાવી જેવું જળ હાથમાં લીધું કે વૃક્ષપરથી યક્ષે પહેલા પ્રમાણેજ શબ્દ કર્યો. આ સાંભળી યુધિષ્ઠિરે કહ્યું કે, બોલ ! તારો

શો પ્રશ્ન છે ? હું યથામતીએ તેનો ઉત્તર આપીશ. એપરથી યક્ષે જે પ્રશ્ન કર્યા, તેના ઉત્તર તેણે દીધા. તેથી યક્ષે સંતોષ પામી પોતાનું મૂળ સ્વરૂપ પ્રગટ કર્યું અને કહ્યું કે;—યુધિષ્ઠિર! **યમધર્મ** કહે છે તે હુંજ છું. તારી સાથે સંભાષણ કરવાના હેતુએજ બ્રાહ્મણના અરણિહરણ કરીને શોધ માટે આવેલા તારા ભાઇઓની આ અવસ્થા કરી છે, પણ તું બોલ કે;—હું આ ચારમાં કોને સજીવન કરૂં! એ સાંભળી યુધિષ્ઠિરને ઘણું દુઃખ ઉત્પન્ન થયું, તોપણ તેણે ધૈર્યતા રાખી નિર્લોભપણે ન્યાયસરજ બોલવાનો મનમાં નિશ્ચય કરી યમધર્મને કહ્યું કે;—મારા પિતાને કુન્તા અને માદ્રી એ બે સ્ત્રીઓ છે, તેમાં કુન્તાનો જ્યેષ્ઠ પુત્ર જે હું વિદ્યમાન છું. તેવીજ રીતે માદ્રીના બે પુત્રોમાં જ્યેષ્ઠ જે આ નકુલ છે તેને સજીવન કરો. યમે આ સાંભળી યુધિષ્ઠિરના પરમ નિર્મળ અંતઃકરણની પરીક્ષા કરી. આવું તેનું પવિત્ર અંતઃકરણ જોઈ યમધર્મ પરમ હર્ષ પામ્યા. તેના ચારે ભાઇઓને સજીવન કરી બ્રાહ્મણના અરણિને આપી અંતર્ધાન થઈ ગયા. યુધિષ્ઠિર પોતાના સર્વ ભાઇઓને આનંદ પામતા આશ્રમમાં તેડી લાવ્યા. બ્રાહ્મણને અરણિ આપી સન્માન સાથે માર્ગસ્થ કર્યો.

યુધિષ્ઠિરને વનવાસનાં બાર વર્ષ પૂરાં થયાં, તેરમે વર્ષે છૂપાં રહેવાનું હતું. તેથી ધૌમ્ય ઋષિના કહેવા પ્રમાણે મત્સ્યદેશના વિરાટ રાજાની નગરીમાં છૂપા રહેવાના વિચારે આવ્યા. ત્યાંના સ્મશાનમાં ઘણે દૂર શમી—ખીજડાના ઝાડપર શસ્ત્રવસ્ત્રમાં વિંટાળી શબ સરખાં કરી ઉંચાં લટકાવ્યાં. પ્રથમ યુધિષ્ઠિર બ્રાહ્મણ વેશે કાખમાં અક્ષ—પાસાનું પોટકું રાખી વિરાટને આશિર્વાદ આપી કહ્યું કે;—હુ પાંડવોને ત્યાં રહેતો હતો, પણ તેઓ વનવાસમાં ગયા, ત્યારથી નિરાશ્રિત થયો છું. તેથી અહીં આવ્યો છું, અક્ષ વિદ્યામાં કુશળ છું, મારૂં નામ કંક છે. ઇત્યાદિ કહેવાથી રાજાએ તેમને પોતા પાસે સભાસદ તરીકે રાખ્યા. રાજા એની સાથે અક્ષક્રિડા કરતો. અર્જુન, ભીમ, દ્રૌપદી, નકુલ અને સહદેવ એ સર્વ જુદા વેશે ત્યાં રહ્યા. વિરાટનાં કેટલાંક કાર્યો કોઇથી ન થઇ શકે તેવાં કર્યાં. આ કોઈ અલૌકિક મનુષ્યો છે એવું સર્વને ત્યાં જણાયું. સરત પ્રમાણે છૂપા રહ્યા પછી પ્રગટ થઇને ઉપપ્લવ્ય નગરમાં રહ્યા. ત્યાંથી દ્રુપદના પુરોહિતને રાજ્યનો અરધ ભાગ માગવાને હસ્તિનાપુર મોકલ્યો, તે જઈ પાછો આવ્યો. તરતજ ધૃતરાષ્ટ્રે અન્યાય નિરૂપ કહેવાને સંજયને મોકલ્યો, તેણે આવી કહ્યું કે;—યુધિષ્ઠિર! તું ધર્મનિષ્ઠ છે, માટે ક્રુર યુદ્ધ કરવા પ્રવર્ત્ત થઇશ નહિ. દુર્યોધને તને રાજ્ય વિભાગ દીધો નહિ, માટે તું ભિક્ષાએ ઉપજીવિકા કર, પરંતુ યુદ્ધ કરીને તેર વર્ષ કરેલા તપનો અને કીર્ત્તિનો નાશ કરીશ નહિ. આ દેહ ક્ષણભંગુર છે. તેનો ગર્વ ધરીને

નાશવંત વિષયમાં તું સુજ્ઞપુરૂષ આસક્ત થઈશ નહિ. માટે જીંદગી પર્યંત તપમાંજ આયુષ્ય ગાળી અક્ષય ભોગ ભોગવાની દૃષ્ટિ કરવી યોગ્ય છે. ઇત્યાદિ ધૃતરાષ્ટ્રનો સ્વાર્થ ઉપરનો ઉપદેશ સાંભળી યુધિષ્ઠિરાદિ સર્વે અતિ આશ્ચર્ય પામ્યા. તે પછી સંજય સાથે ધર્માધર્મ વિષે ઘણું ભાષણ થયું. પછી શ્રીકૃષ્ણે કહ્યું કે;—સંજય! કૌરવોએ પાંડવોનો ઘણોજ અપરાધ કર્યો છે. માટે તેનો નાશ થવો યોગ્ય છે. આજ પર્યંત તેઓ ઘણીજ ક્ષમા રાખી રહ્યા છે પરંતુ હવે યુદ્ધ સિવાય તેઓ સમજશે નહિ. તે માટે યુદ્ધ કરવું આવશ્યક છે. પછી યુધિષ્ઠિર બોલ્યા—સંજય! અર્ધ રાજ્ય તો રહ્યું, પણ અમને પાંચ જણને પાંચ ગામ તો દીઓ. કુળનો નાશ ન કરો. એટલું તેને સંભળાવી વિદાય કર્યો. વળી શ્રીકૃષ્ણ પણ તેમને સમજાવવાને હસ્તિનાપુરમાં ગયા. તેણે બહુ પ્રકારે દુર્યોધનને બોધ કર્યો, પરંતુ તે બોધ તેમને કાંઇ લાગ્યો નહિ. પછી યુદ્ધ ઉપર પરિણામનો આધાર રાખીને પાછા આવ્યા. લડાઇની તૈયારીઓ થઈ. અનેક રાજાઓ સૈન્ય સાથે આવી મળ્યા. દુર્યોધન સૈન્ય સાથે **કુરૂક્ષેત્રમાં** આવ્યો સાંભળી યુધિષ્ઠિર પણ પોતાનું સૈન્ય લઇ કુરૂક્ષેત્રમાં આવ્યા.

યુધિષ્ઠિરે પોતાના હાથમાં મહેંદ્ર નામનું ધનુષ ધારણ કર્યું. યુદ્ધ વખતે બજાવવાનો અનંત વિજય નામનો શંખ લીધો, અશ્વ જોડેલા રંગીન હાથીદાંતના રથમાં બેઠા. એ ઉપર ધ્વજાસ્થાને સુવર્ણનો ચંદ્ર અને નક્ષત્ર ગણનું ચિન્હ હતું. જે કાળે યુદ્ધ થવાનું હતું, તે કાળે પોતે આ અશ્વરથપર બેસીને બંને સૈન્યના મધ્ય ભાગે ગયા. પ્રથમ શંખનાદ કરીને સર્વને સાવધ કર્યાં, પછી મોટી ગર્જના કરતા બોલ્યા કે;—કૌરવો પાસે જે યોદ્ધા છે તેમાંથી જેને મારી પક્ષમાં આવવાની ઇચ્છા હોય, તેણે હજુ પણ આવવું હું તેનો અંગીકાર કરીશ. એપરથી ધૃતરાષ્ટ્રના દાસી પુત્ર યુયુત્સુ પોતાની સેના સાથે આ પક્ષમાં આવ્યો. યુધિષ્ઠિરે પોતાની સેનાનું અધિપત્ય ધૃષ્ટદ્યુમ્નને આપ્યું અને કૌરવોએ ભીષ્મને સેનાપતિ ઠરાવ્યા. બને વચ્ચે યુદ્ધનો આરંભ થયો. ભીષ્મે બહુ નીતિથી દશ દિવસ યુદ્ધ કર્યું, તેમાં ઘવાણાથી મરણની અણીએ આવી શરપંજર પર આવી પડ્યા. પછી દ્રોણાચાર્યે સેનાપતિ થઈ પાંચ દિવસ સુધી મહા ભયંકર યુદ્ધ કર્યું. તેમાં અર્જુનની ગેર હાજરીમાં અભિમન્યુને સાત કોઠાની લડાઇમાં માર્યો. અર્જુને એ માટે અપાર શોક કર્યો, અરે! હવે મારે રાજ્ય લઇને શું કરવું છે, ? એવું બોલી રૂદન કર્યું. એ જાણી વ્યાસે આવી **અંકપન**, સુહોત્ર, પૌરવ, શિબિ શશબિંદુ, દાશરથિરામ, દિલીપ, અંબરિષ, ભરત, પૃથુ, માંધાતા, ભગીરથ, આદિનો અનુક્રમે ઇતિહાસ સંભળાવી કહ્યું કે;—એવા એવા જે મોટા પરાક્રમી હતા, તે સર્વેએ અનિવાર દુઃખ ભોગવ્યું હતું. છેવટ તે પણ મૃત્યુને પાત્ર થયા છે.

મારે મૃત્યુ અનિવાર્ય છે, એવું જાણીને તું અભિમન્યુનો શોક ન કર. ઈત્યાદિ ઉપદેશ આપી અંતર્ધાન થયા હતા. તેમજ અર્જુનને શ્રીકૃષ્ણે કુટુંબીઓના વિનાશનો વિચાર ન કરતાં યુદ્ધ કરવા ઉશ્કેરવાને જે જે જ્ઞાન સમજાવ્યું હતું, તે ઘણું મનન કરવા યોગ્ય છે. (જુઓ શ્રીમદ્ ભગવત્ ગીતા.) યુધિષ્ઠિરે આયુદ્ધમાં આગળ પડીને યુદ્ધ કર્યું નથી, તોપણ એક બે વાર એણે અસ્ત્ર બાણથી દ્રોણ, કર્ણાદિ કૈરવોને ગભરાવ્યા હતા. દ્રોણનો કાળ વહેલો આણવાને સારૂ જ્યારે કૃષ્ણે ઘણો આગ્રહ કરી અશ્વત્થામા મુઆ એમ કહેવાને કહ્યું; ત્યારે તેણે નહિ ચાલતા "નરોવા કુંજરોવા" તેવા અર્થનું પણ યુક્તિ વાળું ભાષણ કર્યું હતું. જે દ્રોણે ખરૂં માન્યું અને પોતાનાં શસ્ત્ર મૂકી તેજ સ્થળે પદ્માસન વાળી પ્રાણને મસ્તક દ્વારે આકાશમાં જતો કર્યો. પછી ધૃષ્ટ દ્યુમ્ને જઇને તેનું મસ્તક ખડ્ગથી કાપી નાંખ્યું.

દ્રોણ મરણ પામ્યા પછી કર્ણે સેનાપતિ થઈ બે દિવસ યુદ્ધ કર્યું. તેમાં યુધિષ્ઠિરને કર્ણે બહુ વિતાડી હતી. અર્જુનને મારવાની તેને ઘણી ઉત્કંઠા હતી. પણ અર્જુન કર્ણનો ખાધો જાય એવો નહોતો. એ યુધિષ્ઠિરને મૂકી કર્ણ, ભીમની સામો ધસ્યો, યોદ્ધાઓ સામસામે મચ્યા. એટલામાં અર્જુન આવી પહોંચ્યો. યુધિષ્ઠિરે તેને વચન કહ્યાં કે; તું જ્યારે ત્યારે કર્ણથી ભાગતો ફરે છે. તેં હજુ કર્ણને માર્યો નહિ માટે તું ગાંડીવધનુષ્ય વૃથા શા માટે ધારણ કરે છે? એ કોઇને દઈ દે અગર ફેંકી દે. ઈત્યાદિ કઠણ વચનો કહ્યાં. એ અપમાનથી તેને વિશેષ કોપ ચડયો નહિ, પરંતુ "ગાંડીવધનુષ્ય દઈ દે" એ વચનથી તેને એટલો કોપ ચડયો કે, એ સાંભળતાંજ અર્જુને ખડ્ગ ઉગામ્યુ, પણ કૃષ્ણે વચમાં પડી અટકાવ્યું. નહિ તો યુધિષ્ઠિરનો પ્રાણ જાતજ. આ વખતે કૃષ્ણે તેને બલાક નામના વ્યાધનો અને કૌશિક બ્રાહ્મણનો એ બે ઇતિહાસ કહી સંભળાવી શાંત કર્યો. ગાંડીવધનુષ્યની નિંદા કરનારાનો શિર છેદ કરવાની તેને પ્રતિજ્ઞા હતી. એ તેની પ્રતિજ્ઞા સિદ્ધ કરવાને કૃષ્ણે તેને કહ્યું કે;—તું યુધિષ્ઠિરને કઠોર શબ્દરૂપી બાણ માર. એટલે તેને માર્યા બરોબર થયું. તેપરથી અર્જુને પોતાની પ્રતિજ્ઞા પાળવાને તે પ્રમાણે કરી તરત યુધિષ્ઠિરની પાસે ક્ષમા માગી હતી. પછી યુધિષ્ઠિરનો આશિર્વાદ લઇ તરત કર્ણપર તેમણે ધસારો કર્યો અને તેને માર્યો. આ વૃત્તાંત યુધિષ્ઠિર જાણી અતિ આનંદ પામ્યા હતા. એ પછી દુર્યોધને શલ્યને સેનાપતિ કરી મોકલ્યો. આ અઢારમા દિવસનું છેલ્લું યુદ્ધ હતું. કૌરવોના સૈન્યમાં મોટા યોદ્ધાઓ મરણ પામ્યા હતા. તેથી દુર્યોધને કહ્યું કે, સૌએ સામટોજ ધસારો કરવો. પછી બંને સૈન્ય લડ્યાં. યુધિષ્ઠિરે શલ્યને માર્યો, પાંડવદળે કૌરવદળને સંહાર્યું. દુર્યોધન ગદા લઇને છાનોમાનો એક નાના તળાવમાં

ડુબકી મારીને અંદર બેસી રહ્યો. એની પાસે ડુબકી મારવાનો મંત્ર હતો. તેથી તે ઇચ્છે ત્યાં સુધી પાણીમાં રહી શકતો. દુર્યોધન રણક્ષેત્રમાં જોવામાં ન આવ્યાથી યુદ્ધ બંધ રાખીને તેને સર્વ શોધવા લાગ્યા. શોધતાં એનો તળાવમાં પતો લાગ્યો. યુધિષ્ઠિરે તળાવપર આવી કહ્યું કે;—"દુર્યોધન તેં આટલા બધા લોકનો સંહાર કરાવ્યો ને હવે તું પાણીમાં કેમ સંતાઇ રહે છે? આ તને લાજ લાગવા જેવું છે. તું ક્ષત્રિય છતે અમે યુદ્ધ માગીએ છીએ તે આપતો નથી એ તને ઘટારત નથી. આવ યુદ્ધ કર, પછી જય પરાજય ઇશ્વરેચ્છા પ્રમાણે થશે. પાણીમાં ભરાઈ રહેવું એ ઘણું અધમ છે. આવ યુદ્ધ કર જીતે તો રાજ્ય કર. દુર્યોધન બોલ્યો—મારા ભાઇ, સગા, મિત્રો આદિ અસંખ્ય મુઆ હવે મારે રાજ્યનું શું કામ છે? તું સુખેથી રાજ્ય કર. જો હું ઇચ્છું તો હજી તમને જીતી શકું તેવો છઉં. હવે ભીષ્મ, દ્રોણ, કર્ણ કોઈ નથી માટે હું યુદ્ધ કરતો નથી. મારો કેડો મુકો, હું મારૂં લાગ્યું ભોગવીશ, વલ્કલ પહેરી તપશ્ચર્યા કરીશ. યુધિષ્ઠિર બોલ્યા—હવે દયા ઉપજાવવાની વાત છોડી દે. તારાં આગલાં વચન યાદ કર. પછી ભીમ બોલ્યો—અરે! એ લબાડ! નીકળ બહાર? નહિ તો અંદર પડી તને ખેંચીને બહાર કહાડીશ. એ સાંભળી દુર્યોધન બહાર આવ્યો, ને એક ભીમજ સાથે યુદ્ધ કરવા માગ્યું. સર્વ કુરૂક્ષેત્રમાં આવ્યા. ભીમ બોલ્યો—દુર્યોધન! તેં જે અમને દુઃખ દીધાં છે તેની તને આજે શિક્ષા આપુંછું જોજે. એમ બોલી બંને વચ્ચે યુદ્ધ થતાં ભીમે ગદાવડે દુર્યોધનને માર્યો. મરણની અણીપર હતો તે વખતે યુધિષ્ઠિરે પાસે જઇ તેને ધીરજ આપી.', આ વખતે દુર્યોધન બોલ્યો—'મેં મારૂં રાજ્ય યથા ન્યાયે ચલાવ્યું છે, હું ઇશ્વર પાસે માગુંછું કે તે મને મારી રૂડી વર્ત્તણુકનું ફળ આપે.' એટલામાં દેવતાઓએ તેના ઉપર પુષ્પ વૃષ્ટિ કરી, આકાશમાં ગંધર્વ ગાયન ચાલ્યું. આ જોઈ યુધિષ્ઠિર વગેરે આશ્ચર્ય પામ્યા. પાંડવોનો જય થયો, કૃષ્ણે શંખ વગાડી રાજા યુધિષ્ઠિરની આણ વર્ત્તાવી. સૌ બોલ્યા કે—જય જય રાજા યુધિષ્ઠિર! ઘણું જીવો!!!

યુધિષ્ઠિર પોતાના મુવેલા સંબંધીઓની ઉત્તરક્રિયા કરીને ગંગા કિનારે એક માસ રહ્યા. અહીં ઋષિ, મુનિઓએ મળી યુધિષ્ઠિરને શોક મુકવા વિષે અનેક નીતિ સમજાવી, પણ ધર્મે કહ્યું કે;—હવે મારે રાજ્ય જોઇતું નથી. હું તો વનમાં જાઉં છું. પછી વ્યાસે કહ્યું કે તું ભીષ્મ પાસે જા એ તારો સંશય દૂર કરશે. યુધિષ્ઠિર પોતાના ભાઇઓ સાથે 'જ્યાં શરપંજરમાં ભીષ્મ પડ્યા હતા ત્યાં ગયા. કૃષ્ણે સર્વ વાત કહી બતાવી. ભીષ્મે યુધિષ્ઠિરને પાસે બેસાડ્યા અને વ્યાસ, કૃષ્ણ, નારદાદિની સમક્ષ રાજધર્મ, આપદ્ધર્મ, દાનધર્મ, મોક્ષધર્મ, સંભળાવ્યા. ઉત્તરાયન થયું કે ભીષ્મે

પ્રાણ ત્યાગ કર્યો, યુધિષ્ઠિરે અગ્નિ સંસ્કાર કર્યો. પછી કૃષ્ણે યુધિષ્ઠિરને કહ્યું કે, સર્વ રાજા ને સર્વ લોકોની ઇચ્છા છે કે તમારેજ રાજ્યાસનપર બેસવું. માટે ચાલો, ધર્મરાજા રથપર બેઠા, ભીમ સારથી થયો, અર્જુને છત્ર ધરી રાખ્યું, અને નકુલ, સહદેવ ચમર ઉરાડવા લાગ્યા. યુધિષ્ઠિર સર્વ સંગાતે વાજતે ગાજતે હસ્તિનાપુરમાં આવ્યા. મોટા ઠાઠમાઠની શોભામાં અને પ્રજાના હર્ષ કલ્લોલમાં તેઓ હસ્તિનાપુરના સિંહાસનપર બેઠા. ધર્મરાજા નીતિથી રાજ ચલાવવા લાગ્યા. યુવરાજપદ ભીમસેનને મળ્યું, અર્જુન સેનાપતિ થયા, એનાથી સર્વ પ્રજાને બહુ સુખ થયું હતું. તેથી હાલ પણ કહેવાય છે કે;—**આતો ધર્મરાજ છે.** એના જેવું પ્રજા સુખકર રાજ બીજું થયું નથી. આવી રીતે છતાં દયાળુ ધર્મ રાજાનો જીવ ઉદાસ રહેતો. તે કહેતા કે મારે માટે યુદ્ધમાં આટલો સંહાર થયો છે, તે દોષથી હું ક્યારે મુક્ત થઇશ? એ શોકમાંથી તેનું મન ખસેડવાને કૃષ્ણે તેને અશ્વમેધ યજ્ઞ કરવાનું કહ્યું. અશ્વમેધ યજ્ઞ કરતાં પહેલાં સૌ રાજાએ અશ્વમેધ કરનારા રાજાને શ્રેષ્ઠ માનવો જોઇએ. યુધિષ્ઠિરે પોતાનું શ્રેષ્ઠપણું મનાવવાને અશ્વ છોડયો, તેના રક્ષણ માટે અર્જુન ગયા. ઘણાક રાજાઓએ તે અશ્વને બાંધ્યો, પણ અર્જુને સૌનો પરાભવ કર્યો. પછી યુધિષ્ઠિરે રાજા તથા બ્રાહ્મણોને તેડી મોટી ધામધૂમથી યજ્ઞ કર્યો. એ સમાપ્ત થયા પછી સૌ રાજા પોતાને દેશ ગયા, કૃષ્ણ પણ દ્વારિકામાં ગયા. એ રીતે અશ્વમેધ કરી પુણ્ય અને કીર્ત્તિ સંપાદન કરી. થોડા દિવસ પછી ધૃતરાષ્ટ્ર, ગાંધારી, ભીમના તિરસ્કારથી વનમાં ગયા. ત્યાં તેને દાનધર્મ કરવાને યુધિષ્ઠિરે ઘણું દ્રવ્ય આપ્યું. કુન્તાજી પણ એ સાથે ગયાં હતાં. પછી કૃષ્ણ પણ નિજધામમાં ગયા. એ સમાચાર જાણી યુધિષ્ઠિરનો હૈયા શોક વધ્યો અને રાજ્ય છોડી સંસાર ત્યાગ કરવાનો નિશ્ચય કર્યો. પછી થોડેક દિવસે અર્જુનના પૌત્ર પરીક્ષતને રાજ્ય સિંહાસનપર બેસાડી સર્વે ત્યાગીને વેશે નીકળ્યા. ઘણા દેશ ફરતા હિમાળે આવ્યા. અહીં પ્રથમ દ્રૌપદી, પછી સહદેવ, નકુલ, અર્જુન ને ભીમ એમ અનુક્રમે પડ્યા. યુધિષ્ઠિરને માટે વિમાન આવ્યું પણ એણે કહ્યું કે, કૂતરો પહેલો બેસે તો હું બેસું એટલે યમે કૂતરાનું સ્વરૂપ મૂકી દઇ મૂળ સ્વરૂપે દર્શન આપ્યું અને તેને સ્વર્ગ દેખાડયું. સ્વર્ગમાં યુધિષ્ઠિરે દુર્યોધનાદિક પિત્રાઇઓને દીઠા, પણ પોતાના ભાઇઓ કે દ્રૌપદીજીને ન દીઠાં. ત્યારે તેમણે પૂછવાથી યમ રાજાએ કહ્યું કે;—તે તો બીજી ગતિને પામ્યા છે, યુધિષ્ઠિરે કહ્યું કે;—જ્યાં તે હોય ત્યાં મને લઇ જાઓ. પછી યમે તેમને દૂત સાથે ત્યાં મોકલ્યા. અહીં તેમણે પોતાના ભાઇઓને નરકમાં પડેલા દીઠા, તોપણ તેમણે ભાઇઓનીજ સાથે રહેવાનું પસંદ કર્યું. એ પછી ઇંદ્રે જે માયા

ફરી હતી તે જતી રહી કે સર્વને સ્વર્ગમાંજ જોયા. આમ કરવાનું કારણ એ હતું કે;—યુધિષ્ઠિર પોતાના ભાઈઓ પ્રત્યે કેટલું હેત રાખે છે. તે જોવાનેજ આ તેની છેલ્લી પરીક્ષા હતી. અહો ! યુધિષ્ઠિરે એકલાં સ્વર્ગમાં સુખ ભોગવવા કરતાં, ભાઇઓ સાથે નરકમાં રહેવું પણ એથી વધારે શ્રેષ્ટ ગણ્યું! આ શું તેનો ભાઇઓ પ્રત્યેનો ઓછો પ્રેમ દર્શાવે છે? ભાઇઓમાં સ્નેહ તો એવોજ જોઇએ. ભાઇઓના સ્નેહ ને સંપની બરોબર એક સુખ નથી. યુધિષ્ઠિરની આજ્ઞા તેના નાના ભાઇઓએ પોતાનો ધર્મ સમજીને સદા પાળી હતી. સુખ દુઃખમાં પણ ભાઇઓએ સાથે વસવું, ક્ષમાશિલ થવું, સમાનતા રાખવી પ્રજાને સુખી કરવી આદિ સદ્‌ગુણો ગ્રહણ કરવાથી પરિણામે કેવા લાભ થાય છે, એ આદિ શિક્ષણ આ યુધિષ્ઠિરના ચરિત્રપરથી મળી આવે છે. યુધિષ્ઠિરને યમધર્મે સ્વર્ગની ગંગામાં નવરાવ્યા એટલે દિવ્ય દેહે થઈ પોતાના ભાઇઓ સાથે સ્વર્ગમાં રહ્યા. યુધિષ્ઠિરે ૪૦ વર્ષ ઇન્દ્રપ્રસ્થમાં અને યુદ્ધને અંતે હસ્તિનાપુરમાં ૩૬ વર્ષ રાજ્ય કર્યું. યુદ્ધ સમયે એનું વય ૮૦ વર્ષનું હતું. એ જોતાં એ ૧૨૫ વર્ષ ઉપરની ઉમરે સ્વર્ગમાં ગયેલા. કલિયુગમાં પહેલા શકકર્ત્તા રાજા તેઓજ હતા. એનો શક ૩૦૪૪ વર્ષ ચાલ્યો હતો. એ પછી વિક્રમ શક ચાલ્યો છે. યુધિષ્ઠિર બ્રાહ્મણોના પૂજક અને કલ્પદ્રુમ રાજા ગણાયા હતા. તેઓનો યશ ધર્મિષ્ઠ સાધુ પુરૂષ રૂપેજ અમર રહેલો છે. જે અધાપિ પર્યંત સતેજ છે. ધન્ય ધર્મ રાજાને!!!

વિજયી ને પ્રતાપી યોદ્ધા.

બાણાવળી—અર્જુન.

આ પૃથ્વી પ્રસિદ્ધ બાણાવળી વીરનર, ચંદ્રવંશીય પૂરૂકુલોત્પન્ન પાંડુ રાજાની સાધ્વી રાણી કુન્તાને ઉદરે જન્મેલા ત્રણ પુત્રોમાંના કનિષ્ઠ. આ દુર્વાસા ઋષિના મંત્ર પ્રભાવે ઇંદ્ર અંશથી દ્વાપરયુગમાં જન્મ્યા. આ બાણાવળી અર્જુન અને શ્રીકૃષ્ણ નર નારાયણનો અવતાર ગણાય છે. ધનુષ ધારી અર્જુનની અંગકાન્તિ શ્યામ, આકૃતિ દીર્ઘ, સ્કંધ ઉંચી, વૃક્ષ સ્થળ વિશાળ અને નેત્ર કમળ સરખાં હતાં. દ્રોણાચાર્ય પાસે ધનુર્વિદ્યાનો અભ્યાસ કરીને તેમની પ્રીતિ સંપાદાન કરી હતી. ગુરૂએ પ્રસન્ન થઇ બ્રહ્માંડનો લય કરે એવું બ્રહ્મશિરો નામે અસ્ત્ર આપ્યું હતું. સર્વ પ્રકારની યુદ્ધ કળામાં પ્રવિણતા મેળવી ધનુર્વિદ્યા પોતાની કહેવડાવી હતી. એ રણમાં ચતુર, ધીટ, વિજયી, ને પ્રતાપી યોદ્ધા હતા. સ્પષ્ટ વક્તા યોદ્ધા છતાં કોમળ હૃદયના, વડીલ ભાઇ પ્રત્યે નિરંતર મર્યાદશીલ, સત્યવાદી, વીર, ગૌબ્રાહ્મણપ્રતિપાળક, પ્રતિજ્ઞાપાળક,

વ્યવહારિક વિષયથી વાકેફ, ઠરેલ, નિદ્રાજીત, ચાલાક, નૃત્ય સંગીતમાં કુશળ, બને હાથે બાણ મારવામાં પ્રવીણ, ધાર્મિક, નીતિવાન અને ઈશ્વરોપાસના આદિ ધર્મનાં નિત્ય કૃત્ય કરવામાં નિયમ વાળા હતા. દ્રોણે ગુરૂ દક્ષિણામાં પંચાળ દેશના દ્રુપદને શિક્ષા કરવાનું પાંડવ કૌરવને કહ્યું. કૌરવો દ્રુપદ સામા યુદ્ધ કરવા ગયા, પણ એ હારીને પાછા આવ્યા. પછી અર્જુને પોતાના પરાક્રમથી એ સામે યુદ્ધ કરી તેને દ્રોણને શરણે કર્યો હતો. પછી ઘણાક રાજાઓને અર્જુને જીત્યા અને હસ્તિનાપુરને શોભાવ્યું. લાક્ષાગૃહમાંથી ક્ષેમ ઉગર્યા પછી પાંડવોએ વનવાસ કર્યો, પ્રથમ અર્જુને એક અંગારપર્ણ નામે ગંધર્વને યુધ્ધ કરીને હરાવ્યો. તેથી તેમણે તેને **સૂક્ષ્મપદાર્થદર્શક—ચાક્ષુષી—ગંધર્વાસ્ત્ર** વિદ્યા શિખવી અને પોતે તેને **અગ્ન્યાસ્ત્ર** વિદ્યા શિખવી હતી. દ્રૌપદીના સ્વયંવરમાં એણેજ મચ્છ વિંધ્યો ને દ્રૌપદીએ તેને વરમાળા પહેરાવી. એ જોઇ બીજા રાજાએ ક્રોધે ભરાઇ સામા થયા હતા, પણ અર્જુને બાણથી ને ભીમે એક મોટા વૃક્ષથી સર્વને હંફાવ્યા. ધૃતરાષ્ટ્રે લોક લાજથી તેમને માન સાથે બોલાવી અરધ રાજ આપી ઇંદ્રપ્રસ્થમાં રાખ્યા. ત્યાં એક સમે એક બ્રાહ્મણ અર્જુન પાસે રૂદન કરતો કરતો આવી બોલ્યો કે;—મારી સવત્સધેનુ ચોરાઇ છે. એ સાંભળી ઉતાવળે અર્જુન ચિત્રશાળામાં ધનુષ બાણ લેવા જાય છે, તો ત્યાં ધર્મરાજા અને દ્રૌપદીને એકાંતમાં સૂતેલાં જોયાં. તરત પોતે પાંચ ભાઇઓએ કરેલી પ્રતિજ્ઞા યાદ આવી, પછી પેલા બ્રાહ્મણને ગાય લાવી આપીને ૧૨ વર્ષ વનવાસ કરવા નીકળ્યા. ધર્મ રાજાએ ઘણી ના કહી પણ તે બોલ્યા કે;—"હું મારી પ્રતિજ્ઞા નહિ તોડું" એમ કહી તીર્થ યાત્રા કરવાને ચાલી નીકળતાં પ્રથમ ગંગાદ્વારે આવ્યા. અહીં દર્શન કરી પાછાં આવતાં **ઉલૂપી** નામની નાગ કન્યાએ તેનો હાથ ઝાલ્યો અને કહ્યું કે;—તારૂં અતિશય રૂપ જોઇ મારૂં મન વિંધાઇ ગયું છે માટે મને તૃપ્ત કર. તેનો ઘણો આગ્રહ જોઇ અર્જુને ત્યાં એક રાત રહીને ઉલૂપીને સંતોષી, તેથી તેને **ઇરાવાન** પુત્ર થયો હતો. પછી બદ્રિકેદારનાં દર્શન કર્યાં ને હિરણ્યબંધુ તીર્થ કર્યું. પશ્ચિમમાં નૈમિષારણ્યમાં તપોવનને વંદન કરી અંગ, બંગ આદિ દેશ જોયા. દક્ષિણમાં મહેન્દ્ર પર્વત જોયો. સમુદ્ર તીરે **મણિપુર** નગરમાં કોઇ ચિત્રવાન રાજા રાજ કરતો હતો, તેની કન્યા **ચિત્રાંગી** અર્જુનને સમુદ્ર સ્નાન કરતા જોઇને મોહિત થયેલી. તે ઉપરથી તેણે પોતાના પિતાને તે સાથે પરણાવવાનું કહ્યું. પિતાએ તેમ કર્યું. અર્જુન ત્યાં ત્રણ વર્ષ રહ્યા. એ સ્ત્રીથી અર્જુનને પુત્ર થયો, તેનું નામ **બભ્રુવાહન.** તેને ચિત્રવાને રાજ સોંપ્યું. પછી અર્જુન ત્યાંથી આજ્ઞા લઇ ચાલ્યા. મણિપુરથી દક્ષિણે સમુદ્ર કિનારે સૌભદ્ર, પૌલોમ, અગસ્ત્ય, કારંધમ અને ભારદ્વાજ એ પાંચ તીર્થ નારી તીર્થ નામથી પ્રસિદ્ધ છે. પરંતુ તેને મનુષ્યવિવર્જિત જોઇ,

પાસે રહેલા ઋષિઓને પૂછવાથી તેનાં કારણુ બતાવ્યાં કે, એ પ્રત્યેકમાં એક એક મોટી મગરી રહે છે. તેથી ત્યાં કોઈ જઇ શકતું નથી. આ સાંભળી અર્જુન નહિ ડરતાં ત્યાં ગયા. પ્રથમ સૌભદ્રતીર્થમાં સ્નાન કરવા ઉતર્યા કે મગરીએ પકડ્યા, પણ સાવધ રહી પોતાના શરીર સામર્થ્યથી તેને બહાર કાઢી કે, એ દિવ્ય સ્ત્રીરૂપે થઇ ઉભી. તેમને પૂછતાં તેણે જણાવ્યું કે; હું કુબેર સભાની અપ્સરા છું, મારૂં નામ વર્ગા છે. એક દિવસ હું, સૌરભેથી, સમીચી, બુદ્બુદા અને લતા એ ચાર સખીઓ સાથે અરણ્યમાં ગાયન કરતી ફરતી હતી. ફરતાં એક સ્થળે રમવા લાગી, ત્યાં કોઇ ઋષિ પુત્ર અધ્યયન કરતા ગુપ્ત સ્થળે રહેલા હશે, તે અમે જોયેલા નહિ. અમારી ક્રિડાથી તેમના અધ્યયનમાં વિક્ષેપ પડયો. તેથી કોપ કરી શાપ દીધો કે;—"તમો જળ મધ્યે મગરીરૂપ થઇ પડો." એ શાપથી અમે ભય પામી તેમને વંદન કરી ઉશાપ માગ્યો. ત્યારે તેમણે કહ્યું કે;—તમો આજથી સો વર્ષે કોઇ એક મહાપુરૂષના સ્પર્શથી ઉદ્ધાર પામી સ્વલોકમાં જશો. એજ તેમનાં વચન પ્રમાણે હું આજે સો વર્ષે તમારા સ્પર્શથી ઉદ્ધાર પામી પૂર્વ સ્વરૂપે થઇ. તેવીજ રીતે દયા કરી મારી સખીઓનો ઉદ્ધાર કરશો. એપરથી અર્જુને પ્રત્યેક તીર્થમાં સ્નાન કરી તેનો ઉદ્ધાર કર્યો. સર્વ અર્જુનની સ્તુતિ કરતી હર્ષ પામી સ્વલોકમાં ગઇ. ત્યાંરથી એ તીર્થમાં મનુષ્યો નિર્ભયતાથી સ્નાન કરે છે. ફરી મણિપુરમાં આવ્યા. ત્યાંથી શિવકાંચી, વિષ્ણુકાંચીનાં દર્શન કરીને **કાંમ્યવનમાં** આવ્યા. એ શિવનું અનુષ્ઠાન સ્થળ હતું, ત્યાં અર્જુન ધ્યાનસ્થ થઇ બેઠા હતા, ત્યાં શિવ આવ્યા ને કોપાયમાન થયા. અર્જુને શિવ સાથે યુદ્ધ કર્યું, તેમાં શિવના બાણથી મુર્ચ્છા પામ્યા, શિવ તેનું યુદ્ધ ચાતુર્ય જોઇ પ્રસન્ન થયા અને તેને સાવધ કરી કવચ, કુંડળ આપ્યાં. પછી તેણે રામેશ્વરનાં દર્શન કરી હનુમાનના મુખથી રામ ચરિત્ર સાંભળ્યું. અર્જુને હસીને કહ્યું કે રામનું એટલું સામર્થ્ય, ત્યારે બાણેવતી કેમ સેતુ ન બાંધ્યો? હનુમાને કહ્યું કે, બાણ તો ભાગી જાય. અર્જુન બોલ્યા કે;—હું જો હોત તો બાણનો સેતુ બાંધત. હનુમાને કહ્યું કે, બાંધ જોઉં. પછી અર્જુને એક યોજનનો બાણસેતુ બાંધ્યો અને કહ્યું કે. એ જો બાંગે તો હું અગ્નિકાષ્ટ ભક્ષ કરીશ. હનુમાને કહ્યું કે જો હું ન ભાંગું તો તારી ધ્વજાપર બેસી મારે તારે આધિન રહેવું. હનુમાને કુદકો મારી સેતુ ભાંગ્યો ને અર્જુને કાષ્ટ એકઠાં કરી સળગાવી તેમાં પ્રવેશ કરવાની તૈયારી કરી; પણ એટલામાં કૃષ્ણે બ્રાહ્મણને રૂપે આવી તેની સર્વ વાત સાંભળી, પછી કૃષ્ણે હનુમાનને કહ્યું કે સાક્ષી કોણ છે? માટે ફરીથી સેતુરચાય ને તું ભાંગે ત્યારે ખરી વાત. અર્જુને તે બાંધ્યો, કૃષ્ણે તેની નીચે છાની રીતે સુદર્શન મુકેલું. તેથી એ સેતુ હનુમાનથી તૂટયો ન-

હિ, ત્યારે બ્રાહ્મણે હનુમાનને કહ્યું કે, એની ધ્વજાપર બેસી એને સહાય રહેજો. ત્યાંથી અર્જુન દ્વારિકા આવ્યા. અહીં તેઓ કૃષ્ણની સહાયતાથી બળરામની ઇચ્છા ઉપરાંત સુભદ્રાનું હરણ કરી પરણ્યા અને એ સાથે એક વર્ષમાં ઘણાં તીર્થ કર્યાં. બાર વર્ષ પૂરાં થતાં ઇંદ્રપ્રસ્થ આવી ભાઈઓને ભેટયા અને સુભદ્રાને દ્રૌપદીએ બેન કરી માની. થોડો કાળ જતાં સુભદ્રાથી **અભિમન્યુ** પુત્ર થયો અને ત્યાર પછી ત્રીજે કે ચોથે વર્ષે દ્રૌપદીથી **શ્રુતકર્મા** પુત્ર થયો. તેઓને અને ભત્રીજાઓને તેમણે વિદ્યાભ્યાસ કરાવ્યો. એક સમયે ગ્રીષ્મ ઋતુમાં અર્જુન, કૃષ્ણ, સુભદ્રા, દ્રૌપદી અને બીજાં, જમના તટના વનમાં શિબીરા—તંબુમાં રહ્યાં હતાં, ત્યાં અગ્નિએ બ્રાહ્મણરૂપે આવી ખાંડવ વન ભક્ષ કરવાનું માગ્યું અને કહ્યું કે, આ માટે ઇંદ્ર સાથે યુદ્ધ કરવું પડશે. અર્જુને કહ્યું કે મારી પાસે અસ્ત્ર ઘણાં છે પણ રથને ધનુષ નથી. અગ્નિએ પાતાળમાં જઇને વરૂણ પાસેથી ગાંડીવ ચાપ, અક્ષય ભાથા ને વિજયરથ લાવીને અર્જુનને આપ્યાં. અર્જુન અને કૃષ્ણ રથપર બેશી ખાંડવ વનમાં ગયા. અગ્નિએ વન ભક્ષ કરવા માંડયું, એટલે ઇંદ્રે દૈત્ય, રાક્ષસ, ગંધર્વ, યક્ષઆદિને મોકલ્યા. તે સર્વનો અર્જુને સંહાર કર્યો. મયાસુર શરણે આવ્યો, તેને અર્જુને અભય વચન આપ્યું. અગ્નિ તૃપ્ત થયો. પછી ઇંદ્રે આવીને કૃષ્ણાર્જુનનું સ્તવન કર્યું. કૃષ્ણ, અર્જુન અને ભીમ એ ત્રણે સાથે મળી બ્રાહ્મણ રૂપે જરાસંઘ પાસે યુદ્ધ યાચવા ગયા, તેમાં જરાસંઘ રાજા ભીમ સાથે યુદ્ધ કરતાં હાર્યો. ધર્મ રાજાએ રાજસુયજ્ઞ કરવાનો વિચાર કર્યો, ત્યારે પુષ્કળ ધન લાવવાને ચારે ભાઇઓ ચાર દિશાએ ગયા હતા. તેમાં અર્જુન ઉત્તર દિશામાં ગયા હતા. તેનો **દિગ્વિજય** આ પ્રમાણે;—

અર્જુને ઇંદ્રપ્રસ્થથી નીકળી ઉત્તરે કુલિંદ નામે દેશ, આનર્ત, કાલકૂટ અપરવત્તર, કુલિંદ અને સુમંડળ એ દેશો જીત્યા. પછી શાકલદ્વીપ દેશના રાજા પ્રતિવિંધ્યની સાથે ભારે યુદ્ધ થયું, અંતે તેને જીતી સાથે લીધો. ત્યાંથી પ્રાગ્જ્યોતિષ કરીને જે પ્રાગ્જ્યોતિષ દેશની રાજધાની હતી. ત્યાંના ભગદત્તરાજાએ કિરાતદેશ અને ચીનદેશ જે એનાથી જુદા દેશ છે, તેના આશ્રયના બળથી આઠ દિવસ સુધી યુદ્ધ કર્યું. તેમાં ભગદત્ત રાજાને હરાવી કર લીધો ત્યાંથી અર્જુન પુનઃ ઉત્તર તરફ જવાને નીકળ્યો. જતાં જતાં અંતર્ગિરિ, દેશને જીતી ત્યાંના રાજાઓ પાસેથી કર લીધો. એ સર્વ રાજાઓ અર્જુનની પ્રીતિ સંપાદન કરવાને સૈન્ય લઇ સાથે ચાલ્યા. ત્યાંથી સર્વ ઉલૂક દેશના બૃહંત રાજા પાસે ગયા. પર્વતવાસી રાજાઓ અર્જુન આવ્યાના સમાચાર સાંભળી યુદ્ધ કરવાને આવ્યા, પણ તેમનો કાંઈ ઉપાય નહિ ચાલવાથી કર દીધો. પછી સેનાબિંદુ રાજાને, મોદાપુરના વાંમદેવ, સુદામા એ સર્વ રાજાઓને

તથા અપર ઉત્તર ઉલૂક દેશ, પંચગણુ દેશ અને દેવપ્રસ્થના બીજા સેનાબિંદુ રાજા, તથા પૌરવેશ્વર (પારસીદેશ—ઈરાન) જે વિશ્વગશ્વ નામના રાજા, પર્વતવાસી દસ્યુરાજા અને ઉત્સવ સંકેતસપ્તગણુ એ સર્વે દેશના રાજાઓને જીતી કર લીધો. પછી કાશ્મીર દેશ, દશમાંડલિક રાજા યુક્ત લોહિત દેશ, ત્રિગર્તદેશ, દાર્વ, કોકનદદેશ, એ સર્વ દેશના રાજા કર આપી આધિન થયા. પછી અભિસાર દેશની રાજધાની અભિસારીપુરીના ચિત્રસેન રાજા, ઉરગાપુરના રોચમાન રાજા, સિંહપુરના ચિત્રાયુધ રાજા, ઉત્તરસુહ્મ અને ઉત્તર ચોલદેશ એ સર્વે રાજાઓને જીતીને કર લીધો. પછી મહાશૂર બાલ્હીક રાજાને વશ કર્યો. કાંબોજદેશ સહિત દરદદેશના રહેવાસીઓને જીતી ઇશાન દિશા તરફ ચાલ્યા. ત્યાંના દસ્યુરાજાને જીત્યા. તે પછી લોહદેશવાસી, પરમકાંબોજ એને જીતી, ઉત્તર તરફ ઋષિક (ઋષિકદેશ—રૂશિઆ નામે પ્રસિદ્ધ છે.) દેશના રાજા સાથે મોટો ભયંકર સંગ્રામ થયો, પરંતુ અંતે તેને જીતીને શુકોદર—પોપટવર્ણે આઠ અને મયૂર સરીખા ઉતાવળા ચાલનારા કેટલાક અશ્વ કરમાં લઇને હિમવાન પર્વત અને તેપરના દેશ જીતીને શ્વેત પર્વત નામે તેના શિખરપર પ્રવિષ્ટ થયા. અર્જુન શ્વેતપર્વતનેઅતિક્રમણ કરીને દ્રુમપુત્રોથી રક્ષિત એવાકિંપુરૂષ દેશ માંહેના પ્રદેશમાં ગયા. ત્યાં દ્રુમપુત્રોને જીતી કર લીધો. ગુહ્યકાંની રક્ષિત જે હાટકદેશ ત્યાં જઇને કર લીધો. ત્યાંથી માનસરોવર અને ઋષિકુલ્યા નદીઓ જોઇને ત્યાંના ગંધર્વોથી રક્ષિતદેશ જીતી તિત્તિર પ્રમાણે ત્વરાથી ચાલનારા ચિત્રવિચિત્ર રંગના મંડુકાખ્ય નામના અશ્વ લઇને ઉત્તરે હરિવર્ષમાં ગયા. ત્યાંના મોટા શરીરવાળા બળવાન લોકોને જીતી લઇને અર્જુને ઇંદ્રપ્રસ્થમાં આવી યુધિષ્ટિર–ધર્મ રાજાને આણેલું સર્વ દ્રવ્ય અર્પણ કર્યું.

રાજસૂયજ્ઞ સમાપ્ત થયો. દુર્યોધન પાંડવોનું ઐશ્વર્ય જોઈ શક્યો નહિ. તેથી કપટ દ્યૂત રમાડી સર્વસ્વ હરણ કર્યું. દ્યૂતમાં સર્વસ્વ હાર્યા પછી પાંડવો તેર વર્ષ વનવાસ ભોગવવાને અદ્વૈત-વનમાં ગયા હતા, ત્યાં વ્યાસે આવી અર્જુનને કહ્યું કે;–તું તીર્થાટન કર, તને લાભ થશે. એ ઉપરથી તે નીકળ્યો. હિમ પર્વત ઓળંગીને ઇંદ્રકીલ પર્વતપર તેણે પહેલે મહિને વૃક્ષ પર્ણ ખાઇને ઘોર તપ કરવા માંડયું. બીજે મહિને જળપાન કરી રહ્યા, ત્રીજે મહિને ધૂમ્રપાન, ચોથે મહિને વાયુ ભક્ષણ એવી રીતે તેણે એક અંગુઠા ઉપર ઉભાં રેહી હાથ ઉંચા રાખીને તીવ્ર તપ કર્યું. શિવેમૂક નામના દૈત્યને કહ્યું કે, તું ભૂંડને રૂપે જઇ તેનું તપ ભંગ કર. અર્જુને ગાંડીવ ધનુષ વડે ભૂંડને મારી ઉઠાડ્યો. શિવ કિરાતને રૂપે પ્રગટ થઈ બોલ્યા કે;–મારા વનમાં ભૂંડને તેં કેમ માર્યો ? એમ કહી યુદ્ધ કરવા ઉભા. અર્જુને બહુ બાણ માર્યાં

પણ તેમાં કાંઇ નહિ ફાવવાથી ગાંડીવના દંડથી મારવા લાગ્યા. શિવ મોંઢું પસારીને તેને ગળી ગયા. પછી મલ્લયુદ્ધ થયું, તેમાં અર્જુન મૂર્છિત થઇ પડ્યા. શિવે તેને સાવધ કરી સાક્ષાત્ દર્શન આપ્યું એટલે અર્જુને સ્તુતિ કરી. શિવે પ્રસન્ન થઇને પાશુપત બ્રહ્મશિરો નામે અસ્ત્ર આપી તારો વિજય થાઓ એવો આશિર્વાદ આપ્યો. એ વખતે યમ, વરૂણ, કુબેરાદિએ અર્જુનને પોતપોતાનાં અસ્ત્ર શસ્ત્ર સહિત વરદાન આપ્યાં. ઇંદ્રે કહ્યું કે હું રથ મોકલું છું તેમાં બેસી તું અમરાવતી આવજે. ઇંદ્રે અર્જુનનો સત્કાર કરી તેને પોતાને આસને બેસાડ્યા. અહીં અર્જુન પાંચ વર્ષ રહ્યા, તેમાં તેણે સ્વર્ગની સર્વ રચના જોઇ, અસ્ત્ર શસ્ત્ર વિદ્યા, ગાયન નૃત્યવિદ્યા અને બીજી વિદ્યાઓ શિખ્યા. નિવાતકવચ, કાળકેત ને હિરણ્યપુરવાસી એ ત્રણ અસુરો ઇંદ્રથી જીતાતા નહોતા, તેને અર્જુન ઇંદ્રના રથપર બેસી જીતી આવ્યા, એ જોઇ ઇંદ્ર અતિ પ્રસન્ન થયા. એક દિવસે અર્જુનનું તેજસ્વી મુખ જોતાં ઉર્વશીનું હૃદય વિંધાયું, એ જોઇને ઇંદ્રે ઉર્વશીને આજ્ઞા આપી કે તું અર્જુનને આનંદ પમાડ. ઉર્વશી આવી, તેને અર્જુનને કહ્યું કે, આવો માતા! એ ઉપરથી ઉર્વશીએ શાપ દીધો કે તું નપુંષક રહીશ ને સ્ત્રીઓમાં વાસ કરીશ. અર્જુને ઇંદ્રને કહ્યું કે આ પ્રમાણે શાપ મળ્યો છે, ત્યારે તેણે ઉર્વશીનો શાપ એક વર્ષનો કર્યો અને કહ્યું કે ચિંતા ન રાખ, એક વર્ષ તારે ગુપ્ત રહેવું છે ત્યારે એ શાપ કામ લાગશે. પછી અર્જુન અદ્વૈત વનમાં ભાઇઓ હતા ત્યાં આવ્યા. દુર્યોધન પોતાનો વૈભવ બતાવવાને અને પાંડવોને છળવાને તેમને આશ્રમે આવતો હતો. ત્યાં માર્ગમાં ગંધર્વ સાથે યુદ્ધ થયું, તેમાં ગંધર્વે તેમને પકડી બાંધી રાખ્યો, ત્યારે કૌરવના કોઈ એક સેવકપ્રધાને યુધિષ્ઠિરને વિનંતી કરી કે દુર્યોધનને છોડાવો, એ ઉપરથી યુધિષ્ઠિરે આજ્ઞા કરી. અર્જુને ભીમ, નકુળ સહદેવ સાથે જઇ ચિત્રસેન ગંધર્વ સાથે યુદ્ધ કર્યું, તેને હરાવી દુર્યોધનને છોડાવ્યો. એક વખતે પાંડવો મૃગયા કરવા ગયા હતા, ત્યારે જયદ્રથ દ્રૌપદીને એકલી જોઇ લેઇ જતો હતો, તે વખતે પણ અર્જુને તેનાપર બાણો વરસાવ્યાં હતાં અને ભીમે રથપરથી કુદી પડી તેને પકડી બાંધી આણ્યો હતો, તેરમે વર્ષે પાંડવો વિરાટ રાજાને ત્યાં છૂપા રહ્યા. ત્યારે અર્જુન **બૃહન્નટા** એવું નામ ધારણ કરી અંતઃપુરમાં સ્ત્રીઓને નૃત્યગીત શિખવવા રહ્યા હતા. કૌરવો પાંડવોને તેરવર્ષની અંદર છતા કરી ફરીવન મોકલવાની કોશિશમાં હતા. પાંડવો વિરાટ નગરમાં આવ્યા પછી અનેક ઉત્પાતો થવા લાગ્યા હતા. તે ઉપરથી કૌરવોએ અનુમાન બાંધ્યું કે તેઓ જો ત્યાં હશે, તો તે શેહેરની ગાયોને હરણ કરવા દેશે નહિ. એવા હેતુથી વિરાટ નગરીને કૌરવોએ ઘેરી લીધી અને ગાયોને લઇ જવા માંડી

એ વખતે અર્જુન વિરાટના પુત્ર ઉત્તરના સારથી થઇને લડવા ગયા હતા, ગામ બહાર જઈ શમી ઉપરથી ગાંડીવ ધનુષ લઇ, ઉત્તરને સારથી કરી પોતે યુદ્ધ કરવા માંડયું. કૌરવોને હરાવી નશાડી મૂકી ગાયોને પાછી વાળી, આ વખતે છતા થયા પણ તેરવર્ષની મુદત થઇ ગઈ હતી તેથી કૌરવોનું કાંઈ ચાલ્યું નહિ. વિરાટ રાજાએ પાંડવોનો ઉપકાર માની ક્ષમા માગી, પોતાની ઉત્તરાકુંવરી અર્જુનને પરણાવવા માંડી, પણ અર્જુને કહ્યું કે, હું એનો શિક્ષાગુરૂછું માટે નહિ પરણું. એ ઉપરથી અર્જુનપુત્ર અભિમન્યુને તેમણે ઉત્તરા પરણાવી હતી. યુધિષ્ઠિરે દુર્યોધન પાસે રાજ્યનો અરધ ભાગ આપવાનું સમજાવવાને કૃષ્ણને મોકલ્યા હતા, પણ તેણે ચોખી ના પાડી. તે ઉપરથી કુરૂક્ષેત્રમાં યુદ્ધ થયું, ત્યારે અર્જુને કૃષ્ણને કહ્યું કે, હે સખા ! આ મારા વડીલ ગુરૂ અને સંબંધીઓને કેમ મારૂ ? ઇત્યાદિ કહી તેઓ એકદમ પ્રેમના મોહથી મૂર્છિત થઇ પડયા હતા. એ જોઇને કૃષ્ણે તેનો આ મોહ ઉપદેશ આપી મટાડયો હતો. (જુઓ **ગીતા.**) પછી અર્જુને દશદિવસ સુધી ભીષ્મ સાથે યુદ્ધ કરી કૌરવ દળના ઘણાક વીરોને માર્યા. ભીષ્મ રણમાં પડયા, ત્યારે પાંડવ કૌરવ એ પાસે ગયા હતા. એ વખતે ભીષ્મે પોતાના લટકતાં માથા નીચે કંઇ મૂકવાનું માગ્યું. કૌરવો સુંદર ઓસીકાં લઇ આવ્યા, ત્યારે ભીષ્મે તે ન સ્વીકારતાં અર્જુનને કહ્યું કે, તેણે ત્રણબાણ ઠોકી ઓસીકું કરી આપ્યું અને પાણી માગ્યું ત્યારે પૃથ્વીમાં એક બાણ મારીને પાતાળ ગંગાની ધારા ભીષ્મનાં મુખમાં પાડી. ત્યારથી એ સ્થળ **બાણ ગંગા** નામથી પ્રસિદ્ધ છે. કૌરવ સૈન્યમાં દ્રોણ સેનાપતિ હતા ત્યારે અર્જુન પોતાના સૈન્યથી જુદા પડીને કૌરવ દળના સમસપ્તક નામના જુદા પડેલા સમુહ સાથે યુદ્ધ કરતા હતા અને વખતે વખતે પોતાના મોટા સૈન્યની સહાયને માટે પણ આવતા હતા, તેરમે દિવસે એ સમસપ્તક સામે લડતા હતા અને મોટા સૈન્યમાં અભિમન્યુ લડતો હતો. અભિમન્યુ ચક્રવ્યૂહમાં તેજ દિવસે પડયો. એ વાત જ્યારે અર્જુને રાત્રે જાણી, ત્યારે તેણે પ્રતિજ્ઞા કરી કે, કાલે જો હું જયદ્રથને સૂર્યાસ્ત પહેલાં ન મારૂં તો બળી મરીશ. ચૌદમે દિવસે બપોરે અર્જુને પોતાના અશ્વ તૃષાક્રાંત થયા ત્યારે પૃથ્વીમાં બાણ મારીને ચારે પાસે વૃક્ષની ઘટ્ટા ઝુકી રહેલી અને તેને તીરે હંસો ફરતાં ફરે છે એવું સરોવર ઉત્પન્ન કર્યું. તેમાંથી પોતે પાણી પી, અશ્વને પાઈ પાછું તે લોપ કર્યું હતું. એ સમયે કૌરવો બાણ મારતા હતા, પણ તેને અર્જુન ગણકારતા નહોતા, દિવસ થોડો રહ્યો હતો, ત્યારે કૃષ્ણે સાંજ પડી હોય એવી માયા કરી, કે જેથી જયદ્રથ સમજે કે હવે અર્જુનથી મને મરાશે નહિ, એવું સમજી સંતાયેલો બહાર આવે. પછી અર્જુને એવી તો બાણ વૃષ્ટિ કરી કે સર્વ ગભરાઈ ગ-

યા, જયદ્રથને બાણ માર્યું કે સૂર્ય પાછો દેખાયો. વળી એવું પણ ગ્રંથોમાં લખેલું જોવામાં આવે છે કે, કૃષ્ણે સુદર્શનથી સૂર્યને ઢાંક્યો, એટલે અર્જુને જાણ્યું કે સંધ્યા થઇ. તેથી શસ્ત્ર મૂકીદઈ અગ્નિ કુંડ તૈયાર કરાવ્યો, સ્નાન કરી આવી કૃષ્ણને નમ્યા. કૃષ્ણે કહ્યું કે ધનુષ બાણ લઈ કુંડની પ્રદક્ષિણા કર, જેવો તેમ કરી કુંડમાં ઝીપલાવે છે કે તરત સુદર્શન ખસેડી સંકેત કર્યો કે, જો આ (સૂર્ય) જયદ્રથને!! (અર્જુનને અગ્નિમાં ઝંપલાવતો જોવાને પોતાના દળમાંથી જયદ્રથ બહાર ઉભો હતો.) તરતજ અર્જુને લક્ષ્મી બાણ મારીને જયદ્રથનું શિર ઉડાવ્યું. પંદરમે દિવસે અર્જુને સમસપ્તકનો પરાભવ કર્યો. કર્ણને ત્રણસેં બાણ મારીને તેના ચાપ, બાણ, રથ, સારથી એ સર્વને છેદી નાખ્યાં. કર્ણ સેનાપતિની સામે તેણે સમોવડીયું યુદ્ધ કરીને છેવટે શિવદત્ત બાણથી તેનું શિર છેદયું. ઇંદ્રદત્ત બાણથી શુશર્મા જે સમસપ્તકનો મુખી હતો તેનું પણ શિર ઉડાવી દીધું હતું.

આ પછી દુર્યોધન રણસંગ્રામમાં મરણ પામ્યો, પાંડવોનો જય થયો. દ્રોણાચાર્ય ધૃષ્ટદ્યુમ્નના હાથથી મરાણા હતા. તે જોઈ અશ્વત્થામાએ પિતાનું વેર લેવાને પાંડવોના તંબુમાં રાત્રે પેસી પાંડવોના કેટલાક પુત્રોને માર્યા અને જ્યારે પાંચ પાંડવોનો અને ઉત્તરાના ગર્ભનો પણ ઘાત કરવાને નિર્વાણ અસ્ત્ર મૂક્યું, ત્યારે અર્જુને બ્રહ્મશિર અસ્ત્ર મૂકીને તેને વાર્યું હતું. પછી વ્યાસ અને કૃષ્ણે સમજાવ્યાથી અશ્વત્થામાએ પોતાના માથાનો મણિ આપ્યો હતો. વળી કેટલેક ઠેકાણે લખેલું છે કે અર્જુને બાણથી તેના મસ્તકનો મણિ છેદ્યો હતો અને નહિ મારતાં ગુરૂ પુત્ર જાણી છોડી મૂક્યો હતો. કૌરવો નાશ પામ્યાં, તેમની યુધિષ્ઠિરે ઉત્તર ક્રિયા કરી, પરંતુ ગોત્ર વધનું મને પાપ લાગ્યું, તે શી રીતે નિવૃત્ત થાય! એવા વિચારથી યુધિષ્ઠિર શોકમાં રહેતા હતા. કૃષ્ણે બહુજ સમજાવ્યા પણ તેનું મન શાંત થયું નહિ. એવું જોઇ કૃષ્ણ તેમને સર્વ બંધુ સાથે ભીષ્મપિતામહ પાસે લઇ ગયા. (ભીષ્મ રણ મધ્યે શરપંજર—બાણ શય્યાપર ઉત્તરાયણ થયે મરણની ઇચ્છાથી પ્રાણ ધારણ કરી રહ્યા હતા.) ભીષ્મે તેમને બહુ પ્રકારે નીતિ સંભળાવી અશ્વમેધની આજ્ઞા કરીને મનનું સમાધાન કર્યું હતું. જે વખતે યુધિષ્ઠિર, અર્જુન, ભીષ્મ, કૃષ્ણ, ઇત્યાદિ ભીષ્મના મુખથી નીતિ સાંભળી હસ્તિનાપુરમાં આવવા નીકળ્યા હતા. તે પ્રસંગે માર્ગમાં સૂર્યાસ્તનો સમય થવા આવ્યો જોઇને 'દૃષદ્વતીને તીરે કૃષ્ણ, અર્જુનાદિક ત્યાં સંધ્યોપાસના કરવાને રોકાયા હતા. તેનું પ્રમાણ ભાર. શાંતિ. પ. અ. ૫૮ માં આ પ્રમાણે છે કે;—

दृषद्वतींचाप्यवगाह्यसुव्रताः
कृतोदकार्थाःकृतजप्यमंगलाः ॥

उपास्यसंध्यांविधिवत्परंतपा
स्ततःपुरंतेविविशुर्गजाह्वयम् ॥

આ ઉપરથી જણાયછે કે અર્જુન, કૃષ્ણ આદિ સર્વ સંધ્યોપાસનાદિ નિત્ય નિયમિત્ત કૃત્યો કરવામાં તત્પર રહેતા. ગમે તેવો પ્રસંગ હોય તોપણ ઇશ્વરો પાસના કરવાને કદી ચૂકતા નહિ એવા ધર્મ ચુસ્ત હતા. જ્યારે કર્ણ અને અર્જુન વચ્ચે યુદ્ધ ચાલતું હતું. ત્યારે પણ સૂર્યાસ્ત થતાજ બંને સેના પતિ પોતાના સૈન્યની વ્યવસ્થા કરીને પોતપોતાના શિબિરો—તંબુમાં આવ્યા. હતા. અર્જુને કૃષ્ણ સહિત રાત્રે નિત્ય કૃત્ય ઉકેલી નિદ્રા કરી હતી અને પ્રાતઃકાળે બંને વિધિસર પૂજાદિ નિત્યકૃત્ય કર્યા પછી યુદ્ધ કરવાને ગયા હતા—એ વિષે ભાર. કર્ણ. પ. અ. ૩૦ માં જણાવ્યું છે કે;-

अथपुरुषवरौकृताह्निकौ ।
भवमभिपूज्ययथाविधिप्रभुम् ॥
अरिवधकृतनिश्चयौद्रुतं ।
तवबलमर्जुनकेशवौसृतौ. ॥

અહો ! આ તેમના ધાર્મિક પણાનો ઓછો પૂરાવો નથી ! આવા લડાઇ જેવા વિકટ પ્રસંગમાં પણ પોતાનો ધર્મ નિયમ કરવાને ચૂકેલા નહિ. એ તેની ધર્મ પ્રત્યે અનહદ પ્રીતિદર્શાવી આપેછે. આ દાખલો અર્વાચીન ક્ષત્રિ રાજાઓએ લક્ષમાં રાખવાનો છે. ઉત્તરાયન થતાં ભીષ્મ સ્વર્ગે ગયા. યુધિષ્ઠિરે અશ્વમેધની દિક્ષા લીધી. પૃથ્વીપર શ્યામકર્ણિ અશ્વ છૂટો મૂક્યો. અશ્વસંરક્ષાર્થે પ્રદ્યુમ્ન, અનિરૂદ્ધ, સાત્યકિ, કૃતવર્મા, મેઘવર્ણ, વૃષકેતુ, યૌવનાશ્વ, અનુશાલ્વ ઇત્યાદિવીરોને સાથે લઇ અર્જુન નીકળ્યા. અશ્વહસ્તિનાપુરથી દક્ષિણે માહિષ્મની નગરીના નીલધ્વજ રાજાના નગર પાસે આવ્યો. અશ્વ તેણે બાંધવાથી યુદ્ધ થયું. તેમાં તેનો પરાજય કરી અશ્વને છોડાવ્યો. ત્યાંથી ચાલતાં માર્ગમાં એક શિલા સાથે અશ્વ ચોંટી ગયો. આ જોઈ અર્જુન ભયભીત થયા, અરણ્યમાં રહેતા સૌભરી ઋષિ પાસે ગયા. તેમણે ઉદ્દાલક ઋષિની કથા કહી ને તેનો હાથ એ શિલાને સ્પર્શ કરાવતાં શલ્યા સ્ત્રીરૂપે થઇ અને અશ્વ છૂટો થયો. (એ સ્ત્રી તે ચંડી જે પોતાના સ્વામી ઉદ્દાલક ઋષિના શાપથી શલ્યા થઇ હતી.) પછી ત્યાંથી અશ્વચંપકપુરીમાં જતાં, તેના રાજા હંસધ્વજે બાંધ્યો. અર્જુને તે સાથે યુદ્ધ કર્યું, પણ તેના પુત્ર સુધન્વાએ અર્જુનને મૂર્છા પમાડી. અર્જુને કૃષ્ણનું સ્મરણ કરતાં તે આવ્યા અને તે સારથી થયાં. સુધન્વાએ રથને આકાશમાં ઉડાડયો, પણ પછી મોટું યુદ્ધ કરીને અર્જુને સુધન્વાનો તથા તેના ભાઈ સુરથનો

શિર છેદ કર્યો. પછી હંસધ્વજ શરણે થયો હતો. કૃષ્ણ પાછા હસ્તિનાપુર ગયા હતા અને અર્જુન અશ્વ લઇ આગળ ચાલ્યા. પછી અશ્વ સ્ત્રીયા રાજમાં ગયો. ત્યાંની રાણી પ્રમિલાએ અશ્વ બાંધ્યો. સ્ત્રીસૈન્ય સામું લડવાને આવ્યું. અર્જુને બાણ મારવા માંડ્યાં એટલે આકાશ વાણી થઇ કે રણયુદ્ધ ન કરતાં રાણી સાથે લગ્ન કર. એ ઉપરથી અર્જુન પ્રમિલા સાથે પરણ્યા અને તેને હસ્તિનાપુર મોકલી દીધી. પછી કર્ણપ્રાવરણ ઇત્યાદી લોકના મુલકો ઉલ્લંઘન કરી ભીષણરાક્ષસના દેશમાં જતાં તેને માર્યો અને તેની નગરીમાંથી અસંખ્ય દ્રવ્ય લીધું. પછી મણિપુરનો **બભ્રુવાહન** પોતાની માના કહ્યાથી પોતાના પિતાને શરણે આવ્યો, ત્યારે અર્જુને તેને લાત મારીને કહ્યું કે, જો તું અર્જુનનો પુત્ર હોય તો (અશ્વ બાંધ્યા પછી) યુદ્ધ કર્યા વગર શરણ થાય નહિ. માટે તારી માએ જાર કર્મ કર્યું હશે! એ ઉપરથી બભ્રુવાને ક્રોધે ભરાઇ યુદ્ધ કર્યું. અર્જુન અને વૃક્ષકેતુ એ એનાં ડોકાં ઉડાવી દીધાં. એ વાત **ચિત્રાંગી** અને **ઉલૂપી** જે એ અર્જુનની સ્ત્રીઓ સાથે રહેતી હતી, તેના જાણવામાં આવ્યાથી, તેઓએ પુત્ર બભ્રુવાહનનો ધિક્કાર કર્યો. એ ઉપરથી ઉલૂપીના પિતા શેષ પાસેથી બભ્રુવાહન સંજીવકમણિ લઇ આવ્યો અને તેના સ્પર્શથી અર્જુન તથા વૃક્ષકેતુ સજીવન થયા, સકળ સૈન્ય પાછું વળ્યું. અર્જુને બંને સ્ત્રીઓને હસ્તિનાપુર મોકલી દીધી અને પોતે બભ્રુવાહનને સાથે લઇ આગળ ચાલ્યા. અશ્વ રત્નપુર ગયો. તેનો રાજા મયૂરધ્વજ કૃષ્ણનો ભક્ત હતો, તે નર્મદા કિનારે આઠમો અશ્વમેધ કરતો હતો, તેના અશ્વસંરક્ષણાર્થે તેનો પુત્ર તામ્રધ્વજ જે મહા પરાક્રમી હતો, તે અને તેનો પ્રધાન બહુલધ્વજ સાથે હતા. તેઓ ફરીને રત્નપુર આવતા હતા. ત્યાં માર્ગમાં આ અશ્વ મળતાં તેણે બાંધ્યો. તેથી સામસામે યુદ્ધ થયું, તે પ્રસંગે અર્જુને કૃષ્ણનું સ્મરણ કરતાં તેઓ આવ્યા. અર્જુનને પોતાના ભક્ત મયૂધ્વજનો ભક્તિભાવ દેખાડવાને કૃષ્ણે યુક્તિ કરી, તામ્રધ્વજ સાથે યુદ્ધ થતાં અર્જુન સાથે પોતે પણ મૂર્છા પામ્યા. તામ્રધ્વજ બંનેનો પરાજ્ય કરીને મૂર્છા પમાડી તેના અશ્વને લઇ નગરીમાં આવ્યો. તામ્રધ્વજ વિજયી થઇ આવ્યો જોઇને મયૂરધ્વજ આનંદ પામ્યો, પરંતુ સાથે બીજો અશ્વ જોઇ પૂછતાં તેમણે એ અશ્વ પાંડવોનો છે. તેના સંરક્ષક અર્જુન, કૃષ્ણ છે તેમને મૂર્છા પમાડી અશ્વ લાવ્યો છું. આ સાંભળી એ ઘણો આશ્ચર્યસાથે દીલગીર; કેમકે તામ્રધ્વજ એનાથી વાકેફ નહોતો, પણ મયૂરધ્વજ સંપૂર્ણ જાણતો હતો. તેથી એ તરત એની પાસે જવાને નીકળતો હતો, ત્યાં કૃષ્ણ અર્જુન સાવધ થઇને એનો ભક્તિભાવ તથા સત્ય જોવાને બ્રાહ્મણને રૂપે આવતા હતા, અર્જુન કૃષ્ણના શિષ્ય થયા હતા, બંને બ્રાહ્મણરૂપે મયૂરધ્વજ

પાસે જઈને ઉભા રહ્યા, તેમનું "દક્ષિણાંગ આપવાની યાચના કરી." એ ઉપરથી મયૂરધ્વજે ભક્તિભાવથી પોતાનું અંગ કરવતથી વેરાવવા માંડયું, ઘણું અંગ વેરાઈ ગયું હતું, તેટલામાં રાજાના વામનેત્રમાંથી અશ્રુ પડ્યાં. એ જોઇ બ્રાહ્મણોએ જવા માંડયું. પરંતુ બ્રાહ્મણોને સંકેતથી રાજાએ કહ્યું કે;-મારૂં જમણું અંગ બ્રાહ્મણને અર્થે જેવી રીતે ઉપયોગમાં આવી સાર્થક થયું, તેવી રીતે ડાબાનું થયું નહિ. એ ઉપરથી રૂદન આવ્યું, કાંઇ શરીર દુઃખથી રૂદન આવ્યું નથી. એ સાંભળી કૃષ્ણે તેના સત્યથી સંતોષ પામી પોતાનું મૂળ સ્વરૂપ પ્રગટ કરી દર્શન આપ્યું અને તેનું શરીર પૂર્વવત્ કર્યું, મયૂરધ્વજે તેનો સત્કાર કરી પોતાનો યજ્ઞ પૂરો કર્યો અને તેનો અશ્વ પાછો આપી, પોતે તે સમાગમે ગયો. પછી સારસ્વતપુરીના વીરવર્મા રાજા જોડે અર્જુને યુદ્ધ કર્યું. તેમાં હાર્યા પણ કૃષ્ણ ત્યાં આવી પહોંચ્યા એટલે બંનેનું સમાધાન થયું. પછી તેઓ કુંતલપુરમાં આવ્યા, અહીંનો રાજા ચંદ્રહાસ કૃષ્ણનો ભક્ત હતો. તેથી તે પોતાના સૈન્ય સાથે શરણે આવ્યો. પછી સિંધુદેશના રાજા જયદ્રથની નગરીમાં આવ્યા. ત્યાં દુર્યોધનની બેન દુઃશલા તથા તેના પુત્રને લઈ અર્જુન અને કૃષ્ણ અસંખ્ય ધન તથા સર્વ રાજાઓ સહિત હસ્તિનાપુર આવ્યા. યુધિષ્ઠિરે અશ્વમેધ યજ્ઞના અગ્નિકુંડની રક્ષા કરવાનું કામ અર્જુનને સોંપી યજ્ઞ પૂરો કર્યો. કૃષ્ણ સહિત સર્વ રાજાઓ પોતાને દેશ ગયા.

યુધિષ્ટિર રાજ કરવા લાગ્યા ત્યારે અર્જુન સેનાપતિનું કાર્ય ઉત્તમ પ્રકારે બજાવતા હતા. પોતાના ઉત્તમ કાર્યથી તેણે લોક પ્રીતિ ઘણીજ મેળવી હતી. થોડો કાળ જતાં કૃષ્ણ નિજ ધામે ગયાથી એને જે અપાર શોક થયો હતો તે વર્ણવી શકાય તેવો નથી; તોપણ તે ધૈર્ય રાખી દ્વારિકા ગયા હતા. કૃષ્ણે નિજ ધામે જતી વખતે કહ્યા પ્રમાણે અર્જુન ત્યાંથી ઉગ્રસેન, વસુદેવ, સર્વ વિધવા સ્ત્રીઓ અને દ્રવ્યાદિ સર્વ સમૃદ્ધિ લઇ હસ્તિનાપુર આવ્યા. કૃષ્ણના પૌત્ર **વજ્રને ઇંદ્રપ્રસ્થ**ની ગાદીપર અને અભિમન્યુના પુત્ર **પરીક્ષિતને હસ્તિનાપુર**ની ગાદીપર સ્થાપન કર્યા. થોડો કાળ વિત્યા પછી અર્જુન સર્વ ભાઇઓ સાથે ઉત્તરાખંડમાં હિમાળે ગળવા ગયા. ત્યાં જઈ સર્વ બંધુઓ સાથે નિજ ધામે ગયા. અર્જુનનાં નામ આ પ્રમાણે છે; તેઓ પૂર્વા અને ઉત્તરાફાલ્ગુન એ બેની સંધીમાં જન્મ્યા માટે—**ફાલ્ગુન.** ઇંદ્રાદિ દેવગણને જીત્યા માટે—**જિષ્ણુ.** ઇંદ્રે કિરીટ—મુગટ આપ્યો હતો માટે—**કિરીટી.** યુદ્ધમાં બિભત્સ દેખાતા માટે—**બીભત્સ.** ધોળા ઘોડાનો રથ હતો માટે—**શ્વેતવાહન.** બંને હાથે બાણ મારી શકતા માટે—**સવ્યસાચી.** સર્વદા વિજય મેળવતા માટ—**વિજય.** રાજાઓને જીતી ઘણું દ્રવ્ય મેળવ્યું માટે—**ધનંજય.** બા-

ળપણમાં માટીની ગાય, ગોવાળ કરી રમતા માટે—**કૃષ્ણ.** નિદ્રા જીતેલી માટે—**ગુડાકેશ.** એ રીતે દશ નામ પડેલાં હતાં. એને દ્રૌપદીથી શ્રુતકીર્તિ, ઉલૂપીથી ઈરાવાન, ચિત્રાંગદથી બભ્રુવાહન, અને સુભદ્રાથી અભિમન્યુ એ ચાર પુત્રો થયા હતા. એના રથનું નામ વિજય હતું, તેપર ધ્વજા સજીવ કપીની હતી, રથને ચાર અશ્વ જોડવામાં આવતા, યુદ્ધ સમયે સારથી કૃષ્ણ હતા. એની પાસેથી ધનુર્વિદ્યાની શિક્ષા અભિમન્યુ સાત્યકી અને પ્રદ્યુમ્ને લીધી હતી. એના ધનુષનું નામ ગાંડીવ હતું. ઇત્યાદિ પ્રકારે મહત્તા દર્શાવી જગત્‌માં અમર નામના રાખી ગયા છે. ધન્ય છે આ વિજયી નરને ! ! કે જેણે આત્મબળે દેશમાંથી દુષ્ટોને સંહારી સદ્‌કીર્ત્તિજ સંપાદન કરી છે ! ! !

પરમ નીતિમાન્.

વિદુર.

આ વિચિત્ર વીર્યના ઘરની દાસીને વ્યાસથી થયેલા પુત્ર, ધૃતરાષ્ટ્ર અને પાંડુના નાના ભાઈ થાય. આ સાક્ષાત્ યમજ શુદ્રયોનીમાં માંડવ્ય ઋષિના શાપથી અવતર્યા હતા. તેથી એ યમ ધર્મનો અવતાર કહેવાય છે. તેઓ મહા બુદ્ધિમાન્, ચતુર, નિસ્પૃહ, પરમ નીતિમાન્, દયાળુ, ક્ષમાવંત્, શાંત બ્રહ્મનિષ્ઠ અને સત્ય આદિ સદ્‌ગુણ સંપન્ન હતા. વેદાદિ શાસ્ત્રો અને ધનુર્વેદમાં પ્રવીણ હતા. બર્બર ભાષાનો તેણે સારો અભ્યાસ કર્યો હતો. ભીષ્મ, ધૃતરાષ્ટ્ર અને પાંડુ એનાથી મોટા હતા, પણ તેઓ એને પૂછીને કાર્ય કરતા અને કહે તે સત્ય માનતા. એવા ડહાપણ વાળા હતા. સર્વમાં તેમનું માન હતું. તેઓ દેવક રાજાની કન્યા પારસવી સાથે પરણ્યા હતા તે એનાજ પ્રમાણે ઉત્પન્ન થયેલી હતી. પાંડવોપર તેમની અતિ પ્રીતિ હતી, કેમકે તેઓ સદ્‌ગુણી હતા, તેમનો પિતા ગુજરી ગયો હતો. ધૃતરાષ્ટ્રે પુત્રોના સમજાવ્યાથી તેમને વારણા વતમાં રાખ્યા હતા. એટલુંજ નહિ પણ દુષ્ટ દુર્યોધને તેમને લાક્ષાગૃહમાં બાળી મૂકવાનો પ્રપંચ રચ્યો હતો. એ વૃત્તાંત તેમણે યુધિષ્ઠિરને સાંકેતીક બર્બર ભાષામાં જણાવી સાવધ કર્યા હતા. એટલુંજ નહિ પણ તેઓ બંધુ સહિત ત્યાંથી સુરક્ષિતપણે બહાર નીકળી જાય, માટે અંદર ગુપ્ત ભોંયરૂં ખોદાવી આપ્યું હતું અને બાગેરથી નદી ઉતરવાને નૌકાની વ્યવસ્થા કરી આપી હતી. એ રીતે તેને લાક્ષાગૃહમાંથી બળતા બચાવ્યા હતા. દુર્યોધને પાંડવોને દ્યુત રમાડી કપટથી દાસ કર્યા અને દ્રૌપદીની લજ્જા લેવાનો પ્રયત્ન કર્યો હતો. એ પ્રસંગે તેમણે કૌરવોના દુષ્કૃત્યને ધિક્કારી ધૃતરાષ્ટ્રને આ અપકૃત્યથી વાકેફ કર્યા અને સભામાં તેડી લાવી, પાં-

ડવો અને દ્રૌપદીને દાસપણાથી મુક્ત કરાવ્યાં હતા. ધૃતરાષ્ટ્ર મોટા હતા, પણ તેનું માનતા. એનો બીજો પ્રત્યક્ષ પુરાવો એ છે કે;–જ્યારે પાંડવોને વનવાસ પૂરો થયો, છૂપા રહેલા ત્યાંથી પ્રકટ થયા. ત્યારે ધૃતરાષ્ટ્રે યુધિષ્ઠિર પાસે સંજયને એવું કહેવા મોકલ્યો હતો કે;–તેણે અર્ધ ભાગ માગવો નહિ અને યુદ્ધ પણ કરવું નહિ. એ યુધિષ્ઠિરને કહેવાથી તેણે સંજય સાથે સામો સંદેશો કહાવી મોકલ્યોકે;–ધૃતરાષ્ટ્રે પુત્ર લોભે કરીને એવું કરવું યોગ્ય નથી. અર્ધ રાજ્યપર અમારો હક છે. તે દેવાને ના પાડે છે, પરંતુ અમે લીધા વગર રહેનાર નથી. કહેવાથી દેવાય તો બહુ સારૂં છે, નહિ તો યુદ્ધ કરીને પણ લઇશું છોડીશું નહિ એ નિશ્ચે સમજજો. આ વચનો સંજયે હસ્તિનાપુર જઈ સવની સમક્ષ સાંજને વખતે ધૃતરાષ્ટ્રને કહ્યાં. એ કહીને તરત ઘેર ગયો. આ સાંભળી ધૃતરાષ્ટ્રને મોટી બીક લાગી અને સંજયના કહેવાપર વિચાર ઉઠતાં નિદ્રા પણ ન આવી. એપરથી તરત તેણે રાત્રીએ વિદુરને બોલાવ્યા અને સંજયે કહેલો સંદેશો કહી બતાવ્યો. પછી કહ્યું કે હવે શું કરવું ? એપરથી વિદુરે પાંડવોને અર્ધ રાજ આપવા વિષે ધૃતરાષ્ટ્રને **નિતિ** સંભળાવી જે ભારત મધ્યે **ઉદ્યોગ પર્વ**ના અધ્યાય ૩૩–૪૧ સુધી ૯ નવ અધ્યાયમાં **વિદુર નિતિ** નામે પ્રસિદ્ધ છે. એ વાંચવા યોગ્ય છે. આ સિવાય તેણે દુર્યોધનને પણ ઘણું સમજાવ્યો હતો, પણ એ મંદમતિ ઉદ્ધત પુરૂષે તેમનું સત્ય કહેલું માન્યું નહોતું. જ્યારે કૃષ્ણ સમજુતી કરાવવાને આવ્યા, ત્યારે પણ એ સાથે મળી ઘણો બોધ આપ્યો હતો. એ પ્રસંગે કૃષ્ણ દુર્યોધનને ત્યાં ભાવતું ભોજન મૂકી વિદુરને ત્યાં ભાજી આદિ સાદુ ભોજન પણ પ્રેમે આરોગ્યા હતા. ઈત્યાદિ રીતે જોતાં કૃષ્ણનો તેનાપર અત્યંત પ્રેમ હતો, તે સિદ્ધ થાય છે. કૃષ્ણ હસ્તિનાપુરથી યુધિષ્ઠિર પાસે આવ્યા. યુદ્ધ કરવાનો નિશ્ચય થયો. યુદ્ધને પ્રસંગે કૌરવોના મેણાંથી તેઓ તીર્થ યાત્રા કરવાને ગયા હતા. યુદ્ધમાં કૌરવો મરાણા અને પાંડવોને રાજ્ય પ્રાપ્ત થયું હતું. તે પછી અનેક તીર્થો અને ક્ષેત્રો અવલોકન કરી પુનઃ હસ્તિનાપુરમાં આવ્યા. ત્યાં કેટલાક કાળ રહી ધૃતરાષ્ટ્ર, ગાંધારી અને કુંતીને સાથે લઈ હિમાલયપર ગયા હતા.

વિદુરને હિમાળે ગયા પછી કેટલેક કાળે ઉદ્ધવનો મેળાપ થયો, ત્યાં તેણે શ્રીકૃષ્ણ નિજધામ ગયાનું સાંભળ્યું હતું. એ વખતે તેને અપાર શોક થયો હતો. કૃષ્ણે તેને મૈત્રેયઋષિ પાસે જવાનો સંદેશો કહાવ્યો હતો, તે પ્રમાણે તેઓ મૈત્રેય ઋષિની ભેટ લઇને કૃતાર્થ થયા હતા. ત્યાં બ્રહ્મજ્ઞાન પામી અરણ્યમાં જડોન્મત્ત પિશાચ–વિદેહ વૃત્તીએ ફરવા લાગ્યા હતા.

એક દિવસે યુધિષ્ઠિર ધૃતરાષ્ટ્રના દર્શને અરણ્યમાં આવ્યા હતા; કેમકે

તેમને, ગાંધારી, કુંતી અને વિદુરનો વિયોગ થયાને છ વર્ષ થયાં હતાં. તેઓ ગંગા કિનારે શતયૂપના સુંદર આશ્રમમાં જઇ ઘાસની ઝુંપડી બાંધીને રહ્યા હતા. ત્યાં સાવધાન પણાથી તપ કરતાં હતાં. તે જોઇને સર્વને યુધિષ્ઠિરે વંદન કર્યા, પણ વિદુર જોવામાં આવ્યા નહિ. તેપરથી તેમણે ધૃતરાષ્ટ્રને પૂછ્યું કે;—વિદુરજી ક્યાંછે? ધૃતરાષ્ટ્રે કહ્યું કે—વિદુરતો ઉધમ અને પરિગ્રહ છોડી દઇને વિરક્ત થઇ ફરેછે. પૂર્વે તેઓ કદી કદી આવતા હતા, પરંતુ હમણાં તો આવતા નથી. માટે ક્યાંક એકાંતમાં બેઠા હશે અને મનમાં પરબ્રહ્મનું ધ્યાન કરતા હશે. એ ઉપરથી યુધિષ્ઠિરને તેમને ભેટવાની ઘણી ઉત્કંઠા થઈ. બીજે દિવસે વનમાં શોધતાં ગંગાકિનારે આવ્યા. ત્યાં વિદુરને નગ્નપણે એક વૃક્ષને ટેકીને ઉભેલા દીઠા, નીતિવાન વિદુર તપ કરવાથી અને તીક્ષ્ણનિયમો પાળવાથી દુબળા થઇ ગયા હતા. તે જોઇને યુધિષ્ઠિર બોલ્યા કે;—"હું યુધિષ્ઠિર આપને પ્રણામ કરૂંછું." વિદુરજી તો સાંભળીને જાણે ઠુંઠું ઉભું હોય તેમ થઇ રહ્યા. તેપરથી યુધિષ્ઠિરે જાણ્યું કે આ દેહભાવ વિસર્યાછે, એવું જાણી ત્યાંથી તરત પાછા વળવા લાગ્યા કે, ક્ષણવારમાં તેના મુખમાંથી અદ્‌ભૂત તેજ નીકળી આકાશમાં ગયું. યુધિષ્ઠિર સ્થિર થયા, આ બંને ધર્મના અંશરૂપ હતા. વિદુરના પ્રાણ નીકળી જતાં યુધિષ્ઠિર રાજાએ ઘણો શોક કરીને તેના દેહનો દાહ કરવાનો ઉધમ કરવા માંડ્યો. ત્યાં આકાશવાણી થઇ કે;—"આ વિરક્ત હતા તેથી દાહને યોગ્ય નથી. તમારે જવું હોય તો જાઓ." પછી યુધિષ્ઠિર ધૃતરાષ્ટ્ર, ગાંધારી અને કુંતામાતાને મળી હસ્તિનાપુર આવ્યા અને વિદુરજીના દેહ ત્યાગના સમાચાર આપ્યા—યમને માંડવ્ય ઋષિનો સો વર્ષનો શાપ હતો, તે પ્રમાણે વિદુરે સો વર્ષની ઉમ્મર પૂરી થતાંજ દેહનો ત્યાગ કર્યો હતો અને પુનઃપૂર્વવત્ પોતાના અધિકારપર ગયા હતા. એ રીતે આ મહાત્મા પુરૂષ પોતાના જન્મનું સાર્થક કરી જગતમાં દષ્ટાંત રૂપ અમર કીર્ત્તિ રાખી ગયા છે. ધન્ય છે આ પવિત્ર મહાત્માને ! ! !

ધનુર્વેદ નિપુણ મહારથી.

ચિરંજીવી—અશ્વત્થામા.

આ પ્રસિદ્ધ પુરૂષ દ્રોણાચાર્યના પુત્ર, એ જ્યારે કૃપયાને ઉદરે જન્મ્યા ત્યારે તેણે અશ્વ સરખો શબ્દ કર્યો હતો. તેથી તેનું નામ **અશ્વત્થામા** પડયું હતું. એને કોઈ **દ્રોણી** પણ કહે છે. તેઓ પિતા પાસે વેદ, વેદાંગ અને ધનુર્વિદ્યા સંપાદન કરી પ્રવિણ થયા હતા. દ્રોણાચાર્ય કૈરવ પાંડવને ધનુર્વિદ્યા શિખવવાને રહી ભીષ્મના આશ્રિત થયા હતા, ત્યારે આ, પણ તેઓ સાથેજ રહ્યા

હતા. કાળાંતરે પાંડવ કૌરવનું યુદ્ધ થયું હતું. ત્યારે તેઓ એના પિતા સાથે ભીષ્મને લીધે કૌરવના પક્ષમાં રહ્યા હતા. એ મહાભારત યુદ્ધમાં **મહારથી** હતા. એણે ધૃષ્ટદ્યુમ્ન, અભિમન્યુ, ઘટોત્કચ આદિ વીરો ઉપર બાણો વરસાવ્યાં હતાં. એક વખતે તેણે બ્રહ્માસ્ત્ર મૂક્યું હતું. તેથી પાંડવ સૈન્ય બળવા લાગ્યું હતું. તેણે પોતાના પિતાના મરણ પછી અતિશય ઉગ્ર યુદ્ધ કર્યું હતું, પણ અર્જુનની સામા એનાથી ટકી શકાયું નહોતું. દ્રોણાચાર્યે પ્રાણોત્ક્રમણ કર્યું, ત્યારે ધૃષ્ટદ્યુમ્ને તેનું શિર છેદ્યું હતું. એ તેનાથી સહન થઇ શક્યું નહિ. તેથી પિતાનું વેર લેવાને તેણે ક્રોધથી પાંડવ અને તેની સૈનાપર નારાયણાસ્ત્ર મૂક્યું. તે શસ્ત્ર સર્વને મારત પણ નિઃશસ્ત્ર થઈ સ્વસ્થ બેઠેલાપર તેનું બળ ચાલ્યું નહિ; કેમકે એ મર્મ કૃષ્ણના જાણવામાં હતો તેથી તેણે પાંડવ સહિત સર્વ સૈન્યનાં શસ્ત્ર ભૂમિપર મૂકાવી રાખ્યાં હતાં તેથી એનું અસ્ત્ર વ્યર્થ ગયું. એ ઉપરથી એને આશ્ચર્ય થયું કે આવી રીતે કેમ થયું? એટલામાં વ્યાસ ત્યાં પ્રકટ થયા. તેણે તેને સમજાવી કહ્યું કે, કૃષ્ણાર્જુન એ બંને ભૂમિભાર ઉતારવાને **નરનારાયણજ** અવતર્યા છે, માટે એને જીતી શકાય તેમ નથી. તેથી તું આશ્ચર્ય ન પામતાં સ્વસ્થ થા, એટલું બોલી અંતર્ધાન થયા. જ્યારે અર્જુનના એક બાણથી તેનો રથ, સારથી અને ધનુષ છેદાયાં, ત્યારે એ યુદ્ધ કરવું મૂકી દઇ સરસ્વતી તીરે તપ કરવાને બેઠા હતા, પણ એટલામાં વ્યાસે આવી તેને સમજાવીને પાછા યુદ્ધમાં મોકલ્યા, જ્યારે દુર્યોધન ભીમની ગદાથી પડયો અને તે એકલો પડયો ટળવળતો હતો,ત્યારે કૃપાચાર્ય, અશ્વત્થામા, અને કૃતવર્મા એ ત્રણજ યોદ્ધા કૌરવ પક્ષમાં જીવતા રહ્યા હતા. તેઓ આવી પહોંચ્યા તેમની પાસે દુર્યોધન બોલ્યો કે;–તમે તો પુરૂષાર્થ કર્યું છે, પણ હું દૈવહત છું. આદિ તેના બોલવાથી અશ્વત્થાએ પ્રતિજ્ઞા કરી કે હમણાં હું પાંડવ, પાંચાલાદિના શિર કાપી આવું. એમ ન કરૂં તો હું દ્રોણ પુત્ર નહિ. દુર્યોધને રાજી થઇને તેને સેનાપતિનો અભિષેક કર્યો. પછી ત્રણે જણ દુર્યોધનની આજ્ઞા લંઇને નીકળ્યા, રાત્રે એક વડ વૃક્ષ નીચે બેઠા. ત્યાં હવે શું કરવું એનો વિચાર કરવા લાગ્યા, શ્રમથી કૃપાચાર્ય અને કૃતવર્માને નિદ્રા આવી. આ માત્ર જાગૃત હતા. એટલામાં એ વૃક્ષપર વિશ્રાંતિ લેવાને કાગડાનું જુથ નિદ્રા લેતું બેઠું હતું. તેમાં એક ઘૂડે આવીને હજારો કાગડાને માર્યા અને પછી નાશી ગયું. અશ્વત્થામાને આ ઘૂડની પેઠેજ કરવાની સ્ફૂરણા થઇ. તેથી તરત બંનેને જાગૃત કરી પોતાના વિચાર જણાવ્યા. કૃતવર્માએ કહ્યું કે આપણે સૂતેલાને મારીશું તો જગતમાં નઠારૂં કહેવાશે, ત્યારે અશ્વત્થામાએ કહ્યું કે એમ કર્યા વગર દુર્યોધનનો જીવ જવાનો નથી અને હું મારી પ્રતિજ્ઞા પૂર્ણ કર્યા વગર શરીર ઉપરથી કવચ

કહાડનાર નથી, પણ બંને એ તેમ કરવાની ના પાડી. પછી તેણે કહ્યું કે, તમે તમારે અહીં બેસો, હું એકલો જાઉં છું. એમ કહીને તે પાંડવના તંબુ તરફ ચાલ્યા. પેલા પણ પાછળ પાછળ ચાલ્યા. તંબુમાં પેસતાં અર્જુને ગહારૂદ્રની સ્થાપના કરી હતી, તેની દિવ્ય મૂર્ત્તિ તેના જોવામાં આવી. તેથી તે ગભરાયા પણ હિંમત ધરી તેણે રૂદ્રનાપર બાણ વરસાવ્યાં. એ સર્વેને રૂદ્ર ગળી ગયા. શક્તિ કહાડી તે ઉપર ફેંકી, તેને પણ ચૂર્ણ કરી નાંખી. પછી ખડ્ગ કહાડ્યું તે પણ ભાંગી ગયું. એટલું છતાં ધીટ અશ્વત્થામાએ પેલા બેની પેઠે ધૈર્ય ન છોડતાં રૂદ્રનું સ્તવન કર્યું અને આહુતી આપવા માંડી. પૂર્ણાહુતિમાં પોતે ઝંપલાવવા માંડ્યું, એટલે શિવ પ્રસન્ન થયા અને ખડ્ગ ચર્મ આપી બોલ્યા કે તારૂં કાર્ય સિદ્ધ થશે. ત્યાં કૃપાચાર્ય અને કૃતવર્મા આવી પહોંચ્યા. તે બંનેને દ્વાર સાચવવાને રાખ્યા. પોતે તંબુમાં ગયા. જોયું તો પાંડવ દૃષ્ટિએ પડ્યા નહિ, પરંતુ ધૃષ્ટદ્યુમ્નાદિક વીરો અને પાંડવના પાંચ કુમારો એને માત્ર નિદ્રામાં પડેલા જોયા. પછી ત્વરાથી પોતાના પિતાનો જે વૈરી ધ્રુષ્ટધુમ્ન તેને સહજ એટલે અર્ધ જાગૃત કર્યો, તેણે કહ્યું કે કોણ છે? ત્યાં તેનું શિર ઉડાવી દીધું. પછી તેની સ્ત્રીઓને મારી નાંખી, એટલે તો સર્વ જાગી ઉઠ્યા. હાહાકાર થઇ રહ્યો, અશ્વત્થામા મારતા ચાલ્યા, ઉત્તમૌજા, યુધામન્યુ સામા થયા, તેને શિવદત્ત ખડ્ગથી કાપ્યા. દ્રૌપદીના પાંચ પુત્રોએ થોડીવાર યુદ્ધ કર્યું, પણ તેમને, શિખંડીને અને બીજા વીરોને મારી નાંખ્યા. હાથી, ઘોડા પાયદળ, સેવક સર્વેને સંહાર્યા. પછી આગ લગાડી એ સંહારથી માત્ર પાંચ પાંડવ, કૃષ્ણ, સાત્યકીએ સાત જે સૈન્યથી ઘણે દૂર એક તંબુમાં એકાંત વિચાર કરતા બેઠા હતા તેજ માત્ર બચ્યા. બાકી સર્વ પાંડવ સૈન્યનાશ પામ્યું. એ ત્રણે પોતપોતાની વડાઈ કરતા દુર્યોધન પાસે આવ્યા અને સર્વ સમાચાર આપી કહ્યું કે;—મહારાજ! પાંચપાંડવને ઘણા શોધ્યા પણ ક્યાંએ મળ્યા નહિ, પણ બાકી સર્વતો નાશ કરી આવ્યા છીએ આ સાંભળી દુર્યોધનને સંતોષ થયો, પણ દ્રૌપદીના પાંચ પુત્રોને માર્યા એ જાણી અસંતોષ થયો હતો. પછી દુર્યોધને તરત પ્રાણ મૂક્યો હતો.

અહીં પ્રાતઃકાળે રાત્રીએ બનેલી વાત અર્જુને જાણી કે તરત રથમાં બેસી એની પાછળ ગયા. અશ્વત્થામા ગંગા કિનારે જ્યાં વ્યાસ ધ્યાનમાં બેઠા હતા, ત્યાં તેની પાછળ સંતાઈ બેઠા. એવામાં અર્જુને આવી તેને પકડ્યા, તેને લઇ દ્રૌપદી પાસે આવ્યા. પછી તેને મારવા કે કેમ? એવું પૂછતાં કૃષ્ણે નહિ મારવાની અનુમતિ આપી. તેમજ દ્રોપદીએ પણ કહ્યું કે, એ બ્રાહ્મણ છે અને ગુરૂ પુત્ર છે. તેથી તેને મારવા ઠીક નથી. જેવી રીતે હું મારા બાળકોનો શોક કરૂં છું, એવી રીતે એની માતા પણ શોક કરે એ ઠીક નહિ. માટે એને

છોડી મૂકવો ઉત્તમ છે. તેપરથી વ્યાસ, નારદ. કૃષ્ણ અને અર્જુને તેના મસ્તક ઉપર સ્વતઃસિદ્ધ રહેનાર ભૂષણરૂપ દિવ્યમણિને કાઢી આપવાને કહ્યું પણ અશ્વતથામાએ કહ્યુ કે, એ અમૂલ્યમણિ મારો પ્રાણછે, એમાં બહુ ગુણ છે. એ આપું તો મારો શિરચ્છેદ થયો સમજુ છું અને અર્જુનનો જય કહેવાય, પણ પછી અર્જુને બાણ મારી તેના મસ્તકનો મણિ છેદી લીધો અને અપમાન પૂર્વક તંબુથી બહાર કાઢી મૂક્યો. આ અપમાનથી અશ્વત્થામાને અનિવાર ક્રોધ ચડયો અને આવેશમાં આવી, પાંડવના સંહારને અર્થે બ્રહ્મશિરો અસ્ત્ર મૂક્યું. દ્રોણાચાર્યે એ અસ્ત્ર તેને પ્રાણસંકટ વેળાએ વાપરવાને આપ્યું હતું. કૃષ્ણે અર્જુનને કહ્યું કે, હવે જોયા શું કરો છો? એ અસ્ત્રથી બચવાના નથી, એ ઉત્તરાના ગર્ભને પણ છેદશે, માટે તું પણ એની સામું તેજ અસ્ત્ર મૂક. બંને અસ્ત્ર પરસ્પર અથડયાથી બ્રહ્માંડ ડોલવા માંડયું. વ્યાસે આવી કહ્યું કે, અરે! તમે બંને જણ અસ્ત્રને વાળો? અર્જુને કહ્યું કે, મેં તો વાર્યું પણ હવે અશ્વત્થામા વારે. અશ્વત્થામાએ કહ્યું કે, મેં ક્રોધમાં સાધ્યું છે તે મારાથી નહિ વળાય, તેતો ઉત્તરાના ગર્ભને છેદશેજ.

આ સાંભળી કૃષ્ણે પોતાના અલૌકિક સામર્થ્યે તે અસ્ત્રનો પરાજય કરીને ઉત્તરાના ગર્ભનું સંરક્ષણ કર્યું હતું અને અશ્વત્થામાને શાપ આપ્યો હતો કે, તું ત્રણ હજાર વર્ષ સુધી પિશાચ રૂપે ફરીશ. એ શાપ તેને ભોગવવો પડયો હતો. તેને હુંજ બહુ બળવાન છું એવું અભિમાન હતું. એવિષે લખેલું છે કે;—એક દિવસે એ દ્વારિકાં ગયેલા હતા. કૃષ્ણે એને પૂજાદિ પ્રકારથી સત્કાર કરી આસનપર બેસાડ્યા અનેક પ્રકારથી આગતાસ્વાગતા કરી વાતચિત કરી. પછી તેણે કૃષ્ણને એવું કહ્યું કે, જે ચક્ર તું તારા હાથમાં ધારણ કરે છે, તે તને શોભતું નથી; માટે તે મને આપ. એ ઉપરથી કૃષ્ણે તેનો અભિપ્રાય જાણી લેઇને કહ્યું કે, ચક્ર આ પડયું લઈ જાઓ. અશ્વત્થામાએ તે લઇ જવા માટે ઉપાડવા માડયું, પણ એને જરાએ હલાવી શકયા નહિ. ઘણું બળ અજમાવી જોયું પણ કાંઇ વળ્યું નહિ, એટલે ગર્વ તજીને નિરાશ થઇ ચાલતા થયા હતા. સાંપ્રતકાળમાં અશ્વત્થામા ચિરંજીવી હોવાથી હજુ પૃથ્વીપર છે એવું કહેવાય છે. એ હવેના દ્વાપરયુગમાં દ્રૌણી નામે વ્યાસ થશે અને આઠમા સાવર્ણિમન્વંતરમાં પણ એજ અશ્વત્થામા નામે સપ્તર્ષિમાંના એક ઋષિ થશે. એવું શાસ્ત્રોમાં ભવિષ્ય કહેલું છે.

સમર્થ યોદ્ધા.

કપટી—દુર્યોધન.

આ ચંદ્રવંશીય પૂરૂકુલોત્પન્ન ધૃતરાષ્ટ્ર રાજાની ગાંધારી રાણીના ઉદરમાં

જન્મેલા સો પુત્રોમાં વડો પુત્ર. આ ભૂમિપરથી દુષ્ટ ક્ષત્રિઓના નાશ થવાના નિમિત્તભૂત કલિના અંશથી જન્મેલો હતો. એના જન્મ કાળે અનેક દુશ્ચિન્હો થયાં હતાં. એ ઉપરથી વિદુરે તેનો ત્યાગ કરવાને ધૃતરાષ્ટ્રને સૂચના કરી હતી, પણ તેણે પુત્ર મોહે કરીને તેમ કર્યું નહિ. કહે છે કે આ ઉપરથી સર્વના જાણવામાં આવ્યું હતું કે હવે કુળનો નાશ પાસે આવ્યો. દુર્યોધન સો ભાઇઓ હતા એ સર્વે કૈરવો નામે પ્રસિદ્ધ થયા છે, દુર્યોધન શૂરવીર, આગ્રહી, બુદ્ધિમાન, સમર્થ યોદ્ધો, બુદ્ધિ વડે સ્વતંત્ર રાજ કરવે યોગ્ય, સત્તા કીર્તિનો હોંસીલો, અદેખો, આપ વડાઇ, ફુલાસ, રાજાપણાની મોટાઇ, ઉદ્ધતાઈ અને વેરથી ઉત્પન્ન થયેલા સઘળા દુર્ગુણો તેનામાં હતા, પણ ચપળતા ચતુરાઇનું બળ વિશેષ હતું. દ્રોણાચાર્ય પાસેથી ધનુર્વિદ્યા સંપાદન કરી હતી, તેમાં એ ઘણો પ્રવીણ હતો. ગદા યુદ્ધમાં એ વિશેષ પ્રખ્યાત થયેલો છે. બાલ્યાવસ્થાથીજ પોતાના કાકા પાંડુના પુત્રો પાંડવો ઉપર દ્વેષ રાખતો હતો. રમતમાં ભીમ દુર્યોધનને બહુ મારતો. તેથી તેણે તેને એક વખતે ઝેરના લાડુ ખવરાવી બાંધીને નદીમાં ડુબાવ્યો હતો, પણ ભીમ બચ્યો હતો. પાંડવ કૈરવ દ્રોણાચાર્ય પાસે વિદ્યા ભણી રહ્યા, પછી ધૃતરાષ્ટ્રે ઇચ્છયું કે કુંવરોની પરીક્ષા કરવી, નગર બાહાર રંગ અખાડો કરવો, તેમાં કુંવરો પોત પોતાની વિદ્યા દેખાડે ને સૌ લોક જુએ. પછી સુશોભિત રંગ મંડપ રચાયો. ત્યાં સ્ત્રી વર્ગ સહિત રાજકુટુંબ તથા નગરના જન સૌ જોવા આવ્યા. પ્રથમ દ્રોણ અને તેનો પુત્ર અશ્વત્થામા એ શ્વેત વસ્ત્ર પેહેરી મંડપમાં ઉતર્યા અને ઇશ્વરનું મંગળ સ્તવન ભણ્યા. પછી કુંવરો રંગ રંગનાં વસ્ત્ર સજી પોતપોતાનાં પ્રિય શસ્ત્ર સાથે ઉતર્યા. એક પછી એકે ઉભા રહીને ઘોડા ઉપરથી નિશાન માર્યાં, ઢાલ, તરવારના પટા કર્યા, ને દોડતાં, કૂદતાં, રથ દોડાવતાં, બાણ મારી દેખાડ્યાં. દુર્યોધન અને ભીમ ગદાથી લડ્યા, પણ એ બેને એક બીજા ઉપર દ્વેષ હતો. તેથી તેઓ ખરેખરૂં લડ્યા ને તેથી ત્યાં ભારે ગડબડ મચી રહી. બંનેને જુદા પાડવાને દ્રોણે અશ્વત્થામાને મોકલ્યો પણ તેઓએ ન માન્યું; પણ પછી દ્રોણે જાતે જઈ બળે કરીને બંનેને વેગળા કર્યા. એ પછી અર્જુને પોતાની પરીક્ષા આપી. પછી કર્ણ વગેરે એ. એમાં દુર્યોધન પાંડવની પ્રશંસા થતી જોઇ બહુ બળી ગયો હતો. જ્યારે કર્ણનો કૃપાચાર્યે ધિક્કાર કર્યો ત્યારે દુર્યોધને કર્ણને અંગદેશના રાજ પદનો અભિષેક કર્યો અને સર્વ મંડલીક રાજાઓ પાસે તેને માન અપાવ્યું હતું. એ પ્રસંગથી દુર્યોધનને કર્ણ એક બીજાના ખરેખરા મિત્ર થઈ રહ્યા હતા. જ્યારે ભીમ બળરામ પાસે વિશેષ ગદા યુદ્ધ વિદ્યા ભણી આવ્યા, ત્યારે દુર્યોધને પણ બળરામને ગુરૂ કર્યા હતા. જ્યારે દ્રુપદના મારથી કૌરવો પાછા વળ્યા હતા. ત્યારે તે પ્રસંગે

એકલા અર્જુનેજ દ્રુપદને દ્રોણ પાસે બાંધી આણ્યો હતો. એ પ્રસંગથી દુર્યોધને જાણ્યું કે પાંડવો કોઇપણ વખતે આપણું રાજ લેશે. સદ્ગુણી પાંડવો ઉપર લોકોની અતિ પ્રીતિ હોવાથી ધૃતરાષ્ટ્રે યુધિષ્ઠિરને યુવરાજ પદ આપ્યું. એ જોઈ દુર્યોધનના મનમાં મત્સર ભરાયો અને વેર બુદ્ધિએ વર્ત્તવા લાગ્યો. ગાંધાર દેશનો રાજા શકુનિ દુર્યોધનનો સગો મામો હતો, તે અને કર્ણ એ બંને દુર્યોધનને હિણી સલાહ આપવામાં મુખ્ય હતા. તેમની સલાહ પ્રમાણે દુર્યોધને પોતાના પિતાને સમજાવી પાંડવોને હસ્તિનાપુરથી દૂર વારણાવત (જુના પ્રયાગમાં) રાખ્યા હતા. ત્યાં લાક્ષાગૃહમાં બાળી મૂકવાનો વિચાર કર્યો હતો. પછવાડેથી એમ પણ જાણવામાં આવ્યું હતું કે પાંડવો બળી મુઆ છે. જ્યારે દ્રૌપદીના સ્વયંવરમાં પાંડવો છતા થયા અને દ્રૌપદી પરણ્યા ત્યારે દુર્યોધને બહુ ક્રોધે ભરાઇ પોતાનાં સૈન્ય બળે અર્જુન ભીમ સાથે યુદ્ધ કર્યું હતું, પણ તે હારીને પાછો હસ્તિનાપુર ગયો. લોક લજ્જાથી ધૃતરાષ્ટ્રે પાંડવોને ઇંદ્રપ્રસ્થમાં જુદું રાજ કરી આપી રાખ્યા. પછી થોડો વખત તો કૈરવોએ દ્વેષ જણાવ્યો નહોતો. પાંડવોએ સ્વપરાક્રમથી અપાર સંપત્તિ મેળવી રાજસૂ યજ્ઞ કર્યો. તે પ્રસંગે ઇંદ્રિપ્રસ્થમાં ધૃતરાષ્ટ્ર સાથે સર્વ કૈરવો આવ્યા હતા. દુર્યોધનને દ્રવ્ય ભંડારનો ઉપરી કર્યો હતો. તેણે દ્વેષથી દ્રવ્યમાં તૂટ પડાવવાના હેતુએ છૂટે હાથે અપરિમિત્ત દ્રવ્ય વ્યય કર્યો, પણ તે ખૂટયું નહિ. એ જોઇને તથા મયાસુરે કરી દીધેલો સભા મંડપ એ વગેરે તેનું ઐશ્વર્ય અવલોકીને તેને પાંડવોની સંપત્તિ હરણ કરવાની અનિવાર્ય અભિલાષા ઉત્પન્ન થઇ. તેમાં વૃદ્ધિ ગતકારણ એ થયું કે;—રાજસૂ યજ્ઞ સમાપ્ત થયા પછી એક દિવસે સંપૂર્ણ મયસભા નિહાળવાને દુર્યોધન પોતાના બંધુ અને મિત્રો સાથે ગયો. એ સભા મંડપમાં મયાસુરે પોતાની ઉત્તમ કારીગરીની અનેક રચના કરી હતી, જે જોઇને સર્વ છક થઈ જતા હતાં. તેમાં જળને ઠેકાણે સ્થળ, અને સ્થળને ઠેકાણે જળ, ભીંતને ઠેકાણે દ્વાર અને દ્વારને ઠેકાણે ભીંત આદિ અનેક પ્રકારનો ભાસ દર્શાય એવી ચાતુર્યવાળી રચના જોતાં, દુર્યોધન સ્થળ હતું ત્યાં જળ સમજીને વસ્ત્ર ઉંચાં લઇ ચાલ્યો અને ખરેખર જળ હતું ત્યાં સ્થળ સમજી વસ્ત્ર સહિત ચાલ્યો કે પાણીના કુંડમાં પડયો, વસ્ત્ર બગડ્યાં. ભીમે હાથ ઝાલી બહાર કાઢયો. આગળ જતાં દ્વાર જાણી બહાર નીકળવા ગયો કે ભીંત સાથે પછડાયો. એ રીતે પદાર્થ પરીક્ષામાં દુર્યોધને પોતાની મૂર્ખાઇ જણાવી તેથી પાંડવ પક્ષનાએ તેનું હાસ્ય કરી મહેણાં માર્યાં હતાં. તે મેહેણાં તેને મરણથી પણ અધિક લાગ્યાં. અને શલ્યની પેઠે હૃદયમાં ખટકતાં હતાં પણ એ વખત તો તે ધૈર્ય રાખી કંઇ નહિ બોલતાં ધૃતરાષ્ટ્ર સાથે પાંડવોનો સત્કાર પામી હસ્તિનાપુર ગયો.

દુર્યોધન હસ્તિનાપુરમાં આવ્યા પછી પાંડવોની સંપત્તિમાં ધ્યાન લગાડી રહ્યો હતો. એ શી રીતે હરણ કરી લાવું? એ ચિંતામાં પ્રતિદિન દુબળો થવા લાગ્યો. એ વાત ધૃતરાષ્ટ્રને જાણ થતાં તેણે બહુ પ્રકારે સમજાવ્યો કે, પાંડવોની સંપત્તિ વિષે તારે નઠારો વિચાર કરવો યોગ્ય નથી. એનું જોઇ તારે પણ સ્વપરાક્રમથી સંપત્તિ મેળવીને ઐશ્વર્યની વૃદ્ધિ કરવી એજ યોગ્ય છે, ઇત્યાદિ ઘણું કહ્યું, પણ અદેખો અને પોતાની મૂર્ખાઇથી લજ્જિત થએલો સારી શિખામણ કેમ માને? છેવટ તેણે પોતાના મામા શકુનિ, મિત્ર કર્ણ અને ભાઈ દુઃશાસનના એકત્ર વિચારથી ધૃતરાષ્ટ્રને સમજાવી પાંડવોને એક મહોત્સવને બાને હસ્તિનાપુરમાં તેડાવ્યા. યુક્તિ કરી યુધિષ્ઠિરને દ્યૂત રમાડી કપટ વિદ્યાથી તેણે પાંડવનું સર્વસ્વ હરી લીધું. દુર્યોધને દ્રૌપદીને સભામાં તેડાવી પાંડવોની દયામણી સ્થિતિ વિષે બોલી તેને પોતાના ખોળામાં બેસવાનું કહ્યું, તેનાં વસ્ત્ર કહાડવાની દુઃશાસનને આજ્ઞા આપી, પણ એ પ્રસંગે કૃષ્ણે અબળાની લાજ રાખી હતી અને દ્રૌપદીએ દુર્યોધનને શાપ આપ્યો હતો, ભીમે ગદા ફેરવી પણ યુધિષ્ઠિરે સમજાવી અટકાવ્યો. વિદુર અને ભીષ્મે ધિક્કાર કર્યો. ઇત્યાદિથી દુર્યોધન ઝાંખો પડી ગયો. પાંડવો દ્રૌપદી સાથે દાસ થયા હતા, તેને ધૃતરાષ્ટ્રે આવી મુક્ત કર્યા. બાર વર્ષ વનવાસ અને એક વર્ષ છૂપાં રહેવું, જો એક વર્ષમાં છતા થાય તો ફરી પાંડવોએ બાર વર્ષ વનમાં રહેવું, એવો ઠરાવ કરી વનવાસ કહાડ્યા. દુર્યોધન પાંડવોની સંપત્તિ નિષ્કંટકપણે ભોગવવા લાગ્યો. પાંડવો વનમાં ગયા પછી પોતે સર્વ રાજાથી સારો રાજા કહેવડાવવાના હેતુએ અતિશય ઉત્તમ નીતિથી રાજ્ય કર્યું, પરંતુ પાંડવોનો નાશ કરાવવાની તેની બુદ્ધિ ન્યૂન થઈ નહિ. પાંડવો ક્યાં હશે? શું કરતા હશે? તેનો આ નિરંતર ગુપ્ત રીતે શોધ કરાવતો હતો, પાંડવો દ્વૈત વનમાં હતા, દુર્યોધને તેને પોતાનો વૈભવ દેખાડવાનો અને અડચણ કરવાનો વિચાર કર્યો. ગાયો, વાછડાં, ગોધા વગેરેની ગણતરી કરવાના નિમિત્તે ધૃતરાષ્ટ્ર પાસેથી રજા મેળવી કર્ણ, શકુનિ, દુઃશાસન ઇત્યાદિ સાથે પાંડવોને આશ્રમે જવા નીકળ્યો. ગાયો વગેરેની ગણત્રી કરી દ્વૈતવન સમીપે એક સરોવર હતું ત્યાં આવી જળક્રિડા કરવાનો વિચાર કર્યો. પાંડવોને અડચણ કરવાનો દુર્યોધનનો હેતુ જાણીને ઇંદ્રે પાંડવોનું સંરક્ષણ કરવાને ચિત્રસેન ગંધર્વને મોકલ્યો હતો. તેણે દુર્યોધનને આવ્યો જાણી પોતાના દૂત સાથે કહાવી મોકલ્યું કે;—હું આ સરોવરપર સ્ત્રીયો સાથે ક્રીડા કરૂંછું. માટે તારે અહીં આવવું નહિ, પરંતુ આ મદોન્મત્ત દુર્યોધને ગંધર્વના દૂતનો તિરસ્કાર કરી સંદેશો કહાવી મોકલ્યો કે; તું આ વનમાંથી સત્વર નીકળી જા. નહિ જા તો હું તને શિક્ષા કરીશ. આ સાંભળી ચિત્રસેન ગંધર્વને ક્રોધ ચડતાં દુર્યોધન સાથે યુદ્ધ કર્યું, તેમાં કર્ણાદિને હરાવી નસાડ્યા,

દુર્યોધનને કેદ કર્યો. સૈન્ય કેટલું નાશી ગયું, એક નાશેલો પ્રધાન પાંડવોને આશ્રમે આવ્યો. તેમણે સર્વ વાત કહી બતાવી. આ સાંભળી ભીમે કહ્યું કે;—જે અમને પ્રિય હતું તેજ ચિત્રસેને કર્યું, પરંતુ યુધિષ્ઠિરે દયા આણી ભીમને કહ્યું કે એવું આ સમયે આપણે ન બોલવું જોઇએ. તું અને અર્જુન સત્વર જઇને ચિત્રસેન પાસેથી દુર્યોધનને છૂટો કરો. વડીલ ભાઇની એવી આજ્ઞાથી નિરૂપાય થઇ "અવગુણ ઉપર ગુણ કરવાને" ભીમાર્જુન ચિત્રસેન પાસે ગયા. ચિત્રસેને કહ્યું, તમે શા માટે અહીં આવ્યા? ઇંદ્રે મને તમારા સંરક્ષણાર્થે મોકલ્યો છે; દુર્યોધન તમારૂં બુરૂં કરવાને આવ્યો છે. માટે મેં એને બાંધ્યો છે તે યોગ્યજ છે, તમે પાછા જાઓ એજ ઉત્તમ છે. આ સાંભળી અર્જુને કહ્યું કે;—તું કહે છે તે સર્વ સત્ય છે, પણ યુધિષ્ઠિર—ધર્મની આજ્ઞા જેવી અમારે વંદ્ય છે તેવીજ તારે પણ છે. માટે દુર્યોધનને છોડી મૂકીને તારે સ્થળે જા. આ કહેવું ચિત્રસેને માન્યું નહિ. એ ઉપરથી અર્જુને યુદ્ધ કરી ચિત્રસેનને હરાવ્યો અને કહ્યું કે તારૂં માન રાખવા દુર્યોધનને અહીં નહિ છોડી મૂકતાં, યુધિષ્ઠિર સમીપે લઇ જઈ મૂક્ત કરીશ. એમ કહી ભીમાર્જુન દુર્યોધનને યુધિષ્ઠિર પાસે લઈ આવ્યા. દુર્યોધન શરમાઈ ગયો. યુધિષ્ઠિરે તેને જવાની આજ્ઞા આપતી વખતે કહ્યું કે;—દુર્યોધન! તું આ અવસ્થાને કદી યોગ્ય નહોતો! આ વાત તો ભારે થઇ! પરંતુ તું હવે એવું સાહસ કર્મ કદી કરવાને તૈયાર થઇશ નહિ. ઇત્યાદિ કહી રજા આપી. દુર્યોધને અપમાન પામી ધર્મને વંદન કર્યું, અતિ લજ્જાઇને ત્યાંથી નીકળ્યો. કર્ણ, દુઃશાસન અને શંકુનિ દીલગીર થતાં આવી મળ્યા. અરે! એ કોઇ વેળાજ એવી હતી, થયું તે થયું, હશે. ઇત્યાદિ મન વાળવાનાં વચનો કહી સાંત્વન કરવા લાગ્યા દુર્યોધને કહ્યું કેઃ—મેં આ અપમાનથી પ્રાણ ત્યાગવાનો નિશ્ચય કર્યો છે, તે હવે ફરનાર નથી. તમે સર્વે હસ્તિનાપુર જાઓ. એવું કહી તેણે અગ્નિ પ્રજ્વલિત કર્યો, દર્ભાસન ઉપર અગ્નિમાં ઉડી પડવાના ઉદ્દેશે ધ્યાનસ્થ થયો. દુર્યોધન ધ્યાનમાં હતો, ત્યાં તેને સ્વપ્નની પેઠે કેટલાક અસુરોનો ભાસ થયો, તેઓ એવું કહેવા લાગ્યા કે;—દુર્યોધન! તું પાંડવોના નાશ વિષે દૃઢ મતિ ધારણ કર. અમે તને સહાય કરીશું. નરકાસુર ઇત્યાદિ જે અસુરો મૃત થયા છે, તે સર્વ ભીષ્મ, દ્રોણ, કર્ણ, ઇત્યાદિ તારા પક્ષી વીરોનાં શરીરમાં પ્રવેશ કરશે. જે અસુરો ક્ષત્રિય રૂપે પૃથ્વીપર જન્મેલા છે, તે તને સહાય કરીને પાંડવોને મારશે. માટે મરવાનો વિચાર મૂકી દે. એટલું બોલી સર્વ અદૃશ્ય થયા. દુર્યોધન જાગૃતની પેઠે ધ્યાનમાંથી સાવધ થયો. આ ઉપરથી કાંઇક ધૈર્ય આવ્યું. આ સ્વપ્નની વાત કોઈ પાસે પણ ન કહેતાં કર્ણાદિ સાથે હસ્તિનાપુરમાં મોટા ઉલ્હાસથી પ્રવેશ કર્યો.

હસ્તિનાપુરમાં રહી પાંડવોનો નાશ શી રીતે થાય? એ સર્વ ચિંતન કર્યા કરતો હતો. એવામાં દુર્વાસા ઋષિ આવ્યા. તેને યુક્તિથી સમજાવી પાંડવોને શાપ દેવાને મોકલ્યા હતા, પણ ઋષિથી નીતિવાન પાંડવોને શાપ દેવાયો નહોતો. એક દિવસે દુર્યોધન કર્ણની સાથે સભામાં પાંડવોની નિંદા કરતો બેઠો હતો, ત્યાં ભીષ્મ આવ્યા તેમણે પાંડવની નિંદા સાંભળી સર્વનો ધિક્કાર કર્યો. કર્ણનો તો એટલો તિરસ્કાર કર્યો કે, તે ક્રોધથી દિગ્વિજય કરવાને નીકળ્યો. અનેક રાજાઓને જીતી અપરિમિત્ત દ્રવ્ય લાવી દુર્યોધનને કહ્યું કે, તું પાંડવો પ્રમાણે રાજસૂયજ્ઞ કર. તે ઉપરથી દુર્યોધને પુરોહિતને બોલાવી યજ્ઞનો વિચાર પૂછ્યો. ત્યારે તેમણે અને બીજા બ્રાહ્મણોએ કહ્યું કે;—તારા કુળમાં આ યજ્ઞ યુધિષ્ઠિરે કર્યો છે, તે વિદ્યમાન છે. તેથી તેનો અધિકાર તારે રહ્યો નથી. માટે તારે ઇચ્છા હોયતો બીજો યજ્ઞ કર. એ ઉપરથી તેણે વિષ્ણુ યાગ કરવાનો સર્વાનુમતે ઠરાવ કર્યો. બ્રાહ્મણોને આમંત્રણ કર્યાં, સુવર્ણ વડે યજ્ઞ ભૂમિની સિદ્ધતા કરી. યજ્ઞનો આરંભ કર્યો, પાંડવોને બોલાવી લાવવાને વનમાં દૂત મોકલ્યો, દૂતે જઇ યજ્ઞમાં આવવાનું જણાવ્યું. યુધિષ્ઠિર—ધર્મે કહ્યું કે; અમો અહીંથી ત્યાં આવીશું નહિ, દુર્યોધન યજ્ઞ કરે છે, તેનો અમારે સંતોષ છે. એ તું દુર્યોધનને જઇને કહેજે. આ સાંભળી દૂત જવા તૈયાર થયો પણ ભીમે તેને હાક મારી કહ્યું કે:—તેર વર્ષ પૂર્ણ થયા પછી **યુદ્ધયજ્ઞ** થનાર છે. તે સમયે શસ્ત્રાસ્ત્ર રૂપ અગ્નિમાં દુર્યોધનની આહુતી થવાના પ્રસંગ પહેલાંજ અમે ત્યાં આવીશું, બોલાવવાની વાટ જોઇશું નહિ, એ તું સર્વ કૌરવોને મારો સંદેશો કહેજે. દૂતે આવી દુર્યોધનને સર્વ વાત કહી હતી. આ સંદેશાથી દુર્યોધને મનભંગ થઇને વિષ્ણુ યાગ બરાબર પૂર્ણ કર્યો, સર્વ બ્રાહ્મણોને અપાર ધન વસ્ત્રાદિકથી સંતોષી વિદાય કર્યા. પાંડવોને છતા કરી ફરીથી વનવાસ મોકલવાના વિચારે દુર્યોધને જ્યારે વિરાટ રાજાની ગાયો પકડાવી આણી ત્યારે કૌરવ અને અર્જુન વચ્ચે યુદ્ધ થયું હતું તેમાં અર્જુને કૌરવોને મૂર્છાપમાડી દુર્યોધનનો મુગટ છેદ્યો હતો. તેનાં વસ્ત્ર વિરાટ પુત્ર ઉત્તર કુંવર પાસે કઢાવી ઉત્તરા કુંવરીને તેની ઢંગલીને માટે અપાવ્યા હતાં. વનવાસની તેર વર્ષની મુદત પુરી થઇ ગઇ હતી, તેથી કૌરવોનું કંઇ ન ચાલતાં નિરાશ થઈ પાછા ગયા હતા. મોટું યુદ્ધ ન કરતાં સમાધાનીથી પાંડવોને રાજનો અર્ધો ભાગ આપવા વિષે દુર્યોધનને કૃષ્ણ, નારદ, વિદુર, ભીષ્મ, ધૃતરાષ્ટ્ર અને ગાંધારી વગેરેએ બહુ સમજાવ્યો, પણ તેણે કોઇનું ન સાંભળતાં કર્ણ, શકુનિના વિચારથી અગિયાર અક્ષૌહિણી સૈન્યા સાથે પાંડવો સામે યુદ્ધ કરવા ચાલ્યો. મદ્રદેશાધિપતિ શલ્ય રાજા પાંડવ પક્ષમાં જતો હતો, તેને પણ દુર્યોધને યુક્તિથી પોતાના પક્ષમાં લીધો. કૌરવ પાંડવ

વચ્ચે જે ઘોર યુદ્ધ થયું. તે **ભારતી યુદ્ધ** નામે પ્રસિદ્ધ છે. ભીષ્મ, દ્રોણ, કર્ણ, એ ત્રણેએ જે રીતે યુદ્ધ કર્યું, તેજ રીતે દુ:શાસન અને શકુનિ આદિએ કર્યું. તેમાં કેટલાક બાહારથીઓ સાથે અસંખ્ય સૈન્ય મરણ પામ્યું. દુર્યોધન અતિશય ઉદાસ થયો. ત્યારે અશ્વત્થામાની સૂચનાથી શલ્ય સેનાપતિ થયો, તે પણ મરણ પામ્યો. જ્યારે યુદ્ધમાં સઘળા કૌરવો અને બીજા સહાયક રાજાઓ પડ્યા અને છેલ્લીવારે ભીમ ગદા લઇને દુર્યોધન ઉપર દોડયો, ત્યારે એ ભયભીત થઇને **જળસ્તંભન વિદ્યા**ના યોગે દ્વૈપાયન નામે પાણીથી ભરેલા તળાવમાં જઇને પડયો. મંત્ર બળથી શ્વાસ રૂંધી તળીએ જઇ બેઠો. એ વાત ભીમે જાણી તેને શોધ કાઢયો, પાંડવો અને બીજા સૌ ત્યાં ગયા. ધર્મ રાજાએ કહ્યું કે:—તું બાહાર નીકળ, તું જેમ ઇચ્છીશ તેમ યુદ્ધ કરીશું. (જુઓ યુધિષ્ઠિર ચરિત્ર.) પછી દુર્યોધને ભીમ સાથે ગદા યુદ્ધ કર્યું. તેમાં કોઇ કોઇથી હારે નહિ. ત્યારે કૃષ્ણના સંકેતથી ભીમે તેની ડાબી જાંઘ–સાથળ ઉપર એવી તો જોરથી ગદા મારી કે તે પડયો. ગદા યુદ્ધમાં કટીથી નીચેના ભાગપર ગદાનો પ્રહાર કરવો નહિ એવો નિયમ અસલથી હતો, એ નિયમ તોડ્યાથી બળરામ જે એ વખતેજ યાત્રા કરીને આવ્યા હતા, તેને ઘણો ક્રોધ ચડયો. તેઓ ભીમપર દોડ્યા, પણ કૃષ્ણે સાંત્વન કરી કહ્યું કે:—તારા સાથળપર તો ગદા બેસશે અને તેથી તું મરણ પામીશ એવો મૈત્રેય ઋષિ અને દ્રૌપદીનો શાપ દુર્યોધનને હતો. તેજ પ્રમાણે થયું છે એ માટે ભીમ ઉપર ક્રોધ કરવો નહિ. આ સાંભળતાંજ બળરામ શાંત થઇને દ્વારિકાં ગયા. ત્યાંથી દુર્યોધન ગદા વાગવાથી ઉઠી શકયો નહિ. સૌ ચાલતા થયા માત્ર તે એકલો રણ ભૂમિમાં ધૂળથી રગડાતો આરડતો પડયો હતો. એવામાં કૃપાચાર્ય, કૃતવર્મા અને અશ્વત્થામા ત્યાં આવ્યા. તેનો જીવ જતો નહોતો. માટે તેને સંતોષવા અશ્વત્થામા પ્રતિજ્ઞા કરીને પાંડવોનો સંહાર કરવાને ગયા. રાત્રે પાંચાળ અને પાંડવ–દ્રૌપદી પુત્રોને મારી પાંડવો ઉપર દોડ કરી હતી, ત્યારે તેને કૃષ્ણે અટકાવી પાછા વાળ્યો. તેણે દુર્યોધન પાસે જઇને કહ્યું કે, મેં પાંડવ સૈન્ય અને તેઓના પુત્રોનો સંહાર કર્યો છે. આ સાંભળતાંજ તરત દુર્યોધને પ્રાણ તજી દીધો હતો. આ ચરિત્ર ઉપરથી સમજાશે કે દુર્યોધને દુર્બુદ્ધિ રાખી અવળી સલાહ પ્રમાણેજ આચરણ કર્યું, સદ્ગુણી પાંડવો પ્રત્યે દ્વેષ રાખ્યો, ભીષ્મ, દ્રોણ, વિદુર, નારદ, કૃષ્ણ આદિ વડીલ વૃદ્ધ સત્પુરૂષોની શિખામણ માની નહિ. ઉદ્ધતપણે વર્ત્તી અંત લગી મમત મૂકયો નહિ, તો અંતે કૌરવો વગેરેના નાશનો નિમિત્ત ભૂત થઇને જગતમા નિંદાયો, પોતાના સુખ અને રાજ્યનો અંત આણ્યો. પાંડવોનો નાશ કરવા જતાં પોતાનોજ નાશ થયો. **"ખોદે તે પડે"** આ કહેવત પ્રમાણે થયું. **વેર તો દુર્યોધનનુંજ**

એ કહેવત ત્યારથી ચાલી. એ રીતે તેણે પોતાના બળ બુધ્ધિનો ગેર ઉપયોગ કર્યો, જગતમાં એક દુષ્ટ રાજા તરીકે પ્રસિદ્ધ થયો છે. માટે રાજાઓએ રાજ્ય લોભ, દ્રવ્ય સંપત્તિ આદિનો ખોટો મોહ નહિ રાખતાં, સ્વપરાક્રમવડે સર્વ ધર્મનીતિથી મેળવવાની ઇચ્છા કરવી. કુટુંબ અને પ્રજા પ્રત્યે પ્રીતિથી વર્ત્તને સત્કીર્ત્તિ સંપાદન કરવી. એજ આલોક અને પરલોકમાં શ્રેયકર છે.

નીતિમાન્ધર્માત્મા.

ચક્રવર્તિ—પરીક્ષિત્‌રાજા.

આ પરમ પરાક્રમી પ્રતાપી રાજા ચંદ્રવંશીય પુરૂકુલોત્પન્ન પાંડવ—અર્જુનના પૌત્ર અને અભિમન્યુના પુત્ર. એનો જન્મ કલિયુગના પ્રારંભમાં થયો. એ જ્યારે ઉત્તરાના ગર્ભમાં હતા, ત્યારે અશ્વત્થામાએ એનો નાશ કરવાને ઉત્તરાના પેટમાં બ્રહ્માસ્ત્ર મૂકયું હતું, પરંતુ શ્રીકૃષ્ણે પોતાના અલૌકિક સામર્થ્યના બળે સુદર્શનચક્રવતી તેને અટકાવી સંરક્ષણ કર્યું હતું અને પોતે ઉત્તરાના ઉદરમાં પ્રવેશ કરી પરીક્ષિતને દર્શન આપ્યું હતું. પૂર્ણ માસે જન્મ્યા પછી પરીક્ષિત્ પોતાની આસપાસ જોવા લાગ્યા કે, મને પેટમાં જેણે દર્શન આપ્યું હતું, તે અહીંઆં છે કે નહીં.? એ વાત જોષીઓના જાણવામાં આવતાં તેનું નામ **પરીક્ષિત્** પાડયું હતું. વળી વિષ્ણુએ આપેલા હોવાથી તેને **વિષ્ણુરાત** પણ કહે છે. તેઓ ઋષિઓના ભવિષ્યકથન પ્રમાણેજ મહાશૂરવીર, બાણાવળી, દાતા, ઉદાર, ધૈર્યવાન, પ્રજાસંરક્ષક, બ્રાહ્મણોનું હિતકર્ત્તા, સત્ય પ્રતિજ્ઞા વાળા, ગંભીર, પ્રતાપી, નીતિમાન, ધર્માત્મા, ક્ષમાવંત, ભક્તિવાન, દુરાચારીઓને શિક્ષા કરનાર, ધર્મ સંરક્ષક, મહાપુરૂષોના સોબતી, વિદ્વાન અને તત્ત્વજ્ઞાની હતા. કૃપાચાર્ય પાસેથી વેદવિદ્યા અને ધનુર્વિદ્યા સંપાદન કરી મહા પ્રવીણ થયા હતા. યુધિષ્ઠિરાદિ પાંડવો તેને ૩૬ વર્ષની વયે હસ્તિનાપુરના રાજ્યાસન ઉપર સ્થાપી હિમાળે ગળવા ગયા હતા. તેઓ પાસે માત્ર સુભદ્રા રહ્યાં હતાં. પરીક્ષિત પોતાના મામા વિરાટ પુત્ર ઉત્તરની કન્યા **ઇરાવતી** સાથે પરણ્યા હતા. તેનાથી એને જન્મેજય, શ્રુતસેન, ભીમસેન, અને ઉગ્રસેન એ ચાર પુત્રો થયા હતા. મહારાજા પરીક્ષિત્ પાંડવો પ્રમાણેજ ધર્મનીતિથી રાજ્ય ચલાવવા લાગ્યા. કુરૂજાંગલ દેશમાં કલિયુગે પ્રવેશ કર્યો, ત્યારે પરીક્ષિત રાજા પોતાની સૈન્યા સાથે રથમાં બેસી **દિગ્વિજય** કરવાને નગર બહાર નીકળ્યા. પછી ભદ્રાશ્વ, કેતુમાલ, ભારતવર્ષ, ઉત્તરકુરૂ, અને કિંપુરૂષ આદિ જંબુદ્વીપના દેશોને જીતીને ત્યાંના રાજાઓ પાસેથી ખંડણી લીધી હતી. તેઓ

નિરંતર પૂર્વજોની રીતિએ વર્ત્તવા લાગ્યા હતા. કૃપાચાર્યને ગુરૂ કરી ઘણી દક્ષિણા વાળા ત્રણ **અશ્વમેધ** યજ્ઞ કર્યા અને અતિપ્રસિદ્ધિને પામ્યા. કલિયુગને લીધે **તપ, ક્ષમા** અને **દયા** એ ત્રણ ધર્મનાં અંગોનો નાશ થયો હતો. તેને પરીક્ષિત્ રાજાએ પ્રવર્ત્તાવ્યાં, સર્વ અધર્મને દૂર કર્યો હતો. પ્રજાપાળક ચક્રવર્તિ રાજા પરીક્ષિતના પ્રબળ પ્રતાપ આગળ અધર્મના મૂળરૂપ કલિયુગ આ જગત્માં સર્વ ઠેકાણે પ્રસર્યો હતો, છતાં પણ પોતાનું સામર્થ્ય બતાવી શક્યોજ નહોતો. મહારાજા એક દિવસે અરણ્યમાં મૃગયા રમવાને ગયા હતા, ત્યાં એક **ગાય** અને **બળદ** એ બંનેને માંહોમાંહે વાત કરતાં દીઠાં, તે સાંભળવાને એક ઝાડને ઓથે ઉભા રહ્યા. તેમની વાતથી તેના જાણવામાં આવ્યું કે, બળદ તે ધર્મનું રૂપ છે અને ગાય તે પૃથ્વીનું રૂપ છે. એ બંને પોતાના ઉપર અધર્મ થવાથી નિર્બળ થઇ ગયાં છે. એ બંને વાત કરતાં હતાં, ત્યાં તેમની પાછળ એક શુદ્ર, રાજાને વેશે રથપર બેસી સૈન્ય સાથે હાથમાં એક સોટો લઇને દોડયો આવ્યો. તેને જોઇ ગાય અને બળદ થરથર ધ્રુજવા લાગ્યાં. પરીક્ષિત્ રાજા જે વૃક્ષને ઓથે ઉભા હતા, તેણે બાણ ચડાવી એ શુદ્રને કહ્યું કે, આ ગરીબ ગાય, બળદ ઉપર જૂલમ છોડી દે, નહિ તો હું તને મારી નાખુંછું. પેલો શુદ્ર તો ભય પામી ઉભો રહ્યો. રાજાએ બળદને કહ્યું કે, હું તારૂં રક્ષણ કરીશ. તું નિર્ભયપણે મને કહે કે, આ તારા ત્રણ પગ કોણે ભાંગી નાખ્યા ? બળદે કહ્યું કે;—મહારાજ ! હું જેનું નામ આપીશ, તેથી તમે પણ સંકોચ પામશો. શાસ્ત્રમાં પણ એનું નામ દેવાની મના છે. માટે તમારી બુદ્ધિથી વિચારી જુઓ એટલે જણાશે. પછી રાજાએ શ્રીકૃષ્ણનું ધ્યાન કર્યું, એટલે જ્ઞાનથી જણાયું કે, આ શુદ્ર છે તે કલિયુગ છે અને તેણે આ ધર્મરૂપ બળદના **તપ, ક્ષમા** અને **દયારૂપી** ત્રણ પગ, **અહંકાર, પરસ્ત્રીગમન** અને **મદ્યપાને** કરીને ભાંગી નાખ્યા છે. આ પૃથ્વીરૂપી ગાયનાપર પણ તેણે અધર્મ ચલાવ્યો છે. તેથી એ નબળી પડી ગઇ છે. રાજાએ કલિયુગને ખડગથી મારવા માંડ્યો, ત્યારે કલિએ કાલાવાલા કરી કહ્યું કે;—મહારાજ ! બ્રહ્માનું કરેલું મિથ્યા થનાર નથી. મારામાં બધા અવગુણ છે, પરંતુ ત્રણે યુગ કરતાં એક મોટો ગુણ છે, તે એકે ત્રણે યુગના રાજ્યમાં હજારો વર્ષ લગી તપ કરતા હતા, ત્યારે મનુષ્યોની ઇચ્છા પૂર્ણ થતી હતી, પણ મારા રાજ્યમાં જે કોઇ પવિત્રપણે **એક ધ્યાનથી શુદ્ધ અંતઃકરણે નારાયણનું સ્મરણ કરશે,** તેની ઇચ્છા પૂર્ણ થશે. પછી રાજાએ પ્રસન્ન થઇ કલિને આજ્ઞા કરી કે;—જ્યાં જુગટું રમાતું હોય, મદીરા વેચાતી કે પીવાતી હોય, વેશ્યા રહેતી હોય અને જ્યાં જીવ હિંસા થતી હોય, ત્યાં તારો વાસ કર. કલિએ કહ્યું કે, એટલામાં મારા પરિવારનો સમાસ નહિ થાય, ત્યારે રાજાએ

કહ્યું કે;—સુવર્ણમાં અને કંજુસ માણસ જે ધર્મ, દાન ન કરતો હોય તેનામાં પણ રહેજે. આ સાંભળી કલિએ વિચાર્યું કે હાલ તો જવું, પણ રાજાનું મન ધર્મ ઉપરથી ઉઠે તેવો અવસર સાધવો. પછી રાજાને નમન કરી કલિ જતો રહ્યો. તેણે રાજાના કહેવા પ્રમાણે પાંચ જગ્યોએ પોતાનો વાસ કર્યો. એક સમયે રાજા વનમાં મૃગયા કરવાને ગયા. ત્યાં તેમણે ઘણાં મૃગો માર્યાં, પણ એક ઘાયલ મૃગની પછવાડે લાગવાથી મધ્યાન્હ થયા, થાક લાગ્યો, ભૂખ અને તરષ લાગી, પાણી શોધતાં ક્યાંય મળ્યું નહિ, અંતે શોધ કરતા શમીકઋષિનો આશ્રમ દીઠો ત્યાં ગયા. ઋષિ પર્ણકુટીમાં ઇંદ્રિય, પ્રાણ, મન, અને બુદ્ધિને સ્વરૂપમાં જોડી વિરામ પામેલા (સમાધિસ્થ થયેલા.) હતા, ત્યાં રાજા ગયા, જઇ ઋષિ ધ્યાનમાં બેઠા હતા તેને કહ્યું કે;–હું અભિમન્યુનો પુત્ર પરીક્ષિત રાજા બહુ તૃષાથી પીડાઉંછું. માટે મને દયા કરીને પાણી પાઓ. ઋષિએ રાજાને કંઇ ઉત્તર આપ્યો નહિ. એ વેળા રાજાએ જીવહિંસા કરેલી, સુવર્ણ મુગટ પહેરેલો હતો. તે કારણથી કલિએ તેનામાં પ્રવેશ કર્યો. તેને લીધે રાજાને કોઈ સમયે પણ નહિ થયેલો એવો તરત બ્રાહ્મણ ઉપર મત્સર અને ક્રોધ થયો. તેના આવેશમાં પોતાના ધનુષની અણી વડે તે બ્રહ્મર્ષિના ગળામાં મુએલા સર્પને નાખી, આશ્રમ બહાર નીકળ્યા અને પોતાના નગરમાં આવ્યા. રાજમંદિરમાં જઇ પોતાનો મુગટ ઉતાર્યો. એટલે રાજાને જ્ઞાન આવ્યું કે, સુવર્ણમાં કળિયુગ છે, અને મેં સુવર્ણ મુગટ પહેર્યો; તેથી જીવ હિંસા કરી અને ઋષિના ગળામાં મુએલો સર્પ નાખ્યો. કલિએ ખરેખરૂં પોતાનું વેર લીધું. અરે! મેં અનાર્ય પુરૂષની પેઠે નિરપરાધી બ્રાહ્મણનો મોટો અપરાધ કર્યો. અરે! મેં ઇશ્વરની અવજ્ઞા કરી, માટે મારી પોતાની ઉપર થોડીવારમાં મોટી આપત્તિ અવશ્ય આવવી જોઇએ. અરે! તે આપત્તિ મારા પાપની શુદ્ધિને માટે ભલે આવે. જેથી ફરી હું એવું કામ કદી કરૂં નહિ. ભલે કોપેલા બ્રાહ્મણના કુળરૂપ અગ્નિ, મારાં રાજ્ય, બળ અને ધનથી પૂર્ણ એવા ભંડારને આજેજ બાળી નાંખો. જેથી હું કદી પણ બ્રાહ્મણ, દેવતા અને ગાય ઉપર ફરી પાપ બુદ્ધિ કરૂં નહિ ઇત્યાદિ ઘણા પસ્તાવા લાગ્યા.

અંગિરાપુત્ર શમીક ઋષિના કોટમાં સર્પ હતો, તે બીજા ઋષિપુત્રોએ દીઠો, તેથી તેમણે કૌશિક નદીને કિનારે એ ઋષિના પુત્ર શૃંગી ઋષિ રમતા હતા તેને સર્વ વાત કહી. શૃંગીએ સાંભળતાંજ શાપ આપ્યો કે;— “ આજથી આતમે દિવસે મારા પિતાની કોટમાં સર્પ નાખનારને તક્ષક નાગ કરડશે અને તે મરણ પામશે. ” પછી એ પિતા પાસે આવ્યા. તેની કોટમાંથી સર્પ કહાડીને તે મરણ પામ્યા હશે એમ જાણી વિલાપ કરવા લાગ્યા. વિલાપથી શમીકઋષિ સમાધિમાંથી જાગૃત થયા અને રોવાનું કા-

રણ પૂછ્યું. શૃંગીએ બનેલી વાત પિતાને કહી બતાવી. ત્યારે ઋષિએ પોતાના પુત્રને પરીક્ષિત જેવા દેવ રૂપી ધર્મિરાજાને થોડા વાંક માટે ઘણો દંડ કર્યો, એવા રાજાને સાધારણ માણસ તરીકે ગણવો યોગ્ય નથી ઇત્યાદિ કહી ઘણો ઠપકો આપ્યો. એવી રીતે પુત્રે કરેલા અપરાધથી ખેદ પામેલા મુનિએ રાજાએ પોતાનો અપરાધ કર્યો હતો, છતાં પણ તેનો અપરાધ ગણ્યો નહિ. અહો! આ મહાપુરૂષની ઓછી મહત્તા ન સમજવી: જગતમાં સાધુ પુરૂષો બીજાથી દુઃખ પામતા છતાં, પણ હર્ષ શોક નહિ રાખતા ક્ષમા કરે છે; કેમકે આત્મા સુખ દુઃખ આદિ દ્વંદ્વ ધર્મથી મુક્ત છે. શમીક ઋષિએ રાજાને પોતાના શિષ્ય સાથે કહાવ્યું કે;—મારાથી તમને પાણી ન પવાયું. તેથી ઘણો પસ્તાઉં છું અને મારા બાળક પુત્રે આજથી સાતમે દિવસે તમને તક્ષક નાગ કરડવાથી મરણ થવાનો શાપ દીધો છે. તેથી હું ઘણો ખેદ પામું છું. માટે તમારે દાન, ધર્માદિ જે મુક્તિનું સાધન કરવું હોયતે કરવું. પરીક્ષિત્ રાજાએ એજ શિષ્ય સાથે ઋષિને નમસ્કાર કહાવી કહેવડાવ્યું કે, મારો અપરાધ ક્ષમા કરજો. પછી રાજાએ બ્રાહ્મણોને ઘણાં દાન કર્યાં, પોતાના પુત્ર જન્મેજયને રાજ્ય સોંપ્યું અને પોતે વસ્ત્ર, શણગાર ઉતારી લંગોટી મારી હરદ્વાર ગયા, આલોક પરલોક ઉપરથી આક્તિ છોડી દીધી, માત્ર ઇશ્વર સેવાને અધિક માની ગંગાકિનારે અનશનવ્રતનો સંકલ્પ કરીને બેઠા. સર્વ વસ્તુમાંથી આસક્તિ છુટી જવાથી તેનું મન શાંત થયું, કોઈ પણ વિષયમાં મનને ન જવા દેતાં એકાગ્ર ચિત્તથી ઇશ્વિરનું ધ્યાન કરવા લાગ્યા. પરીક્ષિત્ રાજાને શાપ થયાની અને તેને ગંગાકિનારે ગયાની વાત સાંભળી મોટા મોટા ઋષિઓ હરદ્વાર આવ્યા. તેમને રાજાએ દંડવત્ પરણામ કરી પ્રશ્ન કર્યો કે મારી મુક્તિ થાય એવો ઉપાય બતાવો. સર્વ એકમત થઈ વિચાર કરે છે, તેટલામાં વ્યાસ પુત્ર શુકદેવજીને લઇ નારદ આવ્યા. શુકદેવજીનો વેષ અબધૂતનો હતો, સ્વરૂપના આનંદમાંજ તેઓ મગ્ન હતા, તેની અવસ્થા સોળ વર્ષની હતી અને દેવ સમાન તેજસ્વી શ્યામ મૂર્ત્તિ હતી. સર્વ ઋષિઓએ તેમને ઘણું માન આપ્યું, રાજાએ પણ તે બંનેની પૂજા કરી ચરણોદક પીધું. રાજાએ તેમને કહ્યું કે;—**"મરણ સમયે મનુષ્યનું સર્વ પ્રકારે કર્ત્તવ્ય શું છે?"** શુકદેવજીએ કહ્યું;–આત્મ સ્વરૂપથી અજાણ્યા ગૃહસ્થાશ્રમમાં આસક્ત ગૃહસ્થોનું આયુષ્ય રાત્રિએ નિદ્રામાં અથવા સ્ત્રી સંગમાં ચાલ્યું જાય છે, દિવસે ધન મેળવવાના ઉદ્યોગમાં કે કુટુંબના ભરણપોષણમાં વહી જાય છે. શરીર, સંતાન અને સ્ત્રી આદિ પરિવાર નાશવાન્ છે તેમનો નાશ થાય છે. તેઓ પોતે નજરે જુએ છે, છતાં સંસારમાં પ્રીતિવાળો પુરૂષ તેને ન દેખતો હોય તેની રીતે વર્તે છે. માટે મોક્ષની

કામના વાળા પુરૂષે સર્વેના આત્મા નિયમમાં રાખનાર અને જન્મ મરણ રૂપ બંધન કાપનારા ઇશ્વરનું સ્મરણ કરવું, તેના ગુણોનું કીર્તન કરવું અને સ્વધર્મમાં નિષ્ઠ રાખવી. આત્મા-અનાત્માનો વિવેક અને અષ્ટાંગ યોગના અભ્યાસથી અંતે પરમાત્માની સ્મૃતિ રાખવી એજ મનુષ્ય જન્મનું ફળ છે. જ્યારે મનુષ્યને મરણ સમય આવે, ત્યારે તેણે મરણનો ભય તજી વૈરાગ્યરૂપ શસ્ત્રવડે સુખની ઇચ્છાને અને શરીરમાં તેમજ તેના સંબંધી સ્ત્રી-પુત્રાદિમાં રહેલી ઇચ્છાને પણ કાપી નાખવી. ધીર પુરૂષે ઘરને તજી દઇ કોઇ પવિત્ર તીર્થમાં નાહી પવિત્ર એકાંત સ્થળમાં દર્ભાસન, તેપર મૃગચર્મ, અને તેપર વસ્ત્ર પાથરવું એવા આસનપર બેસી अ उ म् એ ત્રણ માત્રા વાળા બ્રહ્મવાચક ઉત્તમ પ્રણવ (**ઓંકાર**) નો મનવડે જપ કરવો અને પ્રાણાયામથી મનવડે જપ કરવો અને પ્રાણામયથી મનનો નિરોધ કરવો. આ વેળાએ પ્રણવ વિસારવો નહિ. બુદ્ધિવાન પુરૂષે મનવડે વિષયોમાંથી ઇંદ્રિયો પાછી વાળીને કર્મ વાસનાથી ખેંચાયેલા મનને ઇશ્વરના સ્વરૂપમાં જોડવું. પછી તેનું એકાગ્ર ચિત્તથી ધ્યાન કરવું. અંતે નિર્વિષય થયેલા મનને પરમાનંદ બ્રહ્માકાર કરીને કંઈ પણ સંભારવું નહિ (સમાધિ દશામાં કેવળ ધ્યાનાકાર વૃત્તિ થવાથી ત્રિપુટી રહેતી નથી.) જે સ્વરૂપમાં મન પ્રસન્ન થાય છે, તે વિષ્ણુનું પરમાર્થ સ્વરૂપ છે. એ રીતે ચિત્તને ધારણાવડે રોકવું. જે ધારણાના અભ્યાસથી વૃત્તિવડે સુખ સ્વરૂપ વિષયને જોનારા યોગીનો ભક્તિયોગ તરત સિદ્ધ થાય છે, ઇત્યાદિ પ્રકારે શુકદેવે સાત દિવસ સુધી ભાગવત સંભળાવ્યું અને તે સમય ઉપર નારાયણનું એકાગ્રચિત્તે ધ્યાન ધરવાની આજ્ઞા આપી. પરીક્ષિત્ આંખ મીચી ધ્યાનમાં હતા, એવામાં તક્ષક નાગ (જે ફુલના કીડા રૂપે ભરાઇ બેઠો હતો તે) બ્રાહ્મણો રાજાને સારૂ ફુલ લઈ ગયા તેમાં ગયો અને પરીક્ષિતને કરડયો. તેથી રાજા દેહ ત્યાગી મુક્તિને પામ્યા. પરીક્ષિત્ રાજા ૩૬ વર્ષની ઉમરે ગાદીએ બેઠા, ૬૦ વર્ષ રાજ કરી ૯૬ વર્ષની ઉમરે પરમગતિને પામ્યા. એ કળિયુગને આરંભે યુધિષ્ઠિર શકમાં ગાદીએ બેઠા હતા. **યુધિષ્ઠિર શક** ૩૦૪૪ વર્ષ ચાલ્યો, તે પછીથી **વિક્રમ શક** શરૂ થયો છે. એ રીતે જોતાં આ મહારાજાને થઈ ગયાને આશરે ૪૯૯૫ વર્ષ ઉપર થયાં એવું સિદ્ધ થાય છે.

નાસ્તિકમતવાદિ.

ક્ષપણક.

આ પુરૂષ ચાર્વાક જેવોજ નાસ્તિક હતો, તેના વિચાર ચાર્વાકને

મળતાજ હતા. (જુઓ ચાર્વાક ચરિત્ર.) દ્વાપર યુગને અંતે ભારતી યુદ્ધ થયું. તેમાં ઘણાક મહારાજાઓ નાશ પામ્યા, ઋષિ, મુનિઓ અદૃશ્ય થયા અને વર્ણવ્યવસ્થા તૂટી. તેથી અનેક પ્રપંચી પાખંડીઓ પોતાની મરજીમાં આવે તેવો ઉપદેશ લોકોમાં ફેલાવવા લાગ્યા, તેમાં કોઇ કોઇને કહેનાર રહ્યું નહિ. તેવા સમયમાં યુધિષ્ઠિર શક ૬૬૦ માં ક્ષપણક ઉત્પન્ન થયો. ઇશ્વર નથી, પરલોક નથી, પુનઃ જન્મ નથી, પાપ પુણ્ય નથી. શરીરને અનેક પ્રકારનાં ગમે તેવાં કાર્યો કરીને પણ સુખ આપવું તેજ ધર્મ ઇત્યાદિ વચનોથી નાસ્તિક શાસ્ત્ર પ્રવર્ત્તાવવા માંડયું. આવો તેનો ઉપદેશ સાંભળી લોકોની મતિ ભ્રષ્ટ થઇ ગઇ, અધર્મ વ્યાપી ગયો, ચોરી વ્યભિચારી, લુચ્ચાઇ, કપટ આદિ દુરાચાર પ્રસરી ગયો. તેથી લોકો દુઃખી થવા લાગ્યાં હતાં. એ ધર્મ બહુ ચાલી શક્યો નહિ, પણ તેણે જે વચનો લોકોમા કહ્યાં હતાં તેની અસર ગઈ નહિ. લોકોનાં મનમાં તેથી અનેક નવી કલ્પનાઓ સ્ફુરવા લાગી અને તેને લીધેજ પછીથી બુદ્ધધર્મ પ્રગટી આવ્યો હતો.

જૈનધર્મના તીર્થંકર.

નેમનાથ.

આ પ્રસિદ્ધ મહા પુરૂષ જૈનના ૨૨ મા તીર્થંકર થયા. તેઓ **સુરપુરી** (આગ્રા) માં **સમુદ્રવિજય** રાજાની **શીવા** રાણીને પેટે જન્મયા; ત્યારથી તે સમાધિ નિષ્ટ થયા, ત્યાં સુધી બ્રહ્મચર્ય અવસ્થામાંજ રહ્યા હતા. એ મહાદયાળુ, ક્ષમાવાન, જ્ઞાનિષ્ઠ, ધૈર્યવાન અને નીતિવાન હતા. બાલ્યાવસ્થાથીજ તેમની વૃત્તિ જ્ઞાનતરફ વળી હતી. આ પુરૂષ ઋષભ દેવજીનો ૨૨ મો અવતાર ગણાય છે. તે વિષે જૈન ગ્રંથોમાં એવું લખેલું છે કે;—પુરાણમાં શ્રીવિષ્ણુજીનો આઠમો અવતાર શ્રીકૃષ્ણજી નામે થયા તે સમયે ઋષભદેવજી મહારાજે નેમનાથ નામે અવતાર ધારણ કર્યો હતો. આ નેમનાથ શ્રીકૃષ્ણના સગા કાકા સમુદ્રવિજયનો પુત્ર થાય. તેથી શ્રીકૃષ્ણને રાત્રિ દિવસ એની ધાસ્તી રહેતી હતી કે, મારો પિત્રાઇ ભાઇ મને મારી નાખી મારૂં રાજ્ય વખતે ભોગવશે. તે ઉપરથી શ્રીકૃષ્ણે નેમનાથ સાથે યુદ્ધ કર્યું. તેમાં શ્રીકૃષ્ણ હારી ગયા. શ્રીકૃષ્ણને એ નામોશી લાગે તેટલા સારૂ હાર્યા ઉપરથી હરિ કહેવા લાગ્યા. તેથી એ જગતમા હરિ નામથી પ્રસિદ્ધ થયા છે. એ રીતે વિષ્ણુજીના અવતાર અને એના અવતાર વચ્ચે ખટપટ થયેલી જણાવી છે, પણ એ અસંભવતિ લાગે છે; કેમકે શ્રીકૃષ્ણના અવતારની અંદરની હકીકતમાં શ્રીકૃષ્ણજીને સમુદ્રવિજય નામે કાકો હતોજ નહિ એ-

વું માલમ પડે છે. એ પરથી સમજાય છે કે જૈન ચોવીશ અવતારનું વર્ણન વેદોક્ત ધર્મના પુરાણોમાં વિષ્ણુજીના ચોવીશ અવતારના વર્ણન સાથે જોડી દીધેલું લાગે છે. સારાંશ એકે જૈનધર્મના ચોવીશ તીર્થંકરોની હકીકત ઉપર બતાવેલી રીત પ્રમાણે વિષ્ણુજીના ચોવીશ અવતારો સાથે તદન સંબંધીપણું રાખે છે, પણ વિષ્ણુજીના અવતારમાં એમના અવતારો સંબંધી કાંઈજ લખ્યું નથી. આ તીર્થંકરે દેશ, વિદેશ દયા, ક્ષમા, શાંતિ, ભક્તિ, વૈરાગ્ય, અને યોગાભ્યાસ વગેરેનો ઉપદેશ કર્યો હતો. તેમણે કદી પણ સંસાર સુખ તરફ લક્ષ રાખ્યું નહોતું. પોતાની આખી જીંદગી નિરંતર સાધુપણામાં ગાળી, ધર્મનું સંરક્ષણ કર્યું હતું. અવધિ પુરી થતાં અંતે **ગિરનાર** પર્વતપર સમાધિનીષ્ઠ થયા હતા. તેથી ગિરનાર પર્વત આજે જૈનલોકોના તીર્થનું પ્રસિદ્ધ ક્ષેત્ર ગણાય છે.

જૈનધર્મના તીર્થંકર.

પાર્શ્વનાથ.

આ પ્રસિદ્ધ મહાપુરૂષ જૈનધર્મના ૨૩ મા તીર્થંક શાલીવાહન શકની પૂર્વે ૮૦૦ વર્ષપર થયા. એની જન્મ ભૂમિ કાશી નજીક **ભેલપુરમાં** હતી. તેઓ **અશ્વસેન** રાજાને **વામારાણીને** પેટે જન્મ્યા-જૈનગ્રંથમાં એના વિષે એવું લખેલું છે કે;-શુધ્ધોદન બુદ્ધના શિષ્ય પરંપરાથી ગૌત્તમના શિષ્ય જે વિદ્યા રત્નાકર, તેના શિષ્ય પરંપરા માંહેના હતા-એ મહા દયાળુ, ક્ષમાવાન, અને જ્ઞાની પુરૂષ હતા. તેમણે પોતાની આખી જીંદગાની યોગાભ્યાસમાં ગુજારી હતી. એનો ઉપદેશ-અહિંસા, સત્ય, ચોરી, બ્રહ્મચર્ય, અપરીગ્રહ, એ પાંચ મહાવ્રત આચરવાં. ક્રોધ, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, વાદ, હર્ષ, શોક, કપટ, નિદ્રા, મિથ્યાદર્શન, ભય, અજ્ઞાન, કામ એ સર્વે પાપ છોડી દેવાં. સાધુએ મધુકરી માગી પોષણ કરવું, ગૃહસ્થોએ-કારણવગર હિંસા ન કરવી, અસત્ય ન બોલવું, ચોરી ન કરવી, પરસ્ત્રીત્યાગ, દ્રવ્ય સંપાદન કરવામાં કોઇને હાની કરવી નહિ, મર્યાદશીળ વર્તવું, મિત્તાહાર રાખવો, નઠારાં કર્મ કરવામાં સલાહ કોઇને ન આપવી, ધ્યાન મર્યાદા પાળવી, દેશ મર્યાદા પાળવી, સાધુનાં વ્રત પાળવાં, અતિથિવ્રત પાળવું, એ બાર વ્રતનું આચરણ કરવું. ઇત્યાદિ તેમની આજ્ઞાઓછે. વિદ્વાન **મી. વિલ્સનનો** એવો મત છે કે;-પાર્શ્વનાથ જિનના સમયથી, જૈનધર્મ ચાલ્યો હશે અને તેથી બુધ્ધ ધર્મ જેટલો પ્રાચીન હશે. ગમે તેમ હો. પાર્શ્વનાથ પછી ૨૫૦ વર્ષે ૨૪ મા તીર્થંકર મહાવીર સ્વામી થયા. જૈનધર્મમાં ચોવીશ તીર્થંકર થયા તે કયા કયા તેની યાદી-(૧) ઋષભદેવ;

(૨)અજીત–અર્હત, (૩) શંભવ, (૪) અભિનંદન, (૫) સુમતિ (૬) પ્રભુ, (૭) સુપાર્શ્વ, (૮) ચંદ્રપ્રભુ, (૯) પુષ્પદંત, (૧૦) સિતાલ, (૧૧) શ્રેયાંશ, (૧૨) વસુપૂજ્ય, (૧૩) વિમલ, (૧૪) અનંત, (૧૫) ધર્મ, (૧૬) તંતી–શાન્તિ, (૧૭) કુંથુ, (૧૮) અર, (૧૯) માલી, (૨૦) મણિસુવ્રત (૨૧) નમી, (૨૨) નેમી, (૨૩) પાર્શ્વનાથ, (૨૪) મહાવીર–વર્ધ્ધમાન સ્વામી. આ સર્વ તીર્થ કરો અર્હત્ પછી આશરે ૧૦૦૦ એક હજાર વર્ષમાં થઇ ગયેલા છે. પાર્શ્વનાથ **સમ્મત શિખરપર** સમાધિનીષ્ઠ થઇ ગયા છે. ત્યારથી એ શિખર જૈન લોકોનું પ્રસિધ્ધ તીર્થ ક્ષેત્ર ગણાય છે.

જૈનધર્મનાછેલ્લાતીર્થકર.

મહાવીર.

આ પરમ ૨૪ મા તીર્થંકર પાર્શ્વનાથ પછી ૨૫૦ વર્ષે થયા. એનો જન્મ **ક્ષત્રિકુંડ** નગરીમાં ઇક્ષ્વાકુ વંશીય **સિદ્ધાર્થ** રાજાની **ત્રિશલાને** પેટ થયો. સિદ્ધાર્થ રાજા પોતાને ત્યાં આવો તેજસ્વી અને પવિત્ર પુત્ર જન્મ્યાથી ઘણા હર્ષ પામ્યા. એમનો જન્મ ચૈત્ર શુદ ૧૩ ને દિવસે થયો ગણાય છે. સિદ્ધાર્થ ભારત વર્ષ માંહેલા પાવન નામે પ્રદેશનો રાજા હતો. તેણે પોતાના પુત્રનું નામ **વર્દ્ધમાન** પાડયું હતું, પરંતુ એ મહાશક્તિવાન હોવાથી **મહાવીર** નામે પ્રસિદ્ધ થયા. મહાવીરને **સુપાર્શ્વ** નામે એક કાકો હતો, **નંદનવર્ધન** નામે મોટો ભાઇ અને **સુદર્શના** નામે એક બેન હતી. મહાવીર **સમવીર** નગરના રાજાની પુત્રી **યશોદા** સાથે પરણ્યા હતા. તેનાથી એને **અનોજર્જા** અથવા **પ્રિયદર્શના** નામે એક પુત્રી થઇ હતી. એ પુત્રીને જમલિ નામે એક શિષ્ય સાથે પ્રીતિ થઇ હતી. પ્રિયદર્શનાને શેષવતી અથવા યશોવતી નામે એક પુત્રી થઇ હતી. મહાવીર મહાતેજસ્વી, મહાશક્તિવાન, દયાળુ, ક્ષમાવંત, ધાર્મિક અને જ્ઞાની હતા. પોતાની ૨૮ વર્ષની ઉમરે માબાપે સ્વર્ગ વાસ કર્યો. તેથી તેઓ મોટા ભાઇ નંદનવર્દ્ધન સાથે બે વર્ષ રહ્યા હતા. ૩૦ વર્ષની ઉમર થતાં તો તેને સંસાર ઉપરથી ભાવ ઉઠી ગયો, તરત સંસારની મોહ માયાનો ત્યાગ કર્યો અને સંન્યાસ ગ્રહણ કર્યો. સંન્યાસ લીધા પછી બે વર્ષ અતિ કઠોર તપશ્ચર્યા કરી હતી. ત્યાર પછી સ્વધર્મ ફેલાવવાનો યત્ન કરવા માંડયો. ઘણા દિવસ અપવાસ કર્યા અને બંને નેત્રોની દૃષ્ટિ નાસિકાના આગ્રહભાગ તરફ રાખી મૌન વ્રત ધારણ કર્યું હતું. કહે છે કે એ વ્રત વખતે ઇંદ્રદેવે તેમના શરીરની રક્ષા કરવાને એક જનયક્ષને મોકલ્યો હતો. એવી રીતે ઘણા દિવસ વિત્યા પછી રાજગ્રહ તાબે-

ના કોઇ ગામનો રહેવાસી ગોશાળ નામે એક ચંચળ સ્વભાવનો માણસ હતો. તે સ્વધર્મ તજીને આવી મળ્યો. એ માણસ બીજા લોકો સાથે વિવાદ કરવામાં જબરો હતો, તે બિહાર પ્રાંતમાં આવેલી શ્રાવસ્તી અને વૈશાલી વગેરે સ્થળે ફરીને અજ્ઞાન લોકોને પોતાના મતમાં લાવવાનો પ્રયત્ન કરતો હતો તે પછી મહાવીર કૌશાંબી નગરીમાં આવ્યા. ત્યાં એ વખતે શતાનીક રાજા રાજ્ય કરતો હતો. ત્યાં મહાવીર ધર્મોપદેશ કરતા હતા. તેથી ત્યાંના ઘણા લોકો તેમના મતમાં આવ્યા. એ જગ્યાએ મહાવીરે બાર વર્ષ તપશ્ચર્યા કરી હતી. ત્યાંજ તેને સંસારિક કર્મ સૂત્ર છૂટી જઇને દિવ્ય જ્ઞાન પ્રાપ્ત થયું હતું અને જિનત્વ પામ્યા હતા. સર્વ ઇંદ્રિયોનો નિગ્રહ થતાંજ સર્વજ્ઞ અને સર્વદર્શી થયા હતા. જે વખતે તેઓ પોતાનો મત પ્રવર્ત્તાવવા લાગ્યા હતા. તે વખતે મગધ દેશમાં વેદની ચર્ચા ચાલતી હતી, ઘણા વેદજ્ઞ બ્રાહ્મણો સાથે વિવાદ થયો હતો. જે બ્રાહ્મણોએ જૈનધર્મ ગ્રહણ કર્યો હતો તેઓ ગણાધિપ અને ગણધર નામે પ્રસિદ્ધ છે. તેમણે જૈનધર્મ ફેલાવવાને ઘણો પ્રયત્ન કર્યો હતો. ઇંદ્રભૂતિ, અગ્નિભૂતિ, વાયુભૂતિ, વ્યક્ત, સુધર્મ, મંડિતપુત્ર, મૌર્યપુત્ર, અકંપિત, અચલ વ્રત, મૈત્રેય અને પ્રભાસ એ અગીઆર મહાવીરને શિષ્યો હતા, એમાં માત્ર ઇંદ્રભૂતિ અને સુધર્મ એ બે મહાવીરના મોક્ષ પછી જીવતા હતા, તેઓ મહાવીરના પછી મુક્તિ પામ્યા હતા. જૈનો બૌદ્ધ ગૌતમને મહાવીર શિષ્ય કહે છે.

મહાવીરનોસિદ્ધાંત—ઇંદ્રિયો નાશ થવાથી તેનું જ્ઞાન નાશ થતું નથી. કર્મની સત્તા જરૂર માનવી પડશે; કારણ પાપ પુણ્યની ઉત્પત્તિ જોવામાં આવે છે. પાપ પુણ્યાદિ કર્મફળ, પાપ પુણ્યાદિ કર્મનો આધાર, સ્વરૂપ, જીવ, પદાર્થ એ વર્ત્તમાન છે; પાપ પુણ્યનું ફળ ભોગવવું પડે છે અને જીવ ન હોયતો કોણ ફળ ભોગવશે? પરલોક છે, અહિંસા એ પરમ ધર્મ છે, મનુષ્યે શરીર ક્લેશ સહન કરવા, પરંતુ અતિ ક્લેશ ન વેઠવો, જેવી રીતે બીજાના શરીર ઉપર વ્યવહાર કરીએ છીએ તેવીજ રીતે પોતાના શરીર ઉપર કરવો. જૂઠું બોલવું તે મહા પાપ છે, મનુષ્યે સર્વદા સત્યજ બોલવું જોઇએ, મિથ્યા બોલવાનો ઝેરની પેઠે ત્યાગ કરવો, પારકા મનુષ્યની કંઇચીજ ચોરવી એ પાપ છે, જીવપર દયા રાખવી, સંસારની માયા જાળમાં ફસાયાથી જીવ પાપ પંકમાં પડીને અધોગતિ પામે છે, માટે પોતાની ઉન્નતિની આશા રાખનારાએ વિવેક શક્તિથી વિચાર કરીને કર્મના ફળાફળ સમજી લઇ માયાને કાપી નાખવાનો પ્રયત્ન કરવો. ઇત્યાદિ. જૈનો અર્હંતને આરાધ્ય દેવ માને છે, પણ ધર્મ પ્રવર્ત્ત ગણી તેની પૂજા કરતા નથી. માટે એ તેમના ધર્મ પ્રવર્ત્તક થયા હોય એવું સંભવતું નથી. જૈનમાં મતભેદ જો-

વામાં આવે છે. કોઈ પાર્શ્વનાથની પૂજા કરે છે અને કોઈ મહાવીરની પૂજા કરે છે. જેઓ પાર્શ્વનાથની પૂજા કરે છે તેઓના મતે પાર્શ્વનાથ જૈનધર્મ પ્રવર્તક છે અને જેઓ મહાવીરની પૂજા કરે છે તેઓના મતે મહાવીર જૈનધર્મ પ્રવર્ત્તક છે. પાર્શ્વનાથના શિષ્યો **શ્વેતાંબરી** કહેવાય છે અને મહાવીરના શિષ્યો **દિગંબરી** કહેવાય છે; કેમકે મહાવીર દિગંબરી હતા, એવું જૈન ગ્રંથોમાં જણાવેલું છે. એ રીતે મહાવીરે ૩૦ વર્ષ સંસાર સુખ ભોગવ્યું, ૧૨ વર્ષ તપશ્ચર્યા કરી અને ૩૦ વર્ષ ધર્મોપદેશ કર્યો હતો. એમ ૭૨ વર્ષની ઉમરે અપાપપુરી—**પાવાગઢમાં** વિક્રમ સંવત પહેલાં ૪૭૦ વર્ષમાં (ઈ. સ. પૂ ૫૨૬) અમાધિનિષ્ઠ થયાં. ત્યાર પછી ત્રણ વર્ષ આઠમાસ અને આઠ દિવસે જૈનોના પાંચમા આરાનો આરંભ થયો છે. તે એકવીશ હજાર વર્ષ સુધી ચાલવાનો છે. મહાવીરની સંસાર મુક્તિના ૯૮ વર્ષ પછી ૪૫૫ સૂત્ર રચવામાં આવ્યાં કહેવાય છે. મહાવીરને થઈ ગયાને આજે ૨૩૦૦–૨૪૦૦ સોવર્ષ થવા આવ્યાં એવું સિદ્ધ થયેલું છે.

મૌર્યવંશનોમૂળપુરૂષ.

ચંદ્રગુપ્ત.

આ અતિ પ્રસિધ્ધ સ્વપરાક્રમી શૂર–વીર મૌર્યવંશનો મૂળ પુરૂષ, એ જાતે શુદ્ર હતો. એના બાપનું નામ દશરથ હતું એવું શ્રીમદ્ભાગવત્ સ્કંદ ૧૨ માની ટીકા ઉપરથી જણાયછે. ચંદ્રગુપ્ત મગધના રાજા નંદનો સરદાર હતો. આ મહા ચતુર, શૂરવીર, સર્વ સરદારોમાં પ્રમુખ, ધાર્મિક અને ખંતીલો હતો. **ચાણાક્ય** નામના વિદ્વાન, ચતુર, અને ધૈર્યવાન બ્રાહ્મણ સાથે મિત્રતાઇ હતી. એના સાથે સ્નેહ ભાવથી રહેતો હતો. ચતુર ચાણાકયે કોઇ કારણથી છેલ્લા નંદને મારી ચંદ્રગુપ્તને સાર્વભૌમપદે અભિષિક્ત કર્યા હતો. એવાં પ્રમાણે શ્રીમદ્ભાગવત્, વિષ્ણુપુરાણાદિ ગ્રંથોમાંથી મળે છે. નંદકુલ નિકંદનના ઐતિહાસિક વૃત્તાંત સાથ ચંદ્રગુપ્તનો ઇતિહાસ તો બહુ અંશે લોક પ્રસિધ્ધ છે. એની રાજધાની પાટલીપુત્ર–પટણામાં હતી. સિકંદરનો સરદાર સેલ્યુકસ જેણે સીરિયામાં રાજકર્યું હતું. તેના રાજનો એક પ્રદેશ બાકટ્રીયા કહેવાતો હતો, ત્યાંના અધિકારીએ સ્વતંત્ર થવાને બંડ ઉઠાવેલું, ત્યારે તે બેસાડવાને સેલ્યુકસના દીકરા **આંટીઓકસે** ચંદ્રગુપ્તની મદદ માગી હતી. તેણે તેને સિંધુ નદીના કાંઠાનો કેટલોક પ્રદેશ આપ્યો હતો. (એવું એક ગ્રીક ગ્રંથમાં લખેલું છે.) બાળ શાસ્ત્રી શાખે જાંભેકર જેણે હિંદુસ્થાનનો સંક્ષિપ ઇતિહાસ ઇંગ્રેજી ઉપરથી મરેઠીમાં લખેલો છે. તેમાં તે એવું લખેછે કે આ રાજા પાસે ગ્રીક લોકોનું

સૈન્ય ચાકર હતું. સિકંદર બાદશાહના એક સરદાર સેલ્યુકસનો વકીલ મેગાસ્થિનીસ નામે એની પાસે પટણામાં ઇ. સ. પૂ. ૩૨૪માં રહેતો હતો. ગ્રીક લોકના ગ્રંથમાં એનું નામ **સાંદ્રકોટસ** લખેલું છે. મોટા સિકંદર બાદશાહ (આલેકઝાંડરધીગ્રેટ) ને આ મળવા ગયેલો હતો, એવું પ્રૉફેસર વિલ્સન વગેરે ઇંગ્લીશ ગ્રંથકારનો મત છે એવું ગ્યારેટ સાહેબ લખેછે, પરંતુ આ સર્વ વાત ભાગવત વગેરે પુરાણો તથા જૈન લોકોના ગ્રંથ સાથે મેળવી જોતાં ઉપરનું લખવું વિરૂધ્ધ દેખાય છે.

જૈન લોકોના ગ્રંથમાં એવું લખેલું છે કે;–યુધિષ્ઠિર શકના ૧૬૯૩ વર્ષે પ્રમાથિ નામના સંવત્સરે ચૈત્ર શુદ ૧ રવીવારે ચંદ્રગુપ્તનો રાજ્યાભિષેક થયો. તેણે ૨૨ વર્ષ રાજ્યકર્યું અને યુધિષ્ઠિર શક ૧૭૧૫ પ્લો નામના સંવત્સરમાં મરણ પામ્યો. એ ઉપરથી આ રાજાને થઈ ગયાને ૩૨૦૦ ઉપરાંત વર્ષ થયાં છે અને ઇંગ્લીશ પંડિતોએ ૨૨૦૦ વર્ષ ઠરાવ્યાં છે. એમ ૧૦૦૦ વર્ષના અંતર હોવાથી ઇંગ્લીશ લોકોએ **સાંદ્રકોટસ** એજ **ચંદ્રગુપ્ત** હોય એવો જે નિર્ણય કરેલો છે તે બરાબર નથી એવું સ્પષ્ટ સિદ્ધ થાય છે. આ રાજા મરણ પામ્યા પછી એનો પુત્ર **વારીસાર** જે **અશોક**નો પિતા તે ગાદી ઉપર બેઠો. ચંદ્રગુપ્તાદિક દશ રાજા મૌર્ય વંશમાં થયા એવું કહેલું છે.

બૌદ્ધધર્મ પ્રસારક.

અસોક—પ્રિયદર્શી.

આ પ્રસિદ્ધ પ્રતાપી રાજા મૌર્યવંશીય ચંદ્રગુપ્તનો પૌત્ર અને વારીસારનો પુત્ર એને અશોકવર્ધન–વીશો–પ્રિયદર્શી પણ કહે છે. એ મગધ–બહાર પ્રાંતના રાજાની રાજધાની પાટલીપુત્ર નગર–પટણા હતી. એ રાજ ઘણું મોટું હતું. પિતાના વખતમાં એ ઉજ્જનના રાજનો અધિકારી હતો. યુધિષ્ઠિર શક ૧૭૪૫ ના પ્રજાપતિ સંવત્સરમાં ગાદીએ બેઠો. એની સત્તા હિમાલયથી નર્મદાની ઉતરે સઘળાં રાજ્યોપર હતી. આ રાજા પરાક્રમી, શૂરવીર, દયાળુ, ધાર્મિક, ઉત્સાહી, ભણેલો, ઉદાર અને પ્રજા પ્યારો હતો. વેદશાસ્ત્ર અને પુરાણ ધર્મને માનતો, નિત્ય શ્રદ્ધાથી બ્રાહ્મણોને જમાડતો અને દાન દક્ષિણા આપતો. એમ કેટલોક કાળ વિત્યા પછી બૌદ્ધધર્મના એક ભિક્ષુકના અસરકારક ઉપદેશથી એ ધર્મ ઉપર અતિ શ્રદ્ધા રાખવા લાગ્યો. એ ધર્મને ઉત્કૃષ્ટ દશાએ પહોંચાડયો. એના આશ્રયથી બૌદ્ધધર્મ દેશના ઘણાખરા ભાગમાં પ્રસર્યો હતો. તેણે એ ધર્મના ૬૪૦૦૦ હજાર જતીઓને આશ્રય આપ્યો હતો. પોતાના રાજમાં બૌદ્ધધર્મ જૂલમથી નહિ પણ ઉપદેશથી ફેલાવ્યો. એ ધર્મનો બોધોનો

પ્રસાર કરવાને માટે સભા મેળવી અને દેશાંતરે ઉપદેશ કરવાને સાધુઓ મોકલ્યા હતા. તેની બેન તથા બાઇએ **સીલોન** (**લંકા**) માં જઈ ત્યાંના રાજાને બૌદ્ધધર્મી કર્યો હતો અને થોડાક સાધુઓને ટિબેટ, ચીન, સ્યામ, બ્રહ્મદેશ વગેરે દેશોમાં પણ ઘૂમતા કર્યા હતા. બૌદ્ધધર્મનો માર્ગ નક્કી કરવાને સભા ઠરાવી અને ધર્મશાસ્ત્રનું શોધન કરાવ્યું હતું. પટણામાં ૧૦૦૦ એક હજાર મહા પુરૂષોની સભા બોલાવી. આ સભાએ નિર્ણય કરેલા બૌદ્ધધર્મ પ્રમાણે હાલ પણ દક્ષિણ એશિઆમાં એ ધર્મ ચાલે છે. અસોકે એ ધર્મની મુખ્ય આજ્ઞાઓનાં જાહેરનામાં કર્યા, તે સ્તંભ, ખડકોમાં અને ગુફાઓમાં એમ ૮૦ હજાર શીલાલેખો પ્રાચીન લીપી **પાલી** અથવા **માગધી** ભાષામાં કોતરાવ્યા. ધર્મ ચોખો રાખવાને તથા તેનો ફેલાવો કરવાને પોતાના રાજ ખાતે એક ખાતું કહાડયું. તેમજ લોકોની રહેણી ને નીતિ ઉપર નજર રાખવાને અને કેળવણી આપવાને કેટલાક અધિકારીઓ ઠરાવ્યા. તેનો તમામ ખર્ચ રાજની તેજુરીમાંથી પૂરો પાડવામાં આવતો હતો. દેશમાં ઠેર ઠેર સડકો બંધાવી, તેની બંને બાજુએ ઝાડો રોપાવ્યાં; કૂવા, વાવ, તળાવ અને ધર્મશાળાઓ બંધાવી. ઠેકાણે ઠેકાણે પાંજરા પોળો કરાવી. નિરાશ્રિતોને રહેવાને, રોગીઓને દવા આપવાને મકાનો બંધાવ્યાં. સ્તંભ, ગુફા, મંદિર, વિહાર—આશ્રમ—મઠ એ ઠામ ઠામ કરાવ્યાં હતાં. આખી દુનિઆના માણસ જાતને બૌદ્ધધર્મમાં લાવવાને પોતાના રાજ્યમાં ને પરરાજ્યમાં ઉપદેશ કરવાને યતીઓ મોકલ્યા. તેણે કોઇ પાસે બળાતકારે ધર્મ મનાવ્યો નહિ, પણ ઉપદેશથી મનાવ્યો. તેથી એ ધર્મ આખી દુનિઆમાં બીજા ધર્મો કરતાં વધારે ફેલાયો. બૌદ્ધધર્મ શાસ્ત્રનું માગધી ભાષામાં ભાષાંતર કરાવ્યું. અશોકના શોધનનું ધર્મ પુસ્તક અશોકનો પુત્ર લંકામાં લઇ ગયો. ત્યાંથી બ્રહ્મદેશ, સુમાત્રા, જાવા, વગેરે દેશોમાં એ ધર્મ ચાલ્યો. એ રીતે બૌદ્ધધર્મના બે ભેદ **અશોકના** અને **કનિસ્કના** શોધનથી થયા. તેમાં અશોકનો **દક્ષિણપંથ** થયો. ચીનમાં ઇ. સ. ૬૫ માં **કનિસ્કનો ઉત્તરપંથ** રાજધર્મ થયો. એ રીતે બૌદ્ધધર્મનો અતિશે પ્રસાર કરાવ્યો હતો.

અશોકના કોતરાવેલા લેખ બાબત ઘણાક એવું કહે છે કે;—તેમાં તેણે ગ્રીસ દેશ માંહેલા રાજપૌત્રોનાં નામ કોતરાવેલાં છે. તેપરથી એવું અનુમાન થાય છે કે એ રાજાઓ તેના મિત્ર કે તાબેદાર હશે. અશોકે ઘણાં નાનાં રાજ તોડી પોતાના રાજમાં મેળવી દીધેલાં હતાં. **પાંડવના** વંશના છેલ્લા રાજા **ક્ષેમક** જેને લક્ષ્મી દેવ પણ કહેતા, તેને આ રાજાના વીરસેન પ્રધાને મારી નાખ્યો અને તેનું રાજ કબજે કરી દિલ્લીમાં ગાદી સ્થાપન કરી હતી. મેવાડ, મારવાડ, ભાટીઆ વગેરે પ્રાંતમાં પોતાનો અમલ ચ-

ભાવી ઘણા લોકને પોતાના નાસ્તિક મતમાં જોડી દીધા. અશોકે ડુંગરોમાં ગુફાઓ ખોદાવી એ વિષે જૈન ગ્રંથમાં લખેલું છે કે;–અશોક રાજા પોતાની સૈના સાથે દક્ષિણ દિશા જીતવાને નીકળ્યો, તે વખતે નર્મદા નદી ઉતરી **વેહોળ**માં આવ્યો. ત્યાં તેણે ડુંગર ઉપર **દેવગઢ** નામે કિલ્લો બંધાવ્યો. તેમજ બીજે ઠેકાણે ઘણા કિલ્લા બંધાવી ઘણા ડુંગરોમાં ગુફાઓ ખોદાવી. તે પછી **સુદર્શન** નામે કોઇ બળવાન રાજા મહારાષ્ટ્ર દેશમાં રાજ કરતો હતો, તેપર સ્વારી કરી બંને રાજાનું યુદ્ધ **વાસા** ગામ પાસે થયું. તેમાં સુદર્શન મરણ પામ્યો, તેનું રાજ હરણ કરી તેના પુત્રને પોતાનો તાબેદાર કર્યો. **તગર** મુકામે રાજધાની કરી ત્યાં વીરબાહુ નામે બૌદ્ધને સ્થાપી પાછો પોતે દેવગઢમાં આવ્યો. ત્યાંથી પોતાના સરદારોને વરાડ, બંગાલા, તૈલંગણ, પાંડ્ય, કેરલ, તોરલ, વગેરે દેશોમાં મોકલી તે દેશ પોતાને તાબે કરાવ્યા અને ત્યાં પોતાના બૌદ્ધ અધિકારીઓને નીમ્યા. ડુંગરો ખોદી ગુફાઓ કરવાનું અને દેશ જીતવાનું કામ પૂર્ણ થતાં સુધી પોતે દેવગડમાં રહી રાજ કારભાર ચલાવતો હતો. ગુફાઓ ખોદવાનું કામ યુધિષ્ઠિર શક ૧૭૬૨ ના વિરોધી સંવત્સર માં અશાડ શુદ ૧૫ સોમવારે સમાપ્ત થયું. આ કામ પૂરૂં થવાને ૧૨ વર્ષ લાગેલાં. ત્યાં સુધી એ દેવગઢમાં રહ્યો હતો. તેપરથી ખોદવાના કામનો આરંભ યુધિષ્ઠિર શક ૧૭૫૦ માં થયેલો એવું સિદ્ધ થાય છે. તે પછી એ **ઘૃષ્ણેશ્વર જ્યોતિર્લિંગ** (શિવ)ની બહુ ભાવથી પૂજા કરી દક્ષિણ દેશમાંથી ચાલી નીકળ્યો હતો. એ ઉપરથી જણાય છે કે એને **શિવ** ઉપર આસ્તા હતી.

અશોક વિષે મી. ગ્યારેટ સાહેબે પોતાના કોશમાં વિશેષ કાંઇ ન લખતાં, માત્ર એટલુંજ લખેલું છે કે;–એટલાં કામો કરવા જેટલો પૈસો તેણે **નંદ** રાજા માંહેલા કોઈ એક નંદે નદીમાં ખડક કોતરાવી તેમાં અસંખ્ય દ્રવ્ય રાખેલું હતું, તે એને જડયું હતું. તે દ્રવ્યથી તેણે એ કામો કરાવેલાં. બૌદ્ધધર્મની ચૌદ આજ્ઞાઓ તેણે પેશાવર પાસે **કપર્દીગિરીમાં**, કટક પાસે ધવલીમાં, ગિરનારની તળાટીમાં (સ્કંધગુપ્ત રૂદ્રામાના શિલાલેખ.) દીલ્લીમાં, પ્રગાગમાં, બકરામાં, રધીઆમાં અને મથીઆની પાસે તીરહુતમાં મોટા મોટા પથ્થરોપર કોતરાવેલી છે. એ સર્વ આજ્ઞાઓ એક વખતેજ કોતરાવેલી નથી. તેમાં કેટલુંક ન્યૂનાધિક પણ છે. જેમ જેમ અશોકની બૌદ્ધ ધર્મપર શ્રદ્ધા વધતી ગઇ, તેમ તેમ આજ્ઞાઓ વધારે સ્પષ્ટ અને પાકી થતી ગઈ. બારમી આજ્ઞા ફક્ત ગિરનારમાંજ છે. આ આજ્ઞાઓમાં તેણે પોતાનું પ્રિયદર્શી નામ કોતરાવેલું છે. તે આજ્ઞાઓ જાણવા યોગ્ય ધારી આ નીચે જણાવી છે;—

"(૧) દેવાનાંપ્રિય પ્રિયદર્શી રાજા હુકમ આપે છે કે, જનાવરો મારવું બંધ થઈ જાય. જનાવરો મારવાં એ બહુ ખુરાઈ છે. માટે પૂજાને સારૂ કિંવા સમાજને સારૂ પણ તે મારવાં નહિ જોઈએ. રાજાની પાક શાળાએ એક સારો સમાજ છે તેમાં અને પુણ્યના કામને માટે લાખોજીવ માર્યા ગયા છે. હજી પણ પુણ્યના કામને માટે પશુ માર્યા જાય અથવા માર્યા જાય છે, પરંતુ આ બાબતનો હજી સારી રીતે નિર્ણય થયો નથી. માટે હવે જીવને મારવાં નહિ.

(૨) પ્રિયદર્શી રાજાએ જીતી લીધેલા તમામ મુલકોમાં જ્યાં સુધી પૃથ્વી છે, અર્થાત ચોલ, પાંડ્ય, કેરલ, તામ્રપર્ણ (લંકા) માં અને યવન રાજા અંતિઓકસ (આ બીજો અંતિઓકસ જે. ઈ. સ. પૂ. ૨૪૦ માં ગુજરી ગયો) અને બીજા રાજાઓ કે જે મિત્ર છે. તેને માલમ થાય કે, રાજાને બે વાત પસંદ છે. અર્થાત સડકની બાજુએ વૃક્ષો રોપવાં, કૂવા, વાવો ખોદાવવાં અને ફૂળ વાળાં વૃક્ષો, કંદ મૂળ અને શાકભાજી ઉગાડવી.

(૩) ગમે તો મારી પ્રજા હોય અથવા બીજાની હોય, પણ જે ધર્મ માં સામેલ હોય, તેમણે દરપાંચ પાંચ વર્ષે પ્રાયશ્ચિત કરવું. જેમાં પિતા, માતા, ભાઈ બંધ, પુત્ર, કલત્ર, બ્રાહ્મણ શ્રાવણ બધાની ફરજ અદા થાય. ઉદારતા સારી (ચીજ) છે. અહિંસા સુંદર (વસ્તુ) છે. અપવિત્રતા અને પિશુનતા નઠારી (વસ્તુઓ.) છે.

(૪) સેંકડો વર્ષથી હિંસા થતી આવે છે. બ્રાહ્મણ શ્રાવણને બીજા એવા લોકો માનતા નથી. હવે રાજા ડંકો વગાડીને, આતસબાજી ફોડીને અને રથ તથા હાથી નચાવીને ધર્મ બતાવે છે.

(૫) ધર્મ કરવો કઠણ છે. આ માટે ધર્માધ્યક્ષો ઠરાવ્યા છે, તેઓએ બધા પાખંડીઓમાં કંબોજ, ગંધાર, નિરસ્તિક (ગૂજરાત) અને પિતેનીક તથા બીજી બધી જગોએ પણ ધર્મ કરાવવો.

(૬) આજ સુધી એવું ન થઇ શકયું, પણ હવે હું ચાહું છું કે હર વખતે એટલે ગમે તો હું અંતઃપુરમાં કે સ્વારીમાં હોઉં, તોપણ ત્યાંદરેક વખતે પ્રજાની ફરિયાદ સાંભળી શકું. આટલા માટે પ્રતિવાદક મુકરર કર્યા છે, કે તેઓ મને ફરિયાદ પહોંચાડે અને જે કાંઇ હું કહું તેની તજવીજને માટે યોગ્ય અધિકારીઓ સભામાં જાય.

(૭) ગમેતે પાખંડ ધર્મનો સાધુ હોય અને ગમે ત્યાં રહેતો હોય, તોપણ તેને કોઇએ છેડવો નહિ; કારણકે બધાનો પ્રયત્ન ઇશ્વરને પ્રસન્ન કરવા તરફ છે.

(૮) આગળ રાજાઓ જુગટું રમવામાં તથા શિકાર કરવામાં જીવ ગા-

ખતા હતા, પરંતું હું બ્રાહ્મણુ, શ્રાવણુ, સાધુસંત અને મહંતોની પાસે જઇને દાન કરવું અને ધર્મ કરાવવો એમાં જીવ રાખું છું.

(૯) પુત્રોત્પત્તિમાં વિવાહ કરવામાં, યજ્ઞ કરવામાં, શિષ્ટાચારમાં, કરૂણ ઉપકારમાં બધાય ખુશી માને છે અને ઉજાણીઓ કરે છે, પરંતુ બધું નિષ્ફળ છે. ઉત્તમ ફળ ધર્મ મંગળથી છે. સ્વામીની સેવા, ગુરૂની ભક્તિ, બ્રાહ્મણ શ્રાવણને દાન, એવી રીતનાં કાર્ય ધમ મંગળ છે.

(૧૦) નામ અને દેહનું સ્વરૂપ નકામું છે, મારૂં સ્વરૂપ આ છે કે હું ધર્મને ચાહું.

(૧૧) ધર્મદાન જેવું બીજું કોઇ દાન નથી એમ દેવાનાપ્રિય પ્રિય દર્શી રાજાનું કહેવું છે. નોકર અને આશ્રિતની પરવરસી, માબાપની સેવા, દોસ્ત, કુટુંબીઓને તથા બ્રાહ્મણુ, શ્રાવણુ ને દેવું એ ધર્મદાન છે. જીવની રક્ષા કરવી એ બહુસારૂં છે.

(૧૨) પ્રિયદર્શી બધા ધર્મનું માન રાખે છે. ગૃહસ્થોના, તેમજ ફકીરોના માણુસે બીજાના ધર્મનો નિરાદર ન કરતાં પોતાના ધર્મમાં પ્રીતિ કરવી જોઇએ.

(૧૩) જીવતાં પ્રાણિઓને બિલકુલ ઈજા નહિ કરવાનો અને તૃપ્તિનો હુકમ—અને ગ્રીકરાજા ઉપરાંત ઇજીપ્તનો રાજા ટોલોમી, આંટીગોનસ અને મગસ—અહીંઆં અને પારકા દેશમાં સર્વસ્થળે દેવાનાંપ્રિયના ધર્મના કાયદાની અસર જ્યાં જ્યાં તેઓ જાય, ત્યાં પરિણામ સંપાદાન કરે છે—દરેક વર્ણનનો જય છે, પણ વધારે જયકે જે ખુશકારક ગતિ જે પોતાની મેળે આનંદ થાય છે, તેમાંથી વહન કરતી ખુશી લાવે છે. સદ્‌ગુણનો જય એ સુખ છે. સૂખના જયનો પરાજ્ય થઈ શકતો નથી, કે જે સ્વભાવથી સુખનો જામીન રાખે છે. આ લોકની ચીજોમાં ને પરલોકની ચીજોમાં આવો જય ચાહવામા આવેલો છે.

(૧૪) દેવાનાં પ્રિય રાજ પ્રિયદર્શીઆ નેકીની આજ્ઞા લખવાને નિમિત્ત થાય છે ઇત્યાદિ." અશોક–પ્રિયદર્શી રાજા ૪૫ વર્ષ રાજ કરી યુધિષ્ઠિર શક–૧૭૭૧ ના પીંગળ નામે સંવત્સરમાં ફાગણુ વદી ૧૦ શની વારે બહાર પ્રાંત માંહેલા મુગી શેહેરમાં સાંજને વખતે મરણુ પામ્યો. એ પછી એનો પુત્ર સુયસા ગાદીએ બેઠો હતો. આ ઉપરના શક ઉપરથી તેને થઈ ગયાને આજે ૩૧૯૫ વર્ષ થઇ ગયાં એવું સિદ્ધ થાય છે. ગ્યાનેટ સાહેબ લખે છે કે, એ. ઇ. સ. પહેલાં ૩૨૫ વર્ષે થઇ ગયો. તે ઉપરથી તો તેને થઇગયાને આજે ૨૨૧૯ વર્ષ થયાં એમ દેખાય છે. પરંતુ આ કાળ ઓછો છે. અને તે જૈન ગ્રંથ અને ભાગવત આ બંનેમાં લખેલા કાળ વિરૂદ્ધ છે.

માટે તેની ગણત્રીમા ભૂલ હોય એમ લાગે છે. એ ભૂલ થવાનું કારણ ચાણાકય ચરિત્રમાં જોવું. ઇત્યાદિ મહત્ત કૃત્યથી અશોક અતિ પ્રસિદ્ધ થઇ ગયોછે.

નંદકુલ નિકંદન કરનાર.

બુદ્ધિમાન્—ચાણાકય.

આ મહાબુદ્ધિમાન પ્રસિદ્ધ પુરૂષ ગાંધાર દેશ (કંધાર)ની રાજધાની **તક્ષસીલા**નો રહેવાસી જાતનો બ્રાહ્મણ હતો. એ મહા બુદ્ધિવાન્, ચતુર, ખંતીલો, ક્રોધી અને ધીર પુરૂષ હતો. તેણે ત્રણ વેદનો અભ્યાસ કર્યો હતો. આ સિવાય રાજનીતિમાં પણ કુશલ હતો. એનો બાપ ગુજરી ગયા પછી માતાને આશ્રગે ઉછર્યો હતો. માતા વૃદ્ધ હતી તેની તેમણે અતિ સેવા કરી હતી. પછી એ રાજ્યના ધાલમેલમાં પડયો. નંદરાજા સાથે તેને ઘણો સ્નેહ હતો, પરંતુ પાછળથી એ સાથે તેને વેર થયું હતું. વળી આ વિષે એક ગ્રંથમાં એવું લખેલું છે કે;—"**યોગાનંદ**નો મંત્રી શકટાલ હતો. તેણે કોઇ કારણથી રાજાનો વધ કરવાને ઉપાય આદર્યો. તેવામાં તેણે રસ્તે જતાં જમીન ખોદતાં ચાણાકય નામના બ્રાહ્મણને દીઠો. ત્યાં જઇ તેણે પૂછ્યું કે, 'તું જમીન કેમ ખોદે છે?' તેણે જવાબ દીધો કે, 'આ ઠેકાણે દર્ભનું મૂળ હું કહાડું છું, કારણ કે તેણે મારા પગમાં ક્ષત કર્યો છે.' તે સાંભળી મંત્રી શકટાલના મનમાં આવ્યું કે, આ બ્રાહ્મણ ઘણો ક્રોધી અને ક્રુર નિશ્ચય વાળો છે, તે **યોગાનંદ**નો વધ કરવામાં કામ લાગશે.' પછી તેનું નામ પૂછી કહ્યું કે, હે બ્રહ્મતેજ! નંદ રાજાને ઘેર ત્રયોદશીનું શ્રાદ્ધ છે, હું તમને તેમાં નિમંત્રણ કરૂંછું, તેમાં તમને દક્ષિણામાં એક લક્ષ સુવર્ણ મુદ્રા મળશે અને તું બીજા બધાની આગળ બેસી જમીશ. માટે મારે ઘેર ચાલો.' એમ કહી શકટાલ પોતાને ઘેર તેને તેડી ગયો. શ્રાદ્ધને દિવસે રાજાને તે બ્રાહ્મણ દેખાડયો, ત્યારે રાજાએ તેને કબૂલ રાખ્યો. તે પછી ચાણાકય રાજાને ઘેર જઈ શ્રાદ્ધમાં મુખ્ય આસને બેઠો અને સુબંધુ નામના બ્રાહ્મણે પણ મુખ્ય આસને બેસવાની ઇચ્છા કરી તે વાતની શકટાલે નંદ રાજા પાસે જઇ વિનંતિ કરી. આ સાંભળી રાજાએ કહ્યું કે, 'સુબંધુનેજ મુખ્ય આસને બેસાડવો જોઇએ.' આ વાત શકટાલે ભયથી નમ્રપણે ચાણાક્યને કહી. આ સાંભળી ચાણાકયે ચોમેર ક્રોધાગ્નિથી બળતો હોય, તેમ પોતાની શિખા છૂટ કરી તેજ સ્થળે પ્રતિજ્ઞા કરી કે, 'મારે સાત દિવસની અંદર અવશ્ય નંદનું નિકંદન કરવું; તે પછી ક્રોધરહિત થઈ શિખા બાંધવી!'—આ સાંભળી નંદ કોપાયમાન થયો, તેવામાં ચાણાક્ય નાશી

ગયો, તેને શકટાલે છુપી રીતે પોતાને ઘેર રાખ્યો. ત્યાં તેજ મંત્રીએ ગુપ્ત રીતે સઘળી સામગ્રી આપી. તેથી ચાણાક્યે કયાંઇ જઇને **કૃત્યા** સાધી. તેને લીધે યોગાનંદને દાહજ્વર આવ્યો અને સાતમે દિવસે તે મરણ પામ્યો. તેના પુત્ર હિરણ્યગુપ્તને પણ મારી પોતાના મિત્ર ચંદ્રગુપ્તને સાર્વભૌમપદે અભિષિક્ત કર્યો. શકટાલે રાજ્ય લક્ષ્મી સ્વાધીન કરી તેનું મંત્રીપણું કરવાને ચાણાક્યને પ્રાર્થના કરી. બુદ્ધિમાં બૃહસ્પતિ સરખા ચાણાક્યને મંત્રીપદપર સ્થાપી શકટાલ મંત્રી કૃતાર્થ થયો." ચાણાક્યે રાજનીતિમાં અતિ કુશળતા વાપરી રાજ્યને શ્રેષ્ઠ પંક્તિએ લાવી મૂક્યું. તેણે એક લાખ શ્લોકનો નીતિગ્રંથ લખેલો છે. તેને **"ચાણાક્ય નીતિ"** કહે છે.

ચાણાક્યને થઇ ગયા વિષે પાશ્ચિમાત્ય પંડિતો કહે છે કે, એનો જન્મ ઈ. સ. પૂ. ૩૦૦—૪૦૦ વર્ષની અંદર થયો. આ તેમના મતે તેને થઇ ગયાને-આજે ૨૨૦૦ વર્ષ થયાં, પણ એ તેમનું કહેવું શ્રીમત્ ભાગવત્, વિષ્ણુ પુરાણાદિ ગ્રંથો વિરૂદ્ધ છે. તેમને થયાને આર્ય ગ્રંથો ૩૨૦૦ કહે છે. શ્રીભાગવત્ સ્કંદ ૧૨ માં, તેમજ પાણિનિવ્યાકરણના કાળ વિષે નિર્ણય કરતાં સિદ્ધાંત કૌમુદીના (સરલા નામે વ્યાખ્યાના) પૂર્વાર્ધની પસ્તાવનામાં કલકત્તાની સંસ્કૃત વિદ્યાલયના વ્યાકરણ શાસ્ત્રના પ્રૉફેસર તારાનાથ તર્કવાચસ્પતિએ બાર વર્ષ પહેલાં જે વ્યાખ્યા લખેલી છે. તેના તથા જૈન લોકના ગ્રંથ આધારે જોતાં ચાણાક્યે નંદરાજાને મારી યુધિષ્ઠિર શક ૧૬૯૩ ના પ્રમાથિ નામના સંવત્સરમાં ચંદ્રગુપ્તને રાજ્યભિષેક કર્યો. એ રીતે એને થઇ ગયાંને આજે ૩૩૦૦ વર્ષ થયાં એવું સિદ્ધ થાય છે.

સમર્થ પુરૂષ.

અભીનવ ગુપ્તાચાર્ય.

આ સમર્થ પુરૂષ **કામરૂદેશ** જેને હાલ **આસામ** કહે છે ત્યાંનો રહેવાસી હતો. આ જાતનો બ્રાહ્મણ દેવી ઉપાસિક હતો. વિદ્યાશંકર ભાર્થિ નામે જે નામાંકિત શંકારાચાર્ય થયા તેના વખતમાં થયો. આ શ્રીમાન્ શંકરાચાર્ય દીગ્વિજય કરતા કરતા જ્યારે શકે ૪૫૨ માં આસામ દેશમાં આવ્યા; ત્યારે તેમણે આ પંડિતને વિવાદમાં પરાજિત કર્યો હતો. પરાજિત થયાથી આ પંડિતે લોકાપવાદની બીકે, ઉપરથી શાક્તમત છોડ્યાનો ડોળ બતાવ્યો અને મુખથી આચાર્યનો શિષ્ય છું એમ કહેવા લાગ્યો. એ સમજતો હતો કે, આ સમર્થને હું વિવાદમાં કદી જીતી શકવાને શક્તિવાન નથી; તોપણ તેણે મનમાં એવો નિશ્ચય કર્યો હતો કે એને હું દેવી ઉપાસથી

જીતીશ. ત્યાર પછી તેણે તેમને થોડા કાળમાં વૈદ્યથી પણ ન મટે એવો અસાધ્ય ભગંદર નામે રોગ મંત્ર પ્રયોગથી ઉત્પન્ન કર્યો. એ વિષે માધવ પંડિતે પોતાના શંકર વિજયમાં લખેલું છે. આવા પ્રકારના દુર્ઘટ વ્યાધિથી પણ આચાર્યના મનમાં એ વિષે કાંઇ નહોતું, પણ તેના શિષ્યોથી એ દુઃખ જોઇ શકાયું નહિ તેમણે વૈદ્યોને બોલાવી દવા કરવા માટે આચાર્યની આજ્ઞા માગી, પણ આચાર્યે ના પાડી. એક દિવસે શિષ્યોએ એ માટે ઘણો આગ્રહ કર્યો, ત્યારે હા પાડી. તેથી શિષ્યોએ ચારે તરફ જઇને ઘણા વૈદ્યોને બોલાવ્યા. વૈદ્યોએ ઘણા ઉપચાર કર્યા, પરંતુ વ્યાધિ ઓછી થઇ નહિ. તેથી વૈદ્યો નિરૂપાય થઇને ચાલતા થયા. તે પછી શંકરાચાર્યે શંકરનું સ્મરણ કર્યું. તેપરથી શંકર આજ્ઞાએ બ્રાહ્મણ વેષે અશ્વિનિ કુમાર આવ્યા. તેમણે કહ્યું કે;—આ રોગ વૈદ્યથકી મટવાનો નથી; કારણ આ કોઇએ કરણી કરેલી છે. ઇત્યાદિ બોલી ચાલતા થયા. આ સાંભળી આચાર્યના શિષ્યમંડળમાંથી એકે મંત્ર પ્રયોગ કર્યો. તેનાથી આચાર્યનું દરદ મટી અભિનવગુપ્તાચાર્યને લાગુ પડયું અને તેજ વખતે મરણ પામ્યો હતો. એ રીતે જોતાં તેને થયાંને આશરે ૧૪૦૦ વર્ષ થયાં છે, આ સમર્થ પુરૂષ મંત્ર પ્રયોગોમાં આસામ દેશમાં ઘણો પ્રસિદ્ધ થઈ ગયો છે.

મહાસિદ્ધપુરૂષ.

ગુરૂમચ્છેંદ્રનાથ.

આ અતિ પ્રસિદ્ધ મહાસિદ્ધ પુરૂષનો જન્મ ચમત્કારી કરી તે થયો છે. સદાશિવ એક વખતે ક્ષીર સમુદ્રને કિનારે મહા સતી પાર્વને મહાજ્ઞાનનો ઉપદેશ કરતા હતા. તે એક મગરના પેટમાં રહેલા કોઈ એકે સાંભળયું હતું. તેથી એ જન્મતાંજ જ્ઞાની પુરૂષ થયા હતા. એનો જન્મ મગરના પેટમાંથી થયો, માટે **મચ્છેંદ્રનાથ** નામ પડયું હતું. આ મહાપુરૂષ મહાતિવ્ર બુદ્ધિના, ચંચળ, વિદ્વાન, મહાજ્ઞાની, જિતેંદ્રિય, તત્વવેત્તા અને સિદ્ધ પુરૂષ હતા. સપ્તશૃંગ પર્વતપર ચૌરંગીનાથ પાસે બ્રહ્મવિદ્યા અને યોગનો ઉપદેશ લીધો હતો. આ મહાપુરૂષમાં સિદ્ધપુરૂષના સર્વ લક્ષણો હતાં. નિવૃત્તિનાથ એ જ્ઞાનેશ્વરનો મોટો ભાઇ હતો. તેને યોગનો બોધ ગૈનીનાથે આપ્યો હતો. જ્ઞાનેશ્વરના વખતમાં નાથસંપ્રદાયી ભક્ત મંડળી બહુ હતી. મચ્છેંદ્રનાથ મહાયોગી પુરૂષ હતા, તેમની પાસે ઘણા શિષ્યો રહેતા હતા. એ સર્વેને તેણે હઠયોગમાં પ્રવિણ કર્યા હતા. તેઓ પોતાની મંડળી સાથે ભારત ભૂમિના પ્રદેશમાં ફર્યા કરતા, કોઇ ઉત્તમવનમા આશ્રમ રાખી રહેતા અને કંદ,

મૂળ, ભાજી પાલો ખાઇને ગુફાઓમાં ધુણીપર બેસી અખંડજ્યોતિમાં નિમગ્ન રહેતા. વખતે વખતે મહાચમત્કૃતિની ક્રિયાઓ કરતા હતા. અયોધ્યાથી થોડે દૂર **જયશ્રી** નામે નગર હતું ત્યાં તેનો **વિજયધ્વજ** રાજાના વખતમાં આશ્રમ હતો. એક વખતે મચ્છેંદ્રનાથ પોતાની રીત પ્રમાણે માગવા નીકળ્યા. ફરતા ફરતા જયશ્રી નગરીમાં એક સદ્બોધ નામે બ્રાહ્મણને ઘેર ગયા. એ વખતે બ્રાહ્મણ ઘરમાં નહોતો, પણ તેની પતિવ્રતા સ્ત્રી હતી. આ **યોગીંદ્રની** તેજસ્વી અને ભવ્ય મૂર્ત્તિ જોઇને તેણે તર્ક બાંધ્યો કે આ કોઇ મહાસિદ્ધ પુરૂષ છે. તરત ઘરમાં જઇને ભિક્ષા લાવી આપી. યોગીએ તેમનું શોકાતુર મૂખ જોઇ પૂછ્યું કે; તું શા કારણથી શોકમાં છે? આ સ્ત્રીએ યથાસ્થિત વાત કહી સંતતી ઇચ્છા બતાવી. મચ્છેંદ્રનાથે ભસ્મ મંત્રી આપીને ખાઇ જવાની આજ્ઞા કરી, પણ કોઈ બાઇએ વહેમ નાખવાથી તેણે એ ભસ્મ જમીનમાં છાણ રાખ નાંખવાનો ખાડો હતો તેમાં દાટી. એને બાર વર્ષ થઇ ગયા પછી મચ્છેંદ્રનાથ ભિક્ષા માગવાને આવ્યા. તે વખતે તેણે તારો પુત્ર ક્યાં છે? એમ પૂછતાં બાઇએ ભય ભિત થઇ યથાસ્થિત વાત કહી બતાવી. તેપરથી ગુરૂમચ્છેંદ્રનાથે જે ઠેકાણે ભસ્મ દાટી હતી ત્યાં જઇને એ બાઈ અને તેના પતિની સમક્ષ આલક્ષ!! એમ પોકારી હાક મારી કે; તરત ગોબર–છાણમાંથી બાર વર્ષનો સુંદર, સુકુમાર પુત્ર બહાર નીકળ્યો. તેણે ગુરૂ સાથે જવાની ઇચ્છા બતાવી. તેથી મચ્છેંદ્રનાથ તેમનું **ગોરક્ષનાથ** નામ પાડી પોતાની સાથે તેડી ગયા. એ આગળ જતાં મહાસિદ્ધ પુરૂષ થયા. તે તેના ચરિત્રમાં જોવું. એક વખતે ગુરૂમચ્છેંદ્રનાથ ફરતા ફરતા શિષ્યોથી જુદા પડી સિંહલદ્વીપમાં જઇ ચડયા, ત્યાં સ્ત્રીયારાજની રાણી પાસે ઘણો કાળ રહ્યા હતા. તેમને ગોરક્ષનાથ શોધતા આવી તેડી ગયા હતા અને ફરી યોગસાધનમાં કુશળતા મેળવી હતી. એવું એક ઠેકાણે ગ્રંથમા જણાવેલું છે. મચ્છેંદ્રનાથ પોતાના કેટલાક શિષ્યો સાથે ફરતા ફરતા **ઉજ્જયીની** નગરી પાસેના અરણ્યમાં આવી રહ્યા હતા. એવા સમયમાં રાજા **ભર્તૃહરીએ** રાજ પાટ છોડી સંસારનો ત્યાગ કર્યો હતો. તેણે આજ મચ્છેંદ્રયોગીરાજ પાસે આવી દિક્ષા લીધી હતી. ગુરૂમચ્છેંદ્રે તેમને મંત્રોપદેશ કરી યોગાભ્યાસ કરવ્યો હતો અને તેના પ્રતાપથીજ તેઓ અમર થયા હતા. આ યોગીંદ્ર ભર્તૃહરિના વખતમાં હતા એવું સિદ્ધ થાય છે.

મચ્છેંદ્રનાથે ઉત્તરાવસ્થામાં ગોરક્ષનાથ, ભર્તૃહરિ વગેરે કેટલાક શિષ્યો સાથે સોરઠપ્રાંતમાં આવેલા **પ્રભાસક્ષેત્રથી** આઠ દશ મૈલપર હાલ ગોરખમઢી નામે ગામ છે ત્યાં આશ્રમ કર્યો હતો. એ આશ્રમમાં રહી તેણે

સોરઠના રાજા વગેરેને પોતાની સિદ્ધતા બતાવીને ઘણા રાજા અને લોકોનાં મન આકર્ષી લીધાં હતાં. એ વખતે **નાથધર્મની** બહુ પ્રબળતા હતી. તેઓ હઠયોગમાં અતિ કુશળ હતા. સર્વમાં એ વખતે મચ્છેંદ્રનાથ મહાસિદ્ધ પુરૂષ ગુરૂરૂપે હતા. મચ્છેંનાથ પોતાની સિદ્ધતાથી ભારત ભૂમિમાં અતિ પ્રસિદ્ધ થઇ ગયા છે. જેને અદ્યાપિ સુધી આર્ય પ્રજા યાદ કરે છે. મચ્છેંનાથે યોગ શાસ્ત્ર ઉપર **હઠ્ઠદીપિકા** નામે એક ગ્રંથ કર્યો છે, તેમાં યોગાભ્યાસના સર્વ પ્રકાર કહ્યા છે. તેનાં આઠ પ્રકરણ છે. બ્રહ્માનંદબાવા કે જે કેટલાએક દિવસપર કનેકશ્વરમાં રહેતા હતા. તેમણે **હઠ્ઠદીપિકા**પર ટીકા કરી છે. તે સિવાય મચ્છેંદ્રનાથે યોગશાસ્ત્રપર બીજા ગ્રંથો કરેલા છે. તે ઘણા વાંચવા જેવા છે, પણ તેની આ દેશમાં ખ્યાતિ નથી. એ ગ્રંથો દક્ષિણમાં વધારે પ્રસરેલા છે. નાથ યોગીઓ હઠયોગ પ્રવર્તક ગણાય છે. રાજ્યયોગ કરતાં હઠયોગ ઘણો કઠણ છે. મચ્છેંદ્રનાથ નાથધર્મમાં હતા. આ ધર્મનાથ નામના કોઈ પર્મહંસે પ્રવર્ત્તાવેલો છે. **નાથધર્મનાં સિદ્ધાંતો**—નિરાકાર નિરંજન જ્યોતિસ્વરૂપ પરમેશ્વરને માનવો. હોમ, હવન વગેરે ક્રિયાઓ કરવી; ભૈરવ, મહાવીર હનુમાન, દેવી, શિવ અને સૂર્ય એ મુખ્ય દેવ છે, અલેક એક પુરૂષ છે, તેણે ખલક રચી છે; રચવામાં પ્રથમ ખપ્પર ઉત્પન્ન કર્યું છે; મૃત્યુ અને કાળ ખપ્પરના શિષ્ય છે; સમાધિ મોક્ષની જગ્યા છે, પોતાની કલ્પનાજ માયા છે; અષ્ટાંગ યોગમાં હઠયોગ એ મન અને તન શુદ્ધિ કરાવે છે. ક્રિયા ન કરનાર પાપી છે; મંત્ર, જંત્ર સાચાં છે, જીવ દયા પાળવામાં પુણ્ય છે; અધર્મિઓને મારવાથી દેવ પ્રસન્ન થાય છે, ઇત્યાદિ એ ધર્મનાં સિદ્ધાંતો છે. એ નાથ ધર્મમાં--આદિનાથ, શંબરનાપ, આનંદનાથ, ચોરંગીનાથ, મચ્છેંદ્રનાથ, ગોરક્ષનાથ, મીનનાથ, વિરૂપાક્ષનાથ, બિલેશનાથ, મંથન ભૈરવનાથ, સિદ્ધબુદ્ધ નાથ, કંથડનાથ, પૌરંદકનાથ, સુરાનંદનાથ, સિદ્ધપાદનાથ, ચર્પટનાથ, નિરંજનનાથ, કપાલનાથ, બિંદુનાથ, કાકચંડીશ્વરનાથ, આહ્નમાનાથ, પ્રભુદેવનાથ, ગૌરોચીનાથ, ડિંડિમીનાથ, ભાલ્લુકીનાથ, શાંભવનાથ, અદ્વયાનંદનાથ, ગૈનીનાથ, કાનેરીનાથ, પૂજ્યપાદનાથ, નિત્યાનંદનાથ, નાગબોધનાથ, ચંડકપાલિકનાથ, જાલંદરનાથ, ઈત્યાદિનાથો સિદ્ધપુરૂષો થઈગયા છે.

સમર્થસિદ્ધપુરૂષ.

ગુરૂગોરક્ષનાથ.

આ પ્રસિદ્ધ મહાપુરૂષનો જન્મ અયોધ્યાની પાસે **જયશ્રી** નામે નગરમાં થયો. એ નગરના રાજાવિજયધ્વજના વખતમાં એક **સદ્બોધ** નામે

બ્રાહ્મણ પોતાની **સદ્વૃત્તિ** સ્ત્રી સાથે રહેતો હતો. બ્રાહ્મણ બહુ સદાચાર વાળો અને ઘરમાં સુખી હતો, તેની સ્ત્રી પતિવ્રતા હતી, પણ માત્ર તેમને સંતતીનું સુખ નહોતું. એક સમે એવું બન્યું કે, મચ્છેંદ્રનાથ ફરતા ફરતા જયશ્રી નગરમાં આવ્યા. દરરોજ ભિક્ષા માગવાનો ક્રમ હતો, તે મુજબ તે એક દિવસે આ બ્રાહ્મણને ઘેર આવ્યો. તે વખતે બ્રાહ્મણ ઘેર નહોતો, તેની સ્ત્રી હતી. તેણે તરત મછેંદ્રનાથને ભિક્ષા આપી નમસ્કાર કર્યો. એ વખત એ બાઇનું મુખ કુમળાએલું જોઇને મચ્છેંદ્રનાથે કહ્યું કે;-તમે મને ભિક્ષા દેવાને આવ્યાં, પણ તમારા મનમાં બહુ ચિંતા જણાય છે. તેનું જે કારણ હોય તે કહો, ત્યારે સદ્વૃત્તિ બાઇએ હાથ જોડી કહ્યું કે, મહારાજ મને ઘરમાં સર્વ પ્રકારનું સુખ છે, પણ સંતતી નથી તેથી બહુ ચિંતા થાય છે. આ સાંભળી નાથે ઝોળીમાંથી એક ચપટી રાખ કાઢી મંત્રી તે બાઇને આપી કહ્યું કે; આ તું ખાઇ જા, તમારા મનોર્થ પૂર્ણ થશે. એટલું બોલી નાથ ચાલી નીકળ્યા. મચ્છેંદ્રનાથ ગયા પછી તેની એક પાડોશી બેનપણીએ આવી કહ્યું કે, તને સિદ્ધ બાવે ભસ્મ આપી છે તે ખાઇશ નહિ; કારણ એવા જોગી કાનફટા સ્ત્રીઓને ભસ્મ આપીને કાંઇ કરી મૂકે છે. ઇત્યાદિ કહી વહેમમાં નાખી તે ભસ્મ ચૂલામાં નાખી દેવાની ભલામણ કરી તેથી એ બાઇએ બીકથી એ ભસ્મ ચૂલામાં તો ન નાખી, પણ ગાયનું છાણું અને રાખ નાખવાનો ખાડો હતો તેમાં નાંખી દીધી. એ વાત પોતાના પતિને પણ બીકથી ન કહી; કેમકે તેથી એ કાંઈ ઠપકો આપે આ વાતને બાર વર્ષ થઈ ગયાં ત્યારે મછેંદ્રનાથની સ્વારી ફરીવાર જયશ્રી નગગરમાં આવી. તે ભિક્ષા માગતા માગતા એક વખતે સદ્વૃત્તિ જેને ચપટી ભસ્મ આપી હતી, તેનાજ ફળીઆમાં 'आलक्ष्य' એવો શબ્દ ઉચ્ચારી બહાર ઉભા રહ્યા. તે ઘરની નિશાની જોતાં નાથને સ્મરણ થયું કે આજ ઘરમાં બાઇને મેં ભસ્મ આપી હતી. એમ વિચારી એ બાઇને સાદ પાડી પૂછ્યું કે, બાઈ! તારો પુત્ર ખુશી છે? એ વખતે એ બાઇનો પતિ ઘરમાં હતો તે બહાર આવ્યો. બાઇના પેટમાં ફાળ પડી તેથી બહાર આવી નહિ. તેનુ એટલુંજ કારણકે આ જોગી બાર વર્ષે ફરી આવ્યો અને પૂછ્યું કે, તારો પુત્ર ખુશી છે? માટે તેણે નિશ્ચે મારૂં ઘર ઓળખ્યું છે. છોકરો ક્યાં છે એમ પૂછે તો મારે શું જવાબ દેવો? એ વિચારમાં પડી. સદ્વૃત્તિનો પતિ સદ્બોધ નમસ્કાર કરી ભિક્ષા આપવા માટે ઘરમાં ગયો. ત્યારે મચ્છેંદ્રનાથે તર્કથી બાઇનો પતિ આજ હશે એવું જાણી લઇને બોલાવી પૂછ્યું કે; તમારી સ્ત્રી અને પુત્ર ખુશીમાં છે? બ્રાહ્મણ હાથ જોડી બોલ્યો;-મહારાજ! અમો દૈવહીન છીએ તેથી અદ્યાપિ સુધી કાંઇ પણ સંતતી થઇ નથી,

ત્યારે પુત્ર ક્યાંથી હોય? મારી સ્ત્રી ખુશીમાં છે. મચ્છેંદ્રનાથ બોલ્યા એમ કેમ થાય? મારો પ્રસાદ વ્યર્થ જવાનો નથી. સદ્બોધ બ્રાહ્મણને મચ્છેંદ્રનાથ પહેલાં આપણે ઘેર આવેલા એ બિલકુલ ખબર નહોતી. તેથી તેણે પોતાની વહુને બહાર બોલાવી પૂછ્યું કે, આ નાથબાવા શું કહે છે? બાઇ ઘરમાંથી બહાર આવી મચ્છેંદ્રનાથ અને પોતાના પતિને નમસ્કાર કરી થએલી યથાસ્થિત વાત કહી બતાવી. મચ્છેંદ્રનાથ ભસ્મ બાઇએ ન ખાતાં છાણ અને રાખ નાખવાના ખાડમાં નાખી દીધી એ સાંભળી ગુસ્સે થયા. પછી જ્યાં એ ભસ્મ નાખી હતી, ત્યાં જઇને એ બાઇ અને તેના પતિ સમક્ષ આલક્ષ્ય! એવી બૂમ મારી કે;—આદેશ! એવો અવાજ કરતો બાર વર્ષનો સુંદર સુકુમાર બાળક બહાર આવ્યો. અને મચ્છેંદ્રનાથ સામે હાથ જોડી ઉભો રહ્યો. ગુરૂ તેજ વખતે તેને સાથે લઇ ચાલતા થયા. તેજ આ ગોરક્ષનાથ.

સિદ્ધપુરૂષની પુત્રરૂપ મહા પ્રસાદીનો સદ્બોધ અને સદ્વૃત્તિ લાભ લઇ ન શક્યા; તેથી આ સ્ત્રી પૂરૂષને ઘણું માઠું લાગ્યું. અફસોસમાં ગમગીન રહેવા લાગ્યાં, પણ ઉપાયશો? દૈવથી મળેલું કરમ લઇ ગયું, એવી કલ્પના કરી મન વાળી બેઠાં. ગોરક્ષ ગુરૂસાથે જઇને ગુરૂપ્રસાદથી મોટો સિદ્ધ પુરૂષ થયો. પછી તેણે પોતાના ગુરૂને પ્રાર્થના કરી કે, કૃપા કરી મારા બાપને બીજો પુત્ર આપો. એ વિનંતિપરથી ગુરૂએ કૃપા કરી તેને બીજો પુત્ર આપ્યો તેનું નામ ગોરક્ષના કહ્યાથી તેના માબાપે **નાથવરદ** પાડ્યું હતું. એક વખતે ગોરક્ષ ભિક્ષા માગવા જતાં એક બ્રાહ્મણને ઘેર બાઇએ મધુકરીમાં વડાં આપેલાં, એ વડાં મચ્છેંદ્રનાથને બહુ ભાવ્યાં હતાં. આ જોઇને બીજે રોજ તેજ બાઇને ઘેર જઇ મધુકરીમાં વડાં માગવા લાગ્યા. બાઇ બોલી કે, આજ વડાં ક્યાંથી! ગઇ કાલે કરેલાં હતાં એટલે આપ્યાં હતાં. ગોરક્ષનાથે કહ્યું કે; વડાં લઇશ ત્યારે જઇશ. એમ તેનો દુરાગ્રહ જોઇ બાઇ બોલી કે, તું પોતાની એક આંખ કાઢી મને આપીશતો હું વડાં તને આપીશ. એટલું સાંભળતાંજ ગોરક્ષનાથે એક આંખ કાઢી તેની સામે મૂકી? આ જોઇને તો બાઇ ઘણી ગભરાણી અને બીકથી જલદી વડાં તળીને ભિક્ષા આપી. તે ભિક્ષા લઇને ગુરૂ પાસે આવ્યા. ત્યારે ગુરૂએ પૂછ્યું કે, આંખે શું થયું, આ સાંભળી તેણે યથાસ્થિત વાત કહી બતાવી. એ સાંભળતાંજ ગુરૂ બોલ્યા કે, તું કેવો લબાડ છો? ઠીક તારી બીજી આંખ મને દે જોઉં ભલા! ગુરૂનાં આવચન સાંભળતાંજ તેણે બીજી આંખ કાઢી તેઓની સન્મુખ મૂકી. તેથી મચ્છેંદ્રનાથે સંતુષ્ટ થઇને તેની બને આંખો તિર્થોદક છાંટી જેવી હતી તેવી કરી આપી હતી. ગુરૂ ગોરક્ષનાથ ગુરૂ સે-

વામાં મશગુલ રહેતા હતા. તેમની ઇચ્છાનુસાર વર્ત્તવામાં કદી પણ કસુર કરતા નહિ. ઇત્યાદિ પ્રકારે તેણે ગુરૂની અતિ પ્રીતિ સંપાદન કરી હતી. મચ્છેંદ્રનાથના ઘણા શિષ્યોમાં ગોરક્ષનાથ અગ્રેસર શિષ્ય હતા. તેમજ સિદ્ધતામાં, વિદ્વતામાં અને યોગમાં ઘણા કુશળ થયા હતા. બુધ્ધિ પણ તીવ્ર હતી. ગોરક્ષનાથે સિંહલદ્વીપમાં જઇને પોતાના ગુરૂને ત્યાંની રાણી પાસેથી છોડાવી લાવ્યા હતા અને તેના મહેલમાં તેનો પુત્ર જીવતો કરી આપ્યો હતો. આ મહાસિધ્ધ પુરૂષ ભર્તૃહરિના વખતમાં હતા. એ ભર્તૃહરિના ચરિત્રમાં જોવાથી માલમ પડશે. ગોરક્ષનાથ વિદ્વાન હતા, એટલુંજ નહિ પણ કવિતા કરી પણ જાણતા હતા. તેણે **ગોરક્ષકલ્પ, ગોરક્ષતક, ગોરક્ષસહસ્ત્રનામ, ગોરક્ષગીતા,** એ રીતે સંસ્કૃતમાં ગ્રંથો રચેલા છે. એ સિવાય ત્રણ હજાર શ્લોકનો **વિવેકમાર્તંડ** નામે ગ્રંથ તેણેજ કરેલો છે. ચર્પટીનાથ વગેરે એને શિષ્યો ઘણા હતા. ગોરક્ષપુર—ગોરખપુર એણેજ વસાવેલું. ત્યાં થોડા વખત પછી તેણે પોતાની ગાદી સ્થાપી અને તેપર પોતાના ભાઇ **નાથવરદ** ને બેસાડયો હતો. એની સિધ્ધાઇ વિષે નાથ લીલામૃતના (૫) મા અધ્યાયમાં લખેલુંછે. અર્થાત્ તેણે યોગસિધ્ધિ પુરી સાધેલી હતી. ગોરક્ષનાથે વસાવેલા ગોરક્ષપુરમાં તેનું દેવાલય હતું. તે દેવાલયને **અલ્લાઉદ્દીન** કરીને કોઈ બાદશાહ થયો, તેણે તેને તોડી પાડીને એ ઉપર મસીદ બાંધી હતી. પછી તેના સેવકોએ તે મસીદ ભાંગી નાખીને ત્યાં બીજે ઠેકાણેથી ફરી દેવાલય બાંધ્યું. તે ફરીથી ઔરંગજેબ બાદશાહે ભાંગીને ત્યાં મસીદ કરી. તે ઉપર તેના શિષ્યોએ ફરી દેવાલય બાંધ્યું તે હજુ પણ કાયમ છે. તે બાંધવા વિષે ગોરક્ષનાથે પોતાના શિષ્ય જે **બૌદ્ધનાથ** તેને કહી રાખ્યું હતું. તે દેવાલય ગોરક્ષપુરની પશ્ચિમે છે, તેની દક્ષિણે મહાદેવ, પશુપતિનાથ અને હનુમાનનાં દેવાલય છે. તે દેવળના મંડપમાં નાથસંપ્રદાયી પુરૂષોની ઘણી સમાધીઓ છે. નાથસંપ્રદાયના લોકોને શિખા અને જનોઇ હોય છે, તેઓ પરસ્પરમાં સન્યાસી કહેવાય છે. આ પંથમાં બ્રાહ્મણ, ક્ષત્રિ, વૈશ્ય, આ સર્વનો સરખો સમાવેશ થઇ શકે છે. ગોરક્ષનાથે પોતાના ગુરૂ મચ્છેંદ્રનાથ સાથે ઉત્તરાવસ્થામાં કાઠિયાવાડ ઇલાકાના સોરઠ પ્રાંતમાં આવેલા **પ્રભાસ પાટણથી** આઠ દશ મૈલપર એક અરણ્યમાં આશ્રમ કર્યો હતો. ત્યાં તેણે સોરઠ પ્રાંતના રાજાને પોતાની સિદ્ધાઇના ઘણા ચમત્કારો બતાવ્યા હતા. પછી ગુરૂ ગોરક્ષનાથે પોતાના આશ્રમ પાસે પોતાના નામ ઉપરથી ત્યાં **ગોરક્ષમઢી**—ગોરખમઢી નામે ગામ વસાવેલું અને તે નીચે સોરઠના રાજાએ બાર ગામ આપેલાં હતાં. ગોરખમઢીની ગાદીપર હજુ નાથસંપ્રદાય વાળા મહંત છે. તે એ ગોરખમઢી

સિવાય બીજાં કેટલાંક ગામોની ઉપજ ખાય છે. ગોરક્ષનાથની સિદ્ધતાઇની ઘણી વાતો મળી આવે છે. શીઆળકોટ નગરીનો રાજા પોતાની પચાશ વર્ષની ઉમરે રાજપાટ પુત્રને સોંપી ગોરક્ષનાથના હાથ નીચે સેવામાં રહ્યો હતો. દિક્ષા લઇ ગુરૂની આજ્ઞા પ્રમાણે વર્ત્તતો હતો. પછી કેટલેક વર્ષે ગુરૂએ તેને યોગવિદ્યા શીખવી હતી. અને આગળ જતાં એ ગુરૂ પ્રતાપથી સિદ્ધ થયો હતો. ઇત્યાદિ પ્રકારે ગોરક્ષનાથ પોતાની સિદ્ધતાઇથી એટલા તો ભારત ભૂમિમાં પ્રસિદ્ધ થઇ ગયા છે કે, જેને લોકો હજુ સુધી યાદ કરે છે. આ તેની થોડી મહત્તા ન સમજવી. ધન્ય છે આ મહાયોગીંદ્રને !!!

મહાકવીશ્વર.

તુળશીદાસજી.

આ પ્રસિદ્ધ મહાપુરૂષના પિતા આત્મારામપાંડે રાજાપુર જિલ્લામાં આવેલા **પ્રયાગમાં** રહેતા હતા. ગોડબ્રાહ્મણોમાં સરવરીયા બ્રાહ્મણોની એક શાખા છે, તેજાતના એ બ્રાહ્મણ હતા. તુળશીદાસનો જન્મ શાકે ૧૫૭૮ માં થયો. એને લોકો વાલ્મિકીનો અવતાર માને છે. તેણે જનોઈ લીધા પછી બાર વર્ષ બ્રહ્મચર્ય પાળી વેદાદિકનો અભ્યાસ કર્યો. તેથી એ મહા બુદ્ધિવાન, જ્ઞાની, ધર્માત્મા અને ઉત્સાહી નીવડયા હતા. તેનામાં ઉત્તમ ગુણો જોઈ પાસેના એક ગામના બ્રાહ્મણે પોતાની **દેવીમમતાં** નામે પુત્રી પરણાવી. આ સ્ત્રી મહાસાધ્વી હતી. પતિપર અત્યંત પ્રીતિ રાખતી હતી; એજ તેની પ્રીતિ તુળશીદાસને વૈરાગ્ય ઉત્પન્ન કરવાને કારણભૂત થઇ પડી અને તેથીજ એ નિઃસીમ રામ ભક્ત નીવડયા. તે વિષે એવી હકીકત છે કે;—તુળશીદાસ વિષયાશક્ત હતા, પોતાની સ્ત્રી વિના તેને પળ માત્ર પણ ચેન પડતું નહિ. એક વખતે તેમને કામ પ્રસંગે પરગામ જવું પડયું હતું. ત્યાં તેને દશ પંદર રોજ રોકાવું પડયું હતું. ગયાને પાંચ છ રોજ થયા કે તેનો સસરો આવ્યો. જમાઈ નથી એવી સંધી જોઇને પોતાની પુત્રી દેવીમમતાને પીયર તેડી ગયા અને થોડા રોજ થયા કે તુળશીદાસ ઘેર આવ્યા. પોતાની સ્ત્રી પીયર ગયાના ખબર થયા. તેજદિવસે પોતાના ઓરડામાં રાત્રે સુવાને ગયા, પણ સ્ત્રી સાંભળી આવી. તેથી ઘણા ઉપાય કર્યા પણ ઉંઘ ન આવી. સસરાનું ગામ પોતાના ગામથી ૨ ગાઉપર હતું. મનમાં અનેક તરંગો સ્ફુરવા લાગ્યા, રાત્રી અંધારી હતી, પણ કામે તેને વશ કરી લીધો. તેથી એજ રાત્રે કોઇ ન જાણે તેમ પોતાના ઓરડામાંથી નીકળી સસરાના ગામનો રસ્તો લીધો. અર્ધરાત્રિ વિત્યા પછી તે ગામ પહોંચ્યા અને સસરાને ઘેર ગયા.

સસરાના ઘરના દરવાજા બંધ હતા, તેથી તેને સાદ કરી ઉઠાડવાની શરમ લાગી. તેથી ઘરની ચારે બાજુએ આંટા દેવા લાગ્યા, એક તરફ મેડીની બારી ખુલી હતી. ત્યાંથી તે ભૂમિ સુધી એક લાંબો સર્પ લટકતો હતો. તેને અંધારામાં કામના આવેશથી રાંઢવું લટકે છે એમ જાણ્યું, તેને પકડીને મેડી ઉપર ચડી ગયા ! ઉપર ગયા પછી ખડકીનું બારણું ઉઘાડવાને ઠોકવા માંડયું. એજ મેડીમાં તેની વહુ સૂતી હતી તેણે જાગૃત થઇને બારણું ઉઘાડયું, તો પોતાનો પ્રાણનાથ દીઠો. દીવો લઇ તેને અંદર લીધા, પલંગપર બેસાડી આટલી મોડી રાત્રે કેમ પધાર્યા ? એમ પૂછવાથી તુળશીદાસે સર્વ વાત કહી બતાવી; આ સાંભળી દેવી મમતા અતિ આશ્ચર્ય પામી. નીચેથી મેડીપર શી રીતે આવ્યા, એ પૂછવાથી તેણે જણાવ્યું કે બારીથી નીચે સુધી એક રાંઢવું લટકે છે, તે પકડી ઉપર આવ્યો. એ સાંભળીને પ્રથમ કરતાં પણ અધિક વિસ્મય પામી. તરત દીવો લઈ બારી પાસે જોયું તો એક મોટો અણીઝર સર્પ લટકતો દીઠો. જોતાંજ પેટમાં મોટી ફાળ પડી, ઉતાવળથી બારીનાં કમાડ બંધ કરી દીધાં. ઓરડાની અંદર આવી તુળશીદાસને એક મરચી અને સાકર ખાવા આપી, તે મરચી તીખી અને સાકર મીઠી લાગે છે એ સાંભળીને તે સાધ્વી સ્ત્રીનો જીવ હેઠો બેઠો. પછી દેવીમમતાએ કહ્યું કે;—પ્રાણનાથ ! આજે મોટું વિઘ્ન ટળ્યું ! ! ! તમે જે રાંઢવું જાણીને પકડી ઉપર ચડી આવ્યા હતા, તે ભયંકર સર્પ હતો. થોડામાં પત્યું, નહિતો કંઈનું કંઇ થઈ જાત. હવે જોજો એ પ્રમાણે કોઇદિવસ સાહસ કરશો નહિ. જેવો પ્રેમ મારામાં રાખો છો, તેવોજ ઇશ્વર તરફ પ્રેમ રાખો તો તમારૂં સાર્થક થાય ! ! એ શ્રવણ કરતાંજ તુળશીદાસને વૈરાગ્ય ઉત્પન્ન થયો; સર્વ પ્રપંચ વ્યવહાર તાત્કાળીક છોડી દીધાં. નહિ માગતાં જે કોઇ એની મેળે આપે તે ખાવું પણ માગવું નહિ એવું વૃત્ત લીધું. અજાચક વૃત્તિથી નિર્વાહ કરી રામના ભજનમાં રંગાઇ ગયા. એમ કરતા સિદ્ધિને સંપાદાન કરી લોકોમાં અતિ પ્રખ્યાત થયા.

આ મહાપુરૂષ રામની નિરંતર ભક્તિ કરતા હતા. તેમાં એક વખતે એવો ચમત્કાર થયો કે; તેઓ નિત્ય જે ઠેકાણે દિશાએ જતા હતા; તે સ્થળે દિશાએ જઇને વધેલું પાણી નિત્ય એક પથ્થર હતો તેપર રેડતા અને પછી પોતાને આશ્રમે આવતા હતા. એ નિયમ બાર વર્ષ સુધી ચાલ્યો, ત્યારે એમ થયું કે તે પથ્થર નીચે એક પિશાચ રહેતો હતો. તે ઘણો વખત પાણી પીવાથી તૃપ્ત થઈ સામે આવી ઉભો રહ્યો અને બોલ્યો કે; હું તારાપર પ્રસન્ન થયો છું, તારા મનમાં જે ઇચ્છા હોય તે માગ. આ સાંભળી તુળસીદાસ બોલ્યા કે, મારે બીજું કાંઇ પણ જોઇતું નથી, માત્ર રા-

મનાં દર્શનની ઇચ્છા છે તે કરાવજો. પીશાચ બોલ્યો, રામનાં દર્શન કરાવવાં મારાથી નહિ બને, પણ હું તમને **મારૂતિ-હનુમાન**નો મેળાપ કરાવીશ. એટલે તેનાથી તમારી ઇચ્છા પાર પડશે. પછી પીશાચે તુળશીદાસને હનુમાનનો મેળાપ કરાવ્યો અને હનુમાને તેમને રામદર્શન કરાવ્યાં હતાં. તુળશીદાસને શાકે ૧૫૮૫ માં દિલ્લીના બાદશાહ શાહજહાં સાથે મુલાકાત થઇ હતી એવું કવિ ચરિત્રમાં લખેલું છે, પરંતુ એનો જન્મ શાકે ૧૫૭૮ માં થયેલો હતો. ૧૫૮૫ માં તો આ તુળસીદાસ ૭ વર્ષના હતા. શાહજહાં તે વખતે રાજગાદી ઉપર મુદ્દલ નહોતો. માટે આ વાત સંભવિત નથી. વળી મથુરાં વૃંદાવનમાં નાભાજી સાથે તુળસીદાસનો મેળાપ થયો હતો. તુળસીદાસની પંગતમાં નિત્ય હજારો બ્રાહ્મણો જમતાહ તા. તેથી એની અધિક ખ્યાતિ થઈ છે. એના મઠમાં એક વખતે ચોર લોકો ચોરી કરવાને આવ્યા હતા, પણ હાથમાં ધનુષધરી રામચંદ્રજીએ તેને સવાર સુધી અટકાવી રાખ્યા હતા. તેથી એ ચોર લોકો પસ્તાવો કરી તુળશીદાસના શીષ્ય થયા હતા. તુળશીદાસે એક શાહુકારની ઇચ્છાથી તેની પુત્રીનો પુત્ર કરી આપ્યો હતો. એવી એવી અનેક તેના ચમત્કારની વાતો છે. (જુઓ ભક્ત વિજય.) તુળસીદાસ પોતાના ગુરૂ જગંન્નાથદાસ સાથે અયોધ્યા, મથુરાં, વૃંદાવન, કુરૂક્ષેત્ર, પ્રયાગ, કાશી, પુરૂષોત્તમપુરી, ઉત્તરાખંડ, વંશવટ વગેરે અનેક તીર્થ ક્ષેત્રોમાં ફર્યા હતા. ફરીને પાછા કાશીમાં આવ્યા. ત્યાં તેણે શાકે ૧૬૦૯ માં રામાયણ નામે ગ્રથ કર્યો. એજ ગ્રંથ **તુળશીકૃત રાયામણ** નામે પ્રસિદ્ધ છે. રામાયણનામે ગ્રંથ કર્યો એ વખતે તેની ઉમર ૩૧ વર્ષની હતી. એ ઉપરથી સિદ્ધ થાય છે કે એનો જન્મ શાકે ૧૫૭૮ માં થયેલો. **કાશીમાં** તેમણે એક સીતારામનું મંદિર અને તેની પાસે એક પોતાનો મઠ બાંધેલો છે, તે હાલ ત્યાં છે. તેઓ શાકે ૧૬૨૪ માં ૪૬ વર્ષની ઉમરે ઔરંગજેબની કારકીર્દિના વખતમાં સમાધિસ્ત થયા. કવિ ચરિત્રમાં જહાંગીર બાદશાહના વખતમાં પરલોકવાસ થયાનું લખેલું છે તે ભૂલથી લખેલું છે.

તુળશીદાસ રામોપાસક મહાયોગી સિધ્ધ થઇ ગયા છે. તેણે **રામ ગુણાવળી, ગીતાવળી, વિનયપત્રિકા**, એ સિવાય પદ, દોહરા ચોપાઈ ઇત્યાદિ તેની કવિતા ઘણી પ્રસિધ્ધ છે. તેણે ૪૯ કાંડમાં રામાયણ બનાવી તેની વિગત-(૧) ચોપાઈ રામાયણ ૭ કાંડ (૨) કવિતાવળી ૭ કાંડ (૩) ગીતાવળી ૭ કાંડ (૪) છંદાવળી ૭ કાંડ (૫) વરવૈ ૭ કાંડ-(૬) દોહાવળી ૭ કાંડ (૭) કુંડલિયા ૭ કાંડ. આ વિના **શતશાઇ, રામસલાકા, સંકટમોચન, હનુમંતબહુક, કૃષ્ણગીતાવળી, જાનકીમંગળ, પાર્વતીમંગળ, રોળાછંદ ઝૂલનાછંદ** વગેરે ઘણા ગ્રંથો બનાવ્યા છે. તેની ચોપાઇ ઘણીજ સરસ વ-

ખાયછે. કહેવાય છે કે, "ચોપાઇ તો તુળશીદાસની અને છપ્પા છંદ તો ચંદકવિના." હજુ સુધી એના જેવી ચોપાઇ કોઈનાથી બનાવી શકાતી નથી. તેમજ તેની બનાવેલી વિનય પત્રિકાની સમાન અદ્ભૂત ગ્રંથ આજ સુધી કોઇ કવિ મહાત્માએ રચેલો નથી. અર્વાચીનકાળમાં એની રચેલી રામાયણ અજ્ઞાન લોકોને ધર્મ, નીતિ, રીતિનું જ્ઞાન સંપાદન કરવાનું ઉત્તમ સાધન થઇ પડયું છે. એના હાથની લખેલી રામાયણ જે રાજાપુરમાં હતી, તે ખંડિત થઈ ગયેલી છે, પણ મલીહાવાદ માં આજ સુધી, ૭ કાંડ સંપૂર્ણ મોજૂદ છે. કવિતા કરવામાં એ મહાકવિ પ્રધિધ થયેલાછે;

દોહા.

સર્વ સ્વર્ગ અપવર્ગ સુખ, ધરિય તુલાઇક અંગ
તુલૈન તાહિ સકલમિલિ, જો સુખલવ સત્સંગ. ૧
રામ નામ મણિ દીપ ધરૂ, જીહ દે હરી દ્વાર;
તુલશી ભીતર વાહે રહ, જો ચાહસિ ઉજિયાર. ૨
રામનામ અવલંબવિનુ, પરમારથકી આશ
વરષત વારિદ બૂંદમહિ, ચાહત ચઢન અકાશ. ૩

ઇત્યાદિ તેની કવિતા બહુ ઉપદેશ લાયક છે. તુળશીદાસજીને પરલોક સિધાવ્યાને આજે ૧૯૨વર્ષથઈગયાં છે.

વિશિષ્ટાદ્વૈતમતપ્રવર્ત્તક.

રામાનુજાચાર્ય.

આ અતિ પ્રસિદ્ધ સમર્થ પુરૂષ જ્ઞાતે બ્રાહ્મણ હતા, દ્રાવિડ દેશમાં શ્રી પેનુમુતૂર–ભૂતપુરીમાં રહેતા હતા. એ ગામ મદ્રાસની પાસે ચોવીશ મૈલપર કાંચી અથવા જેને કંજેવરમ કહે છે તેના માર્ગમાં આવેલું છે. એના પિતાનું નામ કેશવાચાર્ય અને માતાનું નામ કાંતિમતી હતું. આ સાધ્વી સ્ત્રીને પેટ આ મહાપુરૂષનો જન્મ શાલિવાહન શકના અગીઆરમાં શતકમાં થયો. એ વખતે દોરા સમુદ્રનામે શેહેરમાં બેટાવદ્ધન નામે રાજા રાજ કરતો હતો. રામાનુજને ઉમર લાયક થતાં આઠમે વર્ષેજનોઇ દઇને ઈ. સ. ૧૧૨૭ માં એના મામા યાદપ્રકાશ પાસે વિદ્યાભ્યાસ કરવાને રાખ્યા. ત્યાં તેણે વેદ શાસ્ત્ર અને શંકરમતનો અભ્યાસ કર્યો. સિવાય બીજાં અનેક શાસ્ત્રનો અભ્યાસ કરી મહાપ્રવિણ થયા હતા. આ મહાબુદ્ધિમાન અને વિદ્વાન હતા. વિષ્ણુ સ્વામીની પરંપરામાં થયેલા બિલ્વમંગળની પછી અને મધ્વાચાર્યની પૂર્વે રામાનુજ થયા ગણાય છે. શ્રીપેનુમુતૂર ગામમાં એક આંબલીનું વૃક્ષ હતું.

ત્યાં બેસી તેમણે રામચંદ્રની કેટલોક વખત ઉપાસના કરી હતી. પછી સંસાર સુખની તિવ્રતૃષ્ણાવાળા કેવળ કર્મજીજ્ઞાસુ પુરૂષોનું લક્ષ ઇશ્વર ભક્તિ કરવા તરફ વાળવા માટે વેદ અને ઉપનિષદ્નો કાંઇક મૂળ આધાર લઇ, જનપ્રિય લાગે એવી ઉપાસના અને ભકિતનો મનોરંજક વિશિષ્ટાદ્વૈતસંપ્રદાય ચલાવ્યો. આ સંપ્રદાયે મૂળદર્શનોમાંના ન્યાયદર્શનને અનુસરી જીવ અને ઇશ્વરનો ભેદ બતાવી બ્રહ્મમીમાંસા અથવા અદ્વૈત દર્શનને ખંડન કરવાનો પ્રયત્ન કર્યો. આસંપ્રદયનો ભકિત માર્ગને મુખ્ય બતાવવા અને રામ તથા વિષ્ણુને પરમ પુરૂષના અવતાર રૂપે ઇશ્વર ઠરાવવાનો આગ્રહ છે. મૂળનું જે અદ્વૈત છે તે કૈવલ્ય રૂપે મનાયેલું છે તેને રામાનુજ યથાર્થ ગણુતા નથી અને જીવને ઇશ્વરનો ભેદ બતાવી પ્રથમ તેમણે મલ્લુકેત શેહેરના બ્રાહ્મણોને બોધ આપી શિવમતમાંથી પોતાના વૈષ્ણવ મતમાં લીધા. પછી તેઓ તાનોર પ્રાંતમાં થઇ દોરાસમુદ્રમાં ગયા. ત્યાંના રાજાની પુત્રીને ભૂત વળગ્યું હતું, તે તેણે કહાડયું. તેથી રાજાએ અત્યંત ખુશી થઇ તેને મોટી બક્ષીસ આપી અને એ રાજાને પણ વૈષ્ણવ ધર્મનો બોધ કર્યો. તે પછી અનેક નાના ક્ષેત્રમાં જઇને ત્યાંના બ્રાહ્મણોને વૈષ્ણવ માર્ગ શિખવતા હતા. યમદુનાચાર્ય નામે શિષ્યને સાથે લઇને તે તિરૂપતિ, જગન્નાથ, કાશી અને જયપુર જઇને તીર્થ યાત્રા કરી. એ સ્થળોમાં તેમણે વૈષ્ણવધર્મ બરાબર સ્થાપન કર્યો. કેટલાક મઠ બાંધ્યા, આ મહાત્માનું વૈષ્ણવધર્મ સંબંધી ભાષણ સાંભળીને જયપુરનો મહારાજા અતિ આનંદ પામ્યો અને તેણે જૈન લોકોને ઘણું દુઃખ આપી તેલની ઘાણીમાં ઘાલી મારી નાખ્યા. આચાર્યે જયપુરમાં વૈષ્ણવો માટે એક મઠ બંધાવ્યો, આ પછી મુસાફરી કરતા બદ્રિનારાયણનાં દર્શન કરી સ્વદેશમાં પાછા આવ્યા. તે પછી પોતાના મતના કેટલાક ગ્રંથો કર્યા. પોતાની ૫૦ વર્ષની ઉમર થતાં સર્વ પ્રપંચનો ત્યાગ કરીને ચતુર્થાશ્રમ સન્યાસ લીધો અને તે પછી ભગવત્ ભજન, ન્યાય અને વેદાંતના ગ્રંથો વાંચી તેનું મનન કરવામાંજ સઘળી જીંદગી ગાળીને શ્રીપેનુમુતૂરમાં સમાધીષ્ઠ થયા. ઘણા શિષ્યો તેમને શેષનો અવતાર માને છે. તેમની તાદસ્ય ધાતુની મૂર્ત્તિ કરીને ત્યાંના મઠમાં સ્થાપન કરી છે અને તેમને મુખ્ય બાર અવતારમાં ગણે છે. **ગાદી**—રામનુજાચાર્યની એક ગાદી તાદીરમાં છે તેનું નામ તિગળ. (૨) ગળતા ગામમાં છે. (૩) અહોબળી મઠમાં તેનું નામ વડગળ છે. (૪) રેવાસામાં એક ગાદી છે. વડગળ અતિગળ ગાદીવાળા કાંઈ સંપ્રદાય ભેદને લીધે વખતો વખત ટંટો કરે છે.

સિદ્ધાંત—રામાનુજાચાર્ય સંપ્રદાયના મુખ્ય સિદ્ધાંતો એવા છે કે;—"અદ્વૈત બ્રહ્મ છે, પણ કૈવલ્ય નથી, વિશિષ્ટ છે. બધું બ્રહ્મમય છે, પણ તે બ્ર-

આમાંજ જીવ અને જડ એવા બે ભેદ છે. તે અન્યોઅન્ય વિલક્ષણ છે અને બ્રહ્મથી પણ વિલક્ષણ છે. અંતર્યામીરૂપે હરિ (બ્રહ્મ) સર્વમાં છે, પણ ચિત્ (જીવ) અને અચિત્ (જડ) એ તેનાથી જુદાં છે. એકજ બ્રહ્મનાં ત્રણ અંગ છે. નામાદિ રૂપે સર્વદા ભેદમયી સૃષ્ટિ છે. **હરિ, ચિત્** અને **અચિત્** એ ત્રણ રૂપે વિશ્વમાત્ર છે અને બ્રહ્મમય છે. તેથી બ્રહ્મચિદ્‌ચિદ્વિશિષ્ઠ છે. ત્રણે પોતપોતે અદ્વૈતજ છે, પણ અન્યોઅન્યથી સર્વદા ભિન્ન છે. અદ્વૈતમતમાં બ્રહ્મને કેવલ જ્ઞાન રૂપ ગણ્યું છે અને જગતમાત્ર માયા રૂપે ઠરાવી અજ્ઞાનમય ગણ્યું છે. જ્ઞાનમયતામાં અજ્ઞાન હોયજ કેમ ? એવો વિરોધ બતાવી રામાનુજે વિશિષ્ટ રીતે અદ્વૈત સ્વીકારેલું છે. પરમેશ્વર પુરૂષ છે અને તે સગુણ છે. જગતનો કર્ત્તા અને મુક્તિદાતા પણ તેજ છે. મનુષ્યનો જીવ પણ સગુણ છે, તે મુક્ત થયે ઇશ્વર તુલ્ય થાય છે, પણ તેને જગત્ ઉત્પન્ન કરવાની શક્તિ નથી એટલીજ ન્યૂનતા છે. બાકી મુક્ત થયો એટલે જીવ સગુણ અને બ્રહ્મ પણ સગુણ એ બને સરખાજ છે. સગુણ જીવને સગુણ બ્રહ્મસાથે ઐક્યપણું થતું નથી, પણ પોતે જુદો અને સગુણ બ્રહ્મ જુદું છે એવું જે જીવને ભાન થાય છે તેતો માત્ર અજ્ઞાન છે અને તેજ અવિદ્યા કહેવાય છે. તેમણે સાન્નિધ્ય, સાલોક્યાદિથી મોક્ષ વ્યવસ્થા માની છે. હરિના સ્વર્ગમાં જઇ જીવો મુક્ત રૂપે નિરંતર વસે છે એમ બતાવ્યું છે. તેમણે અવતારોને બ્રહ્મરૂપે ગણ્યા છે. તેઓ રામાવતારને મુખ્ય પૂજે છે, તેમ કૃષ્ણાવતારને પૂજ્ય માનતા નથી એમ પણ નથી. પરમ કરૂણારૂપ ભક્તવત્સલ પરબ્રહ્મ ભક્તોના ઉદ્ધારને અર્થે અવતાર ધારણ કરે છે. તેમની ઉપાસના કરી અંતર્યામીની પરમ કૃપા સંપાદન કરવી તેજ મુક્તિ. ઉપાસના પાંચ પ્રકારની છે. અભિગમન, ઉપાદાન, ઇજ્યા, સ્વાધ્યાય, અને યોગ. દેવતાસ્થાનમાં માર્જનાદિક તે અભિગમન, ગંધ પુષ્પાદિ પુજા સામગ્રી પ્રાપ્ત કરવી તે ઉપાદાન, પૂજન તે ઇજ્યા, મંત્ર જપ વૈષ્ણવસૂક્તાદિ પાઠ તે સ્વાધ્યાય અને અંતર્યામીનું ધ્યાન તે યોગ. યોગ થતાંજ પરમ કરૂણાકર ભગવાન્ પોતાના ભક્તને સ્વધામમાં નિત્ય મુક્ત કરી સ્થાપે છે." એવો તે મતનો સિદ્ધાંત છે. આ મતનું તાત્પર્યજ ભક્તિ છે. પરમાત્માને નારાયણ કહ્યા છે. તે લક્ષ્મીના પતિ છે એમ કહ્યું છે. રામકૃષ્ણાદિ અવતાર તે નારાયણના છે એમ ગણી તેમની મૂર્ત્તિ દેવાલયોમાં સ્થાપન કરી નાના પ્રકારનાં વસ્ત્રાલંકારો ધારણ કરાવે છે. ગંધ, પુષ્પાદિક અને વિવિધ પ્રકારનાં નૈવેદ્ય ધરાવે છે. એ રીતે પૂજા સેવાનો મનોરંજક સંપ્રદાય ચલાવ્યો. તેથી ઘણાં સ્ત્રી પુરૂષોની ઇચ્છા તે તરફ વળી. મૂળ લક્ષ્મીનો અર્થ સંપત્તિ એવો છે અને તેના પતિ એટલે મૂળ અધિષ્ઠાતા એક ઇશ્વર—નારાયણ છે. માટે

રામાનુજ સંપ્રદાયને **શ્રી** સંપ્રદાય પણ કહે છે. આ સંપ્રદાયમાં સાધુઓ પણ હોય છે. તેઓ એક બીજાને दासोऽस्म्यहम् એવો નમસ્કાર કરે છે. સાધુઓ બ્રહ્મચર્ય પાળે છે. એ મતવાળા કપાળમાં **શ્રી** આકારનું તિલક કરે છે, ગોપીચંદનાદિ વાપરે છે. સાધુઓ દંડ કમંડલુ રાખતા નથી. આદિ તેમનો આચાર છે.

સંપ્રદાય—રામાનુજાચાર્યને થઇ ગયા પછી કેટલેક વર્ષે રામાનુજ સંપ્રદાયનો દ્રાવિડ આચાર્યમાં રામનામનો સાધુ થયો. તેણે **આનંદ સંપ્રદાય** કાઢયો. તે રામાનુજ મતને ઘણોખરો અનુસરીને છે. તેનું નામ **રામાનંદી** આમતના હજારો વૈરાગી ભરતખંડમાં છે. આ વૈરાગીમાં પણ સંજોગી, નિહંગી વગેરે મત નીકળ્યા. કબીરપણ રામાનંદનો શિષ્ય હતો. તેણે આનંદ સંપ્રદાયમાં કેટલુંક કલ્પિત મેળવીને પોતાના નામનો પંથ કાઢયો. તે પંથમાંથી પણ બાર ઉપદેશક નીકળ્યા. દક્ષિણદેશમાં સંવત ૧૮૦૮ માં રામાનુજ મતમાં ગળતા ગાદીના આચાર્યમાં એક રામચરણ સાધુ થયો. તેણે મૂર્ત્તિપૂજા, ઉપાસનાદિ નિયમના ઘણાજ પ્રકાર વધાર્યા. રજપૂત લોકોમાં એની એક ગાદી છે. તે રામાચરણ સંપ્રદાય નીકળ્યો. એ રીતે રામાનુજાચાર્યનો સંપ્રદાય વિસ્તાર પામ્યો છે. રામાનુજાચાર્યે પોતાના મતના કરેલા **ગ્રંથો—વ્યાસસૂત્રભાષ્ય,** જેને શ્રી રામાનુજ ભાષ્ય કહેછે. **ગીતાભાષ્ય, ન્યાયામૃત, વેદાંતપ્રદીપ, તર્કભાષ્ય, વેદાર્થ સંગ્રહ, વેદાંતતત્વસાર, શ્રૌતભાષ્ય, શતદૂષણી, નારદીયપંચરાત્ર, ત્રિંશતધ્યાન, ચૈડમારૂતી, વિષ્ણુ પૂજા અને વિષ્ણુ પ્રબોધન,** વિષ્ણુ પ્રબોધન વિષ્ણુની સ્તુતિ રૂપે પ્રાતઃ સ્મરણ છે. **રંગનાથસ્તોત્રમાં**—ત્રિચિનાપલ્લી અથવા **શ્રીરંગપટ્ટણની** મૂર્ત્તિની સ્તુતિ છે. **ત્રિગદ્યમાં**—ત્રણ ગદ્યનો સંગ્રહ છે. **પ્રથમ વિષ્ણુ લોક ગદ્યમાં**—વૈકુંઠ લોકની રચના, તેના પદાર્થ અને ઐશ્વર્યનું વર્ણન કર્યું છે, **બીજું શ્રીરંગ ગદ્યમાં**—વિષ્ણુની સ્તુતિ છે અને **ત્રીજા શરણગદ્યમાં**—વિષ્ણુની પ્રાર્થના અને તેને જુદા જુદા ભાવથી કેમ શરણે જવું એનો પ્રકાર છે. **સિદ્ધાંતમાં**—પોતાના મતનું સ્થાપન કર્યું છે. **વિષ્ણુશાસ્ત્ર નામમાં**—વિષ્ણુની સ્તુતિ, સંધ્યાવંદન, સ્નાંનવિધિ, ઉર્ધ્વપુંડ્ર ધારણ ઈત્યાદિ રામાનુંજ મતનો આચાર અને સંપ્રદાયનું વર્ણન કરેલું છે. **વાશિષ્ટાદ્વૈતભાષ્ય** અને પોતાની ઉત્તમ બુદ્ધિ વાપરી વૈષ્ણવો માટે **ધર્મસંહિતાનો ગ્રંથ કર્યો છે,** એ ઘણો ઉત્તમ છે, એ રીતે ઘણા સારા ગ્રંથો રચી પોતાના સંપ્રદાયવાળાઓને સરળતાનો માર્ગ કરી આપ્યો છે. એ રીતે સર્વ પ્રકારની વ્યવસ્થા કર્યા પછીંજ પરમ ધામમાં ગયા હતા. એમને થઈ ગયાને આજે આશરે ૭૬૭ વર્ષ ઉપર થવા આવ્યાં એવું સિદ્ધ થાય છે.

દ્વૈતમત પ્રવર્તક.

મધ્વાચાર્ય.

આ પ્રસિદ્ધ મહાપુરૂષ ઉડીપીમાં શાકે ૧૩૧૭ માં થયા. ભીમ, હનુમાનની પેઠે એને પણ વાયુનો અવતાર માને છે. આ વેદ શાસ્ત્ર સંપન્ન, મહાવિદ્વાન, બુદ્ધિવાન અને ઉદાર બ્રાહ્મણ હતા. એના ભાઈનું નામ **સેનાચાર્ય** એ બંને ભાઈઓ પ્રથમ **હરીહર, કમ્મ,** અને **બુકરાય** એ રાજાઓના મુખ્ય ઉપદેશક અને મંત્રી હતા. પાછળથી મધ્વાચાર્ય શંકરમતના આનંદતીર્થ નામે સંન્યાસી થયા હતા એવું ગ્રંથોપરથી જણાય છે. તેઓ પછી શંકરમતમાંથી ફાંટા રૂપે જુદા પડ્યા. તેમને રામાનુજાચાર્યનો ત્રિધાતત્વવ્યવસ્થાવાળો **શ્રી** સંપ્રદાયઠીક લાગ્યો નહિ. તેથી આસમર્થ બુદ્ધિવાન વિદ્વાને તે સંપ્રયના લોકોની વૃત્તિને અનુસરી કેવળ કર્મજીજ્ઞાસુ પુરૂષોને સત્વર સમજાય અને પ્રીતિ લાગે, એવી દ્વિધાવ્યવસ્થામાની દ્વૈતમતનું પ્રતિપાદન કરેલું છે. સ્વતંત્ર અને અસ્વતંત્ર એમ બે પ્રકારનું તત્ત્વ છે અને તેનુંજ વિશ્વમાત્ર છે એમ નિશ્ચય કર્યો. અશેષ સદ્ગુણયુક્ત, નિર્દોષ શ્રીભગવાન્ વિષ્ણુ તે સ્વતંત્રતત્ત્વ અને તેની ઇચ્છાથી પ્રવૃત્ત તથા આધિન જે જીવાદિતત્ત્વ તે અસ્વતંત્ર છે. પરબ્રહ્મરૂપ વિષ્ણુની ભક્તિ—સેવા કરવી અને વૈકુંઠ પામવું એજ મુક્તિ છે. જીવતત્ત્વ છૂટતું નથી, પણપરમધામમાં સ્થિતિરૂપ પરમાનંદ મળી શકે છે એમ જણાવ્યું છે. સર્વે ઉત્પત્તિના મૂળ કાર્યરૂપ ઇશ્વરને વિષ્ણુ કહ્યા છે. એજ મૂળતત્ત્વમાંથી સઘળી સૃષ્ટિ અને બ્રહ્મડાદિક સર્વે વસ્તુ બનેલી છે. એટલો તેણે મૂળવેદનો અદ્વિતીય સિદ્ધાંત ગ્રહણ કર્યો છે. પરમેશ્વર આ જગતનું સંરક્ષણ કરે છે અને તે કારણપરત્વે જીવને દંડ પણ કરે છે તથા પાપ—પુણ્ય પ્રમાણે જીવને જન્મ—મરણાદિક ક્લેશ ભોગવાવે છે. ઇશ્વર ભક્તિમાં સર્વ કર્મજીજ્ઞાસુ, અલ્પજ્ઞાની સ્ત્રીપુરૂષોને દૃઢભક્તિ અને પ્રીતિ થવા માટે એવું જણાવ્યું છે કે; સર્વે વસ્તુનું મૂળ કારણ જે **પરમાત્મા** અને સર્વે **જીવ** પ્રાણી એ બંને અનાદિ છે. એ પ્રકારે યુક્તિથી **આત્મા** અને **પરમાત્માનો** ભેદ બતાવ્યો છે. એટલે તે સર્વે આણીના દેહનો જે ચૈતન્ય જીવ તે પરમાત્માના ચૈતન્યથી ભિન્ન છે એમ કહેલું છે. પરમાત્મા સ્વતંત્ર છે અને જીવાત્મા પરતંત્ર છે. તેથી એ પરમાત્માને આશ્રય ભૂત છે. એ પ્રમાણે કહ્યા છતાં જણાવેલું છે કે, જીવાત્મા એ પરમાત્માથી જુદો થઇ શકતો નથી. તોપણ તેનાથી જુદો છે. એ ગુહ્યાર્થ બુદ્ધિવાન્—વિદ્વાન અને જ્ઞાની ધર્મજીજ્ઞાસુ પુરૂષોનેજ સમજાઇ શકે એવો છે. જીવ સર્વદા વિષ્ણુનોદાસ છે, તે તેની યોગ્યતાને કદી પહોંચતો નથી. માટે

સર્વદા વિષ્ણુ પૂજનીય છે; તોપણ કૈવલ્ય મોક્ષને સમયે અને પ્રલયને વખતે સર્વજીવ પરમાત્માના મૂળ ચૈતન્ય સ્વરૂપમાં પાછો લીન થઈ જાય છે. તે સમયે એટલોજ ભેદ દેખાડેલો છે કે, પરમાત્માના મહા ચૈતન્ય આગળ જીવાત્માનું ચૈતન્ય દેખાઈ શકતું નથી, તે ભિન્નપણે છે. એવો સિદ્ધાંત કરી **રામકૃષ્ણાદિ** મહાપુરૂષોને અવતારી ગણી તેમની મૂર્ત્તિને મોટા સુશોભિત દેવાલયોમાં સ્થાપન કરીને, તેમની અનેક પ્રકારથી પૂજા સેવાદિ કરયાનો મનોરંજક ભક્તિમાર્ગ રામાનુજ સંપ્રદાય પ્રમાણેજ ચલાવ્યો. તે સર્વ મનુષ્યોને પ્રિય અને યોગ્ય લાગવાથી ઘણાં મનુષ્યો તે મતમાં આવવા લાગ્યા. એ પ્રમાણે કર્યા પછી પોતાનો જે મુખ્ય હેતુ નિરૈશ્વરવાદી જૈનમતનું ખંડન કરવાનો હતો, તેને હરેક રીતે ખંડન કરી કેવળ નિસ્તેજ કર્યો અને સઈશ્વરની ઉપાસના તથા ભક્તિમાર્ગને શ્રેષ્ઠ પંક્તિએ લાવી મૂક્યો.

આ સંપ્રદાયમાં મોક્ષ ચાર પ્રકારે માન્યો છે. સારૂપ્ય, સાલોક્ય, સાન્નિધ્ય, અને સાર્ષ્ટિ. એ સંપ્રદાયને **પૂર્ણપ્રજ્ઞ** સંપ્રદાય કે **બ્રહ્મ** સંપ્રદાય પણ કહેછે. **ઉડીપી** માં તેની ગાદી છે. એ વગેરે સ્થળે એમતનું પ્રબળ છે. એમતમાં સાધુઓ હોય છે. એ સંપ્રદાય વાળા ગોપીચંદનનું **શ્રી** ચિન્હ કરે છે અને મધ્યમાંની રેખા કાળી કરે છે. ડા. વિલ્સન લખેછે કે;–શંકરના સંન્યાસીઓને આ સંપ્રદાય વાળા નમસ્કાર કરેછે અને શૃંગેરીનો મહંત ઉડીપી આવેછે. ગૂજરાતના રાજા કુમારપાળને જૈન માર્ગ મૂકાવનાર આ મધ્વાચાર્યજ હતા. એવું યજ્ઞેશ્વરભટ્ટકૃત આર્ય વિદ્યા સુધાકર ગ્રંથમાં લખેલું છે. આચાર્યે વેદના ગ્રંથોપર ઘણી ટીકા લખેલી છે, તેમાં મુખ્ય અગત્યનું અને બુદ્ધિનો પ્રકાશ કરનારૂં જે મીમાંસાશાસ્ત્રનું યથાર્થ જ્ઞાન મેળવવાને માટે **નામમાળા વિસ્તાર** નામે ગ્રંથ કર્યો છે. તે પ્રથમ મીમાંસા શાસ્ત્રનું અધ્યયન કરનારાઓને બહુ ઉપયોગી છે. આચાર્યને થઇ ગયાને આજે ૫૦૦ વર્ષ થયાં એવું સિદ્ધ થાયછે.–

સિદ્ધ પુરૂષ.

કબીર.

આ મહાપ્રસિદ્ધ પુરૂષનો જન્મ થયા પછી તે જે મુસલમાન સ્ત્રી પુરૂષને મળ્યો હતો તેપરથી તે એજ જાતનો છે એમ ગણાયો. એનો જન્મ ત્રણ ચાર પ્રકારથી લખેલો છે. કોઇ કહે છે કે;–**નિમા** નામનો એક મુમનો એક વખતે કપડાં વણ્યાનું સૂતર ધોવાને ભાગીરથી કિનારે ગયો હતો. તે વખતે પાણીના વેનમાં એક છોકરૂં વહેતું આવતું હતું, તે તેની

નજરે પડયું. તેને ઉપાડી લઇ જઇને પોતાની સ્ત્રી નુરીને સોંપ્યું એજ કબીર. કોઈ કહે છે કે; એનો જન્મ છીપમાં થયો. કોઇ કહે છે કે, એ ખાનદેશમાં આવેલા કાશી ગામના લહર નામે તળાવમાં કોઇએ તરત જન્મેલું છોકરૂં નાખી દીધેલ તે મુમનાને મળ્યું. કોઇ કહે છે કે, રામાનંદ સ્વામીને એક વિધવા સ્ત્રી પગે લાગતાં રામાનંદ સ્વામીના મુખમાંથી તે બાઇને "પુત્રવતીભવ" એવો આશિર્વાદ અપાઈ જતાં તે બાઇને ગર્ભ રહ્યો. તેણે લોક લજ્જાથી નવ મહિના વગડામાં કાઢીને પ્રસૂત થયેલું છોકરૂં ત્યાંજ છોડી દઇ કોઇ સ્થળે એકલાં નીકળી જવું ધારેલ—અને તે પ્રમાણે થતાં તે છોકરૂં મુમનાને મળેલું હતું. આ સર્વે વાતનો સત્ય નિર્ણય થતો નથી; તોપણ એનો જન્મ બીજાને પેટ થઇને કોઇ મુમનાને હાથ આવેલ એ વાત તો સિદ્ધ થાય છે. એ મુમને તેને પાળી પોષી મોટો કર્યો હતો. ભક્ત મહાત્મ્ય નામે ગ્રંથમાં લખ્યું છે કે;—"પ્રાચીનકાળમાં વેદાન્તાભ્યાસ રહિત એક બ્રાહ્મણ હતો. તે પોતાનાં સ્ત્રી છોકરાંનું પાલણ પોષણ કરવા માટે કારીગરીનું કામ કરીને પોતાનું ગુજરાન ચલાવતો. એક વખતે તે સૂતર લેવાને માટે વણકરને ઘેર ગયો. ત્યાંથી ઘેર આવ્યો કે તાવ ચડયો. દૈવયોગથી તે તાવમાંજ મરણ પામ્યો. મરણની વેળાએ તેણે વણકરને યાદ કર્યો હતો. તેથી તેનો વણકરના ઘરમાં જન્મ થયો હતો." વણકરના ઘરમાં રહીને તે કબીર ઉછર્યો અને કપડાં વણવાનું શીખ્યો હતો, તેનાવડે કબીર ગુજરાન ચલાવતો હતો. લાયક ઉમરે થતાં પરણ્યો. તે સ્ત્રીથી તેને કમાલ નામે પુત્ર થયો હતો. કબીરને પૂર્વ જન્મના સંસ્કારને લીધે બ્રહ્મજ્ઞાન ઉત્પન્ન થયું હતું. રામની ભક્તિમાં રસબસ થઇને બાળપણથીજ તેમાં તત્પર રહેતો. તે પ્રમાણે તેનો પુત્ર કમાલ પણ ભક્ત મંડળીમાં ગણવા લાયક થયો હતો. કબીર કહેતો કે;—આ સંસાર અસાર છે, આ જીંદગી કમળપત્રપરના પાણીની પેઠે છે. આ કાશી ધામમાં કોણ મારો ગુરૂ થશે ? કોણ મને આ સંસાર સાગરમાંથી તારશે ? ગુરૂ નહિ મળ્યાથી આદેહરૂપી નાવ કેવી રીતે ચાલશે ? એમ વિચારતો એક દિવસે તેણે કેટલાક સાધુઓની પાસે જઇને પોતાનો હેતુ જણાવ્યો. સાધુ વૈષ્ણવોએ પૂછયું કે, તું જાતે કોણ છે ? તેણે કહ્યું—"હું વણકરણ છું, રામાનંદનો શિષ્ય થવા ઇચ્છું છું." વૈષ્ણવોએ એની મશ્કરી કરીને કહ્યું, "તું મ્લેચ્છ છે! તો તારો ગુરૂ કોણ થશે ? એવાં તેનાં વચનથી કબીર નિરાશ થઇને ઘેર ગયો. મન કામના પૂર્ણ ન ફલવાથી અસ્થિર ચિત્તે કાશીમાં ફરવા લાગ્યો. જેને તેને પૂછતો કે—ગુરૂ રામાનંદ કયાં રહે છે ? એપરથી એક સાધુએ કહ્યું કે; "ગુરૂ રામાનંદ અમુક જગ્યોએ રહે છે, સવારના પહોરમાં બહારનો દરવાજો ઉઘાડીને દરરોજ ગંગામાં સ્નાન

કરવા માટે જાય છે. તું રાત્રે તેના બહારના દરવાજા સામે સુઇ રહેજે. ત્યાં તારી મન કામના સિદ્ધ થશે." કબીરે તેમના બતાવ્યા પ્રમાણે કર્યું. એટલામાં નિત્યને સમયે રામાનંદ સ્વામી તે માર્ગેથી નીકળ્યા કે, તરત કબીરના શરીરપર તેમનો પદ સ્પર્શ થયો; કબીરે પણ મોટા માનની સાથે ગુરૂપદ ધારીને ચુંબન કર્યું. રામાનંદે એક મ્લેચ્છના શરીર ઉપર પગ લાગેલો જોઇને "રામ ! રામ ! તું કોણ છે ?" એવું કહ્યાથી કબીરનો મનોર્થ પૂર્ણ થયો. તેણે રામાનંદને ગુરૂ માની લઇને સાષ્ટાંગ પ્રણામ કર્યા. ત્યારથી કબીર **રામ** નામનું સ્મરણ કર્યા કરતો. તે સિવાય કંઈ નામ ઉચ્ચાર કરતો નહિ, કેવળ રામ નામજ પરમ મુક્તિની પાયરી ધારતો હતો. ત્યારથી તિલકમાળા ધારણ કરીને કાશીમાં બીજા વૈષ્ણવોની પેઠે રહેતો હતો. કબીરને નિત્ય કીર્त्तન કરવાનો નિયમ હતો. તેજ પ્રમાણે એક દિવસ કીર્त्तન કરતો હતો, ત્યારે કહેવા લાગ્યો કે આ સર્વ કૃપા **રામાનંદ** સ્વામીની છે. આ વાત રામાનંદ સ્વામીને કાને ગઈ; ત્યારે તેઓ આશ્ચર્ય પામી મનમાં કહેવા લાગ્યા કે, મેં કબીરને અનુગ્રહ કર્યો નથી, છતાં તે બીજા લોકો પાસે મારૂં નામ લે છે, તો આ વાતનો એક વખત પ્રત્યક્ષ અનુભવ કરવો જોઇએ. આમ વિચાર કરી સ્વામીજીએ પોતાના શિષ્યોને કહી રાખ્યું કે કબીર જ્યારે કીર્त्तન કરવા ઉભો રહે; ત્યારે મને ખબર આપવી. પછી એક દિવસે તેમની આજ્ઞા પ્રમાણે શિષ્યોએ આવી સ્વામીને ખબર આપ્યા કે, કબીર કીર્त्तન કરવાની તૈયારીમાં છે. આ સાંભળી રામાનંદ સ્વામી ત્યાં ગુપ્ત રીતે જોવા ગયા અને એક બાજુપર તે ન જાણે તેમ ઉભા રહ્યા; તો કબીરે સરૂવાતમાં રામાનંદ સ્વામીનું નામોચ્ચારણ કરી કીર્त्तનો પ્રારંભ કર્યો. તે યવન (કબીર) નું કૃત્ય જોઇ રામાનંદ સ્વામીએ તેની પરીક્ષા કરવા રીસથી પોતાના પગની ચાંખડી કબીરપર ફેંકી, તે તેના મસ્તકમાં વાગી. જો કે ચાંખડી વાગવાથી કબીરને દુઃખ થયું; તોપણ તે નહિ ગણકારતાં તેનેજ **ગુરૂપ્રસાદ** માની વધારે આનંદ યુક્ત મુખમુદ્રાથી રામાનંદ સ્વામીનું નામ લઈ ભજન કરવા લાગ્યો. એપરથી રામાનંદ સ્વામીએ પૂછતાં તેણે હાથ જોડીને ધૈર્યતાથી કહ્યું કે;—"હે નાથ ! આપ શું વીસરી ગયા કે ? તે દિવસે રાત્રિએ હું આપના દરવાજા ઉપર સૂતો હતો, આપે મારા શરીરપર પગ મૂકીને **રામ** નામનો ઉચ્ચાર કર્યો હતો, તે દિવસે મેં **રામમંત્ર** મેળવ્યો છે; તે દિવસથી નિત્ય રામ નામ જપુંછું. પ્રભો ! એમાં જો મારો અપરાધ થયો હોય તો દયા કરીને તે ક્ષમા કરશો." રામાનંદે કબીરને ભક્ત જાણી લઈ ક્રોધ પરિત્યાગ કર્યો. હસતાં હસતાં તેને આશિર્વાદ આપી સંતુષ્ટ થયા. અને તેને તત્વવિદ્યાનો ઉપદેશ કર્યો. એ દિવસથી તે એક ભક્ત તરીકે

ઓળખાવા લાગ્યો હતો.

કબીર મહાદયાળુ, શાન્ત પરોપકારી જ્ઞાની વૈરાગ્યશીલ, ઉપાસક અને ભક્ત હતો. એ નિત્યનિઃસ્પૃહી રહેતો. પરને દુઃખી જોઇને તેનું ચિત્ત બળ્યા કરતું. ઘરનો ગરીબ હતો, તોપણ બને તેટલો પરમાર્થ કરવાને ચૂકતો નહિ. એક દિવસે ઘરમાં ખાવાનું નહોતું. તેથી એક કપડું લઇને વેચવાજતો હતો; રસ્તામાં એક વૃદ્ધ મળ્યો, તે શિયાળાની ટાઢથી ધ્રુજતો હતો. તેણે કબીર પાસે વસ્ત્ર માગ્યું. કબીરે ગરીબની દુર્દશા જોઇ વગર સંકોચે કપડું આપી દીધું, પણ તરત તેને સંસારની વાત યાદ આવી. અહો! આજે મારા ઘરમાં અનાજ નથી, મારી માતા વાટ જોઇ બેઠી હશે; પણ મને આજે ગરીબને વસ્ત્ર આપીને જે પરમ સુખ થયુંછે, એવું સુખ મેં કદી મેળવ્યું નથી. મારા નશીબમાં તો જે થવાનું હશે તે થશે. કબીર ઘરમાં આવ્યો; આવીને જોયુંતો મા રસોઇ તૈયાર કરીને વાટ જુએ છે. કબીરે પૂછ્યું, મા ! આજે આપણો સંસાર કેવી રીતે ચાલ્યો, આપણી પાસે તો આજે કંઇ નહોતું." મા એ કહ્યું, "તું શું કહે છે કબીર! તેંજ માણસ મોકલીને મને અનાજ મોકલ્યું છે. આ સાંભળીને કબીર આશ્ચર્ય પામ્યો ગદ્ ગદ્ ભાવથી કહેવા લાગ્યો, મા ! તનેજ ધન્ય છે, સાક્ષાત્ ભક્ત વત્સલ ભગવાન આવીને તમને અનાજ આપી ગયા છે. મા ! ગરીબ દુઃખીને અન્ન આપો ધનતો સર્વનો ધણી ઇશ્વર પૂરશે. ધનની આપણને શી ફિકર છે !" કબીરની માતા ત્યારથી ગરીબોને અન્ન આપવા લાગી હતી. કબીરની દાતાપણાની વાતો સાંભળીને ઘણાં મનુષ્યો આવવા લાગ્યાં, તેમને તે આપી સત્કાર કરતો. એક વખતે પુષ્કળ મનુષ્યો આવી ઉભાં, પાસે કાંઇ દેવાને નહોતું. તેથી ઘર બહાર જઇ વિચારવા લાગ્યો તેટલામાં ભગવાને કબીરરૂપ ધરી સર્વ ગરીબોને ઇચ્છીત આપી વિદાય કર્યાં. કબીરે આવી જોયું તો એ સર્વ ઇષ્ટદેવનો પ્રભાવ દીઠો. તેથી વારંવાર ઇષ્ટદેવને પોકારી બોલાવવા લાગ્યો હતો. એક વખતે એક રાજાને તેણે પોતાની સિદ્ધતા બતાવી ભક્ત કર્યો હતો અને તેને કહ્યું હતું કે;–"રાજન્! ધન રત્નની દરકાર શી છે ? જીવન અને મરણ બંને એક સરખાં છે. હું મૂર્ખ છું! હું આ પેટ ભરવાને માટે સામાન્ય ધનની ઇચ્છા રાખતો નથી. જેઓ ગરીબ, ભૂખ્યા, તરસ્યા, અને પૈસાને માટે આતુર છે તેઓને આપની ઇચ્છા મુજબ ધન આપો, આપને તેથી મોટું પુન્ય થશે. રાજા આનંદિત ચિત્તે મહેલમાં પાછો ગયો અને ત્યારથી એ કબીરના ઉપદેશ પ્રમાણે દાન કરતો હતો." કબીરે એક વખતે સાધુ સંતને રસોઇ દેવા માટે ઘરમાં કાંઇ નહોતું. તેથી પોતાની સ્ત્રીને એક વાણીઆને ઘેર ઘરેણે મૂકી હતી અને

સિધું લાવી ભોજન કરી સર્વને જમાડયું હતું. તેમજ એક વખતે રાજાનો કોઠાર ફોડીને તેમાંથી જોઇતા સામાનની ચોરી કરી તમામ સાધુ સંતોને ભોજન કરાવ્યું હતું. એવી વાત ભક્ત વિજયમાં છે. તેપરથી જણાય છે કે, એના અંતઃકરણમાં કરૂણાનો દૃઢ નિવાસ હતો. તેનામાં બીજાઓને પારમાર્થિક બાબતો યુક્તિથી ઠસાવી દેવાની ચતુરાઈ હતી. એ વિષે એવું કહેવાય છે કે;–એક વખતે એક સખસે આવી પ્રશ્ન કર્યો કે પ્રપંચમાં રહી પરમાર્થ થતો નથી એમ કેટલાએક કહે છે તે ખરૂં કે ખોટું ! કબીરે કહ્યું કે, આ બાબતનો ઉત્તર હું તમને આવતી કાલે દઇશ. ત્યાં સુધી તમો મારે ઘેર રહો, એમ કહી તેને રોકયો અને બીજે દીવસે સૂતરના તાણા માંહેલા તાંતણા જુદા કરવા માટે તડકામાં તાણી કેટલાક વખત પછી તાંતણા જુદા જુદા કરતાં પોતાની સ્ત્રીને દીવો કરી લાવવા હુકમ કર્યો. એટલે તે વખતે દીવો લાવી દીવાને અજવાળે તાંતણા જુદા કરી દીવો પાછો લઇ જવા કહ્યું. આ વાત તેણે દિવસના બપોર વખતે કરેલી જોઇ પેલો માણસ આશ્ચર્યમાં ડુબી ગયો અને વિચાર કરવા લાગ્યો કે કબીરને ડાહ્યો કહેવો કે ગાંડો ! પરંતુ તે વાત મનમાં રાખી કેટલાક વખત પછી તેણે કબીરને પૂછયું કે મારી શંકાનું નિવારણ ક્યારે કરશો ! કબીર બોલ્યો કે તે વિષેનો જવાબ મેં તમને ઘણા વખત પહેલા આપી દીધો છે, પણ તે તમારા ધ્યાનમાં આવેલ નહોય એમ દેખાય છે. માટે ખૂલ્લું કહી બતાવુંછું તે સાંભળો. બપોરે તડકાના અજવાળાથી દીવાનું અજવાળું વિશેષ નથી છતાં તાંતણા જુદા કરવા મેં મારી સ્ત્રીને દીવો કરી લાવવા કહ્યું. ત્યારે તે બિલકુલ તકરાર કર્યા વગર છાનીમાની દીવો લાવી. જેથી એવી જાતની સ્ત્રીની અનુકૂળતા હોય તો જ પ્રપંચમાં રહીને પરમાર્થ થાય છે, બીજી રીતે થતો નથી. આ સાંભળી આવેલ ગૃહસ્થ સંતોષ પામી પોતાને ઘેર ગયો હતો. કબીર થોડા દિવસ પછી તીર્થયાત્રા કરવાને નીકળ્યો. મથુરા વગેરે સ્થળમાં જઇને દિલ્લી ગયો. એ વખતે દિલ્લીમાં **સિકંદર લોદી** બાદશાહ હતો. કોઇ દુષ્ટ મનુષ્યે જઇ યવનરાજને કહ્યું કે;–કબીરનામે એકદાંભિક આવીને ઘણા મનુષ્યોને ઠગે છે. માટે તેને શિક્ષા કરવી જોઇએ. સિકંદરે કબીરને પકડવાનો હુકમ કર્યો. સિપાઇએ આવી કબીરને પકડયો અને કહ્યું કે, તને બાદશાહ ફાંસી દેશે. પછી બાદશાહ પાસે લાવી ઉભો રાખ્યો, સિપાઇએ તેને સલામ કરવાને કહ્યું, પણ કબીરે કશું નહિ ગણકારતાં હસી કહ્યું કે, " કોને સલામ કરૂં ? આ દુનિઆમાં કોઈ મારનારો નથી." એ સાંભળી બાદશાહને ઘણો ગુસ્સો ચઢયો અને કબીરને સાંકળે બાંધી યમુનાના ઉંડા પાણીમાં ડુબાવી દીધો. યમુનાના કાળા પાણીમાં કબીર અદૃશ્ય થઇ ગયો, પણ થો-

ડીવારે તેને પેલી તરફ ફરતો જોયો. ફરી તેને પકડાવી કાષ્ટની ખડકેલી સળગતી ચેહમાં ફેંકી દીધો, પણ કબીરનો વાળ સરખોએ ખંડિત થયો નહિ. એ જોઇ બીજા દુષ્ટોના ભમાવવાથી બાદશાહે ક્રોધે ભરાઈ હાથીને પગે કચરાવી મારી નાખવાનો હુકમ કર્યો, પણ જેના ઉપર ભગવાનની કૃપા હોય છે તેને એક તો શું પણ હજારો હાથીઓ પણ શું કરવાના હતા? કબીરપર હાથીને છોડયો, પણ એ હાથી કબીરને સિંહ રૂપ જોઇને ભયથી નાશી ગયો. એ જોઇ સિકંદર બાદશાહ આશ્ચર્ય સાથ કબીરની પ્રશંસા-કરવા લાગ્યો. બાદશાહે તેને માન આપી પોતાના અપરાધની ક્ષમા માગી. યવનરાજે જાણ્યું કે આ મહાત્મા પુરૂષ છે એમની છેડ કરવી સારી નથી. પછી માન આપી વિદાય કર્યો. ત્યાંથી કબીર કાશી ક્ષેત્રમાં આવ્યો. અહીંઆં તે સંસારનું અનિત્યપણું સમજીને આત્મજ્ઞાન મેળવવા યત્ન કરવા લાગ્યો. કબીરની મહત્વતા જે જાણતા નહિ એવા મનુષ્યો તેને દુઃખ દેતા, તે હવે તાબે થઈ માન આપવા લાગ્યા હતા. એક વખતે તેણે શિષ્યોને બોલાવી કહ્યું કે;—"મારે હવે જવાનો વખત થયો છે. બેટાઓ! તમે કાશીના રહેવાસી શિષ્યોને ખબર આપો કે મણિકર્ણિકાના ઘાટ ઉપર મારી જોડે સર્વ આવી મળે." શિષ્યોએ તે પ્રમાણે સર્વ સ્થળે ખબર આપ્યા. ઘણાં મનુષ્યો ઘાટ ઉપર એકઠાં થયાં; સર્વ કબીરની વાત સાંભળવા માટે આતુર થયાં. કબીરે પોતાના મિત્રોને આવેલા જોઇને કહ્યું કે;—"આજે હું પરલોક જઇશ. મારા જીવનની લીલા પુરી થઇ છે. ભાઇ હું મ્લેચ્છ ઘરમાં જન્મીને કર્મ સૂત્રથી વૈષ્ણવ થયો છું. આ મિથ્યા અપવિત્ર શરીર રાખવાનું ફળ શું? મિત્રો! મગર રાજ્યમાં મારો મોક્ષ થશે."

કબીરનાં આ વચનો શ્રવણ કરીને સર્વ શોકાતુર થયા. તેમને મધુર વચનોથી દેહની અનિત્યતા સમજાવી સર્વને શાન્ત કર્યા. થોડી વારે કબીર સુતો, માથે વસ્ત્ર ઓઢયું. ઘણીવાર થતાં શિષ્યોએ ઉઠાડવાની ઘણી કોશીશ કરી પણ તેમનું કાંઇ વળ્યું નહિ. સર્વના જાણવામાં આવ્યું કે એના પવિત્ર આત્માએ સ્વર્ગ વાસ કર્યો. તેથી સર્વ ઉદાસ થયા અને રૂદન કરવા લાગ્યાં. થોડી વારે સર્વ સામાન્ય વર્ગના મનુષ્યોમાં વિજાતીયભાવ ઉત્પન્ન થયો. હિંદુ, મુસલમાન શિષ્યોમાં શબ લેવા તકરાર થઇ હતી. તેટલામાં તેના અર્ધ શરીરપર તુલશી અને અર્ધ શરીરપર મરવો દેખાઓ. તુળશીને લઈ જઈ કાશીના રાજા વીરસિંહે બાળી અને તેની રાખ ત્યાંના 'કબીર ચૌરા' નામે જગાએ દાટી. મુસલમાન શિષ્યોએ મરવાને લઈ ગોરખપુરની નજીક મગર નામે ગામમાં દાટયો અને તેનાપર સમાધિસ્તંભ બાંધ્યો. કબીર ચૌરા અને મગરની સમાધિ કબીરપંથીઓનું તીર્થ સ્થાન ગણાય છે.

આ પ્રમાણે જોતાં કબીર એક મહાપુરૂષ હતો. તે ગમે તે જાતનો હતો, પણ તેને હિંદુ, મુસલમાન સર્વે સરખા હતા. કોઇ કહે છે કે તે જપ, પૂજાદિ માનતો નહિ. તે એ સંબંધે કહેતો કે;—

मनकाफेरत जनमगयो गयोनमनकाफेर
करकामनका छोडकर मनकामनकाफेर ॥

કબીરે **સુખનિધાન** નામે ગ્રંથ કર્યો છે. તેમાં પોતાના સંપ્રદાય વિષે લખેલું છે. તેમજ બીજા ગ્રંથો લખ્યા છે. તે દોહા અને પદબદ્ધ છે. આ કવિતા તમામ હિંદુસ્થાની ભાષામાં છે. તેની છેવટ 'કહે કબીર,' 'કહત કબીર' 'દાસ કબીર' એ વાક્ય ઘણું કરીને આવે છે. તેની સર્વ કવિતાનો સંગ્રહ ચૌવડા ગામમાં છે એવું કબીરપંથવાળા કહે છે. કબીરને પૂજા સેવા કરવાની રીત બાળચેષ્ટા જેવી લાગી હતી. તેથી તેણે એકેશ્વરી ભક્તિનો બોધ કરવા માંડયો હતો.

કબીર પંથવાળા પરસ્પર બંદગી સાહેબ અગર સત સાહેબ કહે છે. શ્રુત ગોપાલ અને ધર્મદાસ એ બે મુખ્ય શિષ્યો હતા. એ બંનેએ મળી ગોરખનાથ કથા, આનંદ સાર, શબ્દાંવળી, મંગળ, બસંત, હોરી, રેખતા ગુલના, કહાર, હિંદોળા, બારમાસ, છંચર, અને આલીફનામા એવા નાના મોટા ગ્રંથો લખેલા છે. તે સિવાય બિજક નામે ગ્રંથ ભાગોદાસ નામે કોઇ કબીર પંથીએ લખેલો છે. એ શિષ્યો સિવાય કબીરને કમાલ, જમાલ, વિમાલ, બુધન અને દાદુ એ પાંચ શિષ્યો હતા. તેમણે પણ પોતાના મત પ્રસરાવ્યા હતા, પણ તેમાં વિદ્વાન પુરૂષો નહિ થવાથી તથા દ્રવ્યાદિક મેળવવાની લલુતાથી એ પંથો માત્ર નામના રહ્યા છે. કબીર પંથના મઠોમાં જેમ હાંડીઓ ટીંગાડીએ તેમ શાહમૃગનાં ઇંડા જગો જગોએ ટીંગાડેલાં હોય છે. તેપરથી ધારી શકાય છે કે તે કબીરપંથનો મઠ છે. તે પંથના સાધુઓને મેદાનમાં કીર્ત્તન કરવું હોય ત્યારે ધોળા લૂગડાના ધજાગરા ફરતા ખોડીને વચ્ચે કીર્ત્તન કરે છે. રામાનુજાચાર્ય સંપ્રદાયમાંથી પ્રથમ રામાનંદી સંપ્રદાય નીકળ્યો અને તેમાંથી કબીરપંથ નીકળ્યો. રામાનંદી અને કબીર પંથની તીલક કરવાની રીતિ એક સરખી છે. તેમાં તફાવત માત્ર એટલો કે રામાનુજ સંપ્રદાયવાળા વચલી લીંટી પીળી કરે છે અને રામાનંદી તથા કબીરપંથી રાતી લીંટી કરે છે. કબીર પંથમાથી હાલ જુદા જુદા ૧૨ પંથ નીકળ્યા છે. કબીરની જાતિ માટે જેવી ગડબડ છે તેવીજ તેના સમય વિષે કબીરપંથીઓએ ગડબડ કરેલી છે. તેનોજ જન્મ કયારે થયો તે વિષે કબીરપંથના લોકો એવું કહે છે કે, તે સંવત ૧૨૦૫ અગર શાકે ૧૦૭૦

માં એનો જન્મ કાશીમાં થયો અને મરણ સંવત ૧૫૦૫ માં અથવા શાકે ૧૩૭૦ માં આસો શુદ એકાદશીને રોજ મગરનામે ગામમાં થયું. આપરથી તે ૩૦૦ વર્ષ જીવ્યો હતો એમ મનાવવાનો પ્રયત્ન કરેલો છે તે ગમે તેમ હોય, પણ તે સિકંદર લોદીના વખતમાં હતો. તે મુસલમાની ઇતિહાસ વગેરે ગ્રંથોથી જણાયેલું છે. સિકંદર લોદી સંવત ૧૫૪૪ માં ગાદીએ બેઠો હતો, એ વખતે કબીર હતો એવું સિદ્ધ થાય છે. એપરથી એને થયાને આશરે ૪૦૭ વર્ષ થયાં. **કબીરનો સિદ્ધાંત**—ઇશ્વર એક છે અને તે સર્વ શક્તિમાન તથા સર્વ વ્યાપક છે. તે આપણા દેહમાં અખંડ જ્યોતિરૂપે પ્રકાશે છે, તેને જાણવાને યોગાભ્યાસ, દેહ કષ્ટ અને પવિત્રતાની જરૂર છે. ધર્મશાસ્ત્ર એ જ્ઞાન ઉદય કરનારા ગ્રંથો છે. પુનર્પિ જન્મ મરણ થાય છે, પાપ પુણ્ય છે. ઇશ્વરનું ધ્યાન કરવું એજ મોટો ધર્મ છે. સત્ય જ્ઞાનથી ઇશ્વર ઓળખાય છે. ગૌ, બ્રાહ્મણની સેવા કરવી; માંસ, મદીરા અને વ્યભિચારનો ત્યાગ કરવો. જીવ હિંસા કરવી નહિ; સત્ય, દયા, દાન, ક્ષમા, અહિંસા, ભક્તિ અને વૈરાગ્યાદિ લક્ષણોથી તારણ થાય છે. ઉંચ નીચનો સંબંધ નથી પણ કર્મથી સર્વ જુદાં છે. ઇત્યાદિ સિદ્ધાંત છે. કબીરે હિંદુ, મુસલમાનનો ભેદ રાખ્યો નહોતો, રામ અને રહિમ એક છે જુદા નથી. ધર્મનો પ્રચાર કરવાને તેણે ભાષામાં ભજનો રચ્યાં છે. એનું વલણ વેદાન્ત શાસ્ત્રપર હતું. એ આત્મજ્ઞાની હતો એવું તેના ભજન, કીર્ત્તનો વગેરેથી જણાય છે. એનાં ભજન, કીર્તનો વગેરેમાં આત્મજ્ઞાનનો માર્મિક ઉપદેશ વિશેષ આવે છે.

દોહો.

પથરી ભીતર અગિનિહૈ, વાંટે પીસે કોઈ;
લાખ યતન કરિ કાઢવી, આગિન પરગટ હોઇ. ૧
હૈ હૈ તૌ સબકોઉ કહૈ, નાહી કહૈ ન કોઇ;
કબીર ઐસા ન મિલા, યહ વેદાહૈ સાઈ. ૨
હૈ જુ કહૌ તૌ નાહિં હૈ, નાહીં કહૌં તૌ હૈ;
હૈ નાહીં કે વીચમે, જો કછુ હૈ સો હૈ. ૩
લખત લખત જબ લગિ રહે, છકત છકત છકિ જાઈ;
બ્રહ્મ ટટો વૈ આપને, તવ આનંદ ઉર ન સમાઇ. ૪

નાનકપંથ—શિખધર્મ સ્થાપક.

ગુરૂનાનક.

આ પ્રસિદ્ધ પ્રતાપી મહાપુરૂષ બેદી-વેદી વંશનો ક્ષત્રિય હતો. એના પિતાનું નામ કાલુ-વેદી હતું. વેદી વંશ રામચંદ્ર પુત્ર કુશકુલોત્પન્ન છે. **બેદો-વેદી** શી રીતે કહેવાયા એ વિષે પંજાબમાં એવી એક દંત કથા છે કે;—શ્રી રામચંદ્રના પુત્ર કુશે કુશાવતી અને લવે લવકોટ એ બે નગરી વસાવી હતી. ત્યાં એ બે વંશના પુરૂષો રાજ કરતા હતા. લવકોટને હાલ લાહોર કહે છે. કેટલેક કાળે બંને વંશમાં કુસંપ પેઠો, કુશાવતીના રાજાએ ઘણું સૈન્ય લઇ લાહોરના લવવંશનાનું રાજ લીધું. તેથી ત્યાંનો રાજા લાહોર છોડી દેશ નિકાલ થયો. દક્ષિણ પંથના રાજા અમૃતને આશ્રયે આવી રહ્યો. અમૃત મહારાજે તેમને માન સહિત રાખીને તેમના ઉત્તમ ગુણોથી પોતાની કન્યા પરણાવી. એટલુંજ નહિ પણ મરતી વખતે પોતાના રાજનો વારસ કર્યો. અમૃત રાજાની કન્યાને સદીરાવ નામે પુત્ર થયો. તે ઘણો બુદ્ધિવાન અને બાહાદુર હતો. તેણે પોતાના પિતાનું મૃત્યુ થયા પછી આજુ બાજુનાં ઘણાં રાજ જીતી લીઇ રાજની સીમા વધારી. એક વખતે તેના મોટા મંત્રીએ સદીરાવને જણાવ્યું કે;—"આપ અસંખ્ય નગરના રાજા છો, પણ આપે આપના પિતાનું રાજ કર્યું નથી. આપના પિતાનું રાજ પંજાબ છે. આપના કાકાથી આપના પિતાને દેશ નિકાલ થયો છે." આ સાંભળી સદીરાવે લશ્કર લઇ લાહોરપર ઘેરો ઘાલ્યો અને કુશ વંશના કુલ પુત્રને હરાવી રાજ લીધું. કુલ પુત્ર રાજભ્રષ્ટ થયાથી સન્યાસી વેષે અનેક સ્થળે મુસાફરી કરીને છેવટ પુણ્ય ભૂમિ **કાશી** ક્ષેત્રમાં આવી રહ્યો. ત્યાં તેણે વેદાભ્યાસ કર્યો. એક વખતે વેદમાં તેને એવું વાંચવામાં આવ્યું કે;—"જુલમ ગુજારવો એ મહા પાપ છે, મનુષ્ય જુલમ ગુજાર્યાથી કદી દયાની આશા રાખી શકતો નથી." આ વેદ વચનથી કુલ પુત્રના હૃદયમાં જખમ લાગ્યો. તેણે જુલમ કરી ભાઇને રાજમાંથી કહાડી મૂક્યો હતો. તેથી તે ઘણો પસ્તાવા લાગ્યો. દુઃખિત હૃદયે પોતાના પાપની માફી માગવાને કાશીથી સદીરાવ પાસે લાહોર આવ્યો. કુલપુત્ર લાહોર આવી સદીવરાવ પાસે વેદ વાંચીને પોતાના અપરાધની ક્ષમા માગી સદીરાવ કાકાના મુખથી વેદ સાંભળી ઘણો ખુશી થયો અને તેને અપરાધની ક્ષમા કરી લાહોરની ગાદીએ ફરી બેસાડયો. એ રીતે તેને ફરી ગાદી મળી એ કુલપુત્રે વેદાભ્યાસ કર્યો હતો અને સદીરાવ પાસે વેદવાંચ્યા હતા. તેથી એ કુલપુત્રના વંશના તે **વેદી—બેદી** કહેવાયા. નાનકનો પિતાકાલુ એ વંશનોજ વેદી

ક્ષત્રિય હતો. તે ગરીબ અવસ્થાનો હતો, પણ વગવાળો અને આબરૂદાર હતો. એ હિસાબ રાખનારનું કામ કરતો હતો. એકાલુનાપિતા **શિવરામ અને** તેની માતાનું નામ **બનારસી** હતું. તેને એક લાલુ નામે ભાઈ હતો. કાલુને **નાનકી** નામે પુત્રી હતી, તેને કપુરથલાના રાજ્યમાં આવેલા સુલતાનપુરના જયરામનામે કણિઆ સાથે પરણાવી હતી કાલુ લાહોરથી દક્ષિણે દશમૈલપર આવેલા **નાનાકુચાન** નામે ગામમાં પરણ્યો હતો. ત્યાં નાનકનો ઈ. સ. ૧૪૬૯ મા જન્મ થયો. નાનકના બાલ્યાવસ્થાનું ચરિત્ર ઘણું આશ્ચર્યકારક છે. એના જન્મ વખતે સુયાણિ એ ઘણાં મનુષ્યોનું ટોળું જાણે આ મહા-પુરૂષને આનંદથી આવકાર આપતું હોય, એવો અવાજ સાંભળ્યો હતો એવું વર્ણન છે. આ સ્થળ આજે **નાનકા** નામે ઓળખાય છે. ત્યાં આજે એક મંદિર બાંધેલું છે. એ પાસે એક સુંદર સરોવર છે ત્યાં નાનકબાલ વયે પોતાના સોબતીઓ સાથે રમતો હતો. તે સ્થળ આજે **બાળકવિદા** નામે પ્રસિદ્ધ છે. એક દિવસે નાનક ઢોરોને ચારવા ગયો હતો, ત્યાં ઊંઘી ગયો. એટલામાં ઢોરો ખેતરમાં પેસી ગયાં અને પાકને નુકસાન કર્યું. તે સ્થળ **કિઓરા સાહેબ** નામે પ્રસિદ્ધ છે. ત્યાં પણ એક સુંદર ભવ્યમંદિર બાંધેલું છે.

નાનકે ફારસી ભાષાનું અને હિસાબનું જ્ઞાન મેળવ્યું હતું. તેનું ચિત્ત સંસારમાં ચોંટતું નહોતું. તેને જે કામ સોંપવામાં આવતું તેમાં તે ચિત્તને લગાડતો નહોતો. એવી તેની બેદરકારી જોઈ કાલુએ તેને કોઈ વેપારમાં નાખવાનો વિચાર કર્યો. **બાલા** નામે એક સિંધૂ જાતિના જાટ સાથે ચાલીશ રૂપિઆ આપી દેશાવર વેપાર કરવાને મોકલ્યો. 'ધાર્યું ધણીનું થાય' કાલુની ઇચ્છા પારપડી નહિ. નાનકને માર્ગમાં સન્યાસીઓના ટોળાનો મેળાપ થયો. એ સાથે કેટલીક વાત કરતાં તેમને એવું જોવામાં આવ્યું કે, આ સાધુઓને ઘર, વસ્ત્ર કે ખોરાક કશું રાખવાની જરૂર રહેતી નથી, એ જાણી ઘણું આશ્ચર્ય પામ્યો.એ સન્યાસીઓના મુખથી—" વસ્તુ માત્રનો નિરૂપયોગ અને મિથ્યાપણું, વસ્તીમાં રહીને સંસારની ખટપટમાં ભાગ લેવાથી જીવનને ઘણી તરેહનો ભય રહે છે. " એ શિક્ષણ મળ્યું. નાનકે પોતાની પાસેના રૂપિઆ તેને આપી દેવા માંડ્યા, પણ તેમણે તે લીધા નહિ, માત્ર અન્ન લેવાની હા પાડી. એપરથી નાનકે પાસેના ગામમાંથી બધા રૂપિઆનું સિધું લાવી તેમને ભોજન કરાવ્યું. પાસે કાંઇ પણ રહ્યું નહિ, તેથી ઘેર આવ્યો, પણ પિતાના ભયથી એક મોટા વૃક્ષની ઝુકી રહેલી ડાળીઓમાં સંતાઇ રહ્યો. એના પિતા કાલુએ આવી ઘેર તેડી જઇ પૂછતાં, તેણે સર્વ વૃત્તાંત જણાવી કહ્યું કે;— "તમે અને રૂપિઆ સારા કાર્યમાં રોકી સારો લાભ મેળવવા આજ્ઞા કરી

હતી. માટે મેં મારા રૂપિઆ ધર્મના કાર્યમાં રોકી પુણ્યનો લાભ પ્રાપ્ત કર્યો છે." એ સાંભળી કાલુ ગુસ્સે થઇ મારવા દોડયો, પણ **રાયબોલારભટ્ટી** જે ગામનો જમીનદાર હતો તે વચ્ચે પડયો અને કાલુને નાનકે વાપરેલા રૂપિઆ આપીને તે હવે નાનકને ધમાવે નહિ કે ગેરવર્તણુક એનાપર ચલાવે નહિ એવી તાકીદ કરી; કેમકે એ જમીનદારે નાનકની આશ્ચર્યકારક વાતો સાંભળી હતી અને તેની ઉંચ વર્તણુક જોઇને તેના વિષે સારો વિચાર ધરાવતો હતો. જે ઠેકાણે નાનકે સન્યાસીઓને જમાડ્યા હતા, તે સ્થળ આજે **ખરાસૌદા** (ખરો લાભ) નામે પ્રસિદ્ધ છે. જે વૃક્ષ નીચે તે સંતાયો હતો, તે આજે જમીન સુધી ઝુકેલી ડાળીઓ સાથે **માલ** સાહેબ નામે ઓળખાય છે. નાનક કામ નહિ કરતા ફર્યા કરતો, એ કાલુને પસંદ નહોતું. તેથી તેણે નાનકને જલંધર દુઆબમાં વૈન નદીના તીરપર **સુલતાનપુર** ગામમાં એની બેન નાનકી પાસે મોકલી દીધો. આ નગર લાહોરથી દિલ્હી જતાં માર્ગમાં આવે છે. ત્યાં દિલ્હીના શેનશાહનો સગો **દોલતખાંન** લોદી સુબો હતો, એજ નગરમાં રહેતો હતો, એજ પુરૂષે **બાબર**ને હિંદુસ્તાનપર ચઢી આવવાને બોલાવ્યો હતો, જે પાછળથી ખટપટ કરતો જણાયો હતો. એ વાત ઇતિહાસમાં પ્રસિદ્ધ છે. આ નવાબ સાથે નાનકનો બનેવી જયરામને મોટી વગ હતી. તેણે નાનકને એના ઘરના કોઠારીની જગ્ગોપર રખાવ્યો. નાનક પોતાની પાસે જે દ્રવ્ય અને અન્ન રાખવામાં આવતું, તેમાંથી તે સાધુ, ફકિરોને દાન કરી દેતો. એ વાત કેટલીક મુદતે જણાતાં તેનો હિસાબ તપાસ્યો, તો ઉલટાં નાનકનાં નાણાં લેણા નીકળ્યાં હતાં. આ અજબ ચમત્કાર જોઈ નવાબ વગેરે આશ્ચર્ય થયા હતા. એવું તેના ચરિત્ર ગ્રંથોમાં લખેલું છે.

નાનકને સંસાર ઉપર પ્રીતિ ન હોતી, તેથી પરણવાને જરા પણ ઇચ્છા રાખતો ન હોતો, પણ તેના બનેવી વગેરેના આગ્રહથી ગુર્દાશપુર જીલ્લામાં બટાલા પરગણે **લાખોકી** નામે ગામ છે. ત્યાં છાનગોત્રી ક્ષત્રિ મૌલાની પુત્રી **સુલક્ષણી** સાથે પરણ્યો. તે સ્ત્રીથી તેને **શ્રીચંદ** અને **લખમીદાસ** નામે બે પુત્રો થયા. શ્રીચંદે **ઉદાસી** પંથ કહાડયો, તેના અખાડા આજે પણ **પંજાબમાં** ઘણા છે. લખમીના વંશમાં ઘણા વેદી—બેદી ક્ષત્રિયો થયા. એ સર્વે અદ્યાપિ સુધી પોતાના વંશની પવિત્રતા માટે ગર્વ ધરાવે છે, પણ પોતા વંશના સદ્દગુણો તેનામાં જોવામાં આવતા નથી. નાનકે પોતાના વંશની પુત્રીઓને દુધ પીતી કરવાની મના કરેલી છે. તથા પોતાને મળેલું ગુરૂપદ, પોતાની પાછળ પોતાના વંશનાને નહિ આપતાં; કોઇ એક યોગ્ય શિષ્યને આપવાની આજ્ઞાકરી છે; કેમકે વંશનાને ગુરૂપદ મળે તો

વખતે ગુરૂપદના ગર્વમાં આવી પંથમાં બગાડો કરે. એજ સમજણથી તેણે મરણ વખતે પોતાના શિષ્યમાંથી એકને ગુરૂપદ આપ્યું હતું. નાનકને સંસાર પ્રિય નહોતો. તેથી મુસાફરીમાં કુટુંબને સાથે રાખતો નહિ. બે પુત્રો થયા પછી તરત તેણે સંસાર તજવાનો વિચાર કર્યો. જીવન અધિકાર અને દ્રવ્ય મિથ્યા છે એમ સમજી નિત્ય એક વડનીચે બેસી વિચાર કરતો તે વડ આજે **બાબાકા** વડ નામે પ્રસિદ્ધ છે. એક વખતે તે નદીએ સ્નાન કરવા જતાં તે આખો દિવસ પાણીમાં ઉભો રહ્યોહતો: તે આજે **સંતઘાટ** નામે અને જે દુકાનમાં બેસતો તે **હાટ** સાહેબ નામે ઓળખાય છે. તેનાં વાપરેલાં કાટલાં આજે તેના માન માટે દેખાડવામાં આવે છે. નાનકે ઘણીક રીતે વિચાર કરી અંતે ઘર છોડી વનવાસ કર્યો. તેમ નહિ કરવાને તેના મિત્રોએ તેમજ પોતાની પુત્રી અને દોહિત્રોને નિરાધાર જોઈ તેના સસરાએ ઘણું સમજાવ્યો પણ તેણે માન્યું નહિ. તેથી તેને સસરે દોલતખાંન પાસે એવો હુકમ કઢાવ્યો કે—નાનકે એકદમ પોતાની નોકરીપર હાજર થવું, પણ મસ્તપુરૂષ હમેશાં મસ્તજ હોય છે, તેણે એના હુકમને નહિ ગણકારતાં એવી છટાદાર ભાષામાં ઉત્તર વાળ્યો કે;—"હું માત્ર પ્રભુનો શેવક છું, કોઇ પણ આલોકના શેઠને ઓળખતો નથી." ઈત્યાદી જણાવ્યું હતું. ત્યાગી પુરૂષને રાજા કે બીજો કોઈ શું કરવાનો હતો ? તે લોકો કોઇના તાબેદાર રહેતા નથી, માત્ર એ એક ઇશ્વરનાજ શેવક થઇ ફરે છે, તેને કોઇની પરવા રહેતી નથી. જેનું ચિત્ત સચોટ ઇશ્વરમાં ચોંટયું તેને ત્યાંથી ઉખેડી સંસારની લઘુતામાં કોઈ પણ નાખવા સમર્થ નથી. નાનકનો ત્યાગ દૂર કરવાને જેટલા જેટલા ઉપાયો કર્યા તે સઘળા મિથ્યા ગયા. નાનકે પોતાની સ્ત્રી, છોકરાંને પોતાના સસરાને ત્યાં મોકલી આપી સન્યાસ વેષ ધારણ કર્યો. પોતાની બેન નાનકીની રજા લઇને ગામેગામ ફરવા લાગ્યો. **બાળા** અને **માર્થન** એ બે સાથે ચાલ્યા. માર્થન મુસલમાન જાતનો ગવૈયો હતો, તે પોતાની ખુશીથી સાથે આવ્યો હતો. જે વખતે ગુરૂ નાનક ધ્યાનસ્થ અથવા ભજન કરે ત્યારે તે પોતાની સારંગી બજાવી મદદ કરતો. તેને અદ્યાપિપર્યંત **ભાઇબાળા** અને **ભાઈમાર્થન** નામે માન આપી યાદ કરે છે. માર્થન ભૂખાળવો વધારે હતો, તેથી લાલચમાં લપટાઈ જતો, તેમાંથી કેટલીકવાર નાનકે છોડાવ્યો હતો. આ યવન ગવૈયો જગતકર્ત્તા પ્રભુની સ્તુતિ સિવાય ગાતો નહિ. "**તુહિ નિરંકર કિરતાર નાનક બન્દા તેરા**" એ ઢબનાં તેનાં પદ ઘણાંજ સરસ છે. નાનક કેટલાક દિવસ બંધ આંખે ધ્યાનમાં બેસી રહેતો, ત્યારે ઇશ્વર સિવાય બીજો વિચાર કરતો નહિ. એ ફરતો ફરતો રચના દુઆબના ગુજરાત જીલ્લામાંના અમીનાબાદ શેહેરમાં

આવ્યો. ત્યાં લાલાઠાકર નામે પ્રમાણિક અને સદ્દગુણી પુરૂષના ઘરમાં ઉતારો કર્યો. વજીર મલેક ભાગુએ પોતાને ત્યાં ઉતરવાને આગ્રહ કર્યો, પણ એ ગરીબોનાપર જુલમ ગુજારતો, તેમજ તેણે પોતાનું દ્રવ્ય પ્રજાને રંજાડીને ભેગું કર્યું હતું. માટે નાનકે તેને ત્યાં ઉતરવાની ચોખ્ખી ના પાડી હતી. કરણ વગેરે દાનેશ્વરોનાં નામો પ્રસિદ્ધ છે, તેજ પ્રમાણે જલંધર દુઆબમાં મીસર રૂપલાલનું નામ પ્રસિદ્ધ છે, "જુલમગાર અધિકારીઓને અને તેના કુટુંબને અંતરમાં ઉંડો નિશ્વાસ મૂકી પ્રજા શાપ દે છે. આનું ફળ અંતે તેઓ ભોગવે છે. દુષ્ટ માર્ગે સંપાદન કરેલું દ્રવ્ય અંતે અવળે માર્ગેજ ચાલ્યું જાય છે." પરિણામે, **જીસ મૂલસે આયા, ઉસ મૂલસે ગયા. નફેમેં દો જૂતિઆં.** એ કહેવત પ્રમાણે થાય છે.

નાનકે અમીનાબાદમાં બિછાનાપર નહિ ઉંઘ લેતાં ગેડાં પાથરી ઉંઘ લીધી હતી. તેથી એ સ્થળ આજે રોડી સાહેબ નામે ઓળખાય છે. તે જે વખતે અમીનાબાદમાં રહેતો હતો, તેજ વખતે બાબરે હિંદુસ્થાન પર ચડાઈ કરી અમીનાબાદ જીત્યું, ગામમાં લૂટ કરી. તે લૂટનો માલ ઉપાડવાને ગુરૂનાનકને વેઠે પકડ્યો હતો. સાથે માર્ધન, બાળા પણ બોજો ઉપાડી ચાલતા હતા, માર્ધન રૂબાબ બજાવતો હતો; નાનકને માથે એવો બોજો હતો કે તે બાબરની સન્મુખ ખૂલવાનો હતો. આ મસ્ત ટોળીને ગાની બજાવતી વિચિત્ર વેષે જોઇ બાબર ઘણું આશ્ચર્ય પામ્યો. એટલુંજ નહિ પણ નાનકની વાતો સાંભળીને તો તે ઘણોજ ખુશી થયો હતો. અને તેને ઘણું માન આપ્યું હતું. નાનકે યુવાવસ્થામાં હિંદુ, મુસલમાન ધર્મના શાસ્ત્રનું અને વેદ, પુરાણાદિનાં સઘળાં તત્વોનું જ્ઞાન સંપાદન કર્યું હતું. તેમાં તેના ક્રિયાકાંડ ઉપર તેને કંટાળો આવ્યો. એ ઉપરથી જણાય છે કે તે પુરાણ વિરોધી હતો, તેને તેના તત્વનું ઉંડું જ્ઞાન પ્રાપ્ત થયું નહોતું એવું સિદ્ધ થાય છે. તેણે વેદના જ્ઞાનકાંડને માન્ય કર્યો છે. તેનાથી ઇશ્વરને ઓળખી શકાય છે એવું તેને સિદ્ધ થયું હતું. તે કહેતો કે;—"જેનાથી હૃદયની શાંતિ થાય, જેનાથી પવિત્ર અને ઉદાર ઐશ્વરિક તત્વ ફેલાય તેનેજ જીવનનો સાર ધર્મ જાણીને તે પર વિશ્વાસ કરવો." નાનક સર્વના ધર્મશાસ્ત્ર અને સર્વ પદ્ધતિમાં અનેક પ્રકારના ખોટા વહેમો જોઇને ખેદ પામતો. તે સન્યાસી વેષે ભારત ભૂમિના નાના સ્થાનોમાં ફર્યો, અનેક સાધુ, સંતો અને વૈરાગીઓ સાથે વાતો કરી પછી અરબસ્થાનમાં ગયો. ત્યાં ફકિરોનાં કામો તેણે જોયાં પણ તેમાં કાંઇ પવિત્ર સત્યતાનો આભાસ દીઠો નહિ. સઘળે સ્થળે કર્મકાંડનો શોચનીય વિકાર અને ખોટા વહેમોની ભયંકર મૂર્તિઓ જોવાથી દીલગીર થતો દેશમાં આવ્યો. પછી જાતિમાં, સંપ્રદાયમાં

અને ધર્મ શાસનમાં ફેરફાર કરવા માંડ્યો. પોતાની સુતીક્ષ્ણ બુદ્ધિ અને પ્રબળ જ્ઞાન બળથી ઉદાર અને સમદર્શીતાની પદ્ધતિ ફેલાવવાનો પ્રયત્ન કર્યો. પછી પોતે સન્યાસ ધર્મ અને સન્યાસી વેષ છોડી દઇને ઇરાવતીને કિનારે **કીર્તિપુર** નામે ધર્મશાળા સ્થાપન કરી. પોતાનો પંથ પ્રવર્ત્તાવવાને શિષ્યો એકઠા કર્યા હતા. ઇત્યાદિ કરી કીર્તિપુર ધર્મશાળામાં કુટુંબ અને શિષ્યોમાં વસીને પોતાની જીંદગી પુરી કરી. ઈ. સ. ૧૫૬૯માં ૭૦ વર્ષની ઉમરે તેના અમર આત્માએ સ્વર્ગ વાસ કર્યો. એને થઇ ગયાને આજે ૩૨૫ વર્ષ થયાં એવું સિદ્ધ થાય છે.

નાનકના સ્વર્ગ વાસ પછી તેના મૃત દેહને હિંદુશિષ્યોએ બાળવાની અને મુસલમાન શિષ્યોએ સમાધિ આપવાની હઠ લીધી. તેથી બંને શિષ્ય ટોળાં વચ્ચે કજીઓ થયો હતો. પછી અંતે બંને ટોળાંએ તેનું શબ લેવાને ઢાંકેલું વસ્ત્ર ઉઘાડી જોયું, તો ત્યાં શબ નહોતું એપરથી જણાય છે કે ગડબડમાં કોઇ શિષ્ય તેના શબને ઉપાડી ગયું હશે. શિષ્યોએ શબ નહિ જોવાથી પછી જે વસ્ત્ર માથે ઢાંકેલ હતું તેના બે સરખા કટકા કર્યા. હિંદુઓએ એ વસ્ત્રને ધર્મની રીતે બાળ્યું અને મુસલમાન શિષ્યોએ અરધા વસ્ત્રને ધર્મની રીતે સમાધિ કર્યું. બાળવાની જગ્યોએ મંદિર અને સમાધિની જગ્યોએ સ્તંભ ઉભો કર્યો. એ નિશાનીઓ આજે ઇરાવતીના વેગથી નાશ પામી છે. નાનકના મતનો પ્રથમ પ્રસાર **પંજાબ**ના મજબુત, બળવાન અને સરળ સ્વભાવના લોકોમાં થયો. પછી ધીમે ધીમે મુસલમાનો પણ એ મતમાં આવવા લાગ્યા. એ મતની સઘળી વાત ગુરૂ ગોવિંદે લખેલા **આદિગ્રંથ**માં જણાવેલી છે. નાનકે દેશમાંથી ક્રિયાકાંડનાં અનુષ્ઠાનો અને જાતિ અભિમાનનો નાશ કર્યો. દેશમાં ભાઇચારો વધે, સર્વશુદ્ધ ધર્મે અને સાધુવૃત્તિથી ચાલે એવો પ્રયત્ન કર્યો હતો. **નાનકપંથના સિદ્ધાંત**—જુદી જુદી જાતિમાં અને જુદા જુદા મતમાં જુદા થઇને રહેવું ઠીક નથી, દેવાલયમાં જઇને યજ્ઞયાગ કરવા નહિ અને એ પ્રસંગે બ્રાહ્મણભોજન કરાવવું નહિ, ઇંદ્રિયો અને મનને વશ રાખવાં, આત્મશુદ્ધી નાનકનો મૂળ મંત્ર છે, પોતાનો આત્મા ઇશ્વરનો અંશ છે, સત્ય બોલવું, વેદના જ્ઞાનકાંડને માનવો, ઋતુકાળ સાચવવો, માંસમદિરાનો ઉપયોગ ન કરવો, ગુરૂઓની આજ્ઞા એજ ઇશ્વર આજ્ઞા છે, મૂર્ત્તિ પૂજા અસત્ય છે, ઇશ્વર અવતાર લેતો નથી; ગૌ, બ્રાહ્મણ, સંતસાધુઓની સેવા કરવી, સ્મૃતિપુરાણને ન માનવાં, ગુરૂએ લખેલો ગ્રંથતેજ વેદરૂપ છે, તેની પૂજાપાત્રી કરવી; અધર્મિઓનો નાશ કરવાથી પ્રભુ પ્રસન્ન થાય છે, મોટી ઉમરે લગ્ન કરવાં, વ્યભિચાર કરનારને ચાંડાળ કહેવો, પોતાનો આત્માજ ઇશ્વર છે એવું નામ ગોવિંદ છે. ગોવિંદનું બીજું

નામ સોહં છે; ધ્યાન, ધારણા, અને સમાધિથી સ્વર્ગે જવાય છે. આપણી કાયા ગોવિંદનું મકાન છે તેથી જીવ હિંસા ન કરવી, પરધર્મિઓનો નાશ કરવો, અપવાસો, મિત્તાહાર વગેરે નિયમો પાળવાથી શરીરના વિકારો દૂર થાય છે અને ગોવિંદની જ્યોતિ દર્શાય છે. શુદ્ધ અંતઃકરણથી એક ઇશ્વરની ઉપાસના કરવી. ઇશ્વિર એક છે ઘણા નથી, ખરો વિશ્વાસ એ એક પર રાખવો, જુદા જુદા પ્રકારના ધર્મ જોવામાં આવે છે તે માત્ર મનુષ્યના કલ્પિત છે. આત્મજ્ઞાનથી ઇશ્વરનું તત્વ જાણવામાં આવે છે તે જ્ઞાન લાભ મેળવવાને પ્રયત્ન કરવો. સત્કાર્ય અને સદાચારથી સર્વ શક્તિમાન પ્રભુના આશિર્વાદને પાત્ર થવાય છે. સંસાર વૈરાગ અને સન્યાસ ધર્મની જરૂર નથી, સાધુઓ અને આત્મ નિષ્ઠ ગૃહસ્થો બંને ઇશ્વરની આગળ સરખા છે. જેનું હૃદય ચિંતવે છે તેજ સાચો હિંદુ અને જેનું જીવન પવિત્ર છે તેજ ખરો મુસલમાન છે. ઇત્યાદિ સિદ્ધાંતો પ્રવર્ત્તાવ્યા. ઉપાસના પદ્ધતિ જે પ્રમાણે સર્વ સમયમાં સર્વ સ્થળે ચાલતી તેજ ચાલુ રાખી. તેણે પોતાને ઇશ્વિરનો એક દાસ અને વિનયી આજ્ઞા પ્રવર્ત્તાવનાર કહ્યો છે. તે કદી આત્મ પ્રશંસા કરતો નહિ. ધર્મ પ્રચાર કરવામાં તે કદી કલંકિત થયો નથી. તે કહેતો કે;—"ઇશ્વિરની વાત સિવાય બીજા કોઇ હથિયારથી યુદ્ધ કરશો નહિ. આપણા મનની પવિત્રતા સિવાય સાધુ ધર્મ પ્રચારકોનું બીજું કંઇ અવલંબનથી." એ રીતે નાનકે ઘણા કાળની ભ્રાંતિનો વિનાશ કરીને મનુષ્યોને પોતાના પંથમાં લીધા હતા અને તેની ધર્મપદ્ધતિ જોઇને ધીરે ધીરે ઘણા મનુષ્યો આવ્યા. તેથી એ એક સંપ્રદાય થઇ પડયો. એના કાઢેલા ધર્મને **શિખધર્મ—નાનકપંથ** પણ કહે છે. એ ધર્મના લોકો પોતાને **શિખ** કહે છે. શિખ એ શબ્દ શિખા (ચોટલી) શબ્દનો અપભ્રંશ છે. એના પંથમાં જાતિભેદ નથી. તેથી ગમે તે જાતનો શિષ્ય કરવામાં હરકત નથી. **સુત્રા** તથા **મરદાના** આ બંને એના મુખ્ય શિષ્ય હતા, પણ એ કઇ જાતના હતા તેનો પતો લાગતો નથી. શિખલોકો માથે શિખા એટલે એટલે ચોટલી રાખે છે. નાનકના મરણ પછી એની ગાદીએ આગડશાહ બેઠો, તે પછી અનુક્રમે અમીરદાસ, રામદાસ, અર્જુનદાસ, હરગોવિંદ, તે ગીબહાદર, ગુરૂગોવિંદ અને બંદાગુરૂ એ મુજબ ગાદી ચલાવનારા થયા છે. છેવટ એની ગાદીપર રણજીતસિંહ બેઠો હતો. ગુરૂગોવિંદે પોતાના શિષ્યોને હથિયાર બાંધતા શીખવ્યા અને તલવાર પકડાવી મુસલમાની રાજ્યોનો પરાજ્ય કર્યો હતો. નાનકપંથી અથવા શિખ ધર્મ લોકો, જેને શિખ કહે છે, તેઓ લડાઇમાં ઘણા બહાદુર છે. તેમણે ઘણી લડાઇઓમાં મોટી મોટી જીતો મેળવેલી છે. નાનક કવિતા કરી જાણતો હતો. દોહા, શાખી અને પદ

ઇત્યાદિ એની કવિતા ઘણી પ્રસિદ્ધ છે, તેમાંનું એક પદ નીચે પ્રમાણે છે;—

दानकरोगरिबसेबाबा । मगरूरीसेंधोकाहै. ॥ ध्रु ॥
चारखुटकीजागीरहमकुं । तोटानहिकुचखानेकुं ॥
तुमकूंहुशारकरनाकरकर । घरघरफिरतेभिछाकुं. ॥ १ ॥
तुमकूंहमकूंसबदुनियाकूं । पालनवालाजूदाहै ॥
तुंकहेगामैंदाताहूं । मालकहांसेंलायाहैं ॥ २ ॥
येतनसबसेंऊंचाबाबा । खावेपीवेआरामसें ॥
शालदुशालजोरूलडके । भूलनानहिगजबाजीसें ॥ ३ ॥
भूलजावेतोभिछानामिले । नांहलंगोटीमिलनेकी ॥
जमदूतोंकासोटाशीरपर । बातभलीनहिहोनेकी ॥ ४ ॥
कहेनानकसुनमेरेभाई । हुशारहोनाअछाहै ॥
नांहमानेतोखुशीहैतेरी । हमसेंबीकयापरवाहै ॥ ५ ॥
दानकरोगरिबसेंबाबा । मनमगरूरीसेंधोकाहै. ॥

ઇત્યાદિ તેની કવિતા ઘણી રસીક અને બોધક છે. નાનકનું ચરિત્ર ઘણી ભાષામાં લખાએલું છે, આ સ્વપરાક્રમી મહાપુરૂષે પોતાના આત્મબળથી પરાક્રમો કરી પંજાબના બહાદુર લોકોને પોતાનો મત માનતા કર્યા. એ શું તેનું ઓછું મહત્વ દર્શાવે છે? ધન્ય છે નાનકના નામને!!!

વૈરાગ્ય શીલ.

કમાલ.

આ પ્રસિદ્ધ પુરૂષ કબીરનો પુત્ર એ તેના બાપના જેવોજ રામભક્ત અને વૈરાગ્ય શીલ હતો. તેણે કેટલોક વખત પિતાથી એકલાં તીર્થ યાત્રા કરી હતી. પ્રથમ ગોકુળ, મથુરાં, વંદ્રાવન, અયોધ્યા અને દ્વારિકાં ક્ષેત્રની યાત્રા કરી અનેક સાધુ, સંતોના દર્શન કર્યાં હતાં. તેનું ચરિત્ર મહિપતી બાવાએ ભક્તી વિજયના ૬ ઠા અધ્યાયમાં સવિસ્તર લખેલું છે. તેમાં એક વાત એવી લખી છે કે;—એ ફરતો ફરતો ચિત્રકુટ ગયો, ત્યાં એક શાહુકાર હતો, તેણે એક અમૂલ્ય હીરો તેની પાસે મુકી વિનંતિ કરી કે કૃપા-કરી આ મારી ભેટ અંગિકાર કરો, પણ કમાલે તે લેવાની ચોખ્ખી ના પાડી. થોડા વખતમાં ત્યાંથી નીકળવાને તૈયાર થયો. એટલામાં શાહુકારે તેને ખબર ન પડે તેમ તે હીરો ગુપ્ત રીતે એને છેડે બાંધી દીધો. કમાલ પોતાના સોબતીઓ સાથે ચાલી નીકળ્યો, થોડા દિવસમાં ફરતો ફરતો પો-

તાને ઘેર આવ્યો અને પોતાના પિતા કબીર ને મળ્યો. બંને આનંદમાં વાતો કરવા બેઠા. પછી એક બે દિવસ ગયા પછી કમાલ પોતાના પ્રવાસ સંબંધી ગાંસડી છોડી જોવા લાગ્યો; ત્યારે શાહુકારે પોતાના મોં પાસે મૂકેલો તેજ હીરો દીઠો. તેમજ કબીરે પણ નજરે દીઠો. આ જોઇ કબીર બોલ્યો કે;—તું મારો દીકરો નહિ, મારો પુત્ર હોય તો કોઇ પાસેથી દ્રવ્ય લેવાની ઇચ્છા ન રાખે, ઇત્યાદિ વચનો કહી ઘરમાંથી બહાર જવાની આજ્ઞા કરી. કમાલે પિતાનાં વચન સાંભળી વિનંતિ કરીકે–શાહુકારે દીધેલો હીરો આ ગાંસડીમાં કયારે બંધાએલો તેની મને ખબર નથી, તમે રીસ ન કરો. હું જેનો તેને પાછો દઇ આવું છું. એટલું બોલી હીરો લઇને ચાલતો થયો. ચિત્રકુટ જઈ હીરો શાહુકારને પાછો આપી ત્યાંથી કાશી આવ્યો. તે જોઇ કબીરે સંતુષ્ટ થઇને કમાલનો અંગિકાર કર્યો. પછી બંને જણ સત્ય માર્ગે સ્વમહેનતથી દ્રવ્ય સંપાદન કરી નિર્વાહ ચલાવતા અને રામ ભજન કરી સ્વસ્થ રહેતા. અહો ! ધન્ય છે આ પિતા પુત્રને ! કે સ્વમહેનતથીજ દ્રવ્ય મેળવી ગુજરાન ચલાવ્યું અને ઇશ્વર ભજનમાં નિરંતર ચિત્ત રાખ્યું પારકા દ્રવ્ય સામી દૃષ્ટિ પણ ન કરી. એ તેની ઓછી મહત્તા ન સમજવી ! શાહુકારે અમૂલ્ય હીરો આપ્યો એની મોહ જાળમાં તેઓ કદી લપટાયા નહિ. તેઓ તો સ્વકમાણીથી સંપાદાન કરીને પેટ ભરવું. અને સાચી કમાણી ઇશ્વિર ભક્તિ કરીને મોક્ષ પામવું તેનેજ સમજતા હતા. જેને મોક્ષરૂપી હીરો સંપાદન કરવો હોય તે બીજા માયીક હીરાને હાથજ કેમ લગાડે ! સાધુ પુરૂષને એવા ખોટા હીરાની કદી લલુતા રહેતી નથી. એતો સંસારની જાળમાં ગુંથાએલાનેજ વહાલો લાગે છે. ધન્ય છે આવા પવિત્ર હૃદયના મહાત્માનો કે તેઓ અનેક કષ્ટ વેઠી. પોતાની જીંદગીનું સાર્થક કરી ગયા-છે. એટલુંજ નહિ પણ અર્વાચીન કાળના લોકોને દૃષ્ટાંત રૂપી પોતાની અમર નામના રાખી ગયા છે. કમાલને કવિતા કરવાની સ્વભાવિક શક્તિ હતી. તેમણે આત્મ જ્ઞાન અને રામ ભક્તિના દોહા, શાકયા, પદ આદિ કરેલાં છે. તે પરથી તેને વેદાંતનું સારૂ જ્ઞાન હોય એવું સિદ્ધ થાય છે. તેણે ભક્તિ વિષે કહ્યું છે કે;—

રામ કે નામસોં કામ પૂરન ભયો, લચ્છિમન નામતે લચ્છિ પાયો:
કૃષ્ણ કે નામ સોં વારિસે પારભે, વિશ્નુ કે નામ વિઆમ આયો;
આઇ જગબીચ ભગવંતકો ભક્તિકી, ઔર સબ છાંડિજંજાલરચાયો;
કહત કમ્માલ કબ્બીરકા બાલકા, નિરાખે નરસિંહ પ્રહલાદ ગાયો.

સ્વધર્માભિમાની.

ગુરૂગોવિંદ.

આ પ્રસિદ્ધ મહાપુરૂષ શિખધર્મગુરૂનો જન્મ શાકે ૧૫૨૮માં પંજાબમાં થયો. એ બુદ્ધિવાન, શૂરવીર, સ્વધર્માભિમાની, ચંચળ અને વિદ્વાન હતો. તેણે શિખ ધર્મના ગ્રંથોમાં સુધારો કર્યો. તેને **આદિગ્રંથ** સાહેબ કહે છે. તેમાં માતાને માનવી, તેનાં ચિન્હ ત્રિશૂળ વગેરે હથિયાર ધારણ કરવાં, પોતાનો આત્મા ઇશ્વરનો અંશ છે, વેદના જ્ઞાનકાંડને માનવો. ગૌ બ્રાહ્મણ સંત સાધુઓની સેવા કરવી, અધર્મિઓનો નાશ કરવાથી પ્રભુ પ્રસન્ન થાય છે, ગુરૂના લખેલા ગ્રંથને દેવ રૂપ માનવો. ઇત્યાદિ નિયમ ઠરાવી પોતાનો એક જથો બાંધ્યો અને એવો ઠરાવ કર્યો કે, એ જથાના શિષ્ય-શિખ લોકોએ હથીઆર બાંધવાં, વાદળી રંગના લુગડાં પહેરવાં અને ચોટલા તથા દાઢી મૂછ રાખવાં. હિંદુના દેવ દેવસ્થાનને નુકશાન કરવું નહિ અને ગૌહત્યા કરવી નહિ. એ રીતે તેમને હથીઆર બાંધતા કર્યા અને તલવાર પકડાવી. એ વખતે મુસલમાનોનો જુલમ વધી ગયો હતો, તે તોડવાને પોતાની સરદારી નીચે ઠેર ઠેર યુદ્ધ કરી, મુસલમાનોનું જોર તોડયું. તેમનાં કેટલાંક રાજ્યનો નાશ કર્યો. લાહોરથી દિલ્લી સુધી મુલક ઉજ્જડ કર્યો ઇત્યાદિ પ્રકારે કરવાથી દિલ્હીના બાદશાહી રાજ્યની ત્યારથી પડતી થવા લાગી, એમ ઘણી પ્રકારે તેમણે પોતાની બહાદુરી બતાવી હતી. **નાનક**ની ગાદીએ ૯ મો **બંદા** થયો તેનો એ શિષ્ય હતો. **નાનક** પંથની ગાદીએ એ દશમો પુરૂષ હતો. તેણે પોતાના પંથના લોકોમાં જેવું ધર્માભિમાન ઉત્પન્ન કર્યું હતું, તેવું બીજાઓ કરી શક્યા નહોતા. એને તથા એના ગ્રંથને આજે શિખ લોકો બહુ માને છે. તેને તેઓ એક પૂજ્ય પુરૂષ ગણે છે. એ શાકે ૧૫૯૯માં મરણ પામ્યો. એની સમાધિ નાંદેડમાં છે. એ શિખ લોકોનું તીર્થ ક્ષેત્ર ગણાય છે. એ મહાપુરૂષને થઈ ગયાં ને આજે ૨૧૭ વર્ષ થયાં એવું સિદ્ધ થાય છે.

શુદ્ધાદ્વૈત—પુષ્ટિમાર્ગ પ્રવર્ત્તક.

શ્રીમત્‌વલ્લભાચાર્ય.

આ અતિ પ્રખ્યાત મહાપુરૂષના પિતા **લક્ષ્મણભટ્ટ** તેલંગી બ્રાહ્મણ યજુર્વેદી તૈત્તિરીય શાખાના ભારદ્વાજગોત્રી હતા. માતાનું નામ **અલ્લમગાર** હતું. કેટલાક ગ્રંથોમાં તેને લમાગાર-ઇલ્લગારૂડી પણ લખેલ છે. તેઓ તૈલંગણ દેશના કાંકરવ ગામમાં રહેતા હતા. લક્ષ્મણભટ્ટ અને તેમની સ્ત્રી

એને શ્રીકૃષ્ણ ઉપાસિક હતા. આ દંપતિ પોતાને પ્રથમ પુત્ર કૃષ્ણભટ્ટ જન્મ્યા પછી સહકુટુંબ તીર્થયાત્રા કરવાને નીકળ્યા. કેટલેક સ્થળે જઇ આવી પોતાના ઇષ્ટદેવ શ્રીકૃષ્ણના મુખ્ય સ્થાન ગોકુલ, મથુરામાં આવી રહ્યા. ત્યાં કેટલાક દુષ્ટ મનુષ્યોથી તેમને સંકટ પડયું. તેમાં એક વખતે એવો પ્રસંગ આવ્યો કે તેમને ત્યાંથી ગુપ્ત રીતે નાશીને મહા અરણ્યમાં જવું પડયું. ત્યાં પણ અનેક સંકટો પડ્યાં. તેથી એ પ્રયાગ થઈ કાશીમાં આવ્યા. આ ક્ષેત્રમમાં સંન્યાસીઓ અને મુસલમાનો વચ્ચે ટંટો ચાલતો હતો, તે ગડબડમાંથી ખસીને લક્ષ્મણભટ્ટ કુટુંબ સહિત ચંપારણ્યમાં આવ્યા. ત્યાં તેની સ્ત્રી અલ્મગિર ગર્ભવંતી હતી, તેને આઠમે માસે સંવત ૧૫૩૫ (ઈ. સ. ૧૪૭૯) વૈશાક વદ ૧૧ રવિવારે પુત્રનો પ્રસવ થયો. તેનું નામ **વલ્લભ** પાડયું હતું. પછી એ **વલ્લભ** નામે પ્રસિદ્ધ થયા. તેમની જન્મભૂમિપર દેવળ બાંધેલું છે તે અદ્યાપિ સુધી છે. લક્ષ્મણભટ્ટ પોતાના કુટુંબસાથે ચોડા ગામમાં રહ્યા અને ટંટો શાંત થયે કાશીમાં આવ્યા. વલ્લભ બાલ્યાવસ્થાથીજ તીક્ષ્ણ બુદ્ધિના, ચંચળ, ઉત્સાહી, અને હિંમતવાન હતા. પાંચમે વર્ષે જનોઇ દઇને નારાયણભટ્ટ નામે એક વિદ્વાન પાસે વિદ્યાભ્યાસ કરવાને સખ્યા. ત્યાં વેદ, ન્યાય, પુરાણાદિ શાસ્ત્રો શીખી નિપુણ થયા હતા. લક્ષ્મણભટ્ટ પોતાને કેશવનામે ત્રીજો પુત્ર થયા પછી સંન્યાસી થયા અને વલ્લભની અગિઆર વર્ષની ઉમરે મરણ પામ્યા. વલ્લભ માતા પિતા સાથે દેશાટન કરી અનેક પ્રકારનાં દુઃખ સહન કરીને સહનશીળ થયા હતા. હવે માત્ર તેમને માતાનો આધાર રહ્યો હતો. અતિશ્રમ કરી કાશીમાં બ્રહ્મજ્ઞાન અને રસાયન શાસ્ત્રાદિકનું જ્ઞાન સંપાદન કર્યું. પછી માતાની રજા લઇને તીર્થયાત્રા કરવાને નીકળ્યા. દક્ષિણ તરફ જતાં એક મોટા શેહેરમાં આવ્યા. એ નગરના શેઠને ચાર પુત્રો હતા, તેમાંથી દામોદરદાસ પ્રથમ શિષ્ય થયા. તેને સાથે લઇને વિજયનગરમાં આવ્યા. એ નગરના રાજા કૃષ્ણરાયજીની સભામાં સ્માર્ત્ત અને વૈષ્ણવમતમાં વિવાદ ચાલતો હતો. સભામાં વૈષ્ણવ મતને મળતા રામાનુજ, મધ્વાચાર્ય, નિંબાર્ક અને વિષ્ણુ સ્વામી એ ચાર સંપ્રદાયના વિદ્વાનો હતા. મધ્વાચાર્યનો પ્રખ્યાત્ શિષ્ય વ્યાસતીર્થ સ્માર્ત્તમતનું ખંડન કરનારો હતો. એ વખતે વલ્લભ પણ ત્યાં ગયા. સર્વેએ મળી સ્માર્ત્તમત વાળાને જીત્યા. ત્યારથી વલ્લભને **આચાર્યની** પદવી મળી એવું વિઠ્ઠલનાથજીના શિષ્ય ગીરધર કવિએ પોતાના રચેલા **સંપ્રદાયપ્રદીપ** નામના ગ્રંથમાં લખેલું છે.

વિષ્ણુસ્વામિ ત્રિદંડી સંન્યાસી થઇને સમાધિસ્થ થયા હતા. તે પછી એ ગાદી જ્ઞાનદેવને મળી, પછી તેના શિષ્ય કેશવને મળી. ત્યારથી એ ગા-

દીવાળા ગોસ્વામિ કહેવાતા હતા. પછી નામદેવ, ત્રિલોચન અને છેવટે એ ગાદીપર સંવત ૮૯૫ માં બિલ્વમંગળ નામે પુરૂષ થયો ત્યારે કોઈ શંકરાચાર્યે વિષ્ણુસ્વામિના પરમાત્મા સાકાર છે, એવા મતનું ખંડન કરી તેની ગાદી વિખેરી નાખી. બિલ્વમંગળ મહા યોગી હતો, તે પોતાની ગાદી ઉચ્છેદ થયાથી વાયૂરૂપે દક્ષિણમાંના એક તીર્થમાં રહ્યા હતો એવું કહેવાય છે. તેમણે પછી ૭૦૦ વર્ષે વલ્લભાચાર્યને મંત્રોપદેશ કરી, પોતાનો વિષ્ણુ સ્વામિનો સંપ્રદાય ચલાવવાનું કહ્યું. તે ઉપરથી વલ્લભાચાર્યે બિલ્વમંગળને કેટલેક ઠેકાણે ગુરૂ ગણી નમન કર્યું છે અને વિષ્ણુ સ્વામિના શિષ્ય પરંપરા મનાય છે. એ રીતે વલ્લભાચાર્યને વિષ્ણુ સ્વામિ સંપ્રદાય ચલાવવાનો અધિકાર મળ્યો ત્યારથી એ ગોસ્વામિ અથવા ગોસાંઈ કહેવાય છે. એ સંપ્રદાયમાં આચાર્યે પોતાનો મત મેળવી પુષ્ટિ માર્ગની મુખ્ય ગાદી ગોકુલમાં સ્થાપી. તેથી એ ગોકુલસ્થ પણ કહેવાય છે. કોઈ તો ગોકુલીઆગોસાંઇ પણ કહે છે. વલ્લભાચાર્યને અગ્નિ પુત્ર અથવા અગ્નિનો અવતાર ગણે છે. તેમણે રામાનુંજ, મધ્વાચાર્ય આદિ વૈષ્ણ સંપ્રદાયનો અનાદર કરી અદ્વૈતપક્ષને ગ્રહણ કર્યો. આ સંપ્રદાય વિષ્ણુ સ્વામિના મતનોજ વિવેક છે એવું કહેવાય છે વિષ્ણુસ્વામિએ વાસ્તવિક રીતે તો અદ્વૈતનેજ સ્વીકારેલ છે, પણ પ્રાચીન નિરાકાર અદ્વૈત ન સ્વીકારતાં સાકાર અદ્વૈતનેજ સ્વીકારેલ છે અને સંન્યાસને ભ્રષ્ટ ગણેલ છે. એમનાજ સિદ્ધાંતને અનુસરી તેમાં પોતાનો મત મેળવી વલ્લભાચાર્યે પુષ્ટિ માર્ગ નામે સંપ્રદાય ચલાવ્યો. પુષ્ટિ માર્ગને શુદ્ધાદ્વૈત પણ કહે છે. વલ્લભાચાર્યે વેદનું ભાષ્ય કરી વેદાંત ઉપર જે ટીકા વગેરેના ગ્રંથો કરેલા છે તે જ્ઞાનનો ભંડાર છે. તે બુદ્ધિવાન પુરૂષોને જાણવા યોગ્ય છે. તેમણે વેદનો મૂળ આધાર લઇ એવું પ્રતિપાદન કરેલું છે કે, આ સૃષ્ટિ માત્ર બે પ્રકારની છે. એક જીવાત્મક અને જડાત્મક, એ બંનેના મિશ્ર થવાથી આ સઘળી સૃષ્ટિ બનેલી છે. જે બે પ્રકાર જણાય છે તેના મિશ્ર થવાથી ત્રીજો પ્રકાર થાય છે. પ્રથમ ચૈતન્ય, બીજું જડ—પ્રકૃતિ, ત્રીજું ચૈતન્ય અને પ્રકૃતિ બંનેનું મિશ્રપણું એ ત્રણ પ્રકાર દેખાય છે. આ જગતમાં ભિન્ન ભિન્ન પ્રકાર નજરે પડે છે અને તે અદૃશ્ય થઇ જાય છે એ તો તેનો કેવળ આવિર્ભાવ અને તિરોભાવ માત્ર થયા કરે છે, તેનો લય કોઈ પ્રકારે થઇ શકતો નથી. એટલે આ બ્રહ્માંડમાંના કોઇ પણ પરમાણુનો નાશ થઇ શકતો નથી, જે નાશ થતી વસ્તુ દેખાય છે તે તો માત્ર તે મૂળ પરમાણુઓનું રૂપાંતર થયા કરે છે. તે ઉપરથી જે પદાર્થ દૃષ્ટિએ પડે છે તેને તિરોભાવ કહે છે અને જે અદૃશ્ય અથવા રૂપાંતર થાય છે. તેને આવિર્ભાવ કહે છે. એમ પોતાના સિદ્ધાંતને સિદ્ધ કરી બતાવવાને વેદ અને ઉપનિષદ્નાં

વાક્યો ઉપરથી તેના અર્થ પોતાના સિદ્ધાંત પ્રમાણે કરી દેખાડ્યાં છે. આ સિદ્ધાંતને અદ્વૈત કહીએ તોપણ ચાલે. એ અદ્વૈત સિદ્ધાંતને અધિક સ્પષ્ટ કરીને તેને **શુદ્ધાદ્વૈત** કહ્યો છે.

આવો તેમનો મહા જ્ઞાનરૂપી સિદ્ધાંત છતાં, વિશ્વ ઉત્તેજક પૂજા, સેવા અને દર્શન કરાવવાનો સંપ્રદાય ચલાવવાનો મુખ્ય હેતુ એવો છે કે;–ઉપર કહેલો કેવળ જ્ઞાનનો સિદ્ધાંત યથાર્થ સમજવાને નાના પ્રકારની વિદ્યાનું અધ્યયન કરી બુદ્ધિનો સંપૂર્ણ પ્રકાશ થવો જોઇએ અને વિષયભોગથી નિવૃત્તિ થવી જોઇએ; પણ તે સમયમાં મુસલમાનોના આવ્યા પછી બ્રાહ્મણ સિવાય બીજા વર્ગમાં ઈશ્વર ભક્તિનું સાધન રહ્યું નહોતું, આચાર વિચાર પણ નિયમિત નહોતો; કેમકે કોઇ ક્યાં ને કોઈ ક્યાં પડેલું, સૌ પોતપોતાની કાળજીમાં હતા. એ વર્ગના લોકોને ઠરી ઠામ થતાં સુધી તો ધર્મની જરૂર પડી નહિ, પરંતુ ઠરી ઠામ પડી કામ–કાજે લાગ્યા પછી ધર્મની જરૂર પડી. છેક રાની માણસને ધર્મની લાગણી હોતી નથી, પણ દુનિઆદારીમાં પડેલા ઉદ્યોગી જનને ઇશ્વર સંબંધી કંઈ ઓળખની જરૂર પડે છે. કોઇ પણ રીતની ઇશ્વરભક્તિ વિના તેઓને સંસાર વ્યવહારમાં ચેન પડતું નથી અને ઉદ્યોગમાં ઉમંગ રહેતો નથી. એવી સ્થિતિમાં આવેલા જે કંઇ નવું દેખે છે તે ઝડપી લે છે. બ્રાહ્મણોનો ધર્મ સઘળો સંસ્કૃતમાં રહેલો તેથી અને બ્રાહ્મણોમાં વિદ્યા ઘટી ગયેલી તેથી બીજા વર્ગમાં અધર્મ પ્રવર્ત્તવા લાગ્યો હતો. એવા પ્રકારની એ વખતના સ્ત્રી પુરૂષોની વૃત્તિ જોઈ આચાર્યને જણાયું કે;–ઘણા લોકોની વૃત્તિ ઉત્તમ વિષયભોગ ભોગવવા તરફ લાગી રહેલી છે, તેથી તે રાત્રિ દિવસ મન, વચન અને કર્મથી સંસારનાજ કાર્યમાં આસક્ત થઇ ગુંચવાયલા રહે છે. ઇશ્વર સંબંધી સત્ય વિચારમાં એક ક્ષણ પણ મન સ્થિર રાખી શકતાં નથી. તેથી ઇશ્વરી સનાતન સત્ય ધર્મનો અભાવો થતો જાઈ અધર્મ વધતો જાય છે. એ રીતે લોકોને ધર્મથી ભ્રષ્ટ થતા જોઇ વિષ્ણુ સ્વામિ, રામાનુજ, મધ્વાચાર્ય. અને નિંબાર્ક એ ચારે સંપ્રદાયના આચાર્યના કરતાં અધિક મનોરંજક અને ભક્ષભોજ્યાદિકનો સંપ્રદાય પ્રવર્ત્તાવવા માંડયો. **બાલકૃષ્ણ, રાધાકૃષ્ણ** વગેરેની સર્વોપરી જનક્રિડાની પ્રેમ ભક્તિનો ઉપદેશ કર્યો. (આ વખતે દિલ્લીની ગાદીપર સિકંદર લોદી બાદશાહ હતો) તેથી કેવળ કર્મ જિજ્ઞાસુ ઘણા લોકોનું વલણ આચાર, સુઘડતાઇ અને મંદિરનો ઠાઠ જોઇને તે તરફ વળ્યું. **બાળકૃષ્ણ, રાધાકૃષ્ણમાં** ઇશ્વર ભાવના રખાવ્યાથી સઇશ્વર ભક્તિકાયમ રાખી અને નિરૈશ્વર વાદિ જે જૈન વગેરે મત તેને કેવળ નિસ્તેજ કર્યો. તેથી ઘણાક વણીક, વૈશ્ય, અને શુદ્ર જૈનમતનો ત્યાગ કરી વલ્લભાચાર્યના મતથી મોહપામીને ભાવિક પણે કહી

બાધતા થયા. ધર્મ સંબંધી વિષયમાં બ્રાહ્મણ જેવા દુરાગ્રહી કોઇજ નહિ, તેઓએ રાજના જૂલમને લીધે કે, રાજના ફેરફારને લીધે કે બીજી પ્રજાની દેખાદેખીથી કે દ્રવ્યના લોભે પણ પોતાનો પ્રાચીન શૈવમાર્ગ છોડયો નહિ. તેનું મન વલ્લભમતથી પણ ચલિત થયું નહિ-બીજા વર્ગમાં મોટો ફેરફાર આ મતથી થયો. જેઓ ધર્મ રહિત થઈ ગયા હતા, તેમને કોઇ પણ ધર્મ પાળવાની જરૂર હતી. એ વખતે વલ્લભમત અથવા બીજો કોઇ પણ મત નીકળ્યો નહોત, તો તેઓની દશા ઘણી ભૂંડી હોત. એ માર્ગે તેઓના નિ-રાશાપણાને શ્રીકૃષ્ણ ભક્તિની અને ગુરૂભક્તિની મોહિનીમાં આણ્યા અને તે-ઓના આચાર વિચારમાં સુઘડતાઇઆણી એ રીતે વલ્લભાચાર્યે વિષય ઉત્તે-જક **પુષ્ટિમાર્ગ**નો પ્રથમ ઉપદેશ કરવા છતાં, તે પોતે મહાજ્ઞાની, નિર્લેપ અને જિતેંદ્રિય હતા. તેમનો કહેવાનો ભાવાર્થ અતિગુહ્ય સર્વોત્તમ છે. માટે કોઇ પણ જાતના વિષય ભોગની ઇચ્છા રાખતા નહિ. આમહાજ્ઞાની પુરૂષ-નો દીર્ઘ પ્રયત્ન અને શ્રમ છતાં તે વખતે તેના આશ્રિત સેવક માત્ર ૮૪ થયા હતા એવું લખેલું છે. જેઓ ચોરાશી વૈષ્ણવ નામે પ્રસિદ્ધ છે. વિજય નગરના કૃષ્ણરાયલુ રાજાએ વલ્લભાચાર્યને સાતમણ સોનાના તોળા પુરૂષ-નું દાન આપ્યું હતું. તે દ્રવ્યથી તેણે વિઠ્ઠલનાથજીની મૂર્ત્તિને ઘરેણું કરાવ્યું, પોતાના બાપનું દેવું આપ્યું અને કેટલુંક દ્રવ્ય ઘરવ્યવહાર માટે રાખ્યું. એ રીતે તેની વ્યવસ્થા કરી રહ્યા. તેવામાં વ્યાસતીર્થ નામે પ્રસિદ્ધ સંન્યાસીએ વલ્લભાચાર્યને સંન્યાસ લઈ ગાદી ચલાવવાનું કહ્યું, પણ તે વાત તેણે માની નહિ. પછી તે પ્રયાગ થઇને કાશીમાં આવ્યા; ત્યાં તેણે વધારે વિદ્યાભ્યાસ કર્યો. પછી કેદારનાથ, ગયા, હરિદ્વાર, વગેરે ક્ષેત્રમાં નવવર્ષ સુધી મુસાફરી કરી. એ પ્રસંગે તેમણે જેજે કાર્ય કર્યાં તે વિષે બેઠક ચરિત્ર નામના હિંદુ-સ્થાની ભાષાના ગ્રંથમાં લખેલું છે. તેમાંની ટુંક વિગત:—

મથુરામાં વિશ્રાંતઘાટ ઉપરમશાણ હતું ત્યાં પોતાના કમંડળમાંથી કૃ-ષ્ણદાસ મેઘન પાસે જળ છંટાવી ભાગવતની પારાયણ કરી. તેથી ત્યાં વસ્તી થઈ, આજે ત્યાં બેઠક છે. **બોહોળા વનમાં** ત્યાંના મુસલમાન હા-કેમને એક ગાયની મૂર્ત્તિ હતી તેને ઘાસ દાણો ખવરાવી ચમત્કાર બતાવ્યો ત્યાં પણ બેઠક છે. **શ્રીકુંડમાં** દુસ મોખર છે ત્યાં ઉદ્ધવજીનો મેળાપ થયો. કહે છે ત્યાં એક ગાદી સ્થાપન કરી, **આન્યોરમાં** શ્રી નાથજી પ્રકટ થયા ત્યાં મંદીર છે અને સદપાંડેના ઘરમાં બેઠક છે. **ગોવિંદકુંડ** ઉપર બેઠક કરી છે. **માનસીગંગા** ઉપર કૃષ્ણ ચૈતન્ય વગેરે ઉપર કમંડળનું જળ છાંટી માનસી ગંગા દૂધ જેવી દેખાડી અને ત્યાં એક માસ ભાગવતની પા-રાયણ કરી હતી. **સુંદરસીલા** ની પાસે ગોવર્ધન પૂજા કરીને [illegible]

ઉત્સવ કર્યો. પછી દામોદરદાસના ખોળામાં મસ્તક મૂકીને સૂતા હતા, તેવામાં શ્રીનાથજી મળવા આવ્યા હતા એવું કહેલું છે. દામોદરદાસે આચાર્યજીને ઉઠાડવાની ના પાડી, પણ એ એકદમજાગી ઉઠયા અને શ્રીનાથજી સાથે વાતચિત કરી હતી કહે છે. **શ્રીનાથજીનામંદિર** ઉપર દેવ પ્રબોધની સુધી રહ્યા હતા. પછી ગુલાલકુંડ નામે દામોદરદાસના ગામમાં રહ્યા હતા. **કામવનમાં સુરભીકુંડ** ઉપર એક બ્રાહ્મણ પિશાચ થયો હતો, તે લોકોને દુઃખ દેતો તેની મુક્તિ કરીને લોકોનો ભય દૂર કર્યો હતો. **સંકેત** ઉપર (બરસાણામાં) આચાર્યજી પારાયણ કરતા હતા તે વખતે એક સોળ વર્ષની સુંદર સ્ત્રી ચમર કરવા આવતી. એ વિષે સેવકોએ પૂછતાં આચાર્ય જવાબ નહિ દેતાં ગુસ્સે થયા હતા. **કોકિલાવનમાં** શ્રીગોસાંઇજીએ વચનામૃત લખ્યું અને પાંચ શેર દૂધની ખીરથી હજાર મનુષ્યને ભોજન કરાવ્યું. **નંદગામમાં** પાનસરોવરપર ઉદ્ધવજી સાથે આચાર્યજી છ માસ સુધી રહ્યા. **ભાંડીરવનમાં** મધ્વાચાર્ય સંપ્રદાયનો વ્યાસ તીર્થ મહંત લાખો રૂપિઆ દ્રવ્ય અને મોટા રાજાઓ વગેરે સેવકો લઇને શ્રી આચાર્યજીને આવી મળ્યો. **ચિત્રકોટમાં** રામચંદ્રજી ચોમાસાના ચાર માસ રહ્યા હતા ત્યાં આચાર્યજીએ વાલ્મિકિ રામાયણ તેર દિવસ વાંચી હતી. **ઉજાણમાં** મહાકાલેશ્વરમાં ભાગવતની પારાયણ કરી ત્યાં બેઠક કરી છે. **અયોધ્યામાં** સરયૂ નદીના તીરપર આચાર્યજી રામાયણ વાંચતા હતા. કહે છે કે **નૈમિષ્યારણ્યમાં** ભાગવતના શ્લોકનું વ્યાખ્યાન કર્યું હતું. **કાશીમાં** હનુમાન ઘાટપર તથા શેઠ પુરૂષોત્તમદાસના ઘરમાં બેઠક કરી છે. ત્યાં **પત્રાવિલંબન** તથા **સંન્યાસ નિર્ણય** ગ્રંથ બનાવ્યા, વિશેષ વિદ્યાભ્યાસ પણ કર્યો. **જગન્નાથજી**માં આચાર્યજી ત્રણવાર ગયા હતા. ત્યાંના રાજાના મનનો સંદેહ મટાડયો હતો. **ચંપારણ્યમાં** આચાર્યજીનો જન્મ થયેલો ત્યાં દેવળ બાંધેલું છે. **દ્વારકામાં** આચાર્યજી પારાયણ કરતા હતા, તે પ્રસંગે વરસાદ પડતો હતો, પણ કહે છે કે આચાર્યજીના પર એકે છાંટો પડયો નહોતો. એ સિવાય ગોકુળમાં ત્રણ બેઠકો કરી છે, વંદ્રાવનમાં, મધુવનમાં, કમોદવનમાં, પરાસોલીમાં, ગહવરવનમાં માનસરોવરપર સારોજીમાં, રંગ ધામમાં, કાવેરી તીરપર, પંચવટીમાં, ગોદાવરી તીરપર, પુષ્કરજીમાં, અડેલમાં, બિંદુ સરોવરપર વિષ્ણુ કાંચીમાં, શ્વેત બંધુ રામેશ્વરમાં, લોહાકરનાપર, અમદાવાદપાસે અસારૂંવામાં, ચરણાટમાં, હાંતીનાથપર્વતમાં, જનકપુરમાં, શુભ પ્રયાગમાં, ગંગા સાગરમાં, પંઢરપુરમાં, શેષાચળ પર્વતપર, લક્ષ્મણબાલાજીમાં, પ્રભાસક્ષેત્રમાં, ગિરનારમાં, નવાગરમાં, ખંભાળીઆમાં, મોરબીમાં, મૂલગોમતીમાં, શ્રીબેટશંખોદ્ધારમાં, નારાયણ સરોવરમાં, હરદ્વારમાં, વ્યાસ આ-

શ્રમમાં, ક્ષેત્ર નદીના તીરપર, પણાનૂ સિંહ્રમાં, વિજયાનગરમાં, સરયૂ નદીના તીરપર, બદ્રીરાયજીમાં, મળિયાચળ પર્વતપર, નૃસિંહક્ષેત્રમાં, મુક્તિક્ષેત્રમાં, ગણિકર્ણિકાનાત્રૈલોક્યના આશ્રમમાં, વિસાલગંગાનાતીરપર, અર્બુદાચળ પર્વતપર, મંદાકિનીપર્વતપર, કૃષ્ણા નદીના તીરપર, દક્ષિણમાં જર્નાદન ઠાકુરમાં, તામ્રનીનદીનાતીરપર, મદારમદસૂદનમાં, શ્રીબદ્રીરાયજીમાં, તોતાદ્રપર્વતપર, કેદાર ખંડમાં, બદ્રિકાશ્રમમાં, કૌસ્તુભ નદીપર બદ્રીરાયજીનો મેલાપ થયો ત્યાં બંનેએ ઢોકલાં ખાધાં મુખીઆજીને ગિરિરાજ તથા વૃંદાવનનાં દર્શન કરાવ્યાં; એ રીતે બેઠકો કરેલી કહેવાય છે. પછી કાશી ક્ષેત્રમાં આવી રહ્યા હતા, ત્યાં પોતાની જ્ઞાતિની **લક્ષ્મી** નામે સ્ત્રી સાથે પરણ્યા અને **અગ્નિહોત્ર** લીધું. તેને ગોપીનાથ, વિઠ્ઠલનાથ એ બે પુત્રો થયા હતા. સંવત ૧૫૭૬ માં ગોવર્ધન પર્વતપર જે **શ્રીનાથજી**ની મૂર્ત્તિ સ્થાપેલી હતી. તે મૂર્ત્તિને મેવાડમાં લાવી પ્રતિષ્ઠા કરી અને પછી કાશીમાં આવ્યા. પછી સંવત ૧૫૮૭ (ઈ. સ. ૧૫૩૧) અષાડ શુદ ૩ ને દિવસે સંન્યાસ લઈને હનુમાન ઘાટપર—૫૨ વર્ષની ઉંમરે સ્વધામ ગયા. એ ઉપરથી આજે આચાર્યજીને થઈ ગયાને ૩૬૪ વર્ષ થયાં એવું સિદ્ધ થાય છે.

વલ્લભાચાર્યે કરેલા **ગ્રંથો**—વ્યાસસૂત્રભાષ્ય, જૈમિનીસૂત્રભાષ્ય, તત્વદીપ નિબંધ, પુષ્ટિપ્રવાહમર્યાદા, સિદ્ધાંત રહસ્ય, નવરત્ન વગેરે છે.

વલ્લભાચાર્યની ગાદીને માટે ગોપીનાથ તથા વિઠ્ઠલનાથ બંને ભાઈઓ વચ્ચે ટંટો થયો હતો. તેથી બંને દિલ્હીના બાદશાહ પાસે ઘણા દિવસ રહ્યા હતા. એવામાં ગોપીનાથ મરણ પામ્યાથી વિઠ્ઠલનાથને ગાદી મળી હતી. વિઠ્ઠલનાથ બુદ્ધિવાન, વિદ્વાન અને ચંચળ હતા. તેની મનોવૃત્તિ પોતાના સેવકો શી રીતે વધે એ ઉપરજ હતી. તેથી મનુષ્ય જેમ પોતાના પુત્રને લાડ લડાવે છે અને યુવાવસ્થાવાળાં સ્ત્રી પુરૂષો જેમ અનેક પ્રકારનાં વસ્ત્રાલંકારાદિકના વિષય ભોગ ભોગવે છે, તેવી રીતે **બાળકૃષ્ણ** અને **રાધાકૃષ્ણની** મૂર્ત્તિને લાડ લડાવીને તથા આચાર્યજીમાં મહાપ્રભુની ભાવના રખાવી પ્રેમભક્તિને અધિક ઉત્તેજન આપ્યું. તેથી તેના પ્રથમ (૨૫૨) સેવક થયા હતા. પછી તેમણે અનેક પ્રકારનાં મનોરંજક વ્રત, ઉત્સવાદિકના કેટલાક નિયમો બાંધ્યા. તે વખતે બાળકૃષ્ણ અને રાધાકૃષ્ણનાં વિષયીમનુષ્યનેપ્રિયલાગે એવાં રસાઅલંકારના પ્રેમ યુક્ત ભજન, કીર્તન પ્રાકૃત વ્રજ ભાષામાં કરવાને ઉત્તેજન આપ્યું. ઇત્યાદિ પ્રકારથી વલ્લભાચાર્યના સંપ્રદાયમાં ઘણો વધારો થયો હતો. હજારો લોકો તેને અવતારી પુરૂષ માનવા લાગ્યા. તેણે હિંદુસ્તાનના ઘણા ભાગમાં એટલે પૂર્વમાં કાશી, મથુરા; પશ્ચિમમાં કચ્છ, દ્વારિકા; ઉત્તરમાં મારવાડ, મેવાડ; અને દક્ષિણમાં પંઢરપુર, મુંબઈ ઇત્યાદિ સ્થળે મુસાફરી કરી. તેથી

ભાટીઆ, વાણીઆ, કણબી, સુતાર, લુવાર, આદિ ઘણા લોકો તેમને માનવા લાગ્યા. વિઠ્ઠલનાથજીને **રૂક્મિણી** અને **પદ્માવતી** એ બે સ્ત્રીઓ હતી. તેનાથી તેને શોભા, કમળા, યમુના, અને દેવકા એ ચાર પુત્રી અને ગિરધર, ગોવિંદરાય, બાળકૃષ્ણ, ગોકુળનાથ, ઘનશ્યામ, રઘુનાથ, અને યદુનાથ એ સાત પુત્રો થયા. વિઠ્ઠલનાથે જુના ગ્રંથોની ટીકા કરી અને કેટલાક નવા ગ્રંથો કર્યા. પછી સંવત ૧૬૪૭ના મહાવદ ૭ ને દિવસે ૭૦ વર્ષની ઉમરે મરણ પામ્યા, એવું **માલાપ્રસંગ** વગેરે ગ્રંથોમાં લખેલું છે. વિઠ્ઠલનાથના સાત પુત્રોએ જુદે જુદે સ્થળે સાત ગાદી સ્થાપી અને પોતપોતાના જુદા જુદા સેવકો કરવા લાગ્યા. તેમાં એટલોજ તફાવત કે કોઈ ગાદીવાળા **બાળકૃષ્ણ**ની મુખ્ય ભક્તિ કરવા લાગ્યા અને કોઇ ગાદીવાળા **રાધાકૃષ્ણ**ની મુખ્ય ભક્તિ કરવા લાગ્યા, એ રીતે કૃષ્ણના જુદા જુદા સ્વરૂપની કલ્પના કરી તેની મુખ્ય ભક્તિ પ્રસરાવી અને સંસારના વિષય સુખ ભોગવવા લાગ્યા. આ સર્વનો મુખ્ય **સિદ્ધાંત** સગુણ ભક્તિનો છે. સગુણનો અર્થ પાછળથી અનેક પ્રકારે જનપ્રિય લાગે તેવી રીતે કર્યો છે. ઇશ્વર સગુણ છે એટલે તે પોતાના ધામમાં મનુષ્યાકારે પુરૂષ રૂપે છે. તે રાધિકા અને લક્ષ્મિ વગેરે પત્નિ સાથે નાના પ્રકારનાં ઉત્તમ સુખ ભોગવે છે અને મનુષ્યનાં કલ્યાણ અથવા બીજા કોઇ મહત્વના કામ માટે પૃથ્વીપર અવતાર લે છે. તે વખતે પણ ભક્તના કલ્યાણ માટે ત્યાં નાના પ્રકારના ભોગ ભોગવે છે, પણ તે સર્વે દોષ રહિત અને નિર્ગુણ છે, જેમ અગ્નિમાં કાંઇ પદાર્થ નાખીએ તે અગ્નિને લેપન કરી શકતો નથી, તેમ અવતારી ઇશ્વર સદા નિર્લેપ છે. એ સિદ્ધ કરવાને ભાગવત, વિષ્ણુ પુરાણાદિનાં પ્રમાણ બતાવે છે. તેઓ વિષ્ણુને બ્રહ્મ રૂપ માને છે. વિષ્ણુના અવતારોમાં પણ કૃષ્ણાવતારનેજ પરબ્રહ્મ રૂપે ભજે છે. એનેજ પુરૂષોત્તમ કહે છે. ગોલોકાદિને સ્વર્ગ કહે છે, તેમાં શ્રીકૃષ્ણ રૂપ પરબ્રહ્મ રહ્યા છે. એ ગોલોકમાં ભગવાનની પાસે સખી ભાવે પ્રેમ રૂપમાં લીન થવું એનેજ મોક્ષ માને છે. સખી ભાવની વાત પુષ્ટ કરવાને માટે એવી વાત જેમાં હોય તેવાં ભાગવત, વિષ્ણુપુરાણાદિનાંજ પ્રમાણ બતાવે છે. અર્થાત્ શ્રીકૃષ્ણની બાલલીલાનું અનુકરણ કરવાજ પરમ ધર્મ માને છે, ને ભક્તિએ કરીને આ સંપ્રદાયમાં મોક્ષ માન્યો છે. સામાન્ય લોક એમ માને છે કે ભક્તિથી જ્ઞાનનો ઉદય થઇ પરિચ્છેદ ભંગ થાય અને સાયુજ્ય મળે. તેઓ પ્રેમ લક્ષણા ભક્તિનેજ મોક્ષ રૂપે બતાવે છે. વલ્લભમત ગૂજરાતમાં અકબર બાદશાહે ૧૫૭૨માં ગૂજરાત લીધું, તેની થોડી એક અગાઉ દાખલ થયો. આ મત ગૂજરાતમાં વિશેષ પ્રસરેલો છે. આ સંપ્રદાયનાળી મૂળ વિ-

ષ્ણુ સ્વામીને ઇષ્ટ જે સંન્યાસ તેને માનતા નથી. તીલક, છાપાં કરે છે ને ઉર્ધ્વ પુંડ્ર રૂપ ટીલું કરે છે. ગોપીચંદનાદિને પવિત્ર ગણે છે, ગુરૂ ગૃહસ્થ હોય છે. તેમનેજ કોઈ ઇશ્વર રૂપે માને છે અને તેની સાધનરૂપ સેવા કરે છે કોઇ તો ફળ રૂપ પણ કરે છે. એક બીજામાં જયશ્રીકૃષ્ણ, જયગોપાલ ઈત્યાદિ નમસ્કાર કરે છે.

ॐ नमो भगवते वासुदेवाय—એ ભાગવત મંત્રને અથવા ॐ श्री कृ. ष्ण. श. र. णं. म. म—"શ્રીકૃષ્ણ તેજ મારા આશ્રયનું સ્થાન છે." એવો અષ્ટાક્ષર મંત્ર ગુરૂ પાસેથી લે છે. અને તેનાથી શ્રી કૃષ્ણનું નામ સ્મરણ કરી માળા ફેરવે છે. શ્રીકૃષ્ણને સર્વસ્વ અર્પી પોતાની બ્રહ્મમયતારૂપ બ્રહ્મ સંબંધ વૈષ્ણવમાત્ર કરે છે. પુત્રને અગિઆર અથવા બાર વર્ષે, પુત્રીને ઘણુ કરી લગ્ન સમયે સમર્પણ અથવા બ્રહ્મસંબંધ તે પંથના મુખ્ય આચાર્ય કે મહારાજના હાથે અપાવવાની અગત્ય સમજે છે. એવી રીતે બ્રહ્મસંબંધ લઇને તેની કંઠી બાંધ્યા પછી નિત્ય સ્વચ્છ થઈને પૂજા, સેવા વખતે એ મહાપવિત્ર ગણેલા મંત્રનો કોઇ ન સાંભળે તેવી રીતે જપ કરવાની સર્વ વૈષ્ણવોને આજ્ઞા કરેલી છે. તે મંત્ર આ પ્રમાણે—

ॐ श्रीकृष्णःशरणंममसहस्त्रपरिवत्सर
मितकालजातकृष्णवियोगजनिततापक्लेशानंततिरोभावोहंभगवतेकृष्णाय
देहेन्द्रियप्राणांतःकरणेनचर्माश्चदारागार
पुत्राप्तवित्तेहपराण्यात्मनासहसमर्पयामि
दासोहंकृष्णत्वास्मि. ॥ १ ॥

અર્થ—સર્વેના મૂળ કારણ રૂપ જેશ્રીકૃષ્ણ અથવા સર્વવ્યાપક પરમાત્મા તે મારૂં આશ્રય સ્થાન. શ્રીકૃષ્ણના વિયોગથી એક હજાર વર્ષ સુધી અતિભારી કલેશ અને દુઃખ પ્રાપ્ત થયું છે. માટે હે મારા પરમ પૂજ્ય કૃષ્ણ! મારૂં શરીર ઇંદ્રિય, પ્રાણ, અંતઃકરણ અને બીજી સર્વે ઇંદ્રિયો તથા મારી સ્ત્રી અને પુત્રાદિ સર્વ કુટુંબ સહિત મને પવિત્ર કર, હું તારો દાસ છું. એનો ગુહ્યાર્થ એવો છે કે;—"જીવાત્માને જ્યારથી માયાના આવરણથી પરમાત્મા અથવા પોતાના શુદ્ધ ચૈતનથી વિયોગ થયો, ત્યારથી મહાકૃષ્ટ સહન કરવું પડયું છે. માટે હવે એ મૂળ આત્માનું મને સત્ય જ્ઞાન પ્રાપ્ત થયું છે. હવેથી એ પરમાત્માજ મારૂં શરીર છે; તેથી મારા અંતઃકરણ સહિત સર્વેંદ્રિયો આદિ કુટુંબને તેમાંજ સંમીલન કરૂં છું." વૈષ્ણવોમાં પણ મર્યાદી વગેરે ભેદ છે. મંદિરોમાં થતો પૂજા પ્રકાર—મંગલા, શૃંગાર, ગ્વાલ, રાજ-

ભોગ, ઉત્થાપન, ભોગ, સંધ્યા, શયન અને પર્વાદિયાત્રા તથા ઉત્સવ એ પ્રમાણે છે. શ્રીકૃષ્ણ રૂપ પરબ્રહ્મના બાળસ્વરૂપની લીલાનું અને રાધાદિ સાથે વિનોદનું અનુકરણ કરવામાંજ એ મતની સેવાનો સમાવેશ છે અને તેટલામાંજ મોક્ષ માનવામાં આવે છે; ઈત્યાદિ, ઇત્યાદિ.

વૈરાગ્યથી રાજતજી યોગી થયો.

ગોપીચંદ.

આ મહાપ્રસિદ્ધ પુરૂષ ગૌડબંગાલા દેશનો મહારાજા હતો. તેની રાજધાની **કાંચનપુરમાં** હતી. એના પિતાનું નામ **ત્રૈલોકયચંદ્ર** અને માતાનું નામ **મૈનાવતી** હતું. મૈનાવતી એ વિક્રમાદિત્ય રાજાની નાની બેન થાય. ગોપીચંદને ચંપાવતી નામે એક બેન હતી તે કુંદનપુરના રાજા કુંદનસેન સાથે પરણાવી હતી. ગોપીચંદ અતિ રૂપાળો, સુંદર, બહુ નાજુક, દયાળુ, ડાહ્યા, ધાર્મિક, નીતિવાન, પ્રજાપ્રેમી, શૂરવીર અને રાજકાજમાં ચતુર હતો. તેણે પોતાના પરાક્રમથી ઘણા દેશને જીતી રાજ્યનો વિસ્તાર વધાર્યો હતો. એના શૂરાતનથી મોહિત થઇ માંડળિક રાજાઓ થર થર કંપતા હતા. **ઓમા** નામે રાજકન્યા પટરાણી હતી. તે સિવાય કુમુદા, સુલક્ષણા, રસિક માલતી ઇત્યાદિ બારસો પરણેલી રાણીઓ હતી અને સોળાસો રાખેલી સ્ત્રીઓ હતી. ત્રૈલોકયચંદ્ર રાજાના મરણ પછી મૈનાવતી રાણીને વૈરાગ્ય ઉત્પન્ન થયો હતો. પોતાના દેહને ક્ષણભંગુર સમજી પારલૌકિક હિત સાધવાને તત્પર થઇ હતી. સંસારની મોહ માયામાં સપડાઈ પડ્યાથી વારંવાર શોકાતુર થતી અને કોઈ માહાપુરૂષ મળે તો તેનાથી જ્ઞાન સંપાદન કરવાને ઘણી આતુર હતી. એક દિવસે રાજમેહેલના ઝરૂખામાં દાસી સાથે વાત ચીત કરતી બેઠી હતી તેવામાં કોઇ અલૌકિક મહાપુરૂષને રાજમાર્ગમાં ભિક્ષા માગતો જોયો. તપાસ કરાવતાં એ જાલંદર યોગી હતા અને પાસેના નીલવનમાં ઉતર્યા હતા. સત્પુરૂષના મુખથી ઉપદેશ લેવાની ઘણા દિવસની શુભ વાંચ્છના પરીપૂર્ણ કરવાને મૈનાવતી તત્પર થઇ. બીજે દિવસે તે પ્રભાતમાંજ અગત્યની પૂજા સામગ્રી લઇ દાસીઓ સાથે યોગી રાજના આશ્રમમાં ગઇ. યોગીશ્વરે રાણીની ઉપદેશ લેવાની તીવ્ર લાગણી જોઇ પ્રેમથી ગુરૂમંત્ર આપ્યો. પછી રાણી ગુરૂના ચરણમાં વંદન કરી રાજદરબારમાં આવી. એવી રીતે અનુગ્રહ પામી પ્રસંગોપાત ગુરૂને દર્શને જતી અને સેવા સામગ્રી મોકલતી. એવો ક્રમ ઘણા દિવસ ચાલ્યો. અદેખાં સ્ત્રી પુરૂષો નિરંતર અદેખાઈ કરવામાંજ આનંદ માને છે. સામાનું સારૂં દેખી શકતાં નથી. તેઓ દૂધમાંથી પુરા કાઢી

પરની નિંદા કરવામાંજ પ્રીતિ રાખે છે. મૈનાવતીનો ભક્તિભાવ એવા દુષ્ટ મનુષ્યો સહન કરી શક્યા નહિ. મૈનાવતી નીતિવાન હતી તે કદી પણ અનીતિને માર્ગે ચાલે એવી નહોતી. તેને તો આ પ્રપંચ ભરેલા માયીક સંસાર ઉપરથી મોહ ઉતરી ગયો હતો. તેણે તો પોતાના તારણનો માર્ગ ગ્રહણ કર્યો હતો, તોપણ તેની બદબોઇ આદરી. પટરાણી ઓમાં એના ભક્તિભાવને વિપરીત જાણી ગોપીચંદને સમજાવવા લાગી કે; પ્રાણનાથ! માતા મૈનાવતીના આચરણની લોકો નિંદા કરે છે. આવા તેના વિપરીતાચરણથી આપણને કલંક લાગશે. ઇત્યાદિ સમજાવવાથી ગોપીચંદ પોતાના કીર્ત્તિરૂપ પવિત્ર પ્રકાશને ઝાંખ લાગશે, એવી શંકા લાવી વિચાર કર્યા વગર કે પોતાની વાહાલી માતાને જાણ કર્યા વગર એકદમ મેહેલથી બહાર આવ્યો અને જાલંધર યોગીને દુરાત્મા સમજી નાશ કરવા તત્પર થયો. આ યોગીની પવિત્રતા, શક્તિ અને ક્રિયાને તે જાણતો નહોતો. તેણે વગર તપાસ કર્યે પટરાણી ઓમાંના સમજાવ્યાથી વહેમાઇને નિર્દોષ મહાત્માને દોષિત ગણ્યો. જો કે પોતે સમજુ હતો, પોતાની માતાની પતિવ્રતા અને સદાચરણને જાણતો હતો અને પોતાપર માતાનો અપાર પ્યાર છે એ સર્વ સમજતો હતો, તો પણ દુર્દૈવથી સહવાસી સ્ત્રીનાં વચનોને સત્ય માન્યાં. જેમ કેટલાક મૂર્ખ રાજાઓ રાજમદથી છકી જઇને અવિચારથી ઉતાવળે સાહસ કર્મ કરી દે છે, તેમ આ ગોપીચંદે પણ સારાસારનો વિચાર કર્યા વગર સાહસ કર્મ આદર્યું. પોતાની વહાલી માતાને પૂછ્યા વગર અને કોઇને પણ કાને આ વાત ન જાય તેવા ગુપ્તપણે સમાધીસ્થ રહેલા યોગીંદ્ર જાલંદરને ઉપડાવી અશ્વશાળાના પાછલા ભાગના કુવામાં નાંખ્યા અને ઉપર લાદ અને કચરો નાંખી કુવો પૂરી દીધો!!

આ વાત બની તેની અગાઉજ જાલંદરનો શિષ્ય કાનીફનાથ જાત્રાએ ગયો હતો. તેમ મૈનાવતી પણ આ વાત મુદલ જાણતી નહોતી. તે એક વખતે પોતાના નિત્ય નિયમ પ્રમાણે ગુરૂ જાલંદરના દર્શને આવી, પણ ગુરૂ મળ્યા નહિ. તેથી ઘણો શોક કર્યો અને મનમાં વિચારવા લાગી કે મારી સેવામાં કંઈ પણ ચૂક થઇ હશે. તેથી ગુરૂ મારી ઉપેક્ષા કરી જતા રહ્યા હશે, પરંતુ ગોપીચંદ વિષે તેના મનમાં તલ માત્ર પણ સંશય આવ્યો નહિ. મૈનાવતી નિત્ય ગુરૂ દર્શન કરી તેના ચરણનું તીર્થોદક કરીને ભોજન કરતી તીર્થોદક જે રોજથી ન મળ્યું તે રોજથી અન્નાજ ખાવું બંધ કરીને દુધ પીને પ્રાણનું રક્ષણ કરવા લાગી. થોડા દિવસમાં ગોપીચંદનોજ જન્મ દિવસ આવ્યો. તે દિવસે રાજમહેલના વચલા ચોકમાં ગોપીચંદ સ્નાન કરવા બેઠો તેમને કેટલીક રાણીઓ શરીરે સુગંધી પદાર્થ લઇને મરદન કરતી હતી.

કેટલીક ગુલાબજળની ઝારીથી મંદમંદ ધારે પાણી સીંચતી હતી અને કેટલીક મંગળ ગીતો ગાતી હતી. એ વખતે મૈનાવતી મહેલના ઝરૂખામાં બેઠી હતી. તેની નજર ગોપીચંદ તરફ જવાથી વિચારવા લાગી કે;--આહા! વિશ્વની રચના કેવી ખોટી છે! કામદેવને મોહ પમાડે એવી આ મનુષ્ય દેહ જેની આસપાસ આ સુંદર સ્ત્રીઓ મોહિત થઇને વેલની પેઠે વિંટળાઇ વળી છે. અરેરે! તેજ કાયામાંથી જ્યારે આત્મા ઉડીને ચાલતો થશે, ત્યારે એ નિર્જીવ દેહ જોનારને કેવી ભયંકર લાગશે! અહો પ્રભુ! આવી ઉત્તમ કાયાને અમર કાં ન કીધી? અરે! એના કરતાં શું એના પિતાની કાયા સુંદરતામાં ઉતરે એમ હતી? ગુણ, રૂપ, શૌર્ય અને કીર્ત્તિનું સ્થાનજ હતું. તોપણ જ્યારે કાળે આવી પોતાની જાળ બિછાવી; ત્યારે તે સુંદર દેહની ચપટી રાખ પણ હાથ ન આવી. એમ પોતાના પતિનું સ્મરણ આવતાંજ ગદ્ ગદ્ કંઠે થઈ ગઇ. આંસુનો એક ઉનો બિંદુ ગોપીચંદના ગાલપર પડવાથી ફરફોલો પડયો. આંસુના બિંદુથી ફરફોલો પડવાની વાત અસંભવિત લાગે, પણ એ નવાઈ નથી. એવા પણ નાજુક શરીરના દાખલા મળી આવે છે. પેશ્વાના સરદાર હરિપંત ફડકેના પુત્ર બાપુરાવ ફડકે એવોજ નાજુક હતો. તેને રૂથી ભરેલા ઘણાજ હળે ઉંચાઇપરના સુંવાળા મશરૂના ગાદલામાંથી કપાશીઆનો એક દાણો પગમાં કાંટાની પેઠે વાગ્યો હતો. તે પછી ગાદલું ફાડીને જોતાં તેની મધ્યમાંથી એક કપાશીઓ નીકળ્યો હતો. આ વાત ઘણી પ્રસિદ્ધ છે. આ બાપુરાવ સવાઇ માધવરાવ પેશ્વાનો પરમ મિત્ર હતો.

ગોપીચંદ પોતાના ગાલપર આવી રીતે આંસુનો બિંદુ પડયો જોઇને પૂછપરછ કરવા લાગ્યો. સુલક્ષણાએ કહ્યું;–સ્વામીનાથ! આપનાં માતુશ્રી મેહેલના ઝરૂખામાં બેઠાં છે, તેના લોચનમાં જળ ભરાઈ આવ્યાં હતાં. એવું સાંભળી ગોપીચંદ આશ્ચર્ય પામી બોલ્યો;–અરે! એ જલબિંદુ તે મારી માતાનાં અશ્રુ! આવી રીતે શોકાતુર થવાનું કારણ શું? અરે! મારી હયાતીમાં મારી માતાને દુભવનાર કોણ છે? પ્યારી સ્ત્રીઓ! અંતઃપુરમાં જાઓ? એમ કહીને તરત કોરાં સાદાં વસ્ત્ર પહેરી માતાના મહેલમાં જઇને વંદન કરી ઉભો રહ્યો. પછી માતાને ઉદાસ થયાનું કારણ પૂછ્યું. ત્યારે માતાએ કહ્યું કે, પુત્ર! તારેજ માટે. ગોપીચંદે કહ્યું;–શું મારાથી આપનો કંઇ અપરાધ થયો! એવો તે મારો શો અપરાધ છે? મૈનાવતીએ કહ્યું;–પુત્ર! તારો અપરાધ લેશ પણ નથી. ગોપીચંદે કહ્યું;–મારી સ્ત્રીઓએ, દરબારીઓએ કે રૈયતે કર્યો છે? જેણે આપનો અપરાધ કર્યો હોય, તેનું સત્વર કહો. પછી તે ગમે તેવું મારૂં પ્રિય હશે તોપણ તેનો નાશ કરીશ. મૈનાવતી કહે;—પુત્ર! જે નાશવંત છે તેનો નાશ કરવો તેમાં નવાઇ શી?

પરંતુ નાશવંત અમર શી રીતે થાય એજ વિચારમાં રાત. દિવસ હું ઉદાસીન રહ્યા કરૂંછું. પુત્ર! તું ગુરૂ પ્રતાપે જ્ઞાની થઇને પ્રભુના નામનું સ્મરણ કર. આ સંસાર નાશવંત માનીને શમ, દમથી વિશ્વ તરી જા. સૌ સ્વાર્થનાં સગાં છે, કપટ બુદ્ધિથી ભરપુર છે, આ કાયા અને માયા મિથ્યા છે, તેને સત્ય ગણી કેમ ભૂલ કરે છે? પુત્ર! તું યોગ ગ્રહણ કરીને અમર થા. ફરી આ શરીર મળશે નહિ. ગોપીચંદ—પશ્ચાત્તાપ કરીને મનમાં વિચાર કરે છે. અરે! અરે! આ હું શું સાંભળુંછું! આ પ્રમાણે મોહથી મુક્ત થયેલું મન, અનીતિને ઉત્તેજન આપે? નહિ, નહિ એમ વિચારી માતાને કહ્યું:—આપના મુખથી નીકળતા અમૃતથી પણ અધિક એવા ઉપદેશક વચનનું પાન કરી હું બહુ શાન્ત થયોછું, આ દેહ અમર થવા માટે કાંઈ ઉપાય છે કે નહિ? મૈનાવતી કહે - મારા ગુરૂ જાલંદરનાથ અહીં હોત તો આ વાત કઠણ નહોતી. પુત્ર! મારા ગુરૂથી તું અજાણ છે. ગોપીચંદ મનમાં શોકગ્રસ્ત થઇને વિચાર કરે છે, અરેરે! મેં ખોટી શંકાથી કેવો અનર્થ કર્યો? ઓ પ્રભુ! મારા પાપની મને ક્ષમા કર એમ વિચાર કરતો લજ્જા પામી કાંઈ ન બોલતાં પોતાના મેહેલમાં આવ્યો અને પોતાના સાહસ કર્મનો અપાર પસ્તાવો કરવા લાગ્યો.

આ વાતને ઘણા દિવસ વિત્યા પછી જાલંધરનાથનો શિષ્ય કાનીફનાથ-પોતાની તીર્થ યાત્રા સંપૂર્ણ કરીને ગુરૂને શોધતો આવતો હતો. માર્ગમાં મચ્છેંદ્રનાથને શોધવા નીકળેલા ગોરક્ષનાથ મળ્યા. પરસ્પર આદેશ કરી કેટલીક વાતચીત કરી. ગોરક્ષનાથે પૂછ્યું કે:—કાનીફનાથ ક્યાં જાઓ છો? કાનીફે કહ્યું;—જાલંદરનાથને શોધવા નીકળ્યો છું. ગોરક્ષનાથે કહ્યું;—મચ્છેંદ્રનાથને શોધવા હું પણ નીકળ્યો છું પણ ક્યાંએ પતો લાગતો નથી. કાનીફે કહ્યું; તમારા ગુરૂ સ્ત્રીયા રાજ્યમાં સપડાએલા છે એની તમને ખબર નથી એ બહુ આશ્ચર્ય!! ગોરક્ષનાથ કહે જેમ તમારા ગુરૂ ગોપીચંદના હાથથી લાદથી ભરેલા કૂવામાં દટાએલા છે, તેની તમને ખબર નથી તેમ મને પણ નથી. આ સાંભળી કાનીફ ખેદ યુક્ત થઇ હસીને કહે કે તેમ હોય તો બંને સરખા. પછી બંને જરા પણ વખત ન લગાડતાં આદેશ! આદેશ! કરી ગુરૂના શોધમાં જુદે જુદે રસ્તે પડ્યા. કાનીફનાથ તરત કાંચનપુરમાં આવ્યો. સર્વ શિષ્યો હાથમાં ચીમટા લઇ રાજમેહેલના દ્વારમાં આવી ઉભા. ક્યાં છે ચાંડાલ ગોપીચંદ? પાપનો પોટલો માથે લેઇને ક્યાં સંતાયો છે? ગોપીચંદ ભયથી કંપતો અરે! કોણ જાલંદર? શું મારી કરણીનું ફળ આપવા આવે છે? એમ કહેતાંજ મુર્છિત થઇને પડયો. મૈનાવતી ભયથી કંપવા લાગી. કાનીફ કહે—ક્યાં ગયો ગુરૂ ઘાતકી પાપી દુરાત્મા! મૈનાવતી કહે—ક્ષમા કરો

મહારાજ ક્ષમા કરો ? કાનીફ કહે—ગોપીચંદ કયાં છે ? મૈનાવતીએ કહ્યું—મહારાજ ! ગોપીચંદનું શું કામ છે ? હું તેની માતા ગુરૂ જાલંદરની શિષ્યા મૈનાવતી છું. જે આજ્ઞા હોય તે કહો. કાનીફ—શું તને મારા ગુરૂ જાલંદરે દીક્ષા દીધી છે? અને તેના બદલામાં તારા પુત્ર ગોપીચંદે ગુરૂ જાલંદરને અશ્વશાળાના કૂવામાં નાંખી તેના પર લાદ કચરો ભર્યો ! મૈનાવતી આશ્ચર્ય સાથ ખેદ પામી બોલી;—પુત્ર ! ગોપીચંદ ! આ કેવું પાપ ! ! શું ગુરૂ જાલંદરનાથનો ઘાત કર્યો ? એમ કહેતાંજ મુર્છા પામી પડી ગઈ. કાનીફે મૈનાવતીને પોતાના કમંડળમાંથી શીતળ જળ છાંટીને સાવધ કરી. પછી ગોપીચંદ માતા મૈનાવતી તથા કાનીફ પાસે પોતાના અપરાધની માફી માગવા લાગ્યો;—હું માતા મૈનાવતી વિષે તરેહવાર કથન સાંભળીને વહેમાયો હતો. આ દુર્વાણી ખરી છે કે નહિ તેની પુરતી તપાસ કર્યા વગર ક્રોધમાં આવી અઘોર કૃત્ય કર્યું હું પુરો હિણભાગી. અરેરે ! મારા મનમાં પ્રથમથીજ સારો વિચાર કેમ ન આવ્યો ? મહારાજ ! હું આપને શરણે આવ્યો છું. મારા અપરાધની ક્ષમા કરો, અને આ પાપમાંથી બચવાનો કૃપા કરી ઉપાય બતાવો. મૈનાવતીએ પણ ખેદીત થઇ પોતાના પુત્રનો અપરાધ ક્ષમા કરવાની પ્રાર્થના કરી. કાનીફ બોલ્યો;—મૈનાવતી ! એ તારોજ પુત્ર હોવાથી અને તે મારે શરણે આવ્યો છે. માટે ક્ષમા કરૂં છું, પણ બીજો કોઈ હોત તો તેને જરાપણ ક્ષમા કરત નહિ. બોલ ગોપીચંદ ! ગુરૂને આ સ્થિતિએ પહોંચાડયાને કેટલા દિવસ થયા ! ગોપીચંદ—મહારાજ ! આજ ચાર દિવસ થયા. કાનીફ—ત્યારે તો ભાગ્યશાળી; કેમકે આ ઋતુમાં ગુરૂમહારાજ પાંચ દિવસનીજ સમાધી લે છે, જો આજ હું ન આવ્યો હોત તો, ગુરૂ સમાધીમાંથી મુક્ત થઇને કોણ જાણે તારી કેવી વલે કરત. મૈનાવતી—સત્ય છે મહારાજ, ગુરૂ જાલંદર એવાજ પ્રતાપી છે, હવે આ મારા બાળક પુત્રને તે ક્ષમા કરે એવો ઉપાય કરશો. કાનીફ—તારા પુત્રે મુર્ખ સ્રીના સમજાવ્યાથી અને લોકોની ખોટી નિંદાથી, પાપ કર્મ કર્યું છે, પણ બગિની ! કાંઈ ચિંતા નહિ કર. તારો પુત્ર નિર્ભય થાય એમજ કરીશ. પછી કાનીફે ગોપીચંદ પાસે તેની આકૃતિ જેવાં અને તેના જેવડાં ઉંચાઈનાં સોના, રૂપા, તાંબા અને લોઢાનાં પુતલાં તૈયાર કરાવ્યાં. પછી જે કૂવામાં જાલંદર નાથને નાંખ્યા હતા ત્યાં આવી ઉભા. એક તરફ મૈનાવતી અને ગોપીચંદને ઉભા રાખ્યાં, બીજી તરફ કાનીફ અને તેના શિષ્યો ઉભા રહ્યા. કાનીફ ધ્યાન ધરીને ઉભો રહ્યો. થોડી વારે ગોપીચંદ ને કહ્યુંકે, તૈયાર થા. હવે ઢીલ કરવાનો વખત નથી, ગુરૂ મહારાજ જાગૃત થયા છે. માટે પ્રથમ કૂવાના કિનારાપર સોનાનું પુતળું મૂકી જરા પાછળ રહી આદેશકર.

ગોપીચંદે તે પ્રમાણે કરી કહ્યું કે ગુરૂમહારાજ! આદેશ! જાલંદર–(અંદરથી) કોણ ? ગોપીચંદ–ગૌડ બંગાલાનો રાજા ગોપીચંદ આપનું શરણુ ઇચ્છે છે. જાલંદર–દુરાત્માબલીને ભસ્મ થા. એટલું બોલતાંજ સોનાનું પુતળું બળીને ભસ્મ થઇ ગયું. એ જોઈ ગોપીચંદ ભયથી થરથર કંપવા લાગ્યો. કાનીફ– ગોપીચંદ ! કેમ ભય પામે છે? લે રૂપાનું પુતળુ મૂક ને આ દેશકર. ગોપીચંદે તેમ કર્યું કે;—જાલંદર—કોણ ? ગોપીચં--ત્રૈલોક્ય ચંદ્રનો પુત્ર ગોપીચંદ આપથી તારણુ ઇચ્છે છે. જાલંદર—જા પાપી તારો નાશ થાઓ. એમ કહેતાંજ રૂપાનું પુતળું બળી રાખ થઇ ગયું. ગોપીચંદ તેથી વિશેષ ભય પામ્યો. પણુ કાનીફે કહ્યું કે, નિર્ભય રહે, કંઇ ચિંતા ન કર, લે તાંબાનું પુતળુ મૂક ને આદેશકર. ગોપીચંદે તેમ કર્યું કે તે પણુ બળી રાખ થયું. ગોપીચંદ ત્રાહિ ! ત્રાહિ! રક્ષણ કરો ? એમ પોકારતો કાનીફના ચરણમાં પડયો, કાનીફે હાથ ઝાલી ઉભો કર્યો. વ્યાકુળ ન થવાની ભલામણુ કરી મસ્તકે હાથ મૂક્યો. નિર્ભય કરીશ ફિકર ન કર, લે આ લોઢાનું પુતળું મૂકીને પ્રથમ પ્રમાણે આ દેશકર. ગોપીચંદે લોઢાનું પુતળું મૂકીને કહ્યું કે;-ગુરૂ મહારાજ આદેશ! જાલંદર–કોણુ ? ગોપીચંદ–અજ્ઞાન રૂપી અંધકારમાં ઘેરાએલો આપના ચરણુ કમળનો દાસ મૈનાવતીનો પુત્ર ગોપીચંદ. જાલંદરે વિચાર્યું કે; મેં તેને ત્રણુવાર શાપ આપ્યો છતાં તે બચ્યો. તેથી ધારૂંછું કે, મારા શિષ્ય વર્ગમાંના કોઇને પણુ શરણે ગયો હશે. એવી કલ્પના કરી ધ્યાનથી જોઇ કહ્યું કે; અમર હો? બેટા ગોપીચંદ તારી કાયા અમર રહો. એમ કહેતાંજ જાલંધર પોતાની મેળે બહાર નીકળી આસનપર બેઠા. કાનીફ, મૈનાવતી અને ગોપીચંદે તેમના ચરણુમાં નમી આદેશ કર્યા. ગોપીચંદ જાલંદર યોગીના શરીર પર લાદનો જરા પણુ સ્પર્શ ન જોઈ તથા તેની મહા તેજસ્વી કાયા જોઈ ઘણું આશ્ચર્ય પામ્યો. મૈનાવતી પોતાનો પુત્ર બચવાથી ઘણી હર્ષ પામી. આખા શેહેરમાં આનંદ ઓચ્છવ થઇ રહ્યો. ત્યાર પછી ગોપીચંદને વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેણે ગુરૂ જાલંદરના ચરણુમાં પડી કહ્યું કે;—મહારાજ! આ વિશ્વના વિચિત્ર મનુષ્યોથી ત્રાસ પામી તારણુ અર્થે આપના મુખથી ઉપદેશ લઇ અરણ્યમાં વાસ કરવા ઇચ્છું છું. જાલંદર--બેટા! આ મહાન રાજ્ય, બારસો રાણીઓ, સોળસો રખેલીઓ, મણિમય મેહેલનો નિવાસ, અનેક જાતનાં સ્વાદીષ્ટ ભોજન, અત્યંત સુવાસિત પુષ્પોના બાગ અને મુક્તારત્નથી ભુષિત વસ્ત્રાલંકાર એ સર્વ તજી વનમાં વસવું અશક્ય છે. માટે ઉઠ અને જા, તારૂં રાજ્ય સંભાળ. ઇત્યાદિ કહ્યું; ગોપીચંદ કહે—વીરનું વચન એકજ હોય છે. જેનો બોલ ગયો તેણે સર્વ ખોયું, જે સદ્દવિચારે અંતરમાં પ્રવેશ કર્યો, તેના સહજ સુખ માટે ત્યાગ કરવો એના જેવું ભુંડું એકે નથી. પછી

જાલંદરે તેમનો દ્રઢ નિશ્ચય જોઇને દીક્ષા આપી. ગોપીચંદ પોતાની સર્વે રાણીઓ પાસે યોગી વેષે અહ:લ્રક, અહ:લ્રક, કરતો ભિક્ષા માગી લાવ્યો. તેમની આવી સ્થિતિ જોઇને રાણીઓએ શોકથી ગહ્ન રૂદન કર્યું, પ્રજા શોકાતુર થઈ. ચારે તરફ હાહાકાર થઈ રહ્યો. ગોપીચંદ યુક્તિથી સર્વને શાન્ત કરીને ગુરૂ જાલંદર સાથે તીર્થ યાત્રા કરવાને ચાલી નીકળ્યો. એ રીતે તેણે સંસાર ત્યાગ કર્યો. યોગ સાધનાથી પ્રભુને પામી પોતાના જીવનનું સાર્થક કર્યું. આ સઘળો તેની પવિત્ર માતાનોજ પ્રતાપ હતો. સંસાર તજવો મુશ્કેલ, તેમાં પણ રાજ્ય જેવા વૈભવ અને સુખ તજી વિરક્ત થવું એ ઘણુંજ કઠણ. એ તો પૂર્વ જન્મના પુણ્યથી અને સત્ ગુરૂ પ્રતાપથીજ બની શકે છે. ઈત્યાદિ ઇત્યાદિ રીતે એ પ્રતાપી પુરૂષનું જીવન ચરિત્ર ઘણુંજ ઉત્તમ અને બોધ લાયક છે. આ જગતમાં મહારાજા પોતાના જીવનનું સાર્થક કરી દ્રષ્ટાંતરૂપ અમર કીર્ત્તિ રાખી ગયો છે. જે અદ્યાપિ સુધી સર્વત્ર સતેજ છે. ધન્ય છે તેમને!!! સંસાર તો તેમણેજ સાર રૂપ કર્યો. હે મનુષ્યો! ચેતો અને પ્રભુને ભજો. કહ્યું છે કે;—

શાર્દૂલવિક્રીડિત.

આવે છે જવ કાળ ગ્રાસ કરવા, જાણે નહીં બાળ તે;
રોગો શત્રુ સમા પ્રહાર કરીને, બુરા કરે હાલ તે:
શ્વાસે આયુ ઘટે ઘટે જયમ અરે, વારી ફુટેલા ઘટે;
એવું સ્પષ્ટ જણાય તોય પ્રભુને, સંસારી કાં ના રટે! ૧
કાયા કંપિ જશે ગતિ અટકશે, દંતો પડી સૌ જશે;
આંખે ઝાંખ થશે ન કાન સુણશે, લાળો મુખે આવશે;
બુદ્ધી મંદ થશે જીવ્હા અટકશે, કાઠી ગ્રહી ચાલશે;
એવું વૃદ્ધત્વ આવતાં શ્રીપતિની, ભક્તિ શી રીતે થશે. ૨
પામીને ભય કાળનો જન ભલે, પાતાળમાં પેસશે;
પામીને ભય લોહ પિંજર મહીં, પ્હેરો રખાવી વસે;
જોડે પ્રીતિ સુરેન્દ્ર સાથ અથવા, મેરૂ મથાળે જશે;
ત્યાંથી કાળ કરાળ તો ઝડપશે, નિશ્ચે નહીં છોડશે. ૩
સંગે કોય ન આવશે કદિ ભલે કોટી ઉપાયો કરે;
સારાં કાર્ય કર્યાથિ જે યશ મળે, સાથેજ તે સંચરે;
આ સંસાર વિનાશવંત ગણજો, સાચું જરા ન મળે;
સાચી એકજ સેવના હરિ તણી, સૌ કષ્ટ જેથી ટળે. ૪

પરોપકારી.

તાતાચાર્ય.

આ મહાપુરૂષ કાંચીનગરમાં રહેતો હતો. એ જાતે બ્રાહ્મણ માધ્વ સંપ્રદાયનો હતો. લોકો એને વિષ્ણુ અંશથી ઉત્પન્ન થયેલો કહેતા હતા. આ મહા વિદ્વાન, ઉદાર, ધાર્મિક, જ્ઞાની, બુદ્ધિવાન, પરોપકારી અને કવિ હતો. એનો ઉદય શાલીવાહનના પંદરમાં શતકમાં થયો. ગરીબ લોકોના દુઃખની દાઝ હૃદમાં લાવી એ પોતાના પૈસાથી તેનું દુઃખ દૂર કરતો, પોતાની ઉદારતાથી તેણે ઘણા ગરીબ લોકોની કન્યાઓના વિવાહ પોતાના ઘરના પૈસા ખર્ચ કરીને કરી આપ્યા હતા. ઇત્યાદિ રીતે લોકોનું દુઃખ દૂર કરવાને મહેનત કરતો હતો. તેથી તેને **કન્યાની** એવું વિશેષ નામ પ્રાપ્ત થયું હતું. વેદાંત શાસ્ત્ર ઉપર તેણે **સાત્વિકબ્રહ્મવિદ્યાવિલાસ** નામે એક ઉત્તમગ્રંથ પણ કર્યો છે. એ કવિતા કરવામાં પણ ઘણો પ્રવિણ હતો. ચંદ્રગિરીના રાજા વ્યંકટપતિ રાયેલુનો કુળ ગુરૂ હતો. તે નિત્ય કાંચી નગરીથી ત્યાં મળવાને જતો હતો, તેનામાં એક એવો અવગુણ હતો કે, સ્માર્તનો તિરસ્કાર કરવો અને શિવની નિંદા કરવી. અપય્યાદિક્ષીતની સાથે તેને ટંટો હતો. તેથી તેને વાદવિવાદમાં જીતવો એવી તેની અભિલાષા હતી. તે એ ખટપટ રાજસભામાં લાવ્યો હતો, પણ તેમાં એને જશ મળ્યો નહિ. ત્યારે તેણે અપય્યાદિક્ષિતને મારવાને મારા મોકલ્યા હતા, પણ તેમાં એ ફાવ્યો નહિ. તેના પરોપકારી કાર્યથી લોકો તેનાપર અત્યંત ભાવ રાખતા હતા. અને તેને કોઇ મહત્ પુરૂષ ગણી માન આપતા હતા. એની સ્ત્રી પતિવ્રતા હતી. એ જ્યારે બહાર જતો, ત્યારે એ પતિવ્રતા સ્ત્રી પોતાના પતિને આવવાની વાટ જોતી નિત્ય બારણામાં ઉભી રહેતી હતી. એ પ્રમાણે એક વખતે એ સ્ત્રી પતિની વાટ જોતી બારણામાં ઉભી હતી. ત્યાં માઠા ભાગ્યે એવું બન્યું કે; ત્યાં કેટલાક દુષ્ટ બુદ્ધિના લોકોએ આવી કહ્યું કે તારો પ્રાણનાથ આત્મઘાત કરીને મરણ પામ્યો. એ સમાચાર સાંભળતાંજ આ પતિવ્રતા બાઇ મૂર્છા ખાઇ પૃથ્વીપર પડી અને તત્કાળ તેના પ્રાણ નીકળી ગયા ! તાતાચાર્ય નિત્યની પેઠે સમય થતાં આવ્યો, ત્યારે પોતાની સ્ત્રીને મરણ પામેલી જોઇને, એના પણ પ્રાણ તત્કાળ નીકળી ગયા! લોકો આ પ્રેમી જોડાને આવી ચમત્કારિક રીતે મરણ પામેલાં જોઇને આશ્ચર્ય પામ્યા. આવા પરોપકારી પુરૂષનો પ્રાણ જવાથી એના સ્વદેશી લોકોને અત્યંત ખેદ થયો હતો; કારણ એ વિદ્વાન્ હતો એટલુંજ નહિ પણ સભ્ય અને પરોપકારી પુરૂષ હતો. એ તેના ઉત્તમ ગુણોથી સર્વ પ્રજા પ્રેમ ભાવથી અશ્રુપાત કરવા લાગી હતી.

અહો! આવાં પ્રેમી જોડાં આજે શું જોવા આવે છે? એ પુરાવને થઈ ગયાને આજે ૩૧૬ વર્ષ થઇ ગયાં છે.

પાટલીપુત્ર.

પાટણા—પટણા નામે શેહેર **મગધ** દેશમાં (બહાર પ્રાંતમાં.) ભાગેરથી કિનારે છે. એનો ઉત્તર અક્ષાંસ ૨૬ અને પૂર્વ રેખાંસ ૨૯છે. **પુષ્પપુર** અથવા **કુસુમપુર** એવું એનું બીજું નામ હતું. **ઇંગ્લિશ** લોકો એને **પાલી બોથરા** કહે છે અને કુસુમપુરના અપભ્રંશથી **ચીનાઈ** લોકો એને **કુસમોપૂલો** કહે છે. આ શેહરનું **પાટલીપુત્ર** નામ શી રીતે પડયું. એનો ઇતિહાસ આ પ્રમાણે છે; દક્ષિણ દેશના રહેવાસી કોઇ એક બ્રાહ્મણ પોતાનું સર્વ કુટુંબ ઘેર મૂકીને તીર્થયાત્રા કરવાને નીકળયો હતો. ફરતાં ફરતાં તે હિમાલયમાં ગંગાદ્વારે આવ્યો. ત્યાં યાત્રા કરી કનખલ તીર્થ ગયો ત્યાં સર્વ પ્રકારની વિધિ કરી બીજે ઠેકાણે જવા તૈયાર થયો. તેવામાં શરીરમાં તાવ ચડયો તેથી ત્યાંજ મરણ પામ્યો. આ વાતને ઘણા દિવસ વિત્યા પછી એ બ્રાહ્મણના પુત્રો જે ઘેર હતા તેમને પોતાના પિતા મરણ પામ્યાના ખબર થયા. તેથી તેના ત્રણે પુત્રોએ તેની ઉત્તર ક્રિયા કરી વિચાર કર્યો કે આપણે વિદ્યાભ્યાસ કરવાને બહાર ગામ જવું. પછી ત્રણે જણ પોતાની માતુશ્રીની આજ્ઞા લઇને ચાલ્યા. ચાલતાં ચાલતાં સમુદ્ર કિનારે **ચીંચણ** નામે ગામમા આવ્યા આ ગામ કુમારસ્વામીના ગામ પાસે દક્ષિણમાં છે. ત્યાં એક બ્રાહ્મણને ઘેર રાત્રે ઉતર્યા. એ બ્રાહ્મણ બહુ વિદ્વાન અને સભ્ય હતો. એનું નામ ભોજાભટ્ટ હતું. તેણે પોતાને ત્યાં આવી ઉતરેલા ત્રણે જણને પૂછી લઇ ઉત્તમ પ્રકારે પરોણા ચાકરી કરી. બીજે દિવસે તેણે કહ્યું કે, તમે ત્રણે જણા જે ઉદ્દેશથી જાઓ છો, તે ઉદ્દેશ તમારો અહીંજ સિદ્ધ થાયતો કેમ? આ સાંભળી ત્રણેએ કહ્યું કે ત્યારે અમારે બીજું શું જોઇએ, અમારે તો વિદ્યાજ પ્રાપ્ત થાય તો બસ. અમો ખુશીથી અહીં રહીશું. આ સાંભળી ભોજાભટ્ટને સંતોષ થયો. ત્રણેને ઘણી મેહેનત લઇ સારા વિદ્વાન કર્યા. પોતાને ત્રણ કન્યા સિવાય બીજું કાંઈ સંતાન નહોતું. આ ત્રણેને સારા વિદ્વાન અને ગુણ સંપન્ન જોઇને દરેકને પોતાની કન્યા પરણાવી અને તેને પુત્રની પેઠે ગણી ત્યાંજ રાખ્યા. તેથી ત્રણેએ પોતાની માતાને ત્યાં તેડાવી રાખી ઘણા વર્ષ પછી એ દેશમાં દુકાળ પડવાથી તે ગામ છોડવું પડયું. ત્રણે જણ પોતાની સ્ત્રીઓને ત્યાં મૂકી દૂર દેશમાં ગયા. એ વખતે વચલાની સ્ત્રી ગર્ભવંતી હતી, તેને થોડા કાળમાં પુત્રનો પ્રસવ થયો. દુકાળથી

તે પુત્રનું પોષણ તેના ઘરનાં માણસો કરી શક્યા નહોતાં તેથી શંકર પાર્વતીએ તેનું તથા તેની માતાનું સંરક્ષણ કરેલું અને કોઈ યજ્ઞદત્ત બ્રાહ્મણે તેનું નામ પુત્રક પાડયું હતું. આ પુત્રક શંકર કૃપાથી મોટો શક્તિવાન થયો. તેમજ શંકર પાર્વતીની કૃપાએ કોઇ ઠેકાણે ભૂમિમાંથી તેને અપરિમીત દ્રવ્ય મલ્યું. તેથી સર્વે મનુષ્યોનો નિર્વાહ ઉત્તમ પ્રકારે ચલાવવા લાગ્યો. પછી પુત્રકે પોતાના પિતા અને બે કાકાનો શોધ કરવા માંડયો, પરંતુ કયાંએ પતો લાગ્યો નહિ. તેથી ઘેર અન્નછત્ર ચલાવવું શરૂ કર્યું. તેનો મુખ્ય હેતુ એ હતો કે;–આ અન્નછત્રથી એ ત્રણે જણા કોઈ પણ વખતે અહીં આવશે અને મેળાપ થશે. આ અન્નછત્રની પ્રસિદ્ધિ દેશમાં ચારે તરફ થઇ ગઈ હતી. તેથી નિત્ય અન્નછત્રમાં જમવાને હજારો બ્રાહ્મણો આપતા હતા. એક વખતે પુત્રકનો પિતા અને બે કાકા ફરતા ફરતા સેહેજે ત્યાં આવી ઉતર્યા. ભોજન કરી રાત્રે સૂતા હતા. બીજે દિવસે આ ચીચણી ગામમાં અન્નછત્ર કોનું છે? અને આ કોનો પુત્ર છે? એ વગેરે તપાસ કર્યા; તો તેને માલમ પડયું કે તે તો અમારો પુત્ર છે, પણ તે અમો હતા ત્યારે નહીં હતો. તેથી શી રીતે થયો હશે? અને આટલી બધી સંપત્તિ કયાંથી પ્રાપ્ત થઇ હશે? નિશ્ચે સ્ત્રીઓએ દુરાચારથી આ સઘળું સંપાદન કર્યું હશે. એવો વગર વિચાર્યે અને પૂરો તપાસ કર્યા વગર વહેમ લાવ્યા. સ્ત્રીઓને દુરાચારી ઠરાવી. તેનું કારણ એ કે તેઓ ત્રણે જે વખતે દુકાળના દુઃખથી સ્ત્રીઓને ઘેર મૂકી પરદેશ ગયા હતા, તે વખતે વચલાની સ્ત્રીને ગર્ભ હતો તેની તેમને ખબર નહોતી. તેથીજ આવા ખરાબ નિશ્ચયપર આવ્યા અને પુત્રકને મારી નાખવાનો સંકલ્પ કર્યો. યુક્તિથી તેને વગડામાં લઈ ગયા, ત્યાં મારાઓ પાસે પકડાવી નાશી ગયા. મારાઓએ તેને મારી નાખવા માંડયો, ત્યારે પુત્રકે ઘણી પ્રાર્થના કરી પોતાના હાથમાંની મૂલ્યવાન જણસ હતી તે આપી છૂટો થયો. પછી ઘર તરફ આવવા નીકળ્યો; માર્ગમાં બે પુરૂષો પરસ્પર કજીઓ કરતા જોયા, તેમની પાસે જઇને પૂછયું કે;–તમે કોણ છો? અને શા માટે લડો છો? તેનું કારણ કહો. તેમણે કહ્યું કે, અમે બંને ભાઈ મયાસુર દાનવના પુત્ર છીએ. અમારે આ કાઠી, પ્યાલો અને પાદુકા એ ત્રણ વસ્તુઓ વહેંચી લેવાનો વાંધો છે. આ ત્રણે વસ્તુઓ એવા ચમત્કાર વાળી છે કે તેજેની પાસે હોય તે સર્વ વાતે સમર્થ થાય. આ કાઠીનો એવો પ્રતાપ છે કે, એ જેની પાસે હોય તે જે જે ઇચ્છા કરે તે તે પદાર્થ તેજ વખતે પ્રાપ્ત થાય. પ્યાલાનો એવો ચમત્કાર છે કે;–ગમે તેટલા અન્નની ઇચ્છા કરે તેટલું અન્ન તેજ વખતે ઉત્પન્ન થાય. અને આ પાદુકાનો એવો ગુણ છે કે;–એ પાદુકા પગમાં નાખતાંજ જે ઠેકાણે જવાની ઇચ્છા હોય તે ઠેકાણે લા-

ત્કાળિક પહોંચાડી આપે છે, એવી રીતે એ ત્રણે વસ્તુ અપૂર્વ છે. તે અમારા બે માં જે વધારે બળવાન હોય તેણે લેવી, એમ વિચાર કરી લડીએ છીએ. પુત્રક ઘણો ડાહ્યો હતો તે આ સાંભળી બોલ્યો કે;–તમે લડો છો એ મને ઠીક લાગતું નથી. માટે તમે બંને જણ સરખા ઉભા રહીને એક દમ દોડવાની પ્રતિજ્ઞા કરો. તેમાં જે અગાડી નીકળી જાય તેણે એ ત્રણે વસ્તુઓ લેવી. પુત્રકનો આ વિચાર એ બંનેને ઠીક લાગ્યો. તેથી એ ત્રણે વસ્તુ પુત્રકને સોંપી, મુઠીઓ વાળી નાશવા લાગ્યા દોડતાં દોડતાં ઘણે દૂર ગયા. એ જોઇને પુત્રકે પગમાં પાદુકા ચડાવી અને હાથમાં કાઠી–લાકડી તથા પ્યાલો લઇને ઉડયો. પોતાનું નગર નજીક હતું ત્યાં દાનવ પુત્રો આવી પહોંચવાની બીકથી ત્યાં ન જતાં, ઘણે દૂર એક રશીકા નામે નગરમાં જઇને ઉતર્યો. તેણે એ નગરમાં એક ડોશીને ઘેર ઉતારો કર્યો હતો. તેની પાસેથી આ નગર કોનું છે? ઇત્યાદિ વાત મેળવી લીધી. તેમાં એ ડોશીએ સેહેજે એવી વાત કરી હતી કે અહીંના રાજાને એક પાટલી નામે કન્યા છે. તે ઘણી સ્વરૂપવાન અને ડાહી છે અને પરણવા યોગ્ય થઇ છે. એ સર્વ જાણીને પુત્રકે પાદુકાના યોગથી તેના મેહેલમાં પ્રવેશ કર્યો. કન્યાએ તેને આકાશ માર્ગથી આવેલા કોઇ અદ્ભૂત દૈવી પુરૂષ છે, એમ જાણી ઘણું સન્માન કર્યું. પછી ત્યાં થોડા રોજ રહ્યો, તેમાં બંનેને ઘણી મિત્રતાઈ થઈ. આ વાતની રાજાને ખબર ન પડે તે પહેલાં બંનેએ ત્યાંથી નીકળી જવું એવું પાલટીએ કહ્યું. તેપરથી પુત્રક તેને લઇ ઉડી ભાગેરથીને કિનારે ઉતર્યો. ત્યાં કાઠી–લાકડીના ચમત્કારિક પરાક્રમથી એક રમણિય નગર વસાવ્યું. તેમાં રહેલી પ્રજાનો પ્યાલાના ચમત્કારથી નિર્વાહ કરતો. તેથી ત્યાંની પ્રજા ઘણી સુખી થઇ, એ નગરીનું નામ પોતાનું તથા પોતાની પાટલી સ્ત્રીનું નામ જોડીને **પાટલીપુત્ર – પાટલીપુર** પાડયું. પુત્રક પોતાના મૂળ વતનમાં પાછો ફર્યો નહોતો. તેથી તેને કોઇએ મારી નાખ્યો હશે. એનો તપાસ કરતાં તેના પિતા અને કાકાને પકડાવી ત્યાંના કારભારીઓ ઠાર માર્યા હતા. તેને પણ કાઠીના બળથી સજીવન કરી પોતાની માતુ વગેરે સર્વ કુટુંબને ત્યાં લાવી રાખ્યાં. પુત્રક ત્યાં આનંદથી રાજ કરવા લાગ્યો હતો અને ઘણો પ્રસિદ્ધ થયો હતો. તેણે જે પાટલીપુત્ર નગર વસાવ્યું તેજ હાલનું પાટણા અથવા પટણા છે. (ગ્યારેસન ઇંગ્લંડ કોશ.)

ધર્મપ્રવર્તક.

શ્રીમત્ સ્વામીનારાયણ—સહજાનંદ.

સને ૧૭૮૧ ના એપ્રીલમાસની ૧૦ મી તારીખે એટલે સંવત ૧૮૩૭ ના ચૈત્ર શુદી ૯ ને શોમવારની દશ ઘડી રાત જતાં અયોધ્યાથી ઉત્તરમાં સાત ગાઉ ઉપર છપૈયા નામે ગામ છે ત્યાં સ્વામીનારાયણનો જન્મ થયો. તે વખતે મદ્રાસમાં અને કલકત્તામાં અંગ્રેજ સરકારનું રાજ હતું અને અયોધ્યામાં નવાબ નાનો હોવાને લીધે તેની મા બેગમ રાજ કરતી હતી. સ્વામીનારાયણના પિતાનું નામ ધર્મદેવ તથા માતાનું નામ ભક્તિદેવી હતું. તે નાતે સરવરીઆ બ્રાહ્મણ, સામવેદી, કૌથમી શાખના હતા અને તેમનું સાવરણી ગોત્ર હતું. સ્વામીનારાયણનું જન્મનું નામ હરિકૃષ્ણ અથવા ઘનસ્યામ હતું. તેમની આશરે અઢી વરસની ઉમર થયા પછી તેમનાં માત પિતા પરિવાર સહિત અયોધ્યામાં રહેવા ગયાં. સ્વામીનારાયણના એક મોટા ભાઈ હતા. તેમનું નામ રામપ્રતાપજી હતું. અને અયોધ્યામાં તેમના નાના ભાઇ ઇચ્છારામજીનો જન્મ થયો. હરિકૃષ્ણ મહારાજને આઠમે વર્ષે જનોઈ દીધું ને વેદારંભ કરાવ્યો. નાનપણમાંથીજ તેમને દેવ દર્શન કરવા જવું, તીર્થ કરવા જવું તથા જપ, તપ, વ્રત, બહુ ગમતાં હતાં. એવું તેમના જન્મ ચરિત્રના ગ્રંથમાં લખ્યું છે. એમની આશરે અગીઆર વરસની ઉમર થઇ ત્યારે તેમનાં માત પિતાએ દેહ મુકયા. તે પછી સ્વામીનારાયણ અયોધ્યાથી બ્રહ્મચારીને વેશે તીર્થ યાત્રા કરવા સારૂ ચાલી નીકળ્યા. તેમણે પ્રથમ બદ્રિનાથનાં દર્શન કરીને હીમાલયની આસપાસનાં તીર્થ કર્યાં. ત્યાં તેમને ગોપાળ યોગીનો મેળાપ થયો. તેમની પાસે કેટલાક માસ રહીને અષ્ટાંગ યોગનો અભ્યાસ કર્યો. પછી ત્યાંથી ફરતા ફરતા જઇને સેતુબંધ રામેશ્વરની યાત્રા કરી. ત્યાંથી પાછા ફરીને પંઢરપુરમાં શ્રી વિઠ્ઠલનાથજીના દર્શન કરીને તાપી, નર્મદા, મહી અને સાબરમતી ઉતરીને બાલદેશમાં ભીમનાથનાં દર્શન કર્યાં. ત્યાંથી ગોપનાથના દર્શન કરીને માંગરોળમાં થોડા દીવસ રહીને ત્યાંથી લોજ ગામમાં સંવત ૧૮૫૬ ના આશાડાદી શ્રાવણ વદ ૬ ને રોજ આવ્યા. ત્યાં રામાનંદ સ્વામીનો અખાડો હતો. તે રામાનંદ સ્વામી તે વખતે કચ્છના ભુજ શેહેરમાં હતા અને તેમના મુખ્ય શિષ્ય મુક્તાનંદ આદિક પચાસ સાધુઓ લોજમાં રહેતા હતા તેમની જગ્યામાં સ્વામીનારાયણ પણ જઇને રહ્યા. તે રામાનંદ સ્વામી રામાનુજ આચાર્યના મતના હતા. પણ તે મતમાં કેટલોએક સુધારો કરીને લોકોને અસરકારક ઉપદેશ કરતા હતા. તેથી તેમનો ધર્મ નવો છે એમ લોકોને લાગતું હતું. તેમણે તીર્થવાસી-

ઓને માટે છત્રીશ ગામોમાં સદાવ્રત બાંધ્યાં હતાં. કોઈ તીર્થવાસી મુમુક્ષુ હોય તે રામાનંદ સ્વામીનો ઉપદેશ સાંભળીને ત્યાંજ રહી જતા, અને રામાનંદસ્વામીના શિષ્ય થતા હતા.

રામાનંદ સ્વામીના શિષ્યો તથા તેમની સાધારણ જગ્યાઓ અમદાવાદથી ભૂજ લગીમાં કેટલેક ઠેકાણે હતી. જે વરસમાં સ્વામીનારાયણ લોજમાં આવ્યા, તેજ વરસમાં અંગ્રેજ સરકારે સુરતનું રાજ્ય લીધું. તેથી લોકો કહે છે કે સ્વામીનારાયણ અને અંગ્રેજ સરકાર સાથે આવ્યા છેને સાથે જશે.

તે વખતે આ દેશની સ્થિતિ.

સ્વામીનારાયણના જન્મ પેહેલાં આ દેશની સ્થિતિ કેવી હતી તે જાણવાને લખ્યુંછું. દિલ્લીમાં ફાંશીઆનો ધર્મ ચાલતો હતો. તેનો ગુરૂ એવો ઉપદેશ કરતો કે હું રૂમાલ મંત્રીને આપું તે વડે કોઈ માણસને ગળે ફુંપો દેઇને મારી નાંખશો અને તેની પાસે જે મિલ્કત હોય તેનો ચોથો ભાગ ગુરૂને આપીને બાકીની મિલ્કત તમે રાખશો તો તમને તેથી માહાકાળી પ્રસન્ન થશે. તે ફાંશીઆના ધર્મમાં હીંદુઓ તથા મુસલમાનો ઘણા ભળ્યા હતા અને પોણોસો અથવા તો તેથી પણ વધારે ટોળાં બંધાઇને જાણે કે કોઈ મોટા વેપારી હોય અથવા કોઈ દેશના સૂબા હોય; તેમ ડેરા તંબુ સાથે લઇને મધ્ય હીંદુસ્તાનમાં તથા દક્ષિણ હૈદરાબાદ સુધીમાં ફરતા હતા. રસ્તામાં જે માણસો મળે તેને પોતાની છાવણીમાં રાતે વિશ્વાસ દઇને, રાખીને ફાંશી દેઇને મારી નાંખતા હતા, અને ભોંયમાં દાટી દેતા હતા. એ માણસોને દાટવાનો ખાડો ખોદનારા મજૂરો પણ તેમાંનાજ હતા. કોદાળી પાવડા વગેરે હથીઆર રાખતા હતા અને એક ખાડામાં ૧૦–૧૨ માણસોને દાટી દેતા હતા. તે વિષે ઇંગ્રેજી ઇતીહાસ ઉપરથી અમીરઅલ્લીની ચોપડી ગુજરાતીમાં છપાઇને બહાર પડી છે. એ અમીરઅલ્લીને જ્યારે અંગ્રેજ સરકારે પકડ્યો ત્યારે તેણે જે કર્મ કરેલાં તે કબુલ કરતાં કહ્યું કે;—મેં આજ સુધીમાં સાડાસાતસેં માણસના જીવ લીધા છે, ને જો હું ન પકડાયો હોત તો થોડા દીવસમાં એક હજાર પૂરા કરત.

મધ્ય હીંદુસ્તાનમાં તથા દક્ષિણમાં તે ફાંશીઆનો એવો જૂલમ હતો કે સાથે જોખમ રાખીને મુસાફરી કરવી બહુ મુસ્કેલ હતી અને વેપારીઓને પરગામ માલ મોકલવો મુસ્કેલ હતો. તે વખતના રાજાઓ તેનો કંઇ બંદોબસ્ત કરી શકતા નહોતા. માટે તે વખતે તે દેશમાં કોઈ જોરાવર સત્તાની જરૂર હતી. માટે જાણે કે પરમેશ્વરે ભરતખંડ ઉપર દયા કરીને અંગ્રેજ સરકારનું રાજ્ય તે વખતમાં મોકલ્યું હોય!

ગુજરાતની સ્થિતિ.

તે વખતે ગુજરાતની સ્થિતિ કેવી હતી તે વિષે કવિ વલ્લભભટે કળિકાળના ગરબામાં સારી પેઠે વર્ણન કરેલું છે. દેશમાં ચોરી, વ્યભિચાર અને અન્યાય વગેરેનું પાપ અતિશય વધી ગયું હતું, ઉંચી જાતોમાં વામ માર્ગ બહુ ફેલાયો હતો. કાઠીઆવાડના કાઠીઓ, અને ચરોતરના કોળીઓ થોડા માણસો મળીને રસ્તે જનારને લુંટી લેતા હતા ને માણસની હત્યા કરવામાં વાર લગાડતા નહીં, બારવટાં કરતા હતા, કોળી ખાતર પાડતા હતા. તેઓ જોરાવર રાજાની ફોજથી પણ પકડાય, તેવા નહોતા; કેમકે ઝાડીમાં ને ડુંગરમાં સંતાઈ જતા હતા. માટે આ દેશમાં તો અસરકારક ઉપદેશ કરનાર માહાપુરૂષની જરૂર હતી. કચ્છમાં જાડેજા રજપૂતો દીકરીઓને મારી નાંખતા હતા. ત્યાં પણ ઉપદેશ કરનાર માહાપુરૂષની જરૂર હતી. માટે જાણે કે પરમેશ્વરે સ્વામીનારાયણને આ દેશ ઉપર કૃપા કરીને અસરકારક ઉપદેશ કરવાને મોકલ્યા હોય; તેમના શિષ્યો તો તેમને સાક્ષાત્કાર પરમેશ્વર રૂપજ માને છે. પછી રામાનંદ સ્વામીએ કચ્છમાંથી આવીને સ્વામીનારાયણને ભાગવતી દીક્ષા આપી સહજાનંદ સ્વામી એવું નામ પાડ્યું. લોકો તેમનું બીજું નામ સ્વામીનારાયણ કહેવા લાગ્યા. પછી સંવત ૧૮૫૮માં રામાનંદ સ્વામીએ પોતાની ગાદી સ્વામીનારાયણને સોંપીને પોતે દેહ ત્યાગ કર્યો. ત્યારે સ્વામીનારાયણની ઉમર ૨૧ વરસની હતી, પણ તેનો ઘણો ચમત્કાર જોઈને મુક્તાનંદ સ્વામી આદિક સાધુઓ તથા રામાનંદ સ્વામીના શિષ્યો હતા, તે સર્વે સ્વામીનારાયણને ઇશ્વર રૂપ માનવા લાગ્યા. સ્વામી રામાનંદ સ્વામીનો એક સાધુ રઘુવરદાસ હતો તે સ્વામીનારાયણથી જૂદો પડ્યો. તેની જગ્યો અમદાવાદમાં હાલ છે ને તેના થોડા ઘણા શિષ્યો પણ છે.

સમાધિવિષે.

પછી સ્વામીનારાયણે માંગરોળમાં જઇને સમાધિનું પ્રકરણ ચલાવ્યું. સમાધિ બે પ્રકારની છે. એક હઠયોગની ને બીજી રાજયોગની. તેમાં આસન વાળી પ્રાણાયામ કરીને એટલે પ્રાણને નિયમમાં લાવીને અભ્યાસ કરી કેટલાક યોગીઓ સમાધિ ચડાવે છે તેને હઠયોગની સમાધી કહે છે, અને ઇશ્વરનું ધ્યાન કરતાં તથા તેનો મહીમા વિચારતાં અતિ આશ્ચર્ય ઉપજે, શરીરનાં રૂવાંટાં ઉભાં થાય, આંખમાં આંસુ આવે પછી પ્રેમની અતિશય અસર થવાથી, નાડી અને પ્રાણ ચાલતાં બંધ થાય તેને રાજયોગની સમાધિ કહે છે. તે સમાધી વાળાને જેવો પોતાના અંતઃકરણમાં ભાવ હોય તેવા ભગવાનનું અને ધામનું તથા રૂપનું દર્શન થાય છે.

સ્વામીનારાયણના શિષ્યો હઠયોગની સમાધી કરતા નહોતા, પણ સ્વામીનારાયણના કેટલાક શિષ્યો તેમના સામું જોતા, કે પરગામમાં રહીને સ્વામીનારાયણનું ધ્યાન કરતાં અતિશય પ્રેમાતુર થવાથી તેનાં નાડીને પ્રાણ બંધ થઈ જતા હતા અને ઇચ્છીત ધામનું દર્શન થતું હતું. એવી **રાજયોગની** સમાધિ થતી હતી. તેમજ જે સ્વામીનારાયણનો શિષ્ય નહોય પણ તેમની પાસે જઇને આંખે આંખ મેળવે એટલે તેને સમાધિ થતી હતી.

અંગ્રેજી ભણુનારા કેટલાએક એમ ધારે છે, જે તે મેસ્મેરીઝમની ક્રીયા કરતા હશે, પણ મેસ્મેરીઝમની ક્રીયા તો એક માણુસ બીજા માણુસની ઉપરરૂબરૂમાં રહીને કરે છે. પણ આતો સ્વામીનારાયણ રૂબરૂમાં નહીં છતાં તેમનું ધ્યાન ધરવાથી સમાધિ થતી હતી. સ્વામીનારાયણે દેહ મુકયા પછી, પણ ત્રીશ વરસ સુધી સમાધિનું પ્રકંણ ચાલતું હતું. તે નજરે જોનારાઓ હાલ કહે છે. સ્વામીનારાયણનો ધર્મ સમાધિના પ્રકરણથી ઘણોજ વધવા લાગ્યો. કચ્છ, ગુજરાત અને કાઠિયાવાડમાં સ્વામીનારાયણ જ્યાં જ્યાં ફર્યા, ત્યાં તેમના ઉપદેશથી તથા તેમના સાધુઓના ઉપદેશથી ધર્મ વધવા લાગ્યો.

કાઠિયાવાડમાં **ગઢડાનો** દરબાર કાઠી દાદોખાચર શિષ્ય થવાથી સ્વામીનારાયણે ગઢડામાં તેમના દરબારમાંજ સ્થિતિ રાખી હતી. અયોધ્યાથી રામગલોલા નામે ખાખી પોતાનું ઝુંડ લેઇને, નોબત નીશાન અને રણુશીંગડું સાથે રાખીને દ્વારકાંની જાત્રા કરવા જતા હતા, તેણે કાઠિયાવાડમાં આવતાં સ્વામીનારાયણનો મહીમા સાંભળ્યો. તેથી તેણે તેમના પાસે જઇને થોડા દીવસ મુકામ રાખી ઉપદેશ સાંભળ્યો. તેથી તેમના મનમાં એવી ઇચ્છા થઇ કે હું અહીં સ્વામીનારાયણનો સાધુ થઇને રહું. તેણે પછી પોતાના સરંજામને જવાની રજા આપી, પોતે સ્વામીનારાયણના શિષ્ય થયા અને તેમનું આનંદાનંદ સ્વામી એવું નામ પાડયું. એજ રીતે કેટલાએક વેદાંતીઓ, સન્યાસીઓ અને કેટલાએક વેરાગીઓને તથા જૈનના ગોરજીને ઉપદેશ આપી પોતાના સાધુ કર્યા તે સન્યાંસી વગેરે કૃષ્ણાનંદ, દેવાનંદ વગેરે નામોથી પ્રસિદ્ધ છે. વૈરાગ્યનો અસરકારક એવો તો ઉપદેશ કરતા કે, તે સાંભળીને કેટલાએકે પોતાની નાની ઉમરમાં પોતાની સ્ત્રીઓને તજી અને કેટલીએક નાની ઉમરની સ્ત્રીઓએ સંસારનો ત્યાગ કર્યો. ઘણા કાઠીઓ પણ સત્સંગી થયા. તેઓ દારૂ માંસના ખાનારા અને લૂંટી લેનારા હતા, છતાં બ્રાહ્મણના જેવો આચાર પાળવા લાગ્યા. તેઓ ગળ્યા વગરનું દુધ કે પાણી પીએ નહિ. અને માખીની પણ હીંસા કરે નહીં એવા નિયમવાળા થયા. કેટલાએક કાઠી તાલુકદારની દીકરીઓ નામે રાજબાઇ, જીતુંબાઈ તથા લાડુબાઈ વગેરેએ નાનપણથીજ સંસારનું સુખ હરામ કર્યું.

બ્રહ્માનંદ સ્વામી વિષે.

આબુ પર્વત પાસે ખાણુ ગામના લાડુ બારોટ કવિતા કરવામાં ઘણા હુંશીઆર હતા. તેણે કાઠિયાવાડના રાજસ્થાનોમાં ફરીને ઇનામ મેળવ્યાં અને ભાવનગરના વજેસંગજી માહારાજ પાસેથી પણ સારૂં ઇનામ મેળવ્યું. પછી તેઓ ગઢડામાં સ્વામીનારાયણ પાસે ગયા તેમનો ઉપદેશ સાંભળવાથી વૈરાગ્ય ઉપજ્યો ને સંસારનું સુખ હરામ જેવું ગણીને સાધુ થયા. તેનું નામ બ્રહ્માનંદ પાડ્યું.

એક વખતે સ્વામીનારાયણે કચ્છમાં રહીને કાઠિયાવાડના કેટલાએક વતનદાર કાઠીઓને, રજપૂતોને અને વાણીઆઓને એવા કાગળો લખાવી મોકલ્યા કે, જો તમારે કલ્યાણનો ખપ હોય અને મારા વચનમાં જો દૃઢ વિશ્વાસ હોય તો તરત સંસાર તજીને દાઢી મૂછો મુંડાવી સાધુ થઇને અમારી પાસે આવવું. એવા કાગળો વાંચીને તેઓ સાધુ થઇ ભુજમાં સ્વામીનારાયણ પાસે ગયા. ફક્ત બે જણા જઈ શકયા નહીં. તેઓનાં દૃષ્ટાંત દેવાય છે કે, સમજણમાં જો કચાશ હોય તો શેઠ મુળજી ભાઇની પેઠે સંસાર છોડાય નહીં. પછી તેઓને થોડા એક દીવસ સાધુ રાખીને સ્વામીનારાયણે ઘણો આગ્રહ કરીને પાછા પોત ને ઘેર મોકલ્યા, પણ આખા દેશમાં એવી બૂમ પડી કે સ્વામીનારાયણ લોકોને ગાંડા કરી નાંખે છે. લોકોને એવીતો ખાતરી થઈ કે, માણસથી થઇ શકે નહીં એવાં કામ સ્વામીનારાયણ કરે છે. તેથી પ્રતીપક્ષીઓ એમ કહેવા લાગ્યા કે સ્વામીનારાયણે બાવરો ભૂત વશ કરેલો છે, તેથી લોકોને ભમાવી શકે છે. વળી જે જે મતના લોકોને સ્વામીનારાયણે પોતાના કરી લીધા. તે મતના ધર્મ ગુરૂઓએ સ્વામીનારાયણ ઉપર ઘણું ઝેરને વેર રાખવા માંડયું અને એવાં ગપ્પાં ચલાવવા લાગ્યા કે સ્વામીનારાયણના સાધુને જ્યારે અંતકાળ આવે છે, ત્યારે કૂવામાં નાંખીદે છે. આ વાત સમજુમાણસતો માને નહીં; કારણ કે એમ કરેતો કૂવો ગંધાઇ ઉઠે.

બોટાદના તથા બીજા કેટલાએક વિશાશ્રીમાળી ઢુંઢીઆ વાણિઆને સ્વામીનારાયણે પોતાના શિષ્ય કરી લીધા. તેથી શ્રાવકો પણ ઝેર રાખવા લાગ્યા; કારણ કે અસલથી એક કહેવત ચાલતી આવે છે કે "વિશાશ્રીમાળી કોઇ વૈષ્ણવ હોય નહીં." તેથી હરેક પંથના ગુરૂઓ પોતાના શિષ્ય—રાજા હોય કે પ્રજા હોય તેઓને ઉસ્કેરવા લાગ્યા. તેથી સ્વામીનારાયણ જ્યાં જાય; ત્યાં ગામમાં પેસવા દે નહીં; લોકો ભેળા થઇને ધૂળની ફાંટો નાખે, પથરા નાખે અને તીરસ્કાર કરે તે બધું તેઓ ગંભીરતાથી સહન કરતા

હતા. વેરાગીઓએ સ્વામીનારાયણના સાધુઓને વાટે લૂંટવા માંડ્યા, કંઠીઓ તોડવા માંડી અને શાલગ્રામ કે લાલજી હોય તેમને લઈ લેવા માંડ્યા; કે તમે અમારા દેવને શા સારૂ પૂજો છો? એ વખતે કોઈ રાજાઓએ તે સાધુનું રક્ષણ કર્યું નહીં. ત્યારે સ્વામીનારાયણે પોતાના સાધુઓને કહ્યું કે, તમારૂં રક્ષણ કરે એવું ન્યાયી રાજ્ય ગુજરાતમાં થાય નહીં; ત્યાં સુધી તીલક, કંઠી, ચોટલી કે લાલજીની પૂજા રાખવી નહીં. અલફી પેહેરીને પરમહંસનો વેશ રાખવો. ઘેર ઘેર જઇ રાંધેલા અન્નના ટુકડા માગીને નદી કે તળાવ ઉપર જઈ, તે અન્નમાં પાણી છાંટીને તેના ગોળા વાળીને એક હાથમાં મૂકીને બીજે હાથે ખાવું. ત્યારે તે સાધુઓએ તેમ કર્યું.

સ્વામીનારાયણનો ધર્મ કોણે ચલાવ્યો?

કેટલા એક ભોળા લોકો એમ બોલે છે કે મુકતાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી એ ચાર પંડીતોએ મળી સંપીને સ્વામીનારાયણને ઇશ્વર રૂપ ઠરાવ્યા અને ધર્મ ચલાવ્યો. પણ એ વાત અમારાથી મનાતી નથી; કેમકે ગુરૂ થવું ને સાહેબી ભોગવવી તે સૌને ગમે છે, પણ ચેલા થઇને ગુલામગીરી કરવી કોઇને ગમે નહીં. પાલખીમાં બેસવું સૌને ગમે પણ ઉપાડવાનું ગમે નહીં; તો સ્વામીનારાયણ પાલખીમાં બેસતા હતા, રાજાઓના દરબારમાં ભાત ભાતનાં ભોજન જમતા હતા. અને ઉપર લખેલા તેમના પંડીત સાધુઓ અલફી પેહેરીને ઉઘાડે માથે પગમાં જોડા વગર ઘેર ઘેર ફરીને ટુકડા માગી ખાતા હતા, સ્વામીનારાયણનું ભજન કરતા હતા તથા લોકોને પણ તેમનું ભજન કરવાનો ઉપદેશ કરતા હતા. વળી કોઇ વખતે સ્વામીનારાયણે એવી આજ્ઞા કરી કે તમારે વસ્તીમાં રાત વાસો રહેવું નહીં, પણ વગડામાં છૂટા છૂટા ઝાડ હેઠે રાતે પડી રહેવું, તો તે આજ્ઞા પ્રમાણે પણ સાધુઓ ચાલતા હતા. હજી સુધી પણ મંદવાડ વગર સાધુઓને ખાટલા ઉપર સૂવાની રજા નથી. ગમે તેવી ટાઢ હોય પણ બંડી કે ડગલી પેહેરાય નહીં એવું દુઃખ જો તેઓ સ્વામીનારાયણનો મહીમા ન જાણતા હોય તો શામાટે વેઠે?

પ્રતિપક્ષીઓ ઘણું વેર રાખતા હતા. તેથી કોઇ વખતે સ્વામીનારાયણને સંતાઈ રહેવું પડતું હતું કે કંઇથી નાશી જવું પડતું હતું. તે માટે કેટલાએક કાઠીઓ, રજપૂતો અને ઠાકરડાઓ હથીઆરબંધ થઇને સ્વામીનારાયણની સાથે ફરતા હતા. અમદાવાદમાં લોલંગર બાવાનો અખાડો હતો. તેમાં કેટલાક વેરાગીઓ હથીઆરબંધ રહેતા હતા. તેઓ સ્વામીનારાયણ ઉપર ઘણું વેર રાખતા હતા. તેઓએ સ્વામીનારાયણના સાધુઓ ટુકડા

માગી ખાતા હતા તેમને પકડી ખૂબ માર માર્યો તે સમે ત્યાં પેશ્વાની તરફનો સુબો રહેતો હતો, તેની આગળ સતસંગીઓએ જઈને ફરીઆદ કરી; ત્યારે સુબે એવો જવાબ દીધો કે એતો ગાગે ગાગો લડી, તેમાં અમે શું કરીએ? તે પછી એક વખત સ્વામીનારાયણ અમદાવાદ ગયા ને શેહેરબહાર ખોખરામહેમદાવાદ કરીને પરૂં છે ત્યાં ઉતર્યા. તેઓને મારવાસારૂ લાલંગર બાવો હથીઆરબંધ પોતાની જમાત લઈને ગયો. ત્યારે સ્વામીનારાયણ સાથે રજપૂતો અને ગરાસીઆ હતા. તેઓ વેરાગીઓની સામા થઈને લડ્યા. તેમાં એક બે વેરાગીનાં ખૂન થયાં ને રજપૂતો ઘાયલ થયા. એજ રીતે મેઘપુરમાં પણ એક માણસનું ખૂન થયું હતું.

કારીઆણીમાં, ડભાણમાં, જેતલપુરમાં અને બીજે ઠેકાણે મોટા મોટા યજ્ઞ કરીને હજારો બ્રાહ્મણોને સ્વામી નારાયણે જમાડ્યા હતા. જેતલપુરમાં બ્રાહ્મણોને જમાડ્યા પછી સભા ભરીને વામમાર્ગનું ખંડન કર્યું. તેથી વામ માર્ગીઓ અતિશય દાઝે બળવા લાગ્યા અને પેશ્વાના સુબાને અમદાવાદમાં જઈને ઉશ્કેર્યો કે, સ્વામીનારાયણ પાખંડ ચલાવે છે. માટે તેને શેહેરમાં પેસવા દેવા નહીં. પછી જ્યારે સ્વામીનારાયણ અમદાવાદમાં ગયા, ત્યારે સુબાએ છડીદારને મોકલીને કહાવ્યું કે: જ્યાં સુધી પેશ્વાનું રાજ રહે, ત્યાં સુધી તમારે અમદાવાદમાં પેસવું નહીં. હાલને હાલ તમે અમદાવાદમાંથી જાઓ. પછી તેઓ ત્યાંથી ચાલી નીકળ્યા હતા.

સતસંગીઓની દ્રઢતા.

સ્વામીનારાયણનો સતસંગ છોડાવવા સારૂ કેટલાએકને નાતે જ્ઞાતિ બાહારકાઢયા; તોપણ તેણે તે ધર્મ છોડયો નહીં. કોઈ માબાપે દીકરાને ઘરમાંથા કાઢી મુક્યો. અને કોઈ દીકરાએ માબાપને તજ્યાં, પણ સતસંગ તજ્યો નહીં. કોઈ પુરૂષ સત્સંગી થવાથી તેની સ્ત્રી રીસાઈને પીએર જતી રહી, તે ફરીથી આવીજ નહીં. કોઈ નાની ઉમરની બાઈ સતસંગી થઈ. તેથી સાસરીઆંએ તેને તેડીજ નહીં, તો તે બાઈએ ચૂડોને ચોટલો કાઢી નાખી વિધવા અવસ્થામાં રહીને સ્વામીનારાયણનું ભજન કર્યું. કેટલાએક શેઠોએ ગુમાસ્તાઓને કાઢી મુક્યા, કેટલાએક મેહેતાજીઓની ગામઠી નીશાળો પ્રતીપક્ષીઓએ તોડી નાખી તોપણ તેમણે સતસંગ છોડયો નહીં. એવા કલેશથી કેટલાએક સંસાર તજીને સ્વામીનારાયણના સાધુ થયા અને બ્રાહ્મણો હતા તે બ્રહ્મચારી થઈ ગયા, પણ ધર્મ છોડયો નહિ. છેલ્લીવારે સંવત ૧૯૦૪ની સાલમાં ગુજરાતમાં ગામો ગામ વાણિઆ વગેરેની નાતોમાં ઘણો કલેશ ઉપજ્યો અને સગો મરી જાય તેને બાળવા સ્મશાનમાં પણ જતા નહીં. એ

કલેશ નજરે જોનારા અદ્યાપિ હયાત છે. કોઇ રાજાએ ગામમાંથી કાઢી મૂક્યા તો ગામ મૂકીને ગયા પણ ધર્મ છોડ્યો નહીં. જેમ તુમડીને પાણીમાં વધારે નીચી દાબે તેમ વધારે ઉંચી ઉછળે, તેમ પ્રતીપક્ષીઓએ સ્વામીનારાયણના ધર્મને દબાવી દેવા સારૂ વધારે હરકતો કરી, તેમ તેમ તે ધર્મ વધારે જોરથી ફેલાવા લાગ્યો. ઢેડ, વાઘરી, મોચી, દરજી, કોળીથી તે ઘણા દક્ષિણી મારાષ્ટ્ર નારૂપંથનાના આદિકે તથા શીયાણીના શીવરામ ભટ્ટ જેવા મોટા શાસ્ત્રી, જેણે સંસાર તજી બ્રહ્મચારી થઇને અખંડાનંદ નામ ધરાવ્યું તે તથા વીસનગરના નાગર અગ્નિ હોત્રી, ગાયકવાડના ત્રંબકનાથ શાસ્ત્રી, શોભારામ શાસ્ત્રી તથા કેટલાક વડનગરા નાગર ગૃહસ્થો સ્વામીનારાયણના શિષ્ય થયા. સુરતના પારસી કોટવાળ અરદેશરજી જે અંગ્રેજી તથા ફારસી ભણેલા, જેણે સરકારી નોકરીમાં ખૂબ આબરૂ મેળવેલી અને સરકારે જેને ખાનબાહાદુરનો ઇલકાબ ને ચાર ગામ બક્ષીસ આપેલાં. તેઓ સ્વામીનારાયણના અનન્ય શીષ્ય થયા. જ્યારે સ્વામીનારાયણ સુરતમાં પધાર્યા ત્યારે અરદેશર કોટવાળે પોતાને ઘેર પધરામણી કરી હતી અને સુરતમાં ૧૦-૧૨ દીવસ રહીને જ્યારે ચાલ્યા ત્યારે તે કોટવાળે વળાવવા જતાં પોતાના બાગમાં સ્વામીનારાયણની સ્તુતી કરીને કહ્યું કે “ માહારાજ મારૂં કલ્યાણ શીરીતે થશે ? ” ત્યારે તેમણે પોતાને માથે જે પાઘ પેહેરી હતી તે આપી અને કહ્યું જે આ પાઘની નીત્ય પૂજા કરજો અને મારા નામની રોજ પાંચ માળા ફેરવજો. અધર્મથી ડરજો ને ધર્મ ઉપર આસ્થા રાખજો. તેથી તમારૂં કલ્યાણ થશે અને અંતકાળે હું તમને તેડવા આવીશ. પછી તે તેણે પાઘ કાચના ઘરામાં રાખી મૂકીને, રોજ તેની પૂજા કરતા તથા માળા ફેરવતા હતા. એક પારસી વિદ્વાને અરદેશરના જન્મ ચરિત્રની ચોપડી છપાવી પ્રસિદ્ધ કરી છે. તેમાં તેની હુંશીઆરીનું વર્ણન બહુ કર્યું છે. તથા તેના ફારસી અને અંગ્રેજી અભ્યાસ વિષે બહુ તારીફ લખેલી છે. તેમાં લખ્યુ છે જે;-એટલી હુંસિઆરી છતાં પારસી થઇને હિંદુના દેવ સ્વામીનારાયણની પાઘડી પૂજતા હતા અને તેમના નામની માળા ફેરવતા હતા. વરસો વરસ કારતક સુદ ૨ ને દીવસે સુરતના સર્વે હરિભકતોને, પોતાના મિત્ર પારસીઓ વગેરે સર્વે બાઈ ભાઇને અને સ્વામીનારાયણના જેટલા સાધુ ત્યાં હોય તેમને બોલાવીને તે સર્વેની સમક્ષ સ્વામીનારાયણના પાઘની પૂજા કરતા હતા. છેવટ સાધુઓની પૂજા કરીને ફૂલના હાર પહેરાવતા હતા. પાઘડીની આરતી ઉતારતા અને દંડવત કરીને નમસ્કાર કરતા હતા. મોટી કથરોટમાં પતાસાંનું નૈવેદ્ય કરીને સર્વેને વેહેંચતા. પછી સાધુઓ તથા હરીભકતો કીર્તન ગાતા હતા. સંવત ૧૯૦૭ ની સાલમાં એલેકઝાંડરકીલા-

કે ફાર્બસ સાહેબ સુરતમાં આસિ. જડજ હતા. તેથી કવીશ્વર. દલપતરામ ડાહ્યાભાઈ તેમની સાથે સુરતમાં હતા. તેઓ કારતક શુદ ૨ ને દહાડે ખા. બા. અરદેશરને ઘેર પૂજા વખતે પાઘનાં દર્શન કરવા ગયા હતા ત્યાં અરદેશર પાઘની પૂજા કરી રહ્યા પછી કવિએ એક સવૈયો કહ્યો હતો. તે નીચે પ્રમાણે.—

સવૈયો.

+પદત્રાણ દીયે પ્રભુ પૂજનકુ જબ *ભ્રાતકી ભક્તિ ભલી લગીયાં,
હનુમંતકુ તેલ કટોરી દીની જબ સીયકી શુધ લીની બગીયાં;
મહેતા નરસીંહકું હાર દીયો જબ જીભમેં ભક્તિ ભલી જગીયાં;
અરદેશરકું દલપત્ત કહે પરમેશ્વર રીઝી દીની પગીયાં. ૧

દેશ પરદેશના સતસંગીઓના સંગ જ્યારે સુરતમાં જાય છે, ત્યારે અરદેશરજીને ઘેર તે પાઘનાં દર્શન કરવાને જાય છે. હાલમાં અરદેશરજીના દીકરાની વહુ વિધવા છે, તે પણ કારતક સુદ બીજને દીવસે ઉપર કહ્યા પ્રમાણે પાઘની પૂજા કરાવે છે. તેમજ કેટલાએક ખોજા, મુમના અને બીજા મુસલમાનો પણ ઘણા સતસંગી થયા છે.

બુરાનપુર વિષે.

એક સાધુને સ્વામીનારાયણે આજ્ઞા કરી કે તમે બુરાનપુર જઇને ચોમાસુ રહો. અને ત્યાં સતસંગી એકે નથી, પણ તમે ઉપદેશથી ઘણા સતસંગીઓ કરીને કાર્ત્તકીના સમૈયાપર ત્યાંનો સંઘ લઇને વડતાલ આવજો. ત્યારે તે સાધુએ કહ્યું કે; "માહારાજ હું કંઇ ભણ્યો નથી: મારા ઉપદેશથી એ અજાણ્યા ગામના લોકો પોતાના બાપદાદાનો ધર્મ છોડીને સતસંગી શી રીતે થશે" ત્યારે માહારાજે કહ્યું કે, તમે મારી આજ્ઞા માનીને ત્યાં જાઓ, તમારામાં પ્રવેશ કરીને હું બોલનાર છું. પછી તે સાધુએ ત્યાં જઈ ચોમાસુ રહી લોકોને ઉપદેશ કર્યો. તેથી આશરે ૫૦૦ માણસ સત્સંગી થયા અને તે બાઇઓ અને ભાઇઓનો સંઘ લઈ કાર્ત્તકી અગિઆરસ ઉપર વડતાલ આવ્યા. તે પછી તો ખાનદેશમાં તે ધર્મ ઘણો ફેલાયો છે અને ત્યાં કેટલાએક ગામોમાં મંદીરો પણ થયાં છે.

તેમજ સ્વામીનારાયણે કંઇ કારરથી કાઢી મૂકેલા એક સાધુએ ધર્મપુરમાં જઇને રાણી કુશળ કુંવરબાને સતસંગ કરાવ્યો. તે બાઇએ સ્વામીનારાયણને ધરમપુરમાં તેડાવીને સારી રીતે સન્માન કર્યું હતું.

+ પાવડીયો. * ભરતજીની.

અંતકાળે દર્શન.

આ નીચે લખેલો બનાવ સ્વામીનારાયણના વખતમાં ઘણો જોવામાં આવતો હતો અને સ્વામીનારાયણે દેહ મુક્યા પછી પણ કેટલાંએક વરસ સુધી ઘણું ચાલ્યું. તે પછી જેમ જેમ વધારે વધારે વરસ થતાં ગયાં, તેમ તેમ તે ચાલ ઘણો ઓછો થતો ગયો. સાંપ્રતકાળમાં પણ કોઈ કોઈ ઠેકાણે એવો બનાવ બને છે ખરો. તે એમકે સ્વામીનારાયણના શિષ્ય બાઇ કે ભાઇને અંતકાળ થાય; ત્યારે તે કહે છે કે, મને સ્વામીનારાયણ તેડવા આવ્યા છે, કોઇ વખતે તો તેના પાડોશી સ્વામીનારાયણના ધર્મમાં ન હોય, તેવા પણ કહે છે કે આજ રાતે મેં સ્વામીનારાયણને અથવા તેમના સાધુને આ માંદા માણસના ઘરમાં પેસતાં દીઠા પછી તે માંદો માણસ દેહ છોડી દેતો હતો.

પ્રતિ પક્ષીઓ કેટલાએક એવું કહેતા હતા કે એતો ઢોંગ કરે છે. પણ એક લખનાર કહે છે કે જીવને ઘણી પીડા થાય ત્યારે શરીરમાંથી જીવ નીકળે છે અને મરવા વખતે માણસ નીરાશ થઇને કોઇની સાથે પ્રથમ લડયો હોય તો તેની માફ માગે છે. જૂઠું બોલ્યો હોય કે ખોટું કામ કર્યું હોય તેનો પસ્તાવો થાય છે એવી વખતે ઢોંગ કરવાનું કોઇને સૂઝે ખરૂં ?

કેટલાએક કહે છે કે એતો તેને ઝંખના થાય છે. ભલે તેમ હશે; તોપણ અંતકાળે જંખનામાં દર્શન થાય છે તે કાંઇ થોડી વાત નથી. એવી પીડામાં તેથી કેટલી શાંતી અને આનંદ થાય છે. વળી શાસ્ત્રમાં કહ્યું છે જે मरणेयामतिःसागतिर्भवेत्

અર્થ. મરવા વખતે જેવી બુદ્ધિ હોય તેવી તેની ગતિ થાય છે.

અમદાવાદમાં નરનારાયણની સ્થાપના.

સંવત ૧૮૭૪ ની સાલમાં અમદાવાદનું પેશ્વાનું રાજ અંગ્રેજસરકારે લીધું. તે વખતે કલેકટર ડુલ્લાપ સાહેબ નીમાયો. તેણે વાતજાણીકે પેશ્વાઇ સુબાએ અહીંથી સ્વામીનારાયણને કાઢીમૂક્યા હતા તે ગઢડે રહેછે. તેથી પત્ર લખીને ત્યાંથી તેડાવ્યા અને કહ્યું કે શેહેરમાં પડતર જગ્યાછે; તેમાંથી તમારે જોઇએ તેટલી લ્યો ને અહીં તમારી મોટી જગ્યા બાંધો. તમને કોઈ હરકત કરેતો અમને જાહેર કરજો, પછી સરકારનો ચાલ એવો હતો કે ૯૯ વરસને પટે જગ્યા આપવી, પણ જેટલી જગ્યા સ્વામીનારાયણે માગી તેટલી યાવતચંદ્રદીવાકર લખીને મફત આપી ત્યાં સ્વામીનારાયણે શીખરબંધ દેરૂં ચણાવીને સવંત ૧૮૭૮ ના ફાગણ સુદ ૩ ને દીવસે નરનારાયણ-

ની સ્થાપના કરી. આખા શહેરના તથા આસપાસ ગામના ચોરાશી નાતના બ્રાહ્મણોને એક દહાડે કાંકરીઆ તળાવ ઉપર જમાડ્યા ત્યાં દેશદેશના સંઘ પણ આવ્યા હતા, કાંકરીઆ પાસે મોટી સભા ભરી હતી. અને કલેક્ટર સાહેબ પણ ત્યાં પધાર્યા હતા.

સંવત ૧૮૭૯ ના વૈશાખ સુદ ૫ મે ભુજમાં શીખરબંધ દેરૂં કરાવીને નરનારાયણની સ્થાપના કરી.

ધર્મકુળનું આવવું.

કચ્છમાં રેશમી ભરત ભરનારા મોચી જેઓ ભણુસાળી કહેવાય છે. તેઓ સ્વામીનારાયણના શિષ્ય થયા, તેથી પ્રતિપક્ષીઓ એમ કહેવા લાગ્યા કે એતો મોચીના ગુરૂ છે અથવા પંડે મોચી છે. ત્યારે ઘણા સાધુઓએ તથા હરિભક્તોએ માહારાજને તેમનું જન્મસ્થાન પૂછી લીધું અને બે સાધુ તેનો તપાસ કરવા સારૂ છપૈયે ગયા. સ્વામીનારાયણના બંને ભાઈને, તેમના કુટુંબને તથા મામાના દીકરાઓને તેડી લાવ્યા. તેથી પ્રતિપક્ષીઓનાં મોં બંધ થયાં. પછી વડતાલમાં શિખરબંધ દેરૂં કરાવીને સંવત ૧૮૮૧ ના કાર્તક સુદ ૧૨ ને દિવસે લક્ષ્મીનારાયણ દેવની સ્થાપના કરી. વડતાલમાં જોબનપગી રહેતા હતા. તે જોબનવડતાલા નામથી પ્રસિદ્ધ હતા. લોકો અતિશયોક્તિથી એવી વાતો કરે છે કે; જોબન વડતાલો ચોરી કરવાનું અને લૂંટફાટ કરવાનું કામ એવું તો કરતો કે કલકત્તા સુધી તેની હાક વાગતી હતી. જ્યારે સ્વામીનારાયણ ચરોતરમાં આવ્યા. ત્યારે તેમનાં ઘોડાં ચોરી લેવાનો તેણે પ્રયત્ન કર્યો હતો. પણ તેમાં તે ફાવ્યો નહીં. ઉલટો સ્વામીનારાયણનો ઉપદેશ સાંભળી તેમનો પરમ શિષ્ય થયો અને લૂંટફાટનો ધંધો પડતો મૂક્યો. તેમ ચરોતરના બીજા પગીઓ, કોળીઓ, તથા ઘણા પાટીદારો તેમના શિષ્ય થયા.

રાઈટ. રેવરન્ડ હેબર લૉર્ડ બીશપનો મેળાપ.

સંવત ૧૮૮૧ ની સાલના ફાગણ વદમાં કલકત્તાના ગવરનર જનરલનો પાદરી એટલે હીંદુસ્તાનના સર્વ પાદરીઓનો ઉપરી ગુજરાતમાં આવ્યો હતો, તેને નડીઆદમાં ઇ. સ. ૧૮૨૫ ની તા. ૨૬ સી માર્ચને રોજ સ્વામીનારાયણનો મેળાપ થયો હતો. તેણે તે મેળાપનું વર્ણન પોતાની મુસાફરીના પુસ્તક બીજામાં પૃષ્ટ ૧૪૩ થી ૧૫૩ સુધી દશ પૃષ્ટમાં લખ્યું છે. તે લખે છે કે આમોદ (ખેડા જીલ્લામાં છે ત્યાં)માં તા. ૨૫ મી માર્ચને રોજ ખેડાના કલેક્ટર વીલીયમસને મને કહ્યું કે;—

That some good had been done Mr. Williamson said among the wild "kolis" by the preaching and popularity of the "Hindoo Reformir, Swamí Narayen." His morality was said to be far better than any which could be learnt from the Shastras. He preached a great degree of purity, forbiddind his disciples so much as to look on any woman whom they passed. He cundemned threft and bloodshed, and those villages and districts which had recived him from being among the worst were now among the best and more orderly in the provinces. Nor was this all insomuch as he was said to have preached one God and, in short, to have made considerable approaches to the truth that I could not but hope he might be an appointed instrument to prepare the way for the Gospel.

અર્થ—હીંદુ ધર્મનો સુધારો કરનાર સ્વામીનારાણે આ જીલ્લામાં કોળી લોકોમાં જે જંગલી પણું હતું મતલબકે લૂંટફાટ કરતા હતા, તે કાઢી નાંખ્યું છે. અને તે ઘણાજ નીતિવાળા છે અને તેના સાધુ એવો ઉપદેશ કરે છે કે રસ્તે જતાં કોઈ સ્ત્રીના સામું જોવું નહીં. તે ચોરી કરવાને તથા મારામારીને ધિક્કારે છે અને જે જે પ્રગણામાં તેમના ઉપદેશની અસર થઈ છે. ત્યાંના લોકો બીજા ગામો કરતાં ઘણા ઉત્તમ અને શાંત માલમ.પડે છે. તે લોકોનું સત્ય ઉપર ઘણું વલણ છે. વળી તેણે લખ્યું છે કે.

"But how long a time must elapse before any Christiam teacher in Indin to be loved and honoured."

અર્થ—વિલાયતના પાદરીને હિંદુસ્તાનમાં આવીને લોકોનો આવો પ્રેમ અને માનમેળવવાને કેટલો બધો વખત જોઈએ (ઘણો વખત જોઈએ.)

પછી તા. ૨૬ મીને રોજ નડીઆદમાં તેમને સ્વામીનારાયણનો મેળાપ થયો. ત્યારે ઘોડાસરનો ઠાકોર તથા તેને કુંવર બસેં સવાર તથા બસેં પાયદળ હથીઆર બંધ સાથે હતા. બીશપ સાહેબ લખે છે કે તે બધાંને સ્વામીનારાયણ ઉપર એટલો બધો પ્રેમ હતો કે તે બધા પોતાના જીવ સુદ્ધાંત આપે. વિલાયતના પાદરીને હિંદુસ્તાનમાં આવીને લોકોનો આવો પ્રેમ અને માનમેળવવાને કેટલો બધો વખત જોઈએ. ઘણો વખત જોઈએ. પછી કંઈ પ્રસંગ નીકળ્યો, ત્યારે સ્વામીયારાયણે કહ્યું કે નડીઆદમાં અને

આસપાસનાં ગામોમાં અમારા ૫૦૦૦ શિષ્યોછે અને આખી ગુજરાતમાં ૫૦૦૦૦ છે. (પણ કાઠીઆવાડ, કચ્છને ખાનદેશ વિષે કંઇ કહ્યું નહોતું.) પછી સાહેબે કહ્યું કે તમે મને ખેડામાં મળશો તો મને વાત કરવાની વધારે ફુરસદ મળશે; ત્યારે માહારાજે કહ્યું કે, મારા ભત્રીજા સીતારામજીને જનોઈ દેવી છે ને વડતાલમાં રામનવમી ઉપર મોટો મેળો ભરાવાનો છે. માટે અમારાથી ખેડે આવી શકાય તેમ નથી. પછી ધર્મ સંબંધી કેટલીક વાતો કરીને જૂદા પડ્યા.

ગૂજરાતમાં મોટાં શેહેરોનો હેવાલ.

મી. જોર્જ બરગેસ. એમ. આર. એ. એસ. એફ. આર. જી. એસ. સાહેબે ગુજરાતના હેવાલનું ઇંગ્રેજીમાં પુસ્તક લખ્યું છે. તેના ૩૩૧ થી ૩૩૬ સુધીના પૃષ્ટમાં સ્વામીનારાયણના જન્મ ચરિત્રની સંક્ષેપ હકીકત લખેલી છે. તેમાં લખેલું છે કે-"સ્વામીનારાયણે હીંદુ ધર્મનો સુધારો કર્યો, એટલુંજ નહીં પણ ગુજરાતમાં જે લોકો લુટફાટ કરતા હતા. તેઓને ઉપદેશ દઇને નીતિમાન કર્યા છે. તેની સાબીતિ જોઇએ તો આ પ્રાંતના લોકો જે જૂલમી હતા તે સારે ધંધે વળગેલા જોવામાં આવે છે. એ લોકો કેવા જૂલમી હતા તેની વાતો લખીએ તો મોટાં પુસ્તક ભરાઈ જાય તેટલી છે. માટે બીજી બધી બાબતો પડતી મૂકીને ઉપરની બાબતથી સ્વામીનારાયણને દેશના સુધારકનું નામ આપી શકીએ." અંગ્રેજ સરકારના અમલથી કેટલોએક સુધારો થયો છે એમ ગણીએ તોપણ તેમને આ દેશના સુધારકનું નામ આપી શકીએ. તેમના ધર્મમાં એવું બંધન નથી કરવામાં આવ્યું, કે ફલાણી નાતનોજ માણસ અમારા ધર્મમાં દાખલ થઇ શકે. હરેક નાતનું માણુસ તેમનો ધર્મ પાળે તે તેમનો ગણાય. એવી છૂટ રાખવાથી કાઠી કોળી, રજપૂત, કણબી વગેરે ઘણા લોકો તેમના ધર્મમાં દાખલ થયા–તેમને પોતાનો ધર્મ ફેલાવતાં પ્રથમ ઘણી મુસ્કેલી પડી હતી, પણ અંગ્રેજ સરકારનું રાજ થવાથી તેમણે ઘણી ફતેહ મેળવી હતી. પણ જો મુસલમાન કે મરેઠાનું રાજ હોત, તો ઘણું મુસ્કેલ પડત. કલકત્તામાં રાજારામ મોહનરાય બાબુ હિંદુ ધર્મનો સુધારો કરવાની મેહેનત કરતા હતા. પણ તે કોઈ પાદરી સાથે, મુસલમાનો સાથે, હીંદુ સાથે ઘણી તકરાર કરતા હતા અને સ્વામીનારાયણ તો સૌ સાથે હળી મળીને શાંત સ્વભાવથી ધર્મ ચલાવતા હતા. તેથી રાજારામ મોહનરાય કરતાં સ્વામીનારાયણ વધારે ફતેહ પામ્યા છે. રાજારામ મોહનરાયના શિષ્યો તેને ખરા અંતઃકરણથી ચહાતા ન હોતા, પણ સ્વામીનારાયણના હજારો શિષ્યો આપણે માની ન શકાય તેવા

ભાવથી ચહાતા હતા. તેમાં મોટા શ્રીમંતો, વિદ્વાનો અને મોટા દરજ્જાવાળા ઉંચી જાતોના અને ગરીબ પણ હતા. તેમને વેદનું ઘણું જ્ઞાન હતું અને તેથી તેમની વિદ્વતા સારી હતી. પરધર્મના લોકો કદી તેમનો ધર્મ ન સ્વીકારે તોપણ માન આપ્યા વિના રહે નહીં." એ રીતે એ વિદ્વાન અંગ્રેજે સ્વામીનારાણની ઘણી પ્રશંસા કરી છે.—અંગ્રેજી સર્ટીફીકેટની એક ચોપડી અમારા જોવામાં આવી છે. તેમાં અમદાવાદ, ભરૂચ, સુરત વગેરેના કલેકટરો મુંબઇના ગવર્નર અને જડજોએ લખ્યું છે કે; સ્વામીનારાયણના શિષ્યો અમને થોડી તસ્દી આપે છે. મતલબ કે, તેઓ ઓછા ગુનાહ કરે છે ને સરકારના વફાદાર છે. તેમના સાધુઓ ઉપદેશ કરે છે કે, દારૂ પીવો નહીં. તે ઉપરથી ઘણાએકે તે વ્યસન છોડી દીધું છે. ઈત્યાદી—

વડોદરામાં જય મેળવ્યો.

ગાયકવાડી રાજ્યમાં સ્વામીનારાયણનો ધર્મ ફેલાવા લાગ્યો. ત્યારે કેટલાએક મતવાદીઓએ શ્રીમંત શીયાજીરાવ માહારાજને કહ્યું કે;—સ્વામીનારાયણ વેદશાસ્ત્રથી વિરૂધ્ધ પાખંડમત ચલાવેછે. અને પશ્ચિમ ભાગમાં સૌથી મોટું રાજ્ય આપનું છે. મદ્રાસના, મારવાડના તથા કાશીના શાસ્ત્રીઓને આપના તરફથી વર્ષાસન મળે છે. માટે શાસ્ત્રીઓની સભા ભરીને સ્વામીનારાયણને પૂછવું જોઇએ, ને જો તેનો ધર્મપાખંડ માલમ પડે તો ગાયકવાડી રાજ્યમાં તેમને કે તેમના સાધુને પેસવા દેવા નહીં. આપના રાજ્યમાં એવો બંદોબસ્ત કરશો, તો બીજા દેશીરાજાઓ પણ તેમ કરશે. તેથી તે પાખંડ ધર્મ બંધ પડશે.

પછી શીઆજીરાવ માહારાજે સ્વામીનારાયણને વડતાલ કાગળ લખ્યો કે;—તમારો ધર્મવેદશાસ્ત્ર પ્રમાણે હોયતો તમારા કોઇ પંડીતને અહીં મોકલીને વિદ્વાનોની સભામાં સાબીત કરી આપો. પછી સ્વામીનારાયણે મુકતાનંદ સ્વામીને કહ્યું કે;—તમે વડોદરામાં જાઓ ત્યારે તે સ્વામીએ કહ્યું કે; માહારાજ હું કાંઇ ઝાઝું ભણેલો નથી. અને કોણ જાણે કેવાં પ્રશ્ન પૂછે તેનો ઉત્તર મારાથી શી રીતે થઇ શકે; ત્યારે સ્વામીનારાયણે કહ્યું કે પ્રતિપક્ષીઓની જીભમાં વાણીની પ્રેરણા કરનાર તથા તમારી જીભમાં પણ વાણીની પ્રેરણા કરનાર હુંછું, એવો જો તમે મને જાણતા હો, તો તમે મારી આજ્ઞાથી વડોદરે જાઓ અને જેવી તમને ઇશ્વર પ્રેરણા કરે તેવા ઉત્તર આપજો. પછી મુક્તાનંદ સ્વામી પોતાનું મંડળ લેઇને વડોદરે ગયા. દરબારમાં વિદ્વાનોની સભાભરાઇ. પ્રથમ તો પ્રતિપક્ષીઓએ ધાર્યું હતું કે; ન્યાયશાસ્ત્રનાં તથા મીમાંસા આદિકશાસ્ત્રનાં ભારેભારે પ્રશ્ન પૂછીશું. પણ સભા

માં તો તેઓ ગભરાઇ ગયા, અને ભારે પ્રશ્ન પૂછી શક્યા નહીં. સાધારણ પ્રશ્ન પૂછ્યા તે એવા કે; તમારા સ્વામીનારાયણ મુગટ કેમ ધારણ કરે છે? પગે તુળશી કેમ ચડાવે છે? અને બીચારી જુવાન સ્ત્રીઓને તજાવીને તેમના પતિઓને ભગવાં લૂગડાં પેહેરાવી સાધુ કેમ કરે છે? તે પ્રશ્નોના ઉત્તર મુક્તાનંદ સ્વામીએ સેહેલી રીતે આપ્યા અને સ્વામીનારાયણનો દિગ્વિજય કહેવાયો. ત્યારે શ્રીમંત શીયાજીરાવ માહારાજે સ્વામીનારાયણને ઘણા આદરમાનથી વડતાલથી વડોદરે તેડાવ્યા અને અસ્વારી સામે મોકલીને ઘણી ધામધુમથી પોતાના દરબારમાં પધરાવ્યા. પૂજા કરીને સારી ભેટ ધરી કહ્યું કે;—અમારા શેહેરમાં તમારી જગ્યા કરો. તે પધરામણીના વર્ણનની પ્રેમાનંદ સ્વામીએ લાવણીઓ બનાવી છે.

પધારે વટપત્તન સ્વામી.

સહજાનંદ માહારાજ પુરણ પુરૂષોતમ બહુ નામી. ઇત્યાદિ.

તે પછી ખંડેરાવ માહારાજે વડતાલમાં લક્ષ્મીનારાયણના મંદીરમાં ટકોરખાનું બેસાડયું તથા એક હાથી ભેટ કર્યો. તેના ખર્ચને વાસ્તે સંજાયું ગામ અર્પણ કર્યું. તેમજ અમદાવાદમાં નરનારાયણના મંદીરમાં ચોઘડીઆં બેસારી, હાથી આપીને સોનારડું ગામ અર્પણ કર્યું. સ્વામીનારાયણનો ધર્મ ગાયકવાડી રાજ્યમાં ઘણોજ ફેલાવા લાગ્યો, આગળ જતાં વડોદરામાં શિખરબંધ દેરૂં કરાવ્યું છે.

આચાર્ય સ્થાપના.

સ્વામીનારાયણના મોટા ભાઇ રામપ્રતાપજીને ત્રણ પુત્ર હતા. તેમાંથી અયોધ્યાપ્રસાદજીને પોતે દત્તપુત્ર કરી લીધા અને નાના ભાઇ ઇચ્છારામજીને પાંચ પુત્ર હતા. તેમાંથી રઘુવીરજીને દત્તપુત્ર કરી લીધા, તે બંન્ને જણને સંવત ૧૮૮૨ ની સાલમાં પોતાના ધર્મના આચાર્યની પદવી આપી, કલકત્તાથી કાશીને ત્યાંથી ઉજ્જેણ થઇને પશ્ચિમમાં દ્વારકાં સુધી હદ ઠરાવીને એક ઉત્તર વિભાગનો દેશ તે અયોધ્યાપ્રસાદજીને આપ્યો. ને દક્ષિણ વિભાગ રઘુવીરજી માહારાજને આપ્યો. એકને અમદાવાદમાં અને બીજાને વડતાલમા રહેવાનું ઠરાવ્યું.

ધર્મ વિષે.

હિંદુ ધર્મનાં શાસ્ત્રોમાં જૂદા જૂદા ઋષિઓના મત અને ઘણું ઘણું પાળવાનું તેમાં લખેલું હોવાથી લોકોની હીંમત છૂટી ગઈ હતી કે; આટલું

બધું આપણાથી પાળી શકાય નહીં. અને કલીયુગમાં આપણું કલ્યાણ થાય નહીં; ત્યારે સ્વામીનારાયણે ધાર્યું કે, શાસ્ત્રમાં કેટલાંક ઉપપાતક એટલે નાનાં પાપ કહેલાં છે. સૌથી મોટાં પાંચ માહા પાપ કહ્યાં છે. માટે પ્રથમ માહાપાપ ન કરવાના નિયમ આપવા જોઇએ. તે પાંચ માહા પાપનાં નામ, ૧ **બ્રહ્મહત્યા, ૨ સુરાપાન, ૩ ચોરી, ૪ ગુરૂપત્નીનોસંગ, ૫ તેવાં પાપ કરનારની સોબત કરવી તે, સાંસર્ગીક** પાંચમું માહા પાપ કહેવાય, પણ કલીયુગમાં સાંસર્ગીક પાપ લાગતું નથી. માટે અહીંસાનો ઉપદેશ કરીએ તો બ્રહ્મહત્યાનો તેમાં નિષેધ થશે. અને માંસ ન ખાવાનો ઉપદેશ કરીએ એટલે હીંસા નિષેધ થશે. એમ ધારીને કોઇ માણસ તેમનો આશ્રિત થવા ચહાય તેને કહેતા હતા કે દારૂ, માંસ, ચોરી ને વ્યભિચાર એ ચાર વાનાં તજવાં અને મારા ઉપર ખરા અંતઃકરણથી ભાવ રાખીને મારા નામની પાંચ માળા ફેરવશો એટલે તમારૂં કલ્યાણ કરીશ અને સાધુઓ પણ એવોજ ઉપદેશ કરતા હતા. તેથી લોકોના મનમાં હીંમત રહેતી હતી કે, આ પાંચ વર્તમાન પાળશું, તો આપણું કલ્યાણ થશે. પછી ઘણા દીવસ સમાગમ કરતાં તે વધારે પાળી શકે તેવો થાય, ત્યારે કહેતા હતા કે, અફીણ, ગાંજો, ભાંગ, તમાકુ, મફર, માજમ વગેરે કેટલીક કેફી વસ્તુઓ છે, તે દારૂના પેટામાં છે એમ જાણવું. અને કોઈ પ્રાણીની હીંસા, ગળ્યા વિનાનું પાણી તથા દૂધ અને શોધ્યા વગરનું અન્ન તે માંસના પેટામાં છે. કોઈની રસ્તામાં પડેલી વસ્તુ લેવી કે ધણીયાતી વસ્તુ ફૂલ, ફળ વગેરે પણ તેના ધણીની રજા વગર લેવી કે લાંચ લેવી, તે ચોરીના પેટામાં છે. કોઈ સ્ત્રીની મશ્કરી કરવી કે અપશબ્દ બોલવો, કે પરસ્ત્રીના સામું ખોટી નજરથી જોવું, તે વ્યભિચારના પેટામાં છે. પછી વળી વધારે પાળવાની તેની શક્તિ જણાય, ત્યારે નાવું, ધોવું, સ્વચ્છ રહેવું, પૂંજા કરવી, પાઠ કરવો, ગરીબ ઉપર દયા રાખવી ઇત્યાદી વિશેષ ઉપદેશ કરતા હતા.

તે પછી હીંદુઓનાં બધાં શાસ્ત્રમાંથી આઠ સતશાસ્ત્ર શોધી કહાડેલાં હતાં. ૧ ચારવેદ, ૨ વ્યાસસૂત્ર, ૩ શ્રીમદ્‌ભાગવત, ૪ ભારતમાંથી વિષ્ણુ સહસ્રનામ, ૫ ભગવદ્‌ગીતા, ૬ વિદુરનીતિ, ૭ સ્કંધપુરાણનું વાસુદેવ માહાત્મય, ૮ યાજ્ઞવલ્કયની સ્મૃતિ, તેમાંથી પણ સતસાર લેઇને ૨૧૨ શ્લોકની શિક્ષાપત્રી કરી અને તેમાં લખ્યું જે આ શિક્ષાપત્રી પ્રમાણે ચાલશે તેનું કલ્યાણ થશે અને અહીંસા એજ મોટો ધર્મ જાણવો, માટે સતશાસ્ત્રમાં પણ હીંસા, માંસ, મધ, વગેરેનું ક્યાંઈ પ્રતીપાદન કર્યું હોય, તો તે માન્યું નહીં અને પૂર્વે મોટા પુરૂષ થઇ ગયા, તેમણે પણ જો કાંઈ અધર્માચરણ કર્યું હોય, તો તેનું ગ્રહણ કરવુંજ નહીં. પણ ધર્માચરણજ ગ્ર-

હણ કરવું. શિક્ષાપત્રીમાં ચારે વરણના સાધારણ ધર્મ તથા ચારે વર્ણના જૂદા જૂદા વિશેષ ધર્મપણ લખ્યા છે.

વર્ણાશ્રમ વિશે.

જેટલા બ્રાહ્મણોને માંહેમાંહે પાણી પીવાનો કે જમવાનો વેહેવાર હોય છે, તેમાંનો કોઇ સંસાર તજીને ત્યાંગી થવા આવે, તો તેને બ્રહ્મચારીના વેષમાં રાખે છે, ને તે સૌ ભેગા જમે છે. અને જે બ્રાહ્મણોની સાથે તેઓને જળ વેહેવાર ન હોય, તેવા તપોધન, સારસ્વત વગેરે તથા ક્ષત્રિ એટલે રજપૂત તથા રજપૂતોને તેર ગ્નાતો સાથે જમવાનો વેહેવાર છે તે તથા વૈસ્ય એટલે વાણીઆ અને કણબી—પાટીદાર એમાંના કોઇ સંસાર તજીને આવે તેને સાધુની દિક્ષા આપવામાં આવે છે. કોઇ શુદ્ર ત્યાગી થવા આવે તેને તથા કેટલાએક ક્ષત્રિઓને સાધુઓની સેવા કરવા તથા મંદિરોનું રક્ષણ કરવા સારૂ પાળા તરી કે ધોળા લુગડા પહેરવાને તથા હથિઆર બંધાવીને રાખે છે. તે બ્રહ્મચારી, સાધુ, પાળા આઠ પ્રકારે સ્ત્રીનો ત્યાગ રાખે છે, પાળા મૂછો અને દાઢી રાખતા નથી. તે ઘણું કરીને સાધુના જેવોજ ધર્મ પાળે છે. તે સાધુ, બ્રહ્મચારીઓ ચોટલી જનોઇ અને તુલશીની બેવડી કંઠી રાખે છે, **સ્મૃતિઓના** આધારથીજ આવો ઠરાવ કરેલો છે. કળિયુગમાં સન્યાસ ધર્મ પાળી શકાય નહી. માટે સન્યાસી હાલ કરતા નથી, પણ સ્વામીનારાયણના વખતમાં કેટલાએક સન્યાસીઓ તેમના શિષ્ય હતા. **જડભરત**નો જે આશ્રમ તેજ આશ્રમ સ્વામીનારાયણના સાધુઓ ને બ્રહ્મચારીનો છે. તે **ઉદ્ધવી સંપ્રદાય** કહેવાય છે. કોઇ મતવાદી પ્રશ્ન પૂછે તો તેના ઉત્તર આપવા ઘણી શ્રુતિઓ અને સ્મૃતિઓનાં વાક્યોનો **સંગ્રહ** તેમણે કરેલો છે. **વ્યાસસુત્ર** ઉપર તેમણે ભાષ્ય કરેલું છે. અને **સત્સંગી જીવન** આદિક સંસ્કૃત મોટા મોટા ગ્રંથો છે. વ્રજભાષામાં ને ગુજરાતી ભાષામાં પ્રાકૃત ગ્રંથોને હજારો કીર્તનો છે તેમની પાસે શતાનંદ, ગોપાળાનંદ, નીત્યાનંદ, વાસુદેનંદ, ભગવદ્દાનંદ, યોગાનંદસ્વામી વગેરે સંસ્કૃત કવિયો કેટલાએક હતા. તે પછી અચિંત્યાનંદ નામે સંસ્કૃત માહાકવિ થઇ ગયા. તેમણે પણ સંસ્કૃત ગ્રંથો ઘણા કરેલા છે. અને બ્રહ્માનંદ, પ્રેમાનંદ મુકતાનંદ, નિષ્કુળાનંદ, દેવાનંદ આદિક ભાષાના કવિયો પણ ઘણા હતા.

જુનાગઢ, ધોળેરા તથા ગઢડાનાં મંદીર.

સંવત ૧૮૮૪ માં જુનાગઢમાં મોટું શિખરબંધ દેરૂં કરાવ્યું, અને ધોળેરામાં પણ તેજ સાલમાં શિખરબંધ દેરૂં કરાવ્યું. સંવત ૧૮૮૫ની સાલમાં મોટું મંદિર કરાવીને ગઢડામાં ગોપીનાથજી દેવની સ્થાપના કરી.

સર માલકમ સાહેબનો મેળાપ.

સંવત ૧૮૮૬ ની સાલમાં મુંબઇના ગવર્નર સર માલ્કમ સાહેબ કાઠિયાવાડમાં આવ્યા હતા. તેમના સેક્રેટરી મી. થામ્સ વિલ્યમસન તેમની સાથે હતા. તે વખતે રાજકોટના આક્ટિંગ પોલિટિકલ એજંટ મી. બ્લેન સાહેબ હતા. તે ગવર્નર સાહેબે સ્વામીનારાયણની તથા તેમના ધર્મની ઘણી પ્રસંસા કરી હતી. તેથી પોતાના સેક્રેટરી તથા પોલિટિકલ એજંટની મારફતે સ્વામીનારાયણને માનપૂર્વક પત્રો લખીને મુદામ સ્વાર મોકલી ગઢડેથી રાજકોટ મળવા સારૂ તેડાવ્યા હતા. અને મોટા માનથી મેળાપ કરીને પ્રશંસા કરી હતી. તેણે મેળાપથી સંતોષ જાહેર કર્યો હતો. તે વાત અંગ્રેજીમાં છપાઇને પ્રસિદ્ધ થઇ હતી.

દેહોત્સર્ગ વિષે.

જેમ સૂર્યનો ઉદય થાય, ત્યારે તેનો તડકો જેટલામાં પડે છે. એટલામાંજ પ્રકાશ થાય, તેમજ નહીં પણ તે તડકાના પ્રતાપથી બીજે ઘણે ઠેકાણે અજવાળું થાય છે. તેમ સ્વામીનારાયણના શિષ્ય થયા, તેટલાજ સુધર્યા એટલુંજ નહીં પણ તેમની રીતભાતથી બીજા લોકો પણ સુધરવા લાગ્યા. કેટલાએકે વામ માર્ગ આદિ અધર્મ છોડી દીધા અને પોતાના ધર્મમાં સારી રીતે વર્તવા લાગ્યા.

આ રીતે સ્વામીનારાયણે વેદોક્ત ધર્મનું સ્થાપન કર્યું. મોટાં મંદિરો કરાવી તથા પુસ્તકો રચાવી તે ધર્મના ઊંડા પાયા નાંખ્યા અને તે ધર્મના રક્ષણ માટે આચાર્યો સ્થાપ્યા. એ રીતે પોતાનાં કરવાનાં કામ સર્વે પુરાં કરીને સંવત ૧૮૮૬ ના જેઠ સુદી ૧૦ ને દીવસે ગઢડામાં અંતર્ધાન થયા. આ દેશમાં કે પરદેશમાં ધર્મ ચલાવનારા ઘણા માહાત્મા પુરૂષો થઇ ગયા છે, તેઓએ ઘણા ચમત્કાર દેખાડેલા છે અને તે તેઓના ધર્મ પુસ્તકોમાં લખેલા છે, પણ તે પોતપોતાના ધર્મવાળા કબૂલ રાખે છે અને પર ધર્મવાળા કબૂલ નથી રાખતા. માટે સ્વામીનારાયણના ચમત્કારની એવી ઝીણી વાતો આમાં લખી નથી. માત્ર જે પ્રસિદ્ધ છે તેજ લખી છે.

આચાર્યો વિષે.

સ્વામીનારાયણનાં આચાર્યો પોતાને સ્નાન સૂતક લાગે, તેવી સ્ત્રીઓ વગર બીજી કોઈ સ્ત્રીઓ સાથે ભાષણ કરતા નથી અને તેઓને પોતાના પગનો સ્પર્શ કરવા દેતા નથી. તથા જો કોઇ વખતે અજાણ્યા એવી સ્ત્રીના વસ્ત્રનો છેડો અડી જાય તે દીવસે નકોયડો ઉપવાસ કરે છે. કોઇ સ્ત્રીને

પોતે મંત્ર ઉપદેશ કરતા નથી.

તે આચાર્યની પત્નિઓ પતિની આજ્ઞાથી સ્ત્રીઓને મંત્ર ઉપદેશ કરે છે, પણ પોતાના સંબંધીવિના બીજા પુરૂષો સાથે ભાષણ કરતી નથી અને તેને મોંપણ દેખાડતી નથી. બાઈઓની સભામાં બાઇઓજ કથા વાંચે છે. તેમાં નાના બાળકને પણ જવા દેતા નથી. તેમજ પુરૂષોની સભામાં બે મહીનાની દીકરીને પણ લઇને જવાતું નથી. કેમકે સ્વામીનારાયણની એવી આજ્ઞા છે. માટે ઘણાં ગામોમાં સાધુઓને ઉતરવાની જગ્યા જૂદી છે, ને બાઇઓને કથાવારતા વાંચવાની જગો પણ જૂદીજ હોય છે. મંદિરોમાં બા-ઇભાઇનો સ્પર્શ ન થાય, એવો બંદોબસ્ત રાખે છે. **અમદાવાદમાં** તથા **વડતાલમાં** આચાર્યોનાં સ્થાન છે. ત્યાં સંસ્કૃતશાળાઓ સ્થાપી છે. ભણાવ-નાર શાસ્ત્રીઓ તથા પુરાણીઓને પગાર આપે છે. જે વિદ્યાર્થી ભણવા આવે છે. તેમને મફત ભણાવે છે ને તેઓને ઉતરવાની જગ્યો પણ આપે છે. બી-જી પણ કેટલીક મદદ કરે છે. અમદાવાદમાં અયોધ્યા પ્રસાદજીના પુત્ર કે-શવ પ્રસાદજી હતા, ને તેમના પુત્ર પુરૂષોત્તમ પ્રસાદજી સાંપ્રતકાળે વિરાજ-માન છે. તેમજ વડતાલમાં રઘુવીરજી માહારાજના દત્તપુત્ર ભગવત પ્રસાદ-જી હતા અને તેમના દત્તપુત્ર વિહારીલાલજી માહારાજ સાંપ્રતકાળમાં વિરા-જમાન છે. જે જે આચાર્યો થયા, તેઓએ કેટલેક ઠેકાણે શિખર બંધમંદિર કર્યાં ને કેટલેક ઠેકાણે હવેલીના ઘાટનાં હરિમંદીર કર્યાં છે. તથા સંસ્કૃતમાં અને પ્રાકૃતમાં ગ્રંથો રચવા, રચાવવા અને દેશમાં ફરીને ધર્મનો ફેલાવો ક-રવો એ વાત ઉપર લક્ષ રાખતા આવ્યા છે. કોઇ સંસ્કૃત ગ્રંથ પ્રાચીન કે અર્વાચિન હોય તેના ઉપર ટીકા કરાવી છે. સાંપ્રતકાળમાં પણ કેટલાએક ગ્રાજ્યુએટો, મુત્સદીઓ, અમલદારો અને શાસ્ત્રીઓ પ્રસિદ્ધ રીતે સ્વામીના-રાયણનું ભજન કરે છે. એક કવિ કહે છે કે;—

દોહરો.

બળથી ધનથી બની શકે તેહ કરે નૃપ કોય;
લે ખેંચી મન લાખનાં એતો ઇશ્વર હોય.

મતલબ કે મોટાં રાજ્ય લેવાં કે ફોજ એકઠી કરવી ને જોરાવરને જી-તવો-ઈત્યાદિક બળથી જેટલા કામ બની શકે તથા મોટી કરોડો રૂપીઆ-ની ઇમારતો કરાવવી ઇત્યાદિ ધનથી જે કામ બની શકે તે કોઇ મોટો રા-જા હોય તે કરી શકે. પણ એક માણસ પોતાની હયાતીમાંજ લાખ મા-ણસનાં મન ખેંચીલે અને તે લાખ માણસ ખરા અંતઃકરણથી એમ માને કે આ ઇશ્વરજ છે, ને તેમ જાણીને તેનું ભજન કરે, એવો માણસ હાલ-

માં વિલાયતમાં ચીનમાં કે હીંદુસ્તાનને અરબસ્તાનમાં હોયતો જરૂર હું તેને ઇશ્વર કહીશ. કારણ કે એવું કામતો ઇશ્વરજ કરી શકે-સંવત ૧૮૭૯ માં સ્વામીનારાયણના પરમહંસ ૫૦૦ હતા અને સતસંગી આશરે એક લાખ માણસ હતું! પણ જ્યારે ૧૮૮૬ ની સાલમાં સ્વામીનારાયણે દેહ મુકયો: ત્યારે પરમહંસ ૧૫૦૦ હતા અને હરીભકતો એ લાખથી વધારે હતા. સ્વામીનારાયણની જન્મભૂમીમાં શિખર બંધ મોટું મંદિર અયોધ્યા પ્રસાદજી એ કરાવેલું છે.

હવેના વખતમાં સ્મીનારાયણના ધર્મ ઉપર લોકો દેષ રાખતા નથી, શાંતિ થઇ છે અને નિષ્પક્ષપાતી લોકો એમ બોલે છે કે તે ધર્મ સારો છે.

પરમ સંતોષી, અજાચક.

શ્રીકૃષ્ણમિત્ર-સુદામા.

આ પરમ પવિત્ર પ્રસિદ્ધ પુરૂષ દ્રવિડ દેશનાં વિદર્ભ નગરમાં રહેતા હતા. એ જાતે બ્રાહ્મણ હતા. બાળપણમાં સંદીપન ગુરૂને ત્યાં શ્રીકૃષ્ણ બળરામ સાથે વિદ્યાભ્યાસ કરતા હતા. સર્વ શિષ્યોમાં સુદામા વડા શિષ્ય હતા. શ્રીકૃષ્ણ બળરામ તેમને લખેલું બતાવતા અને સુદામા તેમને શિખવતા. સુદામા ભિક્ષા માગી લાવી સર્વ એકઠા બેસી જમતા; વેદ ભણતી વખતે સાથે સ્વર સાંધીને વેદની ધુન મચાવતા, સાથેજ એક શય્યાપર સુતા, પરસ્પર સુખ દુઃખની વાતો કરતા, અને પાછલી રાતે ઉઠી વેદની ધુન મચાવતા. એક વખતે ગુરૂ બહાર ગામ ગયેલા, તે પ્રસંગે ગુરૂપત્નિએ ખાવા સારૂ સેકેલા ચણા બાંધી આપી, એને અને શ્રીકૃષ્ણને વનમાં કાષ્ટ લેવા મોકલ્યા હતા; ત્યારે સુદામા કૃષ્ણથી છાના ચણા ખાઇ ગયા હતા. આશ્રમમાં રહી અનેક રમતો રમતા, ગુરૂનાં કાર્ય સાથે મળીને કરતા. ઇત્યાદિ વર્ત્તણુકથી પરસ્પર ઘણો સ્નેહ થયો હતો. શ્રીકૃષ્ણ પૂર્ણ વિદ્યાભ્યાસ કરી વિદાય થયા, ત્યારે સુદામાને સ્નેહાશ્રુ લાવી ભેટયા અને કહ્યું કે:—ફરી એકવાર મળજો એ માગુંછું. સુદામાએ ગદ્‌ગદ્ કંઠે થઇ કહ્યું કે;—હું એ માગુંછું કે સદૈવ તમારા ચરણ વિષે મારૂં મન રહેજો. શ્રીકૃષ્ણ મથુરાંમાંથી દ્વારિકામાં પધાર્યા. સુદામે ગૃહસ્થાશ્રમ માંડયો. અજાચક વ્રત પાળી હરિ વિના કોઇની પાસે હાથ ધરવો નહિ, કદી અનાયાસે કયાંકથી મળી આવે તો ખાવું, નહિ તો ભૂખ્યાં રહેવું. એવું પણ લીધું હતું. તેનું મન નિર્મળ હતું, માયાનું રતી પણ સુખ ઇચ્છતા નહિ. સદા તેનું મન સન્યાસીના જેવું વિરક્ત હતું. તેની સ્ત્રી પતિવ્રતા હતી, તે પણ માયાનું સુખ ઇચ્છતી નહિ, સુદામા વિદ્યાર્થિ

અવસ્થામાં શ્રીકૃષ્ણથી છાના ચણા ખાઇ ગયા હતા. તેથી દારિદ્ર આવ્યું હતું. એને દુઃખ દારિદ્ર ભર્યાં દશ બાળકો થયાં હતાં, તેઓ થોડે અન્ને ઉછર્યાં. સુદામાઋષિ ઘર સૂત્રનું સુખ ઇચ્છતા નહિ, જો મળે તો ખાતા, નહિ તો સર્વદા સંતોષથી રહેતા. મુનિના મનનો મર્મ કોઈ જાણી શકતું નહિ. તેથી સૌ તેને મેલો ઘેલો, દરિદ્રી કહેતા. માગ્યા વિના કોણ આપે? તેથી ઘણે દુઃખે વ્યવહાર ચલાવતા. ઋષિ પત્નિ ભિક્ષા માગીને પુત્ર, પતિનું માંડ પૂરૂં કરતી. કોઇનું વસ્ત્ર ધોતી, કોઇનું પાણી, ઇત્યાદિ પ્રકારે જેમ તેમ કરીને પોતાના કુટુંબનું પોષણ કરતી. સુદામા પોતાની દુર્દશામાં પણ સંતોષ રાખી શ્રીકૃષ્ણની ભક્તિ કરતા. એમ ઘણા દિવસ દુઃખ સહન કર્યું. ગામમાં અન્ન ન મળવા લાગ્યું. એક વખતે બાળકોને બે અપવાસ થયા, ત્યારે એની સ્ત્રીએ આવી વિનંતિ કરી કે;—બાળકો ભૂખ્યાં રૂદન કરે છે, નગરમાં અન્ન મળતું નથી, નથી મળતાં કંદ મૂળ કે ફળ, બે દિવસ થયાં જળ પીને રહીએ છીએ. આપણા ઘરમાં ધાતુ પાત્ર નથી, સમ ખાવાને ઘરમાં સાજું વસ્ત્ર નથી. જેમ જળ વિનાં વાડીનાં વૃક્ષ સૂકાઇ જાય, તેથી અન્ન વગર બાળકો દુઃખથી સૂકાઈ ગયાં છે. ટાઢથી થરથરતાં રોઇને રાખમાં પેશી સુઇ રહે છે, હું છોકરાંના દુઃખ દેખીને મરૂં છું, ઘર નીચાં અને ભીંતો પડી ગઈ છે, તેથી કૂતરાં બિલાડાં પેસે છે, અતિથિ આંગણેથી નિરાશ જાય છે, નૈવેદ વિના દેવ પૂજો છો, પૂજ્ય પરવણીએ બ્રહ્મ ભોજન થતું નથી, કંઇ પણ ધર્મ કર્યા વિના સૂર્ય જેવો ઉગે છે તેવો આથમે છે. અન્ન વિનાં પુત્ર વલખાં મારે છે, પહેરવા ઓઢવાને વસ્ત્ર નથી, નખ, જટા વધી છે અને માંહે રક્ષા ઉડે છે. આપ દર્ભની ફાટી તૂટી સાદડી ઉપર પડી રહો છો. બીજે, ત્રીજે, કે ચોથે દિસે આહાર પામો છો. તેથી મારા હૃદયમાં અંગાર બળે છે. હું તો દરિદ્ર સમુદ્રમાં ડુબી છું, મારે એવાતણમાં એકજ ચૂડી છે, સૌભાગ્ય દર્શક શણગાર નથી, નથી કાજળ કે નથી કિડિઆની હાર. લલાટે ચાંલ્લો કરવા કંકુ નથી. હવે આવું દુઃખ ક્યાં સુધી સેવાશે? આપ નિત્ય કહો છો કે મારે મારા ગુરૂભાઈ શ્રીકૃષ્ણ સાથે મિત્રાચારી છે, તો એવા કલ્પવૃક્ષ નીચે જે રહે તેને શાની ન્યૂનતા રહે? જે જીવ જળમાં ક્રિડા કરતા હોય તેને પાણીની તરસ કેમ રહે? જે નરે અમૃતપાન કર્યું હોય, તેને યમ કિંકરનો ભય કેમ લાગે? જેણે સદ્ગુરૂનાં ચરણ સેવ્યાં હોય તેને માયાનું આવરણ કેમ રહે? જેનું મન હરિ ચરણમાં વસેલું છે તે પ્રાણીને જન્મ મરણની શી આપદા? શ્રીકૃષ્ણ ચૌદ લોકના નાથ છે, મહા કૃપાનિધાન છે. માટે તમો શ્રીકૃષ્ણ પાસે જાઓ. બ્રાહ્મણને ભિક્ષા માગતાં લાજ શેની? પ્રાણનાથ! લાજ ન રાખતાં શ્રીકૃષ્ણ પાસે જશો તો એ મા-

ગ્યા વિનાં મનવાંછિત પૂર્ણ કરી દારિદ્ર દુઃખ કાપશે. કદી ધન નહિ મળે તોપણ દર્શનનું ફળ તો જશે નહિ.

સુદામા કહે—માગતાં કાંઇ પ્રતિવાય નથી, પણ મિત્ર પાસે માન મૂકી માગતાં મને ઘણું લાગે છે. પેટને કારણે નીચ પાસે જઇ વિનયથી પ્રણામ કરીએ, તો આ સ્થાનક મળવા તણું છે. હું સઘળા જાદવો દેખતાં કેમ જમણો હાથ ધરૂં, હું દુર્બળનું રૂપ દેખાને લક્ષ્મીકાંત લજવાય. પૂરણ પુરૂષોત્તમ ઘટ ઘટ વ્યાપી રહ્યા છે. દશ માસ ગર્ભવાસમાં પ્રાણી શો ઉદ્યમ કરે છે, એવું જાણીને સંતોષ રાખો, તો હરિ કેમ વિસારશે ! જાચવાથી મરણ સારૂં છે, જગતના મનની વાત અંતરજામી પ્રભુ જાણે છે, એ અહીં બેઠા નવનિધ આપશે. ત્યાં જવાનું શું કામ છે ? ઋષિપત્નિ કહે,—તમે જ્ઞાની, વૈરાગી, ત્યાગી થઇને બેઠા. હું અબળાજાતિ શી રીતે યાચના કરી પોષણ કરૂં ? એમ કહી નેત્રમાં આંસુ લાવી વારંવાર જવાને વિનંતિ કરવા લાગી. ત્યારે સુદામાએ કહ્યું;—સુંદરિ ! વિધિએ વૃદ્ધિ હાણ લખી છે એ મિથ્યા થનાર નથી, આપણે જમણે હાથે કાંઈ આપ્યું નથી, તો ક્યાંથી પામીએ ? ખડધાન વાવીએ તેમાંથી શાળ ક્યાંથી થાય ? પ્રથમ પાળ ન બાંધીએ તો પછી જળ વહી ગયાનો શો શોચ કરવો ? વ્રત, તીર્થ, ઉપવાસ અને અગ્નિ તૃપ્ત કર્યા નથી, બ્રહ્મભોજન, હોમ હવનાદિક ધર્મનાં કૃત્ય કર્યા નથી, તો અન્ન ક્યાંથી પામીએ ? માટે પ્રભુના ચરણમાં ચિત્ત રાખી સંતોષરૂપી અમૃતને ચાખવો, તો ભક્તિએ પ્રભુ નવનિધ આપશે. માટે ધૈર્ય રાખ. સ્ત્રીએ કહ્યું;--મારૂં મન જડ થયું છે, એ જ્ઞાન મને ગમતું નથી, બાળક અન્ન માટે રૂવે છે, માટે પ્રણામ કરી કહુંછું કે, અન્ન વિના ચાલશે નહિ. મોટા યોગેશ્વરને પણ અન્ન વિના ભજન સૂઝતું નથી. અન્નથી આખું જગત જીવે છે. શિવે અન્નપૂર્ણાને ઘેર રાખ્યાં છે, સૂર્યે અખેપાત્ર. ઇંદ્રે કામધેનુ, અને દેવોએ કલ્પવૃક્ષ રાખ્યું છે. તે તેમનું મન વાંછિત પૂર્ણ કરે છે; તો આપણે કોણ માત્ર ? સંસારમાં અન્ન વિના પ્રાણ રહેતા નથી. માટે તમે એકવાર શ્રીકૃષ્ણ પાસે જાઓ. તમારા ફેરાનું ફળ અફળ જશે નહિ. વિધિએ દરિદ્રતાના જે અક્ષર લખ્યા છે તે તેઓ ધોઇ નાંખશે. સુદામાએ યાચના નહિ કરવાનું "પણ" લીધું હતું. માટે ના પાડી હતી, પણ હવે સ્ત્રીના આવા કાલાવાલાથી અંતે જવાનો નિશ્ચય કર્યો. પછી શ્રીકૃષ્ણ પાસે ભેટ મૂકવાનું અને તેમના કુંવરો કાકા કહેતા આવે, તેમને આપવા શું લઇ જવું, એ વિચાર સ્ત્રીને દર્શાવ્યો. એ માટે સ્ત્રી પાડોશીને ત્યાં ગઈ, પાડોશીએ તેમની ગરીબાઈપર દયા આણી સુંપડું ભરી કાંગ આપી. એ કાંક સ્ત્રીએ ખાંડી, છડી શ્વેત કણ કર્યા. એ તગતગતા કણ ઋષિને આપ્યા. પણ એને બાંધી

લઇ જવાને વસ્ત્ર ન મળે, તેથી કેટલાંક ચીંથરાં લઇ ઉપરા ઉપર વીંટયાં, તેપર વળી દશ વીશ બીજાં વીંટયાં કે; ત્રીકમના તાંદુલ દ્વારિકાં લઇ જતાં મારગમાં છોવાય નહિ. બાળકોએ રોવા જેવાં મુખ કરી કહ્યું કે, પિતાજી! તમો એવું લાવજો કે આપણી ભૂખ જાય. એ તેમનાં દીનવચન સાંભળી સુદામાએ નિશ્વાસ મૂકી કહ્યું કે, આપણી આશા પરિબ્રહ્મ પૂર્ણ કરશે. એમ કહીને સુદામો ચાલ્યા, પરિવાર વળાવી પાછો વળ્યો.

સુદામાને ભક્તના ભૂષણરૂપ કપાળમાં તીલક, કંઠમાં કંઠી અને મુખે દાઢી વધેલી હતી. તેથી કાયા કુરૂપ દીશતી હતી. પવને જટામાંથી ભસ્મના ગોટે ગોટા ઉડતા હતા. પગરખાના ધસડકસડાટથી ધૂળની ડમરી ચડતી હતી. એક હાથમાં લાકડી, એકમાં તુંબડી, જીર્ણ વસ્ત્રની લંગોટી, અને વલ્કલ ઓઢેલું એવી સ્થિતીમાં દ્વારિકામાં પહોંચ્યા. દ્વારિકાની અદ્ભૂત રચના જોઇ આશ્ચર્ય થયા. પ્રથમ ગોમતીસ્નાન કરી પુરમાં પેઠા. તેનું રૂપ જોવાને ચારે તરફથી લોકોનાં ટોળેટોળાં મળ્યાં. બાળકો પાછળથી ખીજવે, જાદવની સ્ત્રીઓ તાળી પાડે, કોઈ હસે, કોઈ કહે વાહ! ધન્ય આ નગરને કે આજે આવો નર આવ્યો; કોઇ કહે વાહ! આ ઇંદ્ર જેવા છે! કોઇ કહે અહા! આતો કામદેવ જેવો છે! એને રૂપે તો શ્રીકૃષ્ણ અને પતિવ્રતા સ્ત્રીઓ મોહિ જશે! એવાં માર્મિક વચનો બોલવા લાગી. કોઇ કહે વિકરાળ હાઉ આવ્યો! એને જોઈ બાળકો રોતાં છાનાં રહી જશે! એમ ઘણી ચેષ્ટા કરવા લાગ્યાં. એ સાંભળી સુદામાજી હસતા જતા, બાળકો પુંઠે કાંકરા નાખે, તે વાગવાથી ઋષિ મુખથી રામકૃષ્ણ બોલતા હતા. કોઇ તાળી પાડે, ગાલ વગાડે, નાનાં બાળકો ફરી વળે એમ પજવવા લાગ્યાં. એટલામાં કોઈ વૃદ્ધ જાદવે ઋષિને દીઠા, તેણે તેની સાધુ દૃષ્ટિ ઓળખીને બાળકોને કહાડી મૂકયાં અને ઉભા રાખી સર્વ સમાચાર પૂછ્યા. પછી જાદવે રાજદ્વાર બતાવ્યો. સુદામા દ્વારિકાપૂરીનો ઠાઠમાઠ અને વૈભવ જોઇ આશ્ચર્ય થતા, કૃષ્ણ મંદિરને દ્વારે આવી ઉભા રહ્યા. દ્વારપાળે અંદર જતાં અટકાવ્યા. ત્યાં અનેક યોદ્ધાઓ દ્વારનું રક્ષણ કરતા હતા. સુદામા ત્યાં સંકલ્પવિકલ્પ કરતા આંટા દેવા લાગ્યા કે;—અહો! કર્મની ગહન ગતિ છે! એક ગુરૂના વિદ્યાર્થિ, તેમાં એ પૃથ્વીપતિ થઇ બેઠો અને હું દરિદ્રી રહ્યો! મારા ઘરમાં ખાવાને અન્ન જરા પણ નથી. એ ગોકુળમાં માંકડાં રમાડતો, ગુરૂને ઘેર લાકડાં લાવતો, તે આજે સિંહાસનપર ચડી બેઠો! ને મારે તો આ તુંબડી અને લાકડી રહી છે. અરે! હું ભૂલ્યો, હું અલ્પજીવ અને એતો સાક્ષાત્ પ્રભુરૂપ છે. હું તેનાં એકવાર દર્શન પામું તો જાણું ઇંદ્રાસન પામ્યો. એમ કલ્પના કરે છે તેવામાં એક વિવેકી છડીદારે આવી પૂછ્યું કે;—હે ભાગ્યવાન! કેમ કરૂણા

કરી ? સુદામે કહ્યું—હું દુર્બળ બ્રાહ્મણનો અવતાર છું, મારે શ્રીકૃષ્ણ સાથે બાળમિત્રાઈ છે. તેને મારા પ્રણામ સાથે કહો કે, વિપ્ર સુદામો આવ્યા છે.

પ્રતિહારે ઘરમાં જઇ એક દાસી સાથે કહાવી મોકલાવ્યું. શ્રીકૃષ્ણ શય્યાપર સુતા હતા, અષ્ટ પટરાણીઓ જુદા જુદા પ્રકારથી સેવા કરતી ઉભી હતી. ગાન તાન થઈ રહ્યું હતું. ત્યાં આવી દાસીએ શિર નમાવી કહ્યું કે, દ્વારે કોઈ દ્વીજ આવ્યો છે, દુઃખી દરિદ્રી દીશે છે અને ક્ષુધાથી વ્યાપ્ત લાગે છે. એના વિચિત્ર વેશથી લોકોનાં ટોળે ટોળાં જોવાને મળ્યાં છે. તેનું નામ સુદામા છે એણે પ્રણામ કહાવ્યા છે. એ સાંભળી શ્રીકૃષ્ણે કહ્યું કે;-- અરે ! એતો મારો બાળ સ્નેહી, મારા દુઃખનો વિસામો ! એટલું બોલી ઝડપથી ઉભા થયા. ઉઘાડે પગે, પીતાંબરના છેડા ઘસડાતે શ્વાસે ભર્યા દોડયા. અતિ આનંદે, પ્રફુલ્લિત હૃદયે સ્ત્રીઓને કહેતા ગયાકે ઝટ પૂજા થાળ તૈયાર કરજો. સૌ સ્ત્રીઓ માંહો માંહે કહેવા લાગી કે, એ તે શ્રીકૃષ્ણના ભાઇ કેવા હશે ? જેને શ્રીકૃષ્ણ સાથે સ્નેહ છે તેનો દેહ તો કામ દેવ સરિખો હશે. પછી પૂજાનો ઉપચાર તૈયાર કરીને સર્વ સ્ત્રીઓ સજ થઇને ઉભી અને પરસ્પર કહેવા લાગી કે, બાઈ આજે તો જેહનું મુખ્ય જોવાનો લાભ થશે. શ્રીકૃષ્ણ શ્વાસે ભર્યા સુદામા પાસે ગયા, શ્રીકૃષ્ણને દીઠા કે સુદામાના નેત્રમાંથી અશ્રુધારા પડવા લાગી. એ કૌતક જોવાને ચારે વર્ણના લોકો ઉભાં હતાં, સૌ જોઇ કહેવા લાગ્યાં કે, ક્યાં આ વિપ્ર ! અને ક્યાં આ અશરણ શરણ! શ્રીકૃષ્ણ આવતા વેંત સુદામાને પગે પડયા, સુદામાએ હરિને હાથ ઝાલી ઉભા કર્યા. એટલે હરિ પ્રેમથી હૃદયમાં ઘાલી મળ્યા. હરિનાં આંસુ સુદામાએ લુયાં. હરિએ તુંબીપાત્ર લીધું અને હાથ ઝાલી તેડી લાવતાં બોલ્યા કે, અહો! આજે તમે મારૂં પૂર પવિત્ર કર્યું. ઇત્યાદિ પ્રકારે હર્ષ બતાવના મંદિરમાં તેડી લાવી સુખ શય્યાપર બેસાડયા. સત્યભામા સુદામાને જોઇ બોલ્યાં કે; અહો ! પ્રાણનાથના મિત્રતો બહુ રૂપાળા છે !! બાળપણાની પ્રીતિ ઉત્તમ છે ! આ જોડ ભલી મળી ! જો કોઇ બાળક નીકળશે તો કાકાને દેખી બીજશે ! એ સાંભળી રૂકિમણિ બોલ્યાં કે;-તમે શું જાણીને બોલો છો? તમે હરિભક્તને હજુ ઓળખતા નથી? ભક્તાધિન પ્રભુ સુદામાને પોતાનો દાસ જાણી પૂજવા લાગ્યા. શ્રીકૃષ્ણે નેત્ર સમસ્યા કરી કે, આઠ પટરાણીઓ સાથે સત્યભામા મંદ મંદ હસતાં ઘુંઘટતાણી આવી ઉભાં, જે પ્રભુની નાભી કમળથી બ્રહ્મા પગટયાં જેણે આ જગત પળમાં ઉત્પન્ન કર્યું, જેણે માતાને મુખમાં જગત દેખાડયું અને વિશ્વા મિત્ર સરખા તપસ્વિને દુઃખને વખતે દર્શન દીધું. તેણે સુદામા ઋષિના પગ પખાળી પ્રીતે પાદોક પીધું, પોતાની ઓઢવાની પીળી પછેડીએ ઋષિના પગ લોયા અને પોતે વિંઝણો લઇ વાયુ ઢોળવા ઉભા. વૈદર્ભી

થાળ ભરી વિવિધ પ્રકારનાં પકવાન ભોજન માટે લાવ્યાં, શર્કરા સહિત કઢેલાં દૂધનું પાન કરાવ્યું અને પ્રેમથી સર્વોત્તમ તંબોળ ખવરાવ્યાં, ઇત્યાદિ પ્રકારે ઘણો સત્કાર કર્યો. સુદામા શ્રીકૃષ્ણના મંદિર-ઘરનો ઠાઠ જોઈ જંખવાઈ ગયા. શ્રીકૃષ્ણે કહ્યું કે, હે બાળસ્નેહી! તમો ચિંતા મૂકીને મને કહો કે તમે શું દુઃખથી દુર્બળા થઇ ગયા છો! તમને શું ચિંતા છે? શું કોઇ સદ્‌ગુરૂ મળ્યા તેણે કાન ફુંક્યો છે? શું વૈરાગથી ત્યાગી થઇ સંસાસ છોડયો છે? શું જોગથી શરીરને એવું કરી નાંખ્યું? કે તપથી દેહ આવો થયો છે? શું માથે કોઇ શત્રુ થયો છે? કે કાંઇ વહાલી ચીજ ચોરાઈ ગઇ છે? પાસે ધાતુ પાત્ર નથી. .માત્ર આ એક તુંબડી છે, વસ્ત્ર કાંઈ પહેરવાને કેમ નથી? શું મારાં ભાભી વઢકણાં છે કે તે લોહીનું શોષન કરે છે? કે ઉદર ભરાતું નથી તેથી શરીર સૂકાઇ ગયું છે? સર્વ દુઃખમાં તમારે કયું દુઃખ છે. તે મને કહો. સુદામા કહે--આપતો અંતરજામી છો, તમારાથી કાંઇ અજાણ્યું નથી, પ્રભુજી! તમો પાસે નહોતા એજ વિયોગનું મોટું દુઃખ છે. આજે મને તમો મળ્યા તેથી મારૂં શરીર હવે પુષ્ટ થશે. પછી શ્રીકૃષ્ણે ગુરૂ ઘેર બાળપણે સાથે રહેતા, તે સર્વ હકીકત કહી બતાવીને સુદામાના ગુણ ગાયા.

સુદામાને મોટી ચિંતા એ હતી કે મારા તાંદુળ જો સર્વના જોવામાં આવશે તો મારી લાજ જશે, એવી બીકથી આણેલા તાંદુલ સંતાડવા લાગ્યા. એ વાત શ્રીકૃષ્ણ સમજી ગયા અને દાસનાં દરિદ્ર ટાળવા કૃપા દૃષ્ટિ કરીને સર્વ સુંદરિઓ દેખતાં એની ગાંસડી તરફ દૃષ્ટી કરી કહ્યું કે;—અહો! આજે મનવાંછિત ફળ પામ્યો કે મિત્ર મળવાને આવ્યો? સખા! કહો કે મારી ચતુર ભાભીએ શું ભેટ મોકલી છે? સાથળ નીચે જે સંતાડેલું છે તે કહાડો. કદી જો અમારા જોગ એ ભેટ ન હોય તો એ દૂરથી દેખાડો. એ ચીજ દેવતાને પણ દુર્લભ દિશે છે! જો એ પવિત્ર સુખડી પ્રેમે આપો તો ભવની ભાવઠ જાય. એમ કહી હરિ હાથ લગાડે છે તેમ ઋષિ આઘે ખસેડતા જાય છે. આ સર્વ બનાવ જોઇ પાસે ઉભેલી સર્વ સ્ત્રીઓ ભર્મમાં ભૂલી કે હરિ હાથ ધરે છે, તો શું એ અમૃત ફળ કે સંજીવન મણિ હશે! એમ સમજી સુવર્ણ પાત્ર ધરીને કહેવા લાગી કે, જદુપતિ! અમને પણ જરાક આપજો. આ જોઇ સુદામો ચિંતામાં પડયા કે, હવે આ સર્વ તાંદુલ દેખી ભર્મ ખુલ્લો થયે મારી લજ્જા જશે!! સ્ત્રીના કહેવાથી લોભી થઇ હું તુચ્છ ભેટ લાવ્યો તેથી 'લાખ ટકાની લાજ ખોઇશ. સ્ત્રીએ ઘર ઘાલ્યું', સુદામાના મનની આ સોચના કૃષ્ણે જાણી લઇ હસતાં ખસતાં પાસે આવીને પોટકી તાણી લીધી એ વસ્તુ લેવાને નીચે સુવર્ણ પાત્ર ધર્યું. પછી દશ વીશ ચિંથરાં છોડતાં પાર નહોતો આવતો. આ જોઇ અષ્ટ પટરાણીઓ આશ્ચર્ય પામી કે, આતો પા-

રસ મણિ હશે કે, રત્ન ! કે શું અમર ફળ હશે કે સંજીવન મણિ ! કે આવડું જતન કર્યું છે ! પછી છોડતાં કણ વેરાણાને પાત્ર ભરાઇ રહ્યું. એ સર્વ સ્ત્રીઓ જોઇ રહી. શ્રીકૃષ્ણ તાંદુલને હૃદયસાથે ચાંપી બોલ્યા કે;—અહો ! મેં પૃથ્વીમાં ઘણા અવતાર લીધા, પણ આ તાંદુળના સ્વાદ જેવો સ્વાદ મેં કોઇ દિવસ ચાખ્યો નથી. ધ્રુવ, અંબરિષ, અને પ્રલ્હાદ જેવા મોટા મોટા મિત્રોએ પણ આવો સ્વાદ ચખાડયો નથી. એમ કહી આ તુચ્છ ભેટને પણ ભારી માની એ મુઠી ખાઇ ગયા અને સુદામાની ભક્તિનાં ઘણાં વખાણ કર્યા. એ રીતે શ્રીકૃષ્ણે એ મુઠી તાંદુલ ખાઇને તેનો ચણા ખાધાનો દોષ નિવારણ કર્યો અને વિશ્વકર્માને આજ્ઞા કરી સુદામાની ઝુંપડી ને ઠેકાણે કૃષ્ણના મંદિરના વૈભવ જેવી હવેલીની રચના કરી દીધી. ત્રીજે દિવસે કૃષ્ણે ઘણી મમતાથી ભેટી સુદામાને વિદાય કર્યા. શ્રીકૃષ્ણે પોતાનું દારિદ્ર દૂરકર્યું છે એ સુદામાને ખબર નહોતી. વિદાય થતી વખતે કૃષ્ણે કાંઇ પણ હાથમાં ન આપ્યું. તેથી ઉદાસ મુખેથી ચાલ્યા. આ જોઇ સત્ય ભામાએ જાંબુવતીને કહ્યું કે;–સ્વામી કૃપણ કેમ થયા ! આ બ્રાહ્મણ, વળી પોતનો મિત્ર અને તે દરિદ્રી, તેને નિરાશ વાળ્યો ! રૂક્મિણિએ કહ્યું કે, તમો ભગવાનની ગતિને શું જાણો ? સુદામો પણ પંથે ચાલતાં વિચારવા લાગ્યો કે; કૃષ્ણના વૈભવમાં છેક વળ્યો છે, પણ મને એક કોડી પણ આપી નહિ. હું મિત્ર પાસે માગવા આવ્યો, તે કરતાં મને મૃત્યુ કેમ ન આવ્યું ? સ્ત્રીએ મને મોકલીને અપમાન ઉપજાવ્યું. એકાંતરાં અન્ન મળે તો કંદમૂળનું પ્રાશન કરીએ, નાનાં બાળક ભૂખે મરે તો તેને સૂકાં પાન ખવરાવીએ, પવન પ્રાશીને પેટ ભરીએ, નીચ પુરૂષની નોકરી કરીએ, કાષ્ટ તૃણ વેચીએ અગર વિષ પીને સુઇ રહીએ, પણ મિત્ર પાસે હાથ ધરવો નહિ. મેં અજાચક વ્રત આજે મૂકયું એ ઘણું ખોટું કર્યું. નંદ કુમારને મને આપતાં કાંઇ ઓછું થાત નહિ, જો કાંઇ આપત તો મારા દુર્બળની ભાવઠ જાત. મને ઘણું માન આપ્યું એ મારા તાંદુલ લેવાનેજ કે શું ? અરે ! નહિ, નહિ. એ હું ભૂલ્યો. એ જેનું લે છે તેનો ભાર રાખતા નથી. હું હરિને નિંદુ તો મને ધિક્કાર છે. તેણે ઋષિપત્નિઓનું અન્ન ખાધું તો તેને સાયુજ્ય મુક્તિ આપી, ચંદન કુબ્જાજીનું લીધું તો તેને લક્ષ્મી સમાન સ્વરૂપે કરી, વિદુરની ભાજીપત્રનો આહાર કર્યો તો તેને સંસારમાંથી તાર્યા. એ પ્રભુએ મારાપૂર કૃપા કરી પણ મારૂં કર્મજ બહુ કઠોર એમાં કોનો વાંક ! પછી સુદામાને વિવેક થયો કે;–ધન ન આપ્યું તો સારૂં થયું, ધનથી કરીને મને મદ થાત અને પ્રભુની ભક્તિ ભૂલી જાત, સુખમાં કામ ક્રોધ વ્યાપે, દુઃખમાંજ ભગવાન સાંભરેછે. ઇત્યાદિ પ્રકારે ઋષિજ્ઞાન ઘોડે ચડ્યા. વિચાર કરતા કરતા પોતાને

ગામ આવ્યા. જ્યાં પોતાનું ઝુંપડી સરખું ઘર હતું, ત્યાં આવ્યા તો અહીં સાત માળની હવેલી દીઠી. તેની અદ્‌ભૂત રચના જોઇને વિચારવા લાગ્યા કે, આ કોઈ ધનવંતનાં ઘર દિશે છે, જેણે પૂર્વે પુણ્ય કર્યાં હશે તેને પ્રભુએ આપ્યું હશે. એવું વિચારી ત્યાંથી પાછા વળ્યા. બધું નગર અવલોકન કર્યું, ફરી ફરીને એ ઘર પાસે આવ્યા અને તેને ફેરાફરતાં વિચારવા લાગ્યા કે, આ ઘર તે કોનાં હશે ? મારી પર્ણકૂટી ક્યાં ગઈ ! મારૂં કુટુંબ ક્યાં ગયું ! અરે ! મારાં ગરીબડાં છોકરાં ક્યાં ? શું મારી દુઃખી સ્ત્રી પીડાતી છોકરાંને લઇ બીજે ગઇ હશે ! એમ સંકલ્પ વિકલ્પ કરતા આવાગમન કરવા લાગ્યા. એવામાં ઋષિપત્નિએ રસ્તાપર દૃષ્ટિ કરી, તો પોતાના સ્વામીનાથને દીઠા. એટલે તરત ઘણી સાહેલીઓને સાથે લઇ પતિને તેડી લાવવા નીચે ઉતરી. ઋષિપત્નિ સ્વરૂપે સુંદર અને શોભે શણગાર સજેલી હતી. તેને આવતી જોઈ સુદામે જાણ્યું કે, આ તે કોઈ ઇંદ્રાણી છે કે રૂક્મિણિ ! એમ વિચાર કરે છે, ત્યાં તો તરત તે આવી પગે લાગી અને પૂજન કરી છેડો પકડયો. આ જોઈ સુદામા થર થર કંપતા બોલ્યા કે: હું તો સહેજ આ ઘર જોઉંછું, મારા મનમાં કાંઈ કપટભાવ નથી, હું તો વૃદ્ધ છું અને આપ તો જોબન છો. મને પરમેશ્વરની આણ કે હું ભોગાસક્ત આવ્યો નથી. મને જવાદીઓ તો તમારૂં કલ્યાણ થશે. આંગણામાં કોઇ પુરૂષ જણાતો નથી. તેથી લાગે છે કે આ કોઇ સ્ત્રીનું રાજ્ય હશે. હે પાપીણિઓ ! મને શા માટે હેરાન કરો છો ? આ સાંભળી ઋષિપત્નિએ કહ્યું--પ્રાણનાથ ! તમે શાપ દેશો નહિ. શ્રીકૃષ્ણની કૃપાથી આપણું દારિદ્ર જઇને સર્વ પ્રકારની સમૃદ્ધિ સાથે આ હવેલી થઇ છે. ઇત્યાદિ કહી સુદામાને હાથ ઝાલી હવેલીમાં લીધા કે, તરત શ્રીકૃષ્ણ સરખા સ્વરૂપે થઇ ગયા, સર્વ જ્ઞાન પ્રગટી આવ્યું અને જોબનવંતા થઇ ગયા. પછી સ્ત્રી પુરૂષ હાથ ઝાલી અંદર ગયા અને સુખી થયાં. એ રીતે શ્રીકૃષ્ણે પોતાના પરમ ભક્ત અને બાળ મિત્રનાં દુઃખ હરણ કર્યાં હતાં. સુદામા નિત્ય ધર્મદાન કરતા, તેને ત્યાંથી કોઈ જાચક નિરાશ જતું નહિ, પોતે સંસાર સુખમાં આશક્ત ન થતાં સંન્યાસીની પેઠે વિરક્ત રહેતા, વેદાધ્યયન કરતા અને અગ્નિહોત્રાદિક શુભ કર્મો કરીને નિરંતર શ્રીકૃષ્ણની ભક્તિ કરતાં કરતાંજ પરમપદને પામ્યા હતા. અહો ! મિત્ર તો આવાજ જોઇએ કે આ લોક અને પરલોક બંને સુધારી આપે.

લીંગાયતધર્મપ્રવર્ત્તક.

બસવ.

આ પ્રસિદ્ધ પુરૂષ આરાધ્ય જાતનો તેલંગી બ્રાહ્મણ હતો. એના પિતાનું નામ મહાદેવભટ્ટ અને માતાનું નામ મદલંબીકા હતું. એ વિજાપુરની પૂર્વ તરફ મુદે વિહાલ તાલુકામાં **બાગેવાડી** ગામમાં રહેતો હતો. બસવને પદ્માવતી અને નાગલંબીકા નામે બેનો હતી, પદ્માવતીને જૈનધર્મી બીજલ રાજા સાથે અને નાગલંબીકાને એક બ્રાહ્મણ સાથે પરણાવી હતી. પદ્માવતીને આ બ્રાહ્મણની પુત્રી છતાં રાજા સાથે શું કારણથી પરણાવી હશે? એ કાંઇ માલમ પડતું નથી, પણ કંઈ કારણ હોવું જોઇએ. મહાદેવભટ્ટને પ્રથમ કાંઈ પણ સંતતી નહોતી. માટે તેણે પોતાના કુળસ્વામી નંદીનાથની ઘણી સેવા કરી, ત્યારે તેની કૃપાથી મદલંબીકાને ગર્ભ રહ્યા, પણ એ ગર્ભ તેના પેટમાં ત્રણ વર્ષ સુધી રહ્યો. તેથી તેને ઘણી વેદના થવા લાગી, માટે તેણે પોતાના ગર્ભનો છૂટકો થવા નંદીનાથની પ્રાર્થના કરી; ત્યારે તેણે સ્વપ્નામાં આવી જણાવ્યું કે; આ ભૂલોકમાં **વીરશૈવધર્મ**ની સ્થાપના કરવા સારૂ હું પોતે તારા પેટે અવતરીશ. માટે મારો જન્મ થતાં મારૂં નામ બસવ પાડવું. (તેલંગી તથા કાનડી ભાષામાં **નંદી**ને બસવ કહે છે.) આ સ્વપ્ન થયા પછી ગળામાં લીંગ ધારણ કરેલા પુત્રનો જન્મ થયો. તેનું નામ **બસવ** પાડ્યું. એનો જન્મ શાલીવાહનના ૧૧ અગીઆરમા શકમાં થયો. એ પછી બસવને બે બેનો અવતરી હતી. બસવની બુદ્ધિ તીક્ષણ હતી, થોડા વખતમાં પોતાની જાતના આરાધ્ય બ્રાહ્મણના ધર્મશાસ્ત્રમાં સારો નિપૂણ થયો. પછી મહાદેવભટ્ટ પોતાનું ગુજરાન પોતાના ગામમાં નહિ ચાલી શકવાથી સર્વ કુટુંબ સાથે **કલ્યાણ**માં આવી રહ્યા. આ કલ્યાણ ગામ **કલબુર્ગા** નજીક આવેલું છે. જે વખતે મહાદેવભટ્ટ ત્યાં રહેવા આવ્યા તે વખતે ત્યાં બીજલરાજા રાજ કરતો હતો, એ જૈનધર્મી હતો. બસવને આઠમું વર્ષ બેઠું, ત્યારે તેના પિતાએ તેને જનોઈ આપવાની તૈયારી કરી. તે પ્રસંગે પોતાની જ્ઞાતિના સર્વ બ્રાહ્મણો અને રાજના અધિકારી મંડળને આમંત્રણ કરી સભા કરી. એ વખતે સર્વની સમક્ષ બસવે ઉભાં થઈ કહ્યું કે;—"હું જનોઇ લઇશ નહિ, મારે બ્રાહ્મણાદિ વર્ણની જરૂર નથી, હું **શિવ** ભક્ત છું, જ્ઞાતિ રૂપી જે વૃક્ષ છે તેનાં મૂળ શીખે ઉખેડી નાખવા હું જન્મેલો છું." આવાં તેનાં વચન સાંભળીને સર્વ ઘણા આશ્ચર્ય પામ્યા. સૌને એવો નિશ્ચય થયો કે એ કોઇ અવતારી પુરૂષ છે. એ વખતેજ બીજલ રાજાના કારભારીએ તેની હુશિઆરી અને બુદ્ધિ આદિ જોઇને પો-

તાની કન્યા ગંગાદેવીનું સગપણ એ સાથે કર્યું અને થોડા કાળ પછી એનો વિવાહ કર્યો. એ પછી બીજલરાજા સાથે પદમાવતીને પરણાવી હતી એવું જણાય છે. બસવ યોગ્ય વયે આવતાં ઘણો હુશિઆર, અને ડાહ્યો જણાયો હતો. ત્યાંના રાજા બીજલ તેનો બનેવી હતો અને કારભારી **બળદેવ** તેનો સસરો થતો હતો, એ કારણથી તેને રાજ્યમાં સારા દરજ્જાની જગો મળી હતી. બસવે પોતાના અધિકારનું કામ ઘણા પ્રયત્નથી કર્યું. એટલામાં એનો સસરો બળદેવ મરણ પામ્યો. રાજાએ બસવને કારભારીની જગો, સેનાપતિની અને જામદારખાનાની એમ ત્રણ જગ્યોનો અધિકાર સોંપ્યો. બસવ પ્રધાન થયા પછી બીજલ રાજાએ એક બીજી સ્ત્રી સાથે લગ્ન કર્યું. એ બીજી સ્ત્રી સાથે રંગભોગ વિલાસ ભોગવવામાંજ રાજા દિવસ ગુજારવા લાગ્યો, રાજ્યનાં સઘળાં કામનો ભરૂસો બસવ ઉપર મૂકી દીધો. આ લાગ જોઈ બસવને જેજે કાર્ય કરવાનાં હતાં તેનો આરંભ કર્યો. પ્રથમ રાજ્યમાં જુના અમલદારો હતા, તેમાં જે પોતાને પ્રતિકુળ હતા તેમને રજા આપી, તે જગ્યોએ પોતાના પક્ષના માણસોને રાખ્યા. મોટા મોટા ગરાશીઆ તથા ઇનામદારોને તેની જમીન જપ્ત કરવાની બીક બતાવી. તેથી તે લોકો બીકને લીધે બસવના પક્ષમાં મળી ગયા. એ રીતે રાજ્યના તમામને પોતાના પક્ષમાં લીધા. કોઇ પણ તેની બીકને લીધે વિરૂદ્ધ પક્ષમાં નહોતું. પછી બસવે પોતાનો ધારેલો નવો ધર્મ સ્થાપવાનો પ્રયત્ન કર્યો.

બસવે નવો ધર્મ કાઢયો, તેમાં **જાતિભેદ** મુદ્દલ પાલવો નહિ **શીવ** તથા તેનું વાહન **નંદી** એ બેનેજ ભજવું, એ સિવાય કોઇને ભજવુંજ નહિ એવો નિયમ ઠરાવ્યો. આરાદય બ્રાહ્મણોમાં દંડને શીવલીંગ બાંધવાનો રીવાજ હતો, તે કાઢી નાખી ગળામાં શીવલીંગ બાંધવાની રીત કાઢી. એ સિવાય માંસ ન ખાવું, કોઇ વસ્તુ ઇશ્વરને અર્પણ કર્યા વિના ન ખવાય એવો બ્રાહ્મણોનો રિવાજ હતો.તે જેમનો તેમ રાખ્યો. બસવ નંદીનો અવતાર છે એમ પોતે કહેતો. આ ધર્મ બ્રાહ્મણથી તે ઢેઢ સુધી તમામ જાતને પાળવાની છૂટ હતી. સર્વની યોગ્યતા સમાન રાખવી એવો ઠરાવ કર્યો. આ ધર્મ કર્ણાટકમાં તરત પ્રસર્યો તેનાં કારણ આ પ્રમાણે છે;—(૧) આ ધર્મ આરાદય બ્રાહ્મણના ધર્મમાં થોડો ફેરફાર કરીને રચેલો હતો. (૨) બસવના હાથમાં રાજ્યની કુલ સત્તા હતી તેથી જબરજસ્ત હતો. (૩) જાતિભેદ નહિ હોવાથી ઢેઢને પણ બ્રાહ્મણની પંગતમાં ખુશીથી બેસી જમવાની મોકળ થઈ. તેથી નીચ જાત તે ધર્મમાં ઘણી ભરાણી. (૪) રાજાનો ખજાનો બસવના હાથમાં હતો. તેમાંથી જોઇએ તેટલો પૈસો એ માટે ખર્ચ કરતો, પોતાના ધર્મમાં જે લોકો આવે તેને પૈસાનો આશ્રય આપતો,

ખાવા પીવાથી ચેન કરાવતો. તેથી ચોર, વ્યભિચારી, દુર્વ્યસની આદિ છંદાષ્ટ લોકોએ ધર્મ સ્વીકાર્યો. (૫) બ્રાહ્મણ તથા જૈન લોકોમાં ધર્મ સંબંધી ટંટો ચાલતો હતો. તેથી ખરા બ્રાહ્મણોને બસવ તરફ લક્ષ દેવાનો અવકાશ મળ્યો નહિ. નહિતો ખરા બ્રાહ્મણો એનો મત તોડવાને પ્રયત્ન કરત અને તેથી એ પ્રચાર પામી શકત નહિ. બીજલ રાજાની કચેરીના અધિકારીઓ બસવની ચાડી વારંવાર કરતા હતા, પણ રાજાએ એ તરફ જરા પણ લક્ષ આપ્યું નહિ. તેથી બસવનો અધિકાર અને વજનદારી પ્રતિદિન વધતી ચાલી અને તેથી બસવના અનુચારી લોકોની સંખ્યા વધારે થતી ચાલી; કેમકે બસવના ધર્મમાં રોજ મિષ્ટાન્નની ધૂમ મચી રહેતી હતી. તેથી લાલચુ લોકો તે ધર્મને અનુસરવા લાગ્યા હતા. કલ્યાણ શેહેરમાં ૧૨ બાર હજાર લીંગાયત ધર્મના લોકો થઇ ગયા હતા. તેમાં **બોમ્મીદેવ** નામે એક લીંગાયત જબરો અને હુશિઆર ચોર હતો તેપર બસવની ઘણી કૃપા હતી. આ ચોરની વાત બસવ પુરાણમાં લખેલી છે. એ રીતે ઘણાં વર્ષ ગયા પછી બીજલ રાજાને બસવનાં કૃત્ય ઠીક લાગ્યાં નહિ. તેથી બીકથી તેણે બસવને કેદ કરવાનો વિચાર કર્યો. આ વાત બસવને કાને પડી. તેથી એ કલ્યાણનગરી છોડી તત્કાળ નાશી ગયો, રાજાએ તેનો પીછો લીધો. એ વખતે બાર હજાર લીંગાયતો બસવને આવીમળ્યા. તેથી બસવે રાજા સાથે યુદ્ધ કર્યું, તેમાં રાજા હાર પામી બસવને શરણે થયો. પછી રાજા તથા બસવ એકત્ર થઇ કલ્યાણ શેહેરમાં આવ્યા અને પ્રથમ મુજબ બસવ કારભાર ચલાવવા લાગ્યો, પણ તેની વૃત્તિ શુદ્ધ નહોતી તેણે રાજાને મારી નાખવાનો પ્રપંચ આદર્યો હતો. એનો મુખ્ય હેતુએ હતો કે;—રાજાને મારવાથી તેનો પુત્ર વીરવિજલ નાનો છે, તે મોટો થાય ત્યાં સુધી મન ધાર્યું કરવામાં અડચણ પડવાની નથી. એમ ધારી હેતુ સાધવામાં પડયો હતો. એક વખતે બીજલ રાજા કોલાપુરના મહામંડલેશ્વરે કરેલું બંડ શાન્ત કરીને કલ્યાણ આવતો હતો. માર્ગમાં ભીમા નદીને કાંઠે બસવે ખોરાકમાં ઝેર દીધું. તેથી રાજા ત્યાંજ મરણ પામ્યો. આ વિષે બસવ પુરાણમાં લખેલું છે કે; રાજાનો ઘાત બસવે જગદેવ, બોમ્મદેવ, અને માલેય આ ત્રણે લીંગાતને હાથે કરાવ્યો હતો. એ ઘાત બસવે રાજદરબારમાં કરાવ્યો હતો. જગદેવ વગેરે ત્રણે આસામી બસવના મસાલચી હતા, તેઓએ મસાલમાં હથિયારો છૂપાવી રાખીને રાજાનો વધ દરબારમાં કર્યો હતો. શાલીવાહન શક ૧૦૭૬—૭૭ માં બીજલ રાજા મરણ પામ્યો એને શીલા લેખનું પણ પ્રમાણ મળે છે.

બસવે બીજલ રાજાને મરાવ્યો, તેથી તેને એવી બીક લાગી કે, રખેને બીજલરાજાનો પુત્ર વીરવીજલ પોતાના બાપનું વેર લે. માટે અહીં

રહેલું વાજબી નથી, એમ ધારી અહીંથી નાશીને મલબાર કિનારે **વિરીશ-પુર** નામે નાના શેહેરમાં જઇને રહ્યા. થોડા વખત થતાં એના મનમાં ધાર્યા મુજબજ વિરવીજલ પાછળ આવ્યો. આવી શેહેરને ઘેરો ઘાલ્યો. હવે બસબને વિચાર થયો કે બચાવ શી રીતે કરવો ? કોઇ પણ ઉપાય સૂઝયો નહિ. એટલે એક વાવમાં ડૂબી મુવો. આ વાત વિરવિજલને જાણવામાં આવતાં, તેણે શેહેરમાં જઇને તેના મુડદાને કાઢી ગઢ બહાર ફેંકી દીધું. તે રોજથી એ શેહેરનું નામ **ઉળવી** પડયું. આ ગામને લીંગાયત લોકો માને છે અને સંઘ કહાડી યાત્રાએ જાય છે. આ રીતે બસવના મરણ-ની હકીકત જૈન ગ્રંથમાં લખેલી છે. લીંગયત લોકો કહે છે કે;—મલપ્ર-ભાનદી અને કૃષ્ણનદી એ બંનેના સંગમમાં **સંગમેશ્વર** નામે લીંગ છે, તેમાં બસવ પેસી અદૃશ્ય થયો. તે દિવસથી લીંગના મસ્તક ઉપર ઉંડા ખાડાની નિશાની છે એવું પ્રમાણ બતાવે છે, પરંતુ ઉળવીમાં મરણ પામ્યાની જૈન લોકોએ લખેલી હકીકત સંભવતી લાગે છે. લીંગાયત ધર્મ બસવાના વખતથી કર્ણાટકમાં ચાલુ થયો. તે અદ્યાપિ સુધી ચાલે છે. હાલ કર્ણાટકના દક્ષિણ ભાગમાં જ્યાં લોકો કાનડી ભાષા બોલે છે, ત્યાં આ ધર્મના લોકો છે. તેમજ કાનડા જીલ્લામાં નિજામના રાજના ઘણા ભાગમાં અને સુડા મૈહીસુર, બલારી વગેરે પ્રાંતમાં લીંગાયતની ઘણી સંખ્યા છે. પરંતુ આ ધર્મની યોગ્ય-તા બ્રાહ્મણના ધર્મના જેવી મુદલ નથી; કારણ બ્રાહ્મણનો વૈદકધર્મ હિમાલયથી દક્ષિણ સમુદ્ર સુધી અને પૂર્વ સમુદ્રથી પશ્ચિમ સમુદ્ર સુધી આખા હિંદુસ્તા-નમાં ભરપૂર છે તેમ આ ધર્મ નથી; આ ધર્મ વૈદકધર્મનો પેટા પંથ છે. લીંગાયત લોકો દક્ષિણ સિવાય બીજા ભાગોમાં દેખાતા નથી.

હાલ બંગાલામાં જે નવો **બ્રહ્મધર્મ** (બ્રહ્મોસમાજ) નીકળેલો છે, તેના જેવોજ આ લીંગાયત ધર્મ છે, એમ કહેવામાં કંઈ પણ અડચણ નથી. જા-તિભેદ નહિ પાળવો એ મત બંને ધર્મનો સરખો છે, તેમજ રજસ્વલાની આ-ભડછેટ, સુતક, મરણના શૌચની આભડછેટ એ બંને ધર્મમાં ન પાળવાનો સ-રખો મત છે. હાલ લીંગાયત લોકોમાં સંસ્કૃત ભણવાની ઘણી ઉત્કંઠા વધે-લી છે. તેથી લીંગાયતમાં આજે સંસ્કૃત વિદ્વાનો ઘણા જોવામાં આવે છે. માત્ર ભક્તિ સંબંધે દ્વેષથી મધ્વસંપ્રદાયવાળા લીંગાયતને અડવાથી નહાય છે અને લીંગાયતો મધ્વ સંપ્રદાયવાળાને અડવાથી આભડછેટ માની નહાય છે એવી રીત કર્ણાટકમાં છે. લીંગાયતની સ્ત્રીઓ રજસ્વલાની આભડછેટ બિલકુલ માનતી નથી. એ વિષે તેઓનો એવો મત છે કે;—"ભુંસી રાખ ને થઇ પાક" ભસ્મ લગાડવાથી પોતાને પાક થઇ સમજે છે. લીંગાયત ધર્મની સ્ત્રીઓ નિત્ય લીંગાયતના પગ ધોઇ તિર્થ લીધા વિના અન્ન લેતી

નથી. **શ્રીમાન્‌શંકરાચાર્યનો** શુદ્ધાદ્વૈતમત લીંગાયતોને ઘણું કરી માન્ય છે. લીંગાયત ધર્મના લોકો શિવલીંગને પૂજે છે, અને સર્વદા શરીર ઉપર પણ લીંગ ધારણ કરે છે. ઘણું કરી તો કંઠે લટકાવે છે એ બધા લીંગાયતો કહેવાય છે, એને **જંગમ** સંપ્રદાયપણ કહે છે. એ સંપ્રદાય શિવમાર્ગને અનુસરીને નીકળ્યો છે. એમને દક્ષિણમાં **વીરશૈવ** કહે છે; એ બધા બસવપુરાણને માને છે, એ પુરાણ બસવે શાલીવાહનના ૧૧ મા શતકમાં રચ્યું એમ મનાય છે. એમાં ત્યાગી અને ગૃહસ્થ બંને હોય છે. વિરક્ત શૈવોતો ઘણા હોય છે, પણ ગૃહસ્થોએ ઘણા છે ગૃહસ્થો લીંગપૂજા, ભસ્મ, રૂદ્રાક્ષ અને ત્રિપુંડ્ર ધારણ કરે છે. આ લીંગાયત ધર્મપ્રવર્તક બસવને જન્મ્યાને આજે આશરે ૮૦૦ આઠસો વર્ષ થવા આવ્યાં એવું સિદ્ધ થાય છે.

મહાપંડિત.

અપય્યાદીક્ષિત.

આ પ્રસિદ્ધ પુરૂષ જાતનો દ્રવિડ બ્રાહ્મણ હતો. કાંચી શેહેરના (કાંજેવરમ) અગ્નિખુણામાં આદિપાલ્ય નામે ગામમાં રહેતો હતો. એના બાપનું નામ નારાયણદીક્ષિત હતું. શાલીવાહન શકના પંદરમાં સૈકામાં વિદ્યાનગરના રાજા કૃષ્ણદેવની કારકીર્દિમાં એની ચઢતી થઈ હતી. બાર વર્ષની ઉમરમાં તેણે વેદાધ્યયન સંપૂર્ણ કરીને શાસ્ત્રાભ્યાસનો આરંભ કર્યો હતો. એ અભ્યાસ પૂર્ણ થતાં તેણે શાંકર વેદાંતનો અભ્યાસ કર્યો. તેથી તેનું બ્રહ્મવિદ્યામાં જ્ઞાન ઘણુંજ ઉત્તમ થયું હતું. લોકો તેને શિવના અંશરૂપ માનતા હતા. આ માણસ વેદાંતશાસ્ત્ર સંપન્ન, સદાચાર શિલ, અને નિર્મળ બુદ્ધિનો હોવાથી શિવ અને વિષ્ણુ મત વાળાઓમાં અતિ માનવંતો થયો હતો. એ ત્રણ સ્ત્રીઓને પરણ્યો હતો, તેનાથી તેને અગીઆર છોકરાં થયાં હતાં. તેણે પોતાની ભરજુવાનીમાં મોટી મોટી સભાઓમાં જઇને ન્યાય અને ધર્મ સંબંધી વિષયો તથા શિવ, વિષ્ણુના સામ્યદર્શનમાં મોટા મોટા પંડિતો સાથે વિવાદ કરી તેમના મતોનું તેણે ખંડન કર્યું હતું. તેથી ચંદ્રગીરિના રાજા વ્યંકટપતિરાયલ્લુની તેના ઉપર ઘણી પ્રીતિ થઇ હતી. તે રાજાએ તેના કુટુંબ અને વિદ્યાર્થિઓના નિર્વાહ માટે ઘણી ઉપજની જમીન ઇનામમાં ગરાશતરીકે આપી હતી. તે ઉપજ ખાઇ વિદ્યાર્થિઓને નિરંતર ભણાવતા અને અવકાશે ગ્રંથો રચતા. તેણે શિવોપાસના આદિના ઘણા ગ્રંથો કર્યા છે. તે આ પ્રમાણે છે;—**શિવાર્ચનચંદ્રિકા** ૩૦ અધ્યાયની, **શિવતત્વવિવેક** ૨૦ અધ્યાયનો, **શિવમણીદીપિકા** નામે ગ્રંથમાં શિવ

એજ પરમ દૈવત છે તે અનેક શાસ્ત્રોનાં પ્રમાણ આપીને સિદ્ધ કરેલું છે, ને **આત્માર્પણ** એ ગ્રંથ શિવ ભક્તિપરનો છે. **વીરશૈવ** ગ્રંથ શિવાલય અને શિવમૂર્તિના નિર્માણ અને સ્થાપના વિશેનો છે. **શિવકર્ણામૃત** એ ગ્રંથમાં પંચરાત્ર અને વિષ્ણુ પુરાણ એ કેવળ વિષ્ણુ મતાનુરોધી છે એવા મતનું ખંડન કરીને શિવના પ્રાધાન્યતાનું નિરૂપણ કર્યું છે. **રામાયણસારસ્તવ** તે સિવાય **નામસંગ્રહમાલા** અને **શબ્દપ્રકાશ** એ બે કોશ છે. એમાં પહેલા ત્રણ ગ્રંથ તેણે પ્રથમ કેટલાએક યજ્ઞ કર્યા પછી કહેલા છે. કહે છે કે;—આત્માપર્ણ ગ્રંથ કર્યા પહેલાં કેટલાક દિવસ અગાઉ તેઓ **ધંતુરાનાં** બીયાં ખાતા હતા, કારણ કે ધર્મ સંબંધી વિચાર કરવાને ' હૃદય નિર્મળ જોઈએ, તે સાફ રાખવાની શક્તિ એ વનસ્પતિના બીયામાં છે. એ વનસ્પતિએ કરીને તેને ઇશ્વરી જ્ઞાનની પ્રેરણા ઝડપથી સ્ફુરી આવી હતી. તે એવી કે જ્યારે ચારજણ લખવા બેઠા ત્યારે લખી શકાયું હતું. તે એજ આત્માર્પણ ગ્રંથ છે. એ ગ્રંથના વિષયથી દક્ષિણ હિંદુસ્તાનના લોકો ઘણાજ આશ્ચર્ય પામે છે એવો એ ઉત્તમ છે. અપય્યાદીક્ષિતત્રિચીનાપલ્લી, તંજાવર, અને મધુરના રાજાને મળવા ગયો હતો. ત્યાંના રાજા તેની બુદ્ધિ અને વિદ્વતા જોઇને ઘણા પ્રસન્ન થયા હતા અને તેને ઘણું દ્રવ્ય બક્ષીસ આપ્યું હતું. તે લઇ પોતાને વતન આવ્યો હતો. તે મોટો નૈષ્ઠિક અને ધર્મપાલક હતો. ઘણું દ્રવ્ય વાપરી તેણે કાવેરી નદીને કિનારે ઘણા યજ્ઞો કર્યા હતા. ન્યાય, અલંકાર અને વેદાંત શાસ્ત્રાદિ વિષયોપર તેણે ૮૪ ગ્રંથો કર્યા છે. તેમાં **કુવલયાનંદ** અને **ચરિત્રમિમાંસા** એ બે અલંકાર વિષયના ગ્રંથો છે. **દશકુમારચરિત્રસંક્ષેપ** એ ગ્રંથ ઘણો સુંદર છે. ઘણા પંડિતો તેનો અભ્યાસ કરે છે. **વૃત્તિવાર્તિક, રત્નપરીક્ષા** અને **સિદ્ધાંતલેશ** એટલા વેદાંત વિષયોપર પ્રસિદ્ધ ગ્રંથો છે તે તેણે લખ્યા છે. તે સિવાય **મધ્વમૂખકપોલચપેટીકા, મધ્વમતકુઠાર, રામાનુજમતવિધ્વંશ** ઇત્યાદિ અનેક ગ્રંથો લખ્યા છે. તે નિત્ય વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવતો હતો. અને પોતા પાસે જે મળવાને આવતા, તેમની પાસે શિવની સ્તુતિ કરતો અને તે વિષયના સિદ્ધાંતો તેઓને બહુ પ્રેમથી સમજાવતો અને કહેતો કેઃ—

मुरारौश्च पुरारौश्चनभेदः पारमार्थिकः॥
तथापि मामकी भक्तिश्चंद्र चुडे प्रधावतिः ॥१॥

અર્થ—વિષ્ણુને શિવ આ બંનેમાં વાસ્તવિક જોતાં કાંઇ પણ ભેદ નથી; તોપણ મારી ભક્તિ ચંદ્રશેખર જે શિવ તેના તરફ મારૂં મન દોડે છે. એવું કહે છે કે તે સમર્થ વિદ્વાન એક વખતે વિષ્ણુ મંદિરમાં જઇને—

शांताकारं भुजग शयनं पद्मनाभं सुरेशं ॥

विश्वाधारं गगन सदृशं मेघवर्णं सुभांगं ॥
लक्ष्मी कांतं कमल नयनं योगिभिर्ध्यानगम्यं ॥
वंदे विष्णु भव भय हरं सर्व लोकैक नाथं ॥

એ પ્રમાણે ધ્યાન કરવું જોઇએ, તેને બદલે ભૂલથી શંકરનું ધ્યાન કર્યું—

शांतंपद्मासनस्थंशशधरमुकुटंपंचवक्त्रंत्रिनेत्रम् ॥
शूलंवज्रंचखड्गंपरशूमभयदंदक्षभागेवहंतं ॥
नागंपाशंचघंटांप्रलयहुतवहंसांकुशंवामभागे ॥
नानालंकारयुक्तंस्फटिकमणिनिभंपार्वतीशंनमामि ॥

આ પ્રમાણે ધ્યાન કરતાંજ દેરામાંની વિષ્ણું મૂર્તિ અદૃશ્ય થઇને તે જગોએ શિવપ્રતિમા પ્રગટ થઇ હતી; તોપણ એ ધ્યાનમાં ગુલતાન હોવાથી કાંઇ ખબર ન પડી ને ઘેર ચાલ્યા આવ્યા. પછી ત્યાં નિત્ય દર્શને જવાવાળા બીજા લોકોના જાણવામાં આ ચમત્કાર આવ્યો. તેમણે જઇને અપય્યાદીક્ષિતને વાત કરી એટલે તેણે ફરીને વિષ્ણું મંદિર આવી સ્તુતિ કરી કે પ્રથમની પેઠે ત્યાં વિષ્ણું મૂર્ત્તિ જોવામાં આવી! એવું કહે છે.

એક વખતે બંકટપતિ રાજાની સભામાં તાતાચાર્યનામના દ્વૈતવાદી સાથે વિવાદ થયો હતો. તેમાં તેણે તાતાચાર્યનો પરાજય કર્યો હતો. તેથી તાતાચાર્ય અપય્યાદીક્ષિત ઉપરવેર રાખતો હતો. તેણે અપય્યાદીક્ષિતને ઘેર જતી માર્ગમાં મારી નાખવાને મારા મોકલ્યા હતા. માર્ગમાં તેનાથી થોડે છેટે મારા હતા, ત્યાં કોઈ વીરપુરૂષે પ્રગટ થઇને તે મારા ને પાછા વાળ્યા હત. અને અપય્યાદીક્ષિત સુખે ઘેર પહોંચ્યો હતો. આ વાતની રાજાને ખબર પડતાં તેણે દીક્ષિતને તેડાવી આદર સત્કારથી અમૂલ્ય શિરપાવ આપ્યો અને તાતાચાર્યનો અતિશય ધિક્કાર કર્યો હતો. થોડા દિવસ પછી દીક્ષિત કાશીએ યાત્રા કરવા ગયો. ત્યાં જગન્નાથરાય પંડિતનો મેળાપ થયો હતો. તે પછી એ ગયા અને પ્રયાગની યાત્રા કરીને ઘેર આવ્યો. પછી તેણે પારમાર્થિક વિષયોપર સંસ્કૃત ભાષામાં પદ લખ્યાં. તે માંહેલું આ એક જોવામાં આવેલું છે:—

ब्रह्मं ब्राहंकिलसद्गुरोः कृपया ॥ ध्रु. ॥
ब्रह्मैवाहंब्रह्मैवाहं । सत्यज्ञानानंतघनोहं ॥
दृश्यादृश्यभासातीतं । हेतुविहनंसुगमस्वरूपं ॥ ब्रह्मै० ॥ १ ॥
मायाऽविद्याजीवेश्वरयोः । सर्वाधारंचाधिष्ठानं ॥
सर्वातीतंसर्वांतरयोः । सच्चित्सूखमयपूर्णस्वरूपं ॥ ब्रह्मै० ॥ २ ॥
भेदाभेदोभयविवर्जितं । सर्वद्रष्टाशाक्षिमयोहं ॥
भगवत्पादीयमिदमज्ञानं । दीक्षितसूतोर्गतमज्ञानं ॥ ब्रह्मै० ॥ ३ ॥

આ ઉપરના પદથી ભગવત્ પૂજ્યપાદ્ શંકરાચાર્યના સિદ્ધાંતના વિષયની તેમને ખાત્રી થઈ હતી, તે કેટલી દૃઢ હતી તે ખૂલ્લી રીતે જણાય છે. કેટલાક વર્ષ ગયા પછી દીક્ષિતને અહર્નિશ કાશી વાસ કરવાનો વિચાર થયો. તે ઇચ્છાથી તેઓ તૈયાર થયા, પણ ઘણા લોકોએ તેને પોતાનો દેશ છોડી ન જવાનો અતિ આગ્રહ કર્યો. તેથી તેઓ મૂળ આચાર્યની જન્મ ભૂમિ જે ચિદમ્બરપુર ત્યાં જઇને રહ્યા--અને ત્યાંજ પોતાની જીંદગી ધર્માચરણમાં ગુજારી હતી. દીક્ષિતની પાસે સ્ફટિકનાં પાંચલીંગ પૂજામાં હતાં તેમાંથી બે બ્રાહ્મણોને આપ્યાં, એક પોતાના ભત્રિજાને અને એક પોતાના પુત્રને દીધું. એ રીતે ચાર આપી દઇને પાંચમું પોતે ચિદમ્બરપુર ગામમાં સ્થાપન કર્યું હતું, તે અદ્યાપિ સુધી ત્યાં છે. દીક્ષિત ત્યાં થોડો કાળ ગુજારી પોતાની ૯૦ વર્ષની ઉમરે ચિદમ્બર પુરમાં કૈલાશ વાસી થયા. ઇત્યાદિ પ્રકારે એ મહાસમર્થ પુરૂષ પ્રસિદ્ધ થઈ ગયા છે. એને થઇ ગયાને આશરે ૩૦૦ વર્ષ થયા છે.

મહાકવિ--ભક્ત.

શ્રીસુરદાસજી.

આ પ્રસિદ્ધ મહાપુરૂષ બ્રાહ્મણનો પુત્ર હતો. કૃષ્ણા નદીના તીરપરના એક નગરમાં રહેતો હતો. એનું મૂળ નામ બિલ્વમંગળ હતું. જુવાનીમાં તેનો બાપ મરણ પામ્યો હતો. એક વખતે કોઈ એક બ્રાહ્મણને ઘેર ઉત્સવ હતો, ત્યાં બિલ્વમંગળ ગયો હતો, નૃત્ય અને ગાયન કરવા ચિંતામણિ નામે ગનિકા આવી હતી. એ ગનિકા જેવી નૃત્ય અને ગાયનમાં શ્રેષ્ઠ ગણાતી હતી, તેવીજ સ્વરૂપે અતિ સુંદર અને મનમોહક હતી. તેને દેખીને બિલ્વમંગળ મોહિત થયો, તેનું ચિત્ત તેનામાં લાગી રહ્યું હતું. જેવી ચિંતામણિ ગનિકા નૃત્ય કરીને ગઇ કે, તેની પાછળ લાગલોજ બિલ્વમંગળ પણ ગયો. કેટલુંક દ્રવ્ય આપી તેના સ્નેહમાં ગુંથાયો, પોતાની વિદ્યા, ધર્મ અને આચારનો વિચાર નકરતાં કુટુંબ પરિવાર તજીને ત્યાં રોજ વસવા લાગ્યો. ચિંતામણિ વિના તેને પળ પણ ચેન પડતું નહિ. નિરંતરના પ્રેમથી ચિંતામણિ એના ચિત્તના મણિરૂપ થઇ પડી હતી. એક વખતે પિતાના શ્રાદ્ધનો દિવસ આવ્યો, તેને આગલે દિવસે "હું કાલે જરૂર આવીશ." એવું ચિંતામણિને કહી ઘેર આવ્યો, બીજે દિવસે શ્રાદ્ધની સર્વ તૈયારી કરી, ધામધૂમ થવા લાગી, સગાં કુટુંબાદિ માણસો જમવાને આવ્યાં હતાં. કુળગોર પાસે બેસી શ્રાદ્ધ કરવાની શરૂઆત કરી, ગોર મંત્ર પાઠ ભણવા લાગ્યો. તેવામાં તેને ચિંતામણિ પાસે જવાની પ્રતિજ્ઞાનું સ્મરણ થયું કે ચિત્ત તેનામાં લાગી રહ્યું, ગોરને

શ્રાદ્ધ તાકીદે ઉકેલી લેવાનો આગ્રહ કર્યો. શ્રાદ્ધ કાર્ય પૂરૂં થયું કે ચિંતામણિ પાસે જવા તૈયાર થયો. સગાંવહાલાએ ઘણું સમજાવ્યો, પણ નહિ માનતાં એકદમ ચાલી નીકળ્યો. આ વખતે અધરાત થઈ હતી, અંધકાર વ્યાપી રહ્યો હતો, આકાશ વાદળાઓથી ઘેરાએલું હતું, વીજળીના ચમકારા થતા હતા, ઝરમર ઝરમર વરસાદ વરસતો હતો, જોસથી પવન ફુંકતો હતો. તોફાની પવનથી મોટાં મોટાં વૃક્ષો જડમૂળથી ઉખડી પડતાં હતાં. નદી પાણીના પૂરથી ભયંકર ગર્જના કરતી હતી. આવી વખતે ચાલી નદી કિનારે આવ્યો, ચોપાસ જોવા લાગ્યો તો નદી બે કાંઠમાં ભરપૂર વહેતી હતી. ખારવાઓ પણ પોતાના પ્રાણ જવાના ભયથી હોડીઓ ચલાવવી મૂકીને ઘેર ચાલ્યા ગયા હતા. બિલ્વમંગળે એક ખારવાને હોડીથી પેલે પાર ઉતારવાને ઘણું સમજાવ્યો, પણ તેણે ચોખી ના પાડી. નદી પૂરવેગમાં જતી હતી, તે ઉતરી શકાય તેવી નહોતી; તોપણ કામાવેશથી આમ તેમ કિનારે ઘેલાની પેઠે ફરવા લાગ્યો, સ્મરણ માત્ર ચિંતામણિનું લાગી રહ્યું હતું, એ સિવાય બીજા કશાનું કામાવેશમાં ભાન રહ્યું નહોતું; કયી ઘડીએ ચિંતામણિને જઇને મળું એવી આતુરતામાં એકદમ નદીમાં કુદી પડ્યો ! પાણીના વેગમાં તણાયો, ડુબવા લાગ્યો, તોપણ ચિત્ત તો ચિંતામણિમાંજ ચોંટેલું હતું, મરવાનો ભય કે બીજા કશાનું ભાન નહોતું; એવામાં એક મડદુ તણાતું જતું હતું, તેને લાકડું સમજીને વળગી પડ્યો. તેને આધારે માંડમાંડ નદી પાર ઉતર્યો; ત્યાંથી ચિંતામણિને ઘેર ગયો, તો તેના ઘરનું બારણું બંધ હતું. મહા તોફાનથી પશુ પક્ષીઓ પણ બહાર નીકળવાની હિંમત કરી શકે એવું નહોતું. રાત અંધારીઘોર હતી, વીજળીના ચમકારા થતા હતાં. એવામાં ભીંત ઉપર ચડવાને ઘણાંએ ફાંફાં માર્યાં, પણ કાંઇ લાગ મળ્યો નહિ. ઘણી મુશ્કેલીએ બાગમાં ગયો, ત્યાં નાળિએરીના થડમાંની ભીંત ઉપર એક દોરડું લટકતું દેખાયું, તે પકડીને ભીંતપરથી માંડમાંડ ઘરની એક બારી ખુલ્લી હતી તેમાં પેઠો. જરા ખડખડાટ થવાથી ચિતામણિ જાગૃત થઇ, ચોર સમજી થર થર કંપવા લાગી. તેવામાં બિલ્વમંગળ ટાઢથી ઠુંઠવાઇ ગયેલો હતો, તે એકદમ બેશુદ્ધ થઈ પડ્યો. ચિંતામણિએ ભયથી દિવો લાવી જોયું તો બિલ્વમંગળને દીઠો. આ જોઇ ઘણીજ આશ્ચર્ય પામી, ઘણી મહેનતે શુદ્ધિમાં લાવી પૂછ્યું કે;—"બિલ્વમંગળ ! શું તમે ગાંડા થયા છો ! આવી ભયંકર અંધારી રાત્રે, તોફાન વખતે, આવી ભયંકર ભરપૂર ગર્જના કરતી નદી શી રીતે ઉતરી આવ્યા ! શું તમે કાલે ઘેર ગયા નહોતા ? આવી વખતે નદી ઉતરી અહીં આવી શકવું તો સંભવિત નથી." બિલ્વમંગળે યથાસ્થિત વાત કહી બતાવી. આ સાંભળી ચિંતામણિ અતિ આશ્ચર્ય પામી,

પણ એ વાત સંભવિત ન લાગવાથી મનમાં વિચારવા લાગી કે એ મને ઠગે છે. પછી તેની ખાત્રી કરવાને જે લાકડું પકડી નદી પાર આવ્યો હતો. અને જે દોરડું ઝાલી ભીંતપરથી અંદર આવ્યો હતો, એ નજરે જોવાનો ઇરાદો બતાવ્યો. આ વખતે આકાશ ખૂલ્લું હતું, ચંદ્રમાંનો સ્વચ્છ પ્રકાશ પડતો હતો, તોફાન પણ શાંત થયું હતું. તેથી બિલ્વમંગળને તેડીને નદી કિનારે ગઈ. બિલ્વમંગળ જે પકડીને નદીપાર ઉતર્યો હતો તે બતાવ્યું, તો એ લાકડું નહોતું પણ કોઇ મનુષ્યનું શબ હતું. તે જોતાંજ ચિંતામણિ તો થર થર કંપતી બોલી;–હાય મા ! કેવો ભયંકર બનાવ ! શું આ શબને પકડીને આવ્યા ? ગજબ ! તમારૂં ચિત્ત ખસી ગયું લાગે છે ? પેલું દોરડું બતાવો. બિલ્વમંગળે નાળિએરીથી છેટે રહી કહ્યું કે, જુઓ એ પેલું દોરડું લટકે ચિંતામણિએ પાસે જઇને જોયું તો એ દોરડું નહોતું, પણ મોટો અજગર હતો. જોતાંજ ભયથી બૂમ પાડી બોલી, હાય ! હાય ! આ તો કાળરૂપ અજગર છે ! આ સર્વ વિચિત્ર બનાવ જોઇને ચિંતામણિ બોલી;–બિલ્વમંગળ ! તમે શું ગાંડા થયા છો ? મુડદાને લાકડું સમજીને અને અજગરને દોરડું સમજીને ગ્રહણ કરી આવ્યા ! કેવી મૂર્ખાઈ ! બિલ્વમંગળે કહ્યું એ બધું તમારા પ્રત્યે પ્રેમને લીધે થયું છે, ચિંતામણિએ કહ્યું;–"બિલ્વમંગળ ! આટલો પ્રેમ મારામાં રાખો છો, તેટલોજ જો તમે હરિચરણમાં રાખો તો તમને મુક્તિની પ્રાપ્તી થાય. વૃથા વલખાં મારી દુઃખમાં કાં પડો છો ? ખરેખર તમે કોઇ મૂર્ખ દિશો છો, નહિ તો આવી રીતે ખોટા મોહમાં પડો નહિ અને આટલા દુઃખી થાઓ નહિ."

બિલ્વમંગળને ચિંતામણિનાં આ વચનો હૃદયમાં બાણ જેવાં લાગ્યાં. તેના અજ્ઞાનનો પડદો ઉઘડી ગયો, હૃદયમાં દિવ્ય જ્ઞાનનાં અંકુરો ફુટી નીકળ્યાં, તરત ચિંતામણિનું ઘર તજી દઇને ચાલતો થયો અને હરિ સ્મરણ કરતો ફરવા લાગ્યો. જેવો દૃઢ સ્નેહ ચિંતામણિમાં થયો હતો, તેવોજ દૃઢ સ્નેહ હવે હરિમાં રાખવા લાગ્યો. ચિંતામણિ ગનિકા તેને સત્ય રસ્તે વાળનાર ચિંતામણિરૂપ થઈ પડી. હરિના પ્રેમમાં ગરક થઇ રહ્યો. તેનું હૃદય હરિભક્તિમાં ઉછળી રહ્યું હતું, પણ હજુ રૂપની લાલસા અંતઃકરણમાંથી ગઇ નહોતી. તેથી એ વૈરાગ્યવાન પુરૂષ રૂપાળી સ્ત્રી જોઇને મોહિત થઈ જતો. એક વખતે એક નગરમાં ફરતો હતો, ત્યાં એક દ્રવ્યવાન વેપારીની સ્ત્રીના રૂપમાં મોહિત થયો, તેનું ચિત્ત ચલિત થયું, વ્યાકુળ હૃદયે એ સ્ત્રીને ઘેર જઇને ઉભો રહ્યો. એ સ્ત્રીનો પતિ ધાર્મિક હતો, અતિથિનો સત્કાર કરતો, કદી પણ કોઇ અતિથિને આંગણેથી નિરાશ વાળતો નહિ. તેણે આ અતિથિને આગમન કારણ પૂછ્યું. બિલ્વમંગળે કહ્યું;–"આપની સ્ત્રીનું રૂપ

જોઇને મારૂં ચિત્ત ચંચળ થયું છે, તેને જોઇને મારી આંખનું સાર્થક કરવાને આવ્યોછું." આ સાંભળી વેપારી વિચારમાં પડયો, પણ અતિથિનો સત્કાર કરવાનો નિયમ સંભાળી બોલ્યો કે; ભલે તમે બેસો. હમણાં હું મારી સ્ત્રીને લાવુંછું! એમ કહી સ્ત્રી પાસે જઇ બોલ્યો;-"પ્રિયે! આજે તમારી પરીક્ષાનો દિવસ આવ્યો છે. માટે હિંમત રાખી સ્વામીનો ધર્મ પાળવા તૈયાર થા એક વૈરાગી બ્રાહ્મણે તમારૂં રૂપ જોવાની ભિક્ષા માગી છે અને તે મેં પૂર્ણ કરવાનું વચન આપ્યું છે." આ સાંભળી પતિવ્રતા સ્ત્રી કુંવાડાથી કપાએલી કેળની પેઠે એકદમ પતિના ચરણમાં પડી બોલી;-નાથ! આપના વિના હું આ પૃથ્વીમાં કોઇને ઓળખતી નથી, બીજા પુરૂષને કદી કુદૃષ્ટિએ જોયા નથી. માટે હું મારો પ્રાણ તજીશ, પણ આ બ્રાહ્મણને મુખદર્શન કરાવીશ નહિ. વેપારીએ કહ્યું;-હું અતિથિ સત્કારમાં કદી પાછી પાની દેતો નથી. જો મારાપર તારો ખરો પ્રેમ હોય તો આજે મારો ધર્મ પાળ્યા વગર રહીશ નહિ. ઇત્યાદિ કહેવાથી સાધ્વી સ્ત્રી ખુલ્લે મુખે બ્રાહ્મણ સામે આવી ઉભી રહી. બિલ્વમંગળ બોલ્યો;-તારૂં રૂપ જોઇને હું અતિ મોહિત થયોછું. સાધ્વી સ્ત્રીએ કહ્યું કે; જોવાથી તને મોહ થયો હોય, તો તારાં નેત્રો તને અવળે રસ્તે વાળે છે અને તને વૃથા દુઃખમાં નાખે છે. તું જેટલા પ્રેમથી મને જુએ છે તે કરતાં એટલાજ પ્રેમથી પ્રભુને જોની કે જેથી તારી મુક્તિ થાય. આ સાધ્વીના બોધથી બિલ્વમંગળનું હૃદય પિગળી ગયું. તરતજ જ્ઞાન વ્યાપ્યું, પોતાને મોહપાસમાં ફસાઇ ગયાની ભૂલ સમજાઇ ગઇ. તેથી અતિ શોકસાગરમાં ગરકાવ થઇ બોલ્યો;-અરે! મને મારાં નેત્રજ રૂપના મોહમાં ફસાવી અવળે માર્ગે વાળે છે. ધિક્કાર છે મને! અને ધિક્કાર છે મારાં નેત્રને!! એજ નેત્ર ફોડી નાંખું કે પછી જોઇ શકુંજ નહિ અને વૃથા દુઃખ પામું નહિ. એટલુંજ નહિ પણ હરિને પામવામાં અડચણ કરતા થઇ પડે નહિ. એમ કહેતાંજ તરત પોતાનાં બંને નેત્રોમાં સોઇઓ ભોંકી દીધી અને એ સાધ્વી સ્ત્રીને માતા કહી ચાલતો થયો. એ રીતે બિલ્વમંગળ બંને આંખે આંધળો-સૂરદાસ થયો. ત્યારથી એ **સૂરદાસજી** નામે પ્રસિદ્ધ થયો

સૂરદાસજી ગદ્દગદ્દ કંઠે માર્ગમાં હરિ-પ્રભુનું સ્મરણ કરતો ફરવા લાગ્યો. હે હરિ! દર્શન આપો? હાહરિ દર્શન આપો? દયાળુ પ્રભુ! દર્શન આપો? દીનબંધુ કૃપા કરો! હે કૃપાનાથ! હે કૃપાનાથ! મને કેમ દર્શન આપતા નથી? એમ સજળનેત્રે બોલતો રાત્રિ દિવસ જંગલમાં ફરવા લાગ્યો. રસનાએ રટણમાત્ર હરિનુંજ લાગેલું હતું, એકાગ્રહ ચિત્તે ધ્યાન હરિનું ધરી ફરતો હતો. તેવામાં એક ગૌચારનાર બાળકનો મેળાપ થયો. તે અંધ બ્રાહ્મણનો હાથ પકડી માર્ગ બતાવતો, ખાવાનું લાવી આપતો અને સૂરદાસ

બોલાવે કે તરત હાજર થતો. બિલ્વમંગળ એક વખતે હરિના ધ્યાનમાં હ-
તો, ત્યાં જુએ છે તો સામે ગોવાળ પુત્ર ઉભો છે. સૂરદાસ સમજી શકયો
નહોતો કે આ પુત્ર તે કોણ છે? ધ્યાન ભંગ થવાથી અફસોસ કરવા લા-
ગ્યો કે, હાય! હાય! મારી શી વલે થશે? મેં સંસારતજી દીધો, કુટુંબ પરિ-
વાર અને સર્વસ્વ છોડી દીધું અને નેત્રો પણ ફોડી નાખ્યાં; તોપણ વળી
આ ગોવાળ પુત્રમાં પ્રેમ લાગ્યો. અરે! હું હવે હરિ કેમ મેળવી શકીશ?
ગોવાળ પુત્રે કહ્યું તમે મારાપર પ્રેમ ઘણો રાખો છો તેથી તમારો શબ્દ સાં-
ભળતાંજ આવી હાજર થાઉછું. સૂરદાસ હરિપ્રેમમાં ગરકાવ હતો. પ્રેમાશ્રુ
પાડી હરિદર્શન માટે આતુર થઇ જતો. ગોવાળ પુત્રે તેની એવી પ્રેમભક્તિ
જોઇને કહ્યું કે;—ચાલો તમને વૃંદાવનમાં તેડી જાઉ ત્યાં તમે હરિના દર્શન
કરશો. સૂરદાસે કહ્યું; અરે! ભાઈ હું અંધ હરિનાં દર્શન કેવી રીતે કરી
શકીશ? ગોવાળ પુત્ર કહ્યું કે, જે પ્રેમ તેનાપર કરે છે તે તેનાં દર્શન કરી શકે
છે. એમ કહી સૂરદાસને વૃંદાવનમાં તેડી ગયો. પછી સૂરદાસે હરિના દર્શન
કરવાની ઈચ્છા બતાવી. ગોવાળપુત્ર તેજ સાક્ષાત્ હરિહતા; તેણે ભક્ત કાર-
ણેજ ગોવાળ પુત્રનું રૂપ લીધું હતું. તે રૂપ તરતજ દૂર કરી સાક્ષાત્ ત્રિભૂવન
મોહકરૂપ ધારણ કર્યું કે, સૂરદાસનાં નેત્ર હતાં તેવા થઈ ગયાં. એટલુંજ નહિ
પણ હૃદય ચક્ષુપણ ઉઘડી ગયાં. દિવ્યજ્ઞાન પ્રાપ્ત થયું, વૃંદાવનમાં કેટલોક
કાળ હરિભજન, પૂજન કરતો રહ્યો અને કેટલેક વર્ષે મોક્ષને પામ્યો. હરિના
સાક્ષાત્કાર થયાની વાત ભક્તમાળામાં લખેલી છે. તે ગમે તેમ હો, પણ એ-
ટલું તો ખરૂં કે તેમને હરિપ્રતાપથી પરમજ્ઞાનની પ્રાપ્તી થઈ હતી અને ઉ-
ત્તમ ગતિને પામ્યો હતો. એ ઇ. સ. ૧૬૪૦ માં હતો. તેનો **સૂરસાગર**
નામે બનાવેલો ગ્રંથ અતિ પ્રસિદ્ધ છે. તે ઘણો મનન કરવા યોગ્ય ગણાય છે.
એનાં ૬૦,૦૦૦ સાઠ હજાર ઉપર પદ છે. આખો ગ્રંથ હાલ મળતો નથી.
વ્રજમાં આઠ કવિઓ પ્રખ્યાત થઈ ગયા છે, તે આઠ કવીશ્વરોમાં એ એક છે.
એની પદબંધ કવિતા ઘણીજ સુરસ ગણાય છે. એનું પદ સાંભળી ગમે તેવો
માણસ પણ શરીર ધુણાવ્યા વગર રહેતો નથી. પ્રસિદ્ધ ગવૈયા તાનસેન સાથે
તેને ઘણીજ મિત્રતાઈ હતી. તાનસેને સૂરદાસની તારીફમાં આ દોહો કહ્યોછે કે;—

કિધૌં સૂરકો સર લગ્યો કિધૌં સૂરકી પીર;
કિધૌં સૂરકો પદ લગ્યો તનમન ધુનત શરીર. ૧

"અહો! આથું તેનું ઓછું મહત્વ દર્શાવે છે? ધન્ય છે આ મહાપુરૂ-
ષને! કે પોતાના આત્મબળવડે એકાગ્રહ ચિત્ત અને અખંડ ઉદ્યોગથી પર-
મપદને પામીને એક ઉત્તમ દૃષ્ટાંત રૂપ અમર કીર્તિ રાખી ગયો છે."

દાનવીર.

માઘકવિ.

આ સમૃદ્ધિવાન પ્રસિદ્ધ કવીશ્વર જ્ઞાતે **શ્રીમાળીબ્રાહ્મણ**હતો. મારવાડમાં **શ્રીમાળપુર** નામે નગરમાં રહેતો હતો. આ પુરૂષ મહા વિદ્વાન, કવિ, મોટો દ્રવ્યવાન, ઉદાર, ટેકી, દયાળુ, જ્ઞાની અને હિંમતવાન હતો. એ મોટો સમૃદ્ધિવાન હતો. પોતે મોટો દ્રવ્યવાન હોવાથી વિદ્વાન લોકોને ઘણું દ્રવ્ય આપતો હતો. તેમજ ગરીબોને દાન આપવામાં પોતાની સમૃદ્ધિનો સદુપયોગ કરતો હતો. તેથી દેશવિદેશમાં એની કીર્ત્તિ ઘણી પ્રસરી રહી હતી. એની દાન કીર્ત્તિ અને વિદ્વાતા જોઇને ઘણા રાજાઓનાં આમંત્રણો આવતાં હતા. મોટી મોટી સભાએમાં તેમને ઘણું માન મળતું હતું. એની સ્ત્રી પણ વિદ્વાન, જ્ઞાની, ઉદાર અને પતિવ્રતા હતી. એક ઘરમાં બંને ઉદાર અને ગુણી હતાં. માઘ કવિ સર્વ વાતે સુખી હતો, ભોજ રાજાના વખતમાં એ કવિ વર્ગમાં ગણાતો હતો, પણ એ કવિ કે પંડિતોની પેઠે કદી પણ એના દરબારમાં ગયો નહોતો. એની દાન કીર્ત્તિ અને વિદ્વતા જોઇને ભોજ રાજાએ ઘણીવાર આમંત્રણો મોકલ્યાં હતાં. ત્યારે એ એક વખતે શિઆળામાં તેમને મળવાને ગયો હતો અને માત્ર એક દિવસ રહીને જવાની રજા લીધી હતી. જતી વખતે ભોજરાજા તેને પોતાના બાગ સુધી વળાવવા ગયો હતો. ત્યારે માઘ કવિએ તેને પોતાને ઘેર પધારવાનો વિનંતિ પૂર્વક ઘણો આગ્રહ કર્યો હતો. તેથી કેટલાક દિવસ પછી ભોજરાજા પોતાની સ્વારી સાથે શ્રીમાળપુર ગયો. તેનું લશ્કર માઘ કવિના ઘોડાના તબેલામાં સમાઇ ગયું અને ભોજરાજા કવીશ્વરની હવેલીમાં ઉતર્યો હતો. હવેલીમાં જવાનો રસ્તો જાડા કાચના તકતાથીજ મઢેલો હતો. ત્યાં અનેક પ્રકારના પદાર્થ અને ઉપચાર સામગ્રી આદિ જોઇને ભોજરાજા ઘણું આશ્ચર્ય પામ્યો હતો. બપોરે ભોજન વખતે પુષ્કળ પ્રકારનાં શાક, મીઠાઈ, વિવિધ પ્રકારના પદાર્થો અને સર્વ ઋતુમાંનાં ફળાદિ સામગ્રી પીરસ્યાં હતાં. તે દિવસે ઘણી ટાઢ હતી પણ ત્યાં જગેજગે ગરમ ચીજો મૂકેલી હતી. તેથી રાજાને વિંજાણાનો પવન લેવો પડયો હતો. તેજ દિવસે રાત્રે બંને વચ્ચે કાવ્ય, નાટક, અલંકાર, ન્યાય અને નીતિ સંબંધી ઘણો વખત સુધી ચર્ચા ચાલી હતી. ભોજરાજા તેમની વિદ્વતા અને કવિત્વ શક્તિ જોઇ આશ્ચર્ય પામ્યો હતો અને ઘણું દ્રવ્ય આપી વખાણ કર્યાં હતાં. રાજા થોડા દિવસ કવિને ત્યાં રહી વિદ્યા વિનોદ કરી પોતાની રાજધાનીમાં આવ્યો હતો. ઇત્યાદિ રીતે જોતાં એ વખતે માઘ કવિની મહત્તા ઘણી હતી.

મનુષ્યની ચડતી પડતી થયાં કરે છે, સરખે સરખા દિવસ કોઇના જતા નથી. અસ્તોદયના ચક્રમાં ભાગ્યેજ કોઇ સપડાયા વગર રહે છે. આ દાનેશ્વર કવિનો પણ વારો આવ્યો. એક જોષિએ માઘ કવિને જન્મોતરી કરી આપી હતી. તેમાં એવું ભવિષ્ય વર્ત્તેલું હતું કે તને ઉપરા ઉપર ઘણું દ્રવ્ય મળશે, પણ વૃદ્ધાવસ્થા વખતે નિર્ધન થશે અને પગે સોજા ચડશે. આ ભવિષ્ય વચનો પ્રમાણેજ તેને વૃદ્ધાવસ્થામાં દારિદ્ર આવ્યું હતું. આવી સ્થિતિમાં પણ ગરીબ લોકો પ્રથમ પ્રમાણે તેની પાસે યાચના કરવા આવતા હતા. એ વખતે એવું કહ્યું છે કે;—

दारिद्रयानलसंतापःशांतःसंतोषवारिणा ॥
दीनाशाभंगजन्मातुकेनायमुपशाम्यतु ॥

અર્થ—દારિદ્રરૂપી અગ્નિનો સંતાપ હું મારા સંતોષરૂપી પાણીએ થંડો પાડુંછું, પણ ગરીબોના આશા ભંગરૂપી તાપને હુંશી રીતે શાંત કરૂં? એ રીતે પોતે ગરીબોને નિરાશ જતા જોઇને વખતે વખતે એમ ઘણો શોક કરતો હતો. ઘણા દિવસ જતાં એક દિવસે તેણે પોતાની સાધ્વી સ્ત્રીને કહ્યું કે;—

देशंस्वमपिमंचंतिमानम्लानंमहाशयाः ॥
दिनात्यसानेव्रजतिद्वीपांतरमहर्मणिः ॥

અર્થ—જે ઉદાર છે તે આપત્કાળ વખતે પોતાનો દેશ છોડે છે. જેમ સૂર્ય પણ દિવસની આખરે બીજા દ્વીપમાં જાય છે. ઇત્યાદિ વિચાર કરી માઘ કવિ પોતાની સ્ત્રી સહિત ભોજ પાસે **ધારાનગરી** માં આવ્યો. પછી પોતાની સ્ત્રીને પોતાનું રચેલું **માઘકાવ્ય** ભોજરાજાને દેખાડવાને મોકલી. રાજાએ આ પુસ્તક વચમાંથીજ ઉઘાડીને જોયું; ત્યારે તેની દૃષ્ટિએ પ્રથમ આ નીચેનો શ્લોક પડયો;—

कुमुदवनमपश्रिश्रीमदंभोजखंडंत्यजति । मुदमुलूकःप्रीतिमांश्चक्रवाकः ॥
उदयमहिमरश्मिर्यातिशीतांशुरस्तं । हतविधिललितानांहीविचित्रोविपाकः ॥

આ શ્લોકનો ભાવાર્થ ભોજ રાજાએ મનમાં સમજીને કહ્યું કે; અહા! આ સર્વ કાવ્યની શી વાત કહું! પરંતુ આ એક શ્લોકનું મૂલ્ય આખી પૃથ્વીના મૂલ્ય કરતાં પણ થોડું છે. એમ કહી રાજાએ તેની સ્ત્રીને એક લાખ રૂપિઆ આપી ઘણો સત્કાર કર્યો હતો. માઘ કવિની આ સાધ્વી સ્ત્રી પોતાની ઉદાર વૃત્તિથી પ્રસિદ્ધ હતી. તેને જોઇ ઘણા ગરીબ યાચકો માગવા આવ્યા. તેમને એ આપતી આપતી ઉતારે આવી. ત્યાં સર્વ દ્રવ્ય ઉડાવી દીધું. અહો! ઉદાર દંપતિના ઉદાર મનને ધન્ય છે! જેને મન દ્રવ્ય તો કશા લેખામાંજ નહોતું. માત્ર પરમાર્થજ પ્રિય હતો. જે નિરંતર પરને દુઃખી દેખીને

તેનાં દુઃખો કાપવામાંજ પોતાનું સાર્થક સમજતા હતા. અને પોતાના દુઃખોનો લેશપણ વિચાર કરતાં નહોતાં. અહા! ધન્ય છે આવાં પરમાર્થિ જોડાંને! શું આવાં પરમાર્થી જોડાં આજે જોવામાં આવે છે? કદી નહિ. કોઈ કવિએ એકેકા કવિમાં એકેકો ગુણ વિશેષ વર્ણવ્યો છે તેમાં માઘ કવિ વિષે કહ્યું છે કે;—

उपमाकालिदासस्यभारवेरर्थगौरवं ॥
दंडिनःपदलालित्यंमाघेसंतित्रयोगुणाः ॥

અર્થ-ઉપમા કાલિદાસની, ભારવીનું અર્થ ગૌરવ, અને દંડી કવિનું શબ્દ સૌંદર્ય એવા એકેક ગુણમાં ઉત્તમ છે. પરંતુ માઘ કવિ ઉપમા, શબ્દ સૌંદર્ય અને અર્થ ગૌરવ એ ત્રણે ગુણમાં ઉત્તમ છે. તે સર્વ માઘ કાવ્ય જોવાથી લક્ષમાં આવશે. આ એક પણ માઘ કવિની મોટી મહત્તા છે, એ કવિ શિરોમણિ પોતાની કુદરતા અને **માઘકાવ્યની** અલૌકિક રચનાથી દેશ વિદેશમાં અચળ કીર્ત્તિ રાખી ગયેલ છે. જે અદ્યાપિ સુધી સતેજ છે. એ કવિ ઇ. સ. ૧૦૭૫ માં હતો. એ જોતાં તેને થઇ ગયાને આજે આશરે ૮૨૦ વર્ષ થયાં છે.

ત્રિકાળદર્શિ.

પંજુભટ્ટ.

આ પ્રસિદ્ધ વિદ્વાનપુરૂષ જ્ઞાતે સારસ્વત બ્રાહ્મણ હતો. કાઠિયાવાડ ઇલાકામાં આવેલા **ધવલપુર—ધ્રોલ** શેહેરમાં રહેતો હતો. વર્તમાન, ભૂત અને ભવિષ્ય ત્રણકાળની વાત જાણતો હતો. તેથી એ **ત્રિકાળદર્શિ** નામે દેશમાં પ્રસિદ્ધ હતો. એના જેવો ત્રિકાળદર્શિ આ વખતે કોઈ નહોતો. દેશદેશાવરના રાજા રાણાઓ વગેરેમાં તેનું માન ઘણું હતું. જામરાવળની સર્વ પ્રકારથી ચડતી તેમના પ્રતાપથીંજ થઇ હતી. એ વિષે એમ કહેવામાં આવે છે કે;—જામનગરના જામરાવળને માથાનું ભયંકર દરદ હતું. એ માટે ઘણાં ઔષધો, મંત્રતંત્રો, પ્રયોગો, ચાટક ચેટકાદિ અનેક ઉપાયો કર્યાં. વિદ્વાન જોષિઓ અને ભવિષ્ય વાદીઓને ભેળા કર્યા, પણ કાંઈ ફેરપડ્યો નહિ. ત્યારે કોઇએ એવા ખબર આપ્યા કે, **ધ્રોલ**માં ત્રિકાળદર્શિ **પંજુભટ્ટ કરીને એક સમર્થ બ્રાહ્મણ** છે તેનાથી સારૂં થશે. જામરાવળે તત્કાળ તેને માણસો તેડવાને મોકલ્યાં. માણસો ત્રિકાળદર્શિને ઘેર આવી ઉતર્યાં; રાત્રેવાળુ કરી ઓસરીમાં સૂતાં અને ત્રિકાળદર્શિ ઓરડામાં સૂતાં.

ઓરડામાં જે વાત થાય તે ઓસરીમાં સંભળાતી હતી. રાત્રે સૂતાં સ્ત્રીએ પૂછ્યું કે, તમો જામનગર કેટલા રોજ રોકશો, ત્રિકાળદર્શિએ કહ્યું કે; પંદર દિવસ થશે. ત્યારે સ્ત્રીએ કહ્યું કે; નિત્યના પાંચ લેખે ૭૫ ખાસડાં મારવા આપો, ત્રિકાળદર્શિએ હા પાડી કે સ્ત્રીએ પોણાસો ખાસડાં માર્યાં. ઓસરીમાં સૂતેલાં માણસો આ સર્વ બનાવથી આશ્ચર્ય પામ્યા. તેઓ પરસ્પર કહેવા લાગ્યાં કે, જે બ્રાહ્મણ સ્ત્રીના હાથથી જોડાનો માર ખાય છે, તે રાવળજામનું શું ઝલેલ કરશે ! જો આપણે તેને તેડી ન જઇએ તો રાજા ગુસ્સે થાય. રાજા જે વહેમે ચડયો તે ચડયો, તેને કોણ કહે ? માટે આપણે તેડી તો જઇએ પછી થવું હશે તે થશે. એમ વિચાર કરી ત્રિકાળ દર્શિને સવારે રથમાં બેસાડી નગર (નાગને) તેડી ગયા. રાવળજામે ઘણો સત્કાર કર્યો. બીજે દિવસ થયો, વિદ્વાનોની સભા ભરાણી બ્રાહ્મણોની રાજાએ પૂજા કરીને ત્રિકાળદર્શિને અધ્યક્ષસ્થાને બેસાડયા. જામરાવળે પોતાના દરદનું કારણ અને ઉપાય પૂછયો. ત્રિકાળદર્શિએ સર્વની સમક્ષ કહ્યું કે;— અહીંથી પૂર્વમાં આશરે ૨૬ ગાઉ ઉપર જંગલમાં એક મોટો ટેકરો છે. તે ઉપર અરણીનું ઝાડ છે, તેને પવનના ઝપાટાથી જ્યારે આંચકો લાગે છે, ત્યારે તમારા માથામાં દરદ થાય છે. તે જો બંધ પડે તો તરત તમારૂં દરદ મટી જાય. આ સાંભળી સકળ સભા અતિ આશ્ચર્ય પામી. સર્વને આ વાત અસંભવિત લાગી, પણ પછી જાતે જઇને તપાસ કરવાનો નિશ્ચય કર્યો. રાવળ જામ પોતાની સ્વારી સાથે ઘણા વિદ્વાનો અને ત્રિકાળદર્શિને લઇ ત્યાં ગયો. ત્રિકાળદર્શિએ ટેકરીપર ચડીને સર્વેને અરણીનું ઝાડ દેખાડયું. એ વખતે આંચકાનો પવન નહોતો. તેથી જામ રાવળને માથામાં દરદ થતું નહોતું. ત્રિકાળદર્શિને ખાત્રી કરી આપવાનું કહેતાં, તેણે તરત ઉભા થઇને અરણીના ઝાડની ડાળને જોરથી આંચકો માર્યો કે; રાવળ જામ અસહ્ય માથાની પીડાથી રાડ પાડી ઉભા થઇ ગયા. તેથી સર્વને પૂર્ણ ખાત્રી થઇ. પછી રાજાએ તેનું કારણ પૂછ્યું. ત્રિકાળ દર્શિએ કહ્યું કે;—અહીંથી થોડે દૂર અરણી ટીંબા ગામ છે, ત્યાં એક સોની રહેતો હતો, તેની ગાય ભરવાડ પોતાની બીજી ગાયો સાથે જંગલમાં ચારવાને લઇ જતો હતો. સોનીની ગાય દૂઝણી હતી, સવારમાં દોવા દેતી; પણ ચરી આવ્યા પછી સાંજે દોવા દેતી નહિ. જેટલા ઉપાય કર્યા તેટલા સર્વ વ્યર્થ ગયા. તે ઉપરથી તેને વહેમ ગયો કે ભરવાડ દોઇ લેતો હશે. એ માટે એકવાર ભરવાડને ઘણો ઠપકો આપ્યો, પણ એ બિચારો નિર્દોષ હતો, તેણે તો સોગન ખાઇ કહ્યું કે હું કશું જાણતો નથી. આ વાતથી ભરવાડે તેની તજવીજ કરવા માંડી. એક દિવસે આ ટેકરા ઉપર આ જગ્યાએ ખાડો હતો, ત્યાં ગાય આવીને

ઉભી રહી અને ચારે આંચળોમાંથી દૂધની ધારા પડવા લાગી. તમામ દૂધ ખાલી થયા પછી ગાય ચાલી નીકળી. એ રીતે ત્રણ ચાર દિવસ નજરે જોઇને ખાત્રી કરી. પછી ભરવાડે સોનીને કહ્યું કે; ભાઇ! હું તારી ગાયના દૂધનો ચોર નથી, પણ એ ગાય પોતેજ છે. પછી સોનીને પણ ત્રણ ચાર રોજ સાથે તેડી જઇને ખાત્રી કરાવી. સોની ઘણું આશ્ચર્ય પામ્યો. પછી નિત્ય તે ખાડામાં પૂજાકરવા આવતો. ભરવાડે તેનું કારણ પૂછવાથી સોનીએ કહ્યું કે;–અહીં કોઈ ચમત્કારિક દેવનું સ્થાન જણાય છે. આ વાતનો ભરવાડને દૃઢ નિશ્ચય થયો. તેથી દેવ ઉપર કમળપૂજા કરવા તૈયાર થયો. બીજે દિવસે મધ્યાન્હ કાળે નાહી સ્વચ્છ થઇને ખાડા આગળ આવી બેઠો. પોતાને હાથે માથું કાપી નાંખ્યું તે ખાડામાં જઇને પડયું. કેટલેક દિવસે એ ખાડામાં પડેલી તુંબલી ઉપર આ અરણીનું ઝાડ ઉગેલું છે. આ મહાદેવનું સ્થાનક છે. તે મહાદેવની કૃપાથી એ ભરવાડનો જીવ તમારી માતાને પેટે અવતર્યો, તે તમો પોતે છો. આ મહાદેવની કૃપાથી તમારો ઘણો મોટો પ્રતાપ વધશે અને આખો હાલાર દેશ તમારો થશે. તમે નીચેની તુંબલીને કાંઇ અડચણ ન આવે તેમ આ ઝાડને કાપી નાંખો, તો તમારૂં દરદ મટી જશે. પછી જામ રાવળે ઝાડને કાપી નાંખ્યું અને સાચવીને તુંબલીને પણ કાઢી લઇને પોતાને ગામ આવ્યો, માથાનું દરદ મટી ગયું. માથાની તુંબલીને એક ઓરડામાં રાખી તેની નિત્ય પૂજા, ધુપ અને દીપ કરવા લાગ્યો અને ત્રિકાળદર્શિને પુષ્કળ દ્રવ્ય આપી વિદાય કર્યો.

મોસમમાં દાણા તૈયાર થયા. ખેડુતો દરબાર ભાગના દાણાનો વજે ગાડામાં ભરી આવવા લાગ્યા. એક ખેડુતે તુંબલીવાળા ઓરડા પાસે બળદ બાંધ્યા. દાણા ઉતારી બળદ ગાડે જોડી ચાલતો થયો, રાવળ જામ ત્યાંથી નીકળ્યા, તેણે એ ઓરડા આગળ બે બળદ બાંધેલા દીઠા. જાણ્યું કે ખેડુત બળદ ભૂલી ગયો હશે. તેથી સિપાઈ સાથે બળદને મોકલી દીધા. ખેડુતે કહ્યું કે મારાં બળદ તો આ બાંધ્યા. તેથી સિપાઈ એ ખેડુતને તેડી બળદ સાથે પાછો આવ્યો. ત્યાં ઓરડા પાસે બીજા તેવાજ બળદ બાંધેલા દીઠા. એમ ૩ જોડ થઈ. આ જોઇ રાવળ જામ ઘણું આશ્ચર્ય પામ્યો. પ્રોલથી ત્રિકાળદર્શિને બોલાવ્યો. તેણે કહ્યું કે;–મહાદેવ તમને સહાય થયા છે માટે તમે તેની સ્થાપના કરો અને તુંબલીનો વિધિપૂર્વક અગ્નિ સંસ્કાર કરો. રાવળ જામે તુંબલીનો અગ્નિ સંસ્કાર કર્યો. પછી રાજા સર્વને સાથે લઈ જંગલમાં ટેકરીપર આવ્યા. ત્યાં ત્રિકાળદર્શિ પાસે અરણીના ઝાડની જડ ઉપર મહાદેવની પ્રતિષ્ઠા કરાવી, તેનું નામ જડેશ્વર પાડયું. ત્યારથી એ મહાદેવ જડેશ્વર નામે દેશમાં પ્રસિદ્ધ થયા. પછી ત્રિકાળદર્શિએ કહ્યું કે;–તમારા બે

સારા ઘોડા લાવી અહીં બાંધો અને એક પહોર પછી છોડી લેજો. રાજાએ તેમ કર્યું, તો તે જગ્યાએ તેવા બીજા બે ઘોડા બાંધેલા દીઠા. ફરી એ ઘોડા છોડી લીધા, તોપણ બીજા તેવાજ ત્યાં બે ઘોડા બાંધેલા દીઠા. જેમ જેમ ઘોડા છોડતા જાય, તેમ તેમ ત્યાં ઘોડા તૈયાર હોયજ. જામ રાવળે પછી ચારણ, ભાટ વગેરે માગણ લોકોને ઘોડાનું દાન આપવા માંડયું. તેથી તેની દેશવિદેશમાં અતિ કીર્ત્તિ પ્રસરી ગઇ. પછી રાજાએ ઘોડાની એક ફોજ એકઠી કરીને આખો હાલાર દેશ જીતી લીધો, એ ઉપરથી કવિએ કહ્યું છે કે;—

દોહરો.

જડીયો જંગલમાં વસે, ઘોડાનો દાતાર;
ત્રૂઠો રાવળ જામને, હાંકી આપ્યો હાલાર.

એ ચમત્કારિક જડેશ્વર મહાદેવની જગ્યો હાલ પણ ત્યાંજ પ્રસિદ્ધ છે. એ મોરબીથી ૫–૬ ગાઉ ઉપર દક્ષિણે અને વાંકાનેરથી ૩ ગાઉ ઉપર પશ્ચિમે છે. એનું રક્ષણ વાંકાનેરનો રાજા કરે છે, વાંકાનેરથી ત્યાં સુધી સડક બાંધેલી છે. દેશદેશાવરના હજારો જાત્રાળુ લોકો ત્યાં દર્શને તથા માનતાએ જાય છે. એ મહાદેવની ટેકરી અને દેવળ ઘણા ગાઉથી દેખાય એટલી ઉંચાઇપર છે. એનો વિસ્તાર ઘણો છે, ત્યાં ધર્મશાળા અને બંગલા બાંધેલા છે, બે સદાવ્રત છે. ત્યાં સાધુ બ્રાહ્મણો હરહમેશ રહે છે. શ્રાવણ માસમાં દેશદેશાવરના રાજા રાણા અને લોકો તરફના સૈંકડો બ્રાહ્મણો પૂજા માટે આવી રહે છે. દરેક સોમવારે દર્શને આવનારા હજારો લોકોનો મેળો ભરાય છે. આ જગ્યો શોભાયમાન અને ભજનિક છે. આ મહાદેવ અને ત્રિકાળદર્શિ બ્રાહ્મણના પ્રતાપથી જામરાવળની ઉન્નતિ થઇ. જામરાવળ ત્રિકાળદર્શિને પૂજનિક ગણી ઘણો સત્કાર કરતો હતો. એક વખતે જામરાવળના સાંભળવામાં આવ્યું કે ત્રિકાળદર્શિ પોતાની સ્ત્રીના હાથથી જોડાનો માર ખાય છે. એ વાત જાણી ત્રિકાળદર્શિને પ્રેમથી તેડાવ્યા અને એકાંતમાં તેડી જઇને કહ્યું કે;—મારે એક અગત્યની વાત પૂછવાની છે. જો મારો અપરાધ ક્ષમા કરો તો પૂછું. ત્રિકાળદર્શિએ અભય વચન આપ્યું. જામ રાવળે પૂછયું કે;-તમે સ્ત્રીના હાથથી ખાસડાનો માર ખાઓછો એ વાત સાચી છે? ત્રિકાળદર્શિએ હા પાડી. પછી જામે તેનું કારણ અને ઉપાય પૂછયો. ત્રિકાળદર્શિએ કહ્યું કે;—હું પૂર્વ જન્મમાં કાગડો હતો, મારી સ્ત્રી ઘોડી હતી. ઘોડીને મોટું ભાઠું હતું, ગંગાકિનારે ચરતી હતી, કાગડાના સ્વભાવ પ્રમાણે હું નિત્ય તે ઠોલતો હતો. તેથી ઘોડીને ઘણુંજ દુઃખ થતું. એક દિવસે ઘણુંજ ઠોલ્યું, તેથી ઘણું લોહી નીકળવા લાગ્યું, તેમ તેમ મને

ઘણી લીજત પડી, પણ ઘોડી અતિ પીડાથી ઘણી ગભરાણી, તેણે પૂંછડાવતે મને ઉડાડી મૂકવાને ઘણો પ્રયત્ન કર્યો, પણ તેનું કાંઇ વળ્યું નહિ. અંતે દૈવયોગથી તેનું પૂંછડું મને વિંટાઈ ગયું, હું ઘણું તરફડયો, ઘોડી ચમકી કે કિનારાપરથી ગંગામાં પડી ગઇ. મારા અને ઘોડીના પ્રાણ સાથે નીકળી ગયા. મેં ઘોડીને ઘણું દુઃખ દીધું તેથી મને મરતી વખતે ઘણો પસ્તાવો થયો. હતો કે જો હું આમાંથી બચું તો હવેથી કોઈ પ્રાણીને દુઃખ ન દેવું એવી મેં પ્રતિજ્ઞા કરેલી. તેણે કરી મારૂં અંતઃકરણ નિર્દોષ થયેલું, એવી દશામાં ગંગામાં પ્રાણ મુક્ત થયો. તેથી ગંગા પ્રતાપે હું બ્રાહ્મણને ત્યાં જન્મીને ત્રીકાળદર્શિ થયો અને ઘોડી મારી સ્ત્રી થઈ. મેં પૂર્વ જન્મમાં તેને દુઃખ દીધું હતું તેના બદલામાં હવે હું તેના હાથથી ખાસડાંનો માર ખાઉંછું, કર્યા કર્મ ભોગવવાં પડે છે, ભોગવે છૂટકો થશે.

જામરાવળે તેનો ઉપાય પૂછ્યો, તેપરથી ત્રિકાળદર્શિએ કહ્યું કે;— એ ઘોડીનું લોહી જેટલું મેં પીધું હતું તેમાં હવે સવા પાશેર લોહીનો બદલો આપવો બાકી રહ્યો છે. જો એટલું લોહી કોઇ પ્રકારે એ સ્ત્રીના પેટમાં જાયતો પછી તેની મારા પ્રત્યે પૂજ્ય બુદ્ધિ થાય. જો તમારે એમ કરવાનો આગ્રહ હોયતો મારા શરીરમાં ફેબડી મૂકાવી લોહી કાઢો. તેમાં ચોખા ભીંજવી રાખીને હરકોઇ યુક્તિથી તેને ખવરાવો. રાવળજામને આ વાત પસંદ પડી, ફેબડી મૂકાવી તેટલું લોહી કઢાવ્યું, તેમાં ચોખા ભીંજવી સૂકાવ્યા. પછી બ્રાહ્મણ તે સ્ત્રીને તેડવા રથ મોકલ્યો અને કહાવ્યું કે—તમને જામનગરમાં રાજાની રાણીઓએ તેડાવ્યાં છે, પેહેરામણી કરી ત્યાં તમને ઘર આપી ઘણા સત્કારથી રાખવા ઇચ્છે છે. ત્રિકાળદર્શિએ પણ તેવોજ કાગળ લખ્યો. તેથી સ્ત્રી રથમાં બેસી જામનગર આવી દરબારમાં ઉતારો કર્યો, એક બ્રાહ્મણ રસોઇ કરવા રાખ્યો. ત્રિકાળદર્શિને વરૂણી બહાને જડેશ્વર મોકલ્યા. રસોયાને ભલામણ કરવાથી સૂકવેલા ચોખા નિત્ય તે સ્ત્રીની રસોઇમાં રાંધીને ખવરાવતો, ચોખા પુરા ખવાઇ રહ્યા કે બીજે દિવસે તે સ્ત્રી નિત્ય નિયમ પ્રમાણે પ્રાતઃકાળમાં સ્નાન કરી પૂજન કરવા બેઠી. તેવામાં એકાએક ત્રાસ પામી પશ્ચાતાપ કરવા લાગી કે અરે! મારા પ્રાણ પતિને મારે સર્વ પ્રકારે માન આપવું જોઇએ. સ્ત્રીને પતિએજ સર્વ પ્રકારે પૂજ્ય અને સેવ્ય છે. જે સ્ત્રી સ્વામી ભક્તિ ન કરે, તેનાં દાન, વ્રત, તપ વગેરે સર્વ વ્યર્થ જાય છે, માટે મારા આજ સુધીના સર્વ ધર્મો વ્યર્થ ગયા. અરેરે! મેં નીચ સ્ત્રી પણ કૃત્ય ન કરે એવું અકૃત્ય કર્યું છે? હું નર્કમાં પડીશ. એમ બોલતી રૂદન કરતી મૂર્છાખાઈ પડી. રાણીઓએ દોડી આવી ઘણી મહેનતે શુદ્ધિમાં આણી. જામરાવળ તેનું કારણ સમજી ગયા હતા. તેમણે એની પાસે બે ત્રણ સ્ત્રી ને

આફર રાખી, ત્રિકાળદર્શિની સ્ત્રી પોતાના દુષ્ટ કૃત્યથી પસ્તાવો કરતી અનશન વ્રત (ખાવું પીવું બંધ) લઇને પ્રાણ મુક્ત કરવાને તૈયાર થઇ. જામરાવળે ત્રિકાળદર્શિને તરત તેડાવ્યા. તેણે આવી ઘણી મેહેનતે સ્ત્રીને સમજાવી શાંત કરી. તેનું અંતઃકરણ શુદ્ધ થયું હતું, તેથી પતિની આજ્ઞા પાળી અનશન વ્રત મૂકી દીધું. તે દિવસથી એ સ્વામિભક્તિ કરીને પતિવ્રતાનો ધર્મ પાળવા લાગી. એ રીતે ત્રિકાળદર્શિએ જામરાવળનું સંકટટાળી તેની ઉન્નતિ કરી અને પોતાનું પણ સંકટ દૂર કર્યું હતું. જામરાવળે ત્રિકાળદર્શિને જામનગરમાં ઘર આપી ઘણા માન સાથે રાખ્યા. આ ત્રિકાળદર્શિ પંજુભટ્ટે જામનગરમાં એક વાવ ખોદાવી, તે એવી તો મોટી છે અને તેમાં એટલું તો આજે પાણી છે કે; તે દુકાળના પ્રસંગમાં પણ ખૂટતું નથી. એટલુંજ નહિ પણ આખા શેહેરમાં નળ વડે એ વાવનું પાણી પૂરૂં પાડવામાં આવે છે; તોપણ તેમાં જરા પણ આંચ આવતી નથી એવો એ વાવમાં પાણીનો પ્રવાહ આવે છે, આ **પંજુભટ્ટની વાવ** નામે પ્રસિદ્ધ છે તે ઘણી જોવા લાયક છે. એ રીતે ત્રિકાળદર્શિએ પોતાની સમર્થતા બતાવી અમર નામના રાખી છે.

મનહરકાવ્યનોકર્ત્તા.

બાણકવિ.

આ પ્રસિદ્ધ કવિ **પ્રીતિકૂટ** નામે ગામમાં રહેતો હતો. એ ગામ શોણ નદીની પશ્ચિમે ચ્યવન ઋષિના આશ્રમથી દોઢ ગાઉ ઉપર હતું. તેનું ઘર ગંગા કાંઠે વાંસનું બાંધેલું હતું. એ કવિ વાત્સ્યાયણગોત્રી બ્રાહ્મણ હતો. એનું કુળ પરંપરાથી વિદ્વાન હતું, એના પિતાનું નામ ચિત્રભાનું અને માતાનું નામ રાજ્યદેવી હતું. ચિત્રભાનું વેદશાસ્ત્રમાં પ્રવિણ હતો અને યજ્ઞયાગ કરતો હતો. એવું કહે છે કે, એક વખતે યજ્ઞ કરતાં તેને ઘણી મહેનતથી પરસેવો વળ્યો, ત્યારે સરસ્વતીએ આવીને તેને વા નાખ્યો હતો. બાણકવિના પુત્રે પણ એવીજ ઉપમા આપેલી છે. બાણ કવિના દાદાનું નામ અર્થપતિ અને વડદાદાનું નામ કુબેર હતું. આ પ્રસિદ્ધ પુરૂષ ગુપ્ત સંપ્રદાયી લોકોનો ગુરૂ હતો. બાણકવિની બુદ્ધિ તેના નામ પ્રમાણે અતિ શીઘ્રતાવાળી, સૂક્ષ્મ, તીક્ષ્ણ અને સામાના અંતઃકરણમાં પ્રવેશ કરે એવી હતી. એની વાણીનો સ્વર સારો, રસિક અને મનુષ્યનું મન હરણ કરે એવો હતો. ચૌદ વર્ષની ઉમર થતાંજ એનો પિતા મરણ પામ્યો, ત્યારે એને સહાય કરનાર ભદ્ર, નારાયણ, ઇશાન અને મયૂરક એ ચાર મિત્રો હતા, તેમાં મયૂરક તો

એનો સાળો હતો. બાણકવિ પિતાના મરણ પછી તરત પોતાનું ઘર છોડીને કાશ્મિરમાં **હર્ષ** રાજા પાસે ગયો હતો. એ રાજાએ તેની વિલક્ષણ બુદ્ધિ અને ઉત્તમ વિદ્વતા જોઇને પોતાની સભામાં અધ્યક્ષ કરીને રાખ્યો હતો. ત્યાંજ એ વિદ્વાને **કાદંબરી** નામે ગ્રંથ કર્યો. આ ગ્રંથનાં વખાણ ઘણાંજ થયા કરે છે. એ ઉપરથી આ કવિની બુદ્ધિ કેટલી હશે એની કલ્પના વાંચનારાએજ કરી લેવી. શ્લેષાત્મક કવિતામાં આ કવિ રામબાણજ હતો. આ ઉપરથી કહેવાય છે કે;—बाणोच्छिष्टं जगत्सर्वं-હાલના કવિઓની સંપૂર્ણ શ્લેષોક્તિ બાણકવિના કાવ્યમાં ગતાર્થ થાય છે. બાણકવિ કાદંબરી ગ્રંથનું પૂર્વાર્ધ પૂરૂં કર્યા પછી મરણ પામ્યો હતો. તેથી ઉત્તરાર્થ એના પુત્રે પૂરૂં કરી ગ્રંથ સમાપ્ત કર્યા હતો. બાણ કવિએ **હર્ષચરિત્ર, ચંડીકાશતક, પાર્વતિ પર્ણિય નાટક, રત્નાવળી નાટક** ઇત્યાદિ ગ્રંથો કર્યા છે. હર્ષ રાજાના ચરિત્રમાં બાણકવિનું વૃત્તાંત જણાવેલું છે. ડાકટર ફિટ્સહૉલ નામે પંડિતે લખેલું છે કે,-હુંએનસંગ નામનો એક ચીન દેશનો વિદ્વાન ગૃહસ્થ ઇ. સ. ૬૨૯ થી ૬૪૫ સુધી એટલે ૧૬ વર્ષ આ દેશમાં રહ્યા હતો. તે બૌદ્ધધર્મિ હતો. તે જાત્રાને અર્થે આ દેશમાં ફરતો હતો. તેણે આ દેશની કેટલીક પ્રસિદ્ધ વાતોનું વર્ણન લખેલું છે. તેમાં બાણભટ્ટ જે હર્ષ રાજાની પાસે હતો તે રાજાની કેટલી હકીકત લખેલી છે, તેપરથી સિદ્ધ થાય છે કે બાણભટ્ટ શકે ૫૭૨માં હતો. એ રીતે જોતાં તેને થયાંને આજે ૧૨૪૪ વર્ષ થયાં એવો નિશ્ચય થાય છે.

ખગોળ—જયોતિષવેત્તા.

વરાહમિહીર.

આ સમર્થ વિદ્વાન પુરૂષના પિતાનું નામ આદિત્યદાસ હતું. કાપિત્થ ગામમાં એ રહેતો હતો. સૂર્યનો ઉપાસક હતો. તેથી તેની કૃપાએ વરાહમિહીર જ્યોતિષ્ય શાસ્ત્રમાં મહાપ્રવિણ થયો હતો. એ મહા શોધક, તિવ્ર બુદ્ધિનો, ગંભીર વિચારનો, ઉત્સાહી, હિંમતવાન અને મહાજ્ઞાની હતો. **શ્રીમન્નૃપ વિક્રમની** સભામાં નવ રત્નરૂપી પંડિતો હતા, તેમાં વરાહમિહીર પણ હતો. એ ઘણુંખરૂં ઉજ્જયની નગરીમાં વિક્રમ રાજાની સભામાં રહેતો હતો. એની તિવ્ર બુદ્ધિ અને ગંભીર વિચાર જોઇને વિદ્વાનો અને લોકો ઘણું આશ્ચર્ય પામતા હતા. **સિદ્ધપદાર્થવિજ્ઞાનશાસ્ત્રમાં** જેટલો એ કુશળ હતો, તેટલો એ વખતે બીજો કોઈ નહોતો. તેમણે વિક્રમ રાજાની પૂર્વે આર્ય દેશના ક્રિયા પ્રતાપી રાજાનો શક ચાલતો હતો અને

તેને કેટલો કાળ થયો એ વગેરેનો યથાર્થ નિર્ણય કરેલો જણાય છે. આ વિદ્વાનના કાંઈક રહેલા ગ્રંથના આધાર ઉપરથી આપણે વિક્રમ રાજાની પૂર્વે થયેલા **પાંડવ કૌરવ**ના કાળનો ગ્રહણ કરવા યોગ્ય આધાર મળી શકે છે. યુધિષ્ટિર રાજા ગાદીએ હતો, તે સમયે મુની નામે સપ્તતારામાંનો એક તારો મઘા નક્ષત્રમાં દેખાતો હતો અને તે તારો એક નક્ષત્રમાં સો સો વર્ષ સુધી રહે છે. તે ઉપરથી વિક્રમાદિત્યના સમયમાં જે વખતે વરાહ મિહીર સ્વામીએ તે તારાનું અવલોકન કર્યું, તે વખતે તેજ તારો, મઘા પછીના બાકી રહેલા ૧૭ નક્ષત્રમાં દેખાયા પછી ફરી પુષ્ય અને અશ્લેષા એ બેઉ નક્ષત્રની વચ્ચે દેખાવો જોઈએ. તે પ્રમાણે વરાહ મિહીર સ્વામીએ નલિકા યંત્ર વગેરેના સાધન વડે તે જગ્યા જોઇ ગણિત કરી યુધિષ્ટિર રાજાનો શક કહાડેલો જણાય છે, તેથી તે માનવા યોગ્ય છે એમાં કાંઇ સંશય નથી. એ સમર્થ સિદ્ધાંતિ પુરૂષે ઘણા પ્રયત્ને **વરાહમિહીરસંહિતા** નામે એક ગ્રંથ કર્યો છે તે ઘણોજ ઉત્તમ છે. તેમાં સૂર્યમંડળ અને સૃષ્ટિમાના ચમત્કાર એ વિષે પ્રબંધ છે. તેમજ પ્રાચીન ઋષિઓના મતને અવલોકન કરીને જ્યોતિષ્યની બાબતમાં એક **બૃહજ્જાતક** નામે ગ્રંથ કર્યો છે. તે ૨૬ અધ્યાયનો છે. તે ગ્રંથ ઉપર ઉત્પલભટ્ટે **જગચ્ચંદ્રિકા** નામે મોટી વિસ્તીર્ણ ટીકા કરી છે. એ ગ્રંથનું લખાણ જોતા એ મહાપંડિત અને જ્ઞાની હતો એવું સિદ્ધ થાય છે ગ્રંથની અંતે કે આરંભે તેમણે પોતાનું રહેઠાણ કે જ્ઞાતિ વગેરે કાંઇ દર્શાવેલું નથી. બીજી મહિધર ભટ્ટે પણ ટીકા કરી છે, તે ઉપરની ટીકા કરતાં સંક્ષેપમાં છે. વળી વરાહ મિહીરે **યાત્રા નિબંધ** કર્યો છે. એમાં પ્રશ્ન, તિથિ તિથિબલ, વારફળ, નક્ષત્ર, દિવસ, ગ્રહ ભેદ, લગ્ન નિશ્ચય, વગેરે જુદાજુદા પ્રકરણોના ૨૧ અધ્યાય છે. તે વાંચવા યોગ્ય છે, તથા **વિવાહકાલોપયોગીગૃહશુદ્ધિ** વિષે ગ્રંથ કર્યો છે અને **ષટ્પંચાશતી** નામે ગ્રંથ પણ તેણેજ કર્યો છે. તેમાં મેષાદિ બાર રાશીઓના ભાવ, પ્રસ્થાન, મુહૂર્ત, કામનો આરંભ કરવાનો દિન શુધ્ધિ, ચોરનો પત્તો લગાડવો અને તેની જાત, વર્ણ વગેરે કહેવાની વિદ્યા આદિ વિષયો ઉત્તમ રીતે વર્ણવેલા છે. એ રીતે જોતાં એ મહા સિદ્ધાંતિ જ્યોતિષી હતો. ભિન્ન ભિન્ન કાળે આકાશમાં તારા અને નક્ષત્રોનું અવલોકન કરી, ગણિત વિદ્યાની સહાયતાથી સંવત્સરાદિ નિર્માણ કરતો હતો. આ વિદ્વાન જ્યોતિષીએ અતિ પ્રાચીન ઋષિઓના ગણિત પ્રમાણે આકાશમાં જે સાત તારાઓ એક બીજા પાસે ઝુમખા જેવા દેખાય છે તે સપ્ત ઋષિના તારાને નામે ઓળખાય છે; કેમકે પૂર્વે પ્રથમ તે નામના ઋષિઓએ તે શોધી કહાડેલા છે એવું જણાઇ આવે છે. ૧ ક્રતુ, ૨ પલહ ૩ પલસ્ત, ૪ અત્રી, ૫

અંગીરા, ૬ વસિષ્ઠ, અને ૭ મરીચી એવાં નામો આપી તેઓના દેખીતા-ઉદય અને અસ્ત તથા તેઓના ઉપર કહેલાં નક્ષત્રોમાં દેખાવાના કાળ ઇત્યાદિ વરાહ સંહિતામાં દર્શાવેલું છે, પણ તે વિદ્વાને ઘણો આધાર અતિ પ્રાચીન કાળના મહા સમર્થ જે વૃદ્ધ ગર્ગાચાર્ય તેમનો લીધેલો છે. ઇત્યાદિ રીતે જોતાં એ પુરૂષ ખગોળ શાસ્ત્રમાં અતિ પ્રવીણ હતો એવું સિદ્ધ થાય છે. તેણે જે જે એ વિષે શોધ કર્યા છે તે ઘણાજ ઉપયોગી છે. એ સમર્થ પુરૂષ વિક્રમ રાજાની સભામાં હતો એ રીતે જોતાં તેને આજે આશરે ૨૦૦૦ વર્ષ થવાં જોઇએ એવું સિદ્ધ થાય છે.

સમર્થકવીશ્વર.

જગન્નાથરાય પંડિત.

આ પ્રસિદ્ધ પુરૂષ તૈલંગણ દેશના મુંગુંડા શેહેરમાં રહેતો હતો. એ વેગીકુળનો તૈલંગા બ્રાહ્મણ હતો. પેદુભટ્ટ નામે વિદ્વાન પુરૂષની સ્ત્રી લક્ષ્મીને પેટ એનો જન્મ થયો. એ અકબર બાદશાહની વખતમાં એટલે શાલીવાહન શકના પંદરમાં સૈકામાં હતો. તે પોતાના પિતા પેદુભટ્ટ પાસે વિદ્યા ભણ્યો હતો. એ વિષે રસગંગાધર નામે ગ્રંથમાં લખેલું છે કે:—

पाषाणादपिपीयूषंस्यंदतेयस्यलीलया ॥
तंवंदेपेदुभट्टाख्यंलक्ष्मीकांतंमहागुरुं ॥ १ ॥

પેદુભટ્ટ એવો સમર્થ વિદ્વાન હતો કે પથ્થર પાસેથી પણ અમૃત કઢાવે એવો હતો. તે એનો ગુરૂ હતો. આ વાતથી કવિ ચરિત્રકાળનો જુદો મત છે. તેમાં એ રામચંદ્ર ઉપાધ્યાય નામે એક બ્રાહ્મણનો પુત્ર હતો. બારવર્ષનો થયો ત્યાં સુધી એ સંસ્કૃતનો એક શબ્દ પણ શીખ્યો નહોતો. પછી પોતાના બનેવીને ઘેર રહીને કાવ્યભ્યાસ કર્યો એવું લખેલું છે. તેણે સંસ્કૃત ભાષાનું ઉત્તમ જ્ઞાન સંપાદાન કર્યું હતું. થોડા વખતમાં એ ન્યાય, મિમાંસા, અલંકારાદિશાસ્ત્રાભ્યાસ કરીને મહા બુદ્ધિવાન કવિ થયો હતો. એ ઉત્સાહી, કાવ્યશાસ્ત્રમાં મહાપ્રવિણ, તર્કી, સામાના મનને મેળવી લે એવો ચતુર, રૂપાળો, વિષયાશક્ત અને હિંમતવાન હતો. એક વખતે કર્ણાકટ દેશના રાજાને મળવા ગયો ત્યાં તેની ગુણ પ્રમાણે ચાહના થઇ નહિ. માટે થયેલા અપમાનનું કવિતામાં બોધ યુક્ત વર્ણન કરીને રાજાને બતાવવાની યુક્તિ કરી, પણ એના યત્ન તરફ કોઇએ ધ્યાન આપ્યું નહિ. અંતે ત્રાસ પામીને ત્યાં જયપુરમાં ગયો. ત્યાં વિદ્વાનોને અનેક પ્રકારના શાસ્ત્રના વિષયોમાં જીતીને પ્રતિષ્ઠા મેળવી. પછી ત્યાં ઘણાં વર્ષ રહ્યો, અને સંસ્કૃતની એક શાળા

સ્થાપી સૈંકડો વિદ્યાર્થિ ઓને શાસ્ત્રો અને પુરાણો વગેરે અનેક પ્રકારના વિષયોમાં તૈયાર કર્યા. દિલ્લીમાં બાદશાહની પાસે એક મોટો વિદ્વાન કાજી હતો. તે "યવનધર્મખરો" એવું સ્થાપન કરવાના ઉદ્દેશથી દેશો દેશ. જઇને પંડિતોને જીતવાનો યત્ન કરવા લાગ્યો. આ વિષે બ્રાહ્મણોને ચિંતા થઇ, તેમણે જગન્નાથરાય પંડિતને આ વાત જણાવી. પંડિતે બ્રાહ્મણોને કહ્યું કે એક વર્ષની મુદત આપો, તેટલામાં હું એ કાજીને જીતીશ. પછી જગન્નાથ પંડિતે ફારશી ભાષાનો અભ્યાસ કરીને મુસલમાની ધર્મના સર્વ ગ્રંથો જોયા. કાજી પાસેથી મુસલમાની ધર્મનાં તત્વ જાણી લીધાં. એ ધર્મનું માર્મિક જ્ઞાન જાણી કાજી સાથે પ્રસિદ્ધ પણે વિવાદ કર્યો. તેમાં કાજીનો પરાજય થયો. હિંદુ ધર્મના તત્ત્વ શ્રેષ્ટ છે એવું સિદ્ધ કર્યું. પછી જગન્નાથરાય પંડિતે બાદશાહને રાજી રાખવા પોતાનો નિશ્ચય જણાવ્યો કે;—"યવનો ધર્મ તો યવનેજ પાળવો, બીજાને પાળવાનો અધિકાર નથી. માટે બીજા કોઇએ આચરવો નહિ." બાદશાહ આ સાંભળી જગન્નાથપર અતિ પ્રસન્ન થયો અને તેને પોતાના દરબારમાં રાખ્યો ત્યારથી જગન્નાથ પંડિત અકબર બાદશાહની હજુરમાં ઘણા માનથી રહેતો હતો. તેથી તેની ઘણી કીર્તિ પ્રસરી ગઇ, તેમની વિદ્વતા અને કવિત્વ શક્તિ જોઇને સૌ છક થઇ જતા હતા. તેમણે પોતાની વાક્ચાતુર્યથી બાદશાહની ઘણી પ્રીતિ મેળવી હતી. જગન્નાથરાય પંડિતે ફારશી ભાષામાં પ્રવિણ થયા પછી મનરંજનાર્થે ફારશી શાયારીના જેવા મિશ્ર ભાષાવાળા સંસ્કૃત શ્લોક રચ્યા હતા. બાદશાહની હજુરમાં તેમના કરતાં બીજો કોઇ ચઢિયાતો વિદ્વાન નહોતો.

બાદશાહને એક **લવંગી** નામે કન્યા હતી, તે સોળ વર્ષની રૂપ સુંદર અને અતિગુણવાન હતી. તેણે જગન્નાથરાય પંડિતના અતિસ્વરૂપ અને વિષયાશક્ત પણાની વાત સાંભળી હતી. એક વખતે એ રાજ્ય કન્યાએ જાળીમાંથી જોયું કે જગન્નાથરાય પંડિત ઉપર દૃષ્ટિ પડી. વારંવાર સામું જોઇને તેના રૂપથી મોહીત થઇ ગાંડા જેવી બની ગઇ અને લગ્ન કરવું તો એની સાથેજ કરવું, નહિ તો કુંવારાં રહી પ્રાણ તજવો એવો નિશ્ચય કર્યો. આ વાત તેણે પોતાની માતાને યુક્તિથી જણાવી. રાણીની મરજી તેમ કરવાની નહોતી, પણ તેમ કરવામાં નહિ આવેતો કન્યા જીવશે નહિ. એવા વિચારથી એ વાત બાદશાહને લાગ જોઇને કરવાની હતી. એવામાં એવું બન્યું કે;—એક દિવસે બાદશાહ જગન્નાથરાય પંડિત સાથે શેતરંજી રમતો હતો. ત્યારે તરસ લાગવાથી બાદશાહે પોતાની લવંગી પુત્રીને પાણી લાવવાનું કહ્યું. તેથી લવંગી પાણીથી ભરેલો સોનાનો કળશ માથે મૂકીને મહેલથી સામે આવી ઉભી રહી. પાણી પાઇને માથે કળશ મૂકી પાછી જવા

લાગી. ત્યારે બાદશાહે પોતાની એ કન્યા વિષે એક શ્લોક તાત્કાળિક જોડી આપવાનું કહ્યું. તેથી પંડિત આ શ્લોક તરતજ જોડી બોલ્યા કે;—

इयंसुस्तनीमस्तकन्यस्तकुंभा, कुसुंभारुणंचारुचेलंदधाना ॥
समस्तस्यलोकस्यचेतःप्रवृत्तिं, गृहीत्वाघटस्थाप्ययातीवभाति ॥१॥

અર્થ—આ ઉત્તમ સ્તનવાળી તારી કન્યાએ કસુંબીરંગનું ઉત્તમ વસ્ત્ર પહેરેલું છે અને મસ્તક ઉપર કુંભલઈને ચાલે છે. ત્યારે મને ભાસે છે કે એ જાણે સર્વ લોકોની ચિત્તવૃત્તિને આકર્ષણ કરી ઘડામાં ભરીને જાય છે! પંડિતનો આ તાત્કાળિક શ્લોક સાંભળી બાદશાહ ઘણો પ્રસન્ન થયો અને કહ્યું કે;—પંડિત ! તારી ઇચ્છા હોય તે માગીલે હું એ આપીશ, ત્યારે પંડિતે કહ્યું કે;—

नयाचेगजालिंनवावाजिराजिंनवित्तेषुचित्तंमदीयंकदाचित् ॥
इयंसुस्तनीमस्तकन्यस्तकुंभालवंगीकुरंगीदगंगीकरोतु ॥१॥
यवनीनवनीतकोमलांगीशयनीयेयदिलभ्यतेकदाचित् ॥
अवनीतलमेवसाधुमन्येनवनीमाधवनीविनोदहेतुः ॥२॥

અર્થ—જગન્નાથ પંડિત કહે છે કે;—હે રાજા ! હું તારા હાથી કે ઘોડા માગતો નથી અને દ્રવ્ય ઉપર પણ મારૂં ચિત્ત નથી; પણ આ મસ્તક ઉપર ઘડો લઈને જતી મૃગલોચના તારી કન્યા મારો અંગીકાર કરે એટલુંજ માગુંછું. આ માખણના જેવી કોમળ અંગની યવની (તારી કન્યા.) મને મળે તો ઇંદ્રના નંદનવનના કરતાં આભૂલોકનું સુખ હું વધારે માનીશ.

પંડિતનું આ માગવું સાંભળી બાદશાહ ઘણો શરમાઈને દુઃખિત થયો, પણ પોતે વચન આપી બંધાયો હતો. તેથી પંડિતને કહ્યું કે, જો તું અમારી સાથે ભોજન લઈશ તો મારી કન્યા આપીશ. આ સાંભળી પંડિતે વિચાર કર્યો કે, બ્રાહ્મણ પણું નષ્ટ થાય તોપણ ચિંતા નહિ, પણ બાદશાહની આ કન્યા પરણવી. (આ પંડિત ગીનેકરી સમર્થ હતો તેથી તેમ કરવા હિંમત કરી હતી.) પછી બાદશાહને તેમ કરવાની હા પાડી. બાદશાહ આ વિચાર સણીને જણાવવા ગયો, ત્યાં રાણી પણ તેજ વિચારમાં હતી. બંને એ નિશ્ચય કરી જગન્નાથ પંડિત સાથે પોતાની કન્યાને મોટી ધામધૂમથી પરણાવી. પંડિતને બ્રાહ્મણોએ જ્ઞાતિ બહાર મૂકયા, પણ બાદશાહના આશ્રયથી તેણે સુખમાં દિવસ નિર્ગમન કર્યા. ઘણાં વર્ષ સુખચેનમાં ગાળ્યા પછી પંડિતરાયને વૈરાગ્ય ઉત્પન્ન થયો તેથી લવંગી સાથે કાશીક્ષેત્રમાં જઈને રહ્યા. એક વખતે જગન્નાથરાય પંડિત લવંગીને પડખામાં લઇને ગંગાકિનારે સૂતા હતા, તે પહોર દિવસ ચઢયો તોપણ જાગ્યા નહિ. તે વખતે ત્યાં થઇને

અપય્યાદીક્ષિત નીકળ્યા. તેમણે જોઇને કહ્યું કે આ પ્રસિદ્ધ સ્થળે કોણ ચંડાળ યવની લેઇને સુતો છે? એમ કહીને પાસે જઈ જોતાં તેના માથાનાવાળ ધોળા દીઠા. ત્યારે દીક્ષિતે આ અર્ધ શ્લોક કહ્યો;—

किंनिःशंकंशेषेशेषेवयसित्वमागतेमृत्यौ ॥

અર્થ—તું પોતાના બાકી રહેલા વયમાં મૃત્યુ પાસે આવેલું છે તો પણ નિઃશંક પણે અહીં કેમ ઉંઘે છે! આ સાંભળતાંજ પંડિતે મુખ ઉઘાડી બેઠા થઈ જોયું. તેમને જોઈ દીક્ષિતે કહ્યું કે, ભાઈ પંડિતરાય તુંજ કે? એમ ઓળખીને બોલ્યા કે;—

अथवासुखंशयीथानिकटेजागर्तिजान्हवीभवतः

અર્થ—ત્યારે સુખે સુઇ રહે, કારણ તારા માટે ગંગા સર્વદા જાગૃત છે. એ પછી આ પંડિતરાયને ત્યાંના વિદ્વાનોએ શુદ્ધ કરીને જ્ઞાતિમાં લેવા માંડ્યો હતો, પણ તેની યવની સ્ત્રી લવંગીને શુદ્ધ કરવાની વિદ્વાનોએ ના પાડી. ત્યારે જગન્નાથ પંડિતે કહ્યું કે, લવંગી સાથેજ મને શુદ્ધ કરો તો પ્રાયશ્ચિત કરીશ, પણ વિદ્વાનોએ તેમ કર્યું નહિ. તેથી પ્રાયશ્ચિત નહિ કરતાં તેમનો તેમ રહ્યો. પંડિતરાયને ગંગા ઉપર અંતઃકરણથી પૂર્ણભાવ હતો. એક વખતે તેણે પોતાની યવની સ્ત્રી સાથે ગંગાકિનારે બેસીને પૂર્ણ ભક્તિભાવથી ગંગાની સ્તુતિ કરવા માંડી, ત્યારે દર શ્લોકે એક એક પગથીયું ગંગાનું પાણી ચઢવા લાગ્યું. એ રીતે બાવન શ્લોકે બાવન પગથીયાં પાણી ચઢયું અને યવની શીખે જગન્નાથરાયને નવરાવ્યા. એ ચમત્કાર જોવાને કાશીનાં ઘણાં લોકો એકઠા થયા હતા. એ સર્વનાં દેખતાં ગંગાએ દર્શન આપીને યવની સાથે તેનો ઉદ્ધાર કર્યો હતો એ વાત જગત્ પ્રસિદ્ધ છે. એ પ્રસિદ્ધ પુરૂષે પ્રથમ **રસગંગાધર** નામે અલંકાર શાસ્ત્રપર મોટો તકરારી ગ્રંથ કર્યો છે. તેમાં અલંકારના ઉદાહરણ માટે બીજા કવિઓના શ્લોક પોતાના ગ્રંથમાં લીધા નથી. બીજો **ભામિની વિલાસ** નામે ગ્રંથ કર્યો છે. તેમાં નીતિ, અન્યોક્તિ અને શૃંગાર એ ત્રણ શતકમાં વર્ણન કરેલું છે. ત્રીજો ગ્રંથ **અશ્વધાટી** નામે છે તેમાં રામચંદ્રની સ્તુતિ કરી મનને બોધ કર્યો છે. તેની રચના ઘણી અઘરી છે. ચોથો—**કુચમર્દિની** તેમાં પ્રૌઢ મનોરમાં જે ભટ્ટોજીદીક્ષિતની સિદ્ધાંત કૌમુદીની ટીકા તેનું ખંડન કરેલું છે. તેનાં કેટલાંક પ્રકરણો દક્ષિણમાં છે, આખી પ્રત મળતી નથી. પાંચમો—**ગંગાલહેરી** ગ્રંથ છે. તેમાં ગંગાની સ્તુતિ ૫૨ (૫૨) શ્લોક છે. તે ઘણાજ ઉત્તમ હોવાથી વિદ્વાન લોકો હોંસથી ગાય છે. ઇત્યાદિ રીતે આ પંડિતરાજ અતિ પ્રસિદ્ધ થઈ ગયા છે. તેને થયાને આશરે ૩૨૫ ઉપર વર્ષ થઈ ગયાં છે.

પ્રખ્યાતમહાકવીશ્વર.

કાળિદાસ પંડિત.

આ પ્રસિદ્ધ પંડિત સંસ્કૃત ભાષામાં ઉત્તમ કવિ થયો. વાલ્મિકી અને વ્યાસ પછી જે સંસ્કૃત ભાષામાં બીજા કવિઓ થયા, તે સર્વમાં કાળિદાસ શ્રેષ્ટ કવિ થયો. નિબંધમાળા ગ્રંથકાર લખે છે કે: ઉજ્જયિની નગરીમાં વિક્રમાદિત્ય રાજાના દરબારમાં એ રાજ કવિ ગણાતો હતો. વિક્રમ રાજાની રાજ્ય સભામાં પ્રખ્યાત નવ વિદ્વાનો હતા. તેને **'નવરત્ન'** કહેતા હતા. જ્યોતિર્વિદાભરણ ગ્રંથમાં એ નવરત્નનાં નામ લખેલાં છે કે;—

धन्वन्तरिक्षपणकामरसिंहशंकुवेतालभट्टघटकर्परकालिदासा: ॥

ख्यातोवराहमिहिरोनृपते:समायांरत्नानिसवैवररुचिर्नवविक्रमस्य ॥

અર્થ—"ધન્વંતરિ, ક્ષપણક, અમરસિંહ, શંકુ, વેતાલ ભટ્ટ, ઘટકર્પર, કાળિદાસ, પ્રખ્યાત વરાહમિહિર, અને વરૂચિ એ વિક્રમ રાજાની સભા મધ્યે નવ રત્ન હતા." કાળિદાસની ઉપમા અને અલંકાર હિમાલય પર્વત સંબંધી ઘણા છે અને જે જે વનસ્પતિઓનાં નામો તેણે ઉપમા સારૂ પોતાના ગ્રંથમાં લખ્યાં છે, તે તમામ વનસ્પતિઓ કાશ્મિર પ્રાંતની છે. જેમકે કેશર વૃક્ષમાંથી કેશર થાય છે તે વૃક્ષ કાશ્મિર દેશમાં થાય છે, ભરતખંડમાં બીજે કોઇ ઠેકાણે થતું નથી. ઇત્યાદિ પરથી જણાય છે કે એની જન્મ ભૂમિ કાશ્મિરમાં હતી; પણ ઉજ્જયિનીમાં રહેતો હતો. આ જાતનો પંચગૉડ માંહેલો એક જાતનો બ્રાહ્મણ હતો. એની યોગ્યતા ઘણી મોટી હતી. એણે **ઋતુસંહાર, કુમારસંભવ નાટક, શાકુન્તલ નાટક, મેઘદૂત કાવ્ય, રઘુવંશ કાવ્ય, વિક્રમોર્વશી નાટક**, આદિ ગ્રંથો કર્યા છે. એ સિવાય **માલવિકાગ્નિમિત્ર નાટક, શ્રુતબોધ, પ્રશ્નોત્તરમાલા, અસજ્જનવર્જન, મહાપદ્માષ્ટક, ગંગાષ્ટક, રાક્ષસકાવ્ય, કર્પૂર મંજરી, શૃંગાર તિલક, હાસ્યાર્ણવ નાટક**, એ ગ્રંથો પણ તેણે કરેલા છે આ કવિ ભોજ રાજાના વખતનો નહિ, પણ તેની પહેલાં થઇ ગયો. એ વિષે એવું પ્રમાણ છે કે, બાણ ભટ્ટ નામે પ્રસિદ્ધ કવિએ પોતાના રચેલા હર્ષ ચરિત્રમાં એવું લખેલું છે કે;—

निर्गतासूनवाकस्यकालिदासस्यसूक्तिषु ॥

प्रीतिर्मधुरसाद्रासुमंजरीष्विवजायते ॥ १ ॥

અર્થ—કાળિદાસના મુખથી નીકળેલાં વચનો સાંભળીને એવો આનંદ થાય છે કે જેવો તુળશીના ઝાડની તરૂણ મંજરી જોઇને વૈષ્ણવોને આનંદ

થાય તેવો. આ બાણભટ્ટના વાક્યથી સિદ્ધ થાય છે કે કાળિદાસ તેની પહેલાં હતો. બાણ ભટ્ટ શાલીવાહન શકના ૫૭૨માં થયો, કાળિદાસ આ શકની પહેલાં હતો. ભોજરાજ શાલીવાહન શકના ૯૦૪ માં થયો. એ રીતે જોતાં આ કાળિદાસ ભોજરાજની પહેલાં ઘણાં વર્ષે થયો. એવું સિદ્ધ થાય છે. લોકોમાં કહેવામાં આવે છે તે;—ઉપમા કોઈને આપવી તો કાળિદાસેજ આપવી.

ઉપમા તો કાલિદાસનીજ વખણાય છે. આ કવિ એટલો તો નામાંકિત થયેલો છે કે, યુરોપના મોટા મોટા વિદ્વાનો એની કવિતા અને બુદ્ધિ ચાતુર્ય જોઈ આશ્ચર્ય પામે છે. **સરવિલ્યમજોન્સસાહેબ** એવું કહે છે કે;—અમારા લોકોમાં **સેકસ્પીઅર** નામે એક વિખ્યાત કવિ થઈ ગયો, તે પ્રમાણે આ કાળિદાસ **હિંદુસ્થાનનો સેકસ્પીઅરજ** થયો. અહા! આ તેની થોડી મહતા ન સમજવી! જે પુરૂષ દેશ વિદેશમાં પણ પોતાનું અમર નામ રાખી ગયો છે. આ નામાંકિતકવિ લોક વ્યવહારમાં પણ ઘણોજ ચાતુર હતો, તેથી તેની રાજદરબારમાં અને લોકોમાં અતિશય કીર્ત્તિ પ્રસરી રહી હતી. કેટલાક લોકો કહે છે કે આ **શક્તિનો** ઉપાસક હતો, પણ આ વાત સત્ય નથી. તે તો સ્માર્ત ઉપાસક હોવો જોઈએ; કેમકે મરણ વખતે તેણે સન્યાસ લીધો હતો. ઉજ્જયિની નગરીની ઉત્તરે ક્ષીપ્રા નદીને કિનારે દતના અખાડામાં હાસ ગુંસાઈ વગેરે લોકોને રહેવાની જગ્યા છે, ત્યાં આ પુરૂષની સમાધી છે. (કવિચરિત્ર) **પ્રોફેસર વિલસનસાહેબે** શકુન્તલા અને વિક્રમોર્વશી એ બે નાટકોનો અને મેઘદૂતકાવ્યનો ઇંગ્રેજી ભાષામાં બહુ ઉત્તમ તરજુમો કરેલો છે. તેમજ જર્મનિદેશમાંના વિદ્યાર્થી આડલફસ ફ્રેડરિક સ્ટેન્ઝલર સાહેબે રઘુવંશ અને કુમાર સંભવ એ બે ગ્રંથ ઉપર લાટિન ભાષામાં ટીકા કરી છે. એ તે દેશના વિદ્વાનો ઘણી હોંસથી વાંચે છે.

ભોજ રાજા ધારા નગરીમાં રાજ કરતો હતો. તેની પાસે જે કાળિદાસ રહેતો હતો, તે આંધ્ર **કાળિદાસ** હતો એવું કવિ ચરિત્રકારના લેખ ઉપરથી સિદ્ધ થાય છે. એ કવિ પણ સંસ્કૃતમાં પ્રવિણ હતો અને તેણે દેશાટણ કરેલું હતું. એનો કાળ શાલીવાહ શકના ૯૦૪ લખે છે. તેમાં કાંઇ સંશય રહેતો નથી. એક વખતે ભોજરાજાએ તેને ચર્મ ગ્રંથનું વર્ણન કરવા કહેલું તેપરથી એ રીસાઈને પોતાની વિલાસવતિ વેસ્યાને લઈ ધારાનગરથી નીકળીને કોઈ પણ રાજાના આશ્રયમાં રહેવા ન જતાં એકશિલા નગરી એટલે વરંગુળ શેહેરમાં આવ્યો હતો. તે પછી ભોજરાજા એને વરંગુળ શેહેરમાં જઈને મળ્યો હતો, પણ એ તેની સાથે ફરીવાર ગયો નહિ. તે ઉપરથી આ બીજો કાળિદાસ **વરંગુળનો** રહેવસી હતો એવું સિદ્ધ થાય છે. તેણેપોતાનું વર્ણન કાનમાં કુંડળ ઇત્યાદિ પ્રકારે તેલંગી લોકોના રિવાજ મુજ-

બ ભોજપ્રબંધમાં લખેલું છે. તેથી કનક કુંડલ વાળા એજ કાલિદાસ છે. તેના અલંકાર વર્ણનનું ભોજપ્રબંધમાં લખેલું જોવામાં આવે છે તે ઉપરથી એ આંધ્ર—તેલંગી બ્રાહ્મણ હતો અને એજ કનકમણિના કુંડલ વાળો કાલિદાસ ભોજરાજા પાસે હતો એવો નિશ્ચય થાય છે અને એજ **શક્તિ** ઉપાસિક હતો. તેણે **સ્યામલાદંડક્, પુષ્પબાણવિલાસ, શૃંગારરસાષ્ટક, રામાયણચંપૂ, ભોજચંપૂ, નળોદય, ભોજપ્રબંધ,** ઈત્યાદિ ગ્રંથો કરેલા છે એવું વિદ્વાન લોકો માને છે અને તેજ વેસ્યામાં આશક્ત હતો.

ધારાનગરીમાં ભોજરાજા પાસે જેજે કવિઓ કવિતા કરીને આવતા, તેને તે કવિતા સાંભળી લઈ દરેક અક્ષરે એક લાખ રૂપિઆ આપતો. (આ રૂપિઆ કંઈ જુદી પ્રકારના સિક્કા હશે.) એ વાત સાંભળીને કવિ કાળિદાસના જવા પહેલાં શંકર નામના એક કવિને રાજાએ બાર લાખ રૂપિઆ દીધા. તે ઉપરથી બીજા પંડિતોને માઠું લાગગવાથી શંકર કવિની નિંદા કરવા લાગ્યા અને રાજા કાંઇ સમજતો નથી એવું બોલવા લાગ્યા. એવા વખતમાં સભામાં કાળિદાસ આવી પહોંચ્યો. તેણે સર્વ ચર્ચા સાંભળીને પંડિતોને કહ્યું કે;—રાજાએ એટલું દ્રવ્ય જાણીનેજ આપેલું છે. તેમાં શંકરકવિને પોતાને એક લાખ અને તેની સાથે જે અગીઆર રૂદ્ર હતા, તે દરેકને એક એક લાખ એ રીતે કૂલ બાર લાખ આપ્યા છે. ઈત્યાદિક કાળિદાસના ચમત્કારિક ભાષણથી સૌ પંડિતો તેની વિદ્વતા અને ચાતુર્યનાં ઘણાં વખાણ કરવા લાગ્યા હતા. ભોજરાજા કાળિદાસની બુદ્ધિ, વિદ્વતા અને કવિત્વશક્તિ આદિ ગુણ જોઇને તેને ઘણું માન આપતો હતો. તેની પદવી સર્વથી શ્રેષ્ટ ગણાતી હતી. એવું પ્રબળ બીજા પંડિતો કરતાં ભોજ રાજા પાસે ઘણું હતું, પણ વેશ્યામાં આશક્ત હોવાથી બીજા પંડિતો તેની બદબોઇ કરતા હતા. ભોજરાજાને પણ એ વાત પસંદ નહોતી. એક વખતે બીજા પંડિતોએ ભોજરાજાને કાળિદાસ પ્રત્યે કુભાવ ઉત્પન્ન થાય એવો પ્રપંચ કર્યો. ભોજરાજાની દાસીને સમજાવી રાખી, એ દાસીએ ભોજને સમજાવ્યો કે કાળિદાસ ગુપ્ત રીતે રાણી પાસે અંતઃપુરમાં જાય છે. એ વહેમથી રાજાએ કાળિદાસને ગામમાંથી જતા રહેવાની આજ્ઞા કરી. કવિ કાળિદાસ દરબાર ગઢમાંથી ગુપ્ત રીતે નીકળી જઇને શેહેરમાં વેશ્યાને ઘેર છાની રીતે રહ્યો. થોડા દિવસ વિત્યા પછી ભોજ રાજાએ સૌ પંડિતોને એક સ્મસ્યા પૂછી, તેનો જવાબ કોઇથી દેવાયો નહિ. તેથી કેટલાક નાશી જવા લાગ્યા. એ વાત વેશ્યાને ઘેર કાળિદાસને ખબર પડતાં તેણે ગુપ્ત રીતે પંડિતોને મળી સ્મસ્યાનો જવાબ આપેલો તે જવાબ પંડિતોએ રાજાને બતાવ્યો. તે ઉપરથી રાજાએ જાણ્યું કે, કાળિદાસ શેહેરમાં છે. પછી તેને

રાજાએ તેડાવી પોતાની પાસે રાખ્યો. સુખચેનમાં ઘણા દિવસ રહેતાં કાળિદાસના મનમાં એવું આવ્યું કે; રાજા મને પ્રથમ પ્રમાણે માન આપતો નથી, માટે અહીં રહેવું યોગ્ય નથી. તેમ વિચારીને બીજા દેશમાં ચાલ્યો ગયો હતો. ત્યાંથી રાજાએ ઘણા સન્માનથી લાવી ધારા નગરીમાં પોતાની પાસે રાખ્યો હતો. એક વખતે ભોજરાજાએ ફરી તેને ચમ્પૂગ્રંથ લખવાનું કહ્યું, ત્યારે એ રીસાઇને વરંગુળ જઇને રહ્યો હતો, ફરી કદી આવ્યો નહોતો. એને થયાને આજે ૯૦૦ ઉપર વર્ષ થયાં છે.

ત્રીજો એક કવિ કાળિદાસ થયો, તે જાતનો વડનગરો નાગર બ્રાહ્મણ હતો અને કાઠિયાવાડમાં વસાવડ કરીને ગામ છે ત્યાં રહેતો હતો. તે શાલીવાહનના શકે ૧૬૮૨ માં હતો. તેણે ગુજરાતી ભાષામાં **ધ્રુવાખ્યાન, હરાખ્યાન, સીતાસ્વયંવર** એ ત્રણ ગ્રંથો કર્યા છે. એના મરણકાળનો શોધ લાગતો નથી. એ રીતે જોતાં કાળિદાસકવિ ઘણા થયા છે, પણ પ્રસિદ્ધ નામાંકિત કવિ તો ઉપરના એ થયા છે. તેમાં પણ શાકુન્તલા નાટક, વિક્રમોર્વશી નાટક, રઘુવંશ ઇત્યાદિ ગ્રંથોનો કર્ત્તા કવિ કાળીદાસજ અતિ પ્રસિદ્ધ થઇ ગયો છે અને તેનીજ વાણી અતિ વખણાય છે. એમને વિક્રમ રાજાની વખતમાં થયેલો ગણવામાં આવ્યો છે. એ રીતે જોતાંતો તેને થયાને આશરે ૨૦૦૦ બેહજાર ઉપર વર્ષ થઇ ગયાં છે; તોપણ એ વિખ્યાત કવિની અમરકીર્ત્તિ અદ્યાપિ સુધી પૃથ્વીમાં પ્રકાશિ રહી છે.

નાટકોરચવામાંઉત્કૃષ્ટગણાયેલો.

ભવભૂતિ.

આ અતિ પ્રખ્યાત વિદ્વાન બેદર ગામમાં રહેતો હતો એ જાતે કાશ્યપગોત્રી બ્રાહ્મણ હતો. બાળપણથીજ તેણે ઘણો યત્ન કરી વેદાદિશાસ્ત્રો અને કાવ્યનો અભ્યાસ કર્યો. તેમાં એ ઘણોજ ઉત્કૃષ્ટ બુદ્ધિનો થયો. તેની વાણી મધુર હતી. કંઠે સરસ્વતીનો વાસો હતો; તેથી એ **શ્રીકંઠ** પણ કહેવાતો હતો. જન્મભૂમિ તેને યોગ્ય નહોતી, ત્યાં તેની વિદ્યાની કીર્ત્તિ વધે એવું નહોતું. તેથી દેશતજી પરદેશ પર્યટન કરવા લાગ્યો. ભરતખંડના કેટલાક રાજાઓના આશ્રયથી અતિ પ્રખ્યાત થયો. કનોજ દેશના યશોવર્મા રાજાએ પોતાની પાસે રાખ્યો હતો. ધારાનગરીનો ભોજરાજા વિદ્વાનોને અતિ આશ્રય આપતો હતો. તેની કીર્તિ સાંભળીને ત્યાં ગયો. ભોજરાજા તેની બુદ્ધિ, વાણી અને વિદ્વતા જોઇને કાળિદાસ સરખોજ ગણતો હતો. કાવ્ય વિનોદમાં તેણે સર્વ સભાજનોનાં મન આકર્ષી લીધાં હતાં. ઇત્યાદિ-

થી ત્યાં તેનું માન અધિકવધ્યું હતું. સૃષ્ટિનું સૌંદર્યત્વ અને સુકુમાર પણાનું સંયુક્ત વર્ણન કરવાનો સ્વાભાવિક ગુણ એનામાં બીજા કવિઓથી અધિક હતો. ઉજ્જયિની અને તેના પ્રાંતમાંના પર્વત, નદીઓ, અરણ્ય અને ઝરાઓનું તેણે આબેહુબ વર્ણન સ્થળે સ્થળે કરેલું જણાય છે. તેથી એ ગોંડવણ નામે રમણિક અરણ્યમાં કોઇ વખતે રહ્યો હશે એવું અનુમાન થાય છે. **ઉત્તરરામચરિત્ર, વીરચરિત્ર** અને **માલતીમાધવ** એ ત્રણ નાટકો આ કવિએ રચી પ્રસિદ્ધ કર્યા છે. ઉત્તરરામ ચરિત્ર નાટક સપ્ત અંકી છે. તેમાં રામચંદ્ર રાજા અયોધ્યામાં ગાદીએ બેઠા પછી જે ચરિત્ર થયાં તેજ એમાં વર્ણવ્યા છે. આ નાટકનો ખેલ તેણે મહાકાલેશ્વર મહાદેવના ઉત્સવમાં કર્યો હતો. આ નાટક વિદ્વાનોને માન્ય અને રસિક જનોને પ્રિય છે. નાટકના જે ગુણો તે સર્વ આ નાટકમાં કવિએ આણ્યા છે. તેમાં પણ કરૂણા રસ બહુજ વધારે છે. માલતીમાધવમાં શૃંગારરસ અધિક છે. અને મહાવીર ચરિત્ર સપ્ત અંકી છે. તેમાં રામકથા સંક્ષેપથી વર્ણવી છે. એમાં વીરરસ વધારે દાખલ કર્યો છે. ઇત્યાદિ આ કવિએ ગ્રંથ કર્યા તે સર્વ ગાંભીર્ય વિચાર, પદલાલિત્ય અને ભાષાની પ્રૌઢતાથી પૂર્ણ છે. ભવભૂતિ અને કાળિદાસ રાજ સભામાં નાટકાલંકાર વિષય ઉપર સુરસ ભાષણો વખતો વખત કરતા. એક દિવસે રાજાની આજ્ઞાથી આ બંને કવિઓએ એક શ્લોકમાં શૃંગાર રસનું પૂરેપૂરૂં વર્ણન કર્યું હતું. તેમાં ઉત્કૃષ્ટપણાની સ્પર્ધા ચાલી હતી. તે ઉપરથી એવું કહેવામાં આવે છે કે એ વખતે દેવીના મંદિરમાં જઇને એ શ્લોક માતાની સન્મુખ તોળ્યા. તેમાં કાળિદાસનો શ્લોક વધારે વજનનો થવાથી દેવીએ પોતાના કર કમળમાંનું અમૃત ભવ ભૂતિના તરફના ત્રાજવામાં રેડીને ભારે કર્યું હતું. એ ઉપરથી સિદ્ધ થાય છે કે ભવભૂતિને મુખે સરસ્વતી વિશેષ હશે અથવા તેના ઉપર સરસ્વતિ અતિ પ્રસન્ન હશે. ભવભૂતિ વિષે એક કહેવત ચાલે છે કે;—

कारूण्यंभवभूतिरेवतनुते—કરૂણા રસતો ભવભૂતિનોજ. તેના જેવો કરૂણારસ વર્ણવી શકવાને બીજો કોઇ કવિ શક્તિવાન નથી. અહા! એ પણ તેની થોડી મહત્તા ન સમજવી. ઇત્યાદિ પ્રકારે એ મહા કવીશ્વર ભારતભૂમિમાં એક ભૂષણ રૂપ થઇ ગયો છે. જેની કીર્ત્તિ અદ્યાપિ પર્યંત સતેજ છે. તેને થઇ ગયાને આજે આશરે ૯૦૦ ઉપર વર્ષ થયાં છે.

પ્રખ્યાતપંડિત.

મયૂર.

આ પ્રખ્યાત પંડિત બાણ કવિનો સસરો થાય. એ ક્યાંનો રહેવાસી હતો ઇત્યાદિ તેની હકીકત મળતી નથી. માત્ર એટલુંજ માલમ પડે છે કે એ કવિ ભોજરાજાની સભામાં પ્રસિદ્ધ હતો. તેણે **સૂર્યની સ્તુતિરૂપ** એક કાવ્ય ગ્રંથ કર્યો છે, તે ઘણો વખણાય છે. ભોજ કથામાં વળી એવું લખેલું છે કે તે વિક્રમ રાજાની પછી ચારસેં વર્ષે વૃદ્ધ ભોજના સમયમાં થઈ ગયો. એ ઘણો બુદ્ધિવાળો, ઉત્સાહી હિંમતવાન, ઉત્તમ વક્તા, કવિ, અને સમય સૂચક હતો. તેમજ કાવ્ય કરવામાં શિઘ્ર હતો. ભોજરાજાની કોઈ પણ કારણથી એનાપર કતિરાજી થઇ હતી, પણ સભામાં જતો આવતો હતો. એક વખતે એ ભોજ રાજાની સભામાં બેઠો હતો, તે પ્રસંગે એક માણસ શેલડીનો સાંઠો લાવ્યો. એ યોગ્ય પ્રસંગ જોઇને તેણે ભોજ રાજાને સંભળાવવા આ પ્રમાણે શ્લોક કહ્યો હતો.

कांतोसिनित्यमधुरोसिरसाकुलोसि
किंचासिपंचशरकार्मुकमद्वितीयं
इक्षोतवास्तिसकलंपरमेकमूनं
यत्सेवितोवहासिनीरसतांक्रमेण ॥ १ ॥

અર્થ—હે શેલડી ! તું સુંદર છે, સદાય મધુર છે, તારામાં રસ ઘણો છે, તું કામ દેવનુ બીજું ધનુષ છે, સઘળા ગુણો તારામાં છે. પણ એક ગુણ ઓછો છે, તે એકે અનુક્રમે ચડતાં ચડતાં તારામાં રસ ઓછો ઓછો માલમ પડે છે. આ શ્લોક સાંભળતાંજ ભોજ રાજા ઘણો લજવાઇ ગયો અને તેની યોગ્યતાસર તેને એક લાખ રૂપિઆ આપી ઘણો સત્કાર કર્યો હતો. ત્યારપછી ભોજ રાજા તેને નિત્ય અધિકમાન આપતો હતો. કદી પણ તેને માન સાથે આવકાર આપ્યાવિના રહેતો નહિ. પછી મયૂર પંડિત પ્રતિદિન સભામાં પોતાની કવિત્વ શક્તિથી રાજાને રંજન કરવામાં કચાશ રાખી નહિ. તેથી એ આગળ જતાં વધારે પ્રિય થઇ પડયો હતો. આ કવિએ બીજા પણ ઘણા ગ્રંથો રચેલા કહેવાય છે, પણ તેનો તપાસ કરતાં શોધ લાગતો નથી. તેમજ તેના ચરિત્રની વિષેશ હકીકત પણ તેની પ્રસિદ્ધિ પ્રમાણે મળી આવતી નથી.

પરમધાર્મિકકવિ.

જયદેવસ્વામિ.

આ નામાંકિત ભક્ત પુરૂષ જગંનાથજી પાસે **કિંદુબિલ્વ** ગામમાં રહેતો હતો. તે બાળ વયમાં ગુરૂને ઘેર વિદ્યાભ્યાસ કરવાને રહેતો હતો, ત્યાં ગુરૂ પાસેથી એક દિવસમાં એકદમ પંદર દિવસનો પાઠ લેતો અને તૈયાર કરી તરત આપી દેતો હતો એવો પ્રબળ બુદ્ધિનો હતો. તેપરથી તેનું બીજું નામ **પક્ષધરમિશ્ર** પડયું હતું. **મિશ્ર** નામ ઉપરથી તે કાન્યકુબ્જ બ્રાહ્મણ હશે એવું અનુમાન કરવામાં આવે છે. એ પરમ વિષ્ણુ ભક્ત હતો. તેથી તેની ગણના સંત માલિકામાં કરવામાં આવેલી છે. આ જેવો પ્રબળ બુદ્ધિનો હતો, તેવોજ જ્ઞાની, ધાર્મિક, કાવ્યશાસ્ત્રમાં નિપુણ, પ્રૌઢવક્તા, અને વિદ્વાન હતો. ઉમરલાયક થયે તે કવિતા કરતો. એના ગ્રંથની વાણી અતિ કોમળ, શૃંગાર અને કરૂણા રસથી ભરપુર છે. આ કવિએ **પ્રસન્નરાઘવ** નામે સપ્તઅંકી સુંદર નાટક રચેલું છે. તેમાં વીર, શૃંગાર અને કરૂણા રસ ઉત્તમ રીતે વર્ણવેલા છે. કેટલેક સ્થળે શબ્દાલંકાર અને અર્થાલંકાર પણ વર્ણવેલા છે. પરંતુ અર્થાલંકાર ઉપર આ કવિનું વિશેષ લક્ષ જોવામાં આવે છે. તેમાં સીતાસ્વયંવરથી તે રાવણને મારી રામચંદ્ર સીતાને લઇ અયોધ્યાપુરીમાં આવ્યા, ત્યાં સુધીનું ઉત્તમ છટાથી રસિકપણે રામ ચરિત્ર વર્ણવેલું છે. બીજો તેમણે **ગીતગોવિંદ** નામે ગ્રંથ ગદ્યપદ્યાત્મક કર્યો છે. તેમાં અષ્ટપદી ઉપર રાધાકૃષ્ણનો વિલાસ વર્ણવેલો છે. તે અષ્ટપદીઓ કર્ણાટકી ગવૈયાઓ અનેક તાળ અને રાગમાં બહુ મનોરંજક રીતે ગાય છે. જે સાંભળીને ગમે તેવા કઠણ કાળજાના મનુષ્યોનું મન પણ પીગળી ગયા વગર રહેતું નથી. આ ગ્રંથ લખતી વખતે એક દિવસે એવું બનેલું કે, એક સ્થળે રાધાજીનું યોગ્ય રીતે શી રીતે વર્ણન કરવું, તેની બરાબર સૂઝ નહિ પડવાથી તે ગ્રંથ ત્યાંજ પડતો મૂકિને કવિ સ્નાન કરવાને ગયા. એવામાં સાક્ષાત્ શ્રીકૃષ્ણે પ્રગટ થઇને તે વિષય પૂરો કર્યો. જયદેવ સ્વામિએ નિત્ય કર્મથી પરવારી ભોજન કર્યું. પછી આવી જોયું તો અધુરૂં મૂકેલું પ્રકરણ પૂરૂં થયેલું દીઠું. આ અદ્ભૂત બનાવથી કવિ બહુજ આશ્ચર્ય પામ્યા. સાંપ્રતકાળમાં આ ગ્રંથ દેશોદેશમાં ગવાય છે, પણ કર્ણાટમાં જેવો મનોરંજકપણે ગવાય છે તેવો બીજા કોઇ દેશમાં ગવાતો નથી.

આ સમર્થ કવિના વખતમાં જગંનાથક્ષેત્રમાં સાત્વિક નામે એક રાજા રાજ કરતો હતો. તેણે જયદેવ સ્વામિના ગીતગોવિંદ ગ્રંથનાં ઘણાં વખાણ થતાં સાંભળ્યાં. તેપરથી તેના જેવો તેણે એક ગ્રંથ લખ્યો. તેની વાણી ન-

ક્ષો લખાવી પોતાના આખા રાજ્યમાં મફત વહેંચી અને આજ્ઞા કરી કે તેનો સર્વેએ નિત્ય પાઠ કરવો, પણ લોકો જ્યદેવ કવિનો ગીતગોવિંદ ગ્રંથ પ્રીતિથી વાંચતા અને રાજાનો બનાવેલો કોઇ વાંચવા ઇચ્છતાં નહિ. એ વાત રાજાએ સાંભળીને જયદેવને કહ્યું કે;-તમારા ગ્રંથને જેવું લોકો માન આપે છે તેવું મારા ગ્રંથને કેમ માન આપતા નથી? જયદેવે કહ્યું, મહારાજ! લોકો ન માન આપે તેમાં હું શું કરૂં? પછી રાજા અને બ્રાહ્મણોએ મળી એવો ઠરાવ કર્યો કે બંને ગ્રંથ જગંનાથજી પાસે મૂકવા. તેમાં જે ગ્રંથ દેવને ગમશે તે પોતાની પાસે રાખશે અને બીજો ફેંકી દેશે. તે વાત જયદેવે સ્વીકારી. બંને ગ્રંથો દેવ પાસે મૂક્યા, અંદર કોઇ માણસને રહેવા દીધું નહિ, બારણાં મજબૂત બંધ કરી તેની કુંચી રાજાએ પોતાની પાસે રાખી. બીજે દિવસે રાજા, સર્વ પૂજારા અને બીજા વિદ્વાનો વગેરે એ સાથે મળી બારણાં ઉઘાડી જોયું, તો જયદેવનો ગ્રંથ દેવની પાસે પડયો હતો અને રાજાનો ગ્રંથ મૂળમાંએ નહોતો. એ જોઇને સર્વે ઘણા આશ્ચર્ય પામ્યા. પછી રાજાના ગ્રંથનો શોધ કરતાં, ઘણે છેટે પછવાડેના ભાગમાં એનાં પાનાં વિખેલાં ચૂંથેલાં મળ્યાં. એ જોઇને રાજાને ઘણો ખેદ થયો. એ અપમાનથી તે પ્રાણ તજી દેવાને તૈયાર થયો. એ પ્રમાણે જોઇને જયદેવે દેવની સ્તુતિ કરીને રાજાના ગ્રંથના થોડા શ્લોક પોતાના ગ્રંથમાં મેળવી દેવાની આજ્ઞા મેળવી. તેથી રાજા ખુશી થયો અને જયદેવ સાથે મિત્ર ભાવથી વર્ત્તવા લાગ્યો અને તેને આશ્રય આપી પોતાની પાસેજ રાખ્યો. આ ગ્રંથ દેવે માન્ય કરવાથી જયદેવની જે કીર્ત્તિ હતી તેમાં વિશેષ વૃદ્ધિ થઈ. પ્રતિદિન તેની કીર્ત્તિમાં વૃદ્ધિ થવાનાં કારણો ઉત્પન્ન થવા લાગ્યાં. જગન્નાથ ક્ષેત્રમાં એક અગ્નિહોત્ર બ્રાહ્મણ રહેતો હતો, તેને **પદ્માવતી** નામે એક અતિ રૂપાળી અને ગુણવાન પુત્રી હતી, તે કોઇ મનુષ્યને પરણાવવા કરતાં દેવને અર્પણ કરવાનો એ બ્રાહ્મણે નિશ્ચય કર્યો હતો, પણ દેવે સ્વપ્નામાં દૃષ્ટાંત આપ્યું, તેપરથી તેણે તે કન્યા જયદેવને વિધિસર લગ્ન કરીને પરણાવી, તે સ્ત્રી પતિવ્રતા અને શ્રીકૃષ્ણની ભક્ત હતી. વખતે વખતે એ રાણીઓ પાસે જતી હતી. એક વખતે જયદેવ સ્વામિના મિત્ર સાત્વિક રાજાનો બનેવી મરણ પામ્યો અને તેની સ્ત્રી સતી થવાને ગઇ. એ જોઇને બીજી રાણીઓ તેની ઘણી પ્રસંશા કરવા લાગી, પણ પદ્મણી કાંઇ બોલી નહિ. એ જોઇને સાત્વિક રાજાની રાણીએ તેને પૂછયું કે, આથી તમને કેમ કાંઈ આશ્ચર્ય લાગતું નથી? અને કાંઇ બોલતાં નથી? પદ્મણીએ કહ્યું કે, કંઇ નહિ. એ સાંભળી રાણીએ તેને વધારે દુરાગ્રહથી પૂછયું. ત્યારે પદ્માવતીએ કહ્યું કે; "એ પતિવ્રતા ખરી, પણ મને લાગે છે કે પતિનું મ-

રણુ સાંભળતાંજ જેના પ્રાણ નીકળી જાય છે તેજ ખરી સતી. સાથે જવાની જરૂર નથી." આ સાંભળી રાણીને માઠું લાગ્યું; કેમકે સતી થનારી તેની ભાભી હતી. તેપરથી તેણે પદ્માવતીની પરીક્ષા કરવાનો વિચાર કર્યો. જયદેવ એક વખતે રાજા સાથે બહાર ગામ ગયા હતા. રાણીએ પોતાના માણસને સમજાવી રાખ્યો હતો. તેણે બીજે દિવસે રાણી અને પદ્માવતીને સાથે બેઠેલાં જોઈ ઉદાસી ચેહેરે આવી કહ્યું કે,—જંગલમાં જયદેવ કવિ રાજા સાથે ગયા હતા ત્યાં વાઘે આવી જયદેવને મારી નાખ્યા એવી ખોટી વાત પદ્માવતીને જણાવી. એ સાંભળતાંજ પદ્માવતીએ પ્રાણ તજી દીધા. રાણી પરીક્ષા લેવા જતાં ખરો બનાવ બનેલો જોઇ ભયભીત થઇ, અને રાજાની બીકથી થરથર કંપવા લાગી. તેટલામાં દૈવયોગથી રાજા અને જયદેવ બંને આવ્યા. રાજા આ વાત જાણી સ્ત્રી હત્યાથી પોતાનો પ્રાણ તજવા તૈયાર થયો. જયદેવે ધીરજ આપી શાંત કર્યો. પછી પોતે પોતાની પ્યારી સ્ત્રીના મુડદા પાસે બેસી મધુર રાગે કરૂણા રસથી અષ્ટપદીઓ ગાવી શરૂ કરી. તેથી આજુબાજુ ઉભેલા સર્વે મનુષ્યો અતિશે રૂદન કરવા લાગ્યાં. આઠમી અષ્ટપદી પૂરી થતાંજ શ્રીકૃષ્ણ કૃપાથી પદ્માવતીએ આળસ મરડી બેઠાં થઈ પતિને પ્રણામ કર્યા. આ જોઇને સર્વેને અધિક આનંદ થયો. સૌ જયદેવ અને તેની પત્નિને ધન્યવાદ આપવા લાગ્યાં. આ બનાવથી તો જયદેવની ઘણી કીર્ત્તિ દેશોદેશમાં ફેલાઇ ગઇ.

આ બનાવથી પાસેના એક રાજાએ પોતાની રાજધાનીમાં આ પવિત્ર જોડાંની પધરામણી કરી ઘણું દ્રવ્ય આપ્યું અને બહુ સન્માનથી રવાને કર્યા. માર્ગમાં ચોર લોકોએ સર્વ દ્રવ્ય લૂટી લઇને તેના હાથ પગ ભાંગીને એક ખાડમાં નાખી દીધા. તે રસ્તે થઇને ઉત્કળ દેશનો ક્રૌંચ નામે રાજા જતો હતો. તે સ્વામિની આવી સ્થિતિ જોઇને પોતાને ત્યાં લઈ ગયો અને ઘણી સેવા ચાકરી કરી. ત્યાં ઇશ્વર ઇચ્છાથી જયદેવ સ્વામિના હાથ પગ હતાં તેવાજ થઇ રહ્યા. આ જોઈ રાજા ઘણું આશ્ચર્ય પામ્યો હતો આ કવિએ **કુવલયાનંદની મૂળ કારિકા** કરી છે. તે સિવાય ન્યાયશાસ્ત્રના પણ ગ્રંથ કરેલા છે. ભક્તમાળામાં આ કવિ વિષે બે ત્રણ ચમત્કારિક વાતો જણાવેલી છે. ગીત ગોવિંદનો ગ્રંથ વિક્રમ રાજાની સભામાં ગવાતો હતો. તેપરથી આ કવિ કાળિદાસ પંડિતના પહેલાં થયો એવું સિદ્ધ થાય છે. એને થઈ ગયાને આશરે ૨૦૦૦ બેહજાર વર્ષ ઉપર થયાં જણાય છે. કલિંગ દેશમાં શ્રીકૃષ્ણનો વાર્ષિક ઉત્સવ થાય છે ત્યારે ગીત ગોવિંદ—અષ્ટપદીઓ ગાઇને આખી રાત્રિ જાગરણ કરવાનો રિવાજ છે. સરવિલિયમ જોન્સ સાહેબે ગીત ગોવિંદ-અષ્ટપદીનો ઇંગ્રેજીમાં બહુ સરસ રીતે તરજુમો કર્યો છે.

ઇત્યાદિ રીતે એ મહા પુરૂષ પોતાની અમર કીર્ત્તિ રાખી ગયેલા છે તે અદ્યાપિ સુધી સતેજ છે.

શબ્દસૌંદર્યમાં સર્વોત્કૃષ્ટ.

દંડીકવિ.

આ વિખ્યાત વિદ્વાન પુરૂષ જાતનો બ્રાહ્મણ હતો. ઉજ્જયિની નગરીની આસપાસના કોઇ ગામમાં રહેતો હતો. તે સિવાય તેના માતા પિતા કોણ? એનો કશો શોધ લાગતો નથી. એણે બાળવયમાં ઘણાં શાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો. ઉમરલાયક થયે કાશિવગેરે ક્ષેત્રોમાં તીર્થયાત્રા કરવા ગયો હતો. ત્યાંથી ધારાનગરીમાં આવી રહ્યો હતો. ભોજરાજા તેની વિદ્વતાથી તેનો ઘણો સત્યકાર કરતો. કવિ કાળિદાસ અને ભવભૂતિ સાથે કવિતામાં વખતો વખત વિવાદ કરતો હતો. તેમાં શબ્દસૌંદર્યમાં તો તેણે સર્વને છક કરી મૂક્યા હતા. એના જેવું શબ્દ સૌંદર્ય દર્શાવવાને બીજો કોઈ કવિ શક્તિવાન ગણાતો નહોતો. તે ઉપરથી કહેવાય છે કે:—दण्डिनःपदलालित्यं—પદલાલિત્ય—શબ્દસૌંદર્ય તો દંડી કવિનુંજ એ માટે એ અતિ પ્રસિદ્ધ છે. જેમ દંડીકવિ દેવી ઉપાસિક હતો તેમજ કાળિદાસ અને ભવભૂતિ પણ દેવી ઉપાસિક હતા. એ ત્રણે માટે એવું કહેવાય છે કે, એક દિવસે સરસ્વતીએ પ્રગટ થઇને સ્વરૂપવાન, યુવાન સ્ત્રી રૂપે માર્ગમાં દડો ઉછાંળતાં હતાં. ત્યાં થઈને આ ત્રણે કવિ નીકળ્યા. પ્રથમ દંડી બોલ્યો કે;—“ જ્યારે આ સ્ત્રી પોતાના કોમળ કર કમળથી દડો લે છે, ત્યારે તે દડાના ત્રણ વર્ણ ઉઘાડા જણાઇ આવે છે. સીધી નજરે જુએ છે ત્યારે કાનમાના કમળની તેના ઉપર છાયા પડે છે, તેથી તે રાતો દેખાય છે, જમીન ઉપર પછાડે છે ત્યારે નેત્રની કાંતીથી જાંબુ વર્ણો દેખાય છે. ભવભૂતિ બોલ્યો કે, દડો એના સ્તન જેવો દેખાય છે માટે તેને જમીન ઉપર પછાડે છે. કાળિદાસ બોલ્યો કે, તે મારૂં મુખ ચુબંન કરશે એ માટે તેને પછાડે છે.” આ પ્રમાણે બોલી રહેતાંજ દેવી અદર્શ થઇ ગયાં. ફરી એજ માર્ગમાં પાન વેચનારને વેષે બેઠાં. ત્યાં એ ત્રણે કવિ આવ્યાં, દેવીએ ભવભૂતીને જરા ચુનો આપ્યો. દંડીને સોપારી અને કાળિદાસને પાન આપ્યું. એ રીતે આપવાથી દંડીએ તેનું કારણ પૂછયું. ત્યારે તેણે જવાબ આપ્યો કે, ત્રણે જણના ગુણ સરખા નથી. પછી એ ત્રણે કવિને પોતાની દુકાનને પછવાડે લેઈ જઇને તેમના બુદ્ધિની નિશાનીના ત્રણ ઢગલા બતાવ્યા. એ સર્વમાં કાળિદાસનો સર્વથી મોટો, દંડીનો મધ્યમ અને ભવભૂતિનો કનિષ્ટ. આ જોઇને ત્રણે શાંત થઇને આ-

લીન ગયા. આ ચમત્કાર જોયા પછી એક વખતે દંડી અને કાળિદાસને વિવાદ થયો હતો. ત્યારે કહે છે કે; દેવીએ સાક્ષી આપી કે **कविर्दंडी, कविर्दंडी, कविर्दंडी, नसंशयः**—કવિ, તો દંડીજ છે. એવું ત્રણ વખત બોલવાથી કાળિદાસે ક્રોધથી દેવીને કહ્યું કે, હું કોણછું? એવું કાળિદાસનું બોલવું સાંભળીને દેવી બોલી કે, त्वमेवाहंनसंशयः—તું અને હું તો એકજ છીએ. એ રીતે ચર્ચા થયા પછી વિવાદ છોડી દઇને ત્રણે ચાલી નીકળ્યા અને તે પછી પ્રાણ સમાન મિત્રો થઇને વર્તવા લાગ્યા હતા. દંડી કવિએ સાહિત્ય શાસ્ત્ર ઉપર **દશકુમાર** અને **કાવ્યદર્શ** એબે ઉત્તમ ગ્રંથ કર્યા છે. આ સર્વ વર્ણન જોતાં દંડીકવિ પણ મોહા સમર્થ કવિ થઈ ગયો છે. એ કાળિદાસથી બીજા નંબરનો કવિ હતો એમાં કાંઈ સંશય રહેતો નથી. વિલ્સન સાહેબે તેના દંડી નામ ઉપરથી તેને સન્યાસી ગણ્યો છે, પણ તેની એ કલ્પનાનું ખંડન મી. વિશ્નુકૃષ્ણ ચીપલુણકૃત નિબંધમાળામાં કરેલું છે. અને તેમાંથી આ કવિની યથાર્થ હકીકત મળે છે, પણ એ ગ્રંથ મળતો નથી.

સમર્થ મહાપુરૂષ.

તુકારામ.

આ અતિ વિખ્યાત મહાપુરૂષ પુનાથી આઠ ગાઉપર આવેલા દેહુ નામે ગામમાં રહેતો હતો. જાતનો શુદ્ર–કણબી હતો. બોલ્હોબાં નામે એનો પિતા પૂર્વજોના રિવાજ પ્રમાણે વેપારનો ધંધો કરતો હતો. અનાજ, મસાલો આદિ પદાર્થો બળદ કે ગાડી ઉપર ભરીને બહાર ગામ વહેંચવાને જતો. તેના વડે કુટુંબનું પોષણ ચાલતું, કનકાઇ નામે તેની સ્ત્રી પવિત્ર અને સાધ્વી હતી, એ પતિના કાર્યમાં ઘણી મદદ કરતી, પંઢરપુરના વિઠોબા એના પૂર્વજોના ઇષ્ટદેવ હતા. ત્યાં એ હરવર્ષના અષાઢ અને કાર્તમાસમાં જાત્રાએ જતો, ભજન અને પૂજન કરતો હતો. એમ કરતાં એને ચોવીશ વર્ષ વીતિ ગયાં. આ પવિત્ર દંપતિને સાવજી, તુકારામ અને કાન્હોબા નામે ત્રણ પુત્રો થયા. તેમાં તુકારામનો જન્મ શકે ૧૫૩૦ માં દેહુમાં થયો હતો. ઉમર લાયક થતાં એ ત્રણેને પરણાવ્યા, મોટો પુત્ર સાવજી સંસાર વ્યવહાર કરતાં વૈરાગ્ય તરફ વધારે વહાલ રાખતો હતો, જરાપણ સંસારમાં ચિત્ત ચોંટાડતો નહિ. તેથી તુકારામને ૧૩ વર્ષની ઉમરમાંજ તેના પિતાએ સંસાર વ્યવહાર અને વેપારના કામથી વાકેફ કરવા માંડયો. આટલી નાની વયમાંજ તુકારામ ઉત્તમ પ્રકારે વેપાર અને સંસાર ચલાવવા લાગ્યો. તેથી તેનાં માબાપ

અત્યંત ખુશી થતાં હતાં. તુકારામની સ્ત્રીને દમનો રોગ હતો. તેથી બીજીવાર પુનામાં આપાજી ગુલવ્યા નામે એક ધનવાન વેપારીને ત્યાં પરણાવ્યો હતો. એમ બે સ્ત્રીઓ થઇ હતી. ૧૭ વર્ષની ઉમર થતાંજ તુકારામના માબાપ મરણ પામ્યાં. તેથી ઘર સંસારનો સઘળો ભાર માથે આવી પડવાથી ઘણો દુઃખી થયો. સાવજી તો મૂળથીજ વિરક્ત હતો ને વળી તેની સ્ત્રી મરણ પામવાથી તો એ તીર્થ યાત્રા કરવાને ચાલી નીકળ્યો. એથી વળી તુકારામના દુઃખમાં અતિવધારો થયો હતો; કેમકે ૧૮ વર્ષની નાની વયમાં સઘળા કુટુંબનો બોજો એકલાને માથે આવી પાડયો. તેથી તેનું ચિત્ત સંસાર ઉપરથી પ્રતિ દિન ઉઠી જવા લાગ્યું, વેપાર ધંધો ઓછો થઇ ગયો હતો, મોંઘવારી વધી પડવાથી વ્યવહાર મુશ્કેલાઇથી ચાલતો હતો, તેમાં વળી ઓછામાં પૂરૂં દુઃકાળ પડયો, અન્ન મળવું અશક્ય થઇ પડયું, ખોરાક વિના ટળવળીને તેની મોટી સ્ત્રી મરણ પામી. બીજી સ્ત્રી કંકાશણી હતી, સંતુ નામે પુત્ર મરણ પામ્યો. ૨૧ વર્ષની ઉમરે ચાર ઢોરો મરણ પામ્યાં. ઇત્યાદિ પ્રકારથી તેનું મન સંસાર ઉપરથી સાવ ઉઠી ગયું હતું, તે હવે કેવળ ઇશ્વર ભજનમાંજ દિવસ ગાળવા લાગ્યો. તેથી તેના સગાંવહાલાં, મિત્રો અને સ્ત્રીએ ઘણુંએ સમજાવ્યો, પણ તેણે પોતાનો દૃઢ વિચાર ફેરવ્યો નહિ. નિરંતર એકાંતમાં બેસી વિચાર કરતો. એક વખતે કોઇ ન જાણે તેમ બેગાઉ ઉપર ભાવનાથ નામે ડુંગર ઉપર જઇને ઇશ્વરનું ધ્યાન કરવા લાગ્યો. કાન્હોબાનામે નાનાભાઇ એ ઘણી શોધ કરી; ત્યારે સાત દિવસે તેનો એ ડુંગર ઉપર મેળાપ થયો. કહે છે કે એ વખતે તેને ઇશ્વરનો સાક્ષાત્કાર થયો હતો. તેથી આજે ત્યાં પણ પાદુકા સ્થાપેલી જોવામાં આવે છે. કાન્હોબા તુકારામને ઘેર તેડી લાવ્યો. તુકારામે ઘરમાં જે ખત પત્રો હતાં તે બહાર કાઢીને કાન્હોબાને કહ્યું કે—"આ ખત પત્રો કેવળ કાગળના ઘોડાઓ છે તેથી દુરાશા વધે છે. માટે એને ઇંદ્રાયણી નદીમાં ડુબાવી દેવાં જોઇએ." કાન્હોબાએ કહ્યું કે, તમેતો વિરક્ત છો, પણ પાછળ આપણને છોકરાં છે માટે તેમ થઇ શકે નહિ. આ સાંભળી તુકારામે એ ખત પત્રોના બે ભાગ પાડયા. એક ભાગ કાન્હોને આપ્યો અને એક ભાગ ઇંદ્રાયણી નદીમાં ડુબાવી દીધો. પછી કહેવા લાગ્યો કે, મારે ઇશ્વર ભક્તિ સિવાય બીજો વેપાર કરવો નથી, પેટ શારીતે ભરાશે તેની ચિંતા રાખતો નથી. આ સર્વ બનાવથી કાન્હોબા એ જુદા થઇ સંસાર ચલાવવો શરૂ કર્યો અને તુકારામ ઇશ્વર ભક્તિમાં તલ્લીન રહેવા લાગ્યો.

ભક્ત વિજયમાં જણાવેલું છે કે, તુકારામ સંસારથી વિરક્ત થઇને મિતાહાર કરતો, નિરંતર ઈશ્વર સ્મરણ કરતો, પરોપકાર ઉપર પ્રીતિ રાખ-

તો; દ્રવ્ય, માનાદિકમાં નિઃસ્પૃહ રહેતો હતો. તેમજ સ્પષ્ટ વક્તા, નિરાભિમાની, ઉપદેશ કરવામાં પ્રીતિવાળો, કથા અને ભજન ઉપર અતિ પ્રેમવાળો, અને સંસાર ઉપર ઔદાસી રહેતો, ઇત્યાદિ મહાસદ્‌ગુણો તેનામાં હતા. નિત્ય પ્રાતઃકાળમાં ઉઠીને સ્નાન કરતો, વિઠોબાના દેવળમાં પૂજા કરીને જંગલમાં જતો હતો. દેહુથી ત્રણ ગાઉ ઉપર ભાંડારાના ડુંગર છે તે ઉપર જઇને એકાંતે ઇશ્વરનું ધ્યાન કરતો હતો અને પાછો નિત્ય સાંજે આવીને વિઠોબાના દેવળમાં ભજન કરતો, પેટને માટે ભિક્ષા માગતો, એ માટે તેને અડચણ પડતી નહિ, ભક્ત વિજયમાં લખેલું છે કે, એ વખતે તેની સ્ત્રી ભોજન તૈયાર કરીને આપી જતી પછી પોતે ખાતી. વખતે વખતે પેટને માટે ભજન કરતાં કોઇનું કામ પણ કરતો. એક વખતે તુકારામ ઇંદ્રાયણી નદીને કાંઠે ભજન કરતો બેઠો હતો, ત્યાં એક ખેડુતે આવી કહ્યું કે, તું અહીં અમસ્તો બેઠો ભજન કરે છે તેને બદલે મારા ખેતરની પક્ષીઓથી સંભાળ રાખતાં ભજન કરો. મારા ખેતરની સંભાળ રાખશે તેને બદલે અધમણ અનાજ આપીશ. તેથી તારા કુટુંબનું ગુજરાન ચાલશે. બીજે બેઠા ભજન કરોછો તેને બદલે અહીંજ કરજે. તુકારામ હા પાડી તેની સાથે ખેતરમાં ગયો, ખેડુતે તેના હાથમાં ગોફણ આપી માળાપર બેસાડયો પછી ખેડુત પરગામ ગયો. તુકારામ તો માળાપર બેઠા ભજન કરવા લાગ્યો, પક્ષીઓનાં ટોળાં આવી ખેતરમાં ખાવા લાગ્યાં. ભૂખ્યાં પક્ષીઓને હાંકી મૂકવાથી પાપ થાય એમ સમજીને તેને ઉડાડી મૂકતો નહિ. ખાવાનું તેની સ્ત્રી પહોંચાડી જતી. એ રીતે કરતાં એક માસ વિતી ગયો, ત્યારે ખેડુત આવ્યો, ઉમંગે ખેતર જોવા આવતાં આખા ખેતરમાં પક્ષીઓ ભરેલાં દીઠાં. સઘળું અનાજ ખાઇ ગયેલું જોઇને તુકારામને ગાળો દેવા લાગ્યો, આ કજીઓ ચાવડીએ ચડયો, ગામ લોકોએ બંનેની વાત સાંભળી લઇને એવો ઠરાવ કર્યો કે, તુકારામે ૪૦ મણ દાણાના પૈસા આ ખેડુતને આપવા. તેનું દસ્તાવેજ તુકારામ પાસે લખાવી ખેડુતને આપ્યું. આ પછી એવો ચમત્કાર થયો કહે છે કે એ ખેતરનો મોલ સઘળો ખળામાં લાવતાં તેમાંથી ૩૪૦ મણ અનાજ નીકળ્યું હતું. એવું જોઇ ખેડુત તુકારામને લેખ પાછો આપી દેવા લલચાયો હતો, પણ ગામ લોકોએ કહ્યું કે, હવે પંચનો કરેલો ઠરાવ ફરવાનો નથી. પછી તેમાંથી ખેતરવાળાને ૪૦ મણ દાણા આપ્યા. બાકીના તુકારામને આપવા માંડ્યા, પણ તેણે લીધા નહિ. તેથી એ ૩૦૦ મણ દાણા એ ગામના દેશ પાંડે મહાદાજીપંત નામે એક ભાવિક બ્રાહ્મણને ઘેર જમે કરાવ્યા. તેના વેચાણના જે પૈસા આવ્યા. તેમાંથી તુકારામે પોતાના કુટુંબે બાંધેલા વિઠોબાના દેવળનો જીર્ણોદ્ધાર કરાવ્યો.

તુકારામની વૃત્તિ નિરંતર ઈશ્વર તરફ લાગેલી હતી. નામદેવનાં અભંગ, કબીરનાં પદ, એ સર્વ તેણે મુખપાઠ કર્યા હતાં. જ્ઞાનેશ્વરી, એકનાથી ભાગવત, અમૃતાનુભવ, એ સર્વની કથા કરતો તેમજ જ્યાં કથા થતી ત્યાં નિત્ય નિયમ પ્રમાણે સાંભળવા જતો અને ભક્તિભાવથી કથામાં ઉભા રહેલાની પાછળ ઉભો રહીને ધ્રુપદ ગાતો હતો. તેથી શ્રવણ જ્ઞાન અધિક ખીલ્યું હતું. જે સાંભળતો તે એકાંતે જઈને મનન કરતો. એ સિવાય શ્રી મદ્ભાગવતાદિ પુરાણોની કથાઓ ચિત્ત દઈને સાંભળતો હતો. આ ગ્રંથોનો અભ્યાસ અને મનન કરવાને ભંડારાના પર્વત ઉપર એકાંતે બેસતો હતો. અગીઆરસનું વ્રત નિયમ કરવાને કદી ચૂકતો નહિ. જે કોઈ કામ બતાવે તેનું તે ચિત્તદઈને કરતો, તેમાં સ્વાર્થનો જરાપણ વિચાર કરતો નહિ, એવો એ પરોપકારી હતો. નિત્ય નિયમસર ઈશ્વર સ્મરણ કરતો અને તેમ કરવા લોકોને ઉપદેશ આપતો હતો. આ વખતે તેમની કવિતા કરવાની શક્તિ વધી હતી. પ્રથમ બાળક્રિડા એવી ૯૦૦ કરી હતી. એ નિત્યભજન અને કથા કરતો, તેની ઉત્તમ સાધુવૃત્તિ જોઈને લોકો તેને ત્યાં સાંભળવાને આવતા, ચિચવડનો રહેવાસી મંબાજી નામે બ્રાહ્મણ દેહુમાં સાધુ થઈને રહેતો હતો. તે ભજન અને કથા કરતો, પણતેને ત્યાં કોઇ સાંભળવા ન જતાં, તુકરામને ત્યાં ઘણા ભાવિ લોકો સાંભળવાને ભેળાં થતાં. આ જોઈ બ્રાહ્મણ સાધુને ઈર્ષા થઈ, તે લાગ આવેલો તુકરામને મારવાને તાકી રહ્યો હતો; પણ ઉપરથી ડોળ બતાવવાને તુકરામને ઘેર ભજન અને કથા સાંભળવાને જતો હતો. એક વખતે અગીઆરસને દિવસે દેહુમાં વિઠોબાની યાત્રા હતી. ત્યારે ઇર્ષાને લીધે તેને બહુ માર માર્યો. પછી કોઇ દિવસે કથાગાં આવતો નહિ. તુકારામ સાધુ વૃત્તિનો પુરૂષ હતો, તેના મનમાં એ સંબંધે કાંઇ ન હોતું, જરાપણ મનમાં વેર ભાવ રાખતો નહિ. બુરૂં કરનારનું પણ ભલું ઇચ્છિતો, એક વખતે તુકારામ બ્રાહ્મણ સાધુને ઘેર ગયો અને તેને સમજાવી પોતાને ત્યાં તેડી લાવ્યો. એ વખતે તેને એવો ઉત્તમ ઉપદેશ આપ્યો કે તેથી એ શરમાઇ ગયો. એટલુંજ નહિ પણ એ પોતાના કૃત્ય માટે અપાર પસ્તાવો કરવા લાગ્યો હતો. તુકારામ આવો પ્રેમાળ હતો. તેથી ઘણા ભાવિક લોકો તેના શિષ્ય થવાને આવતા. વખતસર ભજન અને કથામાં આવી હાજર થતાં. ગંગાધર મવાળ નામે બ્રાહ્મણ તથા સંતાજી નામે તેલી એ બંને નિરંતર એની પાસેજ રહેતા અને તુકારામ જે કવિતા કરતો તે લખી લેતા હતા. એટલુંજ નહિ પણ તુકારામ ભજન કરતો તે વખતે આ બંને શિષ્યો તેની પાછળ ઉભા રહી ભજન તથા કથામાં ગાતા હતા. તુકારામની સ્ત્રી કંકાશણી હતી, આંગણે અતિથી અભ્યાસગત

આવે તેનો યોગ્ય સત્કાર કરતી નહિ. તેથી તુકારામ કંટાળીને જંગલમાં જઇ રહ્યો, કોઇ વખતે કોઇ ખાવાનું આપી જતાં તે ખાતો હતો, ભજનને વખતે દેવળમાં આવતો. પ્રાતઃકાળમાં ઇંદ્રાયણી નદીમાં સ્નાન કરીને વિઠોબાની પૂજા કરી ચાલ્યો જતો એમ કરતાં કેટલોક કાળ વિતી ગયો. એક વખતે વિઠોબાની જાત્રામાં તુકારામને તેની સ્ત્રી જિજાબાઇ આવી મળી. પોતાના આગલા કૃત્યનો પસ્તાવો કર્યો, ઘણી પ્રકારે આજીજી સાથ પ્રાર્થના કરીને ઘેર તેડી ગઇ. તુકારામે આ લાગ જોઇને તેને વૈરાગ્યનો ઉપદેશ કર્યો. તેથી તેને વૈરાગ્ય થયો. પણ એ થોડા વખતનો હતો. મહાદેવ નામે પુત્ર હતો તે પથરીના રોગથી પીડાતો હતો, ઘણા ઉપાય કર્યા પણ કાંઇ ફેર પડયો નહિ. તુકારામ આ માટે બહુ લક્ષ આપતો નહોતો. જોયું કે પુત્રને ફેર પડતો નથી, તેથી જિજાબાઇ વિઠોબા ઉપર ગુસ્સે થઇને દેવળમાં પુત્રને પછાડવા લઇ ગઈ, જેવી વિઠોબાના દેવળમાં પેઠી કે, "તારો પુત્ર સાજો થયો છે" આવી વાણી સાંભળી આશ્ચર્ય પામી. પુત્રને નીચે સૂવાર્યો, પુત્ર સામું જોયું તો તેણે ઘણો પેશાબ કર્યો તેમાં સર્વ રોગ નીકળી ગયો. પેશાબ થતાંજ તેણે તેને ઉપાડી બહાર લીધો કે થોડી વારમાં સાજો થઇ રમવા લાગ્યો, એવું જોઇને જિજાબાઈ પુત્રને ઘેર તેડી લાવી.

તુકારામ પવિત્ર સાધુ હોવાથી તેની કીર્ત્તિ ચોતરફ ફેલાવા લાગી, દેવ તેની સાથે ભોજન કરે છે એવા ચમત્કારની વાતો સાંભળીને પુના પાસેના ચિંચવડ ગામમાં ચિંતામણી નામે ગણપતિ ભક્ત બ્રાહ્મણે તેને પોતાને ત્યાં બોલાવ્યો. ભોજન વખતે એક જુદું કેળનું પાન નાખી તેમાં ભોજન પીરસેલું હતું. તુકારામે પ્રાર્થના કરીકે તેમાંથી સૌ જુએ તેમ ભોજન ખસતું જણાયું, એટલુંજ નહિ પણ થોડી વારે પાન ખાલી સૌએ દીઠું. કહે છે કે આ વખતે તુકારામને પ્રત્યક્ષ દર્શન થયાં હતાં અને બીજાને ઉપલો ચમત્કારજ જોવામાં આવ્યો હતો. આ જોઇને સર્વે ઘણાજ આશ્ચર્ય પામ્યા હતા. આ પછી તો તેની ઘણી કીર્ત્તિ વધી ગઈ હતી, કોંડોબા પુરાણી કરી શિવાજી મહારાજાનો બ્રાહ્મણ હતો, તે જ્ઞાન પ્રાપ્તી માટે તુકારામ પાસે ગયો, તુકારામે તેને અગીઆર અભંગ લખી આપી એકનાળીએર આપ્યું. તેનાથી તેને જ્ઞાન પ્રાપ્ત થયું હતું અને નાળીએર ફોડતાં તેમાંથી ઘણાં ઉત્તમ મોતી નીકળ્યાં હતાં. કહે છે કે અમદાવાદના એક શાહુકારે પોતાની મનકામના સિદ્ધ થવાથી મોતીને ગુપ્ત રીતે નાળીએરમાં ભરી જ્ઞાન દેવને અર્પણ કર્યાં હતાં, એ નાળીએર જ્ઞાનદેવે તુકારામને આપેલું હતું, અને તુકારામે તેજ નાળીએર કોંડદેવને આપેલું, તેમાંથી મોતી નીકળ્યાં હતાં. તુકારામ નિસ્પૃહ, નિર્ભીત અને સ્પષ્ટ વક્તા હતો, તેનું વર્ત્તન તેના બોલવા પ્રમાણેજ હતું, તેની કુ-

વિતા ચિત્તવેધક હોવાથી સાંભળનારાના અંતઃકરણને આકર્ષણ કરતી હતી. આ વખતે તેણે નવા નવા ઘણાં અભંગો કરીને લોકોને છક કરી દીધા હતા. કેટલાક શાસ્ત્રીઓ અને સન્યાસીઓ તુકારામ શુદ્ર છતાં ઘણો પ્રખ્યાત થવાથી બળતા હતા, પુના પાસે બાઘેલી ગામના સોમેશ્વર ભટ્ટ નામે બ્રાહ્મણ રાજમાં માનવંતો હતો, ત્યાંના મુખ્ય અધિપતિઓને તે સમજાવતો કે તુકારામ જાતનો શુદ્ર અને જ્ઞાન શૂન્ય છે છતાં પાખંડ ધર્મ ચલાવે છે માટે તેને દેહુમાંથી કાઢી મૂકવો જોઇએ. અધિપતિઓએ દેહુના મુખી ઉપર ચીઠી લખી કે તુકારામને કાઢી મૂકવો, તુકારામ આ સાંભળી ઘણો ગભરાયો. તેથી સોમેશ્વર ભટ્ટ પાસે આવી હરિ કીર્ત્તન કરવા લાગ્યો. તેમાં શ્રુતિના અર્થ આવતા જોઇને સોમેશ્વર ભટ્ટે કહ્યું કે, તું શુદ્ર છે તેથી આ અર્થ બોલવો કે સાંભળવો નર્કમાં નાખવા જેવું છે, માટે તું આવાં કવિત્વ કરીશમાં. તુકારામે કહ્યું કે, મને પાંડુરંગે તેમ કરવાની આજ્ઞા આપી છે. તેથી હું બોલતો આવ્યો છું, પણ આપ વિદ્વાન બ્રાહ્મણ તેમ કરવા ના કહો છો તો કરીશ નહિ, પછી સોમેશ્વરના કહેવાથી પ્રથમ કરેલી કવિતાઓના ચોપડા નદીના ઉંડા પાણીમાં પથ્થર બાંધી ડુબાવી દીધા. આ જોઈ કેટલાક કુટિલ લોકો કહેવા લાગ્યા કે; તેં પ્રથમ લેખ પત્રો પાણીમાં બોલી સંસાર ડુબાવ્યો અને હવે આ કવિતાઓના ચોપડા પણ પાણીમાં બોળી પરમાર્થ ડુબાવ્યો. આ સાંભળીને તુકારામ માઠું લાગવાથી ખાવું પીવું છોડી દઇને વિઠોબાના તુળશી વનમાં એક પથ્થર ઉપર જઇને સૂતો હતો. થોડા દિવસ વિત્યા પછી સોમેશ્વર ભટ્ટ એક વાડીમાં નાહાવા ગયેલો ત્યાંથી શરીરમાં અત્યંત બળતરા ઉપડી, ક્યાંએ રહી શકે નહિ, ઘણા ઉપાયો કર્યા, પણ ફેર પડયો નહિ. જ્યારે તુકારામે અભંગો લખી આપ્યા ત્યારે આરામ થયો હતો. એ ઉપરથી સોમેશ્વર ભટ્ટ તેને આધિન થઇને માન આપવા લાગ્યો હતો. એટલામાં સમાચાર મળ્યા કે તુકારામે જે કવિતાના ચોપડાઓ ઉંડા પાણીમાં ડુબાવ્યા હતા તે બહાર નીકળ્યા છે અને તેવાને તેવાજ છે. આ આશ્ચર્યકારક બનાવ સાંભળીને જે ઇર્ષા કરતા હતા તે સર્વે ઇર્ષા કરતા બંધ પડ્યા. એ પછી પણ તુકારામે ઘણા ચમત્કારો કર્યા છે. **શિવાજી** મહારાજાએ એની કીર્ત્તિ સાંભળીને તેને તેડવાને માણસો મોકલ્યાં હતાં, પણ તુકારામે આવવાની ના પાડી. તેથી શિવાજી પોતે આઠ પ્રધાનો સાથે તેના દર્શને આવ્યો હતો. એ તેમની નિસ્પૃહતા જોઇને આશ્ચર્ય પામ્યો હતો. કેટલુંક દ્રવ્ય અને જવાહીર અર્પણ કર્યું, પણ તે તુકારામ નહિ લેતાં બોલ્યો કે;—તમે ભગવદ્ભક્તિ કરી તેજ મારે મોટું નજરાણું છે, મારે ભગવદ્ ભક્તિ એજ મોટું દ્રવ્ય છે. તેથી હું બીજા મિથ્યા દ્રવ્યની ઇચ્છા રાખતો નથી. શિવાજી તે-

મને નિષ્કામ અને નિર્લોભ જોઇને વધારે આશ્ચર્ય પામ્યો. પછી શિવાજીએ સર્વ દ્રવ્ય બ્રાહ્મણોને બોલાવી દક્ષિણામાં આપી દીધું. તુકારામની ઉત્તમ વૃત્તિ જોઇને શિવાજીના મનમાં અસર થઇ કે;-રાજભોગાદિ વિષય તુચ્છ છે. માત્ર ઇશ્વર ભક્તિજ સત્ય છે. ઇત્યાદિ સમજી વનમાં જઇ વસ્યો હતો. ઇશ્વર ભક્તિ કરવા લાગ્યો. રાત્રે ભજનમાં આવતો. પ્રધાનોએ રાજકાર્ય સંભાળવાનું ઘણું કહ્યું, પણ તેણે માન્યું નહિ. તેથી પ્રધાનોએ રાજ માતા જિજા બાઇને લખ્યું, જિજાબાઈ પુત્ર શિવાજીને વૈરાગ્ય ઉત્પન્ન થયો જાણી તરત તુકારામ પાસે આવી પ્રાર્થના કરી કે તમે શિવાજીને સમજાવો. તુકારામે તેમને દિલાસો આપ્યો કે તમો કશી ચિંતા ન રાખો, હું રાત્રે જ્યારે શિવાજી ભજનમાં આવશે ત્યારે સમજાવીશ તમે ઇશ્વર ભજન કરો. શિવાજી રાત્રે ભજનમાં આવ્યો. ત્યારે તુકારામે પ્રથમ કર્મકાંડનો ઉપદેશ કરીને કહ્યું કે:—"જે જેનો સ્વધર્મ છે તેજ તેણે આચરવો જોઇએ, તેના સિવાય બીજો તરણોપાય નથી, બીજાનો ધર્મ સારો લાગે છે તેથી તે કર્યાથી આપણો તરણોપાય થતો નથી એવુ શાસ્ત્રમાં લખેલું છે." પછી બ્રાહ્મણ, ક્ષત્રિ યાદિચાર વર્ણ અને ચાર આશ્રમના ધર્મ કર્મ બતાવ્યાં અને વિશેષે ક્ષત્રિય ધર્મનુ વર્ણન કરીને તેમાં પ્રજા પાલન કરવું એજ તેનો મુખ્ય ધર્મ છે. તેનાથી પરમાર્થ સાધન થાય છે, ઇત્યાદિ ઉપદેશ કરી શિવાજીના મનમાં પૂર્ણ ઠસાવ્યું. શિવાજી તુકારામનો આર્શિવાદ પામી રાજધાનીમાં ગયો અને રાજ કાર્યભાર શાસ્ત્ર નીતિએ ચલાવવા લાગ્યો. એક વખતે શિવાજી દાદોજીના લખવાથી પુનામાં તુકારામને દર્શને આવ્યો હતો એ વખતે ચાકણના કિલ્લામાં જે મુસલમાન અધિકારી હતો, તેણે શિવાજીને પકડી લાવવા પઠાણો મોકલ્યા. આ વાતની શિવાજીને જાણ થતાં તુકારામ પાસે જવાની રજા માગી, પણ તેણે આપી નહિ. શિવાજી ભજનમાં તુકારામ પાસે બેઠો હતો, ત્યાં પઠાણો આવી બહાર ઉભા. તુકારામે વિઠોબાની પ્રાર્થના કરવા માંડી, પઠાણો આવી જોવા લાગ્યા, પણ શિવાજીને કોઇ ઓળખી શક્યા નહિ. એટલામાં ભજન મંડળીમાંથી કોઈ એક જણે ઉઠી બહાર ઉભેલા શિવાજીના શત્રુઓને હાર માર્યા, તેથી સર્વ પઠાણો નાશી ગયા. એ રીતે શિવાજીને તુકારામે બચાવી લીધો. ત્યાંથી શિવાજી સિંહગઢના કિલ્લા ઉપર ગયો અને તુકારામ શિષ્યો સાથે લોટ ગામ થઇને અલંદીમાં આવ્યો, ત્યાં એક વિશાળ વૃક્ષ નીચે ઘણાં પક્ષીઓ ચણતાં હતાં. તે તુકારામને પાસે આવતો જોઈ ઉડી ગયાં તેથી તુકારામ બહુ શોકાતુર થયો અને વિચારવા લાગ્યો કે;—"મને હજુ ખરો વૈરાગ્ય અને અભેદ બુદ્ધિ ઉત્પન્ન થઇજ નથી. એમ સમજીને તે ત્યાં પાંડુરંગની પ્રર્થના કરી બ્રહ્મધ્યાનમાં પ્રેત વત

નિશ્ચેષ્ટ થઈને ઉભો રહ્યો. એટલામાં તેના શરીર ઉપર ઘણાં પક્ષીઓ આવીને બેઠાં હતાં એવું મહીપતિ કહે છે. એ પછી થોડો કાળ નિરંતર બ્રહ્મધ્યાનમાં નિમગ્ન થઇને ફરતાં શકે ૧૫૭૧ વિરોધી નામે સંવત્સર ફાગણ શુદ ૨ સોમવારે ઇંદ્રાયણી નદીને કિનારે અંતર્ધાન થઇ ગયો. એ વખતે એની ઉમર ૪૧ વર્ષની હતી. આજે તેને થયાને ૨૫૦ વર્ષ થવા આવ્યાં છે. એના મૃત્યુ પછી તેનો પુત્ર નારાયણ જે મોહા ભક્ત પુરૂષ હતો તેને શિવાજીએ ચાર ગામ અર્પણ કર્યાં હતાં અને વિઠોબાના મંદિરનું શિખર બંધાવી આપ્યું હતું. માહારાષ્ટ્ર ભાષામાં તુકારામ ઉત્તમ કવિ ગણાયો છે. મહારાષ્ટ્રમાં કવિ થોડા થયા છે પણ એવું તો ઉત્તમ અને નિર્દોષ કવિત્વ વિસ્તાર્યું છે કે એક એક જણે સો સો કવિના જેટલું કામ કરી ભાષાની કીર્ત્તિ વધારી દીધી છે. કવિજનની પ્રશંસામાં એ ભાષાની એક આર્યા આ પ્રમાણે છે કેઃ—

सुश्लोकवामनाचा, अभंगवाळींतशीचतुकयाची ॥
ओवीज्ञानेशाचीतेशीआर्यामयूरपंताची. ॥

વામન પંડિતની શ્લોક રચના સર્વોત્તમ. અભંગ રૂપ વાણી તુકારામની એવી ઉત્તમ કે જેનો કદી ભંગ થાય નહિ માટેજ અભંગ. જ્ઞાનેશ્વરની ઓવી-તો અંતઃકરણમાં તરત જ્ઞાન તંતુ પરોવી દે એવી છે. મયૂર પંત માટે લખતાં તો રોમાંચિત થઈ જવાય તેવો તેનો ઇશ્વરી પ્રભાવ જણાય છે. તેમણે પોતાના વિચક્ષણ પણાથી સમગ્ર દક્ષણી ભક્તનું સંરક્ષણ કર્યું છે. મહાભારત ભાગવત અને અનેક રીતનાં રામાયણ તથા બીજી પણ ચિત્તને ચમત્કાર આપનારી, રસિક રચનામાં ચાતુર આ કવિની વાણી વાંચનારને વધારે વધારે આતુર કરી તેના હૃદયને સુકવી નાખે છે. અહો! કવિની શક્તિને ધન્ય છે!! તુકારામ ઇશ્વર પ્રતાપથી અભંગ રૂપ વાણીમાં અતિ પ્રસિદ્ધ થઇ ગયા છે. જેને લીધે એની કીર્ત્તિ અદ્યાપિ પર્યંત સતેજ છે. જે પુરૂષ ભગવદ્ ભક્તિમાં તલ્લિન થઇ ગયેલો હોય છે, તેના હૃદયમા સ્વભાવિક કવિત્વ શક્તિ સ્ફુરી નીકળે છે એ આ ઉપરથી શિદ્ધ થાય છે. ઇશ્વર ભક્તિનો પ્રતાપજ કોઇ અલૌકિક છે. ગમે તેવો કનિષ્ઠ સ્થિતિનો માણસ પણ ભક્તિ પ્રતાપથી આ લોકોમાં અમર કીર્ત્તિ રાખી જઇ પરલોકમાં પરમ ગતિને પામે છે, તે આ મહાપુરૂષના ચરિત્ર ઉપરથી સિદ્ધ થાય છે.

માબાપનોપરમભક્ત.

શ્રવણ.

આ પૃથ્વી પ્રસિદ્ધ મહાપુરૂષ બ્રાહ્મણ કુળમાં રામાવતારની પહેલા થઇ-ગયો છે. એ પરમધાર્મિક, દયાળુ, ક્ષમાવંત, જ્ઞાની, દયાળુ, તપસ્વી અને મા-બાપનો પરમ ભક્ત હતો. એ પોતાના જન્મદાતાને આ સંસારના ઇશ્વર રૂપ ગણી પૂજ્ય ગણતો, સેવા કરતો, માન આપતો અને નિરંતર તેમની આ-જ્ઞાને આધિન રહેતો હતો. માબાપ વૃદ્ધ અને આંધળાં થયાં, ચાલવે અ-શક્ત હતાં. તેમને કાવડમાં બેસાડીને કાંધપર લઇ તીર્થ-યાત્રા કરાવવાને બા-ર વર્ષ સુધી ફર્યો હતો. માબાપનું મન કચવાય એવું કદી પણ કાંઈ કરતો નહિ. માબાપને કાંધે કાવડમાં લઇ તીર્થ કરતો એક વખતે અયોધ્યા પાસે-ના અરણ્યમાં આવ્યો. શ્રવણ માબાપને આશ્રમમાં મૂકીને તેઓ તરશાં હતાં. માટે કમંડળ લઇને સરજુ નદીમાં રાત્રીએ પાણી ભરવા ગયો. એવા-માં દશરથ રાજા શબ્દવેધી શિકાર શીખવા માટે ત્યાં આવેલા હતા, પણ આખો દિવસ શિકાર નહિ મળવાથી એક વૃક્ષપર બાણ ચડાવી બેઠા હતા, રાત્રી પડી હતી. જેવો શ્રવણ કમંડળુમાં પાણી ભરવા લાગ્યો કે, તેનો શ-બ્દ દશરથે સાંભળ્યો. તેથી એવું જાણ્યું કે જંગલી હાથી પાણી પીએ છે. તેથી તે શબ્દ ઉપર જોરથી બાણમાંનો તીર ફેંક્યો, તે શ્રવણને વાગ્યો, ત્યારે તે પોકાર કરીને પડયો. દશરથે જાણ્યું કે કોઈ મનુષ્યને વાગ્યું પછી ત્યાં જઇને પૂછ્યું કે તું કોણ છે? શ્રવણે કહ્યું કે હું તપસ્વીછું. રાજા પોતા-ને બ્રહ્મહત્યાનો દોષ લાગ્યો તેથી ઘણો શોકાતુર થયો. શ્રવણે કહ્યું કે તમે શોક ન કરો, મારામોતની ફિકર નથી, પણ મારા વૃદ્ધ માબાપ ટળવળીને મરશે તેની મને ફિકર છે. તે બંને આંધળાંને ઘરડા છે બાર વર્ષ થયાં મા-રા કાંધ ઉપર ઉપાડીને ફરૂંછું. આ સંસારનું અસારસુખ બધું તજીને મા-બાપના કહ્યા પ્રમાણે કરૂંછું. માન, અપાન, ભૂખ, તરસ, ભય, ટાઢ અને તાપનું તથા સર્વ પ્રકારનું સુખ દુઃખ સહન કરૂંછું. તે હવે મારાં માબાપ આ-ધાર વગરનાં થયાં, માટે ધીરજ કેમ રાખી શકશે? તેનું દુઃખ જોઇને મારૂં અંતઃકરણ બળે છે. હવે મારાવિના મારાં માબાપને અંગમર્દન કરીને કો-ણ નવરાવશે? અને મારાં માબાપને વાસ્તે પવિત્ર રસોઇ કરીને યુક્તિસર પોતાને હાથે કોણ જમાડશે? વળી કુમળાં પાદડાં અને ઘાસ પૃથ્વી ઉપર પાથરીને અરે ભાઇ! મારાં માબાપને કોણ સૂવારશે? અરે દૈવ! અહીં મારી તો આવી ગતી થઇ. હવે મારાં તૃષાતુર માબાપને કોણ પાણી પા-શે? આ સાંભળી રાજા ઘણો દીલગીર થયો અને પાપથી ભયભીત થઇને

થરથર કંપવા લાગ્યો અને બોલ્યો કે;–અરે ! આ પાપ મારાથી અજાણે થયું છે. શ્રવણે કહ્યું કે તું જાળવીને તીર કાઢી લે અને મારાં માબાપને તું જઇને પાણી પાઇને આ હકીકત કહેજે. રાજાએ કહ્યું કે આ પાપના બદલામાં તું મને કાંઇ શાપ દે, કે જેથી મારૂં પાપ ધોવાય. શ્રવણે કહ્યું કે, અમારો ત્યાગીનો ધર્મ એવો છે કે–સુખ દુઃખના સમયમાં જેને બરોબર પણું છે અને અપમાન તથા માનને જે સરખાં જાણે છે. કોઇ સુંદર ચંદન ચઢાવે કે આગ લગાડે તે વૈરાગી જુદુ જાણે નહિ. ફૂલ અને તીર બંને બરાબર જાણે, કોઇનો દોષ જોઇને મનમાં ક્રોધ આણે નહિ અને ગરમ થઇને કદી શાપ દે નહિ એવા વૈરાગી પણાને વેદ વખાણે છે. માટે હું તમને શાપ નહિ દઉં. રાજાએ કહ્યું કે જો તું શાપ નહિ દે, તો હું એજ તીર વડે મારો જીવ કાઢીશ. ત્યારે શ્રવણે શાપ દીધો કે " જ્યારે તારૂં મૃત્યુ થવાનું હોય ત્યારે આ જે બાણથી મારો જીવ જાય છે તેજ બાણથી તારો જીવ જજો " આ શાપ સાંભળી રાજાએ શ્રવણના શરીરમાંથી તીર કાઢયો, કે શ્રવણ મરી ગયો ત્યારે રાજા પોકે પોક રોયો. પછી પાણીનું કમંડળ લઇ રાજા શ્રવણના માબાપ પાસે આવ્યો.

શ્રવણનાં માબાપ જેમ પાંખો કાપેલાં પક્ષી પડયાં હોય, એવાં આંધળાં વૃદ્ધ ગરીબ તપસ્વી બંને જણને જોઇને રાજાને ઘણી દીલગીરી અને દયા ઉપજી. તેથી ઘણો પસ્તાવો કરવા લાગ્યો કે;–અરે દૈવ! મેં આશું કર્યું? મારાં કૃત્યથી આ ઋષિ મુંઝાઇ મરે છે. રાજાના પગનો ધબકારો સાંભળીને મુનિ શ્રવણ આવ્યો ધારી બોલ્યા કે;–અરે! પુત્ર તને આટલી અધીવાર કેમ લાગી ? હજી તારામાં બાળક બુદ્ધિ રહી. તારીમા ચિંત્તામાં પડી છે, અમે તૃષાતુર છીએ. અરે ! પુત્ર તું કેમ બોલતો નથી. મેં કે તારી માએ કાંઇ કઠણ વચન કહ્યું હોય તોપણ તારે અમારા ઉપર રીસાવું નહિ. તું અમારી આંધળાની આંખ છે, તું અમારા હાથ પગ છે, અમારે બીજો આધાર નથી. શું તને કોઇ સ્ત્રીએ વશ કર્યો ? કે કોઇ ઠગ ગુરૂએ ઉપદેશ આપીને માબાપમાંથી હેત તોડાવ્યું, કે કોઇ કપૂતની સોબત થઇ, કેમ તું બોલતો નથી? ત્યારે રાજા રોતાં રોતાં યથાર્થ વાત કહીને ઘણો દીલગીર થયો અને કહ્યું કે, હું હવે તમારો પુત્ર થઇ તમને પાળીશ, માટે તમે જળપીઓ. આ સાંભળી વૃદ્ધ અંધ માબાપ અત્યંત દુઃખ પામી અપાર આક્રંદ કરવા લાગ્યાં. અરે! શ્રવણ જેવો પુત્ર મને આ સંસારમાં ક્યાંથી મળશે ? જેમ લક્ષ્મી નારાયણની નિશદીન સેવા કરે એમ અમારી સેવા કરી માટે એ પુત્રને ધન્ય છે. જેણે મનુષ્ય દેહધરી માતપિતાની સેવા ન કરી, તે પુત્રને ચંડાળ જેવો મહાપાપી સમજવો. તેનું જ્ઞાન, ધ્યાન,

જપ, તપ, ક્રિયા, અનુષ્ઠાન, વિદ્યા આદિ સર્વ પ્રકારની ચતુરાઇ અને ધન વગેરે સર્વ વ્યર્થ છે. એને સર્વ શાસ્ત્ર કે તીર્થ પાવન કરતાં નથી. તેણે દેહના સાર્થક અર્થે જે જે સાધન કર્યાં હોય તે માતપિતાની સેવા વગર વ્યર્થ જાય છે. માતપિતાને દુઃખદઇ ગમે તો અનેક પ્રકારનાં શુભ કર્મ કરે તેને અધર્મ રૂપ જાણવાં. માતપિતાની સેવા સમાન કોઇ પણ પુણ્ય નથી. અરે! રાજા તું અમને ઉપાડીને શ્રવણના મડદાં પાસે લઇજા, એટલે અમે તેને માથે હાથ ફેરવીએ. રાજા તેમને કાવડમાં બેસાડીને ત્યાં લઇ ગયો. તે બંનેએ મડદું ખોળામાં લઇને બહુ વિલાપ કર્યો. ઇંદ્રાદિ દેવો શ્રવણના આત્માને વિમાનમાં બેસાડીને સ્વર્ગમાં લઇ ગયા અને અનેક વૈભવ આપ્યા, પણ માબાપ વિના શ્રવણને ગમ્યું નહિ. તેના વિના બધું શુન્યકાર દિશવા લાગ્યું. તેમજ વૃદ્ધ અંધ માબાપને પણ શ્રવણ જેવા પુત્ર વિના સર્વ જગત અંધકાર મય લાગતું હતું. તેઓ શ્રવણનું વારંવાર સ્મરણ કરતાં મૂર્છાખાઇ પૃથ્વીપર પડયાં, મરણ વખતે રાજાએ કહ્યું કે મારા પાપનું નિવારણ થવા માટે તમે મને શાપ આપી શિક્ષા કરો. ઋષિએ શાપ દેવાની નાપાડી, તોપણ રાજાએ ઘણો આગ્રહ કર્યો, ત્યારે ઋષિએ શાપ દીધો કે જેવી રીતે "પુત્ર વિજોગથી અમે મરીએ છીએ, તેવીજ રીતે તારૂં મોત પુત્રના વિજોગથી થજો." આટલુંજ કહેતાંજ બંનેનાં પ્રાણ જતા રહ્યા રાજાએ તેમના શબને અગ્નિ સંસ્કાર કર્યો ઋષિ અને ઋષિ પત્નિ સ્વર્ગમાં જઇને શ્રવણને મળ્યાં. સર્વ દેવાએ ત્રણેને આખા જગતના લોકો દેખે એવું મકર રાશીમાં રહેવા સ્થાન આપ્યું અને જેવે આકારે તીર્થમાં ફર્યા હતાં એવે આકારે એટલે શ્રવણ અને આગળ પાછળ તેનાં માબાને રાખ્યાં. તેણે તારાનું નામ શ્રવણ નક્ષત્ર પાડયું. પછી નવે ગ્રહોએ વરદાન આપ્યું કે અમે અમારા પ્રત્યેક વર્ષમાં એકવાર તારા સ્થાનકમાં આવીશું, ઇત્યાદિ શ્રવણ પાસે પુનમે ચંદ્ર આવે તે મહિનાનું નામ શ્રાવણ પાડયું અને તે માસ પવિત્ર ઠરાવ્યો. ધનુષ આકરે ધનરાશી પ્રકાશિત છે, તે જાણે કે દશરથના ધનુષનું ચિત્ર ચિતરેલું છે. તેની પાસે મકર રાશીમાં શ્રવણ શોભે છે. તેમાં માબાપ સાથે પવિત્ર પુત્ર (ત્રણ તારા) છે. તેઓની પાસે દર્શનને માટે ચંદ્ર, મંગળ, બુધ, ગુરૂ, શુક્ર, શનિ અને સૂર્યાદિક દેવનાં ટોળાં આવે જાય છે. તે જાણે કે શ્રવણની વાત પ્રખ્યાત રાખવા સારૂ, આકાશ વચ્ચે જગતકર્તા પ્રભુએ શ્રવણના ચરિત્રનું ચિત્ર પાડેલું છે. ધન્ય છે શ્રવણને કે તેણે માબાપની સેવા કરી જગતમાં દૃષ્ટાંત રૂપ અમર કીર્તિ રાખી, જે અદ્યાપિપર્યંત સતેજ છે. સુપુત્રતો આનું નામજ. શ્રવણનો દાખલો લઇને પોતાના માબાપની સેવામાં નિરંતર મન લગાડવું એ આલોક અને પરલોક-

માં શ્રેયકર છે. દશરથ રાજાને શાપનું ફળ અંતે ભોગવવું પડયું હતું. માટે સર્વે એ વિચારીને કામ કરવું, કેમકે પાપનું પરિણામ કોઇ મટાડી શકતું નથી. શ્રવણને ઘણા શિષ્યો હતા. તેઓ તેમનું મૃત્યુ સાંભળીને શોકાતુર થઈ સંસાર તજી યોગી થઇ ગયા. આ જોગીઓ કળિયુગમાં પાછા ઘરબારી થયા. શ્રવણની એક નાત બંધાઇ અને કાપડી નામે એક નવો પંથ ચાલ્યો. તે નાતવાળા કાપડીઓ એકાદ ભગવું વસ્ત્ર રાખે છે, ભિક્ષા માગે છે અને મા-બાપની સેવા કરવાનો ઉપદેશ ગાતા ફરે છે. આ જાતના લોકો અમદાવાદ-માં અને ગૂજરાતના ઘણા ભાગમાં છે, તેમજ હિંદુસ્થાનમાં પણ ઘણા છે.

પરદુઃખભંજન.

વીર—વિક્રમાદિત્ય.

આ પૃથ્વી પ્રસિદ્ધ પ્રતાપી વીરરાજેંદ્ર માલવપતિ ગર્ધવસેન રાજાનો પુત્ર. **ઉજ્જયિની** એ પરમારવંશની ગાદી અતિ પ્રસિદ્ધ થઇ ગયેલી છે. એ ગાદી ઉપર આ **સંવત–શક** પ્રવર્ત્તક સર્વોત્કૃષ્ટ રાજેંદ્ર થઇ ગયો છે. એ રાજેંદ્ર **ભર્તૃહરિ** જેવા નીતિવાન જ્યેષ્ટ ભ્રાતાના હાથ નીચે ઉછર્યો હતો, **ચંદ્ર-ચાર્ય** જેવા ઉત્તમ ગુરૂના હાથ નીચે શિક્ષણ પામ્યો. વેદ, વેદાંગાદિ શાસ્ત્રોમાં નિપુણ થયો. સંસ્કૃત ભાષામાં વિદ્વાન અને શ્રેષ્ટ વક્તા થયો હતો. એટલુંજ નહિ પણ મહાશૂરવીર, પરાક્રમી, નીતિવાન, ધાર્મિક, સત્યાસત્યનો પરીક્ષક, સૂક્ષ્મ ભેદનો જ્ઞાતા, બુદ્ધિવાન, વિવેકી, હિંમતવાન, અને ઉત્સાહી હતો. ભર્તૃહરિ નૃપને રાજ કાજમાં સલાહ અને સહાયતા આપતો હતો, તેમને તેમની શુદ્ધનીતિની ખાત્રી હતી, રાજનાં કેટલાંક ખાતા ઉપર તેમની દેખરેખ હતી. ચાતુર્ય અને હુશિઆરીથી લુચ્ચા, ચોર, વ્યભિચારીઓને શોધી કાઢી શિક્ષાએ પહોંચાડતો. તેથી તેઓ તેનાથી ભય પામતા હતા. એ રીતે ઉત્તમ કાર્ય બજાવી એ વખતેજ તેમણે પ્રજા પ્રીતિ વધારી હતી. કેટલોક કાળ સાવકાભાઇ ભર્તૃહરિ સાથે ઉજ્જયિનીમાં રહ્યો હતો. ખટપટી-આઓની ખટપટથી ભર્તૃહરિની પ્યારિ રાણી પીંગળાએ ખોટું આળ ઓઢાડયું. બે ભાઇઓ વચ્ચે વાંધો ઉઠયો. (જુઓ, ભર્તૃહરિ ચરિત્ર.) તેથી વિક્રમાદિત્યે વીરભૂમિ માલવની રાજધાની ઉજ્જયિનીનો ત્યાગ કર્યો. ઘણો કાળ સાધારણ સ્થિતિમાં ગૂજરાત વગેરે બીજાં રાજ્યોમાં ફર્યો. ઇ. સ. પૂ. ૧લા સૈકામાં ભર્તૃહરિ રાજા પોતાની સ્ત્રીના જાર કર્મથી વૈરાગ પામી રાજપાટ છોડી ચાલતો થયો. યોગીવેષે વનવાસ કર્યો. ત્યાર પછી થોડાં વર્ષ દેશમાં અંધાધુંધી ચાલી, જે રાજા ગાદીએ બેસતો તેને વૈતાળ ખાઈ જતો હતો.

તેથી ધણી વિનાના રાજમાં પ્રજા દુઃખી થવા લાગી હતી. આ વખતે વિક્રમ રાજા પ્રવાસ કરતો ગૂજરાતમાં આવી રહ્યો હતો. પ્રધાનોના આગ્રહથી વિક્રમ ઉજ્જયિનીમાં આવી ગાદીએ બેઠો, વીરવૈતાળના જૂલમની વાત તે જાણતો હતો. તેથી જે દિવસે ગાદીએ બેઠો, તેજ દિવસે સાંજ સુધી રાજ ચલાવીને પોતાના સૂવાના ઓરડામાં કેટલુંક અનાજ ભરી રાખ્યું, પોતે નાગી તરવાર હાથમાં રાખીને હિંમતથી ધૈર્ય રાખી જાગતો બેઠો. મધ્ય રાત્રે વૈતાળ રાજાના ઓરડામાં આવ્યો. એટલે વીરવિક્રમે કહ્યું કે, પ્રથમ તું અનાજ ખાઇને પછી મને ખા. વૈતાળ અનાજ ખાઇ તૃપ્ત થઇને જતો રહ્યો. એ પ્રમાણે નિત્ય થવા લાગ્યું. એક દિવસે રાજાએ વૈતાળને પૂછ્યું કે તારી શક્તિ કેટલી છે તે કહે. વૈતાળે કહ્યું કે હું જે ધારૂં તે કરૂં; મને ભૂત, ભવિષ્ય, વર્ત્તમાનની ખબર પડે છે. શ્રીમન્નૃપતિ વિક્રમે કહ્યું કે;—મારા આયુષ્યમાંથી બે વર્ષ ઓછાં કે વધતાં કર. વૈતાળે કહ્યું કે એ કોઇના હાથમાં નથી. બીજે દિવસે વિક્રમે અનાજ ન રખાવ્યું તેથી વૈતાળ ઘણો ક્રોધે ભરાયો, પણ વિક્રમે નિડર પણે કહ્યું કે; મારા આયુષ્યમાંથી તારાથી બે વર્ષ ઓછાં કે વધતાં કરી શકાય તેમ નથી, તો મારે તને શા માટે વૃથા ખાવાનું આપવું જોઇએ ? તારી ઇચ્છા હોય તો મારી સાથે યુદ્ધ કર. આ સાંભળી વૈતાળ બોલ્યો કે;-વિક્રમ ! તારી વીરતા, ધૈર્યતા અને હિંમત જોઇ હું અતિ પ્રસન્ન થયો છું. માટે તારી ઇચ્છા હોય તે વર માગ. વિક્રમે કહ્યું કે;-હું જ્યારે તારૂં સ્મરણ કરૂં ત્યારે તું આવી મારૂં કામ કરજે. વૈતાળ હા કહીને જતો રહ્યો. પછી વિક્રમે ફરી ધામધુમ કરીને રાજ્યાભિષેક કરાવ્યો હતો. ગાદીએ બેઠા પછી જે મંડળિક રાજાઓએ બંડો ઉઠાવ્યાં હતાં, તે સર્વેનો પરાજ્ય કરી તાબે કર્યા. ઉત્કલ, વંગ, કચ્છ, ગૂજરાત વગેરે દેશો પોતાની સત્તા નીચે આણ્યા અને ઘણાક શક લોકોને જીતી શકાદિત્યને દિલ્લીમાંથી હાંકી મૂકયો. દિલ્લીને રાજધાની નહિ કરતાં તેણે ઉજ્જયિનીનેજ રાજધાની રાખી. (ઇ. સ. પૂ. ૫૬ માં.) **શક** ચલાવ્યો. તે અદ્યાપિ પણ નર્મદાની ઉત્તરે હિંદુસ્થાનના ઘણા ખરા પ્રદેશોમાં ચાલે છે. તેણે પોતાના દેશનું એક સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું અને સંવત—**શક**ના સ્થાપનાર થયો.

શ્રીમન્ વીરવિક્રમાદિત્ય પરાક્રમી અને પ્રતાપી રાજા થયો; તેણે ઘણાં પરમાર્થનાં કાર્યો કર્યા છે, વિદ્વાનોને ઘણો આશ્રય આપતો હતો, વિદ્યા વૃદ્ધિ કરવાને તેણે ઘણું ઘણું કર્યું છે. વિદ્વાન સભાજનો વડે તે પોતાની અમર કીર્ત્તિ રાખવાને શક્તિવાન થયો હતો. ગ્રંથકારોને ઉત્તેજ આપી સદ્ગ્રંથોની વૃદ્ધિ કરી હતી. જ્યોતિર્વિદાભરણ નામના ગ્રંથ ઉપરથી જણાય છે કે;—વિક્રમ રાજાની સભામાં ૮૦૦ મંડળિક રાજા, ૧૬ વાચાળ

પંડિત, ૧૦ જ્યોતિષી, ૬ વૈદ્ય અને ૧૬ વેદીઆ રહેતા હતા. તેમાં ઉપલા વિદ્વાનોમાં મુખ્ય **ધન્વંતરિ, ક્ષપણક, અમરસિંહ, શંકુ, વૈતાળભટ્ટ, ઘટખર્પર, કાલિદાસ, વરાહમિહીર અને વરરૂચિ** એ નવ રત્ન રૂપિ પંડિતો સભામાં બેસતા હતા. વળી એવું પણ જણાવેલું છે કે એની પાસે ૧૮ યોજન ભૂમિ રોકે એટલું ભારે સૈન્ય રહેતું હતું. એમાં ૩ કરોડ પાયદળ, ૧૦ કરોડ ઘોડેસ્વાર, ૨૪૩૦૦ હાથી અને ૪ લાખ મછવા—વાહાણુ (નૌકા) નું સૈન્ય પણ હતું. એ વડેજ એણે ૯૫ શક-સ્કૂથી સરદારોનો પરાભવ કરીને **શકારિ** નામ ધારણ કર્યું હતું. તેના રાજ્યનો વિસ્તાર અતિ મોટો હતો, એની પાસે પુષ્કળ દ્રવ્ય હતું. રાજ્ય ન્યાય નીતિથી ઉત્તમ પ્રકારે ચલાવતો હતો; વેદશાસ્ત્રોક્ત ધર્મ પાળતો હતો અને પ્રજાને સત્ય ધર્મે વાળવાને પ્રયત્ન કરતો હતો. કોઇ ઉપર પણ અન્યાય ગુજારતો નહિ. સારા સારનો પૂર્ણ તપાસ કરીને સર્વને પૂર્ણ સંતોષ આપતો, પ્રજાહિતમાં પ્રવર્ત્ત થવાને પરમોત્કંઠાથી લાગ્યો રહેતો હતો. દયા, ક્ષમા, સંતોષ, શાન્તિ, સત્ય અને વિનય આદિ સદ્‌ગુણો પ્રજામાં પ્રસરાવ્યા હતા. અંધાર પછેડો ઓઢી રાત્રે જુદે જુદે વેશે શેહેર વગેરે સ્થળે ફરતો અને લુચ્ચા, ચોર, વ્યભિચારી આદિ દુરાચારીઓને શોધી કાઢી શિક્ષા કરતો. ઇત્યાદિ ઉપાયથી તેણે દુરાચારીઓનું દેશમાંથી નિકંદન કાઢયું હતું દેશમાં અન્યાય અનીતિનું નામ નહોતું, કોઇ પણ અધિકારી પ્રજાપર જૂલમ ગુજારી શકતો નહિ, લાંચ રૂશવતનું નામ નહોતું, સર્વત્ર ધર્મ નીતિ પ્રસરી રહી હતી. પ્રત્યેક દિવસે સોનું, મોતી, રત્ન, ગાય, હાથી, ઘોડા, રથ, ભૂમિ આદિ અનેક પ્રકારનું દાન કરતો. પ્રજાના દુઃખની દાઝ હૈડે ધરીને તન મનથી તેમનાં દુઃખ ટાળવાને પ્રયત્ન કરતો, પ્રજાનું પુત્રની પેઠે પાલન લાલન કરતો, કોઇનું પણ કષ્ટ નિવારણ કરવા પોતે અતિ ભારી કષ્ટ સહન કરતો હતો. તેથી **પરદુઃખભંજન** કહેવાતો હતો. પ્રજા પ્રત્યે રાજાનો સર્વ પ્રકારે ધર્મ બજાવ્યો હતો. તેથી તેમની ઉપર પ્રજાની અપૂર્વ પ્રીતિ હતી. જેને લીધે તેમની દેશ વિદેશમાં ઘણી કીર્ત્તિ પ્રસરી રહી હતી એ રીતે વીરવિક્રમે પોતાની રાજા તરીકેની જીંદગીનું સાર્થક કર્યું, આવા રાજાઓ થોડાજ થયા છે. રાજાને દેશમાં અવિચળ નામના રાખવાનો ખરો રસ્તો પ્રજા પ્રીતિ સંપાદન કરવામાંજ છે, તે આ વિક્રમ રાજન્ વગેરે પૂર્વેના રાજાઓના ચરિત્રો વાંચવાથી જણાઇ આવશે. વીરવિક્રમનો પ્રતાપ પૃથ્વીના ઘણા ભાગમાં પ્રસરી રહ્યો હતો, રોમ દેશનો પ્રથમ રાજા **અગસ્તસસીઝર** તેમનો મિત્ર હતો, વિક્રમે ગ્રીક ભાષામાં એક પત્ર લખી તેની પાસે પોતાનો એક વકીલ મોકલ્યો હતો. એ સૈકામાં દક્ષિણ હિંદુસ્થાનના રાજ્યના લોક, રોમના

મોટા રાજ્યના પ્રદેશોના લોક સાથે વેપાર સંબંધ રાખતા હતા. એપરથી જણાય છે કે, વીરવિક્રમના યુગપાદિ દેશોના રાજાઓ સાથે સંબંધ હતો. ત્યાં તેમની પ્રસિદ્ધિ ઘણી હતી. એ રીતે એ દેશ વિદેશમાં અમર કીર્ત્તિ રાખી ગયો છે. આવા રાજાને ધન્ય છે અને અનીતિવાન પ્રજાપીડક રાજાને ધિક્કાર છે.

કલિયુગનોત્રીજોશકપ્રવર્ત્તક.

શાલિવાહન.

આ શ્રીમાન્ નરેંદ્ર ઈ સ. ના પેલા શતકમાં થયો. ગોદાવરી નદીના કિનારાપર આવેલા પ્રતિષ્ઠાનપુર–પૈઠણમાં રાજધાની હતી. શાલિવાહન રાજા મહા પ્રતાપી, શૂરવીર, હિંમતવાન, બુદ્ધિવાન, ધાર્મિક, નીતિવાન, ન્યાય, ઉદાર, વિદ્વાન અને કળાવાન હતો એની રાજ સભામાં ઘણા વિદ્વાનો અને કવિઓ હતા. વિદ્યા વૃદ્ધિ અને પરોપકારી કાર્યોમાં ઉદારપણે પોતાના દ્રવ્યનો સદુપયોગ કરતો હતો. યથા ન્યાય આપવામાં એ ઘણોજ વખણાયો છે. પ્રજાનાં સુખ સમૃદ્ધિની વૃદ્ધિ કરવામાં નિરંતર ઘણી કાળજી રાખતો અને ધર્મ નીતિથી રાજ્ય ચલાવતો હતો. ઇત્યાદિથી પ્રજાનો ઘણો પ્યાર મેળવ્યો હતો. વિક્રમાદિત્ય પછી આ પ્રતાપી રાજા થઇ ગયો છે. જેની કીર્તિનાં ગાણાં અદ્યાપિ પર્યંત ભારત વર્ષમાં પ્રસરી રહ્યાં છે, એની ઉત્પત્તિનો અલૌકિક ઇતિહાસ આ પ્રમાણે છેઃ—પ્રતિષ્ઠાનપુર–પૈઠણ નગર પ્રાચીન કાળમાં વેદ વગેરે વિદ્યામાં ઘણું પ્રસિદ્ધ હતું. ત્યાં સોમકાંત નામે રાજા રાજ કરતો હતો, એના વખતમાં ત્યાં સુલોચન નામે એક વિદ્વાન બ્રાહ્મણ રહેતો હતો. સુમિત્રા નામે તેને એક બાળ વિધવા પુત્રી હતી, શેષથી તેને પેટે શાલિવાહનનો જન્મ થયો. એ રીતે એનો જન્મ બ્રાહ્મણને ઘેર થયો હતો. સોમકાંત રાજાએ સુલોચન બ્રાહ્મણ અને તેની પુત્રી સુમિત્રાને નગર બહાર કહાડી મૂક્યાં, તેથી નગરને પાદર કુંભારવાડામાં જઈ રહ્યાં. શાલિવાહન પાંચ વર્ષનો થયો, ત્યારે માટીના હાથી, ઘોડા, રથ વગેરે કરવા લાગ્યો. પોતાના જેવડા છોકરાઓને એકઠા કરી રાજકાજની રમત રમતો, લોકોના ટંટાના યથા ન્યાય ચૂકવતો. તેથી તેની કીર્ત્તિ દેશ દેશાંતરમાં ઘણી પ્રસરી ગઇ. પ્રતિદિન લોકોમાં વધારે વધારે માન મેળવતો ગયો. આ વાત વિક્રમ રાજાને કાને પડી, તેણે પણ તેની કેટલેક પ્રકારે પરીક્ષા કરી. વિક્રમાદિત્ય તેની બુદ્ધિ, ચાતુર્ય અને પરાક્રમ જોઇ આશ્ચર્ય પામ્યો. એવામાં કોઈ જોતિષીએ ભવિષ્ય કહેલું કે; આ શાલિવાહન મોટા મોટા રાજાઓને જીતી

મહારાજા થશે. ઇત્યાદિ સાંભળી તથા તેના અલૌકિક ચરિત્રથી વિક્રમે તેને શત્રુ માન્યો. સૈન્ય લઇ લડવા આવ્યો, આ જોઈ સુમિત્રાએ શેષનું સ્મરણ કર્યું. શેષે આવી શાલિવાહનને એક અમૃતની કુંપ્પી આપી કહ્યું કે;—તેં માટીના હાથી, ઘોડા, સ્વાર, રથ, પદાતિ વગેરે કરી કરીને કૂવામાં ભરી રાખ્યા છે. તેના ઉપર આ અમૃત છાંટજે. શાલિવાહને તેમ કર્યું કે કૂવામાંનું સર્વ સૈન્ય જીવતું થઈ બહાર આવ્યું અને તેણે વિક્રમના સૈન્યને હરાવી મારી નાખ્યું. એ સૈન્ય વડે શાલિવાહને ઠેઠ નર્મદા નદી સુધીનો સઘળો મુલક જીતી લીધો. એવું કહે છે. પછી ગમેતેમ હો પણ વિક્રમાદિત્ય પછી શક લોક સામે લડાઈ કરી તેઓને હરાવી કાઢી મૂકયા. એણે શક લોકથી સ્વદેશનું રક્ષણ કર્યું. તેથી એનો પણ લોકોએ શક માન્યો. ઇ. સ. ૭૮ થી એનો શક ચાલ્યો છે, વિક્રમના શકને અને તેના શકને ૧૩૫ વર્ષનો અંતર છે, નર્મદા નદીની ઉત્તરના દેશમાં વિક્રમનો સંવત અને એ નદીની દક્ષિણમાં શાલિવાહનનો શક અદ્યાપિ પણ ચાલે છે, સાત વાહન તેનેજ શાલિવાહન મી. વિલ્સન કહે છે, પણ ડા. રોસ્ટ લખે છે કે અન્દહાર વંશના શ્રીપુલીમાન રાજા પ્રતિષ્ઠાનપુરમાં થયો તે વંશમાં શાલિવાહન થઇ ગયો છે. એપરથી સિદ્ધ થાય છે કે સાતવાહન તે શાલિવાહન નહિ. હાલ શાલિવાહનનો શક ૧૮૧૭ મો ચાલે છે. એ રીતે એની કીર્ત્તિનાં કિર્ણો ભારત વર્ષમાં અદ્યાપિપર્યંત પ્રસરી રહ્યાં છે.

સ્પષ્ટવક્તા.

નિપટ નિરંજન.

આ સમર્થ પુરૂષ દૌલતાબાદમાં રહેતો હતો, આ જાતનોગૌડ બ્રાહ્મણ હતો. એ મહાબુદ્ધિવાન, વિદ્વાન, આત્મજ્ઞાની, ઉત્સાહી, કવિ, સ્પષ્ટ વક્તા અને ભગવતનો ભક્ત હતો. એની કવિતા હિંદુસ્થાની ભાષામાં છે, એ દેશના લોકોને ઉપદેશ આપતો ફરતો હતો, જે એનો ઉપદેશ સાંભળતા તે સર્વ છક થઈ જતા. તેથી એ સ્પષ્ટ વક્તાનાં સર્વત્ર વખાણ થતાં હતાં. કવિતા કરવામાં એ અતિવખણાયેલો છે, કબીરચરિત્રમાં કબીરની અને તેની મુલાકાત થઇ હતી એવું લખેલું છે. સિવાય એક એવી વાત લખેલી છે કે;–એક વખતે કોઇ વાણીઆણી બાઇ દળતી હતી, એ વખતે ઘંટીમાં ગયેલા દાણાનો લોટ થતો હતો, તે જોઇને કબીર રડવા લાગ્યા. ત્યારે નિપટ નિરંજને પૂછ્યું કે, તમે રડો છો શા માટે? કબીરે કહ્યું કે;–ઘંટીમાં દાણા પડી તેનો લોટ થાય છે, તેમજ હું સંસાર ચક્રમાં સપડાયાથી કોઇ વખતે આ દાણાની પેઠે મારી અવસ્થા થવી છે માટે રડુંછું. તે પરથી નિપટ નિરંજને કહ્યું કે;–

જે દાણાએ ઘંટીના ખીડાનો આશ્રય કર્યો છે તે જેમ રગડાતા નથી, તેમ જે કોઈ સદ્ગુરૂનો આશ્રય કરે છે તેને તે બીક રહેતી નથી. એ પ્રમાણે લખેલું છે, પણ એ વાત બીજા કોઈની હોવી જોઇએ; કારણ કબીર એના પહેલાં ઘણાં વર્ષે થઈ ગયો છે. નિપટ નિરંજનને થઇ ગયાને આશરે ૨૫૦ વર્ષ થયાં છે. નિપટ નિરંજનની કવિતાનો નમુનો નીચે લખ્યો છે;—

શાંત સરસી વેદાંત.

હૈ જગમૂંત ઔ આપહૂ મૂંત હૈ, મૂંતહીકેસંગમૂંતન લાગા;
સેજ મેં મૂંત ખટોલીમેં મૂંતહૈ, મૂંતકે સંગમેં મૂંતહી જાગા;
એક અમૂંત નિપદ નિરંજન, મૂંતકે વાસમેં મૂંતહી પાગા;
તાતકો મૂંત ઔમાતકો મૂંત, ઔનારિકો મૂંતલૈ ચૂવન લાગા. ૧

કવિત.

જોગ જુગત કર દેખે, ધ્યાનકું ધર દેખે;
કરમકું કર દેખે, કુચલી ભયો નહીં. ૧
સ્નાન સંધ્યા કર દેખે, દેવ પુજા કર દેખે;
પવન શીશ ચઢા દેખે, વાલબી ઉખાડો નહીં. ૨
કાશી રામેશ્વર ફીર દેખે, દ્વારકાં જગનાથ દેખે;
અયોધ્યા મથુરાં દેખે, દેવતો મીલા નહિ. ૩
તનમેં ખાક ચઢાઈ, જટ્ટા દાઢી બી બઢાઇ;
નીંબકી પાત ખાઇ, ઝયૉટબી ભયો નહી. ૪
કહે નીપટ નીરંજન લાલ, મીલે જબ સદ્ગુરુ દયાલ;
તબ એક પલકમેં ઉજાલ, સબખલક ભર અલખ દીખાયો. ૫

૨

પવનકા સમાલે તોલ, સૂરજકા કરે હીંડોલ;
પૃથ્વીકા કરે મોલ, ઐસો કોન નરહૈ. ૧
પથ્થરકા કાંતે સુત, વાંઝકો બઢાવે પુત;
ઘટ અંદર બોલે ભુત, વાકો કૌન ઘર હૈ. ૨
ધ્રુવકું ચલાવે રાહ, બીજલીસેં કરે બ્યાહ;
સાગરકો નીર હઠાવ, ભરપુર ભર રહો હૈ. ૩
કવનદીન કવનરાત, કોનવાકી તાતમાત;
નીપટા તો કહ્યા જાત, યેબતાવે સોતેરા ગુરુ હૈ. ૪

ઈત્યાદિ આ મહાપુરૂષની કવિત્વ શક્તિ અલૌકિક અને જ્ઞાન પ્રદ છે. તે ખરેખર મનન કરવા યોગ્ય છે. આવા સમર્થ પુરૂષના ઉપદેશ સાંભળી

પથ્થર જેવા કઠણ કાળજાના પુરૂષોનું હૃદય પણ પીગળી ગયા વિના રહે નહિ. અહો ! આવા સ્પષ્ટ વક્તા પુરૂષો શું આજે જોવામાં આવે છે ? કદી નહિ. આજે તો જેવી રીતે સામાપુરૂષને સારૂં લાગે, તેવી કવિતાઓ કરી. એકપણ ગુણ નહોય તેવાને ગુણસાગર બનાવી વખાણવામાં વાહ ! વાહ ! સમજે છે અને તેની પાસેથી પૈસા ઓકાવવાની પેરવીમાં ગરકાવ રહે છે. અર્વાચીનકાળ એ ધડક સત્યવક્તા મહાપુરૂષો થોડા જોવામાં આવે છે એ પણ એક આ દેશનાં કમ નસીબ સમજવાં.

અંતરનિષ્ઠભગવત્ભક્ત.

કેશવસ્વામિ.

આ પ્રખ્યાત સાત્વિક ગુણનો મહારાષ્ટ્ર બ્રાહ્મણ હતો. દક્ષિણ મહારાષ્ટ્ર દેશમાં કલબુર્ગા ગામમાં રહેતો હતો. મોટો ભગવત્ ભક્ત, વિદ્વાન, અંતર નિષ્ટ, નિસ્પૃહ અને સ્પષ્ટ વક્તા હતો. કાશીરાજ સ્વામિ નામે મહા યોગ્ય પુરૂષ તેમના ગુરૂ હતા. એમની પાસેથી તેમણે કેટલું જ્ઞાન સંપાદાન કર્યું હતું. ગુરૂ ઉપર અતિ ભક્તિભાવ રાખતો હતો. એમનાં કરેલાં પદો ઉપરથી ઠેકાણે ઠેકાણે ગુરૂ ભક્તિ દેખાઇ આવે છે. મરાઠી ભાષામાં એવો ગ્રંથ **એકાદશીચરિત્ર** ગ્રંથ છે તે તેમણે કરેલો છે. શકે ૧૫૫૦ એ હયાત હતો એવું રામદાસ ચરિત્રપરથી સિદ્ધ થાય છે. ભક્ત મંડળીમાં કીર્ત્તન કરવાનો તથા સાંભળવાનો ઘણો ભાવ રાખતો હતો. ગુરૂ પ્રતાપથી તેણે આત્મ જ્ઞાન મેળવ્યું હતું, તેમજ સિદ્ધિવાન પુરૂષ હતો. દયા એના દીલમાં વિશેષ હતી. સર્વને સમાન ભાવથી જોતો, ભક્તો પ્રાણથી અધિક પ્યારા હતા. કીર્ત્તન થતી વખતે ભગવાનની પ્રસાદી વહેંચવી જોઇએ. એ રિવાજ પ્રમાણે એક વખતે તેણે સુંઠને સાકર વહેંચવાને બદલે વછનાગ અને સાકરની પ્રસાદી કીર્ત્તન સાંભળવા આવેલાઓને આપેલી, પરંતુ ભગવત્ કૃપાથી કોઇને પણ જરા ઇજા આવેલી નહોતી. એવી એવી અનેક એની ચમત્કારિક વાતો છે. તેમાં એક એવી વાત છે કે;—એક વખતે સમર્થ રામદાસ સ્વામિ, રંગનાથ સ્વામી, આનંદમૂર્ત્તિ, અને પોતે એ પાંચ મહાત્મા કૃષ્ણાનદીને સામે તીરે જવા નીકળ્યા. આવીને જુએ છે તો નદી બંને કાંઠામાં ભરપૂર વહેતી હતી: પાંચેજણે ઠરાવ કર્યો કે પોત પોતાની સિદ્ધિ સામર્થ્યથી તરીને પેહેલે પાર જવું. એ વાત સર્વેએ માન્ય કરવાથી પ્રથમ સમર્થ રામદાસ સ્વામિએ હનુમાનનું સ્તવન કર્યું કે, હનુમાનજી એ સમર્થને ઉપાડી પેલે પાર મૂક્યા. એજ ક્રમે રંગનાથ, જયરામ, અને આનંદ-

મૂર્ત્તિ પોત પોતાના ઉપાસ્ય દૈવત બળથી પેલે પાર જઇને કેશવ સ્વામિને બોલાવવા લાગ્યા–તેણે ઉત્તર આપ્યો કે આવું છું. પછી કિનારે ઉભેલા તારૂને કહ્યું કે, મને સામે કાંઠે ઉતાર. તારૂએ કહ્યું કે, પૈસો આપે તો ઉતારૂં; ત્યારે તેણે કહ્યું કે, હું ગરીબ બ્રાહ્મણ છું, મારી પાસે પૈસો નથી માત્ર એક દમડીની કોડી છે તે કહે તો આપું. તારૂએ તે દમડીની કોડી લઇ પેલે પાર ઉતાર્યો. એ રીતે કેશવસ્વામિ ઉતરીને ચારે જણને મળ્યો, પરંતુ સાંગડી ઉપર બેશી પાર ઉતરી આવ્યો, એ બનાવ ચારે જણે નજરે જોયો હતો. તેનું કારણ પૂછવાને બીજાઓએ સમર્થને સાન કરી. કેશવસ્વામિ સાંગડી ઉપર બેશી કેમ પાર ઉતર્યો, તેનું કારણ સમર્થ રામદાસસ્વામિ તો સમજી ગયા હતા અને એ વાતથી અમને થકવ્યા, એ પણ તેઓ જાણી ગયા હતા; તોપણ સૌને જણાવવું જોઇએ કે તેમણે એ શા માટે કર્યું. એવા હેતુથી સમર્થ રામદાસસ્વામિએ પૂછ્યું કે;–કેશવ ! તું આવ્યો ? તેમણે ઉત્તર આપ્યો હા, મહારાજ આવ્યો. ફરી વાર પૂછ્યું શી રીતે આવ્યો ? તેમણે કહ્યું;–એક દમડી ઉપર આવ્યો. એનો અભિપ્રાય સૌ સમજી ગયા કે, આપણા સામર્થ્યમાં દમડીનો માલ એવી તેમણે આપણને સૂચના કરી. એવું સમજી જઇને એ ચારે જણે તેમનો આભાર માન્યો અને ઘણાં વખાણ કરી આનંદથી ભેટીને સૌ સૌને સ્થળે ચાલતા થયા. આ વાતપરથી એ સમજવાનું છે કે;–સિદ્ધિ સામર્થ્ય કેવળ તુચ્છ છે. સિદ્ધિવાન પુરૂષે હું સિદ્ધ છું એવો કદી ગર્વ કરવો નહિ. સિદ્ધિવાન પુરૂષે સ્વાત્માનુભવ સામર્થ્યની યોજના આવા નાના કાર્યમાં ન કરવી જોઇએ. કેશવસ્વામિની સમાધી કલબુર્ગામાં છે. તેઓ ક્યારે સમાધીસ્ત થયા તેનો નિશ્ચયકાળ માલમ પડતો નથી. આ મહાપુરૂષ પોતાના આત્મબળથી દક્ષિણ દેશમાં અતિ પ્રસિદ્ધ થઇ ગયા છે.

વ્યાકરણવેત્તા.

ભટ્ટોજીદીક્ષિત.

આ પ્રસિદ્ધ વ્યારણ શાસ્ત્રના ગ્રંથકર્ત્તા પંચગૌડ માંહેલા સારસ્વત બ્રાહ્મણ હતો. શકે ૧૫૦૦ માં જન્મ્યો હતો. કહે છે કે એના પૂર્વજો ઘણા કાળથી મહારાષ્ટ્ર દેશમાં રહેતા હતા. એક દેવસ્થાનમાં પૂજારીપણાનો અધિકાર તેમનો હતો. મહારાષ્ટ્ર દેશમાં રહેવા વાળા સારસ્વત બ્રાહ્મણોને **શેણવી** કહે છે: શેણવી એટલે ફોજની ટોળીના ઉપરી; કેમકે સહ્યાદ્રિ પર્વતની તળેટી પાસે તેઓનાં કેટલાંક કુટુંબો વસતાં હતાં. જુદા જુદા પ્રાંતમાં સારી પેઠે

વસ્તી થયા પછી મુસલમાનોનું જોર વધ્યું. તેઓને તે પ્રાંતમાં જે અધિકાર આપ્યા હતા, તે સર્વ તેઓએ ખુંચી લીધા અને પોતાની ફોજની દરેક ટોળીનું ઉપરીપણું તેઓને આપ્યું. તે વખતથી તે બ્રીટીશ લોકોનું હિંદુસ્થાનમાં રાજ્ય થતાં સુધી તેઓને શેણવી–સૈનના ઉપરીપણાની પદવી મળી. તે શેણવીઓ આજે પણ ઘણા હુશિઆર ગણાય છે. ભટ્ટોજી દીક્ષિત એ જાતનોજ હતો. દેવસ્થાનની પૂજા કરવાનો રિવાજ એના વંશપરંપરા ચાલ્યો આવેલો. તેથી પોતે પણ કરવા લાગ્યો. એના વંશજાઓએ **દીક્ષિત** ઉપપદ મેળવેલું. તે નામ રાખવા પોતે ઘણા યત્ને શાસ્ત્રાભ્યાસ કર્યો અને એ અભ્યાસ તેને કાશીમાં સાધ્ય થયો. વ્યાકરણ શાસ્ત્રાદિનો સારો અભ્યાસ કરીને અતિ કુશળ થયો. એ અપય્યાદીક્ષિતના વખતમાં હતો. કહે છે કે, તેણે ભોજની સાથે સ્પર્દ્ધા કરી હતી, પણ અપય્યાદીક્ષિતની ઘણી નમ્રતાથી મુલાકાત લીધી હતી.પોતાના ગ્રંથો **કૌમુદી** વગેરેનો ફેલાવો કરવાની અપય્યાદીક્ષિતને વિનંતિ કરી, તેપરથી આ ગ્રંથની પ્રથમ માન્યતા અપય્યાદીક્ષિતે કરી હતી એવું માલમ પડે છે. એની પ્રસિદ્ધિ આખાભારતવર્ષમાં છે. એને **ભાનુદીક્ષિત** નામે એક પુત્ર હતો. દીક્ષિતે પોતાની ઉત્તરાવસ્થામાં ન્યાય શાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો અને તેમાંજ પોતાની ૫૬ વર્ષની ઉમરે કાશીક્ષેત્રમાં મરણ પામ્યો હતો. હજુ તેની પાંચમી છઠ્ઠી પેઢી વાળાઓ કાશીમાં હયાત છે. એ આજથી આશરે ૩૦૦ વર્ષ ઉપર થઇ ગયો છે. આ વિદ્વાન પુરૂષ વિષે કહે છે કે, તેને વિદ્યાશાળા સ્થાપન કરીને વિદ્યાર્થિઓને વ્યાકરણ શીખવવાનો ઇરાદો હતો, પણ તેમ ન થઇ શકવાથી મરતી વખત તેની એ વૃત્તિ રહી ગઇ. તેથી બ્રહ્મરાક્ષસ થઇને પોતાની હવેલીમાં રહ્યા, કુટુંબીઓને પીડા કરવા લાગ્યાથી તેઓ ઘર છોડીને બીજે જઇ રહ્યા. એને પાંચ દશ વર્ષ વીતિ ગયા પછી કોઈ બે અજાણ્યા મુસાફર બ્રાહ્મણ તે ખાલી પડેલી હવેલીમાં આવી ચડ્યા, ત્યાં તેમણે પાટલા ઉપર બેઠેલા દીક્ષિતને દીઠા. બ્રાહ્મણોને વ્યાકરણ શાસ્ત્ર ભણવાનો ઇરાદો હતો. તેથી ભટ્ટોજી દીક્ષીતે તેઓને ભોજન વગેરેની ગોઠવણ કરી આપીને સંપૂર્ણ વ્યાકરણ શાસ્ત્ર શિખવ્યું. એ શિખતાં સાત આઠ વર્ષ થયાં ત્યાં સુધી તેઓ બહાર નીકળ્યા નહોતા. અધ્યયન પૂરૂં થયા પછી દીક્ષિતે પોતાની ખરી હકીકત શિષ્યોને જણાવી અને પોતાનું જે દ્રવ્ય હતું તે તેને આપી દીધું. શિષ્યોએ ક્રિયા કર્મ કરી તેમની સદ્દગતિ કરી હતી.

આ મહાપુરૂષે વ્યાકરણ શાસ્ત્રપર ઘણા ઉત્તમ ગ્રંથો કર્યા છે. તેમાં પ્રથમ સર્વ માન્ય ગ્રંથ **સિદ્ધાંતકૌમુદી** છે. આ ગ્રંથ શિખનારાઓને ઘણો સહેલો, સરસ અને વિદ્વાન લોકોને અતિપ્રીય છે. આની પહેલાં થયેલા

ભરત, વેપાલિત, માધવ, વૃત્તિકાર વૈયાકરણસર્વસ્વકાર, કાશિકાકાર, વામન ઇત્યાદિ પંડિતોએ સંસ્કૃત વ્યાકરણોના ગ્રંથો રચ્યા છે, પરંતુ સિદ્ધાંત કૌમુદીના જેવી બરાબર રચના કોઇ કરી શકયું નથી. એ ગ્રંથ રચાયા પછી સંસ્કૃત વ્યાકરણ સુધારવાનું કાર્ય પૂર્ણ થયું. સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરનારાઓને આ ગ્રંથ ઘણો સુલ્લભને ઉપયોગી થઇ પડયો છે. કૌમુદીની **પ્રૌઢમનોરમા** નામે ટીકા છે. તેમાં પ્રાચીન ગ્રંથકારોના ભાષ્ય વિરૂદ્ધ જે મતો હતા તેમનું ખંડન કરેલું છે અને કૌમુદીનો અર્થ સવિસ્તર કર્યો છે. એની ૧૨૦૦૦ સંખ્યા છે. તે ઉપર **બૃહત્શબ્દરત્ન** અને **લઘુશબ્દરત્ન** એ બેટીકા નાગોજીભટ્ટે કરી છે. **તત્વબોધિની** નામે મોટી વિસ્તીર્ણ ટીકા તે જ્ઞાનેંદ્રસરસ્વતીએ લખી છે. **વ્યાકરણભૂષણ** નામે ગ્રંથ દીક્ષિતે લખ્યો છે. આ ગ્રંથ ન્યાય શાસ્ત્રનો થોડો અભ્યાસ થયા પછી વ્યાકરણ શાસ્ત્ર શિખનારને ઉપયોગનો છે. આના અધ્યયનથી વ્યાકરણમાં વ્યુત્પત્તિ સારી થાય છે. **શબ્દકૌસ્તુભ** નામનો ગ્રંથ કર્યો છે, તે ભાષ્યાની ટીકા દાખલ છે. આ ગ્રંથ માટે એમ કહે છે કે પાણિનીના અષ્ટાધ્યાય ઉપર આ ગ્રંથ લાખ શ્લોકનો હતો. તેથી પંડિતોએ જાણ્યું કે એ ગ્રંથ કોઇ જોશે નહિ. માટે તેને પાણીમાં ડુબાવ્યો અને એના પ્રથમ અધ્યાયનાં જે નવ નાનાં પ્રકરણો છે તેને **નવાન્હિકી** કહે છે. તેની સંખ્યા ૯૦૦૦ છે. એજ કૌસ્તુભ. હાલ કૌસ્તુભના સંક્ષેપે દીક્ષિતનો ચોથે ગ્રંથ **ભૂષણસારછે.** વળી **વ્યાકરણભૂષણ** ગ્રંથ • કોંડભટ્ટે ભૂષણસાર ઉપર બાળભટ્ટપાયગુંડેની ટીકા છે અને હરિ વલ્લભે પણ **ભૂષણસારદર્પણ** નામે ટીકા કરી છે. દીક્ષિતે ધર્મ શાસ્ત્ર ઉપર પણ ઘણાં ગ્રંથો કર્યા છે. તેમાં **અશૌચનિર્ણય** અને **આન્હિક** એ બે ગ્રંથો પ્રસિદ્ધ છે. ઇત્યાદિ વ્યાકરણ શાસ્ત્ર પર તેમણે ગ્રંથો કરી શિખનારાઓને ઘણો લાભ કરી આપ્યો છે. જેને લીધે તેમની કીર્ત્તિ સર્વત્ર સતેજ છે.

વીરરસમાં સર્વોત્કૃષ્ટ.

મહાકવિ—ચંદબારોટ.

આ અતિ પ્રખ્યાત, કવીશ્વર સંભલ નિવાસી હતો. રણથંભોર વાળા મહારાજા વીસલદેવ ચૌહાણના પ્રાચીન કવીશ્વરની ઓલાદમાં થયો. જાતનો ચારણ હતો એવું લાગે છે, પણ પૃથીરાજ અને ભીમની લડાઇ વખતે તેને ભીમે ભાટ કહ્યો છે. અજમેરમાં ચૌહાણરાજાઓનો એ બારોટ હતો. વીરરસનું વર્ણન કરવામાં એ એકો હતો. તેમજ મહા હિંમતવાન, ઉત્સાહી

ચતુર, ડાહ્યો, દેવી ઉપાસિક, શૂરવીર, ઉત્તમ વક્તા, નીતિશાસ્ત્ર અને ચારણના કામકાજમાં મહા શરતાર હતો. સંવત ૧૧૨૦ માં મહારાજા પૃથીરાજ ચૌહાણની પાસે આવ્યો. પોતાની અતિ હુશિઆરીથી મંત્રી અને કવીશ્વર એ બે પદવીને પામ્યો. અને પૃથીરાજનો પરમ મિત્ર થઇ પડયો હતો. એની કવિતા વીરરસથી ભરપુર છે. દરેક લડાઇમાં સામેલ થઇને શૂરવીર રજપૂતોને મહાભારતગાઈ સંભળાવીને ઉશ્કેરતો હતો. જે સાંભળીને નાહિંમતવાનને હિંમત આવતી, કાયર ને શૂરચડતું અને શૂરવીરો લડવાને ઉતરી પડતા હતા, એવો વિરરસનું વર્ણન કરવામાં એક્ક હતો. જ્યારે અજમેરના મહારાજને ગૂજરાતના ભીમદેવ સાથે ભારે લડાઇ થઇ; ત્યારે ચંદબારોટે જાતે ગૂજરાતના લસ્કર ઉપર રાત્રે ચડાઈ કરી હતી. એ આદિપરથી સિદ્ધ થાય છે કે એ જેવો કવિ હતો, તેવોજ શૂરવીર પણ હતો. ઘણીવાર એ લડાઇઓમાં લડયો છે. કૃપાળુ દુર્ગાદેવી તેને પ્રસન્ન હતી, કોઇથી પણ ડરતો નહિ. પૃથીરાજે જ્યારે પોતાના પીતાનું વેર વાળવા ભીમપર ચડાઈ કરી, ત્યારે ચંદબારોટ પોતાની સાથે જાળ, નીસરણી, કોદાળી, દીવો, અંકુશ અને ત્રિશૂળ લઇને ગૂજરાતની રાજધાનીમાં ભોળાભીમ સમક્ષ જઈ ઉભો રહ્યો આ ચમત્કાર જોવાને ઘણાં લોકો એકઠાં થયાં હતાં. ચંદકવિએ હિંમતથી નિડર પણે કહ્યું કે;—સામ્ભર રાજા આવી પહોંચ્યો છે, ભીમે કહ્યું કે;—ઓ ભાટ! તું આ વસ્તુઓ શા માટે લાવ્યો છું તાકીદે કહી દે? ચંદે ઉત્તર આપ્યો કે;—"જો તમે ભાગીને પાણીમાં પેસી જશો તો આ જાળ વડે તમને પકડી લેશું, આકાશમાં જશો તો આ નીસરણીથી, પાતાળમાં જશો તો કોદાળીથી, અંધારામાં જશો તો આ દીવાથી કાઢીશું, અંકુશ વડે તમને વશ કરીશું અને આ ત્રિસુળ વડે તમને પૂરા કરીશું. જે જે દેશમાં સૂર્યોદય થાય છે, તે તે દેશમાં તમે જશો તો પૃથીરાજ તમારી પછવાડે પડશે." આવાં કઠણ વચન સાંભળી ભીમ જુસ્સાથી બોલ્યો;—ઓ ભાટ! તું બકબક કરના! હું ભીમ, જે બીવરાવે તેના ભૂકા કાઢી નાંખું, યુદ્ધમાં જેનાથી સર્વ માણસ ડરી જાય એવો ભયંકર છું. માટે તું ચડયું ચડયું નહિ બોલતાં નમ્રથા, આગળ શું થયું છે તેનો વિચાર કર. ચંદ બોલ્યો;—ઉંદર કદાપિ કોઇવાર બિલાડી ઉપર જીત મેળવે, ગીધ પક્ષી કદાપિ પવિત્ર હંસના માથા ઉપર થનથનાટ કરે, હરિણ કદાપિ લડાઇમાં સિંહની બરાબરી કરી શકે, સાપ સાથે લડતાં કદાપિ દેડકું જય પામે. એ સર્વ વાત કદાપિ દૈવ ઇચ્છાથી બને. પણ એવું સર્વદા નીપજે છે એમ ધારવું નહિ. પ્રર્વતપર છવાઈ ગયેલા અરણ્યને બાળીને ભસ્મ કરનાર અગ્નિ સાથે દીવાનો મુકાબલો થઈ શકે? ભીમ કહે—ભાટના છોકરા શબ્દો વતે લડે, દૈત્ય

ગાળો વડે, અને ભાઇઓ વારસાનો ભાગ વહેચી લેતાં મુક્તિયોથી લડે, પણ સોમેશ્વર વાળો આ કજીઓ તો મરણ સાથે લડવાનો છે. જા, તારા સામ્ભર રાજાને કહે કે તારા બીવરાવ્યા બીકણ હોય તેજ બી જાય.!

આ ઉત્તર સાંભળતાંજ ચંદબારોટ જરા ગભરાઇને ઉભો થયો. રોષથી આંખો લાલચોળ થઈ ગઇ, ઝટપટ પૃથીરાજ પાસે આવ્યો. પાણી ચડાવવાને યથાસ્થિત વર્ણન કરી બતાવી બોલ્યો કે;–ભોળો ભીમ કહે છે કે, સુતેલા સાપ ઉપર દેડકું કુદીને જાગતાં તેની જેવી વલે થાય છે, તેવી રીતે તમે કરો છો. ગૂજરાતનો ધણી ચતુરંગી સેના લઇને ચડે છે, મેં આવતાં સર્વ જોયું છે, મેં જે તેને કહ્યું તેપર તેણે જરાએ લક્ષ લગાડયું નથી. મેં દીવો, જાળ, નીસરણી, કોદાળી; અંકુશ અને ત્રિશૂળ સર્વ બતાવ્યું. તેણે પૂછ્યું કે આનો ભેદ શો છે? કુશળ પ્રધાન કેમાસને તારી સાથે કેમ મોકલ્યો નથી? અથવા ચામુંડરાય કે કુશળ કર્ણને મોકલવા જોઇતા હતા!! અરે! સામ્ભરનો ધણી પોતે ચાલ્યો ચાલ્યો શા માટે ન આવ્યો!!! મેં ઘણીવાર લડાઇઓ કરીને ગૂજરાતને માટે જય મેળવ્યો છે, તેં જેવા રાજા જીત્યા છે તેવો મને ગણીશ નહિ. સામ્ભર રાજા જેવા તો મેં હજારોને કતલ કર્યા છે. આ સાંભળીને મેં કહ્યું કે, ચોહાણ ચતુરંગી સેના લઇને ચડ્યો છે. ઇત્યાદિ વીર વચનો કહી પૃથીરાજને ઉશ્કેર્યો હતો. જ્યારે પૃથીરાજે ભીમને મારી જીત કરી, ત્યારે ચંદબારોટે પૃથીરાજનાં અને સુભટોનાં વખાણ કરતાં કહ્યું છે કે;–આ જીવતર સ્વપ્નવત છે, જે નજરે દેખીએ છીએ તેનો નાશ થવાનો છે. માટે જે સામંત પોતાના ધણીનો સ્વામિ ભક્ત છે તેને ધન્ય છે અને જે કવેળાએ સ્વર્ગનો સારો રસ્તો લે છે તેને પણ ધન્ય છે વગેરે વર્ણન કહેલું છે.

આ કવિએ **પૃથીરાજરાશા** નામે એક લાખ શ્લોકનો ભાષામાં ગ્રંથ રચ્યો છે. એમાં હિંદુઓની પુરાની બોલી છે. એ ગ્રંથ ભભકાદાર વર્ણનથી ભરેલો અને રમુજ પમાડે એવો છે, ૬૯ ખંડ છે તેમાં સંવત ૧૧૨૦ થી તે સંવત ૧૧૪૯ સુધી પૃથીરાજનું જીવન ચરિત્ર મહા કવિતાઇની સાથે ઘણા પ્રકારના છંદોમાં વર્ણન કર્યું છે. **છપ્પા તો ચંદકવિનોજ** અને **ચોપાઇ તો તુળશીદાસનીજ** વખણાય છે. એ ગ્રંથમાં ક્ષત્રિની વંશાવળી, યુદ્ધવર્ણન, દિલ્લી ઇત્યાદિ રાજધાનીઓની શોભા, ક્ષત્રિઓનો સ્વભાવ, ચાલચલન, વ્યવહાર વગેરેનું બહુ વિસ્તાર પૂર્વક વર્ણન કર્યું છે. તે ગ્રંથ ઘણો ઉત્તમ અને રસિક છે. ભાટ ચારણો રાશા લખનારાઓ થઇ ગયા, તેમાં **ચંદબારોટ કીર્તિમાં પ્રથમ ગણાય છે.** તેના રાશામાં ખામીઓ છે તેમ ખુબિઓ પણ છે. એને વિચારશીળ વર્ણન કર્તા ગણિ શકાય નહિ; કેમકે એ ચૌહાણનો દસોંદી ભાટ હતો. તેથી કસુંબાની કેફથી

ઉશ્કેરાયેલો ન ગણિએ, તો ઓછામાં ઓછો પોતાની પક્ષના મમતથી ઇશ્કેરાયલો અને યુદ્ધની કેફથી કેફી થએલો ગણવો જોઇએ. એમાં એટલું બધું અશુદ્ધ લખેલું છે કે તે કોઈ કોઇ ઠેકાણે સમજી શકાતું નથી. જ્યાં ભાવાર્થ સમજાય છે, ત્યાં પણ ચંદનું મૂળ લખેલું કેવું હશે તે પાછળથી થઇ ગયેલા ફેરફારને લીધે ઓળખી કાઢવું મુસ્કેલ પડે છે. ચંદને પોતાના રાજાની કીર્ત્તિ વધારવાની આતુરતા ઘણી હતી. તેણે પીરમના ગોહિલનાં પરાક્રમનાં ગીત ગાયાં છે. આખો રાશો ચંદભારોટના નામથી ઓળખાય છે. પણ તેમાં બીજાઓએ કાંઇ પાછળથી ઉમેરો કર્યો હોય એવું લાગે છે. સંવત ૧૧૪૯ માં પૃથીરાજ અને શાહાબુદ્દિનની લડાઈ થઇ ત્યારે એ લડાઇમાં ગયો હતો, પૃથીરાજને લડાઇમાં અનેક યુક્તિ પ્રયુક્તિ બતાવી શાહબુદ્દીનને ઘણીવાર થકવ્યો હતો. અંતે પૃથીરાજ સાથે લડાઇમાં મરી ગયો. કેટલાક કહે છે કે, પૃથીરાજ શત્રુને હાથે પકડાઇને માર્યો ગયો હતો અને કેટલાક કહે છે કે, ચંદભારોટ જે પૃથીરાજનો પરમ મિત્ર હતો, તે પોતાના મિત્રનું મોત શત્રુના હાથથી ન થાય અગર તેનું મુડદું રણમાં ન રઝળે, માટે શત્રુના હાથમાં પકડાયા પછી તેનું મોત આણવામાં સામેલ થયો હતો. ચંદકવિના વંશમાં **સારંગધર** કવિ થયો. તેણે **હમીરરાશા** અને **હમીરકાવ્ય** ભાષામાં રચેલ છે. ચંદકવિ આજથી આશરે ૮૦૦ વર્ષ પર થઈ ગયો છે, તોપણ તેની કીર્ત્તિ અદ્યાપિ સતેજ છે. હરકોઇ મનુષ્ય વિદ્યા, દાન, પરોપકાર અને પરાક્રમથી જેટલી પોતાની અમર કીર્ત્તિ રાખી શકે છે, તેટલી બીજાથી રાખી શકતા નથી. આ પ્રસિદ્ધ કવિએ વિદ્યા અને પરાક્રમથી પોતાની કીર્ત્તિ સતેજ રાખી છે. તેની કવિતા નમુના માટે આ નીચે લખી છે.

દોહા.

સીકવાન પ્રથિરાજ છાતી નિવાંસગજ ચારિ,
લગત ચોટ ચૌહાનકી ઉડત તીસમનગારી. ૧
ધર પલટયૌ પલટીધરા પલટયૌ હાથકમાન,
ચંદ કહે પ્રથિરાજસૌ દિન પલટૈ ચૌહાન. ૨
વારહ વાંસ વત્તીસગજ અંગુલ ચારિ પ્રમાન,
ઇતને ધરપત સાહહૈ મતિ ચૂકૈ ચૌહાન. ૩
ફેરિનજનની જનમિ હૈ ફેરિ ન ખૈંચિં કમાન,
સાતવાર તુમ ચૂકિયૌ અવ ન ચૂકુ ચૌહાન. ૪

યસવર્ણન.

મંડન મહીકે અરિખંડે પ્રથિરાજવીર તેરેડર વૈરીવધૂ ડાંગ ડાંગ ડગેહૈ,
દેશ દેશકે નરેશ સેવત સુરેશ જિમિકાંપતદિનેશ સુનિવીરરસ પગેહૈ,

તેરે શ્રુતિ મંડલ નિકુંડલ વિરાજતહૈં કહે કવિચંદયહિ ભાંતિ જેવ જગેહૈં,
સિંધુકે વકીલસંગ મેરૂકે વકીલહિ લૈ માનહંકહત કછુકાન આનિલગેહૈં. ૧
મહારાજ તેરીસબ કીરતિબખાને કવિચંદયહ કેવળ અકીરતિ બખાનેહૈં,
આંધરે ન દેખિદેખિ હમકો બતાઇ દઇ બહિરેને સુની જૈસીહમ હૂ પિછાનેહૈં,
કચ્છપીકે દૂધહીકે સાગર પૈ તાકી ગીત વાંઝસુત ગૂંગે મિલિગાવત યોંજાનેહૈં,
તામે કેતે બડે શશશ્રુગ કે ધનુષ વારે રીઝિરીઝિતિન્હે મૌજદે કૈસનો માનેહૈં. ૨

ભવિષ્યવક્તા.

ઉદ્ધડજોષિ—સહદેવ.

આ પ્રખ્યાત જોષિ મારવાડ દેશમાં રહેતો હતો. જાતનો બ્રાહ્મણ હતો. એ જોતિષ વિદ્યા આદિમાં ઘણો કુશળ હતો. ઘરનો ઘણોજ ગરીબ સ્થિતિનો હતો. તેથી જંગલમાં ઝુપડી બાંધી બકરાં ચરાવતો અને તેનાથી જે પેદાસ આવે તેના વડે ગુજરાન ચલાવતો હતો. તે જંગલમાં રહેતો. તેથી તેને નિહાળીને જોવાનું ઘણું મળતું તેની બુદ્ધિ અતિ તીક્ષણ હતી, ઉત્સાહી અને શોધક હતો. આકાશમાં થતા ફેરફાર, ગ્રહોનું ચલન, વલન, ઋતુના ફેરફાર અને હવાના વધારા ઘટારા ઉપરથી વર્ષ કેવું થશે એ આદિ શોધી કાઢતો હતો. અને તે જે કહેતો તેજ પ્રમાણે બરાબર થતું હતું. એ ધનવાન, ડાહી કે રૂપાળો નહોતો. એનું શરીર બેડોળ હતું. એને જોવાથી કોઇપણ એમ ન ધારે કે એ મહાશોધક અને પ્રતાપી પુરૂષ હશે. જોવાથી તો એ બોથડ ગામડીઆ જેવો અને કર્મ ભ્રષ્ટ લાગતો. તેથીજ સાધારણ લોકો **ઉદ્ધડ—હુજડજોષિ** કહી બોલાવતા, પણ એ કર્મભ્રષ્ટ નહોતો. પોતાનો ધંધો બડવાડના જેવો બકરાં ચારવાનો હતો, પણ સંધ્યાનો વખત થતાં જ્યાં હોય ત્યાંજ માનસિક અર્ઘ આપી દેતો અને માનસિક ગાયત્રી કરતો હતો. એવી રીતે કરવાથી મનુષ્યોને જોવામાં ન આવતું. તેથી તેને કર્મ ભ્રષ્ટ કહેતા હતા. જ્યાં કાળાં મૃગ સુખ ચૈનથી ફરતાં હતાં તેવા પવિત્ર દેશમાં રહેતો હતો. પ્રાણાયામ અને સંધ્યા બરાબર વખતે કરતો હતો. તે સિવાય કાંઇ કર્મ કરતો નહિ. એ કર્મના પ્રતાપથી એને જોતિષ શાસ્ત્રનું ઉત્તમ જ્ઞાન પ્રાપ્ત થયું હતું એમ કહેવાય છે. એ વખતે બીજા બ્રાહ્મણો પણ તેનું જોઇને બરાબર સંધ્યા અને પ્રાણાયામ કરવા લાગ્યા હતા. અને બીજા કર્મ છોડી દેવા લાગ્યા હતા. ઉદ્ધડ જોષિ જોતિષ શાસ્ત્રમાં પારાવાર થવાથી તેની દિગંત કીર્ત્તિ થઇ હતી. ગુજરાતના રાજાધિરાજ સિદ્ધરાજ જયસિંહે રૂદ્રમાળો બાંધવાનો વિચાર કર્યો. ત્યારે તેનું મૂહુર્ત્ત જોઇ આપવાને તેને તેડી લા-

વવા માણુસો મોકલ્યા. માણુસો શોધ કરતાં અરણ્યમાં આવ્યાં; ત્યારે એ બકરાં ચરાવતો હતો તેને જોતાંજ તેઓ આશ્ચર્ય પામ્યા અને પરસ્પર કહેવા લાગ્યા કે રાજા આને બોલાવીને શું કરશે? આતો બોથડ ગામડીઓ છે, પણ આપણે જે પ્રમાણે રાજાની આજ્ઞા થઇ છે, તે પ્રમાણે કરવું જોઇએ. એવો નિશ્ચય કરીને જોષિને રાજાની સર્વ વાત કહી બતાવી. સહદેવ એ માણુસો સાથે સિદ્ધરાજ જયસિંહ પાસે ગૂજરાત—પાટણમાં આવ્યો. ત્યાંથી રાજા સાથે સિદ્ધપુરમાં આવ્યો. ઉદ્દડ—સહદેવે બરાબર મુહુર્ત્ત જોઇ પાયાની જગ્યોએ મુહુર્ત્ત વખતેજ ખીલી ઠોકીને કહ્યું કે, આ ખીલી બરાબર શેષની ફેણુ માથે આવી છે, પણ બીજા જોષિઓએ કહ્યું કે એ બરાબર નથી. એમ કહી સહદેવની આજ્ઞા વિના ખીલી કાઢી, તો લોહી વાળી નીકળી પછી સર્વે એ ઘણો અફસોસ કર્યો, પણ પછી શું ઉપાય? રાજાએ ફરી સહદેવને કહ્યું કે, હવે બરાબર મુહુર્ત્ત પ્રમાણે શેષની ફેણપર ખીલી મારો કે જેથી રૂદ્રમાળો અવિચળ રહે. સહદેવે કહ્યું કે, હવે તેમ બનશે નહિ, હવે આ ખીલી મારૂંછું તે પૂંછડા પર આવશે અને રૂદ્રમાળો અમુક વખતે નાશ પામશે. એમ કહી ખીલી મારી અને રૂદ્રમાળો ચણાયો હતો અંતે એ જોષિના ભવિષ્ય વચન પ્રમાણેજ થયું, રૂદ્રમાળો નાશ પામ્યો જેની આજે સિદ્ધપુરમાં નિશાનીઓ જોવામાં આવે છે.

આ જોષિને પુત્ર નહોતો, માત્ર એક, ભડલી નામે પુત્રી હતી. તેને પણ કાંઇ સંતાન નહોતું. માટે તેનું અવિચળ નામ રાખવાને સહદેવે ભડલીને નામે કેટલાંક ભવિષ્ય વચનો કહ્યાં છે. જે આજે **ભડલીવાક્ય** નામે આખા ભરતખંડમાં પ્રસિદ્ધ છે. આ જોષિ કવિતા પણ કરી જાણતો. તેનાં ભવિષ્ય વચનો પ્રમાણે આજે બરાબર મળતું આવે છે. આ સિવાય પણ આ ભવિષ્યવેત્તાએ લોકોપયોગી શોધોનાં ઘણાં કામો કર્યા છે. જેને લીધે એ દૃષ્ટાંત રૂપ અમર કીર્તિ રાખી ગયો છે. એ સંવત ૧૩૦૦ માં એટલે સિદ્ધરાજજયસિંહના વખતમાં હતો. એ જોતાં તેને આજે ૬૫૧ વર્ષ ઉપર થઇ ગયાં છે. આ ભવિષ્યવેત્તાએ ભડલી વાયક નામે જે વર્ષના વરતારા બહાર પાડ્યા છે તેમાંથી એકાદ વાચક વર્ગને જાણવા આ નીચે આપું છું.—

સાખી.

નામ ગણાવે ગરભનું, જોયે એમ સહદેવ;
ગરભ કહે તે જાણજો, માસ માસમાં એવ.

ચોપાઇ.

વાદળ વાયુ વિજ વરસંત, કડકે ગાજે ઉપલપડંત;

ધનુષ અને પરીવિષે જાણુ, હીમપડે દશ ગરભ પ્રમાણુ.

કાર્તિક સુદિ પડવા દિન, હોય જો બુધવાર;
વરશ હોય તે કરવરૂ, ન કરીશ વળી વિચાર.
દિવા વિતી પંચમી, આવે આદિત વાર;
ધનકણુ રાખી સંગ્રહો, જગનાં સકળ નરનાર.
માળવડે મરકી થશે, દક્ષિણમાં ઉત્પાત;
પૂર્વે વિગ્રહ જાગશે, ખળભળશે ગૂજરાત.

ચોપાઇ.

કાર્તિક સુદી બારસે દેખ, માર્ગશિર્ષ સુદી દશેમ પેખ;
પોષ સુદી પાંચમ રવીવાર, માગ સુદી સાતમ નિર્ધાર;
તે દિન જો મેઘો ગાજંત, માસ બાર અંબર વરસંત.

સાખી.

કાર્તિક સુદી એકાદશી, વાદળ વિજળ હોય;
અષાડે ભડલી કહે, વરખા સારો જોય.
કાર્તિક સુદી પુર્ણિમા, જો કૃતિકા કદિ હોય;
તેમાં વાદળ વિજળી, જોગ જોગ શું જોય.
કાર્ત્તિક પુનેમ કૃતિકા, અદકી હોયે જેમ;
પળા વધે જે વરસમાં, ભારે વરખા તેમ.

ચોપાઇ.

જુઓ જોષી કાર્તિક અમાસ, રવિ શનિ ભોમે જો વાસ;
સ્વાતિયોગ આયુષ તે ૫ સ, કાળ કરાવે નાસાનાસ.
સુદી બારસ મેઘો જો હોય, આષાઢ માસે વરસે તોય;
માસ અવર પણ વરશે જાણ, કહે ભડલી સાચું પ્રમાણ.

ઇત્યાદિ પ્રમાણે બારે માસના વરતરા બહાર પાડયા છે. જે સર્વેને પ્રસિદ્ધ છે.

શિઘ્રકવિ રત્ન.

ફકડ—દીનદરવેશ.

આ પ્રસિદ્ધ પુરૂષનું ચરિત્ર અદ્દભુત છે. આ સાંઇ બાવા છતાં ઘણો અચ્છો વિદ્વાન હતો, ને પાટણનો રહીશ હતો. બાળપણથી ધર્મનીજ આસ્થા તેના હૃદયપર સંપૂર્ણ ચોંટી બેઠી હતી. વિદ્યાભ્યાસ તો ઝાઝો નહોતો,

પરંતુ જ્ઞાન શક્તિ સારી ખીલી હતી, ને કવિને જે જોઇએ તે અવલોકન શક્તિ તેનામાં અતિ ઉત્તમ હતી. એના લગ્ન તેર વરશની ઉંમરે થયાં હતાં, પણ વીશ વરશની ઉમ્મરમાં એણે સંસાર ત્યાગ કર્યો. અને ફકીરી લઈ, મુસલમાનોના મોટાં ધામોમાં ફરી આવી, હિંદુઓના મોટાં ધામો, ગોકુળ, વૃંદાવન, કાશી, પ્રયાગ અને ઠેઠશ્રીનાથજી પણ એ ગયો હતો. આ મુસલમાન છતાં એમ કહેવાય છે કે સઘળે એને દર્શન થયાં હતાં. અને હિંદુઓ એને એક સંસ્કારી માનતા હતા. એને બાર વરશનો નિયમ હતો કે દર પૂર્ણિમાએ સરસ્વતિ નદીમાં સ્નાન કરવું. એ નિત્યના નિયમ પ્રમાણે એક વખતે પૂર્ણિમાએ સ્નાન કરવા આવ્યો હતો. તે વેળાએ ગૂજરાતના કેટલાક ભાટ, ચારણ, અને બ્રાહ્મણ કવિઓ પણ આવ્યા હતા. જેની સંખ્યા દોઢસોથી વધારે હતી, એ સર્વ સમક્ષ કાન કવિના કેટલાક શિષ્યોને દીનદરવેશના શિષ્યો વચ્ચે વાદ વિવાદ થયો હતો. પછી આ ફક્કડ કવિ દીનદરવેશ અને કાન કવિ વચ્ચે અખાડો મચ્યો. આ વખતે સિદ્ધપુરમાં કાર્તિકીનો મોટો મેળો ભરાયો હતો તેથી હજારો લોકો જોવા મળ્યા. પરસ્પર ચોટ ચાલી અને લોકોની ઠઠ વચ્ચે, શિઘ્ર કવિઓએ કુંડલીયા લલકારવા માંડ્યા. એક બોલે તેના પ્રતિ ઉત્તરમાંજ બીજો કવિ બોલે, ને તેમાં ઝમકદાર બાનક સાંભળવાને આસ પાસ લોકો એટલા બધા તો ભેળા થઇ ગયા કે સરસ્વતિના તટપર મેદની મળી રહી; અને લોકોની વાહ! વાહની ગર્જનાથી તટ ગાજી રહ્યું. એમ કહેવાય છે કે કાન કવિ અને દીનદરવેશે સાત દિવસ સુધી પોતાની શક્તિ દર્શાવી હતી, અને બંનેમાં શ્રેષ્ઠ કવિ કોણ તેનો નિર્ણય થયો નહિ. પરીક્ષકો પણ શોહ ખાઈ ગયા! કવિતા તો સવિતા જેવીજ છે. કવિયોનો રણકો સાંભળી, યાત્રાર્થે પધારેલા પાટડીના ઠાકોરે બંનો વિદ્વાનોને સારી રીતનું પરિતોષક આપ્યું હતું. દીનદરવેશે પોતાની કવિતામાં કોઈ પણ પક્ષના ઇશ્વરની સ્તુતિ કે નિંદા કરી નથી, પણ સચરાચર વ્યાપિની ભક્તિ દર્શાવી છે. કવિ રત્નદીનદરવેશે ૧૨૫૦૦૦ કુંડલીઆઓ બનાવ્યા છે. તેમાંના કેટલાક આજે ગૂજરાતમાં ઠામઠામ ગવાય છે. શું એવી શક્તિ આ જે કેટલાક કવિઓ ધરાવે છે. અરે! પણ પરીક્ષકોજ ક્યાં છે. કવિઓના રંગ ગયા, વિદ્વાનો પોષિદા પણ ગયા. તેઓને આશ્રય દાતા કોઇ નથી. રાજાઓ એ નથી અને શ્રીમંતોએ નથી. આગળ કવિઓના રંગના ઝડાકાઓ થતા હતા, હાલ એબધું અસ્ત થઇ ગયું છે. આગળ કવિ અને વિદ્વાનોની શક્તિની પરીક્ષા થતી હતી, કવિઓના અખાડા થતા હતા. એ આદી દીનદરવેશ અને કાન કવિનો દાખલો પ્રસિદ્ધ છે. દીનદરવેશની કવિતા સાંભળનારના હૃદયપર સચોટ અસર કરતા અને રસમય છે. જુઓ—

કુંડળીઆ.

કોડી ન મીલે ભાગબીન, હુન્નર કરો હજાર;
ક્યું નરપામે સાહેબી, બીના લેખ કિરતાર.
બીના લેખ કીરતાર, સાત સમુદ્ર ફિર આવે,
ભટક ફેરે એ કાજ, ગાંઠકી લાજ ગમાવે;
કહે દીન દરવેશ, હીંડો દશો દશ દોડી,
હુન્નર કરો હજાર, ભાગ બીન મીલે ન કોડી. ૧
બંદા બાજી જૂઠ હે, મત સાચી કર માન,
કહાં બીરબલ ગંગ હે, કહાં અકબ્બર ખાન;
કહાં અકબ્બર ખાન, બલેકી રહે બલાઇ;
ફતેસિંહ મહારાજ, દેખ ઉઠી ચલ ગય ભાઇ;
કહે દીન દરવેશ, સમર પેદાહિ કરંદા.
મત સાચી કરિ માન, જૂઠહે બાજી બંદા. ૨
બંદા જાને મેં કરૂં, કરન હાર કરતાર;
તેરા કિયાના હોયગા, હોવે હોવન હાર;
હોવે હોવન હાર, બાર નર યોંહી ટોવે;
અંજસ કરે અપાર, નામ નારાયન ખોવે;
કહે દીનદરવેશ, હુકમ તેં પાન હલંદા;
કરનહાર કરતાર, તુંહિ ક્યા કરહીબંદા. ૩
ધુરે નગારે કૂચકે, છિનભર છાને નાંહિ;
કોઇ આજ કો કાલ્હકો, પાવ પલક કે માંહિ;
પાવપલક કે માંહિ, માનિલે મનવા મેરા;
પડયા રહે ધનમાલ, હોય જંગલમેં ડેરા;
કહે દીનદરવેશ, ભજન કરિ ઉતિ જુહારે;
છિનભર છાને નાંહિ, કૂચકે ધુરે નગારે. ૪

ઇત્યાદિ ઘણા વિષયોપર તેમણે ઉપદેશ લેવા યોગ્ય કુળીઆ કરેલા છે તે અતિ પ્રસિદ્ધ છે.

---

*કાળવાદીમતનોક્ષપણક.

પૂર્ણસમય.

આ કાળવાદી મતનો એક ક્ષપણક શ્રીમાન્ શંકરાચાર્યના વખતમાં હતો. જ્યારે શ્રીમચ્છંકરાચાર્ય દિગ્વિજ્ય કરવાને દેશમાં ફરતા હતા, ત્યારે તેણે

આવી કહ્યું કે મારામતની પરીક્ષા લીઓ. એ સાંભળી આચાર્યે કહ્યું કે હાલ તારે ગડબડ ન કરતાં મારી સાથે ફરવું, સગવડે તારોમત જોઇશ એપરથી એ આચાર્ય સાથે મુસાફરીમાં ૭ માસ સુધી રહ્યો. તેમાં એક વખતે તેણે પ્રાર્થના કરવાથી આચાર્યે એ કહ્યું કે;—આ તારા હાથમાંના યંત્રનું લક્ષણ કહી બતાવી અહીંથી ચાલતો થા. એ સાંભળી ક્ષપણક બોલ્યો;—એને ગોળયંત્ર કહે છે, એને અંતરવૃત્તિ જે ભૂપીંડ તે નિત્ય અધઃપતન છે. માટે તેને અનુકુળ સર્વેગ્રહ અને નક્ષત્ર મંડળ સમાંતર ગમન કરે છે. એ સાંભળી આચાર્યે કહ્યું;—પ્રથમકાળ નિત્ય છે એમ તમો કહો છો, ત્યારે સંવત્સર-કાળને ઉત્પત્તિ છે. માટે શ્રુતિના અર્થમાં ઉત્પત્તિ ધર્મથી કાળ અનિત્ય છે અને તમે પૃથ્વી નિત્ય હેઠે જાય છે એમ કહો છો, પરંતુ એ તારૂં બોલવું અપ્રમાણ છે; કારણ એ તારો મત સર્વ સિદ્ધાંત વિરૂદ્ધ છે, ઇત્યાદિ રીતે પૂર્ણ સમય સાંભળી ત્યાંથી છાનો માનો નાશી ગયો હતો. (આનંદગિરી શંકર વિજય.)

નામાંકિત વિદ્વાન.

શારંગધર.

આ વિદ્વાન પુરૂષ શાલિવાહન શકના અગીઆરમાં સૈકામાં અનંગ ભીમ રાજાના વખતમાં થયો. એ કવિ અને મહાપુરાણી હતો એના પિતાનું નામ દામોદર હતું. સારંગધર હમીર રાજાના દરબારમાં મુખ્ય પંડિત હતો. તેમણે **હમીરવિજય.** નામે ગ્રંથ કર્યો છે, તેમાં હમીર રાજાની વંશાવળી અને તેનાં ઉત્તમ કામો લખેલાં છે. તેમજ તેણે નાના પ્રકારના વિષયો અને કેટલાક સુંદર શ્લોકોનો સંગ્રહ કરીને શારંગધર પદ્ધતિ નામે ગ્રંથ કર્યો છે. તેનેજ **સુભાષિત શારંગધર** કહે છે. બીજો એક વૈદક વિષયનો **શારંગધર** નામે ગ્રંથ કર્યો છે તેના ત્રણ ખંડ છે. સર્વ ગ્રંથ મળીને છવીસો શ્લોકનું પુર છે. આ ગ્રંથ ઘણોજ ઉત્તમ છે તેથી વૈદ્યના કામમાં ઘણો સહેલો અને ઉપયોગી થઇ પડયો છે. એ સિવાય આ પુરૂષ વિષે વિશેષ હકીકત મળતી નથી.

સમર્થવિદ્વાન.

પુંડરીક.

આ પ્રસિદ્ધ પુરૂષ વિષે જૈન ગ્રંથોમાં એવું લખેલું છે કે; એ મોટો સમર્થ વિદ્વાન પુરૂષ હતો, જાતનો બ્રાહ્મણ હતો. યુધિષ્ઠિર શક ૧૭૨૪ માં વિદ્યારત્નાકર નામે એક જૈનપંડિત સાથે તેને વિવાદ થયો હતો. તેમાં એનો

પરાભવ થયો હતો. તેપરથી તે જૈનધર્મ સ્વીકારી અહિંસા ધર્મ મુજબ આચરણ કરવા લાગ્યો હતો. આ બંને વચ્ચે વિવાદ ભીમરથી નદીને કિનારે સોહંદર ક્ષેત્રમાં થયો હતો. તે વખતે ચંદ્રગુપ્તનો પુત્ર અશોક રાજાનો બાપ વારીસાર રાજ્ય કરતો હતો. જો આ ઉપર લખેલી વાત સત્ય હોય, તો આ વાતને કળીકાળનાં ૪૯૮૦ વર્ષમાં ૩૨૫૬ વર્ષ થઇ ગયાં એમ કહેવાને કાંઇ પણ બાધ નથી, પરંતુ એને બીજું કાંઇ પ્રમાણ મળવું જોઇએ. બીજું પ્રમાણ મળતાં એનો નિર્ણય ન્યાયથી કરવો જોઇએ ઇત્યાદિ, ઇત્યાદિ.

કાપાલિકમતનોએકભેદ.

ઉન્મત ભૈરવ મત.

આ મતનો ઉત્પન્ન કરતા ક્રકચ ગણાય છે. એ જાતનો શુદ્ર હતો. કર્ણાટક દેશમાં ઉજ્જયનિ નગરમાં રહેતો હતો. એ મતના કાપાલિકો ઉન્મત ભૈરવને માનતા, મનુષ્ય ખોપરી ધારણ કરતા અને મદ્યપાનાદિને અંગીકાર કરતા હતા. એ લોકોનો જથો કર્ણાટકમાં ઘણો હતો. જ્યારે શ્રીમત્ શંકરાચાર્યદિગ્વિજય કરતા કર્ણાટક દેશમાંના ઉજ્જયનિ નગરમાં આવ્યા. ત્યારે ક્રકચે આવી કહ્યું કે;—"તમે ભસ્મ ધારણ કરોછો, પણ મનુષ્યના માથાની પવિત્ર ખોપરી રાખવાને બદલે ખપ્પર કેમ રાખોછો? અને ભૈરવની ઉપાસના કેમ કરતા નથી? લોહીથી ભરેલા મસ્તક રૂપ કમળોથી ભૈરવની પૂજા કર્યા વિના અને સુંદર સ્ત્રીનું આલિંગન કર્યા સિવાય ભક્તજનોને આનંદ કેમ થાય? ઇત્યાદિ સાંભળીને સુધન્વા રાજાએ રીસથી તેનો ધિકાર કર્યો હતો. તેથી ક્રકચે રીસથી ઘણા કાપાલિકોને લાવી શ્રીમત્ શંકરાચાર્ય અને તેમની સાથેનાઓ ઉપર હલ્લો કર્યો હતો. આચાર્ય અને સુધન્વારાજાએ પોતાના પરાક્રમથી એ સર્વેનો નાશ કર્યો હતો. ક્રકચ મરણ પામ્યો અને બીજા કાપિલકો શ્રીશંકરાચાર્યના અદ્વૈતમતના અનુયાયી થયા હતા. આ લોકો મંત્ર તંત્રાદિક પ્રયોગમાં ઘણા હુશિઆર હોય છે. આજે પણ એ લોકો કર્ણાટક તરફ કોઇ કોઇ જોવામાં આવે છે.

મરાઠીભાષાનાપહેલાકવિ.

મહાયોગી—ચાંગદેવ.

આ અતિ પ્રસિદ્ધ પુરૂષ મહારાષ્ટ્ર દેશમાં થઇ ગયા છે. એ દેશમાં કવિતા કરવાવાળા સાધુ વગેરે જાતના કવિઓ થઇ ગયેલા છે, તે સર્વમાં

આ પહેલા છે. કેટલાક લોકોની એવી સમજ હતી કે મરાઠી ભાષામાં પહેલા કવિ મુકુંદરાજ હતા, પરંતુ હાલ કેટલોક શોધ થવાથી અને એકનાથ સ્વામીએ ભાગવતની ટીકા લખતાં પ્રથમ ચાંગદેવને પેલા કવિ તરીકે નમન કરેલ છે. તેપરથી એવું સમજાય છે કે એ પેલા કવિ છે અને તેના કરેલા ગ્રંથો પણ હોવા જોઇએ. મહિપતિ બાવાએ એની ઉત્પત્તિ વિષે એવું લખેલું છે કે;—સ્વર્ગમાં મરૂદગણ નામે દેવ છે, તેને એક વખતે કોઇ કારણથી ઇંદ્રનો શાપ થયો, કે તમો મૃત્યુલોકમાં જન્મો. જ્યારે તેમણે શાપથી છુટવાનું માગ્યું; ત્યારે ઇંદ્રે કહ્યું કે, પૃથ્વી ઉપર જ્ઞાનેશ્વર વગેરે દેવના અંશથી પ્રગટ થનાર છે, તેનાં દર્શન અને અનુગ્રહ થયે તમો પાછા સ્વર્ગમાં આવશો. તે પછી મરૂદગણ પૃથ્વી ઉપર આવ્યા. આવી મનુષ્યને રૂપે તપતી અને પયોષ્ણી બંને નદીઓના સંગમ આગળ કદળી વન છે તેમાં આવ્યા. તેને જોઈ બીજા મનુષ્યોએ કહ્યું કે, આ કોઇ દેવનો અંશ છે. તેઓ દિવ્ય કાન્તિથી (ચાંગલા દેવ) સારા દેવ છે. એ રીતે ચાંગલાપરથી ચાંગદેવ નામે પ્રસિદ્ધ થયા. એ વિષે લોકો એવું કહે છે કે; ચાંગદેવ યોગબળથી સોસો વર્ષ સુધી સમાધિમાં બેઠા રહેતા, પછી ઉઠીને બહાર એક વર્ષ સુધી ફરતા હતા. એક વર્ષ પૂરૂં થયે ફરી સો વર્ષ સમાધિમાં રહેતા અને પછી ઉઠી એક વર્ષ બહાર ફરતા. એ પ્રમાણે ૧૪ વખત સમાધિ કર્યા પછી સમાધિ વાસર્જન કરીને બહાર ફર્યા કરતા. એ પછી તે કદી સમાધિ ચડાવી બેઠા નહોતા. એ વિષે મહિપતિ બાવાએ પોતાના ભક્ત વિજયનામે ગ્રંથમાં લખેલું છે કે, તેઓ ૧૪૧૪ વર્ષ જીવ્યા હતા. ચોદમા શતકને અંતે બહાર રહેવાના વર્ષમાં જ્ઞાનેશ્વરે પાડાના મુખથી વેદ ઓલાવ્યાની કીર્ત્તિ તેણે સાંભળી. તેથી ચાંગદેવે જ્ઞાનેશ્વરને કાગળ લખી મોકલ્યો. તે કોરો કાગળ જોઇ જ્ઞાનેશ્વરની બેન મુકતા બાઇએ એવું કહ્યું કે, એ ૧૪૦૦ વર્ષ જીવ્યો; તો પણ હજુ કોરો છે. એટલે તેને અધ્યાત્મજ્ઞાનની ખબર નથી. પછી ચાંગદેવ સિંહ ઉપર બેસી હાથમાં સર્પનો ચાબકો લઇને જ્ઞાનેશ્વરને મળવા નીકળ્યો. એ વાત જ્ઞાનેશ્વરે સાંભળી તે વખતે સવારે બધાં ભાંડરૂ પડેલી ભીંત ઉપર તડકામાં બેઠાં હતાં. ચાંગદેવ નજીક આવ્યા, એવું જોઇને જ્ઞાનેશ્વરે નિર્જીવ ભીંતને આજ્ઞા કરી કે તે એની સામે ચાલી નીકળી હતી. તે ભીંત અદ્યાપિ સુધી આળંદીગામમાં બહાર છે. ચાંગદેવ સજીવ ઉપર ચડી આવ્યો હતો અને આ બાળકો નિર્જીવ ભીંત ઉપર ચડી આવે છે, એવું તે જોઇને સિંહપરથી નીચે ઉતરી ઉતાવળે થઈ દંડવત્ કરતાં કરતાં તેની પાસે આવ્યો.

ચાંગદેવને દંડવત્ કરતાં જોઇને જ્ઞાનેશ્વર સહિત સર્વ ભાંડરૂ ભીંતપરથી નીચે ઉતરી તેમને મળ્યાં. પછી પરસ્પર કેટલુંક ભાષણ થયું હતું.

ચાંગદેવ ત્યાં થોડાક કાળ રહ્યા હતા. જ્ઞાનેશ્વરે તેમને અધ્યાત્મજ્ઞાનનો ઉપદેશ કર્યો હતો. એ બોધ ચાંગદેવનો **પઠંસષ્ટી** નામની ગીતીનો ગ્રંથ છે તેમાં છે. આરૂણ ગામમાં બે ભાઇઓ રહેતા હતા, તે ચાંગદેવના શિષ્ય હતા. તે પોતાના ગુરૂને તપતી નદીપર સ્નાન કરવાને તેડી જતા. તેણે લઇ જવાનું કારણએકે ચાંગદેવ ત્યાંથી સ્નાન કરી ઘેર આવતા ત્યાં સુધી આંખો મીંચીને ચાલ્યા આવતા હતા, તેને પાછા તેડી લાવવા જોઇએ માટે સાથે રહેતા. એક વખતે એવું થયું કે ચાંગદેવે સ્નાન કરી આવીને આસનપર બેઠા પછી બંને શિષ્યોને કહ્યું કે, પાર્થિવ કરવા માટે માટી ક્યાં છે? આ સાંભળી બંને ભાઇ વિચારમાં પડયા; કેમકે નિત્ય લાવતા, પણ તે રોજ સ્મરણ રહ્યું નહિ. જે વખતે ચાંગદેવે કહ્યું, તે વખતેજ યાદ આવ્યું. હવે શું કરવું એ વિચારમાં પડયા. પછી બંનેએ વિચાર કરી એક વાટકીને ઉંધી વાળી કહ્યું કે;—મહારાજ! આ સ્થળે સ્વયંભૂશિવલીંગ હોવાથી અમે માટી લાવ્યા નથી એ સાંભળી ચાંગદેવે ઠીક છે એમ કહીને ઉંધીવાળેલી વાટકીને શિવલીંગ સમજી પૂજા કરી. તેથી કરી વાટકી વેળુમાં મજબૂત થઇને ખરેખર શિવલીંગજ થઇ રહી. તે દિવસથી તે લીંગ **વટેશ્વર** નામે કહેવાયું અને તે ચાંગદેવ તરફથી શિવલીંગ થયા. તેથી તે લોકોમાં **ચાંગાવટેશ્વર** નામે પ્રસિદ્ધ થયેલા છે. જ્ઞાનેશ્વરી ગ્રંથ આશરે ૬૦૦ વર્ષ ઉપર થયો કહેવાય છે. તે પહેલાં ચાંગદેવ ૧૪૦૦ વર્ષ પર થયાથી તે વિક્રમ શક પહેલાં ઉત્પન્ન થયેલા હોવા જોઇએ. એ રીતે જોતાં તેને થઇ ગયા ને આશરે ૨૦૦૦ બે હજાર વર્ષ થયાં એવું સિદ્ધ થાય છે. કહે છે કે ચાંગાકેશવ એના રૂપાંતર રૂપ હતા.

હાજરજવાબીવીરપુરૂષ.

બીરબલ—વીરબલ.

આ પ્રસિદ્ધ પ્રતાપી પુરૂષ જાતે નાગર બ્રાહ્મણ હતો એવું એક ફારસી કિતાબમાં અને ગૂજરાત શાળા પત્રમાં લખેલું છે. પ્રૉફેસર એમ. એચ. વિલ્સન અને અકબર ચરિત્ર કર્તાએ બ્રહ્મ ભાટ કહ્યો છે તથા એક ગ્રંથમાં માત્ર બ્રાહ્મણજ કહ્યો છે. એ વિષે વિશેષ ખાત્રી કરવાનો અવકાશ મળ્યો નથી; તોપણ કેટલીક રીતે જોતાં એ બ્રાહ્મણ હતો એ નિશ્ચય થાય છે. એનું મૂળ નામ તો શિવદાસ હતું. તે કુળવાન પણ ગરીબ ઘરનો હતો. તે રૂપાળો, ચતુર અને મહાબુદ્ધિવાન હતો. વેદ, શાસ્ત્ર, કળા કૌશલ્ય અને તે સમયમાં મુત્સદ્દીને લાયકની હિંદી, ફારસી તથા સંસ્કૃત ભાષાની

જે કેળવણી ગણાતી, તે બધી તેણે લીધી હતી. ભૂલશો નહિ કે તે વેળા જેવો આપણો દેશ હતો, જેવા કારભારીઓ હતા, તેવી કેળવણી પણ હતી. હાલ પણ જૂના કારભારીઓમાં કોઇ કોઇ સ્થળે આવી ઉચી કેળવણીની છાયા દીઠામાં આવે છે, ત્રણસો ચારસો વર્ષ ઉપર તો કોઈ પણ માણસ રાજદરબારમાં પેસવાની હિંમત રાખતો, તેને પેહેલાં હિંદી, ફારસી અને સંસ્કૃત ભાષા સારી પેઠે ભણવાની જરૂર પડતી હતી. થોડું ઘણું કેવન પણ સર્વ કરી જાણતા હતા. શિવદાસ—બીરબલમાં આ સર્વ સદ્‌ગુણ હતા, તે સાથે એ એવો તો હાજરજવાબી અને ખબરદાર હતો કે સર્વનાં મન હરણ કરવાની એનામાં અપૂર્વ શક્તિ હતી. તેમ એ કવિતા પણ સારી કરી જાણતો હતો. એને અર્વાચીનનો કાળીદાસ કહીએ તોપણ ખોટું નથી. અકબર બાદશાહ એ નિત્ય કબિરાય કહેતો હતો. હાલ લોકમાં એના ચાતુર્યની કહાણીઓ ઘણી ફેલાઇ ગઇ છે. કોઈ તો એને લવા નામથી ઓળખે છે. એની કવિ રીતિની કીર્ત્તિ કાંઇક અંધારામાં પડી છે ખરી, તો પણ ફારસી ગ્રંથોમાં એના ટુચકાઓ માલમ પડે છે. એ સંસ્કૃત, હિંદી અને વ્રજ ભાષામાં પણ એજ રીતે પ્રસંગોપાત કવિતા બોલતો હતો. હિંદી કવિતા રચવામાં બીજા સર્વ કવિઓથી ચડીઆતો ગણાતો હતો. એમનો અને અકબર બાદશાહનો પ્રથમ શી રીતે મેળાપ થયો, તેની ટુંક હકીકત બીરબલ નામથીજ લખી છે—તે આ પ્રમાણે છે:—શિવદાસ નામે બ્રાહ્મણ સંપૂર્ણ વિદ્યાભ્યાસ કરી નોકરીની આશાએ દિલ્લીમાં આવ્યો. અકબર બાદશાહ કવિઓ અને વિદ્વાનોનો પોષિંદો છે એવું તેણે સાંભળ્યું હતું. દિલ્લીના દરવાજામાં પેસતાંજ એના મનમાં એવું આવ્યું કે, હું કઇ ઘડીએ બાદશાહની કચેરીમાં જાઉં અને મારી વિદ્વતા તથા કવિત્વ શક્તિ બતાવી માનતો થાઉં. એ હોંસમાંને હોંસમાં તે એક ધર્મશાળામાં આવી ઉતર્યો, સવારે ઉઠ્યો તો દિલ્લીવાળાના ફક્કડ પોશાક જોઈ છક થઇ ગયો. તેથી એના મનમાં એવું આવ્યું કે જો હું આ મારા ગામડીઆ લુગડે દરબારમાં જઇશ, તો મને ધક્કા મારી કાઢી મૂકશે એમ ધારી ખર્ચીમાં માત્ર પાંચ રૂપિઆ હતા, તેમાંથી ધોબીને એક રૂપિઓ આપી એવો ઠરાવ કર્યો કે, તારે મને ત્રણ દિવસ સુધી તાજાં કડકડતાં કપડાં પહેરવા આપવાં હું કચેરીમાં જઇ આવ્યા પછી તને પાછાં આપીશ. એ રીતે ઠરાવ કરી કપડાં પહેરી ખાઇ પીને શેહેર જોવા નીકળ્યો. ફરતાં ફરતાં થાકી ગયો, પણ શહેરનો પાર આવ્યો નહિ. કોઇ મોટું મકાન જોઈ મનમાં તર્ક કરતો કે આ બાદશાહનો મહેલ હશે, પણ તપાસ કરતાં માલમ પડે કે આતો કોઈ સાધારણ વેપારી કે મુત્સદીનું ઘર છે. કોઇ ઠાઠ ભર્યો

રસાલો દેખે કે આ બાદશાહની સ્વારી હશે, પણ પૂછતાં તેને કોઇ દિલ્હીમાં ઓળખતું પણ નથી એવો અપ્રસિદ્ધ નીકળે. એમ ફરતાં ફરતાં સાંજ પડી પણ બાદશાહની કચેરીનો તો કાંઇ પતો લાગ્યો નહિ. તેથી પાછો વળી ઉતારે આવ્યો. થાકીને લોથ જેવો થઇ સાદડીમાં સૂઈ રહ્યો. બીજે દિવસે ઘણી મહેનત કરી બાદશાહની કચેરીનો પતો મેળવ્યો, ત્યાં જવાની ગલીએ ગલીઓ ઓળખી રાખી. રાત્રે વિદ્વાન મંડળ ભેગું થાય છે તેની દરવાન પાસેથી બાતમી મેળવીને બપોરે ઉતારે આવ્યો. હર્ષમાં મિષ્ટાન્ન ઉડાવ્યાં, નિરાંતે બે ઘડી સૂઇ રહ્યો, પાછલે પહોરે ઉઠી મોં ધોયું, કસુંબી ફેંટો બાંધ્યો, કડકડતાં નવરંગી કપડાં પહેર્યાં, કંકુનો ચાંલ્લો કર્યો, અને દર્પણમાં મુખ જોઈ હર્ષમાં ધર્મશાળામાંથી બહાર નીકળ્યો. ચાલતાં ચાલતાં રાજ મહેલ આગળ આવી પહોંચ્યો. ત્યાં એક અણધાર્યું વિઘ્ન આવી નડ્યું, જે દરવાને એને બાતમી આપી હતી અને જે એની બોલવાની છટાથી મોહિત થયો હતો, તેજ દરવાન પોતાની દસ્તુરી, પાનસોપરી કે ચોરી મોરી કહો, તે લીધા વિના નવા ઉમેદવારને દાખલ કરે એવો કાચો નહોતો. આવનાર માણસ ગમે તેવો હોય અને ગમે તેટલો આતુર હોય તોપણ પોતાના હાથ પૂજ્યા વિના કોઇને બાદશાહની રૂબરૂ જવા દેતો નહિ. બીરબલની વ્યવહાર બુદ્ધિ જન્મથીજ અસાધારણ હતી, તે પોતાની ગણત્રીમાં આ વાત ભૂલી ગયો નહોતો, પણ બાદશાહના દ્વારપાળને આપવા જેવું એની પાસે કાંઈ નહોતું. દરવાન તો રોકડીઓ હતો, તેમ કાંઇ થોડે ઘણે તેનું મોં ભરાય તેમ નહોતું. એને બસેં ત્રણસેં મોહોરો તો કંઇ વિસાતમાં નહોતી. પણ આ બીરબલને છેવટ સો મોહોરે જવા દેવાને તેણે કબૂલ કર્યું હતું, પણ એટલીએ લાવે ક્યાંથી ? અહીં તો શું પણ ઘેર જાય તોપણ સો રૂપિઆએ મળે તેમ નહોતું; તો સો મોહોર ક્યાંથી લાવી આપે ? બીરબલે બહુ બહુ યુક્તિઓ કરી, કાલાવાલા કર્યાં અને બહુએ આડાઅવળા પાસા નાખ્યા પણ તેથી એ દરવાન જરા પણ ડગ્યો નહિ. છેવટ બીરબલે કહ્યું કે, મને અંદર જવા નહિ દેતો ખેર, પણ આ કાગળ ઉપરનો દુહો છે તે બાદશાહને પહોંચાડી આવ. આ સાંભળી દરવાન તો છેક રાતો પીળો થઈ ગયો અને તે કાગળ હાથમાંથી ઝુંટી લઇ ચાર કકડા કરી પાસેના હોજમાં ફેંકી દીધા અને એક ધક્કે મારી દૂર કાઢી મૂક્યો. બીરબલે બહુએ પોકાર કર્યો, પણ તુતીનો સાદ કોણ સાંભળે ? અંતે નિરાશ થઇ ત્યાંથી ઉતારે આવ્યો. બીરબલની સઘળી આશાઓ દરવાનના આવા જુલમથી પડી ભાગી. જ્યાં બાદશાહની સન્મુખ જઇ શકાતું નથી, ત્યાં પછી પોતાની વિદ્વતા અને કવિત્વશક્તિ શા કામની ! દિ-

ટીમાં સો વર્ષ કાઢે તોપણ દરવાન પોતાની દસ્તુરી લીધા વગર અંદર દાખલ કરે એમ નહોતું. ત્યારે શું બિક્ષા માગતાંજ ઘેર જવું ? શું રાજ દરબારમાં જવાનો સોભાગ્ય છોડી દેવો ? શું બીજાઓની પેઠે પ્રથમ કોઈ હલકા મુત્સદ્દીનો આશ્રય પકડવો ? અને પછી નશીબ ઉપર હાથ દઈ બેસવું ? એમ કર્યાથી તો પોતાની ઇચ્છેલી ઉમેદ શી રીતે પાર પડે ? વખતે જીંદગી પૂરી થાય તોપણ બાદશાહની હજુરમાં જવુંજ ન બની શકે ! સામાન્ય બુદ્ધિવાળાની નોકરી ઉઠાવવી એના જેવું ભુંડું શું ? એમાં સૌ આબરૂ ? શું હું બીરબલ એથી સંતોષ પામી બેસી રહું ? આવી આવી અનેક કલ્પનાઓ તેને સ્ફુરવા લાગી, પણ કાંઇ સૂઝ પડી નહિ. તેથી ઉદાસીમાં ગરકાવ થઈ ગયો, તોપણ એ ધૈર્યવાન હતો તેથી જીવને કઠણ રાખી થોડીવાર સૂતો, મનમાં અનેક તરંગો ઉઠવા લાગ્યા. તેમાં એક એવો સરસ મુદ્દો સૂઝ્યો કે તેથી તેને રૂએ રૂએ હર્ષ વ્યાપી ગયો અને તેમાં હું ફતેહ પામીશ એવો નિશ્ચય કરી નિરાંતે નિદ્રા લીધી.

રાજ્યમાં જ્યાં સુધી ઇનસાફનાં દ્વાર ખુલ્લાં હોય છે, ત્યાં સુધી તો કોઇને પણ કાંઇ પોકાર ઉઠાવવાનું અસરકારક કારણ મળતું નથી, પણ જ્યારે અદાલતને દરવાજે પણ રૂસ્વતખોર દરવાનનો હાથ અડકે છે ત્યારે ઘણીજ ખરાબીઓ થાય છે. એમ ન થાય તે માટે આ ભરતખંડમાં જે મોટા મોટા રાજાઓ થઇ ગયા છે તે આવી બાબતો વિષે ઘણીજ કાળજી રાખતા હતા. લોકોપર પડતા જૂલમ જાણવા અને રંકમાં રંકની ફરિયાદ પણ પોતાને કાને આવે તે માટે અનેક યુક્તિઓ કરતા હતા. કોઇ વેશ બદલી નગરચર્ચા જોવાને નીકળતા, કોઈ ખાનગી બાતમીદારો રાખતા, કોઇ મહેલનીચે પ્રજાને ફરિયાદ કરવા સારૂ ઘંટજ ટીંગાડતા અને કોઇ ઇનસાફની કોર્ટનાં દ્વાર અહોનિશ વગર દરવાને ખુલ્લાંજ રાખતા હતા. તેમાં અકબર બાદશાહે એવો નિયમ રાખ્યો હતો કે;—નિત્ય સવારમાં ઉઠી નાહીધોઇ નિર્મળ વસ્ત્ર પહેરીને બે કલાક રાજ મહેલને ઝરૂખે બેસતા. ત્યાં કોઇ પોકાર કરતું આવે તેની ફરિયાદ સાંભળતા. એ ઝરૂખા નીચે રાજમાર્ગ હતો, ગાડી ઘોડાને એ માર્ગે જવાની મના હતી. માત્ર એ માર્ગે મનુષ્યોનેજ જવાની છૂટ હતી, વચમાં નેકીદારો સોનાની છડીઓ લઇ ઉભા રહેતા હતા. તે સર્વેને પોકારી કહેતા હતા કે;—"**અકબરશાહ ધર્માસનપર બિરાજમાન હુવે હૈ ! જિસકો કુચ્છ ફરિયાદ હોવે ઉસકો વહાં બુલાતે હૈ. શાહ વ શાહુકાર, વજીર વા દિવાન, નવાબ વા સુબા, અમીર વા ઉમરાવ, કિસીકાભી જુલમ હોવે, તો નિડર હોકે આઓ ઔર કહો, અદલકે કોર્ટમેં સબી સમાન**

છે" આ રાજમાર્ગને છેડે ચોકીઓ હતી, ત્યાં વાજીંત્રોમાં એવાજ અર્થના બોલ ગવાતા. તે સાંભળી આખા શહેરમાં ચોકીએ ચોકીએ એવી ગર્જના થઇ રહેતી. તેથી સર્વ પ્રજાને ખબર પડતી કે અકબરશાહ ઇનસાફની ગાદીએ બિરાજમાન થયા છે. એપરથી જે લોકોને ફરીયાદ કરવી હોય તે મહેલના ઝરૂખા નીચે જઇને અગાઉથી બેસતા અને **ફરિયાદ! ફરિયાદ! ફરિયાદ!** એમ પોકાર કરતા કે તરત બાદશાહ તેમને પોતાની પાસે બોલાવતો. કોઇ પણ એ માર્ગે આવનારને અટકાવી શકતું નહિ; કેમકે ઝરૂખાપરથી બાદશાહની અધ અધ ગાઉ સુધી દૃષ્ટિ પડતી, એવો એ માર્ગ સીધો હતો. બાદશાહની પણ એવી સખ્તાઇ હતી કે એ માર્ગે આવનારને કોઇ અટકાવી શકવાને હિંમત કરી શકતું નહિ. એ વખતે સર્વ કોઇને મોટા મોટા અધિકારીઓ ઉપર પણ ફરિયાદ કરવાની છુટ હતી. એટલુંજ નહિ પણ પોતાથી પણ જાણે અજાણે કાંઈ અન્યાય થઈ ગયો હોય, તો તે વિષે પણ ફરિયાદ કરવાની છુટ હતી. ઇનસાફ કરવામાં પોતાના સગા પુત્રની પણ પક્ષ કરતો નહિ. સઘળી હકીકત પોતેજ સાંભળતો, પોતેજ તપાસ કરતો અને પોતેજ એક ઘડીમાં ઇનસાફ આપતો. એ વખતે કોઈ પણ મહેતા, મુત્સદ્દીને પાસે રાખતો નહિ. તેમ ફરિયાદીને ધીરજ અને નમ્રતાથી પુત્રની માફક પ્રેમ બતાવી પૂછતો, કોઈને ગભરાવાનું કારણ આપતો નહિ. કોઈ પણ કામદાર ઉપર ફરિયાદ આવી કે તેને તરતજ ત્યાં પકડી મંગાવતો અને ગુનેગાર જણાય કે, તેને ત્યાંજ ઘટતી સજાએ પહોંચાડતો. આ ખરેખર અકબરબાદશાહની એપેલેટકોર્ટ હતી એમ કહીએ તોપણ ચાલે. માત્ર એટલો ફેરફાર કે ત્યાં અપીલ કરવામાં કોડીનો ખર્ચ પણ થતો નહિ, જુલમગાર નીચલા અધિકારીઓની મારફતે ફિરીયાદ લાવવી પડતી નહિ અને ઇનસાફ તાત્કાળિક અને અસરકારક મળતો એવા ઈનસાફથી સત્રળા અમલદારો પાંસરાદોર થઈ ગયા હતા. કોઈ પ્રજાપર જુલમ ગુજારી શકતું નહિ. આરિવાજ મુજબ એક દિવસે બાદશાહ પોતાના રાજમહેલના ઝરૂખામાં બેઠો હતો, વાજીંત્રોના મધુર સ્વર રાહદારીના કાનને અમૃતપાન કરાવતા હતા. તેથી રાહદારીઓ જાણે સ્વર્ગ સુખ અનુભવતા હતા. એવામાં સર્વાંગ ભસ્મ લગાવી, એક લંગોટી વાળી, ખાંધે એક ફુટેલું તુંબડું અને સોથી વધારે થીગડાં વાળી ગોદડી લટકાવી, હાથમાં ત્રિશૂલ, કપાળમાં સિંદૂરનું તિલક અને આંખો ફાટેલી ભયંકર એવા જોગી વેશે બીરબલ ફરિયાદીને ઓટલે ચડી "फिरयादहे! फिरयादहे! फिरयादहे! फिरयादहे!" એવા શબ્દો લલકારી ઉભો રહ્યો. એ સાંભળી બાદશાહે તરત તેને ઉપર બોલાવ્યો. બા-

દશાહે તેને જોઇ જાણ્યું કે આ કોઈ વિલક્ષણ પુરૂષ છે. ફકીર કે વેરાગીનું આવું બોલવું હોય નહિ. તેથી બાદશાહે પૂછયું કે;—તમે કોણછો ? અને તમારાપર સો જૂલમ ગુજર્યો છે ? કે આવી રીતે ફકીરી લેવી પડી. જવાબમાં તેણે દુહો કહ્યો કે;—

પાયા હીરા લાખકા આયા બેચન કાજ;
છિના લિયા છકડ લગા ઝૌરી દગાહિબાજ.

આ સાંભળતાંજ બાદશાહ ગુસ્સે થયો કે કોની તાગાદ છે કે મારા રાજમાં આવો જૂલમ કરી શકે? એ ઝવેરીનું નામ દે. હમણા હું એને સજાએ પહોંચાડુંછું. એ પછી તેણે કેટલાક દુહા કહી એના અર્થની એવી ખૂબી વાપરી કે તે સાંભળી બાદશાહ અજાયબ થઇ ગયો. તેમાંજ દરવાને ધક્કો મારી હીરારૂપી જે દુહો તે ફાડી ફેંકી દીધાની વાત અંતે ફૂટી આવી. દરવાનનો ઘડો લાડવો કર્યો. અનીતિનાં મૂળ ઉખેડી નાંખ્યાં. બીરબલની અલૌકિક વિદ્વતા અને ચતુરાઈ તથા હાજર જવાબી જોઇ બાદશાહ છક થઈ ગયો. તેની કવિત્વ ચાતુર્ય જોઈ અતિ પ્રસન્ન થઇને તેને અમૂલ્ય શીરપાવ આપ્યો અને નિત્ય પોતાની પાસે કચેરીમાં આવવાની પરવાનગી મળી. ઇત્યાદિ, ઈત્યાદિ પ્રકારથી બીરબલના ગ્રહ ચડી આવ્યા. વિદ્વાનોની સભામાં એ એક તેજસ્વી તારાની પેઠે ચળકવા લાગ્યો. તેમની વિનોદવાણી, હાજરજવાબી અને બુદ્ધિ ચાતુર્ય જોઇને સૌ છક થઇ જતા. સર્વ કવિઓથી એ ચડીઆતો હતો. તેથી તેને પોતાની હજુરમાં રાખી બાદશાહ બહુ માન આપતો અને તેને **કવિરાય**નો ઇલ્કાબ આપ્યો હતો. બીરબલ કવિતા રચવામાં અને મહા પુરૂષોનાં ચરિત્ર વર્ણવવામાં જેમ એક્કો હતો, તેમ મહા બુદ્ધિવાન હોઇને રાજકાજમાં ચતુર અને યુદ્ધમાં પણ શૂરો હતો. તેના ગુણ અને તેની સેવાથી ખુશી થઈ અકબરે તેને **રાજા વીરબળ—બીરબલ** એવો માનવંતો ખિતાબ આપ્યો. વીરબલ કહેતાં બીરબળ, વીર એટલે મોટા યોદ્ધા જેનામાં મોટા યોદ્ધા જેટલું બળ છે એવો રાજા. ત્યારથી એ **બીરબલ** નામે પ્રસિદ્ધ થયો. બાદશાહે તેને એ ખિતાબની સાથે **નગરકોટની** જાગીર પણ આપી હતી. આગળ જતાં એ બાદશાહનો પરમમિત્ર થઇને પ્રધાનપદપર આવ્યો હતો. અકબર વિષેની વાર્તાઓમાં બીરબલ અતિપ્રખ્યાત છે. તેની હાજર જવાબીની, ચતુરાઇની, બુદ્ધિબળની અને હુશિઆરીની અનેક વાર્તાઓ લોકોમાં કહેવાય છે. અકબર બાદશાહને આવા જ્ઞાની પુરૂષનો સંગ થવાથી તેનું મન અતિ વિસ્તાર પામ્યું હતું. તેના મનપર અસર કરનાર હિંદુઓમાં બીરબલ મુખ્ય હતો અને મુસલમાનોમાં ફૈજી હતો. અકબર બાદશાહ પોતાના પરમ મિત્ર બીરબલના સમજાવ્યાથી સૂર્યોપાસક થયો હતો અને જલાલી નવરો-

જે દિવસે સૂર્યની પૂજા કરતો હતો તથા એ દિવસે બાદશાહ પાઠ ઓચ્છવ કરતો હતો એટલુંજ નહિ પણ એના સંગથી બાદશાહમાં ન્યાય, નીતિ, સત્યધર્મપર પ્રીતિ આદિ સદ્ગુણોનો વધારો થઈ એક મહાન્ ચક્રવર્તી બાદશાહ ગણાયો. બીરબલનાજ પ્રયત્નથી બાદશાહે અનેક ધર્મનું સંશોધન કરી હિંદુઓનો ધર્મ સત્ય છે એવું કબૂલ કર્યું હતું અને તેથી બાદશાહ હિંદુધર્મ અને ગાય વગેરેને માન આપતો હતો તથા હિંદુ, મુસલમાનને સરખા ગણી સરખા અધિકાર આપતો હતો. ઈત્યાદિથી પ્રજા સુખી થઈ હતી, એ સર્વમાં મુખ્ય બીરબલનોજ પ્રતાપ હતો એમ કહીએ તો ખોટું નથી. રાજ્યકાર્ય આદિમાં બીરબલે ઘણાં કાર્ય કર્યાં છે, સેનાપતિ થઇ અનેક લડાઇઓમાં અગ્રેસરપણે ભાગ લીધો છે અને બહાદુરી બતાવી છે એ ઇતિહાસ વાંચનારાઓના જાણવા બહાર નથી. ઈત્યાદિ, છેવટ એ જૈનખાં સાથે રોશનીઆ લોકોને જીતવા સેનાપતિ થઈ ગયો હતો, તેમાં તેને જીતીને આવતાં એક લડાઇ અફગાનો સાથે પર્વતોની સાંકડી ખીણમાં થઇ તેમાં એ ઇ સ. ૧૫૮૫ માં મરણ પામ્યો. એને થઇ ગયાંને આજે ૩૦૯ વર્ષ થયાં. એ રીતે એ પોતાની ગરીબી સ્થિતિમાંથી સ્વપરાક્રમવડે વધતાં વધતાં એક મહાન્ બાદશાહનો માનવંતો મિત્ર અને અગ્રેસર પ્રધાન થયો. એ શું તેના આત્મબળની મહત્તા ઓછી છે? ઘણીજ. વીરબળ તો ખરેખર વીરજ હતો! એવી હિંમત બુદ્ધિબળ અને શૂરવીરતાવાળા નરો આજે પાકવા દુર્લભ છે. એ નરે પોતાના આત્મબળથી એવું અમર નામ રાખ્યું છે કે જે અદ્યાપિ સુધી સર્વત્ર સતેજ છે. ઠેર ઠેર લવા અને બાદશાહની અથવા અકબર અને બીરબલની વાર્તાઓ દષ્ટાંત દ્વારાએ ચર્ચાય છે. જે સાંભળી સર્વ છક થઇ જાય છે. ધન્ય છે એવા પુરૂષના જન્મને!! ભલે તેમણે પૃથ્વીપર જન્મ ધર્યો!!! જન્મ તો એવા પુરૂષનોજ લખે છે. જેણે જન્મ ધરી પૃથ્વીપર કાંઇપણ સત્યકાર્ય કરી નામના ન રાખી, તે તો જેવો પૃથ્વીપર આવ્યો તેવો ગયો અને ચોરાશી લાખ અવતારના ફેરામાં પડયો. એવા પુરૂષો તો પૃથ્વીમાં નકામા એક બોજા જેવાજ સમજવા.

ભદ્ર પુરૂષો! બીરબલ જેવા મહાપુરૂષોના આચરણનું અનુકરણ કરી જીંદગીનું સાર્થક કરો અને સત્ય દષ્ટાંતરૂપ અમર નામના રાખો.

ગાયનકળાના પ્રોફેસર.

તાનસેન.

આ પ્રસિદ્ધ ગવૈયો સંવત ૧૫૮૮માં થયો. એ જાતનો ગૌડ બ્રાહ્મણ

હતો, એના પિતાનું નામ કવિ મકરંદ પાંડે હતું, તેઓ ગ્વાલિયરમાં રહેતા હતા. ઘરનો ઘણોજ ગરીબ હતો. તેથી એ ગાયોનું ઘણ ચારી ગુજરાન કરતો હતો. એક વખતે તાનસેન ઘણ ચારવાને ગયો હતો, જંગલમાં જઇ ઘણ ચરતું મૂકી ઝાડ નીચે સુઈ ગયો. દૈવઇચ્છાથી એવામાં પૃથ્વીપર જતા કોઇ ગંધર્વે તેને દીઠો, એ વખતે તેના મનમાં એવું આવ્યું કે; આ માણસને ગાયન કળામાં નિપુણ કરૂં, એવી દયા લાવી તેણે તરત સાધુને વેષે આવી જાગૃત કર્યો અને કોઈ વૃક્ષનાં પાંદડાં લાવી ખવરાવ્યાં. તેથી તાનસેનનો અવાજ ઘણોજ સુસ્વર થયો, રાગ રાગણીનું જ્ઞાન સ્વભાવિક રીતે ઉત્પન્ન થયું. પછી પ્રથમ શ્રીગોંસાઇસ્વામી હરિદાસ જૂણોકુળસ્થનો શિષ્ય થયો તેની પાસેથી કાવ્ય વિદ્યા સંપૂર્ણ સંપાદન કરી. તે પછી ગ્વાલિયર શહેરમાં શેખ મહંમદગૌસ કરીને સંગીત વિદ્યામાં કુશળ હતો, તેની પાસેથી પણ સંગીતકળા સંપાદન કરી. એ રીતે શીખતાં શીખતાં ગાયન કળામાં મહાપ્રવીણ થયો હતો. એ શેરખાં બાદશાહના પુત્ર દોલતખાંપર ઘણી પ્રીતિ રાખતો હતો. તેથી તેણે તેની ઘણી કવિતા કરી છે. દોલતખાંના મરણ પછી એ ઉજ્યનિના રાજા રામસિંહ વાઘેલાને ત્યાં રહેતો હતો. એની ગાયન કળાની પ્રસિદ્ધિ આખા ભરતખંડમાં થઇ ગઇ હતી. એનું ગાયન સાંભળીને કઠણ કાળજાના મનુષ્યનું મન પણ રંજન થઇ જતું હતું અને તેનાપર સર્વ ફિદા ફિદા થઇ જતા હતા. એનાં વખાણ અકબર બાદશાહના સાંભળવામાં આવ્યાં. તેથી તેણે ઉજ્યનિના રાજા પાસે તેની માગણી કરી માગી લીધો. ત્યારથી એ અકબર બાદશાહ પાસેજ દિલ્હીમાં રહેવા લાગ્યો. એની ગાયન કળાથી બાદશાહ અતિ પ્રસન્ન થયો હતો. તે એવો તો રાગ રાગણીનો ગાના વાળો હતો કે, તે જે રાગ ગાતો તેનું રૂપ તાદૃશ્ય ખડું કરતો. એક વખતે મોટી સભા હતી, ત્યારે તેના મનમાં એવું થયું કે આજે મારી ગાયન વિદ્યાની ખરી પરીક્ષા આપવી. એવા હેતુથી તેણે પ્રથમ દીપક રાગ ઉપાડી જેવો ગાવા લાગ્યો કે, તરતજ દિવા પોતાની મેળે સળગી ઉઠયા અને મહેલમાં રોશની થઈ રહી હતી. પછી તેણે સંપૂર્ણ રાગ રાગણી ગાઇ સંભળાવ્યાં પછી મલ્લાર રાગ ગાઇને વરસાદ વરસાવ્યો હતો એવું કહે છે. આ ચમત્કાર જોઇને બાદશાહ તેનાપર અતિ પ્રસન્ન થયો હતો. એની અતિ પ્રસંશા **આઇનઅકબરી** નામના ગ્રંથમાં ફૈજીએ લખેલી છે, તેમાં લખે છે કે; "એવો ગાવા વાળો કોઈ પણ એ વખતે થયો નથી." તાનસેન અને સુરદાસને બહુ મિત્રચારી હતી. સુરદાસે તાનસેન વિષે કહ્યું છે કે;—

દોહરો.

નિધના યહ જીય જાનિકે શેશ ન દીન્હેકાન

ધરા મેરૂ સબડોલતો તાંનસેનકી તાન. ૧

અહો! આ તેની તારીફ઼ ઓછી નથી. તાનસેનની તાન આજે પ્રસિદ્ધ છે. એ કાવ્ય કરવામાં પણ ઘણોજ પ્રવિણ હતો. એણે પોતાના મિત્ર સુરદાસજીની તારીફ઼માં કહ્યું છે કે;—

દોહા.

કિધૌં સૂરકો સર લગ્યૌ કિધૌં સૂરકી પીર
કિધૌં સૂરકો પદ લગ્યૌ તનમન ધુનત શરીર. ૧

તાનસેનનો બનાવેલો **રાગમાલા** નામે ગ્રંથ છે. તે ઘણોજ સરસછે. ઇત્યાદિ મહાઉત્તમ કાવ્ય ગ્રંથો કરેલા છે. હાલ પણ ગવૈયા લોકોમાં એની એટલી માન્યતા છે કે, તમામ ગવૈયાઓ એનું નામ સાંભળતાંજ એના નામને સલામ કરે છે. આ તેની મહત્તા થોડી ન સમજવી. ગાયન વિદ્યામાં એ એટલો તો પ્રસિદ્ધ થઇ ગયો છે કે તેને લીધે તેનું નામ અદ્યાપિ પર્યંત સતેજ છે. એને થઇ ગયાને આજે ૩૦૦ વર્ષ થયાં છે.

સ્પષ્ટવક્તા.

કવિ—ગંગ.

આ પ્રખ્યાત મહા કવિ એકનૌર જીલ્લે ઇટાવામાં રહેતો હતો. જાતે બ્રહ્મભાટ હતો. બંદીજન—ભાટ લોકો જેમ રાજાઓ પાસે તેમની સ્વારી વખતે સ્તુતિ કરવાને રહેતા. તેમ અકબર બાદશાહ પાસે ગંગ કવિ સંવત ૧૫૯૫ માં હતો. અકબર બાદશાહ સુધી હિંદુરાજાઓના સર્વે જૂના રિવાજે અમલમાં આવતા હતા. એ બાદશાહનો બંદીજન—ભાટ ગણાતો હતો એ એવો તો સ્પષ્ટ વક્તા હતો કે, વખતે ગમે તેવાને પણ પોતાની કાવ્યચતુરાઇમાં બે ધડકપણે સત્ય વચનો કહેતો. તેમાં સામાની અવકૃપા થશે એવી લેશ પણ દરકાર રાખતો નહિ. એ હિંમતવાન, ધાર્મિક અને વિદ્વાન હતો. એને સરસ્વતિ બહુ પ્રસન્ન હતી. એની કાવ્યચતુરાઇ અને વિનોદ વાણીથી સકળ સભાજનો છક થઇ જતા. અકબર બાદશાહની રાજ સભામાં એ પ્રસિદ્ધ કવિ હતો. તેમણે પોતાની કવિત્વ શક્તિથી અકબર બાદશાહની પ્રીતિ મેળવી હતી. તેણે "બમરૂ બમત" એ છપ્પો કર્યો હતો. તે એવો તો ચતુરાઇ ભરેલો હતો કે રાજા વીરબળે તેને એક લાખ રૂપિઆ ઇનામમાં આપ્યા હતા. એ પ્રકારે અકબર, જહાંગીર, વીરબળ—બીરબલ, ખાનખાના, માનસિંહ ઇત્યાદિ સભાજનો તેમને ઘણું દાન અને માન આપતા હતા. એક વખતે બાદશાહ રાત્રે પોતાના રાજ મહેલમાં હતો ત્યાં રાણી આવી ઉભી રહી. તેના મોવા-

ળાની એકલટ તેના સ્તન ઉપર પડેલી હતી. તે લટ રંગે કાળી અને રાણી ગૌરવર્ણું હતી. તેથી તેનું રૂપ અતિખુબ સુરત દિસતું હતું–એ જોઇ બાદશાહ ઘણો આનંદ થયો. તે આનંદના તરંગમાં તેના મુખથી **"શંભુ કે પુજન નાગણુ આઇ"** એમાં શિવલીંગને ઠેકાણે સ્તન, તેનું પૂજન કરવા નાગણુ—ચોટલાની કાળીલટ આવી હોય! એવા અક્ષર નીકળ્યા.

બાદશાહ બીજે દિવસે કચેરીમાં આવ્યો. ત્યારે તેણે રાત્રે મુખમાંથી નીકળેલું વાક્ય બોલી રાજા બીરબલ સામે જોયું. બીરબલે ગંગભાટ સામે ઉભો હતો તેને ઉત્તર દેવાની સૂચના કરી; ત્યારે તેણે આ કવિત કહ્યું કે;—

શ્રીપતકે મન રંજન કારન રાધિકને ભુંગાર બનાયો,
હેમર ભૂખન અંબર કાનન કંઠ વિખે મુકતાફલ છાયો;
શીસછુટી લર આનપરી અરૂવાંહી લગી કુચસોં લપટાયી,
કહેનર ગંગ સુનશાઅકબ્બર શંભુકે પુજન નાગન આયી.

કૃષ્ણભગવાનનું મન સંતુષ્ટ રાખવા માટે રાધાજીએ શૃંગાર કર્યો. તે એવી રીતે કે, કાન અને કંઠ આદિમાં સોના તથા મોતીના અલંકારો પહેર્યા. અને ઉત્તમ વસ્ત્ર પહેરતી વખતે મસ્તકપરના વાળની લટ છુટીને સ્તનને લપેટાઇ. એજ જાણે નાગણુ શિવ પૂજવાને કેમ આવી ન હોય! એવું દિસતું હતું. એ પ્રમાણે રાધાજીના વર્ણનથી બાદશાહને ઉત્તર આપ્યો. પણ તેને તે વિપરીત લાગ્યું. તેથી ગંગ કવિને કિલ્લામાં કેદ કરવાનો હુકમ કર્યો!

આ ઉત્તર આપવામાં ગંગે બાદશાહને રીસ ચડે એવું કાંઇ કહ્યું નહોતું તોપણ તેની મરજી કઠ્ઠા થએલી જોઇ ગંગકવિ આશ્ચર્ય પામ્યો, આ વખતે બાદશાહે મને કેદખાનામાં નાખવાનો હુકમ કર્યો, એ તેણે અવિચાર કર્યો છે, એમ જાણી એ વખતે તેણે બીજું કવિત કહ્યુ કે;—

જહાં ગંગ તરંગ પ્રવાહ ચલે તહાં કૂપકોં નીર પિયો ન પિયો,
જહાંકે હદે ભગવાન બસે તહાં ઔરકોં નામ લિયો ન લિયો;
કર્મસુજોગ સુપાત્ર મિલે કુપાત્રકું દાન દિયો ન દિયો,
કહેનર ગંગ સુન શાહ અકબ્બર ગવાંરસે સ્નેહ કિયો ન કિયો.

ભાવાર્થ—જ્યાં ગંગાજળનો પ્રવાહ ભરપુર વહે છે, ત્યાં કુવાનું પાણી પીવું એ ન પીવા જેવું વ્યર્થ છે, જેના અંતઃકરણમાં ભગવાન પ્રગટ છે તેણે બીજાનું નામ લેવું એ ન લેવા જેવું વ્યર્થ છે. નશીબયોગે સુપાત્ર મળે તો કુપાત્રને દાન દેવું એ ન દીધા જેવું વ્યર્થ છે. હે અકબ્બરશાહ સાંભળ! એ મુજબ મુર્ખની સાથે સ્નેહ કર્યો એ ન કર્યા જેવો વ્યર્થ છે. એટલું બોલી બાદશાહ તથા સર્વ કચેરીની રજા લઇ જતી વખતે રામ રામ કરતાં બોલ્યો કે;—

કભી ન ગાંડું રણુ ચઢે કભી ન બાજે ચંગ;
સકલ સભાકો રામ રામ બિદા હોત કવિ ગંગ. ૧

એ રીતે બેધડક બોલી રામ રામ કરી ત્યાંથી બાદશાહના હુકમ મુજબ કિલ્લા ઉપર ગયો. આ ઉપરથી સમજાય છે કે ગંગ કવિ મોટો સ્પષ્ટ વક્તા હતો. એક વખતે એના પુત્ર સમન ભાટે બાદશાહને ખુશ કરી પોતાના પિતા ગંગ કવિને કેદમાંથી મુક્ત કરાવ્યો હતો. ગંગ કવિની કવિતા ઘણીજ રસમય અને લોક પ્રિય છે. જેને લીધે એની કીર્ત્તિ અદ્યાપિ પર્યંત સતેજ છે. વાહ! ગંગતો ગંગજ !!!

માનભાવમતપ્રવર્ત્તક.

કૃષ્ણભટ્ટજોષિ.

આ પુરૂષ રાક્ષસ ભુવનની પૂર્વે શેંબે ગામના વતનદાર ગોપાળ પંત-કુળકરણીનો પુત્ર. એને વૈતાળની અતિશય ભક્તિ હતી, તેનો એને સાક્ષાત્કાર હતો. એક વખતે તેણે તેની પ્રાર્થના કરી તે ઉપરથી વૈતાળે પ્રસન્ન થઇ કહ્યું કે તારે ઇચ્છા હોય તે માગ. એપરથી તેણે માગ્યું કે હું કૃષ્ણ સરખો દેખાઉં. એપરથી વૈતાળે તેને મુગટ આપી કહ્યું કે, આ મુગટ તારા મસ્તકપર હશે ત્યાં સુધી તું કૃષ્ણ ચતુર્ભુજ જેવો દેખાઇશ, પણ મુગટ ઉતાર્યા પછી મૂળ સ્વરૂપે જણાઇશ. એટલું કહી વૈતાળ અદૃશ્ય થયો. પછી તેણે પોતાનું કુળકરણીપણાનું તથા જોશીનું કામ એકમિત્રને સ્વાધિન કરી દીધું અને ધીરે ધીરે કૃષ્ણ સ્વરૂપે લોકોને દર્શન આપવા લાગ્યો. એ વાત ચોતરફ પ્રસિદ્ધ થવાથી ગામ, પરગામના લોકો તેનાં દર્શને આવવા લાગ્યા અને સ્ત્રી પુરૂષો અનુગ્રહ લઇ સેવક થયાં, પણ એમાં એ વૈતાળના વચનથી વિરૂદ્ધપણે સ્ત્રી સંભોગની ઇચ્છાએ રાસક્રિડાના ઠાઠમાઠ કરવા લાગ્યો. દ્રવ્યાદિ સમૃદ્ધિ પણ ઘણી સંપાદન કરી. ધીરે ધીરે એની પાસે અનુગ્રહ લેવા માટે ઘણાં સ્ત્રી પુરૂષોની ભીડ થવા લાગી. એનું પ્રકરણ પૈઠણ શેહેરમાં પણ પેઠું. આ વાત હેમાદ્રીપંત સાંભળી ઘણોજ આશ્ચર્ય પામ્યો. હેમાદ્રીપંતને ગણેશનું ઇષ્ટ હતું. તેની તેણે પ્રાર્થના કરી ઉપરની સર્વે વાતથી વાકેફ થયો. એ સાંભળી તેને ઘણો ક્રોધ ચડયો અને એક કારકુનને શેંબેગામમાંથી તેને પૈઠણમાં બોલાવી લાવવા મોકલ્યો. કારકુન ઘણો ચતુર હતો. તેણે ત્યાં જઇને નમ્રતાથી બહુ પ્રાર્થના કરી યુક્તિથી તેને પૈઠણમાં બોલાવી લાવ્યો અને હેમાદ્રીપંતની મુલાકાત કરાવી. હેમાદ્રીપંતે તેનું કૃષ્ણ સ્વરૂપ જોઇને બહુ આદર સત્કાર કર્યો. સ્નાન અને ભોજનાદિ આજે પો-

તાને ત્યાં કરવાનો આગ્રહ કર્યો, પણ કૃષ્ણભટ્ટે તે માન્યું નહિ; કારણ માથા ઉપરનો મુગટ નાહાતાં કાઢવો પડે અને કહાડતાં પોતાનું પોકળ વર્તાઇ જાય એ બીક હતી. છેવટ હા, ના, કરતાં કરતાં હેમાદ્રીપંતના નેત્રસંકેતથી કારકુને એકાએક તેના માથાપરનો મુગટ ઉપાડી લીધો. ત્યારે કૃષ્ણભટ્ટ મુળસ્વરૂપે થઇ રહ્યો. એ જોતાંજ હેમાદ્રીપંતે તેને કેદમાં નાખ્યો. પછી જે સ્ત્રી પુરૂષો તેના અનુગ્રહી હતા તે સર્વને પૈઠણમાં પકડી મંગાવ્યા. આ સર્વને મારવું યોગ્ય નહિ ધારતાં પોતાના કારકુનને આજ્ઞા કરી કે, કૃષ્ણભટ્ટ અને તેના અનુયાયી સર્વ સ્ત્રી પુરૂષોનાં માથામાં પટા મુંડાવી સર્વેને કાળાં વસ્ત્ર પહેરાવી હદપાર કર્યા. (પ્રાચીનકાળમાં કાળું વસ્ત્ર અપમાનનું ચિન્હ સમજતા હતા.) એજ હાલ સાંપ્રતકાળમાં **માનભાવનોપંથ છે.**

માનભાવ પંથવાળાને પૂછતાં તેઓ કહે છે કે;—અમો કૃષ્ણના ભાઇ બળરામના સંપ્રદાયી છીએ. બળરામ લીલાં વસ્ત્ર વાપરતા હતા. લીલામ્બર એવું બળરામનું નામ અમરકોશમાં પ્રસિદ્ધ છે એજ ચિન્હ અમારૂં છે. માટે અમારો મત ખરો છે. આ લોકોનો શું મત છે? અને માનભાવનો અર્થ શું થાય છે? એની થોડી હકીકત આ પ્રમાણે છે;—માનભાવ મતવાળા કહે છે કે અમારૂં ખરૂં નામ મહાનુભાવ એટલે મોટા અનુભાવ છે. આ મતની પ્રવૃત્તિ **મહારાષ્ટ્ર** દેશમાં છે. વિશેષે કરીને **વરાડ** જીલ્લામાં ઘણી છે. આ મતના મુખ્યને **મહંત** કહે છે. એ મતના મુખ્ય મઠો પાંચ જગ્યોએ છે.—**રૂદ્રપુર, કારંજે, દરિયાપુર, ફલટન** અને **પૈઠણ.** એ સિવાય—**નરમઠ, નારાયણમઠ, ઋષિમઠ, પ્રવરમઠ, પ્રશાંતમઠ** એ પાંચ ઉપમઠ છે. એક મહતના હાથ નીચે ઘણા માનભાવ હોય છે. એક મહંત સમાધિસ્ત થયા પછી એના શિષ્યમાંથી સર્વાનુમતે જે યોગ્ય ઠરે તેને તેની ગાદી ઉપર સ્થાપે છે. મહંતને પાલખી, ચમર, છડી, શીક્કા, વગેરે રાજ્ય ચિન્હ હોય છે. એ પંથમાં ગૃહસ્થાશ્રમ અને સન્યાસાશ્રમ એ બે આશ્રમ છે. સન્યાસાશ્રમ માંહેલાં સ્ત્રી પુરૂષોને માથે વાળ હોતા નથી. તોપણ તેઓને લગ્ન કરવાની ઇચ્છા હોય તો માંહોમાંહે કરવાનો પ્રતિબંધ નથી. ગૃહસ્થાશ્રમ માંહેલાં સ્ત્રી પુરૂષોને માથેથી વાળ ઉતરાવવાની જરૂર નથી. કાળાં વસ્ત્રને બદલે ધોળાં વસ્ત્રને એક કાળું થીગડું નિશાની માટે દેવું પડે છે.

આ પંથનો મુખ્ય આચાર્ય કૃષ્ણભટ્ટ હતો. માટે તેનેજ કૃષ્ણ સમજીને તેની મૂર્ત્તિની ઉપાસના માન ભાવ કરે છે અને તેણે કરેલા ગ્રંથનું નામ **કૃષ્ણચરિતામૃત** છે, તેને તેઓ માને છે. આ સિવાય એ લોકો **ગુરૂદત્તાત્રેય**ને પણ ભજે છે. આ પંથમાં જૈન લોકોની પેઠે જીવહિંસા કરવાનો નિષેધ છે.

તમામ દક્ષિણ મહારાષ્ટ્ર અને રજવાડાઓમાં દશેરાને દિવસે ગામમાં પશુ વધ થાય છે, ત્યારે જૈન લોકો ગામ છોડી બહાર જતા નથી. પરંતુ આ લોકો તો એ દિવસે ગામ છોડી વગડામાં વાસ કરે છે એવો એનો નિયમ છે. વળી એ લોકો ભોજનના ઠામમાં જેજે પદાર્થો ભોજન માટે તૈયાર કરેલા હોય તે સર્વ જોઈએ તેટલાજ પીરસી દેછે. જમવા બેઠા પછી બિલકુલ પીરસવા દેતા નથી. તેમજ બીજો નિયમ જમવા બેસતી વખતે કૃષ્ણના નામનો ગજર કરે છે. એ લોકોનો **વિવાહવિધિ** એવો છે કે;—જેનો વિવાહ કરવાનો હોય તેને પોતાને જે માનભાવિણ ઝોળી આવદેલી હોય, તેની ઝોળી ઉપર પોતાની ઝોળી મૂકવી. તે ઝોળી એ માનભાવિણીએ જોયા પછી રહેવા દીધી, તો તે સાથે લગ્નનો નિયમ ઠરી ચૂક્યો. કદાપિ એ માનભાવિણીની ઝોળી ઉપર બીજાએ રાખેલી ઝોળી તેણે રહેવા ન દીધી તો તે સાથે તેણે લગ્ન કરવું નહિ એવો નિયમ ઠર્યો. ઉપર પ્રમાણે લગ્નનો નિયમ ઠર્યા પછી જુદી જુદી નજીક બે પથારી કરવામાં આવે છે. તે પથારીપર વરકન્યા સૂવે છે. પછી મઠના મહંતની સમક્ષ વર એમ બોલે છે કે;—"**શ્રીકૃષ્ણનો ગડબડ ગુંડો આવ્યો.!**" એ સાંભળી વહુ ઉત્તર આપે છે કે;—"**ખુશીથી આવવા દીઓ!**" એમ કહ્યા પછી વર આળોટતો આળોટતો વહુ પાસે જાય છે. એટલે બંનેનો વિવાહ થઇ ચૂક્યો ગણાય છે!! આ ધર્મના લોકો પોતાના ધર્મની વાત બીજા ધર્મવાળાને કહેતા નથી. તે લોકોના પુરાણના ગ્રંથો— **ગીતા, લીલાનીધિ, લીલામૃતસિંધુ, રૂકિમણિસ્વયંવર, બાળલીલા,** અને **ગોપીવિલાસ** વગેરે છે.

આ ગ્રંથની લીપી જુદી સંજ્ઞાની હોય છે. એ નિશાની માનભાવિ દિક્ષા લીધા વગરનાને કહેતા નથી. માનભાવમાં **જ્ઞાનોબા, નિવૃત્તિ, સોપાન, મુક્તાઇ,** એવાં નામ રાખે છે. કેટલાક માનભાવોએ **ગીતિનિબંધ** લખેલા છે. આ ગીતિપ્રબંધ એવું અજવાળું પાડે છે કે પોતાની આંખો ઢાંકી, નાક અને કાન દબાવી જેવું અજવાળું દેખાય છે તેવું અજવાળું પાડે છે. આપરથી સમજાય છે કે આ મતમાં ષટ્મુખી (છ મુખી) મુદ્રા જોવાનું પ્રાધાન્યપણું દેખાય છે. આ મતની પ્રવૃત્તિ શકે ૧૧૨૫ માં હેમાદ્રિપંત પૈઠણમાં ચંદ્રસેન રાજાના કારભારી હતા તે વખતે થએલી છે. આ વાત સત્ય હોય તો આ મતને ઉત્પન્ન થયાં ૬૭૫ વર્ષ થયાં.

પરણામીપંથનાઆચાર્ય.

દેવચંદ્રજી મહારાજ.

આ મહા પુરૂષે પોતાની ગાદી નૌત્તમ પુરી (નવાનગર) માં સ્થાપી. આ પંથને ખીજડા પંથ પણ કહે છે, આજે નવાનગરમાં એના મંદિરની દીવાલ પાસે ખીજડાનું વૃક્ષ છે. તે વિષે કહે છે કે;—આચાર્યના ચમત્કાર થી ખીજડાના દાતણની ચીરમાંથી એ વૃક્ષ થયું છે. તેમજ દિલ્હીના બાદશાહ અલ્લાઉદ્દીને ચમત્કાર બતાવવાનું કહેતાં, તેમણે એક મસીદ ઉપર બેશીને તેને બાદશાહની સમક્ષ લાવી મૂકી હતી. ઇત્યાદિ ચમત્કારોની વાતો કરે છે. એપંથના દેવળમાં મૂર્તિ પૂજા હોતી નથી, પણ મૂર્તિની જગ્યાએ ગ્રંથને રાખી ઇશ્વર રૂપે નમે છે; પૂજા, સેવા પ્રકાર કરી વસ્ત્રાલંકાર ધરાવે છે. વૈષ્ણવોની લીલાને સ્વીકારે છે, પોતાનાં સિદ્ધાંતો સાથે કાંઇક વૈષ્ણવ અને ઇસ્લામી ધર્મનાં મૂળ તત્વોને ગ્રહણ કરેલા કહેવાય છે. એ ઉપરથી જણાય છે કે એ ધર્મના આચાર્યે મુસલમાનોને પણ પોતાના મતમાં લેવાનો પ્રયત્ન કર્યો છે. એ ધર્મના સાધુ, સેવકો તીલક, કંઠી ધારણ કરે છે અને અદ્વૈત બોધપૂર્વક યોગાભ્યાસ આચરતા જણાય છે. આચાર્ય ત્યાગી હોય છે. એ પંથને માનનારા કચ્છ, કાઠિયાવાડ, અને ગૂજરાત વગેરે દેશોમાં છે. આચાર્યની અને તેના ધર્મના મૂળતત્વોની વિશેષ હકીકત શોધવા ઘણો પ્રયત્ન કર્યો પણ મળી શકેલ નથી. હજુ પ્રયત્નમાં છીએ, મળશે તો બીજી આવૃત્તિમાં દાખલ કરવા વિચાર છે.

જૈનધર્માચાર્ય.

હેમચંદ-હેમાચાર્ય.

આ પ્રસિદ્ધ મહાપુરૂષ કાઠિયાવાડના ધંધુકા ગામમાં રહેતો હતો. ચાચિગકરીને મોઢ વાણીઓ ગામમાં શેઠ હતો, તેની સ્ત્રી ચીચી અથવા પાહીનીને પેટે સંવત ૧૧૪૫ ના કારતક શુદ ૧૫ ને દિવસે જન્મ્યો. આ બાળક જીનના જેવોજ જૈનધર્મનો વધારનાર થશે, એવું જોષિઓએ ભવિષ્ય કહ્યું હતું. આનું નામ તેના પિતાએ ચંગદેવ પાડયું. પાંચ વર્ષનો થયો ત્યારે એને ઘેર દેવેંદ્ર નામે જૈનપંડિત પોતાના સર્વ મંડળ સાથે આવ્યા. ચાચિગ શેઠ ઘેર નહોતો, પણ તેની સ્ત્રીએ ઉત્તમ પ્રકારે પરોણા ચાકરી કરી. દેવેંદ્ર ગુરૂ આ પુત્રને જોઇ બોલ્યા કે, આ તારા પુત્રને યતિ-જતી કર. પાહીની આ સાંભળી વિચારમાં પડી; કેમકે પતિ ઘેર નહોતો

અને આ પુરૂષનું વચન કેમ કબૂલ થાય? જો કબૂલ ન કરે તો દેવેંદ્ર ગુરૂ નાખુશ થાય. આ માટે ઘણો વિચાર કરતાં અંતે તેણે પુત્રને યતિ કરવાનો નિશ્ચય જણાવી પુત્રને દેવેંદ્ર ગુરૂને ચરણે નમાવ્યો. ચંગદેવને દિક્ષા આપવાનું પૂછતાં તેણે હા પાડી. પછી દેવેંદ્ર ગુરૂ ચંગદેવને સાથે લઇ તીર્થ યાત્રા કરવાને ગયા. ઘણાં તીર્થ કરીને ગૂજરાતમાં કરણાવતી નગરીમાં આવ્યા. ત્યાં ચંગદેવને ઉદાયનમંત્રિને ઘેર રાખ્યો. ચાચિગ શેઠ ઘેર આવ્યો, ત્યારે જાણવામાં આવ્યું કે પુત્ર ચંગદેવ યતિ થયો. ત્યારે તેણે 'પણ' લીધું કે એને નજરે જોયા પછી ખાવું. ફરતો ફરતો કરણાવતીમાં આવ્યો, ત્યાં દેવેંદ્રસુરીને જોયા. ગુરૂ પાસે ધર્મ કથા સાંભળી ઘણો રાજી થયો, પછી પુત્રને જોઇ ઉદાયન મંત્રિને ઘેર ભોજન કર્યું. ઉદાયને ચંગદેવને એના પિતાના ખોળામાં બેસાડ્યો, ચાચિગને ત્રણ વસ્ત્રને ત્રણ લાખ રૂપિઆ ભેટ મુક્યા. ચાચિગ પ્રસન્ન થઇને બોલ્યો કે, તમે આ રૂપિઆ આપો છો એ તમારી ઉત્તમ પ્રકારની ઉદારતા બતાવે છે. હું તમારો આવો ધાર્મિક ભાવ જોઇનેજ કાંઇ પણ બદલો લીધા વિના આ મારો પુત્ર તમને સોંપુંછું. ઉદાને કહ્યું તમારો પુત્ર ગુરૂને સોંપવાથી ઘણો પ્રતાપી થશે. ચાચિગે દેવેંદ્ર સુરીને સ્વાધિન કર્યો, દેવેંદ્રે ચંગદેવને યતિની દિક્ષા આપી. ઉદાયન મંત્રિએ મોટા ઉત્સવ કરીને ચંગદેવનું નામ **સોમદેવમુની** પાડ્યું. કરણાવતી નગરીમાં કોઇ શેઠીઆએ કોયલાનો ઢગલો કર્યો હતો, તેને સોમદેવે હાથ લગાડવાથી સર્વ સોનું થઇ ગયું કહે છે. આ ઉપરથી તેનું નામ હેમચંદ્ર (હેમ—સોનું) પાડ્યું. સોમદેવ ઉપરથી હેમચંદ્ર શી રીતે નામ પડ્યું, તે બતાવવાને માટે આ વાત જોડી કાઢી હશે એવું જણાય છે. અણહિલપુર પાટણના સોલંકી રાજા સિદ્ધરાજ અને કુમારપાળ રાજા પાસે હેમચંદ્રનું ઘણું ચલણ હતું. કુમારપાળ હેમચંદ્રનો શિષ્ય થવાથી પોતે ઘણી આબરૂ માનતોહતો. હેમચંદ્રની સલાહથીજ કુમારપાળ જૈન ધર્મને ઘણો આશ્રય આપતો હતો. પશુઓ મારવાની અને માંસાહાર કરવાની એમની પ્રજાને મના કરી હતી. ને હરવાલા પ્રાંતમાં પૂર્ણ પતન કરીને. ગામ છે, ત્યાંના ગુનમરપાળ રજપુત રાજાને શકે ૧૦૯૫ માં હેમચંદ્રે જૈન ધર્મમાં. આણ્યો હતો. હેમચંદ્રે દેશમાં જૈન ધર્મની પ્રખ્યાતિ ઘણી વધારી. ધર્મના કામમાં તેની આચાર્યની પદવી છતાં હરેક વિષયમાં તેની સંમત્તિ લેવામાં આવતી હતી. હેમાચાર્ય જૈન ધર્મ વધારવાને ઘણો ખંતીલો હતો, પણ રાજા અને પ્રજામાં બ્રાહ્મણધર્મ ઘણો ઠસી ગયો હતો. માટે એ લાગ આવ્યે નમી પણ જતો હતો. હેમાચાર્યે સંસ્કૃત અને પ્રાકૃત ઘણા ગ્રંથો કરેલા છે. એક વ્યાકરણ, રચેલું છે તેના સૂત્રાધ્યાય

સાત છે. **હેમચંદ્રકોશ, અનેકાર્થનામમાળા, દેશીનામમાળા, સાહિત્ય શાસ્ત્ર, તર્કશાસ્ત્ર, યોગશાસ્ત્ર, ત્રિષષ્ટિશિલાકાપુરૂષચરિત્ર, સિદ્ધહૈમશબ્દાનુંશાસન, અભિધાનચીંતામણિ, પરિશિષ્ટપર્વ, અધ્યાત્મોપનિષદ, છંદોનુશાસન અલંકારચુડામણિ,** ઇત્યાદિ મોટા મોટા ગ્રંથો તેણે કરેલા છે. જૈન ધર્મમાં ઘણા ધર્માચાર્યો થઇ ગયા છે, તેમાં હેમાચાર્ય ખરેખરો પ્રકાશિતતારાજેવો હતો. કુમારપાળ પ્રબંધવગેરે ગ્રંથોમાં હેમાચાર્યની ઘણી વાતો લખેલી છે, પણ તેમાંની કેટલીક નહિ માનવા જેવી વાતો છે. એ શંવત ૧૧૫૫ માં યતિ થયો. સંવત ૧૧૬૬ માં સૂરીપદ-ધારણ કર્યું સંવત ૧૨૨૯ માં ૮૪ વર્ષની ઉમર મરણ પામ્યો. એ રીતે જૈનનાં એ ૭૨૨ વર્ષ ઉપર થઇ ગયો છે.

શેત્રુંજયનીપુનઃપ્રતિષ્ઠાનો પ્રયત્નકરનાર.

જાવડભાવડ.

આ સમર્થ દ્રવ્યવાન વેપારી થઇ ગયો છે. ઋષભદેવનો પુત્ર ભરત રાજા જ્યારે અયોધ્યામાં રાજ્ય કરતા હતા; ત્યારે તેનો સગો શક્તિસિંહ કરીને સોરઠનો અધિકારી હતો. તેણે રાજાના સૈન્યની સહાયતાથી ગીરનાર ઉપરના રાક્ષસોને કહાડી મૂકીને ત્યાં અતિઉંચા શિખરબંધ આદિનાથ અને અરિષ્ઠનેમીનાં દેરાં બાંધ્યાં હતાં. તે પછી શેત્રુંજ્ય ઉપરનાં દેવાલયોનો મ્લેચ્છલોકોએ નાશ કર્યો હતો અને કેટલાક કાળ સુધી એ પવિત્ર પર્વત ઉપર ઉજડ પણાનું રાજ્ય ચાલ્યા કર્યુ હતું. જે વખતે વિક્રમ રાજા પૃથ્વીને રણમુક્ત કરવાને ઉઠયો, તે વખતે એક ગરીબ શ્રાવક **ભાવડ** કરીને હતો. તે અને તેની સ્ત્રી **ભાવલા** બંને **કામ્પિલ્યપુરમાં** રહેતાં હતાં. તેમને ઘેર એક વખતે બે યતિઓ આવ્યા, તેમની તેઓએ સારી પ્રકારે સેવા કરી. તેથી પ્રસન્ન થઇને તેઓએ તેને એક ચમત્કારિક ગુણની ઘોડી આપી તેથી ભાવડ થોડા વખતમાં તેના વડે ઘોડાનો મોટો વેપારી થઇ પડયો. વિક્રમાદિત્યે ખુશી થઇ તેને સોરઠમાં આવેલી **મધુમાવતી (મહુવા.)** નગરીજાગીરમાં આપી. આ નગરમાં તેને **જાવડ** નામે એક પુત્ર થયો. એ તેના પિતાના મરણ પછી જાગીરનો વારસદાર થયો. તે જાણે ડાહાપણનો બીજો દેવ ના હોય, એ રીતે પોતાના નગરનો કાર્યભાર ચલાવવા લાગ્યો. થોડા વખત પછી મુદ્દગલ—મુગલ લોકોની સેના સમુદ્રની ભરતીની પેઠે આખા દેશ ઉપર પ્રસરાઇ ગઇ. તેઓ સોરઠ, લાટ. કચ્છ અને બીજા દેશોમાંથી ગાયો, દાણા, અનેક પ્રકારની માલમિલ્કત, છોકરાં અને સર્વ જાત-

નાં સ્ત્રીપુરૂષોને લઇ પોતાને દેશ જતા રહ્યા. બીજી જાતિના લોકો સાથે જાવડને પણ પકડી ગયા હતા. ત્યાં પણ આ વેપારીએ અસંખ્ય દ્રવ્ય મેળવ્યું, ધર્મક્ષેત્રમાં હતો ને જે પ્રમાણે ધર્મપાળતો તે પ્રમાણે અહીં પણ પાળવા લાગ્યો અને જૈનનું એક દેરૂં પણ બાંધ્યું. ત્યાં જે ધર્મિપુરૂષો આવતા તેનો તે ઘણો સત્કાર કરતો. આવનારાઓએ જાવડ પાસે શેત્રુંજયનાં વખાણ કરીને કહ્યું કે;—**શેત્રુંજયની** ફરી પ્રતિષ્ઠા કરવાનું તમારે માથે નિર્માણ થયું છે એવું ભવિષ્ય કહ્યું. તેમજ વળી જણાવ્યું કે, સ્વધર્મત્યાગી **કવદયક્ષ** જૈન ધર્મનાં જે માણસો ત્યાં જવાની હિંમત કરે છે, તેમને મારી નાંખે છે. શેત્રુંજયની ચોતરફ કેટલાક ગાઉ સુધી ભૂમિ ઉજ્જડ થઇ ગઇછે. ઋષભદેવની પૂજા કરવાને કોઇ નથી. આ પ્રમાણે તેઓ પાસેથી સાંભળી જાવડે ચક્રેશ્વરીદેવીની આરાધના કરી અને મેલાદેવને બળીદાન આપ્યાં. તેમણે પ્રસન્ન થઇ **તક્ષશિલા** નગરી જ્યાં જગનમાલ રાજા રાજ કરતો હતો ત્યાં ઋષભદેવની મૂર્ત્તિ બેસાડી હતી તે જગ્યો બતાવી. જાવડે ત્યાં જઇને મહા પ્રયત્ને રાજા પાસેથી મૂર્ત્તિ લીધી અને રાજાના આશ્રયથી એક સંઘ કહાડ્યો તેમાં પોતાની જાતિનાં કેટલાક માણસોને લઇ મૂર્ત્તિ સાથે શેત્રુંજય તરફ ચાલ્યો. અનેક સંકટો વેઠી સર્વ સાથે સોરઠમાં મધુમાવતી આવી પહોંચ્યો. જાવડ એવો ભાગ્યશાળી કે પોતે ભોટ અને ચીન વાહાણોનો કાફલો મોકલ્યો હતો, તે પણ સોનું અને બીજી મુલ્યવાન વસ્તુઓ ભરીને આ વખતે આ બંદરમાં આવેલાં જોયાં. તેમજ આજ વખતે **મહામુનિ શ્રીવાયરસ્વામિ** પણ ત્યાં આવી મળ્યા. મુનિએ કવદયક્ષને પાછો જૈન ધર્મમાં આણ્યો હતો, તે પણ દેવ અને યક્ષોની સાથે મુનિ સાથે હતો. જાવડ મહામુનિવાયર સ્વામિ અને તેના સહાયકારક કવદ સાથે તરત શેત્રુંજય ઉપર આવ્યો. જુએ છે તો પર્વત લોહી, મુડદાં અને ધોળાં હાડકાંથી ભરેલો અપવિત્ર થયેલો હતો. એ જોઇ સૌભયભિત થઇ ગયા, પણ ધૈર્ય રાખી પર્વતને ચોખો કર્યો. શ્રીવાયરસ્વામિએ મુહૂર્તનો દિવસ નક્કી ઠરાવ્યો, તે દિવસે યાત્રાળુઓ મૂર્ત્તિ લઇને વાજતે ગાજતે ઉત્સવ કરતા પર્વત ઉપર ચઢયા. તોપણ રાક્ષસોની પાપ બુદ્ધિનો જાથુ અટકાવ કરી શકયા નહિ. એ પછી તેણે યાત્રાની જગ્યાની ફરી સ્થાપના કરવાને માટે ઘણી ઘણી વાર પ્રયત્ન કર્યાં, પણ સર્વ પ્રયત્ન નિષ્ફળ ગયા. તેથી જાવડ છેવટ વિક્રમ સંવત ૧૦૮ (ઇ. સ. ૫૨) માં અગ્નિમાં બળી મુઓ. તેના નિરંતર પ્રયત્ન નિષ્ફળ ગયા. તેથી જે કાર્ય કદી પૂર્ણ થાય નહિ તેને લોકો કહે છે કે એ તો **"જાવડ ભાવડ કામ છે"** એવી કહેવત ત્યારથી લોકોમાં ચાલી તે અદ્યાપિપર્યંત પ્રસિદ્ધ છે.

પ્રસિદ્ધ પંડિત.

લોલિંબરાજ.

આ નામાંકિત પુરૂષ જુન્નરમાં રહેતો હતો, દિવાકર ભટ્ટ નામે એનો પિતા શ્રેષ્ઠ વિદ્વાન બ્રાહ્મણ હતો. દિવાકરની વૃદ્ધાવસ્થામાં એનો જન્મ થયો, બાળવયમાં સૂર્ય દિવાકર મરણ પામવાથી લોલિંબરાજ મૂર્ખ, વિષયી અને મરજી પ્રમાણે વર્તનારો થયો. લોકો તેના દુર્ગુણો જોઇને ધિક્કારતા હતા. તેથી પસ્તાઇને સંવત ૧૬૮૭ માં સપ્તશૃંગમાં જઇને દેવીની ઉપાસના કરતો બેઠો. એજ વર્ષના આસો સુદ ૮ ને દિવસે દેવી પાસે હવન કરતાં તેમાં પોતાના અંગના કટકા કરી હોમવા લાગ્યો, અને મસ્તક કાપી હોમવાનો વિચાર કર્યો કે, દેવીએ પ્રસન્ન થઇને તેનું શરીર હતું તેવું કરી આપી કહ્યું કે; તારી જિવ્હાગ્રે સરસ્વતિ વાસ કરશે. તેથી તું સર્વ વિદ્યાનો નિધિ થઇશ. આ પછી લોલિંબરાજ પ્રસન્ન થતો જુન્નરમાં આવ્યો, ઘણી વિદ્યા સંપાદન કરી તેથી તેમની પ્રસિદ્ધી થઇ. એક વખતે બાદશાહે પોતાની પાસ તેડાવી કહ્યું કે; મારી સ્ત્રી ગર્ભવંતી છે તેને પુત્ર આવશે કે પુત્રી ! આ વખતે બાદશાહની રૂપ સુંદર યોવનવંતી પુત્રી ઉભી હતી. તેને જોઇને લોલિંબરાજે કહ્યું કે, મારો જવાબ સાચો પડે તો આ તારી પુત્રી મને પરણાવશો ? બાદશાહે હા પાડી. લોલિંબરાજે કહ્યું કે; "પુત્ર આવશે" આ કહેવું ખરૂં પડવાથી બાદશાહે પોતાની પુત્રી તેને પરણાવી હતી લોલિંબરાજે તેનું નામ **રત્નકળા** પાડયું હતું આ રત્નકળાપર લોલિંબરાજનો અતિ પ્રેમ હતો. તેથી તેનું નામ રાખવાને એને સંબોધીને સંવત ૧૬૯૦ માં **વૈદ્યજીવન** નામે વૈદ્યકનો અતિ ઉત્તમ ગ્રંથ રચ્યો, જે અદ્યાપિ પ્રસિદ્ધ છે. તેમજ શ્રીકૃષ્ણના જન્મથી તે કંસવધ સુધીની કથા અતિ રસીકપણે વર્ણવીને **હરિવિલાસ** નામે કાવ્ય ગ્રંથ કર્યો છે. તે ઘણો વાંચવા લાયક છે. ઇત્યાદિ.

જરથોસ્તીધર્મપ્રવર્ત્તક.

પેગંબર-જરથોસ્ત

આ પ્રસિદ્ધ પેગંબર જરથોસ્ત-સ્પીતમ **પારસી** લોકોના ધર્મ ગ્રંથ ઝંદ-અવસ્તામાં જણાવ્યા પ્રમાણે પાદશાહ ગુસ્તાસ્પ (વીતાસ્પ) ના વખતમાં થયો. ગુસ્તાસ્પનો પિતા ઓરાવીતાસ્પા (લોહેરાસ્પ) કાવાના-કેઆની વંશનો પાદશાહ હતો. એ વંશના પાદશાહો સઘળા જરતોસ્તી અને 'મીડીઅન' પાદશાહના કરતાં પણ ઘણાજ પ્રાચીનકાળમાં પૂર્વે ઇરાન અને મુખ્ય કરીને

બાક્ટ્રીઆમાં રાજ કરી ગયા છે એવું જંદ—અવસ્તામાં જણાવેલું છે. ગુસ્તાસ્પ ઘણાજ પ્રાચીનકાળમાં થઇ ગયો જણાય છે. તે ઉપરથી સિદ્ધ થાય છે કે જરથોસ્તી ધર્મ ઘણા પ્રાચીન કાળનો છે. જરથોસ્ત ઘણા પ્રાચીનકાળમાં થયો તેથી તેનું ચરિત્ર ઘણું કરીને ગુંચવાડામાં રહી ગયેલું છે. તેમજ તેની જન્મભૂમિનો પણ બરાબર નિશ્ચય થઇ શકતો નથી. સાધારણ રીતે કહેવાય છે કે;—એનો જન્મ ઇ. સ. પૂ. ૬૫૦૦ માં તેહેરાનની પાસે રહે શહેરમાં થયો, પણ એ વિચારને 'અવસ્તા'નો કશો ટેકો મળતો નથી. એ વિષે ડાકટર **હાઉગ** જણાવે છે કે;—જરથોસ્તનું ઘર **બાક્ટ્રીઆ**માં હોવું જોઇએ; કેમકે એ જગ્યાને **ગાથા**ઓમાં **બારેકહહ્યાઆરમાઇતી** કરીને કહે છે. એજ નામનો ઉચ્ચાર **વદીદાદ**માં **બાખડી** કરેલો છે. જરથોસ્ત પેગંબરનો પિતા **પોઉરૂઅસ્પ** તે બાદશાહ ફરેદુનના વંશનો હતો. જરથોસ્ત પેગંબરની માતાનું નામ **દાગડો** હતું. પેગંબરનું કુળ **સ્પીતમ** અથવા **એચેતઆસ્પ** નામથી ઓળખાય છે. પેગંબરને ૧ સ્ત્રી, ૩ પુત્રી અને ૩ પુત્રો હતા. ઇરાનમાં **માજી** નામના ધર્મમત વાદીઓ અનેક પાખંડનો બોધ આપતા હતા, તેઓએ રાજ્યમાં પણ મોટી સત્તા મેળવી હતી. જરથોસ્તે પોતાના શાસ્ત્રમાં પૂરૂં જ્ઞાન મેળવીને લોકો સાથે વિવાદ ચલાવ્યો અને મૂર્ત્તિ પૂજા તથા જાદુવગેરે વહેમોની સામે થઇ એક નિરંજન, નિરાકાર ઇશ્વરનો ને સદાચારનો ઉપદેશ કર્યો. તેને ઘણાક શત્રુ થયા, પણ તે બોધ કરતો બંધ પડ્યો નહિ. જરથોસ્તે પોતાનો જરથોસ્તી ધર્મ પહેલ વહેલો ઇરાનમાં નહિ પણ પ્રથમ **બાક્ટ્રીઆ**માં ફેલાવ્યો. પછી ઇરાન અને પૂર્વ તરફ ફેલાતો ચાલ્યો હતો. **બલ્ખ**માં જઇ કેટલાકને પોતાના મતના કર્યા પછી જરથોસ્ત ૩૦ વર્ષની વયે ધર્મ—પેગામ લઇને શાનશાહ ગુસ્તાસ્પના દરબારમાં ગયો. ઇરાનના રાજા ગુસ્તાસ્પે મોટી સભા ભરી સઘળા ધર્મ મત વાદીઓને એકઠા કર્યા, તેમાં જરથોસ્તે વિવાદમાં સર્વને હરાવ્યા, પણ પછી કેટલાકના ભંભેરવાથી ગુસ્તાસ્પે તેને કેદ કર્યો. તેમાં એવું બન્યું કે રાજા કોઇ વાતે પીડિત થયો અને ઘણા ઉપાય કર્યા, પણ તેને આરામ થયો નહિ. તે ઉપરથી જરથોસ્તે કહાવ્યું કે;—તમે ને દેશના લોકો મારો ધર્મ કબૂલ કરો તો હું તમને સારા કરૂં, ગુસ્તાસ્પે તે વાત કબૂલ કરી ને જરથોસ્તે તેના મનનું સમાધાન કરી તેની પીડા મટાડી. એ રીતે જરથોસ્તે બાક્ટ્રીઆના રાજા ગુસ્તાસ્પને **સેબિઅન** ધર્મ છોડાવી પોતાના ધર્મમતનો કર્યો. ગુસ્તાસ્પ સીથિયાના જે રાજાને ખંડણી આપતો હતો તેને કહેવડાવ્યું કે;—તમે જો સેબિઅન પૂજા છોડો તો હું ખંડણી આપું. આ સાંભળી રાજાએ ગુસ્સે થઇ લશ્કર સાથે આવી બલ્ખ શહેર લીધું, જરથોસ્ત અને

બીજા ૮૦ ઉપાધ્યાઓને મારી નાખ્યા. પછી ગુસ્તાસ્પે લશ્કર એકઠું કરી સિથિઅનોને મારી નાખી પોતાનું રાજ્ય પાછું મેળવ્યું હતું અને જરથોસ્તી ધર્મને સબળ પાયાપર આણ્યો હતો. એ રીતે જરથોસ્તે ૪૦ વર્ષની વયે પોતાના શિષ્યોને નવો ધર્મ આપ્યો અને ૭૦ વર્ષની વયે શત્રુ રાજાની તરવારના ઘાથી મરણ પામ્યો હતો.

ધર્મ—જંદમાં પ્રાચીન ગ્રંથ ગાથા વાણીનો છે, તે પછી ક્રિયાકર્મનું જ્ઞાન આપનાર **વંદીદાદ** નામે ગ્રંથ થયો. સંસ્કૃત અને જંદભાષામાં થોડો ફેર છે. તેથી કરીને ધર્મ, ક્રિયા, કર્મ, ચાલચલાણ, રૂઢી માર્ગ, હુંનરકળા, કૌશલ્યતા વગેરે સર્વ આર્ય પ્રજાને મળતાં છે. આર્યો જેને **શીવ**—કલ્યાણ રૂપ કહે છે, તેનેજ જરથોસ્તીઓ **સૂરવ્રદેવ** કહે છે. આર્યો પોતાના એકજ ઇશ્વરને માનવાવાળા ધર્મને **વેદ** ધર્મ કહે છે, તેમજ જરથોસ્તીઓ પોતાના એક ઇશ્વરને માનવા વાળા ધર્મને **માજદીયસ** કહે છે. **હિંદુઓ** અને જરથોસ્તી **પારસીઓ** આર્ય કહેવાય છે અને તેઓ પ્રાચીન કાળે સાથેજ રહેતા હતા. ત્યારે **શિવ** પૂજન કરતા હતા, પણ જરથોસ્ત પેગંબર થયા પછી મુખ્ય મોટાં ટોળાંમાં ધર્મ સંબંધી વિવાદ થયો. તેથી. આર્ય પ્રજામાં મોટા બે જથા પડી ગયા, જરથોસ્ત સ્પિતમના પ્રવર્ત્તિત સંપ્રદાયીઓ હિંદુઓની સાથે જુદા પડીને ત્યાંથી હમેશાંને માટે ચાલ્યા ગયા અને પશ્ચિમોત્તરતરફ જઇને વાહિકાદિ નાના દેશમાં ભ્રમણ કરીને **પારસ્તા**માં જઇને **પારસી** નામને પ્રાપ્ત થયા. અને ભારતવર્ષ—હિંદુસ્થાનમાં જઇને વસ્યા તે હિંદુ કહેવાયા. અસલી આર્ય ટોળો તમામ મૂર્ત્તિ પૂજક હતો, પણ જુદા પડયા પછી અનેક કલ્પિત રિવાજો નીકળ્યા.

સિદ્ધાંત—પરમેશ્વર એક અને અનાદ્યંત છે. અનાદ્યંત તત્વ નિરંતર આદિતત્વ છે. સત્ય શુભ કર્મની અધિષ્ઠાતા શક્તિ **હોરમઝદ** છે. અને અસત્ય—અશુભ મલીન કર્મની અધિષ્ઠાતા શક્તિ **અહેરીમન** છે ફેરસ્તાઓ તત્વ—ઋતુઓ મનુષ્યજાતિ વ્યવસ્થાનો નાશ કરવા પ્રયત્ન કરે છે, પણ તેઓનું ફાવવા દેતા નથી, અંતે હોરમઝદનો જય છે. જંદમાં ખોદા-પરમેશ્વરને **અહુરાજ** કહે છે. મોટા દેવતા હોરમઝદ ગણાય છે, તે બેહેસ્તુન-સ્વર્ગમાં વસે છે. હોરમઝદે પ્રથમ ૭ દેવતા ઉત્પન્ન કર્યા. ૧ સખાવતના દેવને વહુમન-બમાસ્રનું કહે છે; ૨ સચ્ચાઇના દેવને અરદીબેસ્ત (અરદહિસ્ત) કહે છે; ૩ બંદોબસ્તના દેવને ખશથરવેરીઆ (શેહેરેવેર) કહે છે; ૪ ડાહાપણના દેવને અરમાઇટી (અસ્ફંદાર મન) કહે છે; ૫ દોલતના દેવને હુરવટાટ, અમ્મરટાટ, કહે છે અને ૬ ખૂબ સુરતીના દેવને ખુરદાદ અને અમ્મરદાદ કહે છે. ઉ-ક્ત દેવો થકી સૃષ્ટિના પદાર્થોની વ્યવસ્થા માની છે. હાલ જરથોસ્તીઓ

મૂર્તિ બનાવતા નથી, પણ આકાશને જુપિટર દેવતા ગણી તેને ઉંચી જગ્યાપર જઇ ભોગ આપે છે, સૂર્યને આફ્તાબ, મીથરાશ, મેહેરયજદ કહે છે; ચંદ્રને મહાતાબ, એનીઇટીસ, એનાહિત્તા અને અરદુઇશુરખાક કહે છે. પ્રકાશ એ હોરમઝદના યશનું ચિન્હ છે, ઇશ્વરના ખાકનુરમાંથી પેદા થયેલી અગ્નિની જ્યોતિ છે. તેથી આતસ-અગ્નિ તેની ઓળખાણ આપનાર છે. તેટલા ઉપરથી તેના બનાવેલા સૂર્ય અથવા જગતમાં વ્યાપી રહેલા આતસ-અગ્નિમાં ચંદન, ગુગર વગેરે સુગંધી પદાર્થો હોમી હવન ક્રિયા કરી હોરમઝદની સ્તુતિ પ્રાર્થના કરે છે. વાયુ, પાણી, પૃથ્વી એ આદિ તત્વોને પણ માન આપે છે પડતર ખેતર ખેડવું, સૂકી જમીનમાં પાણી આણવું એ કામ મનુષ્ય જાતને સુખ આપનારાં છે. માટે તે ઇશ્વરને ગમતાં છે અને ઈશ્વર પોતાનાં પેદા કરેલાં પ્રાણીઓને ઉચ્ચું સુખ થાય એવું ઇચ્છે છે. અપવિત્રતા, આભડછેટ ન રાખવી; પાણીમાં હાડકું, વાળ, મરેલાં જાનાવર, મરઘી, લોહી વગેરે મલીન વસ્તુઓ ન રહેવા દેવી, પાણીને ગાળી સ્વચ્છ રાખવું, દયા રાખવી, સત્ય બોલવું; રાક્ષસો કે મનુષ્ય મધ્યેથી જે કોઈ પાપને પુણ્યનું કામ કરે છે તેનો હિસાબ લઇ ન્યાય આપનાર અહુરમઝદ છે. માટે તેની આજ્ઞા પ્રમાણે વર્તવું જોઇએ. કુકર્મ કરનાર અસત્ય બોલનાર, જીવહિંસા કરનાર, આચાર વિચાર ન પાળનાર મનુષ્ય પાપી થાય છે. માટે જગત્કર્તા પ્રભુ અહુરમઝદની આજ્ઞા પાળવી, સ્નાન, શૌચ, સંધ્યા, પવિત્રતા, દયા, આર્જવ, ક્ષમા, સત્સંગ આદિ કરવાની આજ્ઞા છે, જે મનુષ્ય ધર્મની આજ્ઞા ઉપર વિશ્વાસ લાવીને તે યથાર્થ પાળે છે તેનો આત્મા હોરમઝદના સ્વર્ગમાં બીજા ઉત્તમ આત્માઓની સાથે ઐક્ય રૂપથી મળી બેસે છે. એક મહા વિદ્વાન કહે છે કે;—"જરથોસ્તીધર્મ એ વેદ ધર્મની એક શાખા છે અને તેમાંથી તે ધર્મ નીકળ્યો છે, તેનાં ઘણાં પ્રમાણો મળે છે. **તૈતિરીયસંહિતા**માં યજ્ઞો પવિત વિષે જે વર્ણન કરેલું છે તેમાં એવું જણાવેલું છે કે **બ્રાહ્મણે** સૂતરનું વણેલું બ્રહ્મસૂત્ર ધારણ કરવું; **ક્ષત્રિયે** શણનું અને **વૈશ્યે** ઘેટાની ઉનનું વણેલું યજ્ઞોપવિત ધારણ કરવું. વળી એજ પ્રમાણે **આપસ્તંબના ધર્મસૂત્ર**માં વર્ણન કરેલું છે અને એવું કહેલું છે કે, ઉત્તરીય વસ્ત્ર નહિ હોય તો તેને બદલે એક વધારે યજ્ઞોપવિત ધારણ કરવું. હાલ આપણા જોવામાં આવે છે કે, **પારસી** લોકો ઘેટાના ઉનનું યજ્ઞોપવિત ધારણ કરે છે, તેને તે લોક **કુસ્તી** કહે છે અને તે કેડે બાંધે છે તથા તેને પવિત્ર ગણે છે. ઉત્તરીય વસ્ત્રને ઠેકાણે સદ્રો શરીર ઉપર રાત્રી દિવસ રાખે છે. અગ્નિનાં દેવાલય કરી તેમાં ચંદન વગેરે સુગંધી પદાર્થો હોમે છે અને હિંદુઓની પેઠે અગ્નિ, પાણી, સૂર્યની સમક્ષ ખોદા—પરમેશ્વરની પ્રાર્થના કરે છે. ઇત્યાદિ ક્રિયા, કર્મ હિંદુ— આર્યધર્મને મળતાં છે.

જરથોસ્તી ધર્મનાં ગ્રંથો—જરથોસ્તી ધર્મનાં પવિત્ર લખાણો **જંદ-અવસ્તા**માં છે. જંદ—અવસ્તાનું ખરૂં નામ તો **અવસ્તા-જંદ** છે. જરથોસ્તનાં પવિત્ર ધર્મનાં ફરમાનો તે **અવસ્તા છે.** તેનો ખુલાસો **જંદ** છે. અને વધારે ખુલાસો **પા-જંદ** છે. પારસીઓનાં ધર્મ લખાણો પુષ્કળ હતાં, પણ હાલ તેટલાં મળતાં નથી. **પલીની** જણાવી ગયોછે કે;—"જરથોસ્તે ૨૦,૦૦,૦૦૦ ધર્મ સંબંધી કાવતાઓ બનાવી હતી" એક આરબ ગ્રંથકાર અબ્બુજાફર અવતારી લખી ગયો છે કે;—"જરથોસ્તનું ધર્મ લખાણ ૧૨૦,૦૦ ચર્મપત્રો ઉપર કરવામાં આવ્યું હતું એ સઘળાં લખાણો ૨૧ ભાગો જેને **નોશકો** કહે છે તેમાં વહેંચાયલાં હતાં." હાલ જે જરથોસ્તી ધર્મના ગ્રંથો રહેલા છે તેમાં પ્રાચીનપુસ્તક **યશના—ઇજશની** છે. તેમાં પ્રાચીન અવસ્તા'ની ભાષાના અને ખુદ જરથોસ્તના બનાવેલા (૫) **ગાથા**-ધર્મ ગાયનો આવેલાં છે. **વીશપરદ** છે, **વંદીદાવ**નું એકલું પુસ્તકજ માત્ર પુરેપુરૂં બચી રહેલું છે. સિવાય **વીસ્તારપ, નોશકબાગ, હાદોખતનોશક, દામદાદનોશક** અને **ખોરદેહઅવસ્તા છે.**

યાહુદીધર્મપ્રવર્તક.

પેગંબર-મુસા.

મીસર દેશની પ્રાચીન મીસરી પ્રજા સૂર્યવંશી ગણાતી હતી સૂર્ય અને દેવોની પૂજા અને પ્રાર્થના કરતી હતી. એનો ધર્મ આર્ય ધર્મને મળતોજ હતો. ત્યાંનો પાદશાહ પણ એજ જાતનો હતો. **યાહુદી** લોકો તુર્કસ્તાનમાં યુફ્રેતિસ અને તૈગ્રિસ નદીના સંગમ પાસેના મેદાનમાં રહેતા હતા. તેમાંથી એ લોકોનું એક ટોળું મીસર દેશમાં આવી રહ્યું હતું. એ કોમનો વડો **જોસેફ** પોતાના જાત ભાઇઓ સાથે **ગોસહેમ** સંસ્થાનમાં રહેતો હતો. જોસેફના મરણ પછી ત્યાં **હિબ્રુ-જયુ-ઇસ્રાએલ-યાહુદી** લોકોની સંખ્યા વધવા લાગી તે જોઇ મીસરી લોકોને અદેખાઇ આવી. તેમના **ફેરાઓ-પાદશાહે** યાહુદી લોકો ઉપર જૂલમ કરવા માંડયો. ગુલામ બનાવી પુષ્કળ મહેનત કરાવતા તોપણ તે લોકોની સંખ્યામાં કાંઇ ઘટાડો ન થતાં વધારો જણાયો. તેથી પાદશાહે વિચાર્યું કે જો તેઓની જાતને વધવાદીધી તો તેનું વેર તેઓ લેશે. તેથી તેમણે એવો હુકમ કહાડયો કે;-"યાહુદી લોકોમાં છોકરાઓનો જેવો જન્મ થાય કે તેને તરત મારી નાંખવાં." કે તેથી તેની સંખ્યા વધે નહિ. આ ભયંકર હુકમ બહાર પડયાને થોડો વખત થયો કે, યાહુદી—ઇસ્રાએલ લોકોની **લીવી** જાતની **જોચીબેદ** નામે સ્રીને પેટે ઇ. સ. પૂ-૧૫૭૧ માં એક અતિ રૂપાળા

પુત્રનો જન્મ થયો. એ પુત્રને બચાવવા તે બાઇએ તેને ત્રણ માસ છૂપાવી રાખ્યો, પણ પછી છૂપાવવો મુસ્કેલ જણાયાથી એક બરૂનું પારણું ગુંથી તેમાં સુવાડી **નાઇલ** નદીને કિનારે બરૂની ઝાડીમાં દેખાય તેમ મૂકી **મેરીઆમ**ને ત્યાંથી દૂર ઉભી રાખી. થોડીવારે પાદશાહની એક પુત્રી પોતાની કેટલીક સાહેલીઓ સાથે નદીએ સ્નાન કરવાને આવી. ઝાડીમાં પારણું જોવામાં આવ્યું. તેમાં એક સ્વરૂપવાન પુત્ર જોઇ તેને દયા આવી. તેથી તેણે પોતાના પિતાના ઘાતકી હુકમ વિરૂદ્ધ તેનો પ્રાણ બચાવવાનો નિશ્ચય કર્યો. એ પુત્ર કોનો છે એ શોધી કાઢી તેની માને ઉછેરી મોટો કરવા સોંપ્યો. એ રીતે તે પુત્ર બચ્યો. તેનું નામ **મુસા–મુસેસ** (હિબ્રુમાં મોસેસનો અર્થ–પાણીમાંથી બહાર કહાડેલો થાય છે.) પાડયું. મુસાને ધાવણ છોડાવ્યા પછી શાહજાદીને સ્વાધીન કર્યો. તેણે પોતાના સંતાન સમાન ગણી **મીસરની** સર્વ પ્રકારની કેળવણી અપાવી ચતુર કર્યો. મોટો થતાં તેને તેના જન્મ ભેદની વાતથી વાકેફ કર્યો. એક વખતે એક મીસરી એક યાહુદી ઉપર ઘાતકી પણે જૂલમ કરતો હતો, તેનો બચાવ કરતાં મુસાએ મીસરીને ઘાતકીપણે મારી નાખ્યો. આ ખુનથી મુસા મીસરના પાદશાહથી ડરીને અરબસ્તાન દેશના પાડાડી પ્રદેશ **મીડીઆન** પ્રાંતમાં નાશી ગયો. ત્યાં ૪૦ વર્ષ રહ્યો, મીડીઆન ધર્મ ગુરૂ **જેથરો**ની પુત્રી સાથે પરણ્યો, તેનાથી તેને **ગેરસોહોમ** નામે પુત્ર થયો હતો.

મુસા ૮૦ વર્ષની વયે **હોરેબ** પર્વતપર ઘેટાં, બકરાં ચરાવતો હતો. તે વખતે કહે છે કે;—ઝાડીમાં અગ્નિ બળતો જણાયો, પણ ઝાડી સળગતી નહોતી. આ આશ્ચર્યકારક બનાવ જોઇ મુસા નજીક જવા લાગ્યો—તેવામાં એક અવાજ થયો કે;—"તારા જોડા પગમાંથી કહાડ, કેમકે તું જે જગ્યા ઉપર ઉભો છે તે પવિત્ર છે. ઇસ્રાએલ—યાહુદી લોકો ઉપરજે દુઃખ પડે છે તેનો છૂટકો કરાવવા મેં તને પસંદ કર્યો છે. તું મીસરી પાદશાહ પાસે જઇ યાહુદીઓને મીસરમાંથી બહાર લઇ જવાની રજા માગ" મુસાને મીસરી પાદશાહ પાસે જઈ રજા માગતાં ઘણી બીક લાગી, ત્યારે ખુદાએ તેને ચમત્કારો કરવાની શક્તિની બક્ષીસ કરી ! પછી ખુદાની રજાથી મુસાએ પોતાના ભાઇ **આઆરોન**ને સાથે લીધો. બંને ભાઇઓએ યાહુદીઓને જે બન્યું હતું તે કહી બતાવ્યું. મીસરી પાદશાહ પાસે જઈ યાહુદીઓને છૂટા પણું બક્ષવાની અને તેને મીસરમાંથી બહાર લઇ જવાની રજા માંગી. આ સાંભળી પાદશાહે ગુસ્સે થઇ યાહુદીઓ ઉપર વિશેષ જૂલમ કરવાનો હુકમ કર્યો. તેથી યાહુદીઓએ મુસાને ઠપકો આપ્યો અને ફરી તેમ નહિ કરવાની મના કરી; તોપણ મુસાએ ફરી પાદશાહ પાસે અરજ કરી. તેથી **મીસરી**

પાદશાહે મુસા ખુદાની તરફનો **પેગામ** લાવ્યો છે, તેની ખાત્રી કરી આપવા ચમત્કારો બતાવવાની આજ્ઞા કરી. **આઆરોને** મુસાના હુકમથી એક લાકડી જમીન ઉપર ફેંકી તેમાંથી સર્પ થયો. (મીસરી જાદુગરો અથવા કળાબાજો નવાઇ ભરેલા હુન્નરોથી ચમત્કારો કરતા હતા.) તેથી પાદશાહને કાંઇ અસર થઈ નહિ. તેણે મુસાની અરજ નામંજુર કરી હતી, પણ કહે છે કે મુસાએ ફરી ૧૦ ચમત્કારોથી મીસર ઉપર આફત નાંખી હતી. તેથી મીસરી પાદશાહે યાહુદીઓને દેશમાંથી જતા રહેવાની રજા આપી હતી. યાહુદીઓનું એક મોટું ટોળું રાતો સમુદ્ર ઓળંગી પેલેપાર અરબસ્તાનમાં આવ્યું; ત્યાંથી ત્રીજે મહિને મુસા તેમને લઇ **સીનાઇ** પર્વત તરફ આવ્યો. જંગલમાં ખોરાકની ઘણી તંગી પડી જંગલમાં વસનારી **આમલકાઇતજ** લોકોએ તેપર હલ્લો કર્યો, તેમાં તેનો પરાજય થયો હતો. આ વખતે મુસા સાથે મોટું ટોળું યાહુદીઓનું હતું. પછી ત્રીજે દિવસે મુસા ખુદા પાસે પવિત્ર ધારાઓ લેવા **સીનાઇ** પાહાડ ઉપર ગયો. મુસાને ત્યાંથી આવતાં વાર થવાથી યાહુદીઓએ બંડ ઉઠાવ્યું અને **આઆરોન** ને કહ્યું કે;—“ અમને ખુદા બતાવ, મુસા અમને મીસરમાંથી આ તરફ લાવ્યો છે તેનું શું થયું છે તેની અમને તો ખબર પડતી નથી.” પછી આઆરોને મીસરમાંથી લાવેલાં સઘળાં સોનાનાં ઘરેણાંને ભાંગી એક તેનો **વાછડો** બનાવ્યો, તેની પૂજા કરવા માંડી (યુનાની લોકોની મૂર્તિ પૂજા કરવાની આવી રીત હતી.) મુસા ૪૦ દિવસે પર્વત ઉપરથી ખુદાનાં ફરમાનો પથ્થર પાટી ઉપર લઈ આવ્યો. તેવખતે યાહુદીઓ મૂર્તિ પૂજા કરતા હતા અને તેની આસપાસ નાચતા હતા. આ જોઈ મુસાએ ગુસ્સે થઈ પથ્થર પાટી ઉપરનાં ફરમાનો ફેંકી દઈ ભાંગી નાખ્યાં. **લીવી** જાતના યાહુદીઓએ મૂર્તિપૂજામાં ભાગ લીધો નહોતો, તેમણે વટલેલા પોતાના જાત ભાઇઓ ઉપર વેર લેવા તેમાંના ત્રણ હજાર માણસોને કાપી નાખ્યા. મુસાએ વાછડાની મૂર્તિને ભાંગી નાંખીને ફરી પાહાડ ઉપર ગયો. ત્યાં વળી ૪૦ દિવસ રહી નવાં ફરમાનો બે પથ્થર પાટી ઉપર કોતરાવી લાવ્યો હતો. ત્યારથી યાહુદીઓ પોતાના રાજ્યને ઇશ્વરી—રાજ્ય તરીકે ઠરાવી ખુદાને પાદશાહ ગણવા લાગ્યા હતા. **સીનાઇ** પર્વત આગળથી યાહુદીઓ **પાલેસ્ટાઇન** જવા નીકળ્યા. માર્ગમાં યાહુદીઓ વારંવાર મુસા સામે તોફાન ઉઠાવતા હતા. **તાબીરા** આગળ છાવણીમાં તેમણે આગ લગાડી મુસાની અદેખી બેન **મેરીઆમે** યાહુદીએ ને મુસા સામે બળવો ઉઠાવવાને ઉશ્કેર્યા. તેથી મુસાએ પોતાની બેનને છાવણીમાંથી કાહાડી મૂકાવી. એ રીતે ચાલતાં તેઓ **કેનાઆન** (પાલેસ્ટાઇન) ની દક્ષિણ સરહદે આવી

પહોંચ્યા. યાહુદીઓએ પાલેસ્ટાઇન—કેનાઆન ઉપર હલ્લો કર્યો, પણ ત્યાંના એકસંપી લોકોએ તેમને મારી પાછા કાઢ્યા. તેથી યાહુદીઓ પાછા જંગલમાં જઇ ભટકતા રહ્યા, મુસા અને તેનો ભાઇ આઆરોન પોતાના ઉપર સરદારી ભોગવતા જોઈ નીચેના સરદારોએ અદેખાઇથી તેઓની સામે બળાવો કર્યો હતો. તે પછી સર્વ સીનાઇ પર્વતની ખીણોમાં ભટકતા રહ્યા હતા. ફરી પાલેસ્ટાઇન ઉપર ધસારો કરવાનો વિચાર પણ નીષ્ફળ ગયો. તે પછી મુસાનો ભાઈ **આઆરોન** મરણ પામ્યો તેને **હોર** પર્વતપર દાટ્યો. યાહુદી લોકોના લશ્કરે **આમોરાઇટઝ** લોકોના પાદશાહ ઉપર ફતેહ મેળવી. આ જોઈ ડેડ**સી**ની પૂર્વ તરફના **મોઆબ** શેહેરના પાદશાહ **બાલાકે, મીડીઆનાઇટઝ** લોકોની અને **બાલાઆમ** પેગંબર સાથે મળી યાહુદીની છાવણીમાં સ્ત્રીઓને મોકલી મૂર્ત્તિપૂજા કરવાને લલચાવી તેમનાં મન ફેરવ્યાં. યાહુદીઓનાં મરકીથી ૨૪૦૦૦ હજાર માણસો મરણ પામ્યાં. તે પછી યાહુદીઓએ મીડીઆનાઇટિઝ લોકોનો મુલક જીતીને કતલ ચલાવી, તેમાં બાલાઆમ પેગંબર મરણ પામ્યો. મુસાએ પોતાના મરણનો દિવસ નજીક આવ્યો જાણી સર્વ યાહુદીઓને એકઠા કરીને "ખોદાઈ રાહ ઉપર ચાલવા, ખોદાની બંદગી કરવા, અને સાહેબનો હુકમ તોડનારને કેવી શિક્ષા થાય છે એ આદિ શિખામણ દીધી હતી. **નીબો** પર્વતના શીખર ઉપરથી ઘણે દૂર પાલેસ્ટાઇનને નીહાળી મુસા સંતોષ પામી ઈ. સ. પૂ. ૧૪૫૧ માં મરણ પામ્યો હતો. ઇસ્રાએલ-યાહુદી ધર્મના ગ્રંથો—**તોરેત, ઐનજીલ** અને **જબ્બુર** એ ત્રણ કીતાબો મુખ્ય ગણાય છે તેને તેઓ માને છે. તેમાં પણ સત્યરૂપ પવિત્ર કીતાબ એક **તોરેત**, ને **ઐનજીલ** એ બેને ગણે છે. મુસા પેગંબરે **ઐનજીલ**ને બનાવી ગણે છે.

ખ્રિસ્તીધર્મપ્રવર્ત્તકપેગંબર.

ઇશુખ્રિસ્ત—જીજસક્રૈસ્ટ.

યાહુદી ધર્મગુરૂ **ઝાકઆરીઆસ**ની સ્ત્રી **ઇલીઝાબેથ**ને પેટે **જયોન** નામે પુત્ર થયો. તે પછી જૂડિયાના જેરૂસલેમ નગરની અગ્નિકોણમાં ૬ મૈલ ઉપર **બેથલેહેમ** ગામમાં <u>૨૫ ડિસેંબરે જીજસક્રૈસ્ટ-ઇશુખ્રિસ્તનો</u> જન્મ થયો. એની મા **મેરી-મરિયમ** કુમારીનો વિવાહ યાહુદી ધર્મના **જોસેફ** નામે સુતાર સાથે થયો હતો. મેરી યુવાવસ્થામાં આવી નહોતી, સ્ત્રી પુરૂષ તરીકેનો સંબંધ થયો નહોતો છતાં ગર્ભવંતી થઇ. તેથી જોસેફ વહેમાયો, છૂટા છેડા કરવાને તૈયાર થયો હતો, પણ પછી તેણે તેની સાથે

સંસાર માંડયો હતો અને જીજસક્રાઇસ્ટને ઉછેરી મોટો કર્યો હતો. જૂડિયાના પાદશાહ હેરોડના જાણવામાં આવ્યું કે, જીજસનો જન્મ થયો છે અને તેને માટે પેગંબર તરીકેનું મત ફેલાયું છે. એ સર્વ તેણે દગાઇ ભર્યું જાણ્યું. નવો ફિસાદ ઉઠવાની બીકથી બેથલેહેમની આસપાસના ગામડાઓમાં લશ્કરની ટુકડીઓ મોકલી દીધી. બે વર્ષની અંદરનાં સઘળાં બાળકોની કતલ કરવાનો હુકમ કર્યો; એવા કારણથી કે તેમાં જીજસક્રાઇસ્ટ પણ મરણ પામે તો ઉઠેલી ગડબડાટ બંધ પડશે. જોસેફને આ હુકમની પ્રથમથી ખબર પડી ગઇ હતી. તેથી મેરી અને ઇશુખ્રિસ્તને સાથે લઇ મીસરમાં નાશી ગયો, જ્યારે હેરોડ મરણ પામ્યો. ત્યારે પાછો સ્વદેશમાં આવ્યો હતો. જોસેફ સુતારનો ધંધો કરતો હતો અને જીજસ પણ તેજ કામમાં દાખલ થયો હતો. જીજસક્રૈસ્ટનાં માબાપ ગરીબ સ્થિતિનાં હતાં તેથી તેમને ઘટતી કેળવણી મળી નહોતી; તોપણ તેનું મન સદા ધર્મ સંબંધી વાતોમાં બહુ ગુંથાએલું રહેતું. મુસાના ફરમાન પ્રમાણે એ પોતાનાં માબાપ સાથે દર વર્ષે ધર્મના કામ સારૂં જેરૂસલેમ જતો હતો અને ત્યાંથી નાઝઆરેથ આવતો હતો. ઈશુ ઉતરતી સ્થિતિમાં ઉછરી મોટો થએલ હતો. યાહુદી લોકો રૂમની સેનશાહતના તાબામાં હતા. આ વખતે રૂમનો સેનશાહ ઓગસ્તસસીઝર મરણ પામ્યો. પછી તેનો પુત્ર ટાઇબીરીઅસ ગાદીએ બેઠો. તેણે જૂડિયા પ્રાંતમાં રૂમી ગવરનર તરીકે પોનસીઅસપાઇલેટને મોકલ્યો હતો. જ્યારે હેરોડે બાળકોની કતલ કરાવવા માંડી—ત્યારે ઇલીઝાએથ પોતાના પુત્ર જયોનને લઇ જંગલમાં નાશી ગઇ હતી. જ્યોન મોટો થતાં તેનાં માબાપ મરણ પામ્યાં હતાં. જૂડિયામાં પાઇલેટ ગવરનર થયો ત્યારે જયોને પ્રથમ પેગંબરનું કામ શરૂ કર્યું હતું. ખ્રિસ્તી ધર્મનો ફેલાવો કરવા લાગ્યો હતો. લોકોને જ્યોરડન નદીના પાણીથી સ્નાન કરાવી ખ્રિસ્તી ધર્મમાં દાખલ કરવાની ક્રિયા કરતો હતો.

આ નવા ધર્મની વાત આખા જૂડિયામાં ફેલાઇ હતી. ક્રાઇસ્ટનો ઇતિહાસ લખનારા કહે છે કે;—"જયોન આ બધું કાર્ય ક્રાઇસ્ટ માટેજ કરતો હતો." જયોન ઉંટના વણેલા વાળનો એક ઝભો પહેરતો. કમરે કમરબંધ બાંધતો. ખોરાકમાં મધને લોકસ્ત નામે વનસ્પતિ ખાતો હતો. જ્યોરડન નદીનાં પાણી છાંટી બાપટીસ્ટની ક્રિયા કરતો. તેથી તેને જ્યોન ધીબાપ્ટીસ્ટ પણ કહે છે. જીજસક્રાઇસ્ટ જ્યોરડન નદીને કિનારે જયોનને આવી મળ્યો, બાપટીસ્ટ આપવાની અરજ કરી. તેથી જ્યોને તેને બાપટીસ્ટની ક્રિયા કરી પોતાનો સઘળો અધિકાર સ્વાધીન કરી દીધો. પછી જીજસક્રાઇસ્ટ પોતાની ૩૦ વર્ષની વયે ખ્રિસ્તીધર્મનો ફેલાવો કરવા લાગ્યો.

૪૦ દિવસ જંગલમાં જઈ રહી અપવાસ કર્યા, એ વખતે જ્યોન તેના વતી ધર્મોપદેશનું કામ કરતો હતો. આ નવા ધર્મની યાહુદીઓને જેરૂસલેમમાં ખબર પડી હતી. તેથી એ લોકો બહુ ઉસ્કેરાઈ ગયા હતા, તેમણે જ્યોનને કેટલાક સવાલો પૂછ્યા, પણ તેનો ઉત્તર તે આપી શકયો નહિ. તેટલામાં જીજસક્રાઇસ્ટ જંગલમાંથી **બેથઆબઆરા**માં પાછો આવ્યો અને પોતાના મતનો જાહેર બોધ આપવા લાગ્યો. પ્રથમ ૫ શિષ્યોને કર્યા. પછી ગાલીલીમાં પોતાનીમા **મેરી—મરિયમ**ને આવી મળ્યો. ઇ. સ. ૩૦ માં **નાઝઆરેથ**માં રહી પોતાની જુવાનીનો ઘણો વખત ખ્રિસ્તીધર્મનો ફેલાવો કરવામાં ગાળ્યો હતો. **યાહુદી**ઓ બંદગી કરવાને દેવળમાં એકઠા થતા ત્યારે પોતે **પેગંબર** તરીકે આવ્યાની અને પોતાના ધર્મમતની તકરારો કરતો હતો. યાહુદીઓ તેના બોધને ધિક્કારી હસી કાઢતા હતા. વખતે પથ્થરા, માટી વગેરે ફેંકતા અને અપમાન આપતા હતા, તોપણ તે નહિ ડરતાં હિંમત રાખી પોતાનું કાર્ય પારપાડવાને મચ્યો રહેતો હતો. તેથી યાહુદીઓ તેને મારી નાખવાને ટાંપી રહ્યા હતા. તેમાંથી એ છટકીને **કાપરનોમ**માં નાશી ગયો. એ વખતે **હેરોડઆંટીપાસે** જ્યોનધી બાપટીસ્ટને મારી નાખ્યો. ઇશુક્રાઇસ્ટે પોતાનું સ્થળ **કાપરનોમ** રાખ્યું. તે પાસેની એક ટેકરી ઉપર ઉભો રહીને—"પોતે ખુદા તરફથી ધર્મનાં ફરમાનો લાવ્યો છે" એવું લોકોને સમજાવવા જાહેર રીતે બોધ કરવા લાગ્યો. ત્યાંના લોકો સામે થવાથી ગાલીલી આવ્યો. આસપાસ ઉપદેશ કરી ૭૦ શિષ્યો કર્યા. તેઓમાંથી ૧૨ શિષ્યોને ચૂંટી કહાડી સાથે રાખ્યા; ત્યાંથી **નાઝઆરેથ** આવ્યો. યાહુદીઓ બંદગી કરવાને દેવળમાં એકઠા થયેલા ત્યાં ભાષણ કરીને "પોતાને મેસઇઆ (ક્રાઇસ્ટ) કબૂલ કરાવવાની કોશિશ કરતો હતો," પણ યાહુદીઓએ તેની વાતને હસી કહાડીને ધિક્કારી અપમાન કર્યું. તેથી નાશી ગામડાઓમાં ઉપદેશ આપવા લાગ્યો હતો. ત્યાંથી પોતે શિષ્યો સાથે **જેરૂસલેમ**માં પ્રથમજ **પાસઓવર**ના તેહેવારની ક્રિયામાં સામેલ થયો. સર્વે યાહુદીઓ સમક્ષ દેવળમાં ભાષણ આપી પોતાના મતનો બોધ આપવા લાગ્યો. યાહુદીઓ તેને ધિક્કારી બોલ્યા કે;—"તું એક દગલબાજ અને લુચ્ચો છે અથવા તને સેતાન કે ભુત પલીતોની તરફથી એમ કરવા ઉશ્કેરણી થઇ છે," જીજસે એ સર્વ નાકબૂલ કરી તેઓની સાથે તકરાર કરવાનું ચાલું રાખ્યું હતું. તેથી યાહુદીઓનો મિજાજ ગયો. તેઓએ ગુસ્સે થઇને પૂછ્યું કે;—"ખુદા તરફથી તું આવ્યો છે તેની સાબેતીમાં તારી પાસે શું નિશાની છે?" જીજસે કહ્યું કે;—'આ દેવળને ભાંગી ભૂકો કરી નાખો તેને હું ત્રણ દિવસમાં પાછું જેવું હતું તેવું કરી આપું.' આ સાં-

ભણી યાહુદીઓએ ગુસ્સે થઇ તેના ઉપર પથ્થરાઓ ફેંકી હુમલો કર્યો. તેથી જીજસને જેરૂસલેમના દેવળમાંથી નાશી જવું પડયું હતું. ખ્રિસ્તી લોકો જણાવે છે કે;—"તેણે ઘણીવાર ભાષણો આપ્યાં હતાં, આંધળાઓને દેખતા કર્યા, લંગડાઓને ચાલતા કર્યા, બહેરાંઓને સાંભળતા કર્યા, મુડદાંઓને સજીવન કર્યાં, કોહોડીઆઓને સારા કર્યાં, દરિઆ ઉપર ચાલવા, માછલીઓના મરદો કર્યા. ઇત્યાદિ ઘણા ચમત્કારો કર્યા હતા." કેટલાક વિદ્વાન ગ્રંથકારો જણાવે છે કે, ઇશુનું ચરિત્ર લખનારાઓએ કૃષ્ણના ચરિત્રમાં જણાવેલા ચમત્કારો વગેરે કેટલુંક ઇશુ ક્રાઇસ્ટને લાગુ પાડી લખેલું છે, ગમે તેમ હો. જીજસક્રાઇસ્ટે ઘણો યત્ન કરી પુષ્કળ લોકોને વટલાવી ખ્રિસ્તી ધર્મમાં લીધા હતા. તેથી યાહુદીઓ તેના શત્રુ થયા હતા. હવે તેમનો પ્રાણ-ઘાત કરવાને ટાંપી રહ્યા હતા. છેલી વખતે જેરૂસલેમ **પાસઓવર**ના તહેવાર ઉપર પોતાના ચેલાઓ સાથે ગયો, પણ શત્રુઓ મારવાને ટાંપી રહેલા હોવાથી દિવસે ભાષણો આપી રાત્રે **ઓલીવની** ટેકરી ઉપરની વાડી વગેરેમાં ગુપ્ત સ્થળે સંતાઇ રહેતો હતો. જીજસને કોઇ કારણથી **જુદાસ** નામે એક શિષ્ય સાથે શત્રુતા થઇ હતી. તેથી એ જુદો પડી યાહુદી ધર્મ ગુરૂઓ સાથે મળી ગયો, તેણે જીજસને સંતાઇ રહેવાની જગ્યો યાહુદી સિપાઇઓને બતાવી. યાહુદી લશ્કરની ટુકડી હાથમાં મસાલો લઇ હથિઆર સાથે ટેકરીપરની વાડીમાં ગયા. મારના ભયથી જીજસની સાથેના એક ચેલા સિવાય સર્વ નાશી ગયા. સિપાઇઓએ જીજસને ઘણો માર મારી પકડી બાંધ્યો અને યાહુદી વડા ધર્મગુરૂ **કાઇઆફાસ—જોસફ** પાસે લઇ ગયા. ત્યાં પણ સિપાઇઓએ માર માર્યો, કોઇ મશ્કરીનાં વચનો બોલવા લાગ્યા. ઇત્યાદિ પ્રકારે ઘણું દુઃખ દીધું, પણ આ સાધુવૃત્તિનો પુરૂષ સર્વ સહન કરી રહ્યો. પ્રાતઃકાળ થવા આવ્યો, ત્યાં ઘણા યાહુદી ધર્મગુરૂઓની સભા મળી, સૌએ મળી જીજસક્રાઇસ્ટને ફાંસીએ ચડાવી મારી નાખવાનો નિશ્ચય કર્યો, પણ એ શિક્ષા કરવાની સત્તા જૂડિયાના ગવર્નર **પાઇલેટ**ને હતી. તે આ વખતે રૂમના પાદશાહ તરફથી બંદોબસ્ત રાખવાને જેરૂસલેમમાં આવ્યો હતો. તે પાસે લઇ ગયા. યાહુદીઓમાં જીજસક્રાઇસ્ટના પેગંબરી દાવાથી મોટી ગડબડ ઉઠી હતી તે સમાવવાની વિશેષ જરૂર એ ધારતો હતો. યાહુદીઓએ જીજસપર ખોટાં તોહોમતો મૂકયાં, અપરાધી ઠરાવ્યો **રૂમી**ઓના કાયદા પ્રમાણે કોઇ પણ અપરાધીને ફાંસી દેતાં પહેલાં ફટકા મારવાનો રિવાજ હતો. તે પ્રમાણે **પાઇલેટે** જીજસક્રાઇસ્ટને કોરડાનો ઘણો માર મરાવ્યો તેથી શરીરમાંથી લોહી વહેવા માંડયું, સાવ અશક્ત થઇ ગયો ત્યારે તેને સિપાઇઓને સ્વાધીન કર્યો. મારથી જીજસનું શરીર સુજી ગયું, સાવ

અશક્ત થઇ ગયોહતો; તોપણ નિર્દય સિપાઇઓએ તેના માથામાં ઝાડના કાંટાનો તાજ પહેરાવ્યો, શરીરપર જાંબુડા રંગનો ઝબો પહેરાવ્યો, હાથમાં બરૂના સાંઠાનો દંડ આપ્યો અને જે **ક્રુશ** ઉપર એને ફાંસી દેવાની હતી તે ઉપડાવ્યો. (ક્રુશનો આકાર T આવો કેટલાક જણાવે છે) હતો, પણ અશક્ત શરીરે ક્રુશનો બોજો ઉપાડી શકતો નહોતો. આવી સ્થિતિમાં તેને જેરૂસલેમની બહાર **કાલવરી** નામે મશાણુ અથવા ફાંસીએ દેવાના સ્થળે લઇ ગયા. ફાંસીની પીડા ઘણી ન થાય માટે બે શુદ્ધિમાં લાવવા કંઇ માદક પદાર્થ પીવા આપ્યો હતો, પણ તેણે જરા પીધો હતો. કેટલાક નર નારીઓ તેની આવી દશા જોઇ આંખમાંથી આંસુ પાડતાં હતાં, યાહુદી શત્રુઓ મશ્કરી કરી હસતા હતા. સિપાઇઓએ તેનાં વસ્ત્ર કાહાડી લીધાં, ક્રુશને જમીનમાં ખોડયો. તેની ઉપર ઇજસક્રાઇસ્ટના લાંબા કરાવેલા હાથ પગમાં લોઢાના ખીલાઓ ઠોકી જડી લીધા. તેથી તેને કેવી અસહ્ય પીડા થઇ હશે તે વાંચનારે વિચારી લેવું. આ વખતે ઇશુ ક્રાઇસ્ટ આવી સ્થિતિમાં ધૈર્ય બાવ રાખી પ્રાર્થના કરવા લાગ્યો કેઃ—" હે પિતા! એઓને ક્ષમા કર એઓ શું કરે છે તે જાણતા નથી." અહો! આ દશામાં પણ તેનાં કેવાં ધૈર્ય અને ક્ષમાનાં વચનો ! ! જેવો તે પ્રથમ પ્રીતિ લાવી ઉપદેશ આપતો હતો, તેવોજ કહે છે આ વખતે જણાયો હતો. આ વખતે કેટલાક જેનારાઓએ કહ્યું કેઃ—" અરે ! તું મંદિર ભાગીને ત્રણ દિવસમાં પાછું હતું તેવું કરવા ચાહતો હતો, પણ જે તારામાં આટલી શક્તિ હોય તો હમણાં ક્રુશ ઉપરથી ઉતરી કેમ આવી શકતો નથી?" તેવીજ રીતે યાહુદી ધર્મ ગુરૂઓ પણ તેમની મશ્કરી કરતા હતા. કેટલાક કહેવાં લાગ્યો કેઃ—" તું બીજાને દુઃખમાંથી મુક્ત કરાવવા ઇચ્છતો હતો, પરંતુ તું પોતાને કેમ બચાવી શકતો નથી ? જો તું ખરેખરો ઇશ્વરનો પુત્ર હોય તો ક્રુશ ઉપરથી ઉતરીને આવે તો અમે તને માનીશું." એક બાજુએ ચોરને ફાંસીએ લટકાવેલો હતો, તે પણ બોલવા લાગ્યો કેઃ—"ઇશુ મહાન પુરૂષ અદ્ભુત કર્મી પુરૂષ જાણીને વિખ્યાત છે તોપણ તે પોતાને અને મને બચાવી શકતો નથી." ઇત્યાદિ પ્રકારે સિપાઇઓ વગેરે મશ્કરીનાં વચનો બોલતા હતા, આ વખતે ઇશુની સમક્ષ તેની **મા મેરી** અને **સેંટજોન** આંસુ પાડતાં હતાં. ઇશુએ **સેંટજોન**ને પોતાની માની સંભાળ રાખવાની ભલામણ કરી હતી. ૭ કલાક સુધી ક્રુશ ઉપર રહ્યો, છેવટ અતિ દુઃખથી ધૈર્યતા તજી બોલ્યો કેઃ—"એલિ,એલિ,લામાસેબક્તાનિ ?" અર્થ—હે મારા પિતા ! હે મારા પિતા ! શા માટે તમે મારો પરિત્યાગ કર્યો ? " આ દાઉદના રચેલાં ૨૨ મા ગીતનો પહેલો ભાગ અતિ દુઃખની વખતે ઘણું કરીને બોલવામાં આવતો હતો.

જ્યારે ઇશુને તૃષા લાગી ત્યારે પાણી માગવાથી નિર્દય સિપાઇઓએ તેના મુખમાં ખારો રસ લાવીને રેડ્યો હતો. આ પ્રમાણે શત્રુના હાથથી અનેક સંકટો ભોગવતાં ઇશુએ "હે પિતા! તારા હાથમાં મેં મારો આત્મા સમર્પણ કર્યો છે" એટલું બોલતાંજ પ્રાણ તજી દીધો હતો. (ઈ. સ. ૩૩ માં) ખ્રિસ્તીઓ કહે છે કે;—ઇશુ પાછો ત્રીજે દિવસે જીવતો થયો હતો અને યાહુદીઓ કહે છે કે તેના મુડદાને કબરમાંથી તેના શિષ્યો છાનામાના લઇ ગયા હતા, તે એમ બતાવવાને કે તે તો કબરમાંથી સજીવન થઈ આકાશમાં ચાલ્યો ગયો. ગમે તેમ હો. ઇશુખ્રિસ્તે અનેક સંકટો સહન કર્યાં—કમોત હોયું પણ ઈશ્વર ઉપરથી આસ્થા અને સત્ય મૂકયું નહિ. એ પાપને સદા-નિર્ભય પણે ધિક્કારતો હતો, પાપીઓને ક્ષમા કરતો હતો. તે કેવળ નિર્લોભી અને પરમાર્થી હતો. આ પુરૂષે જે દેશમાં પ્રથમ નવો ધર્મ ચલાવ્યો. તે દેશ વિદ્યા, વેપાર કે રાજ્ય સંબંધી સત્તા ધરાવનારો નહોતો. તે પોતે સંસારી ઉત્તમ સ્થિતિમાં નહોતો, તેમના શિષ્યો વિદ્વાન નહોતા, પણ અજ્ઞાન અને માછીઓ વગેરે હતા. તેમ છતાં તેનો ધર્મ ચોથો સૈકામાં રોમના રાજ્યમાં પ્રસર્યો હતો. આજે એને માનનારા ઘણા લોકો છે. એ જીજસક્રાઇસ્ટનો અદ્‌ભૂત વિજય છે.

ધર્મનાં સિદ્ધાંત—ખુદા એક ને નિરંજન નિરાકાર જ્યોતિસ્વરૂપ છે. ઇશુને ખુદાનો પુત્ર માની તેના ચમત્કારો ને ખરા માનવા, ખુદાની બંદગી કરવી, બાઇબલ કીતાબને ખરી માનવી, સત્ય બોલવું, ચોરી, કુકર્માદિ અનાચારોનાં કૃત્ય ન કરવાં, બીજાં પ્રાણીઓનો આત્મા મનુષ્યના આત્મા જેવો શ્રેષ્ઠ નથી, પણ તે આત્મા માત્ર મનુષ્યના સંરક્ષણ સારૂં ઉત્પન્ન કરેલા છે. માટે મનુષ્ય સિવાય બીજાં પ્રાણીઓને મારવામાં પાપ નથી. ઇશુ ખુદાસાથે કયામતને દિવસે આવશે, ઇશુને માનનારાઓ જેટલા છે તેટલાને ખુદા બચાવશે અને બીજાને શિક્ષા કરશે! ઇનસાફને વખતે ભક્ત પુરૂષોની મોટી પ્રશંસા થશે, ઇશુમરણ પામી પાછો જીવતો થયો—તે પવિત્ર ભૂત, ખુદાતે પિતા, ઇશુતે પુત્ર એ ત્રણે એક રૂપ છે એમાં ભેદ ન ગણવો. પુનર્જન્મ નથી; ધર્મ, કર્મ, મૂર્ત્તિ આદિમાનનારા નરકના અધિકારી થાય છે. પ્રભુનો પુત્ર ઇશુ મનુષ્યના ઉદ્ધારાર્થે અવતાર લઈ સત્યબોધ કરી મનુષ્યના કલ્યાણાર્થેંજ પ્રાણ ખોઇ ગયો છે તેની ભક્તિજ સર્વેને તારવા વાળી છે. ક્રાઇસ્ટ જેમ પરપ્રેમથી સત્ય પ્રકાશિ મનુષ્યને તારવા આત્માર્પણ કરી ગયો તેમ તેના ધર્માનુયાયીઓએ પણ પરાર્થે આત્માર્પણ કરવા જેવી પરમભ્રાતૃરૂપનીતિ ધારવી તેથી ઇશ્વર પ્રસાદરૂપ અનંત મોક્ષ છે. આ સિદ્ધાંતને માનવો એટલે તે સર્વ જ્ઞાનને પામ્યો. તે સિવાય બીજું જ્ઞાન મેળવવાની જરૂર નથી.

આ ધર્મની પ્રથમ ગાદી ઇટાલીના **રોમ** શહેરમાં સ્થાપન થઇ. ધર્મ ગુરૂની ગાદીપર બેસનારા આચાર્યને **પોપ** (ધર્મનો બાપ) કહે છે. તેની સત્તા રાજા અને પ્રજાપર વધી પડી હતી. રાજા કરતાં પણ એની સત્તા અધિક ગણાતી હતી. તેથી રાજા પ્રજા ધર્મ વિરૂદ્ધ કદી વર્ત્તતા નહિ. જે ધર્મ વિરૂદ્ધ ચાલતા તેને પોપ શિક્ષા કરતો. મોટા મોટા રાજાઓને પણ ગાદી ઉપરથી ઉઠાડી મૂકવાને શક્તિમાન હતો. બાપટીઝ્મની ક્રિયા આદિતેના ફરમાનથી થતી, બાઈબલનો તરજુમો થવા દેતો નહિ અને પોતાના સિવાય બીજો કોઇ વાંચે નહિ. તે એક ખુદા જેવોજ મનાતો. દેવળમાં મેરી—મરિયમની અને સેંટની પૂજા ચાલતી, ધર્મના સાધુઓને પરણવાની મના હતી. ઇત્યાદિ તેની સત્તાની સામે કેટલાક થયા. તેમાં કેટલાકે પોપનું ધર્માધિકારીપણું માન્યું અને કેટલાકે ન માન્યું. તેથી પરસ્પર લડાઇ થઇ, હજારો મનુષ્યો ઘણી વખત કપાઇ મુઆ—અંતે તેમાંથી ત્રણ પંથ નીકળ્યા. (૧) પોપને નહિ માનનારા તે **પ્રોટેસ્ટંટ**, (૨) પોપને માનનારા તે **રોમનકેથોલિક** અને (૩) **ગ્રીક** એમ ત્રણ પંથ થયા. તે સર્વનો પેગંબર તો એક ઇશુખ્રિસ્તજ ગણાય છે, પણ દરેકના ધર્મસિદ્ધાંતો જુદા જુદા છે. આ ત્રણ ખ્રિસ્તી પંથોમાંથી પણ બીજા આશરે ૨૫૦ ઉપર પંથો નીકળ્યા છે. તે દરેક ના જુદા જુદા સિદ્ધાંતો છે. એમ અનેક તર્કવિતર્કથી આ ધર્મના પ્રથમના નિયમોમાં ઘણો ફેરફાર થઈ ગયો છે. રોમનકાથોલિક દેવળમાં તો આજે પણ ઇશુખ્રિસ્ત નીમાં મેરી—મરિયમ વગેરેની મૂર્તિઓ રાખી માનવામાં આવે છે. ખ્રિસ્તી ધર્મમાં જડ વાદી અને ચૈતન્યવાદીઓ બંને છે. કેટલાક તો યોગ સાધનાને પણ માને છે અને કેટલાક આત્મજ્ઞાન- વેદાંત જ્ઞાનને પણ માનવા લાગ્યા છે. કેટલાક ઇશુ—જીજસક્રાઇસ્ટનું પ્રભુપણું સ્વીકારતા નથી, કેટલાક તેને ઇશ્વર અને મનુષ્ય એ બંનેની વચ્ચેનો ગણે છે. કેટલાક બાઇબલને ઇશ્વર કૃત્ય ગણે છે અને કેટલાક મનુષ્ય કૃત્ય ગણે છે. (ઈશુખ્રિસ્તના શિષ્યો સેંટજેમ્સ, સેંટપીટર, સેંટજુદ અને સેંટજ્યોન તેમણે બંદગી કરવા, નેકમાર્ગે ચાલવા અને ખોદાઈ ભેદ વિષે યાહુદી ધર્મ ગ્રંથને આધારે જે લખાણો કર્યાં હતાં. તે બધાં એકઠાં કરી સેંટપોલ અને સેંટ માત્થ્યુસે તેમાં પોતાનું કેટલુંક ઉમેરી બાઇબલ કીતાબ બનાવી એવું કેટલાક ગ્રંથોપરથી પુરવાર થાય છે. ઇત્યાદિ મતમતાંતરોથી એ એક ધર્મમાંથી અનેક પંથો નીકળ્યા છે.

મુસલમાનીધર્મપ્રવર્ત્તક.

હજરત મહંમદ પેગંબર.

અરબસ્થાન દેશમાં મોટાં રેતીનાં રણો છે, તાપ બહુ પડે છે, ઝાડ

પાન વગરના પાહાડો છે, વરસાદની તાણ પડવાથી વખતે ટીપું પાણી પણ મળતું નથી. ઘણે ઠેકાણે ખારાં પાણીનાં ઝરણા છે, ભટકતી આરબોની જંગલી જાતો લૂટ ચોરી કરતી ફરે છે, અદેખાઇ, ઇર્ષાથી પરસ્પર લડાઇ કરી કપાઇ મરે છે. તેથી સમુદ્ર કિનારાના શહેર સિવાય આખો દેશ ભયંકર લાગે છે. આ દેશમાં આરબોની ઘણી જાતો છે, તેમાં કુરેશ જાતનો અબ્દુઅલમોતાલિબ મક્કામાં રહેતો હતો. તેણે મક્કા શહેરમાં જમજમ નામે પવિત્ર ગણાતો કૂવો ખોદાવ્યો, રેતાળ જમીનમાં આ ઝરો ખરેખરો અલૌકિક દેખાવ છે આ કૂવો ખોદાવવાથી અબ્દુલઅલમોતાલિબની ઘણી કીર્ત્તિ વધી હતી. આરબલોકના દરેક કુટુંબના જુદા જુદા ઇષ્ટ દેવતા હતા અને તેઓનાં દેવળ હતાં, ઇષ્ટદેવતાને ખુશ કરવાને નરબળિ આપતા. મક્કામાં કાબતુલ્લા નામે મંદીર પવિત્ર ગણાતું હતું, અરબસ્થાનના સર્વ જાતના રહેવાશીઓ તેને માનતા હતા. કાબામંદિરમાં ૩૬૦ દેવદેવીઓની મૂર્તિઓ હતી, આરબો વર્ષના પ્રત્યેક દિવસે એક એક દેવને પૂજતા હતા. એ રીતે આરબ જાત મૂર્ત્તિ પૂજક હતી. અબ્દુઅલમોતાલિબ સુખી હતો, પણ કાંઇ સંતતિ નહોતી. તેથી નિરંતર ઉદાસી રહેતો હતો. તેણે ઇષ્ટદેવતાની માનતા કરી કે;-જો મને દશ પુત્રો થશે તો એક પુત્ર દેવતાને પ્રસન્ન કરવા બળિદાન આપીશ. આ પછી તેને દશ પુત્રો થયા હતા, નજુમીની આજ્ઞા પ્રમાણે સૌથી નાના અને પ્યારા પુત્ર આબદુઆલ્લાને બળિદાન કરવાની તૈયારી કરી. અબ્દુઅલમોતાલિબ હાથમાં છુરી લઇને જેવો તેના ગળા ઉપર ફેરવવા તૈયાર થયો, તેવોજ કોઇએ તેનો હાથ ઝાલી રાખ્યો. તેથી તેણે નજુમીના કહેવા પ્રમાણે પુત્રને બદલે એકસો ઉંટ બળિદાન કરીને માનતા પૂરી કરી. થોડા વખતમાં એબિસિનીયાનો બાદશાહ મક્કા જીતવાને ચડી આવ્યો, જે કાબતુલ્લા આખી આરબ જાતનું તીર્થસ્થાન હતું, તે મંદિર શત્રુના હાથથી નાશ પામશે એવો વિચાર કરીને આરબો ઉન્મત્ત થઈ ગયા. મક્કાના યુવાન અને વૃદ્ધ સઘળા સ્વદેશ અને સ્વધર્મની રક્ષા માટે તૈયાર થયા. રણવાજાં વાગ્યાં, જુવાનો માતૃભૂમિ અને સ્વધર્મની રક્ષા માટે પ્રાણ આપવાને તત્પર થઇ મક્કાની પાસેના પાહાડોમાં એકઠા થયા. તેવામાં શત્રુ સૈન્ય રોગથી મરણ પામવાના ખબર મળવાથી સૌ આનંદ પામ્યા. ઘેર ઘેર ઉત્સવ થઇ રહ્યો હતો. તેવામાં અબ્દુઅલમોતાલિબના નાના પુત્ર અબદુઆલ્લા ગાજા શહેરમાં વેપાર કરવાને ગયેલો, ત્યાંથી પાછા આવતાં ૨૫ વર્ષની ઉમરે મદીનામાં મરણ પામ્યો. આ ગાઢા સમાચારથી આ કુટુંબ મહા શોક સાગરમાં પડયું. અબદુઆલ્લાની સ્વરૂપવાન સ્ત્રી આમેના પતિ વિયોગથી દુનિઆનો ત્યાગ કરવાને તૈયાર થયેલ તેવામાં તેને ઇ. સ. ૫૭૦ માં પુત્ર રત્નનો જન્મ થ-

યો તેનું નામ **મહંમદ** પાડયું. આમેનાનું શરીર પતિના શોકથી દુર્બળ થઈ ગયું હતું; ધાવણ (દૂધ) આવતું નહોતું. હજરત મહંમદના પિતાની હાલત કંગાળ હતી. તેણે મરતી વખતે પોતાની પાછળ ૪ ઊંટ, કેટલાંક બકરાં, અને **બરકાર** નામે એક ગુલામડી એટલું મૂક્યું હતું. તે સિવાય કાંઈ પણ ઘરમાં નહોતું. તેથી આમેના દુઃખી હતી, પોતાના પુત્ર માટે ધાવ રાખવાનું ખર્ચ પણ આપી શકાય તેટલું નહોતું. પણ જેમ તેમ કરી હલીમા નામે એક પાહાડી સ્ત્રીને હજરત મહંમદને સોંપ્યો. તે પાહાડમાં પોતાને ત્યાં ધવરાવી ઉછેરી મોટો કરવા લઇ ગઈ. પાંચ વર્ષનો મહંમદ થતાં તેને આમેનાને સોંપ્યો. આમેના પુત્રનું મુખ જોઈ હર્ષ પામી છઠે વર્ષે મદીના તેડી ગઈ. ત્યાં થોડો વખત રહ્યા બાદ મક્કામાં આવતાં માર્ગમાં **આ**વોયા શહેરમાં મરણ પામી. એ રીતે બાળક મહંમદ માબાપ વગરનો નિરાધાર થયો. આમેના સાથે **બરકાર** નામની ગુલામડી હતી, તેણે મહંમદને લાવીને **અબ્દુઅલ** મોતાલિબને સ્વાધીન કર્યો. અબ્દુઅલ મોતાલિબે પાળી પોષી મોટો કર્યો. તે મક્કાના જમજમ કૂવાનો માલેક હતો, જાત્રાળુઓને ખાવા પીવા માટે તેનું શરણ લેવું પડતું હતું. કાબતુલ્લાના મંદિરનો પણ એ બંદોબસ્ત રાખવાને જતો, ત્યારે મહંદ સાથે તેડી જતો. કાબતુલ્લાહજ કરવા આવનારાં સ્ત્રી પુરૂષો આખો દિવસ અપવાસ કરીને દેવતાઓની આગળ મનકામના સિદ્ધ થવા માટે પ્રાર્થના કરતા, પૂજા કરતા, પ્રદક્ષણા કરતા અને ભક્તિપૂર્વક પવિત્ર ગણાતા ૨ ઇંચ ઊંચા અને ૮ ઇંચ પોહોળા કાળા પથ્થરને ચૂંબન કરતા હતા. (આ પથ્થરને આજે પણ હજ કરવા જનારા મુસલમાનો પવિત્ર ગણી ભક્તિપૂર્વક ચૂંબે છે.) આખો દિવસ અસંખ્ય દેવની પૂજા અને પ્રાર્થના કરતા. મહંમદ એ સર્વે નિહાળીને જોતા હતો. તેથી તેના હૃદયમાં બાળપણથીજ ધર્મનો વિચાર ઉત્પન્ન થયો હતો. મહંમદની ૮ વર્ષની ઉમરે અબ્દુઅલ મોતાલિબ મરણ પામ્યો. તેથી મહંમદ પોતાના મોટા કાકા અબુતાલેબને આશ્રયે રહ્યો. મહંમદ અબુતાલેબની સાથે સિરિયા દેશમાં વેપાર માટે જવા લાગ્યો. તેથી લખતાં વાંચતાં મુદલ શીખ્યો નહોતો. તે જીંદગી સુધી તેમજ રહ્યો હતો. વેપાર માટે કાકા સાથે મિસર, પાલેસ્ટાઇન અને સિરિયા વગેરે દેશોમાં મુસાફરી કરવાનું મળ્યું. ૨૫ વર્ષની ઉમર સુધી એ કર્યા કર્યું હતું. તેથી મુસાફરીમાં તેને જોવા, જાણવાનું ઘણું મળતું હતું. જુદા જુદા ધર્મના લોકોનો સહવાસ થતો હતો. તેમની ધર્મ સંબંધી વાતો ધ્યાન દઇને સાંભળતો અને યાદ રાખતો હતો. તેની યાદ શક્તિ એવી સારી હતી કે તે જે સાંભળતો તે કદી ભુલી જતો નહિ. સિરિયા દેશમાં **બસ્રા** શહેર વેપારનું મોટું મથક હતું. ત્યાં દેશ

દેશના લોકો વેપાર કરવાને આવતા હતા જાતજાતના ખ્રિસ્તીઓના મંદિરો ને આશ્રમો હતા. **નેસ્તોરિયન**—ખ્રિસ્તી સાધુ બાહીરા મહંમદની અસાધારણ અકલ, તીક્ષ્ણ બુદ્ધિ, અને ધંધામાં પ્રમાણિકપણું જોઇને મુગ્ધ થયો હતો. મહંમદે એની પાસેથી ખ્રિસ્તી ધર્મનું મૂળ જાણ્યું હતું. બસ્રા શહેરમાંના નવા લોકોના નવા આચાર વ્યવહાર અને ધર્મની વાતથી મહંમદને અજાયબી ઉપજી થઇ હતી. કેટલીક જગ્યોએ યાહુદીઓ અને ખ્રિસ્તીઓ પોતાના ધર્મનો ઉપદેશ આપતા જોયા, જુદા જુદા ધર્મના લોકો પોતાના ધર્મની શ્રેષ્ઠતા સંપાદન કરવાને વિવાદમાં મારા મારી કરતા જોયા. એક ખ્રિસ્તી ધર્મના ઉપદેશકને ખુદા, પરકાલ, પાપ પુણ્ય, અને મૂર્તિ પૂજા વગેરેનો બોધ આપતો જોયો. ત્યારથીજ મહંમદનું ધ્યાન પ્રથમ ધર્મની બાબત વિષે દોડયું હતું. બસ્રાથી મક્કામાં આવ્યા પછી કોરેશ અને બેણી વંશમાં પરસ્પર લડાઇ ચાલતી હતી તેમાં જોડાયો. એ લડાઇમાં તેણે કુશળતા વાપરી બહાદૂરી બતાવી હતી. તેથી ઘણા વખાણને પાત્ર થયો હતો. લડાઇમાંથી ઘેર આવી જંગલમાં બકરાં ચારવાજતો, ત્યારે ઉંડા વિચારમાંનિમગ્ન રહેતો હતો, મહંમદ લખી વાંચી જાણતો નહોતો તેથી કોઇ કિતાબ વાંચી નહોતી, પણ તે જે જાણતો, જોતો અને સાંભળતો તેનું જ્ઞાન હૃદયમાં એકઠું કરવાનો માહવરો પડયો હતો. એ રીતે તેણે પોતાના અને પારકા ધર્મનું જ્ઞાન મેળવ્યું હતું. અબુતાલેબે કોરેશ વંશની **ખતીજા** નામે ધનવાન વેપારી વિધવા સ્ત્રીને ત્યાં મહંમદને નોકર રખાવ્યો. તેથી ફરી વેપારનો ધંધો કરવા લાગ્યો. વેપારની વસ્તુઓ ઉંટ ઉપર ભરીને બાસ્રા, આલિપો અને ડમાસ્કસ વગેરે શહેરમાં જઇને ખતીજાને ઘણું ધનમેળવી આપ્યું. ત્યાંથી આવ્યા પછી શેઠાણી ખતીજાએ તેની સાથે લગ્ન કર્યું. આ વખતે મહંમદની ઉમર ૨૮ વર્ષની અને ખતીજાની ૪૦ વર્ષની હતી. આ સંબંધથી હવે તે સુખમાં દિવસ ગાળવા લાગ્યો. ગુજરાન ચલાવવાની ચિંતા મટી, કેટલેક કાળે તેને કાશિમ અને ઇબ્રાહીમ એ બે પુત્રો અને જેનેબ, રૂકઇયા, ઓમકોલથામ અને ફાતમા આ ચાર પુત્રીઓ થઈ હતી. પુત્રો તો બાળ વયમાંજ ગુજરી ગયા હતા.

આ વખતે અરબસ્તાનમાં ધર્મના ઘણાજ મતવાદ ચાલતા હતા—યાહુદીઓ પોતાના ઉપર રોમનોમો જૂલમ થવાથી અરબસ્થાનમાં આવી રહ્યા હતા, તેઓ પણ પોતાના વડીલોનો એકેશ્વર વાદ મૂકીને ખુદાની મૂર્તિને પૂજતા હતા. ખ્રિસ્તી ધર્મ પણ અરબસ્થાનમાં ફેલાયો હતો. ખ્રિસ્તીઓ મૂર્ત્તિ પૂજનારા થઈ ગયા હતા. મેરી અને ઇશુની મૂર્ત્તિ પૂજાજ તેઓના ધર્મનો સાર હતો. એશીઆખંડમાં સર્વ ઠેકાણે મોટા ફેર-

કાર થયા હતા, આ સર્વ ધર્મોમાંથી પણ કેટલાક ધર્મ નીકળ્યા હતા. વળી સિરિયામાં લડાઇઓ થયેલી, ઇરાનીઓએ યાહુદી અને ખ્રિસ્તીઓ ઉપર જુલમ ગુજારવાથી તેઓ પણ નાશી અહીં ભરાયા હતા. તેથી અરબસ્થાનમાં જુદી જુદી જાતના લોક અને જુદા જુદા ધર્મ પાળનારા હતા. તેઓ પરસ્પર લડી મરતા હતા. પૂર્વ તરફના દેશોની તેમજ પશ્ચિમ તરફના દેશોની હાલત બગડેલી હતી. આ સર્વ બાબતથી અને પોતાના દેશની સ્થિતિ, કાયદા અને ધર્મ આદિથી મહંમદ વાકેફ થયો હતો. મક્કામાં આ વખતે ઘણોજ જુલમ વધી પડયો હતો. લોકો ધોળે દિવસે દુર્બળનું સર્વસ્વ લુટી લેતા હતા, ગુસ્સામાં આવી એક બીજાને મારી નાખતા હતા. સ્ત્રીઓપર જુલમ ગુજરતો હતો, ગુલામોને અતિદુ:ખ સહન કરવું પડતું હતું, પરસ્પર મારામારી અને કાપા કાપી સેહેજ વાતમાં થતી હતી, લડાઇ અને લોહી કાઢવું એ નિત્યનું કામ થઇ પડયું હતું. સ્ત્રી પુરૂષો લજ્જા મૂકીને નાગા થઈ હાથપર તાળી આપીને નાચતા કૂદતા કાબતુલ્લાની પ્રદક્ષિણા કરતા અને એમાંજ ધર્મ માનતા હતા, વ્યભિચાર વધ્યો હતો. ઇત્યાદિ રીતે એ દેશની હાલત માઠી થઈ ગઇ હતી. મહંમદે પોતાનો મત ફેલાવવાને અગાઉથી વિચાર કર્યો હતો, તે હવે પોતાના દેશના ધર્મની, પરદેશોની અને તેના ધર્મની સ્થિતિ બગડેલી હતી, કુસંપ વધેલો હતો. આવો ઉત્તમ લાગ જોઇ પોતાનો નવો ધર્મ ફેલાવવાને શું શું યુક્તિઓ કરવી એ વિશે વિચાર કરવાને મક્કાથી ત્રણ મૈલ દૂર હાર નામે પાહાડની ગુફામાં ગયો. તેને પોતાની ધારણા પાર પાડવાનું ઉપરના કારણથી ઘણુંજ સહેલું લાગ્યું. પોતે ધનવાન સ્ત્રીને પરણ્યો હતો, ગુજરાન સંબંધી ફિકર રહી નહોતી, વેપાર પ્રસંગથી આબરૂદાર ગણાયો હતો. આવી સ્થિતિમાં ચંચળ બુદ્ધિનો યુવાન પુરૂષ તરંગીને પછી એકાદી બાબતમાં ઉમંગી થયાવગર કેમ રહે. મહંમદે ઉમંગથી છેવટ પોતાનો નવો ધર્મ ફેલાવવાને નિશ્ચય કર્યો. મક્કામાં આવી ઈ. સ. ૬૧૧ માં ૪૧ વર્ષની ઉમરે પોતની સ્ત્રી ખતીજાને જણાવ્યું કે;—"મને જબ્રીઅલફિરસ્તો અલ્લાનો હુકમ ફરમાવી ગયો છે કે, તું તારા દેશમાં લોકોને ખરા ધર્મનો બોધ કર. તે એવોકે;-ઇશ્વર એક છે, જગતમાં જે કાંઇ થાય છે તે સઘળું તેની ઇચ્છાથી થાય છે, મૂર્ત્તિપૂજા ઉપર તેણે કોપ કર્યો છે. સૌએ એનાં નામ ઉપર અને પેગંબર મહંમદના વચન ઉપર પૂરૂં ઇમાન રાખવું." ખતીજાએ પોતાના પતિના બોલવા ઉપર વિશ્વાસ રાખી સત્ય માન્યું અને મૂર્ત્તિ પૂજા છોડી સૌથી પહેલાં શિષ્ય થઇ. પછી ખતીજાએ પોતાની પુત્રીઓને અને ગુલામ જૈયદને સમજાવી નવો ધર્મ ગ્રહણ કરાવ્યો. મહંમદે પોતાના કાકા અબુતાલેબના પુત્ર અલીને અને પોતાની જાતના એક મુ-

ખી આબરૂદાર અબુબેકરને સમજાવી પોતાના ધર્મમાં લીધા. અબુબેકરે મહંમદના મામાના પુત્ર સીદ, ખતીજાના ભાઇના પુત્ર ઝોબેયા મહંમદના કાકાના પુત્ર અથમાન, અબ્દુલ્લા રહેમાન, તાલહા, આલિદઓબેદા, ઓથમાન વગેરે સગા સ્નેહીઓને સમજાવી નવા મતમાં લીધા. આમાં કોઇ વેપારી, કોઇ દરજી, કોઈ સુતાર, કડીઆ, તીરબનાવનાર અને કોઈ કસાઈ હતા. હજરત મહંમદ પેગંબરને આ તેર શિષ્યો નિત્યના સોબતી અને મદદગાર થઇ રહ્યા હતા. ત્રણ વર્ષમાં માત્ર ૨૪ શિષ્યોની સંખ્યા થઇ હતી. તે સર્વે મહંમદની સત્તાને મોટો ટેકો આપનારા અને સરસ લડવૈયા હતા. ઇસ્લામી ધર્મમાં લાવવાની મહેનત કરવાના બદલામાં મહંમદે અબુબેકરને "અબ્દાઅલ્લા—ખોદાનો નોકર" એવો ઇલકાબ આપ્યો હતો. તેમજ કોઇને નર્કથી બચેલો ઇત્યાદિ ઇલકાબ આપ્યાથી તેઓ હોંસથી હજર મહંમદના કાર્યને ઉત્તેજન આપવા લાગ્યા. ત્રણ વર્ષમાં મક્કાના સત્તા વાળા અને વગવાળાને પોતાના નવા ધર્મમાં દાખલ કર્યા. આટલો વખત સર્વ છૂપી રીતે કામ ચલાવ્યું. હવે સંખ્યા વધવાથી જાહેર બહાર પડ્યા. એક વખતે પોતાને ત્યાં જમણ નીમિત્તે સગાં સંબંધીઓને એકઠા કરીને પોતાના પેગંબરપણાનું ખરાપણું સમજાવવા માંડયું, એ સર્વ લોકોએ સાંભળ્યા કર્યું, પણ જ્યારે મહંમદે મૂર્ત્તિ પૂજાની જાહેર નિંદા કરવા માંડી. ત્યારે તેઓ ઘણાજ ગુસ્સે થઇને ધિક્કાર આપવા લાગ્યા, કોઇ પથ્થર, લાકડી ફેંકવા લાગ્યા. એ વખતેજ તેણે મહંમદને મારી નાંખ્યો હોત, પણ તેના કાકા અબુતાલેબ જ્યારે ત્યારે તેનું રક્ષણ કરતો હતો. તેણે લોકોને સમજાવી બચાવી લીધો હતો. કોરેશ જાતના આરબો આટલો વખત તેની આબરૂ ઉપર હુમલો કરતા હતા. તે હવે અંગ ઉપર હુમલો કરવા લાગ્યા. જ્યારે કાબા મંદિરમાં હજરત મહંમદે મૂર્ત્તિની નિંદા કરી ત્યારે પણ લોકોએ તેના ઉપર હુમલો કર્યો હતો અને તે વખતે તે ગુંગળાઈ ગયા હતા, પણ અબુબેકરે બચાવી લીધો હતો, તોપણ તેના શરીરને નુકસાની થઇ હતી. હવે મક્કાના આગેવાન ગણાતા આરબો તેને ઉપદેશ આપતા અટકાવવા લાગ્યા, પણ મહંમદે પોતાના મતમાં ઉમેરો થવાથી તેમનું નહિ માનતાં બોધ જારી રાખ્યો. કોરશી તેની મુર્ખાઈને હસવા લાગ્યા અને નવો ધર્મ માનનારાઓ ઉપર જુલમ ગુજારવા લાગ્યા. મહંમદના કહેવાથી (૮૨ પુરૂષો અને ૧૮ સ્ત્રીઓ લાલ સમુદ્ર ઓળંગી એબિસિનીયામાં જઈ રહ્યા. મહંમદનો એક સગો ઓમર મોટો આબરૂદાર અને બહાદુર ગણાતો હતો, એ નવા ધર્મમાં દાખલ થયાથી મક્કાના કોરેશ સરદારો વધારે ગુસ્સે થયા અને મહંમદના સગાં જે જાતના હતા તે જાત સાથે સઘળો વહેવાર તજી દીધો. આ વર્ષમાં મહંમદનો કાકો અબુતાલેબ ૮૭ વર્ષની ઉમરે અને ખતીજા ૬૪ વર્ષની ઉમરે મરણ પામ્યાં. તેથી મહંમ-

દને મોટો ટેકો ગયો. હવે કોરશ જાતના આરબો મહંમદને વધારે સતાવવા લાગ્યા. તેથી મહંમદ નાશી તાઇફ શહેરમાં ગયો. ત્યાંના લોકો દેવીને માનતા હતા, તેમણે મહંમદનો બોધ સાંભળ્યો નહિ, ઘણું દુઃખ દેવા માંડયું. તેથી કેટલીક મુશીબતે નાશી મક્કામાં આવ્યા. એ વખતે મદીનાના લોકો મક્કામાં કાબા મંદિરની જાત્રા—હજ કરવાને આવ્યા હતા. તેમાંથી ૬ યાહુદીઓએ મહંમદનો ધર્મ માન્યો. તેમણે મદીનામાં જઇને કેટલાકને સમજાવી મહંમદને પેગંબર તરીકે કબૂલ કરાવ્યા. મહંમદે જેરૂશલેમ જઇને પોતે ખુદાના ફરમાનો લાવ્યાની અને ખુદા પાસે જઈ આવ્યાની કેટલીક ચમતકારીક વાતો સંભળાવવા માંડી તેમજ કાંઇ ચમત્કાર કર્યા. આ ચમત્કારની વાતો કોઈએ માની અને કોઇએ માની નહિ. મદીનામાં ઇસ્લામી ધર્મ ફેલાયાથી કોરેશોએ મહંમદને જીવથી મારી નાખવાનો પ્રપંચ કર્યો. જે કોઈ મહંમદને જીવથી મારી નાખે તેને ૧૦૦ ઉંટ અને કેટલુંક સોનું ઇનામ આપવાનું જાહેર કર્યું. મક્કાનો ગવરનર જે અબુસોફીઆન મહંમદનો કટ્ટોશત્રુ હતો, તેણે સર્વને એકઠા કર્યા. મહંમદ ખબર પડવાથી અલીને પોતાનો જભ્ભો પહેરાવી મદીના નાશી ગયો. અહીંના લોકોએ તેને પેગંબર કહી માન આપ્યું. તે પછી અલી અને અબૂબેકર વગેરે તેને આવી મળ્યા.

મહંમદ મક્કાથી મદીના ઈ. સ. ૬૨૨ તા. ૧૬ મી જુલાઇએ નાશી ગયો ત્યારથી **હીજરી** સન ચાલ્યો હવે તમામ મક્કા વાસી વગેરેએ મહંમદનો પ્રાણ લેવા નિશ્ચય કર્યો હતો. મહંમદ આટલો વખત ધૈર્ય રાખી ઉપદેશ કર્યા જતો, નિવૃત્તિ વાસને ઇચ્છતો અને વચનોનો ઉપયોગ કરતો હતો. તેમજ શિષ્યોને પણ એવીજ આજ્ઞા કરતો કે, " ધર્મનો ફેલાવો કરવામાં ખુદાએ શસ્ત્રને બદલે વચનનોજ ઉપયોગ કરવાની આજ્ઞા કરી છે." આવો તેનો પ્રથમ નિશ્ચય હતો, પણ જ્યારે શત્રુએ તેના સોબતીઓને દુઃખ દેવા લાગ્યા અને તેની જાતનાજ લોકોએ તેનો પ્રાણ લેવા ધાર્યો; ત્યારે તે હઠે ભરાયો અને આરબ દાખલ વેર ઉપજ્યું. એ બેથી ઉશ્કેરાઈ ખરા આરબોને વહાલો જે રંણસંગ્રામ તે ઉપાય કામે લગાડયો. નરમાશને બદલે જબરજસ્તી કરીને તરવાર ચલાવી મારીને મુસલમાન કરવા ધાર્યું અને તે વળી "ખુદા તરફથી જાહેર થયેલું ફરમાન જણાવ્યું! તેમજ આ લડાઇમાં મરનારને સ્વર્ગ મળશે અને અપ્સરા પરણશે એવું સમજાવ્યું." આ ફરમાન આરબો જેને હમેશાં લુટફાટ કરવાની ટેવ હતી, તેઓની ઇચ્છાને ઉત્તેજન આપનારૂં હતું. તરવાર ચલાવી લુટફાટ કરવાનું જાહેર થયેલું સાંભળી ટોળા બંધ જંગલી લુટારૂ લોકો એકઠા થવા લાગ્યા, મહંમદે હથિયાર બંધાવ્યાં, પોતાના આગલા વેરનો બદલો

લેવાને અને આરબોની લુટફાટ કરવાની કુદરતી ખાસીએતને રાજી રાખવા માટે મક્કા શહેરના કોરેશ લોકોની વેપારની ચીજો ઊંટ ઉપર ભરી આવતી એ વણજારો લુટવા દીધી. કોરેશો ઉપર ત્રણ હુમલા કર્યા પણ તે નકામા ગયા. તેથી કેટલાક સાથીઓ તેનો પેગંબરી દાવો નાકબૂલ કરી નાશી ગયા. ચોથો હુમલો “રમજાન” ના પવિત્ર ગણાતા દિવસોમાં કર્યો. આ પવિત્ર ગણાતા દિવસોમાં આરબોને પરસ્પર લડાઈ કરવાની મૂળથીજ મનાઇ ચાલી આવતી હતી. તેમ છતાં મહંમદે વેપારની વણજાર લુટાવી, ૧ માણસને જીવથી માર્યો અને ૩ કેદ પકડયા હતા. આ પવિત્ર મહિનામાં સલાહ સંપ રાખવાનો નિયમ તોડ્યાથી મદીનામાં મોટી હોહા થઇ રહી, કામ ઘણું બગડી ગયું. તેથી મહંમદ ગભરાયો, પણ યુક્તિથી લોકોને સમજાવી શાન્ત કર્યા. કેટલાક તેની વિરૂદ્ધ થઇ શત્રુને મળી ગયા. લુટનો ભાગ મહંમદે સર્વેને વહેંચી આપ્યો. ફરી લૂટની લાલચ આપી આરબોને ઉશ્કેર્યા. મક્કાનો વડો હાકેમ અબુસોફીઆન (૧૦૦૦) એક હજાર ઊંટ ઉપર ઉમદા વેપારની ચીજો ભરીને સિરિયા તરફથી આવતો હતો. તે ઉપર ૪૦ હથિયારબંધ આરબોની ચોકી હતી. આ વણજાર ઉપર મહંમદે હુમલો કરવા ધાર્યો. આ ખબર મક્કામાં ફેલાતાં ગભરાટ થયો, એકદમ લોકો ઉશ્કેરાઈ ગયા અને વહારે ધાયા, પણ ખબર મળ્યા કે મહંમદની સાથે થોડાં માણસો છે, માટે ઘણાં માણસોને જવાની જરૂર નથી એમ ધારી કેટલાંક પાછાં વળી ગયાં. મહંમદે આવો લાગ જોઈ ધસારો કર્યો. બેદ્ર પાસે ઈ. સ. ૬૨૪ માં લડાઈ થઇ તેમાં મહંમદે જીત મેળવી; તોપણ અબુસોફીઆન ઘણી ખરી વણજારને મક્કામાં લાવ્યો હતો, પણ તેને ઘણી ખોટ ગઇ હતી. તેમજ ઘણા યુવાન સગાઓ મરણ પામ્યા હતા. આ લડાઇની લુટ સાંભળી અરબસ્તાનની મૂર્તિપૂજક જંગલી કોમો જેઓની ખાસીયત લુટ કરવાની હતી, તેઓ લુટની લાલચથી ઇસ્લામી ધર્મમાં બેધડક વટલીને મહંમદની સરદારી હેઠળ એકઠા થવા લાગ્યા. મહંમદની સત્તા મદીનામાં વધતી ચાલી હતી. આ જોઈ કોરેશ લોકો મક્કાથી ત્રણહજાર માણસનું સૈન્ય લઈ આવ્યા. ઓહદ પહાડ પાસે મોટી લડાઈ થઈ. તેમાં મહંમદની હાર થઇ, આ હારથી તેને મોટું નુકસાન થયું, આરબોની કેટલીક જાતો અને યાહુદીઓ તેના પેગંબરી દાવાને નાકબુલ કરી સામે થયા. કેટલાક સોબતીઓ ખીજાઈને માઠું બોલવા લાગ્યા, મહંમદે તેમનો ગુસ્સો નરમ પાડવાને અને એકીન બેસાડવાને નવી યુક્તિઓ કામે લગાડી. જે યાહુદીઓએ પેગંબર તરીકે માનવાની આશા આપી હતી, તેઓએ પસીને ના પાડી. તેથી મહંમદે તેના ઉપર હુમલો કરી જૂલમ કર્યો. યાહદી વીણી

કાઢેલા સાથીઓને લઈ સન ૬૨૮ માં જાત્રા-હજને બહાને મક્કા ગયો. પણ કોરેશોએ અંદર પેસવા દીધો નહિ તેથી પાછો મદીનામાં આવ્યો. પછી તેણે મોટી હિંમત કરી દેશ દેશાવરના રાજાઓ અને સરદારોને કાગળો લખી મોકલાવ્યા કે;-"તમે સૌ એક અલ્લાને અને પેગંબર મહંમેદને માનો" આફરમાનનો કાગળ ઈરાન વાળાએ ફાડી નાખ્યો, કુસ્તંતુનીઆ વાળાએ સખ્ત રદીઓ લખી મોકલ્યો. કેટલાકે બહાનાં બતાવ્યાં, પણ એક રાજાએ ઇસ્લામી ધર્મ માન્યો. હીજરી સન ૮ માં જે ખાલેદે સિરિયા જીત્યું હતું તે અને જે ઓમરેઇજીપ્ત જીત્યું હતું. એઓતે હજરત મહંમદના માનેતા સોબતી થયા, મહંમદે તેમને મોટી સરદારી આપી. ખાલેદને "અલ્લાની તરવાર" એવો ઇલકાબ આપ્યો. આ સર્વ સહાયતાથી મહંમદ દશ હજાર માણસનું સૈન્ય લઇને મક્કા આવ્યો. મક્કાવાસીઓ મોટું સૈન્ય જોઇને લડવાની હિંમત હારી ગયા. કેટલાક લોકો મરવાની બીકથી તાબે થયા, કોરેસીઓનો મુખી નવો ધર્મ માની ઉગર્યો, પણ ખાલેદેતેના ૨૮ સાથીઓને મારી નાખ્યા. મહંમદે ૪ જણને ફાંસીએ ચડાવ્યા. એ રીતે મક્કાસહેલાઇથી તાબે થયું. ગહજરત સાહેબે ઉંટ ઉપર બેસી કાબતુલ્લા મંદિરની સાત પ્રદક્ષિણા કરી અને તેના સાથીઓએ તેમાંના દેવની મૂર્ત્તિઓનો તથા ઘોરોનો નાસ કર્યો. મક્કા તાબે કર્યા પછી એક પ્રાંત સિવાય આખા અરબસ્તાનમાં ઈસ્લામી ધર્મ મનાવ્યો.

હજરતમહંમદને એક યાહુદણે ઝેર આપ્યું હતું, તેની તરત ખબર પડયે ઉપાયો કર્યાથી આરામ થયો હતો પણ કંઈ અસર રહી જવાથી માથામાં દરદ ઉત્પન્ન થયું, તેની સખત પીડાથી ઇ. સ. ૬૩૨ માં આ દુનિઓ ત્યાગ કર્યો. હજરતમહંમદ રેણીમાં સાદો હતો, ઘરધંધો કરતો, સ્વભાવ હસમુખો અને મળતાવડો હતો, તેમજ દૃઢ નિશ્ચય વાળો, તર્કશક્તિવાળો, મન હરણ કરે એવો વાચાળ, ધર્મી, ધ્યાની અને મતાગ્રહી હતો. તેમણે પોતાના મનની પ્રેરણા પ્રમાણે જેખરૂં લાગ્યું તે સાચે ભાવે જણાવ્યું. તેણે જે ધર્મ બોધ કર્યો તે યાહુદી અને ખ્રિસ્તી ધર્મ—મતોમાંથી પોતાને જે સારૂં લાગ્યું તે લઇને કર્યો છે. કંઈ નવું શોધી કાઢયું કહેવાતું નથી. નવામાં એક મારીને મુસલમાન કરવા, પણ તેનો પ્રથમ શસ્ત્ર વાપરવાનો બોધ નહોતો, પ્રથમતો નિવૃત્તિવાસને ઈચ્છનારો હતો, પણ જ્યારે તેના જાતિલાઓએ પ્રાણ લેવા ધાર્યો ત્યારેજ વેર ઉત્પન્ન થતાં હકે શરાબ નિંદીત ગણાતા ઉપાયો કામે લગાડયા હતા. તેના વારસ ખલીફાએ ધર્મને બહાને શસ્ત્ર વાપરી રાજ્યનો લોભ રાખ્યો હતો. હજરત મહંમદ પેગંબર જેજે ધર્મ નીતિનો બોધ આપતો તે તેના સાથીઓ લખી લેતા હતા, તેને

પાછળથી સંગ્રહ કરીને જે ધર્મ ગ્રંથ બનાવ્યો તે કુરાન નામે પ્રસિદ્ધ છે.

(૧) અલઆસૈઆદ (૨) મોસાઇલામા. (૩) સીજાજ નામે સ્ત્રી એ ત્રણે હજરત મહંમદના હરીફ પેગંબરો થયા હતા. મોસાઇલામાતો મહંમદ સાહેબની જીંદગી સુધી જબરો હરીફ પેગંબર હતો. તેણે મહંમદ સાહેબના મરણ પછી પોતાના પંથ વાળાઓની મદદથી યઆમામા પ્રાંતનો હાકેમ થયો હતો. હજરત મહંમદ સાહેબને પુત્ર નહોતો, તેથી ખરો વારસતો તેનો ભત્રિજો અલી હતો. વળી મહંમદ સાહેબે પોતાની પુત્રી ફાતમા બીબીને પોતાના એ ભત્રિજા સાથે પરણાવી હતી. તેને હસેન અને હુસેન બે પુત્રો થયા હતા. હજરતમહંમદ દેવલોક થયા તે વખતે તેની કેટલીક સ્ત્રીઓ જીવતી હતી, તેમાં આયસાએ પોતાના ધર્મની પ્રજાને જણાવ્યું કે, મારા પિતા અબુબેકરે સર્વ અધિકાર ચલાવવો એવું હજરત મહંમદ અંતકાળના પ્રસંગે જણાવી ગયા છે. આ વાત પ્રજાએ માની અને અબુબેકર ખલીફા થયો. તેથી અલીનું કાંઇ ચાલ્યું નહિ. બીજી સ્ત્રી હાફસાના પિતા ઉમ્મરને મહંમદે મોટા સરદારની જગ્યો આપી હતી. તેણે પોતાની સરદારી ઉસમાનને આપી. તેથી ઉસમાન ખલીફા થયો અને અલીનું કાંઇ ચાલ્યું નહિ. ઉસમાનને અબુબેકરના પુત્રે માર્યા, તે પ્રસંગે તેણે પોતાની સરદારી અલીને આપી હતી. આ ઉપરના હેવાલથી ઇસ્લામી—મુસલમાની ધર્મમાં પાછળથી **શીઆ** અને **સુન્ની** એવા બે પક્ષ પડી ગયા છે. સુન્ની જાતના મુસલમાનો અબુબેકર, ઉમ્મર અને ઉસમાનને ઇમામ તરીકે માને છે. શીઆ જાતના મુસલમાનો તેમને 'ઇમામ તરીકે કબૂલ નહિ રાખતાં અલીને પહેલો ઇમામ ગણે છે અને બીજા અગીઆર મળી બાર ઇમામ ગણે છે. હજરત મહંમદ સાહેબને થઇ ગયાને આજે આશરે ૧૨૯૨ વર્ષ થયાં છે.

ધર્મનાં સિદ્ધાંત—સર્વવ્યાપક ખુદા એક છે, તે અદ્વૈત જ્યોતિસ્વરૂપ છે. તે અવતાર લેતો નથી, ખુદાની જ્યોતિના કિરણોથી આ સૃષ્ટિ ઉત્પન્ન થઇ છે. ખુદાની જ્યોતિ આપણાં શરીરમાં વ્યાપેલી ચૈતન્યની જ્યોતિને મળતી છે. તે આપણા શરીરમાં પોતાના નુરના સામર્થ્યથી બિરાજ્યા છે. તેજ નુરની કૃતિથી આપણા શરીરનો વ્યવહાર ચાલે છે, તોપણ ખુદાએ આપણા શરીરના આત્માને ઉત્પન્ન કર્યો છે. આત્માથી અંતઃકરણ, અંતઃકરણથી સર્વે કાયા પ્રગટી અને કાયાથી આખી ખલકત થઈ તેથી કહે છે કે, આ ખલક ખુદાના નુરથી પેદા થઈ. આ નુર સર્વત્ર ચમક્યા કરે છે, એ ચમકારાથી સૂર્ય, તારા, ચંદ્ર, વીજળી, અગ્નિ આદિ પ્રકાશે છે. તે નુર સર્વત્ર વ્યાપક છે. બંદગી કરવાથી તે પ્રસન્ન થાય છે, તેને પ્રસન્ન કરવા માટે

પવિત્રતા, શુદ્ધિ, સભ્યતાને નેકી રાખવી પડે છે. તે સર્વત્ર એકજ છે છતાં સર્વની વાત જાણે છે એવો સર્વ શક્તિમાન અને સંપુર્ણ છે. જે કુરાનના ફરમાન પ્રમાણે ચાલે છે તે સ્વર્ગવાસ કરે છે, બંદગીનો રસ્તો બતાવનાર પેગંબર છે. એમાં મહંમદ પેગંબર આખર જમાન એટલે છેલ્લો પેગંબર છે. એનાં પહેલાં ચાર ખલીફા (પેગંબરો) થયા, તેને આસાહાબ એટલે પેગંબરના મિત્ર કહે છે. જે કુરાન તથા પેગંબરને માનતા નથી તેને કાફર કહે છે, કાફરના ધર્મને કુફ્ર કહેછે. કુફ્ર ધર્મમાં મૂર્તિપૂજક, અગ્નિપૂજક (પારસ્ત) નસલ (ક્રિશ્ચયન, યાહુદી) એવા ભેદ છે. જે કલમો પઢાવે છે તે આ પ્રમાણે —**અશહુદો અનૂલાઈલાહા ઈલ્લલ્લા મોહુમ્મદુન્ રસૂલુલ્લા:** અર્થ હું માન્ય કરૂંછું કે પરમેશ્વર સિવાય બીજો કોઇ દેવ નથી અને મહંમદ પરમેશ્વરનો પેગંબરછે. કંઈ શુભ કાર્ય કરતી વખતે **બિસ્મિલ્લારહિમાનરહિમ**— પરમ દયાળુ પરમેશ્વરને સર્વ અર્પણ થાઓ આ વાક્ય પ્રથમ બોલે છે. તેઓ પરમેશ્વરને અલ્લા, હકતાલા, મૌલા, ખુદા, કરીમ અને બાહેદ ઇત્યાદિ કહે છે. કુરાનને કિતાબ મંજીદ અથવા કલામુલ્લાં કહે છે. સત્ય બોલવું, ચોરી, ખુન, વ્યભિચાર, અધર્મ, અન્યાય, અસત્ય અને માદક પદાર્થ જે નિષાવાળી ચીજનો ઉપયોગ આ સર્વ કરવાની મના છે. સર્વ જીવોપર દયા રાખવી, સર્વપર ભાઇ પ્રમાણે સ્નેહ રાખવો. વ્યાજ ન ખાવું, માંસ મદિરાની પાસે ન જવું, નિત્ય પાંચ વખત નમાજ પઢવી, દાન કરવું, રોજા રહેવું, સ્વચ્છતા પવિત્રતા રાખવી, કલમો પઢવો. નઠારા અને અપવિત્ર વિચારો દૂર કરવા. લોકોને ધર્મમાં આસ્તા રખાવવા માટે પીર, પેગંબર અને ફકીરોનાં ચરિત્રો તથા ચમત્કારથી ભરેલા પુરાણની માફક ગ્રંથો લખેલા છે. નર્કને દોજખ કહે છે, તેનો ઉપરી સેતાન છે, તે મનુષ્યને નઠારી બુદ્ધિ પ્રેરે છે. સ્વર્ગને જીનત કહે છે. બંદગી કરનાર સ્વર્ગમાં ખુદા પાસે રહે છે. પીર, પેગંબર અને ફકીરને માને છે, તેમની કબર કે દરગાને પુષ્પ, ધુપ, દીપ વગેરેથી પૂજે છે અને માને છે તથા નાળીએર વધારે છે. એ વગેરે ક્રિયા કર્મ મૂર્તિપૂજાના જેવાં છે, પુનર્જન્મને માનતા નથી, ક્યામત—ઈનસાફને વખતે મરણ પામેલા સર્વ સ્ત્રી પુરૂષોને એકજ વખતે ખુદા જીવતા કરી ઇનસાફ કરશે. સારાં કામ કરનારાઓને ખુદા પોતાની પાસે રાખશે અને નઠારાં પાપી કર્મ કરનારાઓને નર્ક પીડા ભોગવાવી નાશ કરશે. મનુષ્યનો આત્મા બીજાં પ્રાણીઓના આત્મા કરતાં શ્રેષ્ટ છે. આ ધર્મમાં મંત્ર તંત્રને માને છે, મક્કાના કાબતુલ્લાં મંદિરની તરફ જોઇને નમાજ પઢે છે, કાબતુલ્લાની નીચે જમજમ નામે પાક ગણાતો કૂવો છે એના પાણીથી હજ કરનારાઓ નાહીને પોતાને પાક પ-

મેલા સમજે છે અને એ કૂવાનું પાણી વાસણમાં ભરીને દેશ વિદેશ લઇ જાય છે. હજ-જાત્રા કરવા આવેલાઓ મક્કામાંના કાબતુલા મંદિરની પ્રદક્ષિણા વેળાએ ભક્તિપૂર્વક પાક ગણાતા કાળા પથ્થરને સાત વાર ચુમે છે. શાઆ પંથી લોક વગેરે પુનર્જન્મ તથા ઇશ્વર અવતાર લે છે એવું માને છે. બીજા ધર્મની પેઠે આ ધર્મમાં મતવાદથી શીઆ અને સુન્ની એવા બે ધર્મ જુદા પડ્યા છે. તે સિવાય મતવાદ અને ક્રિયા કર્મથી જુદા પડી બીજા ઘણા પંથો થયેલા છે.

દાનવીર.

ભોજરાજા.

આ વિખ્યાત વિદ્યોત્તેજક પ્રતાપી રાજેંદ્ર પરમાર વંશીય સિંધુલ રાજાનો પુત્ર. સિંધુલ રાજા માળવામાં ધારાનગરી મધ્યે શાલીવાહન શકના ૯મા સૈકામાં રાજ કરતો હતો. માલવા દેશ બહુ કાળથી વિદ્યા, સભ્યતા, અને વિશુદ્ધ નીતિ માટે પ્રસિદ્ધ છે. સિંધુલ નૃપતિ પોતાની પ્રજાને પુત્રની પેઠે પાળતો હતો. એની વૃદ્ધાવસ્થામાં પદ્માવતી રાણીને પેટે ભોજનો જન્મ થયો. સિંધુલ રાજાને મુંજ નામે નાનો ભાઈ હતો તે મહા બળવાન હતો. ભોજ જ્યારે પાંચ વર્ષનો થયો, ત્યારે સિંધુલ પોતાના શરીરમાં પીડા ઉત્પન્ન થવાથી ચિંતાતુર થયો કે;—પુત્ર ભોજ હજુ બાળક છે અને મુંજ મહા બળવાન છે. માટે જો તેને રાજ્ય ન આપતાં પુત્રને રાજ્યમાં અભિષિક્ત કરીશ તો લોકોપવાદ થશે. એટલુંજ નહિ પણ મુંજ રાજ્ય લોભથી ભોજને ઝેર ખવડાવીને મારી નાંખશે તો મારો વંશ જશે. એમ વિચારી મુંજને રાજ્ય સોંપી ભોજને તેને સ્વાધીન કરતાં કહ્યું કે;—હવે આ પુત્ર તારોજ છે, તેનું પાલણ પોષણ સારી રીતે કરીને ઉમર લાયક થયે રાજ્ય ગાદી ઉપર બેસાડજે; ઇત્યાદિ ભલામણ આપી મરણ પામ્યો. મુંજ ગાદીએ બેઠો, જુના પ્રધાન બુદ્ધિસાગરને રજા આપી, તેની જગ્યોએ નવા માણસને નિયુક્ત કર્યો. મોટા ભાઈ સિંધુલની આજ્ઞા પ્રમાણે રાજ્ય સારી રીતે ચલાવી પ્રજાનું પાલણ કરવા લાગ્યો. ભોજનું પણ સારી રીતે સંરક્ષણ કરી સ્વપુત્ર જયંતની સાથે વિદ્યાભ્યાસ કરાવવા માંડ્યો. ભોજ પોતાની પ્રબળ બુદ્ધિથી થોડા વખતમાં અનેક શાસ્ત્રમાં નિપુણ થયો. એટલુંજ નહિ પણ એ મહા તેજસ્વી, બુદ્ધિવાન, હિંમતવાન અને ઉત્સાહી દીસતો હતો. તેમની બુદ્ધિ અને ચંચળતા જોઈ સૌ ચકિત થતા હતા. એવામાં એક સર્વજ્ઞ જ્યોતિષી આવ્યો. મુંજે ભોજની જન્મ પત્રિકા આપી

કહ્યું કે તેમની સર્વ સ્થિતિ કહો. વિપ્રે ભોજને પ્રેમથી જોઈ રાજાને કહ્યું કે;—“ભોજનું સૌભાગ્ય વર્ણન કરવા સ્વયંવિધાતા પણ સમર્થ નથી, તો હું સામાન્ય બ્રાહ્મણ શું કરી શકું ? તોપણ સ્વમતિ પ્રમાણે કહું છું કે ભોજ પંચાવન વર્ષ, સાત માસ અને ત્રણ દિવસ ગોડ દેશની સાથે દક્ષિણ પંથનું રાજ કરશે. તેમજ વિદ્વાન થઇને વિદ્વાનોને ઘણો આશ્રય આપશે.” આ વચનો મુંજને બાણ જેવાં લાગવાથી ગાંડા જેવો બની ગયો. ભોજને મારી નાખવાની આજ્ઞા કરી. વત્સરાજ મુંજ રાજાની આજ્ઞા શીર ધરી ભોજને ભુવનેશ્વરી વનમાં રાત્રે લઈ ગયો. તેણે રાજાની આજ્ઞા ભોજને નિવેદન કરી. ભોજે એક શ્લોક લખી મુંજને આપવા માટે સોંપતાં કહ્યું કે;— વત્સરાજ ! હવે મને તું સત્વર માર ? ખુશીથી મુંજ કાકાની આજ્ઞા પ્રમાણે કર. હું આજે મરવાને માટે તૈયાર છું. ભોજનાં નિર્ભયતાનાં અને ધૈર્યતાનાં આવાં વચનો સાંભળી વત્સરાજ ચકિત થયો. કુમારનું નિર્દોષ મુખ જોઈ તેનું હૃદય પીગળી ગયું, મુંજની પાપી આજ્ઞા પાળવાને કંપારી છૂટી અંતે નહિ મારતાં તેનું સંરક્ષણ કરવાને છૂપી રીતે પોતાને ત્યાં મોકલી દીધો અને એક ઉત્તમ કારીગર પાસે ભોજનું મસ્તક, નાક, કાન અને નેત્ર વગેરેથી તાદ્રશ તૈયાર કરાવીને રાજાને બતાવ્યું. રાજા આ જોઈ બોલ્યો કે;—વત્સરાજ ! ભોજ મરતી વખતે કાંઈ બોલ્યો ? વત્સરાજે શ્લોક આપ્યો તે રાજાએ વાંચ્યો કે;—

मान्धाताचमहीपतिःकृतयुगालंकारभूतोगतः ।
सेतुर्येनमहोदधौविरचितःक्वासौदशास्यान्तकः ॥
अन्येचापियुधिष्ठिरप्रभृतयोयातादिवंभूवते ।
नैकेनापिसमंगतावसुमतिनूनंत्वयायास्यति ॥

અર્થ—સત્યયુગના અલંકારભૂત માંધાતા મહીપતિ પરલોક ગત થયા છે, મહા સમુદ્રાપર જેણે સેતુ બાંધ્યો હતો, તે દશાનનરિપુ ક્યાં છે? યુધિષ્ઠિર ઈત્યાદિ બીજા સર્વ મહાત્મા સ્વર્ગમાં ગયા છે; પણ હે રાજન ! વસુમતિ—પૃથ્વી કોઇની સાથે ગઇ નથી, પણ નિશ્ચે આપની સાથે જશે ! આ શ્લોક વાંચતાંજ રાજા મૂર્છા ખાઇ પૃથ્વીપર પડ્યો. શુદ્ધિમાં આવતાં રૂદન કરતાં બોલ્યો;—અહો ! મેં મહા પાપીષ્ટ કર્મ કર્યું છે મારા મોટા ભાઇએ મરતી વખતે મને શું કહ્યું હતું અને મેં શું કર્યું ? ધિક્કાર છે મને ! એમ બોલતો અપાર ખેદ કરવા લાગ્યો. અંતે અગ્નિમાં પ્રવેશ કરીને પોતાના પાપનું પ્રાયશ્ચિત કરવા તૈયાર થયો. આ જોઈ વત્સરાજે બુદ્ધિસાગર નામે ગુણના પ્રધાનની સલાહથી કુમાર ભોજદેવને કોઇ એક યોગીરાજે સજીવન કર્યો

એવી વાત સઘળે ફેલાવી દઈને ગુપ્ત સ્થળેથી લાવ્યો. મુંજે આનંદથી ભોજને આલિંગન કર્યું અને તેજ વખતે શાલીવાહન શક ૯૦૪માં તેને ગાદીએ બેસાડી ને પોતે સ્ત્રી સાથે તપોવનમાં તપશ્ચર્યા કરવા ચાલી નીકળ્યો.

ભોજ રાજાએ રાજ્યાસનપર બેસી પ્રજાપાલન કરવા માંડયું, તેના પ્રતાપથી શત્રુઓ કાંપવા લાગ્યા હતા. તે ઉત્સાહ શીલ, અસાધારણવીર, સદ્વિદ્વાન, વિદ્યોત્સાહી, ગુણ ગ્રાહી, અનેક પ્રકારના શાસ્ત્રમાં કુશળ, સુકવિ, મહાઉદાર અને શત્રુ દમન હતો. તેની સભામાં ચાહેએવો વિદ્વાન આવે તે પોતાની મનકામના પૂર્ણ કરી જતો. સંસ્કૃત કવિઓને મોટી ઉદારતાથી ઘણું દ્રવ્ય બક્ષીસ આપતો હતો. ઘણા પંડિત અને કવિજનો આ રાજાની પાસે આવીને દ્રવ્ય અને આબરૂ મેળવતા હતા. ભોજ રાજાની સોબતથી કવિતા કરવાની શક્તિ પેદા થાય એવો તેનામાં વિલક્ષણ સ્વાભાવિક ગુણ હતો. ઇત્યાદિ મહત્ત સદ્દગુણોથી તેમની ઘણી કીર્ત્તિ વધી. તેથી દેશ દેશાંતરથી પંડિતો અને અનેક કવિઓ નવીન કવિતા લઇને તેની સભામાં આવતા હતા. એ સર્વેનો યથાયોગ્ય સત્કાર કરવામાં આવતો. કોઇ પણ નિરાશ થઈ પાછો જતો નહિ. તેથી દેશ વિદેશમાં ભોજ રાજાનું યશોગાન થવા લાગ્યું. એવું કહે છે કે—ધારા નગરીમાં એ વખતે કોઇ પણ મૂર્ખ નહોતું. ભોજપ્રબંધમાં બહુ પંડિતો અને કવિઓનાં નામો જોવામાં આવે છે, તેઓના રચેલા શ્લોકો અને રાજાએ આપેલાં ઇનામો લખેલાં છે. તેમાં જણાવ્યા પ્રમાણે ભોજ રાજાની સભામાં કાળીદાસ (બીજો) ભવભૂતિ, બલાલમિશ્ર, માઘ, મલ્લિનાથ, વરરૂચિ, સુબંધુ, બાણ, મયૂર, રામદેવ, હરિવંશ, શંકર, દંડી, કર્પુર, વિનાયક, મદન, વિદ્યાવિનોદ, કોકિલ, તારેંદ્ર, પ્રભૃતિ, કવિશેખર, રામેશ્વર, શુકદેવ, ભાસ્કર, શાંડિલ્ય ઇત્યાદિ ૧૪૦૦ પ્રખ્યાત કવિ અને પંડિતો હતા, પણ તેમાં બલાલમિશ્ર, દંડી વગેરે કેટલાક કવિઓનાં નામ લખેલાં છે તે આ રાજાના વખતમાં હોવાનો સંભવ નથી એવું શોધક પુરૂષોનું કહેવું છે. ભોજરાજા ન હોત તો કવિ કાળીદાસ આટલી પ્રસિદ્ધિમાં આવત નહિ. ભોજ જીવન ચરિત્રકાર લખે છે કે, ચાલુક્ય વંશના પેલા સોમેશ્વર રાજાએ ભોજની ધારા નગરીને ઘેરો ઘાલ્યો હતો. તેથી ભોજને રાજ્યધાની તજી નાશી જવું પડયું હતું. આ સોમેશ્વર ત્રૈલોક્યમલ્લદેવ નામે પણ પ્રસિદ્ધ છે. તે ઇ. સ. ૧૦૪૦ થી ૧૦૬૯ સુધી રાજગાદી ઉપર હતો. એ ઉપરથી સિદ્ધ થાય છે કે, ભોજરાજા અગીઆરમીશદીમાં ધારા નગરીની ગાદીએ હતો. ભોજરાજા સોમેશ્વરથી હારી નાશી ગયો હતો. તે સિવાય કોઇ વખતે તેની લડાઇમાં હાર થઇ હોય એવું જણાતું નથી. કોઈ તો વળી સોમેશ્વરથી હારીને નાશી ગયાને બદલે એમ

કહે છે કે;–એક વખતે કોઇ યોગી ભોજરાજાને એક શરીરમાંથી બીજા શરીરમાં આત્મા પ્રવેશ (પરકાયા પ્રવેશ) વિદ્યા શિખવવા આવ્યો હતો, એ યોગીએ કપટથી ભોજરાજાના આત્મા–સૂક્ષ્મ શરીરને એક પોપટના શરીરમાં પ્રવેશ કરાવીને પોતે ભોજ રાજાના શરીરમાં પ્રવેશ કર્યો હતો અને કેટલોક કાળ ભોજને બદલે રાજ્ય ચલાવ્યું હતું. છેવટ ચંદ્રાવતી નગરીના રાજા **ચંદ્રસેન**ની સહાયતાથી ભોજે યોગીને પોતાની કાયામાંથી દૂર કરાવીને પોતાની કાયામાં પ્રવેશ કર્યો હતો. આ ઉપરથી જણાય છે કે તે આત્મજ્ઞાની પણ હતો. એ મહાઉદારપણે દાન કરતો તેથી એક વખતે તેના પ્રધાને દ્રવ્યસંચય કરવાની પ્રાર્થના કરી. ત્યારે તેણે ઉત્તરમાં કહ્યું કે;–મારે માટે દ્રવ્ય સંચય કરવાની જરૂર નથી. દ્રવ્ય–લક્ષ્મી મહા ચંચળ છે તે પળમાં આવે છે અને પળમાં જાય છે. તે કોપિત થયે સંચેલું સર્વ દ્રવ્ય વિનાશ પામે છે. માટે તેનો રૂડો ઉપયોગ કરવો એજ શ્રેષ્ઠ છે. ઇત્યાદિથી સિદ્ધ થાય છે કે તે પરમાર્થે દ્રવ્ય વાપરી કીર્ત્તિ સંચય કરવા તરફ વધારે લક્ષ રાખતો હતો, પરમાર્થિક અને વિદ્યા વૃદ્ધિ આદિના સુકાર્યોમાં દ્રવ્ય વાપરી પોતાના અખૂટ ખજાનાનો સુઉપયોગ કર્યો હતો. કાળીદાસ ઉપર તેની સંપૂર્ણ પ્રીતિ હતી, તે કેટલાક દ્વેષીલાઓ જોઇ નહિ શકતાં તેને દૂર કરાવવાનો પ્રપંચ કરતા હતા. કેટલાકે પ્રપંચથી દાસી મારફતે ભોજને સમજાવી દૂર કરાવ્યો હતો, પણ પાછો ભોજે તેને તેડાવી રાખ્યો હતો. (જુઓ કાળીદાસ ચરિત્ર.) વળી એક વખતે ભોજે કાળીદાસને કહ્યું કે, કવિવર! મારા મૃત્યુ સુધીના જીવન ચરિત્રનું વર્ણન કરો. આ સાંભળી કાળીદાસ રીસાઇ વિલાસવતી નામની પોતાની વેશ્યાને લઇ રાજાની નિંદા કરતો કરતો રાજ છોડિને **એકશિલા** (વારંગૂળ) નગરીમાં જઇ રહ્યો હતો.

ભોજરાજા કાળીદાસના વિયોગથી શોકાતુર રહેતો હતો. તેથી પોતે એક વખતે કાપાલિક (ભીક્ષુક) ને વેષે એકશિલા નગરીમાં આવીને કાળીદાસને મળ્યો. કાળીદાસે યોગીરૂપે આવેલા ભોજરાજાને નહિ ઓળખતાં પૂછ્યું કે, તમો ક્યાં રહો છો? યોગીએ કહ્યું કે, હું ધારાનગરીમાં રહું છું. ત્યારે કવિવર કાળીદાસે ભોજરાજાના કુશળ સમાચાર પૂછ્યા. યોગીએ જવાબ આપ્યો કે હું શું જાણું? ત્યારે કવિએ પૂછયું કે, કાંઇ વિશેષ વાત હોય તો કહો? યોગીએ કહ્યું કે;–ભોજરાજા સ્વર્ગે ગયા. એવા સમાચાર સાંભળતાંજ કાળીદાસ એકદમ મૂર્છા ખાઇ પૃથ્વીપર પડયો. શુદ્ધિમાં આવતાં દુઃખિત હૃદયે વિલાપ કરતાં બોલ્યો કે;—

अद्यधारानिराधारा,निरालम्बासरस्वती ॥
पंडिताःखंडिताःसर्वे,भोजराजेदिवंगते. ॥

અર્થ—ભોજ રાજા સ્વર્ગવાસી થવાથી ધારાનગરી નિરાધાર થઇ, સરસ્વતી નિરાશ્રિત થઇ, અને સર્વ પંડિતો ખંડિત થયા. આ શ્લોક સાંભળતાંજ યોગી બેશુદ્ધ થઇ પડયો. આજ ભોજરાજા છે એવું સમજી કાળીદાસ બોલ્યો કેઃ—"મહારાજ! મને આપે વંચના કરી છે." એમ બોલી પ્રથમનો શ્લોક ફેરવી બોલ્યો કેઃ—

अद्यधारासदाधारा,सदालम्बासरस्वती ॥
पंडितामंडिताःसर्वे,भोजराजेभुवंगते. ॥

આ—આજ ભોજરાજા પૃથ્વીપર હોવાથી ધારાનગરી આધાર યુક્ત થઇ, સરસ્વતી ઉત્કૃષ્ટ આશ્રયવાળી થઈ અને સર્વ પંડિતો મંડિત (અલંકૃત) થયા. આ સાંભળી ભોજરાજા શુદ્ધિમાં આવતાં કવિને આલિંગન કરી ધારાનગરીમાં તેડી લાવ્યો. ઇત્યાદિ જોતાં ભોજની કવિ કાળીદાસ ઉપર અતિપ્રતિ હતી. ભોજરાજા ઇ. સ. ૧૦૮૨માં સ્વાભાવિક રીતેજ મરણ પામ્યો હતો. એ પછી એનો પુત્ર **ગજાનંદ** ગાદી ઉપર બેઠો હતો. ભોજરાજાએ **ભોજચંપુ-ચંપુરામાયણ**, **સરસ્વતીકંઠાભરણ**, **અમરટીકા**, **રાજવાર્તિક**, **પાતંજળદર્શનભાષ્ય** અને **ચારૂચાર્ય** એ ગ્રંથો કર્યા છે. સિવાય **ભોજપ્રબંધનો** કેટલોક ભાગ પણ તેણે લખેલો અને બાકીનો કાળીદાસે પૂરો કરેલો કહે છે. **મુંજપ્રતિદેશવ્યવસ્થા** નામે ગ્રંથ એના કાકા મુંજે કર્યો હતો, તે ભોજે સુધારી **ભોજપ્રતિ દેશ વ્યવસ્થા** નામે પ્રસિદ્ધ કર્યો. ઇત્યાદિ મહત્તા ભરેલાં કાર્યો આ મહારાજા ભોજે કર્યા છે. જેને લીધે અદ્યાપિ પર્યંત તેના યશનું ગાન થયા કરે છે. તે જ્યાં સુધી સંસ્કૃત સાહિત્ય વિદ્યમાન રહેશે ત્યાં સુધી વિસ્મૃત થશે નહિ.

તિવ્રબુદ્ધિની.

નાચી.

આ વિદ્વાન શ્રી ઇશ્વરોપાધ્યાયની પુત્રી બાળ વયમાં વિધવા થઇ હતી, પંદર વર્ષની વયે વિધવાપણાનું દુઃખ સમજવા લાગી. સંસાર સુખ મળવાની અને સંતતી થવાની બિલકુલ આશા નહોતી. તેથી પ્રાણું ત્યાગ કરવાનો નિશ્ચય કર્યો હતો, પણ **આત્મહત્યામહાપાપ** છે એવું સાંભળી તેમ ન કરતાં બાકીનું આયુષ્ય શાસ્ત્રાભ્યાસ અને ઇશ્વરભક્તિમાં ગાળવાનો નિશ્ચય કર્યો. પોતાની તિવ્ર બુદ્ધિ કરવાને શું ઉપાય કરવો ? એ વિચારમાં હતી ત્યાં પિતાના મુખથી **જ્યોતિષમતી** (માલકાંકણી) ના કલ્પની વાત સાંભળી. પિતાને નહિ જણાવતાં ઘરમાં જ્યોતિષમતીનું તેલ

તૈયાર હતું, તે પોતે પેટપૂર્ણ પ્રાસન કર્યું. થોડો વખત ન થયો ત્યાં શરીરમાં બળતરા ઉપડી, તેથી ગાભરી બની ગઈ, શું કરવું એ કાંઇ ન સુઝતાં અતિશે ગરમીથી પાસે એક પાણીની વાવ હતી તેમાં જઇ પડી. થોડીવાર થતાં નાચીને ઘરમાં કોઇએ દીઠી નહિ. તેથી તેનો પિતા પૂછવા લાગ્યો; કેમકે આ તરૂણ વિધવા હતી તેથી તેનો પિતા સંભાળ રાખતો હતો. નાચીએ આવું કૃત્ય કર્યું છે એ ઘરનાં કોઈ માણસને ખબર નહોતી. તેથી સર્વ શોધવા લાગ્યા. તેનો પિતા ઘણોજ ગભરાયો, ઘરમાં ચોપાસ શોધી બૂમ પાડવા લાગ્યો. આ બૂમ નાચીને કાને પડી કે તેણે વાવમાંથી જવાબ આપ્યો. એ ઉપરથી તેનો પિતા વાવ કિનારે આવી ઉભો, નાચીએ સર્વ યથાર્થ વાત કહી બતાવી, ત્યારે તેણે થોડીવાર પાણીમાં પડ્યા રહેવાની આજ્ઞા કરી હતી. પછી તેને શાન્તિ થયે બહાર કાઢી હતી. આ પ્રયોગથી તેની બુદ્ધિ અતિ તિવ્ર થઈ હતી. તેથી થોડા કાળમાં વેદવેદાંગાદિક અનેક શાસ્ત્રોમાં નિપુણ થઇ હતી. એટલુંજ નહિ પણ અનેક વિષયોનાં વ્યાખ્યાનો આપવા લાગી, સંસ્કૃત ભાષામાં એક નાટક રચ્યું છે તેને **નાચી નાટક** કહે છે. એ નાટક ઘણુંજ ઉત્તમ અને વિરરસથી ભરપુર છે. તેમાં પોતાના જન્મથી તે વૈધવ્ય અને વિદ્યાભ્યાસ કરવા સુધીનું ચરિત્ર પણ વર્ણવ્યું છે. એ પછી તે પિતાની આજ્ઞા મેળવીને તીર્થ યાત્રા કરવા ગઇ. પ્રથમ કાશી, મથુરાં, વૃંદાવન ઇત્યાદિ સ્થળે ગઇ હતી. તેમાં કોઇ કોઈ સ્થળે તેણે બીજા પંડિતો સાથે ભાષણ કર્યાં હતાં, તેમાં તેને યશ મળ્યો હતો. પછી દિલ્હી, જયપુર, ઉદેપુર, વગેરે શેહેરોમાં ગઈ હતી. ત્યાં તેની વિદ્વતા જોઇને સૌ છક થઇ ગયા હતા. ત્યાંના રાજાઓએ અનેક પ્રકારની બક્ષિસો આપી હતી. પિતા પોતાની ઉત્કૃષ્ટ ગુણની પુત્રીને જોઈ અતિ આનંદ પામતો. આ પછી નાચીએ લોકોને ધર્મોપદેશ આપવામાં અને ઈશ્વર ભજનમાંજ પોતાનો સર્વ કાળ પૂરો કર્યો હતો.

ભગવત્ભક્ત.

નરસિંહ મહેતો.

આ પ્રખ્યાત પુરૂષ ગૃહસ્થ વર્ગનો વડનગરો નાગર બ્રાહ્મણ જૂનાગઢમાં રહેતો હતો. એના પિતાનું નામ **વત્સરાજ** મહેતો હતું, કોઈ તો દામોદર મહેતો પણ કહે છે. નરસિંહને બાળપણમાં જનોઇ દઇ પરણાવ્યા પછી એના માબાપ ગુજરી ગયાં. તેથી એના ભાઇ **વંશીધર** મહેતાની વહુ **ઝવેર** મહેતીએ ઉછેરી મોટો કર્યો હતો. નરસિંહ મહેતાની સ્ત્રી **મા-**

ભુક સાધ્વી સ્ત્રી હતી, તેને પેટે **સામળદાસ** નામે પુત્ર અને **કુંવરબાઈ** નામે પુત્રી એ બે સંતાનો થયાં હતાં. નરસિંહ મહેતો સ્વભાવે શાન્ત, સત્ય, ધાર્મિક, ભાવિકભક્ત, દયાળુ અને બુદ્ધિવાળો હતો. બાળપણમાંજ તેને સાધુ સંગત કરવી બહુ પ્રિય લાગતી હતી. વિદ્યાભ્યાસ કર્યો નહોતો. તેથી ઉદ્યોગ ન કરતાં નવરો બેસી રહેતો, એ માટે એની ભાભી વખતો વખત કહ્યા કરતી હતી. આ માટે એની ભાભીએ એક વખતે સખ્ત મહેણું માર્યું, તે તેને હૃદયમાં બાણ જેવું વાગ્યું. તેથી શેહેર બહાર ગોપનાથ મહાદેવના દેવળમાં શિવ શિવ કરતો જઇને બેઠો. ખાવાપીવાનું તજી દીધું, સાત દિવસ લાંઘણ કરી નિરંતર શિવનું ધ્યાન કરતો બેસી રહ્યો. ત્યારે કહે છે કે શિવ પ્રસન્ન થઇને તેને વૃંદાવનમાં તેડી ગયા અને કૃષ્ણની રાસલીલાનું દર્શન કરાવ્યું. અહીં કૃષ્ણે તેને વર આપ્યો કે તું મારાં ગુણ ચરિત્રની લીલા ગાતો રહેજે. ભક્ત વિજયમાં લખેલું છે કે, નરસિંહ મહેતો સાત વર્ષનો હતો ત્યારે તે બહારથી રમી ઘેર પાણી પીવા આવતાં તેની ભાભીએ મહેણું માર્યું હતું. ગમે તેમ હો પણ મહેણું મારેલું તે વાત સત્ય જણાય છે. મહેણાના મારથી નાશીને ગોકુળ મથુરા તરફ ગયો હતો. ત્યાં તેને વૈષ્ણવ સાધુએ વિદ્યાભ્યાસ કરાવ્યો અને ઉપદેશ આપી જ્ઞાનવાન કર્યો હતો, ત્યારથીજ તે ભજન, કીર્ત્તન ગાવા અને કવિતા કરવા શિખ્યો હતો. ત્યાં થોડો કાળ રહ્યો, એવામાં તેનો એક સગો આવી સમજાવી જૂનાગઢ તેડી આવ્યો. ભાઇથી જૂદો પિતાના એક ઘરમાં રહ્યો, સ્ત્રી પણ પોતાનું જીવન વૃથા ન જાય માટે સાથે આવી રહી. સંસારી છતાં મન, વચન અને કર્મથી સાધુ વૃત્તિએ વર્ત્તવા લાગ્યો. ઘરના વાડામાં તુળસી કયારા કર્યા, ભજન ગાવાનો અને વિરાગી–સાધુઓને રહેવાનો અખાડો કર્યો હતો. ગળામાં તુળસીની માળા, કપાળમાં ગોપીચંદનું ઉભું ટીલું અને ભુજે છાપા એ તેનો શણગાર હતો. શાલિગ્રામ અને બાળમુકુન્દનું પૂજન તથા ધ્યાન કરતો હતો. સાધુઓની મંડળી ભેગી કરી પખાજ અને ઝાંઝ સાથે ભજન ગાતો અને બીજે ગાવા જતો હતો. કોઇ સાધુઓને ભજન કરતાં સાંભળે તો ગમે તેવું અગત્યનું કામ હોય, તે પડતું મૂકીને તેમાં આનંદથી સામેલ થઈ જતો હતો. ભજનના ભાવથી ઘેર શું થશે તેની કશી દરકાર રાખતો નહિ. કહે છે કે તેની ભજન મંડળીમાં કેટલીક સ્ત્રીઓ હતી, તે પણ નાગરાણીઓ હતી. સાધુઓ તો તેને ત્યાં પડ્યાજ રહેતા હતા. એના ભજન મંડપમાં ભીંતે દશાવતારનાં ચિત્રો ચીતરેલાં હતાં. ત્યાં નિત્ય હરિગુણ ગાતો અને તાળ વીણા લઇ નૃત્યથી ભજન કીર્ત્તન કરતો, પખાજ ઠોકતો, ઝાંઝ બજાવતો અને શંખ ફુંકતો હતો. તેથી મંડપ ગાજી રહેતો. શાલિગ્રામની એ

પૂજા કરતો અને કૃષ્ણ મહિમા ગાતો હતો. તે ઉપરથી જણાય છે કે; તે વિષ્ણુ સ્વામીના મતનો હશે, પણ તેણે પોતાની કવિતામાં કૃષ્ણ બાળલીલાને વર્ણવી છે અને પોતે એક ગોપી હોય એવો સખી ભાવ દર્શાવેલો છે. તે ઉપરથી એ બીજા મતનો વૈષ્ણવ હોય એવું અનુમાન થાય છે.

મહીપતિ લખે છે કે, " એ રાયરંકને સમાન દૃષ્ટિએ જોતો અયાચક વૃત્તિ રાખી કોઇ અન્ન વસ્ત્ર આપે તે લઇ તેમાંથી અતિથિને સંતોષી કુટુંબનું રક્ષણ કરતો. પોતે સંસારી હતો, પણ સંસાર વ્યવહારમાં બહુ મન રાખતો નહિ. તેની એકાગ્રહ ભક્તિ જોઇને અને તેના કુટુંબની દયા આણી કેટલાક ધાર્મિક પુરૂષો વખતે વખતે તેના સંસાર કાર્યમાં સહાય કરતા. તેથી ઘર વ્યવહાર ચાલતો હતો." જ્યારે તેની પુત્રી કુંવરબાઇને ગર્ભાધાન—સીમંતનો અવસર આવ્યો. ત્યારે દુર્જનો એની દારિદ્રી સ્થિતિ જોઇ મશ્કરી કરવા લાગ્યા, વેહેવાઇ પક્ષનાએ મશ્કરીથી મોસાળામાં અનેક પદાર્થોની માગણી કરી હતી પણ તેજ પ્રમાણે મોસાળું કરવામાં કૃષ્ણે તેની લાજ રાખી હતી અને દુર્જનોને લજવ્યા હતા. તેમજ તેના પુત્ર સામળદાસના વિવાહમાં પણ કૃષ્ણેજ લાજ રાખી હતી અને વિવાહ ધામ ધુમથી કર્યો હતો. સામળદાસની સ્ત્રી **સુરસેના** નામે હતી તે ઘણી ગુણવાન હતી. કહે કે એક વખતે કોઇ જાત્રાળુને હુંડીકરાવવી હતી, તે લોકોને પૂછવા લાગ્યો કે ગામમાં કોણ શાહુકાર છે? કોઇએ મશ્કરીથી તેને નરસિંહ મહેતાનું નામ બતાવ્યું. જાત્રાળુ નરસિંહ પાસે આવ્યો, તેની સ્થિતિ જોઇ લજવાયો. નરેસિંહે જાણ્યું કે કોઇએ મારી મશ્કરી કરી છે, પણ પછી તેણે દ્વારકામાં સામળશાહ ઉપર રૂ. ૭૦૦ ની હુંડી લખી આપી. જાત્રાળુ દ્વારકાં ગયો, કૃષ્ણ સામળશાહ નામ ધારણ કરી પેઢી માંડી બેઠા અને જાત્રાળુની હુંડી સ્વીકારી નરસિંહની લાજ રાખી હતી. છેવટ એવી ચમત્કારની વાત લખી છે કે, જૂનાગઢમાં ચુડાસમા બીજો મંડળિક રાજા સંવત ૧૪૮૯ થી ૧૫૨૯ સુધી રાજકરી ગયો છે. તે રાજાની પાસે સંવત ૧૫૧૨ માં કેટલાક સંન્યાસીઓ આવ્યા હતા. તેણે મંડળિકને સમજાવ્યુંકે નરસિંહ મહેતો બ્રાહ્મણ થઇને કૃષ્ણ ભક્તિનો મહિમા ગાય છે. તેથી લોકોની સત્ય ધર્મ ઉપરથી આસ્થા ઉઠતી જાય છે. વળી તે સ્ત્રીઓ સાથે વિહાર કરે છે, ઇત્યાદિ વાત સમજાવી. આ ઉપરથી રાજાએ દામોદરજીના મંદિરમાં એક સભા ભરી, સંન્યાસીઓ અને નરસિંહ મહેતા વચ્ચે વિવાદ ચાલ્યો રાજાએ નરસિંહને કહ્યું કે; હું દામોદરજીની મૂર્તિને હાર પહેરાવુંછું, તે જો તારા કંઠમાં આવેતો તું સાચો. પછી નરસિંહ મહેતે શ્રી કૃષ્ણની કરગરીને ધ્યાન પૂર્વક પ્રાર્થના કરી કે, તેના કંઠમાં કૃષ્ણે હાર નાખી લાજ રાખી હતી.

ઇત્યાદિ ઉપરથી સિદ્ધ થાય છે કે નરસિંહ મેહેતો એક માર્ગી, સાધુ, કૃષ્ણ ઉપર પૂર્ણ પ્રેમી અને આસ્થાવાળો હતો. કૃષ્ણ ભક્તિમાં તલ્લિન રહી સંસાર વ્યવહારમાં કાળજી રાખતો નહિ. તેથી સગાંઓ સમજાવતાં અને લોકો નિંદા કરતા હતા; તોપણ તેણે પોતાનો આગ્રહ મૂક્યો નહોતો. તેથી તેની ભક્તપાત્રતા પ્રસિદ્ધ પામી છે. તેણેજ ગૂજરાતી લોકોમાં પ્રથમ કૃષ્ણ ભક્તિ દાખલ કરી કહેવાય છે. તેની કવિતા ભક્તિભાવ ઉપર વિશેષ છે. તેમાં સંસારી નીતિનો પણ બોધ સમાયેલો છે, પ્રભાતના રાગોમાં તેણે ઘણું કરીને લખેલું છે. પ્રભાતકાળની શોભાનાં વર્ણન સુંદર અને આનંદ પમાડે તેવાં કર્યાં છે. **પ્રભાતિયાંતોનરસિંહમહેતાનાંજ** વખણાય છે. હજારો પદ તેણે કરેલાં કહેવાય છે. તત્વજ્ઞાનનાં પણ થોડાં પદ કરેલાં છે, પણ તેમાં ભક્તિભાવ દર્શાય છે. એ બીજા વર્ગના કવિઓની પંક્તિમાં ગણાય છે. તેણે **રાસમંડળ** કરીને ગૂજરાતી ભાષામાં બહુ ઉત્તમ ગ્રંથ કરેલો છે, તેમાં શ્રી કૃષ્ણની રાસ ક્રિડા વર્ણવેલી છે. એ સંવત ૧૫૦૦ માં હતો, ક્યારે જન્મ્યો અને ક્યારે મરણ પામ્યો એનો કશો શોધ લાગેલો નથી. એને થયાને આજે ૪૫૦ ઉપર વર્ષ થઇ ગયાં છે; તોપણ એક ઉત્તમ ભક્ત દાખલ એની કીર્તિ આખા હિંદુસ્થાનમાં અદ્યાપિ સુધી પ્રસરી રહી છે.

સ્વદેશ ભક્ત.

રાજારામમોહનરાય.

આ અર્વાચીન પ્રસિદ્ધ વિદ્વાન પુરૂષ બંગાલા ઇલાકાના બર્દવાન પ્રાંતના રાધાનગરમાં રહેતો હતો. એ જાતે રાઢ બ્રાહ્મણ હતો. એના પિતા રામકંડરાય મુર્શિદાબાદના સરકારનો નોકર હતો. એના દાદાએ તો સુરાજદ્દૌલાની વખતે મુર્શિદાબાદના દરબારમાં મોટાં મોટાં કાર્યો કરીને ઘણી આબરૂ મેળવી હતી. એ રીતે જોતાં એ ખાનદાન કુળનો પુરૂષ હતો. એનો જન્મ સને ૧૭૦૪ માં થયો હતો. ઉમર લાયક થતાં તેણે સંસ્કૃત, ઇંગ્રેજી, બંગાલી, આરબી, ફારસી, હિંદી, ઊર્દુ, ગ્રીક, લાટીન, ફ્રેંચ અને હિબ્રૂએ સર્વ ભાષાનો સારો અભ્યાસ કર્યો હતો. એ સિવાય નીતિશાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર, જ્યોતિષ્યશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર, પદાર્થ વિજ્ઞાન, ગણિત, અને માનસશાસ્ત્ર વગેરેનું જ્ઞાન સંપાદન કર્યું હતું. તેથી એ મહા વિદ્વાન થયો હતો. તેની બુદ્ધિ તિવ્ર હતી, હિંમતવાન, ઉત્સાહી, પરોપકારી અને દયાળુ હતો. સ્વધર્મ ઉપર શ્રદ્ધા નહોતી. સોળ વર્ષની વયમાં તેમણે **મૂર્તિપૂજાનિષેધક** નામે ગ્રંથ કર્યો હતો. એવા તેના આચારણથી સગાવહાલાઓ સાથે બનતું

મ્હોતું. તેથી વીશ વર્ષની વયમાં તે કાશી, પ્રયાગ, મથુરાં, દિલ્હી, ટિબેટ, અયોધ્યા, ગયા આદિ ભરતખંડના ઘણા ભાગોમાં મુસાફરી કરીને પાછો પોતાના વતનમાં આવ્યો. સને ૧૮૦૩ માં એનો પિતા અને નાનો ભાઈ જગમોહનરાય મરણ પામ્યો. તે પછી તેને રંગપુરના સિરસ્તેદારની જગ્યો મળી. નોકરી કરતાં થોડી જમીન વેચાતી લીધી, તેની વાર્ષિક પેદાસ દશ હજાર રૂપિઆની થવા લાગી હતી. પછી નોકરી છોડી દઇને કલકત્તામાં આવી રહ્યો. ત્યાં તેણે સુધારો કરવાને ઘણો પ્રયત્ન કરવા માંડયો. તેમાં એ ૪૦ વર્ષની ઉમરે ફતેહ પામ્યો હતો. તેણે એવો નિશ્ચય કર્યો હતો કે, ધર્મોન્નતિ થયા વિના નીતિ રાજ્ય ઇત્યાદિ કોઈ પણ વિષયમાં ચડતી થનાર નથી. એ માટે તેણે સર્વને સહજ સિદ્ધ થઇ શકે એવો સરલ ધર્મ માર્ગ યોજવાનો પ્રયત્ન કર્યો. પ્રાચીન વેદોપનિષદાદિના બ્રહ્મધર્મનેજ તેણે સ્વીકાર્યો હતો. લોકોને બોધ થવા વેદાંત પ્રકરણોને બંગાલી ભાષામાં ભાષાંતર કરી છપાવ્યાં. કેનોપનિષદ, કઠોપનિષદ, અને મુંડકોપનિષદ વગેરે ઉપનિષદોનું ઇંગ્રેજી અને બંગાલી ભાષામાં ભાષાંતર કરી છપાવીને ઘણો ફેલાવો કર્યો. ખ્રિસ્તી શાસ્ત્રમાંના વ્યવહારોપયોગી ભાગમાંથી કેટલાંક વાક્યો ચૂંટી કાઢીને **સુખ અને શાંતતાનોમાર્ગ** નામે પુસ્તક પ્રગટ કર્યું, તે પછી **બ્રહ્મો** અથવા **બ્રહ્મસમાજ** સને ૧૮૨૨ માં સ્થાપી. એ સમાજ દર બુધવારે ભરવી શરૂ કરી. ઇશ્વરે જાતિ, પદવી અને સંપત્તિનો ભેદ નહિ રાખતાં મનુષ્ય માત્રને સુખ, મરણ વગેરે માટે એક સરખાં પાત્ર કર્યાં છે, માટે સમાનતા રાખવી, જાતિ ભેદ ન પાળવો, મૂર્તિ પૂજા નહિ કરતાં એક નિરંજન નિરાકાર દેવને ભજવો, ઇત્યાદિ સિદ્ધાંતોનો ઉપદેશ આપવા લાગ્યો. તેથી પ્રતિદિન ઘણા મનુષ્યો તેના મતમાં આવ્યા. કલકત્તામાં હાલ હિંદુઓના પ્રમુખ ગણાતા બાબુ પ્રસન્ન કુમાર અને દ્વારકાનાથ ઠાકુર એ પ્રસિદ્ધ પુરૂષો પણ એ મતના થયા. બ્રહ્મસભાની વિરૂદ્ધ બીજી એક **ધર્મસભા** લોકોએ સ્થાપી. એ બંને વચ્ચે ધર્મ સબંધી વિવાદ ઘણો ચાલવા લાગ્યો પછી તેણે સને ૧૮૨૦ સતી થવાનો રિવાજ અટકાવવા પ્રયત્ન કર્યો. એ માટે ઘણીવાર ભાષણો આપ્યાં અને બે ગ્રંથો રચી એ રિવાજ બંધ કરાવ્યો. પાર્લમેન્ટ ઇસ્ટ ઇંડિયા કંપનીને નવી સનંદ આપવાની હતી અને દિલ્હીના બાદશાહને રાજાનું માન આપતાં અટકાવવાનો વિચાર કર્યો હતો એ માટે બાદશાહે અપીલ કરવાને મુખ્ય વકીલ તરીકે રાજારામ મોહનરાયને ઇંગ્લંડ મોકલ્યો. પ્રથમ એ લીવર્પુલ થોડો વખત રહી પછી લંડન ગયો. ત્યાં તેને ઘણું માન આપવામાં આવ્યું હતું. લોર્ડબ્રુહમ સાથે તેને ઘણી મિત્રતાઇ થઇ. સર. જી. સી. હાબહૌસ બોર્ડ ઓફ કંટ્રો-

લની સભાનો પ્રમુખ હતો, તે એને દરબારમાં તેડી ગયો. ત્યાં મહારાજાએ ઘણો સત્કાર કર્યો અને પરદેશી વકીલોમાં નિમણુક કરી. એ પછી તેને સર્વ પ્રકારની સભા તરફથી આમંત્રણ થતાં હતાં. હિંદુસ્થાનની સ્થિતિ વિષે ત્યાંના લોકોને વાકેફ કરવા પોતાની ઉત્તમ વક્તૃત્વ શક્તિથી ભાષણ-દ્વારાએ ઘણો પ્રયત્ન કર્યો હતો. એ સ્પષ્ટ વક્તા હતો, એનાં ભાષણો સાંભળી લોકો છક થઇ જતાં. હિંદુસ્થાનનું વસુલખાતુ, ન્યાયખાતું અને લોકોની સ્થિતિનું વિવેચન એ નામે ગ્રંથ પ્રસિદ્ધ કર્યો તેમાં હિંદુસ્થાનની કંપનીની વ્યર્થ નિંદા ન કરતાં પોતાના દેશી બાઇઓની સ્થિતિ સુધારવા વિષે ઉત્તમ લખાણ કર્યું છે. હિંદુસ્થાનની દબાઇ ગયેલી કરોડો પ્રજાનો તેણે ઘણો બળાપો કર્યો છે. એ વખતે આ દેશની વહારે ધાનાર એના જેવો સ્વદેશાભિમાની પુરૂષ કોઇ નહોતો. તેણે એ વખતે પ્રજાના હિતાર્થે ઘણુંજ કર્યું છે. સને ૧૮૨૨ માં ફ્રાન્સમાં ગયો; ત્યાંના રાજાએ ઘણા માન સાથે તેને બેવાર ભોજન માટે તેડયો હતો સને ૧૮૩૩ માં ઇંગ્લંડના બ્રિસ્ટલ બંદરે આવ્યો. ત્યાં તાવની બીમારીમાં મરણ પામ્યો.

આ મહા પુરૂષ યુરોપના પ્રવાસ પહેલાં પોતાના મિત્રોને કહેતો કે: મારા મરણ પછી મને હિંદુ, ખ્રિસ્તી અને મુસલમાનો પોતપોતાના મતનો કહેશે. એ ભવિષ્ય પ્રમાણેજ તેના મરણ પછી બન્યું હતું. તેના યુરોપ ગયા પછી બ્રહ્મસભા વિંખાઇ ગઇ હતી. તેને બદલે રામચંદ્ર પંડિત, તેના મિત્રો અને શિષ્યોએ **તત્વબોધિની** નામે સભા સ્થાપી અને ધર્મ વિષે તત્વબોધિની નામે પત્રિકા પ્રગટ કરીને તેનો ઘણો પ્રચાર કર્યો. એ પત્રિકા બંગાલાના ઘણા ભાગમાં પ્રસરી હતી. તેમજ એ સભાને અંગે એક પુસ્તકશાળા સ્થાપી. એ સમાજના ઘણા સભાસદો થયા. રાજારામ મોહનરાયનો પુત્ર રામપ્રસાદરાય એનો મંત્રી હતો. રાજારામ મોહનરાયના વેદાંત વિચારને મૂકી દઇ, તેના કેટલાક અનુયાયી જુદી પ્રકારે બ્રહ્મને સમજવા લાગ્યા. જીવ, ઇશ્વરનો ભેદ માન્યો. જીવે ઇશ્વરની સ્તુતિ ભક્તિ શુદ્ધ પ્રેમ પૂર્વક કરવી, મૂર્ત્તિ વગેરેને ન માનવાં, લગ્નાદિવ્યવસ્થા આર્યશાસ્ત્રથી નવીન ઠેરાવી, એ આદિ સિદ્ધાંતો દર્શાવી જુદા પડ્યા. મૂળ **બ્રહ્મસમાજ** અને **સાધારણ બ્રહ્મસમાજ** ઇત્યાદિ વિભાગો મત મતાંતરોથી પડી ગયા છે. બંગાલા ઇલાકામાં મૂળ સુધારક પુરૂષ બાણુ રાજારામ મોહનરાયજ થયો. એ સ્વદેશ પ્રેમી નર પ્રજા હિતાર્થે ઘણો પ્રયત્ન કરી ભારત વર્ષમાં અચળ નામના રાખી ગયો છે. ધન્ય છે એ સ્વદેશ ભક્તને ! હે ઇશ ! આ દેશના ઉદ્ધાર માટે એવા નર રત્નો ઉત્પન્ન કર.

બ્રહ્મોસમાજનાઆચાર્ય.

બાબુકેશવચંદ્રસેન.

આ પ્રસિદ્ધ પુરૂષનો જન્મ કલકત્તામાં કુલીન માબાપને ઘેર સન ૧૮૩૮ માં થયો હતો. બાળપણથીજ તે ઉત્સાહી, ચપળ, બુદ્ધિશાળી અને હિંમતવાન હતો. એ મહા પુરૂષ થશે એવું ભવિષ્ય એના દાદાએ કહ્યું હતું, તે અતે સત્ય થયું હતું, તે બંગાલી ભાષા શીખ્યા પછી અંગ્રેજી ભાષા શીખ્યો હતો. અસરકારક બોલવાની છટાથીએ બારીસ્ટર થશે એવું મોટા મોટા જડજોએ મત આપ્યું હતું. પરંતુ એ બારીસ્ટર તો ન થયો પણ તેણે બ્રહ્મ સમાજમાં એવુંજ શ્રેષ્ઠ કામ બજાવ્યું હતું. હિંદુઓની સંસાર સ્થિતિ સુધારવાની હિંમત કરી હતી. બાળલગ્નનો કટ્ટો શત્રુ અને પુનર્વિવાહનો હિમાયતી હતો. પુનર્જન્મ અને જાતિભેદને મિથ્યા સમજતો હતો. એ માટે વખતો વખત ચિત્તવેધક ભાષણો આપતો હતો. બૈબલનો અભ્યાસ કર્યા પછી મૂર્તિ પૂજન વિરૂદ્ધ થયો હતો. યુરોપ અને અમેરિકા તેનો ધર્મ મત જાણવા માટે સર્વદા આતુર રહેતા હતા. ૨૦ વર્ષની વયે એના વિચાર બ્રહ્મસમાજને મળતા થયાથી તેમાં સામેલ થયો. આ વખતે બ્રહ્મ સમાજનો અગ્રેસર દીબેંદ્રનાથ ટાગોર હતો. એ સાથે તે સીલોન મુસાફરી કરી આવ્યો હતો. પછી બંગાળ બેંકમાં નોકર રહ્યો, "તરૂણ બંગાળ" નામે ચોપાનીયું કહાડવા માડયું હતું. સન ૧૮૬૦ માં સંગતથી સુધારવાના હેતુથી "સંગત સભા" સ્થાપી, પણ એ ટુંક મુદતમાં પડી ભાગી. સન ૧૮૬૨ માં તે બ્રહ્મ સમાજનો "આચાર્ય" થયો અને દીબેંદ્રનાથ સાથે જમ્યો હતો તેથી તેને ઘર અને નાત બહાર થવું પડયું, થોડી મુદતમાં સખત માંદો પડયો; ત્યારે તેની નાતવાળાએ નાતમાં લેવાની હા પાડી, પણ પોતે સ્વતંત્ર અને દૃઢ રહ્યો હતો. તેણે પોતાના મોટા પુત્રનું જાતિ કર્મ બ્રહ્મ વિધિએ કર્યું હતું. દયાનંદ સરસ્વતિ જેમ હિંદી ભાષામાં મહાવક્તા હતો, તેમ બાબુ કેશવચંદસેન અંગ્રેજીમાં વકૃત્વ માટે બહુ પ્રખ્યાત થયો હતો. અંગ્રેજીમાં એના જેવો વક્તા એ વખતે બીજો કોઇ નહોતો. સન ૧૮૬૪ માં મદ્રાસ, મુંબઇમાં ભાષણો આપ્યાં અને સન ૧૮૬૫ પંજાબ ગયો હતો. બ્રહ્મોસમાજમાં અન્ય જાતિની કન્યા પરણવાની છૂટ હતી અને પરણતા હતા, પણ કેશવચંદ્રસેનને તે વાત પસંદ નહોતી. તેથી દીબેંદ્રનાથથી જુદો પડયો અને સન ૧૮૬૬ માં આદિ સમાજથી જુદા પડીને સાધારણ બ્રહ્મસમાજ સ્થાપી. સન ૧૮૬૮ માં ફરી મુંબાઇ આવ્યો હતો. દયાનંદ સરસ્વતિએ એના બ્રહ્મો સમાજ સામે જાહેર ભાષ-

ણોમાં ટીકા કરી હતી. સન ૧૮૬૮ માં હિંદુસ્થાનનો ગવરનરજનરલ લાર્ડ લારેન્સ હતો. તેણે તેને સીમલે બોલાવ્યો ત્યાં ગયો અને બ્રહ્મસમાજ માટે એક નવો ધારો કરાવ્યો, તે સન ૧૮૭૨ માં પાસ કરાવ્યો હતો. સન ૧૮૭૦ માં ઈંગ્લાંડ ગયો હતો, ત્યાં પ્રથમ લંડનમાં ભાષણ કર્યું. એજ રીતે બ્રીસ્ટલ, નોટિંગહામ, માનચેસ્ટર વગેરે ઠેકાણે પણ ભાષણો આપ્યાં હતાં. એનાં છટાદાર ભાષણોથી અંગ્રેજો મોહ પામ્યા હતા. જ્યારે એ ભાષણ કરવાને ઉઠતો હતો, ત્યારે શ્રોતાઓને ઘણો આનંદ થતો હતો અને ઘણાક તો તેને ધન્યવાદથી વધાવી લેતા હતા. એનાં વખાણ સાંભળી રાણી સાહેબે આમંત્રણ આપ્યું હતું અને કેશવચંદ્રસેને તેમની સાથે બેસી ભોજન કર્યું હતું, રાણી સાહેબ તેનાથી અત્યંત પ્રસન્ન થયાં હતાં.

ઈંગ્લાંડથી પાછા આવ્યા પછી તેમના વિચાર ઘણાજ ફરી ગયા હતા. સન ૧૮૭૮ માં તેમણે જાહેર કર્યું કે:—“મનુ, મહંમદ, ક્રાઇસ્ટ અને મોઝિસ વગેરેએ મને સ્વપ્નામાં આવી કહ્યું છે કે; કેશવબાબુ! તું પવિત્ર પેગંબર છે અને લોકોના કલ્યાણ માટે અવતરેલો છે.” પણ આ વાત તેના મિત્રોએજ ન માની તો બીજું કોણ માને! પણ પોતે માનવામાં અચળ રહ્યો હતો. એ બાળલગ્નને ધિક્કારતો હતો છતાં તેણે બ્રહ્મ સમાજનો ધારો તોડીને તથા પોતાના વિચાર બદલીને પોતાની ૧૩ વર્ષની પુત્રીનો વિવાહ કુચબીહારના રાજા સાથે કર્યો. તેથી એનું માન ઘટી ગયું અને ત્રીજી બ્રહ્મ સમાજ સ્થાપન થઈ. એના પક્ષના નરમ પડી ગયા અને ભાષણો મંદ પડી ગયાં. અંતે માંદો પડતાં સન ૧૮૮૪ ના જાનેવારી માસમાં ૪૫ વર્ષની જુવાન વયે તેના આત્માએ આ દુનિઆનો ત્યાગ કર્યો. આ ખેદકારક સમાચારથી ભરતખંડમાં અને વિશેષે બંગાલામાં દીલગીરી ફેલાઈ ગઈ હતી. એ એક અસરકારક ધર્મબોધ આપનારો વિદ્વાન અને બ્રહ્મ સમાજનો આગેવાન સ્તંભ હતો. તેણે પેગંબરી દાવો કર્યો અને બાળલગ્નનો ધારો તોડ્યો. તેથી દુનિઆની દૃષ્ટિએ માનનો અને આબરૂનો લોભી જણાયો હતો; તોપણ એ દઢતાવાળો અને મહા શક્તિવાળો પુરૂષ હતો. એના મરણના સમાચાર ફરીવળતાંજ હજારો લોકો એના ઘર આગળ આવી એકઠા થયા હતા. સ્મશાને લઈ ગયા ત્યારે ત્રણ હજારને આશરે દેશીઓ અને ચારસેંક યુરોપિયનો સાથે ગયા હતા. આ ઉપરથી જણાય છે કે, તેણે દેશીઓ અને યુરોપિયનોની અતિ પ્રીતિ સંપાદન કરી હતી. કેશવચંદ્રનું બાલ્યકાળનું આશ્રય સ્થળ, સ્નેહ મમતાની મૂર્ત્તિ સતી દેવી માતાનો ખોળો વિવિધ પ્રકારના સદ્‌ગુણનો અધિકારી થયો હતો. તેમનાં માબાપ ધર્મ પરાયણ હતાં. કેશવબાબુએ મરવાની વેળાએ પોતાની માતાના પગની ધૂળ

માથા ઉપર લઇને કહ્યું હતું કે;—"મા! તમારા જેવી માતા સર્વની થતી નથી. તમારાથી ગુણો મેળવીને હું આ પદને પામ્યો છું." અહા! કેશવચંદ્ર-સેન મનુષ્યપણાની અને વીરપણાની છબી આ દુનિઆમાં રાખી ગયો છે, એ સઘળો એની ધર્મપરાયણ માતાનોજ પ્રતાપ હતો. એમ કહીએ તો ખોટું નથી.

આર્યાભિમાની.

સ્વામિદયાનંદ સરસ્વતિ.

આ પ્રસિદ્ધ મહા પુરૂષ પૂર્વાશ્રમાં ઔદિચ બ્રાહ્મણ હતા. ઘર સંસારની ખટપટમાં ફરી જવાય માટે પોતાનું મૂળ નામ, જન્મ ભુમિ અને માતાપિતાનું નામ જણાવતા નહિ. તેથી તેની જોઇએ તેવી માહેતી મળતી નથી. માત્ર એટલુંજ કહેતા કે, મારો જન્મ સંવત ૧૮૮૧ (સન ૧૮૨૫) માં કાઠિયાવાડમાંના મોરબીના રાજ્યમાં થયો હતો. ઘરના સુખી હતા, આઠમે વર્ષે જનોઇ દીધું હતું. તેમના પિતાની ઇચ્છા ધર્મ કર્મમાં નાખવાની હતી. તેથી શીવપુરાણ વાંચતી વખતે સમજાવતા અને શ્રોતાને રાજી રાખવાનું શીખવતા હતા. થોડો સંસ્કૃતનો અભ્યાસ પણ કરાવ્યો હતો. સ્વામિની બુદ્ધિબાળપણથીજ તીક્ષ્ણ જણાતી હતી. તેમજ હિંમતવાન, નિડર, શોધક, ચંચળ, સ્પષ્ટવક્તા, નીતિવાન અને પરગજુ દીશતા હતા. શરીરે સુદૃઢ, બળવાન અને ઉંચા કદના હતા. પોતાની ઉમરના ૧૩ મે વર્ષે શીવરાત્રી કરી હતી. તે દિવસે એવું બન્યું કે, પોતાના ઘરમાં જે મૂર્ત્તિ હતી તે ઉપર ઉંદરે દોડા દોડ કરી મૂકી. આ જોતાંજ તેની આસ્તા મૂર્ત્તિ ઉપરથી ઉઠી ગઇ, વળી એની એક બેન મરણ પામી. તેથી આ અનિત્ય સંસાર ઉપરથી વૃત્તિ ઉઠી ગઇ. એવામાં તેના પિતાએ ગૂજરાતીઓની બાળલગ્નની બૂરી રીત મુજબ બાળપણમાંજ પરણાવી સંસારની ધોસરીએ જોડવાનો વિચાર કર્યો, પણ સ્વામિએ અત્યાગ્રહથી નાપાડી કાશીએ જઇ અધિક અભ્યાસ કરવાની ઇચ્છા બતાવી. તેથી તેના પિતાએ પરણાવવાની વાત મૂકી દીધી. એક દિવસે સ્વામિ સંધ્યા કાળે લાગ જોઇને છાનામાના ઘર કુટુંબ વગેરેને તજીને નાશી ગયા. સાયલા, કોઠ, ગાંગડ વગેરે ગામોમાં ફરતા સંત સાધુઓની શોધ કરતા સિદ્ધપુર આવ્યા. તેવામાં તેનો પિતા શોધતો આવી મળ્યો. ચોકી પોહોરા સાથે ઘરતરફ લઇ ચાલ્યો, પણ સ્વામિ માર્ગમાંથી છાનામાના છૂટીને ફરી નાશી ગયા. વિશેષ જ્ઞાન મેળવવા નર્મદા કાંઠે ચાણોદ કરનાળીમાં આવ્યા. ત્યાં બ્રહ્માનંદ સ્વામિ પાસે વેદાધ્યયન કર્યું. ૨૩ મે વર્ષે સન્યસ્ત ગ્રહણ કર્યું, પૂર્ણાનંદ

સ્વામિએ તેનું નામ દયાનંદ સરસ્વતિ પાડયું. જે નામ જીંદગી પર્યંત રહ્યું હતું. પછી સ્વામિ ગૂજરાત છોડી વધારે જ્ઞાન મેળવવાના અભિલાષે સિદ્ધપુર પાટણ અને આબુને માર્ગે મથુરાં આવ્યા. ત્યાં સંસ્કૃતનું સારી પેઠે અધ્યયન કર્યું, ઉપનિષદોમાં બહુ નિપુણતા મેળવી. પછી કાશી ક્ષેત્રમાં આવ્યા. ત્યાં વેદ, ભાષ્ય, ન્યાય, ષડદર્શન, શંકરાચાર્યના ગ્રંથો ઇત્યાદિમાં અતિ કુશળતા મેળવી. આ કાળે બંગાલામાં કેશબચંદ સેનનો બ્રહ્મો સમાજ પંથ જોરપર હતો. એના મૂળ તત્વો યુરોપિયનોનામતને અનુસરતાં જોયાં. ગૂજરાત કાઠિયાવાડની મુસાફરીમાં જુદા જુદા લોકો, પંથો, ગુરૂઓ અને સ્વામિઓ જોયા હતા. ઠેરઠેર મૂર્ત્તિ પૂજા ચાલતી હતી. કેટલાકમાં અનીતિ, કેટલાકમાં, દંભ અને કેટલાકમાં વ્યભિચાર જોઇને તેનું હૃદય દગ્ધ થયું. એ ઉપરથી આખા ભારત વર્ષમાંથી મૂર્ત્તિ, દંભ, અનીતિ અને અનાચારને તોડી નાખી દેશી આર્યોમાં એક અનાદિ વેદધર્મ સ્થાપિત કરવા તરફ તેની વૃત્તિ દોડી. તેમજ જાતિભેદ, બાળલગ્ન, પ્રવાસનો અટકાવ વગેરે પ્રકારની જે નાદાનીઓ આર્યધર્મ વિરૂદ્ધ દેશને દુઃખમાં નાખનારી અને એકદમ વર્જ્ય કરવા યોગ્ય જણાઇ હતી, તે તરફ તેનું ચિત્ત લાગ્યું હતું. તેના હૃદયમાં દેશની દાઝ ઘણી હતી. તેથી શાસ્ત્રોનાં પ્રમાણવડેજ સુધર્મ પાછો સ્થાપન કરવા પોતાનું સઘળું આયુષ્ય અર્પણ કર્યું. સંસ્કૃત, હિંદી અને ગૂજરાતી બોલતા હતા. વિદ્વાનો સામે સંસ્કૃતમાં વિવાદ કરતા અને સાધારણ લોકોની સભામાં હિંદીમાં ભાષણ કરતા હતા કે સર્વ સમજી શકે. ભાષણ કરવાની ખૂબી ઓરજહતી, તે એવી રીતે નિયમસર દાખલાદલીલો સાથે સર્વ સાંભળે,ને સમજે તેમ સ્પષ્ટ ભાષણ કરતા કે શ્રોતાના મન ઉપર સચોટ છાપ પડી રહેતી. તેમની વાણી અસરકારક ને જુસ્સાદાર હતી, ચેહેરો ભવ્ય ને વજનદાર હતો. મોટા મોટા વિદ્વાનો તેમના સામે તકરાર કરવાને ઉમંગભેર આવતા, પણ તેમનાં અસરકારક ભાષણો સાંભળી મુંગે મોંઢે પાછા જતા. તેમનું ભાષણ સાંભળવા હજારો લોકો એકઠા થતા, તેમાં કોઈ પણ તેનું ભાષણ તોડવાને સમર્થ નહોતું. ભાષણ કરવામાં કોઇનો પણ ડર રાખતા નહિ. ભાષણ સાંભળવા હજારો લોકો બેઠા હોય તેમાં ગમે તો રાજા, ધનવાન, અમલદાર કે ગમે તો ગવરનર જનરલ હોય તોપણ જાણે સઘળા પોતાના શિષ્યજ બેઠા હોય, તેમ જાણીને ગંભિર ચેહેરે ઉંચા સ્વરથી ને નિડરપણે દૃઢતાથી વગર અચકવે ને ક્રમ ભંગ કર્યા વગર અચૂકપણે બેત્રણ કલાક સૂધી નિરંતર વક્તૃત્વ ચલાવ્યા કરતા. તેમની ખંડનકળા ઉત્તમ હતી. ગંભિર હાસ્ય રસનું બળ વિશેષ જણાતું હતું અને આર્યાભિમાન ઉભરાઇ જતું હતું. વેદ સંહિતાનું પ્રમાણ કબૂલ કરી તેને ઇશ્વરદત્ત કહેતા, પણ બ્રાહ્મણાદિ બીજા ગ્રંથોને મનુષ્યકૃત માની તેને માત્ર

સાક્ષી ભૂતજ કબૂલ રાખતા હતા. અજાયબ જેવી વાત એ છે કે, તેઓ વહેમથી બિલકુલ વિરક્ત હતા. ઇંગ્રેજી અભ્યાસ કર્યો નહોતો, પણ બાઇબલ, કુરાન વગેરે પરધર્મનાં પુસ્તકો સાંભળી કે વાંચીને અભ્યાસ કર્યો હતો. એ રીતે તેમણે બોહોળું જ્ઞાન અને અનુભવ મેળવ્યો હતો. તેથી દરેક ધર્મના મત-પંથોનું ખંડન કરવામાં ફતેહ મેળવતા હતા. સાથે શિષ્યો પણ કેટલાક રહેતા હતા.

સ્વામિએ પ્રથમ મૂર્ત્તિ પૂજા ઉપર મોટો હુમલો કર્યો. તેથી કેટલાક લોકો સામે થયા હતા. કાશીમાં રાજા જયકૃષ્ણના પ્રમુખપણા નીચે ૮૦૦-૯૦૦ પંડિતોની સભા મેળાવી. સ્વામિએ પંડિતો સામા વાદવિવાદ ચલાવીને મૂર્તિ પૂજા વેદમાં નથી એવું સિદ્ધ કરી જય મેળવ્યો. તેથી સ્વામિની કીર્ત્તિ દેશોદેશ પ્રસરી ગઇ. સુધારા વાળાને સ્વામિનો મોટો આશ્રય મળ્યો. સામા પક્ષવાળા વાદવિવાદમાં હાર્યાથી સ્વામિનો નાશ કરવા તત્પર થયા. એકવાર કોઇએ પાનમાં ઝેર દીધું, પણ તરત ઉપાય કરવાથી ઉગર્યા હતા. કાનપુરમાં ચોરીનું ખોટું તહોમત મૂકી-સપડાવવાનો વિચાર કર્યો હતો, પણ કોર્ટમાં નિર્દોષ જણાતાં છૂટી ગયા હતા. વળી અનુપમની પાસે કર્ણ નામે ગામ છે. ત્યાં ચક્રાંતી રામાનુજના ચેલાએ સ્વામિનો શિરચ્છેદ કરવાનું દુષ્ટ કામ આદર્યું હતું, એ વખતે સ્વામિ નગ્નાવસ્થાએ શરીરે સઘળે માટી ચોપડીને જોગીના વેશમાં બેઠા હતા. ત્યાં એક શખ્સ કનાતનો પડદો ઉંચો કરી નાગી તરવારે અંદર ધુસવા લાગ્યો, ત્યારે જોગી વેશમાં બેઠેલા સ્વામિનું સ્વરૂપ તેને વિકરાળ જણાયું. એટલુંજ નહિ પણ સ્વામિએ તેને એવી મરદાની ભાષામાં બે બોલ કહ્યા કે, તે ત્યાંનો ત્યાં શિથિળ થઇ ગયો અને છાનોમાનો નાશી ગયો. એ રીતે સ્વામિ બધામાં બચ્યા હતા. કલકત્તામાં બ્રહ્મોસમાજવાળા પ્રખ્યાત કેશબ ચંદ્રસેન સાથે વેદ અને પુનર્જન્મ સંબંધી કેટલીકવાર સંવાદ થયો હતો. સ્વામિ વેદને અનાદિ ઇશ્વરોક્ત માનતા અને પુનર્જન્મને પણ સ્વીકારતા હતા, પણ આ બંને વાતને બ્રહ્મોસમાજવાળા કબૂલ કરતા નહોતા બ્રહ્મોસમાજવાળા સમાજની વર્ષગાંઠને દિવસે ભારે ઠાઠ માઠ ને વરઘોડાનો ઢોંગ કરતા હતા, તે ઉપર તથા તેમનામાં પડેલા મત ભેદ ઉપર સ્વામિએ સખત ટીકા કરી હતી ત્યાંથી સ્વામિ હરદ્વાર વગેરે ઠેકાણે બોધ કરતા મુંબઇ આવ્યા. ત્યાં પણ મૂર્ત્તિપૂજા વિરૂદ્ધ ભાષણો આપ્યાં, પણ કોઈ તેની સામે ટકી શક્યું નહિ. તેમજ પ્રવાસ, બાળલગ્ન, આચાર્યોનો અનાચાર, જુદા જુદા મત પંથો આદિ વિષે ભાષણો આપી સર્વને છક કરી નાખ્યા હતા. ત્યાંથી સુરત, ભરૂચ, અમદાવાદ થઇ રાજકોટ આવ્યા હતા. ત્યાં વિદ્વાન મંડળને પોતાના પક્ષમાં

લઈ આર્યસમાજ સ્થાપિ હતી. ત્યાંથી ઉત્તર હિંદુસ્થાનમાં મુસાફરી કરવા ગયા. આ વખતે તેમણે વેદનું ભાષ્ય કરી ચોપાનીઆના આકારમાં બહાર પાડવા માંડયું હતું. લખનોર અને કલકત્તા થઈ લાહોર આવ્યા. ત્યાં પણ ઘણાં ભાષણો આપ્યાં સ્વામિ મુખ્યત્વે તો મૂર્તિપૂજા વિરૂદ્ધ હતા, તેમજ બાળલગ્નના કટ્ટા વેરી હતા. પુનર્જન્મના હિમાયતી અને પુનર્વિવાહની વિરૂદ્ધ હતા. દેશીઓની સ્થિતિ સાથી બગડી છે, તેના મૂળમાં કયા કયા સળા લાગેલા છે, તેનો તેણે સારો અભ્યાસ કર્યો હતો. તેથી દેશીઓ શી રીતે સુધરે અને સારા થાય એ વાત ભાષણમાં વારંવાર લાવતા હતા. જુદા જુદા મત પંથો તૂટીને આખા ભારત વર્ષમાં આદિઅનાદિ એક વેદધર્મ પ્રવર્તે એવી તેની ઇચ્છા હતી. કે જેથી ધર્મને બહાને દેશીઓમાં ચાલતો કુસંપ બંધ પડે. બાળલગ્નથી દેશીઓ ઠીંગડા, નબળા, બળહીન અને અક્કલહીન થઇ ગયા છે. તે તથા તેથી ઘણી વિધવાઓ થાય છે. તે બાળ લગ્ન બંધ થવાથી અટકે. માટે પોતાના ભાષણમાં બાળલગ્ન ઉપર પણ સખત મારો ચલાવતા. બ્રહ્મચર્ય પાળવાનો આગ્રહ કરતા. બ્રહ્મચર્યથી શરીરમાં વિર્યનો વધારો થાય છે, બળ વધે છે, શરીર કદાવર અને મજબૂત થાય છે. માટે સ્ત્રીએ ૧૬ વર્ષની અંદર અને પુરૂષે ૨૪ વર્ષની અંદર લગ્ન કરવું નહિ. વધારેમાં વધારે સ્ત્રીએ ૩૦ વર્ષે અને પુરૂષે ૪૮ વર્ષે પરણવું ઉત્તમ ગણેલું છે. પ્રાચીનકાળની ઋષિ મુનિઓની રીતિને પસંદ કરેલી છે. જાતિબંધનથી પણ દેશીઓને ઘણું સોસવું પડે છે. તેથી તેઓ દેશના ભલામાં એક સંપથી પુરતો ભાગ લઇ શકતા નથી. એ માટે સ્વામિને ઘણું લાગતું. તેથી તે ઉપર ઉતરી પડતા હતા. તેઓ પ્રાચીનકાળની વર્ણવ્યવસ્થાને પસંદ કરતા હતા અને વર્ણાશ્રમનો ધર્મ પાળવા આગ્રહ કરતા હતા. પંચયજ્ઞ, સંસ્કારાદિ કરવાની, વેદાધ્યયન કરવાની અને વેદમાં કહેલા એકેશ્વર—એક ઇશ્વરને માનવાની ભલામણ કરતા હતા.

દેશી રાજ્યોની વ્યવસ્થા બગડેલી હતી. તેઓ અદેખા, દ્વેષી, આળસુ, અફીણી કે દારૂડીઆ થઈ ગયા હતા. તેમના દરબારમાં નાયિકા કે રાખેલીઓ સત્તાધારી થઇ પડી છે. રાજાઓ અજ્ઞાન રહી ખટપટીઆ કારભારીઓના તાબામાં માટીના પુતળા જેવા થઇ ગયા છે, પ્રજા પીડાય છે. રાજાઓનો શો ધર્મ છે એ સમજતા નથી ઇત્યાદિ જોઇને તેમને દેશી રાજાઓ માટે ઘણું લાગતું હતું. તેથી મેવાડમાં આવ્યા. મેવાડના રાણાને બોધ આપી પોતાના પક્ષમાં લીધો. જોધપુરના મહારાજાનું આમંત્રણ આવવાથી ત્યાં ગયા. ત્યાં દરબારમાં નાયિકા રહેતી હતી તેને કઢાવી તથા અનાચાર અને અનીતિ બંધ પડાવી. તેથી કેટલાક ખટપટીઆઓ ગુસ્સે થયા.

એવામાં સ્વામિ માંદા પડ્યા અને અજમેર આવ્યા. મહારાજાએ ઘણી મહેનત લીધી. ઉદેપુરના રાણાએ પણ સ્વામિને બચાવવા ઘણો પ્રયત્ન કર્યો, પણ કાળે સ્વામિનો ભોગ લીધો. સ્વામિના મરણને માટે કહેવાય છે કે, જોધપુરમાં કોઇ ખટપટીઆએ ઝેર દીધું હતું. સ્વામિ કોઇ દિવસે ડાક્ટરનું ઓષડ પીતા નહિ, પણ કાળે તેને ભૂલાવ્યાથી પીધું અને સંવત ૧૯૩૯ (સને ૧૮૮૩) ના દિવાળીના શુભ દિવસે સાંજે સ્વર્ગવાસ કર્યા. તેણે હિંદના રાજ્યોને સુધારવા પ્રયત્ન કર્યો હતો, પણ હિંદના કમનશીબે આ મહા પુરૂષ એ કામ પડતું મૂકી એજ કામની ખટપટમાં કાળનો ભોગ થયાછે. તેમણે આખા હિંદુસ્થાનને ખોટમાં નાખ્યું છે, જે ખોટ હાલ પુરાવાની આશા નથી. સ્વામિને દેશોન્નતિ કરવાની દાઝ ઘણી હતી. તેથી પોતાના ભાષણમાં નીતિ, વિદ્યા, વેપાર, હુન્નર કળા, વગેરેને ભૂલતા નહિ. તેઓ દેશોન્નતિના કાર્યમાં જ નિશદીન મંડ્યા રહેતા હતા. સ્વામિએ જ્યાં જ્યાં ભાષણો કર્યાં હતાં, ત્યાં ત્યાં **આર્યસમાજ** સ્થાપિ છે. એવી આર્ય સમાજો આજે આશરે સો (૧૦૦) ઉપર છે. ઠેઠ લંડનમાં પણ એક શાખા સ્થાપેલી કહેવાય છે. તેમણે જુદે જુદે સ્થળે ૩૦૦ ઉપર ભાષણો આપ્યાં હતાં. અરધ **ઋગ્**વેદનું અને **યજુર્વેદ**નું સંપૂર્ણ ભાષ્ય કર્યું છે. તે સિવાય સત્યાર્થ પ્રકાશ, સંસ્કાર પદ્ધતિ, અને **આર્યાભિવિનય** વગેરે ૨૦ ગ્રંથો કરેલા છે. તેમણે પોતાની જીંદગીમાં ૬૨૦૦ ઉપર સંસ્કૃત પુસ્તકો વાંચ્યાં હતાં. ૧૮૦૦ પ્રાકૃત ગ્રંથોનું અવલોકન કર્યું હતું. તેઓ ગુરૂનું નામ ધારણ કરવાને ઇચ્છતા નહિ; તોપણ આજે તેમના ચેલાઓ ૩૦૦ ઉપર છે. તેમના મતને માનનારાઓ હજારો છે. આ કાંઇ તેમનું ઓછું પુરૂષાતન કહેવાય નહિ, આખા દેશમાં **ઐક્ય** કરવાની તેમની ઇચ્છા એમના અકાળ મૃત્યુથી અપૂર્ણ રહી ગઇ એ મોટો ખેદ છે. હાલ તેના જેવો બીજો નર રત્ન નીકળવો દુર્લભ છે. તેઓ સામાનું મત તોડવામાં અને પોતાનું મત સમજાવવામાં એક્કા હતા. તેઓ સામાના મતનું એવી સરસ યુક્તિ પ્રયુક્તિથી ખંડન કરતા કે તેનું મોંજ બંધ થઇ જતું, કે તે ફરી બોલવાની હિંમતજ કરે નહિ. પ્રશ્નનું નિરાકરણ પણ ઘણી ચપળતા, યુક્તિ અને તાત્કાળિક તિવ્ર બુદ્ધિથી કરતા કે જેથી સામાને પરમ સંતોષ થતો હતો એવા એ પ્રબળ બુદ્ધિના હતા. તેમના આવા સામર્થ્યથી જે ઇંગ્રેજી ભણેલાઓની વેદ ઉપરથી આસ્તા ઉઠી ગઇ હતી તેઓ વેદને માનતા અને સ્વધર્મને પાળતા થયા. પરધર્મી પાદરીઓનો દોર તૂટી ગયો. ગૌવૃષભની ઘાત થતી અટકાવવા તત્પર કર્યા, સ્વદેશાભિમાનનું શૂર ઉત્પન્ન કર્યું. પ્રાચીનકાળનું જે પોતાનું તે શ્રેષ્ઠ એ સર્વ સમજવા લાગ્યા. સર્વમાં મદ્ય માંસથી વિરક્ત થવાની જાગૃતિ આવી. સર્વ

નીતિપર પ્રીતિ રાખતા શીખ્યા; પુનર્જન્મ, યજ્ઞકર્મ, વર્ણાશ્રમના ધર્મ ઇત્યાદિને સમજતા થયા. આર્ય સમાજ બોધ કરે છે કે;—"આર્યાભિમાન એજ **બીજ,** વેદ ઉપર આસ્તા એ **શક્તિ,** એણે લોકનું **ઐક્ય** કરી પૂર્વના આર્યની મહાલક્ષ્મી પ્રાપ્ત કરવી એજ શ્રેષ્ઠત્વ. આહા! ધન્ય છે આવા પુરૂષને કે જેણે પરહિતાર્થેજ પ્રાણ આપ્યો!!! અને જગતમાં દ્રષ્ટાંતરૂપ અમર કીર્તિ રાખી ગયા. આ મહા પુરૂષ કાઠિયાવાડમાં ઉત્પન્ન થયા. માટે કાઠિયાવાડી અને ગુજરાતીઓએ આ એક અભિમાન લેવા જેવું છે.

સત્યાત્નાસ્તિપરોધર્મ:

ભારત વર્ષનું ત્રિકાલીક દર્શન.

થીઓસોફીકલ સોસાઇટીના પ્રમુખ **કરનલહેનરી-એસ-ઑલકોટે** અમેરીકા દેશથી હિંદુસ્તાનમાં આવી **મુંબઇ અમૃતસર, લાહોર, મુલતાન, કાનપુર,** કાશી અને **અલાહબાદ** વીગરે સ્થળોમાં મોટી જાહેર સભાઓ સમક્ષ જે અતિ ઉપયોગી અંગ્રેજી ભાષણ આપ્યું હતું તે આર્ય બંધુઓના ઉપકારાર્થે ગૂજરાતીમાં ભાષાંતરરૂપે મી. મનમોહનદાસ દયાળદાસે પ્રસિદ્ધ કર્યું છે. તેમાંની સર્વ વાતો આ ચરિત્ર ચંદ્રિકા ગ્રંથમાંના મહાપુરૂષોના ચરિત્રોમાં આવેલી બાબતોને ટેકો આપનારી છે માટે તેને આ પુસ્તકમાં તેઓ ભાઇની અનુમતીથી વાંચક વર્ગના જ્ઞાનાર્થે પ્રસિદ્ધ કર્યું છે.

ભૂતકાળની દશા.

જ્યારે આપણે હાલના ઇતિહાસ કરતાઓએ જે વર્ણનો આપ્યાં છે તે ઉપર નજર પોહોંચાડી જોઇએ છીએ ત્યારે તે સમયમાં વિવિદ્ધ મનુષ્ય જાતોનું એક સ્થાન છોડી બીજા સ્થાનમાં જઇને વસવું, રાજ્યોની ચઢતી અને પડતી, મહાન પુરૂષોની નિતી, બવહાર અને મર્યાદા, ધર્મ, વિદ્યા, હુન્નર, શીલસુશી એ સઘળું ધર્મના વિષયમાં સમાયલું માલમ પડે છે. જ્યારે આપણે જોઇએ છીએ કે એક ગ્રંથ કર્ત્તાના લેખને બીજો સર્વથા અશુદ્ધ ઠરાવે છે અને તેની પછી આવનાર ત્રીજો બીજાના ગ્રંથને અશુદ્ધ ઠરાવે છે ત્યારે મારા ચિત્તમાં એવો સંદેહ ઉત્પન્ન થાય છે કે વર્તમાન સમયના ગ્રંથ કર્ત્તા જુઠું અને અશુદ્ધ વર્ણન કરવામાં ઇતિહાસની વિદ્યા માને છે. શું? હું તેમ કદી ધારતો નથી. પરંતુ મને પૂર્ણ નિશ્ચયથી એટલું તો માલમ પડે છે કે હાલના સમયના ઇતિહાસ કરતાઓ મનુષ્ય જાતિની હવેથી થનારી પ્રજાને મૂર્ખ, અજ્ઞાની અને અયોગ્ય ઠરાવતા જશે. મારા મતમાં

એવા ગ્રંથકારો અધિક મૂર્ખ, અજ્ઞાની અને અવિશ્વાસનીય જેવા છે. કારણ કે તેવાઓ એક મતનું ખંડન કરી બીજાના ધર્મનો પક્ષ કરી વારંવાર બીજાના કે ત્રીજાના ધર્મનું ખંડન કરતા રેહે છે. આવાનો ચાહે તેવો મત હો તે પોતાના ધર્મનો અર્થ વધારવાનો સંભવ હોય છે. બીજા ધર્મની નિંદા કરવી અથવા મિથ્યા અપવાદ લગાડવામાં પુણ્ય સમજે છે. રાજ્યકીય વિષયપર લખવા વાળાની સમઝપર પણ એવોજ પત્થર પડે છે પરંતુ એટલો નહીં કે પોતાના પક્ષને કંઇ નુકસાન હોય તોપણ અવશ્ય તેઓ બીજા વિષયને નુકસાન કરતા નથી પણ ન્યાય સહીત સંમતી આપતા રહે છે. એટલાજ કારણથી **મિસર, યુનાન, રોમ, આસિરીયા, યુરોપ** અને **અમેરીકા** દેશોના ઇતિહાસોને યથાર્થ ખરા રૂપના માનવા તે જ્યાં સુધી અશુદ્ધ લેખોની વિચારપૂર્વક સત્ય શોધ નહીં નિકળી આવે ત્યાં સુધી અસંભવીત છે.

થોડા વખતમાં હું તમોને ઇતિહાસ વેત્તાઓનાં નામ અથવા એઓના લેખોનું વર્ણન તમારી સમક્ષ કરી શકતો નથી પણ તેવાઓની ભૂલ ઉપર આ મારી સંમતી છે અને આ મારૂં એકલાનુંજ મત છે એમ નથી પણ દુનિયાના ઘણા સારા વિદ્વાન અને તત્ત્વદર્શી લોકોનો પણ એજ અભિપ્રાય છે. પરંતુ એજ એટલું કહેવું અગત્યનું છે કે સો વર્ષ પેહેલાં યૂરોપના ઇતિહાસ કર્ત્તાઓ **આર્ય** મનુષ્ય જાતિના ઇતિહાસની એક બે વાતોથી પણ જાણીતા નહોતા **સરવિલીઅમ જોન્સ** અને બીજા વિદ્વાન અંગ્રેજો અને **ફ્રેન્ચમેન બરનોફ** એઓએ સંસ્કૃતની મહાત્મ્ય વાટીકાના કાવ્યના મનહરણ અને પુષ્પના જેવા સુવાસ અને તેની **આત્મવિદ્યા** અને **ફીલસુફીના** સુખનાં ફળો, વિદ્યાની સ્વચ્છતા, અને તેની શબ્દ રચનાઓ વીગેરે બાબતોથી જ્યાં સુધી **યુરોપને** દેખાડી તેઓની આંખો ખુલ્લી કરી નહોતી ત્યાં સુધી કોઇએ પણ સ્વપ્નમાં ધાર્યું નહોતું કે દુનિયામાં **રોમ** અને **યુનાનની** વિદ્યાના કાળની પેહેલાં કોઇ ઇતિહાસ છે. પ્રથમ પશ્ચિમના પ્રદેશોમાં **મિસર, ઇરાન, બાબીલન, ચીન** અને **હિંદના** દેશોની શાસ્ત્રી ચિકિત્સા બુદ્ધિ અને ધર્મસંબંધી વિદ્યાઓના વિષય બહુ કરીને થોડા જાણકારી હતા. તે એવી પ્રકારે હતા કે જેમ ધુમસ એક દીવસનું ખરૂં અજવાળું હોય તે અંધારૂં કરી નાખે છે અને તેમાં ભુલા પડેલા વટેમાર્ગુને લંડનની ગલી ગલીઓના ગાસના દીવાઓ છતાં તેને ખરો રસ્તો જડતો નથી તેમ આ ઇતિહાસ કરતાઓએ પોતાની મૂર્ખતા અને પક્ષપાતીના મતમાં ડુબી ખરી શોધના અંધારામાં ગળકાં ખાધાં કર્યાં છે અને ખરો માર્ગ શોધી શક્યા નથી. તમો મોટામાં મોટા વિદ્યાલયોમાં અને પુસ્તકાલયોના કોશોમાં

જોશો તો તમોને એવાં પુસ્તકો માલમ પડશે કે જેના લેખકોએ મિથ્યા એવું માન્ય કરાવવાનો યત્ન કર્યો છે કે દુનિયાની ઉત્પત્તિ કેવળ ૬૦૦૦ વર્ષની છે. એવા પણ ગ્રંથકારો તમોને મળી આવશે કે તેઓના તનને પણ લખતાં લજ્જા નહીં આવી કે યાહુદી અથવા પ્રાચીન ખ્રિસ્તિઓએ એશિઆના લોકોને પોતાનો ધર્મ, વિદ્યા અને ભાષાઓ શિખવી છે. કોઇ એવો પણ ગ્રંથ મળશે કે જેઓએ સંસ્કૃત ભાષા હીબ્રુ ભાષા ઉપરથી નિકળેલી સિદ્ધ કરવાનો યત્ન કર્યો છે. વળી તમો એવા ગ્રંથો પણ વાંચશો કે તેમાં એવાં પ્રમાણો દર્શાવવા યત્નો કર્યા છે કે બાઇબલની વાતોના ઇતિહાસનું આર્યલોકોના શાસ્ત્રો સાથે મળતાપણું છે. અને તેમ થવાનું કારણ બતાવે છે કે સેંટટામસ નામનો ઇસુમસીહનો એક ચેલો હિંદમાં આવ્યો હતો અને તેણેજ હિંદના લોકોને ધર્મની શિક્ષા આપી છે. હાલમાં થોડાકજ કાળથી સિદ્ધ થયું છે કે આર્યાવર્ત્તથી યૂરોપવાળાઓએ કળાકૌશલ્યતા શિખી લીધી છે. આર્યોનાજ સંતાનોમાં તે હતી અને તેઓની ધર્મની, વિવિધ વિદ્યાઓની ફીલસુફી આર્યોથી ઉતરતી આવી છે.

પ્રોફેસર મૅક્સમુલર અને હાલના બીજા સંસ્કૃત વિદ્વાનો આ વિષયમાં પશ્ચિમવાળાઓના મતો બદલી રહ્યા છે. અને અમને પણ આશા છે કે આર્યોની કળાકૌશલ્યતાના વિષયોની યથાર્થ વાતો થોડાં વર્ષો જતાં સઘળી પ્રકાશ થઇ જશે અને આર્ય લોકોની બરોબર પ્રતિષ્ઠા થવા લાગશે. ઘણુંકરીને જેમ ધમણ ફાટી જાય તેમ સત્યનો દીવો ઝળકી નિકળશે. અને વર્તમાનકાળના લોકોના દંભને એક સજ્જડ તમાચો પડશે.

આ સમયથી પણ વળી ખરી વાત એવી પ્રગટ થઇ શકશે કે બાઇબલનું પેહેલું વાક્ય લખાયું તેની પૂર્વે અને યાહુદી લોકો જેઓ અસલી પ્રજાનો દાવો કરે છે તેની પૂર્વે, વળી બાબીલોનનો પાયો નખાયો તે અને મિસરમાં સમાધિના મીનારાનો સ્થંભ રોપાયો તેની પૂર્વે, તેમજ વળી બેરન બનસન અને બૉકના જણાવ્યા પ્રમાણે ૫૭૦૦ વર્ષો પૂર્વે જેને ખ્રિસ્તિ લોકો દુનિયાના આરંભનો કાળ ગણે છે તેની પૂર્વે, આર્યજાતી કળાકૌશલ્યતામાં સંપૂર્ણતા ભોગવતી હતી એટલુંજ નહીં પણ પોતાની ભાષા અને વ્યાકરણને એવાં સારાં સુધારેલાં હતાં કે જેની બરોબરી આજ સુધી કોઇ કરી શકતું નથી. આ મારા વચનને કદી સત્ય અને પ્રમાણયુક્ત નહીં માને તેને હું એ સવાલ કરૂંછું કે મિસરના વસાવાનો સમય કયો ? મીનાના રાજાની રાજ્યવંશાવળી થવાનો સમય કયો ? અને મિસરનું રાજ્ય સ્થાપનાર જે કહેવાય છે તેઓ દુનિયાના કયા વખતમાં થયા ? જે જે ગ્રંથકારોએ આ વિદ્યાનો શોધ કરેલો છે તેઓએ પણ મીનાથી ઘણે

પાછળ છેવટ **ફેરોહ** સુધી **મેનેથોસ**નીના રાજ્યવંશ દેખાડવામાં પણ આ-ચકો ખાધો છે એટલુંજ નહિ પણ એ વિષયમાં હાલના કાળમાં અત્યંત નિપૂણતા ધરાવે છે તેઓ પણ હિંમતથી ૫૦૦૦ થી ૬૦૦૦ વર્ષોની પૂર્વેનો તેનો વૃતાંત આપી શકતા નથી. આથી અગાડી પશ્ચિમ ભોમના વિદ્વાનોની બુદ્ધિ કંઈ કહ્યું કરતી નથી. શા માટે કે આ દેશ (**હિંદ**) એટલો તો વૃદ્ધિએ પામેલો હતો કે **રીનન** નામના ગ્રંથકારના પ્રસિદ્ધ લેખોમાં જે દર્શાવેલું છે તેમાંથી આટલું કહ્યા વગર રહેવાતું નથી કે "આ દેશ અનાદી કાળથી અજાએબ રીતે કળાકૌશલ્યતાથી ભરપૂર હતો. તેના લખાણો વારંવાર વાંચતાં આપણું મગજ પણ ગુમ થઇ જાય છે. વળી **બ્રુગસ્ચ** નામનો લખનાર કહે છે કે **મિસર**માં પથ્થરનો, ધાતુનો અને લોખંડનો સમય હતો નહીં. આપણે નિષ્કપટપણે કબુલ કરવું જોઇએ કે **મિસર** આ કહેવાતા કાળો ઉપર તિરસ્કારની દ્રષ્ટીએ જુવે છે." જ્યારે આ પ્રમાણે છે તો ખુલ્લી રીતે આથી કોઇને પણ **મિસર**ની કળાકૌશલ્યતાના કહેવાતા પ્રાચીન ઇતિહાસ માટે અનુમાન કરવાનું પણ સામર્થ્ય રહ્યું નથી. **બ્રુગસ્ચ**ના કહેવા પ્રમાણે એવો દાખલો મળે છે કે ૮૦૦૦ વર્ષો ગયા ત્યાં સુધી **મિસર** દેશ સંસારી, રાજ્યકીય અને ધર્મની વ્યવસ્થાએ પામેલો હતો ત્યારે એમ કેમ કહેવામાં આવતું નથી કે **ભારતવર્ષ** મિસરથી પણ પ્રાચીન હતો? વાસ્તવ રીતે જોતાં **ભારતવર્ષ** મિસરથી અધિક પ્રાચીન છે. આ મારૂં કહેવું પ્રથમ અસત્ય જણાસે પરંતુ એનું કેવળ એ કારણ છે કે ૮૦૦૦ વર્ષોની પૂર્વેનો આ **પુન્યભૂમિનો** કંઇપણ ઇતિહાસ પ્રસિદ્ધીમાં આવેલો નથી. આમ કહેવાનો તાત્પર્ય એ કે પશ્ચિમ દેશવાળાઓથી અણજાણ હતો, અસલથી **બ્રાહ્મણો** કાળની ગણત્રી રાખતા આવ્યા છે અને આજસુધી કોઇ એવા વિશ્વાસનીય પ્રમાણોથી સિદ્ધ નથી થઇ શક્યું કે તેઓની કાળાંતરની ગણના અતિશયોક્તિવાળી છે. વર્તમાન સમયની અગાડી **યૂરોપ**વાલાઓને **ભારતવર્ષ**ના વિષય કંઇ બરોબર જાણકારી નહોતા. અનુમાનથી એવો નિશ્ચય માલમ પડે છે કે ૮૦૦૦ વર્ષ પછી **હિંદ** દેશમાંથી કેટલાકોએ સ્વદેશ ત્યાગ કરી એ ભૂમી કે જે હાલ **મિસર**દેશ કહેવાય છે ત્યાં જઇને વસ્યા. **બ્રુગસ્ચબેન** **મિસર**નો ઇતિહાસવેત્તા અને વધારે વિશ્વાસનિય પ્રાચીન જ્ઞાની છે તે લખે છે કે "પ્રાચીન મિસર દેશના લોકો વીગેરેની ઉત્પત્તીનું સ્થાન **આર્ય** દેશજ **ભારતવર્ષ** છે. આનું કારણ એ કે જે વંશની એ શાખા છે તેની સાથે **ઇન્ડોજરમનીક** વંશવાળાઓનું ઘણુંજ મળતાપણું છે. **એશિયા**ના મહાદ્વીપથી **સ્વેઝકનાલ**નો જે પ્રજાનો રાજ્યમાર્ગ છે ત્યાંથી પાર ઉતરી **નાઇલ** નદીના કીનારાઓપર આવી વસી. આ યાત્રા એવા

વખતમાં થઇ કે જેનો પત્તો દુનિયાના કોઇપણ ઇતિહાસમાંથી મળવો કઠણ છે." **મિસરપ્રજા** પોતેજ કહે છે કે તે **પવીત્રપંથ** એક છુપા અને પવિત્ર દેશમાંથી આવ્યો હતો જે હમણાં સિદ્ધ થયું છે કે **હિંદ**ના માહાસાગરના કીનારાની જગ્યાપર હતો. તે જગ્યાને તેઓ **પંત** કહે છે જેમાં તેઓના દેવતાનું પ્રાચીન સ્થાન બતાવે છે. વળી તેને માટે કહે છે કે જ્યારે તેને માનવાવાળા **મિસર**માં ગયા ત્યારે તે દેવતા પણ **એમનહોર** અને **હુથોડ** જેઓ **મિસર**ના કાફલાના નેતા હતા તેની સાથે એ દેશમાં ચાલી આવ્યા વીગેરે સ્થાનોને પ્રાચીન **મિસરે**। પવીત્ર ભુમિ (**પાનટર**) કહેતા હતા. તે હવે સિદ્ધ થયું છે કે પેલી **સીના** પર્વતની પવીત્ર કહેવાતી ભૂમી જુદીજ છે. **દરીઅલબાહારી** સ્થાનમાં રાણી **હાસતોપ**ની સમાધીના અને દેવળની ભીંતોના લેખોપરથી માલમ પડે છે કે તે પવીત્ર ભુમિ **પંત ભારતભૂમિજ** છે. ઘણાક વર્ષો સુધી **મિસર**ના લોકો પોતાની પ્રાચીમ ભૂમિ સાથે વેપાર કરતા રહ્યા હતા. તેઓના લેખોમાં બાહુધા એવા રાજાઓ, ફુલો, ફળો, સુગંધીઓ અને મુલ્યવાન લાકડાંઓનાં નામો લખેલાં છે કે જે કેવળ **હિંદ** દેશ સિવાય કોઇ ઠેકાણે મળતાં નહોતાં. આથી સિદ્ધ થાય છે કે **મિસર** દેશથી અધિક પ્રાચીન **ભારતવર્ષ** છે. **હિંદ**થીજ સર્વ ગુણ અને વિદ્યા **મિસર**માં ગઇ છે. **સિંહલદ્વીપ**નું નામ જે **આયા** છે તે પ્રાચીનકાળમાં **હિંદ**નો એક ટુકડો હતો.

હવે આથી સ્પષ્ટ જણાય છે કે હજારો વર્ષો પહેલાં યુરોપમાં કળાકોશલ્યતાનું કે પુસ્તક લખી જાણવાનું કે વિદ્યાલયો સ્થાપવાનું ભાન થયું તેની પૂર્વે **આર્ય**ના પ્રજાપતિઓ વિદ્વાન, ગુણી, બુદ્ધિવાન, સકળગુણ સંપન્ન અને કળાકોશલ્યતામાં ભરપૂર હતા. (તે વખતે વર્તમાનકાળની માફક સમાન જાતિના પ્રબંધમાં બંધાયલા નહોતા. પણ પોતે ગુણજ્ઞ, વિદ્વાન, સુંદર આચાર વ્યવહારથી સભામાં સર્વથી ઉચ્ચ પદ પ્રાપ્ત કરી શકતા હતા અને નિચ કર્મોથી પતિત અને ભ્રષ્ટ થઇ જતા.)

આર્ય જાતિમાં તે વખતમાં કેવળ જ્ઞાની, તત્ત્વદર્શી કે વિદ્વાન એકલાજ નહોતા પણ મોટા વૈયાકરણી, ચિકિત્સક, વૈદ્ય, સંગીત વિદ્યાના ગુરૂ, કવીયો, જ્યોતિષિઓ, રાજ્ય પ્રબંધ કર્તા, શૂર, વીર, શિલ્પજ્ઞ અને વ્યાપારી, કારીગરો વીગેરે હતા. **શ્રીવાત્સાયન ઋષિકૃત ચતુષ્ટી કળા નિર્ણય** ગ્રંથમાં પચાસ પ્રકારના ઉદ્યમ અને વ્યહવારનાં વર્ણન લખ્યાં છે જે **વૈદિક** સમયમાં લોકો ચલાવતા હતા. **વૈદિક સમયમાં જીંદગીની જરૂરીયાતનાં સાધનોજ હતાં એટલુંજ નહીં પણ સુધરેલી પ્રજાની મોજ શોખ** અને આનંદનાં સાધનો પણ સર્વ સાધારણ હતાં. **ખ્રિસ્તિ ધર્મના ગ્રંથ-**

કારોએ આ વાત કબુલ રાખી છે કે **હિંદના** વિષયમાં નિષ્પક્ષપાત થવામાં કાંઈજ સંદેહ રહી શકતો નથી. વર્તમાન કે પ્રાચીન એ સમયમાંથી કોઇ પણ સમયની કોઈપણ પ્રજાએ **ભારતવર્ષમાં** વસ્તા **આર્યોના** જેવા સાત્વિકબુદ્ધિ જય કરી શક્યા નથી. એના વાસ્તવીકપણા માટે જુદા જુદા ગ્રંથકારોનાં વચનો જો લખવામાં આવે તો એક મોટું પુસ્તક થવા જાય પરંતુ સ્થળ સંકોચને લીધે તે આપી શકતા નથી છતાં તેમાંથી એક સુજ્ઞનનું વાક્ય અત્રે ટાંકી બતાવું છું. તે **સીરામપોરનો પાદરી વાર્ડ** સાહેબ છે જેને હિંદદેશના ઇતિહાસનાં સાહિત્યો અને શાસ્ત્રો વીગેરેના વિષયોપર એક ગ્રંથ લખ્યો છે. તે લખે છે કે " સંસ્કૃતના વ્યાકરણની ગણત્રી નથી તેમજ તે લખવાવાળાની બુદ્ધિ તિક્ષ્ણતા અને અત્યંત નિપુણતા પ્રગટ કરે છે. ખરેખર **હિંદુઓ** વ્યાકરણમાં **રોમન** અને **યુનાની** વગેરે પ્રાચીન અને વર્તમાન સમયની પ્રજા કરતાં અધિક ચઢીઆતા છે. **હિંદનો** કોશ પ્રશંસનીય છે. **આર્યોએ** પ્રાચીન સમયમાં પોતાની ભાષાને ઘણી સારી રીતે સુધારી આબાદીન કરી છે. **આર્યઋષીઓએ** અસ્ત્ર અને શસ્ત્રવિદ્યાની પણ વિધિવત વૃદ્ધિ કરી છે. હિંદુ રાજાઓ પોતાની સેનાને રણભુમિપર લઈ જતા હતા. યોદ્ધાઓ સારી શિક્ષા મેળવતા હતા. ઘણા રાજાઓ અને વીર પુરૂષો યુદ્ધમાં પ્રખ્યાતી પામી ગયા છે." આ ઉપરાંત **પાદરી વાર્ડ** લખે છે કે " મારા ગ્રંથ વાંચનારાઓને માલમ પડશે કે હિંદુઓના તત્વજ્ઞાની **ઋષો, મુનીઓ** નિઃસંદેહ ઘણી મોટી ગુઢ **આધ્યાત્મિક** વિદ્યા જાણતા હતા. સર્વજણાઓ તેઓની પુજા, સેવા અને સતકાર કરતા. તેઓની દરેકની સાથે ૧૦૦૦ થી ૨૦૦૦ ચેલાઓ રેહેતા હતા. " આ પાદરી પોતાના ગ્રંથના ચોથા ભાગની સમાપ્તીમાં **આર્યદેશના** વડીલોની ઉત્તમ પ્રશંસા કરી લખેછે કે "કોઇ સમજવાળો પુરૂષ આ વાતનો તો કદી ઈનકાર કરવાનો નથી કે પ્રાચીન હિંદુઓની વિદ્યા અને ગુણ અતી પ્રશંસનીય છે. તેઓએ વિવિધ વિષયોપર જે જે લખાણો પ્રગટ કરેલાં છે તે ઉપરથી માલુમ પડે છે કે તેઓને સર્વ વિદ્યાઓનો ઘણો સારો અભ્યાસ હતો. જે ઢબથી તે લખાયા છે તે ઉપરથી સિદ્ધ થાય છે કે પ્રાચીનકાલની **આર્ય** મનુષ્યજાતિ કોઇ પણ બાબતમાં ઊતરતી નહોતી. ધ્યાનપૂર્વક તેઓની ફીલસુફીઓ અને શાસ્ત્રોનો શોધ અને તેનો અભ્યાસ કરીએ છીએ ત્યારે નિઃસંદેહ ખાતરી થાયછે કે તેઓની પ્રજ્ઞા અતિ તીવ્ર અને ગુઢ હતી."

વર્તમાનકાલની વિદ્યા (અંગ્રેજી ભણતર) મેળવી જેઓ ફુલાય છે ને સવાલો કરે છે કે " પ્રાચીનના આર્યલોકોમાં આવા સુંદર તાર, રેલવે, અને વરાળ યંત્રો વીગેરે એવું કંઇ હતું કે ?" મારો તેને માટે એ ઉત્તર છે કે

તે સમયમાં વરાળના ગુણો જાણનારા હતા. છાપવાના યંત્રો ચીનદેશમાં પ્રસ્તુત હતા. **આર્યો**માં નિઃસંદેહ તારો હતા જે દ્વારએ ઘણે દુરના સમાચારનો વેહેવાર ચલાવતા હતા અને હજુ પણ તેઓના સંતાનોમાં તેવી રીત પ્રસ્તુત છે પરંતુ વિશેષ અજાયબી એ છે કે જેના માટે થાંબલા કે લાંબા તારો કે બેટરીઓની કંઈ પણ જરૂર રેહેતી નથી. ત્યારે સર્વ તમો પૂછશો કે એ શું છે ? તો તેના જુવાબમાં તેવા અડધા કાચા જ્ઞાનવાલાઓ, અને જેઓ પવિત્રવાતોને એક ઠઠા મશ્કરી માફક ઉડાવે છે અને અર્ધદગ્ધ અંગ્રેજી ભાષાનું જ્ઞાન મેળવી પોતાના પૂર્વજોને ભલુંબુરૂં કેહેવાને પણ લજવાતા નથી તેઓને મોહોડા ઉપર કહીશ કે આપણા પ્રાચીન **યોગીઓ**, અને હજુ પણ તેવા સતપુરૂષો **આત્મ**જ્ઞાન જાણનારા છે અને દૂરથી એક બીજા સાથે સંદેસાનો વેહેવાર ચલાવે છે. આપ સરવે લોકો મારા આ બોલવા ઉપર વિશ્વાસ રાખશો નહીં પરંતુ તેની સત્યના અને યથાર્થ સિદ્ધીને માટે તલમાત્ર પણ મને સંકોચ નથી. જે જે લોકોએ યોગવિદ્યાનો શોધ કર્યો છે અને જેઓ યોગ સાધે છે તેઓ તમોને ખાતરી પૂર્વક સિદ્ધ કરી આપશે કે આ વાત સાચી છે.

જો સ્વર્ગવાસી બ્રહ્માચારી—બાવાના વચન ઉપર અમો વિશ્વાસ રાખીએ તો હું કેહેવાને શક્તિવાન છું કે **આર્ય**લોક એ વિદ્યા જાણતા હતા કે જેને માટે પશ્ચિમના મોટા વિદ્વાનો પરિશ્રમ કરી રહ્યા છે છતાં તેઓને કંઇ પણ નિપૂણતા મળી નથી. **આર્યો** આકાશમાં ઉડતા એટલુંજ નહીં પણ યુદ્ધો વીગેરે કરતા હતા. પક્ષીની માફક પવનમાં ઉડતા હતા. ત્યારે અવસ્ય સંભવ છે કે પવનની લેહેરો અને વાયુના ચલણની વિદ્યાથી તેઓ નિપૂણ હતા. **માહાભારતના** માયાસભાના પ્રકરણમાં તેને માટે વર્ણવ્યું છે કે **સુક્ષ્મદર્શકયંત્ર** (Micross-cope) **દૂરદર્શકયંત્ર** (Telescrope), **ઘટીક** અને **ઘડીઆળો**ના યંત્રો (Clocks & Watches), યાંત્રીક ગાતાં **પક્ષીઓ** (Michanical singing-birds) વીગેરે પ્રસ્તુત હતા. **"અસ્તવિદ્યા" આર્યો**માં જાણનારા લોકો હતા જેઓ ઝેહેરી હવા ઉત્પન્ન કરી શત્રુઓની સેનાઓને ઘેરી લઇ પવનમાં ભયંકર શબ્દોના નાદો ઉત્પન્ન કરી શત્રુઓને વિસમય કરી નાખતા હતા. ભયંકરરૂપ ધારણ કરી શત્રુઓને ભયભીત પમાડતા હતા. એવી વિદ્યાનું નામ આજ પણ આપણા હાલના **આર્ય**લોકો જાણતા નથી.

વર્તમાનકાળના શબ્દ વિદ્યાના શોધક પુરૂષો સંસ્કૃતને યુરોપની વર્તમાનકાળની ભાષાઓ સાથે મેળવીને નિર્ણય કરતા જાય છે કે અવશ્ય યુરોપમાં કળાકૌશલ્યતા **આર્યો**થીજ પ્રાપ્ત થઈ છે. વળી એથી પણ વધારે પૂરાવાનાં

સાધનો આપણી પાસે છે કે **બાબીલોનીયા, મિસર, યુનાન, રોમ** વીગેરેની **ફીલસુફી**ઓ અને ધર્મના ગ્રંથોપર વિચાર કરી જોતાં માલમ પડે છે કે **આર્યો**ના મતો પશ્ચિમ તરફ એ નદીઓના વેહેના પ્રવાહની માફક આવ્યા છે. વળી **પૈથાગોરાસ-સોક્રેટીસ-હોમર-ઝેનો-હિસીઓડ-સિસરો-પ્લેટો-એરિસટોટલ-સિવોલા-હોમર-વરો-વરજીલ** વીગેરે કવીઓ અને ગ્રંથકારોના મતોને જો **વેદવ્યાસ-જૈમીની-નારદ-પાણીની-ગૌતમ-પાતનજલી-કણાદ-કપીલ-મરીચી** વીગેરે શાસ્ત્રકારોના મતો સાથે મેળવશો તો તેમાં ગુઢજ્ઞાનની સમજ મેળવતાં સર્વેને અત્યંત આશ્ચર્ય લાગશે **ભારતવર્ષ**ના પ્રાચીન આચાર્યોના મત ધીરે ધીરે પશ્ચિમવાળાઓમાં ફેલાઈ ગયા. જેમ મનુષ્ય જાતિની પેઢી, ધર્મ, ઉપદેશક, રાજ્યકર્તાઓ, યોદ્ધાઓ અને શિલ્પકારો યથા આવશ્યક ઉત્પન્ન થતા જાય છે ને મનુષ્ય જાતિના વિચાર ભિન્ન ભિન્ન સમયોમાં અને દેશોમાં સમાન થઈ શકે છે. પરંતુ **આર્ય આચાર્યો**ના અને **યુનાની રોમન** ફીલસુફોના વિચારો એક બીજા સાથે એટલા તો મળતા છે કે આરસીમાં પડેલી પ્રતિમા અને મૂળસ્વરૂપ એ બેમાં જેમ કંઇ ભેદ નથી હોતો તેમ તેમાં પણ નથી. એમ જો છે તો પૂર્વના આચાર્યો અને તેમના ગ્રંથો પશ્ચિમમાં ગયા વગર આમ થયું એમ માનવું એ સાધારણ સમજ વિરૂદ્ધ છે. આ ઉપરથી અમે જે ઉપર કહ્યું તેને પુષ્ટીકરણ મળે છે કે **મિસર**ના લોકો **ભારતવર્ષથીજ** આવી **નાઈલ** નદીના કીનારે વસ્યા. સઘળા પ્રાચીન ફિલસુફોએ **યાહુદીના મોઝીસથી** તે **પ્લેટો** સુધી **મિસર**માં આવી બુદ્ધિ અને વિદ્યા પ્રાપ્ત કરી.

આ વિષય પરીપૂર્ણ લખવા ચાહીએ તો ગ્રંથના ગ્રંથ થઈ શકે પરંતુ ટુંકમાં નિરૂપણ કરી દીધું. છે કે **ભૂતકાળ**માં **ભારતવર્ષ**નો કેવો ઉજ્વળ **જય જયકાર** હતો. હવે આપણું ચિત્ત બીજી બાજુપર ફેરવી ધ્યાનપૂર્વક જોઈએ કે આજકાલ **ભારતવર્ષ**ની શું દશા થઇ રહી છે.

વર્ત્તમાનકાળની દશા.

જેઓ આ **પુન્યભૂમિ આર્યાવર્ત**ની આ ગયલી દશા ચાહાય છે અને જેથી પોતાના હૃદયને દુઃખીત કર્યું છે તેઓને તો હવે તેની ગઈ દશાપર વધારે કાળ વિચાર કરવામાં ગાળવો ફોકટ છે. કારણ કે તેની નજરે તે મહાન પુરૂષોની કિર્તિઓ દેખશે અને વર્ત્તમાનકાળના હિંદના લોકોની દશા સાથે મેળવશે ત્યારે અમે તેનો હિમ્મતવાન વા પથ્થર જેવા હૃદયનો

હશે તેના હૃદયમાં પણ આ કચરઘાણવાળા દેખાવ માટે નિશ્વાસ અને નિત્ય શોક ઉત્પન્ન થયા વગર રહેશે નહીં. અરે ? ક્યાં ગયા તારા પેલા તત્ત્વજ્ઞાની ઋષીઓ પેલા સુરવીરો અને સુભટ્ટો કે જેઓ વિદ્યા અને બુદ્ધિના દેવ કહેવાઈ ગયા છે ? અરે ! તેજ આનંદ, તેજ સ્વતંત્રતા, તેજ પ્રતિજ્ઞાના વિચારથી આર્યભૂમિમાં સ્વરાજ્ય કરવાને યોગ્ય હતા અને ખુદ દેવતાઓની બરોબરી કરી શકતા તે ક્યાં ગયા ? તિક્ષણ બુદ્ધિવાળા શિલ્પકાર કે જેઓની કારીગરીના નમુના આજ સુધી હૈયાતીમાં દેખીએ છીએ અને જેની હરિફાઈ બીજે કંઇ પણ જણાતી નથી, તેઓ ક્યાં ગયા ? અરે ! બ્રહ્મજ્ઞાની બ્રાહ્મણો જેઓની પાસે આખા એશિઆ ખંડના જ્ઞાનના કોશો હતા તે ક્યાં ચાલ્યા ગયા ? અફસોસ ! સર્વકાળની વિકાળ ઘંટીના ચક્રમાં દળાઇ ગયાં અને સ્વપ્ન જેવું થઇ ગયું. જુના મસાલામાં થોડીક ખોટી ધાતુની મેલવણી કરી હમણાં એક નવી મનુષ્યજાતી બની રહી છે. પ્રાચીન હિંદુ તો એક સ્મરણ માત્રજ રહ્યા છે. પરંતુ વર્ત્તમાન હિંદુઓ તો હમારા નેત્રો આગળ યથાર્થ રૂપમાં દેખાય છે. પૃથ્વી તેની તેજ છે. પરંતુ તેમાં ઉત્તમ ઉત્પાદક શક્તિ રહી નહીં. વર્તમાન કાળમાં વસ્તા લોકો તેઓનાજ સંતાન છે પરંતુ હાય ! લોકો કેવા ભુખમરા અને ભ્રષ્ટ થઈ ગયા છે ? એક વખત હિંદનાજ અસંખ્ય જંગલો હતા તેથી તેમાં મેઘમંડળ આકિર્ષિત થઈ જળ વરસાવી પૃથ્વીની ઉપજની આબાદાની થતી હતી. તે જંગલો સઘળાં નિર્મુળ થઈ ગયાં છે અને હવે ગરમીથી દેશ સુકાઇ ચાલ્યો અને બળબળ થઇ રહ્યો છે. વારંવાર દુકાળની જાળોમાં ફસી પડતો રહ્યો છે. મનુષ્યની ગણના દિનપ્રતીદીન વધતી ચાલી છે પરંતુ ખોરાકની વસ્તુઓ ઓછી થતી જાય છે. **“ અન્નવિના સર્વ પ્રજા દુખિયારી. ”** હજારોને પોતાના પેટપુરતી રોટલી મળવી કઠણ છે. સારા અને બુરા સમય થવામાં માત્ર એજ ભેદ રહ્યો છે કે ચાર કરોડ મનુષ્યમાં એકમાં ઓછું તો બીજામાં વધારે ક્ષુધાના કલેશ સહન કરવા પડે છે. ગરીબ બચારા જેઓ એક લંગોટી પેહેરી નિરાશ અને વ્યાકુળ ચિત્તવાળા પોતાનો કાળ ગમન કરે છે તેઓને પોતાની દશા સુધારવાની કંઇપણ આશા રહી નથી. તેઓ દારિદ્રતા ભોગવી સદૈવ આશાના તુરંગમાં ગળકાં ખાયા કરે છે ને ઇચ્છે છે કે ક્યારે મૃત્યુ આવી અમને એ મહાદુ:ખમાંથી છુટા કરે. પ્રાચીન સમયની એકયતાને બદલે યોગરદમ ફુટ ફેલાઇ રહી છે. એક સુબાથી બીજો સુબો, એક જાતીથી બીજી જાતિ, એક પંથથી બીજો પંથ, ભાઇથી ભાઇ ક્યાં દેખો ત્યાં ફલી પ્રસરી રહ્યો છે. એક એવો સમય હતો કે આર્યાવર્ત્તનું નામ લેતાં મનુષ્યોના હૃદયો ઉમંગથી ભરી આવતાં હતાં અને સર્વનાં મુખ હર્ષથી ભ-

સ્ફુર થતાં હતાં. હમણાંતો સ્વાર્થતત્પરતાના દૈત્યોએ એ દિવ્યગુણોને વિસારી મુક્યા છે. ઉપજીવીકાની ચિંતાએ **ભારત**વાળાઓને કાયર, દેશદ્રોહી, વિશ્વાસઘાતી અને મિથ્યાવાદી બનાવી દીધા છે. હાલમાં એ મહાન જાતિ પોતાના સંતોનોના નિચકર્મોને લીધે નષ્ટ થઇ ગઇ અને તેનું હાલનું તેજ અને વૈભવ જોઇ હમણાં તેની જે પ્રતિષ્ઠા કરે છે તેના દીલમાં પણ મહા દુઃખ ઉત્પન્ન થાય છે. **ભારત**નાં મોટાં મોટાં નગરો જે એક સમયે મનુષ્ય જાતિના મોટા સુખનાં સ્થાનો અને નાના પ્રકારની વિદ્યાઓ અને ધર્મના પવિત્ર ભંડાર હતા તે હમણાં માટીમાં મલી ગયાં સમાન થઈ ગયાં છે, એટલુંજ નહીં પણ તેના ખંડીયરોમાં ગંદા માંસ ભક્ષક પશુ પક્ષીઓ વસી તેની નિશાની પણ રહી નથી. હમણા કદી પ્રાચીન વસ્તુઓની શોધ કરવાવાળા પૃથ્વી ખોદતાં કોઇ એવા નિસાનો મેળવે છે કે જેનાથી **પ્રાચીન આર્યો**ના શાસ્ત્રોના લેખો સત્ય અને પ્રમાણીક સિદ્ધ થાય છે. પરંતુ તેઓમાં ઘણું કરીને એવા લોકો હોય છે કે તેઓ પોતાના મતને ખરો ઠરાવવાની મતલબથી તેમાં પોતાની બુદ્ધિપુર્વકના ઊલટા સુલટા અર્થો ગોઠવી વર્ણન કરે છે જેથી હિંદની કલાકૌશલ્યના કેવળ જાણે સો વર્ષોનીજ પુરાણી હોય ની એમ ઠરે છે.

મારો રાજ્યકીય બાબતમાં આ સમયમાં કેહેવાનો તાત્પર્ય નથી તેમજ રાજ્યકીય બાબત સાથે મારે કાંઇપણ સંબંધ નથી. કેવળ **ભારતવર્ષ**ની ફિલસુફી, સાહિત્ય, ધર્મ, વિદ્યાઆદી શિખવાને અર્થે આવ્યો છું અને તેના ઉપર દૃષ્ટિ કરતાં મને વર્તમાન દશા દેખી દુઃખ ઉત્પન્ન થાય છે. હું જોઉંછું કે બ્રાહ્મણો સરકાર અને સોદાગરની નોકરીઓ કરે છે એટલુંજ નહીં પણ તુચ્છ સેવાચાકરીમાં મશગુલ દેખાય છે. કોઇ કોઇ જગ્યાએ વિદ્વાન બ્રાહ્મણો મળે છે પરંતુ તેઓને સહાયતા નથી કે જેના ભરોંસાથી તેઓ વિદ્યાસંપાદન કરવામાં તત્પર રહે. તેઓએ પોતપોતાના પુરૂષોની રીતી, વ્યવહાર અને આચરણને ત્યાગ કરી દીધા જેથી તેનું મહત્વ અને વૈભવ જતું રહ્યું. કોઇ કોઇ બ્રાહ્મણો દેવાલયોમાં રહીને પોપટની માફક શ્લોકો બોલ્યા કરે છે અને દાન દક્ષિણા સાધારણ લોકો આપે તે લેછે એટલુંજ નહીં પણ યુરોપીઅનોની સામે પોતાનો હાથ ફેલાવી ભીખ માગતા રહે છે. મંદિરોમાં હવે પ્રાચીન શુભ મંત્રોપચાર તો રહ્યા નથી અને વેદની રીતે તો ઘણાજ થોડા જાણતા હશે. **પાતનજલી**, શંકર અને કણાદના વંશવાળા મનુષ્યો ઘણા એવા છે કે જે મનુષ્યનો **આત્મા** હોવામાં પણ સંદેહ લાવે છે અને જે યોગ વિદ્યાથી પ્રકાશ પામે એવી શક્તિ છે તેના ઉપર વિશ્વાસ રાખતા નથી. સુધારક નાસ્તિકતાથી દેશના જુવાનીઆઓના મતો

ભ્રષ્ટ થતા જાય છે. યુરોપની શિક્ષાથી આર્યલોકોનાં બાળકો નાસ્તિક થતાં જાય છે. મનુષ્યજાતીને જે આનંદ અને બુદ્ધિનો વધારો કરે છે તે નાશ પામતી જાય છે. તેઓને આવતા જીવનની અને આ વર્તમાન જીંદગીની અંદર કંઈ સુખદાયક પરીણામ થાય એવી આશા પણ નથી અને આશા વગર દુઃખની અંદર સહનશિલતા, આનંદ ક્યાંથી આવે? સરરીચર્ડ ટેમ્પલ મુંબઈના માજી ગવરનર સાહેબે એક વખત કહ્યું હતું કે "વર્તમાનની કેળવણી હિંદુઓના ધર્મની જડ હલાવી દે છે." થોડા દિવસો ઉપર ઑક્સફર્ડની પાઠશાળામાં એવાં વચનો કહ્યાં હતાં કે ધર્મની જડ સિથિલ કરવાનાં મુખ્ય કારણ ત્રણ નવા પંથોનો પ્રચાર થવાથી છે. "એક તો બ્રહ્મસમાજ, બીજી પ્રાર્થનાસમાજ, ત્રીજી થીઓસોફીકલ સોસાઇટી." તેની મોટી ભૂલ છે કે થીઓસોફીકલ સોસાઇટીને એક પંથ બનાવ્યો. તેણે આર્યસમાજનું નામ પણ માત્ર લીધું નહીં. હજુ સુધી રાવબહાદુર ગોપાલરાવ હરિ દેશમુખ તેઓની કૌંસીલના સભાસદ છે અને દયાનંદ સરસ્વતીએ લગભગ ચાલીસ પચાસ સમાજો સ્થાપન કરી છે અને જેના પંથવાળા એટલા છે કે ઉપલા ત્રણેને એકઠા મેળવતાં પણ થાય નહીં.

સરરીચર્ડ અતિ ગંભીરતાથી ઈંગ્લંડના લોકોને કહે છે કે "હવે અધિક પાદરીઓને હિંદુસ્તાનમાં મોકલવાની ઘણી આવશ્યકતા છે કારણ કે નવા દેશી જુવાનો ખ્રિસ્તિ ધર્મ અંગીકાર કરવાને તૈયાર છે." મારી સમજ પ્રમાણે આવી આશા બાંધવી ઘણી ભૂલ ભરી છે હું ઘણી સારી રીતે જોઉં છું કે તે લોકો જેઓ સુધારા સમાજોની બહાર છે તેઓ તો પોતાના પ્રાચીન ધર્મનો ત્યાગ કરી તેને બદલે બીજો અંગીકાર કરતા નથીજ. ખરૂં જોતાં તેઓ યુરોપ અને અમેરીકાના જુવાનોની પ્રમાણે બરાબર ભણેલા થતા જાય છે. અને તે સઘળાના મતો બદલવાનું એક કારણ છે જેના માટે એકજ ઇલાજ થવો ઘટીત છે. કુદરતની વિદ્યાના અપૂર્ણ અભ્યાસના કારણે તેઓને નાસ્તિક બનાવી પોતાના પ્રાચીન ધર્મોથી બહીર મૂખ કીધા છે. હવે તે વિદ્યાદ્વારા પાછી ધર્મની જડ બંધાવી જોઇએ. ઈશ્વરી સૃષ્ટિને સારી રીતે નહીં સમજવાથી ઘણાઓએ નાસ્તીકતાનું અવલંબન કરી લીધું છે. આ પ્રમાણે ભ્રાંતીનું યથાર્થરૂપ ન જાણવાથી જીજ્ઞાસુ પુરૂષ આત્મા ઓળખી શકતો નથી. વિદ્યાનું પરીયવસાન એકજ છે જેમાં પ્રદક્ષિણા કરવાથી સત્યનો શોધ લાગે છે. હું વિચાર કરૂં છું કે આ થીઓસોફી, યોગવિદ્યાવાળા બ્રહ્મજ્ઞાનનો એક મજબુત સ્થંભ છે જેના ઉપર મોટી ઈમારત ઉઠાવવાને ચાહીએ છીએ. બીજા ધર્મવાળાઓ ભારતના જુવાનોની પાસે આવી પોતે ઉપદેશ કરે છે કે અમુક ગ્રંથ અથવા અમુક ગુરૂ વા ઉપદેશ-

ઉપર વિશ્વાસ કરવો વા અમુક આચાર વ્યવહાર સાંધવાથી મનુષ્યને મોક્ષ મળે છે. પરંતુ હમો તો કોઈના ધર્મમાં હાથ નાંખતાજ નથી કે પોતાનો જુદો મત નિરૂપણ કરતા નથી. અમે તો કેવળ ઈશ્વરી ગાથાનેજ મુખ્ય આગમ સમજીએ છીએ પરંતુ તે વિદ્યા માટે અમારો તાત્પર્ય એ છે કે વર્તમાનકાળના બહુ પ્રમાણીક લોકોની વિદ્યાથી અધિક વિસ્તીર્ણ, લાભદાયક અને દિવ્ય છે. અમે nature સૃષ્ટીના પરોક્ષ, અપરોક્ષ; જાણીના અને અજાણ્યા, પ્રગટ અને ગુપ્ત પદાર્થોપર વિચાર કરીએ છીએ. ટુંકમાં શાસ્ત્ર કેવું હોય તેનો નિરણય અમારા **આર્ય** વિચારથી વર્તમાનકાળના વિદ્વાનોથી જુદો છે. અમે ખાતરીથી કહીએ છીએ કે પ્રાચીન **આર્યો**જ પૂર્ણ શાસ્ત્રી હતા. વર્તમાન **ભારત**ના સંતાનોની હજુ આંખો ખુલી નથી. તેઓ કેવળ અધાપાને વશ પશુ સમાન છે. તેઓને પાળવાવાળી માતા **વર્તમાન સમયની વિદ્યા** કાણી છે. પેલી કેહેવત છે "**આંધળાના ગામમાં કાણો રાજા**" તેવી વાત અતરે દેખવામાં આવે છે. અમારા પશ્ચિમના શિક્ષક બીજાઓના ધર્મને નષ્ટ કરવાને જાણે છે પરંતુ તેઓને એટલી બુદ્ધિ નથી કે **મનુષ્ય** વાસ્તવ શું છે. તેઓ નવા **હિંદી** જુવાનોને પોતાના ધર્મપરની આસ્તાથી હટાવી શકે છે પરંતુ સંદેહના દીલમાં ફસાવી દેછે એ સિવાય બીજો કંઈ પણ તેઓનો ઉપકાર કરી શકતા નથી. તેઓ આપણા શરીરની બનાવટ અને યંત્રોના ભેદ બતાવી જાણે છે પણ અંતર જગતનો કંઇ પણ વિશેષ ભેદ તેઓ દેખાડી શકતા નથી. **આત્મવિદ્યા** તેઓની સમજમાં ફકીઓની કલ્પના સમાન છે. જયારે આવી દશા છે તો અમો કહી શકીએ કે નવી શિક્ષા **ભારત** વાસીઓને માટે લાભદાયક અને ઉપયોગી શું? અને તેનાથી તેનું શું ભલું થવાનું છે? નવા જુવાનોની સાથે મેલાપ કરો અને તેનો જુવાબ આપો. **સર રીચર્ડ**નું કેહેવું ખરૂં છે કે તેઓના વિચાર પોતાના પ્રાચીન ધર્મથી ફરી ગયા છે તે ખરૂં છે પરંતુ એ દોષ સુધારવાનું કામ તેને નહીં બતાવ્યું. તેથી ખ્રિસ્તિ ધર્મ સંપાદન કરવાનું ઠરી શકતું નથી. શું ખ્રિસ્તિ ધર્મનો પાયો લીબરલ લેખકોથી હલાવી નથી નાંખ્યો? એની નેમ પોતાના ધર્મવાલાઓને ચઢાવવાની છે. તે કહે છે કે હીંદુધર્મ હિંદુઓના સ્વભાવથી પણ વિરૂદ્ધ છે. **આત્મ**રોગને દૂર કરવાને વાસ્તે જે ચોતરફ ફેલાવો પામી રહ્યો છે તે કોઈ બહારથી લાવેલો ધર્મ લાભદાયક ઔષધિ નહીં થાય. આવી નાસ્તીકતા કેવળ વેદ વિહિત ધર્મનો પુનઃ પ્રચાર કરવાથીજ દૂર થશે અને તેનો જીર્ણોધાર થવો અવશ્ય છે.

આમ કેહેવાથી મારૂં એ પ્રયોજન નથી કે વગર સમજી વેદને મોઢે કરે કે કેવળ પોથીની પુજા કરે અને વગર સમજે તેના દિવ્યસિદ્ધાંત્તનો

અનુરોધ થાય. પણ વિધિવત અધ્યયન થઇ સંવાદમાં દાખલા દલીલો આપ્યા જાય કે **વેદ** સર્વ ધર્મોનું મુળ છે. સર્વ વિદ્યાઓનું આદીકારણ છે. હાલ એવા કોણ છે કે **વેદ**નું મહત્વ, પ્રતાપ અને ગુહ્યભેદો પ્રગટ કરે? આ કામ એવા માહાત્માઓનું છે કે જેઓ વર્તમાનકાળની વિદ્યાઓ અને સંસ્કૃતમાં યથાયોગ્ય પ્રવીણ છે અને જેઓ **વેદ**ના ગુપ્ત અર્થો અને રૂપોના જ્ઞાતા છે. **વેદ**ના અર્થો ગુઢ છે અને સાધારણ વાંચનારની સમજમાં આવતા નથી એમ **વૈદિક** રહસ્ય જાણવાવાળા માહાત્માઓ કહે છે. એના તાત્પર્યને નહીં સમજી અને વેદનો માત્ર કેવળ શબ્દનો વિચાર કરવામાં ઘણા બુદ્ધિમાન પુરૂષો ગોથાં ખાઈ ગયા છે. **કમપારેટીવ ફીલોલોજી** અર્થાત તે શાદસ્ય શબ્દવિદ્યા **વૈદિક** ખરો અર્થ કરવાને સમર્થ નથી. અમારી સભાનો એક અતિ યોગ્ય ઉત્તમ પુરૂષ **રા. રા. શંકર પાંડુરંગ પંડીત,** મુંબઇમાં **વેદ**નો છુટો છુટો તરજુમો કરી રહ્યા છે અને વળી કંઇ એક મહાત્માજનો એવી શોધ લગાડી રહ્યા છે કે **વેદ**જ સર્વ વિદ્યાનું ઉત્પત્તીસ્થાન છે. માટે વર્તમાનના **ભારતવર્ષ**ને **વેદ**નું તાત્પર્ય સમજવાની પ્રથમ આવશ્યકતા છે. જેથી આ સમયના લોકોને પૂર્ણ વિશ્વાસ થઈ જાય કે પ્રાચીન સમયમાં ગુઢ વિદ્યાઓ તો સુક્ષ્મ રીતીએ સમજી લેવાતી હતી જેનો પુરાવો એજ છે કે આ લાખો વર્ષો થઇ ગયાં તોપણ **વેદ** જેવું શાસ્ત્ર નથી માટે હાલ બીજી કંઈ વિદ્યા શિખવાની કાંઇ પણ જરૂર રહી નથી. **ભારત**ની કળાકૌશલ્યતા **વેદ** ઉપરજ આધાર રાખે છે. અને તે પર્વત ઉપર એક મોટો મ્હેલ બાંધ્યો હોય તે પ્રમાણે શોભે છે. વર્તમાનમાં જે **ભારત**ની કળાકૌશલ્યતા પશ્ચિમના ધર્મપર અને બીજા દેશીઓના મત અને વિચાર ઉપર મળી જઈ બગડી છે તે કેવળ કાગળના ઘરની સમાન છે જે પરીક્ષારૂપી હવાના ઝપાટાથી દેખદેખતાંમાં બે ભાગ થઇ ઉડી જાય છે. અમોને એવીતો આશા નથી કે વર્તમાનસમયની દશામાં પેહેલા સમયની કંઇ રીતી વ્યહવાર અને આચરણ થઇ જાય. પરંતુ સ્વદેશ વૃદ્ધિ પણ આપણી ચાલતી આવેલી રીતી અનુસાર થવી યોગ્ય છે. **ભારત**વર્ષનો મિત્ર તેજ છે જે એનો ઉત્તકર્ષ કરવા માટે પોતાની પરંપરા રીતીએ ચાલતા આચારોનું વિધિવત અનુસરણ કરે. **ભારત**વાસીઓમાં બીજા દેશવાલાઓના મત અને વ્યહવાર ફેલાય એવું ઇચ્છનાર તે તેનો કટ્ટો વૈરી છે. નવી શિક્ષાવાલા જનોમાં બે પ્રકારના લોક જણાય છે. તે જોઇ મને ઘણોજ શોક ઉત્પન્ન થાય છે કે **આર્યો**માં એવા શખ્શો છે કે જે યૂરોપવાલાના ચાલતા વેહેવારની નકલ કરે છે. જેઓ પરદેશવાલાઓને શોભા આપે છે અને તેઓના અવગુણો શિખે છે તે કંઇ પણ અર્થના નથી. તેઓમાં મદીરા પાનની પ્રકૃતિ ઘણીજ

અનર્થરૂપ છે. હું સઘળે ઠેકાણે એવું જોઊછું કે જ્યાં ત્યાં લોકો યુરોપીઅનોને ઇનામ કે બીજી આસાઓ માટે ઘુટણે નમે છે. તે મૂર્ખ સમજતા નથી કે તેઓ અંગ્રેજ જેવાજ સ્વતંત્ર, વીર અને પ્રતિષ્ટિત છે છતાં તેઓની સ્વતંત્રતાને હરણ કરનાર તેઓને ધુળમાં રોળનારને નમન કરવાને નિચું સમજતા નથી? પણ ઓર પ્રતિષ્ટા માને છે? તેઓ પોતાના પદ અને પ્રતિષ્ટાનો વિચાર નથી કરતા કે અંગ્રેજ લોક એવા નિરબુદ્ધિવાન નથી કે મિથ્યા પ્રશંસા અને આદર સત્કારથી લલચાઇ પોતાનો આવા પ્રતિષ્ટા ઘાતક ઉપર ધિઃક્કાર છુપાવી રાખે. અંગ્રેજ પ્રજા હીમતવાન શત્રુની પ્રતિષ્ટા કરે છે અને ખુશામતખોર કપટીને ધિક્કારે છે. **ભારતવર્ષ**ની ઉન્નતિ ક્યારે પ્રાપ્ત થશે કે જ્યારે તેમાં વસનારા પોતાની પ્રતિષ્ટાનો યથાવત્ વિચાર કરવા લાગશે અને સત્ય બોલવાની પ્રકૃતી ચાલુ કરશે. એક સમય એવો હતો કે **આર્યજન** કોઇને વચન આપતા તે પવિત્રતાથી માન્ય રાખતા હતા. પછી તે પોતાનો બંધુ હો વા પરદેશી હો પણ તેને પ્રાણુથી પણ વધારે નિભાવતા હતા. ઘણા વૃદ્ધ અંગ્રેજો મને કહેતા હતા કે ૩૦ વર્ષો ઉપર **ભારત**વાસી એવા સાચા હતા કે તમો એક લાખરૂપીઆ કોઇ પણ સાહુકારની પાસે વગર ગણે મુકીઆવો તો તેના માટે પહોંચ પણ લીધી ના હોય તોપણ એક પૈસાનો ફરક પડતો નહીં. તે હમણાં થઇ શકશે? મારા દેશી મિત્રો જેઓ ન્યાય પ્રકરણમાં કામકાજ કરે છે તેઓએ મને અશ્રુપાતથી કહ્યું છે કે મિથ્યા ભાષણ અને જુઠા સોગન ખાવાનો આજકાલ એટલો પ્રચાર ફેલાઇ રહ્યો છે કે ન્યાયાધિસ કોઇ દૃઢ પ્રમાણ નહીં હોય ત્યાં સુધી સાક્ષીઓના એક વચન ઉપર વિશ્વાસ રાખી શકતા નથી.

ન્યાયની વ્યવસ્થા તો સુધરતી ગઇ પરંતુ લોકો અધિક મિથ્યાવાદી થઇ ગયા. શું આપ ધારો છો કે આવી જુઠાઇના વેપારથી દેશોન્નતિનો મેહેલ ઉઠાવી શકાય છે? **આર્યાવર્ત**ના ઘણા સાચા મિત્રોએ દેશની દશા મારી આગળ પ્રકટ કરી દીધી છે અને નિરાસ થઇ કહ્યું છે કે હજુ પણ જો આવી દશા આગળ ચાલુ રહી તો સર્વ સત્યાનાશ વળી જશે. કેટલાક તો મને એટલે સુધી કહે છે કે **પંજાબ**—વીગરે ઉત્તર હિંદુસ્તાનમાં છે પણ વીરમણી નથી. પરંતુ મારો એવો વિચાર નથી. તમોને સર્વને ઘણું કરીને યાદ હશે કે જ્યારે જ્યારે **ભારત**વાસિઓની સમક્ષ મેં વ્યાખ્યાનો આપ્યાં છે ત્યારે મેં ઉન્નતિનો સંભવ હોવાની આશા પ્રગટ કરી છે. હું પોતે તેમ ઠગાવા માંગતો નથી કારણ કે મારે આ **પૂન્યભૂમિ**ના લોકો સાથે વસવું છે અને એજ **પૂન્યભૂમિ**માં મરવું છે. હું મારો મત કેવળ એક વાત જોઇને સ્થાપિત કરતો નથી પણ સર્વ દેશનો નાનાથી મોટા સુધીનો હાલ જો-

ઇને કહું છું. દેશની વર્તમાન દશા પ્રાચીનકાળની દશાથી સર્વદા વિરૂદ્ધ છે. **જુનું હિંદ**—છેક વર્તમાનની અઢારમી સદીના **ભારતવર્ષ**માં (૧) પેહેલાં તો દેશને ચલન વ્યવહાર સર્વ પોતપોતાની રીતીને અનુસરીને હતો–(૨) ખેડુતો કરતાં જમીન અધિક હતી.–(૩) જમીન ફલદ્રુપ હતી. હાલનું કલંકીત નવું **હિંદ—માનચેસ્ટર, બરમીંગહામ** અને **શેફીલ્ડ**નું આશ્રિત થઈ રહ્યું છે. એક શિકારગાહ અને પાદરીઓ માટે આરામનું સારૂં સ્થળ થઇ રહ્યું છે જેઓ મન માનતો શિકાર ખેલે છે. લોકો અંગ્રેજોની નકલ કરવામાં ડુબતા ચાલ્યા છે. વસ્તી દીનપ્રતિદીન વધતી જાય છે. જમીન પણ દીનપરદીન ઉજ્જડ બનતી ચાલી છે. આવી ગુંચવાયલી દશા જોઇને તેનાથી જે માઠું પરિણામ આવશે તે કહેવાને કંઇ પેગંબરની જરૂર નથી. **ડાક્ટર હુનટર**ના લખાણ પ્રમાણે **ફ્રાન્સ**ની ફલદ્રુપ ધરતીમાં દર ચોરસ માઇલની જમીનમાં ૧૮૦ માણસો વસે છે તે ધનવાળો કેહેવાય છે. સુંદર **આયરલંડ**માં ૧૫૯ માણસો દર ચોરસ માઇલે વસે છે તે ઉપરાંત અમેરીકામાં લાખો સ્વદેશ ત્યાગ કરીને જઇ વસ્યા ત્યારે તેઓનું ઠેકાણું લાગ્યું. **ઇંગ્લંડ**માં દર ચોરસ માઇલે ૨૦૦ માણસો વસે છે તેઓ કારખાનાઓમાં કામ કરી બહારથી અન્ન લાવી પોતાનું ઉદર પોશણ કરે છે. પરંતુ બિચારા **ભારતવાસિ**ઓ જેઓ એક ચોરસ માઇલમાં ૨૪૩ માણસો વસે છે તેઓની શું દશા હશે? ઉત્તર તરફ એવી એવી જગાઓ છે કે જ્યાં દર ચોરસ માઇલે ૬૮૦ માણસોની વસ્તિ છે. આ પ્રમાણે ગણત્રીથી એક એકર જમીન એક મનુષ્યના ભાગમાં પડે છે. દુકાલના કમીશનરો રીપોર્ટ કરે છે કે બંગાલામાં બે કરોડ ચાલીસ લાખ આદમી કેવળ એક કરોડ પચાસ લાખ એકર જમીનની પેદાશ ઉપર પોતાનું ગુજરાન ચલાવે છે. અર્થાત એક પ્રાણી અડધા એકરની ઉત્પત્તિ ઉપર જીવે છે. **ડાક્ટર–હુન્ટર** લખે છે કે **ભારતવર્ષ**ની જમીન ઘણા વખત સુધી આટલા અસંખ્ય પ્રાણીઓનાં પેટ ભરી શકતી નથી. તેનું ફલ શું? કંઇજ નહીં પણ કરોડોનું ભુખમરાથી નિપજતું અકાળ મૃત્યુ છે.

આવા પરીણામ આ ભવ્ય દેખાતી નગરીઓ, ગૃહો અને યુનીવરસીટી વિગેરેના મોટા મોટા ચાંદોની નિચે સ્વસ્થ પરીપકવ થાય છે. આ રીતે ચક્રકન્યાયે એક દોષ બીજા સાથે સમનવિત થાય છે. પાછલા સમયનો અભ્યાસ કરી હવે પછી જે થશે તે કેહેવાને અમે શક્તિમાન થઇશું.

ભવિષ્યકાળની દશા.

એવો કોણ શક્તિવાળો છે કે જે આગળથી ભવિષ્યમાં થવાની વાત બતાવી આપે અને આ સમયમાં જે આંખો આગળ છુપી રહ્યું છે તેનો પ્રકાશ કરે ? પ્રાચીનકાળમાં યોગીઓમાં ભવિષ્ય જાણવાની શક્તિ હતી. તેઓમાં યોગવિદ્યાનું બળ એવું હતું કે ભૂત અને ભવિષ્ય વર્તમાનમાં સમાન જાણ પડતા હતા. જેમ મધ્યમાં ઉભા રહી ચોતરફની દિશાઓપર નજર પોહોચાડી શકાય છે તે પ્રમાણે યોગી લોકોને સર્વ કાળની દશા સમજ પડતી હતી. પરંતુ એવા માહાત્મા આ માયીક સંસારમાં ઘણાજ થોડા છે અને જેઓ છે તે તો મનુષ્યની વસ્તીથી અલગ ગુફા અને પર્વતમાં ગુપ્ત રહે છે. માટે આ તો કેવળ વર્તમાન દશાને અનુસરીને ભવિષ્યનાં ફળ ઉપજાવી કાઢયાં છે.

જેમ **કમપેરેટીવ ફીલોલોજી** અર્થાત્ શબ્દ વિદ્યાથી જેમાં ભાષાઓને એક બીજાથી મેળવી તેનો પત્તો અને તેનું મૂળ કારણ તથા આગળ થવાનાં કારણો માલમ પડી જાય છે તેમજ ઇતિહાસોને એક બીજાથી મેળવી અમો ભવિષ્યની દશા બતાવી શકીએ છીએ. આવી દૂરબીનમાંથી અમો **હિંદ**ને જોઇએ છીએ તો માલમ પડે છે કે તે એક વખત અત્યંત નિકૃષ્ટ દશાને પોહોંચ્યા બાદ ફરી ઊંચે ચઢવા લાગશે. "**અસ્ત અને ઉદયનું**" ચક્ર અવશ્ય એક પછી એક થયા કરે છે. ઘડીયાળનું લંગર ચઢશે તો તે ઉતર્યાં વગર રહેવાનું નથી. તેમજ મનુષ્યની દશા સદૈવ ચઢતી ઉતરતી રહે છે. દૈવની ગતીના નિયમ પ્રમાણે એક પ્રજા મોટી બળવાન્ હોય તે પરમ નિર્બળ અને દરિદ્રી થઇ જાય છે અને બીજી દરિદ્ર અને બળહીન હોય તે ધનાઢ્ય અને બળવાન થઇ જાય છે. કોઇ કોઇ જગ્યાએ એવું જોવામાં આવે કે એક બે પ્રજા અત્યંત દૂરદશાએ પોહોચી પાછી એવી ઉન્નતિ પામે છે કે જેમ શંખમાંથી અગ્નિ બળવા લાગ્યો હોય ! હવે ત્યારે **હિંદ**ને કઇ સ્થિતીમાં ગણવું જોઇએ. ? બીજા લોકોનો શું મત છે તે મને માલુમ નથી પરંતુ મારો એ વિષે જે નિશ્ચય છે તે નિવેદન કરૂંછું. મને દૃઢ વિશ્વાસ છે કે **ભારતવર્ષ** જો અંતરમાં નિરબળ અને નિરજીવ હોત તો તે વિરૂદ્ધ કારણોના વેપારથી આજ સુધીમાં જમીન દોસ્ત થઇ ગયો હોત. જો તેનામાં કાંઈ સ્વાભાવીક બળ નહોત તો તે આજ સુધીમાં પોતાના અવગુણે કરી નાશ પામ્યો હોત. તે આજે હજારો આપત્તિયો ધૈર્યતાથી ખમી કાયમ રહ્યો છે અને હવે ફરી પોતાનું પૂર્વબળ પ્રાપ્ત કરી લેશેજ. **ભારત**ના સંતાનોને હવે સુંદર શિક્ષા લેવાનો અવસર

મળ્યો છે. સેંકડો **ભારત** નિવાસીઓ દુનિયાની મોટી બુદ્ધિમાન મનુષ્ય જાતીથી રાજ્યપ્રબંધમાં શિક્ષા સંપાદન કરી રહ્યા છે. મારો અમેરીકા દેશ પણ એ શિક્ષામાં સામેલ છે. યુરોપીઅન કેળવણીએ એવી પ્રજમાત ઉભી કરી છે કે જે પ્રજાને ઘેરવવાનો ફાંકો રાખે છે. પ્રાચીન **આર્યો** ઘણા બુદ્ધિમાન અને **તત્ત્વજ્ઞાની** હતા તો હવે તેનાં સંતાનો નિપુણ રાજ્યપ્રબંધ કરતા થશે. હવે એ મોટાં કામ તેઓના માટે શોધી રહ્યા છે. કંઈએક આવાજ કારણથી તેઓએ સુંદર અવસર પામી ઘણી વિદ્યાનો લાભ કર્યો અને કંઈ એવાજ હેતુથી રાજ્યપ્રબંધમાં સમજવાને થોડો વ્યય પડે છે. હવે હિંદની નવી કળાકૌશલ્યતાનો પ્રારંભ છે જેમાં મોટી એ ઉન્નતિ થતી માલુમ પડે છે. ઉપયોગી અને લાભદાયક વિદ્યાઓદ્ધારદેશનો ક્લેશ મટી જશે. કદી વર્તમાન ચિન્હ ચાલુ રહેશે અને આ દેશવાળાનું ભલું ઇચ્છાવાળાઓની પ્રાર્થના છે તો અમોને આશા છે કે જે ગાંઠ લોકોને એક બીજાથી જુદા કરી રહી છે તે ટળી જશે એમાં સંદેહ નથી. ઘણા બુદ્ધિમાન પુરૂષો આ વાત ખરી માને છે કેમકે **બંગાલથી** કચ્છસુધી અને **બંગાલથી ત્રાવનકોર** સુધી સર્વ એક માતાનાં સંતાન છે. જ્યારે, **ભારતના** ચોલીસ કરોડ નીવાસિઓનો આવો દ્રઢ વિશ્વાસ થઇ જશે ત્યારે યથાર્થ દેશમાં નવો જન્મ પ્રગટ થશે. વર્તમાનની સઘળી વિદ્યાઓ અને શિલ્પકળાઓ અને કારીગરીઓ દેશમાં પ્રચલીત થઇ જશે. પાઠશાળાઓ અત્યંત વિદ્યાભીલાષી વિદ્યાર્થિઓથી ઉભરાઇ જશે. આર્યોની પ્રાચીન વિદ્યાઓને કાલંતરની લાગેલી ધૂળઝાટીથી શુદ્ધ થઇ ફરી પ્રચલીત થશે. જ્યારે નવા ભણેલા જુવાનો જે નાસ્તીકતામાં ડુબેલા છે અને સર્વ ધર્મ સંબંધી વિષયોને સંદેહની દ્રષ્ટીથી જુવે છે અને પોતાની દેશરીતીના વિરૂદ્ધ આચરણ સ્વીકારી રહ્યા છે તે **વેદની** યથાવત્ પ્રતિષ્ટા કરવા લાગશે. સંસ્કૃતના અધ્યાપક પ્રાચીન કાલની સમાન યથોચિત્ આદર અને સતકાર કરવા લાગશે. ઉપજીવીકાની ચિંતાથી નિશ્ચિંત રહેશે. જ્યારે દૂર દૂરના દેશો રેલવેથી એક બીજા સાથે જોડાઇ જશે, જ્યારે દેશ દેશની કૃષી કર્મોની યથાવત ઉન્નતી થતી જશે અને દેશમાં ધાતુની ઉત્પત્તી અને વૃદ્ધી થશે, જ્યારે પ્રત્યેક જીલ્લામાં તેની યોગ્યતા પ્રમાણે વસ્તી વધતી જશે અને મિથ્યા ભ્રમની બેડીઓ તુટી જશે અને જે સત્ય જોવાને આંખો મિંચાયલી છે તેના પડદા ખુલ્લા થશે, ત્યારે પૂર્ણ રીતે **ભારતનો** નવો જન્મ થશે અને સાક્ષાત્ સતયુગ વર્તવા માંડશે. ત્યારેજ **આર્યાવર્તમાં** એવા બુદ્ધિમાન અને ગુણી માહાત્માઓ પ્રગટ થશે કે જેની સર્વ દુનિયા પ્રતિષ્ટા કરશે. **હે ઇશ્વર! એવો ઊતકૃષ્ટ દીવસ કયારે આપશે?** જેમ પ્રથમ ઊચ્ચ પદની પ્રાપ્તી ઉ-

ળી તે **ભારત**માં દેશીઓને કયારે પ્રાપ્ત થશે? **હે ઇશ્વર!** તું એકલોજ તે દીવસ આવવાનો જાણીતો છે. આગળ બનવાની વાત કોણ બતાવી શકે વારૂ? આ પ્રમાણે બનવાને સો કે બસો વરસ ઊપરાંત થાઓ તેથી અધિક બનવાનો સંભવ નથી. સંસારની ઘટીકાનું લંગર ઘણુંજ ધીમે ચાલે છે. નસીબના ચંદાની તખતીના કલાક, મીનીટ, કે ઘણા યુગો અને સંવતો તથા પેઢીઓનાં ચિન્હ છે. અમારે તો હમણા વર્તમાન સમયથી કામ છે. હાલના કર્મોથી આગળ ફળ નિકળશે.

કારણ આપણું સામર્થ્ય છે અને **ફળ**ને આપણે અધિન છઇએ. **હે સજ્જનો!** જેઓએ મારા વચનનું શ્રવણ કર્યું છે તેઓએ યાદ રાખવું કે જેવા તમારાં કર્મો હશે તેવાં તમને ફળની પ્રાપ્તી થશે. કર્મોનો ભોગ જરૂર આપવો પડશે. જે કંઇ ભલાઇ અને બુરાઇનાં કર્મો તમો કરશો અથવા કરવાની ઇચ્છાં રાખશો તે સઘળાં ખાતે લખ્યાં જશે. **ભારત**વર્ષની દરેક માતાનો ધર્મ છે કે જ્યારે બાળકને જરા સમજ આવવા લાગે ત્યારે પ્રાચીન સમયની મોટાઇની વાતો તેને સંભળાવે. દરેક પુત્રનો ધર્મ છે કે પોતાના વંશજોની પ્રશંસા અને કર્ત્તવ્યતાનેસદૈવ પોતાના જીગરમાં રોકી રાખે. સર્વ **આર્ય સંતાનો**ને ઘટીત છે કે યોગ્ય કામજ બનતાં સુધી કરી પોતાના પૂર્વજોના વંશને લાયક થાય.



અગાઉથી ગ્રાહક થઇ આશ્રય આપનારા સદ્‌ગૃહસ્થોનાં મુબારક નામ.

અમદાવાદ.

૧ મે. રા. બા. ગીરધરલાલ ઉત્તમરામ.
૧ ,, ઓ. પી. બી. એ. યોગીરાજા.
૧૫ ,, હરીલાલ દીનાનાથ.
૧ ,, લલ્લુભાઈ આશારામ વકીલ.
૧ રા. પુંજાભાઇ મયારામ પરી.
૧ ,, લલ્લુભાઇ શવચંદ.
૧ ,, દોલતરામ નરશીરામ.
૧ ,, જીજીભાઈ આત્મારામ.
૧ ,, બાબારામ હીમતલાલ દેશાઈ.
૧ ,, રામકૃષ્ણ બાળમુકુંદ ભટ્ટ.
૧ ,, મોતીલાલ અમૃતલાલ.
૧ ,, વિશ્વનાથ ગીરધર મીસ્ત્રી.
૧ ,, મુનશી કમરૂદ્દીન મોઇજ્જુદ્દીન.

અમલશાડ.

૧ રા. મગનલાલ કીકાભાઇ.

અગ્રામા.

૧ રા. બીખુભાઇ દયાળજી દેશાઇ.

અલપઇ.

૧ રા. જીવણ જેઠા હા. કલ્યાણજી.

અજમેર. (રજપુતાના.)

૧ રા. મુનશી સમર્થદાન સમ્પાદક રાજસ્થાન સમાચારના એ.

અમરેલી. (ગાયકવાડી)

૧ રા. કરશનદાસ ચત્રભુજ ગાંધી.
૧ ,, છગનલાલ નરોત્તમદાસ શેઠ.
૧ ,, છગનલાલ ઉમીઆશંકર.
૧ ,, ત્રિભુવન હરખજી ફ. આ. મા.

અકોટી.

૧ રા. જગજીવન દયાળજી મોદી.

અંકલેશ્વર.

૧ રા. હરિલાલ વિ. ભવાનીદાસ.
૧ ,, શા. ભુખણદાસ માણેકલાલ.

અહમદનગર. (ચાંદબીબીનું.)

૧ રા. જેરામ ખીમજી.

અડવાળ.

૧ મે. રાણા અગરસંગડુંગરજી.

અંજાર. (કચ્છ.)

૧ રા. ઉમીઆશંકર ખુશાલીરાય એ. લા. સેક્રેટરી.

અરીલુર.

૧ રા, રણછોડદાસ ગાંગજી.

એડન. (અરબસ્તાન.)

૧ રા. શા. દયાળ કાનજી.
૧ રા. ઓતમચંદ લાલજી સોની.

આણંદપુર.

૧ મે. કુમાર શ્રી ખાચર જીવા મેસુર.

આણંદ.

૧ મે. રાવસાહેબ કીપાશંકર ભગવાનજી

આમરણ.

૧ નામદાર દરબાર શ્રી રવાજી શામજીભાઇ.

આમોદ.

૧ રા. મેતા બેચર હીરાચંદ.
૧ રા. હીરાચંદ વેલજી જમીદાર.

આંબલીઆરા.

૧ રા. મગનલાલ નરોતમદાસ.

આબા.

૧ રા. પ્રભાશંકર નારણજી પંડિત.

આસરાણા.

૧ રા. વેલા વશરામ શોની.

ઓઝરતાંબર.

૧ રા. કેશવજી ગોપાલજી.

ઓરપાડ.

૧ રા. છોટાલાલ પ્રાણજીવન દેશાઈ.
૧ ,, માણેકરાય હરપ્રસાદ દેશાઈ.
૧ ,, વલ્લભરામ જગજીવનદાસ શા.

ઇલાવ.

૧ રા. દીનશા જીવણજી પટેલ.

ઇડર. (મહીકાંઠા.)

૬ નેકનામદાર શ્રી મહારાજા સાહેબ ઇડર સંસ્થાન.
૧ રા. નીલકંઠ જીવતરામ રાવળ.

ઉદવાડા.

૧ રા. ભગવાનદાસ કલ્યાણદાસ.

ઉમરખાડી. (મુંબઇ.)

૧ મીસીસ. આવાંબાઈ કુંવરજી ડાકટર.

કલકત્તા.

૧ રા. છોટાલાલ માધવજી.
૧ ,, ચીમનલાલ ગણપતરામ દવે.
૧ ,, ચાંપશી વિ. દામજી.
૧ ,, હરિદાસ ગોકળદાસ.
૧ ,, રામજી વિ. લાલજી.
૧ ,, કરશનદાસ માધવદાસ.
૧ ,, ત્રીકમદાસ દામજી.

કરાંચી બંદર.

૧ રા. ચત્રભુજ પારખીઆ. ઠા.
૧ ,, વીશરામ લધા શેઠ.
૧ ,, થારદાસ વિ. ત્રીકમદાસ.
૧ ,, ચેલારામ બધોમલ.
૧ મી. હરિરામ કાનજી જનરલ કંટ્રાકટર.
૧ મે. શાબુ સુલેમાન મુકાદમ.
૬ રા. ટોકરશી રણછોડ ઠકર.
૧ ,, ચુનીલાલ લલ્લુભાઇ.
૧ ,, ખેતશી કાળા ડ્રાફ્ટસમેન.
૧ ,, મનીરામ વાજપેયી.
૧ ,, રામજી પેથાભાઈ પ્રો. પ્રે. મે.
૧ ,, હરિરામ શામજી. ઠા.
૧ ,, દેવકરણ દેવજી. રાયદે.
૧ ,, જે. આર. દંતાળીઆ.
૧ ,, કાનજી માવજી. ટો. સા. બ્યુ.
૧ ,, ખત્રી કહાનજીભાઇ જેઠાલાલ.

કરા.

૧ રા. ગીરજાશંકર નથુરામ.

કડા.

૧ રા. વિજયશંકર દોલતરામ. માસ્તર.

કરમસદ.

૧ રા. પ્રાણલાલ ગીરજાશંકર.
૧ ,, બાઇ. કાશી છગનલાલ. ક. સ્ત્રી. શિ.

કઠોદરા.

૧ રા. દલાભાઇ લલ્લુભાઇ દેશાઇ.
૧ ,, ભીખા ભુતાજી. શા.

કરીયાણા.

૧ મે. ખાચર જીવા વિ. વીરાતાલુકદાર.

કલીકોટ બંદર.

૧ રા. કરશનદાસ વિ. લીલાધર. ઠા.
૧ ,, રણછોડદાસ મમલાણી. જોશી.
૧ ,, મુળજી કલ્યાણજી શેઠ.
૧ ,, પંડિત કાનજી મોહનજી. શર્મા.
૧ ,, શામજી હરખચંદ.

કાશી. (બનારસ.)

૧ રા. ગોવર્ધનદાસ કેર આફ દ-જપાલદાસ નૈપાલી.

કાનામાંગલોર.

૧ રા. અનંત શુભરાવ. શરોફ.

કારંજા.

૧ રા. માધવ રંગનાથ. એન. જી. લા. જો. સે.

૧ ,, પુનશી દેવણુંધ. શા.

કામરેજ.

૧ રા. છગનલાલ ભાઇદાસ. તજવીજદાર.

કાનાનોર.

૧. રા. શીવજી ટોપણ. સુત નથુરામ.

કાલીયાણા.

૧ રા. હરિલાલ રામકૃષ્ણ રાવળ.

કીડીએ.

૧ રા- લાડકચંદ હીરાચંદ વોરા.

ક્યાકટો. (બ્રહ્મદેશ.)

૧ રા. છગનલાલ મોતીલાલ.

કુંડલા.

૧ ને. ના. વજીસાહેબ હરિસિંહજી-
ભાઇ જેશાભાઇ. વૈ. સા.

૧ રા. દામજી લવજી શેઠ. લાઇ-
બ્રેરીના સેક્રેટરી.

કુતીઆણા.

૧ રા. સરવાણી હયાતખાં સરદારખાં.

કુંભારીઆ. (કચ્છ)

૧ રા. સાસ્ત્રી. જેરામ વસ્તા.

૧ ,, લાલજી ભાણજી. માસ્તર.

કેશરગંજ. (અજમેર.)

૧ રા. ધનપ્રસાદ હીરાલાલ વકીલ.

કેળવામાહીમ.

૧ રા. દામોદર ગોપાળભાઈ.

કોચી બંદર.

૧ રા. મોરારજી વિ. મથુરાંદાસ.

કોચીન.

૧ રા. ઇશમાલજી મુલાં અલીભાઇ.

૧ ,, મેસર્સ કોરજી ધારશી.

૧ ,, પાલણજી નાનાભાઇ.

કોઠારા. (કચ્છ.)

૧ રા. રામદાસ દામજી. વકીલ.

કોએટા. (બલુચિસ્તાન.)

૧ રા. વોરા મહમદઅલી જાફરજી.
મર્ચંટ.

૧ ,, જેસીંગ રતનચંદ. રાજાકંટ્રાકટર.

કોટડી (કચ્છ.)

૧ રા. દેવજી કુંવરજી. માસ્તર.

કોઇમ્બતુર.

૧ રા. વંદરાવન વિ. જુઠા. શા.

કંડોરણા (જામ.)

૧ રા. ધર્મશી કરશનજી.

ખતલવાડ.

૧ રા. પ્રાણજીવન માણેકલાલ.

ખંભાત બંદર.

૧. મે. ધી. લોર્ડ. રે. દરબારી લા. સેક્રેટરી.

૧ ,, માધવરામ હરિનારાયણ રેવ-
ન્યુ અધિકારી.

૧ રા. જુગલભાઇ મંગળરામ પંડ્યા.

૧ ,, મંછાલાલ મોતીરામ.

ખાળરીયા.

૧ રા. ઇશ્વરલાલ પરશુરામ સ્ટે. માસ્તર.

ખામગાવ. (વરાડ પ્રાંત.)

૧ રા. કુંવરજી ઝીણાભાઇ. શા.

ખેરાળુ.

૧ રા. મગનલાલ અંબારામ વૈદ્ય.

મોટી ખાખર. (કચ્છ.)

૧ રા. રવજી કુરપાળ. શા.

ખારાઘોડા.

૧ રા. ખારાઘોડા લાઇબ્રેરીના સેક્રેટરી

ખડીયા.

૧ રા. મેઘજી મોહનજી. કક્ષાર્ક.

ખેડા.

૧ મે. ખાનબહાદુર બહમનજી એદ-

લ૭. ડી. ડે. કલેકટર.

ખીરસરા.

૧ મે. પાટવી કુમાર શ્રી બાલસિંહજી સાહેબ.

૧ રા. હીરાલાલ વિ. રણછોડદાસ. માસ્તર

ગરડેશ્વર. (રાજપીપળા સં.)

૧ રા. વિઠ્ઠલ ગીરજાશંકર તલાટી.

૧ ,, હીરાલાલ વ્રજલાલ તલાટી.

૧ ,, બાપુરાવ રઘુનાથ. પો. હવાલદાર.

ગણદેવી.

૧ મીસીસ. હકુમતરાય હરરાય દેસાઈ.

ગઢડા. (ભાવનગર.)

૧ રા. ગીરધરલાલ પુંજાભાઇ વકીલ.

ગાંફ.

૧ રા. જીવરામ મનોહરદાસજી.

ગાબકડા.

૧ રા. ન્યૂ. આ. જ્ઞા. પ્રવર્ત્તક સભા

ગોલવડ.

૧ રા. લલ્લુભાઇ સુરભાઇ સ્ટે. મા.

ગોંડળ.

૧ રા. જેઠાલાલ પુરૂષોતમ. દ. પ્રા. એ.

૧ રા. ખ્રિસ્તી રણછોડ ઉકાભાઈ.

ગુંદાળા.

૧ રા. રહેમાન અહમદભાઇ. પો. ફોજદાર.

ગોવા. (પોર્ટુગીઝ.)

૧ રા. ધનજી દેવજી. ઠા.

ગોધરા.

૧ રા. મોતીભાઇ દાદાભાઇ ઇનામદાર.

૧ રા. રૂસ્તમજી ફકીરજી ડી. ઇન્સ્પેકટર

ગીહડ.

૧ રા. પનજી નથુભાઈ કારભારી.

ગોરખમઢી.

૧ રા. પીર શ્રી સુંદરનાથજી પ્રભાતનાથજી.

ગાજણા.

૧ મે. મહારાણા શ્રી હીંમતસિંહજી રાયસિંહજી દરબાર સાહેબ.

ગારીઆધાર.

૧ રા. મુનશી જમાલખાન જમીયતખાન.

ઘેજ.

૧ રા. પુરૂષોત્તમ ફકીરભાઇ.

ચરખા.

૧ રા. મગનલાલ પીતાંબર મેનેજર.

ચાંણોદ.

૧ રા. મહારાજ નર્મદાપુરી ભવાનીપુરી

ચકલાદ.

૧ રા. ઉત્તમરામ નરસીંહરામ મહેતાજી

ચીતળ.

૧ રા. બાપુભાઇ દોલતરાય મેનેજર.

ચમારડી.

૧ મે. નાનાલાલ શીવશંકર થાણદાર.

૧ રા. પ્રભુરામ વિ. ગંગારામ આચાર્ય.

૧ ,, ચુનીલાલ નર્મદેશ્વર યાજ્ઞિક.

૧ ,, મૂળજીભાઇ કનુભાઇ રાઓળી.

ચોટીલા.

૧ રા. વેણીશંકર વિ. જેકૃષ્ણ.

ચક્રધરપુર.

૧ રા. કેશવલાલ દલસુખરામ કંટ્રાક્ટર

ચીતાગાંગ.

૧ રા. સબજેઅલી આમદભાઇ.

છોટાછીંદવાડા.

૧ રા. દોલતરામ મનસુખરામ એજંટ.

જાહડીઆ.

૧ રા. શીવચરણસિંગ દેવસિંગ ફો-જદાર.

જેતપુર. (કાઠીનું.)

૧ રા. હેમચંદ વિ. ઉમલચંદ. શા.
૧ ,, દેશાઈ પરમાણુંદ જગજીવન કારભારી.
૧ ,, પ્રભાશંકર વિ. જેતસી કામદાર
૧ ,, રસલ લાઇબ્રેરીના સેક્રેટરી.
૧ ,, દેવશંકર હરજીવન વકીલ.
૧ ,, કમળશી હીરાચંદ.

જાવરા. (માળવા.)

૧ રા. ગંગાશંકર દયારામ.

જળગામ. (ખાનદેશ)

૧ રા. દામોદરદાસ માધવજી એજંટ.

જામનગર.

૧ મે. નારણજી દુલભજી બુચ.
૧ રા. પુનાતર ત્રીકમજી દેવચંદ.
૧ ,, મોહનલાલ મુગટરામ. છાંયા.
૧ મે. કલ્યાંણરાય રેવાશંકર નાયબ દીવાન.

જુનાગઢ.

૨ રા. પારેખ ગોવિંદજી નાનજી બુકસેલર.
૧ ,, કાશીરામ જેશંકર સરવૈયર.
૧ ,, હીમતલાલ વિ. હરિપ્રસાદ.
૧ ,, મણીલાલ નારણજી મોજણીદાર.
૧ ,, મે. ઝાલા પુરૂષોતમરાય સુંદરજી નાયબ દીવાન.

જેસલમેર. (મારવાડ.)

૧ રા. ઉમીઆશંકર શિવશંકર દ્વિવેદી.

જેતલસર (સલીલ સ્ટેશન.)

૧ રા. પોપટ અચલજી આચાર્ય. વકીલ.

૧ ,, અભેચંદ વિ. કાળીદાસ. વકીલ.
૧ ,, દેશાઈ નાનાલાલ મજલાલ પ્લીડર.

જાંબુ ઘોડા.

૧ રા. છોટાલાલ ભગવાનજી જાની.

જંબુસર.

૧ રા. નાથજી જેઠાભાઇ ઓવરસીયર.

જંગબાર. (આફ્રિકા.)

૧ રા. મોરારજી દેવજી ડા.

જોધપુર (મારવાડ.)

૧ મે. માણેકજી ભીમજીભાઇ મહારાજાના પ્રા-સેક્રેટરી સાહેબ.
૧ ,, પંડિત. એસ. એન. શર્મા.
૧ ,, રામલાલ શર્મા શામવેદી.

જબલપુર.

૧ રા. દોરાબશાહ માણેકજી.

જાળીઆ દેવાણી.

૧ મે. કુમારશ્રી સુરસિંહજી.

જાંબુડા. (જામ.)

૧ રા. લાખા વિ. માલસુર. આ. માસ્તર.
૧ રા. ગોવિંદ ભોજા ગઢવી.

ઝીંઝુવાડા.

૧ રા. પન્યાસ માણેક રતનજી.

ઝેર.

૧ રા. પ્રભુદાસ લક્ષ્મીચંદ લાઇબ્રેરીયન

ઝંડીઆલા. ગુરૂકા. (અમૃતસર.)

૧. લાલા ઝંડામલ્લ હમીરચંદ ભાવડા.

ઝાંન્ડ.

૧ રા. મોતીલાલ કાશીરામ. માસ્તર.

ટુવા.

૧ રા. બેચરલાલ લલ્લુભાઇ સ્ટે. મા.

ટીંબા.

૧ મે. કુમાર શ્રી સેરસિંહજી મલુજી.

૧ મે. ગોહેલશ્રી ઉમેદસંઘજી મેરૂભાઈ.
૧ મે. કુમારશ્રી કરણસિંહજી માનસિંહજી.

ટીટાઇ.

૧ મે. ઠાકોરશ્રી દીપસંઘજી.
૧ રા. હરગોવિંદ શંભુરામ ઠાકર.

ડભોઈ.

૧ રા. કેશવલાલ શીવલાલ દલાલ.

ડુંગરા.

૧ રા. ભુલાભાઇ લલ્લુભાઇ.

ડીસાકેમ્પ.

૧ રા. વિઠ્ઠલલાલ ત્રંબકરામ.

તણછા.

૧ રા. અંબાલાલ નથુરામ કલાર્ક.

તુણા બંદર (કચ્છ).

૧ રા. વલ્લભજી ઉમરશી. ઠા.

દાહોદ.

૧ રા. દયાશંકર રામજીનંદવાણા.
૪ ,, જટાશંકર કાનજીનંદવાણા. કંટ્રાકટર.

દમણ.

૧ રા. પટેલ ઝવેરભાઇ જેઠાભાઈ. હા. લલ્લુભાઇ.
૧ ,, સુતાર દુલભ રતનજી.

દમણ નાની.

૧ રા. લાલભાઈ પ્રાગજી માસ્તર.
૧ ,, ભગવાનદાસ કરશનદાસ માસ્તર.
૧ ,, ગુલાબ દાઉદ બંગવાડીઆ.

દહેજ.

૧ મે. મહારાણા શ્રી હમીરસિંહજી.

દેથાણ.

૧ રા. ડાહ્યાભાઈ હીરાચંદ. શા.

દિલ્હી.

૧ રા. ત્રીભોવનદાસ નારાયણદાસ મોદી

દ્વારકાં.

૧ રા. પરમાણંદ લાલજી સોની.

દડવા મોટા (કાઠીના.)

૧ રા. ધાંધલરામ માણસુર.
૧ ,, વાલા જેઠસુર ગોદડ. ભાગદાર.
૧ ,, ,, સામત ગીગા તાલુકદાર.
૧ ,, ,, ભાણમાત્રા તાલુકદાર.

દેવગઢ.

૧ રા. મૂળજીભાઇ રૂગનાથજી ને. લા. સેક્રેટરી.

દાંઠા.

૧ રા. રૂગનાથસિંગ હરિભાઈ ફોજદાર.

દશાડા.

૧ રા. ત્રીભોવન કાશીરામ.

દેગામ.

૧ રા. દેશાઈ જગદીશ દાજીભાઈ.

ધોલકા.

૧ મે. પરશોત્તમરાય મનસુખરામ પ્લીડર.
૧ રા. ભોગીલાલ કરૂણાશંકર દવે.

ધોરાજી.

૧ મે. દેવીસિંગ ભીમસિંગ. ડી. પો. ઇન્સપેકટર.
૧ રા. પ્રાણજીવન સુંદરજી.
૧ બાઇ રતનબાઈ મે. રતનજી રૂસ્તમજીનાં પત્ની.

ધરમપુર.

૪ નામદાર શ્રીમંત મહારાણાશ્રી મોહન દેવજી. મહારાજા સાહેબ.
૨ શ્રીમંત સૌભાગ્યવંતા બાશ્રી માજીરાજ બા સાહેબ.
૨ રા. જીવણરામ ભગુભાઈ.
૧ બાઇશ્રી પ્રભાત કુંવરબાઇજી સાહેબ.

ધારી.

૧ રા. હરીસિંગ જાદવસિંગ. પો. હ.
૧ ,, કેશવજી જેઠાભાઈ. ફ. આ.મા.
૧ ,, મોહન લલ્લુભાઈ તલાટી.

ધોળેરા.

૧ રા. ખોજા ગુલામઅલીભાઇ વેલશી.

ધ્રાફા.

૧ મે. જાડેજા ખીમાજી કશળસંઘ ભાગદાર.
૧ ,, થાણા લાઇબ્રેરીના સેક્રેટરી પ્રાગજી શામજી.

ધ્રાંગધ્રા.

૧ રા. મુળજી છગનભાઇ.
૧ ,, બાળકૃષ્ણ શીવશંકર કલાર્ક.
૧ ,, કેશવલાલ રેવાશંકર ભટ્ટ.
૧ ,, કાનજી પ્રભાશંકર દવે.
૧ ,, ભોજાજી. અં. સ્કૂ. હેડમાસ્તર

ધ્રોલ.

૧ નેકનામદાર સાહેબ પાટવી કુમાર શ્રી દોલતસિંહજી.
૧ મે. મુળશંકરભાઇ દયારામ સર-ન્યાયાધિસ સાહેબ.
૧ રા. ત્રીભોવન કૃષ્ણારામ મોજણીદાર.
૧ ,, પીરબાવા મોનગરજી.
૧ ,, સાહેબજી તોગાજી જાયવા ગઢડા ભાગદાર.
૧ ,, જેઠાલાલ રેવાશંકર. સ્પે. આ. માસ્તર.
૧ ,, પ્રેમચંદ ધનજી મહેતા.
૧ ,, વશરામ કપુરચંદ મહેતા.
૧ ,, જગજીવન દયાળજી ઠકર.
૧ ,, ગોકળદાસ દયાળ ઠકર.

ધાર.

૧ રા. બેરામજી કુંવરજી ધાર સરકારના બક્ષી.

ધંતુરીઆ બેટ.

૧ રા. મીઠાભાઇ વિઠ્ઠલદાસ.

નવસારી.

૧ રા. મણીભાઇ છોટાભાઈ દેશાઇ.
૧ ,, સ્વરૂપભાઇ ડાહ્યાભાઇ પારેખ.
૧ ,, એરવદ બેહેરામજી ખરસેદજી.
૧ ,, કાજી એહેમદઅલી 'ફ્રખ્ર' મુનશી.

નારાયણ સરોવર. (કચ્છ.)

૧ રા. હરિશંકર વિ. કાનજી તીર્થગોર.
૧ ,, બ્રહ્મચારીજી શ્રી વલ્લભદાસજી.

નાંદોદ.

૧ રા. ઝુમખરામ કામેશ્વર જાની.
૧ ,, ગીરજાશંકર રણછોડભાઇ. સુપરવાઇઝર.
૧ ,, પ્રાણજીવનદાસ હરગોવનદાસ વકીલ.
૧ ,, અનોપરામ લક્ષ્મીરામ તલાટી.

નગરઠઠ્ઠા. (સિંધ.)

૧ રા. શેઠ ગોકળદાસ ગોપાળદાસ.
૧ ,, આત્મારામ વિઠ્ઠલમલ સરાફ.
૧ ,, લક્ષ્મીદાસ તુળશીદાસ. ઠકર.
૧ ,, તીરથદાસ ચાંદુમલ શેઠ.
૧ ,, આત્મારામ વીરમલ સરાફ.
૧ ,, પુરૂષોત્તમદાસ રતુમલ ભાટીયા.

નાયકા.

૧ રા. નાથુભાઇ બેચરભાઇ જોશી.

નડીયાદ.

૧ રા. શંકરદાસ બેચરદાસ.
૧ ,, ચુનીલાલ બાપાભાઇ આ. મા.

નવાગામ.

૧ રા. વૈજનાથ ગોપાલજી.

પારડી.

૨ રા. ચમનલાલ ઘેલાભાઇ મુખત્યાર.

પાપડી.

૧ રા. નાનાભાઇ કાશીદાસ.
૧ ,, જેકીશનદાસ જેઠાભાઇ. શા.
૧ ,, જમનાદાસ નરશીદાસ. શા.

પુના

૧ રા. દોરાબજી દાદાભાઇ ખંભાતા.

પોર બંદર.

૧ રા. લીલાધર લાલજી સંપન.
૧ ,, દયારામ વિ. પ્રેમજી કામદાર.
૧ ,, નૃસિંહપ્રસાદ રેવાશંકર વૈષ્ણવ.
૧ ,, ગોવિંદજી ડાહ્યાભાઈ વકીલ.

પાટણ.

૧ રા. રંગરાય મજરાય. વોરા.
૧ ,, છોટાલાલ બાઇલાલ. એલ. એમ. ઇ.
૧ ,, ફતેહસિંહ લાઇબ્રેરીના સેક્રેટરી

પાલીતાણા.

૧ રા. રમણીકલાલ લાલજી આ. પ્રાઇવેટ સેક્રેટરી.
૧ ,, પાંડુરંગ મોરેશ્વર દેશ પાંડે.

પાસીના.

૧ મે. ઠાકોરશ્રી ઉદેસંગજી સાહેબ.

પેટલાદ.

૧ રા. જીવાભાઇ હરિભાઇ વકીલ.
૧ ,, લલ્લુભાઈ ત્રીભોવનદાસ વકીલ.
૧ ,, જેઠાભાઇ લાલાજી વકીલ.
૧ ,, ગોરધનદાસ દામોદરદાસ પરી.
૧ ,, મહાશંકર રણછોડભાઇ વકીલ.
૧ ,, છમનલાલ રાધાકૃષ્ણ રંગશિક્ષક
૧ ,, કરશનજી ગણપત. અ. શા. મહેતાજી.

૧ ,, પ્રભુલાલ સખીદાસ વકીલ.

પારડી.

૧ રા. ભગવાનદાસ નરોત્તમદાસ પરી.

પાંચપીપળા.

૧ રા. મીસ્ત્રી બેચર દામા.

પ્રાંતીજ.

૧. રા. પીતાંબર મંછારામ લા. સે.

પછેગામ.

૧ મે. રાઓળ કેશાભાઇ રામાભાઇ.

પાલીયાદ.

૧ બાઇશ્રી સુમરીબાઇ ચલાળાવાળાં.

ફતેહપુર.

૧ રા. બદ્રીનાથ નેવટીઆ.
૧ ,, શેઠ રામદયાળ નેવટીઆ.

બીલખા.

૧ મે. વાલેરા. વિ. આલાવાળા.
૧ રા. શીવરામ વશરામ કારભારી.

બાજીપુરા.

૧ રા. દેશાઈ ગોપાલજી પ્રાગજી.
૧ ,, વિશ્વનાથ નથુ સોની.

બોરસદ.

૧ રા. નાથાભાઈ પીતાંબરદાસ.
૬ રા. શેપર્ડ નેટીવલાઇબ્રેરીના સે.

બદનેરા.

૧ રા. છબીલદાસ કાશીદાસ.

બીલ.

૧ રા. નાથાભાઇ હરજીવન.
૧ ,, જગન્નાથ લક્ષ્મીરામ.

બીથલી.

૧ રા. મોતીલાલ દલપતરામ.
૧ ,, નાથાભાઇ ભીખાભાઈ.

બાબરા.

૧ રા જાદવજી ગોકળદાસ દા.

૧ ,, પ્રાગજી જાદવજી ઠા.

બરવાળા.

૧ રા. ઝાલા જાલમસંગજી મનુભાઇ મુખી.

બડનગર (માળવા.)

૫ રા. વરધાજી ઝવેરચંદજી શેઠ.

બોટાદ.

૧. રા. ચુનીલાલ છગનલાલ નગરશેઠ.

૧ રા. નારાયણ દયાળજી દવે.

બુરાણપુર. (ખાનદેશ)

૧ રા. કેવળરામ મંગળજી.

બેંગલોર.

૧ રા. એચ. એમ. અલીમહમદ.

૧ ,, લાધા ભાણજી મહેતાજી.

બાલાગામ.

૧ રા. પ્રધાન વિ. લાધાભાઈ.

બગસરા.

૧ મે. ગીરધરલાલભાઇ માધવરાય દીવાન.

૧ ,, બસીયા માત્રા રામાબાઇ.

૧ ,, સૌ. બાઇશ્રી લાડુબાઇ વિ. રાણીંગભાઈ.

૧ ,, કાળીદાસ દેવચંદ માસ્તર.

બેટ. (ઓખામંડળ.)

૧ મે. અધિકારીજી શ્રીલક્ષ્મીદાસજી મંછારામજી.

બચરોળી.

૧ રા. ગોવરધન હરિશંકર કળાશર.

ભાવનગર.

૧ મે. હરિભાઇ વિ.વિજયશંકર ઓઝા.

૧ શ્રીમંતરાજ કુંવરી કેશરબાસાહેબ.

૧ ,, બા બાઇશ્રી વઢવાણવાળાં.

૧ ,, બાઇશ્રી ગગીબાઇ.

૧ મે. નથુભાઇ ગોદડભાઇ વજીર સાહેબ.

૧ ,, બાલુભા પથુભા નાનભા.

૧ ,, સરતાનસંઘ માધવસંઘ જાડેજા.

૧ રા. અલીભાઇ નથુભાઈ જમાદાર.

૧ ,, ગઢવી પીંગળશી પાતાભાઇકવિ.

૧ ,, મીસ્ત્રી પીતાંમર હરિલાલભાઇ.

૧ ,, કેશવલાલ ત્રીભોવન.

૧ ,, ગણેશ અમૃત.

૧ ,, મહારાજ પીર સવાઇગિર.

૧ ,, વ્રજલાલ લક્ષ્મણ ઠા.

૧ ,, ભૂપતરાય સંપતરાય.

૧ ,, વિઠ્ઠલ કાંથડ શોની.

૧ ,, શેઠ કુંવરજી આણંદજી.

૧ રા. મહેતા પ્રભાશંકર વેણીશંકર.

૧ ,, દુલ્લભદાશ લક્ષ્મીચંદ. મોદી.

૧ ,, ખાચર દાનાભાઈ પાલીયાદવાળા.

૧ ,, ભગવાનલાલ કશળચંદ વકીલ.

૧ ,, વિઠ્ઠલદાસ ઇશ્વિરદાસ. પરી.

૧ ,, સારાભાઇ શિવપ્રસાદ ઓઝા.

૧ ,, વાડીલાલ બકોરદાસ.

૧ ,, મગન સુંદરજી ધોળકીઆ.

૧ ,, મણીલાલ પ્રભાશંકર. હ. ખા. કલાર્ક.

૧ ,, હરિલાલ વિ. દયાળજી વકીલ.

૧ ,, સવાઈલાલ વનમાળીદાસ.

૧ ,, નરોત્તમદાસ ઓધવજી શા.

૧ ,, અબદુલહુસેન આદમજી બુકસેલર.

૧ ,, મૂળજી મકનદાસ કેશાણી.

૧ ,, પરભુદાસ મોતીચંદ વકીલ.

૪ ,, હરજીવન પુરૂષોત્તમ.

૧ ,, જેચંદ શામળદાસ પરિખ.

૧ ,, જેઠા જીવણ.
૧ ,, હરખચંદ ત્રીકમજી પારેખ.
૧ ,, દુલભદાસ વિ. માધવજી મહેતા.
૧ ,, મોતીલાલ નાનાભાઈ પરિખ.
૧ ,, મનમોહન કમળશી મહેતા.
૧ ,, રાયજાદાપથુભા વિ. નાનભાભાઈ
૧ ,, ચંપકલાલ ચંચલરામ.
૧ ,, પોપટલાલ કમળશી.
૧ ,, ઇચ્છાશંકર કાળીદાસ દેશાઈ.
૧ ,, સખારામ લક્ષ્મણ કલાર્ક.
૧ ,, શંભુપ્રસાદ પ્રભાશંકર. દેશાઈ.
૧ ,, મગનલાલ પરમાણુંદદાસ મોદી.
૧ ,, ભાઇશંકર ત્રીભોવન. દવે.
૧ ,, ગાંડાલાલ જેઠાભાઇ મહેતા.

ભરૂચ.

૧ રા. રણછોડલાલ ગોવિંદરામ ચી. કલેકટર.
૧ ,, મગનલાલ ફીલાભાઈ શા.
૧ ,, લલ્લુભાઈ ધર્મદાસ શા.
૧ ,, ગોડમ બીઠલની કુંપની.
૧ ,, હરજીવનદાસ મકનદાસ શા.
૧ ,, હોરમસજી શેરાબજી.
૧ ,, હીરાલાલ ઇચ્છાલાલ મજમુદાર.
૧ ,, માણેકજી ફરામજી.
૧ ,, કૃષ્ણાજી નારાયણ આબ. ઇન્સ્પેકટર.
૧ ,, બેરામજી દોરાબજી કામા.

ભીમપુરા.

૧ રા. મોરારભાઈ ગુલાબદાસ.

ભાલોદ.

૧ રા. ચુનીલાલ ત્રીભુવન પંડિત વકીલ.

ભચાઉ. (કચ્છ.)

૧ રા. વૈજનાથ વિ. પ્રભુજી ન્યાયાધિશ
૧ ,, મનુ ઇસ્માલ ફોજદાર.

ભમોદ્રા.

૧ રા. દેશાભાઈ ભોજભાઇ ખુમાણ.

ભાલેજ.

૧ રા. લલ્લુભાઈ નરોત્તમદાસ સ્ટે. મા.

ભદામ.

૧ રા. ગોવિંદભાઇ શામદભાઇ.

ભુંભલી.

૧ રા. ભીમજી મૂળજી દલાલ.

ભાદરવા.

૧ રા. અમૃતલાલ ગોવર્ધનદાસ.

ભાયાવદર.

૧ રા. ઉમેદરામ વિ. મયારામ મહેતા.

ભૂજ. (કચ્છ.)

૧ મે. ખા. સા. જહાંગીરશાહ બેરામજી
૧ ,, દુર્ગાશંકર અંબાશંકર.
૧ ,, પુરૂષોત્તમ ઓધવજી વકીલ.

ભીમડી. (થાણા.)

૧ રા. મોનજી મૂળજી જોશી.
૧ ,, ધરમશી ઘેલાભાઇ ઠા.

ભડલી.

૧ રા. નીમજી જેઠા ઠા.

મુંબઇ.

૧૦ રા. પંડિત જેઠારામ મુકુંદજી.
૨ રા. દેવીદાસ વંદ્રાવનદાસ.
૨ ,, રામદાસ કાશીદાસ.
૨ ,, દામોદર મેઘજી ઉપાધ્યાય.
૨ ,, મૂળજી ભૂલાભાઇ.
૧ મે. લક્ષ્મીદાસ ખીમજી જે. પી.
૧ ,, ગોકળદાસ કહાનદાસ હાઇકોર્ટ વકીલ.
૧ ,, દીનશા દોરાબજી ડાકટર.
૧ ,, હરિરામ પુંજા ઠા.
૧ ,, ત્રંબકરામ કેશવરામ વ્યાસ.

૧ ,, નાનાભાઈ રૂસ્તમજી રાણીના.
૧ રા. નરસી હરજી ઠા.
૧ ,, ગંગારામ કરશનજી વ્યાસ.
૧ ,, પ્રભુદાસ ત્રીભોવનદાસ.
૧ ,, ભાઈદાસ પુરૂષોત્તમદાસ.
૧ ,, ખેરાજ પજુ ઠા.
૧ ,, પ્રભુરામ દોલતરામ મહેતાજી.
૧ ,, રવજી દયાળ ઠક્કર.
૧ ,, વીશનજી વાહાલજી શેઠ.
૧ ,, વછરાજ અમીદાસ શા.
૧ ,, બાપુલાલ ચુનીલાલ શા.
૧ ,, પદમશી હરી ઠા.
૧ ,, મણશી ખુમશી.
૧ ,, વિઠ્ઠલદાસ ધરમદાસ.
૧ ,, લખશીમણ રેખુજી.
૧ ,, ચંદુલાલ ભવાનીપ્રસાદ ક્લાર્ક.
૧ ,, કાશીનાથ પાડુંરંગ વરથ.
૧ ,, નાગરદાસ ગુલાબભાઈ શા.
૧ ,, નશરવાનજી પેસતનજી.
૧ ,, ચુનીલાલ બેચરદાસ. શા.
૧ ,, સુંદરદાસ ધરમશી.
૧ ,, રણછોડદાસ હરિભાઈ શા.
૧ ,, લખમીરામ તુળશીરામ ભટ્ટ.
૧ ,, લખમીદાસ વિ. ગોકળદાસ.
૧ ,, કાવશજી જમસેદજી.
૧ ,, ચત્રભુજ પુરૂષોત્તમ ઠા.
૧ ,, ઉધમદાસ હેમરાજ મુલતાની.
૧ ,, ત્રીભોવનદાસ ભગવાનજી.
૧ ,, ઝવેરીલાલ વંદરાવનદાસ પાદ-
શાહ.
૧ ,, ગોવિંદજી ભીમજી પણજીઆ.
૧ ,, ખોજા વલીભાઈ હીરજી.
૧ ,, હરગોવન જીવરાજ શા.
૧ ,, વિઠ્ઠલદાસ ભીખાભાઈ મહેતાજી
૧ ,, જીવણદાસ મૂળજી.
૧ ,, લખમીદાસ ત્રીભોવનદાસ.
૧ ,, હરિલાલ દામોદરદાસ શા.
૧ ,, કેશવલાલ લલ્લુભાઈ.
૧ ,, છગનલાલ કલ્યાણદાસ.
૧ ,, પીતાંબર હરિરામ, જોશી.
૧ ,, પુરૂષોત્તમ ગીરધરદાસ દેશાઈ.
૧ ,, વિશનજી ત્રીકમજી હા. કાનજી.
૧ ,, હાથીરામ શાકરચંદ મેતા.
૧ ,, મી. એન. કાનજી.
૧ ,, ભાઈદાસ ઇચ્છારામ રેશમવાળા
૧ ,, વિઠ્ઠલદાસ દેવજી શોની.
૧ ,, ગોકળદાસ ધરમશી.
૧ ,, મેઘજી ગોપાળ ઠા.
૧ ,, હરિદાસ ભીમજી ઠા.
૧ ,, જદુરામ નરભેરામ ભટ્ટ.
૧ ,, અલીમામદ નેણશી.
૧ ,, મૂળજી કેશવરામ જાની.
૧ ,, પ્રાગજીભાઈ માધવજી ઠા.
૧ ,, નારણજી કુંવરજી શેઠ.
૧ ,, નરોત્તમદાસ ગોરધનદાસ શેઠ.
૧ ,, શામજી મીઠા.
૧ ,, મૂળજી ભગવાન.
૧ રા. કેશવ ગોસલા.
૧ ,, દયાળ કુંવર.
૧ ,, ટોલીદાસ.
૧ ,, પીતાબ્બર ભુલા.
૧ ,, પેમા છીબા.
૧ ,, જમનાદાસ લાલજી શા.
૧ ,, ગોકળદાસ દેવજી. ઠા.
૧ ,, ગોપાલજી પુરૂષોત્તમ. ઠા.
૧ ,, શેઠ શાપુરજી સોરાબજી.
૧ ,, હરિશંકર સુંદરજી પુરોહિત.
૧ ,, કાનજી વિ. કલ્યાણજી. ઠા.

૧ ,, કૃષ્ણાશંકર શીવપ્રસાદ.
૧ ,, જેઠા અખાઇ. ઠા.
૧ ,, મનોરદાસ પરશોતમ. શા.
૧ ,, જટાશંકર રામચંદ્ર દવે.
૧ ,, જમનાદાસ ગોરધનદાસ.
૧ ,, વલભદાસ વનમાળીદાસ શા.
૧ ,, ઠાકરશી ગોપાલજી.
૧ ,, હીરજી વિ. ટોપણ જોશી.
૧ ,, નારણદાસ પુરૂષોત્તમદાસ. હા. રામદાસ.
૧ ,, પુરૂષોત્તમ વિ. ગોપાલજી ઠા.
૧ ,, માધવજી વિ. ધારશી.
૧ ,, ભગવાનદાસ પનાલાલ.
૧ ,, જાદવજી પેરાજ હા. વિઠ્ઠલદાસ.
૧ ,, ખુબચંદ માણેકચંદ.
૧ ,, શામજી લીલાધર ઠા.
૧ ,, માધવજી મુરારજી ઠા.
૧ ,, રામજી દયાળ ઠા.
૧ ,, નારણદાસ પુરશોત્તમદાસ શા.
૧ ,, ગુલામ અલીવલીભાઇ.
૧ ,, મેઘજી જીવરાજ ઠા.
૧ ,, ધરમદાસ ભાઇદાસ.
૧ ,, અમૃતલાલ તુળશીદાસ.
૧ ,, દયારામ અંબારામ જોશી.
૧ ,, એમ. પી. બાઠા અને કંપની.
૧ ,, જાફરજી અબાશઅલી.
૧ ,, જીવરાજ જુઠાભાઇ.
૧ ,, ટોપણભાઇ દેવજી.
૧ ,, ભગવાનદાસ ઝવેરચંદ શા.
૧ ,, રૂગનાથદાસ પરમાંણુંદદાસશા.
૧ ,, ભોજાલાલજી ડોશા વેદાંતી.
૧ ,, હરિવલ્લભદાસ ભાઇદાસ.
૧ ,, કરશનદાસ ઝવેરદાસ ગાંધી.
૧ ,, ગોવર્ધનદાસ ભાઇચંદ શા.
૧ ,, છોટાલાલ મોતીચંદ શા.
૧ ,, મગનલાલ છગનલાલ મોદી.
૧ ,, જેઠાભાઇ દામજી મેઘજી.
૧ ,, વ્યાસ ગણપતરામ લક્ષ્મીરામ.
૧ ,, મણીશંકર રવીશંકર ભટ્ટ.
૧ ,, લક્ષ્મીદાસ વિ. પુરષોત્તમ ભટ્ટ.
૧ ,, પાનાચંદ માવજી શેઠ.
૧ ,, કરીમ મૂળજીની કંપની.
૧ ,, નારણદાસ કલ્યાણદાસ શેઠ.
૧ ,, જયાનંદ નથુ જોશી.
૧ ,, જીવાજી બુધાભાઇ સોની.
૧ ,, નેણશી દયાળ ઠા.
૧ ,, બાળકૃષ્ણ સીતારામ સારંગધર.
૧ ,, દેપાળ મેઘરાજ શાહ.
૧ ,, નગીનદાસ ભાણાભાઇ.
૧ ,, ગોવિંદજી જાદવજી ક્ષત્રી.
૧ ,, ગોપાલજી રામજી ભણશાલી.
૧ ,, કેશવલાલ છગનલાલ દેશાઇ.
૧ ,, ધાલા જેરાજ.
૧ ,, મૂળજી વિ. લીલાધર એલ.સી.ઇ.
૧ ,, પ્રભાશંકર મનસુખરામ ઓઝા.
૧ ,, છગનલાલ દેવશંકર માસ્તર.
૧ ,, નરોત્તમદાસ દોલતરામ ત્રિવેદી.
૧ ,, મનજી જીવરાજ.
૧ ,, તૈયબજી અલીભાઇ શેઠ.
૧ ,, દામોદરદાસ જીવણરામ નોડકર.
૧ ,, દેવીદાસ ભાણજી ઠા.
૧ ,, ભાયા આલા સોની.

મોરબી.

૧ રા. વિઠ્ઠલદાસ પ્રેમજી.
૧ ,, ભાઇચંદ વિ. કરશનજી.
૧ ,, દુર્લભજી વર્ધમાન શેઠ.
૧ ,, દેવજી ખોડા.

१ मे. देवचंद पोपट दफ्तरी.
२ नेकनाम श्री सौ. राणीजी साहेब.
१ मे. शीवसिंहजी चंद्रसिंहजी.

मालेगाम.

१ रा. पेथराज घेलाभाई शा.
१ ,, गीरजाशंकर कामेश्वर.

महुवा (काठीयावाड.)

१ रा. नंदलाल वल्लभदास पारेख.
१ ,, नेटीव लाइब्रेरीना सेक्रेटरी.
१ ,, द्वारकांदास छगनलाल. गो.स.मं
१ ,, गंगादास ओधवजी.
१ ,, भुरचंद रवजी.

मशकत बंदर (अरबस्तान.)

२ रा. वीरजी वि. रणछोडदास.

मगोद.

१ रा. रणछोडदास प्राणजीवनदास.

माडधर.

१ रा. माधवदास भाइजीभाई.

मटवाड.

१ रा. शीवलाल वलभभाई क्लार्क.

मांडल.

१ रा. मगनलाल लालचंद शा.

महुवा. (गुजरात.)

१ रा. उमीआशंकर नर्भेराम. मेता.
१ ,, मणिशंकर हरिवल्लभ व्यास.

मुंबाशा.

१ रा. प्रेमजी वि. रणछोडदास.ठा.

मथुरांपुरी.

१ रा. केशवजी वि. हावाभाई संघवी.

मुंद्राबंदर (कच्छ.)

१ रा. हीराशंकर मयाशंकर वै. सा.
१ ,, जेठी बळदेव वेलजी न्यायाधिस

मेकडा.

१ रा. भगवान मात्रा खुमाणु.

महुधा.

१ रा. शीवाभाइ मोतीभाइ. देशाइ
१ ,, मोतीलाल वि.मथुरभाई देशाइ

मालवण बंदर (रत्नागीरी.)

१ रा. देवीदास भाणजी ठा.

मांडवी बंदर (कच्छ.)

१ रा. भगवानजी वि. वालजी परोत.

मालीया (मच्छुकांठा.)

१ नामदार कुमारश्री राजसिंहजी.
१ रा. वीरमजी पचांणजी परमार.

मांगरोळ.

१ रा. अनंतराय वि. बळवंतराय वकील.

मुलतान (पंजाब.)

१ रा.भाई उधोदासभाई कल्याणदास.
१ ,, हरिनारण जीवराम मेता.

मोणपुर.

१ नामदार कुमारश्री रायसिंहजी साहेब.

मद्रास.

१ रा. भगवानदास रामदास शा.
१ ,, भलाशंकर शुभराय भट.
१ ,, त्रीभुवनदास प्रेमजी शा.
१ ,, गोरधनदास मोरलीदास शा.
१ ,, गोविंददास द्वारकांदास शा.
१ ,, अंबालाल कल्याणजी पंड्या.
१ ,, नारणजी हरजीवन शा.
१ ,, देवचंद गीधवाळा. शा.

मेरता. (मारवाड.)

१ ,, भारतशंकर मंगळाशंकर मुनशी.

मांडले. (अपरबरमा.)

१ रा. छोटालाल मूळचंद झवेरी.
१ ,, अंबालाल दुर्लभभाइ.

મોહનપુર.

૧ રા. ભાભા શ્રી પ્રથીસિંહજી દોલતસિંહજી.

માણાવાવ.

૧ રા. મહંમદ પુંજા પો. પટેલ.

મીલનીરુલ.

૧ રા. દેવશી વિ. હીરજી કંટ્રાકટર.

મેંદરડા.

૧ રા. મૂળશંકર જૂઠા જાની.

મેહેલાવ.

૧ રા. ગીરજાશંકર હરિશંકર માસ્તર.

મોરથાણા.

૧ રા. મોહનજી કેશવરામ દેશાઇ કામદાર.

માતર.

૧ રા. મંગળદાસ ચુનીલાલ પરી.

મેહલોલ-કેમ્પ.

૧ રા. ગોરધન હરિશંકર પંડિયા.

રાજકોટ.

૨ નામદાર કુમાર શ્રી વાલેરાવાળા ખીલખાવાળા.
૨ ,, કુમારશ્રી મૂળવાજી કોટડા સાંધાણીવાળા.
૨ ,, કુમારશ્રી માણસીયાવાળા મેંદડાવાળા.
૧ ,, કુમારશ્રી બાવાવાળા વડીયાવાળા.
૧ ,, કુમારશ્રી લખુભા સાહેબ જામનગરવાળા.
૧ ,, કુમારશ્રી જોરાવરખાનજી વારાહવાળા.
૧ ,, કુમારશ્રી તખતસિંહજી ખીરસરાવાળા.
૧ ,, કુમારશ્રી વજેસિંહજી પોરબંદરવાળા.
૧ ,, કુમારશ્રી સુરગકોટીલા ડેડાણવાળા.
૧ ,, કુમારશ્રી નથુખાન ગીદડવાળા.
૧ ,, કુમારશ્રી શિવસિંહજી મુડેટીવાળા.
૧ ,, કુમારશ્રી તખતસિંહજી માણસાવાળા.
૧ મે. મહાશંકર ત્રીકમજી પો. એ. ઓ. ક.
૧ મે. રાવબહાદુર ગોપાલજી સુરભાઇ
૧ ,, રાવસાહેબ ગણપતરામ અનુપરામ ત્રિવેદી સો. પ્રાં. ડે.એ.ઈ.
૧ ,, નવલશંકર મોતીરામ રાજસ્થાની કોર્ટના સિ.
૧ રા. છોટાલાલ સુંદરજી કીકાણી.
૧ ,, મીસ્ત્રી વાલજી નારણ.
૧ ,, ,, માવજી બેચર.
૧ રા. ફૂલસંકર હરિશંકર હેડકલાર્ક.
૧ ,, હરિશંકર હરજીવન કલાર્ક.
૧ ,, ચુનીલાલ છોટાલાલ.
૧ મે. રાવસાહેબ દયાળજીભાઇ મોરારજી હા. પ્રાં. ડે. એ. ઇ.
૧ રા. દેવરાજ ભીમજી રાઠોડ કંટ્રાકટર
૧ મે. જાદવજી વાલજી વકીલ.
૧ રા. નાગર રેવાશંકર પંજા.
૧ મે. કેશરીસિંહજી કાલુભાઇ જાડેજા.
૧ ,, હરજીવન ઝીણા કામદાર.
૧ ,, નંદલાલ ગોરધનદાસ કામદાર.
૧ ,, ગીરજાશંકર વિ. રામકૃષ્ણ કામદાર.

૧ ,, વૈદરાજ પોપટભાઇ વિઠ્ઠલજી.
૧ ,, મહાશંકર દયારામ પો. એ. મો. એ.
૧. ,, અમૃતલાલકલ્યાણજીઆચાર્ય.

રંગુન.

૧ રા. ચુનીલાલ કેવળચંદ શા.
૧ ,, ગુલાબભાઇ ભગવાનજી દેશાઇ.
૧ ,, જમીયતરામ કેશવરામ દેશાઇ.
૧ ,, હાસમભાઈ ઇબ્રિરામ.
૧ ,, ઓધવજી વિ. ગોપાલજી મેહેતાજી.

રાધનપુર.

૧ રા. પ્રભુલાલ પાનાચંદ ખંભાર.
૧ ,, મંછારામ આશારામ મે. ઓ.
૧ ,, કેશવલાલ મૂળજી મહેતા.
૧ ,, કકલદાસ પ્રભુદાસ વકીલ.

રાંદેર.

૧ રા. નરશીદાસ શામદાસ સોની.
૨ ,, હરિભાઇ રામજીભાઇ ભગત.
૧ ,, મેહરીક્ષેઈસલામ કુતુબખાનાં

રાજુલા.

૧ રા. વીરજી નરશીહ મેતા.

રાજપીપળા.

૧ રા. ચુનીલાલ ત્રીભોવન વકીલ.

રામગઢ (રજપુતાના)

૧ રા. જૈનારાયણ કનૈયાલાલ શેઠ.

રણુંજ.

૧ રા. શાંકળચંદ ગોવિંદલાલ માસ્તર.

રાજપરા.

૧ નામદાર કુમારશ્રી શિવસિંહજી આશાજી.

રાવલ. (જામ.)

૧ રા. મોરારજી પ્રેમજી વૈદ્ય.

લીંગાબંદર. (સિંધ.)

૧ રા. બાઇલિધીઆમલ રતનચંદ.
૧ ,, બાઇનારાયણદાસ મગનમલ.
૩ ,, બાઇ હીરજીમલ મગુમલ.

લુણા.

૧ રા. પ્રભાશંકર વિશ્વનાથ તુલાટી.

લીંબડી.

૭ નેકનામદારસર જશવંતસિંહજી. કે સી. એસ. આઇ. ઠાકોર સાહેબ બહાદૂર.
૧ રા. કેશાભાઇ રાસાભાઇ.
૧ રા. જશવંતસિંહ પ્રિન્ટીંગ પ્રેસના મેનેજર.
૧ મે. ડોસાભાઈ ગોપાળજી લાડલાઇબ્રેરીના સેક્રેટરી.

લુશાળા.

૧ રા. છગનલાલ ભવાનીશંકર. સ્ટે. માસ્તર.

લખતર.

૧ રા. જુઠાલાલ વિશ્વનાથ પંડિયા.

લખનોર.

૧ સ્વામી શ્રી બ્રહ્માનંદજી.

લાલીયાદ.

૧ મે. દેવસિંગ હાલુભાઇ રાણા.

લોધીકા.

૧ નામદાર કુમારશ્રી રવાજી પથાભાઇ.

લાઠી.

૧ મે. ફરેદુનજી નસરવાનજી. રેલવે ઈ. પો. ઇ.

લાખાપાદર.

૧ મે. શેખ હુશેન ખુદાબક્ષ થાણદાર સાહેબ.

લાછરસ

૧ રા. ડાહ્યાભાઇ નરસીદાસ. સોની

વડોદરા.

૧ મે. કરશનલાલ ન્યાલચંદ નાયબસર સુબા સાહેબ.
૧ ,, બટુકરામ શોભારામ મહેતા. સીવીલમેડીકલઓફીસરસાહેબ
૧ ,, ગોવિંદભાઈ હાથીભાઇ દેશાઈ. સીટી. મા. સાહેબ.
૧ ,, પ્રેહ્લાદજી સેવકરામ આ. એ. જનરલ.
૧ ડાહ્યભાઇ હરરજીવનદાસ બી. એ.
૧ ,, જશવંતરાય કૃપાશંકર.
૧ ,, ચિંતામણરાવ નારાયણ મજમુદાર. પેટલાદ. વિ. સુ. સા.
૧ ,, રામચંદ્ર આશારામ. દ્વિ. ટ્રે. કો. પે. આ. મા.
૧ રા. મગનલાલ નરસીદાસ.હેડકલાર્ક.
૧ ,, હીમનલાલ કળિદાસ ડાકટર.
૧ ,, નાથાલાલ લક્ષ્મીચંદ.
૧ ,, વિઠ્ઠલ નાગર.
૧ ,, ઉમેદરામ હરરાય ઠાકોર.
૧ ,, છોટાલાલ મોતીલાલ શેઠ.
૧ ,, જટાશંકર રવિશંકર પંડિત.
૧ ,, મોરારજી મેઘજી સુતાર.
૧ ,, ધનજી ખીમજી મીસ્ત્રી.
૧ ,, જેઠા પ્રેમા મીસ્ત્રી.
૧ મે. ભીખા ગોવિંદરામ ચીટણીશ.
૧ રા. દયાશંકર જેશંકર.
૧ ,, મહાશંકર ત્રંબકરામ.
૧ ,, કચરા ડોસા મીસ્ત્રી.
૧ ,, છગનલાલ બેચરદાસ.
૧ ,, હરિપુત નાયેક.

વસાવડ.

૧ મે. ભવાનીશંકર દેશાઇ.બાગદાર.

વસો.

૧ મે. ગગનભાઇ ચતુરભાઈ. હેડમાસ્તર.
૧ ,, માધવ લાઇબ્રેરીના સેક્રેટરી.સા.
૧ ,, મગનલાલ અમથાભાઈ વકીલ.

વીસનગર.

૧ મે. સારાભાઇ વાલાભાઈ મુનસફ સાહેબ.

વાંસદા.

૨ શ્રીમંત મહારાજશ્રી પ્રતાપસિંહજી મહારાજા સાહેબ.
૧ મે. ઝવેરભાઇ નાથાભાઇ દીવાન સાહેબ.
૧ રા. હરિનારાયણ કલ્યાણજી.

વરીઆવ.

૧ રા. રામપ્રસાદ કાશીભાઇ.

વાંદરા.

૧ મે. માણેકજી પાલણજી.પ.વ.ડી.સુ.
૧ રા. હાસમ કાશમ ખોજા સરાફ.

વલશાડ.

૧ રા. હરકીશન વિઠ્ઠલદાસ.
૧ ,, ભીમભાઇ ડાહ્યાભાઇ દેશાઈ.
૧ ,, મગનલાલ નાનચંદ શા.

વસઇડી.

૧ રા. દામોદર કરશનદાસ વકીલ.

વાગરા.

૧ ,, ત્રીકમલાલ દાજીભાઇ વકીલ.
૧ રા. ભોગીલાલ બાપુજી કલાર્ક.

વ્યાસ.

૧ રા. જદુરામ ગોવિંદજી કલાર્ક.

વાઘેલ.

૧ રા. નથુભાઈ ડોસાચંદ.

વીરમગામ.

૧ રા. જયસિંગ ઉમાજી ઇજનિયેર,
૧ ,, જીભાઈ કેવળરામ ત્રીકમ.

વઢવાણ કેમ્પ.

૧ રા. લલ્લુભાઇ જેઠાભાઇ. રે. સ્ટે સબ. ઇન્સ્પેકટર.

વિજાપુર.

૧ મે. પુરશોત્તમ દયાશંકર ડાકટર.

વાવડી.

૧ મે. ગુલાબસંગજી કેશરીસંગજી દરબાર.

વાંકાનેર.

૧ નેકનામ અસમત પનાહરાજ માતાબાશ્રી જામબા સાહેબ.

વળા.

૧ રા. ભગવાનજીશંકર વકીલ.

વીંગોલા.

૧ રા. ગણેશ કાલબા ગાડેકર.

વણોદ.

૧ મે. દરબારશ્રી હયાતખાનજી લાખાજી.

વરસોલા.

૧ રા. લલ્લુભાઈ મૂળજી પંડયા.

વીરસદ.

૧ રા. મોતીલાલ ભાઇશંકર.
૧ ,, ઝવેરભાઈ મથુરભાઇ અમીન.

વાંઠવાળી.

૧ રા. જીવરામ રાજારામ તલાટી.

વરલ.

૧ રા. લક્ષ્મીશંકર હારભાઇ.

વિલાયત.

૧ રા. કાળીદાસ ભીખા.

શીવગઢ.

૨ મે. જમનાદાસ લલ્લુભાઇ તાર માસ્તર.

શિહોર.

૧ રા. લલ્લુભાઈ અમુલખ કલાર્ક.

શિકારપુર. (સિંધ.)

૧ રા. શેઠ ટાવરમલ તેજમલદાસ-બેંકર.

શાહપોર.

૧ રા. હરગોવિંદ અજરામર. સ્ટેશન માસ્તર.
૧ ,, મહાશંકર પ્રેમજી સિગ્નલર.

શિહોરી.

૧ રા. જમનાદાસ કુબેરદાસ વકીલ.

શોલાપુર.

૧ રા. વાડીલાલ વીરચંદભાઇ.
૧ ,, અમૃતલાલ પરશોતમદાસ.

શાહદા.

૧ રા. પેસતનજી હોરમસજી.

શુંવાલી.

૧ રા. નથુભાઇ દેવશંકર ડાકટર.

શોજીત્રા.

૧ રા. હાથીભાઈ લલ્લુભાઈ પરી.

સુરત.

૧ મે. નાથાભાઇ લલ્લુભાઇ વકીલ.
૧ મે. રાવસાહેબ માણેકલાલ નર્ભેરામ મામલતદાર સાહેબ.
૧ ,, ગોપાળજી ગુલાબભાઇ દેશાઈ
૧ રા. શીવશંકર વ્રજેશંકર.
૧ ,, ગુલાબભાઇ કલ્યાણજી દેશાઇ.
૧ ,, મગનલાલ વજેચંદ.

૧ ,, નાથાભાઇ ત્રીભોવન.
૧ ,, ભગવાનદાસ તુળશીદાસ શેની.
૧ ,, તુળશીદાસ મંછારામ શેની.
૧ ,, ઠાકોરદાસ ભૂખણદાસ.
૧ ,, પ્રેમચંદ દયાચંદ.
૧ ,, ભગવાનદાસ તુળજારામ.
૧ ,, નારાયણરાવ બયાજી.
૨ ,, કાળીદાસ લાલભાઈ.
૧ ,, હરદેરામ ગોવનદાસ ગુડસકલાર્ક
૧ ,, રણછોડજી ભગવાનજી કંટ્રાકટર
૧ ,, લલ્લુભાઈ ગોપાળદાસ.
૧ ,, નાથુભાઈ દુલભરામ.
૧ ,, ચંદ્રશંકર ભવાનીશંકર.
૧ ,, માણેકજી મંનચેરજી મુનશી.

સુપેડી.

૧ રા. કરૂણાશંકર વીરજી સ્ટે. મા.

સચીન.

૧ રા. ભૂલાભાઈ કલ્યાણજી લાઇબ્રેરીના સેક્રેટરી.

સેલણા.

૧ રા. ખુમાણ પીઠા વાજસુર.

સરસ.

૧ રા. મણીશંકર લક્ષ્મીરામ.

સોનગઢ.

૧ મે. ગોવિંદલાલ છનુલાલ ડે. આ. પો. એ. સિરસ્તેદાર.
૧ રા. જીવણલાલ નથુભાઈ વકીલ.

સાદરા.

૧ મે. રા. બા. નાથાભાઇ દાજીભાઇ પ. આ. પો. એ.

સીકંદરાબાદ.

૩ રા. બેજનજી આદરજી.

સીનોર.

૧ રા. કેશવલાલ કરૂણાશંકર ભટ્ટ.

સોઠી.

૧ રા. બાઇલાલ વિશ્વનાથ પંડિત.

સાયણ.

૧ રા. મૂળજી ગોવિંદરામ માસ્તર.

સેગવા.

૧ રા. કાળા માવજી પટેલ.

સાધી.

૧ રા. હરિલાલ રણછોડલાલ મેતા.

સારોદ.

૧ રા. ઇશપ મહંમદભાઈ દેશાઇ.

સાંણોદર.

૧ રા. નંદલાલ માહેશ્વર.

સાણંદ.

૧ રા. દેવકરણ અદેકરણ.
૧ ,, મોતીલાલ ખોડીદાસ.

સમની.

૧ રા. નથુભાઇ રણછોડદાસ.

હુબલી.

૧ રા. હંશરાજ જીવરાજ શા.
૧ ,, ચાંપશી દામજી દા.

હાથરસ.

૧ રા. મોરારજી સુંદરજી શા.
૧ ,, વેલજી કાનજી શર્મા.

હાંસોટ.

૧ રા. નાથુભાઈ દયારામ.

હરમાન ભાંગડા.

૧ રા. બાળદાસજી લક્ષ્મણદાસજી.

ઇંદોર કેમ્પ.

૧ રા. દલપતરામ દલસુખરામ મેહેતાજી.

અમદાવાદ.

૧ રા. રા. સાંકળચંદ લલ્લુભાઈ કેમ્પ. પો. મા.

૧ રા. રા. નાનાલાલ ભોગીલાલ પ્રાણવલ્લભ.

જામનગર.

૧ મે. મહારાજ શ્રી લધુજી ધનરાજજી આચાર્ય.

રાધનપુર.

૧ મે. મુ. દરબારશ્રી ફતેહજંગખાનજી સાહેબ બહાદુર.

૧ રા. રા. શેઠ શીવલાલ બાઇચંદ

૧ ,, ,, પ્રેમચંદ જેઠાભાઇ.

૧ ,, ,, ગોકળદાસ રણછોડ ઓવરસીયર.

૧ ,, ,, હરજીવનદાસ દીપચંદ વકીલ.

૧ ,, ,, ભીખાભાઇ બાદરચંદ.

૧ ,, ,, દલસુખલાલ સરૂપચંદ.

૧ ,, ,, ભુદર વજેરાજ વકીલ.

બાદેવી, મરિચી, સુમતી, પ્રભાવતી, માલતી, પદ્મા, મરિયમ (ઇ. ખ્રી. મા) આમેના (મ. પે. મા.) વિમળા, રૂપમંજરી, મિરાંબાઈ; ચંદ્રપ્રભા, કર્મદેવી, વિરનારીચંદા, વિમળદેવી, દુર્ગાવતી, સંયોગતા, સારામાર્ટીન, વિરબાળા, સત્યવતી, કળાવતી, જસમા, કર્માબાઇ, સતીપ્રભા, ઋષિદર્શ, શરતસુંદરી દેવી, વશુમતી રાણી હેમત કુંમારી, ધનલક્ષ્મી વગેરે ૭૭ પવિત્ર **સતી સ્ત્રીઓનાં** ચરિત્રો છે. સિવાય—

સ્ત્રીપુરુષનાધર્મ સ્ત્રીનો પતિ પ્રત્યે ધર્મ, પતિનો સ્ત્રી પ્રત્યે ધર્મ, પતિવ્રતા પ્રતાપ, પતિવ્રતાનાં લક્ષણ, પતિ પરદેશ જાય ત્યારે કેમ વર્તવું, રજોદર્શન વખતે કેમ વર્તવું, ગર્ભવંતીએ કેમ વર્તવું, ગર્ભવંતીની માવજત, સ્ત્રીને અપાતી કેળવણીને તેમાં ખામી, કેળવાએલી સ્ત્રીથી ફાયદા, સ્ત્રીએ મુખ્ય શું શું શીખવું જોઇએ, બાળ કેળવવાની રીત, બાળ ઉછેરવાની રીત, બાળ નિત્યબોધ, આયુષ્ય વધારવાનો ઉપાય. બાળકો રૂપાળાં, બુદ્ધિવાન, ગુણવાન અને અંગોનાં સુશોભિત શી રીતે ઉત્પન્ન કરી શકાય, માઉપર છોકરાંના ભવિષ્યનો આધાર માટે મા કેવા ગુણની જોઇએ, માબાપનો છોકરાં પ્રત્યે ધર્મ. છોકરાંઓનો માબાપ પ્રત્યે ધર્મ, કુટુંબપ્રત્યે ધર્મ, પુત્રીને સાસરે જતાં શીખામણ. સ્ત્રીએ સાસુ, સસરા, દેર, જેઠ વગેરે સગાં સ્નેહી સાથે કેમ વર્તવું. ઘરઉપયોગી વૈદક—રોગ, ચિકિત્સા—દવા શીખે; માંદાની માવજત, સ્ત્રી પરીક્ષા, પતિ વશ કેમ થાય, પત્ની વશ કેમ થાય, શાયળવ્રત, પરોણાચાકરી, ચાકર કેવા રાખવા, ચાકર સાથે વ્યવહાર, મનુષ્યનું મુખ્ય કર્તવ્ય, ઘર વ્યવસ્થા, પ્રાચીન સ્વયંવર પદ્ધતિ, પ્રાચીન વિવાહ પદ્ધતિ, પતિ કેવો પસંદ કરવો, પત્ની કેવી પસંદ કરવી, કેવી કન્યા પરણવી નહીં. કન્યાનીદૈવપરીક્ષા, પરણતી વખતે વરકન્યાનીકબુલાતો, પ્રાચીન અર્વાચીન સ્ત્રીઓમાં તફાવત ને તેનાં કારણો, સદાચરણે ચાલવા વિષે બોધ (સતીગીતા) ને જુદા જુદા રાગમાં ગાવાની ગરબીઓ વગેરે ૯૪ ઉપરાંત ઘર સંસારોપયોગી **વિષયો** છે. તે સ્ત્રી, પુત્ર, પુત્રીઓને સદ્ગુણીને પ્રેમાળ કરવાનું ઉત્તમ સાધન થઈ પડે તેમ કર્યું છે. આ ગ્રંથ આશરે ૫૦૦ પૃષ્ટનો સુંદર પુંઠાનો મોટો છે. કીંમત રૂા. ૨–૮–૦ પોસ્ટેજ જુદું. રોકડે કે વેલ્યુપેએબલથી મળશે. દશ નકલ રાખનાર કે ખપાવનારને એક નકલ બક્ષીસ. નામ, ઠામ વગેરે શુદ્ધ અક્ષરથી લખવું. જવાબ જોઇએ તો ટીકીટ મોકલવી.

મુ. ધોલ—કાઠીયાવાડ. } **કેશવજી વિશ્વનાથ ત્રિવેદી.**
સતીમંડળ વગેરેના કર્તા.

"સતી મંડળ અને સ્ત્રી પુરૂષના ધર્મ."

આ પુસ્તક વડોદરા રાજ્યના દેશી કેળવણી ખાતાએ મંજુર કર્યું છે. તેમજ ઘણાં સર્ટીફીકેટો મળેલાં છે, તે-માંથી થોડાંક આ નીચે આપેલાં છે, તે ઉપરથી તેમજ હિંદી અને મરેઠી ભાષામાં છપાવી બ-હાર પાડવાની માગણી થયેલી છે. તે ઉપરથી આ ગ્રંથની ઉત્તમતા વિષે ખાત્રી થશે.

સર્ટિફીકેટો.

રાવસાહેબ ગણપતરામ અનુપરામ "જાત મહેનત" વગેરે ગ્રંથોના કર્ત્તા અને સોરઠ પ્રાંતના ડે. એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર સાહેબ—"તમારૂં પુસ્તક આવ્યું. તે સ્ત્રીઓને ઘણું ઉપયોગી છે. તેથી મેં મારી સ્ત્રીને આપ્યું. તેણે વાંચી એ વિષે મને ઘણો સંતોષ બતાવ્યો. મેં પણ એ પુસ્તક વાંચ્યું. તમારા પુસ્તકનો ઉદ્દેશ ઘણો ઉચ્ચ છે. દેશાભિમાન અને પરમાર્થ બુદ્ધિયુક્ત છે. તમે આર્યગૃહસંસારને પવિત્ર અને પ્રેમી કરવાનો વિષય હાથમાં લીધો છે અને તેથી આર્ય જનમંડળ ઉપર તમે ખરેખરો ઉપકાર કર્યો છે.

આપણી ગુર્જર ભાષામાં મૂળ પુસ્તક ભંડારજ બીજી ભાષાઓને મુકાબલે થોડો છે. તેમાં સ્ત્રી ઉપયોગી ગ્રંથો તો બહુજ થોડા છે; એવા સમયમાં તમે તમારો ગ્રંથ પ્રગટ કરીને ગુર્જર ભાષાની એક સારી સેવા બજાવી છે અને આપણા સ્ત્રી વર્ગના ખાલી હાથમાં એક અમૂલ્ય રત્ન આપ્યું છે.

તમે તમારા ગ્રંથમાં આદિથી અંત સુધી એવી સાદી અને સરલ અસરકારક ભાષા શૈલી રાખી છે કે, જેમને માટે તમે તમારૂં પુસ્તક ધાર્યું છે. તેઓ તેમનો મન માનતો લાભ લેશે એમાં શક નથી.

તમે તમારૂં પુસ્તક અમદાવાદની બુક કમિટીને જરૂર મોકલજો. મને આશા છે કે તે ઇનામને માટે મંજુર થશે, એટલુંજ નહિ પણ કન્યાશાળામાં એક વાંચન પુસ્તક તરીકે દાખલ થશે એમ મને આશા છે.

પેલી આવૃત્તિ તરત ખપી ગઇ છે. તે જાણી મને સંતોષ થયો છે, પણ નવાઇ લાગી નથી કારણ કે એ પુસ્તક ઝટ ઉપડી જાય એવી બાબતોથી ભરપૂર છે. બીજી આવૃત્તિની હું ફતેહ ઇચ્છુંછું. પુસ્તકને અંતે ગ્રાહકોની ટીપ જોતાં એ ગ્રંથની ખપત અને ફેલાવો જેમ બહોળે હાથે ઘટે તેમજ થયેલ છે. "ચરિત્ર ચંદ્રિકાના" ગ્રાહકમાં મારૂં નામ દાખલ કરશો."

રાવબહાદૂર ગોપાલજી સુરભાઇ દેશાઈ, બોમ્બે યુનિવરસિટીના ફેલો અને કાઠિયાવાડ ઇલાકાના મા. આ. એજ્યુકેશનલ ઈન્સ્પેક્ટર સાહેબ— "સતીમંડળ અને સ્ત્રી પુરૂષના ધર્મ એ પુસ્તકને જે નામ આપ્યું છે તે યથાર્થ છે. એ પુસ્તક બાળ, વૃદ્ધ, સ્ત્રી અને પુરૂષ એ સર્વેને વાંચવા યોગ્ય છે. એ વાંચવાથી તેમના મન ઉપર ઉમદી અસર થશે અને તે પોતાના સંસાર વ્યવહારના કામમાં ઘણીજ ઉપયોગી થઇ પડશે એમાં કશો શક નથી. એવાં પુસ્તકોની ખરેખરી જરૂર છે. એ પુસ્તકમાં પ્રાચીન કાળની ખરેખરી દૈવી સતીઓની સાથે અર્વાચીનકાળની પણ કેટલીક સતીઓનાં ચરિત્રો આપ્યાં છે. વળી તેમાં સ્ત્રી પુરૂષના પરસ્પરના ધર્મનું સારૂં વર્ણન કરેલું છે. અને બીજા વ્યવહારમાં કામ આવે તેવા સારા ઉપયોગી વિષયો સમાવેલા છે. એ બધું જોતાં એ પુસ્તક ખરેખરૂં કીંમતી બન્યું છે. કર્તાએ સારો શ્રમ લીધેલો જણાય છે. એવાં પુસ્તકો દરેક કુટુંબમાં રાખવાં જોઇએ. એની જે કીંમત રાખી છે. તે એ ગ્રંથનું કદ વગેરે જોતાં વધારે નથી."

કવિ દલપતરામ ડાહ્યાભાઇ સી. આઇ. ઇ.— "સતી મંડળ અને સ્ત્રી પુરૂષના ધર્મ—એ પુસ્તક વાંચતાં અત્યંત આનંદ થયો છે. આપે એ કામમાં ઘણોજ શ્રમ લીધેલો જણાય છે. સદ્ ગૃહસ્થોને ઘરમાં રાખવાં લાયક તે પુસ્તક છે. સતીઓનાં ચરિત્ર અને સતીઓના ધર્મ તેમાં સારી રીતે લખેલા છે. માટે સ્ત્રીઓને જરૂર વાંચવા જેવું એ પુસ્તક છે. કન્યાશાળાઓમાં ઇનામ આપવા લાયક છે. પુરૂષોને પણ વાંચીને વિચારવા લાયક તથા તે પ્રમાણે વર્તવા લાયક છે. ગુજરાતી ભાષામાં આવાં પુસ્તકોની ખોટ હતી. તે આપે પૂરી કરી છે."

કાઠિયાવાડ ટાઇમ્સ— "સતી મંડળ અને સ્ત્રી પુરૂષના ધર્મ—એમાં પ્રાચીન કાળની ભારત ભૂમિની સદ્ગુણી સ્ત્રીઓનાં જીવન ચરિત્રો છે—તથા ગૃહસંસારોપયોગી અપૂર્વ સંગ્રહ છે. અર્વાચીન કાળના ઘણા લેખકો ભિન્ન ભિન્ન વિષયો સાથ બહાર પડે છે. તથાપિ તેઓમાંના થોડાજ લોકોપયોગી વિષયો મેળવવા નશીબવાન થતા હશે. એવા વિષયોની પસંદગી કરવામાંજ તેઓની શક્તિનીપૂર્ણ શાબિતી મળી આવે છે. જ્યારે ચાલતા સમયમાં સ્ત્રી

કેળવણીએ સારો પ્રસાર કરેલો છે, ત્યારે સ્ત્રીઓના હાથમાં તેમની નીતિ સ્થિતિને સારા પાયા ઉપર લાવી મૂકે એવાં સહેલાઇથી મૂકવા જેવાં થોડાંજ પુસ્તકો મળી આવે છે. તેવાં પુસ્તકોમાં કર્ત્તાનો આ સંગ્રહ સારી પંક્તિ ધરાવશે એમ સ્વભાવિક રીતે ધારી શકાય છે. સદ્‌ગુણી સ્ત્રી થવા માટે જરૂરીઆતનાં તત્વોનો આ પુસ્તકમાં દૃષ્ટાંતદ્વારાએ સારો સમાવેશ કરેલો છે. વિદ્યા, સ્ત્રી ધર્મ નીતિ, આત્મજ્ઞાન, પતિ અને કુટુંબ પ્રત્યે કર્ત્તવ્યકર્મ એ વગેરે પ્રાચીન કાળની સર્વોત્તમ ગણાએલી સતીઓના આભૂષણો અર્વાચીન કાળની સુશીલ બાળાઓ અને સ્ત્રીઓને વાસ્તવિક રીતે બોધ કર્ત્તા થઈ પડશે, કર્ત્તાએ દરેક જીવન ચરિત્ર બનતી રીતે ટુંકામાં અને મુદેસર રીતે દાખલ કરેલું છે. તેથી કરી વાંચક વર્ગને ઘણીજ આતુરતામાં લાંગા વખત સુધી રાહ જોવી પડતી નથી. ભાષા પણ સરળ અને શુદ્ધ છે. આ પુસ્તક અમે દરેક કુટુંબમાં વાંચવાની ભલામણ કરીએ છીએ."

ગુજરાત મિત્ર—"સતી મંડળ અને સ્ત્રી પુરૂષના ધર્મ એ નામના ગ્રંથમાં પ્રાચીન અર્વાચીન ઘણી સતી સ્ત્રીઓના પરાક્રમોનું વર્ણન કર્યું છે. તે બહુજ ઉપયોગી છે. આ ગ્રંથમાં કર્ત્તાએ હિંદુ સતીઓનુંજ નહિ પણ સાથે મુસલમાન અને ખ્રિસ્તિ સતીઓનું પણ વર્ણન કરી એ ગ્રંથ સઘળી કોમના લોકોને ઉપયોગમાં આવે એવો કર્યો છે. પાછલા ભાગમાં સ્ત્રી પુરૂષના ધર્મો લખ્યા છે તે પણ ગૃહસંસારમાં બહુજ ઉપયોગના છે. કવિ શામળભટ્ટની બનાવેલી બત્રીશ પુતળીઓ વગેરેની કલ્પિત વાતોના ગપોડા વાંચવા કરતાં આવા ગ્રંથો વાંચવાથી સ્ત્રી પુરૂષોને સારો લાભ થઈ શકે એમાં જરા પણ શક નથી. એ ગ્રંથ દરેક કોમને વાંચવાની અમે ભલામણ કરીએ છીએ."

હિંદુસ્તાન—"સતી મંડળ અને સ્ત્રી પુરૂષના ધર્મ એ ગ્રંથ સ્ત્રીઓને શિક્ષણ લેવા યોગ્ય છે. એ ગ્રંથ નિર્ભયપણે સ્ત્રીઓના હાથમાં મુકવા જેવો છે એટલુંજ નહિ પણ ભણેલી તમામ સ્ત્રીઓને એકવાર વાંચવાની અને વગર ભણેલી સ્ત્રીઓને સાંભળવાની અમે ભલામણ કરીએ છીએ. આવા ગ્રંથની ગુજરાતી ભાષામાં ખોટ હતી તે મી. કેશવજીએ પૂરી કરી છે.

આ ગ્રંથ ઘણોજ ઉપયોગી થયેલો જોઇ અમે ખુશી થયા છીએ. આ ગ્રંથ છપાઈ બહાર પડતાંજ તરત ઉપડી ગયો છે અને તેની બીજી આવૃત્તિની તૈયારી ચાલે છે એ તેના ઉપયોગીપણાનો વિશેષ પ્રત્યક્ષ પુરાવો છે. એ ગ્રંથનું કદ મોટું સુશોભિત પુઠું વગેરે જોતાં તેની કીંમત વધારે નથી. સર્વ વર્ગના સ્ત્રી પુરૂષોએ આ ગ્રંથનો લાભ લેવા ચુકવું નહિ. એવી અમારી ભલામણ છે."

રા. રા. કવિ ભવાનીશંકર નરસિંહરામ—"સતીમંડળ અને સ્ત્રી પુરૂષના ધર્મ એ નામનો ગ્રંથ વાંચી ઘણોજ પરમાનંદ થયો છે. આવા ગ્રંથની આપણી ગુજરાતી ભાષામાં આવશ્યકતા હતી, તે આવશ્યકતા આ ગ્રંથે પૂર્ણ કરી છે. સતીમંડળ એ પતિભક્તિ દર્શાવનારી પ્રસિદ્ધ સ્ત્રીઓનું આપણને દર્શન કરાવે છે. આ ગ્રંથ આપણી સ્ત્રીઓને નીતિમાર્ગ ભણી દોરવીને પોતાના પતિની ભક્તિ કરવાનું શિક્ષણિય આપે છે તે સાથે સ્ત્રીઓને કેટલુંક વ્યવહારિક જ્ઞાન મળે તેવા વિષયો દાખલ કરી એ પુસ્તકની ખૂબીમાં વધારો કર્યો છે. ગૃહ વ્યવહારનું આવું જ્ઞાન આપણી સ્ત્રીઓને ઘણું ઉપયોગી થઇ પડે એવું છે, હાલમાં આપણી કન્યાશાળાઓમાં જે વાંચનનાં પુસ્તકો ચાલે છે, તેમાંનાં ઘણાંખરાં તેમને ઉપયોગી વિષયોથી ભરપૂર નથી. તેથી જો આવાં પુસ્તકો આપણી કન્યાશાળાઓમાં ચાલે તો તેમને વ્યવહારમાં ઘણાં ઉપયોગી થયા વિના રહે નહિ. કર્ત્તાએ આમાં ઘણો શ્રમ લીધેલો છે. તેમને એક સારા લેખક તરીકે યશ પામતા જોઇ હું ઘણોજ ખુશી થાઉં છું. આ ગ્રંથનો સર્વ કુટુંબોને લાભ લેવાની હું ભલામણ કરૂં છું."

રા. રા. કાળીદાસ દેવચંદ બગસરા માસ્તર—"સતીમંડળ એ દરેક સ્ત્રીના હાથમાં આપવા લાયક ઉત્તમ ગ્રંથ છે. ભાષા ઘણી શુદ્ધ, સરળ અને મધુર છે. વાકય રચના સાદી અને નાના મોટા સર્વને સમજાય એવી છે. આર્ય સન્નારીઓને એ પુસ્તક વાંચતાં અને શ્રવણ કરતાં તલ્લીન કરી તેણીઓમાંથી પૂર્વનું ગયેલું સતીત્વ પુનઃ પ્રાપ્ત કરી દે તેવાં સતીઓનાં ચરિત્રોના સદ્બોધથી અભિરૂપતા પ્રાપ્ત થાય તેવું એ પુસ્તક છે. આ પુસ્તક કન્યાશાળામાં અડવાડીઆમાં એકાદ બે કલાક દાખલ થાય તોજ મમ થવા જેવું છે. અને તેમ થાય તોજ પુસ્તકનો હેતુ બર આવે. આ ગ્રંથ અત્રીના દીવાન સાહેબ ગીરધરલાલભાઇને જરૂર મોકલશો. તેણે મને સૂચના કરી છે."

રા. રા. મૂળશંકર વિ. જુઠાભાઇ યાજ્ઞિક મેંદરડા—"સતીમંડળનું પુસ્તક વાંચી અતિશય સંતોષ થયો છે પુસ્તકના પ્રમાણમાં તેની કીંમત કાંઇ પણ નથી. આ ગ્રંથ સ્ત્રી પુરૂષને જીંદગી સુધારવાનું સાધન તેમજ સુમાર્ગે ચલાવવા માટે આવાં પુસ્તકોની દુનિઆમાં ખોટ હતી, તે આપે પૂરી પાડી છે. આ પુસ્તકનો લાભ હરકોઈ માણસ લેવા ચૂકશે નહિ એવી આશા છે."

રા. રા. હરિવલભ કૃષ્ણવલભ ઓવરસીયર. ટુ. ધી. યુનિયન મિ. લી. મુંબઇ—"સતીમંડળ મેં આમોદમાં મારા એક મિત્ર પાસે વાંચ્યું. તેમાં સમાએલી બાબત નીતિથી ભરપૂર છે. આ ગ્રંથ ખાસ સ્ત્રી પુરૂષોને

વાંચવા જેવો છે. આપનો શ્રમ સ્તુતિપાત્ર છે. આવા ઉપયોગી પુસ્તકની ખોટ તમોએ પૂરી પાડી છે. સંસારમાં દરેક દંપતિને આ પુસ્તક ઉપયોગી છે. પુસ્તક સર્વ બાબતે પૂર્ણ છે.

આવા ધર્મ નીતિથી ભરપૂર ગ્રંથને વાંચવા વાંચકવૃંદ અધિરા કેમ ન બને ! હું આશા રાખું છું કે મને એની બે પ્રત તરત મોકલી આપી વાંચનારની જીજ્ઞાસા સંપૂર્ણ કરશો."

રા. રા. હરિલાલ વિ. ભવાનીદાસ અંકલેશ્વર—આપના તરફથી આર્ય મહિલાઓના ધર્મ, નીતિ શિક્ષણાર્થે થોડુંક થયાં "સતી મંડળ" નામનો અપુર્વ ગ્રંથ બહાર પડેલ છે. એ ગ્રંથની પ્રથમાવૃત્તિ ટુંક વખતમાં સઘળી ખપી જવાથી એ ગ્રંથની લોકપ્રિયતા શાબિત થઇ ચૂકી છે. આ ગ્રથ આર્યાવર્તની મહિલા તથા બાળાઓને ધર્મ, નીતિનું શિક્ષણ આપી તેમને નીતિમાર્ગે દોરવાને આપનો અત્યુત્તમ શ્રમ ઘણે અંશે પાર પડેલ છે અને આગળ જતાં પડશે એમ કહેવું નિર્વિવાદ છે. આપના એ ગ્રંથની પ્રથમાવૃત્તિની એકાદ નકલના ગ્રાહક થવાની મેં તક ગુમાવી દેવાથી અતિશય પસ્તાવો થતો હતો, પરંતુ તેની બીજી આવૃત્તિ બહાર પડવાની ખબર વર્તમાન પત્રોથી મળતાં એ તક સાધી એક પ્રત મોકલવા વિનતિ કરૂંછું તે સ્વિકારી પ્રગટ થયે મોકલાવશોજી."

રા. રા. ગુલાબરાય અમરજી દેશાઇ દેલવાડા—"સતીમંડળનું પુસ્તક અતિ રહસ્યાદિથી ભરપૂર છે. એટલુંજ નહિ પણ તે સ્ત્રી શિક્ષણ માટે મજબુત "શિક્ષક યાને બોધક" નું કામ સહેલાઇથી કરે તેવું છે. મને આપનું રચેલ "કન્યાવિક્રય નિષેધ દર્શક" નામનું પુસ્તક મોકલાવશો."

રા. રા. ચુનીલાલ છગનલાલ નગરશેઠ બોટાદ—"સતીમંડળ વાંચી હું ઘણોજ ખુશી થયો છું. જે પુસ્તકની ખોટ હતી તે આપે ઘણો શ્રમ લઇ પુરી પાડી છે. તેથી આપનો મોટો ઉપકાર માનું છું, પહેલેથી છેવટ સુધી ત્રણ ચાર વખત વાંચ્યું તોપણ તે એવું રસીક તથા બોધકારક છે કે ફરી ફરીને વાંચવાનું મન થાય છે." આ પુસ્તક દરેક માણસે ઘરમાંશણગારરૂપ રાખવા મ્હારી ભલામણ છે. આપના તરફથી "ચરિત્ર ચંદ્રિકા" છપાઇ બહાર પડવાનું છે તે મને તૈયાર થયે મોકલાવી આપશો."

રા. રા. આણંદજી વિ. પરમાણંદ મેંદરડા—"આપનું સતીમંડળ વાંચી અમારા આનંદનો તો પાર રહ્યો નથી; તેમજ સ્ત્રીઓને આનંદ કેવો વધ્યો છે તે કાંઇ મણા નહિ. આપે આ પુસ્તક રચવાથી આપને સ્ત્રીઓ તરફથી ઘણીજ શાબાસી મળે છે કે ધન્ય છે આ પુસ્તક રચનારને ! આ પુસ્તક વાંચવાથી દુષ્ટ સ્ત્રીઓ હશે તે પણ સુધરશે તેમાં કાંઇ શક નથી.

આ પુસ્તક ઉપર આપે ઘણોજ શ્રમ લીધેલો છે. તેના પ્રમાણમાં કીંમત પણ ઘણીજ ઓછી છે. તમારૂં રચેલું "કન્યાવિક્રય નિ." મને તરત મોકલાવશો."

રા. રા. પીતાંબર હરિરામ જોશી. મુંબઈ—"સતીમંડળ નામનો ગ્રંથ વાંચી જોતાં તે ઘણોજ ઉપયોગી તથા મનન કરવા લાયક છે, તેમજ દરેક કુટુંબમાં રાખવા લાયક છે. એ પુસ્તક બારીકીથી વાંચી જોતાં, આપે જે શ્રમ લીધો છે તે સ્તુતિપાત્ર છે. હું હમેશાં ઇશ્વર પાસે એટલુંજ માગું છું કે ગુર્જર પ્રજામાં આવા ગ્રંથકારો હમેશાં થાય એવી હું રાત્ર દિવસ પ્રાર્થના કરૂં છું. આપના તરફથી બીજી આવૃત્તિ બહાર પડયે મને એક પ્રત મોકલાવશો."

રા. રા. દેશાઈ ગુલાબભાઈ ભગવાનજી અબ્રામકર રંગુન—"સતીમંડળ" નામનું પુસ્તક મારા વાંચવામાં આવ્યું છે. આપણા સર્વોત્કૃષ્ટ આર્ય ધર્મને ઉદ્દેશીને સ્ત્રી પુરૂષોને પોતાના પરસ્પરના ધર્મ જાણવાને જે દર્પણ હાથમાં મૂક્યું છે તે અનુપમ છે. તેમજ વળી હાલમાં શાળાઓમાં અપાતી કેળવણી તેમાં મુખ્યત્વે કરીને કન્યાશાળામાં બાળકીઓને જે શિક્ષણ આપવામાં આવે છે, તેમાં મૂળ હેતુનું વિસર્જન કરી કેટલીક નિરૂપયોગી બાબતો ઉપર વધારે ધ્યાન અપાય છે. તેથી તેઓનાં કુમળાં મન ઉપર જે અસર થવી જોઇએ તે આધુનીક કાળની કેળવણીની પદ્ધતિથી થતી હોય એમ સંભવતું નથી અને તેટલા માટે "સતીમંડળ" જેવા ગ્રંથની ન્યૂનતા હતી તે પૂર્ણ થઇ છે.

જો કે એ વિષય ઉપર કેટલાંક પુસ્તક પૂર્વે લખાયાં છે, તેમાં કેટલાકમાં ભાષાની પ્રૌઢતાને લીધે, કેટલાકમાં મૂળ વસ્તુ યથાર્થ ન વર્ણવેલ હોવાથી અબળાઓને જેવી રીતે જોઇએ તેવી રીતે ઉપયોગી થઇ પડ્યાં નથી, પરંતુ સર્વ પ્રકારે ઉપયોગી થઇ પડે તેવી તમામ બાબતો આ પુસ્તકમાં જોવામાં આવે છે. તે તમારા શ્રમને માટે તમોને ધન્યવાદ ઘટે છે. તે ગ્રંથની બીજી આવૃત્તિ છપાઈ પ્રગટ થયાથી એક નકલ મારા ઉપર વેલ્યુપેએબલથી મોકલી આપશો."

રા. રા. મહાશંકર વિ. શામજીભાઇ ટપાલેવટદાર ગઢડા તાબે ઉના—"સતીમંડળનું પુસ્તક વાંચી જોતાં તે અત્યંત સારી સ્તુતિને પાત્ર છે. તેમાં વિષયો પણ ઘણા અગત્યના અને અતિ સારા સમાવેલા છે. જેથી દરેક કુટુંબનાં સ્ત્રી પુરૂષો અને બાળકો વાંચી આનંદિત થયા વિના રહેશે નહિ. આ પુસ્તકની એક પ્રતની મારે જરૂર છે તે અવશ્ય મોકલાવશો જી."

મહેરબાન મૂળશંકરભાઇ જેઠાભાઇ નવસારી નાયબ સુબા સાહેબ—"સતીમંડળ અને સ્ત્રીપુરૂષના ધર્મ આ નામનું પુસ્તક વાંચી જોતાં તે ઘર સંસાર સુધારવા દરેક કુટુંબમાં ઘણુંજ ઉપયોગી થઈ પડે એવું થયું છે તે જોઇ મને ઘણોજ સંતોષ થયો છે. વધુ સ્ત્રીઓ અને માતાઓને બોધ લેવા લાયક તેમાં મોટો ભંડાર છે અને આપણો ધર્મ તથા વ્યવહાર ઉપયુક્ત હાલના સુધારા સાથે શી રીતે સચવાય તે આ પુસ્તક ઉપરથી દેખાય છે."

રા. રા. હરજીવન પુરૂષોત્તમ ભાવનગર—"સતીમંડળનું પુસ્તક બહુજ ઉત્તમ, રસિક ને મનને ગમતુંજ બહાર પડયું છે. તે વાંચી અત્રેના લોકો બહુ ખુશી થયા છે. તમારા પુસ્તકની અત્રે બહુજ ખ્યાતિ થઇ છે. ને તેથી મારૂં ભેટનું પુસ્તક પણ મારા હાથમાં આવતાંને વારજ ઉપડી ગયું છે. ઘણા લોકોએ મારી પાસે માગણી કરી છે માટે એ પુસ્તકની ૧૫ પ્રત તરત મોકલાવશો."

આ સિવાય ઘણાજ ઉત્તમ અભિપ્રાયો આવ્યા છે, પણ જગ્યાની તંગાસને લીધે દાખલ કર્યા નથી.

મુ. ધ્રોળ—કાઠિયાવાડ. } **કેશવજી વિશ્વનાથ ત્રિવેદી.**
"સતીમંડળ" વગેરેના કર્તા.